ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૨

સોમવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૦
ચૈત્ર-૧, ૧૯૩૨ શાકે

થી

ગુરૂવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૦
ચૈત્ર ૪, ૧૯૩૨ શાકે

# ગુજરાત વિધાનસભા ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**છઠ્ઠું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૦ / ચૈત્ર-૧, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦ - ૯૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૯૭ - ૯૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૯૯ - ૯૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૦૦ - ૧૩૩ |
| **મંગળવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૧૦ / ચૈત્ર ૨, ૧૯૩૨ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૪ - ૧૪૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૪૫ - ૧૪૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૬ - ૧૭૦ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૧ - ૧૮૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૫ - ૨૧૯ |
| શોકદર્શક ઉલ્લેખો | ૨૨૦ - ૨૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દશમો દિવસ) | ૨૨૭ - ૨૪૬ |
| **ગુરૂવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૧૦ / ચૈત્ર ૪, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૪૭ - ૨૫૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૦ - ૩૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૬૨ - ૩૭૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૭૪ - ૩૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૭૬ - ૩૯૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તારીખ ૨૨મી માર્ચ, ૨૦૧૦**
**ચૈત્ર-૧, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં પવન ઉર્જાથી વીજ ઉત્પાદન

*** ૧૪૫૧૯ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા પવન ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માગતા ઉત્પાદકોને શું શું લાભ આપવામાં આવ્યા,
(૨) પવન ઉર્જાથી વીજ ઉત્પાદન કરવાના કારણે શા ફાયદા થયા, અને
(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજયમાં પવન ઉર્જા દ્વારા કેટલું વીજ ઉત્પાદન થાય છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા):

(૧) વિશ્વભરમાં કોલસો/ક્રુડનો જથ્થો સતત ઘટતો જાય છે અને કિંમત વધતી જાય છે. ઉપરાંત વાતાવરણમાં કાર્બનનું ઉત્સર્જન વધતું જાય છે. તે રોકવાના પ્રયાસરૂપે ગ્રીન એનર્જીરૂપે પવન ઉર્જાને રાજય સરકાર દ્વારા ખાસ પ્રોત્સાહિત કરવામાં આવે છે. હાલમાં યુનિટ દીઠ રૂા. ૩.૩૭ના દરથી પવન ઉર્જાથી ઉત્પન્ન થતી વીજળી ખરીદવામાં આવે છે. તેમજ પવન ઉર્જા દ્વારા ઉત્પન્ન કરેલ વીજળીને વિદ્યુત શુલ્કમાંથી મુકિત આપવામાં આવે છે.
(૨) પવન ઉર્જાથી વીજ ઉત્પાદન કરવાથી નીચે મુજબના ફાયદા થયા.
અ. પ્રદુષણ રહિત ૭૩૪૨ મિલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયું.
બ. અંદાજે રૂા. ૧૦૨૫ કરોડ મુલ્યના ૫૧.૨૬ લાખ ટન કોલસાની બચત થઈ.
ક. ૭૩.૨૪ લાખ ટન કાર્બન ઉત્સર્જન થતાં અટકાવી શકાયું.
(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજયમાં પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટેની સ્થાપિત ક્ષમતા ૧૬૨૫.૪૨ મેગાવોટ છે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ૩ વર્ષમાં ઉર્જા નીતિમાં કોઈ ફેરફાર કરેલ છે? બીજું કાર્બન ક્રેડિટ કેટલી ઉત્પન્ન થાય છે અને તેની આવક કોને મળે છે? ત્રીજું કે સ્થાપિત ક્ષમતા કેટલી છે અને તેની સામે ખરેખર વીજ ઉત્પાદન કેટલું થાય છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો સવાલ પૂછયો કે છેલ્લા ત્રણ વર્ષમાં શું ફેરફાર કરવામાં આવ્યા છે? તો વીન્ડ પોલિસી-૨૦૦૯ની અંદર જે ૭/૨૦૦૭ હતી, એની અંદર સુધારા લાવીને આપણે ટેરિફમાં વધારો કર્યો છે. રૂા. ૩.૩૭ પૈસા થી રૂા. ૩.૫૦ પૈસા અને હવે જી.ઈ.આર.સી.એ જે છેલ્લો ઓર્ડર આપ્યો રૂા.૩.૫૬ પૈસા પર યુનિટ છે. આ ઉપરાંત આ નીતિની અંદર આપણે ચોકકસપણે ઈલેકટ્રીસિટી ડયૂટીમાં જે જનરેશન થાય એનું એકઝેમ્પશન આપીએ છીએ. વીલીંગ ઓફ ઈલેકટ્રીસિટી, પોતાના યુઝ માટે થતું હોય એને મંજૂરી આપીએ છીએ. મલ્ટીપલ લોકેશન્સ ઉપર વીલીંગ કરવું હોય, જુદી જુદી જગ્યાએ લઈ જવું હોય તો એની મંજૂરી આપીએ છીએ. થર્ડ પાર્ટીને વેચાણ કર્યુ હોય એની મંજૂરી આપણે આપીએ છીએ. ૨૫ વર્ષનો કરાર કર્યો છે. જયારે પણ ડીમાન્ડ કટ આવે, તેની અંદર ૩૦ ટકા એ લોકોને બાકાત રાખવામાં આવે છે. આ પ્રમાણે જે કાર્બન ક્રેડિટની વાત કરી, એ અંદાજે ૧૦૭૩.૨૪ લાખ ટન કાર્બન ક્રેડિટ અત્યાર સુધી મળી છે. એ પોલિસીના આધારે જે કંપનીઓ ઉત્પાદન કરે છે, તેને કાર્બન ક્રેડિટનો લાભ મળતો હોય છે. અત્યાર સુધી વીન્ડનું જે જનરેશન થયું છે, એ ૭૪૪૨ મિલિયન યુનિટનું જનરેશન થયું છે. આજની તારીખ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર જે ૧૯૯૮માં માત્ર ૯૨ મેગાવોટની ઈન્સ્ટોલ કેપેસિટી હતી, એ વધીને આજની તારીખમાં ૧૬૨૫ મેગાવોટની ઈન્સ્ટોલ કેપેસિટી વધી છે. છેલ્લા ૩ વર્ષની અંદર ૨૦૦૭-૦૮માં ૬૧૬ મેગાવોટ, ૨૦૦૮-૦૯ની અંદર ૩૧૩ મેગાવોટ અને આજે આ વર્ષમાં ૧૪૧ મેગાવોટ. મને આનંદ થાય છે કે આજની તારીખમાં જી.ઈ..સી.એલ. ૧૨૧ મેગાવોટનું ૧૨૦ કરોડના ખર્ચે માળિયા તાલુકામાં આજે ઉદ્દ્ઘાટન કરી રહ્યું છે, એટલે કનેકટીવીટી ગ્રીડ જોડે કરી રહ્યું છે.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પવન ઉર્જાથી વીજ ઉત્પાદન કરવાથી છેલ્લા ૨ વર્ષમાં રાજયને કેટલો ફાયદો થયો છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કલીન એનર્જીને પ્રમોટ કરીએ છીએ અને કલીન એનર્જીના કારણે જે ૧૬૦૦ કિલોમીટરની આપણી કોસ્ટ લાઈન છે, એની અંદર બને એટલું નવું નવું ઉત્પાદન લાવવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. મેં પહેલા જ કહ્યું તેમ છેલ્લા બે વર્ષની અંદર ૬૧૬ મેગાવોટ અને ૩૧૩ મેગાવોટનું નવું ઉત્પાદન કર્યુ છે અને એના કારણે આપણે કુલ ૧૦૩ કરોડ રૂપિયા ૨૦૦૭માં, ૩૯૫ કરોડ રૂપિયા, ૨૦૦૮માં અને ૪૯૬ કરોડ રૂપિયા ૨૦૦૯માં ખરીદી કરવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે બે બાબતો જાણવા માગું છું. એક તો છેલ્લા ૩ વર્ષમાં આ જે ચાલી આવતી નીતિમાં કોઈ ફેરફારો કર્યા છે કે કેમ? અને જો ફેરફારો કરેલા હોય તો એ માનનીય મંત્રીશ્રી મેજ ઉપર મૂકવા માગે છે કે કેમ, એક. અને બીજું જયારે આમાં લાભ લેવા માટે વ્યકિત આવે છે, ત્યારે એની એક સ્થાપિત ક્ષમતા હોય છે કે હું પવન ઉર્જાથી આટલી ઉર્જા પેદા કરીશ, પવન તાકાતથી. એના પ્રમાણમાં આપણે એમને બધી ફાળવણીઓ અને મદદ કરતા હોઈએ છીએ. એ એમની ક્ષમતા કરતાં ઓછું ઉત્પાદન કરે છે કે કેમ? કેટલી ક્ષમતા છે અને ઉત્પાદન થાય છે કેટલું આજે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પહેલા સવાલમાં પ્રશ્ન પૂછયો, જયારે સભ્યશ્રીએ જે પહેલો સવાલ પૂછયો હતો, એમાં મેં આ બધો જવાબ વિગતવાર આપી દીધો હતો કે નીતિમાં શું શું ફેરફાર કર્યા હતા. જે બીજો સવાલ પૂછયો છે, એમાં આપણે એક પોલિસી બનાવી છે. એમાં કેટલો પ્લાન્ટ લોડ ફેકટર મિનિમમ હોવો જોઈએ એ નથી. જેટલું ઉત્પાદન થાય એ ઉત્પાદન લેવાનું. એ લોકો જે કંપનીઓ છે એ પોતે સાઈડ સિલેકશન કરે છે અને જેને વેચે છે એ સાઈડ સિલેકશન અને ચકાસણી કરે છે અને એ પછી યોગ્ય લાગે કે પોસાય તેવું છે એ પછી પ્લાન્ટ નાંખે છે અને એ પ્લાન્ટમાંથી જેટલી વીજળી પેદા થાય છે એ ભાવ પ્રમાણે ખરીદી કરવામાં આવે છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વીન્ડ પાવર ઉત્પાદન ક્ષેત્રે રાજય સરકારને કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં જુદા જુદા એવોર્ડમાં ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮ માં મેકસીમમ કેપેસિટી અડિશન ઈન એ ઈયર એવોર્ડ, વલ્ડ ઈન્સ્ટિટયુટ ઓફ સસ્ટેનેબલ એનર્જી દ્વારા મળવામાં આવ્યો છે, બીજો આઈ.ઈ.ઈ.એમ. નો ફોર બેસ્ટ વીન્ડ ડેવલપમેન્ટનો મળ્યો છે અને રેન્ટેક દ્વારા બેસ્ટ કેસ સ્ટડી ફોર વીન્ડ ફાર્મનો એવોર્ડ રાજય સરકારે મેળવ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વીન્ડ મિલ છે એમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બન્ને સારા પ્રોત્સાહનો આપે છે અને એના કારણે ઘણી બધી કંપનીઓ એનો લાભ લેવા માટે અત્યારે આ વીન્ડ મિલો ઉભી કરે છે, પરંતુ પછી એને ચલાવવામાં રસ લેતી નથી અને એના કારણે જે સ્થાપિત ક્ષમતા છે એના પ્રમાણમાં જે સ્થાપિત ક્ષમતા છે એના પ્રમાણમાં ઉત્પાદન થવું જોઈએ એ થતું નથી અને ઘણી પવન ચકકીઓ આજે એવી છે દીરયાકાંઠે કે જે ચાલુ હાલતમાં જ નથી અને સામન્ય લોકો આપણને પ્રશ્ન કરે છે કે આ પવન ચક્કીઓ બનાવ્યા પછી ચાલુ કેમ થતી નથી.તો મારે જાણવું છે કે આ હકીકત સાચી છે કે જે સ્થાપિત ક્ષમતા છે એ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી.

બીજો મારો પ્રશ્ન એ છે કે અત્યારે જે પવન ચક્કીઓ જે જે કંપનીઓએ શરૂ કરી છે એ પવન ચક્કીઓ એ ચલાવતી નથી અને એમને એમ પડી રહી છે. માત્ર સરકારના લાભ લીધેલા છે .તો આ પ્રકારના યુનિટો છે એની રાજય સરકાર પાસે માહિતી છે કે કેમ અને માહિતી મેળવીને આ પ્રકારની આવી કંપનીઓ જેમણે આવો લાભ લીધો હોય સરકાર પાસેથી અને અત્યારે બંધ હોય એમની સામે એકશન લેવા માગે છે કે કેમ અને ચાલુ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વીન્ડ એનર્જીની જે નીતિ આવી છે એમાં પણ કોઈપણ ગ્રાહકની ફરિયાદ મારી પાસે આવી નથી. જૂના જમાનામાં કોંગ્રેસ સરકારે નીતિ બનાવી હતી એ નીતિમાં વીન્ડ એનર્જીની મિલો બંધ થઈ હતી અને એની ઘણી ફરિયાદો આવી હતી અને એ આજની તારીખમાં ચાલતી નથી. ઘણી ફરિયાદો એ વખતે સાયકલોન વખતે આવેલ હતી. બીજો સવાલ એમણે કર્યા કે લાભ આપ્યો તો કોઈ સીધો લાભ કેન્દ્ર સરકારે આ વીન્ડ મિલમાં આપ્યો નથી. કેન્દ્ર સરકાર આખા દેશમાં ડેપ્રિશિએશનનો લાભ આપે છે એ સિવાય બીજો કોઈ લાભ આપતી નથી. આ નીતિમાં રાજય સરકાર જ લાભ આપે છે અને ત્રીજો પ્રશ્ન કે વીન્ડ મિલ ચાલે તો લાભ મળે અને વીન્ડ મિલ ના ચાલે તો લાભ ના મળે એ સ્પષ્ટ છે.

## ભિલોડા અને ઈડર તાલુકામાં વીજ પુરવઠો આપવા બાબત

***૧૫૫૨૦ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકાઓમાં વીજ પુરવઠો પૂરો પાડતા કેટલા અને કયા ફિડરો આવેલા છે,

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ફિડર પ્રમાણે છેલ્લા બે માસમાં કયા કયા સમયે વીજળી આપવામાં આવેલ છે,

(૩) વધુ સમય રાત્રે લાઈટ આપવામાં આવતી હોય એવા કયા કયા ફિડરો છે, અને
(૪) આ ફિડરોમાં વધુ પડતી રાત્રે લાઈટ આપવાનાં કારણો શાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકાઓમાં વીજ પુરવઠો પૂરો પાડતા ફિડરો અનુક્રમે ૩૯ અને ૬૬ મળી કુલ ૧૦૫ છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

(૨)

| તાલુકો | ફીડરોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|
| | ઔદ્યોગિક | શહેરી | જ્યોતિગ્રામ | ખેતીવાડી | કુલ |
| ભિલોડા | ૦ | ૧ | ૧૩ | ૨૫ | ૩૯ |
| ઈડર | ૧ | ૧ | ૧૬ | ૪૮ | ૬૬ |
| **કુલ** | **૧** | **૨** | **૨૯** | **૭૩** | **૧૦૫** |

(૩) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ખેતીવાડી સિવાયના ફીડરોમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવેલ છે. જ્યારે ખેતીવાડી ફીડરમાં ૮ કલાક વીજળી પુરી પાડવામાં આવે છે. છેલ્લા ૨ માસના સમયગાળામાં ખેતીવાડી ફીડર ઉપર થ્રી ફેઝ વીજ પુરવઠો આપવામાં આવેલ છે. તેની ફીડરવાર વિગત પત્રક-અ માં સામેલ છે.

(૩) અને (૪) : ઉક્ત તાલુકાઓના જ્યોતિગ્રામ તથા શહેરી ફીડરો ઉપર સતત ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. જ્યારે વીજળીનો સંગ્રહ ન થઈ શક્તો હોવાથી ખેતીવાડી ફીડરો ઉપર ગૃપ વાઈઝ ગોઠવણી કરી શક્ય હોય ત્યાં સુધી દિવસ દરમ્યાન વીજ પુરવઠો આપવામાં આવે છે. પરંતુ એમ શક્ય ન બને ત્યારે ગૃપ વાઈઝ ગોઠવણી કરી દર અઠવાડીક સમય દરમ્યાન જે તે ગૃપના સમયપત્રક પ્રમાણે રાત્રે અથવા દિવસે આઠ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. દર અઠવાડીયે જે તે ગૃપના થ્રી ફેઈઝ વીજ પુરવઠાના સમયગાળામાં માંગ અને પુરવઠા વચ્ચે સંકલન જાળવીને રોટેશન પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે. આથી કોઈ એક ગૃપને નિયમિત રીતે માત્ર દિવસના સમયે કે માત્ર રાત્રિના સમયે જ વીજ પુરવઠો મળે એવું બનતું નથી. દરેક ગૃપને વારાફરતી દિવસે અને રાત્રે વીજ પુરવઠો મળતો રહે છે. આમ કોઈ એક ચોક્કસ ગૃપ કે ફીડરને વધુ સમય રાત્રે લાઈટ આપવામાં આવે તેવું બનતું નથી.

**Table 1**

| ક્રમ | તાલુકો | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | ગ્રુપ નં. | ગૃપ વાઇઝ પાવર | ૦૧-૧૨-૦૯ થી ૩૧-૦૧-૧૦ સુધીમાં | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૩૦-૧૧-૦૯ ૦૫-૧૨-૦૯ | ૦૬-૧૨-૦૯ ૧૨-૧૨-૦૯ | ૧૩-૧૨-૦૯ ૧૯-૧૨-૦૯ |
| ૧ | ઇડર | વસઇ | મુનાઇ | એન. ૧૧ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨ | ઇડર | વસઇ | વાઘેશ્વરી | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩ | ઇડર | વસઇ | તખતગઢ | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૪ | ઇડર | વસઇ | સૂર્યનગર | એન. ૧૧ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૫ | ઇડર | વસઇ | મુડેટી (વી) | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૬ | ઇડર | વસઇ | વસઇ (વી) | એન. ૧૧ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૭ | ઇડર | બડોલી | કાનપુર (બડોલી) | એમ. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૮ | ઇડર | બડોલી | મેસણ | એમ. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૯ | ઇડર | બડોલી | ભૂતીયા | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૧૦ | ઇડર | બડોલી | મોટાકોટડા | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૧૧ | ઇડર | બડોલી | નરસિંહપુરા | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૧૨ | ઇડર | બડોલી | જીજવા | એન. ૧૨ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫ અને ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૧૩ | ઇડર | બડોલી | બોડલી | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ અને ૧૪.૩૦ થી ૧૮.૩૦ |

| ક્રમ | તાલુકો | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | ગ્રુપ નં. | ગ્રુપ વાઇઝ પાવર | ૦૧-૧૨-૦૯ થી ૩૧-૦૧-૧૦ સુધીમાં | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૩૦-૧૧-૦૯<br>૦૫-૧૨-૦૯ | ૦૬-૧૨-૦૯<br>૧૨-૧૨-૦૯ | ૧૩-૧૨-૦૯<br>૧૯-૧૨-૦૯ |
| ૧૪ | ઇડર | બડોલી | ચીત્રોડા | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૧૫ | ઇડર | બડોલી | પોશીના | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૧૬ | ઇડર | બડોલી | પુંજપુર | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૧૭ | ઇડર | ઇડર | હિંમતપુર | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૧૮ | ઇડર | ઇડર | સાબલવાડ | એન-૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૧૯ | ઇડર | ઇડર | પાનોલ<br>(આઇ) | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૦ | ઇડર | ઇડર | શેરપુર | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૨૧ | ઇડર | ઇડર | વાંસડોલ | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૨૨ | ઇડર | ઇડર | નેત્રામલી | એન. ૧૨ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૨૩ | ઇડર | ઇડર | મસાલ | એન. ૧૨ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૨૪ | ઇડર | ઇડર | રતનપુર | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૫ | ઇડર | ઇડર | દિયોલ | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૬ | ઇડર | જાદર | ગણેશપુરા | એન. ૧૧ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૭ | ઇડર | જાદર | આરસોડીયા | એન. ૧૨ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૮ | ઇડર | જાદર | દરામલી | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૯ | ઇડર | જાદર | જાદર | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૦ | ઇડર | જાદર | બોલુંદ્રા | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૧ | ઇડર | જાદર | ભુવેલ | એન. ૧૧ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૨ | ઇડર | જાદર | પેથાપુર | એન. ૧૧ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૦૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૦૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૩૩ | ઇડર | જાદર | વાસણા | એન. ૧૨ | ૮ કલાક | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૩૪ | ઇડર | કાણીયોલ | ધારાપુર | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૫ | ઇડર | લઇરણાસણ | ઝગોલ | એન-૧૧ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૬ | ઇડર | લઇરણાસણ | રાવોલ | એન. ૧૨ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩૭ | ઇડર | લઇરણાસણ | નારણપુરા | એન. ૧૧ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩૮ | ઇડર | લઇરણાસણ | ઓડા | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩૯ | ઇડર | લઇરણાસણ | ચાંડપ | એન. ૧૧ | ૮ કલાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૪૦ | ઇડર | લઇરણાસણ | દેશોતર | એન. ૧૨ | ૮ કલાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |

| ક્રમ | તાલુકો | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | ગ્રુપ નં. | ગ્રુપ વાઇઝ પાવર | ૦૧-૧૨-૦૯ થી ૩૧-૦૧-૧૦ સુધીમાં | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૩૦-૧૧-૦૯<br>૦૫-૧૨-૦૯ | ૦૬-૧૨-૦૯<br>૧૨-૧૨-૦૯ | ૧૩-૧૨-૦૯<br>૧૯-૧૨-૦૯ |
| ૪૧ | ઇડર | પાનોલ | ગુજરવા | એમ. ૧૧ | ૮ ક્લાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૪૨ | ઇડર | પાનોલ | પાનોલ (પી) | એન. ૧૧ | ૮ ક્લાક | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૪૩ | ઇડર | પાનોલ | વેટલા | એન. ૧૨ | ૮ ક્લાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૪૪ | ઇડર | સુંદરપુર | સપ્તેશ્વર | એન. ૧૧ | ૮ ક્લાક | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૪૫ | ઇડર | સુંદરપુર | માધવા | એન. ૧૧ | ૮ ક્લાક | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૪૬ | ઇડર | સુંદરપુર | ખોડમ | એન. ૧૨ | ૮ ક્લાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૪૭ | ઇડર | સુંદરપુર | માનપુરા | એન. ૧૧ | ૮ ક્લાક | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૪૮ | ઇડર | સુંદરપુર | છાપી | એન. ૧૨ | ૮ ક્લાક | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૪૯ | ભીલોડા | ભીલોડા | વસઇ (બી) | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૫૦ | ભીલોડા | ભીલોડા | મુડેટી (બી) | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૫૧ | ભીલોડા | ભીલોડા | મઉ | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૫૨ | ભીલોડા | ભીલોડા | ખેરાડી (ખુમાપુર) | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૫૩ | ભીલોડા | ભીલોડા | જનાલી | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૫૪ | ભીલોડા | ભીલોડા | ચોરીમાલા | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૫૫ | ભીલોડા | ભીલોડા | મલાસા | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૫૬ | ભીલોડા | ભીલોડા | પલ્લા (નારસોલી) | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૫૭ | ભીલોડા | ભીલોડા | કુંડોલ | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૫૮ | ભીલોડા | ભીલોડા | વાંસળી | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૫૯ | ભીલોડા | દંતોડ | કલ્યાણપુર (દંતોડ) | એમ. ૧૧ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૬૦ | ભીલોડા | દંતોડ | ભણમેર | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૬૧ | ભીલોડા | કાળીડુંગરી | નાંદોજ | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૬૨ | ભીલોડા | કાળીડુંગરી | આડા હાથરોલ | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૬૩ | ભીલોડા | કાળીડુંગરી | રામેશ્વર | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૬૪ | ભીલોડા | કાળીડુંગરી | મોટીબેબાર | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૬૫ | ભીલોડા | પલ્લા | પાલ્લા(પી) | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૬૬ | ભીલોડા | પલ્લા | ખેરાડી (પી) | એમ. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૬૭ | ભીલોડા | પલ્લા | જાંબડી | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૬૮ | ભીલોડા | પલ્લા | જશવતપુરા | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૬૯ | ભીલોડા | પલ્લા | ધંધાસણ | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૭૦ | ભીલોડા | ટીટોઇ | વાઘપુર | એમ. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૭૧ | ભીલોડા | ટીટોઇ | રામનગર | એમ. ૧૧ | ૮ ક્લાક | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૭૨ | ભીલોડા | ટીટોઇ | લુસડીયા | એન. ૧૩ | ૮ ક્લાક | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૭૩ | ભીલોડા | ટીટોઇ | નાપડા | એન. ૧૨ | ૮ ક્લાક | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |

**Table 2**

| ૨૦-૧૨-૦૯<br>૨૬-૧૨-૦૯ | ૨૭-૧૨-૦૯<br>૦૨-૦૧-૧૦ | ૦૩-૦૧-૧૦<br>૦૯-૦૧-૧૦ | ૧૦-૦૧-૧૦<br>૧૬-૦૧-૧૦ | ૧૭-૦૧-૧૦<br>૨૩-૦૧-૧૦ | ૨૪-૦૧-૧૦<br>૩૦-૦૧-૧૦ |
|---|---|---|---|---|---|
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫ | ૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ | ૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫ | ૨૧.૧૫ થી ૧.૧૫ |

| ૨૦-૧૨-૦૯<br>૨૬-૧૨-૦૯ | ૨૭-૧૨-૦૯<br>૦૨-૦૧-૧૦ | ૦૩-૦૧-૧૦<br>૦૯-૦૧-૧૦ | ૧૦-૦૧-૧૦<br>૧૬-૦૧-૧૦ | ૧૭-૦૧-૧૦<br>૨૩-૦૧-૧૦ | ૨૪-૦૧-૧૦<br>૩૦-૦૧-૧૦ |
|---|---|---|---|---|---|
| અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૦૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૦૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૦૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને | ૩.૧૫ થી ૭.૧૫<br>અને | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને | ૩.૧૫ થી ૭.૧૫<br>અને | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને |

| ૨૦-૧૨-૦૯<br>૨૬-૧૨-૦૯ | ૨૭-૧૨-૦૯<br>૦૨-૦૧-૧૦ | ૦૩-૦૧-૧૦<br>૦૯-૦૧-૧૦ | ૧૦-૦૧-૧૦<br>૧૬-૦૧-૧૦ | ૧૭-૦૧-૧૦<br>૨૩-૦૧-૧૦ | ૨૪-૦૧-૧૦<br>૩૦-૦૧-૧૦ |
|---|---|---|---|---|---|
| ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ | ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ | ૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૦૧.૧૫ |
| ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૮.૦૦ થી ૧૨.૦૦<br>અને<br>૨૧.૧૫ થી ૧.૧૫ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ |
| ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ | ૨૧.૧૫ થી ૧.૧૫<br>અને<br>૮.૦૦ થી ૧૨.૦૦ | ૩.૧૫ થી ૭.૧૫<br>અને<br>૧૪.૩૦ થી ૧૮.૩૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ |
| ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ |
| ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ | ૨.૦૦ થી ૧૦.૦૦ | ૧૦.૦૦ થી ૧૮.૦૦ | ૧૫.૦૦ થી ૨૩.૦૦ |

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વીજળીમાં દરેક ફિડર વાઈઝ કયા સમયે વીજળી આપવાની એ સમયપત્રક જોઈતું નથી, એ તો દરેક ખેડૂત પાસે હોય છે, પરંતુ કેટલી વીજળી આપી એ સમય પત્રક હોય છે એ પ્રમાણે વીજળી મળતી નથી. સાંજના ૩-૦૦ વાગ્યાનો સમય હોય તો ૩-૩૦ વાગ્યે વીજળી મળે છે અને એટલા માટે મેં પ્રશ્ન પૂછયો છે. તો આ મને માહિતી એ જોઈએ છે કે ખરેખર સમયે વીજળી આપી અને ઘણી વખત રાતના ૨-૦૦ વાગ્યે વીજળી ગામડાના ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અમારા વિસ્તારમાં ઢોળાવવાળી જમીન હોય છે અને જંગલ વિસ્તાર હોય છે તો ૨-૦૦ વાગ્યે ખેડૂત કેવી રીતે પાણી વાળી શકે અને એના માટે

ઘણો બધો વિસ્તાર છે કે જયાં સિંચાઈની વ્યવસ્થા ઉપલબ્ધ છે તો એવા વિસ્તારમાં વીજળીની બચત થાય છે એ કાપીને આ વિસ્તારમાં જયાં કોઈ આવી સુવિધા નથી એવા વિસ્તારને દિવસે ૮-૦૦ કલાક વીજળી આપવા માગે છે કે કેમ અને ઘણા લોડેડ ફિડરો છે એ ફિડરોને બાયફરકેટ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછીને ચિંતા વ્યકત કરી છે તો આ વિસ્તારમાં ૧૪ સબ સ્ટેશનો છે અને ૫ ગ્રુપમાં વહેંચણી કરી છે અને કુલ ૪૩ એગ્રિકલ્ચર ફિડરો છે. જયારે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો ત્યારે હું પણ વિચારમાં પડયો હતો આવો વિગતવાર પ્રશ્ન પૂછવાનું કારણ શું છે અને હું પણ એની વિગતોમાં ગયો અને અભ્યાસ કર્યો અને મિટિંગ બોલાવી અને જાણ્યું કે સભ્યશ્રીની ચિંતા જાન્યુઆરી મહિનામાં સાચી હતી. આની અંદર કુલ ૭૩ ફીડરો આવે છે અને આ ૭૩ ફીડરોની અંદર ૩૬ ફીડરોમાં વીજળી ૮ કલાક મળી છે પણ આઠ કલાક નહીં મળવાના કારણો હતા, એમાં સમયસર ફીડર ચાલુ થયું નહોતું એવા ૩૬ ફીડરો હતા એટલે મેં એના કારણો પૂછયા તો એમણે સ્પષ્ટપણે કહયું કે ૪૪ વખત જે બંધ પડી છે અથવા પાછળ ગઈ છે તેનું મુખ્ય કારણ ઓવરલોડીંગ ઓફ સબ સ્ટેશન અને જેટકો દ્વારા જે કામગીરી ચાલે છે તે પૂર્ણ થઈ નથી અને લાઈનનું કારણ આપ્યું, અને બીજું એક જ દિવસમાં ૧૬ વખત લોડનો પ્રશ્ન ઉભો થયો, ઘણાં પ્લાન્ટો બંધ થયા તેના કારણે લોડનો પ્રશ્ન ઉભો થયો હતો અને ત્રીજું જે ફોલ્ટ આવ્યા હતા તેના કારણે થયું હતું. મે સભ્યશ્રીના સવાલ પરથી તાત્કાલિક મીટીંગ બોલાવી અને પછી મેં ચોકકસપણે કહયું કે આની ઈન્કવાયરી બેસાડો કોણ જવાબદાર વ્યકિત છે તે પૂછો અને મેં ચોકકસપણે આવતા દિવસોની અંદર જે ખર્ચ કરવાનો થાય છે તે ખર્ચ કરવા માટે સૂચના આપી દીધી છે અને નવ ૬૬ કે. વી.ના સબ સ્ટેશન ભીલોડામાં માર્ચ સુધીમાં થઈ જશે. નવ ૬૬ કે.વી. ભીલોડાની અંદર પ્લાન્ટ કરી દીધું છે. અને જેટકો દ્વારા મે ૨૦૧૦ સુધીમાં કામકાજ પૂરું કરવાનું છે તે વહેલામાં વહેલી તકે એપ્રિલ સુધીમાં પુરું થાય તેની પણ સૂચના આપી દીધી છે અને મેન્ટેનન્સ બાબતમાં જે જવાબદાર વ્યકિતઓ છે તેમની સામે શું પગલાં લેવા તેના માટે પણ મેં એમ.ડી.ને બોલાવી અને તાત્કાલિક કાર્યવાહી કરવાનું કહયું છે.

## આણંદ અને ખેડા જિલ્લામાં જી.ઈ.બી.ના વીજ સબ સ્ટેશનો

***૧૫૨૦૪ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જી.ઈ.બી. ના કુલ કેટલા અને ક્યા ક્યા સબ ડીવીઝન છે,

(૨) ઉક્ત દરેક સબ ડીવીઝનમાં કેટલા વીજ ક્નેક્શન હોવા જોઈએ, અને

(૨) ઉક્ત સ્થિતિએ દરેક સબ ડીવીઝનમાં કેટલા વીજ ક્નેક્શન છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં પૂર્વ જી.ઈ.બી.ના વિભાજનથી બનેલ મધ્ય ગુજરાત વીજ કંપની લી. ના કુલ ૩૪ સબ ડીવીઝન છે. તે પૈકી ૯ (નવ) ટાઉન સબ ડીવીઝન, ૨૪ (ચોવીસ) ગ્રામ્ય સબ ડીવીઝન અને ૧ (એક) સેકશન ઓફિસ છે. તેની માહિતી પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

| અ.નં. | વિભાગીય ક્ચેરીનું નામ | જિલ્લાનું નામ | પેટા વિભાગીય ક્ચેરીનું નામ | ઘર વપરાશ | વાણીજ્ય | ઓદ્યોગિક | ખેતીવાડી | વારીગૃહ | દિવાબત્તી | ભારે દબાણ | અતિ ભારે દબાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ | આણંદ ઉત્તર | ૩૩૩૧૧ | ૩૧૧૬ | ૪૮૭ | ૧૦૮૦ | ૨૦૩ | ૧૦૩ | ૧૭ | |
| ૨ | | આણંદ | બોરસદ ગ્રામ્ય | ૪૫૩૨૮ | ૨૨૪૪ | ૩૯૮ | ૧૫૧૩ | ૨૯૭ | ૮૯ | ૩ | |
| ૩ | | આણંદ | આંક્લાવ | ૨૬૫૨૧ | ૧૬૯૭ | ૧૮૨ | ૧૪૭૬ | ૧૬૦ | ૪૫ | ૧ | |
| ૪ | | આણંદ | આણંદ દક્ષિણ | ૩૧૦૫૫ | ૩૩૭૬ | ૫૦૦ | ૧૨૩૪ | ૧૮૩ | ૯૬ | ૧૭ | |
| ૫ | | આણંદ | બોરસદ શહેર | ૧૧૮૯૬ | ૨૭૯૯ | ૧૪૧ | ૧૨૬ | ૩૫ | ૫૧ | ૪ | |
| ૬ | | આણંદ | ઉમરેઠ ગ્રામ્ય | ૩૯૩૩૬ | ૨૨૭૨ | ૩૨૬ | ૨૨૮૪ | ૨૦૬ | ૧૦૭ | ૫ | ૧ |
| ૭ | | આણંદ | ઉમરેઠ એસ.ઓ. | ૮૧૯૯ | ૧૭૨૮ | ૧૫૫ | ૧૨૨ | ૨૯ | ૧૫ | ૦ | |
| ૮ | પેટલાદ | આણંદ | પેટલાદ ગ્રામ્ય | ૩૦૭૮૨ | ૨૧૧૮ | ૩૨૮ | ૯૭૫ | ૧૬૨ | ૭૭ | ૩ | |
| ૯ | | આણંદ | ખંભાત ગ્રામ્ય | ૩૫૪૮૮ | ૧૫૦૧ | ૨૯૫ | ૧૨૦૨ | ૧૫૬ | ૯૩ | ૮ | |
| ૧૦ | | આણંદ | સોજીત્રા | ૨૫૦૫૦ | ૨૦૦૧ | ૨૧૦ | ૭૦૫ | ૧૧૨ | ૪૫ | ૧ | |
| ૧૧ | | આણંદ | પેટલાદ શહેર | ૧૧૧૧૯ | ૨૫૧૧ | ૧૬૩ | ૩૯ | ૧૭ | ૨૭ | ૪ | |
| ૧૨ | | આણંદ | તારાપુર | ૨૨૧૨૩ | ૧૪૪૬ | ૧૭૦ | ૨૭૭ | ૪૩ | ૩૮ | ૬ | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | નડીઆદ | ખેડા | નડીઆદ ગ્રામ્ય | ૨૭૨૨૭ | ૨૭૮૨ | ૫૯૫ | ૧૨૬૫ | ૧૨૫ | ૬૮ | ૧૫ | |
| ૧૪ | | ખેડા | મહુધા | ૧૬૫૩૭ | ૧૦૬૪ | ૭૫ | ૬૬૮ | ૭૯ | ૨૮ | ૦ | |
| ૧૫ | | ખેડા | ઠાસરા | ૨૧૮૫૯ | ૨૪૬૧ | ૨૧૨ | ૭૩૮ | ૧૫૯ | ૬૦ | ૫ | ૧ |
| ૧૬ | | ખેડા | ડાકોર | ૧૯૪૫૦ | ૨૦૩૩ | ૧૬૭ | ૭૬૯ | ૧૦૩ | ૪૨ | ૦ | |
| ૧૭ | | ખેડા | બાલાસિનોર | ૨૬૫૧૬ | ૨૨૯૭ | ૧૭૬ | ૧૩૩૨ | ૧૧૩ | ૩૭ | ૧૧ | |
| ૧૮ | | ખેડા | વસો | ૨૩૪૫૭ | ૧૮૯૧ | ૧૯૪ | ૧૦૮૮ | ૭૯ | ૫૫ | ૫ | |
| ૧૯ | મહેમદાવાદ | ખેડા | મહેમદાવાદ | ૩૧૦૩૬ | ૨૯૨૮ | ૨૫૩ | ૨૨૪૪ | ૨૩૪ | ૪૨ | ૮ | ૧ |
| ૨૦ | | ખેડા | ખેડા | ૨૯૪૮૦ | ૨૬૬૯ | ૨૮૭ | ૧૩૪૬ | ૧૨૨ | ૬૭ | ૧૨ | |
| ૨૧ | | ખેડા | કઠલાલ | ૨૭૩૪૭ | ૧૮૭૪ | ૨૩૮ | ૧૯૮૭ | ૨૮૩ | ૨૩ | ૪ | |
| ૨૨ | | ખેડા | કપડવંજ ગ્રામ્ય | ૨૪૦૯૪ | ૯૫૩ | ૧૬૨ | ૪૪૯૪ | ૨૫૭ | ૨૪ | ૮ | |
| ૨૩ | | ખેડા | કપડવંજ શહેર | ૧૧૪૮૨ | ૨૫૬૩ | ૨૧૦ | ૧૩૦ | ૪૨ | ૨૫ | ૬ | |
| ૨૪ | આણંદ શહેર | આણંદ | સરદાર | ૨૨૭૩૨ | ૬૩૯૯ | ૨૮૨ | ૩૩ | ૧૧૩ | ૫૭ | ૫ | |
| ૨૫ | | આણંદ | વિદ્યાનગર | ૧૮૬૨૪ | ૪૯૫૫ | ૧૦૭૦ | ૯૬ | ૩૦૬ | ૬૬ | ૫૩ | |
| ૨૬ | | આણંદ | શાસ્ત્રી | ૧૮૯૩૪ | ૫૩૪૧ | ૩૪૯ | ૨૩ | ૧૬૮ | ૩૮ | ૮ | |
| ૨૭ | નડીઆદ શહેર | ખેડા | નડીઆદ ઈસ્ટ | ૨૨૫૨૯ | ૭૧૯૫ | ૧૯૮ | ૫૧ | ૪૯ | ૨૪ | ૪ | ૧ |
| ૨૮ | | ખેડા | નડીઆદ વેસ્ટ | ૨૭૪૦૪ | ૩૩૨૨ | ૩૦૮ | ૯ | ૬૧ | ૪૩ | ૨૨ | |
| ૨૯ | ખંભાત શહેર | આણંદ | ખંભાત શહેર | ૨૪૦૬૬ | ૪૨૮૧ | ૧૬૩૨ | ૧૫૧ | ૪૮ | ૨૯ | ૧૦ | |
| કુલ આણંદ વર્તુળ | | | | ૭૧૨૯૮૨ | ૮૧૮૧૭ | ૯૭૬૩ | ૨૭૪૫૭ | ૩૯૪૪ | ૧૫૧૪ | ૨૪૫ | ૪ |

| અ.નં. | વિભાગીય ક્ચેરીનું નામ | જિલ્લાનું નામ | ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પેટા વિભાગીય ક્ચેરીનું નામ | ઘર વપરાશ | વાણીજ્ય | ઓદ્યોગિક | ખેતીવાડી | વારીગૃહ | દિવાબત્તી | ભારે દબાણ | અતિ ભારે દબાણ |
| ૧ | સાબરમતી | ખેડા | બારેજડી | ૪૭૦૩ | ૩૨૦ | ૪૯ | ૪૯૧ | ૧૬ | ૬ | ૧ | ૦ |
| ૨ | સાબરમતી | ખેડા | બારેજડી | ૧૪૫૪૩ | ૯૧૨ | ૩૫૦ | ૧૦૨૧ | ૭૧ | ૧૦ | ૨૪ | ૨ |
| ૩ | તલોદ | ખેડા | બાયડ/ચોઈલા | ૩૦૮૨ | ૧૭૭ | ૨૩ | ૭૭૦ | ૨૦ | ૧૪ | ૦ | ૦ |
| ૪ | તલોદ | ખેડા | સાઠંબા/માલપુર | ૧૬૯૪૬ | ૧૦૪૨ | ૧૩૦ | ૧૩૯૨ | ૧૪૧ | ૫૮ | ૦ | ૦ |
| ૫ | તલોદ | ખેડા | સાઠંબા | ૨૦૧ | ૧૨ | ૧ | ૧૨ | ૫ | ૦ | ૦ | ૦ |
| આણંદ અને ખેડા જિલ્લો કુલ.. | | | | ૭૫૨૪૫૭ | ૮૪૨૮૦ | ૧૦૩૧૬ | ૩૧૧૪૩ | ૪૧૯૭ | ૧૬૪૨ | ૨૭૦ | ૬ |

(૨) ઉક્ત દરેક સબ ડીવીઝનમાં વીજ ક્નેક્શન તેના સાથે સંકળાયેલ ગ્રાહકોની સંખ્યા, તેની ભોગોલિક પરિસ્થિતિ તથા પેટા વિભાગીય ક્ચેરીની આવક્ને ધ્યાનમાં રાખીને તેનું વિભાજન કરવામાં આવે છે.

(૩) દરેક સબ ડીવીઝનમાં કેટલા વીજ ક્નેક્શન છે તેની માહિતી પત્રક-અ મુજબ છે. ઉપરાંત આણંદ અને ખેડા જિલ્લામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના કેટલાક સબ ડીવીઝન સમાવિષ્ટ છે તેની માહિતી પણ પત્રક-અ મુજબ છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એક સબ ડિવિઝનમાં નોર્મ્સ પ્રમાણ કેટલા વીજ કનેકશન હોવા જોઈએ, જે માહિતી એમણે આપી છે એમાં બોરસદની અંદર ૪૯૮૭૨ કુલ થાય છે, ઉમરેઠમાં ૪૪૫૩૬ થાય છે, ખંભાત ગ્રામ્યમાં ૩૮૭૪૩ થાય છે. એટલે આ જે વીજ કનેકશનો છે તેની અંદર જે મેન્ટેનન્સ અને એની નીભાવણીની વાત છે એમાં જે ફરિયાદો છે તેના નિવારણમાં વાર લાગે છે તો જરૂર પડે તો વધારે સબ ડિવિઝન અને એના માટે જરૂર પડે તો નવું ડિવિઝન ઉભું કરી અને આ જે ગ્રાહકોને તકલીફ પડે છે તેનું સરકાર નિવારણ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડીવીઝનના બાયફરકેશન માટેના થોડા નોર્મ્સ હોય છે, એમાં સવા થી દોઢ લાખ ગ્રાહકો હોવા જોઈએ અને અઢી થી ત્રણ હજાર ટ્રાન્સફર્મર હોવા જોઈએ અને એક ડીવીઝન નીચે પાંચ થી છ સબ ડીવીઝન હોવા જોઈએ. આ ઉપરાંત સબ ડિવિઝનના નોર્મ્સ છે તેમાં અર્બનમા ગ્રાહકો ૨૦ થી ૨૫ હજાર હોવા જોઈએ, સેમી અર્બનમાં પણ ૨૦ થી ૨૫ હજાર હોવા જોઈએ, અને રુરલમાં આશરે ૨૦ હજાર હોવા જોઈએ, એચ. પી. લાઈન કેટલી હોવી જોઈએ એલ. ટી. કેવી હોવી જોઈએ આ બધા જ નોર્મ્સ છે માનનીય અધ્યક્ષશ્રી, આ ધ્યાનમાં રાખીને સબ ડીવીઝન અને ડીવીઝન આપવામાં આવે છે. આજની તારીખે બાયફરકેશન માટેની આણંદ સર્કલમાં બોરદસથી માંડી, નડિયાદથી માંડી, ખંભાત સહિતની બાયફરકેશન ઓફ ડીવીઝનની ૯ અરજીઓ પડી છે તે બધી જ અરજીઓ વિચારણા હેઠળ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આમ તો જવાબમાં જણાવ્યું છે પણ એમને એવી વિનંતી કરવા માગું છું કે આણંદ ડિવિઝનનાં આંકડા છે તે જોઈએ તો લગભગ અઢી લાખ જેટલા કનેકશનો આણંદ ડિવિઝનમાં છે. અને ખૂબ અંતરીયાળ વિસ્તાર હોવાથી ડીસ્ટન્સવાઈસ પણ લોકોને તકલીફ પડે છે. બોરસદ શહેર, બોરસદ ગ્રામ્ય અને આંકલાવના થઈને લગભગ ૧ લાખ ઉપરાંતના કનેકશનો થાય છે. તો બોરસદ ડીવીઝનની જે દરખાસ્ત ઘણાં વર્ષોથી પેન્ડીંગ છે તે ડીવીઝન સત્વરે આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એમનું સૂચન છે હું ચોકકસપણે વિચારીશ અને યોગ્ય લાગશે તો પ્રજાના હિતમાં આપણે એ પ્રમાણે આગળ વધીશું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : આજે ગ્રામ્યના સબ ડિવીઝનો છે તેમાં ઉનાળો આવે છે ત્યારે લગભગ ટ્રીપીંગની બહુ ફીરયાદો અમારા દવારા સબ ડિવઝનોમાં કરવી પડે છે તો આ ટ્રીપીંગના પ્રશ્નો ઓછા થાય અને ગ્રાહકોને સતત વીજળીનો પ્રવાહ મળતો રહે તેવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આ ટ્રીપીંગનો પ્રશ્ન ન ઉભો થાય તેના માટે આ વખતે સરકારે એક જ વર્ષમાં ૧૪૦ નવા સબસ્ટેશનો કરવાનું આયોજન કર્યુ છે. અને બીજું ખૂબ મોટા પ્રમાણેમાં નવી ટ્રાન્સમીશન લાઈનો નાખીએ છીએ અને આ ઉપરાંત ડીસ્ટ્રીબ્યુશનમાં નવા નવા ગ્રાહકોને ગુણવતાવાળી વીજળી મળે તેના માટે ફીડરનું બાયફરકેશન પણ હાથ માં લઈએ છીએ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જનાણવા માગું છું કે ખંભાત સૌથી વધારે વીજ ગ્રાહક ધરાવે છે તો ભાલ ખંભાત રૂરલ અને તારાપુર થઈને ડીવીઝન બનવાની શકયતાઓ છે અને આ માટે અરજી પણ આપેલી છે, તો આ માટે કોઈ વિચારણા ચાલે છે કે નહીં?

**શ્રી સૌરભ પટેલ** : વિચારણા હેઠળ છે.

**કેન્દ્ર સરકાર દ્વારા કે.જી. બેઝીનનો ગેસ ફાળવવા અંગે**

***૧૬૨૧૭ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજયના નાના ઉદ્યોગકારોને કે.જી. બેઝીનનો ગેસ કેન્દ્ર સરકાર દ્વારા જરૂરિયાતના પ્રમાણમાં ફાળવવામાં આવે છે કે કેમ અને

૨. ઉક્ત સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તે અન્વયે કેટલો ગેસ પૂરો પાડવામાં આવ્યો?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) :

૧. એમ્પાવર્ડ ગૃપ ઑફ મીનીસ્ટર્સ દ્વારા તારીખ ૨૭-૧૦-૦૯ના રોજ ડી.૬માંથી ગેસની ફાળવણી કરી ૬૧.૬ મીલીયન ક્યુબિક મીટર ગેસની ફાળવણી નિર્ધારીત કરી. જ્યારે ૩૦.૦૦ મીલીયન ક્યુબિક મીટર ગેસ અનિર્ધારીત ધોરણે (ફોલ-બેક બેઝીસ) ફાળવવામાં આવ્યો. તે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે અગ્રતાક્રમ નક્કી કરી નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| (૧) | ફર્ટીલાઈઝર | ૧૫.૫ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| (૨) | વીજ ઉત્પાદન | ૩૧.૧ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે<br>૧૨.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| (૩) | શહેરી વિતરણ | ૦.૯ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| (૪) | સ્ટીલ (ઉદ્યોગ) | ૪.૧ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| (૫) | એલ.પી.જી. રૂપાંતરણ | ૩.૦ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| (૬) | રીફાઈનરી | ૬.૯ મીલીયન ક્યુબિક મીટર નિર્ધારીત ધોરણે |
| (૭) | પેટ્રોકેમિકલ્સ | ૬.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| (૮) | લઘુ અને મધ્યમ ઉદ્યોગો | ૨.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |
| (૯) | સ્વ-વીજ ઉત્પાદન(સીપીપી) | ૧.૦ મીલીયન ક્યુબિક મીટર અનિર્ધારીત ધોરણે |

૨. તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં કે.જી. બેઝીનનો કોઈ ગેસ કેન્દ્ર દ્વારા રાજય સરકારને કે રાજય સરકાર હસ્તકના કોઈ એકમને પૂરો પાડવામાં આવ્યો નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત વિગતવાર જાણવા માગું છું કે કે.જી. બેઝીન ગેસનો નિર્ણય કોણ કરે છે? કેવા કેવા સમયે કેવા કેવા નિર્ણયો લીધા અને કેવા કેવા ફેરફાર આવ્યા અને ગુજરાતની પ્રજા ઉપર આ નિર્ણયોની શું અસર થઈ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે Empowered Group of Ministers ની રચના કરી છે. આદરણીય પ્રણવ મુખરજીના નેતૃત્વ નીચે હોમ મિનિસ્ટર, ઑઈલ મિનિસ્ટર, લો મિનિસ્ટર, પાવર મિનિસ્ટર, પ્લાનીંગ કમિશન ડેપ્યુટી ચેરમેન અને કૅમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ કમિટીની આવી ઉચ્ચ કક્ષાની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીએ ૨૮મી મે એ નિર્ણય લીધો હતો કે નાના ઉદ્યોગ અને સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન એટલે શહેરો માટેની ચોક્કસપણે ગેસ આપવામાં આવે અને એ નિર્ણય એવો લીધો હતો કે "maximum ૫ m.std..cu.m of gas would be available to city gas distribution project for supply of piped natural gas and household અને કોમર્શીયલ વાહનો માટે આપવાનો નિર્ણય એ લોકોએ ૨૮-૫-૨૦૦૮ના રોજ લીધો હતો અને કોઈ પણ ગેસ વધે તો એ ગેસ existing power base માટે આપવાનો એમાં નિર્ણય લીધો હતો. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિધાનસભામાં જણાવવું છે કે આ નિર્ણય પછી, ૯-૪-૨૦૦૯ એટલે ૨૮-૫-૨૦૦૮ પછી ૯-૪-૨૦૦૯માં નિર્ણય લીધો કે "it has been decided that MOP shall be aurhorised to take decisions regarding supply of unutilized quantity of natural gas including from CGD sector" એટલે સત્તા આપી પૅટ્રોલિયમ ડિપાર્ટમૅન્ટને કે સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનમાં ન વપરાયેલો ગેસ

હોય એ પૅટ્રોલિયમ ડિપાર્ટમૅન્ટ ગમે ત્યાં વેચી શકે. પણ એમાં ખાસ લખ્યું છે કે "However while making such allocations to avoid any legal complications priority should be accorded to gas based steel plants" માનનીય અધ્યક્ષશ્રી, એટલે સ્ટીલ પ્લાન્ટોને જે આ ગેસ આપવામાં આવ્યો આનો અર્થ એ થયો કે પાંચ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરનો જે ગેસ ૨૮-૫-૨૦૦૮એ આપવામાં આવ્યો હતો તેમાંથી ઘટાડીને ૪.૧ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સ ઑફ ગેસ એટલે ૫૦ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસમાંથી ૪૧ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સ ઑફ ગેસ સ્ટીલ કંપનીઓને આપવામાં આવ્યો અને આખા દેશમાં .૯ એટલે માત્ર ૯ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સ ઑફ ગેસ એ લોકોએ સી.જી.ડી. માટે રાખ્યો. આપણી એક મિલિયનની દરખાસ્ત ત્યાં પેન્ડીંગ હતી. તે છતાં એ લોકોએ એમ નિર્ણય લીધો કે આપણે સ્ટીલ કંપનીઓને ગેસ આપવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત ૪થી માર્ચે લોકસભામાં માનનીય સાંસદશ્રીના પ્રશ્નના જવાબમાં કે નાના અને મધ્યમ ઉદ્યોગ માટે તમે શું પ્રાયોરિટી આપી છે? તો એમાં પણ એ લોકોએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે અમે લોકો નાના અને મધ્યમ ઉદ્યોગોને ચોક્કસપણે ગેસ આપીશું અને તેમાં લખ્યું છે કે ગુજરાતમાં કયા કયા? તો સુરત, ભરૂચ, અંકલેશ્વર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અમદાવાદ. આ લોકોની પાસે નૅટવર્ક છે તો અમે આપીશું અને એના માટે એ લોકોએ એમ કહ્યું કે ૨૦ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસ અમે બાજુ ઉપર રાખ્યો છે અને આ ઉપરના શહેરોમાં અમે દેશની અંદર વિતરણ કરીશું. બીજે દિવસે પાંચમી માર્ચે, એટલે ૪થી માર્ચે મંત્રીશ્રીએ લોકસભામાં ખાતરી આપ્યા પછી પાંચમી માર્ચે ડિપાર્ટમૅન્ટે એક નોંધ આપી અને રીલાયન્સ અને નાઈકોને લખ્યું કે તમને જે સૂચના આપી છે એની અંદર તમે ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ, ન્યુ દિલ્હીને આપો, હૈદરાબાદને આપો, પૂનાને આપો, લખનૌને આપો, કાનપુરને આપો. ગુજરાત ગેસ કંપની જે ખાનગી કંપની છે એને સુરત અને ભરૂચ માટે આપો. સાબરમતી ગેસ કંપની છે એને મહેસાણા અને ગાંધીનગર માટે આપો પરંતુ જે અમદાવાદનું નામ લખ્યું હતું એ અમદાવાદમાં જી.એસ.પી.સી. કંપની હોય અને આખા સૌરાષ્ટ્રમાં આખા દેશની સૌથી મોટી કંપની ડીસ્ટ્રીબ્યુશનમાં હોય તેના માટે એક ક્યુબિક મીટર ગેસ આમાં કે.જી. બેઝીનમાંથી ફાળવવામાં આવ્યો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રી એ વાત સ્વીકારશે કે આપણે સંયુક્ત રીતે આપને ત્યાંથી નોંધ આવી હતી. માનનીય દિનશાભાઈએ પ્રયત્ન કર્યો હતો એટલું નહીં, પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો અને એના કારણે ગુજરાતના નાના ઉદ્યોગો માટે આપણી જે માગણી હતી તેમાં એક લાખ કયુબીક મીટર વધારાનો જે ગેસ આપણને પ્રાપ્ત થયો હતો એ આ હાઉસમાં આપનાથી સ્વીકારી શકાય એવું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરે છે એ મોંઘા ગેસની વાત કરે છે. આજે કે.જી.બેઝીનનો ગેસ છે એનો આપણને લાભ મળવો જોઈતો હતો. એ લાભ આજની તારીખે કેન્દ્ર સરકારે લોકસભામાં જાહેર કર્યા પછી અમદાવાદને આની અંદરથી બાકાત રાખવામાં આવ્યું છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કે.જી. બેઝીનના ગેસમાંથી ગુજરાતના ઘરગથ્થુ, વાહન, લઘુ ઉદ્યોગ તેમજ સ્ટીલ કંપનીઓ અને રીફાઈનરીને કેટલો ગેસ ફાળવવામાં આવ્યો એ મારે જાણવું છે અને સાથે સાથે માનનીય શ્રી શકિતસિંહે કહયું એમ ગુજરાતની ક્રુડ ઓઈલની રોયલ્ટીના અન્યાય વખતે * (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : કોઈની ટીકા ન થાય એ કાઢી નાખું છું. તમે એનો જવાબ ન આપતા ફકત પ્રશ્નનો જ જવાબ આપશો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટીલને, એસ્સાર સ્ટીલને ૩.૫ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબિક મીટર. આખા રાજય માટે એક મિલિયન કયુબિક ગેસ માગ્યો છે. એ આપણને મળ્યો નથી. એ જ રીતે રીફાઈનરી સેકટર માટે ૬.૪૬ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબિક મિટર આપ્યો છે એ જ પ્રમાણે જોઈએ તો એચપીસીએલ, સાબરમતી ગેસ, ગેઈલ વડોદરા અને ગુજરાત ગેસ આ ત્રણેયનો સરવાળો કરીએ તો ૦.૯૯ થાય છે. એટલે એક મિલિયન પણ થતું નથી. એટલે નાના ઉદ્યોગોને નીતિ બનાવી છે એમાં ડી-૬માંથી બિલકુલ લાભ મળતો નથી. ડી-૬નો લાભ મોટા ઉદ્યોગોનો નફો વધારવા માટે કેન્દ્ર સરકારે નીતિમાં ફેરફાર કર્યો છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કે.જી.બેઝીનનો ગેસ મેળવવા માટે આ સરકારે પ્રયત્નો કર્યો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રયત્ન કર્યો છે . એ બદલ એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. અમદાવાદમાં જયારે ખૂબ જ ઘરગથ્થુ વાહન વધી ગયા હોય, લઘુ ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો હોય ત્યારે આ નિર્ણયથી આને ગેસ મળશે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.ના.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગ પ્રમાણે પોલીસ મહેકમ**

***૧૫૬૬૭ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સંવર્ગ પ્રમાણે પોલીસ મહેકમ મંજૂર થયેલ છે તેની સામે કેટલી જગ્યાઓ કેટલા વખતથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કર્યું છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) :

(૧) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | | | | હાજર | | | | ખાલી | | | | ક્યારથી ખાલી છે. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PI | PSI | ASI/HC | PC | PI | PSI | ASI/HC | PC | PI | PSI | ASI/HC | PC | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષથી ઉપર |
| ૧ | પાલનપુર | ૨ | ૩ | ૬૭ | ૮૫ | ૨ | ૭ | ૬૬ | ૧૦૨ | ૦ | +૪ | ૧ | +૧૭ | ASI/HC-1 | ૦ | ૦ | ૦ |
| ૨ | દાંતા | ૧ | ૧ | ૪૦ | ૫૧ | ૧ | ૪ | ૩૯ | ૫૨ | ૦ | +૩ | ૧ | +૧ | ASI/HC-1 | ૦ | ૦ | ૦ |
| ૩ | વડગામ | ૦ | ૨ | ૩૧ | ૩૫ | ૦ | ૨ | ૨૮ | ૪૫ | ૦ | ૦ | ૩ | +૧૦ | ASI/HC-3 | ૦ | ૦ | ૦ |
| ૪ | અમીરગઢ | ૦ | ૧ | ૧૭ | ૨૮ | ૦ | ૧ | ૧૯ | ૨૦ | ૦ | ૦ | +૨ | ૮ | PC-4 | PC-4 | ૦ | ૦ |
| ૫ | ડીસા | ૩ | ૨ | ૬૬ | ૧૩૦ | ૩ | ૭ | ૬૨ | ૧૨૫ | ૦ | +૫ | ૪ | ૫ | ASI/HC-4 | PC-5 | ૦ | ૦ |
| ૬ | ધાનેરા | ૦ | ૧ | ૧૯ | ૩૧ | ૦ | ૧ | ૧૭ | ૩૦ | ૦ | ૦ | ૨ | ૧ | ASI/HC-2 | PC-1 | ૦ | ૦ |
| ૭ | દાંતીવાડા | ૦ | ૨ | ૧૭ | ૨૪ | ૦ | ૨ | ૧૭ | ૧૮ | ૦ | ૦ | ૦ | ૬ | PC-4 | PC-2 | ૦ | ૦ |
| ૮ | થરાદ | ૧ | ૨ | ૨૯ | ૪૯ | ૧ | ૨ | ૨૧ | ૪૧ | ૦ | ૦ | ૮ | ૮ | ASI/HC-8 | PC-8 | ૦ | ૦ |
| ૯ | વાવ | ૦ | ૪ | ૪૪ | ૭૩ | ૦ | ૪ | ૩૪ | ૪૪ | ૦ | ૦ | ૧૦ | ૨૯ | ASI/HC-10 | PC-15 | PC-8 | PC-6 |
| ૧૦ | કાંકરેજ | ૧ | ૨ | ૩૯ | ૬૦ | ૧ | ૨ | ૩૩ | ૩૬ | ૦ | ૦ | ૬ | ૨૪ | ASI/HC-6 | PC-20 | PC-4 | ૦ |
| ૧૧ | ભાભર | ૦ | ૧ | ૧૧ | ૧૬ | ૦ | ૧ | ૧૩ | ૧૬ | ૦ | ૦ | +૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દિયોદર | ૦ | ૧ | ૨૧ | ૩૩ | ૦ | ૧ | ૧૪ | ૨૬ | ૦ | ૦ | ૭ | ૭ | ASI/HC-7 | PC-7 | ૦ | ૦ |

(૨) વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯ માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડ ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. તા.૨૦-૨-૨૦૧૦ થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારો પ્રશ્ન હતો કે, બનાસકાંઠા જેવો જિલ્લો સરહદી વિસ્તારમાં આવેલ છે. જિલ્લામાં પોલીસ તંત્રનું મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની મને જે માહિતી મળી છે એ જોતાં કોઈ ચિંતાજનક બાબત નથી. ખૂબ સારી ભરતી પણ સરકાર કરી રહી છે. પણ કેટલી કોન્સ્ટેબલની જગ્યાઓ ખાલી છે? એ ખાલી જગ્યાઓ ભરવા માટે વહેલામાં વહેલી તકે ક્યારે ભરતી કરવા માગો છો અને એના નિયમોમાં કોઈ ફેરફાર કર્યો છે ખરો?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર વર્ષની અંદર કુલ જુદા જુદા સંવર્ગની ૧૨,૮૧૪ જગ્યાઓની ભરતી કરી ચૂકયા છીએ. પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૧૮૪, સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ૬૯૩ પોલીસ સબ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલની ૮૩૯૦ જગ્યાઓ અને એસ.આર.પીની ૩૫૪૭ જગ્યાઓ. એમ કુલ ૧૨,૮૧૪ લોકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આ ઉમેદવારો સકસેસફુલ ઉમેદવારો છે એ સેવામાં લાગી ગયા છે. આવનાર બે વર્ષમાં ભરતી પ્રક્રિયા ચાલવાની છે એમાં જેલ સિપાઈની ૫૦૦, હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૫૪૧, એસ.આર.પી.ની ૪૨૬૪, બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૬૮૦, બિન હથિયારી કોન્સ્ટેબલની ૮૭૩૪ અને ઈન્ટેલીજન્સ ઓફિસર પી.એસ.આઈ.ની ૪૪ એમ કુલ ૧૪૩૬૫ બીજી જગ્યાઓ ભરવાની છે. આમ કુલ ૨૭૦૦૦ જગ્યાઓ આ ત્રણ વર્ષના ટૂંકા ગાળાની અંદર પોલીસ ફોર્સની અંદર નવી ઉમેરાશે. માનનીય સભ્યશ્રીએ બીજું પૂછયું કે ભરતીના નિયમોમાં ફેરફાર કર્યો છે કે કેમ?. તો ૨૦૦૪થી જુદા જુદા ક્ષેત્રના રીટાયર્ડ થયેલ અધિકારીઓ, આ ક્ષેત્રના તજજ્ઞો, સેવામાં રીવ્યૂ વખતે આવતી ઉણપો આ બધાને ધ્યાનમાં રાખીને દરેક જગ્યાની ભરતીના નિયમોમાં ફેરફાર કર્યો છે. આ નિયમોના ફેરફારના મૂળમાં કેન્દ્રસ્થાને એક તો સારી કવોલીટીના ઉમેદવારો બેકાર ના બેસી રહે અને રાજયની સેવામાં લાગે એને રાખ્યું છે. એની અંદર શિક્ષણનું સ્તર સુધારવામાં આવ્યું છે. રાજય કક્ષાની ખેલકૂદ સ્પર્ધાઓમાં જેમણે ભાગ લીધો હોય એને સ્પેશિયલ પ્રાયોરીટી આપવામાં આવી છે. એન.સી.સી.નો કોર્સ જેમણે કરેલ હોય એમને પણ સ્પેશિયલ પ્રાયોરીટી આપવામાં આવી છે. જેમને ડ્રાઈવીંગ અને કૉમ્પ્યુટર આવડતું હોય, કૉમ્પ્યુટરને તો ફરજિયાત જ બનાવ્યું છે, અને ડ્રાઈવીંગ આવડતું હોય એને પણ સ્પેશિયલ પ્રાયોરીટી આપવામાં આવે છે. આ રીતે ભરતીના નિયમોની અંદર ફેરફાર કર્યા છે અને પોલીસ

વિભાગના જૂદાજૂદા પ્રકારના જે કામો છે, દા.ત. ડોગ સ્કવોર્ડ હોય, ઘોડેસવાર પોલીસ હોય, બૅન્ડ હોય, વાયરલેસનો અમારો સ્ટાફ હોય આ બધા જ જૂદા જૂદા પ્રકારના, બોમ્બસ્કવોર્ડ હોય, જૂદાજૂદા પ્રકારના કામો માટે એક સ્પેશીયલાઈઝ ટ્રેઈન મેન પાવર મળે એને અનુરૂપ ભરતીના જૂદા નિયમો બનાવવામાં આવ્યા છે. એમની ભરતી પણ અલગ કરવાના છીએ અને એ સમગ્ર નોકરી એ જ વિભાગ જેમના માટે એમની ભરતી કરવામાં આવી છે એમાં કરી શકે એ પ્રકારનું આયોજન કર્યુ છે. આના કારણે જ્યારે એમની ડોગ સ્કવોર્ડમાં કે ઘોડેસવાર પોલીસમાં, બૅન્ડમાં કે આઈ.બી.માં ટ્રાન્સફર થાય ત્યારે જે નીગલેકશનનો અનુભવ કરતા હતા એની જગ્યાએ એ ઉમેદવારને ભરતી વખતે જ ખબર છે કે મારે આખું જીવન આઈ.બી. ઑફિસર તરીકે જ કામ કરવાનું છે એટલે આઈ.બી.નું કામ સારી રીતે કરે અને સારી રીતે કરે તો જ એમાં પ્રમોશન મળે એ પ્રકારના..

**અધ્યક્ષ શ્રી** : ગૃહની માગણીમાં આ આવી ગયું છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછયો છે એટલે જવાબ આપુ છું અને મારી તો હજી બે મિનિટ જ થતી હતી. એટલે આ પ્રકારનું એમને પ્રોત્સાહન મળે એ પ્રકારથી ભરતીના નિયમોની અંદર ખૂબ કાળજીપૂર્વકની વિચારણાને અંતે ફેરફાર કરવામાં આવ્યા છે.

**મોરબીમાં ઉદ્યોગકારોને બળતણ માટે ગેસ પૂરો પાડવા બાબત**

***૧૬૨૨૧ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક કેન્દ્ર મોરબી ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા:૩૧૨-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દૈનિક ગેસનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)**

(૧) હા, જી.

(૨) તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૩૧૭ ઉદ્યોગકારોને દૈનિક સરેરાશ ૧૪,૧૦,૦૦૦ એસ.સી.એમ. જથ્થો પૂરો પાડવામાં આવે છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજથી ત્રણ વર્ષ પહેલા મુરબ્બી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોરબી આવ્યા ત્યારે એમણે એમના પ્રવચનમાં કીધું હતું, અને જે બન્યું એ કહેવા માગુ છું. એમણે એના પ્રવચનમાં કીધું હતું કે મોરબી ચાઈના સાથે હરિફાઈ કરશે. અને ૩ વર્ષમાં જે મોરબીને ગેસ આપ્યો અને અત્યારે ચાઈના સાથે હરિફાઈ કરે છે. ૩૫ દેશમાં માલ જાય છે. આ જે મુરબ્બી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ૩૧૭ યુનિટને ગેસ આપ્યો, મોરબી શહેરને ઘરેઘરે પણ ગેસ આપ્યો છે. એટલે હું સરકારને અભિનંદન આપુ છું. બીજું જે વાત છે કેન્દ્ર સરકાર દ્વારા કંઈક નીતિમાં ફેરફાર કરવા માગે છે? અને રીલાયન્સ દ્વારા ગેસ દેવા માગે છે એમાં કંઈ અસર મોરબીને પડશે કે નહીં એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોરબીમાં જે આપણે ગેસ આપીએ છીએ એ આજની તારીખમાં રીલાયન્સનો ગેસ આપના નથી, મેં આગલા સવાલના જવાબમાં જવાબ આપ્યો પરંતુ જે ગેસ આપવામાં આવે છે એ પેટ્રોનેટ એનર્જીનો ઈમ્પોર્ટેડ ગેસ છે એ ઈમ્પોટેડ ગેસ ખરીદી અને આપવામાં આવે છે. એ ગેસની આજની જે કિંમત છે અને એક વર્ષ પછી એની કિંમતમાં ઘણોબધો ફેરફાર થવાનો છે. આજે જે એની કિંમત ૧૦ રૂપિયા અને ૭૪ પૈસા પર સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર છે એ દર મહીને એનો વધારો સ્ટાન્ડર્ડ એપ્રિલ, મે , જૂન, જુલાઈ , ઓગસ્ટ એ રીતે વધતો જવાનો છે. અને માર્ચ-૧૧માં એનો ભાગ ૧૩ રૂપિયા અને ૭૪ પૈસા થવાનો છે. આના કારણે આવતા એક વર્ષની અંદર આ નીતિના કારણે કેન્દ્ર સરકારે પેટ્રોનેટ ઈમ્પોર્ટેડ એલ એન્ડ જી.નો ગેસ, જે એણે કરાર કર્યો છે એ કરાર ક્રુડના પ્રાઈઝ જોડે કમિટમૅન્ટ કર્યો છે, ક્રુડના પ્રાઈઝ વધે એની જોડે આના પ્રાઈઝ વધે છે. એ વધવાને કારણે આપણને ગેસની કિંમત વધે છે. એના કારણે આવતા એક વર્ષમાં ૩૦ ટકાનું ભારણ આ મોરબીના ઉદ્યોગકારો ઉપર પડવાનું છે. એના કારણે ઓછામાં ઓછા ૧૦૦ કરોડ રૂપિયા આની અંદર આવશે. અમે વિનંતી પણ કરી છે કે અગર આ જે ભાવની અંદર ખાલી માત્ર રીલાયન્સનો ડી.૬ કરવામાં આવે અને એ ડી.૬ આપવામાં આવે તો હાલની અંદર જે ભાવ છે, હું વધારાના ભાવની વાત નથી કરતો ૧૦.૭૪ થી ૧૩.૭૪ થયા હું એની વાત નથી કરતો પણ હાલના ભાવમાં પણ હવે ૧૨ થી ૧૫ ટકાનો ઘટાડો કરી શકીએ અને મોરબીને આપી શકીએ. જો નાના ઉદ્યોગોને રીલાયન્સનો ડી.૬નો ગેસ આપવામાં આવે તો.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજકોટ જિલ્લામાં મોરબીને જેવી રીતે ગેસ આપ્યો એ રીતે એવી રીતે જિલ્લાના અન્ય ઔદ્યોગિક વિસ્તારમાં અને રહેણાક વિસ્તારમાં ગેસ ગ્રીડ દ્વારા ગેસ આપવાની કોઈ યોજના વિચારવામાં આવશે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આખા જિલ્લામાં મેં કહ્યું એમ નાના શહેરો હોય, ઉદ્યોગકારો હોય અને ઘર વપરાશ માટે આપણે આખા જિલ્લાનો માસ્ટર પ્લાન બનાવ્યો છે અને ધીમે ધીમે દરેક જગ્યાએ ગ્રીડ પહોંચે એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવીએ છીએ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : સી.એન.જી. ગેસ પાઈપ લાઈનનું નેટવર્ક કેટલું છે અને એ વધારવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આજની તારીખમાં મોરબીમાં ઘર વપરાશમાં ૬૭૭ ગ્રાહકો છે. આવતા બે ત્રણ વર્ષમાં એ વધારીને ૧૦૮૭૪ ગ્રાહકોનું આયોજન કરેલ છે. ૮૦૦ કિલોમીટરનું નેટવર્ક ૬૦ કરોડના ખર્ચે કરવાની વ્યવસ્થા ગોઠવેલ છે. એની અંદર પી.ઈ.ની ૧૬૦ કિલોમીટર અને સ્ટીલની ૫૫ કિલોમીટર એ પ્રમાણે લાઈનો ગોઠવી અને ઘર વપરાશ માટે, ઉદ્યોગો માટે સી.એન.જી. મળવાનું બને એટલું વહેલામાં વહેલું થાય એ પ્રમાણે મોરબીમાં આયોજન ગોઠવ્યું છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ પેટ્રોનેટ દ્વારા ઈમ્પોર્ટ થતો ગેસ ઉદ્યોગોને આપવાની વાત કરી. મારે જાણવું છે કે આ ગેસ ગુજરાતને શું ભાવે પડે છે અને એની સામે મોરબીના ઉદ્યોગોને કયા ભાવે આપવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : ૧૦.૮૮ પૈસા એસ.સી.એમ.માં ગેસ પડે છે. એની અંદર વ્યાજ ખાદ્ય, ઓ.એન્ડ એમ., એક્સાઈઝ, ડીલર માર્જીન ગણીએ તો ૧૩.૭૪ પૈસાનો ખર્ચ વધીને ૨૯.૭૫ ટોટલ કોસ્ટ થાય છે અને એ આવતા દિવસોમાં જે પેટ્રોનેટ એલ.એન.જી.ના ભાવ છે એમાં બેજીક ટેક્સ એ બધું ઉમેરીએ એમાં ઘટાડવામાં આવે અને ડી-૬ આપવામાં આવે તો અમે ભાવ ઘટાડવા તૈયાર છીએ.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : મારો પ્રશ્ન એટલો જ છે કે એની સામે શું ભાવે આપવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : જી.એસ.પી.સી. ઓ.એન્ડ એમ.ખર્ચ, ઈન્ટરેસ્ટ, કેપિટલ આ બધું કાઢે, ડીલર માર્જીન વગેરે કાઢે, આ બધું કાઢે તો હાર્ડલી ૧.૫૦ પૈસાનો પ્રતિ એસ.સી.એમ. નફો થાય છે. ૧૦.૮૮ પૈસા એ ઉપરાંત ઓ.એન્ડ એમ. અને પાવર કોસ્ટ ૨.૦૯ પૈસા, ઈન્ટરેસ્ટ અને કેપિટલ રીકવરી રૂા. ૨.૦૨ પૈસા, એક્સાઈઝ, વેટ અને બીજા ટેક્સીસ રૂા. ૭.૧૪ પૈસા, ડીલર માર્જીન રૂા. ૧.૧૩ પૈસા, આમ કરીને રૂા. ૧૩.૫૪ પૈસાની અંદર એમનો ખર્ચ થાય છે. ૧૩.૫૪ પ્લસ ૧૨.૮૮ ગણીએ તો ૨૯.૭૫ પૈસા પડતર કિંમત થાય છે. માત્ર નફો ગણીએ છીએ ઈન્ટરેસ્ટ એન્ડ કેપિટલ રીકવરી વ્યાજ સાથે ૨.૦૨ ભેગું આવે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સેલીંગ પ્રાઈઝ, વેચાણ કિંમત, તમને શું ભાવે પડે છે અને વેચાણ કિંમત આપી દો.

**શ્રી સૌરભ પટેલ** : ફરીથી બોલું છું. કોમર્શિયલી આપણે સમજીએ તો વધારે સારું. ૨૯.૭૫ પૈસાએ આપીએ છીએ એમાંથી ઈન્ટરેસ્ટ લોસ (અંતરાય) તમે માગો એ જવાબ ન મળે. એમાંથી ઈન્ટરેસ્ટ કેપિટલ રીકવરી એ નફા સાથે ૨.૦૨ પૈસા કાઢી નાખીએ એટલી આપણી પડતર પડે છે.

**જામનગર જિલ્લાના ઉદ્યોગકારોને ગેસ પૂરો પાડવા બાબત**

* ૧૬૨૫૨ **શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના ઔદ્યોગિક કેન્દ્ર ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને દૈનિક સરેરાશ ગેસનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) :**

(૧) અને (૨) જામનગર જિલ્લાના ઉદ્યોગોને ગેસ પૂરો પાડવા માટેની ગેસના પરિવહનની મુખ્ય ટ્રંક લાઈનનું કામ હાલમાં પૂર્ણ થયેલ છે અને નાના અને મધ્યમ એકમોને ગેસનું વિતરણ કરવા માટેની કાર્યવાહી જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા ચાલું છે. આ કામગીરી પૂર્ણ થયેથી, નાના અને મધ્યમ ઉદ્યોગકારોને ગેસનો પુરવઠો જરૂરિયાત મુજબ પૂરો પાડવામાં આવશે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો કે જામનગર જિલ્લાને ગેસ પુરવઠો નાના અને મધ્યમ એકમોને પૂરો પાડવામાં આવે છે કે કેમ? મને જવાબ આપવામાં આવ્યો છે કે જામનગર જિલ્લાના ઉદ્યોગોને ગેસ પૂરો પાડવા માટેની ગેસના પરિવહનની મુખ્ય ટ્રંક લાઈનનું કામ પૂરું થયું છે. આ જાણી મને હર્ષ થયો છે અને તે બદલ હું અભિનંદન આપું છું. મારે પેટા પ્રશ્ન એ પૂછવો છે કે જામનગર શહેર માટે ગેસ ડીસ્ટ્રીબ્યુશન માટેનું શું આયોજન છે, એની પાછળ કેટલો ખર્ચ થનાર છે અને તેમાં કેટલા લોકોને લાભ મળશે?

**શ્રી સૌરભ પટેલ** : ગુજરાત એક માત્ર રાજ્ય છે કે જેણે ખર્ચની ચિંતા કર્યા વગર, કેટલી બધી સબસિડી ગેસના કારણે કેન્દ્રની બચી છે પરંતુ એનો લાભ ગુજરાત સરકારને મળ્યો નથી. એ સાથે આ જામનગરની અંદર ૩૦ ઈંચના ડાયામિટરની ૧૧૦ કિલોમિટરની નવી લાઈન નાંખી અને ૩૦૩ કરોડ રૂપિયાના ખર્ચે આપણે જામનગરમાં મેઈન ટ્રેક લાઈનનું કામ કર્યુ. એ ઉપરાંત જામનગરના ઘરોના વપરાશ માટે આપણે માસ્ટર પ્લાન બનાવ્યો છે અને માસ્ટર પ્લાન ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કર્યો છે, એની અંદર જે સ્ટીલ નેટવર્ક છે એ ૨૫ કિલોમિટરની લાઈન છે. પી.ઈ.નેટવર્ક ૩૦૦ કિલોમિટરની લાઈન છે. CNG સ્ટેશન માટેનો ખર્ચો છે, એન્જિયિરિંગનો પણ ખર્ચો છે. કુલ ૧૦૦ કરોડનો ખર્ચો કર્યો છે અને માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે આવતા દિવસોની અંદર જે અમે લોકોએ પ્લાનિંગ કર્યુ છે. એમાં રોજના ૪ લાખ સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર ઓફ ગેસ

જામનગરની અંદર પહોંચે અને ૪૫૦૦૦ ઘરો જામનગર શહેરમાં અને ૧.૩૦ લાખ ઘરો જામનગર જિલ્લાની અંદર રાજ્ય સરકારે આયોજન કર્યુ છે અને અમે લોકો આટલો મોટો ખર્ચો હોવા છતાં ટોટલ ખર્ચો બધો જ કાઢયા પછી પેટ્રોનેટ એલ.એન.જી.નો ઈમ્પોર્ટેડ ગેસ જામનગરમાં પહોંચવાનો છે. કે.જી. બેઝિનનો ગેસ હજુ જામનગરમાં આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત બેઝિક કોસ્ટ, ખર્ચો, ઓ. એન્ડ એમ., વ્યાજ, પડતર બધું કાઢયાં પછી રાજ્ય સરકારની કંપનીને એક થી સવા રૂપિયોથી વધારે સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટરમાં નફો રહેતો નથી.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં કેટલા CNG સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે અને કઈ કઈ જગ્યાએ? સાથે સાથે લોકોને આકર્ષવા માટે શું શું કાર્યક્રમો કરવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે લાભ થાય છે એના માટે અમે લોકો ડ્રાઈવ રાખીએ છીએ. એડવરટાઈઝ મિડિયા શું કરે છે, છાપાઓ, રેડિયો, હોર્ડિંગ્સ, ડિસ્ટ્રીબ્યુશન ઘરે ઘરે ટેમ્પલેટ કરીએ છીએ અને ડોર ટુ ડોર માર્કેટિંગ કરીએ છીએ જે ડિલર એપોઈન્ટ કરીએ છીએ એ ઘરે ઘરે જાય અને આના લાભો કહે છે અને આના કારણે સોસાઈટીઓની અંદર મિટિંગો કરીને આખી સોસાઈટીઓને ગેસ મળે એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે. આવતા દિવસનો અંદર CNGના ૧૨ સ્ટેશનોનું અમે લોકોએ આયોજન કર્યુ છે. એક છેલામાં, એક મોટા ખાવડી, એક ગુલુબનગર, એક ખંભાળિયા રોડ, એક દિગ્વિજય ચાર રસ્તા, એક શાન સેકસન રોડ, એક લાલપુર, એક જામજોધપુર, એક ભાણવડ, એક કલ્યાણપર, એક ઓખા મંડળ અને એક જોડિયા આમ ૧૨ CNG સબસ્ટેશનનું જામનગર જિલ્લાનું આયોજન છે.

**ગાંધીનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો**

***૧૬૨૦૮ શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ જામનગર જિલ્લાના ઔદ્યોગિક કેન્દ્ર ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને દૈનિક સરેરાશ ગેસનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** :

(૧) અને (૨) : ગાંધીનગરમાં વર્ષ ૨૦૦૯-૧૦ પહેલા ૭ (સાત) CNG સ્ટેશનો કાર્યરત હતા. તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન વધુ ૬(છ) CNG સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું. તે પ્રમાણે વર્ષ દરમ્યાન કામ પૂર્ણ થતાં, આજે કુલ ૧૩ CNG સ્ટેશનો કાર્યરત છે.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં CNG સ્ટેશનો કેટલા આવેલા છે અને કેટલા કાર્યરત છે? બીજો પ્રશ્ન મારો એ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ગાંધીનગરને APM Gas આપવામાં આવે છે કે નહિ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, APM Gas એ સૌથી સસ્તો ગેસ છે. રિલાયન્સના ડી.૬ કરતા પણ APM Gas સૌથી સસ્તો છે પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે આ APM Gas ની આપણી ઘણાં વર્ષોથી માગણી હોવા છતાં ગુજરાતની પ્રજાને, ખાસ કરીને અમદાવાદ-ગાંધીનગરને APM Gas આપવામાં આવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ ઘણી વખત રજૂઆત કરી છે અને થોડી વધારે માહિતી આપું કે APM Gas નો બેઝિક ભાવ છે એ ૩.૨ રૂા. સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર છે અને જે ઈમ્પોટેર્ડ એલ.એની.જી.ગેસ છે એનો ૧૦.૮૮ પૈસાનો ભાવ છે. આ બંનેની અંદર તફાવત ખૂબ મોટો હોય છે. એટલે જે આર.એલ.એન.જી.નો જે પેટ્રોનેટ એલ.એન.જી.નો ભાવ પડે છે રૂા.૨૯.૭૫ પૈસા, જ્યારે APM Gas રૂા. ૧૭.૬૦પૈસાએ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં આપણી વપરાશ ખૂબ ઓછી છે. ગુજરાતમાં માત્ર બે લાખ વ્હીકલ છે અને આ બે લાખ વ્હીકલને જો CNG આપવામાં આવે તો ખૂબ ઓછો વપરાશ થાય. ૫૪ મિલિયનની આગળ મારા ખ્યાલ પ્રમાણે એક મિલિયન ટન સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર ગેસ આપે આખા ગુજરાતની અંદર તો પાઈપગેસ અને CNG માં વપરાશ પુરો થાય ૩૦ ટકા ભાવનો ઘટાડો થાય. જે અત્યારે ૨૯ રૂપિયાએ આપીએ છીએ એની જગ્યાએ ૨૦ રૂપિયા પર આપણે પહોંચી શકીએ અને મને કહેતાં વધારે દુ:ખ એ થાય છે કે બીજા રાજ્યોની અંદર, બોમ્બેની અંદર એ લોકોને આપવામાં આવે છે. દિલ્હીની અંદર આપવામાં આવે છે, લખનૌની અંદર આપવામાં આવે છે પણ અમદાવાદ કે ગાંધીનગરને આપવામાં આવતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, APM માટેની એટલે કે એડમિનિસ્ટ્રેટીવ પ્રાઈસ મેકેનિઝમ ગેસ (અંતરાય) વારંવાર નીતિનભાઈ પ્રશ્નોત્તરીમાં ખેલેલ પહોંચાડેને આપનું રક્ષણ ના મળે (અંતરાય) વારંવાર મંત્રીશ્રી તરફથી (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (બેઠાં બેઠા)** : કેન્દ્રની સરકાર ગુજરાત ઉપર મહેર કરતા હોય તો..(અંતરાય) (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ, આપ સહેજ. (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સાહેબ, હાઉસમાં દર વખતે કરે છે.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહ (અંતરાય) આપણે પ્રશ્નો ઉપર આવી જઈએ, પછી વાત કરીએ (અંતરાય), પ્રશ્નો ઉપર આવી જઈએ. (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : સૂચના તો આપવી જ જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું આપું છું ને સૂચના, પ્રશ્નોત્તરી પછી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કારણ કે, માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxx) (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે, શક્તિસિંહજી, હું કોઈની સલાહ પ્રમાણે નથી ચાલતો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે એમને, ખુમાનસિંહ બોલ્યા હોય તો આપ કહો છો કે, નેતા તરીકે તમે જવાબદાર છો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે કોઈ જ સલાહની જરૂર નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે, ખુમાનસિંહ બોલ્યા હોય અને મને કહો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે કોઈ જ સલાહની જરૂર નથી. તમારા શબ્દો તમે પાછા ખેંચો, તમારા શબ્દો યોગ્ય નથી. (અંતરાય) તમારા શબ્દો યોગ્ય નથી, હું નીતિનભાઈને કહું છું જ, (અંતરાય) હું કહું છું જ, ગૃહની હાજરીમાં કહું છું. (અંતરાય) મારે એ શબ્દોની જરૂર નથી, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે ખુમાનસિંહ બોલે અને મને ખખડાવવાના (અતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ સલાહ આપવાની જરૂર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે તમારી સલાહની જરૂર નથી, તમે જે શબ્દો વાપર્યા છે જે એ વિશે દિલગીરી વ્યક્ત કરો (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીને કોઈ જ સલાહ આપવાની જરૂર નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે, ખુમાનસિંહ બોલ્યા હોય, આપ રેકર્ડ ચકાસી લો, (અંતરાય) આપે મને કહ્યું છે, આપનું માનતા નથી, એક વખત તો કહી જુઓ ત્યાં (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : એ જો અને તો ની વાત કરે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે શું કરવું એ મને ખબર છે. આપની સલાહની જરૂર નથી. પહેલા મારે કોઈ સલાહની જરૂર નથી.(અંતરાય) કોઈની સલાહની જરૂર નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ શબ્દો પાછા ખેંચી લો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર. (અંતરાય) આપ બેસી જાઓ, (અંતરાય) આપ બેસી જાઓ. હું કહું છું. (અંતરાય) પ્રશ્નોત્તરી પછી, આપ પ્રશ્નો ઉપર આવો (અંતરાય) એ શબ્દો હું કાઢી નાખું છું. (અંતરાય) નહીં હું કરું છું, એના ઉપર હું રૂલિંગ આપું છું. (અંતરાય) તો પહેલી વસ્તુ એ છે કે, માનનીય શકિતસિંહ આપ બેસી જજો, મેં પહેલા પણ કહ્યું છે (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : અમારા નેતાને આપ કહેતા હોય તો એમના નેતાને પણ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહ આપ બેસી જાઓ. (અંતરાય) વિપક્ષના નેતાશ્રીની વાતને હું ખૂબ જ ગંભીરતાથી લઉં છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : નીતિનભાઈ તો સિનિયર સભ્ય છે, આ વ્યકિત.

**અધ્યક્ષશ્રી** : આ અધ્યક્ષ પદને કોઈની સલાહની જરૂર નહતી રહેતી (અંતરાય) ધ્યાન દોરવાનો અધિકાર છે, ધ્યાન દોરવાની મર્યાદા પણ છે (અંતરાય) આપ બેસી જશો, આપ બેસો, ધ્યાન દોરવાનો આપનો અધિકાર પણ છે અને ધ્યાન દોરવાની મર્યાદા પણ છે (અંતરાય) ધ્યાન દોરવાની મર્યાદા પણ છે. (અંતરાય) ધ્યાન દોરવાની મર્યાદા છે (અંતરાય) તમે જે શબ્દો વાપર્યા તે યોગ્ય નથી. એ તમે જો શબ્દો રાખતા હોય તો એ યોગ્ય નથી, હું એ અંગે ચર્ચા કરવા તૈયાર છું. (અંતરાય) ધ્યાન દોરવાનો તમારો, તમે નીતિનભાઈ માટે ધ્યાન દોરી શકો. (અંતરાય) તમે એ શબ્દો પાછા ખેંચો. (અંતરાય) એ શબ્દો પાછા ખેંચવા જ જોઈએ (અંતરાય) નહીં, જે શબ્દો તમે વાપર્યા છે (અંતરાય) જે શબ્દો તમે વાપર્યા છે એ શક્તિસિંહે પાછા ખેંચવા જ જોઈએ (અંતરાય) મારે શું કરવું એ મને ખબર છે અને હું એ પ્રમાણે કરું છું. (અંતરાય) આપ બેસી જાઓ, આપ આપના શબ્દો પાછા ખેંચો. (અંતરાય) આપે જે શબ્દો વાપર્યા છે તે અધ્યક્ષ માટે વાપર્યા છે તે યોગ્ય નથી. (અંતરાય)

**(આ તકે વિપક્ષના સભ્યો તરફથી દાદાગીરી નહીં ચલેગીના સૂત્રોચ્ચાર સાથે ઘોંઘાટ)**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય (અંતરાય) એમણે સલાહ આપવાની છે, હવે એમને કહો ને ? (અંતરાય) તમારે કેમ સંચાલન કરવું (અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : અમારા નેતાને કહો તો એમના નેતાને પણ કહેવું જોઈએ, સિનિયર મંત્રી દર વખત આવી કોમેન્ટ કરે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) વળી કયાં આપણે, ચાલવો દોને (અંતરાય) સલાહ નથી આપતા, માગણી કરે છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે સલાહ આપવાની છે, હવે એમને કહો ને કે એમણે સલાહ આપવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યું જ છે પહેલાં, મેં તમને કહેતાં પહેલાં, એમના પહેલાં કહ્યું છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : શબ્દો પાછા ખેંચવા જોઈએ. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : What right Hon'ble Minister has to interfere when I am talkng with you sir?.

**અધ્યક્ષશ્રી** : એમના કહેતાં પહેલાં મેં તમને કીધું છે કે આ શબ્દો પાછા ખેંચો. કોઈના કહેવાથી હું કહેતો જ નથી. આપે શબ્દ પાછા ખેંચવા જોઈએ પછી વાત આગળ કરવી જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ મને કહો. હું આપની સાથે બિલકુલ વિવાદમાં પડવા માગતો નથી. આપ મને કહો. આપ મને જણાવો કે આ શબ્દો અસંસદીય અથવા ગેરવ્યાજબી બોલાયા છે. આપે જયારે ખુમાનસિંહભાઈના સંદર્ભમાં મને ખખડાવ્યો હતો મેં આપને એમ કહયું કે માનનીય નીતિનભાઈ પહેલા પ્રશ્નથી ખલેલ દરેક પ્રશ્નમાં પહોંચાડે છે. આપ મુખ્યમંત્રીશ્રીને કહો કે એમના મંત્રીશ્રી એમની મર્યાદામાં રહે. માનનીય ખુમાનસિંહ માટે મેં દિલગીરી વ્યકત કરી છે સાહેબ. હું એક શબ્દ નહોતો બોલ્યો પણ મારા સભ્યશ્રી આપે કહયું કે ખલેલ પહોંચાડે છે. નેતા તમારી જવાબદારી છે મેં ઉભા થઈને આ ગૃહના સંચાલન માટે દિલગીરી વ્યકત કરી છે અને માનનીય ખુમાનસિંહભાઈએ પણ કહયું. આ ગૃહ સંચાલન થાય એના માટે આપ એમને વારંવાર કહો અને એ ન રોકાતા હોય અને આપ એમને કહો મુખ્યમંત્રીશ્રીને એમ મેં કહયું એમાં આપને કયાં ગેરવ્યાજબી લાગે છે એટલું આપ કહો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જે પ્રસંગે આપ આજની વાત કરો છો એટલે આપણે પહેલા આજની વાત લઈએ. આપ જયારે પ્રશ્ન પૂછવા ઉભા થયા ત્યારે આ પાટલી ઉપરથી એક કોમેન્ટ થઈ અને એનો જવાબ બેઠાબેઠા નીતિનભાઈએ આપ્યો. પહેલા આ બાજુથી હતું આપ જરા (અંતરાય) હવે બાકીના મંત્રીશ્રીઓ પણ ન બોલે તો વધારે સારું છે. કોઈ બોલે નહીં. મેં ચોકકસ ધ્યાન રાખ્યું છે. ખુમાનસિંહની વાત અત્યારે આવતી નથી. હું આખી વાતને ક્રમબદ્ધ લઉં છું કે આજે શું બન્યું એ. આપ જયારે ઉભા થયા ત્યારે આ બાજુથી એક કોમેન્ટ થઈ એનો જવાબ નીતિનભાઈએ આપ્યો. બીજીબાજુ ખુમાનસિંહભાઈવાળી જે આપ વાત કરતા હતા એનો સંદર્ભ એ હતો કે એ દિવસે ખુમાનસિંહે જે વાત કરી એ વાત એમણે બેઠાબેઠા કોમેન્ટ કરી હતી અને એ કોમેન્ટ એ પ્રકારની હતી એટલે મેં એમનું ધ્યાન દોર્યું અને આપે દિલગીરી વ્યકત કરી ત્યાં સુધી એ વાત (અંતરાય) હા મેં કીધું હતુ આપે દિલગીરી વ્યકત કરી એ હું સ્વીકારું છું. આપે સ્વીકારી અને આપે કરી પણ એ દિવસે મેં આપને કહયું હતું કે કરો. કરો મેં કીધું જ છે આપને. હવે પ્રશ્ન અહીંયા આવે છે કે નીતિનભાઈને સીધો હું કહું છું જ. નીતિનભાઈને હું કહું છું જ મારો પ્રશ્ન આટલો જ છે કે નીતિનભાઈ અને ખુમાનસિંહ બંને જણા આજે ગૃહ શરૂ થયું ત્યારથી બંને જણાએ કોમેન્ટો ચાલુ રાખી હતી. આજે પણ (અંતરાય) નહીં, નહીં, નીતિનભાઈ, વાત સાંભળવાની તૈયારી ન હોય તો આપ એ રાખો. આજે પણ જે વાત બની એ આ ક્રમમાં બની કે આ બાજુથી જે કોમેન્ટ આવી એનો જવાબ નીતિનભાઈએ આપ્યો. આ બાજુની કોમેન્ટ જો ન આવી હોત અને નીતિનભાઈ બોલ્યા હોત તો હું એમને ચોકકસ કહેત. (અંતરાય) નહીં, નહીં, સસ્પેન્ડ કરવાની વાત નથી કારણકે ન સસ્પેન્ડ કરવાનો રેકોર્ડ એમણે સ્થાપવો છે એટલે (અંતરાય) ખુમાનસિંહ, બંધ થઈ જાવ હવે. (અંતરાય) નહીં, નહીં પણ હું જયારે બોલતો હોઉં ત્યારે નહીંને ભાઈ, (અંતરાગ) તમે એમને કહેવાય એમ નથી કહેતો હવે. (અંતરાય) આ ગૃહને ઓર્ડરમાં રાખવાની જવાબદારી બધાની છે અને એમાં આપ સૌનો સહયોગ મળ્યો છે એ હું સ્વીકાર કરતો આવ્યો છું અને એ સહયોગની પરંપરા ચાલુ રહેવી જોઈએ પરંતુ જયારે હું બોલતો હોઉં ત્યારે પણ કોમેન્ટ કરતા હોય. ના હું કહું છું મેં કહયું જ છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે એમણે કોમેન્ટ કરી છે એ શબ્દો એમણે પાછા ખેંચી લેવા જોઈએ. સવાલ એટલો જ છે અને આપે પણ કહયું કે આ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતે મંત્રીશ્રીઓ આપને સંચાલન માટે સૂચન આપશે? આપ મને કહેતા હતા કે ગૃહનું સંચાલન કેમ કરવું એ આપે જોવાનું છે. એમણે સલાહ આપને આપવાની છે? એમણે સલાહ સૂચન આપવાના છે?

**શ્રી વજુભાઈ વાળા** : નહીં, નહીં, હું એમને સલાહ નથી આપતો અધ્યક્ષશ્રીએ જે રૂલિંગ આપ્યું છે એ પ્રમાણે માનવું જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : How to conduct the House, is the prerogative of Hon'ble Speaker. હું આપને ન કહી શકતો હોય તો, આપની વાત રહેતી હોય..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સૌથી પહેલા માનનીય શકિતભાઈએ જે પ્રમાણેના શબ્દો વાપર્યા છે. આપના દ્વારા કહેવાયું છે કે એમણે શબ્દો પાછા ખેંચવા જોઈએ. તો સૌથી પહેલા એ શબ્દો પાછા ખેંચવામાં આવે. શબ્દો પાછા ખેંચાય અને પછી જ કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવે માનનીય અધ્યક્ષશ્રી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ગૃહનું સંચાલન કેમ કરવું એ આપે જોવાનું છે. આપે મને કહ્યું. આમને સલાહ આપવાની કયાં જરૂર છે?

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ સલાહ નથી આપી. મેં કોઈ સલાહ નથી આપી. મારા વિષે કહે છે એ ખોટું છે.(અંતરાય) એ શબ્દો પાછા ખેંચાવા જોઈએ. મેં કોઈ સલાહ નથી આપી.

**અધ્યક્ષશ્રી** : એ માગણી કરે છે અને આપ જાણો છો કે માગણી કરે છે. માગણી એ છે કે (અંતરાય) જો આપણે હાઉસને ઑર્ડરમાં ચલાવવું છે? કે હુ રુલિંગ તરફ જઉં? મને એવું લાગે છે કે મારે રૂલિંગ તરફ જવું પડશે. તમે જે શબ્દો બોલ્યા છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી આપ મને બતાવો. If there is unparliamentary? If this out of order?

**અધ્યક્ષશ્રી** : હા, એ શું છે તે હું આપને ચોક્કસ કહું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Than, Hon'ble Speaker Sir shall verify the record what I have said, and what in the past Hon'ble Speaker has taken a decision, or it is your own rule that if the member is not listening to the Hon'ble Speaker the Leader of the Group is held responsible? When Hon'ble Minister is not listening to you, why can't you ask the Leader of the House?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી કોઈ આર્ગ્યુમેન્ટનો સવાલ નથી. આપે એક વાર રૂલિંગ આપી દીધું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ સંજોગોમાં મારી આટલી જ વાત છે અને આપ નિર્ણય કરો. આ ગૃહના સંચાલનમાં અમે મેક્સિમમ સહયોગ આપીએ છીએ અને આજે મેં કંઈ આઉટ ઑફ ઑર્ડર વાત કરી છે? મે આઉટ ઑફ ઑર્ડર કઈ વાત કરી છે?

**અધ્યક્ષશ્રી** : આઉટ ઑફ ઑર્ડર શું છે તે હું તમને કહું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પહેલા પ્રશ્નથી આપ જોઈ લેજો. પહેલા પ્રશ્નથી દખલ છે.

**અધ્યક્ષશ્રી** : આઉટ ઑફ ઑર્ડર શું છે સારું નથી. પહેલી વસ્તુ એ છે કે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે જે વસ્તુ પ્રસ્થાપિત કરી છે. હું એના પ્રમાણેની વાત કરું છું. એ સિવાયની કઈ વાત છે મારી. આપે પ્રસ્થાપિત કર્યા સિવાયની કોઈ વાત હોય મારી.

**અધ્યક્ષશ્રી** : શ્રી શક્તિસિંહજી, આપ હાઉસને ઑર્ડરમાં લાવો પહેલા. હાઉસને ઑર્ડરમાં લાવો. તમારી વાત મેં સાંભળી લીધી. હાઉસને ઑર્ડરમાં લાવો.(અંતરાય) હાઉસને ઑર્ડરમાં લાવો.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હવે કહો કે લાવે અહીયા ઑર્ડરમાં?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હવે અહીયા કહો કે ઑર્ડરમાં લાવે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હાઉસને ઑર્ડરમાં લાવો. હાઉસને ઑર્ડરમાં લાવો.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે સાહેબ ત્યાં કહોને. આપ મને કહેતા હતા. ત્યાં કહોને કે ઑર્ડરમાં લાવે.

**અધ્યક્ષશ્રી** : ત્યાં કહ્યું જ છે મેં. ત્યાં મેં કહ્યું જ છે, એટલે હાઉસ ઑર્ડરમાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અહીયા આપ એમ કહો છો કે શક્તિસિંહ હાઉસ ઑર્ડરમાં લાવો. ત્યાં કહોને મુખ્યમંત્રીશ્રી હાઉસ ઑર્ડરમાં લાવો.

**અધ્યક્ષશ્રી** : ના મારે કોને કહેવું. મેં દંડકશ્રીને કહ્યું છે કે હાઉસને ઑર્ડરમાં લાવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ જ સવાલ છે ને સાહેબ,

**અધ્યક્ષશ્રી** : આપણે સૌ સહયોગની પરંપરાને આગળ લઈ જવી છે, તે આપણા સૌને માટે ગૌરવ છે. મારા એકલાનું નથી. આ ગૃહનું ગૌરવ છે. પ્રશ્ન એ છે કે જે શબ્દો આપે વાપર્યા એ શબ્દો અસંસદીય છે. મારી વાત સાંભળો કે તમે જે શબ્દ વાપર્યા એટલે હું કહું છું એટલે કહું છું એ શબ્દને અસંસદીય કરતા પણ વધારે ગંભીરતાથી લઉં છું. મારે કોઈની પાટલીઓની થપથપાવવાની જરૂર નથી. ગંભીરતાથી સાંભળીશું એ વધારે જરૂર છે. પ્રશ્ન અસંસદીય કરતા વધારે લઉં છું, એટલા માટે પ્રશ્ન પેદા થયો એની પૂર્વભૂમિકા મેં આપી. આપે જે મુદ્દો ઉપાડ્યો, એ મુદ્દો નીતિનભાઈએ આપ પ્રશ્ન ઊભો કરવા ગયા ત્યારે દખલ કર્યાનો હતો. હું ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળતો હતો કે નીતિનભાઈના પહેલા એક કોમેન્ટ આ બાજુથી થઈ. એ બાજુથી બીજી બાજુથી. નીતિનભાઈએ કે

આ બાજુથી બેઠા બેઠા કોઈને કોમેન્ટ નહિ કરવી જોઈએ, તે હું સ્પષ્ટપણે માનું છું. પછી જે ઘટનાની આપે આપની દલીલમાં કહ્યું કે આપે મને કહ્યું દિલગીરી વ્યક્ત કરી હતી. એ પ્રસંગને પણ આપ પણ જાણો છો. અને ગૃહની સમક્ષ બનેલી ઘટના છે. એ દિવસે એમની કોમેન્ટ હતી, તે કોમેન્ટની હું પુનરોક્તિ કરતો નથી, કારણ કે જોઈને કરવી પડે. એટલે હું એની પુનરોક્તિ કરતો નથી, પરંતુ આપે જે વાત કરી હતી. ભલે ઉશ્કેરાટમાં આવીને કે આક્રોશમાં એ જે રીતે કરી હોય તે પણ જે શબ્દો હતા એ શબ્દો આ હતા. કે આપ મુખ્યમંત્રીશ્રીને કહો. આપને મારું યોગ્ય ન લાગતું હોય તો હું કહેવાની તક આપીશ. આપ મુખ્યમંત્રીશ્રીને કહો કે નીતિનભાઈને સલાહ આપે. હું નીતિનભાઈને.. પ્લીઝ હું નીતિનભાઈને સીધેસીધું કહું છું. આ સભાગૃહમાં આ પાટલી ઉપરના કોઈ મંત્રીમંડળનો સભ્ય હોય કે સામાન્ય સભ્ય હોય, આ બાજુનો સભ્ય હોય કે આપ સિવાયના બાકીના સભ્યો હોય. મેં એમને સીધેસીધું કહ્યું છે. મને આજ સુધી આ પાટલી ઉપરથી એમ નથી કહેવામાં આવ્યું કે આપ વિપક્ષના નેતાને કહો કે ખુમાનસિંહભાઈને આમ કહે. એને હું એડવાઈઝ ગણું છું. અધ્યક્ષને તેના કામની અંદર આવી સલાહ આપવી, બાકી સલાહ આપવી તે ચોક્કસ છે. પરંતુ આપ કહો મુખ્યમંત્રીશ્રીને તે શબ્દો અધ્યક્ષના કામને માટે, પદ માટે યોગ્ય નથી. મને યોગ્ય લાગતા નથી. તે શબ્દો અરૂચિકર છે. તે શબ્દો માપદંડ જે છે તે હંમેશાં હું અપનાવતો આવ્યો છું. હું સ્પષ્ટપણે નીતિનભાઈ હોય કે બાકીના મંત્રીશ્રીઓ હોય તેને સ્પષ્ટપણે કહેતો આવ્યો છું અને તેની ` જે તે વખતે અસરો પણ થઈ છે. હવે જ્યારે નથી થતી ત્યારે પણ કહું છું કે મારું કામ વારંવાર અઘરું બને છે તે હું જાણું છું. હવે આપ બંધ રહેશો. હવે આપ બંધ રહેશો. આપની કે નીતિનભાઈની આદતો આ સભાગૃહના વાતાવરણને બદલાવે છે તેવું નથી લાગતુ? ના ના, વિરોધપક્ષને કોઈ... કમાભાઈ બેસી જાઓ. તમે બેસી જાઓ. હું એમ કહું છું કે આ સભાગૃહની અંદર આપણે સૌએ જે આ બારમા સત્રથી પાડેલી એક સાર્વત્રિક જવાબદારીઓ સૌએ સ્વયં સમજદારીથી અપનાવી છે તે વાતને આપણે આગળ લઈ જવી છે અને એટલા માટે જ તમે જે શબ્દો વાપર્યા છે તે શબ્દો આપણે ભલે જાહેરમાં લાગતું હોય પણ હું ચોક્કસપણે માનું છું કે તે અધ્યક્ષના પદ માટે આપે સલાહ આપવાનો પ્રયત્ન કર્યો છે તે યોગ્ય નથી. આ મારું માનવું છે. બાકી આપે જે.. કનુભાઈ પ્લીઝ બેસી જાઓ, બેસી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીનું પદ છે તેને હંમેશાં સન્માન કરતા આવ્યા છીએ. આપને સલાહ આપવાનો કોઈ ઈરાદો ન હતો. આ ગૃહની અંદર ગૃહ વ્યવસ્થિત ચાલે તેના માટેની મારી વાત હતી અને તેમાં પણ મેં આપને સલાહ ન આપી હોત. હું સલાહ આપવા પણ નહોતો માગતો અને આપવાની ચેષ્ટા પણ ન કરું પણ માનનીય અધ્યક્ષશ્રીએ કોઈપણ એક માપદંડ નક્કી કર્યા હોય તે માપદંડ મુજબ બંને બાજુ હાથ રહે તેટલા માટેની મારી માત્ર એક માગણી હતી કે માનનીય અધ્યક્ષશ્રી, આપે એક માપદંડ આપ્યું છે કે જ્યારે સભ્યશ્રીને કહેવામાં આવે, તે ગૃપના સભ્યશ્રીને ટકોર પછી લાતગું હોય કે કંટ્રોલ નથી થતું તો આપે તે ગૃપના લીડરને આપે હું શબ્દ વાપરીશ ખખડાવ્યા છે. હું આપને ખખડાવવાનું નહોતો કહેતો કે તેમને ખખડાવો પણ એમને ખાલી એટલી તો ટકોર કરો આપ. આપ પહેલા પ્રશ્નથી જોશો. આ છેલ્લા પ્રશ્નમાં તો ધેટ વોઝ ધી લાસ્ટ સ્ટ્રો ઓન કેમલ્સ બેક. એ છેલ્લી વાત હતી ત્યારે મારે ઉભા થઈને આપને કહેવું પડયું. પણ પહેલાં પ્રશ્નથી કોઈ બાજુથી બોલાય કે ન બોલાય, મંત્રીશ્રી જવાબ આપતા હોય તો બેઠા બેઠા તેને સલાહ આપવાની અને આ બાજુ કહેવાનું. એટલા માટે મેં કહ્યું કે આપની વારંવાર ટકોરથી આ ચાલે છે. પહેલા પ્રશ્નથી આજે આ ચાલતું હતું. આ છેલ્લી ઘટના બની તે સંજોગોમાં આપે નક્કી કરેલા માપદંડ મુજબ આપ મુખ્યમંત્રીશ્રીને કહો કે નીતિનભાઈને ન ડીસ્ટર્બ કરે એટલું સૂચન કરે. આમ છતાં આપને એમ લાગતું હોય, આમ છતાં આપને એમ લાગતું હોય કે ના આ માપદંડની માગણી પણ મારી વ્યાજબી પણ ગેરવ્યાજબી છે. તો આપ અધ્યક્ષ છો. આપ આ ગૃહના સર્વોપરી વ્યકિત છો. આપ અમને રક્ષણ આપવા માટે આ બાજુ નમતું રાખીને પણ રક્ષણ આપવું જોઈએ. એવું માનનીય રાઘવજીભાઈ, સ્વ.નટવરલાલભાઈ એમના અનેક ઉચ્ચારણો છે કે લઘ ુમતીવાળા માટે આ પક્ષવાળા માટે અધ્યક્ષની ખુરશી નમતું પલ્લુ રાખીને પણ તેને રક્ષણ આપે. સત્તાધારી મંત્રીઓ અને સત્તાધારી પક્ષની હાઉસ ઑર્ડરમાં રાખવાની વિશેષ જવાબદારી છે. તે આધાર પર મેં આ કહ્યું હતું. તેમ છતાં આપનો જે કઈ આદેશ હોય અધ્યક્ષશ્રીનું ખુરશીનું માન તે અમારા સૌનું માન છે અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું...

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ન હોય.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોત્તરી પૂરી થઈ ગયા પછી હોય..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર ૧૧૬ની નોટિસ પછી આપણે રાખીએ છીએ. ૧૧૬ પછી આપણે પોઈન્ટ ઓફ ઓર્ડર લેવડાવીએ છીએ એ પ્રથા આપે નકકી કરેલી છે. આજે ૧૧૬ છે એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર ૧૧૬ પછી આવે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની આધુનિકરણની યોજના

૧૬૨૬૦**શ્રી અનિલભાઈ પટેલ(મહેસાણા):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની યોજના અમલમાં મૂકવામાં આવી છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ત્રણ નાણાંકીય વર્ષ તથા ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.
રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સમગ્ર રાષ્ટ્રમાં અગ્રીમ સ્થાન ધરાવે છે અને ગુણવત્તા સભર કામગીરી માટે ઉચ્ચ નામના મેળવેલ છે. ફોરેન્સિક સાયન્સ માટે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન તથા ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ કુલ રૂ. ૨૫.૮૬ કરોડના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે.

રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે ગુના પરીક્ષણ માટે ફિંગર પ્રિન્ટ, નારકો એનાલિસિસ, ગૌ માંસ પરીક્ષણ, ટેલી ફોરેન્સિક, બેલાસ્ટિક ડેટા એક્વિઝિશન સિસ્ટમ, મોબાઇલ સિમકાર્ડ પરીક્ષણ, સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ, બ્રેઇન મેપિંગ જેવા પરીક્ષણો અદ્યતન સાધનો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવે છે.

વિવિધ પ્રકારના અદ્યતન સાધનો અને માનવશક્તિના કારણે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની નિપૂણતા, પારદર્શક્તા અને તટસ્થતાને કારણે અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ તેની સહાયતા લે છે.

અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓએ છેલ્લા ત્રણ વર્ષમાં તથા ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ ૮૮૯ જેટલા કેસોમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સહાયતા લીધી છે અને આવી સહાયતા મળવાથી તેમના ગુના-કેસો હલ થઇ શક્યા છે.

આધુનિકરણના ભાગ રૂપે રાજ્યમાં વર્ષ ૨૦૦૯માં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સને લગતા ડીગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે પરિણામે આધુનિક જ્ઞાન આપીને સમગ્ર દેશમાં ફોરેન્સિક નિષ્ણાતો તૈયાર કરી શકાશે.

------------

## પોરબંદર અને પંચમહાલ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જતાં ધારાસભ્યોની ધરપકડ કરવા બાબત

૧૫૦૬૫**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર અને પંચમહાલ જિલ્લામાં તાજેતરમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ધારાસભ્યોને નિમંત્રણ અપાયા પછી કેટલા ધારાસભ્યોની આ મેળામાં જતાં ધરપકડ કરવામાં આવી, અને

(૨) આવી ધરપકડ કરવાના કારણો શાં છે અને આમંત્રણ અપાયા પછી હાજરી આપવા જતાં ધારાસભ્યની ધરપકડ કરનાર જવાબદાર સામે સરકાર

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પગલાં લેવા માગે છે કે કેમ ?

------------

**ભાવનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહનો**

૧૪૪૩૧**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા વાહનો આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયા, અને | (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૦૭૩૬ વાહનો આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયા. |
| (૨) વાહનોના રજીસ્ટ્રેશન મારફતે કેટલી આવક થઈ ? | (૨) વાહનોના રજીસ્ટ્રેશન મારફતે રજીસ્ટ્રેશન ફીની આવક રૂા. ૨૩.૭૪ લાખ થઇ. |

------------

**એ.પી.એમ. ગેસ પુરો પાડવા માટે કેન્દ્ર સરકારે બનાવેલ નીતિ**

૧૬૨૧૯**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમનો ગેસ પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારે કોઈ નીતિ બનાવી છે તે હકીકત સાચી છે, અને | (૧) એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમનો ગેસ પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારે સને ૧૯૯૧માં એ.પી.એમ. ગેસના વિતરણ માટે ગેસ લીન્કેજ કમિટિ બનાવેલ હતી. જે જુલાઇ ૨૦૦૬માં વિર્સજિત થયા બાદ એ.પી.એમ. ગેસ બાબતે કોઇ નવી નીતિ અમલમાં નથી. |
| (૨) જો હા, તો અમદાવાદ શહેરમાં બસો અને રીક્ષાઓ માટે આ નીતિ અંતર્ગત જરૂરી ગેસ પૂરો પાડવામાં આવે છે કે કેમ ? | (૨) રાજ્યોના વાહનો માટે સી.એન.જી. એ.પી.એમ. દરે મળે તે માટે તા.૧૨-૦૮-૨૦૦૮ તથા તા.૧૨-૦૬-૨૦૦૯ના રોજ કેન્દ્ર સરકારને રજૂઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજૂઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજૂઆતો થઇ છે. છતાં હજુ સુધી કોઇ પરિણામ મળેલ નથી. |

------------

**નર્મદા ડેમ ઉપર પીલર્સ અને બ્રિજ બાંધવાથી ઊભા થતાં બેક વોટર માટે સેન્ટ્રલ વોટર કમિશનનો અભિપ્રાય**

૧૬૨૦૨ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન નર્મદા ડેમ ઉપર પીલર્સ અને બ્રિજ બાંધવાથી ઊભા થતાં બેક્વોટર માટે સેન્ટ્રલ વોટર કમિશને કોઈ અભિપ્રાય આપ્યો છે તે હકીક્ત સાચી છે, | (૧) અને (૨) : સરદાર સરોવર બંધની અત્યારની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરની છે. કુલ ૧૩૮.૬૮ મીટર સુધી બંધ ઉંચો કરવાનો છે. બંધનું સિમેન્ટ કોંક્રીટનું તમામ કામ પૂર્ણ થયેલ છે. હવે બંધ ઉપર દરવાજા |

(૨) જો હા, તો તેની વિગત શી છે ?

બેસાડવાનું કામ બાકી રહે છે. આ દરવાજા બેસાડવા માટે ૩૦ પીયર્સ અને તેના ઉપર બ્રીજની બાંધકામની કામગીરી કરવાની બાકીમાં છે આ કામગીરી કરવા માટે એન.સી.એ.ની મંજૂરી મળવાની બાકી છે. નર્મદા ટ્રીબ્યુનલની જોગવાઇ મુજબ આ કામગીરી કરવા માટે કેન્દ્રીય જળ આયોગ દ્વારા બેક વોટરની ગણતરી કરવાની રહે છે. જેમાં આ પીયર્સના બાંધકામ થયા પછી પૂર આવે તો શું સ્થિતિ ઉભી થાય તેનો અભ્યાસ કરવાનો છે. આ માટે કેન્દ્રીય જળ આયોગે ૭મી ઓગષ્ટ ૨૦૦૮ના રોજ અભ્યાસ કરીને, જે અહેવાલ આપ્યો છે, તે પ્રમાણે પીયર્સ અને બ્રીજની કામગીરી કરી દેવામાં આવે તો સરદાર સરોવર બંધ સ્થળે બેક વોટરની જળ સપાટી ૧૩૪.૧૫ મીટર થાય છે. આ અભ્યાસ જોતાં બંધની પૂર્ણ ઊંચાઇ સુધી તમામ પીયર્સ અને બ્રીજનું બાંધકામ કરી દેવામાં આવે તો પુનર્વસન અને પર્યાવરણની કામગીરી પર કોઇ વધારાની અસર થતી નથી. પીયર્સ અને બ્રીજની કામગીરી કરવામાં અંદાજે અઢી વર્ષ જેટલો સમય લાગે તેમ છે. તેથી રાજ્ય સરકારે નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીને આ પીયર્સ અને બ્રીજનું બાંધકામ ચાલુ કરવા પરવાનગી આપવા વિનંતી કરલે છે.

------------

## જામનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી વીજ કનેક્શનો

**૧૪૬૫૧૧શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડી વીજ કનેક્શન માટેની કુલ કેટલી અરજીઓ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલા વિજ કનેક્શનો નામંજૂર કર્યા કેટલા સમયથી ખેડૂતોએ ક્વોટેશનની રકમો ભરેલ છે, અને

(૩) ક્વોટેશન ભરપાઈ કરેલ ને કેટલા ખેતીવાડી વીજ જોડાણો આપવાના બાકી છે અને ક્યાં સુધી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) છેલ્લા ૨ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડી વીજ કનેક્શન માટેની મળેલ અરજીની વિગતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **મળેલ અરજીઓ** |
| --- | --- |
| ભાણવડ | ૧૫૩૪ |
| ધ્રોળ | ૧૩૮૫ |
| જામજોધપુર | ૨૧૭૧ |
| જામનગર | ૨૩૪૭ |
| જોડીયા | ૮૮૮ |
| કાલાવડ | ૩૧૬૫ |
| કલ્યાણપુર | ૧૭૨૭ |
| ખંભાળીયા | ૨૧૨૫ |
| લાલપુર | ૧૨૩૧ |
| ઓખામંડળ | ૧૩૧ |
| **કુલ :** | **૧૬૭૦૪** |

(૨) અને (૩) : જામનગર જિલ્લામાં અગાઉના વર્ષની પડતર અરજીઓની કામગીરી માટે મોજણી થતી હોઇ ઉપરોક્ત મળેલ અરજીઓ પૈકી કોઇપણ અરજી નામંજૂર થયેલ નથી. મળેલ અરજીઓ પૈકી જુન-૨૦૦૯ સુધી કુલ ૨૧૨ અરજદારોને અંદાજપત્ર આપવામાં આવેલ અને અરજદારોએ નાણાં ભરપાઇ કરેલ છે. તે પૈકી ૧૬૮ના વીજ જોડાણ આપી દીધેલ છે. જ્યારે ૪૪ અરજદારોના વીજ કનેક્શનની કામગીરી હાથ ઉપર છે. જે વેળાસર પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસ ક્રમો

૧૬૨૭૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા રાજ્યમાં સ્થાપવામાં આવેલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ક્યા ક્યા અભ્યાસક્રમો ચલાવવામાં આવશે, અને

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : ગુજરાત સરકારે દેશમાં જણાઇ રહેલ ગુન્હા ક્ષેત્રના વૈજ્ઞાનિક/ટેક્નીકલ નિષ્ણાંતોની ઉણપ દુર કરવા માટે એક મહત્વનું કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિર્વસિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. આ યુનિર્વસિટી ઓગષ્ટ-૨૦૦૯થી કાર્યાન્વિત થઇ ગયેલ છે. અને નીચે દર્શાવેલ અગત્યના કોર્ષો ચાલુ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક સાયન્સ
(૨) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક ફાર્મસી
(૩) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક નેનોટેક્નોલોજી
(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ફોરેન્સીક સાયકોલોજી
(૫) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન ઇન્ફરમેશન સીક્યોરીટી
(૬) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન નેટવર્ક સીક્યોરીટી
(૭) ઓનલાઇન ડીપ્લોમા ઇન સાયબર સીક્યોરીટી
(૮) પી.એચ.ડી. કોર્ષ
(૯) પી.જી.ડીપ્લોમા કોર્ષ ઇન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ (જી.એન.એલ.યુ.ના સહયોગથી)
(૧૦) પી.જી.ડીપ્લોમા ઇન રીહેબીટેશન સાયકોલોજી (બી.એમ.ઇન્સ્ટીટયુટના સહયોગથી)

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિર્વસિટીમાં આ કોર્ષ ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે.

------------

## નર્મદા બંધના ઓવર ફ્લો દરમિયાન વીજ ઉત્પાદન

૧૬૧૯૮ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯ના ચોમાસા દરમ્યાન નર્મદા બંધ ઓવર ફ્લો થયો તે સમયગાળા દરમ્યાન કેટલા લાખ વીજ યુનિટનું ઉત્પાદન થયું ?

**જવાબ**

સને ૨૦૦૯ના વર્ષમાં ડેમ ઓવરફ્લો થતો ન હતો તે દિવસે દૈનિક વીજ ઉત્પાદન ૧૪૦ લાખ યુનિટ થતું હતું અને બંધ ઓવરફ્લો થતાં દૈનિક વીજ ઉત્પાદન આશરે ૨૮૦ લાખ યુનિટ થયેલ હતું. વર્ષ ૨૦૦૯ના ચોમાસા દરમ્યાન નર્મદા બંધ ઓવરફ્લો થયો તે સમયગાળા દરમ્યાન ૪૨૩૨.૧૦ લાખ યુનિટ વિજળીનું ઉત્પાદન થયું. બંધની પૂર્ણ ઉંચાઇએ અંદાજે ૬૪૩૦ લાખ યુનિટ વિજળીનું ઉત્પાદન થશે.

## રાજ્યમાં વીજ પ્રવહન માટે વીજ રેષાઓ

૧૬૨૪૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના વીજ પ્રવહન માટે કુલ કેટલા કિલો મીટર વીજ રેષાઓ છે, અને

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલા

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના વીજ પ્રવહન માટે કુલ ૩૮૪૦૫.૩૦ સર્કીટ કિલો મીટર વીજ રેષાઓ છે.

(૨) તા.૧-૪-૨૦૦૯ની સ્થિતિએ હયાત વીજ

ક્લિોમીટર નવી વીજ રેષાઓ ઉભી કરવાનું આયોજન છે ?

પ્રવહન રેષાઓ ૩૭,૪૧૫ સર્કીટ ક્લિો મીટર લંબાઇની હતી. તેમાં એક જ વર્ષમાં ૮.૩૩% જેટલો વધારો કરી ૩,૧૧૦ સર્કીટ ક્લિો મીટર લંબાઇની વીજ રેષાઓ નાખવાનું આયોજન છે. જે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૯૯૦ સર્કીટ ક્લિો મીટર રેષાઓ નખાઇ ગઇ છે. બાકીનાનું કામ પ્રગતિમાં છે.

------------

**ઓ.એન.જી.સી.ના યુનિટો અને ઈન્સ્ટોલેશન ની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયન ની માગણી**

૧૬૨૪૭**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ઓ.એન.જી.સી. દ્વારા તેના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે રાજ્ય સરકાર પાસે એસ.આર.પી. બટાલીયનની માગણી કરવામાં આવી હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યની એસ.આર.પી. બટાલીયનની કાર્યક્ષમતામાં વિશ્વાસ રાખીને રાષ્ટ્રના અગ્રગણ્ય અને મહાકાય એવા જાહેર સાહસના એકમ-ઓ.એન.જી.સી.એ રાજ્યમાંના તેમના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇન્સ્ટોલેશનની સલામતી માટે રાજ્યની એક એસ.આર.પી. બટાલીયનની માગણી ક્રતા, રાજ્ય સરકારે તેનો હકારાત્મક પ્રતિસાદ આપીને એક એસ.આર.પી. બટાલીયન ઓ.એન.જી.સી.ને પુરી પાડી છે.

આ માટે રાજ્ય સરકાર અને ઓ.એન.જી.સી. વચ્ચે પાંચ વર્ષના સમજૂતિ ક્રાર(એમ.ઓ.યુ.) થયા છે. ઓ.એન.જી.સી.ને પુરી પાડવામાં આવેલ બટાલીયનમાં ૧૦૦ કર્મચારીઓનું મહેક્મ ધરાવતી એક એવી છ કંપનીઓ અને એક હેડ ક્વાર્ટર કંપની પુરી પાડવામાં આવી છે. વધુમાં, ઓ.એન.જી.સી. તરફથી બટાલીયનના ખર્ચ તરીકે એડવાન્સ પેમેન્ટ તરીકે રૂપિયા વીસ કરોડ રાજ્ય સરકારને ચુક્વેલ છે.

આ રીતે રાજ્યમાં આવેલા, દેશના ઊર્જા ક્ષેત્રના અગ્રણી જાહેરક્ષેત્રના એક્મની સુરક્ષા વ્યવસ્થામાં ભાગીદારીનું તત્વ ઉમેરવામાં આવ્યું છે. જેનાથી આ એક્મના રાજ્યમાંનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇંન્સ્ટોલેશનોને સુરક્ષા મળી શકી છે. ઉપરાંત, ઓ.એન.જી.સી.ના યુનિટોમાં અગાઉ ઓઇલ ચોરીનું જે પ્રમાણ હતું, તેમાં હવે એસ.આર.પી. સુરક્ષા મળતા, ઓઇલ ચોરીનું પ્રમાણ ઘટી શક્યું છે.

------------

**લોક અદાલતમાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત**

૧૬૨૩૫ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા(સુરત શહેર પશ્ચિમ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે યોજવામાં આવતી લોક અદાલતોમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો, અને

(૨) તે અંતર્ગત લોક અદાલતોમાં કેટલી રકમ માટે સમાધાન થયું ?

**જવાબ**

(૧) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે યોજવામાં આવતી લોક અદાલતોમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૮,૨૧,૭૫૮ ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો.

(૨) તે અંતર્ગત લોક અદાલતોમાં કુલ ૯૪.૪૫ કરોડની રકમ માટે સમાધાન થયું.

------------

**દાહોદ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જતાં સંસદસભ્ય અને ધારાસભ્યોની ધરપકડ કરવા અંગે**

૧૫૩૫૫ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં દાહોદ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં સંસદસભ્ય અને ધારાસભ્યોને નિમંત્રણ પત્ર પાઠવ્યા પછી તેઓ આ કાર્યક્રમમાં જતાં તેમની ધરપકડ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. દાહોદ મુકામે યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં તમામ માન. સંસદસભ્ય અને માન. ધારાસભ્યશ્રીઓને નિમંત્રણ પાઠવવામાં આવેલ. જે અન્વયે ડૉ. પ્રભા તાવીયાડ માન. સંસદસભ્યશ્રી તથા માન.ધારાસભ્યશ્રીઓ (૧) શ્રી દીતાભાઇ ભીમાભાઇ મછાર, ઝાલોદ મતવિસ્તાર (૨) શ્રી બચુભાઇ કિશોરી, લીંમડી મત વિસ્તાર (૩) શ્રી વજેસિંહ પણદા, દાહોદ મતવિસ્તાર (૪) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, લીમખેડા મતવિસ્તાર (૫) શ્રી તુષારસિંહજી રાઉલજી, દે.બારીયા મતવિસ્તાર તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન પરમાર કાર્યક્રમમાં હાજર રહેલ હતા. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને આ ધરપકડની જાણ ઉચ્ચકક્ષાએ ક્યારે કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કેન્દ્રિય પેટ્રોલિયમ રોયલ્ટીની ફોર્મ્યુલા**

૧૪૯૭૨**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલિયમ રોયલ્ટી કઈ ફોર્મ્યુલા આધારીત રાજ્ય સરકારને મળે છે, (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં આ ફોર્મ્યુલામાં શું ફેરફાર કરવામાં આવ્યો, અને | (૧) અને (૨) : પેટ્રોલિયમ રોયલ્ટીની આવક રાજ્યોને ચૂકવવા બાબતે ભારત સરકાર દ્વારા તારીખ ૧૭-૩-૨૦૦૩ ના ઠરાવથી ફોર્મ્યુલા નિયત કરાયેલ છે. જે મુજબ રાજ્યોને કૂવાઓના મથાળા પરની કિંમતે (વેલ હેડ પ્રાઈસ) એટલે કે, આંતરરાષ્ટ્રીય બજારના ક્રુડ ઓઈલના ભાવો ૨૦ ટકા પ્રમાણે રોયલ્ટી ચૂકવવાપાત્ર થાય છે. આ ફોર્મ્યુલા પ્રમાણે રાજ્ય સરકારને મળવાપાત્ર રોયલ્ટીની આવકમાં મહદ્અંશે ઉત્તરોત્તર વધારો થવાની શક્યતા રહે. પરંતુ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ દ્વારા તેઓના તા. ૨૫-૩-૦૮ના પત્રથી એક પક્ષીય નિર્ણય કરી સદરહુ તા. ૧૭-૩-૦૩ના ઠરાવની જોગવાઈઓથી વિપરીત કાર્યપધ્ધતિ અમલી બનાવેલ છે. સદરહુ તા. ૨૫-૩-૦૮ના પત્રથી અપનાવેલ કાર્યપધ્ધતિ મુજબ ક્રુડ ઓઈલની રોયલ્ટીની ગણતરી માટે એપ્રિલ-૦૮થી આંતરરાષ્ટ્રીય બજાર ભાવોને લક્ષમાં ન લેતા, સરકારની તેલ વિતરણ કંપનીઓને આપવામાં આવતી વળતર બાદની કિંમતનો આધાર લઈ રાજ્યને ચૂકવવાની રોયલ્ટીની રકમ નિયત કરવામાં આવેલ છે. |
| (૩) આ ફેરફારોને કારણે રાજ્ય સરકારની રોયલ્ટીની આવકમાં કેટલો ઘટાડો થયો છે ? | (૩) ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલયના એક પક્ષીય નિર્ણયના પરિણામે એપ્રિલ-૦૮ થી તારીખ ૩૧-૧-૧૦ સુધીના સમયગાળામાં રાજ્યને મળવાપાત્ર રોયલ્ટીની આવકમાં અંદાજીત રૂ. ૧૮૩૨ કરોડ જેટલો ઘ ટાડો થવા પામેલ છે. |

**મુસાફર ટેક્સ પેટે એસ. ટી. પાસેથી લેવાની થતી રકમ**

૧૫૫૨૪**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં, વર્ષવાર મુસાફર ટેક્સ પેટે એસ. ટી. પાસેથી કેટલી રકમ લેવાની થાય છે, અને

(૨) તે અન્વયે એસ.ટી. તંત્ર તરફથી કેટલી રકમ વર્ષવાર જમા કરાવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર મુસાફર ટેક્સ પેટે એસ. ટી. પાસેથી નીચે મુજબ વર્ષવાર રકમ લેવાની થાય છે.

| વર્ષ | રકમ રૂા. કરોડમાં |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૮૬.૪૫ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૧-૧૦ સુધી | ૧૫૧.૪૫ |
| કુલ : | ૩૩૭.૯૦ |

(૨) સબસીડીની રકમમાંથી અનુક્રમે વર્ષ ૨૦૦૬-૦૭ માં ૫૦ કરોડ તથા ૨૦૦૭-૦૮માં ૧૧૧.૬૨ કરોડ મળીને કુલ રૂા. ૧૬૧.૬૨ કરોડ ૨૦૦૮-૦૯ના વર્ષમાં જમા કરાવાયેલ છે.

**મધ્યપ્રદેશ પાસેથી નર્મદા યોજનામાં મળવાપાત્ર હિસ્સો લેવા અંગે**

૧૫૦૬૬**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ મધ્યપ્રદેશ રાજ્ય પાસેથી નર્મદા યોજનામાં મળવાપાત્ર કેટલો હિસ્સો રાજ્ય સરકારે લેવાનો બાકી છે, અને

(૨) આ હિસ્સો ગુજરાતને મળે તે માટે સરકાર ધ્વારા થયેલા પ્રયત્નોની વિગત શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મધ્યપ્રદેશ રાજ્ય પાસેથી રૂા. ૨૪૨૦.૮૩ કરોડની રકમ વસુલાત કરવાની બાકી રહે છે. જે પૈકી રૂા.૨૧૮૮.૦૮ કરોડની રકમ મધ્યપ્રદેશ સરકારે જે તે સમયે વિવાદમાં નાખેલ છે. અને રૂા. ૨૩૨.૭૫ કરોડની રકમ બિન વિવાદીત છે.

(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટીની ૭૦, ૭૧, ૭૨, ૭૪, ૭૫, અને ૭૬ મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ધ્વારા નિયમીતપણે દરમાસના અંતે મધ્યપ્રદેશ સરકાર તથા સંબંધીત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે.

વધુમાં સચિવશ્રી, (નાણાં) તેમજ મુખ્ય સચિવશ્રી ધ્વારા પણ આ અંગે પત્રો લખી જરૂરી રજૂઆતો કરવામાં આવેલ છે.

**જી.એસ.પી. સી. ગેસ કંપનીને એ.પી.એમ. ગેસ મળવા અંગે**

૧૬૨૪૯ **શ્રી પ્રફુલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય હસ્તકની જી.એસ.પી.સી. ગેસ કંપનીને વાહનોના ઈંધણ માટે તથા ઘરવપરાશના રાંધણગેસ માટે એ.પી.એમ. (એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમ) ગેસ મળે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ એ.પી.એમ. ગેસ ઉક્ત સ્થિતિએ ક્યા ભાવે મળે છે ?

**જવાબ**

(૧) હાલમાં રાજ્યના વાહનોમાં તેમજ ઘર વપરાશના ગેસ માટે પાઈપ્ડ નેચરલ ગેસ (પી.એન.જી.)/ સી.એન.જી. એ.પી.એમ. દરે મળતો નથી.

(૨) સી.એન.જી./પી.એન.જી. એ.પી.એમ. દરે મળે તે માટે તા. ૧૨-૦૮-૨૦૦૮ તથા તા.૧૨-૦૬-૨૦૦૯ ના રોજ કેન્દ્ર સરકારને રજુઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજુઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજુઆતો થઈ છે. છતાં હજુ સુધી કોઈ પરિણામ મળેલ નથી.

------------

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન

૧૬૨૬૯**શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો, અને

(૩) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૧૧૭૧૧ મે.વો. હતી.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વીજ ઉત્પાદન ક્ષમતામાં ૨૨૧૭ મે.વો. નો વધારો થયો.

(૩) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ અંદાજે ૩૨૪૯ મે.વો. વીજ ઉત્પાદન વધારવાનું આયોજન હતું. જેમાંથી તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૧૮૪૭ મે.વો. વીજળી સ્થાપિત થઈ ચુકી છે જ્યારે ૧૪૦૨ મે.વો. વીજક્ષમતા સ્થાપિત કરવા માટેની કાર્યવાહી વિવિધ તબક્કે ચાલુ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૧૮૧ મેગાવોટ અને ૨૦૧૧-૧૨ માં ૩૪૬૫ મેગાવોટની અન્ય વિજ યોજનાઓ અમલીકરણના વિવિધ તબક્કે છે.

## રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેની વીજ જોડાણ મેળવવાની અરજીઓ

૧૪૭૪૦**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ જોડાણની આવેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલા વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | વીજ જોડાણની મળેલ અરજીઓ | તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| ઉપલેટા | ૨૦૨૪ | ૩૪ |
| કોટડા | ૧૦૬૫ | ૨૮ |
| ગોંડલ | ૪૬૭૭ | ૪૪ |
| જસદણ | ૫૧૦૩ | ૩૯ |
| જામ કંડોરણા | ૩૦૬૧ | ૪૫ |
| જેતપુર | ૨૩૦૦ | ૨૮ |
| ટંકારા | ૨૧૬૪ | ૪ |
| ધોરાજી | ૧૫૦૫ | ૧૧ |
| પડધરી | ૧૭૧૦ | ૩૦ |
| માળીયા | ૦ | ૦ |
| મોરબી | ૫૯૨ | ૦ |
| રાજકોટ | ૨૪૭૫ | ૩૮ |
| લોધીકા | ૮૨૮ | ૧૩ |
| વાંકાનેર | ૧૪૫૩ | ૧૯ |

તદ્ઉપરાંત અગાઉના વર્ષોની બાકી અરજીઓમાંથી છેલ્લા બે વર્ષમાં ૧૦૭૩૨ અરજદારોને વીજ જોડાણ આપેલ છે.

## કાર્બોસેલ ખનીજ મળી આવવા બાબત

૧૪૫૩૩ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કાર્બોસેલ ખનીજ ક્યા ક્યા જિલ્લામાંથી મળી આવેલ છે, આ ખનીજને ગોણ ખનીજ કે મુખ્ય ખનીજ ગણવામાં આવે છે, અને

(૨) ગોણ કે મુખ્ય ખનીજ બાબતે રાજ્ય સરકારે ક્યારે જાહેર કર્યું આ કાર્બોસેલ કેટલી ઊંડાઈએથી મળી આવે છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આ ખનીજ સબબીટુમીનસ કોલ હોવાથી મુખ્ય ખનીજની કક્ષામાં ગણાય. પરંતુ તા.૩-૪-૧૯૯૩ થી ગોણ ખનીજની ક્વોરીલીઝ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

આ ખનીજ ૫.૪૯ મીટર થી ૨૩.૭૭ મીટરની ઉંડાઇએ મળી આવે છે.

------------

## સી.એન.જી.નો વપરાશ વધે તે માટેની યોજના

૧૬૨૧૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સી.એન.જી.નો વપરાશ વધે તે માટે લોકોમાં જાગૃત્તિ લાવવા રાજ્યએ કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવે છે. ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તે અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧. સી.એન.જી. જન જાગૃતિ અભિયાન અને સેમિનારનું આયોજન.
૨. સી.એન.જી. રિક્ષા ચાલકો માટે સી.એન.જી. જાગૃતિ અભિયાન.
૩. સી.એન.જી. રિક્ષાનું વિના મૂલ્યે ચેક અપ કેમ્પનું આયોજન.
૪. આર.ટી.ઓ. માન્ય સી.એન.જી. કીટ અંગે જન જાગૃતિ અભિયાન.
૫. સી.એન.જી. માહિતી પુસ્તિકાનું વીતરણ.
૬. પ્રચાર પ્રસાર માધ્યમ દ્વારા સી.એન.જી. વિશે જાગૃતિ.

## વડોદરા અને ભરૂચ જિલ્લામાં નર્મદા યોજનાના વિસ્થાપિતોને ફાળવેલ જમીન

૧૫૫૧૬ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા વિસ્થાપિતો માટે વડોદરા અને ભરૂચ જિલ્લામાં સંપાદિત કરેલ જમીન પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી જમીન વિસ્થાપિતોને ફાળવવાની બાકી છે,

(૨) આ બિન ફાળવેલ જમીન ઉપર હાલમાં કોનો કબજો છે, અને

(૩) વિસ્થાપિતોને ફાળવેલ ઉક્ત જમીન પૈકી કેટલી જમીન ઉપર વિસ્થાપિતોનો પ્રત્યક્ષ કબજો નથી,

**જવાબ**

(૧) નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે વડોદરા અને ભરૂચ જિલ્લામાં સંપાદિત કરેલ જમીનમાંથી તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ જેટલા વિસ્થાપિતો હતા. તે તમામને જમીન ફાળવી દેવામાં આવી છે અને વિસ્થાપિતોને જમીન ફાળવ્યા બાદ વડોદરા અને ભરૂચ જિલ્લામાં કુલ ૨૩૦૬.૬૧.૫૪ હેક્ટર જમીન બાકીમાં રહે છે.

(૨) ફાળવ્યા સિવાયની બાકી રહેલ ૨૩૦૬.૬૧.૫૪ હેક્ટર જમીન ઉપર સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીનો કબજો છે.

(૩) વિસ્થાપિતોને ફાળવેલ જમીન ઉપર વિસ્થાપિતોનો પ્રત્યક્ષ કબજો છે.

## દાંતા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ

૧૫૧૭૯**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વિજળીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ અને જીવનધોરણ ઊંચુ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ છે. આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબના

(૨) આ પેટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

૪૭ પેટાપરાંનું અગાઉ વીજળીકરણ રૂ.ા. ૧૩૯.૬૭ લાખના ખર્ચે કરવામાં આવેલ છે. તદઉપરાંત તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રૂા. ૩.૫૧ લાખના ખર્ચે વધુ ૧ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૩) બાકીનાં પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) વીજળીકરણ થઇ શકે તેવા ૩ (ત્રણ) પેટાપરા આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલા છે. આ પેટાપરાનું વીજળીકરણ કરવા માટે ગ્રામસભાનો ઠરાવ મેળવી તા.૫-૩-૧૦ ના રોજ જિલ્લા કક્ષાના વન વિભાગના અધિકારીશ્રીને દરખાસ્ત મોકલાવેલ છે. જેની મંજૂરી મળ્યે તાત્કાલિક વીજળીકરણની કાર્યવાહી પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## ભરૂચ વાગરા અને આમોદ તાલુકાઓની નર્મદાની નહેરોની મરામત કરવાબાબત

૧૫૭૦૪**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરદાર સરોવર નર્મદા કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ અંતર્ગત નહેરોની ખાસ મરામત માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, વાગરા અને આમોદ તાલુકાઓની નહેરો સુધારણા માટે કેટલી દરખાસ્ત મળી,

(૧) સરદાર સરોવર નર્મદા કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ અંતર્ગત નહેરોની ખાસ મરામત માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, આમોદ, વાગરા તાલુકાઓની નહેરો સુધારણા માટે ૩૦ કામોનો સમાવેશ કરતી રૂા.૫૩૬.૪૩ લાખની એક દરખાસ્ત મળી છે.

(૨) આ અંતર્ગત કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ અંતર્ગત રૂા.૫૩૬.૪૩ લાખની રકમ મંજૂર કરવામાં આવી.

(૩) આ નહેરો સુધારણાની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા ક્યા તબક્કામાં છે ?

(૩) આ નહેરો સુધારણાની કામગીરી પૈકી રૂા.૧૧૨ લાખની કામગીરીના વર્ક ઓર્ડર અપાઈ ચુક્યા છે બાકીના કામો માટે ટેન્ડરીંગ ટૂંક સમયમાં હાથ ધરવાનું આયોજન છે.

------------

## એ.પી.એમ.ગેસ પુરો પાડવા માટે કેન્દ્ર સરકારે બનાવેલ નીતિ

૧૬૨૮૯ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમ નો ગેસ પૂરો પાડવા માટેની કેન્દ્ર સરકારે કોઈ નીતિ બનાવી છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં બસો અને રીક્ષાઓ માટે આ નીતિ અંતર્ગત જરૂરી ગેસ પૂરો પાડવામાં આવે છે કે કેમ ?

(૧) અને (૨) એડમીનીસ્ટ્રેટીવ પ્રાઈઝ મીકેનીઝમ નો ગેસ પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારે સને ૧૯૯૧માં એ.પી.એમ. ગેસના વિતરણ માટે ગેસ લીન્કેજ કમિટિ બનાવેલ હતી. જે જુલાઈ ૨૦૦૬માં વિસર્જિત થયા બાદ એ.પી.એમ. ગેસ બાબતે કોઈ નવી નિતી અમલમાં નથી.

રાજ્યોના વાહનો માટે સી.એન.જી. એ.પી.એમ. દરે મળે તે માટે તા.૧૨-૦૮-૨૦૦૮ તથા તા.૧૨-૦૬-૨૦૦૯ના રોજ કેન્દ્ર સરકારને રજૂઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજૂઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજૂઆતો થઈ છે. છતાં હજુ સુધી કોઈ પરિણામ મળેલ નથી.

**સોનગઢ તાલુકાનાં પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૫૧૫૯**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ તાપી જિલ્લાનાં સોનગઢ તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) બાકીનાં પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવનધોરણ ઊંચુ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ""વનબંધુ કલ્યાણ યોજના"" અમલમાં મૂકાયેલ છે. આદિવાસી વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ અન્વયે આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબના તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં તમામ ૩૭ પેટાપરાનું આશરે રૂા.૧૧૨ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી.

**ગાંધીનગર જિલ્લામાં પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસ પુરો પાડવા બાબત**

૧૬૨૦૪ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઘર વપરાશ માટેનો રાંધણગેસ પૂરો પાડવા કેટલા જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી પેથાપુર અને વાવોલ ગામમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા જોડાણો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૩૫,૪૦૦.

(૨) (૧) પેથાપુર - ૧૦૭૦
(૨) વાવોલ - ૧૩૩૮
કુલ... ૨૪૦૮

**નર્મદા ડેમની આસપાસનો વિસ્તાર વિકસાવવા તેમજ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ મુકવા બાબત**

૧૬૨૮૬ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા ડેમના આસપાસના વિસ્તારને પ્રવાસનના વિકાસ માટે તથા સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ મુકવા માટે કોઈ યોજના અમલમાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના હાલ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨) : નર્મદા ડેમની આસપાસના વિસ્તારને પ્રવાસન વિકાસ માટેની યોજના અમલમાં મુકવામાં આવી છે.

સરદાર સરોવર બંધની નજીક સરદાર વલ્લભભાઈ પટેલનું વિશાળકાય સ્ટેચ્યુ ઉપરાંત મ્યુઝિયમ, આર્ટ ગેલેરી, લાઈટ એન્ડ સાઉન્ડ શો, લેસર શો, વગેરે સાથેની એક યોજના બનાવવા બાબતે એક દરખાસ્ત પણ રજૂ થઈ છે, જે વિચારણા હેઠળ છે.

**ગુજરાત મીનરલ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા થયેલ આવક**

૧૫૦૫૮**શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ ખાતાની ગુજરાત મીનરલ રીસર્ચ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા સરકારને તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઈ છે, અને

(૨) ઉપર્યુક્ત સંસ્થા દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂા.૫૧૧.૩૪ લાખ.

(૨)

| | **સમયગાળો** | **ખર્ચ રૂા.માં** |
|---|---|---|
| (૧) | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૪૮.૦૬ લાખ |
| (૨) | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧૨૬.૯૧ લાખ |

(૩) ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ ૪૪૩.૧૨ લાખ

**કુલ : રૂા.૬૧૮.૦૯ લાખ**

------------

## ગોધરા કાંડ બાબતે નાણાવટી પંચ દ્વારા થતી તપાસમાં મુદત વધારવા બાબત

૧૪૬૫૨ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગોધરા કાંડ બાબતે જસ્ટીસ નાણાવટી પંચ દ્વારા તપાસ કરવાનું નક્કી થયા પછી આ પંચને કેટલી વખત મુદતમાં વધારો કરી આપવામાં આવ્યો, અને | (૧) ૧૩ (તેર) વખત. |
| (૨) આ પંચની પાછળ તા. ૩૧-૧-૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩,૮૯,૨૬,૨૫૪/-. |

------------

## કાંકરેજ અને ડીસા તાલુકામાં વાડી વિસ્તારમાં વીજ પુરવઠો આપવા અંગે

૧૫૭૨૧ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકામાં વાડી જંગલ વિસ્તારમાં રહેતા કેટલાક ખેડૂતો-ખેત મજુરોની વસાહતોને સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવ્યો છે,

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વાડી વિસ્તારોમાં વસવાટ કરતાં ખેડૂતો ખેતી વિષયક ફીડરો પરથી ઓછામાં ઓછા ૮ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો મેળવે છે અને ત્યાર બાદ સ્પેશીયલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર મારફત બાકીના સમય માટે સીંગલ ફેઇઝ વીજ પુરવઠો મેળવે છે. જે ખેતીવાડી ફીડરો પર ઓછામાં ઓછા ૧૫ સિંગલ ફેઇઝ વીજ જોડાણો હોય તે ખેતીવાડી ફીડરો પર આવા સ્પેશ્યલ ડિઝાઇન ટ્રાન્સફોર્મરો (એસ.ડી.ટી.) લગાડવામાં આવે છે કે જેનાથી વાડી વિસ્તારમાં વસવાટ કરતાં ખેડૂતોને પણ રહેણાંક હેતુ માટે ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહે છે.

તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકામાં વાડી જંગલ વિસ્તારમાં રહેતા ખેડૂતો-ખેત મજૂરોની વસાહતોને સીંગલ ફેઇઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કુલ ખેતીવાડી ફીડરો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર લગાડેલ હોય તેવા ખેતીવાડી ફીડરો પર વાડી વિસ્તારમાં રહેતા ખેડૂત લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ૧૨૮ | ૨૪૧૫ |
| ૨ | ડીસા | ૨૬૬ | ૯૩૭૦ |

(૨) કઈ કઈ વસાહતોને સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવ્યો નથી, અને

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકામાં વાડી જંગલ વિસ્તારમાં રહેતા ખેડૂતો-ખેત મજૂરોની વસાહતોને સીંગલ ફેઇઝ વીજ પુરવઠો પુરો પાડવાનો બાકી રહે છે. તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર લગાડવાના બાકી હોય તેવા ખેતીવાડી ફીડરો | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર લગાડવાના બાકી હોય તેવા ખેતીવાડી ફીડરો પર વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ૨૨ | ૪૨૮ |
| ૨ | ડીસા | ૪૦ | ૧૩૭૪ |

(૩) આ વસાહતોને ૨૪ કલાક વીજ પુરવઠો ક્યારે આપવામાં આવશે?

(૩) તા.૨૮-૦૨-૨૦૧૦ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં ૨ ખેતીવાડી ફીડરો અને ડીસા તાલુકામાં ૧૧

ફીડરો પર સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર લગાડવામાં આવ્યા છે. જ્યારે બાકી રહેતા અનુક્રમે ૨૦ અને ૨૯ ખેતીવાડી ફીડરો પર જુન ૨૦૧૦ સુધીમાં સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર લગાડી અનુક્રમે ૩૮૮ અને ૧૧૫૪ ખેડૂત લાભાર્થીઓને સીંગલ ફેઇઝ વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે.

**નવસારી જિલ્લામાં પાઈપ લાઈન દ્વારા રાંધણ ગેસના જોડાણો**

૧૬૨૫૪**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાઈપ લાઈન દ્વારા ઘર વપરાશ માટેનો રાંધણગેસ પૂરો પાડવા કેટલા જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) જોડાણો માટેની અરજીઓ બાકી નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ ૧૦,૨૦૦ જેટલા ઘર વપરાશકારોને પાઇપલાઇન દ્વારા ગેસ પુરવઠો પુરો પાડવામાં આવે છે અને ઘરવપરાશના જોડાણો દૈનિક ધોરણે આપવામાં આવે છે. તદ્દઅનુસાર આજની તારીખે કુલ ૧૩,૫૫૫ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) ઘરવપરાશના જોડાણો દૈનિક ધોરણે સતત પ્રક્રિયાના ભાગરૂપે આપવામાં આવે છે. તેમ છતાં બાકીની અરજીઓનો નિકાલ સને ૨૦૧૧-૧૨ સુધીમાં કરવાનું આયોજન છે.

**એસ.ટી. બસોને પૂરો પાડવામાં આવતો સી.એન.જી. ગેસ**

૧૬૨૫૧ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યનાં વાહનવ્યવહાર નિગમની બસો માટે રાજ્ય સરકાર દ્વારા સરેરાશ ગેસનો દૈનિક કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ?

**જવાબ**

તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યનાં વાહનવ્યવહાર નિગમની બસો માટે રાજ્ય સરકાર દ્વારા સરેરાશ દૈનિક નીચે પ્રમાણે સી.એન.જી. ગેસનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

(૧) જી.એસ.પી.સી. ગેસ કંપની
સરેરાશ ૫૦૦ બસો, ૪૦,૦૦૦ કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ
(૨) સાબરમતી ગેસ લી.
સરેરાશ ૨૫૫ બસો ૧૯,૦૦૦ કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ
(૩) અદાણી એનર્જી લી.
સરેરાશ ૪૦૦ બસો ૩૦,૦૦૦ કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ

------------

**બારડોલી તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૫૧૮૨ **શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) બાકીના પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :બારડોલી તાલુકામાં આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની બુકલેટમાં દર્શાવેલ તમામ ૪૭ પેટાપરાંનું રૂ.૯૪.૦૦ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઇ ગયું છે. તદ્ઉપરાંત ઉક્ત યાદી ઉપરાંતના પ્રાયોજના અધિકારીશ્રી તરફથી દરખાસ્ત થયેલ ૨ પેટાપરાંના વીજળીકરણની કામગીરી માર્ચ-૨૦૧૦માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**કોડીનાર, ઉના, તાલાળા, મેંદરડા અને વિસાવદર તાલુકાના ગામોને ખેતીવાડી ફીડરોને વીજ પુરવઠો**

૧૪૫૧૮**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના જંગલ બોર્ડર વિસ્તારના કોડીનાર, ઉના, તાલાલા, મેંદરડા અને વિસાવદર તાલુકાના ગામોને તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી દિવસના સમયે ખેતીવાડી ફીડરોને વીજ-

**જવાબ**

(૧) રાત્રીના સમયે વન્ય પશુઓના ભયને કારણે ગ્રામ વાસીઓ તરફથી થયેલ રજૂઆતને ધ્યાને લઇ, તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી તાલાલા તાલુકાના ૧૫ ખેતીવાડી ફીડરોમાંથી ૩૯ ગામોને

પૂરવઠો આપવામાં આવે છે કે કેમ,

દિવસના સમયે તેમ જ અન્ય તાલુકાના ગામોને ૩૪ ફીડરો દ્વારા વારાફરતી દિવસે અને રાત્રે થ્રી ફેઝ વીજ પુરવઠો ૮ કલાક આપવામાં આવેલ છે. જ્યારે બાકીના સમયમાં સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર મૂકી ઘર વપરાશ માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્ઉપરાંત ઉપરોક્ત તમામ ગામોને ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો જ્યોતિગ્રામ ફીડર ઉપરથી આપવામાં આવે છે.

(૨) જો હા, તો ઉપરોક્ત તાલુકાના ક્યાં ક્યાં ખેતીવાડી ફીડરોને દિવસના સમયે વીજ-પુરવઠો આપવામાં આવે છે,

(૨) જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના સાસણ, ઘાવા, રામરેચી, ધુસીયા, માધુપુર, પીપળવા, આંબળસ, હડમતીયા, બામણસા, રસુલપરા, મોરુકા, ભાલછેલ, ચીત્રાવડ, માલજિંજવા, જાંબુર ખેતીવાડી ફીડરોને દિવસના સમયે વીજ પુરવઠો આપવામાં આવે છે.

(૩) ઉપરોક્ત જંગલ બોર્ડર નજીકના ગામોના ખેતીવાડી ફીડરોને દિવસનો વીજપુરવઠો આપવામાં ન આવતો હોય તેવા તાલુકાવાર ગામો કેટલાં, અને

(૩) ઉપરોક્ત જંગલ બોર્ડર નજીકના ગામોના ખેતીવાડી ફીડરોને માત્ર દિવસનો જ વીજ પુરવઠો આપવામાં ન આવતો હોય તેવા કુલ ૮૭ ગામો છે જે નીચે મુજબ છે.

- તાલાલા તાલુકાના ૧૦ ગામ.
- મેંદરડા તાલુકાના ૧૨ ગામ.
- વિસાવદર તાલુકાના ૨૪ ગામ.
- કોડીનાર તાલુકાના ૧૮ ગામ.
- ઉના તાલુકાના ૨૩ ગામ.

આ તમામ ફીડરોને વારાફરતી દિવસ અને રાત્રે ખેતીવાડી માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

(૪) ઉપરોક્ત ગામોના ખેડૂતોને રાત્રીના સમયે જંગલી રાની પશુઓનો ભય હોવાથી ખેતીવાડી ફીડરોને દિવસના સમયે વીજ પુરવઠો આપવાનું આયોજન છે કે કેમ ?

(૪) તમામ ક્ષેત્રોની વીજ માંગ ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ તંત્ર ઉપર પડનાર બોજો લક્ષ્યમાં લેતાં, કૃષિ ક્ષેત્રે માત્ર દિવસના સમયે વીજ પુરવઠો પુરો પાડવાનું શક્ય નથી. આથી ગૃપવાર વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. દરેક ગૃપનું સમયપત્રક નિયમિત રીતે બદલાતું હોય છે. આથી કોઇ ગૃપને માત્ર દિવસના સમયે કે માત્ર રાત્રીના સમયે જ વીજ પુરવઠો મળે તેવું બનતું નથી. દરેક ગૃપને દિવસે અને રાત્રે વીજ પુરવઠો મળતો રહે છે.

## ભાવનગર જિલ્લામાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ

૧૬૬૦૪**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) **પત્રક** મુજબ.

**પત્રક**

| ક્રમાંક | સ્થળ | કુલ મંજૂર જગ્યાઓ | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦ | ૧૦ | -- |
| ૨ | બોટાદ | ૦૧ | ૦૧ | -- |
| ૩ | મહુવા | ૦૧ | ૦૧ | -- |
| ૪ | પાલીતાણા | ૦૧ | ૦૧ | -- |
| ૫ | શિહોર | ૦૧ | ૦૧ | -- |
| ૬ | વલ્લભીપુર | ૦૧ | ૦૧ | -- |
| ૭ | તળાજા | ૦૧ | ૦૧ | -- |
| ૮ | ઘોઘા | ૦૧ | ૦૧ | -- |
| ૯ | ગારીયાધાર | ૦૧ | ૦૧ | -- |
| ૧૦ | ગઢડા | ૦૧ | ૦૧ | -- |
| | **કુલ :** | **૧૯** | **૧૯** | **૦** |

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને

(૨) તમામ જગ્યાઓ ભરેલી છે.

ભરેલી છે, અને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ખાલી રહેલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**નર્મદા ડેમના નીચાણવાસના વિસ્તારમાં મોટો ચેકડેમ બનાવવા બાબત**

૧૬૨૫૬**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નર્મદા ડેમના નીચાણવાસના વિસ્તારમાં કોઈ મોટો ચેકડેમ બનાવવાની યોજના છે કે કેમ, અને | (૧) નર્મદા ડેમની આશરે ૧૩.૦૦ કી.મી. નીચેવાસમાં ગરૂડેશ્વર ગામ પાસે નર્મદા નદી ઉપર ગરૂડેશ્વર વીયર બાંધવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો આ યોજના તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) આ વીયર સરદાર સરોવર યોજનાના ભાગરૂપે હોઇ, સાથી રાજ્યોની સહમતિ મળ્યા બાદ કામ ચાલુ થઇ શકે તેમ હોવાથી સાથી રાજ્યોની સહમતિ મેળવવાના પ્રયત્નો ચાલુ છે. |

------------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ.**

૧૫૦૫૩ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા ક્ષેત્રોમાં કેટલા પ્રોજેક્ટો માટે સંભવિત કેટલા મૂડીરોકાણ માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન જુદા જુદા ૩૧ ક્ષેત્રોમાં કુલ ૮૮૮૮ પ્રોજેકટો માટે સંભવિત મૂડી રોકાણ રૂ.૧૨,૩૭,૫૭૧/- કરોડના કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. |
| (૨) તે પેકી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલા પ્રોજેકટોએ કામગીરી શરૂ કરી છે ? | (૨) ખૂબ ટૂંકા ગાળામાં કુલ ૧૯૬૯ પ્રોજેકટોએ કામગીરી શરૂ કરી છે. તે પેકી કુલ ૭૩૭ પ્રોજેકટ કમીશન્ડ થયા છે. |

------------

**એસ.ટી. બસોને પૂરો પાડવામાં આવતો સી.એન.જી. ગેસ**

૧૬૨૧૪**શ્રી બાબુભાઈ પટેલ(દસકોઈ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ હાલમાં રાજ્યનાં વાહનવ્યવહાર નિગમની બસો માટે રાજ્ય સરકાર દ્વારા ગેસનો દૈનિક સરેરાશ કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ? | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યનાં વાહનવ્યવહાર નિગમની બસો માટે રાજ્ય સરકાર દ્વારા સરેરાશ દૈનિક નીચે પ્રમાણે સી.એન.જી. ગેસનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.<br>(૧) જી.એસ.પી.સી. ગેસ કંપની સરેરાશ ૪૦,૦૦ ૫૦૦ બસો, કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ. ૦<br>(૨) સાબરમતી ગેસ લી. સરેરાશ ૨૫૫ ૧૯૦૦૦ બસો કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ.<br>(૩) અદાણી એનર્જી લી. સરેરાશ ૪૦૦ ૩૦૦૦૦ બસો, કી.ગ્રા./પ્રતિદિન સરેરાશ. |

------------

**અમદાવાદ શહેરમાં થયેલ ઘરફોડ ચોરી અને ચોરીઓના બનાવો**

૧૪૬૯૭**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૧૦ થી તા.૩૧-૧-૧૦ સુધીમાં અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરી અને ચોરીના કેટલા બનાવો બન્યા, તે અન્વયે કુલ કેટલી રકમની ચોરી થઈ,

(૨) તે અન્વયે કેટલા આરોપી પકડાયા, અને

(૩) ક્યા પોલીસ સ્ટેશનમાં સૌથી વધુ આવા બનાવો નોંધાયા છે ?

**જવાબ**

(૧) અને (૨) : ઘરફોડ ચોરીના ૫૫ અને ચોરીના ૪૮૭ બનાવો બન્યાં, તેમાં કુલ રૂ. ૩,૧૮,૪૪,૦૬૭/- ની રકમની ચોરી થઇ. તે અન્વયે ૧૮૨ આરોપીઓ પકડાયા છે.

(૩) અમદાવાદ શહેરના સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી તથા ચોરીના બનાવો સૌથી વધુ નોંધાયા છે.

**આવા ગુનાઓ બનતા અટકાવવા માટે નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.**

- નાઇટ રાઉન્ડની સ્કીમ અમલમાં છે.
- અવારનવાર વાહનચેકીંગ/નાકાબંધીનું આયોજન કરવામાં આવે છે.
- નાસતા ફરતા આરોપીઓ અને જેલમાંથી છૂટેલા આરોપીઓ ઉપર વોચ રાખવામાં આવે છે.
- શહેરમાં શરૂ કરવામાં આવેલ પી.સી.આર. વાન દ્વારા પણ અસરકારક પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવે છે.
- અવારનવાર હોટલ/ગેસ્ટહાઉસો, રેલ્વે સ્ટેશન, એસ.ટી.સ્ટેન્ડો જેવી ભીડવાળી જગ્યાઓ ચેક કરવામાં આવે છે.
- શંકાસ્પદ ઇસમો ઉપર દેખરેખ રાખવામાં આવે છે.
- આવા ગુનામાં સંડાવાયેલા શકદારોના જરૂર જણાયે લાઇ ડીટેક્ટર ટેસ્ટ પણ કરવામાં આવે છે.
- આવા વણ શોધાયેલ ગુનામાં ડોગસ્ક્વોડ તથા ફિંગરપ્રીન્ટ ઓપરેટરની મદદ પણ લેવામાં આવે છે.

------------

**અનામત પોલીસ દળની ક્ષમતા વધારવા અંગે**

૧૬૨૪૫**શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય અનામત પોલીસદળમાં ક્ષમતા વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી બટાલીયનો ક્યારે સ્થાપવા માગે છે?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. રાજ્ય અને દેશમાં વધેલ આતંકવાદી પ્રવૃત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે રાજ્ય અનામત પોલીસ દળની ક્ષમતા વધારવા હાલ પ્રવર્તમાન બટાલીયનોની સંખ્યામાં વધારો કરવાનું આયોજન કરેલ છે.

વર્ષ ૨૦૦૫ પછીના સમયગાળામાં નીચે મુજબની ચાર બટાલીયન કાર્યરત કરવામાં આવી છે.

(૧) કેવડીયા કોલોની બટાલીયન.
(૨) પાવડી, જિ. દાહોદ ખાતેની બટાલીયન.
(૩) ઓ.એન.જી.સી. બટાલીયન.
(૪) મુડેટી, જિ. સાબરકાંઠા ખાતેની બટાલીયન.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૯-૧૦ માં કચ્છ તથા જામનગર જિલ્લાઓ ખાતે નવા બે રાજ્ય અનામત પોલીસ દળ તેમજ દરીયાઇ સુરક્ષા અને સલામતી માટે એક મરીન બટાલીયન મંજૂર કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૦-૧૧ ના અંદાજપત્રમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, જુનાગઢ જિલ્લાના કણેરી તથા વલસાડ જિલ્લાના કલગામ ખાતે એમ કુલ-૩ નવી ઇન્ડીયા રીઝર્વ બટાલીયન ઊભી કરવા અંગેનું આયોજન છે. આ માટે કુલ ૩ દરખાસ્તો ભારત સરકારને મોકલવામાં આવી છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમ તથા નર્મદા કેનાલની સુરક્ષા માટે એક નવી બટાલીયન ઉભી કરવા અંગેનું આયોજન છે.

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા યોજાયેલ તાલીમ વર્ગ**

૧૬૨૬૪ **શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ માં કેટલા તાલીમ વર્ગો યોજ્યા, અને તેમાં કેટલા તાલીમાર્થીઓને ક્યા વિષયની તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હા તપાસની ઉચ્ચ ક્ષાની નિપૂણતા, અદ્યતન ટેક્નોલોજી તથા વિશ્વસનીયતાની દૃષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતાની આ પ્રકારની કામગીરીને લક્ષમાં લઇ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય તથા તેની વિવિધિ એજન્સીઓ દ્વારા ખાતાને ગુન્હા તપાસની તાલીમ માટે માન્ય કરવામાં આવેલ છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત કોર્ષો ઉપરાંત અન્ય તાલીમ કાર્યક્રમો પણ આ ખાતા દ્વારા ચલાવવામાં આવે છે. જે મુખ્યત્વે દેશભરના જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાંતો, ડોક્ટરો, ફોરેસ્ટ ઓફીસરો, આઇ.એ.એસ. ઓફીસરો, સીક્યોરીટી ઓફીસર, બેન્ક ઓફીસરો વિગેરે માટે ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત નેપાલ, માલદીવ જેવા પાડોશી દેશના પોલીસ અધિકારીઓ તથા ફોરેન્સીક અધિકારીઓ માટે પણ ખાસ પ્રકારના તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

૧. કેલેન્ડર વર્ષ ૨૦૦૮ તથા ૨૦૦૯ ના વર્ષમાં વિવિધ ક્ષાના અધિકારીઓ માટે કુલ-૧૬ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ.

૨. કેલેન્ડર વર્ષ ૨૦૦૮ તથા ૨૦૦૯ ના વર્ષમાં અનુક્રમે ૨૬૫૫ તથા ૪૩૬૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમો મુખ્યત્વે નીચેના વિષયો પર ગોઠવવામાં આવેલ.

(૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ક્રીમીનલ જસટીસ સીસ્ટમ (૨) એક્સ્પ્લોઝીવ એન્ડ પોસ્ટ બ્લાસ્ટ ઇન્વેસ્ટીગેશન (૩) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન આઇડેન્ટીફીકેશન ઓફ ટુલ માર્ક, ટાયર માર્ક (૪) લીગલ પ્રોસીઝર એન્ડ એનાલીટીકલ એસ્પેક્ટ ઓફ નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્ટન્સ (૫) પ્રીવેન્સન એન્ડ ડીટેક્શન ઓફ ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન ટ્રેનીંગ (૭) ઇન્વેસ્ટીગેશન ઓફ ક્રાઇમ અગેન્સટ વુમન (૮) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન નારકોટીક્સ ડ્રગ્સ આઇડેન્ટીફીકેશન (૯) કોર્ષ ઇન સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન (૧૦) મેથડ ઓફ ડીઝીટલ ફોરેન્સીક (૧૧) મોર્ડન ટ્રેન્ડ ઇન ફોરેન્સીક બેલેસટીક (૧૨) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ક્રાઇમ (૧૩) ઇમર્જીંગ ટેક્નીક્સ ઇન ફોરેન્સીક સાયકોલોજી (૧૪) વિઝ્યુઅલ ક્રાઇમ એનાલીસીસ ટેક્નીક (૧૫) ફીંગર પ્રિન્ટ આઇડેન્ટીફીકેશન (૧૬) ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ઇન્સ્યોરન્સ ફ્રોડ કેસીસના જેવા વિષયો ઉપર જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાંત વિગેરેને તાલીમ આપવામાં આવેલ છે.

**વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન**

૧૬૨૨૭ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી હતી,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષ દરમ્યાન તેમાં કેટલો વધારો થયો, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૧૧૭૧૧ મે.વો. હતી.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વીજ ઉત્પાદન ક્ષમતામાં ૨૨૧૭ મે.વો. નો

વધારો થયો.

(૩) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટેનું શું આયોજન છે ?

(૩) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ અંદાજે ૩૨૪૯ મે.વો. વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન હતું. જેમાંથી તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ૧૮૪૭ મે.વો. વીજ ક્ષમતા સ્થાપિત થઇ ચૂકી છે જ્યારે ૧૪૦૨ મે.વો. વીજ ક્ષમતા સ્થાપિત કરવા માટે કાર્યવાહી વિવિધ તબક્કે ચાલુ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૧૮૧ મે.વો. અને ૨૦૧૧-૧૨ માં ૩૪૬૫ મે.વો. ની અન્ય વીજ યોજનાઓ અમલીકરણના વિવિધ તબક્કે છે.

------------

**કોલસાથી થતું વીજ ઉત્પાદન ગેસથી કરવા બાબત**

૧૫૦૫૯**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલું વીજ ઉત્પાદન થઈ રહયું છે,

(૨) આ વીજ ઉત્પાદન કોલસાથી થતું હોય તો તેને ગેસથી કરવા માટે કોઈ નિર્ણય થયો છે કે કેમ,

(૩) વીજ માટેના કોલસાથી કે.એફ.ઓ.માંથી ગેસ આધારીત વીજ મથક બનતા કેટલી કાર્બન ક્રેડીટ મળશે, અને

(૪) આ કાર્બન ક્રેડીટમાંથી કોનો કોનો કેટલો હિસ્સો પ્રાપ્ત થશે?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ સ્ત્રોતો મારફ્ત ૫૬૪૯૯ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું. આ વીજ ઉત્પાદનમાં કોલસો, લિગ્નાઈટ, ઓઈલ, ગેસ વિગેરેનો ઉપયોગ થાય છે.

(૨), (૩) અને (૪) : વૈશ્વિક ક્ષેત્રે વાતાવરણમાં થઈ રહેલા પરિવર્તનો અને ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા તેમજ રાજ્યના નાગરિકોની સુખાકારીને અગ્રતા આપીને પર્યાવરણની સમતુલા જાળવી રાખવાના સરકારના અભિગમને અનુલક્ષીને ગુજરાત સ્ટેટ એનર્જી કોર્પોરેશન હસ્તકના કોલસા આધારિત વીજ મથકો પૈકી ૨ (બે) વીજ મથકોને અને ઓઈલ આધારિત ૧(એક) વીજ મથકને ગેસમાં રૂપાંતર કરવા વિચારણા કરવામાં આવેલ ત્યારબાદ આ પ્રમાણે રૂપાંતર કરવામાં આવે તો કોમર્શીયલ વાયેબીલીટી, નાણાંકીય અસરો, વીજ ઉત્પાદનમાં વધારો અને અન્ય સંલગ્ન મુદ્દાઓ ચકાસી નામ. વીજ નિયમન આયોગની મંજૂરીને આધીન ૩ (ત્રણ) વીજ મથકોને ગેસમાં રૂપાંતર કરવા સૈધ્ધાંતિક નિર્ણય લેવાયેલ છે. આ પ્રોજેકટમાંથી કેટલી કાર્બન ક્રેડીટ મળશે, તે હાલના તબક્કે નિર્ણિત થઈ શકે તેમ નથી.

**ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો**

૧૬૨૬૩**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા રાજ્યમાં સ્થાપવામાં આવેલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ક્યા ક્યા અભ્યાસક્રમો ચલાવવામાં આવશે, અને

**જવાબ**

(૧) અને (૨) : ગુજરાત સરકારે દેશમાં જણાઈ રહેલ ગુન્હા ક્ષેત્રના વૈજ્ઞાનીક/ટક્નીક્લ નિષ્ણાંતોની ઉણપ દુર કરવા માટે એક મહત્વનુ કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ કરવામાં આવશે?

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. આ યુનિવર્સિટી ઓગષ્ટ-૨૦૦૯થી કાર્યાન્વિત થઈ ગયેલ છે. અને નીચેના દર્શાવેલ અગત્યના કોર્ષો ચાલુ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ
(૨) એમ.એમ.સી. ઈન ફોરેન્સીક ફાર્મસી
(૩) એમ.એમ.સી. ઈન ફોરેન્સીક નેનોટેક્નોલોજી
(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી
(૫) ઓનલાઈન સર્ટીફિકેટ કોર્ષ ઈન ઈન્ફરમેશન સીક્યોરીટી
(૬) ઓનલાઈન સર્ટીફિકેટ કોર્ષ ઈન નેટવર્ક સીક્યોરીટી
(૭) ઓનલાઈન ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી
(૮) પી.એચ.ડી. કોર્ષ
(૯) પી.જી.ડીપ્લોમા કોર્ષ ઈન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ (જી.એન.એલ.યુ.ના સહયોગથી)
(૧૦) પી.જી. ડીપ્લોમા ઈન રીહેબીટેશન સાયકોલોજી (બી.એમ. ઈન્સ્ટીટયુટના સહયોગથી)

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટીમાં સદરહુ કોર્ષો ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરુ કરવામાં આવેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સેસન્સ કોર્ટો

૧૫૦૬૯**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સેસન્સ કોર્ટો આવેલ છે, | (૧) (અ) હિંમતનગર - ૫<br>(બ) મોડાસા - ૧<br>કુલ : - ૬ |
| (૨) મેઘરજ અને માલપુર તાલુકાઓમાં સરકાર ધ્વારા આગામી સમયમાં કોર્ટ ફાળવવાનું આયોજન છે કે કેમ, | (૨) મેઘરજ તાલુકામાં સીવીલ જજની કોર્ટ માટે સને ૨૦૦૯-૧૦ વર્ષના અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ કરતા, ન્યાયાધિશ સહિત સહાયક મહેકમની કુલ-૨૧ જગ્યાઓ મંજૂર કરેલ છે.<br>જ્યારે માલપુર તાલુકામાં કોર્ટ ફાળવવાનું હાલમાં કોઈ આયોજન નથી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં આ કાર્યવાહી કરવામાં આવશે, અને | (૩) વડી અદાલત તરફથી કોર્ટ સ્થાપવા સબંધે અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી, વડી અદાલત નક્કી કર્યા તારીખથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે. |
| (૪) જો ના, તો કોર્ટ ન ફાળવવાના શાં કારણો છે ? | (૪) હાલ માલપુર તાલુકામાં કોર્ટ સ્થાપવા માટેનું વ્યાજબીપણું જણાતુ નથી. |

## સોર વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા બાબત

૧૬૨૨૮**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય દ્વારા રાજ્યમાં સોર વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કોઈ નીતિની જાહેરાત કરવામાં | (૧) હા, જી. |

આવેલ છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ નીતિ અંતર્ગત ક્યા ક્યા પ્રોત્સાહનો આપવાનું આયોજન છે ?

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ નીતિ અંતર્ગત સામેલ પત્રક મુજબ પ્રોત્સાહનો ઉપલબ્ધ છે.

**પત્રક**

**અ.** સોલર ફોટો વોલ્ટેઈક અથવા સોલર થર્મલ પ્રણાલીથી ઉત્પાદન કરેલ વીજળી, ઉત્પાદક પાસેથી નીચે જણાવેલ દરોથી ખરીદી કરવામાં આવશે.

| વિગત | સોલર ફોટો વોલ્ટેઈ (પ્રોજેકટસ માટે વીજળી ખરીદ ભાવ, રૂ./યુનિટ | સોલર થર્મલ માટે ખરીદ ભાવ, રૂ./યુનિટ |
|---|---|---|
| ૩૧-૧૨-૧૦ પહેલાં કાર્યન્વિત કરેલ પ્રોજેકટ માટે | ૧૩.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) | ૧૦.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) |
| ૩૧-૩-૨૦૧૪ પહેલાં કાર્યન્વિત કરેલ અન્ય પ્રોજેકટ માટે | ૧૨.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) | ૦૯.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) |

**બ.** સોલાર પ્રોજેકટમાંથી ઉત્પાદન થતી વીજળીને વિદ્યુત શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવે છે.

**ક.** સોલાર પ્રોજેકટની ક્ષમતાનાં ૫૦ ટકા સુધી ડિમાન્ડ કટમાંથી મુક્તિ.

**ડ.** સોલાર પ્રોજેકટમાંથી ઉત્પન્ન થતી વીજળીના સ્વવપરાશ માટે ઉપયોગ કરવા મંજૂરી આપવામાં આવે છે.

------------

**પવન ઉર્જા ધ્વારા વીજ ઉત્પાદન**

૧૬૨૨૯**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે?

**જવાબ**

રાજ્યમાં પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬૫૯ મિલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયેલ છે.

------------

**તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝ**

૧૫૯૭૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાંથી પસાર થતી તાપી નદીમાંથી રેતી કાઢવાની કેટલી લીઝ મંજૂર કરવામાં આવી,

(૨) લીઝની માંગણીની અરજીઓ કેટલી પડતર છે, અને

(૩) આ માંગણીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૪ લીઝો.

(૨) ૧૩૭૪ અરજી.

(૩) પારદર્શક પધ્ધત્તિઓ તથા નિયમોની જોગવાઈની મર્યાદામાં ઝડપથી નિકાલ થાય તે મુજબ આયોજન છે.

**રાજ્યમાં સિંચાઈ માટે પૂરું પાડવામાં આવતું નર્મદાનું પાણી**

૧૪૬૪૭ **શ્રી ધીરુભાઈ ભીલ(નસવાડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી ક્યા ક્યા જિલ્લામાં કેટલા હેકટરમાં સિંચાઈ માટે પૂરું પાડવામાં આવે છે?

**જવાબ**

તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી નીચે જણાવેલ જિલ્લામાં સિંચાઈ માટે પૂરું પાડવામાં આવે છે

.

| જિલ્લાનું નામ | સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|
| નર્મદા | ૪૨૩૦.૫૪ |
| વડોદરા | ૫૧૯૩૩.૭૫ |
| ભરૂચ | ૨૪૯૪૮.૬૧ |
| પંચમહાલ | ૧૮૯૬.૦૦ |
| આણંદ | ૨૩.૦૦ |
| ખેડા | ૮૬૭૯.૦૦ |
| ગાંધીનગર | ૨૮૬૧.૦૦ |
| અમદાવાદ | ૧૭૫૮૦.૦૦ |
| મહેસાણા | ૪૬૫૭.૦૦ |
| સુરેન્દ્રનગર | ૧૫૧૫.૦૦ |

| | |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૫૧૫.૦૦ |
| પાટણ | ૨૮૨૬.૦૦ |
| કુલ | ૧૨૧૧૪૯.૯૦ |

------------

**દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના**

૧૬૨૩૨**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે,

(૨) આ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ શી શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૮૮૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) અને (૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કુલ રૂપિયા ૩૬૫૦.૧૮ લાખના ખર્ચે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(અ) વીજ વિતરણ લાઈનોના સમારકામ :

- ૪૩૧૦.૪૫ કિમી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.
- ૬૫૫૨ થાંભલા બદલવામાં આવ્યા ૧૧૦૬૬ ડીસ્ક ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા
- ૩૦,૦૦૧ પીન ઈન્સ્યુલેટર બદલવામાં આવ્યા.
- ૨૦૪૦ ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ બદલવામાં આવ્યા
- ૧૦૭૧.૮૧ કિ.મી. સર્વીસ વાયરો બદલવામાં આવ્યા.

(બ) પ્રવહન લાઈનોના સમારકામ :

- ૨૩૫૦ નંગ ટેન્શન લોકેશનોના ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા.
- ૪૩૫૨ નંગ સસ્પેન્શન લોકેશનોના ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા.
- ૧૮૫૭ નંગ સ્ટ્રક્ચરો મજબૂત કરવાની કામગીરી કરવામાં આવી.

(ક) ૬૬ કેવીના સબ સ્ટેશનો સ્થાપવાની કામગીરી

- તદઉપરાંત ચાલુ વર્ષની જોગવાઈમાંથી ૬૬ કે.વી.ના ૯ સબ સ્ટેશનો સ્થાપવાની કામગીરી પ્રગતિમાં છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણ**

૧૬૨૩૧**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું

(૨) તે અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઝુંપડાવીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં ૪૭૩૦ લાભાર્થીઓને વીજજોડાણ આપવાનું આયોજન હતું પરંતુ લાભાર્થીઓનો વિશેષ પ્રતિસાદ જોતાં વધુ ૧૦૫૩ લાભાર્થીઓને સમાવીને તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રૂ.૧૩૯.૫૮ લાખના ખર્ચે કુલ ૫૭૮૩ લાભાર્થીઓને વીજજોડાણ આપવામાં આવેલ છે.

**સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાના જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૧૬૨૩૪ડૉ. **નીમાબેન આચાર્ય (અંજાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા કિલોમીટર જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલાઓ બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રૂપિયા ૫૫.૯૦ લાખના ખર્ચે ૧૬૧.૨૪ કિલોમીટર જર્જરીત વીજ વાયરો અને રૂપિયા ૨૦.૩૩ લાખના ખર્ચે ૧૧૫૫ થાંભલાઓ બદલવામાં આવ્યા.

------------

**રાજકોટ જિલ્લામાં પાઈપ લાઈન દ્વારા રાંધણ ગેસના જોડાણો**

૧૬૨૭૮ ડૉ. **ભરતભાઈ બોઘરા(જસદણ ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પાઈપ લાઈન દ્વારા ઘરવપરાશ માટેનો રાંધણ ગેસ પૂરો પાડવા કેટલા જોડાણો આપવામાં આવેલ છે?

**જવાબ**

૧૫,૩૦૦.

------------

**પાદરા તાલુકાના પેટાપરાંનું વીજળીકરણ**

૧૫૨૮૩ **શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાદરા તાલુકામાં વીજળીથી વંચિત પેટાપરાં કેટલા, અને

(૨) ઉક્ત પેટાપરાંઓનું કેટલા સમયમાં વિજળીકરણ પૂરૂં થશે?

**જવાબ**

(૧) અને (૨) : જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબ પાદરા તાલુકાના તમામ ૨૩ પેટાપરાનું આશરે રૂ.૧૬.૧૦ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઇ ગયેલ હોવાથી કોઇ પેટપરાનું વીજળીકરણ બાકી નથી.

------------

**ઘોઘંબા તાલુકામાં નર્મદા કેનાલમાંથી સિંચાઈનું પાણી આપવા બાબત**

૧૪૫૭૭**શ્રી ફતેસિંહ ચૌહાણ(રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ઘોઘંબા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા આધારિત કેનાલમાંથી સિંચાઈનું પાણી આપવા માટે શા પગલાં લીધાં છે?

**જવાબ**

ઘોઘંબા તાલુકો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવિષ્ટ ન હોઇ નર્મદા આધારિત કેનાલમાંથી સિંચાઇનું પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજુલા ખાતે નવી ડી.વાય.એસ.પી. કચેરી શરૂ કરવા બાબત**

૧૫૦૭૩**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા ખાતે નવી ડી.વાય.એસ.પી. કચેરી શરૂ કરવા માટેની કોઈ દરખાસ્ત સરકારમાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે હાલમાં ક્યા સ્ટેજે છે, અને

(૩) તેને શરૂ કરવા માટે ક્યારે મંજુરી આપવામાં આવશે.

**જવાબ**

(૧) હા, જી.

(૨) સદરહુ દરખાસ્ત હાલ નાણાં વિભાગમાં વિચારાધિન છે.

(૩) નિયમોનુસાર જરૂરી મંજૂરી મળ્યે.

------------

## ગાંધીધામ મધ્યે નવી ડી.એસ.પી. ક્ચેરી મંજૂર કરવા અંગે

**૧૫૫૧૯શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ચ્છ જિલ્લાના ગાંધીધામ મધ્યે ડી.એસ.પી.ની નવી ક્ચેરી મંજૂર કરવામાં આવી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે મંજૂર કરી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) જો ના, તો આ ક્ચેરી ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ક્ચ્છ જિલ્લાનો ભોગોલિક દ્રષ્ટિએ વિશાળ વિસ્તાર, લાંબો દરિયા ક્નિારો અને સરહદી વિસ્તાર હોઇ તેની સંવેદનશીલતા ધ્યાને લઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા માટે ક્ચ્છ પોલીસ જિલ્લાનું ક્ચ્છ (પૂર્વ) અને ક્ચ્છ (પિ?મ) એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. ક્ચ્છ (પૂર્વ)ની નવી એસ.પી. ક્ચેરી શરૂ કરવા માટે વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ૧૫ નવી જ્ગ્યાઓ મંજૂર કરવામાં આવી છે તથા રૂ.૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ-૬૧ નવી જ્ગ્યાઓ તેમજ રૂ. ૨,૧૮,૪૭,૦૦૦/-ની જોગવાઇ કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૦૯-૧૦માં અધિકારીઓની નિમણૂંક થતાં રૂ. ૮૭,૮૬૯/-નો ખર્ચ થયેલ છે.

ક્ચ્છ (પૂર્વ) માટે ગાંધીધામ ખાતે નવી એસ.પી. ક્ચેરી શરૂ કરવા અંગે રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તરફથી જાહેરનાનું પ્રસિધ્ધ કરવા અંગેની દરખાસ્ત થઇ છે. જે હાલમાં ચકાસણી હેઠળ છે. અને થોડા વખતમાં તે આખરી થયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે.

------------

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાય

**૧૬૨૪૦શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ આધુનિક્તાની દ્રષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતામાં આધુનિક ટેક્નોલોજીઓ જેવી કે, ડી.એન.એ. બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગ, સાયબર ક્રાઈમ, ઓટોમેટીક ફીંગર પ્રીન્ટ સીસ્ટમ, ઈન્ટગ્રેટેડ બેલેસ્ટીક આઈન્ડેટીફીકેશન સીસ્ટમ, ઓડીયો-વીડીયો ઓથેન્ટીક્સ સીસ્ટમ, સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ વગેરે વસાવવામાં આવેલ છે. અને ખાતાની તાંત્રિક નિપૂણતા, પારદર્શક્તા તથા તટસ્થતાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ ગુન્હાની તપાસમાં મદદ લે છે. અને તેઓને જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવે છે. તેમજ અન્ય રાજ્યોના તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓના અધિકારીઓને ફોરેન્સીક સાયન્સની તાલીમ દ્વારા સહાયતા પૂરી પાડવામાં આવે છે.

(૨) ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા વર્ષ ૨૦૦૭, ૨૦૦૮ તથા ૨૦૦૯ (તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં) માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

## સને ૨૦૦૭

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરિયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પ?િમ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |
| કેન્દ્રીય સંસ્થાઓ | | |
| ૧૫ | સી.બી.આઈ. | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એરફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૫ |
| | કુલ કેસો | ૨૭૨ |

## સને ૨૦૦૮

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | દિલ્હી | ૨૮ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૩ | મધ્યપ્રદેશ | ૧૫ |
| ૪ | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૫ | રાજસ્થાન | ૫ |
| ૬ | ચંદીગઢ | ૨ |
| ૭ | પ?િમ બંગાળ | ૩ |
| ૮ | ઝારખંડ | ૩ |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૨ |
| કેન્દ્રીય સંસ્થાઓ | | |
| ૧૦ | દાદરાનગર હવેલી | ૮૩ |
| ૧૧ | દમણ | ૨૯ |
| ૧૨ | સી.બી.આઈ. | ૨૬ |
| ૧૩ | કસ્ટમ અને એક્સાઈઝ | ૫ |
| ૧૪ | ડાયરેક્ટર રેવન્યુ ઈન્ટેલીજન્સ | ૨૩ |
| ૧૫ | ઈન્સ્યોરન્સ કંપની | ૯ |
| ૧૬ | નારકોટીક્સ કંટ્રોલ બ્યુરો | ૨ |
| ૧૭ | વેસ્ટર્ન રેલ્વે | ૪ |
| | કુલ કેસો | ૨૪૨ |

## સને ૨૦૦૯

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૩ |
| ૨ | રાજસ્થાન | ૧૩ |
| ૩ | દિલ્હી | ૯૭ |
| ૪ | ગોવા | ૩ |
| ૫ | મધ્યપ્રદેશ | ૫ |
| ૬ | હિમાચલ પ્રદેશ | ૧ |
| ૭ | મહારાષ્ટ્ર | ૨ |
| ૮ | પંજાબ | ૨ |
| ૯ | હરિયાણા | ૪ |
| ૧૦ | ઝારખંડ | ૩ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | કેરાલા | ૨ |
| ૧૪ | કર્ણાટક | ૩ |
| ૧૫ | ઉત્તરાચંલ | ૧ |
| કેન્દ્રીય સંસ્થાઓ | | |
| ૧૬ | ડાયરેકટોટ ઓફ એન્ફો. | ૨ |
| ૧૭ | આમી | ૧ |
| ૧૮ | સેન્ટ્રલ એક્સાઈઝ | ૯ |
| ૧૯ | એર ઈન્ડીયા | ૧ |
| ૨૦ | સી.બી.આઈ. | ૨૪ |
| ૨૧ | રેલ્વે | ૬ |
| ૨૨ | દાદરાનગર હવેલી | ૫૨ |
| ૨૩ | દમણ | ૧૪ |
| ૨૪ | દીવ | ૩ |
| ૨૫ | એરફોર્સ | ૧ |
| ૨૬ | ડી.આર.આઈ. | ૨૫ |
| ૨૭ | ઈન્સ્યોરન્સ કંપની | ૧૦ |
| ૨૮ | ઈન્કમ ટેક્સ | ૧ |
| ૨૯ | આઈ.ઓ.સી. | ૧ |
| ૩૦ | ચંદીગઢ | ૨ |
| ૩૧ | આર.બી.આઈ. | ૧ |
| | કુલ | ૨૯૫ |

------------

## કેન્દ્રિય પેટ્રોલિયમ રોયલ્ટીની ફોર્મ્યુલા

**૧૪૮૮૫ શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર ધ્વારા પેટ્રોલિયમ રોયલ્ટી કઈ ફોર્મ્યુલા આધારીત રાજ્ય સરકારને મળે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ ફોર્મ્યુલામાં શું ફેરફાર કરવામાં આવ્યો, અને

(૩) આ ફેરફારોને કારણે રાજ્ય સરકારની રોયલ્ટીની આવકમાં કેટલો ઘટાડો થયો છે?

**જવાબ**

(૧) અને (૨) : પેટ્રોલિયમ રોયલ્ટીની આવક રાજ્યોને ચૂકવવા બાબતે ભારત સરકાર દ્વારા તારીખ ૧૭-૩-૨૦૦૩ના ઠરાવથી ફોર્મ્યુલા નિયત કરાયેલ છે. જે મુજબ રાજ્યોને કૂવાઓના મથાળા પરની કિંમતે (વેલ હેડ પ્રાઈસ) આંતરરાષ્ટ્રીય બજારના ક્રુડ ઓઈલના ભાવો ૨૦ ટકા પ્રમાણે રોયલ્ટી ચૂકવવાપાત્ર થાય છે. આ ફોર્મ્યુલા પ્રમાણે રાજ્ય સરકારને મળવાપાત્ર રોયલ્ટીની આવકમાં મહદ્અંશે ઉત્તરોત્તર વધારો થવાની શક્યતા રહે. પરંતુ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ દ્વારા તેઓના તા.૨૫-૩-૦૮ના પત્રથી એક પક્ષીય નિર્ણય કરી સદરહુ તા.૧૭-૩-૦૩ના ઠરાવની જોગવાઈઓથી વિપરીત કાર્યપધ્ધતિ અમલી બનાવેલ છે. સદરહુ તા.૨૫-૩-૦૮ના પત્રથી અપનાવેલ કાર્યપધ્ધતિ મુજબ ક્રુડ ઓઈલની રોયલ્ટીની ગણતરી માટે એપ્રિલ-૦૮ થી આંતરરાષ્ટ્રીય બજાર ભાવોને લક્ષમાં ન લેતા, સરકારની તેલ વિતરણ કંપનીઓને આપવામાં આવતી વળતર બાદની કિંમતનો આધાર લઈ રાજ્યને ચૂકવવાની રોયલ્ટીની રકમ નિયત કરવામાં આવેલ છે.

(૩) ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલયના એક પક્ષીય નિર્ણયના પરિણામે એપ્રિલ-૦૮ થી તા.૩૧-૧-૧૦ સુધીના સમયગાળામાં રાજ્યને મળવાપાત્ર રોયલ્ટીની આવકમાં અંદાજીત રૂ.૧૮૩૨ કરોડ જેટલો ઘ ટાડો થવા પામેલ છે.

## જોડીયા અને જામનગર તાલુકાના દરીયાકાંઠાના વિસ્તારમાં જર્જરીત વાયરો બદલવા અંગે

**૧૫૧૯૪શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તથા જામનગર તાલુકાના દરિયા કાંઠાના વિસ્તારોમાં ભેજવાળા અને ખારાશયુક્ત હવામાનને કારણે જર્જરિત વીજ વાયરો બદલવા કોઈ યોજના અમલમાં આવેલ છે કે કેમ

(૨) તે અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૧૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૩) કેટલા બદલવાના બાકી છે તે ક્યાં સુધીમાં બદલવાનું આયોજન છે?

**જવાબ**

(૧) રાજ્યની ""સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત જામનગર જિલ્લાના જોડીયા તથા જામનગર તાલુકાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજવાળા અને ખારાશયુક્ત હવામાનને કારણે ખરાબ થઈ ગયેલા જર્જરીત વીજ વાયરો બદલવામાં આવે છે.

(૨) તે અંતર્ગત તા.૧૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં જોડીયા અને જામનગરમાં કુલ ૪૮૪.૩૨ કિ.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા છે.

(૩) બંને તાલુકાઓમાં માત્ર ૨૦ કિ.મી. વીજ વાયર બાકી છે. જે વહેલામાં વહેલી તકે બદલવાનું આયોજન છે.

------------

**નવસારી જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો**

૧૬૨૧૧**શ્રી આર.સી. પટેલ (જલાલપોર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ કેટલા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું, અને | (૧) ૫ (પાંચ) સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા? | (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૪ (ચાર) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે. |

**રોજગાર સમાચારના અંકો બૂક સ્ટોલો ઉપરથી વેચાણથી મળવા બાબત**

૧૪૫૨૪**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી પ્રસિધ્ધ થતા રોજગાર સમાચાર અંકની નકલો બૂક સ્ટોલો વિ. જેવી જગ્યાએ વેચાતા મળતા નથી. ફક્ત નોંધાયેલા ગ્રાહકોને જ મળે છે તેથી તેના લાભો બેરોજગાર લોકો સુધી રોજગારને લગતા સમાચાર પહોંચતા નથી તેથી રોજગાર અંકો બૂક સ્ટોલ વિ. જગ્યાએ વેચાતા મળી શકે તેવી વ્યવસ્થા કરવા માટે સરકારે કોઈ વ્યવસ્થા કરી છે કે કેમ, અને | (૧) રોજગાર સમાચાર માટે, જે વ્યક્તિઓ તેનું લવાજમ ભરીને ગ્રાહક બને તેને પોસ્ટ ખાતાની ટપાલ દ્વારા સીધી નકલ પહોંચાડવામાં આવે છે. રાજ્યના જે જાહેર પુસ્તકાલયોએ રોજગાર સમાચારનું લવાજમ ભર્યુ હોય તેવા જાહેર પુસ્તકાલયોમાં રોજગાર સમાચાર વાંચવા માટે ઉપલબ્ધ હોય છે. આ ઉપરાંત માહિતી ખાતાની વેબસાઈટ **www.gujaratinformation.net** પર પણ રોજગાર સમાચાર મુકવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો**

૧૬૨૬૨**શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, | (૧) કુલ - ૩૫૧૦. |
| (૨) કેટલા મકાનોની ઘટ છે, અને<br>(૩) આ ઘટ પૂરી કરવા માટે સરકારે શાં પગલાં લીધા છે? | (૨) અને (૩) : જિલ્લાના હયાત મહેકમ ૩૯૨૦ સામે છેલ્લા એક વર્ષમાં બનાવેલ ૬૪ મકાનો સહિત કુલ ૩૫૧૦ મકાનો ઉપલબ્ધ છે. તે જોતાં હાલ ૪૧૦ મકાનોની ઘટ છે. વધુ મકાનો વર્ષ ૨૦૧૦-૧૧માં બનાવવાનું આયોજન છે. |

------------

**પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણ**

૧૬૨૩૦**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું,<br>(૨) તે અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને<br>(૩) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧), (૨) અને (૩) : ""ઝુંપડા વીજળીકરણ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પંચમહાલ જિલ્લામાં ૪૫૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન હતું. પરંતુ લાભાર્થીઓનો વિશેષ પ્રતિસાદ જોતાં વધુ ૯૬૬ લાભાર્થીઓને સમાવીને તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ રૂા.૪૫૧.૩૫ લાખના ખર્ચે કુલ ૫૪૬૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |

------------

**ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ લેવા અંગે**

**૧૫૫૨૮ શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વિજળી વેચાતી લઈ, રાજ્યના વીજ વપરાશને પૂરો કરવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે,

(૨) સંબંધીત વર્ષોમાં રાજ્યનાં વીજ મથકોમાંથી કેટલું ઉત્પાદન મેળવાયું અને ખાનગી વીજ કંપનીઓ પાસેથી કેટ કટેલા યુનિટસ ક્યા ક્યા ભાવે વર્ષવાર ખરીદવામાં આવ્યા, અને

(૩) તે પેટે વર્ષવાર કેટલી રક્મની ચૂક્વણી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારના તેમજ રાજ્ય હસ્તક્ના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજમથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એક્મોના હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન અને જેમની સાથે લાંબાગાળાની વીજ ખરીદીના કરાર કરેલ છે તેવા વીજ ઉત્પાદકો પાસેથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન તથા ભાવની વિગત નીચે સામેલ **પત્રક-અ** મુજબ છે.

વધુમાં, તહેવારો, વાતાવરણની અસર અને વીજ મથકો ખોટકાવાના કારણો જેવા અનિવાર્ય સંજોગોમાં ટ્રેડર્સ પાસેથી ટૂંકાગાળાના કરારથી તથા પાવર એક્ષચેન્જમાંથી વીજળી ખરીદ કરી વધારાની વીજ માંગને સંતોષવામાં આવે છે. આ ટૂંકાગાળાની વિજ ખરીદી સ્પર્ધાત્મક બિડ દ્વારા સી.ઈ.આર.સી. એ નક્કી કરેલા વિજ પરવાનેદારો, વિજ-ઉત્પાદકો, અન્ય રાજ્યની વિજ વિતરણ કંપનીઓને ટેન્ડર પ્રક્રિયામાં આમંત્રિત કરીને ન્યુનતમ ભાવે કરવામાં આવે છે. આ મુજબ, વીજ વેચાણકારો સાથે ટૂંકાગાળાના કરારો મુજબ કરેલ વીજ ખરીદીની વિગત નીચે સામેલ **પત્રક-બ** મુજબ છે.

(૩) વિજ ખરીદી પેટે સને ૨૦૦૭માં રૂ. ૨૬૩૭ કરોડ, સને ૨૦૦૮માં રૂ. ૪૨૦૬ કરોડ અને સને ૨૦૦૯ માં રૂ. ૩૪૩૮ કરોડની ચૂક્વણી કરવામાં આવી.

**પત્રક-અ**

| | વિગત | ૨૦૦૭ | | ૨૦૦૮ | | ૨૦૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ |
| ૧ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી. હસ્તક્ના વિજ મથકો | ૨૬૧૩૫ | ૨.૩૪ | ૨૬૩૬૯ | ૨.૩૮ | ૨૫૩૧૧ | ૨.૮૪ |
| ૨ | રાજ્ય હસ્તક્ના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજમથકો | ૪૮૫૪ | ૨.૩૨ | ૬૮૯૨ | ૨.૬૯ | ૫૩૧૧ | ૨.૫૨ |
| ૩ | કેન્દ્ર સરકારના એકમોમાંથી રાજ્યને મળવાપાત્ર હિસ્સો | ૧૪૪૫૫ | ૧.૮૯ | ૧૫૫૭૨ | ૨.૪૨ | ૧૭૯૫૬ | ૨.૦૨ |
| ૪ | લાંબાગાળાના ક્રાર આધારીત ખાનગી વીજ ઉત્પાદન | ૬૦૪૨ | ૩.૪૮ | ૫૮૩૭ | ૫.૦૯ | ૬૩૭૭ | ૩.૭૬ |
| ૫ | પવનચક્કી | ૩૧૫ | ૩.૩૦ | ૧૧૬૮ | ૩.૩૩ | ૧૪૭૮ | ૩.૩૬ |
| | **કુલ :** | **૫૧૮૦૧** | ૨.૩૪ | **૫૫૮૫૬** | ૨.૭૩ | **૫૬૪૩૩** | ૨.૬૭ |

**પત્રક-બ**

| | ટૂંકાગાળાની વીજ ખરીદી | ૨૦૦૭ | | ૨૦૦૮ | | ૨૦૦૯ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ |
| ૧ | ટ્રેડર્સ | ૫૧૦ | ૫.૯૪ | ૯૮૮ | ૬.૬૧ | ૫૨ | ૬.૭૬ |
| ૨ | કેપ્ટિવ પાવર પ્લાન્ટ | ૪૨૩ | ૨.૭૮ | ૫૨૧ | ૩.૪૩ | ૧૪૨૯ | ૩.૫૫ |
| ૩ | ટૉરેન્ટ પાવર લી. | ૫૬ | ૨.૨૧ | ૨૬ | ૨.૨૧ | ૫ | ૨.૫૭ |

------------

## ભરુચ જિલ્લામાં વર્ગ-૧ થી વર્ગ-૪ પોલીસ કર્મચારીઓની ઘટ

**૧૪૫૨૬શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પોલીસ કર્મીઓની સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ અન્વયે વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના વિવિધ સંવર્ગમાં કેટ કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | હોદ્દો | વર્ગ | મંજૂર જગ્યા | ઘટ (ખાલી જગ્યા) |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક | ૧ | ૫ | ૨ |
| ૨ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૨ | ૧૬ | ૧ |
| ૩ | મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર | ૨ | ૧ | ૧ |
| ૪ | હથિયારી-બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૩ | ૫૩ | ૧૦ |
| ૫ | હથિયારી-બિન હથિયારી આસીસ્ટન્ટ | ૩ | ૧૯૫ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | સબઈન્સ્પેક્ટર | | | |
| ૬ | હથિયારી-બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૩ | ૨૮૫ | ૧૨ |
| ૭ | હથિયારી-બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩ | ૧૦૪૯ | ૪૩૦ |
| ૮ | મહિલા આસીસ્ટન્ટ સબઈન્સ્પેક્ટર | ૩ | ૩ | ૩ |
| ૯ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૩ | ૨ | ૦ |
| ૧૦ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૩ | ૪૬ | ૨૫ |
| ૧૧ | બિન હથિયારી લોકરક્ષક | ૩ | ૫૬ | ૦ |
| ૧૨ | હથિયારી લોકરક્ષક | ૩ | ૧૦૧ | ૨૦ |
| ૧૩ | પટાવાળા | ૪ | ૮ | ૦ |
| ૧૪ | સફાઈ કામદાર | ૪ | ૨૨ | ૧૦ |
| | કુલ :- | | ૧૮૪૨ | ૫૧૮ |

(૨) આ ઘટ નિવારવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) બિન હથીયારી નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગની કુલ : ૬૮ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કાર્યવાહી ચાલુ છે. વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ ૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડ ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર.પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે. જેમાં ભરૂચ જિલ્લાની ખાલી જગ્યાઓ ભરવાની બાબતનો પણ સમાવેશ થઈ જાય છે.

------------

## રાજ્યને કારગીલ યુધ્ધ સમયે દાન પેટે મળેલ દાનની રકમ

૧૫૦૫૬**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કારગીલ યુધ્ધ સમયે રાજ્યએ દાન પેટે મેળવેલ રકમ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી થાય છે,

(૨) તેમાંથી કેટલા શહીદ જવાનોના પરિવારને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી, અને

(૩) કેટલાને સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) દાન પેટે મેળવેલ રકમ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રૂા. ૨૨,૭૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ કરોડ તોતેર લાખ પુરા)

(૨) છેલ્લા એક વર્ષમાં શહીદ જવાનોના ૧૩૬ પરિવારોને રૂા. ૨૯,૯૨,૭૦૦/- (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ બાણું હજાર સાતસો પુરા) ચૂકવેલ છે.

(૩) કોઈ પાત્રતા ધરાવતા શહીદના પરિવારને આ સહાય ચૂકવવાની બાકી નથી.

## ખેડા જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો

૧૬૨૧૦**શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ કેટલા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) અને (૨) : ૩ (ત્રણ) સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું અને તે મુજબ ૩ (ત્રણ) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા છે.

## જિલ્લાઓમાં ઘર વપરાશ માટે પાઇપલાઇનથી ગેસ જોડાણ

૧૬૨૫૯**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલા જિલ્લાઓમાં ઘર વપરાશ માટે પાઇપલાઇનથી રાંધણગેસ જોડાણ આપવામાં આવેલ છે, અને

(૨) બાકીના જિલ્લાઓને ક્યાં સુધીમાં આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ નીચે દર્શાવેલ જિલ્લાઓમાં ઘર વપરાશ માટે પાઇપલાઇન મારફત રાંધણગેસના જોડાણ આપવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો |
|---|---|
| ૧ | વલસાડ |
| ૨ | ખેડા |
| ૩ | સુરત |
| ૪ | આણંદ |
| ૫ | ભરુચ |
| ૬ | પંચમહાલ |
| ૭ | અમદાવાદ |
| ૮ | ગાંધીનગર |
| ૯ | સુરેન્દ્રનગર |
| ૧૦ | રાજકોટ |
| ૧૧ | નવસારી |
| ૧૨ | હિંમતનગર |
| ૧૩ | મહેસાણા |
| ૧૪ | વડોદરા |

(૨)ગેસના પરિવહન માટેની ટ્રંક લાઈન (ગેસ ગ્રીડ) તેયાર થયે, બાકીના જિલ્લાઓને પણ તબક્કાવાર આવરી લેવામાં આવશે.

------------

## કારગીલ યુધ્ધ સમયે ગુજરાતના શહીદ થયેલા જવાનોના પરિવારોને સહાય

૧૧૬૨૪**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કારગીલ યુધ્ધ સમયે ગુજરાત રાજ્યે દાન પેટે મેળવેલ ફંડની રકમ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વ્યાજ સાથે કેટલી રકમ થાય છે,

(૨) તે અન્વયે આ રકમમાંથી મા ભોમની રક્ષા કાજે રાજ્યના શહીદ થયેલા કેટલા જવાનોના પરિવારજનોને ક્યારે ક્યારે કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શહીદોના પરિવારોને આ સહાય ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) (અ) દાન પેટે રૂા. ૨૨,૭૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ કરોડ તોતેર લાખ પુરા.)

(બ) વ્યાજ પેટે રૂા. ૧૫,૦૩,૦૬,૧૩૯/- (અંકે રૂપિયા પંદર કરોડ ત્રણ લાખ છ હજાર એકસો ઓગણચાળીસ પુરા.)

(૨) સામેલ **પરિશિષ્ટ-૧** મુજબ.

(૩) શહીદના કોઈ પાત્રતા ધરાવતા પરિવારને આ સહાય ચૂકવવાની બાકી નથી.

**પરિશિષ્ટ-૧**

| વર્ષ | જવાનોની પરિવારોની સંખ્યા | રકમ રૂા. |
|---|---|---|
| ૧૯૯૯-૨૦૦૦ | ૩૩ | ૧૦૦૫૦૦૦૦ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૨૧ | ૩૧૬૦૦૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૫૧ | ૩૩૦૯૬૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૨૪ | ૪૭૬૪૦૦ |

| | | |
|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | ૫૫ | ૨૩૬૦૧૦૦ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૬૩ | ૧૭૯૧૬૦૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૦૦ | ૩૫૨૨૧૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૦ | ૩૪૯૦૧૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૨૭ | ૩૨૨૩૨૦૦ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૩૧ | ૨૯૧૨૨૦૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૩૬ | ૨૯૯૨૭૦૦ |
| **કુલ :-** | | **૩૭૨૮૮૦૦૦** |

------------

**નર્મદા ડેમના નીચાણવાસના વિસ્તારમાં મોટો ચેક ડેમ બનાવવા**

૧૬૨૦૧**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા ડેમના નીચાણ વિસ્તારમાં કોઇ મોટો ચેકડેમ બનાવવાની યોજના પડતર છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) નર્મદા ડેમની આશરે ૧૩.૦૦ કી.મી. નીચેવાસમાં ગરૂડેશ્વર ગામ પાસે નર્મદા નદી ઉપર ગરૂડેશ્વર વીયર બાંધવાનું આયોજન છે.

(૨) આ વીયર સરદાર સરોવર યોજનાના ભાગરૂપે હોઈ, સાથી રાજ્યોની સહમતિ મળ્યા બાદ કામ ચાલુ થઈ શકે તેમ હોઈ સાથી રાજ્યોની સહમતિ મેળવવાના પ્રયત્નો ચાલુ છે.

------------

**વાંકાનેર તાલુકામાં ઇંટો પાડવા માટે માટીની લીઝ આપવા**

૧૪૮૫૧**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ઇંટો પાડવા માટે માટીની લીઝ અંગેની કેટલી અપીલ અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી હશનપર ગામની ઇંટો પાડવા માટે માટીની લીઝ અંગે નમૂના એલમાં અને ૬૦ દિવસના નિયત સમયમર્યાદામાં વાંધાઓ રજૂ કરેલ હોવા છતાં ફરીથી લીઝ મંજૂર કરેલ ન હોય તેવી કેટલી અરજીઓ હાલ પડતર છે, અને

(૩) આ પડતર અપીલ અરજીઓનો/વાંધાઓનો નિકાલ કરીને તમામ અરજદારોને ક્યાં સુધીમાં ફરીથી લીઝ મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગોધરા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૫૧૮૧ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પંચમહાલ જિલ્લાનાં ગોધરા તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવનધોરણ ઊંચુ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ""વનબંધુ કલ્યાણ યોજના"" અમલમાં મૂકાયેલ છે. આદિવાસી વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ અન્વયે આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબના ગોધરા તાલુકાના તમામ ૧૮ પેટાપરાનું આશરે રૂા. ૪૩.૨૫ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઇ ગયેલ હોવાથી કોઇ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી.

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) બાકીનાં પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે. ?

------------

**નર્મદા કેનાલોના કામો સમયસર ન થવા બાબત**

૧૫૧૯૧ **શ્રી અમર સિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે નર્મદા કેનાલો અન્વયે કોન્ટ્રાક્ટરોને ડીઝાઇનીંગ નહીં પૂરી પાડવાના કારણે નર્મદા કેનાલના કોન્ટ્રાક્ટરો સમયસર કેનાલનું કામ કરી શકેલ નથી તે હકિક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો, હા, તો આવા કેટલા કામો ક્યા ક્યા કોન્ટ્રાક્ટરો તા. ૩૧-૧-૧૦ સુધીમાં કરી શકેલ નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આમ થવાથી રાજ્ય સરકારને કેટલું નુકશાન થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**આંતક્વાદ વિરોધી સ્પેશિયલ ઓપરેશન ગૃપની રચના**

૧૬૨૬૧ **પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આંતક્વાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલા રૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી સુસજ્જ એવા સ્પેશીઅલ ઓપરેશન ગૃપની જિલ્લા/શહેરવાર રચના કરવા માટેની યોજના રાજ્ય સરકારે અમલમાં મુકી છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી.<br>શહેર વિસ્તારમાં પોલીસ કમિશ્નરશ્રીના અને જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકશ્રીઓના નિયંત્રણ હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની અંતર્ગત તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનો માટે શું વ્યવસ્થા કરવામાં આવશે ? | (૨) સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરીની વિગતો નીચે મુજબ છે :-<br>(૧) રાજ્યમાં આંતક્વાદી ઘટનાઓ ન બને તેની તકેદારી રાખવી.<br>(૨) આંતક્વાદી સંગઠનો સાથે જોડાયેલ ઇસમોના નામ સરનામાની વિગતો મેળવવી.<br>(૩) વિદેશી એજન્ટોને આશરો આપતાં ઇસમો/ સંસ્થાઓની યાદી તેયાર કરવી.<br>(૪) હવાલાકાંડમાં સંડોવાયેલ કે પકડાયેલ વ્યક્તિઓની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવી.<br>(૫) વિદેશમાંથી ફંડ લાવી તેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરતી સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવી.<br>(૬) શકમંદ ટ્રાવેલ એજન્ટોના નામ સરનામા તેયાર કરવા.<br>(૭) મકાન લે-વેચ તથા ભાડે આપવાનું કામ કરતા એજન્ટોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં તેની વિગતો આપવી.<br>(૮) સાયબર કાફેમાં ઇન્ટરનેટથી સંદેશાની આપલે કરતા ઇસમોની વિગતો રાખવી.<br>આ વિગતો એકત્રીત કરવા માટે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. સાયબર ગુનાઓ |

ડામવા માટે મળેલ ડેટા એનાલીસીસ કરવામાં આવે છે. જે માટે જરૂરી ૨૧ કોમ્પ્યુટર તેમજ આઇટીના અદ્યતન ઉપકરણો પુરાં પાડવામાં આવે છે.

ઉપરાંત ફોર વ્હીલ વ્હીકલ-૪૬, ટુ વ્હીલ વ્હીકલ-૬૪, ફેક્સ મશીન-૨ અને ઝેરોક્ષ મશીન-૨ પુરાં પાડેલ છે. આંતકવાદી પ્રવૃત્તિ ડામવા તેમજ સરહદી સુરક્ષા/સાગરકાંઠાની સુરક્ષા માટે સર્વેલન્સ કેમેરા, રીસીવર અને મોનીટર રેકોર્ડર, ડીઝીટલ વોઇસ રેકોર્ડર, સેલફોન, ડીઝીટલ કેમેરા, કેમીકલ કીટસ, એક્ષપ્લોઝીવ હેન્ડલીંગ કીટ, સર્ચલાઇટ, નાઇટ વિઝન ગોગલ્સ, બુલેટપ્રુફ જેકેટ, બગપ્રેશર, એમ-૪૫ પીસ્તોલ, સેલ્ફ લોડીંગ રાઇફલ, બોમ્બ ડીસ્પોઝલ કીટ વગેરે અદ્યતન પ્રકારના સાધનો પુરા પાડવા માટેનું આગવું આયોજન કરવામાં આવેલ છે. આ અદ્યતન શસ્ત્ર સામગ્રીના ઉપયોગ માટે એસ.ઓ.જી.ને વૈજ્ઞાનિક ઢબે રાજ્ય પોલીસ અકાદમી, કરાઇ ખાતે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

------------

**રાજુલા અને જાફરાબાદ તાલુકાના દરીયાકાંઠામાં મીઠા ઉદ્યોગની સ્થાપના**

૧૪૬૯૪**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાનાં રાજુલા અને જાફરાબાદ તાલુકાના દરીયાકાંઠામાં મીઠા ઉદ્યોગમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવેલ છે,

(૨) આ મીઠા ઉદ્યોગમાં તે દરમ્યાન કેટલું મૂડીરોકાણ થયેલ છે, અને

(૩) આ મીઠા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સરકાર તરફથી કેવા પ્રકારનું પ્રોત્સાહન અપાય છે.

**જવાબ**

(૧) અમરેલી જિલ્લાનાં રાજુલા અને જાફરાબાદ તાલુકાના દરીયાકાંઠામાં મીઠા ઉદ્યોગમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા રાજુલા તાલુકામાં ત્રણ એકમો સ્થાપવામાં આવેલ છે.

(૨) આ મીઠા ઉદ્યોગમાં તે દરમ્યાન ત્રણ એકમોમાં કુલ રૂપિયા ૧૦/- લાખનું મૂડીરાકોણ થયેલ છે.

(૩) આ મીઠા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સરકાર તરફથી જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે નવા રોડ બનાવવા, હયાત રોડનું સમારકામ તેમજ મજબૂતીકરણ, પાઇપ લાઇન દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા, વગેરે પ્રોત્સાહનો અપાય છે.

------------

**રાજ્યમાં વીજ પ્રવહન માટે વીજ રેષાઓ**

૧૬૨૯૧**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વીજ પ્રવહન માટે તારીખ ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કુલ કેટલા કિલોમીટર વીજ રેષાઓ છે, અને

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલાં કિલોમીટર નવી વીજ રેષાઓ ઉભી કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં વીજ પ્રવહન માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૩૮૪૦૫.૩૦ સર્કીટ કિલોમીટર વીજ રેષાઓ છે.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ ૫૫૫૦ સર્કીટ કિલોમીટર નવી વીજ રેષાઓ ઉભી કરવાનું આયોજન છે.

------------

**નર્મદા યોજનાની કાચી કેનાલો**

૧૫૦૬૨**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની કેનાલોમાં લાઇનીંગનું કામ થયા વગર કાચી કેનાલો ઉપયોગમાં લેવામાં આવી હોય તેવી કેનાલોની કુલ લંબાઇ તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલી છે, અને

(૨) આ કેનાલોના કામો લાઇનીંગ સાથે નહીં કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલોમાં લાઈનીંગનું કામ થયા વગર કાચી કેનાલો ઉપયોગમાં લેવામાં આવી હોય તેવી કેનાલોની કુલ લંબાઈ ૩૬૫.૩૧૧ કી.મી. છે.

(૨) કેનાલના કામો જેમ જેમ થતાં જાય તેમ તેમ પાણીની જરૂરીયાત મુજબ લાઈનીંગ સિવાયની કેનાલો મારફતે પાણી પુરું પાડી શકાય તથા શક્ય તેટલા વધુ વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લઈ શકાય તે બાબતોને લક્ષમાં લઈ આવો નિર્ણય કરવામાં આવેલ.

------------

**આણંદ જિલ્લાના ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ**

૧૪૭૩૧**શ્રી જયંતિભાઈ પટેલ(સારસા)માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા તાલુકામાંથી કેટલા ખેડૂતોએ ખેતી ઉપયોગી વીજ જોડાણની માગણી કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલા જોડાણ આપવામાં આવ્યા, અને કેટલા બાકી છે, તેના કારણો, અને આ બાકી જોડાણો ક્યાં સુધી આપવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ખેતી ઉપયોગી વીજ જોડાણની આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વીજ જોડાણની આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ | ૪૦૩ |
| બોરસદ૪૩૫ | |
| પેટલાદ | ૨૧૨ |
| ખંભાત | ૩૨૮ |
| સોજીત્રા | ૬૭ |
| તારાપુર | ૪૬ |
| આંકલાવ | ૨૪૯ |
| ઉમરેઠ | ૧૮૮ |

(૨) તે પૈકી ૫૬ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે અને ૧૮૭૨ બાકી છે. તદ્ઉપરાંત અગાઉના વર્ષોની બાકી અરજીઓમાંથી ૪૯૫ અરજદારોને વીજ જોડાણ આપેલ છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંકના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**સન-૨૦૦૯માં વાયબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. માં રોકાણ**

૧૪૬૯૩**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯માં થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીની સ્થિતિએ વાસ્તવિક મૂડીરોકાણ કેટલાનું થયું, અને

(૩) કઇ કઇ કંપનીઓએ સમીટમાં જાહેર કર્યા

**જવાબ**

(૧) કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. સૂચિત રૂા. ૧૨,૩૭,૫૭૧/- ક્રોડના રોકાણ માટે થયેલ હતા.

(૨) ૯૨ મોટા અને ૬૪૫ એસ.એમ.ઈ. મળી કુલ કમિશન્ડ થયેલ પ્રોજેક્ટોનાં સૂચિત મૂડી રોકાણ રૂા. ૧૪૧૯૦.૯૧ ક્રોડ સામે રૂા. ૯૪૨૭.૮૩ ક્રોડનું વાસ્તવિક મૂડી રોકાણ થયું છે.

(૩) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-

મુજબનું મૂડીરોકાણ હજુ સુધી નથી કર્યુ ?

૨૦૦૯ ઈવેન્ટ તા. ૧૨/૧૩ જાન્યુ. ૨૦૦૯માં થયેલ છે. આથી એમ.ઓ.યુ. હેઠળનાં પ્રોજેક્ટોનો અમલીકરણનો ગાળો, રૂા. ૫૦ કરોડ સુધીના પ્રોજેક્ટોમાં ૨ વર્ષ અને રૂા. ૫૦ કરોડથી ઉપર અને રૂા. ૧૦૦ કરોડ સુધીના પ્રોજેક્ટોમાં ૩ વર્ષ, રૂા. ૧૦૦ કરોડથી ઉપરના પ્રોજેક્ટોમાં ૫ વર્ષ, રૂા. ૫૦૦ કરોડથી ઉપરના પ્રોજેક્ટોમાં ૭ વર્ષ અંદાજીત રહેતો હોઈ હાલ માત્ર ડ્રોપ થયેલા પ્રોજેક્ટો જ ગણવાના રહે. આવા ડ્રોપ પ્રોજેક્ટોમાં ૦૪ એમ.ઓ.યુ. મોટા પ્રોજેક્ટો માટેના અને ૫૦ એમ.ઓ.યુ. એસ.એમ.ઈ. એકમોનાં છે. તેની યાદી સામેલ છે. તે મુજબ ડ્રોપ થયેલા પ્રોજેક્ટોમાં સૂચિત મૂડી રોકાણ રૂા. ૨૪૪૨.૯૪ કરોડ હતું.

**યાદી**

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈનવેસ્ટર્સ સમીટ-૨૦૦૯ના મોટા એકમોના ડ્રોપ થયેલા પ્રોજેક્ટ્સની વિગતો**

| અનું.નં. | કંપનીનું નામ |
|---|---|
| ૧ | નીઓ કંમ્ફર્ટ પ્રોડક્ટ પ્રા.લી. |
| ૨ | આર.એફ.ગાંધી એ.કે.ટી.લી. |
| ૩ | સોરાષ્ટ્રા ફ્યુઅલ્સ (પ્રા) લી. |
| ૪ | એસ.પી.જી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. |

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈનવેસ્ટર્સ સમીટ-૨૦૦૯ના એસ.એમ.ઈ. એકમોના ડ્રોપ થયેલા પ્રોજેક્ટ્સની વિગતો**

| **અનું.નં.** | **કંપનીનું નામ** |
|---|---|
| ૧ | રામ દેવ ઈન્ડસ્ટ્રીઝ |
| ૨ | બજરંગ ફુડ ઈન્ડસ્ટ્રીઝ |
| ૩ | શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ |
| ૪ | મે.ડી.જી.એસ. કમ્પની |
| ૫ | મે. હાઈ-સ્પીડ ટ્રબો ડ્રાઈવ્સ પ્રા. લી. |
| ૬ | શ્રી સદગુરૂ સિમેંટ |
| ૭ | જ્યોત એન્ટરપ્રાઈઝ |
| ૮ | પ્યોર ટેમ્પટેશન |
| ૯ | આકાશ ક્રીએશન |
| ૧૦ | મે. ટેક્નો ઓટો પ્રોડક્ટસ |
| ૧૧ | અજન્તા બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૨ | અજન્તા ઓટો પ્રોડક્ટસ |
| ૧૩ | નવજીવન મિનરલ્સ કંપની |
| ૧૪ | મે. કિંજલ કન્સટ્રક્શન |
| ૧૫ | જ્યોત પ્રોડક્ટસ |
| ૧૬ | મે. લક્ષ્મી મમરા પોંવા ફેક્ટરી |
| ૧૭ | અભિરાજ મન્ગેનીઝ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૮ | અજન્તા મેટલ્સ |
| ૧૯ | ફારૂક ઈસ્માઈલ કુરેસી |
| ૨૦ | મે. કિંગ બેવેરજીસ |
| ૨૧ | પટેલ અતુલકુમાર વિઠલભાઈ |
| ૨૨ | શેખ ઝહિર અહેમદ |
| ૨૩ | કોટાડે અમરજિતસિહ બાબુસિહ |
| ૨૪ | વિશાલ બ્લોક |
| ૨૫ | પટેલ ઝેરોક્ષ |
| ૨૬ | પટેલ શિવાભાઈ કાલુભાઈ |
| ૨૭ | મે. હરે ક્રિશ્ના ક્રિશ્ના ટાઈલ્સ |
| ૨૮ | મારૂતિ કોટન પ્રા.લી. |
| ૨૯ | મે. અન્નપુર્ણા મારબલ |
| ૩૦ | જુગલ કિશોર |
| ૩૧ | અંબાજી માર્બલ |
| ૩૨ | ઈન્ડીયન ફૂડ ઈન્ડસ્ટ્રી |
| ૩૩ | સંભવ એક્ષપોર્ટ |
| ૩૪ | વી. ઓમ. ક્રીયેશન |
| ૩૫ | મે. એક્મે કોટશીન પ્રા.લી. |
| ૩૬ | મે. શિવશક્તિ જીનીંગ ઈન્ડસ્ટ્રીઝ |
| ૩૭ | મે. એ. એસ. ઈ. સાઈજીંગ |
| ૩૮ | પાર્વતી ઈન્ડીયા પ્રા. લી. |
| ૩૯ | મે. કોનાર્ક કેમિક્લ એન્ડ મિનરલ |
| ૪૦ | ત્રિવેણી આસ્થા રિસોર્ટ |
| ૪૧ | પદમા પલ્સ પ્રોસેસર પ્રા. લી. |
| ૪૨ | સેરાફિક ઈન્ડસ્ટ્રીઝ |
| ૪૩ | ગિરિરાજ હ્યુમ પાઈપ ઈન્ડસ્ટ્રીઝ |
| ૪૪ | સમય સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ |

| અનુ.નં. | કંપનીનું નામ |
|---|---|
| ૪૫ | ફોરર્ચ્યુન મેટલ લી. |
| ૪૬ | ઉમિયા એંજિનિયરીંગ વર્ક્સ |
| ૪૭ | આર. આર. મીનરલ |
| ૪૮ | દિપકભાઈ એમ. પટેલ |
| ૪૯ | મહેશભાઈ બી. શાહ |
| ૫૦ | હેતલ હરેશ શાહ |

------------

**રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો**

૧૬૨૩૮**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૫-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો કેટલા છે, અને | (૧) કુલ-૩૫૧૦. |
| (૨) ખૂટતા મકાનો બનાવવાનું શું આયોજન છે ? | (૨) રાજકોટ શહેરમાં ૧૭૦ મકાનો બનાવવાની કામગીરી ચાલુ છે. રાજકોટ રૂરલ ખાતે સન-૨૦૧૦-૧૧ માં -૯૬૫ મકાનો જ્યારે રા.અ.પો.દળ જુથ-૧૩ ખાતે ૧૭૦ મકાનો બનાવવાનું આયોજન છે. |

------------

**પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન**

૧૬૨૭૦**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે ? | રાજ્યમાં પવન ઉર્જા દ્વારા તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૪૬૫૯ મિલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયેલ છે. |

------------

**મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો**

૧૬૨૬૫ **શ્રી ઋષિકેશ ગ.પટેલ(વિસનગર) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે, | (૧) કુલ-૧૨૫૭ મકાનો. |
| (૨) કેટલા મકાનોની ઘટ છે, અને | (૨) કુલ-૫૧૭ મકાનોની ઘટ છે. |
| (૩) આ મકાનોની ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધાં છે ? | (૩) આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાંકીય જોગવાઈ અને જે તે સ્થળે જમીનની ઉપલબ્ધતા ધ્યાને લઈને આવાસોની ઘટ પૂરી કરવાનું આયોજન કરવામાં આવે છે. |

------------

**ટપક/ફુવારા પધ્ધતિ અપનાવતા ખેડૂતોને સહાય**

૧૪૪૦૬**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટપક/ફુવારા પધ્ધતિની યોજના કોઇ ખેડૂત કરવા માંગે તો તે યોજના કોણ કરી આપે છે, | (૧) ટપક/ફુવારા પધ્ધતિની યોજના કોઈ ખેડૂત કરવા માંગે તો તે યોજના સરકારશ્રીએ નિમેલ નોડલ એજન્સી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લીમીટેડ માન્ય સપ્લાયર મારફ્તે કરી આપે છે. |
| (૨) આ માટે કેટલી લોન અને કેટલી સબસીડી આપવામાં આવે છે, અને | (૨) અને (૩) આ યોજના હેઠળ લાભ મેળવનાર રાજ્યના ખેડૂતોને ટપક/ફુવારા પધ્ધતિના (માઈક્રો |

(૩) કોઇ ખેડૂત આ યોજના તેનાથી પણ ઓછી કિંમતમાં કરવા માંગે તો સરકાર તેને લોન/સબસીડી આપવા માંગે છે કે કેમ ?

ઈરીગેશન સીસ્ટમ) કુલ ખર્ચના ૫૦ ટકા રકમ સુધી અથવા રૂા. ૬૦૦૦૦/-પ્રતિ હેક્ટર બે માંથી જે ઓછુ હોય તેટલી રકમની સહાય તેમજ ખર્ચના ૪૫ ટકા રકમની લોન ગુજરાત ગ્રીન રેવોલ્યુશન કંપની દ્વારા આપવામાં આવે છે. આ રકમ બેંકમાં જમા કરાવી તેમાંથી કામ થયેથી સપ્લાયરને ચુકવણું કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત થનાર કામની ગુણવત્તા યોગ્ય રીતે જળવાય તથા પાંચ વર્ષ સુધી યોજના હેઠળ બેસાડેલા સાધનોની મરામત પણ થાય તેનો ખર્ચમાં સમાવેશ થઈ જાય છે. આ યોજના અંતર્ગત ખેડૂતને કોઈ સીધી સબસીડી/લોન આપવાની જોગવાઈ નથી.

**નર્મદા વીજ મથક સ્થાપવા પાછળ થયેલ ખર્ચ**

૧૬૧૯૯**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના વીજ મથકો સ્થાપવા પાછળ કુલ કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત વીજ મથકો દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને

(૩) કેટલી કિંમતનું વીજ ઉત્પાદન થયેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાના વીજમથકો સ્થાપવા પાછળ કુલ રૂા. ૨૩૪૦.૪૨ કરોડનો ખર્ચ થયેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં છેલ્લા ૩ વર્ષમાં ૮૮૨.૦૬ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૩) અંદાજે રૂા. ૩૫૨૮.૨૪ કરોડ વીજ ઉત્પાદન થયેલ છે.

**ઉમરપાડા તાલુકામાં પોલીસ સ્ટેશન મંજૂર થવા બાબત**

૧૫૬૭૦**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાનાં ઉમરપાડા તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઉમરપાડા પોલીસ સ્ટેશન મંજૂર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે ક્યારે કાર્યરત થશે ?

**જવાબ**

(૧) અને (૨) ""સુરત જિલ્લાની ઉમરપાડા આઉટ પોસ્ટને પોલીસ સ્ટેશનમાં ફેરવવા માટે વર્ષ ૨૦૦૯-૧૦માં મંજૂરી આપવામાં આવી છે. આ પોલીસ સ્ટેશન માટે કુલ ૭૫ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ ઉમરપાડા પોલીસ સ્ટેશનનું જાહેરનામું બહાર પાડવા માટેની દરખાસ્ત રજૂ કરી છે, જે દરખાસ્ત હાલમાં ચકાસણી હેઠળ છે અને થોડા વખતમાં આખરી કરીને પોલીસ સ્ટેશન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે ""

**થાનના ઉદ્યોગકારોને ગેસ પૂરો પાડવા બાબત**

૧૬૨૨૨**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ઓદ્યોગિક કેન્દ્ર થાન ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દૈનિક ગેસનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧૨૧ ઉદ્યોગકારોને દૈનિક સરેરશ ૧,૦૪,૦૦૦ એસ.સી.એમ. ગેસનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

**પોરબંદર જિલ્લાના જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત**

૧૬૨૩૩ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કિલોમીટર જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલાઓ બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે ""સાગર ખેડૂત સર્વાગી વિકાસ યોજના"" અંતર્ગત ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં રૂા. ૩૪૧.૩૩ લાખના ખર્ચે ૯૬૧.૬૭ કિલોમીટર જર્જરિત વીજ વાયરો અને ૪૫૦ થાંભલાઓ બદલવામાં આવ્યા છે.

------------

**નર્મદા ડેમની આસપાસનો વિસ્તાર વિકસાવવા તેમજ સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ મુકવા બાબત**

૧૬૨૦૩ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા ડેમના આસપાસના વિસ્તારને પ્રવાસનના વિકાસ માટે તથા સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ મૂક્વા માટે કોઇ યોજના અમલમાં આવી છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨)

નર્મદા ડેમની આસપાસના વિસ્તારને પ્રવાસન વિકાસ માટેની યોજના અમલમાં મુક્વામાં આવી છે.

સરદાર સરોવર બંધની નજીક સરદાર વલ્લભભાઈ પટેલનું વિશાળકાય સ્ટેચ્યુ ઉપરાંત મ્યુઝિયમ, આર્ટ ગેલેરી, લાઈટ એન્ડ સાઉન્ડ શો, લેસર શો, વગેરે સાથેની એક યોજના બનાવવા બાબતે એક દરખાસ્ત પણ રજુ થઈ છે, જે વિચારણા હેઠળ છે.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો**

૧૬૨૦૯**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના વર્ષ દરમિયાન કુલ કેટલા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું, અને

(૨) તે પેકી કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ દરમ્યાન કુલ ૫ (પાંચ) સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું તે તમામ ૫ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા છે.

**મહેસાણા જિલ્લામાં સી.એન.જી. ગેસ પૂરો પાડતાં મધર અને ડોટર સ્ટેશનો**

૧૬૨૧૬**શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. પૂરો પાડવા માટે મહેસાણા જિલ્લામાં કેટલા મધર સ્ટેશનો અને કેટલાં ડોટર સ્ટેશનો કાર્યરત છે ?

**જવાબ**

મહેસાણા જીલ્લામાં ૪ (ચાર) ઓનલાઈન/ મધર સ્ટેશનો તથા ૧ (એક) ડોટર સ્ટેશન કાર્યરત છે.

**સોરાષ્ટ્ર શાખા ઉપર પંપીંગ સ્ટેશનો સ્થાપવા બાબત**

૧૬૨૦૦**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત સોરાષ્ટ્ર શાખા ઉપર ધોળીધજા ડેમ સુધી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા પંપીંગ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે, અને

(૨) તેની પંમ્પીંગ કેપેસીટી કેટલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સોરાષ્ટ્ર શાખા નહેર ઉપર ધોળીધજા ડેમ સુધી કુલ- પાંચ પંપીગ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે.

(૨) પંપીગ સ્ટેશનો ઉપર સ્થાપવામાં આવેલ પંપની કેપેસીટી નીચે મુજબ છે.

| પંપીંગ સ્ટેશન નંબર | પંપીંગ કેપેસેટી | |
|---|---|---|
| | (ક્યુમેક્સ) | લીટર/સેકન્ડ |
| ૧ | ૨૩૦ | ૨,૩૦,૦૦૦/- |
| ૨ | ૧૨૦ | ૧,૨૦,૦૦૦/- |
| ૩ | ૧૨૦ | ૧,૨૦,૦૦૦/- |
| ૪ | ૮૦ | ૮૦,૦૦૦/- |

------------

## વીજળી ઉત્પાદન સામે વીજળીનો વપરાશ

૧૬૧૩૨**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય ધ્વારા વર્ષવાર કેટલી વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે વર્ષવાર વીજળીનો વપરાશ કેટલો, અને

(૩) વર્ષવાર કેટલી વીજળી શા ભાવે ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના તેમજ રાજ્ય હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજમથકો, રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોનો હિસ્સામાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદન અને જેમની સાથે લાંબાગાળના વીજ ખરીદીના કરાર કરેલ છે તેવા ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| | | મિલિયન યુનિટ | |
|---|---|---|---|
| અ.નં. | વિગત | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ |
| ૧ | ગુજરા સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી. હસ્તકના વિજ મથકો | ૨૬૧૮૧ | ૨૫૨૦૩ |
| ૨ | રાજ્ય હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજમથકો. | ૪૮૬૪ | ૫૩૫૨ |
| ૩ | કેન્દ્ર સરકારના એકમોમાંથી રાજ્યને મળવાપાત્ર હિસ્સો | ૧૫૮૬૫ | ૧૭૯૪૯ |
| ૪ | લાંબાગાળાના કરાર આધારીત ખાનગી વીજ ઉત્પાદકો | ૫૭૭૯ | ૬૫૧૫ |
| ૫ | પવનચક્કી | ૧૨૧૦ | ૧૪૮૦ |
| | **કુલ..** | **૫૩૮૯૯** | **૫૬૪૯૯** |

(૨) જે અન્વયે ફેબ્રુઆરી-૦૮ થી જાન્યુઆરી-૦૯ માટેના સમયગાળામાં વીજ વપરાશ ૫૪૩૯૫ મીલીયન યુનિટ તથા ફેબ્રુઆરી-૦૯ થી જાન્યુઆરી-૧૦ માટેના સમયગાળામાં વીજ વપરાશ ૫૫૧૪૩ મીલીયન યુનિટ હતા.

(૩) તહેવારો, વાતાવરણની અસર અને વીજમથકો ખોટકાવાના કારણો જેવા અનિવાર્ય સંજોગોમાં ટ્રેડર્સ પાસેથી ટૂંકાગાળના કરારથી તથા પાવર એક્ષચેન્જમાંથી વીજળી ખરીદ કરી વધારાની વીજ માંગને સતોષવામાં આવે છે. આ ટુંકાગાળાની વિજ ખરીદી સ્પર્ધાત્મક બિડ દ્વારા CERC એ નક્કી કરેલા વિજ પરવાનેદારો, વિજ ઉત્પાદકો, અન્ય રાજ્યની વિજ વિતરણ કંપનીઓને ટેન્ડર પ્રક્રિયામાં આમંત્રિત કરીને ન્યુનતમ ભાવે કરવામાં આવે છે. જેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

| ટૂંકા ગાળાની વીજ ખરીદી | | ૧-૦૨-૦૮ થી ૩૧-૧-૨૦૦૯ | | ૧-૦૨-૦૯ થી ૩૧-૦૧-૨૦૧૦ | |
|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ |
| (અ) | **વિજ વેચાણવેરો** | | | | |
| ૧. | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન | - | - | ૨ | ૬.૫૪ |
| ૨. | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૯૪.૦૦ | ૬.૫૬ | - | - |
| ૩. | અદાણી એક્સપોર્ટ લી. | ૬૫૯.૦૦ | ૬.૨૭ | - | - |
| ૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪.૦૦ | ૭.૩૬ | - | - |
| ૫. | ટાટાપાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯.૦૦ | ૯.૨૯ | ૪ | ૬.૪૪ |
| ૬. | લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪.૨૮ | ૪.૨૯ | - | - |
| ૭. | કલ્યાણી પાવર ડેવલપમેન્ટ | ૪.૯૭ | ૮.૪૧ | - | - |
| ૮ | જેએસડબલ્યુ પીટીસી | ૦.૭૬ | ૭.૧૩ | - | - |
| ૯ | જીન્દાલ પાવર | - | - | ૨૬ | ૭.૧૦ |
| ૧૦ | પાવર એક્સચેન્જ | ૨.૬૭ | ૮.૧૯ | ૨૦ | ૬.૩૯ |
| | **કુલ...** | ૯૮૯ | ૬.૬૦ | ૫૨ | ૬.૭૬ |
| (બ) | **નીજી વિજ ઉત્પાદકો** | - | - | - | - |
| ૧. | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૧૭૦.૪૩ | ૨.૮૬ | ૧૫૮.૪૬ | ૩.૪૮ |
| ૨. | ઓએનજીસી | ૪૭.૬૨ | ૧.૯૦ | ૨૮.૩૦ | ૧.૯૦ |
| ૩. | અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૬૧.૦૪ | ૨.૮૦ | ૨૦.૪૫ | ૨.૨૮ |
| ૪. | ગુજરાત આલ્કલીઝ | ૭.૭૯ | ૨.૧૮ | ૩૪.૫૪ | ૨.૯૦ |
| ૫. | હીન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ | ૫૫.૮૯ | ૫.૪૯ | ૨૩.૯૪ | ૪.૬૨ |
| ૬. | ગેલન્ટ મેટર લી. | ૧૮.૨૧ | ૨.૬૯ | ૧૭.૨૮ | ૩.૪૯ |
| ૭. | અરવીન્દ મીલ | - | - | ૪.૮૪ | ૪.૬૮ |
| ૮. | ભન્ડેર પાવર | ૬૫.૭૨ | ૫.૩૮ | ૩૨૦.૦૨ | ૪.૨૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. | વેલસ્પન ગુ. સથલ રોહરેન લી. | ૮૧.૮૮ | ૩.૬૧ | ૯.૦૬ | ૩.૭૯ |
| ૧૦. | ઝઘડીયા કોપર લી. | ૮.૪૩ | ૫.૬૯ | - | - |
| ૧૧. | વરસાના ઈસ્પાત | - | - | ૧.૧૦ | ૩.૮૩ |
| ૧૨ | સાલ સ્ટીલ | - | - | ૨.૧૯ | ૩.૪૨ |
| ૧૩. | ટીપીએલ-સુજેન | - | - | ૭૮૩.૮૨ | ૩.૪૧ |
| | **કુલ...** | ૫૧૭ | ૩.૫૨ | ૧૪૦૪ | ૩.૫૮ |
| (ક) | **એ.ઈ.સી.** | ૨૪ | ૨.૩૫ | ૨ | ૧.૯૨ |

------------

## અમદાવાદ જિલ્લામાં દારૂ બનાવતાં અને વેપાર કરતાં ઇસમો સામે થયેલ કેસો

**૧૫૦૭૦શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં દારૂ બનાવતા અને વેપાર કરતા ઇસમો સામે કુલ કેટલા કેસો વર્ષવાર કરવામાં આવ્યા, અને

(૨) દારૂની બદી રોકવા સરકારે શાં શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧)

| | વર્ષ | કરેલ કેસો |
|---|---|---|
| ૧ | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ | ૩૪૭૨ |
| ૨ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ | ૩૦૨૮ |

(૨) આ બદી રોકવા માટે સ્ટાફને અવાર-નવાર સુચનાઓ આપવામાં આવે છે, તેમજ રોડ પેટ્રોલીંગ, નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન આવતા-જતા વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે. આ પ્રકારના ગુના કરવાવાળા ૩૬ ઈસમો સામે પાસા, ૬૫ને તડીપાર અને ૨૭૧૮ સામે પ્રોહીબીશનની કલમ ૯૩ જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે. ખાનગી બાતમીદાર રોકી દારૂ અંગેની બાતમી મેળવી રેડો કરવામાં આવેલ છે. અને આવી પ્રવૃત્તિ સદંતર નાબુદ થાય તે પ્રકારના પ્રયત્નો કરવામાં આવેલ છે, તેમજ આવા ઈસમો સામે કેસો કરી મુદ્દામાલ જપ્તપ્તકરવામાં આવે છે.

જિલ્લામાં ૬ નશાબંધી સંસ્કાર કેન્દ્રો કાર્યરત છે, આ સંસ્કાર કેન્દ્રો મારફતે લોકજાગૃતિનાં વિવિધ કાર્યક્રમો કરી લોકોને નશાની બદીથી દુર રહેવા સમજ આપેલ છે.

જિલ્લામાં નશાબંધીના ઘનિષ્ટ પ્રચાર માટે વર્ષ ૨૦૦૮ માં અલગ અલગ પ્રકારના કુલ ૪૫ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા, જેમાં કુલ ૧૭,૫૦૦ લાભાર્થીઓએ ભાગ લીધેલ હતો. તેવી જ રીતે વર્ષ ૨૦૦૯ માં કુલ ૫૧ કાર્યક્રમો કરવામાં આવ્યા, જેમાં ૧૮,૬૦૦ લાભાર્થીઓએ ભાગ લીધેલ હતો.

દુરદર્શન તથા ટી.વી. ચેનલ ઉપરથી પ્રસારીત થતી ધાર્મિક અને લોકપ્રિય સીરીયલોમાં નશાબંધી પ્રચાર અંગેની ૩૦ સેકન્ડની જાહેરાતો પ્રસારીત કરવામાં આવેલ છે. રેડીયો ચેનલો ઉપરથી નશાબંધી પ્રચાર અંગેની ૩૦ સેકન્ડની રેડીયો જીંગલો પ્રસારીત કરવામાં આવેલ છે.

નશાબંધી પ્રચાર માટે ઈન્જેક્ટ પ્રિન્ટના બોર્ડો તેયાર કરાવીને જિલ્લામાં પ્રદર્શન સેટ તરીકે ફાળવવામાં આવેલ છે. અને નશાબંધી પ્રચાર અંગેના વિવિધ પોસ્ટરો તેયાર કરીને પુરા પાડવામાં આવેલ છે.

અમદાવાદ રેલ્વે સ્ટેશન ઉપર સમગ્ર ભારતમાંથી પ્રવાસીઓ અવર-જવર કરતા હોઈ, તે લક્ષમાં લઈને અમદાવાદ રેલ્વે સ્ટેશન પર મેઈન પ્લેટફોર્મ તથા પ્લેટફોર્મ નં. ૧ થી ૭ ઉપર વિનાઈલ બોર્ડો તેમજ ગ્લોસાઈન બોર્ડો દર્શાવવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં ખેતી માટેના વીજ જોડાણોની અરજી**

૧૫૩૫૯ **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ખેતી માટેના વીજ જોડાણોની કુલ કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ અરજીઓ પેકી કેટલાં જોડાણો આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ જોડાણની આવેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે

| તાલુકો | વીજ જોડાણની આવેલ અરજીઓ |
|---|---|
| દાહોદ | ૨૭૬ |
| દે. બારીયા | ૭૦૮ |
| ધાનપુર | ૫૬ |
| ફતેપુરા | ૮૩૮ |
| ગરબાળા | ૨૪૮ |
| લીમખેડા | ૭૩૬ |
| ઝાલોદ | ૯૪૪ |

(૨) તે પેકી ૫૪૭ અરજીઓ મંજુર કરવામાં આવી.

(૩) મંજુર કરેલ અરજીઓ પેકી ૨૦૭ અરજદારોને વીજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં દાહોદ જિલ્લો આદિજાતિ વિસ્તાર હોઈ, રાજ્યની સ્થાપનાની સ્વર્ણિમ જંયતિ ઉજવણી નિમિત્તે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં નોધાયેલ બાકી તમામ ખેડૂતોને તારીખ ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**જી.એસ.પી.સી. ગેસ કંપનીને એ.પી.એમ. ગેસ મળવા અંગે**

૧૬૨૦૭ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્ય હસ્તકની જી.એસ.પી.સી. ગેસ કંપનીને વાહનોના ઇંધણ માટે તથા ઘરવપરાશનાં રાંધણ ગેસ માટે એ.પી.એમ. (એડમીનીસ્ટ્રેટીવ પ્રાઇજ મીકેનીઝમ) ગેસ મળે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ એ.પી.એમ. ગેસ ઉક્ત સ્થિતિએ ક્યા ભાવે મળે છે ?

**જવાબ**

(૧) હાલમાં રાજ્યના વાહનોમાં તેમજ ઘર વપરાશના ગેસ માટે પાઈપ્ડ નેચરલ ગેસ પી.એન.જી./સી.એન.જી., એ.પી.એમ. દરે મળતો નથી.

(૨) સી.એન.જી./પી.એન.જી.એ.પી.એમ. દરે મળે તે માટે તા. ૧૨-૦૮-૨૦૦૮ તથા તા. ૧૨-૬-૨૦૦૯ના રોજ કેન્દ્ર સરકારને રજુઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજુઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજુઆતો થઈ છે. છતાં હજુ સુધી કોઈ પરિણામ મળેલ નથી.

**ધરમપુર તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૫૨૨૯ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ વલસાડ જિલ્લાનાં ધરમપુર તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવનધોરણ ઊંચું આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ""વનબંધુ કલ્યાણ યોજના"" અમલમાં મૂકાયેલ છે. આદિવાસી વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ અન્વયે આદિજાતિ કમિશ્નરશ્રી

(૩) બાકીનાં પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે

દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તમામ ૭૧ પેટાપરાનું રૂા. ૨૯૨.૭૫ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ઉક્ત યાદી ઉપરાંતના પ્રાયોજના વહીવટદાર દ્વારા સુચવાયેલા નવા ૬ પેટાપરાનું રૂા. ૩૪.૫૬ લાખના ખર્ચે વીજળીકરણ કરવામાં આવેલ છે.

## જિલ્લાઓમાં ઘરવપરાશ માટે પાઇપલાઇનથી ગેસ જોડાણ

૬૨૫૮**શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ સરકાર દ્વારા કેટલા જિલ્લાઓમાં ઘરવપરાશ માટે પાઇપલાઇનથી રાંધણગેસ જોડાણ આપવામાં આવેલ છે, અને

(૨) બાકીના જિલ્લાઓને ક્યાં સુધીમાં આવરી લેવામાં આવશે?

**જવાબ**

(૧) ડીસેમ્બર -૨૦૦૯ની સ્થિતિએ નીચે દર્શાવેલ જિલ્લાઓમાં ઘર વપરાશ માટે પાઈપલાઈન મારફ્ત રાંધણ ગેસના જોડાણો આપવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો |
|---|---|
| ૧ | વલસાડ |
| ૨ | ખેડા |
| ૩ | સુરત |
| ૪ | આણંદ |
| ૫ | ભરૂચ |
| ૬ | પંચમહાલ |
| ૭ | અમદાવાદ |
| ૮ | ગાંધીનગર |
| ૯ | સુરેન્દ્રનગર |
| ૧૦ | રાજકોટ |
| ૧૧ | નવસારી |
| ૧૨ | હિંમતનગર |
| ૧૩ | મહેસાણા |
| ૧૪ | વડોદરા |

(૨) ગેસના પરિવહન માટેની ટ્રંક લાઈન (ગેસ ગ્રીડ) તેયાર થયે, બાકીના જીલ્લાઓને પણ આવરી લેવામાં આવશે.

------------

## ચીખલી તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ

૧૫૧૮૦**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન નવસારી જિલ્લાનાં ચીખલી તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) બાકીનાં પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવનધોરણ ઉંચુ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ""વનબંધુ કલ્યાણ યોજના"" અમલમાં મુકાયેલ છે. આદિવાસી વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ અન્વયે આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી મુજબના નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના તમામ ૫૦ પેટાપરાનું આશરે રૂા. ૧૦૬ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી.

------------

## સી.એન.જી.નો વપરાશ વધે તે માટેની યોજના

૧૬૨૫૦ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સી.એન.જી.નો વપરાશ વધે તે માટે લોકોમાં જાગૃતિ લાવવા રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મુકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તે અન્વયે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧. સી. એન. જી. જન જાગૃતિ અભિયાન અને સેમિનારનું આયોજન.

૨. સી.એન.જી. રિક્ષા ચાલકો માટે સી.એન.જી.

જાગૃતિ અભિયાન.

૩. સી.એન.જી. રીક્ષાનું વિનામુલ્યે ચેકઅપ કેમ્પનું આયોજન.

૪. આર.ટી.ઓ. માન્ય સી.એન.જી. કીટ અંગે જન જાગૃતિ અભિયાન.

૫. સી.એન.જી. માહિતી પુસ્તિકાનું વિતરણ.

૬. પ્રચાર પ્રસાર માધ્યમ દ્વારા સી.એન.જી. વિશે જાગૃતિ.

------------

**રાજ્યમાં લોકાયુક્ત ની જગ્યા**

૧૪૫૨૨**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં લોકાયુક્તની જગ્યા ક્યારથી ખાલી છે,

(૨) આ અન્વયે સરકાર કાર્યવાહી ક્યારે હાથ ધરવા માગે છે, અને

(૩) કેટલા સમયમાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૨૪-૧૧-૨૦૦૩ (કચેરી સમય બાદ)થી.

(૨) આ અંગેની કાર્યવાહી હાલ ચાલુ જ છે.

(૩) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂર્ણ થતાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવશે.

------------

**રાજ્યમાં વીજ ડયુટીની આવક**

૧૫૫૨૧ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર રાજ્યને વીજ ડયુટીની કેટલી આવક થઇ, અને

(૨) સરકાર વીજ ડયુટીનો દર ઘટાડવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| વર્ષ | થયેલ આવક (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૦૬૨.૩૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૦૩૦.૬૫ |
| ૨૦૦૮-૦૯ | ૨૩૪૪.૨૧ |
| ૨૦૦૯-૧૦ **(તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં)** | ૧૬૮૭.૪૨ |

(૨) રાજ્ય સરકારે પ્રજાના હિતમાં વર્ષ ૨૦૦૦ થી આજદિન સુધી તબક્કાવાર વીજકર દર રેશનલાઈઝ કરીને રૂા. ૧૦૦૦/- કરોડ જેટલી રાહતો આપી છે. જેનો આશરે એક કરોડથી વધારે ગ્રાહકોને લાભ મળ્યો છે.

]

------------

**આણંદ જિલ્લામાં ગ્રામ રક્ષકદળના જવાનોને ચૂકવવામાં આવેલ દૈનિક ભથ્થું**

૧૫૫૧૪**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર ગ્રામ રક્ષકદળના કેટલા જવાનોએ ફરજ બજાવી, અને

(૩) તે અંગે વર્ષવાર અને તાલુકાવાર કેટલું દૈનિકભથ્થું ચૂકવવામાં આવ્યું ?

(૪)

**જવાબ**

(૧) અને (૨)

| | તાલુકાનું નામ | સને-૨૦૦૮ ગ્રામ રક્ષક દળના સભ્યોની સંખ્યા | ચુકવેલ દૈનિક ભથ્થું રૂપિયા | સને ૨૦૦૯ ગ્રામ રક્ષક દળના સભ્યોની સંખ્યા | ચુકવેલ દૈનિક ભથ્થું રૂપિયા |
|---|---|---|---|---|---|
| (૧) | આણંદ | ૧૬૭૬ | ૧૨૭૩૦૮૨ | ૧૪૬૨ | ૧૩૩૫૮૭ |
| (૨) | ખંભાત | ૭૫૮ | ૩૬૮૦૪૩ | ૬૩૦ | ૬૪૮૬૨૫ |
| (૩) | ઉમરેઠ | ૩૦૫ | ૩૬૪૫૧૯ | ૩૧૨ | ૪૩૪૧૫૦ |
| (૪) | બોરસદ | ૮૫૫ | ૬૭૫૧૬૬ | ૭૦૦ | ૭૮૩૯૭૬ |
| (૫) | આંક્લાવ | ૨૪૩ | ૨૪૯૮૫૪૦ | ૨૩૮ | ૩૨૪૦૮૫ |
| (૬) | પેટલાદ | ૧૩૮૮ | ૯૭૨૭૧૬ | ૧૦૩૨ | ૧૦૬૦૩૮૩ |
| (૭) | સોજીત્રા | ૩૭૫ | ૨૩૪૭૦૭ | ૫૦૭ | ૨૫૪૦૭૩ |
| (૮) | તારાપુર | ૪૮૩ | ૬૦૧૪૧૩ | ૩૦૬ | ૪૯૪૬૭૯ |
| | **કુલ** | **૬૦૮૩** | **૪૭૩૯૧૮૬** | **૫૧૮૭** | **૫૩૩૩૫૫૮** |

------------

## બનાસકાંઠા જિલ્લાના ખેતરોમાં નર્મદાનું પાણી પહોંચાડવા બાબત

**૧૫૬૬૮શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં ખેતરોમાં પાણી પહોંચાડવાની ક્યા ક્યા પ્રકારની કેટલી કામગીરી કરવામાં આવી છે, અને

(૨) બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ નર્મદા યોજના આધારિત બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, દિયોદર, ભાભર, વાવ તથા થરાદ તાલુકામાં ખેતરોમાં પાણી પહોંચાડવા માટે બનાસકાંઠા જિલ્લામાંની નર્મદા મુખ્ય નહેરની ૧૦૧.૧૨૨ કી.મી. લંબાઈ તથા રાધનપુર શાખા નહેરની ૮.૨૦ કિ.મી. તથા કચ્છ શાખા નહેરની ૩૨.૯૭ કિ.મી. લંબાઈમાં કામગીરી મહદ અંશે પૂર્ણ કરવામાં આવેલ છે તથા તેમાં પાણી વહેવડાવવામાં આવી રહેલ છે.

(૨) નહેરોની બાકી રહેલ કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## કેન્દ્રની એજન્સી/સંસ્થાઓ પાસેથી સી.એન.જી. ગેસ ખરીદવા બાબત

**૧૬૦૪૦શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર કેન્દ્રની કઇ કઇ એજન્સીઓ/સંસ્થાઓ પાસે કાચો સી.એન.જી. ગેસ કે સી.એન.જી. ખરીદે છે,

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્રની કઇ કઇ એજન્સીઓ કે/સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કેટ કેટલો ગેસ સી.એન.જી. કાચો અને સી.એન.જી. શા ભાવે ખરીદેલ છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકની (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લી.) જી.એસ.પી.સી.એલ. કેન્દ્રની (૧) ગેઈલ ઈન્ડિયા લી., (૨) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈ.ઓ.સી.એલ.) અને (૩) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (બી.પી.સી.એલ.) સંસ્થાઓ પાસેથી કાચો નેચરલ ગેસ ખરીદે છે.

(૨) તા. ૩૧-૦૧-૧૦ની સ્થિતિએ બે વર્ષમાં કેન્દ્રની ઉપર દર્શાવેલ સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કાચો સી.એન.જી.ગેસનો જથ્થો નીચે દર્શાવેલ ભાવે ખરીદેલ છે.

| સંસ્થા | નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ | | નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|
| | જથ્થો MMSCM | ભાવ Rs./SCM | જથ્થો MMSCM | ભાવ Rs./SCM |
| ગેઈલ ઈન્ડિયા લી. (PMT) | ૩૯૩.૭૮ | ૯.૦૪ | ૨૬૩.૬૩ | ૯.૩૫ |
| ગેઈલ ઈન્ડિયા લી. (RLNG) | ૫૪૫.૨૬ | ૧૦.૨૫ | ૪૪૧.૦૯ | ૧૧.૬૨ |
| આઈ.ઓ.સીએલ. (RLNG) | ૩૩૪.૫૩ | ૧૦.૨૫ | ૨૫૪.૨૮ | ૧૧.૬૨ |
| બી.પી.સી.એલ. (RLNG) | ૧૬૮.૪૯ | ૧૦.૩૧ | ૧૨૩.૬૮ | ૧૧.૬૨ |
| કુલ.. | ૧૪૪૨.૦૬ | | ૧૦૮૨.૬૮ | |
| સરેરાશ ભાવ | | ૯.૯૩ | | ૧૧.૦૭ |
| સરેરાશ ભાવ રૂા. કિ.ગ્રા. | | ૧૧.૧૦ | | ૧૪.૬૧ |

**પ્રશ્ન**

(૩) આ કાચા સી.એન.જી. ગેસને પ્રોસેસીંગ કરવાની પડતર કિંમત શું છે, અને

**જવાબ**

(૩) કાચા સી.એન.જી. ગેસને પ્રોસેસિંગ કરવાની પડતર કિંમત નીચે મુજબ છે.

(૧) રૂા. ૨/-પ્રતિ કિ.ગ્રા. (ટ્રાન્સમિશન દ્વારા)

(૨) રૂા. ૩.૦૦ પ્રતિ કિ.ગ્રા. (પ્રોસેસિંગ ખર્ચ) અન્ય ખર્ચ જેમકે ડીલર માર્જિન, ડીસ્ટ્રીબ્યુશન કોસ્ટ, વેટ એક્સાઈઝ, કેપીટલ રીકવરી વિગેરે.

(૪) રાજ્ય સરકાર દ્વારા આ ગેસ વપરાશકર્તાઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ભાવે વેચવામાં આવેલ છે ?

(૪) સી.એન.જી. વપરાશકારોને કીલોગ્રામ પ્રમાણે વેચવામાં આવે છે, અને ૧ કીલોગ્રામ સી.એન.જી. માં ૧.૩૨ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનું પ્રમાણ હોય છે. રાજ્ય સરકાર હસ્તકની જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા હાલમાં સી.એન.જી.નો ભાવ રૂા. ૨૯.૭૫ કીલોગ્રામ છે જે તા. ૧૭-૦૨-૨૦૧૦ થી અમલમાં આવ્યો તે પહેલાં સી.એન.જી.નો ભાવ રૂા. ૨૮.૦૦ કીલોગ્રામ હતો. સી.એન.જી. નો ભાવ નીચે દર્શાવ્યા મુજબ નિયત કરાય છે.

| બાબત | | ભાવ (રૂા./કિ.). |
|---|---|---|
| ગેસ કિંમત ટ્રાન્સમિશન ખર્ચ સહિત | | ૧૬.૨૧ |
| અન્ય ખર્ચ | | |
| ડીલર માર્જીન | ૧.૩૦૦ | |
| ઓપરેશન અને મેઈન્ટેનન્સ ખર્ચ | ૨.૯૦૦ | |
| ઈન્ટરેસ્ટ તથા કેપીટલ રીકવરી | ૨.૨૦૦ | |
| એક્સાઈઝ તથા વેટ | ૭.૧૪૦ | ૧૩.૫૪ |
| કુલ ભાવ (ટેક્સ સાથે) | | ૨૯.૭૫૦ |

જ્યારે ભાવ રૂા. ૨૮.૦૦ હતો ત્યારે દર્શાવ્યા પ્રમાણે ટેક્ષ સિવાય બધીજ બાબતો સરખી હતી અને રૂા. ૨૮.૦૦ ઉપર બીજા ખર્ચા રીકવર કરવામાં જી.એસ.પી.સી. ગેસ કંપની અસફળ હતી અને જી.એસ.પી.સી. ગેસ કંપનીને નુકસાન હતું.

## લોક અદાલતમાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત

૧૬૨૭૨**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાંની વસૂલાત માટે યોજવામાં આવતી લોક અદાલતોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો, અને

(૨) તે લોક અદાલતોમાં કેટલી રકમ માટે સમાધાન થયું ?

**જવાબ**

(૧) રાજ્યમાં વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે યોજવામાં આવતી લોક અદાલતોમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૮,૨૧,૭૫૮ ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો.

(૨) તે લોક અદાલતોમાં કુલ ૯૪.૪૫ કરોડની રકમ માટે સામાધાન થયું.

## આતંકવાદ વિરોધી સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના

૧૬૨૭૫**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલાંરૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રીથી સુસજ્જ એવા સ્પેશ્યલ ઓપરેશન ગૃપની જિલ્લા/શહેરવાર રચના કરવા માટે કોઈ યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની અંતર્ગત તાલીમ, શસ્ત્ર અને સાધન સમાગ્રી અને વાહનો માટે શું વ્યવસ્થા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.
શહેર વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીના અને જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકશ્રીઓના નિયંત્રણ હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવામાં આવેલ છે.

(૨) સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરીની વિગતો નીચે મુજબ છે :-

(૧) રાજ્યમાં આંતકવાદી ઘટનાઓ ન બને તેની તકેદારી રાખવી.

(૨) આંતકવાદી સંગઠનો સાથે જોડાયેલ ઇસમોના

નામ સરનામાની વિગતો મેળવવી.

(૩) વિદેશી એજન્ટોને આશરો આપતાં ઇસમો/ સંસ્થાઓની યાદી તૈયાર કરવી.

(૪) હવાલાકાંડમાં સંડોયાયેલ કે પકડાયેલ વ્યક્તિઓની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવી.

(૫) વિદેશમાંથી ફંડ લાવી તેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરતી સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવી.

(૬) શકમંદ ટ્રાવેલ એજન્ટોના નામ સરનામા તૈયાર કરવા.

(૭) મકાન લે-વેચ તથા ભાડે આપવાનું કામ કરતા એજન્ટોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં તેની વિગતો આપવી.

(૮) સાયબર કાફેમાં ઇન્ટરનેટથી સંદેશાની આપલે કરતા ઇસમોની વિગતો રાખવી.

આ વિગતો એકત્રીત કરવા માટે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. સાયબર ગુનાઓ ડામવા માટે મળેલ ડેટા એનાલીસીસ કરવામાં આવે છે. જે માટે જરૂરી ૨૧ કોમ્પ્યુટર તેમજ આઇટીના અદ્યતન ઉપકરણો પુરાં પાડવામાં આવે છે.

ઉપરાંત ફોર વ્હીલ વ્હીકલ-૪૬, ટુ વ્હીલ વ્હીકલ-૬૪, ફેક્સ મશીન-૨ અને ઝેરોક્ષ મશીન-૨ પુરાં પાડેલ છે. આંતકવાદી પ્રવૃત્તિ ડામવા તેમજ સરહદી સુરક્ષા/સાગરકાંઠાની સુરક્ષા માટે સર્વેલન્સ કેમેરા, રીસીવર અને મોનીટર રેકોર્ડર, ડીઝીટલ વોઇસ રેકોર્ડર, સેલફોન, ડીઝીટલ કેમેરા, કેમીકલ કીટસ, એક્ષપ્લોઝીવ હેન્ડલીંગ કીટ, સર્ચલાઇટ, નાઇટ વિઝન ગોગલ્સ, બુલેટપ્રુફ જેકેટ, બગપ્રેશર, એમ-૪૫ પીસ્તોલ, સેલ્ફ લોડીંગ રાઇફલ, બોમ્બ ડીસ્પોઝલ કીટ વગેરે અદ્યતન પ્રકારના સાધનો પુરા પાડવા માટેનું આગવું આયોજન કરવામાં આવેલ છે. આ અદ્યતન શસ્ત્ર સામગ્રીના ઉપયોગ માટે એસ.ઓ.જી.ને વૈજ્ઞાનિક ઢબે રાજ્ય પોલીસ અકાદમી, કરાઇ ખાતે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

------------

**જામનગર જિલ્લાના ઉદ્યોગકારોને બળતણ માટે ગેસ પૂરો પાડવા બાબત**

૧૬૧૯૭**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના ઓદ્યોગિક કેન્દ્ર ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને દૈનિક સરેરાશ ગેસનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) અને (૨) : હાલમાં જામનગર જિલ્લામાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ગેસ પુરો પાડવામાં આવતો નથી, પરંતુ ગેસના પરિવહન માટેની ટ્રન્કલાઈન (ગેસગ્રીડ)નું કામ હાલમાં પૂરૂં થયું છે. આ અંગેની ગેસ વિતરણ માટેની પાઈપલાઈનનું કામ ચાલુ હોઈ, તે પૂર્ણ થયે ગેસ પૂરો પાડવાનું આયોજન છે.

------------

## દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની યોજના

૧૬૨૯૨**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) આ યોજના અંતર્ગત ૨૦૦૯-૨૦૧૦ના નાણાંકીય વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં શી શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂપિયા ૮૮૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૨) અને (૩) : તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કુલ રૂપિયા ૩૬૫૦.૧૮ લાખના ખર્ચે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(અ) વીજ વિતરણ લાઈનોના સમારકામ :

- ૪૩૧૦.૪૫ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.
- ૬૫૫૨ થાંભલા બદલવામાં આવ્યા
- ૧૧૦૬૬ ડીસ્ક ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા.
- ૩૦,૦૦૧ પીન ઈન્સ્યુલેટર બદલવામાં આવ્યા.
- ૨૦૪૦ ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ બદલવામાં આવ્યા.
- ૧૦૭૧.૮૧ કિ.મી. સર્વીસ વાયરો બદલવામાં આવ્યા.

(બ) પ્રવહન લાઈનોના સમારકામ :

- ૨૩૫૦ નંગ ટેન્શન લોકેશનોના ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા.
- ૪૩૫૨ નંગ સસ્પેન્શન લોકેશનોના ઈન્સ્યુલેટરો બદલવામાં આવ્યા.
- ૧૮૫૭ નંગ સ્ટ્રક્ચરો મજબૂત કરવાની કામગીરી કરવામાં આવી.

(ક) ૬૬ કે.વી.ના નવા સબ સ્ટેશનો સ્થાપવાની કામગીરી.

- તદ્‌ઉપરાંત ચાલુ વર્ષની જોગવાઈમાંથી ૬૬ કે.વી.ના ૯ સબ સ્ટેશનો સ્થાપવાની કામગીરી પ્રગતિમાં છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો આપવા બાબત

૧૬૨૯૩ **શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું,

(૨) તે અંતર્ગત ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં ૪૭૩૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન હતું. પરંતુ લાભાર્થીઓનો વિશેષ પ્રતિસાદ જોતાં વધુ ૧૦૫૩ લાભાર્થીઓને સમાવીને તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રૂા. ૧૩૯.૫૮ લાખના ખર્ચે કુલ ૫૭૮૩ લાભાર્થીઓને વીજજોડાણ આપવામાં આવેલ છે.

------------

## લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકાનું મંજૂર થયેલ પોલીસ મહેકમ

૧૫૩૫૬**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકામાં મંજૂર થયેલ પોલીસ મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) અને (૩) : વર્ષ ૨૦૦૭માં ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટર (અનાર્મ્ડ) અને ૩૦૦૦ લોકરક્ષકો, વર્ષ

(૩) કેટલા સમયમાં આ જગ્યા ભરવામાં આવશે ?

૨૦૦૮માં ૩૦૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૩૫૪૭ એસ.આર.પી.એફ. લોકરક્ષકો, વર્ષ ૨૦૦૯માં ૫૩૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ) અને ૫૩૯૦ લોકરક્ષકોની ભરતી કરવામાં આવી છે. પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને ભરતી કરવા માટે સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે. આ ભરતી બોર્ડે ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (અનાર્મ્ડ), ૮૭૩૪ પોલીસ કોન્સ્ટેબલ, ૪૨૬૪ એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ, ૧૪૩ એસ.આર. પી.એફ. પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ૪૪ ઈન્ટેલીજન્સ ઓફીસરની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરી છે. સીધી ભરતી માટે પારદર્શક ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવી રહી છે. તા. ૨૦-૦૨-૨૦૧૦થી શારીરિક કસોટીની પ્રક્રિયા શરૂ થઈ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મહેકમ | | કેટલા સમયથી ખાલી છે | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ખાલી | ૬ માસ સુધીની | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસથી ૨ વર્ષ સુધી | ૨ વર્ષ ઉપરની |
| ૧ | લીમખેડા | પોસઈ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૨૩ | ૧૨ | ૦૭ | ૦૫ | - | - |
| | | પોકો | ૩૬ | ૨૦ | ૧૫ | ૦૫ | - | - |
| ૨ | ધાનપુર | પોસઈ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૩ | - | - | - | - | - |
| | | પોકો | ૧૯ | ૦૬ | ૦૬ | - | - | - |
| ૩ | ગરબાડા | પોસઈ | ૦૧ | - | - | - | - | - |
| | | એએસઆઈ/હેકો | ૧૩ | - | - | - | - | - |
| | | પોકો | ૧૯ | ૦૯ | ૦૯ | - | - | - |

## પોલીસ દળનું આધુનિકરણ કરવા બાબત

૧૬૨૪૩**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળના આધુનિકરણ માટે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની વર્ષવાર માગણી કરી, અને

(૨) તેની સામે માગણીઓ પેકી કેન્દ્ર સરકારે કેટલી રકમ મંજૂર કરી ?

**જવાબ**

(૧) અને (૨) : પોલીસ દળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થતી રકમ ૨૦૦૦-૦૧માં રૂા. ૧૧૯.૫૩ કરોડથી ઘટીને ૨૦૦૬-૦૭માં ૪૯.૩૩ કરોડ થવા પામેલ.

ગુજરાત જેવા આંતરરાષ્ટ્રીય જમીન અને દરિયાઈ સરહદ અને ૧૬૦૦ કી.મી. જેટલા દરિયા કિનારો ધરાવતા રાજ્ય માટે પોલીસ દળને આધુનિક અને વેજ્ઞાનિક સાધનોથી સજ્જ કરવા માટે આ યોજના હેઠળ વધુ રકમ ફાળવવાની જરૂરિયાત હોવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ઘટાડવામાં આવેલ છે.

આ માટે ફંડ વધારવા તેમજ મેગા સીટી (અમદાવાદ) અને ડેઝર્ટ એરીયા પોલીસીંગ માટેનું ફંડ આ યોજનામાં સમાવવાને બદલે અલગથી સહાય ફાળવવા માટે અવારનવાર ઉચ્ચ કક્ષાએથી કેન્દ્ર સરકારને લેખિત રજૂઆતો અને વિનંતી કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૦-૦૧ના રૂા. ૧૧૯.૫૩ કરોડની સરખામણીએ છેલ્લા ત્રણ વર્ષોમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ પ્લાન, કેન્દ્રના ફાળાની રકમ અને તેની સામે છૂટી કરેલ રકમ નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| વર્ષ | મંજૂર પ્લાન | કેન્દ્રનો ફાળો | છૂટી કરેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૬૯.૪૦ | ૫૨.૦૫ | ૪૮.૯૭ |
| ૨૦૦૮-૦૯ | ૬૪.૦૦ | ૪૮.૦૦ | ૪૮.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૮૭.૪૭ | ૬૫.૬૦ | ૪૪.૫૫ |

------------

]

## નર્મદા બંધની ઉંચાઈ વધારવા અંગે

૧૫૦૬૭**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા બંધની કેટલી ઉંચાઈ વધારવાનું કામ બાકી છે, | (૧) સરદાર સરોવર બંધની છલતી ઉપર પીયર્સ, બ્રીજ તથા ત્રીસ રેડીયલ ગેટસ બેસાડવાનું કામ (૧૪૪.૫૦ મીટર સુધી) બાકી રહે છે. |
| (૨) તે અન્વયે પુનઃવસનની કામગીરી કેટલી બાકી છે, અને | (૨) નર્મદા બંધની ૧૩૮.૬૮ મીટર સુધીની સંપૂર્ણ ઉંચાઈ સુધી ગુજરાત , મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર રાજ્યનાં અને ગુજરાતમાં પુનઃવસન ઈચ્છુક તમામ અસરગ્રસ્તોનો ગુજરાત સરકાર ધ્વારા પુનઃવસન પૂર્ણ કરવામાં આવેલ છે. હાલ ગુજરાત રાજ્યમાં વસવાટ કરવા ઈચ્છુક એકપણ અસરગ્રસ્તનો પુનઃવસવાટ કરવાનો બાકી નથી.<br>મધ્યપ્રદેશ સરકાર દ્વારા પણ ૧૩૮.૬૮ મીટરની નર્મદા બંધની સંપૂર્ણ ઉંચાઈ સુધીની પુનઃ વસવાટની કામગીરી પૂર્ણ કરેલ છે. મહારાષ્ટ્ર સરકાર ધ્વારા ૧૩૮.૬૮ મીટરની નર્મદા બંધની સંપુર્ણ ઉંચાઈ સુધીની પુનઃવસવાટની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ કામ સત્વરે હાથ ધરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) રાજ્ય સરકારે છેલ્લે તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ યોજાયેલી નર્મદા કંટ્રોલ ઓથોરીટીની બેઠકમાં સબળ અને અસરકારક રજુઆત કરી પુનર્વસન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા નિર્ણય લેવડાવેલ છે. |

------------

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ નોટરીની જગ્યા

૧૬૨૮૦**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર): માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં નોટરીની મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં નોટરીઓની કુલ ૨૮ જગ્યાઓ છે. પરંતુ સાબરકાંઠા સહિત રાજ્યના કોઈપણ જિલ્લામાં નોટરીઓની જગ્યા કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી નથી. |
| (૨) આ પેકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને | (૨) ૨૮ જગ્યાઓ ભરાયેલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) કોઈ જગ્યા ખાલી નથી, તેથી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજકોટ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળી કરણ યોજનાની અરજીઓ

૧૪૭૪૧**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા એક (૧) વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,<br>(૨) કેટલી અરજીઓનો સર્વે થયેલ છે, અને | (૧), (૨) અને (૩) : રાજકોટ જિલ્લામાં છેલ્લા એક (૧) વર્ષમાં તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર વિગતો નીચે મુજબ છે. |

(૩) કેટલાને વીજ જોડાણો આપવામાં આવ્યા ?

| તાલુકો | મળેલ અરજીઓ | સર્વે થયેલ અરજીઓ | આપેલ વીજ જોડાણો |
|---|---|---|---|
| ઉપલેટા | ૩૮૦ | ૩૮૦ | ૩૬૫ |
| કોટડા | ૨૮૫ | ૨૮૫ | ૨૮૫ |
| ગોંડલ | ૨૯૫ | ૨૯૫ | ૨૯૫ |
| જસદણ | ૧૦૧૩ | ૧૦૧૩ | ૯૧૮ |
| જામકંડોરણા | ૭૯ | ૭૯ | ૭૮ |
| જેતપુર | ૯૧ | ૯૧ | ૯૧ |
| ટંકારા | ૧૨ | ૧૨ | ૧૦ |
| ધોરાજી | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ |
| પડધરી | ૭૮ | ૭૮ | ૭૩ |
| માળીયા | ૧૦૮ | ૧૦૮ | ૧૦૮ |
| મોરબી | ૦ | ૦ | ૦ |
| રાજકોટ | ૧૭૫ | ૧૭૫ | ૧૭૫ |
| લોધીકા | ૧૪૭ | ૧૪૭ | ૧૪૭ |
| વાંકાનેર | ૬૦ | ૬૦ | ૬૦ |
| **કુલ :-** | **૨૮૫૩** | **૨૮૫૩** | **૨૭૩૫** |

બાકી રહેતા ૧૧૮ પેકી ૮૧ અરજદારોને ફેબ્રુઆરી માસમાં વીજ જોડાણ આપવામાં આવ્યા છે અને ૩૭ અરજીઓનો માર્ચ-૨૦૧૦ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે.

------------

## રાજ્યમાં સામૂહિક બળાત્કારના બનાવો

૧૬૦૫૪**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સામૂહિક બળાત્કારના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને | (૧) કુલ-૧૫ બનાવો નાંધાયેલ છે. |
| (૨) આવા બનાવોમાં કેટલા ઈસમો સંડોવાયેલા છે અને તે પેકી કેટલાની ધરપકડ કરી ? | (૨) આવા બનાવોમાં **૫૭** ઈસમો સંડોવાયેલા છે અને તે પેકી **૫૩** આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. જ્યારે ચાર આરોપીઓને પકડવાના બાકી છે. તે પેકી ત્રણનાં નામ નમૂદ નથી જ્યારે એક્નું મરણ થયેલ છે. |

નામ નમૂદ વગરનાં આરોપીઓમાં ત્રણ શકદારોનાં નામ ખુલેલ છે તેઓના મેડીકલ ચેક અપ કરાવવામાં આવેલ છે અને સેમ્પલો લઈ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે. જ્યારે ફરિયાદી તથા ત્રણ શકદારોના લાઈ ડીટેકશન ટેસ્ટ કરવા ઉપર બાકી છે. જે આવ્યેથી તથા તથ્ય જણાયેથી તુરત ધરપકડ કરવામાં આવશે.

**આવા ગુના બનતા અટકાવવા નીચે જણાવ્યા મુજબ અસરકારક પગલાઓ લેવામાં આવે છે.**

- વાહન ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવે છે. નાઈટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મુક્વામાં આવેલ છે.
- અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી ગુન્હેગારોના આશ્રય સ્થળો, દંગાઓ, હોટલ-ગેસ્ટ હાઉસ વિગેરેનું ગોઠવવામાં આવે છે અને એ-રોલ તથા બી-રોલ ભરવામાં આવે છે.
- છેલ્લા બે વર્ષમાં પકડાયેલ સક્રિય ગુનેગારો વિરૂધ્ધ પાસા-તડીપારના પગલાંઓ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

- ગંભીર ગુન્હાઓની તપાસના પ્રગતિ રીપોર્ટ અઠવાડીક મંગાવી સીનીયર સુપરવાઈઝરી અધિકારીશ્રીઓ ધ્વારા મોનેટરીંગ કરવામાં આવે છે.
- શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસો સવારે

૭.૦૦ વાગ્યા પહેલાં ચાલુ કરવા ઉપર પ્રતિબંધ મુક્તું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.
- પોલીસ સ્ટેશન વિસ્તારમાં કામ કરતા સ્વૈચ્છિક સંગઠનો (એન.જી.ઓ.) વગેરે સાથે મળી શાળા/કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને તથા તેમના વાલીઓને તેમજ શૈક્ષણિક સંસ્થાના સંચાલકોને જરૂરી સલામતી માટે માર્ગદર્શિકા તેયાર કરી એક જ સ્થળે સ્કુલ/કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને તથા તેમના વાલીઓને તેમજ શૈક્ષણિક સંસ્થાના સંચાલકોને જરૂરી સલામતી માટે માર્ગદર્શિકા તેયાર કરી એક જ સ્થળે સ્કુલ/કોલેજમાં અભ્યાસ કરતી તમામ છોકરીઓને બેસાડી વ્યાખ્યાન રૂપે ટીપ્સ આપી જરૂરી માર્ગદર્શન આપવા શિબીરોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરવા પોલીસ ઈન્સ્પેક્ટર/મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓને જવાબદારી સોંપવામાં આવેલ છે.
- પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દરેક ટ્યુશન ક્લાસીસના સંચાલકો, સ્કુલો/કોલેજોનાં સંચાલકો અને વાલીઓના સંપર્ક કરી તેમની સાથે બેઠકો યોજી જરૂરી માર્ગદર્શન આપવું.
- હાઈસ્કુલ અને કોલેજમાં અભ્યાસ કરતી છોકરીઓને તેઓનાં પોતાના ઉપર શારીરિક હુમલાઓ ન થાય તે માટે ખાસ માર્ગદર્શન આપવું.
- આમ આવા ગુનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તકેદારીરૂપે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

**સોર વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા બાબત**

૧૬૨૯૪ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સોર વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોઈ નીતિની જાહેરાત કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ નીતિ અંતર્ગત ક્યા ક્યા પ્રોત્સાહનો આપવાનું આયોજન છે ? | (૨) આ નીતિ અંતર્ગત સામેલ **પત્રક** મુજબ પ્રોત્સાહનો ઉપલબ્ધ છે. |

**પત્રક**

અ. સોલર ફોટો વોલ્ટેઈક અથવા સોલર થર્મલ પ્રણાલીથી ઉત્પાદન કરેલ વીજળી, ઉત્પાદક પાસેથી નીચે જણાવેલ દરોથી ખરીદી કરવામાં આવશે.

| વિગત | સોલર ફોટો વોલ્ટેઈક (પ્રોજેક્ટસ માટે વીજળી ખરીદ ભાવ, રૂા./યુનિટ) | સોલર થર્મલ માટે ખરીદ ભાવ, રૂા./યુનિટ |
|---|---|---|
| ૩૧-૧૨-૧૦ પહેલાં કાર્યન્વિત કરેલ પ્રોજેક્ટ માટે | ૧૩.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) | ૧૦.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) |
| ૩૧-૩-૨૦૧૪ પહેલાં કાર્યન્વિત કરેલ અન્ય પ્રોજેક્ટ માટે | ૧૨.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) | ૦૯.૦૦ (પ્રથમ ૧૨ વર્ષ માટે)<br>૦૩.૦૦ (૧૩ થી ૨૫ વર્ષ માટે) |

બ. સોલાર પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતી વીજળીને વિદ્યુત શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવે છે.

ક. સોલર પ્રોજેક્ટની ક્ષમતાનાં ૫૦ ટકા સુધી ડિમાન્ડ કટમાંથી મુક્તિ.

ડ. સોલાર પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતી વીજળીના સ્વવપરાશ માટે ઉપયોગ કરવા મંજૂરી આપવામાં આવે છે.

------------

**સંખેડા, જેતપુર-પાવી અને છોટાઉદેપુર તાલુકામાં કૃષિ વીજ કનેક્શન મેળવવા જમા કરાવેલ નાણાં**

૧૫૫૧૭ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સંખેડા, જેતપુર-પાવી અને છોટા-ઉદેપુર તાલુકામાં કૃષિ વીજ કનેક્શન મેળવવા માટે કેટલા ખેડૂતોએ પૂરેપૂરા નાણાં જમા કરાવેલ છે, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સંખેડાના ૧૩૧ જેતપુર-પાવીના ૯૪૮ અને છેટા-ઉદેપુર તાલુકાના ૮૨૭ એમ કુલ મળી ૧૯૦૬ કૃષિ વીજ કનેક્શન મેળવવા માટે ખેડૂતોએ પૂરેપૂરા નાણાં જમા કરાવેલ છે. |
| (૨) આ નાણાં જમા કરાવનારા ખેડૂતોને વીજ કનેક્શન આપવા માટે થાંભલા, વાયરીંગ, (ટી.સી.) ગોઠવી દેવામાં આવેલા છે તેમ છતાં વીજ જોડાણો આપેલા નથી. તે વાત સાચી છે,<br>(૩) જો હા, તો તેમને કેટલા સમયથી વીજ જોડાણો આપવાના બાકી છે, અને | (૨) અને (૩) : (૧) નાણાં જમા કરાવનાર ૧૯૦૬ ખેડૂતો પૈકી ૧૫૮૫ ખેડૂતોને વીજ કનેક્શન આપવા માટે થાંભલા વાયરીંગનું કામ પૂર્ણ કરેલ છે.<br>(૨) થાંભલા વાયરીંગ પૂર્ણ થયેલ છે તે પૈકી ૧૦૧૧ નાં વીજ જોડાણ ચાલુ કરી દેવામાં આવેલા છા.<br>(૩) ૩૨૧ વીજ કનેક્શન માટે થાંભલા વાયરીંગની કામગીરી પ્રગતિમાં છે.<br>(૪) જ્યારે ૪૦૫ અરજદારોએ મોટર વાયરીંગ ટેસ્ટ રીપોર્ટ રજૂ કર્યા નથી.<br>(૫) જે ૧૬૯ અરજદારોએ વાયરીંગનો ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ છે તેમને માર્ચ-૨૦૧૦માં વીજ જોડાણ આપવાનું આયોજન છે. |
| (૪) હવે ક્યારે ઉક્ત જોડાણો આપવામાં આવશે ? | (૪) માર્ચ ૨૦૧૦માં ઉક્ત વીજજોડાણ આપવાનું આયોજન છે. |

**રાજ્યના પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૧૬૨૩૯**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું સરકારે નક્કી કરેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે, અને | (૨) કોમ્પ્યુટરાઈઝેશનમાં કોમ્પ્યુટર હાર્ડવેર, સોફ્ટવેર, ક્નેક્ટીવીટી અને એપ્લીકેશન સોફ્ટવેર જેવી બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા સ્કેનર ફાળવવામાં આવેલ છે (નવનિર્મિત પોલીસ સ્ટેશનો સિવાય).<br>કોમ્પ્યુટરાઈઝેશન માટે એચ.ડી.આઈ.આઈ.ટી.એસ. (હોમ ડીપાર્ટમેન્ટ ઈન્ટીગ્રેટેડ ઈન્ફોર્મેશન સીસ્ટમ) એપ્લીકેશન સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જેનું હાલમાં UAT (User Acceptance Test) ચાલી રહેલ છે. જે પૂર્ણ થતાં આ સોફ્ટવેર તમામ પોલીસ સ્ટેશનોમાં અમલમાં મુકવામાં આવશે. |
| (૩) બાકીનાનું ક્યાં સુધીમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે ? | (૩) ઉપર (૨) મુજબ. |

------------

**દહેજ ઓદ્યોગિક વસાહત માટે જમીન સંપાદન કરવા અંગે**

૧૫૭૦૫**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાની દહેજ ઓદ્યોગિક વસાહત માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જમીન સંપાદન માટે કેટ કેટલી દરખાસ્તો તૈયાર કરવામાં આવી, | (૧) ભરૂચ જિલ્લાની દહેજ ઓદ્યોગિક વસાહત માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જમીન સંપાદન માટે કુલ ૬ દરખાસ્તો મંજૂર થઈ છે. |
| (૨) ખેડૂતોની સંમતી વિના સંપાદનના જાહેરનામા પ્રસિધ્ધ થઈ રહયા છે. તે હકીક્તથી સરકાર વાકેફ છે, | (૨) દહેજ વિસ્તાર પી.સી.પી.આઈ.આર. તેમજ એસ.આઈ.આર. તરીકે જાહેર થયેલ હોવાથી ત્યાં |

અને

ઓદ્યોગિકરણની વિપુલ તકો ઉભી થયેલ છે તે ધ્યાને લેતાં જરૂરિયાત મુજબ અને જમીનની જળસ્થિતિ ધ્યાને લઈને જમીન સંપાદનના જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવે છે. જાહેરનામા પ્રસિદ્ધ કરતાં સમયે જમીન માલિકોની સંમતિની જરૂર નથી. પરંતુ રાજ્ય સરકારનો અભિગમ છે કે ખેડૂતો સાથે વાટાઘાટ કરીને તેમની સંમતિ મેળવીને અને યોગ્ય વળતર ચૂકવીને જમીનો સંપાદન કરવામાં આવે.

(૩) જો હા, તો સુપ્રીમ કોર્ટના આદેશ પછી આવા જાહેરનામા ક્યા આધારે બહાર પાડવામાં આવે છે ?

(૩) લાગુ પડતું નથી.

------------

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો**

૧૬૨૩૬ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો કેટલા છે, અને

(૧) કુલ-૨૩૪૪

(૨) ખૂટતા મકાનો બનાવવાનું શું આયોજન છે ?

(૨) સુરત શહેર ખાતે અલગ-અલગ સ્થળોએ કુલ-૬૭ મકાનો તેમજ સુરત રૂરલ ખાતે જુના જર્જરિત મકાનો તોડી પાડી બી-ટાઈપના-૧૧૦ અને સી-ટાઈપનું-૧ મકાન આગામી વર્ષમાં બનાવવાનું આયોજન છે.

**સાંધ્ય કોર્ટની સ્થાપના**

૧૬૨૮૧**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરી છે, અને

(૧) નવી એક પણ નહીં.

(૨) તે પૈકી ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરવામાં આવી છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં તાલુકાવાર બંદુકના લાયસન્સ મેળવવા બાબત**

૧૫૭૧૧**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર બંદુકના લાયસન્સ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૧) આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ કુલ ૮૫ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | |
|---|---|---|
| ૧. | આણંદ | ૩૨ |
| ૨. | ઉમરેઠ | ૦૧ |
| ૩. | પેટલાદ | ૧૦ |
| ૪ | સોજીત્રા | ૦૨ |
| ૫ | ખંભાત | ૦૫ |
| ૬ | તારાપુર | ૨૩ |
| ૭ | બોરસદ | ૧૨ |
| ૮. | આંકલાવ | ૦૦ |
| | કુલ | ૮૫ |

(૨) તે અન્વયે વારસાગત લાયસન્સ મેળવવા કેટલી અરજીઓ આવી, અને

(૩) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨) અને (૩) કુલ ૮૫ અરજીઓ પૈકી કુલ ૩૧ અરજીઓ મંજૂર કરી છે, પરંતુ વારસાગત લાયસન્સ મેળવવાની કોઈ અરજી મળેલ નથી કે મંજૂર કરવામાં આવેલ નથી.

**લોકાયુક્ત કચેરીમાં આવેલ ફરિયાદો**

૧૪૬૫૩ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોકાયુક્ત કચેરીમાં ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો

(૧) ""૦"" શૂન્ય

મળી,

(૨) તે પેકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નિકાલ ન થયો હોય તો તેના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક**

૧૪૬૯૧**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક કેટલી થયેલ છે, અન

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર આર.ટી.ઓ. કચેરીની આવક નીચે પ્રમાણે છે.

| કેલેન્ડર વર્ષ | આવક રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૮<br>૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ | ૧૯૦૯.૦૯ |
| ૨૦૦૯<br>૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ | ૨૧૨૪.૭૩ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**નવસારી જિલ્લામાં મંજૂર થયેલ નોટરીની જગ્યા**

૧૬૨૭૯**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં નોટરીની મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે,

(૨) આ પેકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં નોટરીઓની કુલ ૨૦ જગ્યાઓ છે. પરંતુ નવસારી સહિત રાજ્યના કોઈપણ જિલ્લામાં નોટરીઓની જગ્યા કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી નથી.

(૨) ૨૦ જગ્યાઓ ભરાયેલી છે.

(૩) કોઈ જગ્યા ખાલી નથી, તેથી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેઠાણના મકાનો**

૧૬૨૪૧**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૫-૧-૧૦ની સ્થિતિએ સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો કેટલા છે, અને

(૨) ખૂટતા મકાનો બનાવવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) કુલ-૨૩૪૪.

(૨) સુરત શહેર ખાતે અલગ-અલગ સ્થળોએ કુલ-૬૭ મકાનો તેમજ સુરત રૂરલ ખાતે જુના જર્જરિત મકાનો તોડી પાડી બી-ટાઈપના-૧૧૦ અને સી-ટાઈપનું-૧ મકાન આગામી વર્ષમાં બનાવવાનું આયોજન છે.

------------

**કોડીનાર તાલુકામાં હથિયાર પરવાના રદ કરવા અંગે**

૧૪૫૨૯ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં હથિયાર પરવાના નં.-૧૪૬૧/૦૬ તથા ૧૪૬૨/૦૬ થી આપેલ લાયસન્સમાં થયેલ ગુનાઓની સાચી માહિતી રજૂ થયેલ નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, જૂનાગઢે તા. ૧૦-૯-૨૦૦૯, તા. ૧૫-૧૦-૨૦૦૯ અને તા. ૧-૧૨-૨૦૦૯ ના રોજ ત્રણ પત્ર લખી પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ ને અહેવાલ આપવા જાણ કરેલ છે તેનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી તે વાત સાચી છે, | (૨) ના, જી. પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૨૧-૧૨-૨૦૦૯ના પત્રથી અહેવાલ મોકલી આપવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો ગુનાની સાચી માહીતી ન આપી હથિયાર લાયસન્સ મેળવવામાં મદદગારી કરનાર પોલીસ અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવાની થાય છે અને આવી કાર્યવાહી કરવા માગો છો કે કેમ, અને<br>(૪) ખોટી માહિતીના આધારે મેળવેલ હથિયાર પરવાના રદ કરવા માંગો છે કે કેમ ? | (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભાવનગર જિલ્લામાં કાર્યરત કોર્ટો**

૧૪૫૫૨**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી કોર્ટો કાર્યરત છે, અને | (૧) જુદા જુદા સંવર્ગની ૩૩ કોર્ટો કાર્યરત છે. |
| (૨) દરેક કોર્ટમાં તા. ૧૩-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે ? | (૨) સામેલ પત્રક મુજબ |

પત્રક

| અનુ. ક્રમ | કોર્ટનું નામ | દિવાની કેસો | ફોજદારી કેસો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ભાવનગર | ૬૬૪૧ | ૨૪૦ | ૬૮૮૧ |
| ૨ | અધિક જિલ્લા કોર્ટ, ભાવનગર | ૨૭૦૬ | ૨૦૨૧ | ૪૭૨૭ |
| ૩ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૧, ભાવનગર | ૧૪૫૪ | ૨૩૯ | ૧૬૯૩ |
| ૪ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૨, બોટાદ | ૨૨૯ | ૧૨૮ | ૩૫૭ |
| ૫ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૨, ભાવનગર | ૩ | ૦ | ૩ |
| ૬ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૩, મહુવા | ૧૪૯ | ૨૦૪ | ૩૫૩ |
| ૭ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૪, ભાવનગર | ૧૦૦૦ | ૨૪૩ | ૧૨૪૩ |
| ૮ | ફાસ્ટ ટ્રેક કોર્ટ-૫, મહુવા | ૮ | ૨૨૩ | ૩૧૧ |
| ૯ | પ્રિન્સીપાલ સિનિયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૫૩૬૩ | - | ૫૩૬૩ |
| ૧૦ | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભાવનગર | ૦ | ૬૦૫૮ | ૬૦૫૮ |
| ૧૧ | દ્વિતિય અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૧૫૦૫ | ૩૯૪૪ | ૫૪૪૯ |
| ૧૨ | તૃતીય અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૮૩૫ | ૪૩૧૫ | ૫૧૫૦ |
| ૧૩ | તૃતીય અધિક સીનીયર સીવીલ કોર્ટ, મહુવા | ૪૨૪ | ૦ | ૪૨૪ |
| ૧૪ | ચતુર્થ અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૧૭૪૬ | ૫૭૭૩ | ૭૫૧૯ |
| ૧૫ | પાંચમી અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૧૧૭૨ | ૩૩૨૪ | ૪૪૯૬ |
| ૧૬ | છઠ્ઠી અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૧૩૨૪ | ૨૪૩૨ | ૩૭૫૬ |
| ૧૭ | છઠ્ઠી અધિક સીનીયર સીવીલ કોર્ટ, ભાવનગર | ૮૮૫ | ૩૯૯૪ | ૪૮૭૯ |
| ૧૮ | અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૫૪૩ | ૧૭૬૫ | ૨૩૦૯ |
| ૧૯ | દ્વિતિય અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૧૬ | ૧૧૪ | ૧૩૦ |
| ૨૦ | તૃતીય અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૩ | ૫૧ | ૫૪ |
| ૨૧ | ચતુર્થ અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૪ | ૪૩ | ૪૭ |
| ૨૨ | પાંચમી અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૨ | ૫૭ | ૫૯ |
| ૨૩ | છઠ્ઠી અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૫ | ૪૯ | ૫૪ |
| ૨૪ | સાતમી અધિક સીવીલ કોર્ટ, ભાવનગર | ૩ | ૫૨ | ૫૫ |
| ૨૫ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, સિહોર | ૪૮૩ | ૩૦૩૮ | ૩૫૨૧ |
| ૨૬ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વલ્લભીપુર | ૬૪ | ૨૨૩ | ૨૮૭ |
| ૨૭ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ઉમરાળા | ૭૫ | ૨૪૪ | ૩૧૯ |
| ૨૮ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, પાલીતાણા | ૭૯૬ | ૨૭૯૬ | ૩૫૯૨ |
| ૨૯ | પી.ઓ.સાંધ્ય કોર્ટ, પાલીતાણા | ૦ | ૮૯ | ૮૯ |

| અનુ. ક્રમ | કોર્ટનું નામ | દિવાની કેસો | ફોજદારી કેસો | કુલ |
|---|---|---|---|---|
| ૩૦ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ગારીયાધાર | ૧૧૯ | ૪૫૩ | ૫૭૨ |
| ૩૧ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, બોટાદ | ૧૧૧૦ | ૨૫૧૦ | ૩૬૨૦ |
| ૩૨ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ગઢડા | ૭૩૧ | ૧૩૯૩ | ૨૧૨૪ |
| ૩૩ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, મહુવા | ૬૨૮ | ૨૫૬૯ | ૩૧૯૭ |
| ૩૪ | અધિક  સિવિલ કોર્ટ, મહુવા | ૪૬૭ | ૨૧૩૦ | ૨૫૯૭ |
| ૩૫ | પી.ઓ.સાંધ્ય કોર્ટ, મહુવા | ૦ | ૨૪૮ | ૨૪૮ |
| ૩૬ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, તળાજા | ૬૬૧ | ૪૦૦૭ | ૪૬૬૮ |
| ૩૭ | પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ઘોઘા | ૪૯૭ | ૧૩૧૬ | ૧૮૧૩ |
| ૩૮ | જુવેનાઈલ કોર્ટ, ભાવનગર | ૦ | ૬૩૧ | ૬૩૧ |
| ૩૯ | ખાસ કોર્ટ (અલંગ), ભાવનગર | ૯૮ | ૨૩૨ | ૩૩૦ |
| ૪૦ | જે.એમ.એફ.સી (રેલ્વે) ભાવનગર | ૦ | ૮૦ | ૮૦ |
| | **કુલ :** | **૩૧૮૨૯** | **૫૭૨૨૮** | **૮૯૦૫૭** |

------------

## અમદાવાદ શહેરમાં દારૂ અંગે પાડવામાં આવેલ રેડ

**૧૬૧૪૧ શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં દારૂ અંગેની કેટ કેટલી રેડો પોલીસ મથક દીઠ પાડવામાં આવી,

(૨) તે અન્વયે કેટ કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

(૩) દારૂનું વેચાણ સદંતર બંધ થાય તે માટે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) **પત્રક -અ મુજબ**

| પત્રક-અ | | |
|---|---|---|
| **અ.નં.** | **પો.સ્ટે. નું નામ** | **કુલ રેડો** |
| ૧ | વેજલપુર | ૮૬૨ |
| ૨ | સેટેલાઈટ | ૫૩૯ |
| ૩ | એલીસબ્રીજ | ૫૮૪ |
| ૪ | વસ્ત્રાપુર | ૧૨૨ |
| ૫ | નવરંગપુરા | ૨૯૭ |
| ૬ | ગુજરાત યુનિવર્સિટી | ૬૮૩ |
| ૭ | ઘાટલોડિયા | ૧૪૬ |
| ૮ | સોલા | ૫૩૪ |
| ૯ | નારણપુરા | ૧૮૫૨ |
| ૧૦ | ચાંદખેડા | ૧૦૪૫ |
| ૧૧ | સાબરમતી | ૩૦૩૯ |
| **અ.નં.** | **પો.સ્ટે. નું નામ** | **કુલ રેડો** |
| ૧૨ | માધુપુરા | ૧૮૭૪ |
| ૧૩ | શાહપુર | ૪૮૬ |
| ૧૪ | કારંજ | ૬૨૨ |
| ૧૫ | કાલુપુર | ૬૫૭ |
| ૧૬ | શહેરકોટડા | ૨૧૦૨ |
| ૧૭ | ખાડીયા | ૧૯૭૯ |
| ૧૮ | ગાયકવાડ હવેલી | ૩૦૯૮ |
| ૧૯ | દરિયાપુર | ૧૧૫૩ |
| ૨૦ | શાહીબાગ | ૨૬૪૮ |
| ૨૧ | સરદારનગર | ૮૫૦૪ |
| ૨૨ | નરોડા | ૧૯૯૨ |
| ૨૩ | મેઘાણીનગર | ૧૫૬૮ |
| ૨૪ | ગોમતીપુર | ૨૦૩૧ |
| ૨૫ | રખીયાલ | ૧૧૫૦ |
| ૨૬ | બાપુનગર | ૭૧૨ |
| ૨૭ | ઓઢવ | ૩૫૪૧ |
| ૨૮ | રામોલ | ૧૩૨૨ |
| ૨૯ | અમરાઈવાડી | ૩૬૫૫ |
| ૩૦ | કાગડાપીઠ | ૬૦૮૧ |
| ૩૧ | દાણીલીમડા | ૨૮૪૨ |
| ૩૨ | મણીનગર | ૬૪૮ |
| ૩૩ | ઈસનપુર | ૮૦૯ |
| ૩૪ | વટવા | ૪૫૮૧ |
| ૩૫ | વટવા G.I.D.C. | ૧૦૫૧ |
| ૩૬ | સીટી ક્રાઈમ | ૪૭ |
| | **કુલ :** | **૬૪૮૫૬** |

(૨) રૂા.૯૨,૨૩,૦૮૯/-નો દારૂ પકડવામાં આવ્યો.

(૩) દારૂનું વેચાણ સદંતર બંધ થાય તે માટે કુલ ૬૪૮૫૬ રેડો કરી ૭૪૬૭ આરોપીઓને પકડવામાં આવ્યા. અને ૬૪૫૬ કેસો કરવામાં આવ્યા આ સમયગાળા દરમ્યાન પાસાના ૩૫૯, હદપારીના ૬૪ અને પ્રોહીબીશન ની કલમ-૯૩ હેઠળના ૨૫૬૦ સામે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

-----------

## પોલિસ કર્મચારીઓને રજાઓનો પગાર ન મળવા અંગે

**૧૫૦૬૧શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ કર્મીઓને તેમની રજાનો પગાર લાંબા સમય સુધી મળતો નથી, તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આવો પગાર સમયસર થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના પોલીસ ખાતામાં પો.કો. / હે.કો. / એ.એસ.આઈ. / સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસોએ જરૂરિયાત ઉપસ્થિત થાય તો બજાવવી પડતી ફરજો માટે જે તે જાહેર રજાના દિવસનો પગાર ચૂક્વવાનું ધોરણ વર્ષ ૧૯૮૫થી નક્કી થયેલું છે. તદનુસાર આ પ્રમાણે ચુક્વણીનું ધોરણ ર?ાું છે. હાલમાં પાંચમા પગાર પંચ પ્રમાણે રજા પગારની ચૂક્વણી કરવાની રહે છે. છઠ્ઠા પગાર પંચનો અમલ કરવામાં આવ્યો હોઈ, રજા પગાર પણ છઠ્ઠા પગાર પંચ મુજબ ચૂક્વવાની દરખાસ્ત રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તરફથી કરવામાં આવી છે. જે બાબત ઉચ્ચ કક્ષાએ વિચારાધીન છે અને થોડા વખતમાં આ બાબતમાં યોગ્ય નિર્ણય આવી શક્શે.

------------

## કેન્દ્ર સરકાર દ્વારા નાના ઉદ્યોગોને કે. જી. બેઝિનનો ગેસ ફાળવવા અંગે

**૧૬૨૯૫શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના નાના ઉદ્યોગકારોને કે. જી. બેઝિનનો ગેસ કેન્દ્ર સરકાર દ્વારા જરૂરીયાતના પ્રમાણમાં ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં તે અન્વયે કેટલો ગેસ પૂરો પાડવામાં આવ્યો?

**જવાબ**

(૧) એમ્પાવર્ડ ગૃપ ઓફ મીનીસ્ટર્સ દ્વારા તા. ૨૭-૧૦-૨૦૦૯ના રોજ ડી.-૬માંથી ગેસની ફાળવણી કરી ૬૧.૬ મીલીયન ક્યુબિક મીટર ગેસની ફાળવણી નિર્ધારિત કરી. જ્યારે ૩૦.૦૦ મીલીયન ક્યુબિક મીટર ગેસ અનિર્ધારિત ધોરણે (ફોલ-બેક-બેઝીસ) ફાળવવામાં આવ્યો, તે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે અગ્રતાક્મ નક્કી કરી નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| ૧ | ફર્ટીલાઈઝર | ૧૫.૫ મીલીયન ક્યુબીક મીટર નિર્ધારીત ધોરણે |
| ૨ | વીજ ઉત્પાદન | ૩૧.૧ મીલીયન ક્યુબીક મીટર નિર્ધારીત ધોરણે ૧૨.૦ મીલીયન ક્યુબીક મીટર અનિર્ધારિત ધોરણે |
| ૩ | શહેરી વિતરણ | ૫.૦ મીલીયન ક્યુબીક મીટર નિર્ધારીત ધોરણે (તે પેકીનો ૪.૧ મીલીયન ક્યુબિક મીટર ગેસ બાદમાં સ્ટીલ ઉદ્યોગ માટે ફાળવવામાં આવ્યો.) |
| ૪ | એલ.પી.જી. રૂપાંતરણ | ૩.૦ મીલીયન ક્યુબીક મીટર નિર્ધારીત ધોરણે |
| ૫ | રીફાઈનરી અને પેટ્રોકેમીક્લ્સ | ૬.૯ મીલીયન ક્યુબીક મીટર નિર્ધારીત ધોરણે ૬.૦ મીલીયન ક્યુબીક મીટર અનિર્ધારિત ધોરણે |
| ૬ | લઘુ અને મધ્યમ ઉદ્યોગો | ૨.૦ મીલીયન ક્યુબીક મીટર અનિર્ધારીત ધોરણે |
| ૭ | સ્વ-વીજ ઉત્પાદન (સીપીપી) | ૧.૦ મીલીયન ક્યુબીક મીટર અનિર્ધારીત ધોરણે |

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં કે.જી. બેઝીનનો કોઈ ગેસ કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારને કે રાજ્ય સરકાર હસ્તક્ના કોઈ એક્મને પૂરો પાડવામાં આવ્યો નથી.

------------

## સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર અને હત્યાના બનાવો

**૧૫૯૭૬શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર બળાત્કાર અને હત્યાની કુલ કેટલી ઘટનાઓ બની,

**જવાબ**

(૧)

| સુરત જિલ્લો | | | તાપી જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | બળાત્કાર | હત્યા | તાલુકાનું નામ | બળાત્કાર | હત્યા |
| ઓલપાડ | ૪ | ૮ | વ્યારા | ૧ | ૧૪ |
| કામરેજ | ૨ | ૧૪ | વાલોડ | ૧ | ૨ |
| માંગરોલ | ૫ | ૧૪ | સોનગઢ | ૪ | ૧૫ |
| ઉમરપાડા | ૨ | ૧ | ઉત્સલ | ૨ | ૩ |
| બારડોલી | ૦ | ૮ | નિઝર | ૨ | ૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પલસાણા | ૨ | ૧૫ | | | |
| મહુવા | ૨ | ૧૦ | | | |
| માંડવી | ૨ | ૧૨ | | | |

(૨) આવી ઘટનાઓ અંગે જવાબદારો સામે એફ.આઈ.આર. નોંધવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) હા, જી. તમામ જાહેર થયેલ બનાવમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

(૩) તમામ જવાબદાર આરોપીઓ સામે ગુન્હા નોંધી તપાસ હાથ ધરી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા તપાસ કરાવી પુરાવા એકઠા કરી તેઓની આ ગુના સબબ ધરપકડ કરવામાં આવેલ અને નામ. કોર્ટમાં તેઓની વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. તેમજ આરોપી જામીન ઉપર ના છુટે તે માટે સતત સરકારી વકીલના સંપર્કમાં રહી કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૬૨૮૫**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) આ પેકી કેટલી ભરવામાં આવી, અને

(૩) કેટલી ખાલી છે, અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૯ (નેવ્યાસી)

(૨) એક પણ નહીં.

(૩) ૮૯ (નેવ્યાસી) જગ્યા ખાલી છે, જે કોર્ટોની જરૂરિયાત ધ્યાને લઈ જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીની યોગ્ય પ્રક્રિયા બાદ.

------------

**રાજકોટ જિલ્લામાં સી.એન.જી. ગેસ પૂરો પાડવા મધર અને ડોટર સ્ટેશનો**

૧૬૨૧૫**ડો. ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. પૂરો પાડવા માટે કેટલા મધર સ્ટેશનો અને કેટલાં ડોટર સ્ટેશનો કાર્યરત છે ?

**જવાબ**

રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સી.એન.જી. પૂરો પાડવા માટે ૬ (છ) મધર સ્ટેશનો અને ૮ (આઠ) ડોટર સ્ટેશનો કાર્યરત છે.

------------

**પાદરા તાલુકામાં ઘર વપરાશના વીજ જોડાણ**

૧૫૨૮૪**શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, પંડિત દિનદયાલ આવાસ તથા ગ્રામ્ય ખેડૂતો દ્વારા કેટલી ઘર વપરાશની વીજળીની માંગણીની અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પેકી કેટલાને વિજળીના ક્નેક્શન આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ અરજદારોને ક્યારે વીજ ક્નેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, પંડિત દિનદયાલ આવાસ તથા ગ્રામ્ય ખેડૂતો દ્વારા ઘર વપરાશની વીજળી માટે કુલ ૬૩૨૬ માંગણીઓ આવી. જે પેકી ૬૧૯૫ અરજદારોને વીજળીના ક્નેક્શન આપી દેવામાં આવ્યા છે. જ્યારે બાકી રહેતા ૧૩૧ સામાન્ય યોજનાના અરજદારોએ અંદાજપત્રના નાણાં નહીં ભરવાને કારણે આ અરજીઓ રદ થયેલ છે.

------------

**રાજુલા તાલુકામાં જી.આઈ.ડી.સી. સ્થાપવા અંગે**

૧૫૦૭૪**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં જી.આઈ.ડી.સી. સ્થાપવા અંગેની કોઈ કાર્યવાહી ચાલે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પીપાવાવ ઓદ્યોગિક વસાહતની જમીન માટે પ્રાથમિક જાહેરનામાની દરખાસ્તોની મંજૂરી મેળવવાની બાબત હાથ ધરવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં નવા સ્થળોએથી ક્રુડ ઓઈલ અને ગેસ મળવા બાબત**

૧૫૮૬૫**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા નવા સ્થળોએથી ક્રુડઓઈલ અને ગેસ મળી આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા સ્થળોએ આ અંગેનું સંશોધન ચાલુ છે, અને

(૩) કુલ કેટલો ગેસ અને ક્રુડ ઓઈલ મળવાની શક્યતા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૨ સ્થળોએ ક્રુડ ઓઈલ મળી આવેલ છે અને એક સ્થળે ગેસ મળી આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં (૧) અમદાવાદ, (૨) આણંદ, (૩) વડોદરા, (૪) ભરૂચ, (૫) ગાંધીનગર, (૬) ખેડા, (૭) મહેસાણા, (૮) કચ્છ એમ કુલ આઠ જિલ્લાઓમાં સંશોધન કાર્ય ચાલુ છે.

આ સંશોધન કુલ અંદાજીત વિસ્તાર ૧૩,૭૩૯.૮૦ ચો.કિ.મી.માં છે.

(૩) રાજ્યમાં ક્રુડ ઓઈલ અને ગેસ મળવાની શક્યતા નીચે મુજબ છે.

(અ) ઉપયુક્ત ક્ષેત્રમાં અંદાજીત ૯.૬૪ મીલીયન મેટ્રીક ટન ક્રુડ ઓઈલ મળવાની શક્યતા છે.

(બ) પ્રોડક્શન શેરિંગ કોન્ટ્રાક્ટ ક્ષેત્રમાં ઉપલબ્ધ ક્રુડ ઓઈલ અને ગેસના ભંડારનો અંદાજ કાઢવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

------------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પૂરી પાડવા બાબત**

૧૬૨૪૨**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યની ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ આધુનિક્તાની દ્રષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતામાં આધુનિક ટેક્નોલોજીઓ જેવી કે, ડી.એન.એ. બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગ, સાયબર ક્રાઈમ, ઓટોમેટીક ફીંગર પ્રીન્ટ સીસ્ટમ, ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમ, ઓડીયો-વીડીયો ઓથેન્ટીક્સ સીસ્ટમ, સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ વગેરે વસાવવામાં આવેલ છે અને ખાતાની તાંત્રિક નિપૂણતા, પારદર્શક્તા તથા તટસ્થતાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ ગુન્હાની તપાસમાં મદદ લે છે. અને તેઓને જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવે છે, તેમજ અન્ય રાજ્યોના તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓના અધિકારીઓને ફોરેન્સીક સાયન્સની તાલીમ દ્વારા

(૨) જો હા, તો તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવી ?

સહાયતા પૂરી પાડવામાં આવે છે.

(૨) ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા વર્ષ-૨૦૦૭, ૨૦૦૮ તથા ૨૦૦૯ (તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં)માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**સને ૨૦૦૭**

| અ.નં | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તર પ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્ય પ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરિયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પ?િમ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૫ | સી.બી.આઈ | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એર ફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૫ |
| | **કુલ કેસો** | ૨૭૨ |

**સને ૨૦૦૯**

**સને ૨૦૦૮**

| | | |
|---|---|---|
| ૨૧ | રેલ્વે | ૬ |
| ૨૨ | દાદરાનગર હવેલી | ૫૨ |
| ૨૩ | દમણ | ૧૪ |
| ૨૪ | દીવ | ૩ |
| **અ.નં** | **રાજ્યનું નામ** | **કેસો** |
| ૨૫ | એર ફોર્સ | ૧ |
| ૨૬ | ડી.આર.આઈ. | ૨૫ |
| ૨૭ | ઈન્સ્યોરન્સ કંપની | ૧૦ |
| ૨૮ | ઈન્કમ ટેક્સ | ૧ |
| ૨૯ | આઈ.ઓ.સી | ૧ |
| ૩૦ | ચંદીગઢ | ૨ |
| ૩૧ | આર.બી.આઈ. | ૧ |
| | **કુલ** | **૨૯૫** |

------------

**૧૪૮**

**"" પ્રશ્ન રદ કરવામાં આવેલ છે. ""**

------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ખૂન, લૂંટ અને ધાડના બનાવો**

૧૪૫૨૮**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯ના વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા ખૂન, લૂંટ અને ધાડના બનાવો બન્યા,

(૨) કેટલી રકમની લૂંટ કે ધાડ થઈ, અને

(૩) ખૂન-લૂંટ-ધાડના ગુનામાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | શહેર | જિલ્લામાં | કુલ |
|---|---|---|---|
| ખૂન | ૮૩ | ૧૯ | ૧૦૨ |
| લૂંટ | ૮૪૪ | ૩૭ | ૮૮૧ |
| ધાડ | ૧૮ | ૧૪ | ૩૨ |

(૨)

| | શહેર | જિલ્લામાં | કુલ |
|---|---|---|---|
| લૂંટ | ૨,૭૮,૮૬,૦૨૫૩ | ૫૨,૦૦,૬૬૭ | ૩,૩૦,૬૦,૯૨૦ |
| ધાડ | ૭૫,૫૧,૭૬૨ | ૩,૩૫,૬૬,૭૫૦ | ૪,૧૧,૧૮,૫૧૨ |

(૩)

| | શહેર | જિલ્લામાં | કુલ |
|---|---|---|---|
| ખૂન | ૧૪૨ | ૮૫ | ૨૨૭ |
| લૂંટ | ૫૭૩ | ૫૪ | ૬૨૭ |
| ધાડ | ૪૭ | ૫૨ | ૯૯ |

આ પ્રકારના ગુનાઓ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબ અસરકારક પગલાંઓ લેવામાં આવે છે.

(૧) રાઉન્ડ ધ ક્લોક નાકાબાંધી/વાહન ચેકીંગના પોઈન્ટો પર વાહન ચેકીંગ કરવામાં આવે છે.

(૨) ગુનેગારો આવીને વસવાટ કરી ગુનો કરી ભાગી જાય તેવી પ્રવૃતિ અટકાવવા સારું મકાન માલિક પોતાનું મકાન ભાડે આપે ત્યારે જે તે પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અંગેનું જાહેરનામું અમલમાં છે.

(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા અસરકારક નાઈટ રાઉન્ડની સ્કીમ પણ અમલમાં મૂકવામાં આવેલ છે.

(૪) પી.સી.આર. વાન દ્વારા પણ અસરકારક પેટ્રોલીંની કામગીરી કરવામાં આવે છે.

(૫) અવારનવાર હોટલ/ધાબાઓ, મોલો, ગેસ્ટ હાઉસો, રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડો જેવી ભીડવાળી જગ્યાઓ ચેક કરવામાં આવે છે. અને શંકાસ્પદ ઈસમો ઉપર દેખરેખ રાખવામાં આવે છે.

(૬) આ ઉપરાંત અવારનવાર કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવે છે. તેમજ નાસતા ફરતાં આરોપીઓ અને જેલમાંથી છૂટેલા આરોપીઓ ઉપર વોચ રાખવામાં આવે છે.

------------

## ભરૂચ જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ વાહનો

**૧૪૫૨૭ શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન દીઠ ક્યા ક્યા પોલીસ સ્ટેશનોમાં ક્યા પ્રકારના વાહનો છે,

(૨) તે અન્વયે કેટલા વાહનોની ઘટ છે, અને

(૩) આ વાહનો માટે કેટલા ડ્રાઈવરોની નિમણૂક થયેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન દીઠ નીચે પ્રમાણે વાહનોની ફાળવણી કરવામાં આવેલ છે. તેમજ કોલમ ૪ માં જણાવ્યા પ્રમાણેની સંખ્યામાં ડ્રાયવરોની નિમણૂકો થયેલી છે.

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | ફાળવેલ વાહન | | | | નીમાયેલ ડ્રાયવરોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ |
| | | જીપ | જીપ્સી | લાઈટવાન | મોટર સાયકલ | |
| ૧ | એ.ડીવીઝન | ૧ | ૧ | ૧ | ૧૧ | ૬ |
| ૨ | બી. ડીવીઝન | ૧ | | ૧ | ૫ | ૪ |
| ૩ | તાલુકા ભરૂચ પો. સ્ટેશન | ૧ | | | ૬ | ૨ |
| ૪ | દહેજ | ૧ | | | ૪ | ૨ |
| ૫ | નબીપુર | ૧ | | | ૩ | ૨ |
| ૬ | પાલેજ | ૧ | | | ૨ | ૨ |
| ૭ | અંકલેશ્વર શહેર | ૨ | | | ૬ | ૪ |
| ૮ | અંકલેશ્વર રૂરલ | ૧ | | | ૫ | ૨ |
| ૯ | અંકલેશ્વર જી.આઈ.ડી.સી. | ૧ | | | ૭ | ૪ |
| ૧૦ | વાલીયા | ૨ | | | ૬ | ૪ |
| ૧૧ | ઝગડીયા | ૧ | | | ૪ | ૨ |
| ૧૨ | ઉમલ્લા | ૧ | | | ૩ | ૨ |
| ૧૩ | હાંસોટ | ૧ | | | ૪ | ૨ |
| ૧૪ | જંબુસર | ૧ | | | ૨ | ૨ |
| ૧૫ | વાગરા | ૧ | | | ૨ | ૨ |
| ૧૬ | આમોદ | ૧ | | | ૩ | ૨ |
| ૧૭ | કાવી | ૧ | | | ૨ | ૨ |
| ૧૮ | વેડચ | ૧ | | | ૩ | ૨ |

સદરહુ પોલીસ સ્ટેશનમાં વાહનોની ઘટ નથી.

------------

## ટોરેન્ટ પાવર સ્ટેશન, સાબરમતી ખાતે અલગ પોલીસ સ્ટેશન બનાવવા બાબત

**૧૫૦૫૭ શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ટોરેન્ટ પાવર સ્ટેશન સાબરમતી ખાતે અગલ પોલીસ સ્ટેશન ફાળવવામાં આવ્યું છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ પોલીસ સ્ટેશનમાં ક્યાં પ્રકારનાં ગુનાઓની નોંધ કરવામાં આવે છે?

**જવાબ**

(૧) અને (૨) : જી.ઈ.બી. કંપાઉન્ડ, સાબરમતી, અમદાવાદ ખાતે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. પોલીસ સ્ટેશનનો વિસ્તાર પુનઃ નક્કી કરતું જાહેરનામું તા. ૭-૮-૨૦૦૮ના રોજ બહાર પાડવામાં આવ્યું છે. આ વીજ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આ મુજબના ઈન્સ્ટોલેશનોને આવરી લેવામાં આવ્યા છે :- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરિશન લી., ગુજરાત એનર્જી ટ્રાંસ્મીશન કોર્પોરિશન લી., ઉત્તર ગુજરાત વીજ કંપની લી., દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., મધ્ય ગુજરાત વીજ કંપની લી. અને પ?િમ ગુજરાત વીજ કંપની લી., મહેસાણા, પાટણ, પાલનપુર, ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લા અને અમદાવાદ અને ગાંધીનગરના ટોરેન્ટ પાવર લી. હેઠળના ઈન્સ્ટોલેશનો.

તા. ૨૧ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરીને આ પોલીસ સ્ટેશનને તેના કાર્યક્ષેત્રમાં આવરી લેવાયેલા સદરહુ ઈન્સ્ટોલેશનમાંથી થતી વીજ ચોરી બાબતમાં ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ (૨૬ ઓફ ૨૦૦૩)ની ક્લમ ૧૩૫, ૧૩૮ થી ૧૪૧ અને ૧૫૦ હેઠળના ગૂનાઓ નોંધવા અને તેની તપાસ કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

આ અગાઉ તા.૧૦-૩-૨૦૦૩ના જાહેરનામાથી જી.ઇ.બી. પોલીસ સ્ટેશન, સાબરમતી ઉભું કરવામાં આવેલ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ના ઉપક્રમે ઓગષ્ટ ૨૦૦૮ના જાહેરનામાથી સદરહુ ફેરફારો અમલમાં આવે છે.

------------

**સાણંદ તાલુકાના ખેડૂતોની જમીન ઓદ્યોગિક વસાહત માટે સંપાદન કરવા મહેસૂલ વિભાગે પાઠવેલ નોટીસ**

૧૨૭૪૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના કેટલા ગામના કેટલા ખેડૂતોની કેટલા એકર જમીન ઓદ્યોગિક વસાહત માટે સંપાદન કરવા મહેસૂલ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ક્યારે નોટીસો પાઠવી, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની ફળદ્રુપ જમીન સંપાદન કરવાને બદલે પડતર જમીન ઓદ્યોગિક વસાહત માટે ફાળવવા તે અન્વયે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) (ક) જીઆઈડીસીએ સાણંદ ઓદ્યોગિક વસાહતના એપ્રોચ માટે મોજે : ગામ છારોડી, ખોડા અને નારણપુરાની કુલ હેક્ટર ૨૦-૮૯-૩૨ ચો.મી. જમીન સંપાદન હેઠળ મુકવામાં આવેલ. જેનું કલમ-૪નું જાહેરનામું તા. ૪-૧૦-૦૮ અને તા. ૧૨-૦૩-૦૯ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જમીન સંપાદન ધારાની કલમ-૬ હેઠળનું જાહેરનામું તા. ૨૨-૦૯-૦૯ના રોજ પ્રસિધ્ધ થયેલ. આ જમીન સંમતિથી મેળવવામાં આવી છે.

(ખ) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના (૧) શિયાવાડા, (૨) ચરલ, (૩) હિરાપુર અને (૪) બોળ ગામના ખેડૂતોની જમીન સંપાદન કરવા અંગે જમીન સંપાદન અધિનિયમની કલમ-૪ હેઠળના ગામવાર પ્રાથમિક જાહેરનામાઓ સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા. ૧૮-૧૧-૦૯ના રોજ પ્રસિધ્ધ થયા છે.

(૨) સરકારનો અભિગમ ફળદ્રુપ જમીન સંપાદન કરવાનો હોતો નથી. પરંતુ, આયોજન હેઠળના વિસ્તારમાં એક જથ્થે પડતર જમીન ઉપલબ્ધ ન થાય તેવા કેસમાં સંમતિથી જરૂરિયાત વાળી જમીન મેળવવાની પ્રથા અમલમાં છે.

------------

**નર્મદા ડેમ ઉપર પીલર્સ અને બ્રીજ બાંધવાથી ઉભા થતાં બેકવોટર માટે સેન્ટ્રલ વોટર કમિશનનો અભિપ્રાય**

૧૬૨૮૭ **શ્રી ગુલસીંગભાઈ ર.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નર્મદા ડેમ ઉપર પીલર્સ અને બ્રીજ બાંધવાથી ઊભા થતા બેક વોટર માટે સેન્ટ્રલ વોટર કમિશને કોઈ અભિપ્રાય આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગત શી છે?

**જવાબ**

(૧) હા, જી. હકીકત સાચી છે.

(૨) સરદાર સરોવર બંધની અત્યારની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરની છે. કુલ ૧૩૮.૬૮ મીટર સુધી બંધ ઉંચો કરવાનો છે. બંધનું સિમેન્ટ, કોંક્રીટનું તમામ કામ પૂર્ણ થયેલ છે. હવે બંધ ઉપર દરવાજા બેસાડવાનું કામ બાકી રહે છે. આ દરવાજા બેસાડવા માટે ૩૦ પીયર્સ અને તેના ઉપર બ્રીજની બાંધકામની કામગીરી કરવાની બાકીમાં છે. આ કામગીરી કરવા માટે એન.સી.એ.ની મંજૂરી મળવાની બાકી છે.

નર્મદા ટ્રીબ્યુનલની જોગવાઈ મુજબ આ કામગીરી કરવા માટે કેન્દ્રીય જળ આયોગ દ્વારા બેક વોટરની ગણતરી કરવાની રહે છે. જેમાં આ પીયર્સના બાંધકામ થયા પછી પૂર આવે તો શું સ્થિતિ ઉભી થાય તેનો અભ્યાસ કરવાનો છે. આ માટે કેન્દ્રીય જળ આયોગે ૭મી ઓગસ્ટ-૨૦૦૮ના રોજ અભ્યાસ કરીને, જે અહેવાલ

આપ્યો છે, તે પ્રમાણે પીયર્સ અને બ્રીજની કામગીરી કરી દેવામાં આવે તો સરદાર સરોવર બંધ સ્થળે બેક વોટરની જળ સપાટી ૧૩૪.૧૫ મીટર થાય છે. આ અભ્યાસ જોતાં બંધની પૂર્ણ ઉંચાઈ સુધી તમામ પીયર્સ અને બ્રીજનું બાંધકામ કરી દેવામાં આવે તો પુનર્વસન અને પર્યાવરણની કામગીરી પર કોઈ વધારાની અસર થતી નથી. પીયર્સ અને બ્રીજની કામગીરી કરવામાં અંદાજે અઢી વર્ષ જેટલો સમય લાગે તેમ છે. તેથી રાજ્ય સરકારે નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીને આ પીયર્સ અને બ્રીજનું બાંધકામ ચાલુ કરવા પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

------------

## પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વનીકરણ અંતર્ગત વીજ જોડાણ

૧૬૨૭૧ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવાનું આયોજન હતું,

(૨) તે અંતર્ગત તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ""ઝુંપડા વીજળીકરણ યોજના"" અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પંચમહાલ જિલ્લામાં ૪૫૦૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન હતું. પરંતુ લાભાર્થીઓનો વિશેષ પ્રતિસાદ જોતાં વધુ ૯૬૬ લાભાર્થીઓને સમાવીને તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ રૂા. ૪૫૧.૩૫ લાખના ખર્ચે કુલ ૫૪૬૬ લાભાર્થીઓને વીજજોડાણ આપવામાં આવેલ છે.

------------

## રાજ્યમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જતાં ધારાસભ્યોની ધરપકડ કરવા બાબત

૧૫૧૯૨**શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં યોજવામાં આવતા ગરીબ કલ્યાણ મેળામાં માનનીય ધારાસભ્યોને નિમંત્રણ પાઠવતા ધારાસભ્યો આવા મેળામાં જાય છે ત્યારે તેમની ધરપકડ કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નિમંત્રણ પાઠવ્યા પછી તેમની આ રીતે ધરપકડ કરનારા જવાબદારો સામે સરકાર પગલા ભરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર જિલ્લામાં મંજૂર થયેલ નોટરીની જગ્યા

૧૬૨૮૩**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે .-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નોટરીની મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે,

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નોટરીઓની કુલ ૪૦ જગ્યાઓ છે. પરંતુ જામનગર સહિત રાજ્યના કોઇપણ જિલ્લામાં નોટરીઓની જગ્યા કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી નથી.

(૨) ૪૦ જગ્યાઓ ભરાયેલી છે.

(૩) કોઇ જગ્યા ખાલી નથી, તેથી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાવરકુંડલા શહેર અને ટાઉન પોલીસ સ્ટેશનમાં થયેલ ઘરફોડ ચોરીઓના બનાવો**

૧૪૬૯૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા શહેરમાં ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં કેટલી ઘરફોડ ચોરીઓ થઈ છે, | (૧) ૨૧. |
| (૨) આ થયેલ ઘરફોડ ચોરીમાંથી કેટલી ચોરી ડીટેક્ટ થયેલ છે, | (૨) ૧૧. |
| (૩) જો ચોરીઓ ડીટેક્ટ થયેલ નથી તેના શાં કારણો છે, અને | (૩) અને (૪) : બાકી રહેલ ૧૦ ચોરીના ગુના ડીટેક્ટ કરવા સઘન પ્રયાસો ચાલુ છે. પકડવાના બાકી તમામ આરોપીઓ નામ નમૂદ વગરના છે. જેઓના નામ શોધી કાઢવા ખાનગી બાતમીદારો તેમજ અન્ય સ્ત્રોત મારફતે તેઓનાં નામ સરનામાં મેળવવા અંગેના પ્રયાસો ચાલુ છે.<br>- અગાઉ પકડાયેલા આરોપીઓની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી આવા આરોપીઓ શોધી કાઢવાના પ્રયાસો કરવામાં આવે છે.<br>- આવા ગુનાઓ ડીટેક્ટ કરવા માટે નીચે મુજબના પગલાંઓ પણ લેવામાં આવે છે.<br>- નાઇટ રાઉન્ડની સ્કીમ અમલમાં મૂકવામાં આવે છે.<br>- અવાર-નવાર વાહન ચેકીંગ/નાકાબંધીનું આયોજન કરવામાં આવે છે.<br>- નાસતા-ફરતા આરોપીઓ અને જેલમાંથી છૂટેલાં આરોપીઓ ઉપર વોચ રાખવામાં આવે છે.<br>- અવાર-નવાર હોટલ/ધાબાઓ, ગેસ્ટ હાઉસો, રેલ્વે સ્ટેશન જેવી ભીડવાળી જ્યાઓ ચેક કરવામાં આવે છે.<br>- ચોરીઓના ગુનામાં એમસીઆર કાર્ડવાળા ઇસમો તેમજ હીસ્ટ્રીશીટરોને ચેક કરવામાં આવે છે.<br>- આવા ગુનામાં સંડોવાયેલા શકદારોના જરૂર જણાયે લાઇ ડીટેક્ટર ટેસ્ટ પણ કરવામાં આવે છે.<br>- આવા ગુનાઓ શોધી કાઢવા માટે ડોગ સ્ક્વોર્ડ તથા ફીંગર પ્રિન્ટ ઓપરેટરની મદદ પણ લેવામાં આવે છે. |

**રાજ્યમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જતા ધારાસભ્યોની ધરપકડ કરવા બાબત**

૧૫૦૬૩**શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં તાજેતરમાં યોજવામાં આવેલા ગરીબ કલ્યાણ મેળામાં ધારાસભ્યોને નિમંત્રણ અપાયા પછી ધારાસભ્યો આવા મેળામાં હાજરી આપવા જતા તેમની ધરપકડો કરવામાં આવી હતી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો નિમંત્રણ અપાયેલ હોય અને હાજરી આપવા જતા ધારાસભ્યોની ધરપકડ ક્યા કારણોસર કરી, જવાબદારો સામે પગલાં ભરવા સરકારે શું કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મુંબઈ એક્ટની જ્યાએ ગુજરાત સરકારના કાયદા બનાવવા બાબત**

૧૪૭૩૯**શ્રી જયંતિભાઈ પટેલ (સારસા)માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગુજરાતને ૫૦ વર્ષ પૂર્ણ થયા છતાં આજે આપણે ઘણા મુંબઈ એક્ટનો ઉપયોગ કરીએ છીએ તો ગુજરાત સરકાર પોતાના કાયદા બનાવવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યાર સુધીમાં? | (૨) બનતી ત્વરાએ. |

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર માટીકામ, રેતી અને મેટલની લીઝની પરમીટ**

૧૪૬૯૮ **શ્રી હીરાભાઈ પટેલ** (લુણાવાડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર માટીકામ અને રેતી અને મેટલની કેટલી લીઝની પરમીટ આપવામાં આવી,

**જવાબ**

(૧) નીચે મુજબ તાલુકાવાર માટી કામ, રેતી અને મેટલની ૩૯૩ ક્વોરીલીઝ આપવામાં આવી છે.

| અ.નં. | તાલુકાનું નામ | સાદી માટી | સાદી રેતી | મેટલ |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૦ | ૮૮ | ૧૦૫ |
| ૨ | કાલોલ | ૦ | ૨૭ | ૦ |
| ૩ | લુણાવાડા | ૦ | ૭૫ | ૦ |
| ૪ | ખાનપુર | ૦ | ૦ | ૦ |
| ૫ | મોરવા (હ) | ૦ | ૩૫ | ૦ |
| ૬ | શહેરા | ૦ | ૨૫ | ૦ |
| ૭ | હાલોલ | ૦ | ૦ | ૩૦ |
| ૮ | જાંબુઘોડા | ૦ | ૦ | ૦ |
| ૯ | સંતરામપુર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઘોઘંબા | ૦ | ૮ | ૦ |
| ૧૧ | કડાણા | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૦ | ૨૫૮ | ૧૩૫ |

(૨) આ સમય દરમ્યાન તાલુકાવાર સરકારને કેટલી આવક મળી,

(૨) આ સમય દરમ્યાન સરકારને થયેલ તાલુકાવાર આવક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવક રૂા. |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૨૭૦૮૨૦૫૭ |
| ૨ | કાલોલ | ૧૮૩૦૯૦૬ |
| ૩ | લુણાવાડા | ૨૪૯૬૬૫૧ |
| ૪ | ખાનપુર | ૨૫૦૦ |
| ૫ | મોરવા (હ) | ૨૦૦૧૮૪૨ |
| ૬ | શહેરા | ૬૮૯૯૨૧ |
| ૭ | હાલોલ | ૧૦૭૩૯૨૪૭ |
| ૮ | જાંબુઘોડા | ૦ |
| ૯ | સંતરામપુર | ૦ |
| ૧૦ | ઘોઘંબા | ૮૧૯૨૭૧ |
| ૧૧ | કડાણા | ૧૫૦૦ |
| | કુલ : | ૧૪૫૬૬૩૮૯૫ |

(૩) કેટલી ફરિયાદો લીઝ હોલ્ડરો સામે મળી, અને

(૩) ૧૨ (બાર).

(૪) ઉક્ત સમયગાળા દરમ્યાન રોયલ્ટીના દરો ક્યારે અને કેટલા વધારવામાં આવ્યા?

(૪) રોયલ્ટીના દરોમાં કોઇ જ ફેરફાર કરવામાં આવેલ નથી.

------------

**૧૬૧**

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે યોજાયેલ તાલીમ વર્ગ**

૧૬૨૭૩**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા તાલીમ વર્ગો યોજ્યા, અને

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હા તપાસની ઉચ્ચ કક્ષાની નિપૂણતા, અદ્યતન ટેક્નોલોજી તથા વિશ્વસનીયતાની દ્રષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતાની આ પ્રકારની કામગીરીને લક્ષમાં લઈ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય તથા તેની વિવિધ એજન્સીઓ દ્વારા ખાતાને ગુન્હા તપાસની તાલીમ માટે માન્ય કરવામાં આવેલ છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત કાર્યો ઉપરાંત અન્ય તાલીમ કાર્યક્રમો પણ આ ખાતા દ્વારા ચલાવવામાં આવે છે. જે મુખ્યત્વે દેશભરના જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાતો, ડોકટરો, ફોરેસ્ટ ઓફીસરો, આઈ.એ.એસ. ઓફીસરો, સીક્યોરીટી ઓફીસર, બેન્ક ઓફીસરો વિગેરે

માટે ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત નેપાલ, માલદીવ જેવા પડોશી દેશોના પોલીસ અધિકારીઓ તથા ફોરેન્સીક અધિકારીઓ માટે પણ ખાસ પ્રકારના તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં વિવિધ કક્ષાના અધિકારીઓ માટે કુલ-૧૬ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ.

(૨) તેમાં કેટલા તાલીમાર્થીઓને ક્યા વિષયની તાલીમ આપવામાં આવી?

(૨) સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કુલ-૨૬૫૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમો મુખ્યત્વે નીચેના વિષયો પર ગોઠવવામાં આવેલ.

(૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઈન ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ (૨) એક્સ્પ્લોઝીવ એન્ડ પોસ્ટ બ્લાસ્ટ ઈન્વેસટીગેશન (૩) ફોરેન્સીક ટ્રેનીંગ ઈન આઈડેન્ટીફીકેશન ઓફ ટુલ માર્ક, ટાયર માર્ક (૪) લીગલ પ્રોસીઝર એન્ડ એનાલીટીક્લ એસ્પેક્ટ ઓફ નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્ટન્સ (૫) પ્રીવેન્સન એન્ડ ડીટેક્શન ઓફ ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન ટ્રેનીંગ (૭) ઈન્વેસ્ટીગેશન ઓફ ક્રાઈમ અગેન્સટ વુમન (૮) ફોરેન્સીક ટ્રેનીંગ ઈન નારકોટીક્સ ડ્રગ્સ આઈડેન્ટીફીકેશન (૯) કોર્ષ ઈન સાયન્ટીફીક ઈન્ટ્રોગેશન (૧૦) મેથડ ઓફ ડીઝીટલ ફોરેન્સીક (૧૧) મોર્ડન ટ્રેન્ડ ઈન ફોરેન્સીક બેલેસટીક (૧૨) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઈન ડીટેક્શન ઓફ ક્રાઈમ (૧૩) ઈર્મજીગ ટેક્નીક્સ ઈન ફોરેન્સીક સાયકોલોજી (૧૪) વિઝયુઅલ ક્રાઈમ એનાલીસીસ ટેક્નીક (૧૫) ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન (૧૬) ફોરેન્સીક સાયન્સ ઈન ડીટેક્શન ઓફ ઈન્સ્યોરન્સ ફ્રૌડ કેસીસના જેવા વિષયો ઉપર જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાત વિગેરેને તાલીમ આપવામાં આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર પોલીસ આવાસો

૧૫૬૫૧**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ આવાસો આવેલ છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવાસોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૫૮૧ |
| દાંતા | ૭૪ |
| વડગામ | ૬૩ |
| અમીરગઢ | ૪૬ |
| ડીસા | ૧૮૧ |
| ધાનેરા | ૫૧ |
| દાંતીવાડા | ૪૩ |
| થરાદ | ૭૫ |
| વાવ | ૧૧૪ |
| કાંકરેજ | ૯૪ |
| ભાભર | ૨૮ |
| દિયોદર | ૫૩ |
| કુલ.. | ૧૪૦૩ |

(૨) હાલમાં સ્ટાફની સંખ્યા પ્રમાણે ક્યા ક્યા તાલુકામાં કેટલા આવાસો ખૂટે છે, અને

(૨)

| તાલુકાનું નામ | આવાસોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૨૨ |
| વડગામ | ૦૬ |
| દાંતીવાડા | ૦૬ |
| વાવ | ૧૨ |
| **કુલ..** | ૪૬ |

(૩) ખૂટતા આવાસોની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૩) આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાકીય જોગવાઈ, તથા જે તે સ્થળે જમીનની ઉપલબ્ધતા અનુસાર

------------

**સાંધ્ય કોર્ટની સ્થાપના**

૧૬૨૮૨**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) :માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરી છે, અને | (૧) નવી એક પણ નહીં. |
| (૨) તે પૈકી ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટની સ્થાપના કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરત જિલ્લાના ઉદ્યોગકારોને બળતણ માટે ગેસ પુરો પાડવા બાબત**

૧૬૨૨૪**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાનાં નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પુરો પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને સરેરાશ દૈનિક ગેસનો કેટલો જથ્થો પુરો પાડવામાં આવે છે? | (૨) ૩૪૭ ઓદ્યોગિક એકમોને પ્રતિદિન સરેરાશ ૧.૫૧ મીલીયન ક્યુબિક મીટર ગેસ પૂરો પાડવામાં આવે છે. |

**ધારાસભ્યશ્રીઓના મત વિસ્તારના વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ**

૧૪૭૪૩**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ધારાસભ્યશ્રીઓને પોતાના મત વિસ્તારમાં વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે, | (૧) વાર્ષિક રૂા. ૫૦/-લાખ |
| (૨) સદર ગ્રાન્ટ ઓછી છે તે હકિક્ત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ ગ્રાન્ટમાં વધારો કરવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં ઓછી આવકના કુટુંબોના ઘરોમાં વિજળીકરણ**

૧૫૦૭૧ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકામાં ઘરવપરાશ માટે ઓછી આવકના જુથના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ઘરવપરાશ માટે ઓછી આવકના જુથના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટે નીચે મુજબ અરજીઓ મળી<br>**તાલુકો** **મળેલ અરજીઓ** |

ધંધુકા ૨૪૫
બરવાળા ૮૨૩
રાણપુર૪૫૦

(૨) આ અરજીઓ પૈકી કઈ કઈ યોજનામાં સમાવેશ કરી કેટલા ઘરોમાં વીજ કનેક્શનો આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ બાકી છે, અને

(૪) બાકી અરજીઓના અરજદારોને વીજ જોડાણ કેટલા સમયમાં આપવામાં આવશે?

(૨), (૩) અને (૪) : ઉક્ત તમામ ૧૫૧૮ અરજદારોને ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

------------

**વાપીના ઉદ્યોગકારોને ગેસ પુરો પાડવા બાબત**

૧૬૨૨૩ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાનાં ઓદ્યોગિક કેન્દ્ર વાપી ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને દૈનિક ગેસનો સરેરાશ કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૩૨ ઉદ્યોગકારોને દૈનિક સરેરાશ ૩,૨૩,૦૦૦ એસ.સી.એમ. જેટલો ગેસનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

------------

**નવસારી જિલ્લામાં પાઈપલાઈન દ્વારા રાંધણગેસના જોડાણો**

૧૬૨૦૬**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઘરવપરાશ માટેનો રાંધણગેસ પૂરો પાડવા કેટલા જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલ જોડાણો ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૦૧૯૩ જેટલા ઘર વપરાશકારોને પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો પુરો પાડવામાં આવે છે અને ઘરવપરાશના જોડાણો દૈનિકધોરણે આપવામાં આવે છે. તદઉપરાંત આજની તારીખે કુલ ૧૩,૫૫૫ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) ઘરવપરાશના જોડાણો દૈનિક ધોરણે સતત પ્રક્રિયાના ભાગરૂપે આપવામાં આવે છે. તેમ છતાં બાકીની અરજીઓનો નિકાલ સને ૨૦૧૦ સુધીમાં તબક્કાવાર કરવાનું આયોજન છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં વીજ ચોરીના કેસો**

૧૫૫૨૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતો, ઉદ્યોગો અને રહેણાંકમાં વીજચોરીના કુલ કેટલા કેસો નોંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતો, ઉદ્યોગો અને રહેણાંકમાં વીજ ચોરીના નોંધાયેલ કેસોની વિગતો નીચે મુજબ છે,

| કેટેગરી | વીજ ચોરીના નોંધાયેલ કેસોની કુલ સંખ્યા |
|---|---|
| ખેતીવાડી | ૧૪૫૮ |
| ઓદ્યોગિક | ૨૭ |
| રહેઠાણ | ૫૩૮૬ |
| **કુલ...** | ૬૮૭૧ |

(૨) તેના અંગે દંડ પેટે ઉક્ત ઈસમો પાસેથી સરકારે કેટલી રકમ વસુલી?

(૨) તેના અંગે દંડ પેટે ઉક્ત ઈસમો પાસેથી સરકારે કુલ રૂપિયા ૨,૭૩,૩૧,૧૦૮/- વસૂલ કરેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં સી.એન.જી. ગેસ પૂરો પાડતાં મધર અને ડોટર સ્ટેશનો**

૧૬૨૨૦**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. પૂરો પાડવા માટે બનાસકાંઠા જિલ્લામાં કેટલા મધર સ્ટેશનો અને કેટલાં ડોટર સ્ટેશનો કાર્યરત છે?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મધર સ્ટેશન નથી. પરંતુ જી.એસ.પી.એલની મહેસાણા-પાલનપુર ટ્રંક પાઈપ લાઈન પૂર્ણ થયે મધર સ્ટેશન ચાલુ થાય તેવું આયોજન કરેલ છે અને હાલમાં પાલનપુરમાં ૧ ડોટર સ્ટેશન કાર્યરત છે.

------------

**રાજ્યના પોલીસ કર્મચારીઓને રજાઓનો પગાર ન ચૂકવવા બાબત**

૧૫૮૦૯**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ કર્મીઓને તેમની રજાનો પગાર છેલ્લા છ માસથી ચૂકવાયો નથી તે હકીક્ત છે, અને

(૨) જો હા, તો આવો પગાર સમયસર નહીં ચૂકવવાના કારણો શાં છે અને કેટલા સમયમાં રજા પગાર ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના પોલીસ ખાતામાં પો.કો./હે.કો./એ.એસ.આઈ. સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસોએ જરૂરીયાત ઉપસ્થિત થાય તો બજાવવી પડતી ફરજો માટે જે તે જાહેર રજાના દિવસનો પગાર ચૂકવવાનું ધોરણ વર્ષ ૧૯૮૫થી નક્કી થયેલું છે. તદ્નુસાર, આ પ્રમાણે ચૂકવણીનું ધોરણ ર?ું છે. હાલમાં પાંચમા પગાર પંચ પ્રમાણે રજા પગારની ચૂકવણી કરવાની રહે છે. છઠ્ઠા પગાર પંચનો અમલ કરવામાં આવ્યો હોઈ, રજા પગાર પણ છઠ્ઠા પગાર પંચ મુજબ ચૂકવવાની દરખાસ્ત રાજ્યના પોલિસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ, અધિકારીશ્રી તરફથી કરવામાં આવી છે. જે બાબત ઉચ્ચ કક્ષાએ વિચારાધીન છે અને થોડા વખતમાં આ બાબતમાં યોગ્ય નિર્ણય આવી શકશે.

------------

**આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૬૨૮૪**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) આ પેકી કેટલી ભરવામાં આવી, કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૮૯ જગ્યાઓ.

(૨) એક પણ જગ્યા ભરવામાં આવી નથી.

(૩) કોર્ટોની જરૂરિયાત ધ્યાને લઈ જાહેર સેવા આયોગ ધ્વારા સીધી ભરતીની યોગ્ય પ્રક્રિયા બાદ.

------------

## રાજ્યમાં ગેસ અને કોલસા આધારિત વિદ્યુત મથકોમાંથી વીજ ઉત્પાદન

૧૫૦૬૮**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત અને કોલસા આધારિત કેટલા વિદ્યુત મથકો આવેલા છે, અને

(૨) તેના દ્વારા કેટ કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવે છે?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| ક્રમાંક | પાવર પ્લાન્ટનું નામ | વીજ ક્ષમતા (મે.વો.) | વીજ ઉત્પાદન (મીલીયન યુનિટ) |
|---|---|---|---|
| | | | ૨૦૦૯-૧૦ (ડીસે. ૦૯ સુધી) |
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | | |
| ૧ | ઉકાઈ થર્મલ | ૮૫૦ | ૩૧૬૭ |
| ૨ | વણાકબોરી થર્મલ | ૧૪૭૦ | ૭૪૪૨ |
| ૩ | ગાંધીનગર થર્મલ | ૮૭૦ | ૪૧૪૩ |
| ૪ | સિક્કા થર્મલ | ૨૪૦ | ૯૧૭ |
| ૫ | કચ્છ લિગ્નાઈટ | ૨૯૦ | ૬૫૭ |
| | **સરકારી ક્ષેત્રના આઈપીપી** | | |
| ૧ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન-લીગ્નાઈટ | ૨૫૦ | ૮૪૯ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.-એસએલપીપી લીગ્નાઈટ | ૨૫૦ | ૧૧૫૭ |
| | **ખાનગી સાહસો** | | |
| ૧ | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ - અદાણી (યુનિટ નં. ૧) | ૩૩૦ | ૪૦૯ |
| ૨ | ટોરેન્ટ પાવર - એઈસી (સાબરમતી) | ૪૦૦ | ૨૫૦૭ |

**રાજ્યમાં આવેલ ગેસ આધારિત પાવર પ્લાન્ટ અને તેમાંથી થતું વીજ ઉત્પાદન**

| ક્રમાંક | પાવર પ્લાન્ટનું નામ | વીજ ક્ષમતા (મે.વો.) | વીજ ઉત્પાદન (મીલીયન યુનિટ) |
|---|---|---|---|
| | | | ૨૦૦૯-૧૦ (ડીસે. ૦૯ સુધી) |
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | | |
| ૧ | ઉત્તરાણ ગેસ બેઈઝડ | ૧૩૫ | ૫૯૨ |
| ૨ | ઉત્તરાણ ગેસ બેઈઝડ એક્સપાન્સન | ૩૭૫ | ૪૪૬ |
| ૩ | ધુવારણ ગેસ બેઈઝડ સ્ટેજ-૧ | ૧૦૭ | ૩૯૪ |
| ૪ | ધુવારણ ગેસ બેઈઝડ સ્ટેજ-૨ | ૧૧૨ | ૫૫૬૦ |
| | **સરકારી ક્ષેત્રના આઈપીપી** | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન - હજીરા | ૧૫૬ | ૮૪૬ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સ્ટેજ-૧ | ૧૪૫ | ૨૭૬ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સ્ટેજ-૨ | ૧૬૫ | ૭૬૧ |
| | **કેન્દ્રીય સાહસોનો હિસ્સો** | | |
| ૧ | ગાંધાર ગેસ આધારિત (ગુજરાત રાજ્યમાં) | ૬૫૭ | ૧૧૪૪ |
| ૨ | ક્વાસ ગેસ આધારિત (ગુજરાત રાજ્યમાં) | ૬૫૬ | ૮૩૮ |
| | **ખાનગી સાહસો** | | |
| ૧ | ગુજરાત પગુથન પાવર કંપની | ૬૫૫ | ૩૫૩૬ |
| ૨ | એસ્સાર | ૫૧૫ | ૧૦૩૮ |
| ૩ | ટોરેન્ટ પાવર - એઈસી (વટવા) | ૧૦૦ | ૬૫૨ |
| ૪ | ટોરેન્ટ પાવર સુઝેન | ૧૧૪૭.૫૭ | ૪૬૩૩ |

------------

## રાજકોટ જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઘરવપરાશના રાંધણ ગેસના જોડાણો

૧૬૨૧૨**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય દ્વારા રાજકોટ જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઘરવપરાશ માટેનો રાંધણગેસ પૂરો પાડવા કેટલા જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ નીચે દર્શાવેલ જિલ્લાઓમાં ઘર વપરાશ માટે પાઈપલાઈન મારફત રાંધણ ગેસના જોડાણ આપવામાં આવેલ છે.

| ૫ | જિલ્લો |
|---|---|
| ૧ | વલસાડ |
| ૨ | ખેડા |
| ૩ | સુરત |
| ૪ | આણંદ |
| ૫ | ભરુચ |
| ૬ | પંચમહાલ |
| ૭ | અમદાવાદ |
| ૮ | ગાંધીનગર |
| ૯ | સુરેન્દ્રનગર |
| ૧૦ | રાજકોટ |
| ૧૧ | નવસારી |
| ૧૨ | હિંમતનગર |
| ૧૩ | મહેસાણા |
| ૧૪ | વડોદરા |

(૨) ગેસના પરિવહન માટેની ટ્રંક લાઈન (ગેસ ગ્રીડ) તેયાર થયે, બાકીના જીલ્લાઓને પણ તબક્કાવાર આવરી લેવામાં આવશે.

------------

**પોલીસ કર્મચારીઓને રજાનો પગાર ન ચૂક્વવા બાબત**

૧૬૦૫૫ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના પોલીસ કર્મચારીઓને તેમની રજાનો પગાર છેલ્લા છ માસથી ચુક્વાયો નથી તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો આવા પગાર નહીં ચૂક્વવાના કારણો શા છે, અને

(૩) જવાબદારો સામે પગલાં ભરી સરકાર કેટલા સમયમાં આ રકમ ચૂક્વવા માંગે છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્યના પોલીસ ખાતામાં પો.કો./હે.કો./એ.એસ.આઈ. સંવર્ગના કર્મચારીઓને જાહેર રજાના દિવસોએ જરૂરીયાત ઉપસ્થિત થાય તો બજાવવી પડતી ફરજો માટે જે તે જાહેર રજાના દિવસનો પગાર ચૂક્વવાનું ધોરણ વર્ષ ૧૯૮૫થી નક્કી થયેલું છે. તદનુસાર, આ પ્રમાણે ચૂક્વણીનું ધોરણ ૨?ું છે. હાલમાં પાંચમા પગાર પંચ પ્રમાણે રજા પગારની ચૂક્વણી કરવાની રહે છે. છઠ્ઠા પગાર પંચનો અમલ કરવામાં આવ્યો હોઈ, રજા પગાર પણ છઠ્ઠા પગાર પંચ મુજબ ચૂક્વવાની દરખાસ્ત રાજ્યના પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તરફથી કરવામાં આવી છે. જે બાબત ઉચ્ચ કક્ષાએ વિચારાધીન છે અને થોડા વખતમાં આ બાબતમાં યોગ્ય નિર્ણય આવી શકશે.

------------

**વડોદરા જિલ્લામાં આદિજાતિના લોકોને વિજળીનો લાભ**

૧૫૫૧૮ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લાના આદિજાતિના લોકોને વિજળીકરણનો લાભ આપવા સરકારે કઇ કઇ યોજનાઓ અમલમાં મૂકી છે,

(૨) તે પૈકી યોજનાવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તે પૈકી નહીં આપેલા જોડાણો કેટલા સમયથી પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લાના આદિજાતિના લોકોને વિજળીકરણનો લાભ આપવા રાજ્ય સરકારે ""કુટિર જ્યોતિ યોજના"" અમલમાં મુકેલ છે. તદ્ઉપરાંત ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વીજળીકરણની યોજના અને આર.જી.જી.વી.વાય. પણ અમલમાં છે.

(૨) તે પૈકી કુટિર જ્યોતિ યોજના હેઠળ ૧૮૬૬૫, ન્યુ ગુજરાત પેટર્ન વીજળીકરણ યોજના હેઠળ ૧૦૮૧ અને આર.જી.જી.વી.વાય. હેઠળ ૧૦૧૦૯ મળી કુલ ૨૯,૮૫૫ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૩) કુટિર જ્યોતિ યોજના હેઠળ સપ્ટેમ્બર, ૦૯ સુધી મળેલ તમામ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે અને ત્યારબાદ મળેલ અરજીઓ અંગેની કામગીરી હાથ પર છે.

ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વીજળીકરણ માટેની કોઈ અરજી પડતરમાં નથી. આર.જી.જી.વી.વાય.માં અરજદારોએ અરજી કરવાની હોતી નથી. વીજ વિતરણ કંપનીઓ દ્વારા બી.પી.એલ. યાદીના લાભાર્થીઓનો સર્વે ટર્ન-કી કોન્ટ્રાક્ટર દ્વારા કરાવી તબક્કાવાર મંજુરી મુજબના વીજ જોડાણની કામગીરી હાથ ધરાતી હોય છે.

------------

**સુરત જિલ્લાના ઉદ્યોગકારોને બળતણ માટે ગેસ પુરવઠો પુરો પાડવા બાબત**

૧૬૨૭૭ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓદ્યોગીક કેન્દ્ર ખાતે નાના અને મધ્યમ ઉદ્યોગકારોને બળતણ માટે ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ઉદ્યોગકારોને ગેસનો દૈનિક સરેરાશ કેટલો જથ્થો પૂરો પાડવામાં આવે છે ?

(૨) ૩૪૭ ઓદ્યોગિક એકમોને પ્રતિદિન સરેરાશ ૧.૫૧ મીલીયન ક્યુબિક મીટર ગેસ પૂરો પાડવામાં આવે છે.

------------

**રાજ્યમાં નવા ઉદ્યોગો માટે વીજ ઉત્પાદનનું આયોજન**

૧૫૭૧૨ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નવા આવતા ઉદ્યોગો માટે જરૂરી વિજળીની સવલતો પૂરી પાડવા રાજ્ય સરકારે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વધુ વીજ ઉત્પાદન કરવા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૨) આવા ઉદ્યોગો માટે અંદાજે કેટલા મેગાવોટ વિજળીની જરૂરીયાત ઉભી થશે ?

**જવાબ**

(૧) જે તે પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન વીજ ક્ષમતા વધારવાનું આયોજન કરતી વખતે માત્ર નવા ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાને લઈ, આયોજન કરવામાં આવતું નથી. પરંતુ રાજ્યના તમામ કેટેગરીના વીજ ગ્રાહકોની જરૂરિયાતને લક્ષમાં રાખી આયોજન કરવામાં આવે છે અને સામાન્ય રીતે આગામી વર્ષોની વીજ જરૂરિયાતનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધ્યોગિકરણ દ્વારા હાથ ધરવામાં આવતાં ઈલેક્ટ્રીક પાવર સર્વેના આધારે કરવામાં આવે છે. તદ્નુસાર તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આગામી વર્ષોમાં નવા ઉદ્યોગો સહિતની વીજ જરૂરિયાતને પહોંચી વળવા ૭૦૪૮ મે.વો. નવી વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન કર્યું છે.

(૨) ઉપર ખંડ-૧માં જણાવ્યા મુજબ રાજ્યમાં નવા ઉદ્યોગો સહિતની લાંબાગાળાની વીજ જરૂરિયાતો માટે જરૂરી એવા વીજ ઉત્પાદનનું આયોજન ભારત સરકારની સંસ્થા કેન્દ્રીય વીજ પ્રાધ્યોગિકરણ દ્વારા હાથ ધરવામાં આવતાં ઈલેક્ટ્રીક પાવર સર્વેના આધારે કરવામાં આવે છે. તદનુસાર ૧૭માં ઈલેક્ટ્રીક પાવર સર્વેના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૨ સુધીમાં રાજ્યની વીજ માંગ આશરે ૧૪,૩૭૪ મે.વો. જેટલી રહેશે, જેને સરભર કરવા માટે રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા આશરે ૧૮,૪૨૮ મે.વો. જોઈશે, જે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૧મી પંચવર્ષીય યોજના અંતગર્ત વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં, હાલની સ્થિતિએ વર્ષ ૨૦૧૦ સુધીમાં કુલ ૧૮,૭૫૯ની સ્થાપિત વીજક્ષમતા કરવાનું આયોજન છે. જે રાજ્યમાં સ્થાપિત થનાર નવા ઉદ્યોગોની વીજ જરૂરિયાતને પણ સંતોષી શકશે.

------------

**કાંકરેજ અને ડીસા તાલુકામાં પેટાપરાંનું વીજળીકરણ**

૧૪૬૯૨**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજ અને ડીસા તાલુકાનાં કેટલા અને ક્યા ક્યા પેટાપરાંઓનું વિજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આની પાછળ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામા આવેલ યાદી અનુસાર કાંકરેજ તાલુકાના ૫૧ પેટાપરાંનું આશરે રૂા. ૪૦.૮૦ લાખના ખર્ચે તેમજ ડીસા તાલુકાના ૯૦ પેટાપરાં પેકી ૮૯ પેટાપરાંનું આશરે રૂા. ૬૨.૩૦ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ છે. બાકી રહેતા એક પેટાપરાંનં વીજળીકરણ વર્ષ-

(૩) બાકી ક્યા ક્યા પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

ગયેલ છે. બાકી રહેતા એક પેટાપરાંનું વીજળીકરણ વર્ષ-૨૦૧૦માં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**કોડીનાર તાલુકાના પીંછવા ગામે માઇનીંગ લીઝની મંજૂરી**

૧૪૫૩૨ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના પીંછવા ગામે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સર્વે નં.-૧૩૧ અને સર્વે નં.-૧૩૧/૧ પૈકીમાં માઇનીંગ લીઝની મંજૂરી આપેલ લીઝ ચાલે છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત માઇનીંગ લીઝ ગીર અભ્યારણ્ય હદની ૫ કી.મી. ની અંદર આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૨), (૩), (૪) અને (૫) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ઉક્ત માઇનીંગ લીઝ મેળવતી વખતે વન અને પર્યાવરણ વિભાગનું ના-વાંધા પ્રમાણપત્ર રજુ થયેલ છે કે કેમ, | |
| (૪) ઉપરોક્ત માઇનીંગ લીઝ નિયમ વિરૂધ્ધ ચાલુ હોય તે રદ કરવા માંગો છો કે કેમ, અને | |
| (૫) ઉપરોક્ત માઇનીંગ લીઝને નિયમ વિરૂધ્ધ મંજૂરી આપનાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવા માંગો છો, અને કેટલાં સમયમાં કરવા માંગો છો ? | |

------------

## ભાવનગર જિલ્લામાં ફરજ બજાવતાં ગ્રામ રક્ષક દળના જવાનો

૧૪૫૫૧**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ગ્રામ રક્ષક દળનાં કેટલા જવાનો ફરજ બજાવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યા ભરવા સરકાર શું આયોજન કરે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

| અ.નં. | તાલુકાનું નામ | ફરજ બજાવતા ગ્રામરક્ષકદળના જવાનો | ખાલી જગ્યા |
|---|---|---|---|
| (૧) | ભાવનગર | ૧૯૫ | ૩૦ |
| (૨) | ઘોઘા | ૧૭૫ | ૫૦ |
| (૩) | તળાજા | ૨૧૦ | ૪૦ |
| (૪) | મહુવા | ૨૨૦ | ૩૦ |
| (૫) | પાલીતાણા | ૧૭૫ | -- |
| (૬) | સિહોર | ૧૩૫ | ૪૦ |
| (૭) | ગઢડા | ૧૩૫ | ૪૦ |
| (૮) | ગારીયાધાર | ૧૧૦ | ૪૦ |
| (૯) | ઉમરાળા | ૧૦૦ | ૫૦ |
| (૧૦) | વલ્લભીપુર | ૧૦૦ | ૫૦ |
| (૧૧) | બોટાદ | ૧૨૦ | ૩૦ |
| | **કુલઃ** | **૧૬૭૫** | **૪૦૦** |

(૩) ખાલી જગ્યા ભરવા માટે નિયમોનુસાર પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જે તે તાલુકા ખાતે કેમ્પોનું આયોજન કરીને ઉમેદવારોની યોગ્યતાના આધારે જગ્યા ભરવામાં આવે છે.

------------

## બારડોલી અને માંડવી તાલુકાઓમાં તાપી નદીમાંથી ઓવરલોડ રેતીની ટ્રકો ભરીને નિકાળવા બાબત

૧૫૯૭૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓમાંથી તાપી નદીમાંથી ઓવરલોડ ટ્રકો રેતી ભરીને નીકળે છે, એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણે રોયલ્ટીની ખૂબ પ્રમાણમાં ચોરીઓ થાય છે તેમજ સરકાર ધ્વારા ફાળવેલી જગ્યાને બદલે અન્ય જગ્યાએથી ગેરકાયદેસર રેતી કાઢવામાં આવે છે તેની સરકાર તપાસ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જવાબદારો સામે શાં પગલા લેવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : આ બાબતે લીઝ વિસ્તારોનું અવાર-નવાર મુલાકાત લઈ ચેકીંગ કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા ફાળવેલ જગ્યા કરતાં અન્ય જગ્યાએથી રેતી કાઢતા માલુમ પડે તો કસુરદારો સામે એમ.એમ. (ડી. એન્ડ આર.) એક્ટ-૧૯૫૭, ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ તેમજ ગુજરાત મીનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૦૫ અન્વયે પગલાં ભરવામાં આવે છે.

------------

## પાદરા તાલુકામાં કૃષિ વીજ જોડાણ આપવા અંગે

૧૫૨૮૫ **શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં કૃષિ વીજ જોડાણ માટે નાણા ભરાઇ ગયા હોવા છતાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી તેવી કેટલી અરજીઓ પડતરમાં છે, અને

(૨) પેસા ભરાઇ ગયા છતા વીજ કનેક્શન સત્વરે નહીં આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં કૃષિ વીજ જોડાણ માટે નાણાં ભરાયેલી ૫ અરજીઓ પડતર હતી. જે પૈકી ૨ અરજદારને ફેબ્રુઆરી ૨૦૧૦માં વિજ જોડાણ આપવામાં આવેલ છે. જ્યારે અન્ય ૨ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી. જે રજુ થયેથી તેઓનું વીજ જોડાણ ચાલુ કરવામાં આવશે અને ૧ અરજદારે બોર-કૂવો બનાવેલ ન હોઈ તેનું કામ પડતર છે.

------------

## અમરેલી જિલ્લામાં ખનિજોની લીઝ મેળવવા માટેની અરજીઓ

**૧૫૦૭૫ શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં જુદા જુદા ખનિજોની લીઝ મેળવવા માટે વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પેકી ક્યારે ક્યારે કઇ લીઝો મંજૂર કરાયેલ છે, અને

(૩) બાકીની અરજીઓ ક્યારની છે. અને તેનો કેટલા સમયમાં નિર્ણય લેવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૪૬ અરજીઓ.

(૨) આ પેકી નીચે મુજબ ગોણ ખનીજની ક્વોરીલીઝ મંજૂર કરાયેલ છે.

| વર્ષ | મંજૂર લીઝ સંખ્યા |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૭ |
| ૨૦૦૮-૦૯ | ૨૫ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૧-૧૦ સુધી) | ૩ |
| કુલ : | ૫૫ |

(૩) આ સમયગાળામાં મળેલ અરજીઓ પેકી નીચે મુજબ અરજીઓ પડતર છે.

| વર્ષ | બાકીની લીઝ અરજી |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૮૧ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૧ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૧-૧૦ સુધી) | ૭૨ |
| કુલ : | ૨૯૪ |

પારદર્શક પધ્ધતિઓ તથા નિયમોની જોગવાઈની મર્યાદામાં ઝડપથી નિકાલ થાય તે મુજબ આયોજન છે.

------------

## ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની આધુનિકરણની યોજના

**૧૬૨૭૯ શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનાં આધુનિકરણની યોજના અમલમાં મૂકવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી સમગ્ર રાષ્ટ્રમાં અગ્રીમ સ્થાન ધરાવે છે અને ગુણવત્તા સભર કામગીરી માટે ઉચ્ચ નામના મેળવેલ છે. ફોરેન્સિક સાયન્સ માટે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તથા ૩૧-૧-૧૦ની સ્થિતિએ કુલ રૂા. ૧૮.૬૯ કરોડના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે.

રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે ગુના પરીક્ષણ માટે ફિંગર પ્રિન્ટ, નારકો એનાલિસિસ, ગો માંસ પરીક્ષણ, ટેલી ફોરેન્સિક, બેલાસ્ટિક ડેટા એક્વિઝિશન સિસ્ટમ, મોબાઈલ સિમકાર્ડ પરીક્ષણ, સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ, બ્રેઈન મેપિંગ જેવા પરીક્ષણો અદ્યતન સાધનો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવે છે.

વિવિધ પ્રકારના અદ્યતન સાધનો અને માનવશક્તિના કારણે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની નિપૂણતા, પારદર્શક્તા અને તટસ્થતાને કારણે અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓ તેની સહાયતા લે છે.

અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની વિવિધ સંસ્થાઓએ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ૮૦૦ કેસોમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સહાયતા લીધી છે અને આવી સહાયતા મળવાથી તેમના ગૂના-કેસો હલ થઈ શક્યા છે.

આધુનિકરણના ભાગ રૂપે રાજ્યમાં વર્ષ ૨૦૦૯માં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનવર્સિટી સ્થાપવામાં આવી છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સને લગતા ડીગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે પરિણામે આધુનિક જ્ઞાન આપીને સમગ્ર દેશમાં ફોરેન્સિક નિષ્ણાતો તૈયાર કરી શકાશે

------------

## ગુજરાત અને આંધ્રપ્રદેશ કે. જી. બેઝિનમાંથી ગેસ અને ઓઇલ મેળવવા અંગે

૧૪૫૩૪ **શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન ગુજરાત અને આંધ્રપ્રદેશના કે. જી. બેઝીન સહિત અનેકવિધ જ્યાએથી ગેસ-ઓઇલ મેળવવા તા.૩૧-૧૨-૦૯ સુધીમાં કેટ કેટલો ખર્ચ કર્યો, અને

(૨) તે અન્વયે કેટલો ગેસ અને કેટલું ઓઇલ પ્રાપ્ત થયું ?

**જવાબ**

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન દ્વારા ગેસ-ઓઈલ મેળવવા તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં નીચે મુજબ ખર્ચ કર્યો છે.

| | | |
|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશના કે.જી.બેઝિનમાં | રૂા. ૬૧૮૨.૩૨ કરોડ |
| ૨. | કેમ્બે બેઝિનમાં (ગુજરાત) | રૂા. ૧૯૮૪.૪૫ કરોડ |
| ૩. | કેમ્બે બેઝિન સિવાય | રૂા. ૫૦૫.૭૪ કરોડ |

(૨) ઓઈલ અને ગેસના પ્રાપ્ત થયેલ રીઝર્વ અને કન્ટીજન્ટ રીઝર્વની વિગતો આ સાથેના પરિશિષ્ટ-અ, બ, ક અને ડમાં દર્શાવ્યાં મુજબ છે.

### પરિશિષ્ટ-અ

| બેઝિન | વિસ્તાર | પૃવ્ડ | પુવ્ડ અને પ્રોબેબલ | પુવ્ડ પ્રોબેબલ અને પોસિબલ (શક્ય) |
|---|---|---|---|---|
| ક્રિષ્ના-ગોદાવરી | દિન દયાલ વેસ્ટ | ૧૬૭૩૭.૩ | ૩૨૨૪૮.૮ | ૪૩૭૭૬.૬ |
| કેમ્બે | હઝિરા | ૨૭૯.૩ | ૭૬૧.૯ | ૭૬૧.૯ |
| કેમ્બે | ઈન્ગરોલી | ૧૫૫૭.૪ | ૩૧૬૦.૫ | ૪૭૧૦.૫ |
| કેમ્બે | સાણંદ ઈસ્ટ | ૨૧૪.૫ | ૫૫૭.૧ | ૧૧૧૪.૨ |
| કેમ્બે | કેમ્બે | ૦.૦ | ૦.૦ | ૦.૦ |
| કેમ્બે | પરમોડા | ૨૬૬.૪ | ૪૧૨.૦ | ૭૦૭.૭ |
| કેમ્બે | પરમોડા સાઉથ | ૧૬૬.૭ | ૨૪૧.૮ | ૨૪૧.૮ |
| કેમ્બે | ભાંડુત | ૦.૦ | ૦.૦ | ૪૪૦.૩ |
| કેમ્બે | સાબરમતી | ૨૮.૮ | ૨૨૦.૫ | ૨૨૦.૫ |
| કેમ્બે | ઉનાવા | ૦.૦ | ૦.૦ | ૦.૦ |
| કેમ્બે | કનાવારા | ૧૪૬.૯ | ૨૩૦.૭ | ૩૦૯.૩ |
| કેમ્બે | નોર્થ કરથના | ૫૧.૮ | ૨૦૭.૪ | ૨૫૭.૫ |
| કેમ્બે | ઢોલસન | ૦.૦ | ૦.૦ | ૭૩.૮ |
| કેમ્બે | અલોરા | ૦.૦ | ૩૪.૮ | ૬૩.૨ |
| કેમ્બે | આસાજોલ | ૨.૫ | ૨.૫ | ૨.૫ |
| કેમ્બે | તારાપુર-૧ | ૧૭૫૧.૩ | ૨૦૧૧.૧ | ૨૩૩૭.૪ |
| | **કુલ...** | **૨૧૨૦૨.૯** | **૪૦૦૮૯.૦** | **૫૫૦૧૭.૨** |

### પરિશિષ્ટ-બ

| બેઝિન | વિસ્તાર | પૃવ્ડ | પુવ્ડ અને પ્રોબેબલ | પુવ્ડ પ્રોબેબલ અને પોસિબલ (શક્ય) |
|---|---|---|---|---|
| ક્રિષ્ના-ગોદાવરી | દિન દયાલ વેસ્ટ | ૧૦૪૫.૫ | ૧૬૧૧.૬ | ૧૯૩૧.૦ |
| કેમ્બે | હઝિરા | ૧૩.૯ | ૩૫.૮ | ૩૫.૮ |
| કેમ્બે | બાલોલ નોર્થ | ૨.૯ | ૪.૬ | ૭.૫ |
| કેમ્બે | કનાવાર | ૦.૪ | ૦.૬ | ૦.૮ |
| કેમ્બે | ઢોલસન | ૦.૦ | ૦.૦ | ૦.૧ |
| **કુલ...** | | **૧૦૬૨.૭** | **૧૬૫૨.૬** | **૧૯૭૫.૨** |

### પરિશિષ્ટ-ક

| ફીલ્ડનું નામ | અંદાજીત કન્ટીજન્ટ જથ્થો (૧૦૦૦ બી.બી.એલ.) | | |
|---|---|---|---|
| | ૧ સી | ૨ સી | ૩ સી |
| દેવા | ૧૮૯ | ૨૪૮ | ૨૪૮ |
| ઉનાવા | ૨૩ | ૩૭ | ૩૭ |
| કેમ્બે | ૩૫૬ | ૫૦૫ | ૫૦૫ |
| તારાપુર-૬ | ૧૬૮ | ૯૪૯ | ૧૦૯૫ |
| સાણંદ મિરોલી | ૬૨૦ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| અંકલેશ્વર | ૬૦૦ | ૧૯૦૦ | ૩૧૦૦ |
| કાવેરી | ૧૬૩૨ | ૮૦૨૭ | ૩૨૮૭૯ |
| દિન દયાળ ઈસ્ટ | ૪૧૪૮૨ | ૬૨૨૫૮ | ૮૦૪૭૦ |
| દિન દયાળ નોર્થ | ૮૪૬૪ | ૧૧૯૪૦ | ૧૫૯૪૮ |
| દિન દયાળ નેબ્રુ | ૧૫૦૮૦ | ૨૨૬૯૦ | ૪૭૨૯૨ |
| દિન દયાળ વેસ્ટ (ડીટી) | ૫૪૪૦ | ૭૮૨૦ | ૧૦૫૩૬ |
| દિન દયાળ ટેરીટરી | ૨૬૯ | ૧૫૩૭ | ૮૩૯૬ |
| દિન દયાળ અપ કેટાસીયસ | ૧૨૦૦ | ૬૮૦૦ | ૨૫૪૦૦ |
| દિન દયાળ લો કેટાસીયસ | ૨૯૧ | ૧૦૮૪ | ૨૩૭૦ |
| **કુલ...** | **૭૫૮૧૪** | **૧૨૭૬૮૯** | **૨૩૦૬૭૬** |

### પરિશિષ્ટ-ડ

| ફીલ્ડનું નામ | અંદાજીત કન્ટીજન્ટ જથ્થો (એમ.બી.બી.એલ.) | | |
|---|---|---|---|
| | ૧ સી | ૨ સી | ૩ સી |
| સાણંદ ઈસ્ટ | - | ૬ | - |
| ભાંડુત | - | ૨ | - |
| તારાપુર | ૧ | ૫ | ૫ |

| | | | |
|---|---|---|---|
| કેમ્બે | ૧ | ૬ | ૧૯ |
| કાવેરી (સીવાય/૧, સીવાય/૨ અને સીવાય/૪) | ૨૭ | ૧૨૩ | ૪૭૦ |
| દિન દયાળ ઈસ્ટ | ૨૫૯૩ | ૩૧૧૩ | ૩૩૫૩ |
| દિન દયાળ નોર્થ | ૫૨૯ | ૫૯૭ | ૬૬૫ |
| દિન દયાળ નેબ્રુ-ઈસ્ટ (બ્રુ) | ૯૪૨ | ૧૧૩૪ | ૧૯૭૦ |
| દિન દયાળ વેસ્ટ ડાઉનથ્રોન) | ૩૪૦ | ૩૯૧ | ૪૩૯ |
| દિન દયાળ ટૅરેટરી | ૧૭ | ૪૧ | ૧૦૫ |
| દિન દયાળ અપ કેટાસીયસ | ૩૦ | ૮૫ | ૧૬૫ |
| દિન દયાળ લો કેટાસીયસ | ૧૮ | ૫૪ | ૯૯ |
| **કુલ...** | **૪૪૯૮** | **૫૫૫૭** | **૭૨૯૦** |

------------

## જંબુસરની જેલ બંધ રહેવા અંગે

૧૪૬૯૯**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ જંબુસર જેલ છેલ્લા કેટલા સમયથી બંધ છે, અને

(૨) આ જેલ બંધ થવાના કારણે તાલુકાના નાના નાના ગુન્હેગારોને કઇ કઇ જેલમાં લઇ જવાય છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૧૨-૨-૨૦૦૯થી બંધ છે અને ગુન્હેગારોને ભરૂચ સબ જેલ ખાતે મોકલવામાં આવે છે.

------------

## ખનિજનું ગેરકાયદેસર ઉત્ખનન અને પરિવહન-વેચાણની ગેરરીતિ આચરનારા સામે કાર્યવાહી કરવા અંગે

૧૫૨૮૬**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાયદેસર ખનિજનું ઉત્ખનન અને પરિવહન-વેચાણ સહિતની ગેરરીતિ આચરનારા સામે પાંચ કરોડ કરતા વધુ વસુલાત અંગે કાર્યવાહી કરી હોય તેવા ક્યા ક્યા લીઝ ધારકો છે,

(૨) આ દરેક સામે ક્યારે નોટીસ આપવામાં આવી, તે પૈકી કેટલા રૂપિયાની વસુલાત થઇ, અને

(૩) કેટલા લીઝ ધારકો સામે ફોજદારી કેસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) : પત્રક મુજબ.

(૩) ૩ (ત્રણ).

### પત્રક

| અ.નં. | જિલ્લો | લીઝ ધારકનું નામ | ખનિજ | નોટીસ આપ્યા તારીખ | રકમ કરોડમાં | વસુલાત થયેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પોરબંદર | શ્રી પ્રેમજી લીલાધર ખારવા | લાઈમસ્ટોન | ૧૧-૦૨-૨૦૦૯ | ૮.૩૬ | - |
| ૨ | | શ્રી કરસન માધા પોસ્તરિયા | | ૧૧-૦૨-૨૦૦૯ | ૧૮.૭૨ | - |
| ૩ | | શ્રી હરજીવન પુરુષોત્તમ થાનકી | | ૪-૦૪-૨૦૦૭ | ૬.૫૭ | - |
| ૪ | | શ્રી રમણિકલાલ કરસનદાસ અમલાણી | | ૧૧-૦૯-૨૦૦૭ | ૯.૫૦ | - |
| ૫ | | શ્રી મેરામણ ચના મોઢવાડીયા | | ૨૬-૬-૨૦૦૭ | ૩૩.૧૪ | - |
| ૬ | | શ્રી સોરાષ્ટ્ર મીનરલ્સ પ્રા.લીમિટેડ, ધરમપૂર, સ.ન. ૪૦૧ | | ૨૨-૦૧-૨૦૦૭ | ૧૨.૭૬ | - |
| ૭ | | શ્રી સોરાષ્ટ્ર મીનરલ્સ પ્રા.લીમિટેડ, ધરમપૂર, સ.ન. ૮૦૧ | | ૧૧-૨-૨૦૦૯ | ૧૨.૮૫ | - |
| ૮ | | શ્રી ડોલરરાય મૂલજી થાનકી | | ૬-૪-૨૦૦૭ | ૧૩.૪૪ | - |
| ૯ | | શ્રી બાબુલાલ ચિમનલાલ જોષી | | ૧૧-૯-૨૦૦૭ | ૧૬.૨૨ | - |
| ૧૦ | | શ્રી મંગલ મીનરલ્સ | | ૨૨-૧-૨૦૦૭ | ૪૯.૨૨ | - |
| ૧૧ | | શ્રી પારસકુમાર બી. ઓડેદરા | | ૪-૪-૨૦૦૭ | ૯.૨૨ | - |
| ૧૨ | | શ્રીમતી વનીતાબેન બાબુલાલ લોઢિયા | | ૧૧-૯-૨૦૦૭ | ૯.૧૯ | - |
| ૧૩ | | શ્રી આર.આર. મીનરલ્સ | | ૧૧-૯-૨૦૦૭ | ૧૪.૩૪ | - |
| ૧૪ | | શ્રી દૂલા રામ ઓડેદરા | | ૨૨-૧-૨૦૦૭ | ૩૦.૦૨ | - |
| ૧૫ | | શ્રી હરિજન ભીમા માંગાભાઈ | | ૮-૨-૨૦૦૭ | ૯.૧૦ | - |
| ૧૬ | | શ્રી દીપકભાઈ હરદાસભાઈ બાપોદરા | | ૧૧-૨-૨૦૦૯ | ૧૫.૫૯ | - |
| ૧૭ | | શ્રી સિદીભાઈ વેજાભાઈ ગોઢાણીયા | | ૧૦-૪-૨૦૦૭ | ૭.૯૪ | - |
| ૧૮ | | મે. પ્રકાશ મીનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ | | ૯-૪-૨૦૦૭ | ૩૭.૦૪ | - |
| ૧૯ | | મે. કરશનદાસ જેઠાભાઈ એન્ડ કંપની | | ૨૮-૬-૨૦૦૭ | ૨૦.૫૫ | - |
| ૨૦ | | શ્રી ગીગાભાઈ હાજાભાઈ ઓડેદરા | | ૮-૨-૨૦૦૭ | ૭.૭૬ | - |
| ૨૧ | | શ્રી કૃષ્ણ વિજય મીનરલ્સ | | ૨૨-૧-૨૦૦૭ | ૨૯.૯૦ | - |
| ૨૨ | | શ્રી ભુપતરાય શિવરામ | | ૨૨-૧-૨૦૦૭ | ૬૪.૩૯ | - |
| ૨૩ | | શ્રી અશોક બાબુલાલ સિંધવ, ભોદ | | ૬-૨-૨૦૦૭ | ૨૮.૩૭ | - |
| ૨૪ | જુનાગઢ | શ્રીમતી રાણીબેન ભાણાભાઈ બારડ | લાઈમસ્ટોન | ૧૯-૧૨-૨૦૦૬ | ૫.૧૧ | - |
| ૨૫ | | મે. ક્રિષ્ના મીનરલ્સ, શ્રી જગમાલભાઈ હમીરભાઈ સોલંકી | | ૨૨-૧-૨૦૦૭ | ૭.૪૩ | - |
| ૨૬ | જામનગર | શ્રી બોમ્બે મીનરલ્સ લી. | બોક્સાઈટ | ૨૯-૩-૨૦૦૬ | ૩૬.૭૩ | - |
| ૨૭ | | મે. સોરાષ્ટ્ર કેલ્સાઈન્ડ બોક્સાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ | | ૧૧-૫-૨૦૦૯ | ૩૨.૪૦ | - |

------------

### રાજ્યમાં વીજ ઉત્પાદન પાછળ થયેલ ખર્ચ

૧૫૧૯૩ **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જે વીજ ઉત્પાદન થાય છે તેની પાછળ ખરેખર કેટલો ખર્ચ, એક યુનીટ દીઠ આવે છે, અને

(૨) આ વીજ ઉત્પાદનમાં વહીવટી ખર્ચ કેટલો લાગુ પડે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં જે વીજ ઉત્પાદન થાય છે તેની પાછળ યુનીટ દીઠ રૂ.૨.૭૯ જેટલો ખર્ચ આવે છે.

(૨) ઉપરોક્ત ખર્ચમાં વહીવટી ખર્ચ રૂ.૦.૦૨ જેટલો આવે છે.

### નર્મદા વીજ મથક સ્થાપવા પાછળ થયેલ ખર્ચ

૧૬૨૫૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના વીજ મથકો સ્થાપવા પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) ઉક્ત વીજ મથકો દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૧૦ સુધીમાં કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને

(૩) કેટલી કિંમતનું વીજ ઉત્પાદન થયેલ છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાના વીજ મથકો સ્થાપવા પાછળ કુલ રૂા. ૨૩૪૦.૪૨ ક્રોડનો ખર્ચ થયેલ છે.

(૨) તા. ૩૧-૧-૧૦ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૮૮૨.૦૬ ક્રોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૩) અંદાજે રૂા. ૩૫૨૮.૨૪ ક્રોડનું વીજ ઉત્પાદન થયેલ છે.

### મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોએ હેલિકોપ્ટર અને પ્લેનમાં કરેલ ઉડ્ડયન

૧૬૧૩૪ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજ્યના મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોએ સરકારના હેલીકોપ્ટર તથા પ્લેનમાં કેટ કેટલી વખત ઉડ્ડયન કર્યા, અને

(૨) આ ઉડ્ડયન પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યોશ્રીએ સરકારના હેલીકોપ્ટર તથા પ્લેનમાં કરેલ ઉડ્ડયનની માહિતિ નીચે મુજબ છે

| | વિમાનનું ઉડ્ડયન વખત | હેલીકોપ્ટરનું ઉડ્ડયન વખત |
|---|---|---|
| માન. મુખ્યમંત્રીશ્રીના ઉડ્ડયનની બાબત | ૧૨ | ૩૭ |
| મંત્રીમંડળના સભ્યશ્રીઓના ઉડ્ડયનની બાબત | ૫ | ૨ |

(૨) આ ઉડ્ડયન પાછળ કુલ ખર્ચ નીચે મુજબ થયેલ છે

| વિમાનનો ખર્ચ | હેલીકોપ્ટરનો ખર્ચ |
|---|---|
| રૂા. ૩૦,૩૫,૭૩૫/- | રૂા. ૫૦,૪૪,૦૭૨/- |

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### વીજીલન્સ સ્કવોર્ડની ટીમ દ્વારા પકડાયેલ વિદેશી દારૂ-બિયરના મોટા જથ્થા અંગે

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદાની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરૂં છું અને તે એગં તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

તાજેતરમાં આણંદ જિલ્લાના બોરસદ નગરના ટાઉનહોલ પાસે ગાંધીનગર ડી.જી.ના વીજીલન્સ સ્કવોર્ડની ટીમે કુખ્યાત બુટલેગરના નિવાસ સ્થાને દરોડા પાડી વિદેશી દારૂ-બિયરનો મોટો જથ્થો પકડી પાડેલ છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં બેરોકટોક અને ખુલ્લેઆમ દારૂનો વેપાર કરતા બુટલેગર સામે સ્થાનિક પોલીસ દ્વારા પગલાં લેવાતાં ન હોવાથી વીજીલન્સ સ્કવોર્ડે દરોડો પાડેલ છે. આમ જવાબદાર સ્થાનિક પી.આઈ. સામે સરકારના હુકમો મુજબ પગલાં લેવાતાં ન હોવાથી આ વિસ્તારના રહેવાસીઓમાં ઉભી થયેલ અજંપા, અસલામતી અને નિરાશાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી)** : તાજેતરમાં આણંદ જિલ્લાના બોરસદ નગરમાં ટાઉનહોલ પાસે ગાંધીનગર પોલીસ મહાનિર્દેશકશ્રીના વીજીલન્સ સ્કોર્ડની ટીમે એક બુટલેગરના નિવાસસ્થાને તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ ૨૨-૧૦ વાગે દરોડો પાડી વિદેશી દારૂની અલગ- અલગ કંપનીની બોટલો નંગ- ૨૩૫ કિંમત રૂપિયા ૮૯,૩૦૦/- તથા બિયર બોટલ નંગ ૩૮૪ કિમત રૂપિયા ૩૮,૪૦૦/- અને રોકડ તથા મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૨૮,૬૦૦/-નો મુદ્દામાલ આરોપી મુરલીધર ઉર્ફે મુરલી કુંદનલાલ લુધાણી રહે. બોરસદ ટાઉનહોલ પાસેના રહેણાક મકાનમાંથી મળી આવતાં કબજે કરવામાં આવેલ જે અગે સરકાર તરફે શ્રી અનઆર્મ્ડ એડ કોન્સ્ટેબલ શ્રી કિરીટભાઈ વિનાયકભાઈ બ.નં. ૨૨૪૮ વીજીલન્સ સ્કોર્ડ ગાંધીનગરે બોરસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં બોરસદ પો. સ્ટે. પ્રોહીબીશન ગુ.ર.નં. ૫૦૯૬/ ૨૦૧૦ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી, ૬૫એઈ, ૮૧ મુજબ તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ કલાક ૨૨-૪૫ વાગે ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ કે. શ્રી કે.ડી. પ્રજાપતિ, પોલીસ સબ ઈન્સ્પેકટર, બોરસદ પોલીસ સ્ટેશન કરી રહેલ છે. આ ગુનાના કામે આરોપી મુરલીધર ઉર્ફે મુરલી કુંદનલાલ લુધાણી રહેવાસી બોરસદને તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ કલાક ૨૨-૧૦ વાગે પકડી અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપી સદર દારૂ કયાંથી લાવેલ તે અંગે તપાસ સારૂ નામદાર કોર્ટ બોરસદમાં દિન સાતના રિમાન્ડને માગણી કરવામાં આવેલ, પરંતુ નામદાર કોર્ટે રિમાન્ડ રિજેકટ કરેલ, સદર ગુનામાં સહ આરોપી ટીનો ઉર્ફે મુન્નો રહેવાસી નડિયાદ એ મુદ્દામાલ સપ્લાય કરેલાની હકીકત તપાસ દરમિયાન જણાઈ આવેલ છે. સદર આરોપીની તપાસ કરતાં મળી આવેલ નથી જેની તપાસ હાલ ચાલુ છે.

સદર કેસ બાબતે સ્થાનિક પોલીસ નિષ્ફળ રહેવા બાબતે થાણા ઈન્ચાર્જ (પી.આઈ.) તથા ચોકીબીટ હેડ કોન્સ્ટેબલ વિરૂધ્ધ ખાતા રાહે પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેમજ થાણા ઈન્ચાર્જ શ્રી પી.આર. ગેલોત, બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટરની પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુ.રા. ગાંધીનગરના તા. ૧૯-૩-૨૦૧૦ના આદેશ ક્રમાંક: ક-૧/૧૬/પો.ઈ./બદલ/૮૮૫/૨૦૧૦થી બદલી કરવામાં આવેલ છે.

પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વડપણ હેઠળના વીજીલન્સ સ્કોર્ડ દ્વારા કરેલ કેસમાં પકડાયેલ પોલીસ આરોપી લીસ્ટેડ બુટલેગર્સ નથી તેમજ જે જગ્યાએ રેઈડ કરેલ છે, તે જગ્યા પ્રોહીબીશનની જાણીતી જગ્યા નથી, જિલ્લામાં પ્રોહીબીશનની અસામાજિક પ્રવૃત્તિ સંદતર નેસ્તનાબુદ કરવા માટે અવારનવાર પોલીસ મહાનિર્દેશકશ્રી કક્ષાએથી પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરી સફળ કેસો શોધી કાઢવા તમામ પ્રયત્નો કરવામાં આવેલ છે. સદર કેસ બાબતે સ્થાનિક કક્ષાએ કોઈ બાતમી મળેલ ન હોઈ જેથી કેસ શોધી શકેલ નથી.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો હાર્દ એ છે કે ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીની વાત છે , હું આણંદ જિલ્લાની જ વાત કરું છું, આણંદ જિલ્લામાં ટાઉનહોલ કે જયાં સાંસ્કૃત્તિક કાર્યક્રમો થતા હોય અને નગરજનોનું મુખ્ય આ સ્થળ છે અને એની બાજુમાં થી જ ૧ લાખ ૨૮ હજાર જેટલી માતબર રકમનો દારૂ પકડાયો છે, તો માનનીય મંત્રીશ્રી આ બાબતમાં શું પગલાં લેવા માગે છે. અને આ વિદેશી દારૂ છે કે આંતરરાષ્ટ્રિય દારૂ છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પરિપત્રનો અમલ થાય એ મારા પક્ષના સભ્યશ્રીઓની મુખ્ય લાગણી હતી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહયું છે કે, ૧૯મી તારીખે ટ્રાન્સફર કરીને પરિપત્રનો અમલ કરાવ્યો છે એ અમલ બરાબર અમલ થાય એટલું જ બાકી, ૧૧૬ની નોટિસમાં સંતોષ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પરિપત્રનો અમલ કરવાની માનનીય સભ્યશ્રીઓની જે લાગણી છે એની જોડે હું સહમત છું, અને કડકાઈથી અમલ થશે એમાં કોઈ ગોતાઈ વર્તવામાં નહી આવે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામને સાંકળીને અત્યારે સારો એવો લાંબો સમય ચર્ચા થઈ છે. હું ૧૯૯૦થી પાંચ વર્ષ બાદ કરતાં બાકીના તમામ સમયે આ સન્માનનીય સભાગૃહનો સભ્ય રહયો છું. મારી હંમેશાં જવાબદારી છે અને હું નિભાવવા માગું છું કે આ હાઉસ સારી રીતે, શિસ્તબધ્ધ રીતે, વિવેકબધ્ધ રીતે ચાલે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ શ્રી ખુમાનસિંહની અને મારી કોમેન્ટની સરખામણી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, એક સભ્ય શોભી ના શકે એવા અશોભનીય શબ્દોમાં •ગલીચ રીતે સાહેબ એમની કોમેન્ટ કરે એને આપ ધમકાવો, એની માફી વિરોધપક્ષના નેતાશ્રી માગી, સાહેબ, એની માફી, એમણે • ગલીચ શબ્દ વાપર્યો એમણે (અંતરાય) સાહેબ, ગલતી કોણે કરી હતી, મેં તો રાજયના હિત માટે કોમેન્ટ કરી હતી. અપશબ્દ બોલે એ બીજી કોમેન્ટ કહેવાય, એ કોમેન્ટને સરખાવાય નહી, એમની કોમેન્ટ હતી એ ગલીચ અને ગંદી ભાષામાં હતી એટલા માટે સાહેબ, વિરોધપક્ષના

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી રદ કર્યા.

નેતાશ્રીએ માફી માગી. મેં એમ કહયું કે કેન્દ્ર સરકાર ગુજરાત સરકાર ઉપર દયા કરતી હોય તો ના કરે, તમારા દરમાંથી આપતા હોવ તો ના આપો એ પ્રમાણે છે અને મારી કોમેન્ટ આ પ્રકારની રાજયના હિત માટેની ટ્રેઝરી બેચની મારી ફરજમાં આવતી કોમેન્ટ હતી. માનનીય ખુમાનસિંહની • ગંદી- ગલીચ કોમેન્ટને અને મારી સારી ભાષાની વિવેકશીલ ભાષાની કોમેન્ટને સરખાવવી ન જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, એક મિનિટ, આપ બેસો, અશોભનીય શબ્દો ગલીચ- ગંદી છે એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : It is the duty of the treasury bench to bring the House in order.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોતરીના સમય દરમ્યાન થયેલ ચર્ચા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોતરીના કાળમાં પ્રશ્ન નં.૮માં જ્યારે માનનીય કલ્યાણસિંહભાઈ પોતાના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી પાસેથી લઈ રહ્યા હતા ત્યારે વિપક્ષના નેતા દ્વારા (અંતરાય) ના, જજમેન્ટ ઉપર નથી કહેતો પણ હું નિયમ ૪૭ પ્રમાણે પ્રશ્નોતરી દરમ્યાન ઉભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં મારો પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે, આપ સભાગૃહનું સુચારૂ રીત અને બહુ સારી રીતે સંચાલન કરી રહ્યા છો. માનનીય સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો અસરકારક રીતે માનનીય સભ્યશ્રીઓને ન્યાય મળે એ પ્રમાણેનું ગૃહનું સંચાલન જ્યારે આપના દ્વારા થતું હોય છે ત્યારે માનનીય વિપક્ષના નેતા દ્વારા આવું કહેવું કે જે શબ્દોનો હું ઉલ્લેખ કરવા નથી માગતો પણ એ ગર્ભિત આક્ષેપ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ વખતો વખત સૂચનાઓ આપો જ છો પણ એવું કહેવું કે 'ગૃહના નેતાને કહી તો શકો તો ખબર પડે' આપ જે ચેર ઉપર બેસો છો, માનનીય અધ્યક્ષશ્રીની ચેરની જે ગરિમા હોય છે એમાં આપની સામે લાંબા ટૂંકા હાથ કરીને આક્રોશપૂર્વક વક્રોતીના શબ્દોનો ઉલ્લેખ કરીને જો એ પ્રમાણેનો ઉલ્લેખ થાય તો આ સભાગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીની ખુરશી કે જે સ્થાન ઉપર આપ બિરાજો છો એનો અનાદર કહેવાય. મારે કહેવું છે કે, કોને કહેવું અને કોને ન કહેવું એ આપના એટલે કે માનનીય અધ્યક્ષશ્રીના અધિકાર ક્ષેત્રની વાત છે. એમણે વખતો વખત ઉલ્લેખ કયો પણ માનનીય અધ્યક્ષશ્રી આના સંદર્ભમાં આપ આદેશ આપો એવી પ્રાર્થના છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે, આ બાબતની બહું લંબાણપૂર્વકની ચર્ચા થઈ ગઈ છે, હાઉસનું વાતાવરણ સારું રહે અને જે માનનીય શકિતસિંહજીએ જે કાંઈ કહેવાનું હતું એ પણ એમણે કહી દીધું છે અને આપે પણ એના માટે રૂલિંગ આપ્યું છે એટલે હવે મને લાગે છે કે આ પ્રશ્ન છે એ સુમેળભર્યા વાતાવરણમાં સૌ શાંત રહે અને કાર્યવાહી આગળ ચાલે અને મનમાં જે કાંઈ ઉદ્વેગ થયા હોય એ બંને તરફથી કાઢી નાંખે બધા માટે થઈને સારું છે. આપના રૂલિંગ ઉપર કાંઈ કહેવાનું હોય નહીં.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોતરીના સમયકાળ અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોતરીના સમયકાળને લગતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોતરી કાળ દરમ્યાન આપણે ત્યાં સામાન્ય રૂલિંગ બધા એ પ્રકારના છે કે, એમાં પ્રશ્નોતરી સિવાયના મુદ્દાઓ કોઈ ઉભા થયા હોય તો એની ચર્ચા છે એ પ્રશ્નોતરી કાળનો સમય પૂરો થયા પછી ચર્ચવા જોઈએ કે જેથી ઉગ્રતા પણ ન રહે અને કોઈ પ્રશ્ન હોય તો એનું નિરાકરણ માનનીય અધ્યક્ષશ્રી કરી શકે. પણ આજે પ્રશ્નોતરી કાળ દરમ્યાન પ્રશ્નોતરી સિવાયના જે પ્રશ્નો છે એમાં લગભગ ૧૫ થી ૧૭ મિનિટ જેવો સમય આપણો ગયો. જો આ મુદ્દાઓની ચર્ચા જરૂરી હોય તો એ પ્રશ્નોતરી કાળનો સમય ન બગડે અને પ્રશ્નોતરીનો જે કિંમતી સમય છે સભ્યનો એ સભ્યનો એનો હક છે એ જળવાઈ રહે એટલા માટે ભવિષ્યમાં પ્રશ્નોતરી કાળ સમય દરમ્યાન આ પ્રકારના વચ્ચે બીજા વિષયના પ્રશ્નો ન ચર્ચાય એની તકેદારી રાખી શકાય એ પ્રકારની સૂચના માટે આપને વિનંતી કરું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દો માનનીય અર્જુનભાઈએ ઉઠાવ્યો એ પ્રશ્નોત્તરી વખતે સામાન્ય રીતે પોઈન્ટ ઓફ ઓર્ડર આપણા નિયમો અંતર્ગત ઉઠાવી શકાતો નથી. એ પ્રકારનો મુદ્દો ઉઠાવ્યો, આજે જે થયું એ (અંતરાય) પણ તમે સાંભળો તો ખરા ભાઈ, મને સાંભળ્યા પછી બોલોને શું કામ આટલું બધું ફાસ્ટ બોલી જાઓ છો. અરે અર્જુનભાઈ તમે સાંભળ્યા પછી બોલોને, આજે માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો કે પ્રશ્નોત્તરીનો સમય બગડ્યો અને બીજી બાબતોની ચર્ચા થઈ, એ આપના તરફથી ગૃહને ઓર્ડરમાં લાવવાની ચેષ્ટા વખતે બન્ને પક્ષો સાથે સંવાદ કરવાની પ્રક્રિયા હતી. એ પોઈન્ટ ઓફ ઓર્ડર પરની ચર્ચા નહોતી. ગૃહમાં કોઈ

સભાત્યાગ કરી જાય અથવા તો કોઈને બહાર કાઢવા પડે એની જગ્યાએ સંવાદથી જો ગૃહ ચાલતું હોય તો મને લાગે છે કે, એ ખૂબ સારી પ્રક્રિયા છે અને આજે જે પ્રક્રિયા થઈ એ સભાત્યાગમાં ના પરિણમી એ એક સફળ ગૃહના સંચાલનની નિશાની છે એટલે આમાં કોઈ મુદ્દો ઉભો થતો નથી.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક: ૭૦**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૭,૮૪,૬૯,૨૭,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૧**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૮,૧૯,૧૬,૪૭,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી ક્રમાંક: ૯૨**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણની સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫,૪૬,૩૬,૬૦,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૧૨,૫૯,૪૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી ક્રમાંક:૯૫**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે પેટા યોજના સેવાને લગતી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૩,૦૬,૭૧,૮૦,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૫૦,૮૫,૧૯,૦૦૦ ની માગણી ક્રમાંક:૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૫ રજૂ કરવામાં આવી**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા ૨૨-૩-૨૦૧૦ (આઠમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** માગણી નં. ૭૦ | | | |
| ૧. | ૨૫૧૫ અન્ય ......કાર્યક્રમો ૧૦૧ પંચાયતી રાજ રૂા. ૨,૪૧,૧૭,૫૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯, પા.નં. ૫૨ થી ૫૫ | ૧૦૦ | પંચાયતોમાં રજૂ થતા પ્રશ્નોનુ સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડાં. અનિલ જોષીયારા |
| ૨. | --"-- | ૧૦૦ | પંચાયતી રાજને સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૩. | --"-- | ૧૦૦ | પંચાયતોના વહીવટમાં થતી રાજકીય દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૪. | --"-- | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીન પંચાયતના ઠરાવ પછી અન્ય કોઈને નહી આપવાની જોગવાઈ છતાં અન્યને જમીનો આપવામાં આવે છે તે બાબત રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી.કે.રાઉલજી |
| ૫.* | --"-- | ૧૦૦ | પંચાયત હસ્તકની જમીનો ઉપરના દબાણો દૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૬. | ૨૨૧૫ અન્ય .....કાર્યક્રમો ૧૦૨ સમૂહ વિકાસ રૂા. ૩,૨૪,૭૭,૩૮,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૫૬ થી ૬૧ | ૧૦૦ | તલાટી કમ મંત્રીઓ ધ્વારા આમ જનતા સાથે થતું અયોગ્ય વિલંબકારી વર્તન સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૭* | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોએ સૂચવેલા વિકાસના કામો સત્વરે હાથ ઉપર લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૮. | --"-- | ૧૦૦ | તલાટી કમ મંત્રીઓની કામગીરીનુ નિયમિત મૂલ્યાંકન કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | હીરાભાઈ પટેલ |
| ૯. | --"-- | ૧૦૦ | પંચાયતોના મકાનોમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દીતાભાઈ મછાર |
| ૧૦. | --"-- | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતના તાબાની કચેરીઓને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૧૧. | --"-- | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતની નબળી કામગીરી સુધારવામાં અને વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓને અન્યત્ર બદલવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | --"-- | ૧૦૦ | તલાટી કમ મંત્રીઓને રાજકીય તથા સરકારી કાર્યક્રમોમાં સોંપાતી બિન જરૂરી જવાબદારીઓમાંથી મુકત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૩. | ૨૨૧૫ અન્ય .....કાર્યક્રમો<br>૧૦૨ સમૂહ વિકાસ<br>રૂા. ૩,૨૪,૭૭,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૫૬ થી ૬૧ | ૧૦૦ | તલાટીઓને વધારાના ચાર્જ સોપવાથી કામગીરી ઉપર પડતી વિપરીત અસર નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૪. | --"-- | ૧૦૦ | તલાટીઓની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ન ભરવાથી આમજનતાને પડતી હાડમારી દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાધવજીભાઈ પટેલ |
| **માગણી નં. ૭૧** | | | | |
| ૧૫. | ૨૫૦૧ ગ્રામીણ .....કાર્યક્રમો<br>૦૬ સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૫૪,૧૪,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૩૫ થી ૩૮ | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકત ધ્વારા રાજયમાં ગ્રામ વિકાસના કાર્યક્રમ હેઠળ કેન્દ્રની મળતી રકમનો ખરેખર અને સંપૂર્ણ ઉપયોગ થાય છે કે કેમ તેનુ મોનીટરીંગ કરી સાચી વિગતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વેજસિંગભાઈ પણદા |
| ૧૬. | --"-- | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકત ધ્વારા ગ્રામીણ વિકાસના કાર્યક્રમોને અગ્રતા આપવાને બદલે અન્યત્ર રકમો ખર્ચવામાં આવે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૧૭. | --"-- | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૮. * | --"-- | ૧૦૦ | ગ્રામ વિકાસ માટે કેન્દ્રની જુદી જુદી યોજનાઓ અન્વયે મળતી રકમનો પૂરતો અને યોગ્ય કામો માટે ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯. | ૨૫૦૧ ગ્રામીણ..... કાર્યક્રમો<br>૦૬ સ્વરોજગાર કાર્યક્રમો<br>૧૦૧ સુર્વણ...... યોજના<br>રૂા. ૧૭,૦૬,૯૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૩૯-૪૦ | ૧૦૦ | સુર્વણ જયંતિ ગ્રામ સ્વરાજ યોજનાનો વ્યાપ વધારી તેનો લાભ વધુ લોકોને મળે તેવુ આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | | | |
| ૨૦ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૩ પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૯,૮૩,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪, પા.નં. ૧૨ થી ૧૬ ભાગ-૧ | ૧૦૦ | પછાત વર્ગના લાભાર્થીઓની રજૂઆતો પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૧. | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના પ્રમાણપત્રો સમયસર લાભાર્થીઓને મળતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૨૨ | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની જુદી જુદી યોજનાઓ મૃતપાય થતી જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૩ | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના કલ્યાણ માટે ફાળવવામાં આવતી રકમમાં દર વર્ષે ઉદ્ધરોદ્ધર થતો ઘટાડો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૨૪ | --"-- | ૧૦૦ | પછાતવર્ગોના કલ્યાણ માટેની યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તેવુ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૨૫* | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૩ પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૯,૮૩,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪, પા.નં. ૧૨ થી ૧૬ ભાગ-૧ | ૧૦૦ | પછાતવર્ગોના કલ્યાણ માટેની યોજનાઓ માટે નાણાની ફાળવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૬ | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટેની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૭ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૩ પછાત વર્ગોનું કલ્યાણ<br>૧૦૨ આર્થિક વિકાસ<br>રૂા. ૯,૪૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪, પા.નં. ૧૭ થી ૨૩ | ૧૦૦ | સ્પર્ધાત્મક પરીક્ષા માટે પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રોનો વ્યાપ વધારી કુશળ શિક્ષકો ધ્વારા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૮ | --"-- | ૧૦૦ | શહેરી વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્યોગ સાહસિકોને વધુ રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯ | --"-- | ૧૦૦ | શહેરી વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉદ્યોગ સાહસિકોને નાણાકીય સહાય સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩૦ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૩ પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૭૭ શિક્ષણ ....<br>રૂા. ૧,૯૯,૯૦,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪, પા.નં. ૨૬ થી ૪૭ ભાગ-૧ | ૧૦૦ | સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધો.૧ થી ૪ માં ભણતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિના લાભ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૩૧ * | ૨૨૩૫ સમાજ.....કલ્યાણ<br>૦૨ સમાજકલ્યાણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૩,૮૮,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪, પા.નં. ૭૩ થી ૭૫ ભાગ-૧ | ૧૦૦ | સમાજસુરક્ષા નિયંત્રણ હેઠળની કચેરીઓમાં કર્મચારીઓની ખાલી જગ્યાઓના કારણે યોજનાના અમલીકરણમાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨ | --"-- | ૧૦૦ | સંકલિત બાલ વિકાસ યોજના અંગેની વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૩૩* | --"-- | ૧૦૦ | અંધશાળા - બહેરામુંગાની શાળાઓને યોગ્ય નાણાકીય સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪ | --"-- | ૧૦૦ | નારી ગૃહોમાં નારીની સલામતી અંગે પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૩૫ | --"-- | ૧૦૦ | વૃધ્ધાશ્રમોમાં વૃધ્ધોની પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૩૬ | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના સમાજોમાં વ્યાપેલ દૂષણો નાબૂદ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૩૭ | --"-- | ૧૦૦ | સમાજમાં થતા બાળ લગ્નો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૮ | ૨૨૩૫ સમાજ.....કલ્યાણ<br>૦૨ સમાજ કલ્યાણ<br>૧૦૧ વિકલાંગોનું કલ્યાણ<br>રૂા. ૭૪,૫૭,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં. ૭૬ થી ૮૪ ભાગ-૧ | ૧૦૦ | વિકલાંગોના કલ્યાણ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જવાહરભાઈ ચાવડા |
| ૩૯ | ૨૨૩૫ સમાજ.....કલ્યાણ<br>૦૨ સમાજ કલ્યાણ<br>૧૦૨ બાળકલ્યાણ<br>રૂા. ૧૩,૯૨,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં. ૮૫ થી ૯૦ ભાગ-૧ | ૧૦૦ | બાલ કલ્યાણ માટેના વિકાસ કાર્યક્રમનો વ્યાપ વધારી વધુ બાલવાડીઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| | | **માગણી નં. ૯૫** | | |
| ૪૦ | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૨ માધ્યમિક શિક્ષણ<br>૧૦૭ શિષ્યવૃતિ<br>રૂા. ૨૭,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં.૨૨- ૨૩ ભાગ-૨ | ૧૦૦ | અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ મંજૂર થયા પછી જે તે શાળા દ્વારા લાંબા સમય સુધી આ રકમ ચૂકવાતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૪૧ | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃતિમાં વધારો કરી સમયસર ચૂકવાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૪૨ | ૨૨૦૩ તકનિકી શિક્ષણ<br>૧૧૨ ઈજેનરી.......સંસ્થાઓ<br>રૂા. ૮,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં. ૩૦ ભાગ-૨ | ૧૦૦ | સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રાધ્યાપકોની નિમણૂક ન થવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪૩ | --"-- | ૧૦૦ | સરકારી ઈજનેરી કોલેજોના વિકાસને લગતી કામગીરી સત્વરે કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મણીભાઈ પટેલ |
| ૪૪ | ૨૨૧૦ તબીબી......આરોગ્ય<br>૦૬ જાહેર આરોગ્ય<br>૧૦૧ રોગ.....નિયંત્રણ<br>રૂા. ૩,૪૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં. ૫૧ ભાગ-૨ | ૧૦૦ | રાષ્ટ્રિય મેલેરીયા નાબૂદી કાર્યક્રમમાં મોટી રકમનો ખર્ચ કરવા છતાં મેલેરીયા નાબૂદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૪૫ | ૨૨૧૫ પાણી....... સ્વચ્છતા<br>૦૧ પાણી પુરવઠો | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકો માટેની પાણી પુરવઠા કામગીરીમાં દાખવવામાં આવતા ભેદભાવભર્યા વર્તન | શ્રી માનસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૨ ગ્રામીણ ......કાર્યક્રમ રૂા. ૫૨,૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪, પા.નં. ૫૮ ભાગ-૨ | | અને રકમની થતી ઓછી ફાળવણી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૬ | ૨૨૨૫ અનુસૂચિત....... કલ્યાણ ૦૧ અનુસૂચિત .......કલ્યાણ ૦૦૧ નિદેશ અને વહીવટ રૂા. ૧૮,૬૭,૪૪,૦૦૦ અં.પ્ર.નં.૨૪, પા.નં.૭૬ થી ૮૬ ભાગ-૨ | ૧૦૦ | સમાજકલ્યાણ નિયામકના તાબાની કચેરીઓને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૪૭ | --"-- | ૧૦૦ | સમાજકલ્યાણની કચેરીઓમાં ધારાસભ્યો અને સંસદ સભ્યોએ અનુસૂચિત જાતિના લોકોના વિકાસના કામો માટે કરેલ રજૂઆતો પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૪૮ | --"-- | ૧૦૦ | સમાજકલ્યાણની જુદી જુદી યોજનાઓની કામગીરીની સમયાંતરે ચકાસણી કરી કામગીરીનુ મૂલ્યાંકન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૪૯* | ૨૨૫૧ સચિવાલય..... સેવાઓ ૦૯૦ સચિવાલય રૂા. ૯૫,૯૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪, પા.નં.૧૪૧-૧૪૨ ભાગ-૨ | ૧૦૦ | વિભાગમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ન ભરવાથી વહીવટી કામગીરી ઉપર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૦ | --"-- | ૧૦૦ | વિભાગમાં કેટલાક અધિકારીઓ પાસે કામનું વધુ ભારણ હોઈ, અધિકારીઓ વચ્ચે કામની એક સરખી વહેંચણી કરી વહીવટી તંત્રને સંગીન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૫૧ | --"-- | ૧૦૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં મહિલા અને બાળ વિકાસ કલ્યાણની કામગીરી પણ થતી હોવાથી પછાત વર્ગોની કામગીરી ઉપર અસરો થાય છે તેથી મહિલા અને બાળ વિકાસ વિભાગ અલગ ઉભો કરાયો હોવાથી તેની કામગીરી સત્વરે પરત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શ્વરભાઈ વહીઆ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક: ૭૦ અને ૭૧ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યાં છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે એમ ગ્રામ પ્રધાન પણ દેશ છે. ગુજરાતની વાત કરીએ તો લગભગ ગુજરાતમાં ૧૮ હજાર કરતાં વધારે ગામડાં આવેલાં છે. તે ગામડાંઓ પ્રાચીનકાળથી વહીવટ એક મહત્ત્વનું એકમ ગણાતું આવ્યું છે. એ રીતે વાત કરીએ તો એના અનુરૂપ એક સામૂહિક જીવન આખું વિકસેલું છે તેના અનુસંધાને વાત કરીએ તો પુ.મહાત્મા ગાંધીજીએ પણ આપણને કહ્યું હતું કે જ્યારે સત્તા સ્થાને બેઠા પછી એક પણ નિર્ણય લઈએ તો સામાન્ય જનને કેન્દ્રમાં રાખીને નિર્ણય લેવો જોઈએ એવું મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું. તે મહાત્મા ગાંધીજીની ગ્રામ સ્વરાજ્યની કલ્પના સાકાર કરવા માટે જે તે સમયના લોક પ્રતિનિધિએ પૂરેપૂરો પ્રયત્ન કર્યો હતો. સદ્‌ગત આપણાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી બળવંતરાય મહેતાએ પંચાયતી રાજનો વિચાર લગભગ ૪૫ વર્ષ પહેલાં આપણી સમક્ષ મૂક્યો હતો. અને આપણે બધા જાણીએ છીએ કે સમગ્ર ભારતની પ્રજાએ અને ગુજરાતની પ્રજાએ અને સરકારે બહુ સારી રીતે સુપેરે તેને નિભાવ્યો હતો અને પ્રયત્ન કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે લોકશાહીની ચિંતા કરીએ છીએ, લોકશાહીની વાતો કરીએ છીએ પરંતુ આજના સમયની સાથે તાલ મિલાવીને ઈ-ગ્રામની વાતો કરીએ છીએ વિશ્વ ગ્રામની વાતો કરીએ છીએ પરંતુ કઈ પરિસ્થિતિમાં ગામડાંઓ છે તેનો વિચાર કર્યો છે ખરો? સદ્‌ગત વડાપ્રધાન રાજીવ ગાંધીએ પણ આ પંચાયત રાજને વધુ સત્તા મળે, બંધારણીય હક્ક મળે તે માટે પણ બંધારણમાં સુધારો કર્યો હતો. તેના કારણે પંચાયતમાં ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓને પૂરેપૂરાં માન-સન્માન મળે તે માટેના પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, જે પંચાયત સંસ્થાઓને આજે આ રાજય સરકારે પોતાની દાસ બનાવી દીધી હોય એ પ્રમાણે વર્તન થઈ રહ્યું છે. સરકાર ધારે ત્યારે ગ્રામ પંચાયત સુપરસીડ થાય, તાલુકા પંચાયત સુપરસીડ થાય, જિલ્લા પંચાયત સુપરસીડ થાય. અને ન થાય તો સુપરસીડ કરવાની ધમકી આપીને, દબાણ હેઠળ તેનું કામ કરવામાં આવે છે. આના કારણે સદ્‌ગત બળવંતરાય મહેતાએ જે ગ્રામ સ્વરાજયની કલ્પના કરી હતી અને ગામના વિકાસની વાતો કરી હતી. એનો કયાંકને કયાંક ધ્વંસ થતો લાગે છે. ખાસ કરીને વાત કરીએ તો પંચાયત એ બંધારણીય સંસ્થા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને સ્વતંત્ર રીતે કામ કરવા દેવું જોઈએ, પરંતુ આજના સંજોગોમાં આપણે જોઈએ છીએ કે એને એક પ્રકારની સ્વાયત્ત સંસ્થા નહીં, પણ સરકારના ઈશારે નાચતી સંસ્થાઓ બનાવી દેવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગ્રામ પંચાયતના વડા સરપંચ હોય. તાલુકા પંચાયતના વડા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હોય, જિલ્લા પંચાયતના વડા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હોય છે. પરંતુ આજે ગામડામાં જોઈએ તો તલાટી રાજ ચાલતું હોય છે. તાલુકા પંચાયત જોઈએ તો ટી.ડી.ઓ.શ્રી રાજ કરતા હોય છે. જિલ્લા પંચાયત જોઈએ તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજ

કરતા હોય છે. પંચાયતના પ્રમુખશ્રીનું, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીનું કે સરપંચશ્રીનું કયાંય મહત્વ જળવાતું હોય તેવું કયાંય લાગતું નથી. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની વાત કરીએ તો તાલુકા વિકાસ અધિકારીશ્રીની સીધી સૂચનાનો વહીવટ એ થતો હોય અને વહીવટ અહીંયાથી સીધો થતો હોય તેમ લાગી રહ્યું છે.

**સભાપતિશ્રી દોલતભાઈ દેસાઈ અધ્યક્ષસ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જિલ્લા પંચાયતના પ્રમુખ સમગ્ર જિલ્લાનો વહીવટ કરતા હોય છે. સમગ્ર જિલ્લામાં ફરતા હોય છે. અનેક સમસ્યાઓ તેમની સામે રજૂ થતી હોય છે. કયાંક આરોગ્ય વિભાગની હોય, કયાંક માર્ગ અને મકાનની હોય. કયાંક શિક્ષણની હોય. કયાંક મહેસૂલની હોય. પરંતુ પ્રમુખશ્રી પાસે એકપણ પાવર ન હોવાને કારણે અને કયાંય શિક્ષાત્મક પગલાં નહીં લઈ શકવાને કારણે એ અધિકારીઓ પોતાની મનમાની ચલાવતા હોય છે. ખાસ કરીને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે ડાયરેકટ વહીવટ થતો હોવાને કારણે બધો જ જિલ્લા પંચાયતના અધિકારીનો અવાજ દબાવી દેવામાં આવે છે. બદલીઓની વાત હોય, બીજી વાત હોય તો પ્રમુખ માત્ર નામના પ્રમુખ રહ્યા છે. ઘણી વખત એવી પરિસ્થિતિ પેદા થતી હોય છે કે કોઈ વ્યકિતને તળાવમાં નાંખી દીધા હોય, હાથ પગ બાંધી દીધા હોય અને પછી કહીએ કે તું બહાર નીકળ. તો એ કઈ રીતે નીકળી શકે? એવી પરિસ્થિતિ જિલ્લા પંચાયતના પ્રમુખની હોય છે. ખાસ કરીને ઘણી જગ્યાએ આપણે જોતા હોઈએ છીએ કે તલાટીની બદલી પણ પંચાયત પ્રમુખશ્રી કરી શકતા નથી. પટ્ટાવાળાની બદલી પણ કરી શકતા નથી. એ પરિસ્થિતિ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની છે. ખાસ કરીને પંચાયતને લગતા ઘણા નિયમો, પરિપત્રો બહાર પડયા છે. હમણાં જ એક પરિપત્ર તલાટીની બદલી માટેનો બહાર પડયો છે કે તલાટીની બદલી માત્ર ને માત્ર કેમ્પથી કરવી. એ.બી.સી.ડી. પ્રમાણે, વર્ગીકરણ પ્રમાણે કામ કરવું. પણ આપણે બધા જાણીએ છીએ કે બદલીઓ કઈ રીતે થાય છે? એમાં કયાંકને કયાંક ભ્રષ્ટાચારની બૂ અને કયાંક વહાલા-દવલાની નીતિ અપનાવાતી હોય એવું લાગી રહ્યું છે. આના કારણે પંચાયતના પદાધિકારીઓ નહીં, પણ પંચાયતના વહીવટકારો જે હોય છે, એને પ્રોત્સાહન મળે છે. અધિકારીઓને પ્રોત્સાહન મળતું હોય છે. પંચાયતો માટે અને આપણા માટે એ ગંભીર બાબત છે.

ખાસ કરીને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીના પ્રોટોકોલની વાત કરીએ તો તારીખ ૧૫ મે-૨૦૦૬ની અંદર સામાન્ય વહીવટ વિભાગે નોટિફિકેશન બહાર પાડીને પ્રોટોકોલની એક વ્યાખ્યા કરવામાં આવી છે. એ મુજબ ક્રમ નંબર-૮ મુજબ પંચાયતનો પ્રમુખ રાજય કક્ષાના મંત્રીની સમકક્ષ ગણવામાં આવે છે. તાલુકા પંચાયતના પ્રમુખને નાયબ મંત્રીની સમકક્ષ ગણવામાં આવે છે. પરંતુ જયારે પ્રમુખશ્રી પ્રવાસમાં જતા હોય છે, ત્યારે એ માત્ર રાજકીય પ્રવાસ થઈ જતો હોય છે. ના ટી.ડી.ઓ. હાજર હોય, ના તલાટી હાજર હોય, ના બીજા વહીવટના અધિકારીઓ હાજર હોય. એટલા માટે કે એની પાસે પાવર નથી. એટલે કોઈ અધિકારી હાજર રહેતા નથી અને માત્ર રાજકીય પ્રવાસ બની રહેતો હોય છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું કે ખાસ આ નોટિફિકેશન મુજબ અમલ થાય. એ દિશામાં પ્રયત્નો કરવા જોઈએ.

પંચાયતી રાજમાં ગ્રામ્ય પ્રજાને પંચાયત સાથે સીધો સંબંધ હોય છે. રોજેરોજના કામકાજ માટે આજના કામમાં આજ માટે સતત પંચાયતમાં અવરજવર કરવી પડતી હોય છે. પરંતુ ગામમાં તલાટી, તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી એ મહત્વની કેડર ગણાતી હોય છે. પરંતુ લગભગ ૨૨૫ તાલુકા પંચાયતો આવેલી છે, એમાં લગભગ ૬૪ જેટલી જગ્યાઓ આજે પણ ખાલી છે. ખાસ કરીને રાજકોટ જિલ્લાની વાત કરીએ તો લગભગ કોટડા સાંગાણી તાલુકાની જગ્યા છે એ ૨૦૦૬થી ખાલી છે. લગભગ ટર્મ પતી ગઈ છે. લગભગ ૨૦૦૬થી આ જગ્યા ખાલી છે. ટર્મ પણ પતી ગઈ છે. આ તાલુકાનો વિકાસ કઈ રીતે થવાનો? વિચાર તો કરો જરા. આ જ પ્રમાણે તાલુકા પંચાયતના વહીવટમાં વારંવાર જરુર પડે, ત્યારે અધિકારીની જગ્યા ખાલી હોય તો સામાન્ય પ્રજા જાય કયાં?

બીજી એક વિનંતી એ છે કે તાલુકા પંચાયતમાં એક જ ગાડી હોય છે. તાલુકા વિકાસ અધિકારીશ્રીની અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીની. કદાચ કયાંક તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મજબૂત હોય તો એ લઈને ફરતા હોય છે. કયાંક ટી.ડી.ઓ.શ્રી મજબૂત હોય તો એ લઈને ફરતા હોય છે. એમાં ગામડાની પ્રજાના વિકાસની વાત તો વચ્ચે કયાંય આવતી જ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાને આપણે મહત્વનું એકમ ગણીએ છીએ. ખાસ કરીને ગામડામાં નાના નાના માણસોને દાખલા માટે કે બીજા કોઈ કામ માટે વારંવાર તલાટીની જરુર પડતી હોય છે. પરંતુ આપણે તલાટી પાસે કેટલું કામ લઈએ છીએ? કયાંક દબાણનું કામ હોય, કયાંક મહેસૂલનું કામ હોય, કયાંક સરકારી યોજનામાં કામ લેતા હોઈએ, કયાંક ઉત્સવમાં કામ લેતા હોઈએ. એટલા માટે એની પાસે સતત કામનું ભારણ હોય છે. એટલે ગામના વિકાસનું કામ કયાંય થતું હોય એવું દેખાતું નથી.

ખાસ કરીને તલાટીને આપણે ૨૫૦૦ના ફીકસ પગારથી રાખતા હોઈએ છીએ. તો એ કઈ રીતે કામ કરવાનો? પોતાના ઘરનું ભરણપોષણ જો ના કરી શકતો હોય તો ગામના વિકાસની વાત તો કયાં કરવા જવાનો? ખાસ કરીને જોઈએ તો આજે તલાટીઓની વાત કરીએ તો ગામના વિકાસની ચિંતા કરતા હોઈએ, તલાટીઓની વાત કરતા હોઈએ તો આજે સાબરકાંઠા જિલ્લામાં ૧૨૬ જગ્યા ખાલી છે, બનાસકાંઠામાં ૨૨૩ જગ્યા ખાલી છે, આણંદમાં ૧૧૦ જગ્યા ખાલી છે, જૂનાગઢમાં ૧૫૬ જગ્યા ખાલી છે, ખેડામાં ૧૨૭ જગ્યા ખાલી છે અને

ગાંધીનગરમાં ૮૦ જગ્યા ખાલી છે. એટલે લગભગ ૩૦૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે એખૂબ જ દુઃખની વાત છે. આના માટે કોઈ પ્રયત્ન કરીને વહેલામાં વહેલી તકે આ જગ્યાઓ ભરાય એ દિશામાં પ્રયત્ન કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાની વાત કરું તો સરકારે એક નવો અભિગમ દાખવ્યો કે ગ્રામસભાની વાત કરી. ગ્રામ સભામાં ઘણા પ્રશ્નો આવે, આ ગ્રામ સભા દર ૬ મહિને ભરાય અને એમાં ઘણા પ્રશ્નો આવે, પરંતુ એ પ્રશ્નોના ઉકેલની દિશામાં એના માટેના નિયમો બનાવવામાં આવતા નથી એના કારણે પ્રશ્નો ત્યાંના ત્યાં જ રહે છે અને ઘણી વખત તો પરિસ્થિતિ એવી પ્રદા થાય છે કે અધિકારીઓને ગામડાના લોકોના રોષનો ભોગ બનવું પડે છે. એ પરિસ્થિતિ આજે ગ્રામ સભાઓમાં થાય છે. તો આ દિશામાં પણ એના નિયમો બનાવવાની બાબતમાં પણ એનું અમલીકરણ થવું જોઈએ એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતોને માયનસ ગ્રાન્ટ ચૂકવવાની વાત કરું તો પંચાયત અધિનિયમ ૧૭૫ હેઠળ આવશ્યક ગ્રાન્ટ પંચાયતોને ફાળવવાની સ્પષ્ટ જોગવાઈ છે, પરંતુ ૭૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે માયનસ ગાન્ટ આજે ચાલી રહી છે એના કારણે પંચાયતોની નાણાકીય પરિસ્થિતિ ખૂબ જ નબળી પડી છે અને વિકાસનાં કામો થતાં નથી. એટલા માટે ખાસ તો મારી વિનંતી છે કે આ દિશામાં પ્રયત્ન કરીને પંચાયતોને ખાસ કરીને આ માયનસ ગ્રાન્ટ ફાળવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી મેં અગાઉ પણ વાત કરી હતી (સમયસૂચક ઘંટડી) કે પંચાયતના અને શહેરોના અને ગામડાંના પ્રશ્ને અલગ હોય છે. ખાસ કરીને નગરપાલકા મારફતે શહેરોના વિકાસની વાત થાય છે અને એના માટેનું નગરપાલિકા ફાઈનાન્સ બોર્ડ છે તો પંચાયત ફાઈનાન્સ બોર્ડ બનાવવાનો સૈધ્ધાંતિક નિર્ણય અગાઉ લેવામાં આવ્યો હતો, પરંતુ એનો પણ અમલ થતો નથી તો એનો અમલ થાય તો પંચાયતો સ્વાયત બને અને એમની નાણાકીય સધ્ધરતા વધે અને એના કારણે વિકાસમાં વેગ આવશે એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને બી.પી.એલ. ની વાત કરું તો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને બીજી એજન્સીઓ દ્વારા અને ખાસ કરીને એન.જી.ઓ. ને આની કામગીરી સોંપવામાં આવે છે અને એના કારણે આ બી.પી.એલ.ની યાદી તૈયાર કરવામાં કયાંક ને કયાંક ગરબડો ઉભી થાય છે. કયાંક તો ઓફિસમાં બેસીને આ બી.પી.એલ. યાદી તૈયાર થાય છે. તો એના માટે ખાસ પ્રયત્નો કરીને આ દિશામાં કામગીરી થવી જોઈએ. મારા સાબરકાંઠાની વાત કરું તો સાબરકાંઠામાં લગભગ ૪૫ હજાર જેટલા બી.પી.એલ.ના લાભાર્થીઓ આજે પણ એની રાહ જોઈએ બેઠા છે ત્યારે એની પણ ચિંતા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગામતળની સમસ્યાની વાત કરું તો વારંવારની રજૂઆતો ગામતળ માટેની થતી હોય છે. ધારાસભ્યો આ પ્રશ્ન સંકલન સમિતિમાં પૂછી શકતા નથી ત્યારે મારું કહેવું છે કે આ ગમતળ કેમ નીમ કરવામાં આવતું નથી? ગામની વસતિ વધતી હોય, ગામનો વિકાસ થતો હોય ત્યારે આ ગામતળ નીમીને સો ચોરસ વારના પ્લોટ આપવાના થતા હોય તો એ આપવાની પણ તૈયારી રાખવી જોઈએ. સો ચોરસ વારના પ્લોટની વાત કરું તો મારા

મેઘરજની વાત કરું તો ૨ વર્ષમાં ખાલી ૫ જ પ્લોટ સો ચોરસ વારના આપવામાં આવ્યા છે. સાવ ગરીબ ગામડું છે આ પરિસ્થિતિ ત્યાં આગળ છે અને કયાંક દબાણ થયું હોય, ઝૂંપડં બાંધ્યું હોય (સમયસૂચક ઘંટડી)

**સભાપતિશ્રી:** માનનીય મહેન્દ્રસિંહ પૂરું કરો, આપનો સમય પુરો થાય છે.

**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા:** હું એક જ મિનિટમાં પૂરું કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગામની વાત કરું તો ૨૦૦૭ના વર્ષને ગુજરાતમાં નિર્મળ ગામ તરીકે ઉજવવાની વાત કરી હતી ત્યારે લક્ષ્યાંક શું હતો અને પરિણામ શું આવ્યું એ જોઈએ તો ૨૦૦૯-૧૦ માં ૮ હજાર લાખની જોગવાઈ સામે માત્ર ખર્ચ ૬૭૮ લાખનો જ કરવામાં આવ્યો છે. (અંતરાય)

**સભાપતિશ્રી:** માનનીય મહેન્દ્રસિંહ, આપનું પ્રવચન પૂરું થાય છે. મેં આપને ૧ાા મિનિટ વધારે આપી છે. માનનીય લીલાધરભાઈ આપ પ્રવચન ચાલુ કરો. (અંતરાય)

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય પંચાયત મંતીશ્રી નરોત્તમભાઈ પટેલ અને રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે અને નરોમાં ઉત્તમ એવા નરોત્તમભાઈને પંચાયત વિભાગની કામગીરી સોંપવામાં આવી છે. રાજયની ૬૫ થી ૬૮ ટકા વસતિ જેના વિકાસની સંપૂર્ણ જવાબદારી એ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ પાસે છે અને એવી વિશાળ જવાબદારી માનનીય નરોત્તમભાઈને સોંપવામાં આવી છે અને તેમની સુંદર મજાની કામગીરીની રીત, અભ્યાસ, દ્રષ્ટિ અને માનનીય મુખ્યમંત્રીશ્રીના એમને જે સૂચનો મળે એ બધાને લક્ષમાં લઈને પંચાયત વિભાગનો હવાલો સંભાળ્યા પછી રાજયમાં એક નવું ચેતન આવ્યુંછે, ગરીબોને અહેસાસ થવા માંડયો છે કે અમારું કોઈ છે. પહેલાં જયારે ગામડામાં જઈએ તો લોકો વાત કરે કે આઝાદી કયાં છે?અમને તો આઝાદી દેખાતી જ નથી, પણ છેલ્લો ૨૦૦૦નો જે દસકો આવ્યો, ૨૦૦૧ થી ૨૦૧૦નો દસકો ચાલ્યો એ દસકામાં ગામડાંના વિકાસ માટે, ગામડાંના ગરીબોના વિકાસ માટેની, ગામડાંના ખેડૂતોના વિકાસ માટેની, ગામડાંના ખેત મજૂરોના વિકાસ માટેની, ગામડાંના તમામ કક્ષાના ગરીબોના વિકાસ માટેની ચિંતા રાજય સરકારે અને પંચાયત વિભાગે કરી છે. અને તે દાદ માગી લે તેવી છે. એક દિવસ એ ગરીબો માટે એવો હતો કે એમને પીવાના પાણીની તકલીફ, એમને રસ્તાની તકલીફ, ચારે બાજુ ગંદકી,

આ પરિસ્થિતિમાં ખદબદતું ગામડું આજે ધીમે ધીમે દસ વર્ષના ગાળા પછી પણ હજુ ગામડાંની ગંદકી આ સરકાર પણ પૂરેપૂરી દૂર કરી શકી નથી, એટલે મને કહેવા દો કે ભૂતકાળની સરકારોએ ગામડાંની અને ગરીબો પ્રત્યેની ઉપેક્ષા સેવી અને તે ઉપેક્ષાના પરિણામે ગામડું જે બદતર હાલતમાં જીવી રહ્યું હતું તેને સુધારવાનો નિર્ધાર કરીને રાજય સરકારે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી છે. ગામડાંના લોકો કામ કરીને સાંજે ઘરે આવે ત્યારે નિરાંતે સૂઈ શકે તે માટે એમના માટે આવાસ યોજના એક ઈન્દિરા આવાસ યોજના કેન્દ્ર સરકાર પુરસ્કૃત અને બીજી ઝીરો થી ૧૬ સુધીના ગરીબી રેખાની નીચે જીવતા લોકોને આવાસની યોજના આપવામાં આવી છે. અને એ આવાસ યોજનામાં ૬૦/૪૦નો રેશીયો, ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજય સરકાર એ રીતે ૫૦૫૦૦નું એક મકાન એ રીતે ગરીબોને આવાસ પુરા પાડવામાં આવે છે. એ જ રીતે જે લોકો ૧૬ પોઈન્ટ સુધીના હતા એ આવી ગય, પણ ૧૭ થી ૨૦ પોઈન્ટ સુધીની કક્ષા વાળા ગરીબી રેખાથી નીચે જીવતા લોકો હતા તેમને મકાન મળવા જોઈએ, એટલે રાજય સરકારે સરદાર આવાસ યોજનાના નામે જે રીતે ઈન્દિરા આવાસ યોજનામાં ૫૦૫૦૦ની હતી તે જ પ્રમાણે આ યોજના કરી અને તમામ ગરીબોને મકાન આપવાનું આયોજન કર્યુ છે. સુવર્ણ જયંતિ વર્ષ ચાલે છે ત્યારે આવી કોઈ પણ યોજના દ્વારા રાજયનો ગરીબી રેખાની નીચે જીવતો એક પણ વ્યકિત મકાન વગરનો ન રહે તે સરકારની નેમ છે. તેની સાથે રાજયના ગરીબ લોકોને માટે એક વખત આદર્શ ગામની આદર્શ યોજનાને નજરમાં રાખી અને ગોકુળ ગામની યોજના વિચારી હતી. ગામડાંમાં પણ જે જૂરી હોય તેવી પાયાના કામની વિચારણા કરી અને ગામને સુંદર અને સ્વચ્છ બનાવવા વિવિધ રીતે યોજનાઓ થતી હતી અને તેનું સંચાલન પણ લોકોના પ્રતિનિધિઓ ગામના સરપંચ તેના અધ્યક્ષ અને ગ્રામ મિત્ર તેના સભ્ય સચિવ, આ રીતે યોજનાનું કામ કરતા હતા. અને આજ સુધીમાં ૧૬૧૪૯ ગામોનઢ ગોકુળ ગામ તરીકે જાહેર કર્યાછે. ૧૭૦૮.૩૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે રાજયમાં ગામડાંની બહેનો સંગઠીત બને અને બહેનો પોતાનો વ્યવહાર પોતાની રીતે બચત કરીને કરી શકે તે માટે સખી મંડળો ઉભા કરવાનં કામ કર્યુ છે. અને આ પ્રોજેકટ હેઠળ ૧૮,૯૬,૦૦૦ ની સંખ્યા ધરાવતા લગભગ દોઢ લાખ જેટલા સખી મંડળીનો રચના કરવામાં આવી છે. અને આ મંડળો દ્વારા ૯૩ કરોડ પાંચ લાખ રૂપિયાની બચત કરવામાં આવી છે. તેની સાથે કહું કે ૯૧૦૭૫ સખી મંડળોને બેંક દ્વારા ૧૪૧ કરોડ ૮૫ લાખનું ધિરાણ કરવામાં આવ્યું છે. અને એ જ રીતે જોઈએ તો ૧ લાખ ૧૮૯૦ સખી મંડળોએ આંતરીક ધિરાણ કરવાની કામગીરી પણ કરી છે. અને એમાં ૪૮ કરોડ ૨૧ લાખનું ધિરાણ થયું છે. અને ૨૬૮૧૪ જેટલા મંડળો આજે આર્થિક પ્રવૃત્તિ કરતા થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મૂળભૂત આશય તો એટલો જ હતો કે મહિલાઓમાં બચતની ભાવના અને ટેવો વિકસે, આર્થિક પ્રવૃત્તિ હાથ ધરી શકે અને તેની રીતે સખી મંડળોની સામાજીક પ્રવૃત્તિઓ મારફત સામાજીક પરિવર્તન થઈ શકે. મહિલાઓનું આર્થિક, સામાજીક રીતે સશકિતકરણ થાય એ જાતની આખી કલ્પના હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ગરીબોને બેઠાં કરવા માટે ગામડાંના ગરીબ લોકો જે ગરીબી રેખા નીચે જીવતા હતા એવા ખેતમજૂરોને વીમાનું કવચ પણ આ સરકારે પૂરું પાડ્યું છે. એમના બાળકો જે ભણતાં હોય એમને પણ એનો લાભ આપવામાં આવતો હતો અને ૯થી ૧૨ ધોરણ ભણતા ૮,૪૩૮ બાળકોને ૫૦.૬૩ લાખની શિષ્યવૃત્તિ આ યોજનામાંથી આપવામાં આવી. ૧૩૩ અવસાન પામેલા વ્યકિતઓને ૪૧.૨૫ લાખની વીમાની રકમ ચૂકવાઈ છે. એવી જ રીતે શહેરો ગામડાંની અંદરથી આજે ગામડાંથી કંટાળીને કેટલાક જે જાગૃત લોકો હતા, એક બાજુથી ગામડું ચારે બાજુથી પછાતપણામાં સબડતું હતું અને બીજી બાજુ શહેરોનો બેફામ વિકાસ થયો હોય એવા સંજોગોમાં જાગૃત લોકોએ ગામડાં છોડીને શહેરોમાં જવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. પરિણામ એ આવ્યું કે એવા લોકોને કારણે ગામડાં તૂટવા માંડ્યા, શહેરોમાં ભારણ વધવા માંડ્યું અને જીવન જીવવા માટેની પરિસ્થિતિ બધી બાજુની વિપરિત બની. એવા સંજોગોમાં આપણાં પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામજીએ કહયું હતું કે કંઈક આવી યોજના કરવી જોઈએ કે શહેરોના જેવી યોજના ગામડાંને મળવી જોઈએ. એટલા માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ શહેરોમાં જે પ્રાથમિક સુવિધાઓ છે એ સુવિધાઓ ગામડાંને મળતી થાય, એને રસ્તા, પાણી, ગટર, વીજળી આ સુવિધાઓ ગામડાંને મળતી થાય એને કારણે ગામડાંને અને શહેરની વચ્ચેનું જે અંતર છે તેને મીટાવી દેવા માટે એ યોજના બનાવી છે એને અર્બન યોજના આપણે કહી શકીશું.

**સભાપતિશ્રી**: પૂરું થાય છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : આટલી વાત કરતાની સાથે માનનીય પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું આવકારું છું, આટલી વાત કહીને વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી ૧૩૧ કરોડની જોગવાઈની માગણીઓ લઈને ઉપસ્થિત થયા છે તેને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ ગુજરાતનું વર્ષ છે. છેલ્લી ત્રણ પંચવર્ષીય યોજનાઓના આંકડાઓ પણ આપણે જોઈએ ૮મી, ૯મી અને ૧૦મી. તો તેમાં પણ ૧૦મી પંચવર્ષીય યોજનામાં લગભગ ત્રણ ગણી જોગવાઈ થઈ છે અને તેની સાથે આ વર્ષે અનુસૂચિત જાતિના વર્ગના સંપૂર્ણ વિકાસ માટે, સર્વાંગી વિકાસ અને તમામ પ્રકારે વિકાસ થાય, તેમનું આર્થિક ઉત્થાન થાય, તેનો શૈક્ષણિક રીતે વિકાસ થાય, તેના માટેની યોજનાઓ અનુસૂચિત જાતિનો વર્ગ સ્વમાનભેર જીવી શકે, સમાજમાં જે નિરાધારો છે, વૃદ્ધો છે, વિધવા બહેનો છે, વિકલાંગો છે એ પણ

સ્વમાનભેર જીવી શકે એ પ્રકારની યોજનાઓ આમાં આપણે જોઈ શકીએ છીએ ત્યારે મારે જે વાત કરવી છે તે એ છે કે આ જોગવાઈમાં તેને એમ કહી શકાય કે નવા યુગના મંડાણ તરફ આ વિભાગ જઈ રહ્યો છે ત્યારે ગુજરાતમાં જે સાક્ષરતાનો દર છે ખાસ કરીને અનુસૂચિત જાતિના વર્ગની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ૨૦૦૧ની વસતિ ગણતરીના આધારે સામાન્ય સાક્ષરતાનો દર ગુજરાતમાં ૬૯.૧૪ છે. તેની સરખામણીમાં અનુસૂચિત જાતિનો સાક્ષરતાનો દર ૭૦.૫૦ ટકા એટલે જનરલ કરતા પણ અનુસૂચિત જાતિના સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારે છે. એ દર્શાવે છે કે આ સરકાર શિક્ષા માટે ચિંતિત છે. શિક્ષણ આપવા માટે ચિંતિત છે. મારે બીજી વાત એ કરવી છે કે, સામાન્ય વર્ગના પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ ૭૯.૬૬ ટકા છે, અનુસૂચિત જાતિમાં એના કરતાં ત્રણ ટકા જેટલું વધારે છે. એટલે કે, ૮૨.૫૬ ટકા જેટલું અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ છે. ત્યારે આ સરકારને પણ અનુસૂચિત જાતિના વર્ગના લોકોને ભણાવવા છે, આ દલિતોને પણ ભણવું છે. કારણ કે, ભણવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. એ એટલા માટે કે, દલિતો જમીનદાર નથી કે ખેતીમાંથી એનું જીવન ગુજારો કરી શકે, મિલ માલિકો નથી કે એની આજીવિકાનો પ્રશ્ન ન રહે, કોઈ મોટા ફૅક્ટરીના માલિકો નથી કે, ઉદ્યોગપતિઓ કે, વેપારીઓ નથી. અને એટલા માટે દલિતોને માટે શિક્ષણ એ જ સંજીવની છે, એ જ એને જીવાડી શકશે, એ જ એને જિતાડી શકશે. આ સરકાર દલિતોમાં શિક્ષણનું પ્રમાણ વધે એ માટે કૉલેજો માટેની નવી છાત્રાલયો શરૂ કરી છે, આશ્રમશાળાઓમાં રહેતા વિદ્યાર્થીઓ કમ્પ્યુટરનું જ્ઞાન લઈને શિક્ષિત બની શકે, સમાજમાં આગામી દિવસોમાં નોકરીઓની હરિફાઈમાં ટકી શકે એ માટેની જોગવાઈ આ વખતના બજૅટમાં કરી છે. ત્યારે મારે એક વાતનો ઉલ્લેખ કરવો છે. દલિતોને ઉચ્ચતર શિક્ષણ મળે, વધારેમાં વધારે હાઈ એજ્યુકેશન મળે એ માટે આ સરકાર ચિંતિત છે. આ રાજયમાં આ દેશમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ભણે એના માટે જોગવાઈ કરી છે. ૨૦૦૦ની સાલમાં સૌ પહેલાં તે દિવસોમાં શ્રી ફકીરભાઈ મંત્રી પણ હતા. ડો. બાબા સાહેબ આંબેડકરના નામ સાથે જોડીને વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓને સહાય આપવાની યોજના દાખલ કરી હતી. આજે રૂ.૧૦/- લાખ જેવી માતબર રકમ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટે મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત એટલા માટે કરવી છે કે, આમાં ૪૨૫ જેટલા વિદ્યાર્થીઓ વિદેશમાં અલગ અલગ જગ્યાએ ભણે છે. અનુસૂચિત જાતિમાં પણ વધારે પછાત કહી શકાય એવા અતિ પછાત કહી શકાય એવા ૩૦ જેટલા વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે હું માનું છું કે, ગુજરાતમાં સૌથી સારા દિવસો અનુસૂચિત જાતિના વર્ગ માટે હોય તો આ પક્ષના શાસનમાં છે એમ કહેવામાં મને કોઈ વાંધો નથી. મારે વાત કરવી છે, ડો. બાબા સાહેબ આંબેડકર જ્યારે ભણીને તૈયાર થયા ત્યારે એ હતા- ભીમરાવ રામજી આંબેડકર વડોદરાના રાજાની સહાય મળે છે, વિદેશ ભણવા જાય છે. ડો. બાબા સાહેબ આંબેડકર જેવું વિશ્વ માનવનું સર્જન થયું હોય તો એમને વિદેશ ભણવા મોકલવામાં આવ્યા એના કારણે વિશ્વ વિભૂતિનું સર્જન થયું હતું. મારે વાત એટલા માટે કહેવી છે કે, આ એક જ મિલિટરીના સૂબેદારના દીકરાને ભીમરાવ રામજી આંબેડકરજીમાંથી મહા માનવનું સર્જન કરવાનું કામ વિદેશમાં અભ્યાસ કરીને આપ્યું હતું. તેવું માન દલિતોના દીકરાઓને ભણાવવાનું કામ આ સરકારના શાસનમાં થઈ રહ્યું છે ત્યારે ડો. બાબા સાહેબ આંબેડકર વિદેશમાં ગયા, ભણ્યા, અભ્યાસ કર્યો, દેશના રાજકારણમાં રહ્યા અને એમણે બંધારણની રચના કરી અને એના આધારે આ દેશનું શાસન ચાલી રહ્યું છે ત્યારે તેથી જ કહેવાયું છે કે, ગીતા પે હિન્દુ ચલતા હૈ, ગીતા એ હિન્દુ ધર્મનો ગ્રંથ છે,

" ગીતા પે હિન્દુ ચલતા હૈ, બાઇબલ સે ઈસાઈ ચલતા હૈ ઔર
કુરાન સે મુસલમાન ચલતા હૈ, ઔર
મેરે ડો. બાબા ભીમ તેરે બંધારણ સે હિંદુસ્તાન ચલતા હૈ."

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એટલા માટે કહેવી પડે છે કે, ડો. બાબા સાહેબ આંબેડકરે બંધારણની રચના કરી હતી અને એ જ પ્રમાણે દેશનું શાસન ચાલે છે. અને એના પ્રમાણે અનુસૂચિત જાતિના લોકો માટે શિક્ષણમાં, નોકરીમાં અને રાજકીય અનામતોની જોગવાઈ થઈ હતી. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે જે સમાજમાંથી ચૂંટાઈને આવ્યા હોઈએ એ સમાજના હક્કો પર જ્યારે કુઠારાઘાત થઈ રહ્યો હોય, એના હક્કોને છીનવવાની જ્યારે વાત આવતી હોય ત્યારે એ ખતરનાક ખેલ કોંગ્રેસ દ્વારા ખેલાઈ રહ્યો છે. મારે એ વાત કરવી છે કે એનાથી અનુસૂચિત જાતિના અસ્તિત્વ સામે ખૂબ મોટો ખતરો ઊભો થશે આગામી દિવસોમાં, એના હક્કો છીનવી લેવા માટેના •(xxxxx)

**સભાપતિશ્રી** : આત્મારામ, *(xxxxx) નહીં બોલાય હો, હું રદ કરુ છું. *(xxxxx) શબ્દ રદ કરું છું અને હવે એક જ મિનિટ બાકી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ના સાહેબ એક કયાંથી હજી તો શરૂઆત જ થઈ છે. દસ મિનિટ સાહેબ આપી છે.

**સભાપતિશ્રી** : ઘડિયાળ બોલે છે. નિયત કરેલો ટાઇમ બોલે છે.

---

• (xxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજ જયારે નિ:સહાય થઈ ગયો છે આ પરિસ્થિતિમાં ત્યારે એના અસ્તિત્વનો સવાલ આવ્યો છે. સમાજ નિરાશ થઈ ગયો છે, નિ:સહાય થઈ ગયો છે ત્યારે મારે એક વાત એ કરવી છે કે એવા સમયે તમે જ્યારે એમની સહાયે જ્યારે કોઈ ચડે છે, તમારી વહારે જ્યારે કોઈ આવે છે ત્યારે મારે એ વાત કરવી છે કે ગુજરાતના મુખ્યમંત્રીએ ગત વિધાનસભાના સત્રમાં જ્યારે પ્રસ્તાવ લાવીને એમ કહ્યું કે આ કોંગ્રેસના કાવતરા સામે લડી લેવાનો મક્કમ મનસૂબો જ્યારે એમણે વ્યક્ત કર્યો અને દલિતોને એક વિશ્વાસ આપ્યો, એની વહારે આવીને કહયુ, એને ભરોસો આપ્યો અને એમ કહ્યું કે ડંકાની ચોટ પર અનુસૂચિત જાતિના વર્ગના લોકોને મળતા લાભોમાં કોઈ કટોતી કરવાનો પ્રયત્ન કરશે તો એની સામે મક્કમતાથી લડી લેવાની વાત કરી છે ત્યારે મારે વાત એ કરવી છે, માણસની ઉપર જ્યારે હુમલાઓ થતા હોય છે, જ્યારે એના હક્કો છીનવાઈ જતા હોય તો એની વહારે આવનારને શું કહીશું, આપણે જ્યારે એમ કહીએ છીએ ત્યારે કે, ભગવાન અમારે વહારે આવ્યા છે, મારે એમ કહેવું છે કે આ અનુસૂચિત જાતિના વર્ગો માટે, . .. ..

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે, મને બહુ સંપૂર્ણ લાગણી છે પણ એમાં ચાલે નહીં

**શ્રી આત્મારામ મ. પરમાર** : એક જ આ છેલ્લું જ કહીને હું બેસી જાઉ છું કે આ આખો જે બનાવ છે અને એને ગુજરાતના મુખ્યમંત્રીએ જ્યારે દલિતોને મળતા લાભોમાં કાપકૂપ સામે જ્યારે અવાજ ઉઠાવ્યો ત્યારે હું એમ કહીશ કે વહારે ચડનાર હંમેશા મસીહા કહેવાય છે, વહારે ચડનાર હંમેશા ફરિશ્તા કહેવાય છે, વહારે ચડનાર હંમેશા દેવદૂત કહેવાય છે, વહારે ચડનાર હંમેશા તારણહાર કહેવાય છે અને એ કહેવામાં ગુજરાતના દલિતો વતી મને કયાંય એ નથી થતું કે ગુજરાતના મુખ્યમંત્રીએ દલિતો સ્વ માનભેર જીવી શકે, સ્વમાનથી રહી શકે એ માટે બંધારણની પોથીપુજા કાઢીને એક સરસ મજાનો દાખલો આ દેશને પૂરો પાડ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એ માગણીના સમર્થનમાં મારો સૂર પૂરાવીને વીરમું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી મુરબ્બીશ્રી ફકીરભાઈ વાઘેલા માગણી નં. ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરુ છું. હું ધ્યાનપૂર્વક મુરબ્બી આત્મારામભાઈ પરમારને સાંભળી રહ્યો હતો ત્યારે કોઈપણ સમાજનો પાયોએ શિક્ષણ ઉપર રહેલો હોય છે. જ્યારે સ્વર્ણિમ ગુજરાતની જ્યારે આપણે વાત કરતા હોઈએ ત્યારે હું ૨-૪ માગણીઓ સાથે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું. રાજકીય અવલોકનમાં હું પડવા નથી માગતો. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ ભારત સરકારે નોનક્રીમીલીયરની આવકમર્યાદામાં ૪.૫ લાખ રૂપિયાની આવક મર્યાદા જ્યારે નક્કી કરવામાં આવી. આ આવકમર્યાદાના લીધે સમાજના જે લોકો છે એ સમાજના લોકોને આવક મર્યાદામાં ૪.૫ લાખનો વધારો થવાથી ઘણાબધા લાભોથી વંચીત રહી જાય છે એ લાભોનો એમને લાભ મળશે. આજે પરિસ્થિતિ એવી છે કે ૧૪-૧૦-૨૦૦૮ના રોજ થયેલો આ ઠરાવનો આજદિન સુધી એટલે કે દોઢ વર્ષ થયા છતાં પણ ગુજરાતની આ સરકારે આ ઠરાવનો અમલ કર્યો નથી ત્યારે મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે સ્વર્ણિમ ગુજરાતની વાત કરતા હોય અને દલિતોના હિતની જ્યારે વાત આવતી હોય ત્યારે આપણે થોડા ઐતિહાસિક નિર્ણયો પણ લેવા પડશે. ઐતિહાસિક નિર્ણયોમાં આ ઠરાવનો અમલ તાત્કાલિક થાય જેથી કરીને દલિત સમાજના તમામ લોકોને આનો લાભ મળી શકે. શિક્ષણની જે રીતે વાતો થઈ, શિક્ષણ એટલે શું? ધોરણ-૧ થી ૭ માં ભણવું, માધ્યમિક શિક્ષણ લેવું, કૉલેજ કે ટેકનિકલ શિક્ષણ લેવું આ શિક્ષણ છે? મારે માનનીય આત્મારામભાઈને યાદ કરાવવું છે કે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ૧૯૭૯માં એક ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં જે દીકરા કે દીકરી આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. કરવા માગતા હોય એને તાલીમ હેઠળ વિદ્યાર્થીને ૫૦૦ રૂપિયા અને વિદ્યાર્થીની હોય તો એને ૬૦૦ રૂપિયા આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. એના પુસ્તકો લેવા માટે રૂપિયા ૫૦૦ પ્રતિ વર્ષ એક વખત મળે એ રીતનો ઠરાવ ૧૯૭૯માં કરવામાં આવ્યો હતો. આજે પરિસ્થિતિ એવી છે કે આમાં ગ્રાન્ટની જે ફાળવણી કરવામાં આવે છે, કારણ કે સમાજમાં કોઈપણ વ્યક્તિ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. થાય છે ત્યારે આજે ગુજરાતમાં દલિત સમાજમાંથી આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. થવાનું પ્રમાણ દિન પ્રતિદિન ઘ ટતું જાય છે. આવા સંજોગોમાં ૧૯૯૨-૯૩માં સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ૧૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. ૧૯૯૩-૯૪માં ૧૨ લાખની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. દુ:ખ સાથે મારે કહેવું પડે છે કે ૨૦૦૦ થી લઈને ૨૦૦૯ સુધી આઈ.એસ.એસ. કે આઈ.પી.એસ.નું જે વિદ્યાર્થી ભણે એના માટે ફક્ત ૧ લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેના લીધે દલિત સમાજની આપણે ચિંતા કરીએ છીએ પણ દલિત સમાજનો સારામાં સારો વિદ્યાર્થી કે વિદ્યાર્થીની હોય કે જે આઈ.એ.એસ., આઈ.પી.એસ. બની શકે છે. પણ શિક્ષણની જે રીતનું વેપારીકરણ થઈ રહ્યું છે એ વેપારીકરણમાં દલિતનો દીકરો કે દીકરીને આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. થવું હોય તો એના તાલીમ કેન્દ્રો આજે જે બંધ થઈ ગયા છે એ ફરીથી ચાલુ કરાવો અને એને મળવાપાત્ર ગ્રાન્ટ આપવા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ઘણા વર્ષોથી પડતર પ્રશ્ન છે કે સહકારી સંસ્થાઓમાં અનામતનું ધોરણ દાખલ કરવું જોઈએ. ગુજરાતની બધી જ સહકારી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે ભરતી અને બઢતીમાં અનામતનું ધોરણ દાખલ કરવામાં આવે તો સમગ્ર ગુજરાતની અંદર ગામમાં રહેતો હોય, તાલુકા કે જિલ્લામાં કે શહેરમાં રહેતો દલિત યુવાન કે યુવતી હોય એ ભણેલ-ગણેલ હશે તો ૧૦૦ ટકા એને નોકરી મળી

શકશે. આ માટેનું વિધેયક વર્ષો પહેલાં આવવું જોઈતું હતું. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપ જે વિધેયકો લાવો છો એમાં ગુજરાત રાજ્યની સહકારી સંસ્થાઓનું વિધેયક પણ આપ લાવશો તો સ્વર્ણિમ ગુજરાતમાં ઐતિહાસિક નિર્ણય લેવાશે અને એનો જશ માનનીય મંત્રીશ્રી આપને મળશે. દલિત સમાજ આપને વર્ષોવર્ષ પૂજશે, માનનીય ફકીરભાઈ વાઘેલા સાહેબના નેતૃત્વમાં સહકારી સંસ્થા અને સહકારી માળખાઓમાં અનામતનો લાભ અપાયો હોય તો ફકીરભાઈના સમયમાં અપાયો એમ કહેવાશે. આપ આ વિનંતી સ્વીકારો એવી વિનંતી કરું છું. કલમોમાં સુધારો થશે તો જ આનો અમલ થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ધ્યાન દોરવા માગું છું કે દલિત સમાજમાં જે વેપાર કે ધંધો કરે એ વેપાર કે ધંધો કરવા માટે એક ઠરાવ ગુજરાત સરકાર દ્વારા તા. ૧૫-૧૨-૧૯૭૬ના રોજ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તા. ૩૧-૮-૯૯માં બીજો એક પરિપત્ર દ્વારા એવો ઠરાવ કરવામાં આવ્યો. એમાં એમ કહ્યું છે કે સમગ્ર ગુજરાતની અંદર જે નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓ છે એ નગરપાલિકા કે મહાનગરપાલિકાઓ જ્યારે બાંધકામ કરે ત્યારે ૧૦ ટકા દુકાનો કે સ્ટૉલ દલિત સમાજના લોકો માટે અનામત રાખવામાં આવે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૧૯૯૯માં થયેલ ઠરાવને આજે ૧૧ વર્ષ થઈ ગયા પરંતુ સમગ્ર ગુજરાતમાં એ કોંગ્રેસ પાર્ટી હોય કે ભારતીય જનતા પાર્ટી, સત્તાધારી હોય એક પણ નગરપાલિકાએ કે મહાનગરપાલિકાએ આ ઠરાવનો અમલ કર્યો નથી. પરિપત્ર સરકાર દ્વારા કરવામાં આવે છે તેમ છતાં પણ એક પણ નગરપાલિકા કે મહાનગરપાલિકાએ આનો અમલ કર્યો નથી. ત્યારે તો પરિપત્ર શેના બહાર પાડવામાં આવે છે? આ પરિપત્રમાં એવું હોય માનનીય મંત્રીશ્રી તો સુધારો કરીને પણ આ પરિપત્રનો તાત્કાલિક અમલ થાય એવી હું માનનીય મંત્રીશ્રી સમક્ષ વિનંતી કરું છું. જે રીતે બીજાઓને જમીનો આપવામાં આવે છે, ગાંધીનગર શહેરની અંદર તમામ સમાજના લોકોએ અલગ અલગ રીતે માગણી કરી અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે એ તમામ સમાજના લોકોને એની જમીનો આપી છે. મારે આ ગૃહને કહેવું છે દલિત સમાજ સામે શેનો અન્યાય? દલિત સમાજની ઘણી મોટી સંસ્થાઓ છે કે જે સંસ્થાઓએ ગાંધીનગર શહેરની અંદર પોતાની સંસ્થાઓ સ્થાપવા માટે, પોતાનું કાર્યક્ષેત્ર બનાવવા માટે જ્યારે માગણી કરી છે ત્યારે આ સભાગૃહની અંદર મહેસૂલ મંત્રીશ્રી પણ બેઠેલા છે ત્યારે મારે કહેવું છે કે જે લોકોએ માગણી કરી છે તો સરકારમાં આવતા નીતિ-નિયમ મુજબ આ લોકોને જમીનો મળવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બાજપાયી બેંકેબલ યોજના માટે કહેવું છું. ગુજરાત સરકારની અને કેન્દ્ર સરકારની શરૂ કરેલી આ યોજના ખૂબ સારી છે. નાના ધંધાઓને પ્રોજેકટ કરવા માટેનો જે પ્રોફાઈલ નક્કી કરવામાં આવે છે પરિસ્થિતિ શું છે? રૂા.૧૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦ સુધીનું આની અંદર ધીરાણ આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી એમાં પરિસ્થિતિ એવી છે કે આપ આપવા બેઠા છો, આપ આપો છો એવું પણ નથી પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે હું પણ એ વિસ્તારમાંથી આવું છું જે વિસ્તારમાં ગરીબ વસ્તી છે. સરકાર દ્વારા બાજપાયી બેંકેબલ યોજના દ્વારા જ્યારે ફોર્મ ભરવામાં આવે, એ ફોર્મ ભર્યા પછી એનું ફોર્મ પાસ કરવામાં આવે અને એ ફોર્મ પાસ કર્યા બાદ જ્યારે જે તે બેંક્નું એને કહેવામાં આવે કે ફલાણી બેંકમાંથી આપને આ લોન મળશે ત્યારે એ બેંકોવાળા લોન આપતા નથી અને આ હું પુરાવા સાથે કહેવા માગું છું. છે મારી પાસે પુરાવા. એટલા માટે કે જ્યારે સરકાર પાસ કરે છે અને બેંક આપવા માટે બંધાયેલી છે ત્યારે એ રાષ્ટ્રીયકૃત બેંક હોય કે કો-ઓપરેટીવ બેંક હોય એ દલિત સમાજ સાથે અન્યાય કરે છે ત્યારે આવા લોકો સામે પગલા ભરીને પણ જે લોકોનો હક છે એ લોકોને હક મળે એ માટેના તમામ પ્રયત્નો કરવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ચર્ચા અહીંયા થઈ છે ત્યારે મારે એક વાત કહેવી છે કે ગુજરાતમાં દલિત સમાજના હિત માટે કોઈ પણ સરકારો રહી હશે એ સરકારોએ ખૂબ સારા પ્રયત્નો કર્યા છે. મારે દુ:ખ સાથે એ પણ કહેવું છે કે મને એ દિવસો યાદ છે કે ગુજરાતની અંદર જ્યારે કોંગ્રેસ પાર્ટીની સરકાર હતી ત્યારે દલિત સમાજની સાથે, એ વણકર સમાજ હોય એના માટે ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમની સ્થાપના કરી હતી. રોહિતભાઈઓ માટે ચર્મ ઉદ્યોગ વિકાસ બોર્ડની સ્થાપના કરી હતી. માનનીય ફકીરભાઈએ સફાઈ કામદાર નિગમની સ્થાપના કરી. મારે દુ:ખ સાથે કહેવું છે કે ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમમાં ૯૦ લાખ કરતા પણ વધારે ગુજરાતના કારીગરો છે, જેની પાસે ૧૨૩૪ સહકારી સંસ્થાઓ છે અને લગભગ ૬૨૦૦૦ કરતા પણ વધારે આની અંદર સંખ્યા છે ત્યારે આ નિગમને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે બંધ કર્યુ છે તેને ચાલુ કરવું જોઈએ. ચર્મ ઉદ્યોગ વિકાસ બોર્ડ જે બંધ છે એ બોર્ડને પણ આ સરકારે ચાલુ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે એટ્રોસિટીનો કાયદો છે. દલિત સમાજ ઉપર ગામમાં બેઠેલો કોઈ પણ ઉજળિયાત વર્ગનો માણસ એની સામે એટ્રોસિટી એકટનો કાયદો ભારત સરકારે બનાવ્યો છે ત્યારે ગુજરાતની અંદર એના નિયમ છે કે ડી.વાય.એસ.પી. દ્વારા જ એની તપાસ થવી જોઈએ. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ડી.વાય.એસ.પી. કક્ષાનો માણસ એની પાસે ટાઈમ નથી એ પી.આઈ. કે પી.એસ.આઈ. કક્ષાના માણસ સાથે એટ્રોસિટી એકટની તપાસ કરીને આજે ગુજરાતની અંદર કારણ વગર દલિત સમાજને અન્યાય થાય છે ત્યારે માનનીય મંત્રી મારી આ માગણીઓને ધ્યાન પર લઈને સમગ્ર ગુજરાતના દલિત સમાજના હિતમાં આપ આ સ્વર્ણિમ ગુજરાતમાં ઐતિહાસિક નિર્ણય લેશો એજ અભ્યર્થના.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ જે માગણીઓ ક્રમ નંબર ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાનો વિકાસ અને ગ્રામ્યનો વિકાસ ક્યારથી થયો? એ મારે આપના સમક્ષ બે વાત કરવી છે. વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂા.૭૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી. વર્ષ ૨૦૧૦-૧૧ માટે ૭૪૦ કરોડની નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવી એટલે મારો કહેવાનો મતલબ એમ છે કે, રૂપિયા ૧.૨૩ જેવો માતબર વધારો જ્યારે આ માગણીઓમાં આવ્યો છે ત્યારે એને હું ચોક્કસ મારું સમર્થન આપીશ અને સાથે સાથે ગામડું કેવું હોય ? ગામડાની અંદર સુવિધા કેવી હોય છે? કે ગામડું ગુજરાતના ગામડાઓ છે એ ગુજરાતના બધા હાર્દ છે અને એને ધબકતા રાખવા માટે સરકારની એમાં ફરજ બનતી હોય છે. એ ફરજના ભાગરૂપે ગુજરાત સરકારની અંદર જ્યારથી ભારતીય જનતા પક્ષની સરકાર આવી છે ત્યારથી જે ગામડાનો વિકાસ થઈ રહ્યો છે એ માનનીય અધ્યક્ષશ્રી, દરેક ગામડે જાશો તો આંખે ઊડીને વળગે એવો વિકાસ થઈ રહ્યો છે આજે. મારું કહેવાનું એમ છે કે, જ્યારે તમે ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી ૩૫ વર્ષ સુધી, ગામડામાં બધા ગયા છીએ, તમે ગયા છો અમે પણ ગયા છીએ, ત્યારે આપણે ગામડામાં શું વાત કરી ? ગામડામાં જઈને કહ્યું કે અમારું ગામડું, ગાંધીજીનું ગામડું અને ગરીબ ગામડું આ ત્રણ વાત કરીને આપણે ૩૫ વર્ષ રાજ કર્યુ . ત્યારે મારે વાત અહીંયા એટલે કરવી છે કે, ૧૯૯૫ પછી ગામડામાં એક જીવ આવ્યો છે કે ગામડાની અંદર હું પણ એક ગામમાં રહું છું, ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું ત્યારે ગામડામાં જે રસ્તાઓ નહતા, અંદરની કોઈ સુવિધા નહતી, સ્કૂલના કોઈ સારા મકાનો નહતા, લાઈટની કોઈ વ્યવસ્થા નહતી ત્યારે આપણને પણ આપણું બાળક નિશાળે જતું હોય ત્યારે એમ થાય કે, ચોમાસાની ઋતુ હોય, ગારો-કીચડ-કાદવ હોય એમાં બાળક ભણતું હોય અને વડીલો પણ એમની સાથે ચાલતા પણ કોઈ દિવસ કોઈએ ગામડાની ચિંતા નહતી કરી. એથી વિશેષ હું એમ કહેવા માગુ છું કે, જ્યારે ગામડાની અંદર જ્યારે આરોગ્યની સુવિધા પણ ત્યારે ઓછી હતી અને ગામડાની અંદર માણસ નીકળતો એમને પણ ખુલ્લા પગે જો અંદર ગામડામાં નીકળે ને તો એના પગની અંદર એને ફોલ્લા પડી જાય અને ખંજવાળ આવે એવા રોગ થતા હતા મિત્રો. અને એ આજે કયાં છે એ બધું લુપ્ત થઈ ગયું, આજે કયાં છે એ બધું ? ત્યારે કોઈએ કયારેય કોઈ ચિંતા નથી કરી જ્યારે માનનીય પંચાયત મંત્રી જ્યારે આ માગણીઓ લઈને આવ્યા છે ત્યારે અમારું ગામડું કેવું છે એની મારે બે વાત કરવી છે કે ગામડું સુંદર છે, ગામડાની અંદર રસ્તાઓ છે, ગામડામાં લાઈટોની વ્યવસ્થા છે અને ગુજરાતની અંદર ૧૮૦૦૦ ગામડાઓ આજે જળહળતા ચોવીસ કલાક લાઈટથી અમારા ગામડાનો નાનો ખેડૂત હોય, એક નાનો કારીગર હોય, એક નાનો કોઈ પણ ધંધો કરવાવાળો, લારી વાળો હોય એ પણ આજે એનું જીવન નિર્વાહ વ્યવસ્થિત ગામડામાં ચલાવે છે. ગામડાની અંદરથી જ્યારે હિજરત થતી હતી શહેર તરફ એ આજે ગામડા બચી ગયા છે. અને શહેરમાં નાના માણસો જતા અને ઝુંપડપટ્ટી થતી એ ઝૂંપડપટ્ટી પણ આજે શહેરમાં અટકી છે અને ગામડું સમૃદ્ધ થયું છે એમ કહીશ તો ખોટું નથી. અને ગામમાં નાનો માણસ , જ્યારે એક ખેડૂત પોતાના ખેતરમાં કામ કરતો હોય અને માંડવીની મોસમ હોય ખેતરમાં કામ કરતો હોય ત્યારે ખેતીની કોઈ વસ્તુ તૂટી જાય લોખંડની હોય તો એને વેલ્ડીંગ કરાવવા ક્યાંક જવાનું હોય તો ગામમાં તો લાઈટ ન હોય ત્યારે એને શહેરમાં જવું પડતું અને દાડિયાને છૂટા કરવા પડતા કે આજે એક દિવસ નહીં આજે અડધો દિવસ આવજો તમે, કાલે અમે આ કરી આવીએ કામ પછી. ત્યારે આજે શું છે ? આજે દસ મિનિટની અંદર દાડિયાઓ છે એ ચ્હા પાણી પી લે છે ત્યાં ગામની અંદર જ લાઈટની સુવિધા છે, વેલ્ડીંગની સુવિધા છે અને એમાં એ પોતે ખેડૂત જઈ અને એનું કામ કરીને ફરી કામે લાગે છે. આજે આ ગોકુળીયું ગામડું આજે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની રાહબર નીચે, માનનીય નરોત્તમભાઈની રાહબર નીચે આજે આ ગોકુળિયા ગામડાઓ બન્યા છે

**સભાપતિશ્રી** : રાજસીભાઈ એક જ મિનિટ.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : એક જ મિનિટમાં માનનીય અધ્યક્ષશ્રી મારી વાત પૂરી કરીશ, કે મારે વોટર શેડની પણ વાત મારે અહીંયા યાદ કરાવવી છે. હરિયાળી વોટર શેડ કે એ કેન્દ્ર સરકારના ૭૫ ટકા અને ૨૫ ટકા ગુજરાત સરકારના છે, એમાં આજે ૧૨મી બેચ ચાલે છે જે અભ્યાસુ મિત્રો હોય એ આ જોઈ લેજો અને મારા જિલ્લાની વાત કરું તો ૫૪૦ લાખની કોસ્ટ હતી એમાં અને નવમી બૅન્ચમાં તપાસ કરો તો ૨૦૦૨-૦૩-૦૪માં નવમી બૅન્ચ ચાલુ હતી ત્યારે કેન્દ્રની સરકારની અંદરથી આજે પણ નવમી બૅન્ચના રૂપિયા નથી આવ્યા અને કામો નથી થયા. ૯ની બેચના પૈસા હજી બાકી છે અને કાગળ ઉપર ૧૨મી બેચ આવી ગઈ છે. ગુજરાત સરકારે ૨૫ટકા રૂપિયા આપે છે કેન્દ્ર સરકારે શું આપ્યું? ૦૩-૦૪ના બાકી છે એ અપાવીને બારમી બેચ સુધી કામે લગાડો એટલે ગામડાંના વિકાસમાં કયાંક તમે પણ ઉપયોગી થશો. માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના આદરણીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબ જે માગણી ક્રમાંક: ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એ વ્યાજબી છે એ માગણીઓના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું. પંડિત દીન દયાળ ઉપાધ્યાય, ડો. શ્યામાપ્રસાદ મુખરજીની વિચારધારાવાળી અને પ્રત્યેક પળે સમાજમાં સમતા, મમતા અને સમરસતાની ભાવગંગા વહેવડાવવાનું કામ કરતી ભારતીય જનતા પાર્ટીની સરકારને આ પળે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. છેવાડાના માણસ સુધી

વિકાસના ફળ પહોંચે અન ટુ ધ લાસ્ટ, ગામડાંમાં રહેતા ગરીબ પછાત વર્ગને પણ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ અનેક કલ્યાણકારી યોજનાઓ મુકી છે. એ પછી વિદ્યાર્થીઓ માટે હોય કે વૃદ્ધ માટે હોય. વિકલાંગ માટે હોય કે જેને પોતાને આર્થિક સંકડામણમાં ડોકટર બનવાનું રહી જતું, એન્જીનીયર બનવાનું રહી જતું, વકીલ બનવાનું રહી જતું હોય કે પાઈલોટ બનવાનું રહી જતું હોય એને સાચા અર્થમાં એના ખભે હાથ મુકીને એના પડખે રહીને એનામાં દરિદ્રનારાયણના દર્શન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે ત્યારે મને આ ગરીબ અને સામાન્ય માણસમાં ઈશ્વરના દર્શન કરનાર આ સરકાર માટે એક શેર યાદ આવે છે કે " જીન્હેં તલાશ હો વો ઓર જગહ કરે ખુદા કી તલાશ, હમ તો ઈન્સાનમેં દુનિયાકા ખુદા દેખતેં હૈ" સામાજીક ન્યાય ભારતના ઘડવૈયા રાષ્ટ્રનાયક આદરણીય ડો. બાબાસાહેબ આંબેડકરે સામાજીક ન્યાય બાબતમાં ખૂબ વિશેષપૂર્વક ધ્યાન આપીને સંવિધાનમાં એને ખૂબ મહત્વ આપ્યું છે. માણસના શરીરના ઘણા અંગો હોય એમાં કયારેક એકલું માથું જ વધે, કયારેક એકલા હાથ જ વધે, કયારેક એકલા પગ જ વધે તો માણસનું શરીર બેડોળ દેખાય. એમ સમાજમાં રહેતા તમામ વર્ગોનો જો સપ્રમાણ વિકાસ ન થાય, સમાજના એક ચોકકસ વર્ગનો વિકાસ થાય અને કોઈનો વિકાસ અધુરો રહી જાય તો એ સમાજનું સ્વરુપ પણ બેડોળ હોય છે. આપણે કુટુંબમાં ખાસ કરીને જો માંદુ બાળક હોય તો એના તરફ વિશેષ ધ્યાન આપીએ છીએ. જો ઘરમાં સગર્ભા માતા હોય તો એને પોષક આહાર મળે, સંપૂર્ણ આહાર મળે, દુધ મળે એવી વિશેષ કાળજી રાખતા હોય ત્યારે વર્ષોથી જે સમાજે પેઢીઓથી સતત અન્યાય સહન કર્યા છે એને ન્યાય આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સન્માનનીય ગૃહનું ખૂબ ગંભીર બાબતમાં મારે ધ્યાન દોરવું છે. ડો. બાબાસાહેબ આંબેડકરે, ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ સમાજમાં વસતા દલિત અનુસૂચિત જાતિ કે એ સિવાયના બીજા વર્ગો માટે જે સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત છે એ વર્ગો માટે રાજકીય રીતે, શૈક્ષણિક રીતે અનામત આપવાની વાત કરી હતી. તાજેતરમાં ડો. રંગનાથ મિશ્રાનો અહેવાલ આપીને આ દેશના ૫૨ટકા બક્ષીપંચ સમાજને અન્યાય કરીને મુસ્લિમોના મત માટેની લાલચમાં આ મોટાભાગે સમાજને હળાહળ અન્યાય થઈ રહ્યો છે ત્યારે આ વાત મારે વિશેષપૂર્વક મુકવી જોઈએ. ૧૯૫૫માં ડો. કાલેલકરના બક્ષીપંચ બાબતના સામાજિક નબળા વર્ગના અહેવાલને ૧૯૭૫ સુધી કચરા પેટીમાં કોંગ્રેસની સરકારે નાખી દીધેલો.૧૯૭૭ માં હાર થઈ, પછી ૧૯૭૮ માં મોરારજીભાઈ દેસાઈની સરકારે એ અહેવાલને મંડલ કમિશનના નામે ફરીથી કરાવડાવ્યો. અને મંડલ કમિશનના રીપૉર્ટના આધારે ૧૯૯૦ માં બીન કોંગ્રેસી સરકાર વી.પી.સિંહની અને ભાજપની સરકારે આ ૨૭ ટકા અનામતમાંથી રંગનાથ મિશ્રાના અહેવાલને ટાંકીને ૨૭ માંથી ૧૫ ટકા મુસ્લિમને આપવાની વાત કરીને બક્ષીપંચ સમાજને હળાહળ અન્યાય કર્યો છે.

**સભાપતિશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરોત્તમકાકા અને માનનીય ફકીરભાઈ જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. ભારત દેશમાં અને આપણા રાજ્યમાં ૬૦ ટકા કરતાં પણ વધારે લોકો ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે. મહાત્મા ગાંધીની કલ્પના હતી કે જો આ દેશને આગળ વધારવું હોય તો આ દેશના ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવું જોઈએ અને દેશના વહીવટમાં ગામના લોકોને ભાગીદાર બનાવવા જોઈએ. કોંગ્રેસની સરકાર દ્વારા સમગ્ર દેશમાં ગ્રામ્ય લોકોને વહીવટમાં ભાગીદાર બનાવાના ભાગરૂપે પંચાયતી રાજ વ્યવસ્થાની સ્થાપના કરવામાં આવી. સમયાંતરે જે જે સરકારો આવી, એણે પંચાયતી રાજ વ્યવસ્થાને વધારે સંગીન કરવાનો પ્રયત્ન કર્યો. આજે અભિનંદન આપવાં પડે કેન્દ્રની યુ.પી.એ. સરકારને. એમણે ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત કરવા માટે સમગ્ર દેશમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર યોજનાની શરૂઆત કરી. આજે ગ્રામ્ય વિસ્તારના ગરીબ માણસોને સ્વાભિમાનભેર રોજગારી મળે, એના દ્વારા એના કુટુંબની, ગામની આર્થિક વ્યવસ્થા મજબૂત થાય એ માટેના ઉમદા પ્રયત્નો જો કોઈએ કર્યા હોય તો કેન્દ્રની કોંગ્રેસની સરકાર દ્વારા કરવામાં આવ્યા. આપણા રાજ્યની વાત કરીએ તો કેન્દ્ર સરકારે નરેગા યોજનામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં ૧૬૫૧૭ લાખ જેવી માતબર રકમ ફાળવવામાં આવાસ. એ જ રીતે ૨૦૦૯-૧૦ માં ૪૧,૪૭૭ જેટલી માતબર ગ્રાન્ટ આપણા રાજ્યના ગ્રામ્ય વિસ્તારના ગરીબ માણસને માટે ફાળવવામાં આવી છે. મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા રાજ્યમાં જે રીતે નરેગા યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે. એમાં ક્ષતિઓ જોવા મળે છે. આજે અમારા વિસ્તારની વાત કરું તો ગરીબ સમાજની વ્યક્તિ રોજગારી માટે મજૂરીએ જાય અને એના દ્વારા ગામના રસ્તાઓ બને, ગટરો બને, તળાવો ઊંડા થાય એ મજૂર રોજગારી કરવા જાય. એને ૧૦ દિવસમાં પૈસા મળવા જોઈએ, એના બદલે દોઢ બે-બે મહિના સુધી ચુકવણું કરવામાં આવતું નથી, ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતના વહીવટમાં મોનીટરિંગ થવું જોઈએ. મજૂરને આ કાયદા હેઠળ મજૂરીના સ્થળે પીવાના પાણીની વ્યવસ્થા કરવી જોઈએ, સગર્ભા બહેનો માટે છાયડાની વ્યવસ્થા કરવી જોઈએ. સાથે સાથે તેમના મૅડિકલ ચૅકઅપની પણ વ્યવસ્થા કરવી જોઈએ. આવી તમામ સુવિધાઓ આપવામાં આપણું વહીવટી તંત્ર નિષ્ફળ ગયું છે. તે બાબતનું દુ:ખ છે. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બાબતનું અંગત મોનીટરિંગ કરી આ તમામ વ્યવસ્થા નરેગા યોજનાના મજૂરો માટે થાય તેવી વિનંતી છે. માનનીય મંત્રીશ્રીએ અહીયા આગળ સ્વીકાર્યુ છે કે જે રીતે અત્યારે ગુજરાતમાં પંચાયત ઘર તલાટી કમ મંત્રીના આવાસની યુનિટ કોસ્ટ ૩,૩૨,૦૦૦ રૂપિયા છે. આજના સમય પ્રમાણે જે પૂરતી નથી. એમને વિનંતી કરવાની કે તેમણે જે રીતે સ્વીકાર્યુ તેનો તુરંત અમલ થાય. આજના સમય પ્રમાણે

એસ.ઓ.આર. મુજબના જે પંચાયત ઘરો મંજૂર થયા છે. એમને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં આખા રાજ્યમાં ૩૩ ટકા એટલે કે ત્રીજા ભાગની ગામમાં તલાટીઓની જગ્યા ખાલી છે. જેમ મુખ્યમંત્રીશ્રીનો વહીવટ કે રાજ્યનો વહીવટ આપણા સચિવશ્રી કક્ષાએ ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ગ્રામ્ય સચિવાલય કહેવાય તેનો વહીવટ તલાટી કમ મંત્રી હાજર હોય તો ચાલી શકે. તો મારી નમ્ર વિનંતી છે કે આ જે તલાટીઓની જગ્યાઓ છે તે ભરાય તો ગામડાના લોકોને આ સરકારી યોજનાઓનો સારો ઝડપી, લાભ આપી શકાશે. આજે ગ્રામ્ય વિસ્તારમાં જે તલાટી માટે આવાસો બનાવીએ છીએ તેની તપાસ કરવામાં આવે તો ૯૯ ટકા ગામોમાં તલાટીઓ છે તે ગામમાં રહેવાનું ટાળતા હોય છે. આપણે આવાસ બનાવીએ. પંચાયત ઘરની કોસ્ટમાં ઉમેરો કરીને તેનો સમાવેશ કરીએ પણ તલાટીઓ જો રહેતા જ ન હોય તો તે માટેનું આપણે મોનીટરીંગ કરવું જરૂરી છે. અમારા જિલ્લાની વાત કરું તો આણંદ જિલ્લામાં આઠમાંથી ચાર તાલુકામાં ટી.ડી.ઓ.ની જગ્યાઓ ઘણા વખતથી ખાલી છે. આપણે ગ્રામ્ય વિસ્તારને પ્રજાકીય યોજનાનો લાભ આપવા માગતા હોય અને મુખ્ય વહીવટ કરનાર અધિકારીની જગ્યાઓ ઈન્ચાર્જથી ચાલતી હોય તો આપણે જે લાભ આપવા માગીએ છીએ તે નહીં આપી શકીએ. તલાટી કમ મંત્રી ગામમાં ન રહે તો કદાચ એક ગામના વહીવટને અસર કરે પણ આપણે જે નિયમો બનાવ્યા છે કે જિલ્લા કક્ષાના વર્ગ-૧ના અધિકારીઓએ પણ જિલ્લા કક્ષાએ કહેવું જોઈએ. અમારા જિલ્લાની વાત કરું તો અમારા જિલ્લા પંચાયતના વર્ગ-૧ના અધિકારીઓમાં કોઈ અમદાવાદથી, કોઈ વડોદરાથી આવતું હોય કે કોઈ ગાંધીનગરથી આવતું હોય તો મારી દૃષ્ટિએ તે અધિકારીઓની ત્યાં હાજરી નહીં હોવાને કારણે આખા જિલ્લાના લોકોને અન્યાય થઈ રહ્યો છે અને પ્રજાકીય કામો છે તેમાં વિલંબ થઈ રહ્યો છે. માનનીય મંત્રીશ્રીને એ પણ વિનંતી કરું કે પ્રજાના હિતમાં આવી બાબતોનું પણ મોનીટરીંગ થાય. અમારા આણંદ જિલ્લાની વાત કરું તો આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યે ૧૩ વર્ષ જેટલો સમય થઈ ગયો. આજે અમારી જિલ્લા પંચાયતને એક શોપીંગ સેન્ટર ટાઈપના મકાનમાં બેસવાની ફરજ પડે છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ આણંદ જિલ્લાને પોતાનું સ્વતંત્ર ભવન બનાવવા માટેની જે ગ્રાન્ટ આપવી જોઈએ, જે જમીનની વ્યવસ્થા કરવી જોઈએ તે સરકાર દ્વારા કરવામાં નથી આવતી તેના લીધે પ્રજાજનોમાં એક અન્યાયની લાગણીનો મેસેજ જાય છે. આજે કોઈપણ રાજય કે કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લેવો હોય તો ૦-૧૬ બી.પી.એલ. નંબરની વાત કરવામાં આવે છે. આજે ગ્રામ્ય વિસ્તારમાંથી જે પણ પ્રતિનિધિ આવે તેને પ્રતીતિ થઈ હશે કે જે સાચા ગરીબો છે તેનો આ બી.પી.એલ. યાદીમાં કોઈ કારણસર સમાવેશ કાં તો નથી કરવામાં આવ્યો કાં તો તેના અનુક્રમ નંબર પાછળ રાખવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ દરવર્ષે આ યાદીમાં એક વખત અપડેટ કરવાની જોગવાઈ છે. આપણા રાજયમાં દુ:ખ સાથે કહેવું પડે છે કે છેલ્લા કેટલાય વર્ષોથી અનેક માગણીઓ, રજૂઆતો હોવા છતાં પણ સાચા ગરીબ લોકોને આ યાદીમાં સમાવેશ કરી તેને ન્યાય આપવા માટેના પૂરતા પ્રયત્ન નથી થયા. તેના માટેની વ્યવસ્થા થાય. (સમયસૂચક ઘંટડી) આજે જે રીતે ગરીબ કલ્યાણ મેળાની વાત થાય છે. ગામડાના લોકોમાં આજે ચર્ચા થાય કે આજે ગ્રામ પંચાયતથી માંડીને ગાંધીનગર સુધી ભ્રષ્ટાચારની ગંગા વહેતી થઈ છે. આપણે ભલે દાવો કરતા હોય કે ગરીબ કલ્યાણ મેળા દ્વારા વચેટીયાઓને દૂર કર્યા હોય. ગરીબોને ગરીબ કલ્યાણ મેળાનું આમંત્રણ ત્યારે જ મળે છે કે જ્યારે નીચેથી વ્યવહાર કર્યો હોય તો જ એને ગરીબ કલ્યાણ મેળામાં આવવાનું આમંત્રણ મળે છે. આ બાબતે યોગ્ય તપાસ થાય.

**સભાપતિશ્રી:** અમીતભાઈ બેસી જાઓ કહેવું પડે છે. બેસી જાઓ. માનનીય મફતભાઈ પુરોહિત. અમીતભાઈ સોરી સોરી.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી આદરણીય નરોત્તમભાઈ જે માગણી નં.૭૦ અને ૭૧ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો મૂકવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય જયારે એક નવી દિશા તરફ આગળ વધી રહ્યું છે અને પંચાયત વિભાગ દ્વારા ગુજરાતના ગામડાંઓને પ્રાથમિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યા છે તે ખરેખર ખૂબ પ્રસંશનીય છે. આજે ગુજરાતના ગામડાઓ જે રીતે તેના વિકાસ માટે રાજય સરકારના પ્રયત્નો દ્વારા પ્રયત્નો કરી રહ્યા છે તેના ગુજરાતનું ગામ આજે ચર્ચામાં આવ્યું છે. ગુજરાતની અંદર ઈગ્રામ વિશ્વ ગ્રામની જે યોજના બની છે, વિજ્ઞાન નવા નવા આવિષ્કારો કરી રહયું છે અને બદલાતા સમયથી સાથે આપણે પણ તાલ મિલાવવો પડે, ગુજરાત આખા દેશની અંદર પ્રથમ રાજય છે જેણે ઈગ્રામ કનેકટીવીટીથી ૧૩૬૯૫ ગામોને જોડીને ખૂબ મોટું કામ કર્યુ છે. ૨૦૦૩-૦૪ અને ૨૦૦૮ સુધીમાં આ૧૩૬૯૫ ગ્રામ પંચાયતોને ઈગ્રામની સગવડ આપી દીધી છે. દરેક ગામની અંદર બ્રોડબેન્ડ કનેકટીવીટીથી ગુજરાતના ગામડાંને જોડીને દેશનું પ્રથમ રાજય ગુજરાત બન્યું છે. ખેડૂતોને આપવા પડતા ૭(૧૨)ના ઉતારા અને પ્રમાણપત્રો, જે દાખલાઓ આપવાના થાય છે તે ૧૫૦ લાખ આવા દાખલાઓ ઈશ્યુ કર્યા છે. રાજયની ૬૪૯૨ ગ્રામ પંચાયતોને વીજબીલ ઘર આંગણે જ ભરી શકાય તે માટેની સવલત આ સરકારે પૂરી પાડી છે. જે બીપીએલના લાભાર્થીઓ છે એ તમામને ઘર અને પ્લોટ આપવા માટેની પણ આપણી રાજય સરકારની નેમ છે. ૭૫૦૦૦ બીપીએલ કુટુંબોને ઘર અને પ્લોટ મળે તેના માટે જે સંકલ્પ કર્યો છે એ માટે હું આ રાજય સરકારને ખૂબ-ખૂબ ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈગ્રામ યોજના અંતર્ગત ૮૮૬૮ તલાટીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવી છે. ગુજરાત જે આ કામગીરી કરી રહયું છે, એમાં અનેક એવોર્ડો ગુજરાતને મળ્યા છે. ૨૦૦૯ના અંત સુધીમાં રૂપિયા ૪૫૧૨ લાખના ખર્ચે, વર્ષ ૨૦૧૦-૧૧માં ૯૬૨૦ના ખર્ચની જોગવાઈ પણ રાજય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે કંઈ પ્લોટની ફાળવણી અંગેની વાત છે. (અંતરાય) એમાં મારે એક વાત કરવી છે. મારૂં એક સૂચન છે કે, જે કંઈ પ્લોટની આ જે કંઈ ગ્રામ પંચાયતો જમીનોના ગૌચરના વહીવટ કરતી હોય છે અને જયારે આ પ્લોટ આપવા માટે ગામતળ નીમ કરવાની વાત આવે છે ત્યારે એ દબાણો હટાવવા માટે પોલીસના પ્રોટેકશનની જરૂર પડે છે અને રેવન્યુના હસ્તક આ જમીનો હોવાના કારણે ઘણા પશ્નો ઉભા થાય છે. તો આ જે ગૌચરના દબાણો જે છે, તે દબાણો તરત હઠે તેના માટે વિનામૂલ્યે પોલીસ બંદોબસ્ત આપવાની વ્યવસ્થા કરવી જોઈએ અથવા મહેસૂલ વિભાગે આ જે કંઈ કામગીરી છે એની અંદર પોતે જવાબદારી નીભાવવી પડે એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી એક વાત કહીને મારું વકતવ્ય પૂરું કરીશ. સખી મંડળો થકી છે, નારી સશકિતકરણની નેમ, નિર્મળ નિરોગી બને ગામો બધા, ગ્રામજયોતિનો પ્રકાશ પંચશકિતની સાધના કરીએ, છે નરેન્દ્રભાઈની નેમ, કન્યા કેળવણીનો લક્ષ બને, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯-૧૦ના માનનીય પંચાયત મંત્રીશ્રી ૭૭૧ કરોડ રૂપિયાની જે જોગવાઈ લઈને આવ્યા છે અને તેમાં ૧.૨૩ ટકા જેટલો વધારો લઈને આવ્યા છે તે બદલ આ રાજય સરકાર અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક એવી સરસ મજાની વાત લઈને આવ્યો છું, મને આશા છે કે, મારા મિત્રો શાંતિથી સાંભળશે. આમ તો તમને પસંદ નથી યોજના, પણ અમને પસંદ છે એટલે આખા રાજયને પસંદ છે એવું અમે માનીએ છીએ. વાદ નહીં, વિવાદ નહીં, વિકાસ સિવાય કોઈ બાત નહીં, આ યોજના છે સમરસ ગામ, આ રાજય સરકાર દ્વારા સરસ મજાની યોજના આવી છે. સરસ મજાની યોજના આવી છે કે આખું ગામ સમરસ થાય કે જે પહેલાના જમાનામાં ગામના પાંચ આગેવાનો વહીવટ કરતા અને ત્યાંજ પ્રશ્નનો નિકાલ થતો અને કેસ કબાડા થતા નહીં પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે, આ મિત્રોને આ યોજના ગમતી નથી. આ યોજના જ્યારે સમરસ ગામની યોજના બનતી હોય અને સમરસ ગામ નક્કી થતું હોય ત્યારે વચમાં એક ટપકું આવીને ઉભું રહી જાય કે અમે તો ચૂંટણી લડીશું અને ચૂંટણી લડ્યા સિવાય અમે જંપીશું નહીં. આવી વાત સામે બેઠેલા મિત્રો કરતા હોય છે. આનો જાત અનુભવ મારા વિસ્તારમાં છે. એની પાછળનું કારણ શું હોઈ શકે? એક ગામ એકતા સાથે રહેતું હોય, ગામ સુખી થઈને રહેતું હોય, ગામનો વિકાસ વિચારાતો હોય, ગામના ઝગડા જતા રહેતા હોય તો તમને એમાં શું તકલીફ પડે છે? પણ મને ખ્યાલ છે એમાં શું તકલીફ પડે એ. જ્યારે મોટી ચૂંટણી આવે ત્યારે જો ગામમાં ઝગડા ન હોય, જો ગામમાં હત્યાઓ ન થઈ હોય તો આખું ગામ ભાજપ તરફ વળી જાય એટલે ગામમાં બે ભાગ રાખવા માટે આ મિત્રો આવા કામ કરતા હોય છે. ભગવાન એમને સદ્‌બુધ્ધિ આપે કે આવતી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આવે ત્યારે સારી રીતે ગ્રામ પંચાયતો સમરસ થાય એવું કાર્ય કરવા મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં ખૂબ મોટા લાભ આપવામાં આવે છે. આ યોજના દ્વારા જ્યારે નક્કી થઈ ત્યારે જે ગામની વસતિ ૫ હજારની હોય એને ૬૦ હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવતું હતું અત્યારે એને બદલે ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે. આ યોજનામાં ૫ હજારથી વધુ વસતિ હોય તો ૧.૫ લાખ રૂપિયા સમરસ ગ્રામ પંચાયતને આપવામાં આવે છે. બીજી વાર સમરસ ગ્રામ પંચાયત થાય તો ૫ હજારની વસતિએ ૧.૨૫ લાખ અને ૫ હજારની ઉપરની વસતિ વાળી ગ્રામ પંચાયતને ૧.૮૭ લાખ અનુદાન તરીકે સરકાર તરફથી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક શ્લોક યાદ આવે છે હમણા સવારમાં ડખો હતો એ જોઈને કે, 'હમ ઉનકો પ્યાર કરતે હૈ જીસકો પ્રજાસે પ્યાર હૈ, હમે ઉનસે નફરત હૈ જો પ્રજા કો લડાતે હૈ' એટલે આવી નફરત અમને ન થાય એ માટે થોડું સારું કામ કરજો. બીજી આ રાજ્ય સરકારે મહિલા ગ્રામ પંચાયત બનાવવાનું વિચાર્યું. ગુજરાત રાજ્યમાં ૪૦ મહિલા ગ્રામ પંચાયતો અત્યારે કાર્યરત છે એમાં મને ગૌરવ છે કે મારા પાલિતાણા વિસ્તારમાં ચીરોડા ગ્રામ પંચાયત છે એ સોએ સો ટકા મહિલા સદસ્યોની અમે બનાવી છે પણ એનાથી ફાયદો શું? તો મહિલા ગ્રામ પંચાયતથી એક સરસ મજાની મહિલાઓની તાકાત બહાર આવી છે અને ગામમાં સરસ મજાના કામો થઈ રહ્યા છે અને આ મહિલાઓ દ્વારા એક સુંદર વહીવટ આપી અને એક નમૂનો બતાવ્યો છે કે આગામી જે આપણે ૫૦ ટકા અનામન આવવાની છે એમાં દાખલારૂપ આ ગ્રામ પંચાયતોનો વહીવટના રૂપમાં દાખલો આપણે લઈ શકીએ છીએ. સરકાર દ્વારા જે અનુદાન મળે છે તેમાં ગ્રામ પંચાયતોમાં પાણીની લાઈન, ગટર, ચેકડેમ, તળાવો કયાંય પણ દાર-બોર કરવાના થતા હોય તો એ થઈ શકે છે અને સરસ મજાની આ ગ્રાન્ટમાંથી પોતાના હિસ્સાથી અને પોતાની તાકાતથી જ્યારે ગ્રામ પંચાયત બિનહરિફ થઈ હોય તો એને જે અનુદાન મળે છે એમાં લોક ભાગીદારીથી દોઢ લાખ હોય તો ત્રણ લાખના કામ કરીને ગોકૂળિયું ગામ આ ગ્રામ પંચાયતો ઉભું કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત લઈને આવ્યા છે પંચાયત ઘરની. તો હમણા માનનીય સભ્યશ્રી વાત કરતા હતા પંચાયત ઘર બાબતની તો ૨૦૧૦માં ૧૦ કરોડની પંચાયત ઘરની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે

તો આપણે બધા અગાઉના દિવસોમાં પંચાયત ઘર હતા નહીં ત્યારે વડલાનું થળ હોય, નકરા પક્ષીઓ બોલતા હોય અને એનું ચરક માથે પડતું હોય અને તલાટી ઝાડવા નીચે બેઠો હોય. તો આજે આ રાજ્ય સરકાર દ્વારા એવા સરસ ઓરડાઓ પંચાયત ઘરના બનાવવામાં આવ્યા છે કે આપણને એમ થાય કે આ ઓરડામાં કદાચ એક સરસ મજાનો એ.સી. રૂમ બની જાય અને કદાચ તલાટી ઈ-ધારામાં આપણા કાગળ કાઢતો હોય તો આપણને ઉનાળાની શીતળતામાં આપણને પણ ઘડીકવાર બેસી લઈએ. રીલાયન્સ દ્વારા ઓરડા બને છે, રાજ્ય સરકાર દ્વારા ઓરડા બને છે પણ પંચાયત ઘરો જે બનાવવામાં આવે છે એ ક્વોલિટી સાથે ખૂબ સુંદર રીતે પંચાયત ઘરો નિમાર્ણ થયા છે એ બદલ માનનીય પંચાયત મંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું કે પંચાયત ઘરોનો જે પ્રશ્ન હતો એનો મહદઅંશે નિકાલ થઈ ગયો છે. હમણા ભાઈશ્રી અમિતભાઈ વાત કરતા હતા એ પ્રમાણે પંચાયત ઘરમાં ૨.૪૦ લાખની જોગવાઈ છે એમાં નવું ધોરણ જે છે એમાં ૩ લાખની જોગવાઈ છે પણ તમે જે પ્રશ્ન કર્યો એ વિચારી અને રાજ્ય સરકાર તરફથી એસ.ઓ.આર.ના ભાવ પ્રમાણે ૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે એટલે હવે ક્યાંય પણ પૈસાના વાકે પંચાયત ઘર ન બને એવું શક્ય નથી. એટલે આ કામ અંતર્ગત માનનીય મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીએ પંચાયતોની ખૂબ ચિંતા કરી છે અને માનનીય મંત્રીશ્રી જે તેમના ખાતાની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર-૭૦, ૭૧, ૯૨ અને ૯૫માં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. રાજયની અંદર જે ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અત્યારે ચાલી રહી છે, એમાં રાજયના મુખ્યમંત્રીશ્રીને લખેલું કે અમરેલીની અંદર ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે અને વચેટિયાઓ એનો લાભ લે છે, મેં જે પત્ર લખ્યો એના અનુસંધાને નિયામકશ્રી, અનુસૂચિત જાતિએ તારીખ ૬-૭-૨૦૦૯ના રોજ એક કર્મચારીને સસ્પેન્ડ કર્યો, ત્યારપછી તારીખ ૧૦-૮-૨૦૦૯ના રોજ આદેશ આપ્યો કે જે ભ્રષ્ટાચાર થયો છે એની હકીકત બહાર લાવવા માટે આ ટીમને સૂચના આપવામાં આવી છે, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આપણે વાત કરીએ છીએ કે ખાતો નથી, ખાવા દેતો નથી, તો આ ભ્રષ્ટાચારમાં જે જે લોકો સંડોવાયેલા છે એની પાસેથી રિકવરી કરી અને બાકીના કર્મચારીઓને ક્યારે સસ્પેન્ડ કરવા માગો છો? આ રાજયમાં રાજય સરકાર દ્વારા સંત સુરદાસ નામની યોજના ચાલુ છે, આ યોજનામાં ૭૫ ટકા ઉપરાંત વિકલાંગ જે વ્યક્તિ હોય એને આ યોજનાનો લાભ મળે છે અને એમાં માસિક રૂપિયા ૪૦૦ આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા અનેક ગરીબ કલ્યાણ મેળાઓ થાય છે પણ એમાં એક નવો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે કે, ૦ થી ૧૬ માં આવતા હોય એવી જ વ્યકિતઓને આ યોજનાનો લાભ આપવો એટલે યોજના બંધ નહિ કરવાની પણ એવો પરિપત્ર બહાર પાડવાનો કે રાજયની કોઈ વ્યકિતને આમાં લાભ જ ન મળે. ૭૫ ટકા ઉપર જે વ્યકિત વિકલાંગ છે એના માટે આ પરિપત્ર બહાર પાડી અને આ વિકલાંગ વ્યકિતઓને જે અન્યાય કરવામાં આવ્યો છે તો એ માટે વિભાગના મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ પરિપત્ર પાછો ખેંચી લેવામાં આવે. એવી જ રીતે વિકલાંગોને એસ.ટી.ના પાસ આપવામાં આવે છે. એમાં ૮૦ ટકા રૂટ એવા છે કે જેમાં લકઝરી છે, ડિલક્ષ લકઝરી છે, ગુર્જરનગરી છે આ બસોમાં વિકલાંગોને બેસવાનો લાભ આપવામાં આવતો નથી આપણે ગરીબ કલ્યાણ મેળાઓ કરીએ છીએ પણ આવા જે ગરીબ અને વિકલાંગ વ્યકિતઓ છે એમને કંડકટર ચાલુ બસે રસ્તામાં ઉતારે છે કે આ તો ગુર્જરનગરી છેને આ ડિલક્ષ છે અને આ લકઝરી છેને તો આવા ગરીબ લોકોને પણ એમાં લાભ આપવો જોઈએ. એ લાભ અપાતો નથી. પંચાયત અને સમાજ કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે દરેક વિભાગના પ્રશ્નોની જ્યારે રજૂઆત થાય છે કે તમારા આ વિભાગનું મહેકમ કેટલું છે એમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ખાલી કેટલી છે અને એ ક્યારે ભરવામાં આવશે, ત્યારે એક છાપેલો જવાબ આપવામાં આવે છે કે યોગ્ય લાયકાતવાળા ઉમેદવારો મળશે એટલે ભરતી કરવામાં આવશે. વર્ગ-૩ અને વર્ગ-૪માં તમારે કોઈ પી.એચ.ડી. જોઈએ છીએ કે કોઈ સુપરસ્પેશ્યાલિસ્ટ જોઈએ છીએ? આ રાજયની અંદર તમને વર્ગ-૩ અને વર્ગ-૪ ના કોઈ યોગ્ય ઉમેદવારો મળતા જ નથી. રાજયની અંદર કેટલી બેકારી છે. છતાંય આવી ભરતીઓ કરવામાં આવતી નથી. હમણાં તલાટી-કમ-મંત્રીની ૨૨૦૦ જગ્યાઓ ભરતી કરવા માટે સરકારે નિર્ણય કર્યો અને એની જાહેરાત આવી એમાં બે લાખ ઉમેદવારોએ અરજી કરી અને અહીંયા વિધાનસભામાં પ્રશ્નોત્તરીમાં જવાબ એવો આપવામાં આવે છે કે યોગ્ય લાયકાતવાળા ઉમેદવારો મળ્યેથી ભરતી કરવામાં આવશે. રાજય સરકાર એમ કહે છે કે અમે નંબર વન છીએ અને અમારો વહીવટ બહુ સારો છે. માનનીય નરોત્તમકાકાને હું પૂછવા માગું છું કે આ રાજયના કેટલા તલાટી મંત્રીઓ આઠ કિલોમીટરની મર્યાદામાં રહે છે એ તમારા આત્માને પુછી જૂઓ, તમારી છાતી પર હાથ રાખીને પુછો કે કેટલા તલાટી કમ મંત્રીઓ આ રાજયમાં એમની નોકરીના ગામની આઠ કિલોમીટરની મર્યાદામાં હેડકવાર્ટરમાં રહે છે? તમારામાં તાકાત હોય તો એ વ્યવસ્થા કરાવો. રાજયના ગામડાના તમામ લોકો હેરાન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, તમે માનનીય મંત્રીશ્રી સુરતની આજુબાજુ રહે છે. સુરતની અંદર કે રાજયમાં કોઈ તલાટી મંત્રી કોઈ ખેડૂતોનું રૂપિયા લીધા વગરનું કામ કરે છે ? સુરતમાં તમારા મતદારને પૂછી જોજો...

**સભાપતિશ્રી** : એક જ મિનિટમાં પૂરું કરજો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં જે ગ્રામ સભાઓ થાય છે તેમાં ગ્રામ સભાઓમાં પ્રશ્નો રજૂ થાય છે. આ પ્રશ્નોનો કોઈ નિકાલ થતો નથી. આ રાજયને આઝાદીને ૬૩ વર્ષ થયા. આપણે સ્વર્ણિમ ગુજરાતની જયંતીનો ઉત્સવ ઉજવીએ છીએ. ત્યારે આ રાજયની અંદર ૫૦ ટકા ગરીબ કુટુંબોને શૌચાલય નથી. રાજય સરકાર નંબર વનની વાતો કરે છે પણ ૫૦ ટકા લોકોને શૌચાલયો નથી. જિલ્લા પંચાયતમાં એક દબાણ શાખા છે. અને આ દબાણ શાખા દ્વારા જે ગામડાંની અંદર જે દબાણોની અરજીઓ આવી છે જિલ્લા પંચાયતની દબાણ શાખા શોભાના ગાંઠિયાની જેમ રહે છે અને આ જે દબાણ શાખા છે તે જવાબ આપી દે છે અને ગ્રામ પંચાયતના સરપંચ ઉપર નાંખી દે છે. અને સરપંચ દબાણ દૂર ના કરે ...( સમય-સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ...

**સભાપતિશ્રી** : એક મિનિટ હવે નહીં મળે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગના જે ગ્રામ સેવકો છે તે પણ તેમની ગામડાંઓની ફરજ બજાવતાં નથી. તેના માટે પૂરેપૂરી કાળજી પણ સરકાર દ્વારા લેવામાં આવતી નથી. જે ગરીબ લોકોને મફત પ્લોટ આપવામાં આવે છે. અને આ મફત પ્લોટનું એન.એ.જે કરવામાં આવે છે તે તાલુકા પંચાયત દ્વારા, જિલ્લા પંચાયત દ્વારા યેન કેન પ્રકારે ટલ્લે ચડાવવામાં આવે છે અને સરપંચ જો મળી આવે અને ગોઠવણી થાય તો એ તરતજ થઈ જાય છે. અને એવી જ રીતે જ્યારે તે પ્લોટની હરરાજી થાય તેના પૈસા સરકારી હેડે જે જમા કરવામાં આવે મફત પ્લોટ સિવાયના બાકીના પ્લોટ છે આ રૂપિયા જ્યારે સરપંચને પાછા લેવાના હોય તો પણ તેની ઓ.પી.ની ગ્રાન્ટમાં તેને અનેક ધક્કા ખાવા પડે, અનેક વખત કવેરી કાઢવામાં આવે છે તો આ બાબતે પણ માનનીય મંત્રીશ્રી કાળજી લે એવું મારું સૂચન છે.

**શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી આદરણીય ફકીરભાઈ વાઘેલા સાહેબ માગણી નંબર-૯૨-૯૫ લઈને આવ્યાં છે તેના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબો, વંચિતો અને દલિતો ભાઈઓ-બહેનોનો ખરેખર વિકાસ થાય તે માટે આવા લોકોની રોજગારી માટે આ સરકારે ચિંતા સેવી છે. અરજદાર વ્યવસાય કરીને રોજગારી મેળવી શકે તે માટે વ્યવસાયનું સ્થળ દુકાન ખરીદી શકે તેની સહાય  માટે લોન, માનવ ગરિમા યોજના હેઠળ નાના પાયાના સ્વરોજગારના ધંધા માટે સહાય આપવામાં આવે છે. કાયદાના સ્નાતકોને નાણાંકીય લોન, સિનિયર વકીલો સાથે તાલીમ આપવાની યોજના પણ સરકારે અમલમાં મૂકી છે,

માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ સ્નાતક, અનુસ્નાતકને નાણાંકીય સહાય, શિક્ષણ વર્ગો, કુટિર ઉદ્યોગો દ્વારા તાલીમ અને ઉત્પાદન કેન્દ્રો ચલાવવા, શિક્ષિત બેરોજગારોને કોમ્પ્યુટર તાલીમ જેવી અનેક વિવિધલક્ષી યોજનાઓ દ્વારા આવા લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. રાજયમાં અનેક જ્ઞાતિઓ હજુ ઘણી બધી પછાત છે. પરંતુ રાજયનો પ્રત્યેક બાળક ભણે તેવા દ્રઢ નિર્ધાર સાથે આ રાજયના મુખ્યમંત્રી ચિંતા કરી રહ્યા છે ત્યારે ખરેખર વિકાસ આ જ્ઞાતિનો વિકાસ થાય તે માટે અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ બોર્ડને વધુમાં વધુ નાણાં ફાળવીને આ સરકાર દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સફાઈ કામદારો અને અતિ પછાત જાતિઓ જેવી કે વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને દલિત બાવાઓનાં વિકાસ માટે અતિ પ્રયત્નશીલ છે. આ લોકોનો વિકાસ થાય તે માટે આ સરકાર ગંભીરતાથી ચિંતિત છે અને આ નિગમો દ્વારા તેઓને વધુમાં વધુ રોજગારી મળે અને સહાય મળે તે માટે કાળજી લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વર્ગોનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે સરકારે વિવિધ રોજગારો માટે અનેક યોજનાઓ દાખલ કરી છે સાથે સાથે પછાત વર્ગો શૈક્ષણિક રીતે પછાત ના રહી જાય તે માટે અનેક યોજનાઓ દાખલ કરીને પછાત વિદ્યાર્થીઓ માટે શિક્ષણ, શિક્ષણ ફી, પ્રિ.એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી.શિષ્યવૃત્તિ, પછાત વર્ગોના છાત્રાલયોને ગ્રાન્ટ-ઈન-એઈડ કરીને તેમાં વ્યાપક વધારો આ વખતે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી છાત્રાલયોમાં વધારો કરીને આ વર્ગના વધુમાં વધુ બાળકોને શૈક્ષણિક સુવિધા મળે એનું પૂરતું આયોજન કરવામાં આવ્યું છે. પછાત વર્ગના બાળકોને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળે, તે ઉચ્ચ વર્ગથી પાછળ ના રહી જાય, એ માટે અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિતના વિદ્યાર્થીઓ માટે વધારાના શિક્ષણ કેન્દ્રો શરૂ કર્યા છે. અનેક સહાયો કરી છે, ત્યારે સરકારી કોલેજોમાં તબીબી અને ઈજનેરી વિદ્યા શાખાના વિદ્યાર્થીઓ માટે બૂક બેન્ક અને અન્ય સુવિધાઓ આપી છે. અનેક પ્રોત્સાહનો આપ્યા છે. આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ જેવી અનેક સગવડો આપી છે. પછાત વર્ગના બાળકો પરદેશ જઈ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મેળવે એ માટે ૧૫ લાખ સુધીની જોગવાઈ પછાત વર્ગના બાળકો માટે કરી છે. યુવાનોને વિશ્વમાં બૌદ્ધિક સ્તરની સમકક્ષ આ સરકાર બનાવે છે, ત્યારે ધોરણ ૧૦માં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ખાનગી ટયૂશનમાં સહાય આપીને તેઓની શૈક્ષણિક ગુણવત્તામાં ઘટાડો ન થાય તેની દરકાર આ સરકારે કરેલ છે.

ખ્યાતનામ ખાનગી શાળાઓમાં પછાત વર્ગના બાળકોનું સ્થાન કયાંય ન હતું, પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ખાનગી શાળાઓમાં આર્થિક સહાય પૂરી પાડીને પછાત વર્ગને ઉચ્ચ સ્થાન અપાવ્યું છે. રાજયમાં પછાત વર્ગો આર્થિક કારણોસર ગામોમાં ગામમાં રહેવાને બદલે દૂરના વિસ્તારોમાં રહેતા હોય છે. ત્યાંથી શાળા દૂર હોય છે, ત્યારે પછાત વર્ગની બાળાઓને ખૂબ મુશ્કેલીઓ પડતી હોય છે, ત્યારે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે એક યોજના દાખલ કરી. પછાત વર્ગની બાળાઓને એ શિક્ષણ મેળવી શકે એના માટે અને તે શાળાએ જાય એ માટે એમને સાયકલો ભેટ આપવાની યોજના દાખલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા સાહેબ દ્વારા પછાત વર્ગોની ખાસ દરકાર કરીને આ વિશે જનજાગૃતિ ઉભી કરીને વિકાસ કરવામાં આવી રહ્યો છે, ત્યારે જેટલી દરકાર અને કામ આ સરકારે કર્યા છે. ભાવિ યોજનાઓ અમલમાં મૂકી છે, ત્યારે આ સરકારે આ વર્ગના માત્ર મતો મેળવવા અન્યોની જેમ નહીં, પરંતુ લાગણી સમજીને આ વર્ગના હૃદય સુધી પહોંચીને આ વર્ગને સંવેદના અને ગૌરવ અપાવવાનું કામ કર્યુ છે, ત્યારે મારે એમને લાખ લાખ અભિનંદન આપવા છે.

મારે એક વાત એ કરવી છે, કે ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજયના ગરીબ, શોષિત, પીડીત લોકોના વિકાસ માટે પહેલાની સરકારોએ ઘણી વાતો કરી. ઘણા આયોજનો કાગળ ઉપર કર્યા. રૂપિયા પણ ખર્ચ્યા, ઉધાર્યા, પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે આ દલિતો અને ગરીબ લોકોની સ્થિતિ તેની તે જ રહી. વચેટીયા માલામાલ થઈ ગયા. પરંતુ જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ આ રાજયમાં ધૂરા સંભાળી છે, ત્યારથી ગરીબોનો વિકાસ થયો છે.

યોજનાઓ દ્વારા ગરીબોને રોજગારી આપી ઘણા ગરીબ લોકોને સાધન સહાય આ સરકારે આપી, તેનો અધિકાર જાહેરમાં હમણા જ ગરીબ કલ્યાણ મેળામાં આપણે સૌએ જોયો. મારે એક વાત કહીને મારી વાત પૂરી કરવી છે.

આઝાદીના વર્ષો તો ઘણા વીત્યા. વાતો કરી મારી, મને જ લૂંટયો.

અભાવો વચ્ચે જીવું છું, આજે પણ, ખોવાયું છે સ્વપ્ન મારું.

કયાંક તો ગોતી આપો, કયાંક તો ગોતી આપો.

માનનીય અધ્યક્ષશ્રી, આવી વેદના જયારે આ દેશના અને આ રાજયના ગરીબો અને દલિતો કરી રહ્યાં હતા ત્યારે આ રાજયના મુખ્યમંત્રીએ એમની વાત સાંભળીને વિવિધ યોજનાઓ મૂકી અને આ આજે જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા તેમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારું સમર્થન આપવા ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ભારતીય જનસંઘની સ્થાપના થઈ હતી, ત્યારે પંડિત દિનદયાળજીએ કહ્યું હતું કે દરિદ્રતાના અંતિમ પગથીયે બેઠેલો વ્યકિત અમારું પ્રથમ લક્ષ્ય હશે. અને એ જ વિચારધારાની સાથે ચાલતી પાર્ટી એટલે ભારતીય જનતા પાર્ટી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સામાજીક સમરસતા અને નવચેતના પ્રગટ કરનાર અને સમગ્ર રાજયની પ્રજાના સર્વાંગી વિકાસને જેમણે મહામંત્ર આપીને દરેક ક્ષેત્રમાં અજોડ કામગીરી કરી છે, એવી ભાજપની સરકાર ગુજરાત રાજયની માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરતી સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ છેલ્લા દસ વર્ષમાં સાકાર થઈ છે. ગુજરાત રાજયમાં ૫૦ વર્ષની સ્વર્ણિમ્ જયંતિ વેળાએ રાજયમાં પછાત, આર્થિક પછાત, નબળા વર્ગના લોકો તેમજ વંચિતો અને અનુસૂચિત જાતિના લોકોને પોતાના ઘરના ઘરનું સ્વપ્નલોકોનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થાય એ માટે સમગ્ર રાજયમાં બી.પી.એલ.ની યાદીમાં આવતા લાભાર્થી લોકોને પ્લોટની ફાળવણી તેમજ મકાન સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય કરેલ છે જે બદલ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા કે જેઓ સતત દલિતોના હક્ક માટે લડતા રહ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આવતીકાલની સોનેરી સિધ્ધિ માટે આ સભાગૃહ સમક્ષ આપણે સૌએ સાથે મળીને સંકલ્પો લીધા છે. આ સ્વર્ણીમ વર્ષમાં અનુસૂચિત જન જાતિઓના વિભાગ માટે ૧૩૩૧.૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આજના આધુનિક યુગમાં દિનપ્રતિદિન વધી રહેલી બેરોજગારીની સમસ્યા સામે લડવા માટે અને પછાત સમાજના યુવક યુવતીઓને સ્વમાનભેર તંદુરસ્ત હરિફાઈમાં ટકી રહેવા માટે રાજય સરકારે તેમને ઉચ્ચત્તમ તાલીમ આપવા માટેની જોગવાઈ કરી છે તેમજ ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ ગ્રેજયુએટ થયા પછી તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ઘણી વખત ગ્રેજયુએટ થયા પછી પોતાનો અભ્યાસ છોડી દે છે, પરંતુ એના માટે રાજય સરકારે આ વર્ષે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટ મુકામે અને જામનગરમાં પોસ્ટ ગ્રેજયુએટના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ માટેની જોગવાઈ કરેલ છે જે આવા વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય

માટે આર્શીવાદરૂપ સાબિત થશે જે બદલ હું રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના દલિત પરિવારોના પછાતતવર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આંબેડકર વિદેશ અભ્યાસ લોન આપવામાં આવે છે. જેમાં અત્યારસુધીમાં ૪૨૫ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રાજય સરકારે મદદ કરેલ છે. કોઈ મા-બાપનું એવું સ્વપ્ન હોય અને તેમના દીકરા કે દીકરીમાં લાયકાત હોય અને તે પાયલોટ બનવા માગતા હોય, પરંતુ ગરીબી અને આર્થિક પછાત હોય તો એમને આનો ખર્ચ પોસાય તેમ ના હોય તો એમના માટે રાજય સરકારે તેમના માટે આ પાયલોટ બનવાની માટેની લોન આપવાની યોજના કરેલ છે અને તે અનુસાર અત્યારસુધીમાં ૩૭ જેટલાં યુવક યુવતીઓએ આ યોજનાનો લાભ લીધો છે અને તેમાં મારી ૧૦ બહેનો પણ પાયલોટ બની છે અને એ દીકરીઓ આજે આકાશમાં વિમાન ઉડાડી રહી છે અને આ સભાગૃહમાં મને જણાવતાં આનંદ થાય છે કે આપણા જ સભાગૃહના સભ્ય એવા આત્મારામભાઈ પરમારના દીકરા પણ પાયલોટ છે અને તેમનાં પુત્રવધુ પણ પાયલોટ છે. આમ આ પાયલોટ માટેની અને વિદેશ અભ્યાસ લોન એ રાજયના ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે જીવનની એક નવી રાહ ચિંધનાર યોજના છે અને એમના સ્વપ્નને સાકાર કરવા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ૫૦ વર્ષની સ્વર્ણીમ ઉજવણી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્યમંત્રીશ્રી તરીકેના ૩૦૦૦ દિવસ પૂરા થયા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ દિવસોને કોઈ હિલ સ્ટેશન ઉપર જઈને ઉજવ્યા નથી, પરંતુ ૫૦ વર્ષની સ્વર્ણ જયંતીની ઉજવણી એ ૫૦ દિવસમાં ૫૦ ગરીબ કલ્યાણ મેળામાં ૨૦ લાખ કરતાં વધારે લાભાર્થીઓને ૨૭૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે સહાય ચૂકવીને કરી છે એ ખૂબ મોટી વાત છે. આ ગરીબ કલ્યાણ મેળાઓમાં એના માટેના લાભાર્થીઓને સીધેસીધી સહાય તેમના હાથમાં આપી છે ત્યારે માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેનો સતત વિરોધ કરી રહયા છે કે આ તો કેન્દ્રનું છે, આ તો કેન્દ્રનું છે, પરંતુ કેન્દ્ર સરકારનું છે અમે અને ગુજરાતમાં એ આપીએ છીએ. આજે આ મારું કે તમારું કરવાનો સમય નથી. આ પ્રજાનું છે અને સીધેસીધું પ્રજાના હાથમાં જાય છે એનો વિરોધ કરવો એ ખોટું છે અને આવનાર દિવસોમાં પ્રજા તમને એનો ચોકકસ જવાબ આપશે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ તબકકે એક વિશેષ વાત એ પણ કરવી છે કે આપણું ભારતનું બંધારણ છે. અમેરિકામાં આપણા ભારતના બે મહાન વ્યકિતઓની પ્રતિમાઓ મૂકવામાં આવેલ છે એમાં એક તો પૂજય મહાત્મા ગાંધીજી અને તેના નીચે એવું લખ્યું છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને બીજી પ્રતિમા ડોકટર બાબા સાહેબ આંબેડકરની, અને એની નીચે એવું લખેલ છે કે વિશ્વનો શ્રેષ્ઠ વિદ્યાર્થી, અને એ જ વિદ્યાર્થીએ વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ

ઘડયું અને વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતીય બંધારણ. આ એ જ ગુજરાત છે જયાં એક સમયે પ્રાચિન વલ્લભ વિદ્યાપીઠ વિદ્યાના વૈભવથી જળહળતી હતી. આ એ જ ગુજરાત છે જયાં એક સમયે રાજા સિધ્ધરાજે સિધ્ધહેમ પુસ્તકને હાથીની અંબાડી ઉપર મુકાવીને ગ્રંથયાત્રા કાઢી હતી, આ એ જ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુરેન્દ્રનગરમાં પ્રજાસતાક પર્વના અવસરે ભારતના બંધારણના પુસ્તકની પણ શોભાયાત્રાને પુરેપુરા માન સન્માન સાથે સુરેન્દત્રનગરથી પ્રસ્થાન કરાવવામાં આવેલ છે. જેનાથી સમગ્ર દેશમાં એક અનોખો ઈતિહાસ રચાયો છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો પ્રદર્શિત કરુ છું. સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રીશ્રીએ બજેટ પહેલા સૂચનો માટે એક મિટીંગ બોલાવી હતી તેને હું આવકારું છું. એમનો વિભાગ અનુસૂચિત જાતિના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક કલ્યાણ માટેની કામગીરી કરતો હોય છે. અહીં વારંવાર કહેવાય છે કે અનુસૂચિત જાતિના લોકો આ સરકારમાં સૌથી વધારે સલામત છે. મારે તો એમ કહેવું છે કે આ ભાજપના શાસનમાં છેલ્લા અઢી વર્ષમાં ૪૦ કરતાં વધારે અનુસૂચિત જાતિના ખૂન, અને ખૂની હુમલાના બનાવો બન્યા છે. એટલું જ નહીં બળાત્કાર અને હિજરતના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થયોછે. આમ જોઈએ તો અત્યાચારમાં ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ પછી ગુજરાત ચોથા નંબરે આવે છે. ગુજરાત સરકારમાં અનુસૂચિત જાતિ ઉપર થતા અત્યાચારોની સતત ઉપેક્ષા થઈ છે. હું એમ કહેવા માગું છું કે જે રાજય સ્તરની તકેદારી અને મોનિટરીંગ કમિટી છે તે દર છ મહિને મળવી જોઈએ પણ છેલ્લા દોઢ વર્ષથી એક પણ વખત આ કમિટી મળી નથી. અત્યાચાર કરનાર વ્યકિત છે તે સરકારની બેજવાબદાર તપાસની નીતિને કારણે નિર્દોષ છૂટી જાય છે. ઈરાદાપૂર્વક ચાર્જશીટ મોડા મુકવામાં આવે છે. તહોમતદારોને ભાગેડુ જાહેર કરવામાં આવે છે અને મળતા નથી એમ કહીને સમરી ભરી ભોગ પામેલ વ્યકિતને વળતર પણ મળતું નથી. ૨૦૦૯માં વિવિધ અદાલતોમાં ૪૫૯૦ જેટલા કેસો પેન્ડીંગ હતા. એમાં ૯૪૮ કેસોનો ઉમેરો થયો, અને ૫૫૪૮ કેસો પેન્ડીંગ હતા. એમાંથી ૨૦૦૯ માં ૭૩૪ કેસોનો નિકાલ થયો અને એમાંથી પણ ૭૦૩ કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા છે. કેન્દ્ર સરકારે ૨૦૦૮માં માથે મેલુ ઉપાડવાની પ્રથા નાબૂદ થાય અને એમનું ઉત્થાન થાય તે માટેની એક યોજના અમલમાં મૂકી હતી. પણ ગુજરાતમાં ૮૭૪૦ આવા પિડીતો

હતા એમાંથી હજુ પણ ૧૪૯ લોકોને પુનઃ વસન કરવામાં આવ્યું નથી. એટ્રોસીટીની વાત કરું તો કેસ કોર્ટમાં પુરવાર થતા નથી. અને ગુજરાતમાં આ કેસો પુરવાર થવાનો રેટ દેશમાં સૌથી વધારે નીચો છે. સમગ્ર દેશમાં ૩૧.૪ ટકા કન્વીકસનના કેસો હોય ત્યારે ગુજરાતમાં માત્ર ૬.૧ ટકા અનુસૂચિત જાતિના આવા કેસમાં કન્વીકસનનો રેટ છે. આવા કેસમાં સાક્ષીઓ ફરી જાય છે, મુળ ફરિયાદ પાછી ખેંચવામાં આવે છે એટલે હું એ સૂચન કરું છું કે તેની સામે જન જાગૃતિ અભિયાન અને ટોલ ફ્રી હેલ્પ લાઈન શરૂ કરે. સામાજિક બહિષ્કારની વાત કરીએ તો સામાજિક બહિષ્કાર અથવા હિજરત કરે છે ત્યારે અનુસૂચિત જાતિની વ્યકિતઓને વ્યકિત દીઠ રોજના ૧૫ રૂપિયા આપવામાં આવે છે. કુટુંબ હોય તો કુટુંબના દરેક વ્યકિતને ૧૫ રૂપિયા અને ઢોર હોય તો ઢોર દીઠ રોજના ૬ રૂપિયા આપવામાં આવે છે. તો હું એમ કહેવા માગું છું કે આજે જયારે મોંઘવારી હોય અને રોજના ૧૫ રૂપિયા આપવા તે મશ્કરી રૂપ લાગે છે. એટલે હું કહેવા માગું છું કે આ રકમમાં ખૂબ મોટો વધારો કરવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ, એન્જિનિયરીંગ, એગ્રીકલ્ચર, પૉલિટૅક્નિક આ બધા અભ્યાસક્રમોમાં જે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે તેના માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી બુક બેંક ચલાવે છે અને આ બુક બેંકમાં બે વિદ્યાર્થી દીઠ એક સેટ આપવામાં આવે છે. જ્યારે શરૂઆતમાં બુક સેટ ઓછા હતા, પણ હવે તો એટલા બધા બુક સેટ થયા છે કે હું તો એમ કહેવા માગું છું કે દરેક વિદ્યાર્થીને બુક સેટ વ્યકિતગત આપવામાં આવે એવી હું ભલામણ કરું છું. ધોરણ-૧૦માં જે વિદ્યાર્થીઓ ૭૫ ટકા કે તેની વધારે માર્ક્સ મેળવે છે તેને વિજ્ઞાન પ્રવાહ કે સામાન્ય પ્રવાહમાં આખા ગુજરાતમાંથી માત્ર ૧૦૦ વિદ્યાર્થીઓને ટયૂશન ફી આપીએ છીએ. હું તો એમ કહેવા માગું છું કે અનુસૂચિત જાતિના કોઈ પણ વિદ્યાર્થીઓને ૬૦ ટકા કરતા વધારે માર્ક્સ ધોરણ-૧૦માં આવે છે તેમને ટયૂશન ફી આપવી જોઈએ અને જે હાસ્યાસ્પદ વાત છે તેને નિવારવી જોઈએ. બીજી વાત ખાસ એ કહેવી છે કે ધોરણ ૧થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને સરકાર બે જોડી ગણવેશ માટે ૧૫૦ રૂપિયા સહાયરૂપે આપે છે. ૧૫૦ રૂપિયામાં કયાં તેનું કાપડ આવે, કયાં તેની સીલાઈ થાય. મને લાગે છે કે માનનીય મંત્રીશ્રી આમાં પણ વધારો કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે વિદ્યા સહાયકની વાત કરવી છે. વાલ્મિકી સમાજને ખૂબ અન્યાય થયો છે. પી.ટી.સી. કે અન્યમાં હોય અને વર્ગમાં જો ૫૦ વિદ્યાર્થીઓનો વર્ગ હોય તો આપ માત્ર તેમાંથી બે ને જ લો છો. કોઈ જિલ્લામાં ૧૦૦કે તેથી વધારે બેઠકો હોય તો તેમાંથી પણ તમે બે લો છો. તો તેનો પૂરતો કવોટા જળવાય અને તેનો અન્યાય દૂર થાય એવી હું માગણી કરું છું. હું મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપતો નથી.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ, સમુહ વિકાસ, સામાજીક સુરક્ષા અને કલ્યાણ, અનુસૂચિત જાતિ માટેની પેટા યોજનાઓની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતો એટલે મને કહેતાં ગૌરવ થાય છે કે હું પણ સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામની અંદર ૧૫ વર્ષ સુધી સરપંચ રહ્યો છું. ત્રણ ટર્મ સુધી. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું સરપંચ હતો, કામ કરવાની ખૂબ તાલાવેલી હતી. પણ છતાંય રાજય સરકારની યોજનાઓ નહોતી. વિકાસ માટે મથામણ કરતા હતા. પણ વિકાસ થતો નહોતો. હું તે વખતના ધારાસભ્યશ્રી હતા તેનો જમણો હાથ ગણાતો અને ૨૪ કલાક તેમની સાથે રહેતો હતો. શું કામ? તો ગામનો વિકાસ થાય. પણ સરકારશ્રીની એવી એક પણ યોજના નહોતી કે પંચાયતમાં અને ગામનો વિકાસ થાય. પણ છેલ્લા ૧૦ વર્ષમાં ગામડાં તો ગોકુળિયા બની ગયા. આજે દરેક ગામમાં, જે ગામની હું વાત કરું છું. મારે તેમાં કહેવું છે કે નરેન્દ્રભાઈની સરકાર આવ્યા પછી આ જે બાઢડા ગામ છે ત્યાં ફાર્મસી ડિગ્રી કૉલેજ ચાલે છે. પી.ટી.સી. કૉલેજ ચાલે છે. ત્રણ જીનીંગ ચાલે છે અને બે ઑઈલ મિલ ચાલે છે. નાનીસૂની નગરપાલિકા હોય પણ ગ્રામ પંચાયત સમગ્ર ગુજરાતની ગ્રામ પંચાયતમાં જે સુવિધાઓ છેલ્લા થોડા વર્ષોમાં થઈ છે તેના કારણે ગામડું હવે ભાંગતું બંધ થઈ ગયું છે અને મને કહેતા ગૌરવ થાય છે કે છેલ્લા બે વર્ષમાં અમારા વિસ્તારના લોકો રોજી-રોટી માટે જે સુરત જતા હતા તેના બદલે સુરતથી પાછા આવીને હવે ગામડાંમાં રહેવા માંડ્યા. કારણ કે તેમની જરૂરિયાત છે, ૨૪ કલાક લાઈટ જ્યોતિ ગ્રામ યોજનાની ધબકતી રહે. ગામમાં ઠંડા પીણાં મળે. અભ્યાસ માટે ઉચ્ચ કક્ષાનો અભ્યાસ મળે. આજે બાઢડા ગામ છે ત્યાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૭૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરા શિક્ષણ ખાતાના મંત્રી હતા અને આશ્રમશાળાનું ઉદ્દઘાટન કરવા આવ્યા હતા, અમારા પ્રદેશ પ્રમુખશ્રી રુપાલાજીના અધ્યક્ષસ્થાને આશ્રમશાળાનું ઉદ્દઘાટન કરવા આવ્યા ત્યારે શ્રી રમણભાઈ સાહેબે જે શબ્દો કહ્યા હતા એ કહું છું. આવી સુંદર આશ્રમશાળા આખા ગુજરાતમાં કયાંય જોઈ નથી. બાગ-બગીચા સાથે ગામડામાં પણ આવો વિકાસ થયો છે. પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈએ જે સગવડો કરી છે જેના કારણે આજે શહેરો ભુલાઈ જાય છે અને હજીપણ એટલેથી અટકવાનું નથી. આવતા દિવસોમાં સરકારશ્રી તરફથી જુદી જુદી યોજનાઓ, અર્બન યોજના જેમાં અનેકગણી સુવિધાઓ કરવામાં આવી છે જેના માટે ખૂબ મોટી જોગવાઈઓ કરવામાં આવી છે. સાથોસાથ રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, કેન્દ્રની યોજના સમગ્ર ભારત દેશમાં ચાલે છે પણ વધારેમાં વધારે ઉપયોગ થતો હોય અને નંબર વન કામ થતું હોય તો ગુજરાત સરકાર કરે છે અને કેન્દ્ર સરકાર ખૂબ કાળજી લે છે છતાં બીજા રાજયોમાં આવું કામ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો તેમ એક એક વિભાગમાં કેન્દ્ર સરકાર નગરપાલિકા, પંચાયત બીજા વિભાગોમાં સન્માન કરે છે. એનું કારણ એ છે કે, ઓપોઝિટ સરકાર હોય અને સન્માન કરે તો મને કહેતાં ગૌરવ થાય કે, ૨૦૦૯-૨૦૧૦માં જે કામ હાથ ધરાયા છે એનાથી ૩૪.૮૦ લાખ કુટુંબોને રોજગારી પૂરી પાડી છે. ૧૪.૮૦ લાખ કુટુંબોને કામગીરી સોંપવામાં આવી છે અને માનવ દિન ઉત્પન્ન ૪૯૮ લાખ જે છેલ્લા વર્ષમાં કામ થયું છે એના આંકડા આપું તો ૫૬૯ કરોડની કામગીરી આ યોજનામાં થઈ છે અને આ યોજના નીચે ગામડામાં તળાવો ઊંડા થયા છે, લોકોને રોજીરોટી મળી છે, રસ્તાઓ બન્યા છે, અમારે ત્યાં પંચવટી બનાવવામાં આવી છે. આ ગ્રામ વિકાસ એવો વિકાસ છે કે, ખરેખર સો ટકા વિકાસ થઈ રહ્યો છે અને અત્યાર સુધી એક ગ્રામ પંચાયતમાં ત્રણ ગામનો વહીવટ થતો હતો. મને કહેતાં ગૌરવ થાય છે કે, આ ત્રણ ગ્રામ પંચાયતને એક ઝાટકે જુદી કરી દીધી છે. છેલ્લા ચાલીશ વર્ષ સુધી મથામણ ચાલી. જે કામ ચાલીશ વર્ષમાં નહોતું થયું એ એક ઝાટકે થઈ ગયું છે.(અંતરાય) હું પંચાયત મંત્રીશ્રીને મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની ગ્રામ સભાઓમાં જે કોઈ પ્રશ્નોની ચર્ચા થાય છે એમાં ૬૦ ટકા પ્રશ્નો એવા છે કે, જે પડતર રહે છે. પ્રશ્નોની ચર્ચા થાય છે પણ એનો નિકાલ કરવામાં આવતો નથી. તલાટી કમ મંત્રી મંત્રીની મહેસૂલી વસૂલાત કામગીરી ખૂબ જ નબળી છે. તલાટી કમ મંત્રીમંત્રીશ્રી હોય છે એ પોતાની પંચાયતમાંથી જે કોઈ મહેસૂલી કામગીરી કરવાની હોય એ કરી શકતા નથી. તેઓ સામે આ તંત્ર ચૂપ કેમ છે? એ એક મોટામાં મોટો પ્રશ્ન છે. રાજયની અંદર ૧૦૦૦ કરોડના વ્યવસાય વેરાની વસૂલાત અદ્ધરતાલ છે. તો એ વસુલાત કેમ કરીને આપણે મેળવવી એ પણ એક ચિંતા છે. મહેસૂલની વસુલાત ન કરનાર તલાટી કમમંત્રીશ્રીને, એકની એક જગ્યાએ વર્ષોથી ચીટકી રહેનાર તલાટી કમ મંત્રીશ્રીઓની બદલી કરવામાં આવતી નથી તો કોઈપણ ભોગે એની બદલી કરી અને તાત્કાલિક એની કામગીરી કરે એ પણ એક ચિંતા છે. સરપંચ અને તલાટી કમ મંત્રીશ્રીના મેળાપીપણાઓમાં પંચાયતની હદની અંદર આવેલ ઉદ્યોગો જે હોય એની મહેસૂલ ખૂબ ઓછી આંકવામાં આવે છે અને એ મહેસૂલ ખરેખર સરકારશ્રીએ જે ધારાધોરણ નક્કી કર્યા છે એ પ્રમાણે જો નક્કી થાય અને લેવામાં આવે તો ખરેખર પંચાયતને પણ એની આવક મળે. રાજયમાં ઘરથાળ પ્લોટ છે એ માટે ગામતળ નીમ કરવા માટે નીતિ નક્કી કરવામાં આવે, ખરેખર આપણે રાજયની નીતિ શું છે એ નક્કી કરે તો ઝડપી એની કામગીરી કરવામાં આવે. પંચાયતને પૂરતી સત્તા અને સાધનો આપવા પડશે. નહીં તો પંચાયતીરાજ ફક્ત કાગળ ઉપર જ રહેશે. જનસેવા અરજીનો શાખાઓ દ્વારા નિકાલ કરવામાં આવતો નથી. ઘણી બધી મામલતદાર કચેરીમાં આપણે જઈએ, ખરેખર આનંદની વાત કહેવાય કે રાજય સરકારે જનસેવાની શરૂઆત કરાવી, પણ એનો અમલ ખરેખર થતો નથી. આમ નાગરિકો ગ્રામ પંચાયતના માહિતી અધિકાર હેઠળ જે માહિતી માગે છે તે માહિતી તલાટી કમ મંત્રીશ્રી વિલંબ થયો હોય છતાં માહિતી આપતા નથી તો એવા તલાટી કમ મંત્રીશ્રી સામે ખરેખર કાયદેસરની કાર્યવાહી કરવી જ જોઈએ. સરકારી આવાસોના નાણા જે છે એ બોગસ સહીથી બારોબાર ઉપાડી લેવામાં આવે છે અને એવા જે તલાટી કમ મંત્રીશ્રી છે એમની સામે કાયદેસરની કોઈ જોગવાઈ હોય, કાયદેસરની કાર્યવાહી કરી અને જોગવાઈ પ્રમાણે જે સજા કરવામાં આવે એ સજા થવી જોઈએ. તલાટી કમ મંત્રીશ્રીઓને, જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રીનો ચાર્જ હોવા છતાં એવા પંચાયતોની અંદર મહિનાઓ સુધી જતા નથી જેથી કરીને ગરીબ માણસો હોય, ખેડૂત હોય એને આવકની જાતિનો દાખલો મેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ બોર્ડ અને ગ્રામ વિકાસ બોર્ડ માટે હું બોલવા ઉભો થયો છું. જે આ માગણીઓ લઈને આવ્યા છે પંચાયત મંત્રીશ્રી એમાં પંચાયતી રાજ તો છેક કોંગ્રેસ વખતથી થયું છે પણ એમાં જે પહેલા સુધારો હતો એવો સુધારો થયો નથી. અત્યારે જુઓ તમે પંચાયતી રાજમાં તો એક તો પંચાયતી રાજમાં મહેકમ બહુ ખાલી છે. અમૂક ગામોમાં ચાર-પાંચ ગામોમાં એક જ તલાટી હોય, હવે ખાસ તો તલાટીની જરૂર પડે, દાખલો જોઈતો હોય એટલે, તો પહેલા આખું મહેકમ પંચાયતનું પૂરવું જોઈએ, બીજું કે જે પંચાયતી રાજ છે એમાં ઘણા સરપંચો બિચારા સારું કામ કરતા હોય તો પણ એને બિચારાને મુશ્કેલી ઉભી કરે છે. અરે ભઈ પેલા મૂળા નીચોવીને બુચ ન મારો, પણ આ તો એને સસ્પેન્ડ કરે, અલા ભઈ જુઓ તો ખરા સાચો હોય એને પણ સસ્પેન્ડ કરવાનો, ના કરો, ખોટું કર્યુ હોય તો કરો એનો વાંધો નહીં પણ ના કર્યુ હોય એને પણ સસ્પેન્ડ કરવાનો? એક અમારો લઘુ પટેલનો છોકરો હતો સરપંચ, એણે કશું કર્યુ નહોતું તો પણ એને સસ્પેન્ડ કરી દીધો, અરે ભાઈ જુઓ તો ખરા, કાગળો, વગેરે જુઓ તો ખરા કઈ રીતે સસ્પેન્ડ કર્યા, ઊંટો અને ઊંટો જતા રહે, ઊંટો અને ઊંટો ખઈ જાય એને કશું નહીં પણ જે કંઈ નંઈ જેવું બિચારો કરે અને કહે કે આને કરી દો. અરે ભાઈ આવું ના ચાલે, ન્યાયથી રાજ કરો, પહેલાના જમાનામાં આવું નહોતું રાજય, પહેલા તો ન્યાય જોતા હતા. જે ગુનો કરે એને શિક્ષા કરતા હતા પણ ગુનો કરે એને શિક્ષા કરતા, ના ગુનો કરે એને નહોતા કરતા, આ તો ના ગુનો કરે એને પણ શિક્ષા કરે પણ એ ના થવું જોઈએ, બરોબર, જુઓ તમે પહેલા પંચાયતી રાજમાં જે કોઈની માલિકીના ઝાડ હોય એને પાછું મંજૂરી મળતા ૨-૩ મહીના ૪-૫ મહીના થઈ જાય,

હવે બિચારાને કંઈ લગ્ન પ્રસંગ હોય તો એને મુશ્કેલી પડે, કારણ કે એ બાવળીયા કે કંઈક ઝાડ વાઢીને એના માલિકનું કંઈ ખર્ચ કાઢતો હોય તો એને ૨-૪ મહીના લાગી જાય એ ચાલે નહીં.પહેલા સરપંચોને સત્તા હતી. કોંગ્રેસના રાજમાં સરપંચો મંજૂરી આપતા હતા. અત્યારે સરપંચ, જિલ્લા કે તાલુકા પ્રમુખને કોઈ સત્તા નહીં. અમારા વખતમાં આવું કંઈ ન હતું. ત્યારે સત્તા રહેતી. અત્યારે તો રબ્બર સ્ટૅમ્પ બની ગયા છે. જિલ્લા કે તાલુકા પંચાયતના પ્રમુખનું કંઈ જ ઉપજે નહીં, શું કરવાનું? લોકોના કામો કઈ રીતે કરવાના? અમે લોકોના પ્રતિનિધિઓ છીએ. જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ એ લોકોના પ્રતિનિધિઓ છે. એનું વજન હોવું જોઈએ. અમારા રાજમાં હતું, આ રાજમાં નથી. આ બધું ન હોવું જોઈએ. * (અત્યારે તો ધારાસભ્યનું પણ વજન નથી. એ પણ (રબ્બર સ્ટૅમ્પ) થઈ ગયા છે.)

**અધ્યક્ષશ્રી** : ધારાસભ્યનું ન કહી શકાય.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : પાછું ખેંચી લઉં છું. હું તો સાચી વાત કરીશ. મારા જેવા બોલકા ધારાસભ્ય કામ ગમે તે રીતે કરાવી લાવે. અત્યારે ૩૩ ટકા બહેનો છે. બહેન તાલુકા પ્રમુખ હોય, ધારાસભ્ય હોય પણ બિચારાનું કોઈ સાંભળતા નથી. આ ન હોવું જોઈએ. પંચાયતી રાજ રામરાજ્ય જેવું હોવું જોઈએ. એટલા માટે રામ રાજ્ય જેવું કંઈ કરો.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી અને ગ્રામ વિકાસના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ગ્રામસભાઓ યોજવાથી, ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાથી કે યાત્રાઓ કાઢવાથી ગામડાનો ક્યારેય ઉદ્ધાર થવાનો નથી એ હકીકત છે. સાચો ઉદ્ધાર કરવો હોય તો વાસ્તવિક રીતે એનો અમલ થવો જોઈએ. હું કહીશ કે ગામડામાં ગ્રામ વાટિકાઓ કરવાથી ગામનો ઉદ્ધાર નહીં થાય. ગ્રામ વાટિકા શું છે? ગામડાના લોકો ૨૪ કલાક ખેતરમાં કામ કરતા હોય એ રાત્રે આવીને થાકીને ઊંઘતા હોય, એ ગ્રામ વાટિકામાં ફરવા ન જાય. આ બધું શહેરોમાં ચાલે. મારે કહેવું છે કે આ જે લોકો જે કાંઈ સરકાર બેઠી છે એ સુખી લોકોની સરકાર હોય એમ લાગે છે. દુ:ખી લોકોની વાસ્તવિકતા શું છે એ સમજતા નથી. દુ:ખીના દુ:ખની વાત સુખી સમજી ના શકે અને સાચા અર્થમાં સમજાય તો ગામડામાં દુ:ખ ન ટકે એ મારે કહેવું છે. આજની તારીખે ગામડાની પંચાયતોમાં વીજળીના બિલો ભરવાના પૈસા નથી. ગામમાં હેન્ડપંપો રિપેર કરવાની તાકાત નથી. કોઈ પણ યોજનામાં એક પૈસાની સત્તા કે સુવિધા નથી. ગામડામાં ગ્રામસભામાં હજારો ઠરાવો કરાય અને એ ઠરાવો કર્યા પછી એ માત્ર ગ્રામ ઠરાવ જ રહે છે. હું માનનીય પંચાયત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આજ સુધી ગ્રામસભાઓમાં ઠરાવો કરાવ્યા એનો અમલ કરવામાં અથવા વાસ્તવમાં કયા વિભાગ સાથે પંચાયતને ગઠબંધન છે? કોઈ પંચાયતમાં ગામડાના રસ્તાનો ઠરાવ કર્યો પછી એ ઠરાવ ક્યાં જાય છે? ગ્રામ પંચાયતને કયા વિભાગ સાથે જોડેલ છે? જે કાંઈ આયોજન છે એ બધું આયોજન મંડળમાંથી કે બીજા વિભાગમાંથી થાય છે. પંચાયત પાસે કોઈ સત્તા નથી. ગ્રામ સભાઓમાં જે કાંઈ ઠરાવો થાય છે એ માત્ર કાગળ ઉપર રહે છે. આજે એટલી બધી ફરિયાદો છે કે ગામડામાં સભાઓમાં ઠરાવો કરાવીને પણ અમારા કામો થતા નથી. આજે તલાટી જેવી જગ્યાઓ ભરાતી નથી. કોઈપણ સામાન્ય કામ માટે તલાટી સિવાય ગામડાનો ઉદ્ધાર નથી. માનનીય પંચાયત મંત્રીશ્રીને મળી શકાય પણ તલાટી કયા ગામે હશે એ ખબર પડતી નથી.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માઈનોરિટી ફાયનાન્સ કોરપોરેશન છેલ્લા ઘણા સમયથી અમારે ત્યાં ઉપસ્થિત છે. એના અંદર પરિસ્થિતિ એવી છે કે પૂરતું મહેકમ નથી. માઈનોરિટી કોરપોરેશન જ્યારે બનાવવામાં આવ્યું ત્યારે એની પાછળ હાર્દ એ હતું કે માઈનોરિટી સમાજમાં એમનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય, ઉત્થાન થાય. એની અંદર જોગવાઈઓ કરી રાજ્ય સરકાર એમાં ગ્રાન્ટ ફાળવે છે. અને એનાથી લઘુમતી સમાજમાં જે બિનશિક્ષિત લોકો છે એમનું ઉત્થાન કરવામાં આવશે પણ ઘણાં સમયથી આની અંદર કોઈજ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી અને એ જોતાં મને ઘણું દુ:ખ થાય છે કે જે રિકવરી એજન્ટો લઘુમતી બોર્ડની અંદર મૂકવામાં આવ્યાં છે એ રિકવરી એજન્ટો લોકો પાસેથી રિકવરી કરીને એ રકમને બોર્ડની અંદર જમા પણ નથી કરાવ્યાં અને એના લીધે પરિસ્થિતિ એવી છે કે જે લોકો એમની લોનના હપતા ભર્યા છે એ હપતા નિગમની અંદર જમા નહિ થવાના કારણે આજે એમના માથે એ બોજો બોલે જ છે એના કારણે જે લોકો આની અંદર દોષિત હોય તેમના ઉપર તાત્કાલિક પગલા લેવા જોઈએ. રિકવરી જે લોકોએ ભરી છે એમને એનું વળતર પૂરેપૂરું મળવું જોઈએ. આપણી વિચારધારાને જ, આપણા પક્ષની કોઈ વિશેષ વિચારધારા હોઈ શકે છે પણ જ્યારે આપણે સત્તા પર હોય તો આપણે ધર્મ એ પ્રજાનો ધર્મ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે શિક્ષણના ક્ષેત્રની અંદર કે આર્થિક ઉન્નતિના ક્ષેત્રની અંદર કોઈ પણ જાતનો ભેદભાવ એની અંદર આપણે રાખવો જોઈએ નહિ.. હું સીધું એ કહેવા માગું છું કે

*( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય મંત્રીશ્રી ફકરભાઈ વાઘેલા સાહેબને કે બાબાસાહેબ આંબેડકરે લખેલ જે પવિત્ર બંધારણ છે એ બંધારણની ફક્ત આપણી ફરજો કે જે આપણને મૂળભૂત અધિકારો આપ્યાં છે એને નિભાવાની હું આપશ્રીને વિનંતી કરું છું અને જો આપણે સાચું અને ખરું જતન આપણે આપવા માગતા હોય તો એમના દ્વારા નિર્મિત, એમના દ્વારા લિખિત બંધારણની અંદર તમામ લોકોને જેટલી સુવિધા આપવાની વાત કરવામાં આવી છે જો એ સુવિધા પુરી પાડવામાં નહિ આવે તો હું માનું છું કે આપણે એમને પૂરતું સન્માન નથી કરતા એવું મારા મનમાં બેસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજું એ કહેવા માગું છું કે વકફ બોર્ડની પરિસ્થિતિ પણ એવી છે કે વકફ બોર્ડ મૃતપાય અવસ્થામાં છે. આપણે જોઈએ હજ કમિટી છે પણ હજ કમિટી એવી છે કે એના અંદર મેમ્બરોની પણ નિમણૂક કરવામાં આવતી નથી. એમની પાસે પૂરતું મહેકમ નથી એટલે વારેઘડીએ એની અંદર છબરડાઓ થાય છે અને પરિસ્થિતિ એવી છે કે એમને વહીવટી કામ માટે બહાર જવું હોય તો એમના માટે વાહનની કે કોઈ પણ ગ્રાન્ટની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી નથી. લઘુમતી સમાજને લગતાં ત્રણ જ બોર્ડ છે માયનોરિટી ફાયનાન્સ બોર્ડ, વકફ બોર્ડ અને હજ કમિટી એ ત્રણેયની પરિસ્થિતિ જુઓ તો એના ઉપરથી આપણને ખ્યાલ આવશે કે આપણે કઈ દિશામાં વિચારીએ છીએ એ આપણા વિચારોનું પ્રતિબિંબ એમાં દેખાઈ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી સાથે કહેવા માગું છું કે આ મારું સૂચન છે. કોઈ પણ સમાજની આપણે અવગણના કરીને ચાલીશું તો જે સમાજની અંદર આપણે વાત કરીએ છીએ કે એમાં રાષ્ટ્ર ભાવના જગાવવાની તો એમાં કદાચ આપણે ઉણા ઊતરતા દેખાઈશું તો માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ આપ દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે ત્રણેય નિગમની અંદર પરિસ્થિતિ છે એની અંદર પૂરતું ધ્યાન આપવામાં આવે અને જે માયનોરિટી ફાયનાન્સ બોર્ડ છે એની પાછળનું જે હાર્દ છે એમાં કાંઈક કરવા માટે રાજ્ય સરકાર કાંઈક ગ્રાન્ટ ફાળવે અને રિકવરી એજન્ટોની જે કાંઈ પરિસ્થિતિ છે એ લોકોએ નાણાની ઉચાપત કરી છે એવા તમામ એજન્ટોને એની અંદરથી બ્લેક લિસ્ટ કરવા જોઈએ અને એમાંથી એમની કાઢી મૂકવા જોઈએ આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારાં વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પંચાયતનું માળખું ત્રિસ્તરીય છે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત. ગુજરાતના ૧૮૦૦૦ જેટલા ગામડા છે અને એમાં ૧૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો છે. ગુજરાતના ૨૨૫ જેટલા તાલુકા છે અને એમાં આજની તારીખે ૬૪ જેટલા ટી.ડી.ઓ.ની ખાલી જગ્યા છે. મારા મત વિસ્તારની અંદર છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જ ટી.ડી.ઓ. કામ કરે છે. રાજ્યની અંદર જે ગ્રામ પંચાયતો છે એમાં પણ ઘણાં એવા બધા તલાટી-કમ-મંત્રીઓની ખાલી જગ્યા છે. હમણાં જાહેરાત પડી તલાટી-કમ-મંત્રીઓની એમાં લગભગ બે લાખ ઉપર અરજીઓ આવી અને આ રીતે જો તલાટી-કમ-મંત્રીઓ જલદી ગામડાની અંદર મુકાય તો ખેડૂતો અને વિદ્યાર્થીઓને જે દાખલાની જરૂર હોય છે એ સમયબદ્ધ એમને દાખલા મળી શકે. ઘણાં બધા એવા વિદ્યાર્થીઓ અને ખેડૂતો હોય છે કે એમની ૧૫ દિવસ મહિના સુધી પણ તલાટી-કમ-મંત્રીઓ મળી શકતા નથી. આ રીતે દરેક પંચાયતની અંદર આ સરકારે ઈ-ધરા કેન્દ્ર દરેક પંચાયતની અંદર આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની વાત કરું તો ૫૦ ટકા એવી ગ્રામ પંચાયતો છે કે જેના પાકા મકાનો નથી. એમાં દેશી નળિયાવાળા મકાનો એ ગ્રામ પંચાયતના છે પણ અહીંયા એ પણ વાત કરીશ કે ગામડાની અંદર જે મકાનો પાકા થવા જોઈએ એ હજુ થયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગામડાની અંદર જે .ગોચરની જમીનો છે એમાં પણ પ્રસ્થાપિત હિતોનું દબાણ હોય છે અને એ રીતે દબાણ દૂર થાય. શ્રી માનસિંહ ચૌહાણ (ક્રમશઃ) : અહીંયા કેન્દ્ર સરકારે એક યોજના જાહેર કરી કે, જે જગ્યાએ ગામડાઓની અંદર પંચાયત ઘરો કાચા અને બિસ્માર હાલતમાં હતા એના માટે કેન્દ્રની યુ.પી.એ. સરકારે રાજીવ ગાંધી ભવન માટે ૧૦ લાખ રૂપિયાની જાહેરાત કરી છે અને તાલુકા ભવનો માટે ૩૦ લાખ રૂપિયાની જાહેરાત કરી છે, આથી હું કેન્દ્ર સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા જે યોજનાઓ છે એનો અમલ થવો જોઈએ. બોરીબંધો હોય, કૂવા રિચાર્જીગ અથવા બીજી યોજનાઓ હોય એમાં ખૂબ મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે. આ સરકારે નિર્મળ ગ્રામ યોજના જાહેર કરેલી છે. બહું સારી વાત છે પણ આ યોજના માટે ગામડાઓમાં સફાઈ અને એના માટે આપણે જોઈએ તો સંડાસ આપવાની યોજના પણ છે પરંતુ પીવાનું પાણીની પણ અમારા જેવા વિસ્તારોમાં જોઈતી સગવડ નથી તો આ સંડાસ સાફ કરવા માટેનું પાણી કયાંથી મળવાનું હતું ? અહીંયા ગોકુળિયા ગામોની વાતો પણ મારા મિત્રો ધારાસભ્યશ્રી કાળુભાઈ વાત કરતા હતા પણ આજે જોઈએ તો ગોકુળિયા ગામો તો શું અમારા વિસ્તારમાં પીવાના પાણી માટે ગામડાના માણસને બેથી સાત કિલોમીટર દૂર જવું પડે છે.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી નરોત્તમભાઈ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય ગૃહ સમક્ષ હું મારા વિભાગની પંચાયત અને ગ્રામ વિકાસની માગણી નંબર : ૭૦, રૂપિયા ૭,૮૪,૬૯,૨૭,૦૦૦/-, તથા માગણી નંબર : ૭૧, રૂપિયા ૮,૧૯,૧૬,૪૭,૦૦૦/-ની લઈને હું આવ્યો છું. એમાં

ગૃહના સન્નમાનીય સભ્યશ્રીઓએ પોતાના અવલોકનો રજૂ કર્યા છે એમાં મહેન્દ્રસિંહ વાઘેલા, લીલાધરભાઈ વાઘેલા, રાજસિંહભાઈ જોટવા, મહેન્દ્રસિંહ સરવૈયા, મફતલાલ પુરોહિત, અમિતભાઈ ચાવડા, બાવકુભાઈ, કાળુભાઈ વિરાણી, કિરણભાઈ, નટવરસિંહ, ગ્યાસુદીનભાઈ અને માનસિંહભાઈ, આ બધા જ મિત્રોએ પોતપોતાની જે ઠીક લાગે તે પ્રમાણે અવલોકનો કર્યા છે. આમાં ઘણાં સારાં સૂચનો છે એ સૂચનોની મેં નોંધ લીધી છે કરવાપાત્ર તમામ કામોની થશે એવું એમને હૈયાધરપત આપું છું. મિત્રો ઘણો બધો સમય મને ઓછો છે પરંતુ આપ સૌના જવાબો આપવાનું મુશ્કેલ હોવા છતાં પણ મારે આપનું ધ્યાન દોરવું છે કે, મારે પંચાયત વિભાગ બાબતમાં આપણે સૌએ અહીંયા નિરીક્ષણ કરવું જોઈએ. વૈદિક કાળથી ગામને મૂળભૂત એકમ ગણવામાં આવે છે. પંચાયતી પ્રજા વર્ષોથી પુરાણી છે. ગુજરાત રાજયની સ્થાપના બાદ શ્રી રસિકલાલ પરીખે એક સમિતિની ભલામણના આધારે ગુજરાત પંચાયત ધારો ૧૯૬૧માં ઘડ્યો હતો એ ૧લી એપ્રિલ, ૧૯૬૩થી ત્રિ-સ્તરીય પંચાયતી રાજ અમલી બન્યું અને પંચાયતોને વહીવટ સોંપવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારબાદ ૧૯૯૨માં ૭૩મા બંધારણીય સુધારાના આધારે રાજયનો નવો, ગુજરાત પંચાયત ધારો ૧૯૯૩માં ઘડાયો. મારા વિભાગનું કાર્યક્ષેત્ર ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ કરવાનું છે. ગામડાઓના વહીવટને પંચાયતી રાજ તેમજ સામાન્ય જનજીવનને તમામ ક્ષેત્રોમાં આગળ લાવવાનું કામ મારા વિભાગનું છે. ગામડાઓની બાબતમાં આપણે સૌ સમજીએ છીએ અને ઘણા ખરા મિત્રો ગામડેથી આવે છે. હજજારો વર્ષોથી આપણે ગુલામીની સ્થિતિમાંથી આવ્યા છીએ. અને જો એક હજાર વર્ષનું જોઈએ તો પરદેશીઓએ આપણને ગુલામ બનાવ્યા અને એમાં જો સૌથી વધારે નુકસાન થયું હોય, સૌથી વધારે શોષણ થયું હોય તો તે ગામડાઓનું થયું છે. પાછળના છેલ્લા શાસન, મોગલોનું અને અંગ્રેજોનું એ વખતે એ શાસનમાં ગામડા મરવા ખાતર જીવતા હતા. ૧૯૪૭ની આઝાદી આવી, ગાંધીબાપુની ઇચ્છા હતી કે ગામડાઓનો વિકાસ થાય પરંતુ આઝાદી પછીના શાસકોએ પણ અંગ્રેજોથી પણ બદતર શાસન કર્યુ છે અને એના કારણે ગામડાઓના વિકાસની ઉપેક્ષા થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું ભા.જ.પ.નું ગોત્ર એ અલગ ગોત્ર છે અને એ અમારી સંસ્કારિતા અને કામ કરવાની પદ્ધતિ પણ અલગ છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલબિહારી બાજપાઈના નેતૃત્વ નીચે તૈયાર થયેલો આ પક્ષ અને પક્ષના કાર્યકર્તાઓ એ એમના નેતૃત્વમાં અમે તૈયાર થયેલા છીએ. આજે પણ અમારું નેતૃત્વ મજબૂત છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે અમારા રગ રગમાં દેશદાજ ભરેલી છે. ગામડાના વિકાસ કરવાનો સંકલ્પ છે. વિકાસ કરવો છે ગામડાનો, તમારે પણ કરવો હતો એમાં અમને ખબર છે કે ૫૦ વર્ષ સુધી આપે શાસન કર્યુ છે અને આપે ઘણા સૂચનો પણ કર્યા છે. આજે તમારા મનમાં વેદના થાય છે કે ગામડાનો વિકાસ ન થયો, પરંતુ વિકાસ કરવા માટે જોઈએ ગામડાઓ પ્રત્યે પ્રેમ, ઈરાદો સ્પષ્ટ નીતિ અને દૃઢ મનોબળ જોઈએ. ઉપરોકત વિષયોમાં ભૂતકાળના શાસકો ઉણા ઉતર્યા છે. આઝાદી પછીના ૫૦ વર્ષમાં ગામડાઓને શું મળ્યું? મેં એકલાએ જ જોયું નથી, મારા સાથે મિત્રો જે ગામડામાં રહ્યા છે એમણે સૌએ જોયું છે કે ૫૦ વર્ષમાં ગામડામાં શું મળ્યું? ગંદકી મળી, નિરક્ષરતા મળી હતી, રોગયુકત જનજીવન અને હતાશા મળી હતી. ઘણીવાર લોકો બોલી જતા, હું પણ ગામડામાંથી આવ્યો છું, લોકો બોલી જતા કે આના કરતાં તો અંગ્રેજો સારા હતા, એવું બોલવામાં પણ જરાય સંકોચ નહોતા કરતા, પરિવર્તન આવ્યું, પાછળના ૧૫ વર્ષથી પરિવર્તન આવ્યું, ગામડાનો વિકાસ કરવો હોય તો એનું સંશોધન કર્યુ, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જવાબદારી લીધી અને એમણે સંશોધન કર્યુ, એક મહામંત્ર શોધ્યો અને પંચશકિતનું સંશોધન કર્યા પછી પંચશકિતને ખ્યાલમાં રાખીને ગામડાઓનો વિકાસ હાથમાં લીધો. એ પંચશકિત એટલે એક જળશકિત, જ્ઞાનશકિત, ઉર્જાશકિત, જનશકિત અને રક્ષાશકિત. આ પાંચ શકિતઓના આધારે ગામડાઓનો વિકાસ શરૂ કર્યો. આ વિકાસ કરવા માટે ઈરાદા અને નીતિ સાથે નાણાકીય વ્યવસ્થા જોઈએ. જૂના વખતમાં જળવ્યવસ્થા માટે મારે પૂછવું છે સૌને કે ગામડામાં હતી? જવાબ મળે છે, ના, ઉર્જાવ્યવસ્થાની વાત કરું છું? ગામડામાં હતું? જવાબ મળે છે ના, શિક્ષણની વાત, શિક્ષણ વ્યવસ્થા હતી ગામડામાં તો જવાબ છે ના, જનશકિત ગામડામાં હતી, તો ના, રક્ષાશકિતના પણ કોઈ ઠેકાણું નહોતું. એના કારણે રોજીરોટી માટે શહેર તરફ લોકો જતા. શહેરમાં શિક્ષણ માટે શાળાઓ હતી અને કોલેજો હતી, ત્યાં પાણી અને વીજળી હતી, જ્યારે ગામડામાં આ પૈકી કંઈ નહોતું, માનનીય અધ્યક્ષશ્રી, મારે પંચાયતના થોડાક આંકડા આપવા છે. મિત્રો તમારે સંશોધન કરવું જોઈએ અને સમજવું જોઈએ. ૧૯૮૫ અને ૧૯૯૫ સુધીનું મારા સામે બેઠેલા મિત્રોનું શાસન હતું. હમણા મારા ઉપર ટીકા કરતા હતા પંચાયતી રાજયની. થોડાક આંકડાનું અવલોકન કરી લેવા જેવું છે. ૧૯૮૫ થી ૧૯૯૫માં જ્યારે પંચાયતનું શાસન હતું ત્યારે ૧૦ વર્ષમાં ૨૦૧ કરોડ રૂપિયા વાપર્યા હતા. ૨૦૧ કરોડ રૂપિયા ૧૦ વર્ષમાં વાપર્યા હતા, જ્યારે અમારી સરકારે ૧૫ વર્ષમાં ૧૯૯૫-૯૬માંથી ૨૦૧૦-૧૧નું ૪૭૫૮ કરોડ રૂપિયા પંચાયતે વાપર્યા છે. ગ્રામ વિકાસ- ૧૯૯૫-૯૬થી ગ્રામ વિકાસ વિભાગનું કામ કર્યુ, ૫૨૮૮ કરોડ રૂપિયા વાપર્યા છે. આ બંને વિભાગો જે અમારા છે, જે ગામડાંને સંબંધીત છે એમાં ૧૦હજાર અને ૪૬ કરોડ રૂપિયાનો ખર્ચો આ સરકારે ૧૫ વર્ષમાં ગામડાના વિકાસ માટે કર્યો છે. કયાં ૨૦૧ રૂપિયા ૧૦ વર્ષના, ૧ વર્ષમાં ભાંગીએ તો ૨૦ હજાર કરોડ રૂપિયા ૧૮હજાર ગામડાઓના ભાગમાં આવે. અમારા કાળુભાઈ વિરાણી સાચું કહેતા હતા કે સરપંચ ૧૫ વર્ષ રહ્યા, રાહ જોઈ જોઈને થાક્યા, કોઈ યોજના નહીં, કોઈ કામ નહીં, ગામમાં કંઈ કરવાનું નહીં, પાણી નહીં, કોઈ રસ્તા નહીં અને ૨૦૧ કરોડ

રૂપિયા ૧૦ વર્ષમાં કેવી રીતે એનો ઉપયોગ કર્યો હશે? જે કોઈ હતા એમને પૂછજો અને એટલા માટે આજે અમારું બજેટ જુઓ અને જે કોઈ મિત્રોએ અવલોક કર્યા છે, એમનો હું આભાર માનું છું પણ હું એમનું અવલોકન કરુ છું એ કોઈક વાર યાદ કરે. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે ગામડા આળસ મરડીને બેઠા થયા છે. પાછળના ૧૦ વર્ષથી ગામડું બેઠું થયું છે એવું નહીં હવે એ દોડવા માંડ્યું છે. અને આજે જ્યાં કાચા ધુળીયા રસ્તાઓ હતા, જ્યાં કોઈ બસ જતી નહોતી ત્યાં આજે પાકા રસ્તાઓ છે. લોકોના માટે પૂરતી વાહન વ્યવસ્થા છે. આ બધું અમારા વખતનું છે ભાઈ.ગરીબ કલ્યાણ મેળા (અંતરાય) મિત્રો, તમે બાળક હતા. હું પણ બાળક હતો. જ્યાં ગામડામાં ખભે થેલો ભરાવીને ૫ થી ૭ કિ.મી. અભ્યાસ કરવા માટે શાળા શોધતાં શોધતાં જતાં હતાં. જેમાં હું પણ ચોથા ધોરણથી ગામડામાં ચાલ્યો જતો હતો, એટલે ભણવા જવાના કોઈ ઠેકાણા નહોતા. જ્યાં ગંદા, ગોબરાં, તૂટેલાં કપડાં પહેરેલાં બાળકો બાલમંદિરમાં જતાં હતાં. આજે હસ્ટપુષ્ટ બાળકો જશોદા આંગણવાડીમાં ખીલી રહ્યાં છે. જ્યાં બહેનો માથે બેડા મૂકી ૪ થી ૫ માઇલ દૂર અસલામતી વચ્ચે હું ઉલ્લેખ કરું છું જ્યાં બહેનો માથે બેડા મૂકીને પાણી ભરવા માટે ૪ થી ૫ કિ.મી. દૂર અસલામતી વચ્ચે જતા હતા, તેની જગ્યાએ આજે ગામડામાં પાણીના સ્ત્રોત છે. ઘરે ઘરે પાણીના નળ પહોંચાડ્યા છે. જ્યાં દવાખાના માટે વગર વાહને બળદો જોડીને, ગાડા જોડીને લોકો દવા કરાવવા જતા હતા. ખાટલામાં પ્રસૂતિ કરતી બહેનોને ખાટલામાં ભર ચોમાસાએ દવાખાના શોધતા જતા હતા, એના બદલે આજે આરોગ્ય કેન્દ્ર અમારી પાસે છે. માણસને શહેરી વિસ્તારમાં એક ટેલિફોન કરવો હોય તો ૧૫ થી ૨૦ માઇલ દૂર જાય. લાઈનમાં બેસે, આખો દિવસ ગાળે અને પછી ટેલિફોન કરી શકતો. આજે ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામની રચના ગામડામાં થઈ છે. પાણી વગર ખેતરમાં સૂકા ભઠ્ઠ પડ્યા હતા અને આજે ત્રણથી ચાર પાકો ખેડૂતો ચોમાસા પછી લઈ શકે છે. આજે ગામડા દોડતા થયા છે. ગામડામાંથી શહેરી વિસ્તાર તરફ જવાનો પ્રવાહ ઘટ્યો છે અને કાળુભાઈને ફરી વાર યાદ કરાવું છું કે ગામડામાંથી લોકો શહેર તરફ જતા હતા, હવે લોકો શહેરમાંથી ગામડા તરફ વળ્યા છે. તેમની મિલકતની કિંમત વધવા માંડી છે. એક વિઘો એક હજાર રૂપિયામાં મળતો હતો, જે આજે એક વિઘો એક લાખમાં મળતો નથી. કારણ કે આજે ગામડાની કિંમત વધી છે. સરકાર સારી હોય તો એનો ચડાવ અવળો થઈ જાય. મારે આપનું ધ્યાન દોરવું છે કે ગામડાનો અમારે વિકાસ કરવાનો છે. આપ સૌનો સહકાર જોઈએ છીએ. ગામડામાં આત્મા જળવાઈ રહે તે રીતે સુવિધાસભર બનાવવાના છે. ગામડાને રર્બન બનાવવાનું છે. ગામડા પોતાના પગ ઉપર ઊભા રહે તેવું બનાવવાનું છે. મારે કહેવું છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગ્રામ્ય વિસ્તારમાં સંવાદિતતાનું વાતાવરણ ઊભું કરવા સમરસ ગામડા ઊભા કરવા છે. ગ્રામ્ય વિસ્તારમાં ભાઈચારો, સદ્‌ભાવના પેદા કરવા માટે તીર્થ ગ્રામ બનાવવા છે. ગ્રામ્ય વિસ્તારમાં પર્યાવરણની સભાનતા માટે બાગ-બગીચા બનાવવા છે. પંચવટી યોજના કરવાની છે. ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નનો નિકાલ કરવા ગ્રામસભા ભરવી છે, જે આજે કરી રહ્યા છીએ. ગ્રામ વિસ્તારમાં લોક જાગૃતિ અને વિકાસ અભિયાન માટે કૃષિરથ, સ્વર્ણિમ સંકલ્પ જ્યોતિ રથયાત્રા અમારે કરવી છે. સ્ત્રી સશક્તિકરણ અને બી.પી.એલ. કુટુંબનો માટે, ગ્રામ્ય વિસ્તાર માટે ગ્રામ સચિવાલય પણ કરવું છે. અને સખી મંડળ, મિશન મંગલમ ઊભું કરવું છે. અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાના છે, એટલા માટે કે બહેનોને ૩૩ ટકામાંથી ૫૦ ટકા. આપને બહું અઘરું પડે તેવું છે જ. કારણ કે આપના વખતના હિસાબો મેં આપી દીધા છે. હું સંકોચ થઈને કે ખોટા આંકડા લઈને આવ્યો નથી. ૩૩ ટકા બહેનોની મહિલાઓની ભાગીદારીના બદલે ૫૦ ટકા બહેનોની, મહિલાઓની ભાગીદારી કરવા માટે અમે ફરજિયાત મતદાનની જોગવાઈ કરવા બદલ અમારા ગામડાઓમાં બહેનો આજે ખુશ છે. અમારા મુખ્યમંત્રીશ્રી આમ તો એક સારા રુલર અને સારા નેતા છે, પણ સંવેદનશીલ, કવિ હ્દય ધરાવતા નરેન્દ્રભાઈએ ગુજરાત માટે જ લખ્યું છે કે-

" અન્ન, વસ્ત્ર, સંસ્કાર સુવિધા,
અન્ન, વસ્ત્ર, સંસ્કાર સુવિધા, સહજ પડે અહી સુલભ હશે,
લીલીછમ હશે ધરા, તારાભર્યુ આભ હશે.
એકતા, સમતા, મમતાને અમે જતન કરી જાળવીશું.
એકતા, સમતા, મમતાને અમે જતન કરી જાળવીશું.
અમો અજવાળા પાથરશું, ઘેર ઘેર અજવાળા પાથરશું".

માનનીય અધ્યક્ષશ્રી, મિત્રો જે કલ્પના અમારા મુખ્યમંત્રીશ્રીએ સેવી છે તેને યથાર્થ કરવા માટે અમારા તમામ મિત્રો મહેનત કરી રહ્યા છીએ. તેના થોડાક આંકડા સાથે બજેટ રજૂ કરીશ. મેં ક્હ્યું તે પ્રમાણે નાણાંકીય વર્ષ ૧૯૯૫-૯૬ થી ૨૦૧૦-૧૧ માટે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની પાસે પંદર મિનિટ છે. બાકી પંદર મિનિટ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫-૯૬ થી ૨૦૧૦-૧૧ માટે ૪૭૫૮ કરોડની વ્યવસ્થા અમે કરેલી. ૨૦૧૦-૧૧ની જોગવાઈ પ્રમાણે આ વર્ષે પંચાયત વિભાગની ૭૪૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરી છે. સરદાર પટેલ આવાસ માટે ગ્રામ આવાસ સદરે ૧૫૧.૫૨ કરોડ અને સુધારેલ જોગવાઈ મુજબ ૩૫૯ કરોડ રૂપિયા ૨૦૦૯-૧૦માં વાપર્યા છે. રાજય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ સ્વર્ણિમ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. તેના માટે સ્વર્ણિમ ગોલ નક્કી કર્યા છે. રાજયમાં ૦ થી ૨૦ સ્કોરવાળા પ્લોટ

વિહોણા બાકી રહેતા લાભાર્થીઓને ૩૧-૫-૨૦૧૦ સુધીમાં તમામને પ્લોટ ફાળવવાનું આયોજન અમે કર્યુ છે. સ્વર્ણિમ ગોલ આવાસની જે સહાય છે તેમાં ઘર વિહોણા અને પ્લોટ ધરાવતા તમામ ૦-૧૬ વાળા ૩,૪૩,૭૨૩ બી.પી.એલ. કુટુંબોને ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આવાસ માટે સહાયનું આયોજન કર્યુ છે. સરદાર પટેલ આવાસ યોજનાનું કામ જે રીતે ચાલે છે અને તેમાં પણ ખાસ કરીને ઈન્દિરા આવાસ યોજના ગુજરાતમાં જે ચાલે છે તેમાં અમે જે ફાળો આપીએ છીએ તેમાં કેન્દ્ર સરકાર ૨૬,૨૫૦/- રૂપિયા આપે છે અને તેની સામે અમે ૧૭,૨૫૦/- રૂપિયા આપે છે. પરંતુ તેનાથી ગરીબોને મકાનો મળી જતું નથી. ગરીબોને મકાન આપવા માટે સરદાર પટેલ આવાસ યોજના બનાવવામાં આવી છે. સો ટકા રાજય સરકારના ફંડમાંથી બનાવવામાં આવી છે. કેન્દ્ર સરકાર ૨૬ હજાર આપે છે તેની સામે રાજય સરકાર મેં કહ્યું તેમ ૪૩,૫૦૦/-નો ફાળો આપે છે. તેમાં સો ટકા જવાબદારી રાજય સરકાર ઉપાડે છે. ૧૯૯૭ થી ૨૦૧૦ સુધીમાં એક-બે નહીં, રાજય સરકારે પૅરેલલ ઈન્દિરા આવાસ યોજના આવી ગુજરાતમાં અને તેમાં ગુજરાતના ગરીબોને અન્યાય ન થાય તેના માટે અને બે ભાગ ન પડી જાય તેના માટે ૩,૩૨,૧૮૭ મકાનો, સરદાર આવાસો બાંધ્યા છે. તેમાં સાહેબ અમે ૧૧૦૬ કરોડ રૂપિયા વાપર્યા છે. અમારી કલ્પના છે રર્બન ઈન્ફ્રાસ્ટ્રકચરની. તેમાં આત્મા ગામડાનો હોય અને ઈન્ફ્રાસ્ટ્રકચર શહેરી વિસ્તારનું હોય તે પ્રમાણેની વ્યવસ્થા અમે ગોઠવીએ છીએ અને તેને અમે રર્બન કહીએ છીએ. સુવિદ્યાઓ બધી જ શહેરી વિસ્તારની હોય. તેમાં શરૂઆત અમે કરી છે. જે ગ્રામ પંચાયત ધરાવતા તાલુકાના ૮૨ ગામો છે, ૭૦૦૦ની વસ્તી ધરાવતા આદિજાતિ ગામો જે ૫૫ છે અને દસ હજારથી વધુ વસ્તીવાળા પ્રથમ તબક્કામાં ૧૧૮ ગામ એમ ૨૫૫ ગામોને અમે પહેલા તબક્કામાં અમે પસંદ કરીને કામ શરૂ કર્યુ છે. અમારી વ્યવસ્થાઓ હશે તેમાં અત્યારે ૭૧ ગામોમાં સરવે કરી દીધો છે. પાઈલોટ પ્રોજેકટમાં પાંચ ગામોની કામગીરી વાસ્મો દ્વારા શરૂ કરી છે. તેમાં સ્ટ્રોમ વોટર, સુએજ, વિલેજ ડેવલપમેન્ટ, માળખાકીય સૂવિદ્યાઓ, ગટર વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, આરોગ્યની સુવિદ્યાઓ, શિક્ષણની સુવિદ્યાઓ, સામાજિક માળખાગત સુવિદ્યાઓ, કોમ્યુનિટી હોય, પંચવટી, લાઈબ્રેરી, વ્યસાયિક મકાનો, શોપીંગ સેન્ટરો, સપોર્ટીંગ આર્થિક માળખાગત સુવિદ્યાઓ અને હાઉસિંગ કલ્સ્ટર આ બધી વ્યવસ્થાઓ અમારી રર્બન વ્યવસ્થામાં આવવાની છે. આ સાલથી તેનું આયોજન શરૂ કર્યુ છે. ગરીબ કલ્યાણ મેળા માટે મારે જાહેરમાં કહેવું છે કે અમે આનંદથી ગરીબ કલ્યાણ મેળા જે કર્યા. અમારા મુખ્યમંત્રીશ્રીનો હેતુ હતો કે જે વચ્ચે લોકો તકલીફ આપતા હતા, અગર તો વિલંબ કરતા હતા, અગર તો કમિશન ખાતા હતા તેવા વચેટીયા નાબૂદીનો આ મેળો હતો. તેની અંદર ૪૦ લાખ લોકોએ હાજરી આપી. લાભાર્થીઓની સંખ્યા ૨૧ લાખ હતી અને લાભાર્થીને કુલ સહાય વિતરણ ૨૭૨૫ કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું આ ૫૦ મેળા દ્વારા. પચાસ મેળા દ્વારા, માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર જો આખા દેશમાં સૌથી સારામાં સારો પ્રોજેકટ જો અમે ગામડાઓમાં બનાવ્યો હોય તો ગામડાંના લોકોને શહેરી સુવિધા આપવા માટેનો માનનીય મુખ્ય મંત્રીશ્રીની કલ્પના હતી. શરૂઆત કરી ત્યારે માનવામાં આવતું નહતું, જેમ જયોતિગ્રામ યોજના બનાવી ત્યારે માનવામાં આવતું ન હતું કે ગામેગામ વીજળી પહોંચે. ઈગ્રામ વ્યવસ્થા, ઈગ્રામ વિશ્વ ગ્રામ વ્યવસ્થા જયારે શરૂ કરી ગામેગામ જયારે કોમ્પ્યુટરો મૂકવાનાં શરૂ કર્યા ત્યારે કોઈ માનતું નહતું કે ગામડાંની અંદર આવી શહેરી વિસ્તારો જેવી અને કોરપોરેટ ઓફિસો જેવી વ્યવસ્થા થઈ શકે.

આજે મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૧૦-૧૧માં ૯૬.૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. ૨૦૦૫-૦૬ સુધી ૨૨૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, ૧૩૬૯૫ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર હાર્ડવેરની ફાળવણી થઈ છે. હજુ પણ જે ૫૦૦૦ ગામડાં બાકી છે એના માટે ૨૦૧૦-૧૧માં પૂરતી નાણાકીય વ્યવસ્થા કરી છે અને ૧૯૦૦૦ ગામડાંઓને પૂરેપૂરું ઈગ્રામ-વિશ્વ ગ્રામથી જોડી અને તમામ સુવિધાઓ પૂરી કરવાનું સરકારે નિર્ણય કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, જે ગામડાંનો માણસ વીજબિલ ભરવા માટે દોડાદોડી કરતો હતો, આજે ૯૧૭૪ ગામડાં પોતાના ગામમાં ઈગ્રામ દ્વારા પંચાયતમાં જઈને બિલ ભરી શકે છે. અનેક વ્યવસ્થાઓ છે, મેં મારા એલએકયુ વખતે જવાબ આપ્યા છે કે એની કેટલી સુવિધાઓ છે. મારી પાસે સમય ઓછો છે એટલે હું આપને વધારે ધ્યાન દોરતો નથી પરંતુ આપણા સરપંચો ચૂંટાયા છે, જિલ્લા પંચાયતના સભ્યો ચૂંટાયા હોય એ બધાઓ માટે તાલીમ વ્યવસ્થા પણ કરી છે એની અંદર ૧,૦૯,૨૦૯ સભ્યોને તાલીમ પણ આપી છે. પ્રથમ તબકકામાં ૫૭૬૨૪ જેટલા પદાધિકારીઓને ૨૦૧૦ દરમિયાન તાલીમ આપી છે. પંચાયત કમ તલાટી ઘરોની બાબતે પણ મારા મિત્રોએ સૂચન કર્યા છે અને એ વાત સાચી છે કે જુના વખતનાં જુનાં મકાનો છે આમ તો બધાં મકાનો વર્કેબલ હોય એવાં અમે કર્યા છે પરંતુ સતત અમને મળતી ફરિયાદના આધારે દરેક જયાં જયાં માગણી છે ત્યાં પૂરાં કરવાનો સરકારનો પ્રયત્ન છે અને કોસ્ટની બાબતમાં ફરિયાદ છે મેં આપને વચ્ચે પણ જવાબ આપ્યો હતો કે નવા એસઓઆર બનાવીને એની રિકોસ્ટ કાઢી એના માટે રિવાઈઝ એસ્ટીમેટ કાઢવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, તીર્થ ગ્રામ બાબતમાં આપનું ધ્યાન દોરવું છે કે, જે ગામડાં તીર્થ ગ્રામ થાય છે તેને એક લાખ રૂપિયા આપવામાં આવે છે ગામડાંને સરકાર કેવી રીતે ફાઈનાન્સ કરે છે તે જોવા જેવું છે. એક લાખ રૂપિયા આપીએ ગામડાના લોકો તીર્થ ગ્રામ કરે, એક લાખ રૂપિયા મેળવી લે , પહેલાંના જમાનમાં તો કોઈ આપતું જ ન હતું, આવી કોઈ યોજના જ ન હતી, કયાંથી એ નાણાં મેળવે? માનનીય અધ્યક્ષશ્રી, જયાં આગળ પાવન ગામ હોય કદાચ તીર્થગ્રામ હોય તો એને એક લાખ મળે, પાવન ગામ તો ત્રણ વર્ષ સુધી ત્યાં ઝઘડા તોફાન ન થાય તો

એને ૫૦ હજાર રૂપિયાનું પ્રોત્સાહન મળે છે. છ વર્ષ દરમિયાન ૭૪૯ તીર્થ ગ્રામ થયાં, અને ૭.૪૯ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. પંચવટીની પણ વ્યવસ્થા અમે કરી છે. એક લાખ રૂપિયા ગામડાંમાં બાગ બનાવવા માટે પણ અમે એ વ્યવસ્થા આપીએ છીએ. નિર્મળ ગુજરાતના હમણાં જ અમે એવોર્ડ આપ્યા, ગુજરાતે ૩૫૦ ગામોને એવોર્ડ આપ્યા, આપણે હરિફાઈ દેશમાં સારા રાજયોની કરીએ છીએ, અને મને વિશ્વાસ છે કે આવતા વર્ષે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અમને કામ આપ્યું છે અને એમને બહુ ઈચ્છા વ્યકત કરી છે કે આવતા સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં ૫૦૦૦ ગામડાંઓને નિર્મળ ગ્રામ કરવા માટેનું એક મોટું આયોજન હાથમાં લીધું છે. સમરસ ગામડાંની પણ એક યોજના છે, તમે વાકેફ છો, ઘણા મિત્રોએ ગ્રામસભાની વાત કરતા હતા. મિત્રો, મારે એનો જવાબ આપવો છે. આપ એને અન્ડર એસ્ટીમેટ ના કરશો, ગ્રામ સભાઓ દ્વારા ૯,૦૬, ૫૩૪ પ્રશ્નો આજસુધી આવ્યા છે એમાં ૭, ૮૨,૩૦૨ પ્રશ્નોનો નિકાલ કર્યો છે, બાકીના પ્રશ્નો મોટા હોય તો ઉકેલ ના આવ્યો હોય પરંતુ આપ એને આ રીતે પોતાના ગુજરાતની થતી વિકાસની બાબતમાં ગામડાનો માણસ શહેરમાં જઈને કલેકટર કે ડીડીઓની જોડે જઈને ચર્ચા ન કરે, પરંતુ પોતાના ગામની અંદર અધિકારીઓ આવ્યા હોય ગામની સાથે રહીને પોતાના પ્રશ્નોની ચર્ચા કરે એની ટીકા શું હોઈ શકે? નટવરસિંહજી તમારા જે પ્રશ્નો હોય એ લેવાની મારી તૈયાર છે આપ મારી પાસે આવજો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો વિભાગ છે ગ્રામ વિકાસ વિભાગ એની વાત કરું તો રૂ.૯૩૪ કરોડનું પ્રોવિઝન સરકારે રાખ્યું છે અને ૯૩૪ કરોડ રૂપિયા ગામડાઓના હિત માટે વાપરવાના છે. ૨૦૧૦-૧૧ માટે રાજ્ય પુરસ્કૃત યોજના માટે ૫ કરોડ રૂપિયાની ખૂટતી કડીઓ માટે વ્યવસ્થા રાખી છે. ૨૦૧૦-૧૧માં મિશન મંગલમની વ્યવસ્થા. સખી મંડળો દ્વારા તમે જાણો છો કે સખી મંડળોની રચના કરી ૧,૫૭,૧૫૪ સખી મંડળો થયા એની સભ્ય સંખ્યા ૧૯.૮૧ લાખ મહિલાઓ જોડાઈ, ૯૯.૫૮ કરોડ રૂપિયા તો બહેનોએ પોતાની બચત કરી. મિત્રો આ તમારા પોતાના ગુજરાતમાં બહેનોની શકિત માપવા જેવી છે. આંતરિક ધિરાણ ૧ લાખ ૬ હજાર સખી મંડળોએ કર્યું, ગ્રેડીંગ ૧ લાખ ૧ હજાર સખી મંડળોએ કર્યુ, રિવોલ્વીંગ ફંડ ૯૪,૫૮૫ સખી મંડળઓ કર્યુ, બેન્ક લિંકેજ ૯૫,૬૩૩ બેન્કોએ કર્યું. આર્થિક પ્રવૃત્તિ કરતી જે સખી મંડળો છે ૩૩,૫૮૭ સખી મંડળો આર્થિક પ્રવૃત્તિ કરે છે. અમે ૨૦૧૦ પછી મિશન મંગલમની રચના કરી છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની ઈચ્છા છે કે, સ્વૈચ્છિક ગ્રુપો જે અમારા છે એની અંદર આવતા તમામ વિભાગોની અંદર આ પ્રમાણે નાના નાના કામ કરનાર બધા જ ગ્રુપોને એક જ અમરેલા નીચે લાવીને જે મિશન મંગલમમાં લાવ્યા પછી એની પ્રવૃત્તિનો આર્થિક વિકાસ કરવાની વ્યવસ્થા કરી રહ્યા છીએ. મિશન મંગલમ અંતર્ગત ૨૦૧૦-૧૧માં ૯૫ કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે એની અંદર નવા સ્વસહાય જૂથની રચના કરવામાં આવશે, ૭૦ ટકા બી.પી.એલ.સભ્યોનો સમાવેશ કરવામાં આવશે, સ્વસહાય જૂથોને બૈઝિક તાલીમ આપવામાં આવશે, ૬ માસ પૂરા થયેલી એનું ગ્રેડીંગ કરવામાં આવશે, બે લાખ સ્વસહાય જૂથો લિંકેજ કરવાની કલ્પના છે અને બેન્કો દ્વારા ૩૦૦ કરોડ રૂપિયાનું ધિરાણ અપાવીને એ લોકોને પગભર કરવાની વ્યવસ્થા થશે. સ્વસહાય જૂથોનું ગામડાઓમાં એક નેટવર્ક બનાવ્યું છે. જૂથના ગ્રામ્ય સંઘ, તાલુકા સંઘ, જિલ્લા સંઘ એનું નેટવર્ક બનાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામિણ રોજગાર યોજના છે. નારેગા યોજના જે ગઈ કાલ સુધી એટલે કે ૨૦૦૭-૦૮માં ૮૧.૮૩ કરોડનો ખર્ચ થયો ત્યારે આજ હાઉસમાં ઘણા બધા મિત્રોએ સલાહ આપી હતી કે, ગુજરાતમાં ખર્ચ કેમ થતો નથી? એનું આયોજન ગીયરઅપ કર્યું ૨૦૦૯-૧૦માં ૫૬૯ કરોડ રૂપિયાનો ખર્ચ આપણે ત્યાં થયો આ સાલ પણ હું આપને ખાતરી આપુ છું કે આ વર્ષમાં લગભગ ૭૦૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ ગુજરાતમાં નારેગા યોજના દ્વારા થશે. માનનીય અધ્યક્ષશ્રી, ગમે તેટલી કિંમતની બંદૂક અને રિવોલ્વર લાવીએ પરંતુ જો એ રિવોલ્વરને ફોડનારો બરાબર ન હોય તો ગોળી કોઈ દિવસ વાગતી નથી. નારેગા યોજના હોય કે પછી ઈન્દિરા આવાસ યોજના હોય, જળસ્ત્રાવ યોજના હોય કે પછી કેન્દ્રની બીજી કોઈ પણ યોજના હોય પણ ગુજરાત સરકારની કામ કરવાની જે ઢબ અને પધ્ધતિ છે એ બીજા રાજ્યોને શીખવો જ્યાં આપના મિત્રો બેઠા છે કે કેવી રીતે રાજ કરવું?

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસ યોજનામાં ૧.૫૦ લાખ બી.પી.એલ. કુટુંબોને આવાસ માટે સહાય આપવાનું આયોજન છે અને એના માટે પૂરતી નાણાકીય વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આ સાલ પણ અમારો ઈરાદો ઈન્દિરા આવાસ યોજના દ્વારા, સરદાર આવાસ યોજના દ્વારા ગુજરાતના ગરીબોને ૦ થી ૧૬ સુધીના બધાને ઘર આપવાની તૈયારી છે અને એના પ્લોટો જે લોકો ગરીબ છે ૧૭ થી ૨૦માં આવે છે એ બધાને પ્લોટ આપવાની પણ વ્યવસ્થા ગોઠવી છે. એક સભ્યશ્રીએ પુછયું હતું કે અમારા પ્લોટો નથી, મિત્રો હું આપને કહું કે લગભગ ૨૦૦ ગામ કરતાં પણ વધારે ગામોની અંદર નીમ કર્યા છે અને બીજું એક લાખ કરતાં પણ વધારે પ્લોટ અમે લોકોને ફાળવ્યા છે. હું બધા મિત્રોને વિનંતી કરું છું કે આપની જે કાપ દરખાસ્તો છે એ આપ પાછી ખેંચી લો અને અમારા આ બજેટને સમર્થન આપવા માટે હું વિનંતી કરું છું. એક મિત્રએ સભ્યશ્રીએ પુછયું હતું કે અમારા પ્લોટો નથી, મિત્રો હું આપને કહું કે લગભગ ૨૦૦ ગામ કરતાં પણ વધારે ગામોની અંદર નીમ કર્યા છે અને બીજું એક લાખ કરતાં પણ વધારે પ્લોટ અમે લોકોને ફાળવ્યા છે. હું બધા મિત્રોને વિનંતી કરું છું કે આપની જે કાપ દરખાસ્તો છે એ આપ પાછી ખેંચી લો અને અમારા આ બજેટને સમર્થન આપવા માટે હું વિનંતી કરું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે દસમી વખત પછાત વર્ગોની માગણી લાવવાનું ગૌરવ મને જે સાંપડ્યું છે તેનો મને આનંદ છે. તીથિ પ્રમાણે આજે વિક્રમ સંવત ૨૦૬૬, પવિત્ર ચૈત્ર સુદ સાતમ અને તારીખ પ્રમાણે આજે ૨૨મી માર્ચ છે. ગુજરાતી સાહિત્યમાં જેમનું વિશિષ્ટ સ્થાન છે, એવા મહર્ષિ અરવિંદની ફિલોસોફીને જેણે આત્મસાત્ કરી છે, કોયા ભગતની કવિવાણી કાવ્ય મંગલા, વસુધા જેવા કાવ્ય સંગ્રહની ભેટ આપી છે. હું માનવી માનવ થાઉં તો ઘણું એનો સંદેશો જેણે આપણને આપ્યો છે, સત્યમ અને શિવમના જે ઉપાસક છે એવા કવિ સુંદરમ્‌નો આજે જન્મ દિવસ છે. પાણી એ પરમાત્માનો પ્રસાદ છે એ સંદેશો ફેલાવવા માટે આજે વિશ્વ જળ દિન છે, આજની આ ચર્ચામાં મારા સાથી સન્માનનીય નવેક ધારાસભ્યશ્રી મિત્રોએ આમાં ભાગ લીધો છે. અમારા મુરબ્બી શ્રી આત્મારામભાઈ, શ્રી શૈલેષભાઈ, દેવુસિંહજી, બાવકુભાઈ, અનિલભાઈ માળી, કાળુભાઈ, ભાનુબેન, ચંદુભાઈ ડાભી, યાસીનભાઈ જેમણે પણ આ બજેટને આવકારેલ છે એમનો હું આભાર માનું છું જેમણે ટીકા કરી છે એ પણ હું હકારાત્મક લઈને વહીવટ કઈ રીતે સુધરે એ માટે પૂરતો પ્રયત્ન કરીશ.

હું અનુસૂચિત કલ્યાણ વિભાગની પ્લાન સદરે ૨૬૬ કરોડ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજનાની ૧૩૩૧ કરોડ, આર્થિક રીતે પછાત વર્ગની લઘુમતિઓ સહિત બક્ષીપંચની ૩૧૦ કરોડ અને સમાજ સુરક્ષાની ૨૩૫ કરોડ તેમજ નોન પ્લાન સદરે ત્રણેય પ્રભાગની ૨૫૬.૫૫ કરોડની મળીને કુલ ૨૧૩૨.૫૫ કરોડની માગણી લઈને આજે હું ઉપસ્થિત થયો છું. આદરણીય વજુભાઈ વાળાએ જે બજેટ રજૂ કર્યુ એ ૨૯૫૦૦ કરોડના આ પ્લાનમાં અનુસૂચિત જાતિ કલ્યાણ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજના, વિકસતી જાતિ, વિકલાંગ માટેના કલ્યાણ માટેની યોજનાઓ એ બધું મળીને ૧૮૭૬ કરોડની જોગવાઈ અને આ જોગવાઈ ગયા વર્ષે એટલે કે ૨૦૦૯-૧૦ના ૧૬૮૪.૯૪ કરોડની જોગવાઈ કરતા ૧૯૧ કરોડ વધારે છે. અનુસૂચિત જાતિના સંદર્ભમાં વાત કરું તો નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષ કરતાં ૨૦૧૦-૧૧માં ૩૦.૭૬ કરોડ વધારે, વિકસતી જાતિ માટે ૪૦.૮૨ કરોડ વધારે, સમાજ સુરક્ષા ક્ષેત્રે ૧૨૯.૩૭ કરોડ વધારે ફાળવ્યા હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી વજુભાઈનો હું આભાર પ્રગટ કરું છું. હું સૌ પ્રથમ અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની વાત કરું તો કોંગ્રેસ પાસેથી ૧૯૯૫માં અમને આ ગુજરાતનું શાસન વારસામાં મળ્યું અને ત્યારે પ્લાન જોગવાઈ કેટલી હતી ૩૩ કરોડ રૂપિયા અને આજે ૨૬૬ કરોડની પ્લાન જોગવાઈ છે. પ્લાનિંગ કમિશનના આદેશ પ્રમાણે અનુસૂચિત જાતિની જે ખાસ અંગભૂત યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમાં રાજયના આયોજનના ૭ ટકા હોવી જોઈએ એવા માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહે ટીકાત્મક રીતે જ્યારે ઉલ્લેખ કર્યો હતો, કદાચ તે કૅબિનમાં બેઠા બેઠા સાંભળતા હશે, મારે મારા વિદ્યવાન મિત્રને યાદ અપાવવું છે કે કોંગ્રેસના શાસનમાં આ ફાળવણી માત્ર ૨.૮૬ ટકા હતી અને આજે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ૫.૫૬ ટકા છે. અને ૭ ટકા લઈ જવાની અમારી એક નેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રોની આવી બેવડી નીતિને મારે કવિના શબ્દોમાં રજૂ **કરવી છે,**

**" જૂઠ કે દામનમેં વે સચ કો છૂપાને આ ગયે,**
**આઈને કે સામને વો અંગૂલી ઉઠાને આ ગયે "**

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦-૮૧ થી શરૂ કરી ૨૦૦૦-૨૦૦૧ સુધી એટલે ૨૦ વર્ષ આ ૨૦ વર્ષમાં અનુસૂચિત જાતિઓ માટે ૧૦૩૭.૨૨ કરોડની જોગવાઈ અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીના આઠ વર્ષના શાસનમાં ૨૦૦૧ થી કરીને ૨૦૦૯-૧૦ સુધી અનુસૂચિત જાતિ માટે ૧૮૩૦ કરોડની જોગવાઈ. સાહેબ, આઠ વર્ષના ગાળાની આ જોગવાઈ અગાઉના ૨૦ વર્ષના ગાળા કરતાં ૭૯૩.૩૧ કરોડ વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસતી જાતિઓમાં આપણે જે બક્ષીપંચની અંદર સમાવેલી જાતિઓ છે,આર્થિક પછાત જાતિઓ છે અને લઘુમતીઓની વાત કરું તો ૧૯૯૦માં આ ખાતું અલગ પડ્યું અને ત્યારથી કરીને ૨૦૦૦-૨૦૦૧ સુધી એટલે કે દસ વર્ષ આ ખાતાને ૭૧૮.૫૮ કરોડ ફાળવવામાં આવ્યાં અને તેની સામે ૨૦૦૧-૨૦૦૨ થી સન ૨૦૦૯-૧૦ સુધી આઠ વર્ષમાં ૧૭૬૯ કરોડ અગાઉના દસ વર્ષ કરતાં આ આઠ વર્ષની અંદર ૧૦૫૧.૦૯ કરોડ વધારે છે. ૧૯૬૭ થી મારા કોંગ્રેસના મિત્રો ગરીબી હઠાવવાની વાત કરે, ગરીબી હટાવોના નારા લગાવે પરંતુ તે ગરીબી દૂર કરી શક્યા નહીં ત્યારે ગરીબોના બેલી નરેન્દ્રભાઈ મોદીએ ચારે તરફ ફેલાયેલી ગરીબો સામે ગરીબ કલ્યાણ મેળા યોજીને જે યુદ્ધ છેડ્યું છે તેને કવિની પંકિત યાદ અપાવે છે.

**"મારે જ્યોત બનીને જલવું છે, મારે તેલ બનીને બળવું છે,**
**ગરીબીના ફેલાયેલા લશ્કર સામે મારે અડગ થઈને લડવું છે. "**

માનનીય અધ્યક્ષશ્રી, દલિતો, વંચિતો, પછાતો, વિધવાઓ, નિરાધારો, વૃદ્ધો, વિકલાંગો આના પ્રશ્નો બહુ નાના નાના હોય છે અને આ પ્રશ્ન સમજવા અને સુલઝાવવા માટે સાચી સંવેદનાની જરૂર હોય. અને પંડિત દિનદયાળજીનો જે એકાત્મ માનવ વાદ છે, જે વાત કરી છે એ જેને સમજાયને તે જ આમના પ્રશ્ન સમજી શકે. મને કવિ મહેશ યાજ્ઞિકની પંકિતઓ યાદ આવે છે,

**આમ કયાં પીડા બીજાની કોઈને સમજાય છે,**
**હોય હૈયે લાગણી તો વેદના સમજાય છે.**

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની આ માગણીઓ આજે હું આ માનવતા ગૃહના સભ્યોની વેદના અને સંવેદનાને સંકોરવા માટે લઈને આવ્યો છું. છેલ્લાં કેટલાંય વર્ષોમાં પછાત વર્ગોના કલ્યાણ ક્ષેત્રે મારા વિભાગે જે સિદ્ધિઓ કરી છે રાજા મહારાજાઓના કોટ કિલ્લા, શ્રીમંતોની હવેલી જેટલી મહત્વની છે એટલા જ મહત્વના ગરીબોના પીડિતોના નાના નાના મકાનો અને રહેઠાંણો છે. ઝુપડપટ્ટી અને સડક ઉપર જેણે જીવન વિતાવ્યું છે તેની વેદનાની જે પંકિતઓ છે તે આજે હું મૂકવા માંગુ છું.

**સડકો પે સોના, સડકો પે ઉઠના, સડકો પે જીના,**
**સડકો પે મરના કિસી ગરીબ કે સપને હૈ સડકે,**
**દિલ કે અરમાન ભી હૈ સડકે, ગરીબ અગર**
**જાનના હો તો જરા પૂછો ઈન સડકો સે**
**કયુંકી ગરીબ કી જીંદગીકી પહેચાન હૈ સડકે.**

માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાના સૂત્રો સંભાળ્યા, ત્યારબાદ ૨૦૦૨થી શરૂ કરીને ૨૦૧૦ સુધી આવા સરનામા વગરના રસ્તે રઝળતા ગરીબ લોકો પૈકી અનુસૂચિત જાતિના ૧૧૬ કરોડના ખર્ચે ૫૯,૨૧૫ કુટુંબો અને બક્ષી પંચના ૧૯૩ કરોડના ખર્ચે ૧ લાખ કુટુંબોને મકાનો આપીને કાયમી સરનામા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા કોંગ્રેસની સરકારોમાં બહુ બહુ તો લોન આપે. મરઘાં બતકાંની આપે. ઘેંટા બકરાંની આપે. હાથલારીની આપે. પછાત વર્ગના નસીબે ત્યારે પાયલોટ બનવાનું તો હતું જ નહીં. પ્લેન કે એરપોર્ટ તો જોવાનું પણ નસીબ ન મળે. આજે જયારે આપણે પ્લેનમાં મુસાફરી કરતા હોઈએ અને કોકપીઠમાંથી જાહેરાત થાય કે અમદાવાદથી મુંબઈ જતી આ ફલાઈટના પાયલોટ કેપ્ટન હેતલ સોંદરવા છે. દિલ્હીથી અમદાવાદની આ ફલાઈટના પાયલોટ કેપ્ટન મીના ચાવડા છે. ત્યારે એક સુખદ્ આશ્ચર્ય અને આનંદ થાય છે. મને કહેતા ગર્વ અને હર્ષ ઉપજે છે કે આ સરકારે ૬.૭૨ કરોડના ખર્ચે અનુસૂચિત જાતિ અને બક્ષી પંચના મળીને ૬૦ પાયલોટ તૈયાર કર્યા છે. તેઓ પ્લેન ઉડાડી રહ્યાં છે અને એ પાયલોટને દર મહિને બે બે લાખ રૂપિયા પગાર મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરનું જીવન ચરિત્ર વાંચીએ તો એમાં ગુજરાતના વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને શિષ્યવૃત્તિ અને લોન આપીને પરદેશ ભણવા ન મોકલ્યા હોત તો કદાચ ભારતના કરોડો પીડીતોના મસીહા અને દેશને બંધારણના ઘડવૈયા ન મળ્યા હોત. રાજયના અનેક પછાતોમાં રહેલા સુષુપ્ત આંબેડકર બહાર આવે એટલા માટે ગાયકવાડ જેવા પ્રજા વત્સલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૯૨.૭૯ કરોડના ખર્ચે અનુસૂચિત જાતિ અને બક્ષી પંચના ૫૮૯ વિદ્યાર્થીઓને હાઈટેક ઈજનેર, ટેકનોક્રેટ, ડોકટર, વકીલ અને એમ.બી.એ. બનાવવા માટે આજે વિદેશની અંદર મોકલ્યા છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળ વર્ષે આશરે ૧૭૮ કરોડના ખર્ચે વુદ્ધો, વિકલાંગોને સહાય આપવામાં આવે છે. આવા નિરાધાર માણસોને મળતા લાભોની સમજણ અને જાણકારી માટે તેમને એજન્ટ અને કચેરીના ધકકા ખાવા પડે અને તેથી તેમની પરિસ્થિતિ પડયા ઉપર પાટુ મારવા જેવી હોય છે. આવા નિરાધારો કોઈના ઓશિયાળા ન બને એટલા માટે ઘેર બેઠા ખાતાની યોજનાઓની જાણકારી મેળવવા માટે ૨૪ કલાકની હેલ્પલાઈન આ વિભાગે શરૂ કરી છે. એનો નંબર છે. ૧૮૦૦૨૩૩૫૫૦૦.

માનનીય અધ્યક્ષશ્રી, દલિતો, શોષિતો અને પછાત વર્ગોને વિદ્યા આપવાના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ કરવા જેવા છે, એમણે એમ કહ્યું કે, "જયારે જનતા જાગશે, તેઓ તમારા જુલ્મોને સમજશે ત્યારે તેમની એક ફૂંકથી તમે કયાંય ઉડી જશો. તમારી સંસ્કૃતિ તેઓ લાવ્યા છે અને તેઓ જ એને તોડી નાંખશે. ગોલ લોકોના હાથે મહા પરાક્રમશાળી રોમની સંસ્કૃતિ કેવી ધૂળ ભેગી થઈ ગઈ, એનો વિચાર કરો. માટે હું કહું છું કે આ પછાત વર્ગના લોકોને વિદ્યા અને સંસ્કાર આપીને તેમને ઉંઘમાંથી જગાડો. તેમને વિદ્યા આપી હશે તો તેઓ જાગશે અને એક દિવસ તેઓ જાગવાના જ છે. અને ત્યારે તમારી સેવાઓને તેઓ ભૂલશે નહીં અને તમારા ઋણી રહેશે. "

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીને સાચી શ્રદ્ધાંજલિ આપવા માટે ચારેબાજુ જ્ઞાનનો પ્રકાશ ફેલાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ૨૦૦૯-૧૦માં અનુસૂચિત જાતિના પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીના આશરે ૧૨ લાખ વિદ્યાર્થીઓને ૧૨૭ કરોડની શિક્ષણ સહાય કરી છે. :વિકસતી જાતિઓના ૭૯૬૨ વિદ્યાર્થીઓને ૧૮૫.૯૩ કરોડ રૂપિયાની સહાયક છે. વિકલાંગતા ક્ષેત્રના ૨૯૨૧૮ વિદ્યાર્થીઓને ૩.૬૩ કરોડ રૂપિયાની શિક્ષણની સહાય કરી છે અને આ વર્ષે ૨૦૧૦-૧૧ ના બજેટમાં આ બધા વિદ્યાર્થીઓ માટે ૪૮૬.૭૧ કરોડ રૂપિયાની જોગવાઈ ફકત શિક્ષણમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની નવી જોગવાઈઓ કરતાં પહેલાં હું હંમેશાં મંત્રીમંડળના મારા સાથીઓ, મારા પક્ષના સાથીઓ, કોંગ્રેસ પક્ષના પણ પછાતવર્ગમાંથી આવતા ધારાસભ્યો એ બધાની સાથે વિચારવિમર્શ કરું છું અને એમાંથી એમના બધાંનો જે એમાંથી અર્ક મળે છે એમાંથી નવી નવી યોજનાઓનો વિચાર આવે છે એટલા માટે હું તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ ગ્લોબેલાઈઝેશનને કારણે પછાતવર્ગના યુવાનોને વ્યવસાયિક સેવાના દરેક ક્ષેત્રમાં હાઈ ટેક તાલીમ આપીને તૈયાર કરવામાં ના આવે તો અન્ય સમાજ સાથે સ્પર્ધામાં ટકી શકે નહીં અને એટલા માટે આઈ.ટી. સંબંધિત અભ્યાસક્રમ, ટૂરિઝમ મેનેજમેન્ટ,વ્યવસાયી પ્રક્રિયામાં કુશળતા, કસ્ટમર સર્વિસીસ પ્રોગ્રામ, ઈન્સ્યુરન્સ મેનેજમેન્ટ, હાઈ ટેક હોલ્ટીકલ્ચરલ, હોટેલ મેનેજમેન્ટ, રિટેલ ફાઈનાન્સીસ સર્વિસીઝ, રૂરલ મેનેજમેન્ટ જેવા અનેક ક્ષેત્રે અનુસૂચિત જાતિના આશરે ૮ હજાર યુવાનોને તાલીમ આપીને સો એ સો ટકા રોજી પૂરી પાડવા માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરી છે. પછાતવર્ગના યુવાનો છે એમને ફકત પાંખો આપવાની નથી, પણ તેમને ઉંચી ઉડાન ઉડવા માટે હાઈ ટેક તાલીમ પણ આપવાની છે. અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે Do not give the poor people only fish, teach them how to catch fish.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી લાલજીભાઈ સોલંકી, શ્રી મૂળુભાઈ બેરા અને પ્રો. વસુબેન ત્રિવેદીની માગણી હતી એ માગણી સ્વીકારીને રાજય સરકારે જામનગર ખાતે ૧ કરોડ ૬૦ લાખ રૂપિયાના ખર્ચે નવા છાત્રાલયનું મકાન બનાવવાનું આયોજન કર્યુ છે. માનનીય ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ અને બહેન શ્રીમતી ભાનુબેન બાબરીયાની માગણી હતી કે રાજકોટ ખાતે બક્ષીપંચની એક આર્દશ નિવાસી શાળા બને. તો એમની આ માગણી સ્વીકારીને રાજય સરકારે ૫ કરોડ રૂપિયાના ખર્ચે આના માટેનું મકાન બનાવાવનું આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રશ્રી અર્જુનભાઈ મોડવાડીયા કે જેઓ અત્યારે ગૃહમાં હાજર નથી અને જેમનો મત વિસ્તાર પોરબંદર છે અને માનનીય શ્રી મહેન્દ્રભાઈ મશરૂ કે જેનો મત વિસ્તાર જૂનાગઢ છે એ બન્નેની માગણી પ્રમાણે ૧ કરોડ ૮૦ લાખ રૂપિયાના ખર્ચે સુવિધાયુકત મકાન સાથેનું સરકારી છાત્રાલય બનાવવનું આયોજન કરેલ છે. માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી જેઠાભાઈ ભરવાડ અને શ્રી દેવુસિંહભાઈ એ બધાની માગણી હતી કે જે અત્યારે બક્ષીપંચનાં છાત્રાલયો ચાલે છે એને પીવાનું શુધ્ધ પાણી મળે અને શુધ્ધ જંતુનાશકયુકત સ્વચ્છ પાણી મળી રહે તો એના માટેની આર.ઓ. સિસ્ટમ માટે ૬૩ લાખ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગણદેવીના ધારાસભ્ય શ્રી લક્ષ્મણભાઈ પટેલની માગણી હતી કે દરેક સરકારી આદર્શ નિવાસી શાળા છાત્રાલયમાં ગરમ પાણીની વ્યવસ્થા હોવી જોઈએ. તો એના માટે ૩૬ લાખ રૂપિયાની જોગવાઈ કરીને સોલર વોટર હીટરની સિસ્ટમ ઉભી કરવાનું આયોજન આ બજેટમાં કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના દરેક ક્ષેત્રમાં નસે નસમાં કોમ્પ્યુટર અને ઈ.ગર્વનન્સ દાખલ કરવા માગે છે અને પછાતવર્ગના વિદ્યાર્થીઓને વંચિત રાખવા એ ગરીબોના દ્રોહ સમાન છે અને મારા મિત્રશ્રી ભરતભાઈ બારોટ, માનનીય શ્રી કમાભાઈ રાઠોડ, શ્રી લીલાધરભાઈ વાઘેલા, દંડક શ્રી અંબાલાલભાઈ અને શ્રી આત્મારામભાઈ પરમાર આ બધાની માગણીઓને માન આપીને અનુસૂચિત જાતિની ૮૮ આશ્રમશાળાઓ અને બક્ષીપંચની ૧૮૭ આશ્રમશાળાઓમાં એમ કુલ ૨૭૫ આશ્રમશાળાઓમાં ભણતા બાળકોમાં ધોરણ ૧ થી જ કોમ્પ્યુટર શિક્ષણથી શિક્ષિત થાય એ માટે ૧ કરોડ ૩૭ લાખના ખર્ચે દરેક આશ્રમશાળામાં ૨-૨ કોમ્પ્યુટર આપવાનો નિર્ણય લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર બહેન, બેટી અને માતાઓની સલામતિને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. અમારા ધારાસભ્ય ભાવનાબેન મકવાણા, વંદનાબેન મકવાણા, જશોદાબેન પરમાર આ બધાની માગણી હતી અને એમની વ્યાજબી માગણીને ધ્યાનમાં લઈને બક્ષીપંચની છાત્રાલય અને કન્યા આદર્શ નિવાસી શાળામાં સલામતીને કોઈ ખતરો ન થાય તે માટે ૫૫ લાખના ખર્ચે તમામ કન્યા સંસ્થાઓમાં ગુજરાત ઔદ્યોગિક સલામતી દર્ળ, જી.આઈ.એસ.એફ.ની રચના કરવામાં આવી છે. એક જમાનો હતો કે જયારે શ્રવણ જેવા સંતાનો કાવડ લઈ અને વૃધ્ધ અને નિરાધાર માતા-પિતા, વાલીઓ અને વડિલોને ૬૮ તીર્થની યાત્રા કરાવતા હતા. હવે કળિયુગમાં પશ્ચિમની સંસ્કુતિની જે અસર થઈ છે. સંતાનો વૃધ્ધ માતા-પિતાને દ ારમાંથી હાંકી કાઢી વૃધ્ધાશ્રમમાં ધકેલી દે છે. આપણી પેઢી તથા આવનારી પેઢીને હું એક કવિતાના શબ્દોથી સાવધાન કરવા માગું છું કે,

**કુત્સીત અપરાધોકી આંધિ કીસ સીમા તક જાએગી,**
**ઈસ આંધિમે સ્વદેશકી સંસ્કૃતિયા મર જાયેગી,**
**ઓ સમાજકે પહેરેદારો રોકો ઈન તુફાનોકો, બચા શકો તો**
**અભિ બચાલો, ભટક રહે સંતાનોકો.**

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે પરિસ્થિતિ બની રહી છે તેમાં એક બાપ પાંચ છોકરાઓને ઉછેરી શકે છે પણ પાંચ છોકરાઓ એક બાપને સાચવી શકતા નથી. ગમે એવા મર્દ મુછાળા મર્દ હોય તો પણ જીવનમાં બે પ્રસંગોએ બાપની આંખ અચુક ભીની થાય છે. એક તો દીકરી ઘર છોડે ત્યારે અને બીજું દીકરો તરછોડે ત્યારે, આ વૃધ્ધ માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોને સંતાનો તરફથી રંજાડ અને ભરણપોષણ માં થતી મુશ્કેલીઓમાંના નિવારણ માટે સંસદે જે કાયદો કર્યો, એ કળિયુગના કુ સંતાનોની શાન ઠેકાણે લાવવા માટે માતા-પિતા અને વરિષ્ઠ નાગરિક ભરણપોષણ અને કલ્યાણ કાયદો ૨૦૦૭ની કાર્યવાહી કરવા માટે ૫૬ લાખના ખર્ચે ટ્રીબ્યુનલ અને એપેલેટ ટ્રીબ્યુનલની રચના કરવાનો નિર્ણય લીધો છે. એલેકઝાન્ડર પોપ નામના એક અંગ્રેજી કવી, એમણે એવું કહયું કે ચાઈલ્ડ ઈઝ ધી ફાધર ઓફ મેન, એટલે કે બાળક માણસનો પિતા છે. આપણામાંથી ઘણાં મિત્રોએ ઓસ્કાર એવોર્ડ

વિજેતા સ્લમ ડોગ મિલીયોનર જોઈ હશે. એની અંદર જે પ્રમાણે ભારતના બાળકોનો કરૂણ અને દયનીય સ્થિતિનો ચિતારં આપ્યો છે. અને સલામતી અને સુવિધા ન આપનારી પરિસ્થિતિ જોઈ તેને ધ્યાનમાં રાખીને અને રાજય સરકારે એક નવતર સંકલિત બાળ સુરક્ષા, આઈ.સી.પી.એસ. ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેકશન સ્કીમની યોજના અમલમાં મુકી છે. ભારત સરકારના હિસ્સા ઉપરાંત ગુજરાત સરકારે ૧૦ કરોડ રૂપિયા આના માટે ફાળવ્યા છે. આપણે અનુભવે સમજાયુ છે કે ૩૦ ટકા નિરિક્ષર પ્રજા હોય, જાણકારીનો અભાવ હોય એટલે સ્વાભાવિક જ રાજય સરકારની યોજનાઓ છે તે એમના સુધી ન પહોંચે. તેના માટેની શિક્ષણ શિબિર જેવી યોજના હતી. પરંતુ તેનાથી સાડા પાંચ કરોડની જનતા સુધી સરકારની કલ્યાણ યોજનાઓ પહોંચતી નહોતી. માનનીય ધારાસભ્ય શ્રી અનિલભાઈ માળી, મેઘજીભાઈ કણઝરીયા, શંભુપ્રસાદજી મહારાજ, આ બધાની માગણીઓ હતી એટલા માટે આ ત્રણે ખાતાઓની ૩૦ લાખની જોગવાઈ ગયા વખતે હતી એમાં વધારો કરી અને આ ત્રણ ખાતાઓ માટે બે કરોડ ૯૦ લાખ રૂપિયાની જોગવાઈ આમાં કરવામાં આવી છે. જયારે મારા પક્ષના માનનીય સદસ્યશ્રીઓ ચર્ચા દરમિયાન ગરીબ કલ્યાણ મેળાનું વર્ણન કરે, અમારા ગૃહના સન્માનનીય નેતા શ્રી નરેન્દ્રભાઈની જે સર્વગ્રાહી સિધ્ધીઓ છે તેને બિરદાવે તેની પ્રસંશા કરે, અહોભાવ પ્રગટ કરે કૃતધ્નતા વ્યકત કરે તે સ્વાભવિક છે. તેનું કારણ છે, કારણ કે મે આંકડાઓ મેળવ્યા, આજે ગરીબ કલ્યાણ મેળા થયા એમાં બધા જ મળીનેં ૫૦ ગરીબ કલ્યાણ મેળા, એમાં ૨૧ લાખ લાભાર્થીઓ, ૨૭૨૫ કરોડનું ધિરાણ, અને બીજું જે કહેતા હતા ને કે ગરીબો, તો હું ગરીબોની વાત કરું માનનીય અધ્યક્ષશ્રી. અનુસૂચિત જાતિના જે લાભાર્થીઓ હતા એ ૩,૨૧,૯૯૬, એસ.ટી.ના ૬,૦૯,૮૧૯, રકમ ૭૬૪ કરોડ, ઓ.બી.સી.ના ૫,૦૩,૮૫૬, રકમ ૫૨૧ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. બધા થઈને કેટલા મળ્યા? ૧૪,૩૫,૬૭૧ લાભાર્થીઓને ૧૬૧૧ કરોડ અને ૨૦ લાખ. પછી મારા સભ્યશ્રીઓ જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના વખાણ કરે અને મારી સામે બેઠેલા મિત્રો તેની ઠેકડી ઉડાડે, બહુ દુઃખદ છે અને એ બાબતે મારે એક પ્રસંગે આપના દ્વારા સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં બેંગ્લોર મુકામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પાંખ એવી સેવા ભારતી એના દ્વારા સેવા સંગમનો એક કાર્યક્રમ થઈ ગયો. એનું ઉદ્દઘાટન આર્ટ ઑફ લીવીંગના સંસ્થાપક વંદનીય શ્રી શ્રી રવિશંકરે કર્યું.

સંઘના પૂર્વ સર સંચાલક આદરણીય કે.પી. સુદર્શનજી તથા વર્તમાન સંઘ સંચાલક શ્રદ્ધેય મોહન ભાગવતજી એમાં ઉપસ્થિત હતા. આદરણીય સુદર્શનજીએ જે કહ્યું એ મારે આ ગૃહ દ્વારા મારા આ મિત્રોને કહેવું છે. એમણે એમ કહ્યું કે " સેવા કાર્ય મનુષ્યતાકા પ્રમુખ લક્ષણ હૈ, સેવા નર કો નારાયણ બનાતી હૈ " માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંસ્કાર છે એ અમને સંઘમાંથી ગળથૂથીમાંથી મળ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની સિદ્ધિઓને કોરા સ્વપ્ના કહેવાની પણ ચેષ્ટા મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રીએ કરી એ અયોગ્ય છે. એટલા માટે મારે તેમને કહેવું છે પંકિતઓથી કે " સપને ઉનકે સચ હોતે હૈ, જીનકે સપનોમેં જાન હોતી હૈ. સિર્ફ પંખો સે કુછ નહીં હોતા, હૌંસલો સે ઉડાન હોતી હૈ " માનનીય અધ્યક્ષશ્રી, આજની મારી જે માગણીઓ છે તેમાં બક્ષી પંચ સમાજનો સમાવેશ થાય છે અને મારા વિદ્વાન ધારાસભ્ય દેવુસિંહે એ વાત મૂકવાનો પ્રયત્ન કર્યો. રંગનાથ કમિશનના રિપૉર્ટનો, સમયના અભાવે ન મળી શક્યા. મારે વિગતે વાત કરવી છે. આ ન્યાયમૂર્તિ રંગનાથ કમિશનની જે ભલામણ છે, મેં એ વખતે કહેલું કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ માટે ઘાતક છે. એટલું જ નહીં, બક્ષી પંચની જાતિઓ માટે પણ ઘાતક અને નુકસાનકારક છે. સાહેબ, હું દાખલા દલીલ સાથે કહી શકીશ. હું એના રિપૉર્ટ લઈને આવ્યો છું. તેના પેરેગ્રાફ, તેના પ્રકરણ જેને પણ જોઈતા હોય, સાહેબ, હું બતાવવા તૈયાર છું. માનનીય અધ્યક્ષશ્રી, રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકારવામાં આવે તો શું તેના દુષ્પરિણામો આવે, ગુજરાતની જે બક્ષી પંચની ૧૪૪ જાતિઓ છે તેને રદ કરાય અને સામાજીક અને આર્થિક માપદંડને આધારે કુટુંબોની યાદી બને. જાતિઓની નહીં, માનનીય અધ્યક્ષશ્રી, જો રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકાર કરીએ તો ભારત સરકારની જે ઓ.બી.સી.માં ગુજરાતમાં ૨૦૦ જાતિઓનો સમાવેશ છે તેને પણ રદ કરવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, આ રંગનાથ મિશ્રા કમિશનના અહેવાલનો સ્વીકાર કરીએ તો માનનીય ધારાસભ્યશ્રી અહીંયા બેઠાં નથી. અર્જુનભાઈ મોઢવાડીયા, અમારા કરસનભાઈ ઓડેદરાનો મેર સમાજ છે એ બક્ષી પંચમાંથી નીકળી જાય. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઈ ચાવડા બેઠાં છે, અમારા નટવરસિંહ ઠાકોર છે, અમારા ભરતસિંહ ડાભી છે. અમારા રામસિંહજી હમણાં જ બહાર ગયા. સાહેબ, આ બધા ઠાકોર, બારીયા, ધારીયા, પાટણવાડીયા અને ક્ષત્રિય સમાજ આ બધા બક્ષી પંચમાંથી નીકળી જાય. અમારા ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા બેઠાં છે. અમારા રાજસીભાઈ જોટવા છે. ભગવાનભાઈ બારડ છે, આ બધાનો આહીર સમાજ એ પણ બક્ષી પંચમાંથી નીકળી જાય. ભગવાનજીભાઈ કરગટીયા, અમારા પરસોત્તમભાઈ સોલંકી, અમારા આર.સી. પટેલ એનો જે કોળી સમાજ છે એ પણ બક્ષીપંચમાંથી નીકળી જાય. માનનીય ધારાસભ્યશ્રી અમારા જેઠાભાઈ ભરવાડ, અમારા બાબુભાઈ દેસાઈ, તેનો માલધારી સમાજ પણ બક્ષી પંચમાંથી નીકળી જાય.માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભરતભાઈ બારોટ એમનો બારોટ સમાજ બક્ષીપંચમાંથી નીકળી જાય, શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ એમનો પ્રજાપતિ સમાજ બક્ષીપંચમાંથી નીકળી જાય. કોઈ બક્ષી પંચમાં રહે નહીં. આ રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકારીએ તો આજે બીપીએલમાં છે એ જ રહે, જાતિવાળા કોઈ કુટુંબો રહે નહીં. મારા સિનિયર સાથી અને પરમ મિત્ર છે એ શ્રી મોહનસિંહ રાઠવા આદરણીય છે, તમામ ૨૭

આદિવાસી ધારાસભ્યો અહીંયાં બેઠાં છે. આ જો રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકારીએ તો એના પ્રકરણ - ૧૦ એના પૅરા ૧૬ની અંદર એમ કહ્યું છે કે, આઝાદી પહેલાં એટલે કે, તા.૧૫-૮-૧૯૪૭ પહેલાં ગુજરાતની પૂર્વ પટ્ટીના ૧૦ આદિવાસી જિલ્લાઓ જેના ૪૩ આદિવાસી તાલુકાઓમાં બક્ષી પંચની હાલની ૩૦ જ મુસ્લિમ જાતિઓને આપણે બક્ષી પંચમાં લીધી છે એમાં હવે શું થાય? એમાં પણ મેમણ, ખોજા, વહોરા, સૈયદ, શેખ, મોગલ, મીરજા, પઠાણ જે અગાઉ વસતા આવ્યા છે એ બધાને અનુસૂચિત જન જાતિનો દરજ્જો આપી દેવાનો. એનો અર્થ શું થાય? એનો અર્થ એ થાય કે અત્યારે ૧૫ ટકા મળે છે, મોટા ભાગના બિન આદિવાસી મુસ્લિમ ભાઈઓ છે એના ભાગે જાય. ગુજરાતના સંદર્ભમાં વાત કરીએ તો હાલમાં મુસ્લિમો પૈકી ૩૦ જાતિ બક્ષીપંચ અને ઓબીસીમાં છે. પરંતુ રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકારતા આ ૨૭ ટકા અનામતમાંથી ૧૦ ટકા ફક્ત લઘુમતીને આપી દેવાની અને પછી ૧૭ ટકા રહ્યા. અને બાકીના બક્ષી પંચની વસ્તી ૪૫ ટકા છે એમને ૧૭ ટકા એ બક્ષીપંચને વહેંચી લેવાની.

માનનીય અધ્યક્ષશ્રી, પછી એણે બીજો વિકલ્પ કહ્યો છે એ ખતરનાક છે. એ પણ એના ચેપ્ટર ૧૦મા છે. એમાં કહ્યું છે કે, જો આ સ્વીકારવામાં આવે તો બક્ષીપંચ ઓબીસીનો ૨૭ ટકા કવોટા છે એમાંથી ૮.૪ ટકા અલગ કરી ફક્ત લઘુમતીને આપવાના, અને એમાં ૮.૪ ટકામાં ૬ ટકા ફક્ત મુસ્લિમ જાતિઓનો માટે, ૨.૪ ટકા અન્ય લઘુમતીઓને. એનો અર્થ એ થાય કે, ૧૪૪ બક્ષીપંચની જાતિઓમાંથી ૩૦ મુસ્લિમ જાતિઓ સહિત ૮.૪ ટકા અને બાકીની ૧૧૪ જાતિઓને ૧૮.૬ ટકા આ રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ સ્વીકારીએ તો..

**અધ્યક્ષશ્રી** : હવે ત્રણ મિનિટ રહી છે. આપે ૫.૧૧ વાગ્યે પૂરું કરવાનું છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ પૂરું થઈ જશે. આ અગત્યનું છે. રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ છે એમને પણ વાંધો ન હોઈ શકે. આ વિષય હજુ બહાર આવ્યો નથી. આ અગત્યનું છે એટલા માટે કહું છું.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.કે. રંગનાથ મિશ્રા કમિશનનો અહેવાલ છે એમાં જાતિ કે જૂથને અનામતનો પાયો ગણવાને બદલે કુટુંબને યુનિટ ગણવાની વાત કરી છે. અનામતના ઇતિહાસમાં એક અગત્યનું સુપ્રીમ કોર્ટનું જજમૅન્ટ છે. ઈન્દ્રા શહાની વિરુદ્ધ ભારત સરકાર. એનો ચુકાદો જજમૅન્ટ તરીકે ઓળખાય છે. એમાં નવ જજોની બૅન્ચે એમ ઠરાવ્યું છે કે, અનામત માટે આર્થિક માપદંડ કદીયે બંધારણમાં સ્વીકારવામાં આવ્યો નથી. આ રંગનાથ મિશ્રાની ભલામણ પ્રમાણે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સહિત નબળા વર્ગોની તમામ મહત્ત્વની યોજનાઓ, આ તો નોકરીની વાત કરી. મહત્ત્વની યોજનાઓ હોય એ યોજનાઓમાં પણ ૧૫ ટકા લઘુમતીઓને આપી દેવાની અને આ ૧૫ ટકામાં૧૦ ટકા અલગથી એ મુસ્લિમો ભાઈઓને અને ૫ ટકા અન્ય બધાને, હમણાં મેં નરેગા યોજનાનો એક દાખલો કાઢ્યો. નરેગા યોજનામાં કેન્દ્ર સરકારે ૨૦૧૦-૧૧માં રૂ.૪૦,૧૦૦/- કરોડ ફાળવ્યા છે. અને આ કરીએ તો શું થાય. ૪૦૧૦ કરોડ ફક્ત મુસ્લિમ, ૨૦૦૫ કરોડ અન્ય લઘુમતીઓ માટે,એટલે ૬૦૧૫ કરોડ આ નરેગાની અંદર પણ આ લઘુમતીઓને આપી દેવાના, આ ખતરનાક છે. હું ટૂંકાણમાં પૂરું કરીશ. એ વખતે જયારે પણ ૧૯૩૨ની અંદર એ અંગે અંગ્રેજોએ જયારે પ્રયત્ન કર્યો હતો ત્યારે મહાત્મા ગાંધીજીએ ડૉ. બાબાસાહેબને સમજાવીને એ જે કોમી ચૂકાદો હતો એને રદ કરાવ્યો હતો, આપણી કમનસીબી છે, આજે મહાત્મા ગાંધી પણ નથી અને ડૉ. આંબેડકર પણ નથી, આ દેશનું શું થશે ગોડ નોઝ, આ જે બધી વસ્તુઓ છે એ જયારે હું આપની સમક્ષ મૂકી રહયો છું ત્યારે મારે કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક ક્ષેત્રનો વિકાસ કર્યો છે, લઘુમતી કલ્યાણ ક્ષેત્રે પણ ભારતભરની અંદર નંબર-વન છે. આ હું સચ્ચર કમિટીના રીપોર્ટની વાત કરી રહયો છું. એમણે એમ કહયું છે કે સમગ્ર ભારતમાં .. .. ..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : ઓ. કે. સર, માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતનું સમગ્ર બજેટ, મારી આજની માગણીઓ છેવાડાના માનવીની રોટી કપડા અને મકાન માટેનો પ્રમાણિક પ્રયત્ન અને કવાયત છે. કવિના શબ્દોમાં કહું તો,

**અબ કોઈ માસૂમ ચહેરા ખંજર ન બનને પાયેગા,**

**અબ કોઈ પાક ફરીશ્તા, અજગર ન બનને પાયેગા,**

**અગર મિલતે રહે સબકો રોટી કપડા ઓર મકાન**

**તો કોઈ પીછડા, શોષીત, દલિત ડાકુ ન બનને પાયેગા.**

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રત્યુત્તરની આ ગૃહના સન્માનનીય સભ્યોને સંતોષવાનો મેં પ્રયત્ન કર્યો છે ત્યારે મારા સાથી સભ્યોને કાપ દરખાસ્ત પાછી ખેંચે અને આ સન્માનનીય ગૃહ સર્વાનુમતે મારી માગણીઓ મંજૂર કરે એવી વિનંતી કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૦, ૭૧, ૯૨ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા:૨૩મી માર્ચ ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**તા.૨૩ મી માર્ચ, ૨૦૧૦**
**ચૈત્ર ૨, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**પ્રહેલી બેઠક**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**મહેસૂલ વિભાગ**

**માગણી ક્રમાંક : ૭૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૨૧,૧૩,૨૩,૦૦૦/- ની માગણી ક્રમાંક ૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૭૮**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :**માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૧,૬૫,૦૭,૦૪,૦૦૦/- ની માગણી ક્રમાંક ૭૮ રજૂ કરું છું.
માગણી ક્રમાંક : ૭૮ રજૂ કરવામાં આવી.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી) :**માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૬,૦૨,૦૩,૦૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨,૫૬,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૭૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**રમત ગમત, યુવા અનેસાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**
**માગણી ક્રમાંક:૯૮**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૦૮,૪૭,૨૪,૦૦૦/- ની માગણી ક્રમાંક ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા ૨૩-૩-૨૦૧૦(પહેલી બેઠક) (નવમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | ઝત્ન્યદક્કદક્ષ્દ | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| | | મહેસૂલ વિભાગ<br>માગણી નં.૭૬ | | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ૧૧૦,૩૬,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૫૦ થી ૫૩ | ૧૦૦ | સરકારી જમીનો બજાર કિંમત કરતાં ખૂબજ ઓછા ભાવે આપી દેવાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા |
| ૨. * | -- " -- | ૧૦૦ | ગેરરીતિઓ આચરી ગેરકાયદેસર રીતે જમીનો મુકત કરાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩. * | -- " -- | ૧૦૦ | વિભાગમાં પડતર પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪. * | -- " -- | ૧૦૦ | જિલ્લા કક્ષાએથી વિભાગમાં આવતી દરખાસ્તો લાંબા સમય સુધી નિકાલ વગર પડી રહે છે તે પરિસ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૫. | -- " -- | ૧૦૦ | ગરીબ માનવીઓએ કરેલ નાના દબાણો તાકીદે તોડી પડાય છે જયારે રાજકીય ઓઠા હેઠળ મોટા પાયે કરેલા દબાણો દૂર થતા નથી. આવું ભેદભાવભર્યું વર્તન સત્વરે બદલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૬. | -- " -- | ૧૦૦ | સરકારી જમીનો સસ્તા ભાવમાં મળતીયાઓને વેચી નાખતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૭. * | -- " -- | ૧૦૦ | ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં ખોટી રીતે બિન ખેડૂતોને ખેડૂતો બનાવ્યા છે, રેકર્ડમાં આવી રીતે ગેરરીતિ કરનારાઓ સામે તપાસ કરી પગલાં લેવામાં વિભાગની નિષ્ફળતા. | |
| ૮. | -- " -- | ૧૦૦ | જી.આઈ.ડી.સી. અને ઉદ્યોગો માટે ખેડૂતોની | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ફળુપ ખેતીની જમીનો સંપાદન થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં. ૭૮** | | |
| ૯. | ૨૦૫૩ જિલ્લા વહીવટ<br>૦૯૩ જિલ્લા કર્મચારી વર્ગ<br>રૂા. ૮૭,૦૨,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૫૯ થી ૬૨ | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળા અને અન્ય સરકારી કાર્યક્રમોમાં કલેકટર કચેરીનો સ્ટાફ વ્યસ્ત રહેવાથી પ્રજાના પ્રશ્નોના નિકાલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૦. | -- " -- | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં પ્રજાના કામોનો સત્વરે નિકાલ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૧. | ૨૦૫૩ જિલ્લા વહીવટ<br>૦૯૩ જિલ્લા કર્મચારી વર્ગ<br>રૂા. ૮૭,૦૨,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૫૯ થી ૬૨ | ૧૦૦ | મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓ દ્વારા વારંવાર થતા જિલ્લાના પ્રવાસોમાં સમગ્ર કલેકટર કચેરી સહિત વહીવટી તંત્ર હાજર રાખવાના કારણે વહીવટી કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહંમદ જાવેદ પીરજાદા |
| ૧૨.<br>* | --"-- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળા અને જુદા જુદા સરકારી કાર્યક્રમોમાં માનવમેદની ભેગી કરવા માટે મામલતદાર અને નીચેના સ્ટાફને જવાબદારીઓના હુકમો આપનાર સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૩.<br>* | --"-- | ૧૦૦ | કલેકટર કચેરીઓને ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે ફાળવેલી રકમના હિસાબો રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪. | --"-- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળામાં કલેકટર કચેરી દ્વારા વાહનોનો થતો બેફામ દૂરૂપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| | | **માગણી નં.-૭૯** | | |
| ૧૫. | ૨૨૪૫-કુદરતી.......રાહત<br>૦૨- પૂર ....... વગેરે<br>૧૦૧-મફત રાહત<br>રૂા.૫,૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૯૪ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાના સમયે ભોગ બનેલ અસરગ્રસ્તોને મફત સહાય આપવામાં ખરેખર અસરગ્રસ્તો હોય તેવાઓને સહાય મળતી નથી અને બીજા ઈસમો ખોટા લાભ લઈ જાય છે. આમ થતુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૬. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>૦૨-પૂર............ વગેરે<br>૧૦૨-પીવાના .........પુરવઠો<br>રૂા. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૯૫ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાના સમયે અસરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીનો પુરવઠો ખોરવાઈ જાય છે ત્યારે આવા વિસ્તારોમાં તાકીદે શુધ્ધ પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૭.<br>* | ૨૨૪૫-કુદરતી......રાહત<br>૦૨-પૂર............ વગેરે<br>૧૧૧-વંચિત ........હિજરત<br>રૂા. ૧૦,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૯૮ | ૧૦૦ | પૂર અને વાવાઝોડા વખતે અસરગ્રસ્ત બનતા પરિવારોને તાકીદે હિજરત કરાવી પૂર્ણ આશ્રય આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | ૨૨૪૫-કુદરતી......રાહત<br>૦૨-પૂર........... વગેરે<br>૧૧૩-મકાનો.......સહાય<br>રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧, પા.નં.૧૦૧ | ૧૦૦ | પૂર અને વાવાઝોડાના કારણે મકાનો અને ઝૂંપડાઓને થયેલ ખરેખર નુકશાન સામે ઓછી રકમ ચૂકવાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |
| | | **રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ**<br>**માગણી નં.-૯૮** | | |
| ૧૯. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૫ ભાષા વિકાસ<br>૧૦૨ અર્વાચીન.......... ઉદ્દ્ઢેજન<br>રૂા. ૧,૭૨,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫, પા.નં. ૯ થી ૧૧ | ૧૦૦ | અર્વાચીન ભારતીય ભાષાઓ અને સાહિત્યને ઉદ્દ્ઢેજન આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૦. | ૨૨૦૪-ખેલકૂદ....સેવાઓ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૯૪,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫, પા.નં. ૧૬-૧૭ | ૧૦૦ | રમતગમત શિબિરોના નામે થતા ખોટા અને બિન જરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૧<br>* | -- " -- | ૧૦૦ | લીમ્કા બુકમાં નામના મેળવનાર રાજયના કર્મચારીને પ્રોત્સાહિત કરવા અનેક રજૂઆતો છતાં પ્રોત્સાહિત કરવામાં આવતા નથી આવી પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૨. | ૨૨૦૪-ખેલકૂદ....સેવાઓ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૯૪,૪૭,૦૦૦ | ૧૦૦ | રાષ્ટ્રીય કક્ષાએ હરિફાઈ કરી શકે તેવા ખેલાડીઓ તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૫, પા.નં. ૧૬-૧૭ | | | |
| ૨૩. | --"-- | ૧૦૦ | ગાંધીનગર ખાતે લાંબા સમયથી ફરજ બજાવતા કોચોને અન્યત્ર બદલી કરી મૂકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૪. | -- " -- | ૧૦૦ | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના નિયામકની કચેરીનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૫. | ૨૨૦૫ કલા અને સંસ્કૃતિ<br>૧૦૫ જાહેર ગ્રંથાલયો<br>રૂા. ૧૪,૫૫,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫, પા.નં. ૩૮ થી ૪૫ | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં પુસ્તકોની જાળવણી યોગ્ય રીતે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૬. | -- " -- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોમાં જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૨૭.<br>* | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૭-સંગ્રહાલયો<br>રૂા. ૯,૪૮,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં. ૪૬ થી ૪૯ | ૧૦૦ | જાહેર સંગ્રહાલયોની મુલાકાતે જનાર જનતાને સંગ્રહાયેલ વસ્તુઓની વિશેષ જાણકારી મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી**: હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પહેલાં હું મહેસૂલ વિભાગ ઉપર મારી વાત કરીશ. મહેસૂલ વિભાગ એ તંત્રની કરોડરજ્જુ કહેવાય છે. લોકોની મિલકતોનું પણ મોનિટરિંગ ત્યાંથી થાય છે, સરકારી જમીનો એનો પણ વહીવટ કેવી રીતે કરવાનો છે એ આ વિભાગે નકકી કરવાનું છે.માનનીય અધ્યક્ષશ્રી, જરૂરિયાતમંદ સુધી, ચાહે તે કુદરતિ આફત હોય કે સામાન્ય ખેતી વિહોણાને મદદ કરવાની બાબત હોય, આ કામ એ મહેસૂલ વિભાગ દ્વારા થાય છે. આજાકાલ આ વિભાગમાં મહેસુલ એટલે મે-શૂલ, એક શૂલ પેદા કરતો હોય સામાન્ય માણસ માટે તેવો તંત્રોનો વહીવટ ચાલે છે. મારે કેટલાક દાખલા આપવા છે. આ વિભાગની શું જવાબદારી છે, એક દલિત ભાઈ છે? એક દલિત ભાઈ છે, જમીન વિહોણા છે, ખેત મજદૂર છે અને સરકારની જમીન સાંથણીમાં તેને આપવાની જવાબદારી છે, પણ આપણે તે કામ કરી શકીએ છીએ ખરા? દેશની સરહદ પર આપણી સુરક્ષા માટે જાનની બાજી લગાડીને લડનાર સૈનિક છે તેને આપણે સાંથણીની જમીન આપવાની છે, તે સાંથણીની જમીન આપણે તેને સંતોષ આપી શકીએ છીએ ખરા? આ એ જરૂરિયાત મંદ માટેની અથવા જેના માટે આપણી પ્રાથમિક જવાબદારી છે તેના તરફ આપણું વલણ છે. અને બીજા પક્ષે મોટા ઉદ્યોગપતિઓ માટે આપણી નીતિ કેવી બને છે? કેન્દ્ર સરકારે ૨૦૦૫માં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન, એસ.ઈ.ઝેડ બનાવ્યા, તેના નિયમો બનાવ્યા, એ નિયમોમાં સ્પષ્ટ પ્રોવિઝન છે, developers shall not sell land in the S.E.Z. ડેવલપર તેની અંદરથી જમીનનો એક ટૂકડો પણ કોઈને વેંચી નહીં શકે, ગુજરાત સરકારે શું કર્યુ? આપણે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનનો કાયદો તો લાવ્યા, આપણે આ પ્રોવિઝન નહી રાખ્યું. કેન્દ્ર સરકારના કાયદાને અનુરૂપ કરવું પડે, આપે ઓડિનન્સથી કરી દેવું હતું, તરત જ કરવાની જરૂર હતી. પણ આપને કોઈકના માટે ચિંતા હતી, કે તેને આપેલ જમીન, મફતના ભાવની જમીન એ માલામાલ થઈ શકે એટલે વેચી દે ત્યાં સુધી મારે કાયદો સુધારવાનો નથી. ૨૦૦૭ સુધી આપે રાહ જોઈ અને પછી એમેન્ડમેન્ટ લઈને આવ્યા, કોણ રોકતું હતું ઓર્ડીનન્સ કરતાં કે સ્પેશ્યલ સેસન બોલાવતા કોણ રોકતું હતું આપને? કોણ રોકતું હતું આપને કેન્દ્ર સરકારના કાયદા મુજબનો કાયદો કરતા? અને તે ફાયદો કોનો હતો? ગુજરાતમાં કોઈ વચેટીયા સરકારની જમીન મફતમાં લઈને માલા માલ થવા બહાર જમીન વેંચી દે, એસ.ઈ.ઝેડમાં તેને રોકવા માટે કાયદો બનાવવાની આપની જવાબદારી હતી. આપણે નહીં કર્યુ. શા માટે નહીં કર્યુ? કારણ કે મફતના ભાવે મુન્દ્રા સ્પેશ્યલઈકોનોમીક ઝોનમાં જગ્યા એસ.ઈ.ઝેડ માટે આપી હતી. આપ વિચાર તો કરજો કયારેક, આપ માઈન્ડ તો એપ્લાય કરજો કયારેક, હું આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ આ પાટલીના હોય કે પેલી પાટલીના હોય એમને પણ વિનંતી કરીશ કે એક વખત જઈને જો જો કે મુન્દ્રા એસ.ઈ.ઝેડમાં જે ભાવની જમીન સરકારે આપી હતી અને ૨૦૦૭ સુધીમાં આપણે સવલત કરી આપી એમાં શું ભાવે વેંચી મારી છે. તે જઈને જોજો. આપની આંખમાં આંસુ ન આવે તો મને કહેજો. એ થોડી ઘણી જમીન નહોતી આપી. આપણે કેટલી જમીન એમને આપી હતી? મુન્દ્રા તાલુકાના શેખડીયા અને આજુબાજુના વિસ્તારની ૩ કરોડ ૧૫ લાખ ૪૯ હજાર મીટર જમીન આપી દીધેલી, શું ભાવે આપેલી? વધારેમાં વધારે જેમાં ભાવ લેવાયા છે એ ૮ રૂપિયામાં ચોરસ મીટરના ભાવે આપી છે. પાણીની એક બોટલ પણ લેવા જઈએ તો દસ કે બાર રૂપિયાના ભાવે આવે છે. સારી બોટલ લો તો ૧૫ રૂપિયા સુધી જાય. આ જમીનમાં ગૌચરની પણ જમીન હતી. આપણે તો ગૌ-ભકત કહેવાઈએ છીએ. તેની યાત્રાઓ કાઢીએ છીએ. ગૌચરની જમીન પડાવી અને એસ.ઈ.ઝેડમાં મુન્દ્રામાં આપી દેતા રૂંવાડું ન હાલ્યું? અરે ગામડાંમા આજે પણ સંસ્કૃતિથી જીવનારા માણસો કહે છે કે ગાયના મોઢામાંથી નીકળેલું તણખલું સોનાનું હોય તો પણ તે ન ખપે. કારણ કે ગાયના

મોઢામાંથી આવ્યું છે. અને આપે ગૌચરની જમીન પધરાવી દીધી?એટલેથી સંતોષ ન થયો, પાંચ લાખ ચોરસ મીટર જી.આઈ.ડી.સી.ની જમીન આપી દીધી હતી. એનો કબજો પણ જી.આઈ.ડી.સી.ને સોંપાઈ ગયો હતો એ પાંચ લાખ ચોરસ મીટર જમીન જી.આઈ.ડી.સી. પાસેથી લઈ લીધી કારણ કે મુંદ્રા એસ.ઈ.ઝેડ. માં આપણે અર્પણ કરવાનું છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા જૂઓ, હમણાં જ એક પ્રશ્નોત્તરીની બૂકમાંથી મેળવ્યા. અમારા ફારૂકભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો એના જવાબમાં જણાવેલ છે. કચ્છમાં અદાણીને ૧૯૬૪ હેકટર ૮૨ આરે અને ૨ ચોરસ મીટર જમીન આપી. એ જ રીતે ગાંધીનગરમાં ટાટાને આઈ.ટી. પાર્ક માટે ૧૦૩૧ હેકટર ૯૫ આરે જમીન આપી, શું એમણે ત્યાં આઈ.ટી. પાર્ક ઊભો કરી દીધો? એક દલિતભાઈને સાંથણીમાં જમીન આપી હોય એ એક વર્ષ કોઈ વાવેતર ન કરી શક્યો એનું પાણી પત્રકમાં નામ ન પડ્યું, પાક શું કર્યો છે, તલાટી પાસેથી રિપોર્ટ મંગાવ્યો અને સાથણીમાં આપેલી દલિતભાઈની જમીન ખાલસા કરી લેતા આપણને ચિંતા નથી થતી. આપની મારફત માનનીય આત્મારામભાઈને કહેવા માગું છું કે એમના વિસ્તારના ખીજડિયા ગામના સામાન્ય ભાઈઓ આવ્યા હતા એમની સાથણીની જમીન લેવાઈ ગઈ હતી. એક વખત પાક નહોતો લઈ શક્યા એવા સંજોગો હતા અને અહીંયા કરોડો ચોરસ મીટર જમીન મફતના ભાવે આપેલી જમીન શરતભંગ થાય અને કંઈ ન કરે અને આપણું રૂવાડું પણ ન હલે. કોંગ્રેસ વખતે પણ જમીન આપતા હતા કોઈ ઉદ્યોગ આવે તો એને જમીન આપણે પછાત વિસ્તારમાં આપતા હતા. તે વખતે આપણે ધ્યાન રાખતા હતા કે બેલેન્સ ડેવલપમેન્ટ આ રાજયમાં થવું જોઈએ, સમગ્ર રાજયનો વિકાસ થવો જોઈએ. જામનગર જિલ્લો પછાત છે ત્યાં જાવ તો જ લાભ મળે. જનરલ મોટર આવે તો કહેવામાં આવે કે પંચમહાલ જિલ્લામાં જાવ જેથી ત્યાંના આદિવાસીભાઈઓને રોજગારી મળે. અને તો જ તમને રાહત મળે. પરંતુ ગાંધીનગર અને અમદાવાદના આંગણામાં આ રીતની જમીન પધરાવવાનો વહીવટ નહોતો. ૧૦૩૧ હેકટર અને ૯૫ આરે જમીન આપી એમાં શરતોનું પાલન થયું છે કે કેમ, એનો ક્યારેક હિસાબ મૂકશો કે અમદાવાદ અને ગાંધીનગરમાં કયા ભાવની જમીનો હોય છે, આપણે આ જમીનો કયા ભાવે અને કેવી રીતે જમીન આપીએ છીએ.

એસ્સાર કંપનીને ૧૧૨૫ હેકટર જમીન એસ.ઈ.ઝેડ બનાવવા માટે મેળવે છે. અને તે વખતે એમણે કહ્યું હતું કે અમે અહીંયા ૧૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરીશું. આપણે આંકડા એમ.ઓ.યુ.ના તો જોતા હોઈએ છીએ. એસ્સાર કંપની ૧૧૨૫ હેકટર જમીન એસ.ઈ.ઝેડ બનાવવા માટે મેળવે છે અને પછી કહે છે કે એમાંથી હું વિથડ્રો થઈ જવ છું. આ રીતે જો એ નીકળી જાય તો એક સેકન્ડ પણ એની પાસે જમીન ન રહેવી જોઈએ. આ રાજયની સંપત્તિ ઉપર રાજયની જનતાનો અધિકાર છે. પછી ઉદ્યોગપતિ ગમે તેવો માનીતો હોય કે ગમતો હોય એના માટે થઈને રાજયની મિલકત લૂંટાવી ન શકાય. આવા તો ઘણા બધા દાખલા આપી શકાય તેમ છે પરંતુ મારે વિશેષ નથી પડવું પરંતુ મારા સાથી અર્જુનભાઈ એમાં વધારે પ્રકાશ ફેંકશે. આ રાજયમાં કયાંય પણ કોઈ વેચાણ થાય તો એના ઉપર રાજયની તિજોરીમાં આવક થતી હોય છે. રાજાઓના સાલિયાણા પણ અમારા બંધ થઈ ગયા છે હું એને આવકારું છું એ લોકશાહીની દેન છે. પરંતુ આપણે ત્યાં એક નવા રજવાડા ઊભા થયા છે જેને આપણે ઘેર બેઠા સાલિયાણું આપવા પ્રયત્ન કરીએ છીએ. જેને કશું જ કર્યુ નથી પરંતુ માત્ર આપણે માટે કંઈક કર આપ્યું હોય તેવું કર્યુ શું, ભાવનગરમાં રામનગરમાં કાળિયાબીડ નામની વસાહત ઊભી થઈ છે. આ વસાહતમાં આજે પણ અનેક પ્લોટો વેચાયા કે મકાનો વેચાયા રાજયની તિજોરીમાં એક ફૂટી કોડી પણ નથી આવતી. પરંતુ પાલીતાણા સુગર મિલ જેણે તમામ નિયમો તોડીને નબળા વર્ગના લોકોને બદલે શ્રીમંતો માટે બંગલાઓ બનાવ્યા અને ઘણું કર્યુ, ત્યાં આગળ કોઈપણ પ્લોટ વેચાય કે નામફેર કરવું હોય તો ૩૦ હજાર રૂપિયા પાલીતાણા સુગર મિલને મળે, કે જેને હમણાં ઈસ્કોન બિલ્ડિંગે ખરીદી છે. તેને આપો એટલે તમારું નામ ટ્રાન્સફર થાય અને સરકારની તિજોરીમાં એક પણ રૂપિયો ન આવે. શા માટે તમે આને રેગ્યુલરાઈઝ નથી કરતા? જે દંડ કરવો હોય તે કરનારને કરો. આપ એને Prevention of Anti-social Activitiesમાં land grabing માટે જેલમાં મોકલો. પણ સામાન્ય માણસને આપ આ વસાહત રેગ્યુલરાઈઝ ન કરી શકો? શું આપણી એ જવાબદારી નથી કે આ વસાહત રેગ્યુલરાઈઝ કરીને સરકારની તિજોરીમાં પૈસા હોવા જોઈએ, નહીં કે પેલાને સાલિયાણું મળતું હોય અને કોઈ થોડા-ઘણાં લોકો નહીં, ૧૦ હજાર કરતાં વધારે લોકો આ વસાહતમાં વસે છે. આ માણસની હિંમત તો જૂઓ, આટલું ખોટું કરે છે અને છતાં આપની સામે contempt of court નામદાર સુપ્રીમ કોર્ટમાં કરતો હોય તો એનું નાક દબાવવાનો મોકો હોય એ પણ આપણને ગમતું નથી. કારણ કે આપણાં અંગત સંબંધો છે કોઈના તેની સાથે. આપણે ત્યાં એમના કોઈ કાર્યક્રમમાં જઈએ છીએ એટલા માટે અને જો આ કરીશું તો નુકસાન એ રાજયનું થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની સુરક્ષા માટે લડનારા સૈનિકો માટે રહેણાંકની જમીન આપી. તમામ જ્ઞાતિના સૈનિકો છે. બ્રાહ્મણથી, ક્ષત્રિયથી, દલિતથી લઈને બધા જ વર્ગના લોકો ત્યાં વસે છે. તેના માટે એક સોસાયટી બની છે, ભાવનગરમાં. મિલિટ્રી સોસાયટી. એ નવી શરતની જમીન હતી. આ રાજય સરકારે નિર્ણય કર્યો, ટોકન પ્રિમિયમ લઈને એક ધન્યવાદ આપવા પડે એવો નિર્ણય કર્યો કે આ આર્મીમેનની જમીનને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવી આપવામાં આવશે. રાજય સરકારના નિર્ણય પછી કેટલાક સૈનિકોએ આ લાભ પણ લઈ લીધો. મને તો સમજાતું નથી. ગવર્નમેન્ટનું રેઝોલ્યુશન, જી.આર. થયા પછી વસાહતીઓ પૈકીના અમુક લોકોએ

લાભ લઈ લીધો હોય અને પછી કોઈ અધિકારીને તુક્કો સૂજે અને આખી વાતને અટકાવી નાખે અને આપણે તેની ચિંતા ન કરીએ. આ આર્મીમેનમાંથી જેટલાએ શરૂઆતમાં લાભ લીધો તેણે લઈ પણ લીધો છે. આજે હવે અરજી કરે છે નવી શરતમાંથી જૂની શરત માટે તો કલેકટરશ્રી કહે છે કે સરકારમાં સ્પષ્ટતા પૂછાવી છે અને સરકારમાંથી જવાબ આવતો નથી. એક નવી સ્ટાઈલ શરૂ થઈ છે. પહેલાંનો સમય જોજો. આ ગૃહના કોઈ પણ સભ્યશ્રી કલેક્ટરને પત્ર લખે, કલેક્ટર ટાઈમબાઉન્ડ એનો જવાબ આપતા હતા કે માનનીય ધારાસભ્યશ્રીનો આ પત્ર છે. લાખો લોકોના પ્રતિનિધિનો આ પત્ર છે. તેનો અક્ષરસ: જવાબ આવતો. માત્ર તમારો પત્ર મળ્યો છે અને ખો કર્યું હોય એમ મામલતદારને મોકલ્યો એવો જવાબ નહીં, આપને એકનોલેજમેન્ટ મળ્યા પછી ટાઈમબાઉન્ડ અને કલેકટરશ્રીઓ તેની મિટિંગ રાખતા હતા કે ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓના પત્રોના જવાબો આપવા માટેની સ્પેશિયલ મિટિંગો રાખતા હતા. મારે આપ સૌને આ ગૃહમાં આપના મારફત પૂછવું છે, આ પક્ષના હોય કે આ પક્ષના હોય, આ અધિકારીશ્રીઓ એ પ્રજાના સેવકો છે. સરકારની ટ્રેઝરી એ પ્રજાની માલિકીની છે. તેના આપ પ્રતિનિધિ હો આપને પણ યોગ્ય માન મળે છે ખરું? આપણે અહીંયા હાથ મૂકીને પૂછીએ અને એક શેના માટે ફાટી પડ્યા છે? કારણ કે એ માનીતાઓ છે. હા, છે લોકો સારા પણ આઈ.એ.એસ. અધિકારીઓ છે. સારા પણ મહેસૂલ વિભાગના અધિકારીઓ છે પણ એ સારા અધિકારીઓ સાચું લખે છે ફાઈલ પર, સાચું બોલે છે એટલે આપણે તેને સાઈડ પોસ્ટીંગ કરી દઈએ છીએ કે તમને ફીલ્ડમાં પોસ્ટીંગ ન હોય, મારા પગમાં પડો તો ફીલ્ડમાં જાવ, નહીંતર અહીંયા ડૅપ્યુટી સેક્રેટરી-ક્લાર્ક જેમ ક્યાંક બેસાડીશું. આ પરિસ્થિતિનું નિર્માણ આ રાજયમાં થયું છે.

જંત્રીના ભાવ, આપે કહ્યું હતું અમે કન્સીડર કરીશું, કોણ રોકે છે આપને? કેવા જંત્રીના ભાવો થયા છે? મેનેજ ભાવો થયા છે. જેને વ્યાજબી રીતે ધ્યાને લેવા અત્યંત જરૂરી છે. સ્ટૅમ્પ ડ્યૂટીમાં આપણાં ધોરણો સરખામણી કરીએ તો બીજાં કરતા બહુ વધારે છે. બીજું તો ઠીક, લીકવીડેટર મૂક્યા હોય, જમીન સંપાદન થઈને તેને વેચવાની હોય, એ વેચાણ કરે તેને બે વખત સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે એવી આખા દેશમાં કયાંય પરિસ્થિતિ નથી. લીકવીડેટરે પહેલાં જે મિલકત ગઈ હોય તેના લીકવીડેટરના ખાતે કરવાની, પછી લેનારના ખાતે. બે બે વખત સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે તેના કારણે કઈ પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેનો વિચાર મહેસૂલ વિભાગે કરવો પડશે. પાંજરાપોળોની જમીનો મહેસૂલ વિભાગ આજકાલ લઈ લેવાનો પ્રયત્ન કરે છે. શા કારણે આ બધું કરીએ છીએ? શું આપણને પાંજરાપોળની જમીનો ઉપર પણ આપણી નજર પડે છે કે અહીંથી પણ લઈ લઈએ અને માનીતાઓને આપી દઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રમતગમત ક્ષેત્રે એટલું જ કહેવું છે કે આ વિભાગમાં નાણાંની ફાળવણીથી સંતોષ નહીં લઈ શકીએ. પહેલાંનાં આંકડા અને આજના આંકડા આપવાની એક ફૅશન થઈ ગઈ છે, માનનીય મંત્રીશ્રી જવાબ આપે, આટલા ગણું વધાર્યું. આપ એક તરફ આંદોલન કરો છે. વિકાસશીલ દેશમાં ભાવોમાં જે રીતે ભાવાંકનો વધારો થતો હોય છે એના પ્રમાણમાં માત્ર આંકડાઓ નહીં પરિણામલક્ષી વાત કરતાં શીખવું પડે. રમત ગમત વિભાગના આપણા કોચીશ છે, આપણા અધિકારીઓ છે. આપણે એમને ફિક્સ પગારમાં રાખીશું, એને પ્રમોશન નહીં આપીએ, આપણે એને યોગ્ય લાભો નહીં આપીએ, શું આપણને સારા કોચીશ પ્રાપ્ત થવાના છે ખરો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાની જવાબદારી કોની, રાજય સરકારની. આપણા ખેલાડીઓ નેશનલ લેવલ ઉપર કોઈ ટૅનિસ રમનારી દીકરી હોય એ એમ કહે કે હું અહીંથી પૂના ચાલી જાઉં છું. એનું આખું કુટુંબ અહી હોય અને એ પૂના ભણવા જાય. કારણ કે, મને યોગ્ય ઈફ્રાસ્ટ્રકચર મળતું નથી, મને અહીં યોગ્ય સગવડતાઓ નથી મળતી, કોચ આપતા નથી. ત્યાં મને બધી જ સગવડો મળે છે. હું ત્યાંથી રમીશ. આખરે કોને નુકસાન થાય છે? આપણે કેટલા સારા ક્રિકેટરો ગુજરાતે આપ્યા. બીજા નાના રાજયો પણ એનું કેવું માન અને સન્માન કરે છે. કાર્તિક, યુસુફ, ઈરફાન, જાડેજા, કોઈનું સન્માન કરવા માગો છો? ટોકન સન્માનથી નહીં આત્મ સંતોષ માની શકીએ. જો નાના રાજયોએ એમનું કયા પ્રકારનું સન્માન કર્યું છે? કેટલી વખત લાગણીઓને છંછેડવાની? શબ્દોની સજાવટનો અહમનો રણકાર કરવાનો પ્રયત્ન થાય છે ત્યારે હું ચાર લાઈનો કહીને મારી વાત પૂરી કરું છું.

" કંઈક કેટલાય ચાલ્યા ગયા, નજર પણ રડતી નથી,
કંઈક કેટલાય ચાલ્યા જશે, ખબર પણ પડવાની નથી,
તારી સત્તાનું આવું અભિમાન ન કર,
અરે, સિકંદરની પણ અહીં કબર જડતી નથી."

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રીશ્રીમતી આનંદીબેન જે માગણી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શકિતસિંહે પ્રવચન પૂરું કર્યું સિકંદરથી. હું શરૂઆત કરું છું સિકંદરથી. સિંકદર કો પોરસને તાકાતથી રોક્યો સિકંદરને, સિકંદરને પોરસને રોક્યો હતો. આ દેશ અને ગુજરાતનો ઇતિહાસ જુદો છે અને એટલા માટે જે લોકો ઇતિહાસના પાને ભલે હશે.પણ ઇતિહાસ ખોલીને જોઈએ તો એ જ રામાયણ, એ જ મહાભારત, એ જ વેદો, એ જ ઉપનિષદો. એના જે પાત્રો છે એ પાત્રો છે એ આગામી દિવસોમાં અમર રહેવાના છે. એની નોંધ લઈને જ્યારે વાત કરવી છે ત્યારે હમણાં બે-પાંચની વાત કરી, ઉદ્યોગપતિઓની વાત કરી. આ સરકારને બે-પાંચ જણાની ચિંતા નથી. ૫.૫ કરોડ ગુજરાતીઓની અમને ચિંતા છે. અમારે તો એના વિકાસ માટે

કામ કરવું છે, છેવાડાના માનવી સુધી પહોંચવું છે. મારે વાત કરવી છે આ સરકારની એક ઇમેજ બની છે. મહેસૂલ વિભાગની માગણી છે ત્યારે આ વિભાગ કેટલો અઘરો હતો એને એનો પનારો જેને પડ્યો હોય એને ખ્યાલ આવે. છેલ્લા દસ વર્ષના શાસનમાં કયા પ્રકારની ઇમેજ આ વિભાગની બની છે. આ સરકાર પેપરલેસ વહીવટ કરવા તરફ જઈ રહી છે, કમ્પ્યુટરરાઈઝેશન, એની સાથે ઈ-સ્ટેમ્પીંગના સુધારા, ઈ-ફ્રેન્કીંગથી આ બધુ લઈને ૧૩૫ ડીની નોટીસોમાં ઈ-મેઈલ મેસેજ, ફેક્સ મેસેજ, આ બધી અનેક યોજનાઓ છે. ઈ-મેઈલ પર પ્રશ્નોનું ઈ-મેઈલ પર જ સોલ્યુશન. આ બધી સિસ્ટમ છે. પેપરલેસ વહીવટ તરફ જવાની સરકારની શરૂઆત છે. અને એની સાથે સાથે પેઈનલેસ એડમિનિસ્ટ્રેશન, આ સરકારે ગામડાના છેવાડાના માણસોને જેટલી પણ હેરાનગતિ થતી હતી, જ્યાં જ્યાં મુશ્કેલીઓ થતી હતી, એ કિસાનોને થતી હોય કે ગણોતિયાને થતી હોય કે નાના સીમાંત ખેડૂતોને થતી હોય કે જમીનને એન.એ. કરાવવામાં થતી હોય આ બધા પ્રકારમાં સરળીકરણ કરીને પેઈનલેસ વહીવટ આપવાનો પ્રયત્ન સરકારે કર્યો છે. સાથોસાથ ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ આપવાનો પ્રયત્ન પણ આ સરકારે કર્યો છે ત્યારે પેપરલેસ, પેઈનલેસ અને પેનીલેસ વહીવટના પ્રણેતા ગુજરાતના મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીશ્રીને હું મારા અભિનંદન પાઠવું છું. મારે વાત કરવી છે કે મહેસૂલ વિભાગની વાત કરીએ ત્યારે મેં અગાઉ પણ કહ્યું છે કે આ વિભાગનો ભૂતકાળમાં જેને પનારો પડ્યો હોય એને ખબર પડે કે આ કેટલો અઘરો વિષય છે. તલાટીથી શરૂઆત કરીએ. એ વર્ષોમાં તલાટી એટલે ગામનો સર્વેસર્વા. તલાટી એટલે કલેકટર, કેટલો અઘરો હતો, કેટલું મુશ્કેલ હતું એને સમજવાનું? આજે આ સરકારે સરકારી કર્મચારીઓમાં પણ શિસ્ત આવે, સંયમ આવે એ પ્રકારના કાર્યક્રમો કરીને વહીવટી તંત્રને દોડતું કર્યું છે. ટકોરો મારીને વહીવટી તંત્ર જાગી જાય એ પ્રકારનું પાલન થયું હોય તો આ વહીવટી તંત્રમાં થયું છે. ગરીબ કલ્યાણ મેળાઓમાં એમની તાકાત, આ કર્મચારીઓની શક્તિનું પ્રદર્શન અને કસોટી પણ થઈ છે. આ કસોટીમાં એ લોકો સુપેરે પાર પણ ઊતર્યા છે ત્યારે મેં કહ્યું કે આ અઘરા વિભાગ પાસેથી કામ લીધું છે ત્યારે મને બે-ચાર કહેવતો કહેવાનું મન થાય છે. *(xxxxx) સામે ક્યારેય કોઈ ટકતું નથી. (xxxxx) હોય એટલે આપણે પડતું મૂકવું પડે. અહીંયા તો (xxxxx) કરતાં આનંદીબેન મંત્રી એટલે એના કાર્યમાં (xxxxx) પણ આવે અને આ બે ભેગા થાય....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશંસા માટે પણ કેટલાક શબ્દો નથી વપરાતા.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારે વાત કરવી છે કે એમણે જે રીતે તંત્ર પાસે કામ લીધું છે એની મારે વાત કરવી છે. આ કામ લઈને આપણે જોયું છે કે આખા વિભાગને સક્રિય રાખ્યો છે, સતત દોડતો રાખ્યો છે, સતત કાર્યશીલ અને ગતિશીલ રાખ્યો છે. પ્રજાલક્ષી અને કલ્યાણલક્ષી સુધારાઓ એની પાસે કરાવ્યા છે. એની પાસેથી કામ લીધા પછી એની સમસ્યાઓને પણ સમજ્યા છે. એની મુશ્કેલીઓને પણ સમજ્યા છે. આ કર્મચારીઓની સંખ્યા ઓછી હોય તો એમની ભરતી કરવાની શરૂઆત છેલ્લા ૧૫-૨૦ વર્ષથી ભરતી બંધ હતી, મારે એટલા માટે કહેવું છે કે આનંદીબેનના શાસનમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં લગભગ ૨૦૦૮માં ૩૯૭ જેટલા કારકુનોની ભરતી થઈ. એની સાથોસાથ ૨૦૦૯માં ૧૦૦૦ જેટલા બીજા કારકુનોની ભરતી થઈ અને જેના પર સમગ્ર કામનો બોજો છે એ તલાટીઓની ભરતી માટેનું ક્યારેય વિચારી શકાતું ન હતું. એટલા માટે અભિનંદન આપવાં પડે છે કે ગામડાની પ્રજાની મુશ્કેલીઓ હતી એનું સીધું જોડાણ આ તલાટીઓ સાથે હતું. આ તલાટીઓની ૨૦૦૦-૨૨૦૦ જેટલી પોસ્ટ ઊભી કરીને એ ભારણ ઓછું કરીને પ્રજાને સરળ વહીવટ આપવાનો પ્રયત્ન થયો છે એ પ્રશંસાને પાત્ર છે. એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. નાયબ મામલતદારની પોસ્ટમાં ઈતિહાસ એવું કહે છે, આ બધા સત્તા પર હતા ત્યારે ૨૫ વર્ષથી એકેય નાયબ મામલતદારની ભરતી થઈ ન હતી. પહેલી વાર ૬૭૬ જેટલા નાયબ મામલતદારોની ભરતીની પ્રક્રિયા શરૂ થઈ. એની સાથોસાથ સર્વેયરોની એટલી જ લગભગ ૪૭૫ જેટલી જગ્યાઓની ભરતી કરવાનું કામ કરીને માનનીય મંત્રીશ્રીએ કર્મચારીઓની સંખ્યામાં ઘટના લીધે વહીવટમાં જે મુશ્કેલીઓ હતી, જેના લીધે વહીવટમાં સરળીકરણ આવતું ન હતું એને સફળ બનાવવાના પ્રયત્નો કર્યા છે. મારે બીજી વાત એ કરવી છે કે, આ સરકારે ખેડૂતલક્ષી અને પ્રજાલક્ષી અનેક કાયદાઓ કર્યા છે એ ગણોતના કાયદામાં સરળીકરણ કર્યુ, બિનખેતીમાં સરળીકરણ કર્યુ છે. કેટલાક જટીલ કાયદાઓ છે. આ ચક્રવ્યૂહમાં જે ફસાયને એ બહાર આવતા મુશ્કેલીના વમળમાં અંદરને અંદર ડૂબતો જાય છે એમાંથી સરળ કાયદાઓ બનાવ્યાં. ખૂબ ઓછા વિભાગોની એન.ઓ.સી. જે તે વિભાગે જ મેળવવાની એવા કાયદાઓ બનાવીને ગામડાનાં હજારો ઘરવિહોણા કુટુંબો, શહેરના હજારો-લાખો ઘરવિહોણા કુટુંબોને એનું પોતાનું મકાન બને અને એ માટે જમીન બિનખેતીની થાય, મકાનો બને એવા સરળ કાયદાની શરૂઆત આ સરકારના શાસનમાં થઈ છે ત્યારે જેને મકાનનો આશરો મળ્યો છે, જેને રહેવાને માટે પોતાનું ઘર મળ્યું છે એવા અનેક લોકોના આશીર્વાદ આ સરકારની સાથે જોડાયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એ પણ વાત કરવી છે કે આ સરકારે અનેક સુધારાઓ કર્યા છે. ટેકનોલોજીના સુધારાઓનો જેટલો ઉપયોગ થઈ શકે એટલો ઉપયોગ કરીને જેટલી સરળતાથી વહીવટ થાય એ પ્રમાણેના કામો શરૂ કર્યા છે. મારે બાયસેકની વાત કરવી છે. ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ જે ગાંધીનગરમાં છે. એ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બાયસેકની સેટેલાઈટ સિસ્ટમની ઈમેજનો, આખી ટેકનોલોજીનો ઉપયોગ કૃષિખાતામાં, મહેસૂલ ખાતામાં કર્યો છે અને ખેતીની જમીનો, એની માપણી, રેલ વખતે એની કયા પ્રકારની પરિસ્થિતિ, પૂર વખતે એની કયા પ્રકારની પરિસ્થિતિ, ખાડા-ટેકરાવાળી જમીન છે કે કેમ? આ પ્રમાણે આકાશમાંથી જમીનની વિગતો રેકર્ડરાઈઝ કરવાનું કામ આ સરકારે શરૂ કરાવ્યું છે એના જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. ૧૦ મિનિટ થઈ ગઈ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : એકજ વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** :નહિ, મારે આપના ૧૬ સભ્યોને તક આપવાની છે એટલે. નહિ, (અંતરાય) આપનું વાક્ય પૂરું કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : છેલ્લું વાક્ય, અનેક પ્રકારની પ્રજાલક્ષી અને કલ્યાણલક્ષી યોજનાઓ લઈને જ્યારે મહેસૂલ મંત્રીશ્રી આવ્યાં છે ત્યારે એમની માગણીઓ સાથે હું મારો સૂર પૂરાવીને મારા પ્રવચનને વિરામ આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપના બંને શબ્દો * (xxxxx) અને * (xxxxx) બંને શબ્દો હું અસંસદીય જાહેર કરું છું અને એને કાઢી નાખું છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રી ૨૦૧૦-૧૧ ના અંદાજપત્ર પરની માગણીઓ રજૂ કરી છે એમાં મારો ટેકો અને સૂર પૂરાવું છું.

માનનીય મહેસૂલ મંત્રી બજેટની જોગવાઈઓનો મહત્તમ ઉપયોગ કરીને સુધારા, સરળતા અને આવકારલક્ષી કામગીરી હાથ ધરી છે તેને આપણે બિરદાવવી જ જોઈએ. આ મંત્રીએ આધુનિકીકરણ કરી વધુ સાનુકૂળ, સંવેદનશીલ વહીવટ થાય એ કામગીરી મહેસૂલ વિભાગે કરી છે. ખાસ તો મારે સભાગૃહનું એ બાબતે ધ્યાન દોરવું જોઈએ કે સ્વર્ણિમ ગુજરાતના ભાગરૂપે સરકારે મહેસૂલ વિભાગની જિલ્લા કક્ષાની, પ્રાંત કક્ષાની, મામલતદાર કક્ષાની સર્વે કચેરીઓમાં જનસેવા કેન્દ્રો ઉપસ્થિત કર્યા છે ત્યારે આવા ઊભા થયેલા જનસેવા કેન્દ્રોની અંદર ૫૪ પ્રાંત અધિકારીઓ, ૨૨૫ મામલતદાર કચેરીઓ શરૂ કરી શક્યા છે. ગામડાની જે જનતાને તેને લાભ મળી ચૂક્યો છે. આ સરકારની અંદર સરળીકરણ એટલા માટે કહેવાય કે પહેલા બિનખેતી કરવા માટે એટલા બધા ૧૮ જેટલા વાંધાઓ હતા. માનનીય અધ્યક્ષશ્રી, એમાં બે-ત્રણ વર્ષે કોઈ એન.એ. કરતું નહોતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, (અંતરાય)

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જમીન જ્યારે એન.એ કરવા માટે જાય ત્યારે (અંતરાય)

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બેઠા બેઠા)** : રૂપિયા આપવા માટે એમ કહોને..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમને તક છે, તમારું નામ આવે ત્યારે બોલજો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : કયાંય પણ વિમાન ના દેખાય તો એરોડ્રોમની મંજૂરી લેવાની, કયાંય કેનાલ ના દેખાય તો રોડ એન્ડ બિલ્ડિંગની મંજૂરી લેવા જવાની, કયાંય કારખાનું ના દેખાય તો એના માટે એની અંદર પ્રદૂષણની મંજૂરી લેવા જવાની અને મકાન વિભાગની પણ મંજૂરી લેવા જવાની. આ બધી ઓથોરિટીઓની મંજૂરીઓ લેવામાં એક-એક, બે-બે કે ત્રણ-ત્રણ, વર્ષ થતા હતા. જ્યારે બે વર્ષ થાય ત્યારે એ જમીનની કિંમત ક્યાંક વધી ગઈ હોય અને માણસને મુશ્કેલીઓનો પાર નહતો. બીજી વાત કરીએ તો લોક દરબારો, માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેનને મારે અભિનંદન આપવાં જોઈએ કે દરેક જિલ્લાવાઈસ્ લોક દરબારો ભરી લોકોના પ્રશ્નો લોકોની વચ્ચે ઉકેલવાનો એમણે પ્રયત્ન કર્યો છે ત્યારે એમને હું આવકારુ છું. મહેસૂલ મંત્રીશ્રીએ દરેક જિલ્લા કલેક્ટરોની ઑફિસોમાં જઈ અને જિલ્લા કલેક્ટરોમાં કલેક્ટર, મામલતદાર, પ્રાંત અધિકારી અને નીચેના અધિકારીઓ સાથે મીટિંગો અને એ મીટિંગોની અંદર જે કાંઈ પડતી મુશ્કેલીઓ જોઈ, જ્યાં જરૂરિયાત હોય કે ત્યાં શું જોઈએ એની માગણી કરતા હતા. મારે એ વાત પણ કરવી છે કે, સરકારશ્રી તમારા દ્વારે, આ કયારેય બન્યું હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૮૩-૮૪માં સરપંચ હતો ત્યારે મારે તલાટીની સિવાય કોઈ આધાર નહતો અને તલાટી ન હોય ત્યારે અમારે મામલતદાર તો કહે મીટિંગમાં, પ્રાંત અધિકારી તો કહે પ્રવાસમાં છે, કલેક્ટરને મળવાનો તો કોઈ સવાલ જ નથી એવી પરિસ્થિતિ હતી. આ એવી ભા.જ.પ.ની સરકાર છે કે, ગામડે ગામડે અને દરેક ગામની અંદર જ્યારે ગ્રામ સભા ભરાય ત્યારે ટી.ડી.ઓ., ડી.ડી.ઓ., કલેક્ટરની હાજરી હોય છે અને બધાની વચ્ચે પડેલા પ્રશ્નો જે પ્રશ્નોને ગામ વાચા આપે એ પ્રશ્નોનું નિરાકરણ થાય છે અને પહેલી વાર આ સરકારમાં પ્રશ્નોનું નિરાકરણ થાય છે. અને પહેલા નિરાકરણ થતું હતું તો રિઝર્વેશન ઉઠાવવાનું, કયાં રિઝવેશન પડ્યું છે? તો નરહરિ જેવાને પકડી અને એને ઉઠાવો. મિત્રો આજની તારીખમાં નાનામાં નાના માણસને શું લાભ આપી શકાય મહેસૂલ વિભાગે એની ચિંતા કરી છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કરવી જોઈએ કે, આના માટે ૮૮ જેટલી મહેસૂલી કચેરીઓ બાંધવામાં આવી છે, ૧૭ જેટલી કચેરીઓની કામગીરી પૂર્ણ થઈ છે અને મહેસૂલ કચેરીમાં આધુનિક મકાનો બાંધી ભવ્ય આયોજન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા અરજીઓ કરવી પડતી હતી, પહેલા અરજી પંચાયતોને કરે, તલાટી મામલતદારમાં જાય, મામલતદારમાંથી પ્રાંતમાં જાય ત્યાંથી કલેક્ટરમાં જાય જ્યારે આજે કેન્દ્રો ખોલી અને સીધી અરજી તમે તમારા કેન્દ્રો ઉપર કૉમ્પ્યુટરથી જન સેવા કેન્દ્રો ઉપર પ્રજાને પોતાની જરૂરિયાતની જે કાંઈ જરૂરિયાત હોય એ એક

જ સ્થળે કૉમ્પ્યુટર પદ્ધતિથી મળી રહેવાની છે. આના લીધે હવે સરલીકરણ થયું છે, જેના કારણે ખૂબ પ્રજાને લાભ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું જોઈએ કે, મારા વિસ્તારમાં બે વર્ષ પહેલા જ્યારે પાણી આવ્યું હતું ત્યારે ચોવીસ કલાકની અંદર એમને રાહત મળી હતી અને જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે અમારા વિસ્તારમાં અમારા પ્રભારી મંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી, અમને જ્યારે, જ્યાં જરૂર પડી ત્યારે અમારી પડખે રહ્યા છે, એમને પણ મારે અભિનંદન આપવા જોઈએ. મારે એ વાત કરવી છે કે, જમીનની કે આ જમીનોના કેટલા પ્રકારો હતા. જમીનોના પ્રકારની વાત કરું તો નવી શરતની, જૂની શરતની, સાંથણીની જમીન, ઇનામી જમીન, પસાયતા જમીન, ચાકરિયાત જમીન, ગૌચરની જમીન, યુ.એલ.સી.ની જમીન વિગેરે આ જમીનોની અંદરથી કોઈ બહાર આવતું નહતું. આમાં પણ સરલીકરણ કરી આ સરકારે એક પદ્ધતિ અપનાવી છે કે, જેટલું બને એટલું પ્રજાને આપણે કઈ રીતે મદદ કરી શકીએ અને મદદ કરી છે એના માટે પણ વાત કરવી જોઈએ. હું સાંથણીની વાત કરું તો, ૨૦૦૬ થી ૨૦૦૯માં ૭૬૪૦ હેકટર જમીન સાંથણીની ગરીબોને આપવામાં આવી છે. એમાં અનુસૂચિત જનજાતિના ૧૫૯૫ લાભાર્થીઓને આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસૂલ વિભાગ એક એવો વિભાગ છે કે, જે બધાને સ્પર્શતો વિભાગ છે. આ મહેસૂલ વિભાગની વાત કરીએ તો નાનામાં નાના માણસને મદદરૂપ થાય એવો આ વિભાગ છે. આ વિભાગ જયારે આવી મદદ કરે છે ત્યારે મારે એ પણ વાત કરવી જોઈએ. જયારે જયારે મહેસૂલ વિભાગ એ અટપટો વિભાગ હતો એનું સરળીકરણ કરી દીધું છે. આજે કલેકટરે તુમારો, તકલીફ કયાં છે એ પોતે ખોળવાની છે. પહેલા અરજી કરનારે બધા તુમારો કે જે અટપટા પ્રશ્નો હતા એનું નિરાકરણ અરજદારે કરવાનું હતું. મારે તુમારોની વાત કરવી છે. તુમારોનો ઢગલો થઈ ગયો હતો. જુની સરકારમાં તુમારો નીચે આખો વિભાગ દટાઈ ગયો હતો. એનું સરળીકરણ કરીને તુમારો આજે ઝીરો પોઈન્ટ છે આજે એક પણ તુમાર બાકી નથી એમ કહીએ તો ઓછું નથી માટે જે બીલ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહેસૂલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને બીજી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આત્મારામભાઈ બોલતા હતા. હું એમને વારંવાર બહુ આદરપૂર્વક સાંભળું છું અને આજે પણ બોલ્યા. કયારેક અંદરની આહ છે એ બહાર નીકળી જતી હોય છે આજે કદાચ આહ બહાર નીકળી ગઈ છે પણ આજે જે માનનીય મંત્રીશ્રીઓ છે મહેસૂલ વિભાગમાં આદરણીય શ્રીમતી આનંદીબેન અમારા સૌના માટે આદરણીય છે અને અમે ખૂબ એમનો આદર કરીએ છીએ. મારે માત્ર એટલું જ કહેવાનું છે કે જે વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એ મહેસૂલની સાથે સંકળાયેલી છે અને મહેસૂલની સાથે સંકળાયેલી હોય એટલે જમીનની વાત આવે જ અને એ જમીનની વાત છે કે જે જમીન માટે, જે ધરતી માટે અનેક નવલોહીયાઓએ બલિદાન આપ્યા છે અને આજે એ દિવસ છે કે જે દિવસે આ દેશના સર્વશ્રેષ્ઠ શહીદોમાંના શહીદ એવા ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુનો શહીદ દિન છે. આ દિવસે જયારે શહીદ થયા ત્યારે મેઘાણીજીએ ગાયું હતું કે વીરા મારા પંચ રે સિંધુને સમશાન રોપાણા ત્રણ રુખડા. આ ત્રણ પુત્રો છે આપણા એમનો આજે શહીદ દિન છે અને આત્મારામભાઈ આ ભગતસિંહ તો એવા હતા કે એમણે એમ કહ્યું હતું કે હું ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી પરંતુ આ ધરતી માટે ખપી જવા તૈયાર છું. કોઈ નાની નાની બાબતો માટે, એની કૃપા મેળવવા માટે કોઈને ભગવાન કહ્યા નહોતા પણ ભગવાનને પણ ભગવાન કહેવા તૈયાર નહોતા આ એવા શહીદોના આપણે વારસદાર છીએ એટલે આ એક ધરતીનું રક્ષણ કરવાની આપણા સૌની જવાબદારી છે અને જયારે ધરતીનું રક્ષણ કરવાની આપણા સૌની જવાબદારી હોય ત્યારે ધરતીને માતા તરીકે પણ આપણે સ્વીકારી છે અને આજે માતાનું ચીર હરણ થયું છે અને એટલા માટે સૌ વેદનાથી બોલે છે જયારે ધરતીની વાત કરીએ છીએ ત્યારે વેદનાથી બધા બોલતા હોય છે કે કેવી હાલત કરી નાખી છે. અંગ્રેજોએ પણ આવી હાલત નહોતી કરી. નવાબો અને રાજાઓએ પણ આવી હાલત નહોતી કરી. મારા પડોશમાં તો નવાબનું રાજય હતું અને નવાબના રાજયની અંદર જે ધર્મસ્થાનો હતા એનોય ગરાસ હતો અને અવાડા પણ જે ગાયોને પાણી પીવડાવવા માટે હતા, ગૌચર હતા એનોય ગરાસ હતો. અનેક લોકો માટે, સમાજ કલ્યાણ માટે આ ધરતીનો ઉપયોગ થતો. આજે ખિસ્સા ભરવા માટે થાય છે. મારે થોડા દાખલાઓ આપવા છે.સત્યમ કંપની ગુજરાતમાં આવી. એમના ચેરમેન રાજુ. એ રાજુની સાથે આપણા નંબર-૧ એ ફોટા પડાવ્યા. સત્યમ કંપની આવી છે. આપણે આઈ.ટી.ની ક્રાંતિ ગુજરાતમાં લઈ આવીશું અને કેટલા ૪૫૦ રૂપિયે મિટર જમીન અપાઈ. આજે એ કંપનીનું અસ્તિત્વ કયાં છે અને જે એસ.ઈ.ઝેડની જમીન અપાઈ હતી, એ જમીનની સ્થિતિ શું છે? (અંતરાય) આશારામને ત્રેવડ હોય તો પકડી લો. ત્રેવડ નથી કોઈની વાત કરો છો. આજે રક્ષણ આપો છો. આશારામના બાહુપાશની અંદર કોણ અહીયા સિદ્ધપુરની અંદર ગયા હતા. જરા ફોટા જોઈ લેજો. ન હોય તો હું ફોટા આપીશ તમને. સિદ્ધપુરની અંદર આશારામે એમ કહ્યું હતું મુજે તો મેરા શિવા મિલ ગયા. આ શિવો કોણ થયું હતું એ જરા જોઈ લેજો. અને આ રામદાસ આવો હોય એના કરતા ડૂબી મરવું જોઈએ. શિખામણ આપો જેને આપવાની હોય એને. મને નહિ. હું દાખલો આપવા માગતો હતો.

**અધ્યક્ષશ્રી** : આપ આપના વિષય ઉપર રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વિષય ઉપર આવું છું. હું તો આશારામનો જવાબ આપીશ. આશારામનું કહેશે તો. અને બીજાનો જવાબ આપીશ અને જેની હિંમત હોય તો બોલે મારી વચ્ચે.

**અધ્યક્ષશ્રી** : આપણે ચર્ચાનો જવાબ આપવાનો બધાને અધિકાર છે. આ બાજુએથી જ્યારે આવશે ત્યારે તમે તમારી ચર્ચાનો ચોક્કસ જવાબ આપશો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાત એ કરતો હતો ધરતી માતાની હાલત કેવી કરી છે. કચ્છ આપણો સુખી પ્રદેશ હતો. આજે એ સુખી છે, પણ આજે એનું જે ધરતીનું ચિરહરણ થઈ રહ્યું છે, એની થોડી વાત કરવા માગું છું. શક્તિસિંહભાઈએ બહુ સાચી વાત કરી કે એક જ ઉદ્યોગ ગૃહને આખા રાજ્યની અંદર ન અપાય હોય તેટલી જમીન અપાય પાણીના ભાવે. અને વારંવાર વાત કરી છે કે માનનીય મંત્રીશ્રી સમાજ કલ્યાણ વિભાગના હાજર છે. મીટિંગ બોલાવી. બધાએ કહ્યું અમારી પાસે વિધવા બહેનો આવે, બી.પી.એલ. પાસ નથી. ત્યક્તા બહેન આવે બી.પી.એલ. પાસ નથી. કલેક્ટર પાસે જઈએ કે જમીન આપો. ૧૦૦ વારનો પ્લૉટ આપો. અમે ફાળો કરીને મકાન બનાવી દઈશું. તો કહે છે કે નિયમમાં જોગવાઈ નથી. કલેક્ટર ના પાડે છે. કોઈ અપંગ આવે, વૃદ્ધ આવે, નિરાધાર આવે, ઝૂંપડું બનાવવા માટે ૫૦ વારનો પ્લૉટ નથી. કલેક્ટર ના પાડી દે. મારા એકલાની વાત નથી. આ ગૃહમાં બેઠેલા તમામ પક્ષોના સભ્યોએ મંત્રીશ્રી પાસે રજૂઆત કરી. બધા અધિકારીએ કહ્યું સાચી વાત છે. એની આગળ શું ચર્ચા થઈ મારે કહેવી નથી. વાત એ છે કે નિરાધાર, વૃદ્ધોને, વિધવાઓને ઝૂંપડું બનાવવા માટે ૫૦-૧૦૦ વારનો પ્લૉટ જોઈતો હોય તો એના માટે આ સરકાર પાસે જમીન નથી. મને એમ હતું કે થોડા ૫ કરોડપતિ માટે નહિ, ૫ અબજોપતિ માટે જગ્યા હશે, પણ હવે તો અબજોપતિઓની સંખ્યા ખૂબ વધતી જાય છે અને બાકી હતું કચ્છનું રણ અત્યાર સુધી અનામત રાખ્યું હતું. કોઈને ન આપવા. હમણા શું થયું. કચ્છની અંદર એમ લાગ્યું કચ્છના રણની અંદર મીનરલ, કેમિકલ્સ પડેલા છે અને માનીતા લોકોને જ આપવા જોઈએ. બીજા કોઈને નહિ. શક્તિસિંહભાઈએ સાચી વાત કરી કે ઉદ્યોગ ગૃહને પૉર્ટ બનાવવા આપ્યો. આને એમ કહ્યું કે અમારે મીનરલ કૅમિકલ્સ બનાવવાના છે, એટલા માટે અમને જમીનો આપો. કોઈએ કહ્યું મીઠાના અગર બનાવવા છે. દેશનું ૬૦ ટકા મીઠું આપણું ગુજરાત પકવે છે. નાના નાના અગરિયાઓ પકવે છે. તેણે કહ્યું તમને નહિ, પણ માનીતા લોકોને બહારથી લઈ આવવા છે, એટલા માટે આ માનીતા લોકોને કેટલી જમીન અપાઈ. આ આર્ચિયેન કૅમીકલ ચેન્નાઈનું ગૃપ છે. ઘણી બધી અરજીઓ આવી હતી. આર્ચિયન ગૃપને અને બીજી બે કંપનીઓ છે જખાઉ સોલ્ટ અને વેલબ્રાઈન કૅમીકલ.

માનનીય અધ્યક્ષશ્રી, થોડી ઘણી નહીં, ૫૯૩૫૫ એકર જમીન એક જ કંપનીને અપાઈ. બીજી એક સોલારીસ કેમટેક લિમિટેડ ગૃપ છે તેને ૪૭૧૨૨ એકર જમીન અપાઈ અને ફરી પાછું તેનાથી આગળ આર્ચિયન કૅમીકલ ગૃપ છે તેણે ૩૯૪૮૧ એકર જમીન માગેલ છે અને તે સચિવાલય કક્ષાએ નિર્ણયાધીન પડેલ છે. સોલારીસ કેમટેક લિમિટેડ કંપની છે તેણે ૨૦ હજાર એકર જમીનની માગણી પડેલ છે. ટોટલ આર્ચિયન કૅમિકલ્સને આ મંજૂર થશે ત્યારે કેટલી મળશે? સાહેબ ૧૧૪૮૩૬ એકર જમીન થવાની છે. સોલારીસ કૅમિકલ્સને ૬૭,૧૨૨ એકર જમીન થવાની છે. તે સિવાયની આઠ કંપનીઓ એવી છે જે ગુજરાતની છે અને પ્રમાણમાં નાના નાના લોકો છે. તેઓની દરખાસ્તો તો કલેકટરશ્રી થી મામલતદારશ્રી વચ્ચે ધક્કા ખાય છે. આ બે કંપનીઓની ફાઈલો કયાંથી આવી? તો કહે સીધી કલેકટર ઑફિસમાંથી હૂક નાંખીને દોરડાથી ખેંચી મંગાવી લીધી અને મંજૂર કરી દીધી. મારા નેતા વાત કરતા હતા કે આઠ રૂપિયે ચો.મી. જમીન આપી. ઘણા લોકો ૮૦૦ રૂપિયા દેવા તૈયાર છે અને ૮૦૦૦ દેવા તૈયાર છે કોઈને ન આપી. આ જમીનના ભાવ, ભાડુ શું રાખ્યું ? તો હેકટરના ૧૫૦ રૂપિયા પ્રતિવર્ષ. હેકટરના ૧૫૦ રૂપિયા. ભાડુ કેટલું સાહેબ? એક ચોરસ મીટરનું દોઢ પૈસો. બિચારા ગરીબ કરોડપતિઓને દોઢ પૈસે ચોરસ મીટર. બિચારા ગરીબ કરોડપતિઓ. વિધવાને નહીં, અપંગોને નહીં, નિરાધારોને નહીં આવા લોકોને દોઢ પૈસો. કહેવામાં એમ આવશે આ જમીન તો રણની જમીન હતી, રણની જમીન હતી એટલે આપી હતી. જે તાંત્રિક સલાહકારો છે તેણે સલાહ શું આપી છે? આ જમીન કેવી છે? જે દરિયાનું પાણી હોય તેના મીઠાના પ્રમાણમાં બીજા સોલ્ટ ઓછી માત્રામાં હોય છે. દરિયાના પાણી કરતાં આ પ્રવાહી એટલે કે ધરતીનું જે પ્રવાહી છે રણનું પ્રવાહી તેમાં બાકીના સોલ્ટની માત્ર પ્રમાણમાં વધારે હોય છે. કચ્છના રણમાં આ પ્રવાહીમાં સારા જથ્થામાં હોય છે. આમાંથી પોટેશિયમ કલોરાઈડ, પોટેશિયમ સલ્ફેટ, મૅગ્નેશિયમ કલોરાઈડ, મૅગ્નેશિયમ ઑક્સાઇડ, બ્રોમીંગ વગેરેનું ઉત્પાદન થાય છે. આ બધા જ કૅમિકલ્સના ત્રણ વર્ષ સુધી પૂરા ન પાડી શકાય એટલા ઑર્ડરો પેન્ડિંગ છે. આ કૅમીકલ મોંઘી બને છે. બધી વિદેશથી ખાતરના કારખાનાઓમાં મંગાવાય છે. આ બનાવવા માટે આપ્યું અને જે કંપનીએ એમ કહ્યું હતું કે અમે કૅમિકલ્સ બનાવીશું તે આર્ચિયન કૅમિકલ્સ ગૃપે આ જ દિવસ સુધી આ કૅમીકલનું ઉત્પાદન શરૂ કર્યુ નથી. માત્ર મીઠાનું ઉત્પાદન કરે છે. તો મીઠાના આપણા ઉત્પાદકોને શું કરવા ન આપી? એટલા માટે કે જે લોકો એમ કહે છે કે હું ખાતો નથી, ખાવા દેતો નથી. હું ખાઉં છું અને દિલ્હી ખવડાવું પણ છું. આ આર્ચિયન ગૃપ જે છે તે મારે કહેવું છે કે એક રાજકીય પક્ષના સૌથી મોટા હોદ્દેદારોમાંના એક હોદ્દેદાર છે તેની સાથે સંકળાયેલ ગૃપ છે.

**અધ્યક્ષશ્રી** : નિયમ-૩૭ની મર્યાદામાં રહીને આપ વાત કરશો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે એ છે કે રણની જમીનને આપણે છોડી નહીં. આપણે એવું કરીએ છીએ કે આવો લૂટો રે ભાઈ લૂટો. કરોડપતિઓ આવો લૂટો રે ભાઈ લૂટો. આ પ્રકારે ચાલે છે અને પછી કોઈક જગ્યાએ આપણે ક્યાંક ફસાઈએ તો આપણે એમ કહીએ કે મારી પાછળ મિડિયા પડી ગયું છે. એમ કહે કે ગુજરાતને બદનામ કરે છે. એમ કહે કે મારી સરકારને બદનામ કરે છે.(અંતરાય) સાંભળવાની તૈયારી રાખવી જોઈએ. આપે બોલવાની તૈયારી રાખી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે, આપણે..

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.. ઓર્ડર, ઓર્ડર. એમને જયાં રોકવાના હોય ત્યાં હું એમને રોકું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે, આપણે નિયમોની બહાર કોઈની ફેવર કરીએ અને જયારે કોઈ આપણા તરફ આંગળી ચીંધે ત્યારે એમ કહીએ કે, ગુજરાતને બદનામ કરવામાં આવે છે. આપણા કુટુંબમાં કોઈ *(xxxxx) દીકરો હોય જુગાર રમી આવે, આપણી સંપત્તિ મૂકી આવે અને પછી એ આપણી પાસે ઠપકો લઈને આવે તો આપણે એમ કહીએ કે મારા પરિવારને બદનામ કરો છો. એના કરતાં એમ કહેવું જોઈએ કે, આ દીકરો છે એ મારો (xxxxx) છે. (અંતરાય). હું વાત એ કરતો હતો કે,

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં જ પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થયો છે, આપે જેટલો સમય માગ્યો હતો એટલો મેં આપ્યો છે. શ્રી પ્રાગજીભાઈ,..એક મિનિટ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે મિનિટ જ વાત કરવી છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અહીયાં મારે એક જ વાત કરવી છે. અમારા નેતાએ વાત કરી કે રમતગમતની અંદર આપણે એલોકેશન ઓછું છે. માનનીય યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રીને પૂછવું છે કે, આજે જે કોચની સંખ્યા છે મંજૂર થયેલી સંખ્યા એની ત્રીસ ટકા જગ્યાઓ ભરાયેલી છે, સીત્તેર ટકા ખાલી છે અને આપણે આપણા બાળકોને એમ કહી એક તમે નેશનલ સ્પોર્ટસમાં પ્રથમ આવો. પોરબંદરની દિલીપ સ્કૂલ, કે જે આખા એશિયાની પહેલી દિલીપ સ્કૂલ, જે સ્કૂલ બની ક્રિકેટની એમાં આજે કોચની જગ્યા ખાલી છે, તો એ સ્કૂલ કોના ભરોશે ચાલશે?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈએ કહયું કે, સરકાર લોકોના દ્વારે, એમણે બહુ સારી વાત કરી, પણ માનનીય બાબુભાઈ, સરકાર તો બિલ્ડરોના દ્વારે છે, ઉદ્યોગપતિઓના દ્વારે છે, લોકોના દ્વારે હોત તો હું બોલ્યો ન હોત અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, મારે દાખલાઓ તો અહીયાં કેટલાય આપી શકાય, પૂરી ફાઉન્ડેશનથી લઈને કેટલાબ બધા, પણ હવે આ સરકારને એની અસર થતી નથી અને જયારે કયાંક બહુ મુશ્કેલી આવે ત્યારે એમ કહે છે કે ગુજરાતને બદનામ કરે છે. મારી વાત એ છે કે તમે સૌ આત્મખોજ કરો, હું બહું આદરપૂર્વક કહું છું, માનનીય આત્મારામભાઈ, માનનીય આનંદીબેન ખૂબ વિદ્વાન છે આ બાબતમાં વિચાર કરે એવી મારી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ આદરણીય શ્રીમતી આનંદીબેન, તેમના મહેસૂલ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ મારે માનનીય વિરોધપક્ષના નેતાએ જે નવી શરત અને જુની શરત ઉપર વાત કરી, ટીપ્પણી કરી એમાં ખુલાસો કરવા માગું છું. મારે આપના માધ્યમથી એમને કહેવું છે કે, હૃદય ઉપર હાથ રાખીને વાત કરે વિરોધપક્ષના નેતા કે નવી શરત અને જુની શરત કરવા માટેના કાયદાઓ હળવા કર્યા એ કોની સરકારે કર્યા? તમારી સરકારમાં કલેકટર સુધી ફાઈલો જતી હતી, મામલતદાર, નાયબ મામલતદાર, પ્રાંત અને કલેકટર, છ છ આઠ મહિના બાર-બાર મહિના સુધી નવી-જુની શરતની ફાઈલો કચેરીઓમાં ફરતી હતી અને કેટલાય વજન મૂકતા હતા ત્યારે એ ફાઈલો ક્લિયર થતી હતી. વહીવટો થતા હતા. આજે અમારી સરકારે, મહેસૂલ વિભાગે અને અમારા માનનીય મંત્રીશ્રીએ ગામડાની અંદર મામલતદારે જવાનું, પ્રાંતે જવાનું અને આખે આખા લોટની અંદર આખે આખા ગામની જુની શરત કરવાના આખા અભિયાન છેડ્યા છે, અભિયાન છેડ્યા છે. મને ખ્યાલ છે અને મારે એમને યાદ કરાવવું છે કે, મારા ગામનો એક દાખલો છે કે એમના શાસનમાં મારા ગામના એક કોંગ્રેસી પીઢ નેતા હતા ઈશ્વરભાઈ મુખી, કોંગ્રેસી, આજીવન એમણે કોંગ્રેસને મત આપ્યો, એવા એક નેતાએ જુની શરતની કરાવી નવી શરતમાંથી, મારા ગામનો દાખલો છે અને એ નેતાએ આઠ દશ મહિને જયારે પૈસા આપ્યા ત્યારે એમની જૂની શરતની થઈ પછી એમણે ગામની અંદર આવ્યા હતા ત્યારે વાત કરી કે, ભગવાનનો પાડ માનું છું. તો ભાઈ, આ તો અધિકારીએ કામ કર્યુ છે આ તો અધિકારીએ કામ કર્યું ભગવાનનો પાડ કેમ માનો છો? તો *(xxxxx) એવું કહ્યું કે ભગવાનનો પાડ એટલા માટે માનુ છું કે સારું થયું કે ભગવાને ચપ્પલ બનાવ્યા જો ચપ્પલ ન બનાવ્યા હોત તો હું ઘસાતો ઘસાતો આટલો જ રહ્યો હોત એટલા ધક્કા મેં ખાધા છે. (અંતરાય)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### ગૃહના સભ્ય ન હોય તેનું નામ લઈને વાત કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં એક પ્રથા રહી છે કે, જે સભ્યશ્રી અહીંયા હાજર નથી એનું નામ લઈને વાત આપણે કરતા નથી. કેમ કે, હું કાલે એમ કહું કે અડવાણીજી મને દિલ્હી મળ્યા હતા અને એમણે મને આમ કહ્યું. Who will go and verify this? This is not fair. કાલે બધા જ મારે ત્યાંથી પ્રવચન કરશે કે ફલાણા ભારતીય જનતા પક્ષના નેતા માનનીય કેશુભાઈ પટેલે મને આમ કહ્યું હતું. એટલે આપણે અહીંયા એક પ્રથા રાખી છે કે જે સભ્ય ગૃહમાં રહીને ખુલાસો કરી શકે એમ હોય એનું જ નામ લઈને વાત કરી શકાય. હું માનનીય મુખ્યમંત્રીશ્રીની ટીકા કરી શકું કારણ કે ગૃહના સભ્ય છે એટલે એ ખુલાસો કરી શકે. જે વ્યકિત સભ્ય ગૃહના નથી એણે એમને શું કહ્યું એમ કહીને અહીંયા વાત કરવી એ જો પ્રથા ચાલુ કરીએ તો મને વાંધો નથી. કાલથી ભાજપના નેતાઓના નામે મારા સભ્યશ્રીઓ બોલશે કે મને ગૃહ બહાર આમ કહ્યું હતું, મને ગૃહ બહાર આમ કહ્યું હતું.

**અધ્યક્ષશ્રી** : કોઈનું પણ નામ આપ્યું નથી એમણે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે નામ આપ્યું છે અને નામ આપીને વાત કરી છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા ગામની વાત કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે * (xxxxx) (xxxxx) મારા ગામમાં રહે છે, જિંદગી આખી કોંગ્રેસને મત આપ્યો હતો એમની જૂની-શરત નવી શરત, મને કહ્યું આમાં એક શબ્દ ફેરફાર નથી. આપ ઈચ્છો તો રેકોર્ડ જોઈ શકો છો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : *(xxxxx) નામ હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. કોઈ પણ નામ સાથે આપે કહ્યું હોય તો એ યોગ્ય નથી. અને મંત્રીશ્રી વાળી આપે જે વાત કરી કે કોઈ પણ મંત્રીશ્રી સામે આક્ષેપ હોય તો પણ આપણે નિયમોની મર્યાદા છે જ. મંત્રીશ્રીનું નામ લઈ શકો છો પણ મંત્રીશ્રીનું નામ લેતા પહેલા મંત્રીશ્રીને લેખિતમાં જાણ કરવી પડે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે અમારી સરકારની અંદર નવી શરત-જૂની શરત ગામડાનો કાર્યકર કરાવી લાવે છે અત્યારે. એમણે નથી અરજી કરવાની જરૂર સામેથી સરકાર અરજી કરાવે છે પછી એનું વેરિફિકેશન થાય છે અને પછી સામેથી એને હુકમ આપવામાં આવે છે એટલે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે ટીકા કરી છે એ અસ્થાને છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસુલ વિભાગના એક ખૂબ જ અગત્યના કામની વાત કરું તો રાજ્યની અંદર જે ગામતળ નીમ કરવાની કાર્યવાહી જે કરી છે એ ખરેખર હું એવું માનુ છું કે, આ રાજ્યની અંદર એક સેવાનું મોટું કામ કર્યું છે કારણ કે, ગામતળ નીમ થયા પછી એનો જે ઉપયોગ થાય છે એ છેવાડાના માનવી જેને આઝાદી જેને મકાનો નથી મળ્યા, જે વિધવા બહેનો છે એને મકાનો નથી મળ્યા એના માટે આ જમીન એલોટ કરવા માટે અને એને મકાનો બનાવવા માટે આ જમીનની સાંથણી થાય છે. મારે કહેવું છે કે, કોંગ્રેસના શાસનમાં જ્યારે ગામતળ નીમ કરવાનું થતું હતું ત્યારે મને ખ્યાલ છે કે કોઈ વગવાળા ગામની દરખાસ્ત થાય સામાન્ય ગામની દરખાસ્ત ન થાય આજે ગુજરાતની અંદર ૯૪ ટકા ગામના ગામતળ નીમ થયા થયા છે અને આખા રાજ્યનો આંકડો આપું તો અમદાવાદ, આણંદ, ભરુચ, દાહોદ, નવસારી, ભાવનગર અને જામનગર આટલા જિલ્લાઓમાં તો સો ટકા ગામતળ નીમની દરખાસ્ત આવી અને સો ટકા મંજૂર થઈ છે. બાકીના ઘણાં બધા જિલ્લાઓમાં ૯૫ ટકા અને ઘ ણામાં ૯૦ ટકા દરખાસ્તો ગામતળ નીમ કરવાની મંજૂર થઈ છે. ગામતળ નીમ કરવાની વાત આવે છે ત્યારે મારે કહેવું છે કે, હમણા માનનીય અર્જુનભાઈ કહેતા હતા કે, 'વિધવા બહેનોને લાભ નથી મળતો અને જમીનો નથી અપાતી' અમારા માનનીય મહેસુલ મંત્રીશ્રીએ અને આ વિભાગે ગામતળની જમીન આપ્યા પછી એનો ઉપયોગ કેવી રીતે થાય છે એનું પણ ધ્યાન રાખ્યું છે. હું મારા વિસ્તારની વાત કરુ તો મારા વિસ્તારની અંદર ૨૦ થી ૨૨ દરબારી સમાજના ગામો છે હવે આ ગામોની અંદર સૌથી વધારે વિધવા બહેનોની સંખ્યા દરબારી ગામોમાં દેખાઈ છે કારણ કે, ત્યાંની બહેનો ફોટો પડાવવા ન જાય, તાલુકાની ઓફિસે ન જાય એ મર્યાદાના કારણે તેઓ અરજી નથી કરતી મોટી સંખ્યામાં તાલુકદારી સમાજની અને દરબારી સમાજની વિધવા બહેનોએ આનો લાભ લીધો ન હતો. આ કામ કરવા માટે પહેલા તો અંદર લાગણી હોવી જોઈએ, ગરીબોનું કામ કરવા માટેની દિલમાં સંવેદના હોવી જોઈએ અમારા મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેનના હૃદયમાં આ સંવેદના મેં મારી નજરે જોઈ છે અને મારા વિસ્તારમાં અને અમારા વિસ્તારની અંદર એક કેમ્પ કર્યો, મામલતદાર, પ્રાંત અધિકારી અને કલેકટરને બોલાવીને સ્થળ ઉપર ફોટા પડાવી ૩૮૦ જેટલી ક્ષત્રિય વિધવા બહેનોને સ્થળ ઉપર મકાનના હુકમો આપવામાં આવ્યા છે હું

એનો સાક્ષી છું, એ વાત કરે કે વિધવા બહેનોને મકાનો નથી અપાતા, અહીં ગામતળની જમીનો નીમ કરીને વિધવા બહેનોને મકાનો આપ્યા છે, ૧૮,૦૦૦ ગામડાઓની અંદર સરકારે ૩૪૯૧ જેટલા ગામતળ નીમ કરેલ છે અને જમીનો કેવી આપી છે, કોંગ્રેસના શાસનમાં ખાડામાં જમીન આપી દેવાની, એટલે પહેલાં ચોમાસે આપણે એમાંથી પાણી કાઢવા જવાનું અને આજે જમીનનું પણ સિલેક્શન થાય છે, મહેસૂલ વિભાગ ધ્યાન રાખે છે કે જમીન પણ ઉંચાણવાળી જોઈએ, વ્યવસ્થિત જોઈએ આજે એની પણ ચકાસણી આ વિભાગ સારી રીતે કરે છે, જ્યારે આટલું કામ થયું હોય ત્યારે મને એમ થાય છે કે ઘડીકમાં વાત એમ થાય કે આ તો દિલ્હીના પૈસા અને આ તો ગુજરાતના પૈસા, આ કામ માટે શેના પૈસા ભાઈ? કામ કરવાની લાગણી રાખવાની હોય, જેના પૈસા હોય એના, ગરીબોનું કામ છે, એમના હક્કનું કામ છે, મારે છેલ્લી વાત કરવી છે. ગરીબ કલ્યાણ મેળામાં અડતાળીસ કલાકની અંદર અમારી સરકારે ગામતળ નીમ કર્યુ છે અને હજારો લાભાર્થીઓને એના પ્લોટ વહેંચવામાં આવ્યાં છે, મારે એક વાત કરીને મારી વાત પૂરી કરવી છે કે અમારા વિસ્તાર વિરમગામમાં સેવા સદન નવ કરોડ રૂપિયાના ખર્ચે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ મંજૂર કર્યુ છે એના માટે માનનીય મહેસૂલ મંત્રી આનંદીબેનનો, વિભાગનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માની હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંકઃ ૭૬, ૭૮, ૭૯ અને ૯૮ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે .ઉભો થયો છું.

ગુજરાત રાજય ભૂકંપની દ્રષ્ટિએ જી-૫ માં આવે છે, જ્યારે ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આ ગુજરાતમાં ભયાનક ભૂકંપ આવ્યો, એમાં કચ્છ અને રાજકોટ જિલ્લાનો અમારો મત વિસ્તાર છે, એ ગામડાંની જે સ્થિતિ પેદા થઈ એ એટલી બધી દયાજનક અને કરુણ સ્થિતિ હતી ત્યારે આ ગુજરાત રાજયની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે આ પરિસ્થિતિ નિર્માણ થઈ ત્યારે એમાંથી બહાર લાવવા માટે જે આયોજન કર્યુ અને પગલાં લીધા, ડિઝાસ્ટર મેનેજમેન્ટે આ જે કામગીરી કરી, મને યાદ છે કે ૧૯૭૯માં જ્યારે અમારે ત્યાં મચ્છુ ડેમની પુર હોનારત થઈ ત્યારે પણ મોરબી તાલુકાના ઘણા ગામડાની સ્થિતિ અતિદયાજનક થઈ હતી ત્યારે મને યાદ છે એ ગામડાઓમાં જ્યારે લોકોના મકાન પડી ગયા અને બધી માલ મિલકત જતી રહી ત્યારે તે વખતની સરકારે ત્રણ હજાર રૂપિયા રાહત રૂપે આપ્યા હતા એ આજે પણ મને યાદ છે ત્યારે આ ભૂકંપમાં, આ જે આપત્તિમાં દરેક લોકોને પોતાનું મકાન બનાવવા માટે નેવું હજારથી માંડીને એક લાખ ચાલીસ હજાર સુધીની સહાય આપી છે, ભૂકંપ જ્યારે આવ્યો હતો ત્યારે આપણને ખૂબ દયા આવે પણ અત્યારે ભૂકંપ પછી જે કામો ચાલુ થયાં ત્યારે એમ થયું કે આનાથી સારામાં સારા વસવાટો ગામમાં બન્યા છે, મને યાદ છે કે આ ડિઝાસ્ટર મેનેજમેન્ટે ભૂકંપ પછી જે કામગીરી કરી આ બાબતમાં માઈકો મેપીંગમાં દિલ્હીએ સોળ વર્ષથી આ કામગીરી સોપી છે, હજી એ કામનો કોઈ નેઠો નથી, ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે, આ ગુજરાતની સરકારના આ ડિઝાસ્ટર મેનેજમેન્ટે આ માઈક્રો મેપીંગનું કામ ગાંધીધામ તાલુકાનું અત્યારે પૂર્ણ કર્યુ છે ખરા અર્થમાં અહીંયા આપણે એકજ વાત કરવી છે કે પાંચ ઉદ્યોગપતિઓ, પાંચ ઉદ્યોગપતિઓ, પાંચ ઉદ્યોગપતિઓ આના નામની માળા જપે છે પણ મારે ગૌરવ સાથે કહેવું છે કે નંબર વન છીએ અને નંબર વન રહેવાના છીએ અને કોંગ્રેસમાં તો દસમા નંબરથી ક્રમ ચાલુ થાય. આ મારે એટલા માટે કહેવું છે કે, ઉદ્યોગપતિઓને જમીન આપી દીધી પણ મારે કહેવું છે કે, જે સરકારે ખોળામાં બેસાડેલ એક વખત મને યાદ છે કે એ એના ટેકાની સરકારે માળીયા તાલુકાની અંદર એક કંપનીને હજારો એકર જમીન આપવાનો અહીંયાથી હુકમ થયો ત્યારે મને યાદ છે કે રાજકોટના કલેકટરે એમ કહ્યું હતું કે અત્યારે રણમાં પાણી છે, માપણી થઈ શકે તેમ નથી, ત્યારે અહીંયાથી એવો હુકમ કરવામાં આવ્યો હતો, વહાણ લઈને જાઓ, તરવૈયા મોકલો, બોટ લઈને જાઓ અને ગમે તેમ કરીને વાંસડા ખોડી અને એના હદ નિશાન નકકી કરી નાંખો. તેને તમે યાદ કરો. ઉદ્યોગપતિઓને જમીન આપવાથી આ ગુજરાતની અંદર રોજી-રોટીનું એક સાધન ઉભું થાય છે. ગુજરાતની અંદર એક આવક ઉભી થઈ છે તે તેને નથી ગમતું. ઓલા આસારામને જમીન આપવાથી આ રાજય સરકારને શું મળ્યું તે તો કહે ? પહેલાં કાયમ એક જ માળા જપી આસારામ, આસારામ, આસારામ પછી નીકળ્યું કે કોંગ્રેસે જમીન આપી એટલે પછી બોલતી બંધ થઈ. પછી પોપટ કયાં જતો રહ્યો ખબર ના પડી. આ વનેચંદ કયાં જતો રહ્યો તે ખબર ના પડી. પહેલાં પોપટ અને વનેચંદ બધું ચાલ્યું પણ આસારામને જમીન કોંગ્રેસે આપી પછી ખબર પડી આ આપણી ભૂલ થઈ ગઈ. એટલે ખરા અર્થમાં આ ગુજરાતની અંદર આ ડિઝાસ્ટર મેનેજમેન્ટે કામ કર્યુ છે તેના માટે મારે એટલી વાત કરવી છે આ ગુજરાતની અંદર આ એકટ ૨૦૦૩માં પહેલાં ગુજરાત સરકાર લાવી. આનાથી બોધપાઠ લઈ અને કેન્દ્રની સરકારે ૨૦૦૫માં આ કાયદો લાવી અને આ રાજય ભારતની અંદર પહેલું રાજય હતું કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ પહેલું લાવ્યું હોય ૨૦૦૩માં તો ગુજરાત લાવ્યું. મારે કહેવું જોઈએ આના માટેનું ગાંધીનગરમાં રાયસણની અંદર આ વૈશ્વિક કક્ષાનું સેન્ટર ઉભું કર્યુ. ૨૨ કરોડના ખર્ચે તેનું બાંધકામ શરૂ છે. ૮૦ ટકા કામગીરી પૂર્ણ થવામાં આવી છે. અને ૨૦૧૦માં આ કામ પૂર્ણ થવાનું છે. તેના સિવાયના આ ગુજરાતની અંદર આવા બીજા પાંચ સેન્ટર બને છે. આ પાંચ સેન્ટરની અંદર કોઈ પણ ઈમરજન્સી હોય ત્યારે આર.આઈ.સી. કરીને ગાંધીનગરની અંદર જેની અંદર છ જિલ્લાનો સમાવેશ થાય છે.બીજું સુરતની અંદર બને છે તેમાં પણ છ જિલ્લાનો સમાવેશ થાય છે. બીજું વડોદરામાં બને છે તેના નીચે છ જિલ્લાનો સમાવેશ થાય છે. કચ્છ અતિ ભૂકંપ ગ્રસ્ત વિસ્તાર હોવાના કારણે કચ્છની અંદર આ સેન્ટર ઉભું કરવામાં આવ્યું અને ત્યાર

પછી આના દ્વારા દરેક ગામડાંને આની અંદર કઈ રીતે બચાવ, કાર્યવાહી થાય તેના માટેની તાલીમના કેમ્પો કરવામાં આવ્યાં. આના દ્વારા આ કેમ્પની અંદર ૧૧,૭૩૭ ગામો સહભાગી ગ્રામિણ ચકાસણી કેન્દ્રોમાં કરવામાં આવ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ બચાવ માટે પ્રાથમિક સારવાર માટે તેના તાલીમ કાર્યક્રમો આપવામાં આવ્યાં. ૪૨૪૪૭ લોકોને આની તાલીમ આપવામાં આવી. આરોગ્યની દ્રષ્ટિએ બચાવ તાલીમ ૫૬૯૫૮ લોકોને આની પણ તાલીમ આપવામાં આવી. જ્યારે પુર આવે, આપણે સુરતની અંદર પુર આવ્યું હતું ત્યારે હોબાળો મચાવી દીધો હતો અમારા મિત્રોએ પણ તે સુરતની જે કાયા પલટ થઈ તેમાંથી રાજય સરકારે પણ બોધપાઠ લઈ આના પુરની બાબતમાં પણ આની એક આખી તાલીમ કેન્દ્ર કરવામાં આવ્યું તેના ૫૦ કેમ્પ કરી ૨૧૨૧ લોકોને તાલીમ આપી અને એવા સ્વયંસેવકો ઉભાં કરવામાં આવ્યાં. તમામ જિલ્લામાં disaster management તૈયાર કરવા માટે તાલુકા કક્ષાના ૧૯૬ disaster management plan તૈયાર કરવામાં આવ્યાં. શહેર કક્ષાના ૧૪૮ city disaster management plan તૈયાર કરવામાં આવ્યાં. ગ્રામ્ય કક્ષાએ ૧૨૪૮૪ village disaster management plan તૈયાર કરવામાં આવ્યાં. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે ગુજરાતની અંદર આપત્તિ આવી તેમાંથી જે ગુજરાતની સરકાર જાગી અને આખો એક વિભાગ ઉભો કર્યો. મને યાદ છે કે મારી ઉંમરમાં હું સમજણો થયો ત્યારે પહેલો ભૂકંપ લાતુરનો આવ્યો હતો. ત્યારે એમ થયું કે જબરજસ્ત ભૂકંપ આવ્યો. અત્યારે તો દર મહિને ક્યાંક અને ક્યાંક ભૂકંપ આવે. વિદેશની અંદર પણ હમણાં જ તુર્કી અને હેપ્પીમાં ભૂકંપ આવ્યો. તેને જોતાં એમ લાગે કે આપણને કે ગુજરાતનું મેનેજમેન્ટ છે તેને ભૂકંપ કે પુરની સ્થિતિ હોય ત્યારે ખરા અર્થમાં સાચી કામગીરી અને ઝડપી કામગીરી કરી શકતું હોય તો આ ગુજરાતનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ કરે. મારે તેના માટે ગુજરાત સરકારે એડવાન્સમાં આયોજન કરીને દરેક તાલુકા કક્ષાએ અને નગરપાલિકા કક્ષાએ જે સાધનો વસાવ્યા છે તેના માટેની ખાસ મારે વાત કરવી છે. રાજયમાં કુલ પાંચ Emergency Response Centre ઉભાં કર્યા પછી હેલ્મેટ, rescue માટે ૫૦ કરોડ રૂપિયા ૮ કરોડ રૂપિયાના ખર્ચે અંદાજે hydraulic rescue platform ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે રાજયની ૧૧૩ નગરપાલિકાને કુલ ૩૫ કરોડ ૫૬ લાખના ૧૨૭ water browser ૨૬ કરોડ ૪૦ લાખના ખર્ચે ૧૨૦ મીની ફાયર ફાયટર આ સિવાયના જે આપણા ઈન્ડસ્ટ્રીયલ એરિયા છે, જી.આઈ.ડી.સી., જે આપણી છે. નાંદેશ્રી હોય, સાવલી હોય, અંકલેશ્વર હોય, બારડોલી હોય, ઝઘડીયા હોય, દહેજ અને સચીન. કે વાપી હોય. દરેક જગ્યાના માટે અગિયાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આ બાબતમાં ૩ કરોડ અને ૫૬ લાખના ખર્ચે ૬ મિનિ ફાયર ફાયટર અને ૮ વોટર બાઉઝર પણ આપવામાં આવ્યા છે.

ખાસ કરીને ગુજરાતમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટે જે કામગીરી કરી છે એના કારણે આ બાબતમાં હું મંત્રીશ્રી અને રાજય સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. બાકી તો સામે માળા જપ્યા જ કરવાના. ૫ ઉદ્યોગપતિઓ, ૫ ઉદ્યોગપતિઓ, ૫ ઉદ્યોગપતિઓ. એને કરવા દયો. એક નિયમ હોય. કે આપણે દીકરાને પરણાવવા જઈએ ને, ત્યારે જાન લઈએ જાઈએ. રૂડો, રૂપાળો દીકરો. ફર્સ્ટ કલાસ કનૈયા જેવો હોય. પણ માંડવા પક્ષવાળા એમ ગાય કે બાડો અને બોબડો. એટલે આ એની કામ કરવાની થીઅરી છે અને આ એમણે કહેવું જ પડે. છૂટકો નથી.

માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ચૈત્ર સૂદ આઠમ અને મંગળવારનો દિવસ. માતાજીની નવરાત્રિ ચાલે છે. ધરતીનો એટલે કે જમીનનો વાર છે. જમીન સાથે જોડાયેલી સરકાર અને જમીન સાથે જોડાયેલો વિભાગ એવો મહેસૂલ અને રમતગમતની માગણી ક્રમાંક: ૭૬, ૭૮, ૭૯ અને ૯૮ લઈને મહેસૂલ મંત્રીશ્રી અને રમતગમત મંત્રીશ્રી આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રાજયની શાસનધૂરા સંભાળી છે, ત્યારથી ઉત્તરોત્તર મહેસૂલ વિભાગ ટેકનોલોજીથી સભર સેવાકીય કામો થાય, નાગરિકોની જરુરિયાતો સંતોષાય અને વહીવટને લાભ થાય એવા સરસ મજાના પગલાં માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ ભર્યા છે એ બદલ હું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે બિન ખેતીની. પહેલા અરજદાર જયારે બિન ખેતી માટે અરજી કરવા જાય ત્યારે એને ૯૦ દિવસ એટલે કે ૩ મહિના સુધી જમીન બિન ખેતી થાય એની રાહ જોવી પડતી હતી. જયારે અત્યારે માત્ર ૩૦ દિવસની અંદર રહેણાંકના હેતુ માટે અને અન્ય હેતુ માટે ૪૫ દિવસની અંદર જમીન બિન ખેતી થઈ જાય છે. અને એના ઓર્ડર ઘેર બેઠા મળી જાય છે. એનો સીધો ફાયદો, એનું કારણ, જયારે જયારે બિન ખેતી માટે આપણે અરજી કરતા હોઈએ ત્યારે એ નાનો ઉદ્યોગકાર હોય કે મોટો ઉદ્યોગકાર હોય, રાઈસ મિલ બનાવવાની હોય કે જીનીંગ ફેકટરી બનાવવાવાળો ખેડૂત હોય, ગામડામાં વસતો નાનો સોસાયટી બનાવવાવાળો ડેવલપર હોય કે મોટા શહેરની મોટી સોસાયટી બનાવવાવાળો ડેવલપર હોય. એને જયારે જમીન એન.એ. થાય પછી જ લાઈટ કનેકશનની અરજી સ્વીકારવામાં આવે છે. પછી જ એને બેંકો દ્વારા લોન આપવામાં આવે છે. આવી જયારે વિકટ પરિસ્થિતિ હતી. એવી પરિસ્થિતિમાંથી રસ્તો કાઢીને માત્ર ને માત્ર ૪૫ દિવસની અંદર આ એન.એ.નું જે સરળીકરણ કર્યુ છે. તે બદલ હું માનનીય મહેસૂલમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અમારા સાથી ધારાસભ્ય વાત કરતા હતા કે પહેલા અરજદાર ૧૫, ૧૫ વિભાગમાં ધકકા ખાઈને થાકી જતા હતા. ત્યારે આજે માત્ર ૬ જ જાતના ટાઈટલ ચેક કરવામાં આવે છે. પહેલું જમીનનું ટાઈટલ, બીજું જમીન ગણોત ધારાની જમીન છે કે પ્રતિબંધિત સત્તા પ્રકારની છે કે કેમ, ત્રીજું આ સૂચિત જમીન સંપાદિત છે કે કેમ, ટોચમર્યાદા ધારા હેઠળ છે કે કેમ, પાંચમું આ જમીનમાં કોઈ વિવાદ કે અપીલની કાર્યવાહી ચાલે છે કે કેમ? અને છઠ્ઠુ આ જમીન ઉપર સરકારનું કોઈ લેણું બાકી છે કે કેમ. આ ૬ પુરાવા રજૂ થાય એટલે તરત જ જમીન આપોઆપ બિન ખેતી થઈ જાય છે. આ છએ છ પ્રમાણપત્રો પણ જયારે સ્વર્ણિમ્ ગુજરાતના આ કર્મયોગીઓ જે વિભાગની કચેરીઓ હોય, એમાંથી મંગાવીનેઅને અરજદારને બિન ખેતીનું પ્રમાણપત્ર એના ઘર સુધી મોકલાવી દે. છે. આ રીતે સરસ મજાનો વહીવટ ચાલે છે. હમણાં વાત થતી હતી સાંથણીની જમીનની. તો આ વાત આવે એટલે હંમેશાં લીમડી તાલુકાનું રણોલ ગામને યાદ કરવું પડે. ગુજરાતની સ્થાપનાથી અત્યારસુધીમાં કોઈને પણ સોંથણીમાં સૌથી વધારે જમીન આપવામાં આવી હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રણોલ ગામમાં આપી છે અને બીજી હાઈવે ટચ મારા મત વિસ્તારમાં વડગાસ ગામમાં પણ એટલા જ એકર જમીનો દલિત હોય, પીડિત હોય, શોષિત હોય, નિવૃત્ત લશ્કરી કર્મચારી હોય એમને હાઈવે ટચ જમીનો આપવામાં આવી છે. આ સાંથણીની જમીનની વાત કરતા હાઈએ ત્યારે મારે એક વાત યાદ અપાવવી છે કે આ સોંથણીની જમીન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લશ્કરમાં લડતા નિવૃત્ત જવાનોને આપી રહી છે, પરંતુ જયારે કારગીલ યુધ્ધ થયું ત્યારે બાજપાઈની સરકાર હતી અને એ સરકારે માત્ર સોંથણીમાં જમીન નહીં, પરંતુ ૫૦-૫૦ લાખ રૂપિયાના પેટ્રોલપંપ લશ્કરના શહીદ જવાનોની વિધવાઓને આપીને, એમનાં બાળકો હોય એમને એમની રોજીરોટી નિભાવવા માટે આપ્યા છે, નહીં કે કોઈના ભાણીયા કે ભત્રીજાઓને આપ્યા છે. ભૂતકાળમાં કોને પેટ્રોલ પંપો અપાતા હતા એ આખો દેશ અને દુનિયા જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે કે હમણાં ઘણી બધી વખત ગુજરાત નંબર-૧, ગુજરાત નંબર-૧, આ માણસ માટે, આ મુખ્યમંત્રીશ્રી માટે જયારે ઈશારાથી વાતો કરવામાં આવે ત્યારે અમે રેલવેમાં મુસાફરી કરતા હોઈએ, કયાંક બહાર જતા હોઈએ એટલે પહેલાં હું વિદ્યાર્થી હતો ત્યારે બહાર જતા ત્યારે રેલવેમાં બેઠા હોય ત્યારે એક જ વાત કરવામાં આવે છે કે કયાંથી આવ્યા છો? તો આપણે કહીએ કે ગુજરાતમાં આવું છું. તો એમ કહેવામાં આવે કે પેલું દાળભાતવાળું ગુજરાત અને આજે રેલવેમાં બેસીને કે બસમાં બેસીને કે ગમે ત્યાં બેસીને બહાર જતા હોઈએ ત્યારે કોઈ એમ કહે કે કયાંથી આવો છો? તો આપણે કહીએ કે હું ગુજરાતમાંથી આવું છું. તો આપણને સન્માનજનક રીતે બોલાવવામાં આવે કે પેલું નરેન્દ્રભાઈ મોદીવાળું ગુજરાત અને એ રીતે આ નંબર-૧ ની સાચી ઓળખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એન.એ.ની વાત કરતો હતો. તો જમીન બિન ખેતી કરાવવી હોય તો માત્ર એના માટેની બે જ ઓથોરિટી પહેલાં હતી એક તો જિલ્લા પંચાયત અને બીજી કલેકટર કચેરી હતી અને હવે તો એમાં વધારે સરળીકરણ કરીને માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ એને ચાર વિભાગમાં વહેંચી નાયું છે. એક વિભાગની સત્તા કલેકટરશ્રી પાસે છે. કલેકટરશ્રી પાસે મહાનગરપાલિકાની જમીન હોય, શહેરી વિકાસ સત્તા મંડળની જમીન હોય, નોટિફાઈડ એરીયાની જમીન હોય, કેન્ટોનમેન્ટ વિસ્તારની જમીન હોય અને એ અને બી કક્ષાની નગરપાલિકાની જમીન હોય એ માત્રને માત્ર કલેકટરશ્રી પાસે બિન ખતી માટે આવે અને બીજો વિભાગ પ્રાંત અધિકારી પાસે જેમાં સી અને ડી કક્ષાની નગરપાલિકાઓ હોય એની જમીનોને બિન ખેતીના હેતુ માટે અરજદારે પ્રાંત અધિકારીને અરજી કરવાની હોય છે, ત્રીજો વિભાગ જિલ્લા પંચાયત પાસે કે જયાં ૫ હજારથી વધુ વસતિવાળાં ગામો હોય એવી વસતિનાં ગામો અને ૨ એકરથી વધારે જમીન હોય (અંતરાય) પાંચ હજારથી વધુ વસતિવાળાં ગામો હોય એની સત્તા જિલ્લા પંચાયતોને આપવામાં આવી છે. ચોથો વિભાગ તાલુકા પંચાયતમાં કે જયાં ૫ હજારથી ઓછી વસતિવાળા ગામો હોય અને ૨ એકરથી ઓછી જમીન હોય એવાં ગામોમાં ૫ હજારથી જેની વસતિ ઓછી છે અને ૨ એકરથી ઓછી જમીન છે એવા ગામોના અરજદારોની અરજીઓ તાલુકા પંચાયતમાં સ્વીકારવામાં આવશે અને તુરત જ એ બિન ખેતી થઈ જશે.અને એમાં પણ સ્વર્ણીમ ગુજરાતમાં માનનીય મહેસુલ મંત્રીશ્રીએ એક નવું છોગું ઉમેર્યુ, તત્કાલ બિન ખેતી યોજના. કલમ ૪૩ નીચે જેવી જમીનો છે તેવી જમીનોનું જેનું પ્રિમિયમ ભરાઈ ગયું હોય ટાઈટલ કલીયર થઈ ગયું હોય તેવી જમીનોને માત્ર ૧૫ દિવસમાં બિન ખેતી કરવામાં આવે છે. અને અમારા અમદાવાદ જિલ્લાથી તેની શરૂઆત કરી અને અત્યાર સુધીમાં ૩૧-૧-૨૦૦૯ સુધીમાં ૧૭૬ અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ માગણીઓ માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને રમત ગમત મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ વિભાગના મંત્રીશ્રીને નવા વર્ષના બજેટની દરખાસ્ત રજૂ કરી છે એમાં હું મારું સમર્થન આપું છું અને આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ મહેસૂલ વિભાગ છે તે વિભાગના દર્શન તેના વહીવટી તંત્રનો અને તેના વિભાગનો ઉદેશ જો બરાબર વ્યવસ્થિત હોય તો હું માનું છું કે લોકોની જે સંવેદના છે તે દૂર કરવાનું કામ સૌથી વધારે વર્ષો પહેલા અને ગઈકાલ સુધી મેં જોયું છે કે સૌથી વધારે ગેરરીતિઓ જો કયાંય થતી હોય તો આ મહેસૂલ વિભાગમાં થાય છે. પણ તે થવાનું કારણ છે, કે અત્યાર સુધી એ પ્રક્રિયાને કાયદાકીય ઓપ આપીને અથવા જરૂર પડે ત્યાં પ્રજા હિતના

સુધારા કાયદામાં વહીવટમાં કરવામાં ન આવે તો પારદર્શકતા, ચોકકસાઈ આવી શકે નહીં. પણ છતાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી મને એટલા માટે આનંદ છે, હું આ કહીશ એટલે માનનીય અર્જુનભાઈને થોડું ખોટું લાગશે, બહાર મને કહેશે કે તમે આ કયાં પાછું ચાલુ કર્યુ, પણ હું આનો ભોગ બનેલો છું એટલે સારી રીતે જાણું છું, એટલા માટે કે આ મહેસૂલ વિભાગમાં જે પાવર ઓફ એટર્ની છે તે એક એવી પાવર ઓફ એટર્ની છે કે નોટરી પાસે જાઓ, વકીલ પાસે જાઓ, ઘરની પત્નિ હોય કે બીજા ગમે તે તેને લઈ ને જાઓ, નોટરી થઈ જાય અને કોઈની જમીન કોઈને તબદીલ થઈ જાય. એન્ટી પણ પડી જાય અને તેના કારણે ગુજરાતની કોર્ટોમાં એટલા બધા કેસો મહેસુલ વિભાગના પેન્ડીંગ પડયા છે, તેના કારણે પહેલામાં પહેલી તેની શરૂઆત પાવર ઓફ એટર્ની હતી. અને પહેલા પાવર ઓફ એટર્ની થતી અને તેની નોંધ રજિસ્ટરમાં થવી જોઈએ તે નહોતી થતી. હમણાં જ ૨૦૦૮માં કલમ ૧૭ માં સુધારો કર્યો, અને તેનો અમલ ૨૦૦૮ થી થયો, અને એમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત થયું, તેની નોંધ પણ કરવાની, અને હક અનામત મુકીને ગીરો લેખની નોંધ ફરજિયાત કરી, ઘણાં બધાને આ ગમતું નહોતું. પહેલા એવું હતું કે ગીરો ખતની મરજિયાત પાવર ઓફ એટર્ની થાય, લે વેચ • (xxxxx) કરવામાં ચાલે, તેમાં સુધારો થયો અને ગુજરાતમાં પરિવર્તન આવ્યું, ગરીબ લોકોની વાત આપણે કરીએ છીએ, દલિતોની વાત કરીએ છીએ ત્યારે મને હસવું પણ આવે છે બેઠા બેઠા, કે જે વાત કરે છે તેનો આધાર પુરાવો કોઈ દેખાતો નથી. હું અહીં આધાર પુરાવાની વાત કરીશ તો બધાને સામેથી ઉભા થવું પડે તેવી પરિસ્થિતિ થાય. જે લોકો.. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય ઉપેન્દ્રસિંહજી, (xxxxx) શબ્દ હું રેકોર્ડમાંથી કાઢી નાખું છું. એ શબ્દ નથી વાપરી શકાતો.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : ઓ. કે. માનનીય અધ્યક્ષશ્રી, આવી ખોટી પાવર ઓફ એટર્નીથી મિલકતો ટ્રાન્સફર થતી અને ગરીબ, નાના માણસોની જમીનો જતી રહેતી અને નાના માણસો જ હેરાન થતા હતા. સરકારે આ રજિસ્ટ્રેશન કરવાનો નિર્ણય કર્યો, મિલકત ગીરો મુકી હોય તો તેની સાથે જંત્રીના પૈસા ભરવાના પણ થાય છે. અને તેના કારણે હવે ગોલ માલ થતી હતી તે આખું બંધ થઈ ગું. અને તેનો મને આનંદ છે. કારણ કે હું પણ આનો ભોગ બનેલો છું. એનો મને આનંદ છે એટલા માટે એ મને વેદના છે હું પણ આનો ભોગ બન્યો હતો. મને એટલે આનંદ થાય છે કે મહેસૂલમાં બહેને સુધારા કર્યા છે. જેને વેદના થઈ હોય કે અનુભવ થયો હોય એ જ આ કરી શકે. બાકી ન કરી શકે. તેઓ સ્વાભાવિક રીતે જંત્રીની વાત કરતા હતા. જંત્રી નક્કી કરવા જિલ્લામાં જાય, સરકારમાં જાય, બહુ સ્પષ્ટપણે વિભાગવાર જે તે વિસ્તારની જંત્રીનું સર્વેક્ષણ કરાવી બિલકુલ જ્યાં જે જંત્રી છે એ પ્રમાણે જ જંત્રીનું

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

આખું માળખું બનાવવામાં આવ્યું છે એટલે કોઈપણ માણસે કંઈ પણ રજીસ્ટ્રેશન કરાવવું હોય તો જંત્રી પ્રમાણે પૈસા ભરવા પડે. પહેલા તો ૧૨ ટકા ભરો, ફલાણું કરો, પ્રીમિયમની રકમ નક્કી કરાવવામાં બે મહિના કે છ મહિના થાય એ આખી પ્રક્રિયા નીકળી ગઈ છે, જંત્રીનું માળખું બનાવવામાં આવ્યું છે. મૂલ્યાંકન એમ કહે કે આ જગ્યાની આટલી જંત્રી અને એમાં અગાઉ રોડ હોય, હેવી લાઈન જતી હોય હાઈ ટેન્શન લાઈન જતી હોય એની પણ કિંમત એકની એક હતી એની જગ્યાએ એના વિભાજન કર્યા છે હું માનું છું કે ગરીબ ખેડૂતની વાત કરીએ છીએ એમને ખૂબ ઉપયોગી થઈ પડ્યું છે

એની સાથે સૌથી મહત્ત્વનો ફેરફાર અને કાયદામાં જોગવાઈ કરી છે. એ સ્ટૅમ્પ રજીસ્ટ્રેશન થાય ત્યારે ના તો કોર્ટે સહી કરવા આવ્યો, ઓળખાણ કોની આપી દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરવા આવે ત્યારે માણસ બીજો જ હોય એની જગ્યાએ ફિંગર પ્રિન્ટ લેવી એના ફોટા લગાવવા અને હવે તો નવું આવ્યું મેં હમણાં મકાન વેચ્યું તો મકાન આગળ ઊભા રહીને ફોટો પડાવીને દસ્તાવેજમાં લગાવવાનો પડે. આ જે બધી પારદર્શકતા આવી છે એના કારણે જે આખું પરિવર્તન આવ્યું છે એના લીધે ગરીબ માણસોને મદદરૂપ થઈ શક્યા છીએ, આ કદાચ જો વહેલા કર્યુ હોત તો હું એવું માનું છું કે આપણે બધા ગરીબોની વાત કરીએ છીએ પરંતુ ગરીબોને સૌથી વધારે નુકસાન જો કોઈએ કર્યુ હોય તો ૪૦-૪૫ વર્ષ રાજય જેણે કર્યુ એણે જ કર્યુ છે. આ જો પરિવર્તન પહેલેથી લાવ્યા હોત તો આ ગરીબ લોકોની પ્રોપર્ટી જતી ન રહી હોત. આપણે તો ખાલી પેલું દેખાય છે ઉદ્યોગપતિને આટલું આપી દીધી. આની આગળની સરકારોએ પણ આપ્યું છે. હું પંદર વર્ષથી જોતો આવ્યું છે, એની આગળ પણ જોયું છે. પણ સવાલ માત્ર એટલો છે કે ફક્ત કોઈની સામે આક્ષેપ કરવો, થોડું બહાર લાવવું એની સાથે અમે સંમત થવા વાળા માણસ નથી. પહેલા સ્ટૅમ્પ ડ્યૂટીમાં દર હતા અને ખૂબ જટિલ પ્રક્રિયા હતી એ પ્રક્રિયા દૂર કરીને એમાં પણ ફિંગર પ્રિન્ટની વાત આવે, ફોટોગ્રાફીની વાત દસ્તાવેજમાં આવે આ જે કર્યુ છે. આ સરકારની વાત કરું, માનનીય અર્જુનભાઈ, આ સરકારની એક વાત કરુ. ગુસ્સામાં નહિ આનંદની સાથે વાત કરવા માગું છું. આ સરકારે ૨૦૦૩માં મારા ઉપર પણ કેસ કર્યો હતો. એક સ્ટૅમ્પ માટે. પોલીસ કેસ થયેલો, પોલીસે ફરિયાદ કરી, ફરિયાદીએ ફરિયાદ કરી એવી કલમો લાગેલી કે હાઈકોર્ટમાંથી પણ ન છૂટું, મેં તેમ છતાં સરકારમાં નહોતો કહ્યું. એનો હાઈકોર્ટમાં નિકાલ આવ્યો. તો સ્ટૅમ્પ પેપર સાચુ હતું પરંતુ જે સ્ટૅમ્પ વેચનારા લોકો હતા એક સ્ટૅમ્પને બે

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જગ્યાએ આપતા હતા. ૧૦૦ રૂપિયાનો પધરાવેલો અને છતાં વર્ષ દોઢ વર્ષ થયું, કલેક્ટરમાં ફરી મારા નામની અરજી થઈ. કલેક્ટરે મારી સામે ફરિયાદ કરી. સરકારના ધારાસભ્ય હોય પહેલા તો આપણા વખતમાં શું થતું હતું મે. જોયેલું છે. ફાઇલો ગુમ થઈ જાય, કોર્ટમાં હોય તો તોફાન થઈ જાય, સાંજે ટોળું મોકલીને તોફાન કરાવો કાગળો ગાયબ થઈ જાય. આ સિસ્ટમ નથી એનો આપણે આનંદ ન લઈએ? આપણે જો ગુજરાતના હિતમાં વાત કરવી હોય તો આજે દસ્તાવેજની વાત સ્ટૅમ્પ લેવા જાવ, એક સ્ટૅમ્પ લખવાનો હોય ત્યાં એમાં ૨૦ નો મળે ૫૦નો મળે ના પણ મળે, એમાં ફ્રેન્કીંગ. એમાં પણ પોસ્ટ ઑફિસ છે બેંકોમાં ડાયરેક ફેન્કીંગ સિસ્ટમ કરી છે એના લીધે સ્ટૅમ્પ ડુપ્લીકેટ નીકળી જશે, જૂના સ્ટૅમ્પ વેચવાવાળા નીકળી જશે. આ બાબત આપણે જોતાં હોઈએ ત્યારે હું માનુ છું કે આ સરકારમાં જે કામગીરી ચાલી છે એને સ્વીકારવી પડે.

હમણાં ગરીબોની વાત મારા મોટાભાઈ માનનીય શકિતસિંહ અને અર્જુનભાઈ કરતા હતા. દલિતોની સાથણીની જમીન વાત કરતા હતા. ચીર હરણની વાત અર્જુનભાઈએ કરી. એક દાખલો આપને આપું, જનરલ દાખલો કહેવા માગું છું. આ ગરીબોની વાત કરીએ, દલિતોની વાત કરીએ, સાથણીની જમીન લઈ લે, એક ગરીબ દલિત વણકર સમાજની જમીન બાપડો ૧૯૮૪માં ગુજરી ગયો, ૧૯૮૫માં દસ્તાવેજ કર્યો, એમાં સહીના અંગૂઠાની ઓળખ આપી, આપણી પાટલી ઉપર એક ધારાસભ્ય બેસે છે. અને એની એન્ટ્રી ૨૦૦૧માં અપાય એવી ગરીબ વણકરની જમીન લેવામાં પણ જે લોકો ગરીબ અને દલિતની વાત કરે એ લોકો આવી ઓળખાણ આપતાં હોય અને આવી ગરીબની જમીન લઈ લેતાં હોય તો આપણે કયા મોઢે એ વાત કરીએ છીએ. ત્યારે આવા માણસને પણ ઓળખવા જોઈએ. આવા માણસ કામગીરી કરી રહ્યા છે, હું સરકારને અને બહેનને પણ આજે કાગળ આપવાનો છું દાખલા સાથે આની તપાસ કરાવવી જોઈએ એવી ખોટી સહી કરી હોય એ મરેલા માણસને જીવતો બતાવ્યો હોય, તો મરણના દાખલા સર્ટિફાઈ કોપી હું આપું એની ઉપર પોલીસ કેસ કરવો જોઈએ એ ચોક્કસ કરશે એ આશા સાથે ફરીથી આ માગણીને હું સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી માગણી ક્રમાંક-૭૬,૭૮,૭૯ લઈને આવ્યા છે અને રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી માગણી ક્રમાંક-૯૮ લઈને આવ્યા છે તેના ઉપર હું મારી વાત કહેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ છે એ પ્રજાની સાથે પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી થવાનો કોન્સેપ્ટ ધરાવતો વિભાગ છે. ટોડરમલના વખતથી આ મહેસૂલ પદ્ધતિ આ દેશમાં દાખલ થઈ અને ખાસ કરીને કુદરતી આફતો વખતે પ્રજાની પડખે પહોંચી જવાનો ધર્મ બજાવવાની આ વિભાગની ફરજ છે એ ફરજ સારી રીતે નિભાવાય તેનું હંમેશા હું સૂચન કરતો રહ્યો છું. આ વખતે કુદરતી આફતો અને રાહત અંગે ૬૦૨ કરોડ રૂપિયા મહેસૂલ અને મૂડી ખર્ચ પેટે ૨૫૬ કરોડ રૂપિયાની માગણી લઈને મંત્રીશ્રી આવ્યા છે. આપણે હંમેશા આ સન્માનનીય ગૃહે કુદરતી આફતો માટેનું જે બજૅટ, માગણી આવે તેને મંજૂર કરીએ પણ ખર્ચાય છે ખરું? આ અગાઉ ગયા વર્ષના જે હિસાબ હતા તેમાં ૬૦૦ કરોડ રૂપિયાની દરખાસ્તો આપણે મંજૂર કરી પણ રીવાઈઝ એસ્ટીમેટની એ દરખાસ્તો ૩૦૦ કરોડ કરતા ઓછી કરવામાં આવી. સામાન્ય રીતે બીજાં ખાતામાં પૂરક બજૅટની અંદર દરખાસ્તો આવતી હોય પરંતુ આ ખાતામાં ખર્ચી શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું એ કુદરતી આફતોનો હંમેશા સામનો કરતો વિસ્તાર છે પરંતુ ૨૦૦૧ના ભૂકંપ વખતે જે પરિસ્થિતિ થઈ એ પરિસ્થિતિના પડઘા આજ દિવસ સુધી શમ્યા નથી. લોકોની જે લાગણી છે એમાં મને એક શેર અર્ઝ કરવાનું મન થાય છે કે-

" ચીનગારી કા ખૌફ ન દો હમે, દિલમેં આગ કા દરિયા બસાયે બૈઠે હૈ હમ.
જલ જાતે કબ કે ઈસ આગ મેં મગર ખુદ કો ગરીબ કે આંસુઓંમેં ભીગોયે બૈઠે હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, જે અસરગ્રસ્તો છે તેને બેનીફીશીયર ન કહો, મહેરબાની કરીને. ભૂકંપના અસરગ્રસ્તો છે. તેમાંના કોઈની ક્ષતિ થઈ છે એ મુદ્દો ઉપસ્થિત કરીને ફોજદારી રાહે આજે પણ પગલાં લેવાતા હોય, કોઈને ડબલ સહાયના નામે હોય, કોઈ કર્મચારીએ બરાબર કામગીરી કરી નથી એના કારણે ૫૦૦ કરતા વધુ શિક્ષકો છે એના ઉપર ધરપકડની એક તલવાર છે એ વીંઝાતી હોય, ભૂજના વ્યાપારીઓ ૨૫૬ કે ૩૦૦ વેપારીઓ જે છે એ બે વર્ષ સુધી ત્યાં માર્કેટીંગ યાર્ડમાં એમના મકાનો તૂટી ગયા હોય, એમની દુકાનો તૂટી ગઈ ગયેલી એ પછી કામ કરતા હતા તેને એક એકને બોલાવીને એમના સ્ટેટમેન્ટ લેવાતા હોય, તડકામાં એ વેપારીઓને બોલાવાતા હોય આ પરિસ્થિતિનું નિવારણ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કરે એ આપના મારફતે કહેવાનું છે. કારણ કે આપણે જ્યારે આ કુદરતી આફતોની સામે સહાય કરતા હોઈએ ત્યારે માનવીય અભિગમ હોવો ખૂબ જરૂરી છે. કેટલીક બાબતો કોર્ટમાં છે તેનો ઉલ્લેખ નહીં કરું, પરંતુ જે બાબતો અત્યારે મારા વિસ્તારની અંદર ૬૦૦૦ કરતા વધુ અસરગ્રસ્તો છે તેમણે વધુ સહાય મકાનોની લીધી છે અને તેના માટે ક્યાંક ફોજદારી રાહે ફરિયાદ નોંધાયેલી છે. અગાઉ જે રજૂઆતો કરેલી તેના કારણે થોડી ક્ષતિ થઈ હતી પરંતુ અત્યારે અમે કચ્છ મિત્ર અને સ્થાનિક અખબારોમાં વાંચીએ છીએ કે એમની ધરપકડોનો દોર પાછો શરૂ થયો છે. જ્યારે રાહત અપાતી હોય ત્યારે પૈસા જે ખોટા લઈ ગયા હોય તેમ લાગતું હોય તો પણ તેને મહેસૂલી રાહે વસૂલ કરો એ ઇચ્છનીય છે.પરંતુ ફોજદારી કોરડો છે એ માત્ર કોઈ રૂ.૨૦૦, ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ કે રૂ.૫૦૦૦ની વસુલાત માટે થાય છે. અને ૬૦૦૦

લોકો છે એના ઉપર ફોજદારી રાહે કાર્યવાહી થઈ રહી છે. તે તાત્કાલિક બંધ કરવામાં આવે. અને જે દુકાનદારોને સરકારે કેલેમેટીની અંડરની અંદર જે સગવડતાઓ આપવાનો એક સંકલ્પ કરેલો એનો અમલ કરેલો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર..માનનીય બાબુભાઈ પોતે કહે છે કે, હું જાણું છું કે આ કોર્ટ મેટર છે, સબ જયુડીશ છે એમ કહીને સ્પષ્ટતા કરી.. મારી પહેલાં પૂરી વાત તો સાંભળો..(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : અમારી લાગણીઓ છે.. હું લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : લાગણીઓને પણ મર્યાદા હોય.. સબ જયુડીશ છે એમ તમે પોતે કહો છો અને ફરી પોતાની એ જ વાત ચાલુ રાખો છો.. આ તમામ શબ્દો બધા દૂર કરવા જોઈએ.

**સભાપતિશ્રી** : મેં હમણાં જ પટેલ સાહેબને એ વાત કરી.. (અંતરાય). તમે પહેલાં ઉલ્લેખ પહેલાં ઘણો કર્યો. એ શબ્દો કાઢી નાખીશું. તમે સિનિયર માણસ છો અને અનુભવી છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કરવામાં આવે છે, મારી કન્ટીન્યુટી તોડવામાં આવે છે, મારી એકાગ્રતા તોડવામાં આવે છે. હું જ્યારે પ્રવચન કરતો હોઉં છું ત્યારે કોઈને કોઈ સભ્યશ્રી મારી એકાગ્રતા તોડવાનો પ્રયત્ન કરે છે.. હું આપશ્રી પાસે રક્ષણ માગું છું.. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો કેલેમેટીઝ માટેની માગણીઓ ઉપર વાત કરતો હતો. એમની પાસે આ કામગીરી કરવા માટેની માગણીઓ પણ છે. એ વાવાઝોડા વિસ્તારની અંદર આપ મેંગ્રોઝ ઉગાડવા માટેની માગણીઓ લઈને આવો. પણ આ વિસ્તારમાં મેંગ્રોઝ કપાયા એનું શું? કાંખમાં બાળક છે એનો ઘા કરી, અને બાળક દત્તક લેવા નીકળીએ છીએ. આ રોકી શકાતું નહોતું. કચ્છ જિલ્લામાં જમીન લેવા માટેની ખૂબ માગણીઓ થયેલી છે. મેં અગાઉ પણ પ્રશ્નો મારફતે માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલો છે અને મહેસૂલ મંત્રીશ્રીની ખાસ નોંધ લેવી પડે. માહિતી આપવામાં એ અચકાયા નથી અને હિંમતભેર માહિતી આપેલી છે અને સભ્યશ્રીનો માહિતી મેળવવાનો અધિકાર છે એ માહિતી આપી છે. આ માહિતીથી કેટલીક સ્પષ્ટતાઓ ઉદ્દભવે છે. જંત્રીના ભાવ જે સરકારે જાહેર કરેલા હોય, પરંતુ જંત્રીના ભાવ ૨૦૦૭-૦૮ની અંદર જે ભાવ હોય એ રૂ.૧૫૦૦/- હોય, પણ ૨૦૦૮માં રૂ.૪૦૦/-નું અમલીકરણ મુંદ્રામાં શા માટે કર્યું. મુંદ્રામાં કયા લાભાર્થીઓને જંત્રીના ભાવ કરતાં ઓછા ભાવે આ જમીન આપી? એ સીરાચારની અંદર કન્સર્ડ એવોર્ડ આપેલ હોય એના કરતાં રૂ.૧૫૬/- અને રૂ.૧૩૬/- ભાવ ઓછા લીધા છે. એવું મહેસૂલ મંત્રીશ્રીએ આ સન્માનનીય ગૃહમાં કબૂલ્યું હોય. તો આ શાના કારણે ઓછા લેવાયા. સરકારી જમીન પાણીના ભાવે આપી. કચ્છની આ જમીન માટે અમારા વડવાઓએ માથા વઢાવ્યા છે. ઝારાના યુદ્ધમાં વિજય મેળવીને આ કચ્છને બચાવ્યું છે. આ ગૃહની અંદર મેં હંમેશાં કહ્યું છે કે, આ કચ્છ પીરાણો પટ્ટ છે. અમારા ત્યાં ખુટાલોની કમી નથી. અમારા ત્યાં કુહાડાના હાથા પણ મળે છે. ગુલામ શાહનું આક્રમણ પણ અમારા જ લોકો લઈ આવેલા. પણ ઝારાના મેદાનમાં વિજય એ કચ્છી પ્રજાનો થયો હતો. ઝારાનું યુદ્ધ છે એ ખૂબ જાણીતું છે. ઝારાના મેદાનમાં વિજય થયો ન હોત તો કચ્છ સિંધનો ભાગ હોત. માથા વઢાવીને જમીન બચાવી છે એ જમીનો આપતાં પહેલાં વિચાર કરવામાં આવે. તે તરફ ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી અર્જુનભાઈએ કહ્યું કે, મીઠાના ઉદ્યોગો માટેની જે જમીન અપાય એનો હું પણ હિમાયતી છું. જમીન કોને આપીએ છીએ? એનો કેવો ઉપયોગ થાય છે? રાજયની અંદર કેટલી આવકો થાય છે? એનો તો વિચાર કરીએ. મહેસૂલ મંત્રીશ્રીએ મીઠાની આવકો છે એમાંથી કેટલી આવકો થાય છેને એના આંકડા આપેલા છે. કચ્છની અંદર મીઠાની વસૂલાત કેટલી છે, વસૂલાત પાત્ર મીઠાના ઉત્પાદન ઉપર, આપણે એમ કહેતા હોઈએ છીએ કે, રાજયનું ૬૦ ટકા મીઠાનું ઉત્પાદન કચ્છમાં થાય છે. એની સોલ્ટ શેષ છે એ તો આપણને મળવી જોઈએને.માત્ર રૂ.૩,૯૧,૧૧૬/-નો આ શેષ છે એ રાજયમાં જમા કરવાનો છે.અને એમાં વસૂલ જમીન ૪૪૮૨૮ જ આવી છે. હજારો એકર જમીન, લાખો એકર જમીન જ્યારે આપણે મીઠાના ઉદ્યોગ માટે રાજ્ય સરકાર આપતી હોય ત્યારે રાજ્ય સરકારની તિજોરીમાં આ મીઠાના અગરોની આવક તો આવવી જોઈએ ને? આ રકમ અગરિયાઓના કલ્યાણ માટે વાપરવાનું કામ અન્ય ખાતું કરતું હોય, પરંતુ જમા કરવાનું કામ તો મહેસૂલ ખાતાનું હોય છે. આ હકારાત્મક રીતે ગણીએ તો વિશાળ જમીનનો કુદરતી કેટલીય વિષમતાઓની વચ્ચે કચ્છનું મોટું રણ છે એમાં જે પરિસ્થિતિ છે એના કારણે આ દેશમાં મરીન કેમિકલ્સનો ખૂબ મોટો લાભ આપી શકે એવો વિસ્તાર છે. એ વિસ્તારમાં જે જમીનો અપાતી હોય એ એકહથ્થું ન અપાવી જોઈએ. માનનીય અર્જુનભાઈએ કહ્યું એ પ્રમાણે કોઈ એક કંપનીને એક લાખ એકર જમીન આપવાના બદલે ૧૦ જણાને ૧૦ હજાર પ્રમાણે માગણીદારો છે એને આપવામાં આવે અને તમામને એનો ન્યાય મળવો જોઈએ. આ રીતે જો મરીન કેમિકલ્સ ઉદ્યોગ આગળ વધે તો દેશમાં વેલ્યુએડેડ, એમાં મીઠાના જથ્થાની નિકાસ થઈ શકતી નથી એના કારણે પર્યાવરણના પ્રશ્નો અને ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં ખારાશ વધી જાય છે એટલે મીઠાની નિકાસ થાય એ માટે વેલ્યુએડેડ ઉદ્યોગ ખાતા સાથે સંકલન કરીને મીઠામાંથી કોસ્ટિક સોડા, સોડા એસ એ બધું થઈ શકે. તો આ દિશામાં એક તો જે નોમેન્સ લેન્ડ છે, ઓછી વસ્તીવાળો વિસ્તાર છે ત્યાં વસ્તીનું પ્રમાણ વધી શકશે. મારે કુદરતી આફતો અને કલા અને સંસ્કૃતિ માટે વાત કરવી છે કે આજે કલા અને સંસ્કૃતિ પ્રત્યે રાજ્ય સરકાર કેટલી ઉદાસીન છે. કલાકારોને કેટલી સહાય આપવામાં આવે છે? ૧૨૦૦ થી ૨૪૦૦ ના ધોરણે વાર્ષિક અને વધુમાં વધુ માસિક ૨૦૦ના ધોરણે કલાકારોને

સહાય અને એમાં કેન્દ્ર સરકારની સહાય કેટલી મળે છે એની સાથે સરખામણી કરો. આ તો કલાકારો નિસહાય છે. આપણે ત્યાં માનનીય મનોહરસિંહજી જાડેજા હતા એ વખતે કલાકારોના ઉત્કર્ષ માટેનું એક નવા ફંડની રચના કરવામાં આવેલ હતી અને આ ફંડમાં એકત્રિત થયેલ રકમનું વ્યાજ વપરાય છે ખરું એનો માનનીય સંસ્કૃતિ મંત્રીશ્રી વિચાર કરે. આ રાજ્યમાં સંસ્કૃતિ માટે આવકો વધે એ જરૂરી છે. આ વખતે ૧૩૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. ગયા વખતે ૩૫ કરોડ રૂપિયા હતા, એના પછી ૨૦૦૯-૧૦માં ૭૫ કરોડ હતા અને આ વખતે ૧૩૯ કરોડ રૂપિયા કદાચ તમે સ્વર્ણિમ ગુજરાતના ખર્ચ માટે કર્યા હશે. પરંતુ આ ૧૩૯ કરોડનો ખર્ચ છે એમાં કલાકારોના ઉત્કર્ષ માટે ખર્ચ થાય એ જરૂરી છે. આપણી ૬ એકેડેમીઓ છે એને પણ પૂરતા પ્રમાણમાં ગ્રાન્ટ આપવામાં આવે તો સાહિત્યના ક્ષેત્રે એમાં વધારો થાય. હમણાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે સ્પૉર્ટસ ઓથોરિટી માટે વાત કરી, આપણે રમત-ગમતને ઉત્તેજન આપવામાં કેટલા ઉણા ઊતર્યા છીએ? હું આઈ.પી.એલ.નો વિરોધી નથી તેમ એની તરફદારી પણ નથી કરતો. પણ આઈ.પી.એલ.માં ગુજરાતની ટીમ આવશે એવી વાત વહેતી થયેલ હતી. પરંતુ આઈ.પી.એલ.ની અંદર ગુજરાતની ટીમ શા માટે આવી શકી નહીં ? એમાં શું રમત રમાઈ છે, શું કારીગરી થઈ છે એનો વિચાર કરવો જોઈએ. ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજા છે એનું નામ આગળ ધરી દેવામાં આવ્યું સરકાર તરફથી. આ સરકારી યોજના નથી પરંતુ રમત ગમતના ક્ષેત્રે જ્યારે માનનીય નરેન્દ્રભાઈ મોદી ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ હોય ત્યારે એમના રાજ્યની આઈ.પી.એલ.ની ટીમ એના બીડમાં આપણે કેમ આગળ ન વધી શક્યા અને એની અંદર કઈ પદ્ધતિઓ અપનાવવામાં આવેલ છે. આજના અખબારોમાં નોંધ લેવામાં આવેલ છે પરંતુ એની વિસ્તૃત છણાવટ કરીએ તો રમત-ગમતના ક્ષેત્રને પણ આ ઉદ્યોગપતિઓ કમાવાનું સાધન ગણતા હોય તો એનાથી આપણે છેટા રહીએ અને રાજ્યના રમતવીરો માટે પૂરતી રકમ ફાળવવામાં આવે અને એમના સુધી પહોંચે અને રમતવીરો આ ગુજરાતનું નામ રોશન કરે એવી લાગણી હું વ્યક્ત કરું છું.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી નંબર ૯૮ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની હેઠળ બજેટમાં ૭૬.૨૫ ટકાનો વધારો કરીને જોગવાઈ રૂા.૧૯૮.૭૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. એક કહેવત છે "જ્યાં વસે ગુજરાતી ત્યાં વસે સદાકાળ ગુજરાત" એ આપણાં બધાનો અનુભવ છે, તેથી સ્વાભાવિક રીતે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી ભૌગોલિક મર્યાદામાં સીમિત ના રહેતા દેશ અને દુનિયાની અંદર વસતા તમામ ગુજરાતીઓ સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમો ઉત્સાહભેર ઉજવે છે. સ્વર્ણિમ જયંતીના નાગરિકો સંકલ્પ લે છે અને દેશ માટે કાંઈક કરી છૂટવાની ઉમદા વિચારોની લાગણી સમાજ જીવનમાં પ્રગટી હોય તો આવું પ્રથમ વખત બન્યું છે. ગુજરાતની યુવા શકિત અને તેના સામર્થ્ય અને મહત્ત્વાકાંક્ષાને પ્રોત્સાહિત કરવા માટે સ્વર્ણિમ જયંતીથી બીજો કોઈ રૂડો અવસર ના હોઈ શકે. યુવા પ્રતિભા ખીલી ઊઠે તે માટે રમત ગમત ક્ષેત્રે ગુજરાતની એક આગવી ઓળખ ઊભી થાય તેવા લાંબા ગાળાના આયોજન અને સ્વપ્નને સાકાર કરવા ખેલ મહાકુંભ ૨૦૧૦નું આયોજન વિચારાયું છે. સરકાર બધા જ ક્ષેત્રમાં મહિલાઓને પ્રાધાન્ય આપી રહી છે તો પછી રમત ગમત ક્ષેત્રમાં શું કામ પાછળ રહે? એટલા માટે રાજ્ય કક્ષાની શાળાઓમાં શાળાકીય સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર અથવા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર મહિલા ખેલાડીઓને રૂા.૪૮૦૦ અને રાજ્ય કક્ષાની દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર મહિલા ખેલાડીને રૂા.૩૬૦૦ અને રૂા.૨૪૦૦ ચૂકવવામાં આવે છે. ૨૦૦૮ થી ૨૦૦૯ સુધીમાં ૬૪૧૩ મહિલા ખેલાડીઓને રૂા.૨.૮૦ કરોડની સ્કૉલરશિપ ચૂકવવામાં આવેલ છે. ૨૦૦૯-૧૦ કુલ ૧૮૦૦ મહિલા ખેલાડીઓને રૂા.૦.૮૦ કરોડની સ્કૉલરશિપ ચૂકવવામાં આવશે. મહિલાઓને આત્મરક્ષણ માટેની અનેકવિધ યોજના અમલમાં મૂકી છે, જેમ કે જિલ્લાના મુખ્ય મથકો ઉપર મહિલાઓ અને યુવતીઓ માટે જૂડો, કરાટેની તાલીમ આપવા માટે કુલ ૨૫ જેટલા જિલ્લાઓમાં ૧૯ જેટલા જૂડો, કરાટેના ઈન્સ્ટકટરો રોકવામાં આવેલ છે. જૂડો, કરાટેના ઈન્સ્ટકટરો દ્વારા એક કેન્દ્ર દીઠ ૫૦ જેટલી મહિલાઓ અને યુવતીઓને આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જૂડો, કરાટેની તાલીમ યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦ ના અંતે કુલ ૩૪૬૭૨ મહિલાઓએ લાભ લીધેલ છે. રાજ્યની સ્પોટર્સ હોસ્ટેલ ભાવનગર, પોરબંદર અને નડિયાદખાતે રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધેલ હોય અને રાજ્ય કક્ષાની પ્રતિભાશોધ કસોટીમાં ઉતીર્ણ થયેલ હોય તેવા રાજ્યના યુવા અને આશાસ્પદ ખેલાડીઓને વિનામૂલ્યે ભોજન, ગણવેશ, સાધનો, વીમા સુવિધા અને રહેણાંકની સુવિધા પુરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત દરેક ખેલાડીને માસિક રૂા.૩૦૦ સ્ટાઈપેન્ડ પણ ચૂકવવામાં આવે છે. સરકારશ્રીના પ્રયત્નોથી પરંપરાગત રીતે યોજનાના લોકમેળાઓમાં ગ્રામીણ ઓલંપિકનું આયોજન કરવામાં આવે છે. તરણેતર અને દેવગઢબારીયા મુકામે યોજાયેલ છઠ્ઠા ગ્રામીણ ઓલંપિકમાં ૩૮૨૯ સ્પર્ધકોએ ભાગ લીધેલ છે અને રોકડ પુરસ્કાર પેટે રૂા.૨.૮૫ લાખ ચૂકવવામાં આવેલ છે. પંડિત દીનદયાળ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જુનાગઢ ખાતે તથા સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર માઉન્ટઆબુ ખાતે એપ્રિલથી જૂન સુધી (અંતરાય)

**સભાપતિશ્રી** : ભાવનાબેન આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય અધ્યક્ષશ્રી, યુવા અને સાંસ્કૃતિક સેવા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યાં છે એમાં હું મારું મંતવ્ય અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યુવા અને સાંસ્કૃતિક વિભાગની અંદર જે ગ્રંથાલય વિભાગ છે એ ગ્રંથાલય વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી જે રાજ્ય સરકાર દ્વારા જે ગ્રંથાલય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટેના જે પ્રયત્નો થઈ રહ્યાં છે અને એમાં ગ્રંથને જે મહત્ત્વ આપીએ છીએ એ ગ્રંથનો પંથ ખૂબ ગૌરવવંતો છે આપણે ત્યાં ભારતની અંદર તક્ષશીલા અને નાલંદાના વિશ્વ વિખ્યાત વિદ્યાલયો હતા. એવા વિશાળ અને સમૃદ્ધ ગ્રંથાલયો હતા કે એમના મૂલ્યવાન પુસ્તકોની ખ્યાતિ સમગ્ર એશિયામાં ફેલાયેલી હતી. દૂર દૂર દેશોમાંથી વિદ્યાર્થીઓ અને જ્ઞાન પીપાશુઓ ત્યાં અભ્યાસ માટે આવતા હતા. ખાસ તો ગ્રંથાલય પ્રવૃત્તિઓમાં ગુજરાતમાં આપણે યાદ કરીએ તો ગુજરાતના ઇતિહાસ તરફ નજર કરીએ તો પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહ જે કીર્તિવંત રાજા હતા અને એમના સમયમાં એ વખતે એમના સાહિત્ય ગુરુ હેમચંદ્રાચાર્યજી દ્વારા જે સિદ્ધહેમ ગ્રંથ એમના દ્વારા જે નિમાર્ણ કરવામાં આવ્યો હતો, રચવામાં આવ્યો હતો. એ સિદ્ધહેમ ગ્રંથને એ વખતના એ મહારાજા સિદ્ધરાજ જયસિંહે એમને નગરયાત્રામાં હાથીની અંબાડી ઉપરથી સિદ્ધહેમ ગ્રંથને હાથીની અંબાડી ઉપર પધરાવી અને નગર યાત્રા કાઠી હતી, એની ગ્રંથ યાત્રા કાઠી હતી. સિદ્ધહેમ એટલે ગુજરાતી ભાષાનું એક વ્યાકરણ છે જેને ગુજરાતી ભાષાને એક મૂલ્યવાન ગ્રંથ આપ્યો છે. એવા સિદ્ધહેમ એટલે હેમચંદ્રાચાર્ય પોતે અને એના એ વખતના મહારાજા સિદ્ધરાજ જયસિંહ હતા એમને બંન્નેના નામ જોડી આ સિદ્ધહેમ નામથી એમણે આ ગુજરાતનું વ્યાકરણ આપેલું હતું અને એમના વખતમાં જે કલા અને સાહિત્યનો જે યોગ હતો. એ રીતે એમણે જે નગરયાત્રામાં જે હાથીની અંબાડી ઉપર જે યાત્રા કાઠી હતી, એવી રીતે યાદ કરીએ તો આપણા ભારતના બંધારણની હમણાં જે ગ્રંથ યાત્રા સુરેન્દ્રનગરમાં ૨૪મી જાન્યુઆરીના દિવસે એક ઐતિહાસિક દિવસ ગુજરાતનો હતો કે ભારતની અંદર કદાચ એક ગુજરાત રાજય એવું હશે અને ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીને જે વિચાર આવ્યો કે અને એમણે ભારતના બંધારણની ગ્રંથ યાત્રા ૨૪મી જાન્યુઆરીના દિવસે સુરેન્દ્રનગરના રાજ માર્ગ ઉપરથી જ્યારે નીકળી ત્યારે હજ્જારો નર અને નારીઓ એ ગ્રંથ યાત્રામાં માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે જોડાયા હતા એટલે એ આપણને સંદેશો આપે છે કે, ભારતનું બંધારણ આપણા માટે કેટલું પવિત્ર છે. ગુજરાતની અંદર ગ્રંથાલય પ્રવૃત્તિ વિશે જ્યારે આપણે જોઈએ તો વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ જે એમના રાજયનો જે વિસ્તાર હતો એ વિસ્તારમાં ગ્રંથાલય પ્રવૃત્તિઓ ખૂબ સારા પ્રમાણમાં વિસ્તારી હતી. એ સમયના મહારાજાઓમાં મહારાજા ભગવદસિંહજી છે, એ સમયની અંદર જામનગરના દાનવીર હતા મેઘજી પેથરાજ કે જેમણે ગ્રંથાલય પ્રવૃત્તિઓના વિકાસ માટે ગામડે ગામડે ગ્રંથાલયો ખોલ્યા હતા અને આજે પણ કેટલાય ગામડાઓની અંદર મેઘજી પેથરાજની લાયબ્રેરીઓ જોવા મળે છે. આજે વડોદરા સ્ટેટના જે આખી જે એમની શાસન વ્યવસ્થામાં એને ગ્રંથાલય પ્રવૃત્તિઓને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. મોતીભાઈ અમીનને ગ્રંથાલય પ્રવૃત્તિના આપણે એમ કહીએ ગુજરાતમાં ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા હતા એ મોતીભાઈ અમીનના નામે આજે પણ સારા એવા એવોર્ડ આપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી ટી.વી. અને મિડિયાનું જે આક્રમણ થયું છે, તેનાથી યુવાનોમાંથી વાંચનનો જે એક રસ ઊઠતો જાય છે એને ફરી જાગૃત કરવા માટે થઈને આપણા ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ગુજરાતની સ્વર્ણિમ જયંતી વર્ષ નિમિત્તે, !વાંચે ગુજરાત અભિયાન! નામથી એક એવો સરસ પ્રોજૅક્ટ લઈ આવ્યા છે કે જેના દ્વારા વિદ્યાર્થીઓને અને શિક્ષકોને વાંચન માટે થઈ અને એક પ્રેરણા મળે.

સ્વર્ણિમ ગુજરાતના નાગરિકો !વાંચે ગુજરાત અભિયાન! દ્વારા વિચારવંત માનસ સાથે વિકાસશીલ બને તે માટે સમગ્ર ગુજરાત રાજયમાં ૨૫ લાખ બાળકો, ૧ કરોડ પુસ્તકો વાંચે એવી અપેક્ષા છે, ૧૫ હજાર જેટલી શાળાઓ , ૫૦ હજાર જેટલા ગ્રંથ સારથિઓ, ૧૦ હજાર જેટલા નિર્ણાયકોનું તેમાં યોગદાન મળશે તથા ૧૫ હજાર ગ્રંથાલયોની પ્રેરણા સભાઓ યોજાશે, ૨૫૦૦ વાંચન શિબિરોનું આયોજન પણ થશે, જેમાં અઠી લાખ બાળકોને પ્રેરણા તથા તાલીમ આપવામાં આવશે. આશરે ૩,૧૫,૧૨૦ બાળકો તેમજ ૧૪૦૦ જેટલી શાળાઓ અને શિક્ષકોને ઇનામ આપવામાં આવશે. આ આંકડાઓ તો માત્ર દ્રષ્ટાંતરૂપ ગણી શકાય . સમસ્ત ગુજરાત રાજયની પ્રજા વાંચે અને વિચારે કે આ અભિયાનનો ઉદ્દેશ્ય છે. ગુજરાત રાજય આપણા ભારત દેશનું જ્ઞાન-વાંચન પાટનગર બને અને રાષ્ટ્રીય જ નહીં બલકે વૈશ્વિક સ્તરે !વાંચે ગુજરાત અભિયાન! અનુકરણીય બની રહે તે અપેક્ષિત છે. માણસ એટલે વાંચેલુ સાહિત્ય એવું કહેવાય છે. કોઈ પણ વ્યકિત કે સમાજના વિકાસનો બેઈઝ તેના વૈચારિક સ્તરમાં રહેલો છે. ઉચ્ચ વિચારો હશે તો જ ઉચ્ચતમ વિકાસ અને સફળતા પ્રાપ્ત થઈ શકશે. આ માટે વિચાર અને વાંચનના મહત્ત્વની સમજ નાનપણથી જ કેળવવામાં આવે તો આપોઆપ વૈચારિક રીતે યુવાન પેઢીનું ઘડતર શકય બને.

**સભાપતિશ્રી** : પ્રવિણભાઈ તમારું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે, સભાગૃહ ૧૧.૦૦ વાગ્યે મળશે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

સભાપતિશ્રી દોલતભાઈ દેસાઈ અધ્યક્ષસ્થાને

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અતિ મહત્વના મહેસૂલ વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજયની આવકના સ્ત્રોત જેને કહેવાય ઈન્કમ સોર્સ જેને કહેવાય એ સોર્સ ઉપરનો આ વિભાગ છે. ખાનગી ક્ષેત્રના અને જાહેર ક્ષેત્રના જે એકમો છે. આ ઉપરાંત માલિકીના જે પ્રશ્નો છે. પ્રોપર્ટીના સરકારની જે માલિકી છે અને જે પંચાયત હસ્તક વહીવટ કરવા માટે એડમીનીસ્ટ્રેશન માટે જે પ્રોપર્ટી આપેલી છે એવી પ્રોપર્ટીનો આ વિભાગ છે. રાજયમાં ૧૮૦૦૦ ગામડાંઓમાં ૬૨ટકા જે વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે એ ગ્રામીણ વિસ્તારની મહત્વની જેને કહેવાય એવી સંપત્તિને લગતો આ વિભાગ છે. એ વિભાગ ઉપર આપણે ચર્ચા કરવા જઈ રહયા છીએ. રાજયના અર્થતંત્રમાં એગ્રીકલ્ચર મહત્વનું ક્ષેત્ર છે. એ જોડાયેલું છે મહેસૂલ વિભાગ સાથે. મહેસૂલ ઉપરની જમીન ઉપર જે ખેડૂતો મહેનત કરે છે, જે કિસાન એનો પરસેવો પાડીને એનો શ્રમ કરીને લોહી સિંચન કરીને રાજયની પ્રજા માટે અનાજ પેદા કરે છે. જરૂરિયાત પેદા કરે છે એ આડકતરી રીતે કે સીધી રીતે આ વિભાગની અંદર એનો ઉલ્લેખ આવી જાય છે. રોજીરોટીનો કિસાનની મહેનતનો, ખેતી મજૂરોનો, ગ્રામીણ ક્ષેત્રના જીવન નિર્વાહ જે અર્થતંત્ર કહેવાય, ઈકોનોમી કહેવાય એ ગ્રામીણ ક્ષેત્રની રેવન્યુની જમીન છે અને એટલા માટે એને ધોરીનસ જેવો વિભાગ આપણે ગણેલો છે. મહેસૂલી રકાબામાં ગામતળ આવે છે., ગૌચર આવે છે, ખરાબા આવે છે, તળાવો આવે છે અને સરકારી જમીન જે આવે છે એ આપણે એના ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં એની ફેરફાર નોંધોમાં, એન્ટ્રીઓમાં અને ભવિષ્યમાં ઊભા થનારા કોઈપણ દાવાઓમાં આ વિભાગની નોંધ અતિ મહત્વની બનવા પામેલ છે એટલું જ નહીં પરંતુ દસ્તાવેજોની નોંધણી, રજીસ્ટ્રેશન, જંત્રી મુજબના દસ્તાવેજો, એની આવકના રાજયના સ્ત્રોતો અને સ્ટેમ્પડયુટી સહિતના જે છે એ આ વિભાગમાં આવરી લેવામાં આવે છે. આજે આ જમીન ઉપર કોની નજર છે એ જમીન ઉપર કયા લોકો એની આંખ દ્રષ્ટિ જેને કહેવાય વિઝન જેને કહેવાય એ લઈને બેઠેલા છે. કલમ-૪નું જાહેરનામુ સંપાદનની અંદર પ્રસિદ્ધ કરવામાં આવે છે અને કઈ જમીન કયા હેતુ માટે સંપાદન કરવામાં આવે, એકવીઝેશન કરવામાં આવે એના ઉપર અત્યારે ચર્ચા ચાલી રહી છે. રાજયમાં ઉદ્યોગો જરૂર આવવા જોઈએ પણ એ ઉદ્યોગો એ રીતે ન હોવા જોઈએ કે જેનાથી માનવજીવનને અસર થાય. વસ્તીના હક્કને અસર થાય એના ઉપરના જે કાંઈ તમામ હકકો છે એ જળવાય એને કેન્દ્રમાં રાખીને એ ઉદ્યોગો આવવા જોઈએ. ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં કલમ-૪નું જાહેરનામુ પ્રસિદ્ધ થયા પહેલા એ જમીન રિઝર્વેશનમાં મુકી દેવામાં આવે છે. બંધારણે આપેલા અધિકારો જે છે અને જે કોન્સ્ટીટયુશને આપણને નિર્દેશ કરેલ છે એનાથી વિપરીત જઈને ખેડૂતોની જમીન સંપાદન પહેલા એને રિઝર્વેશનમાં મુકી એ જમીન તબદીલ ન કરે, એ જમીન ઉપર કાંઈ ડેવલપમેન્ટ ન કરે, ઉપયોગિતામાં ન લઈ શકે એવી જાતની કાર્યવાહી ચાલી રહી છે. અત્યારે અમારા વિસ્તારની વાત કરું.તો દહેજ ઔદ્યોગિક વિસ્તારમાં ૪૨ ગામો એવા છે કે ૬૬ ટકા એરિયા એવો છે, જેની અંદર કલમ-૪ પહેલાનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું. એવું પ્રસિદ્ધ કરી દીધું કે જેના કારણે તમામ મિલકત સરકાર હસ્તક આવી જાય. એવી જાતની કાર્યવાહી કરી દીધી. એ કરવા પાછળનો આશય ખેડૂતોનું શું થશે એનો કોઈ વિચાર નહિ, ખેતમજૂરોનું શું થશે એનો કોઈ ખ્યાલ નહિ. એમના જીવન નિર્વાહનું શું થશે એનો કોઈ ખ્યાલ નહિ. એમનાં બાળકોનું શું થશે એનો કોઈ વિચાર નહિ. માત્રને માત્ર આ ૪૨ ગામો ઉપર સત્તાનો દુરુપયોગ કરી આ જાહેરનામું પ્રસિદ્ધ કરી આપવામાં આવે છે. ૧૦ જેટલા ગામો મારા એરિયાની અંદર અને ૪૨ સિવાયના ગામો છે, ભરૂચ તાલુકાના બૉર્ડરના છે એમ કરીને ૫૨ ગામોમાં રિઝર્વેશન મૂકી દીધું છે. એટલું જ નહિ ખેતીની જમીન ફળદ્રુપ જમીન છે, જે જમીન અનાજ આપે છે, જે ધરતી પોષણ આપે છે, જે જમીન રોજીરોટી આપે છે. એવી ફળદ્રુપ જમીન સસ્તા ભાવે પડાવી લેવામાં આવે છે. વાત કરવામાં આવે છે નેગોશીએશનની, વાત કરવામાં આવે છે વાટાઘાટોની, પણ વાસ્તવિકતા એનાથી પર છે. વાસ્તવિકતા એ છે કે આ જમીન ખેડૂતોની મરજી સિવાય, કિસાનોની સંમતિ સિવાય જી.આઈ.ડી.સી. ઉદ્યોગ વિભાગ અને મહેસૂલ વિભાગ બંને સંકલન કરી યાદી બનાવી દઈ અને ઝોન બનાવી દે છે. ઝોન બનાવી દઈ પછી શું કરવામાં આવે છે. ઝોન તૈયાર થાય, જમીન વેચવાની હોય એ જમીનનું જાહેરનામું પ્રસિદ્ધ થતા પહેલા જમીનના દલાલોને એની કોપી આપવામાં આવે છે. જમીનના દલાલો એ જમીન ખેડૂતો પાસેથી સસ્તા ભાવે ૬ મહિના પહેલા એક્વિઝિશન થવાનું હોય એના ૬ મહિના પહેલા, ૧૨ મહિના પહેલા ખેડૂતો પાસેથી ખરીદી લે છે. એ જમીનના બમણા પૈસા સરકાર દ્વારા આવા પૈસા જમીનના દલાલોને મળે છે. લાખો રૂપિયા નહિ, કરોડો રૂપિયાનો મુનાફો, જેને પ્રોફિટ કહેવાય, જેને નફો કહેવાય, ક્રિમ કહેવાય એ કોણ લે છે? જમીનના દલાલો લે છે. કોપી જોઈતી હોય તો તમારું એક્વિઝિશનમાં આવે છે. તમે ઉદ્યોગ વિભાગમાં કે મહેસૂલ વિભાગમાં જાઓ. ૫૦,૦૦૦ રૂપિયામાં નકલ મળી જાય. એમાં સરવે નંબરનો નિર્દેશ હોય, ભવિષ્યમાં સંપાદનની વિગતો હોય, એ ખેડૂતો પાસેથી પડાવી લેવા માટે આટલી હદે ચાલ્યું હોય એના ઉપર વાત ન કરી શકીએ. આ તો મજબુરી કહેવાય. આપણી કઈ એવી મજબુરી છે. આપણે આટલી બધી પારદર્શકતાની વાતો કરીએ છીએ. ખેડૂતોની વાત કરીએ છીએ. કોમ્પ્યુટરાઈઝેશનની વાત કરીએ છીએ. બીજી બાજુ ખેડૂતો લૂંટાઈ રહેલ છે. એની જમીન લેવામાં આવી રહેલ છે. કેવી રીતે લેવામાં આવી રહેલ છે. મરજી વગર જાહેરનામું સંપાદન પહેલા રિઝર્વેશનમાં મૂકી દેવામાં આવે, એટલું જ નહિ જે વિસ્તારમાં ઓ.એન.જી.સી. છે, જે વિસ્તારમાં આઈ.ઓ.સી. છે, જે વિસ્તારમાં ગેઈલ છે.

જ્યાંથી દેશને ઓક્સિજન મળે છે, તેલ મળે છે. જ્યાં આગળ ગેસ મળે છે. જે ક્ષેત્રમાંથી દેશને કાચું સોનું મળે છે. એવા વિસ્તારોની જમીન રિઝર્વેશનવાળી ઓ.એન.જી.સી.ની જમીન, ગેસ ઓથોરિટી ઑફ ઈન્ડિયાની અને આઈ.ઓ.સી., ઑઈલ કૉર્પોરેશનની જમીન આજે સંપાદન કરી ગુજરાત સરકારે પૈસા ચુકવેલા છે. આજે પણ કેન્દ્ર સરકારમાંથી એન.ઓ.સી. મળતી નથી. એવાં કયા કારણો છે, જે ક્ષેત્રની તમે ગેસ માટેની વાતો દર વખતે હાઉસમાં કરો છો. કેન્દ્ર સરકારના અન્યાયની વાતો કરો છો. તમે કેન્દ્રનો ગેસ અને બીજા ક્ષેત્રની અન્યાયની વાત કરો છો. બીજીબાજું તેલ ક્ષેત્રની જમીનો તમે સસ્તા ભાવે સંપાદન કરી લો છો. ત્યાં આગળ ઑઈલનું ઑપરેશન બંધ કરવાનો પ્રયત્ન કરો છો. ગેસનું ઑપરેશન બંધ કરવાનો પ્રયત્ન કરો છો. આ ઓપરેશનો બંધ કરીને દેશને કયો ફાયદો થશે. ઉદ્યોગો ચોક્કસ બનાવીએ, એની સાથે સાથે દેશના ઓક્સિજન એના ઉપર તરાપ મારી અને ઉદ્યોગપતિઓને ખુશ કરવા માટે અને કયા ઉદ્યોગપતિઓને, નાના ઉદ્યોગપતિઓ નહિ, સામાન્ય કદના ઉદ્યોગપતિઓ નહિ, જે લોકો અંગ્રેજો જે રીતે ભારતમાં આવેલા. અંગ્રેજોએ વેપાર ભારતમાં શરૂ કરી ભારતની વસ્તી ઉપર આધિપત્ય મેળવેલું. માનનીય અધ્યક્ષશ્રી, તેવા બીજા અંગ્રેજો, પેલા ગોરા અંગ્રેજો હતા અને પછી બીજા કાળા અંગ્રજોને ઈન્વાઈટ કરી રહ્યા છીએ. આ એટલા માટે ઈન્વાઈટ કરી રહ્યા છે કે તેના ઉપરથી મળતો મુનાફો, તેના ઉપરથી મળતો નફો પ્રજાને ન મળે અને તે ઉદ્યોગગૃહોને મળે, ઉદ્યોગ ગૃહો કમાઈ જાય, માનનીય ઈશ્વરભાઈએ સારી વાત કરી. તેનો પણ હું જવાબ આપું છું. કચ્છની અંદર આવી જમીનો અદાણી ગૃપને સાહેબ હું રાઈટ ટુ ઈન્ફોર્મેશનની માહિતી પ્રમાણે વાત કરી રહ્યો છું. બહુ ઓથેન્ટીક વાત કરું છું. કચ્છની અંદર અદાણી ગૃપને જમીન આપવામાં આવી, જામનગરમાં આપવામાં આવી અને ભરૂચમાં આપવામાં આવી તે જમીનો સાંભળો તો દંગ થઈ જવાય સાહેબ તેવી જમીનો છે. ૨૫ હજાર વીઘા સરકારી જમીને આપી દીધી, ૮ હજાર વીઘા ગૌચરની જમીનો આપી દીધી. ગાય માતાના ચારણ માટે, મૂંગા પશુઓના ચારણ માટેની જમીનો કહેવાય તેના ઉપરથી રાજાની દ્રષ્ટિ જતી રહી. સાહેબ એક રાજા હતો અને તે રસ્તા ઉપરથી પસાર થતો હતો ત્યારે તેણે એક ખેતરમાં શેરડીનું કોલુ જોયું. ત્યારે તેના મનમાં ભાવ પેદા થયો કે ખેડૂત કેટલો નફો લેતો હશે. ધોમધખતા તાપ હતો. ૧૧૪ ફેરનહીટ ગરમી હતી સાહેબ. તેણે ધરતી ઉપર તેની નજર ગઈ તે દિવસે શેરડીમાંથી રસ ન નીકળ્યો. આ ઈતિહાસ કહે છે તે તમારી સરકાર કરી રહી છે, તમારા મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે. આ જમીન કયા ભાવમાં આપવામાં આવી? આ જમીન ચાર રૂપિયાના ભાવમાં આપવામાં આવી. એક હજાર કહેવાય ચાર રૂપિયે અદાણીને આપવામાં આવી અને અદાણીએ સાહેબ કેટલામાં વેચી? એક હજાર રૂપિયે સ્કવેર ફીટ આઈ.ઓ.સી.ને વેચી દીધી. ધીસ ઈઝ ઓફીશ્યલ ફીગર. આઈ એમ ગોઈંગ ટુ ચેલેન્જ ધી ગવર્નમેન્ટ. તે પ્રમાણે અદાણીને કેટલી જમીન આપી? ૨૮૪૪ હેકટર. ૨૯૬૩ હેકટર જમીન સરકારે વેચી દીધી અને ૮૮૧ ગોચરની વેચી દીધી. ત્યાંથી ન અટકયા સાહેબ. અદાણી ગૃપને બીજી જમીન કચ્છમાં આપી તેમાં ૭૧૩ હેકટર જમીન આપી. તે સિવાય ગૌચરની જમીન અદાણીને આપી તે ૪૦૨ હેકટર થઈ. તે સિવાયની જમીન ૨૬૫ હેકટર જમીન રિલાયન્સને આપી. તે મુજબ સ્ટર્લિંગ ઈરેકશનને જમીનો આપવામાં આવી. આ સરકારી જમીનો કહેવાય. ૧૨૬૩ હેકટર જમીન. આ બધી જમીનનો સરવાળો કરીએ તો ૮ હજાર વીઘાનું ગૌચર અને ૨૫ હજાર વીઘાની સરકારી જગ્યા ચાર રૂપિયાના ભાવે આપી દીધી. કચ્છમાં સાહેબ મીટરનો ભાવ જે ચાલે છે તે હજાર રૂપિયા ચાલે છે. ૨૫૦ રૂપિયે મીટરમાં આ સરકારના માનીતા ઔદ્યોગિક ગૃહોને આ જમીન આપી અને તેમને નફો કમાવવા દેવા માટેની ગ્રીન સિગ્નલ આપેલ છે, કોરો ચેક સરકારે આપેલ છે. ઔદ્યોગિક વિકાસ તો ૧લી મે ૧૯૬૦ના દિવસથી ચાલતો હતો. ૧૯૮૫ સુધી જે વિકાસ થયો તેમાં કોઈ એક કે બે કંપનીએ સરકાર ઉપર પંજો નહીં મૂકેલો. વાત કરવાની ગરીબોની. પંદર વર્ષમાં ગરીબો યાદ ન આવ્યા અને જમીનો સસ્તા ભાવે ચાર રૂપિયાના ભાવે આપી દીધી અને તે આપ્યા પછી પણ એમ કહેવામાં આવે કે અમે પારદર્શક છીએ. કઈ પારદર્શકતા છે? ધીસ ઈઝ રાઈટ ટુ ઈન્ફોર્મેશનની માહિતીની વાત કરું છું. એટલું જ નહીં અત્યારે જે રીતે જંતરીનો ભાવ ૧૫૭૫ ચાલી રહ્યો છે અને અમલીકરણ ૪૫૦ના ભાવથી કરવામાં આવે છે. આ રીતે સસ્તી જમીનો આપી દઈ અને કોઈ માણસ ગુજરાતમાં ઉદ્યોગના ઉત્પાદનને બદલે તે પૈસાની ટંકશાળ આ ગુજરાતને બનાવે તે કયારેય પણ ચાલવા ન દેવાય. આ વાત નીતિની કરું છું. આ વાત નીતિની કરું છું અને એટલા માટે અનેક કાયદાઓ આજે એવા છે કે આરટીઆઈ હેઠળની જે માહિતી છે તેમાં ૨૫ હજાર એન્ટ્રીઓનું વર્ગીકરણ કરવાનું ભરૂચ જિલ્લામાં બાકી છે. વેચાણના આધારે પડતી નોંધોમાં કે વારસાઈ કે બોજામાં અત્યારે ૧૩૫-ડીની નોટિસ બજાવી અને નોટિસ મળે કે ના મળે તેના ઉપર નામ ચડાવી દેવામાં આવે છે. બોજો કમી કરવાના પ્રશ્નો ખેડૂતોના છે. વેચાણમાં ભાઈ બહેનોના હક્કમાં જવાબો પછી આ સરકાર વહેંચણી કરતી નથી. વારસાઈ પછી વારસોના નામો નક્કી કરવામાં તલાટી સમક્ષ જે વારસના નામો નક્કી કરવામાં આવતા હતા આજે પણ પંચો આપે છે તો પણ વારસોના નામો નક્કી કરવામાં નથી આવતા. એટલું જ નહીં પણ નવી શરતની જમીનો શહેરી વિસ્તારોમાં જુની શરતમાં નહીં કરવી એવો પરિપત્ર છે છતાં પણ શહેરના બદલે આસપાસના વિસ્તારોને પણ આ પરિપત્રમાં ગામડાઓને આવરી લઈને ગામડાઓની મુસીબતોમાં વધારો કરેલો છે. (અંતરાય) સાહેબ, એક મિનિટ. છેલ્લી મિનિટ, માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ખેડૂતો બનાવવાની ફેશન ચાલે છે. બિન ખેડૂતને ખેડૂત બનાવની ફેશન છે આ સરકારમાં, અને કેવા કેવા લોકો ખેડૂત બની જાય છે. એક વીઘ ાો, બે વીઘા, ત્રણ વીઘા જમીન લે અને ખેડૂત બનવાનો શોખ ઉભો થયો છે અને આવા ખેડૂતો સરકારી તંત્રમાં

ભ્રષ્ટાચાર કરીને ખેડૂત બને છે એટલે આપણે આ બધાના ઉપર મારી એટલી જ વિનંતી છે કે, પોલીસ તંત્ર પછી આજે તો મહેસૂલ વિભાગ આગળ છે અત્યારે, જે પોલીસ તંત્રની આપણે ટીકા કરતા હતા એનાથી વધારે ટીકા તો મહેસૂલ વિભાગની કરવી પડે છે અને એટલા માટે મહેસૂલ વિભાગમાં આ કોઈ વ્યકિતગત વાત નથી જે પોલીસી છે, જે સિસ્ટમ છે એના ઉપરની ટીકા ગણીને આના ઉપર પ્રકાશ પાડવામાં આવે અને એના ઉપર કન્ટ્રોલ કરવામાં આવે એવી વિનંતી સાથે, એવા સૂચન સાથે હું મારું વકતવ્ય પૂરું કરું છું.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન જે માગણી નંબર ૭૩, ૭૮ અને ૭૯, મહેસૂલ વિભાગ, જિલ્લા વહીવટી અને કુદરતી આફતો અંગેની રાહત વિભાગ અંગેની લઈને આવ્યા છે મહેસૂલ વિભાગે એ ગામડાઓમાં ખેડૂતોની અને ગ્રામવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અનેક પગલાં લીધાં છે. નાનામાં નાની જે બાબતો હોય એની પણ જો વાત કરીએ તો આ વિભાગે નાનામાં નાની બાબતોને પણ ગામડાને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને અનેક નવી નવી બાબતો અત્યારે ગામડાની અંદર આવેલી છે. જરૂરિયાતને ધ્યાને લઈને ગામતળ નીમ કરવાની કામગીરી હાથ ધરાઈ રહી છે. મને એ કહેતાં આનંદ થાય છે કે, સરકારે અગ્રિમ આયોજનને ભવિષ્યની દ્રષ્ટિને લક્ષમાં રાખીને આવી સૂચનાઓને વધુ ચોકસાઈપૂર્વક બનાવી છે અને વિભાગના તા. ૧-૭-૨૦૦૯ના પરિપત્રથી ગામમતળની પડતર માગણીઓનો ઝડપી નિકાલ કરવા માટે પરિપત્રો પણ આવા કરવામાં આવ્યા છે, માગણીઓની ઝડપી નિકાલ કરવા તથા આગામી દશ વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કે આગામી દશ વર્ષની અંદર કયા કયા પ્રકારની ગામતળની જરૂરિયતો ઉભી થવાની છે એને ધ્યાનમાં લઈને ગામતળ નીમ કરવાની કામગીરી કરવામાં તમામ કલેકટરોને આ વિભાગે જણાવેલું છે માટે સરકારને આ બાબતે મારા ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજયમાં બીપીએલ લાભાર્થીઓને મફત ગાળાના પ્લોટ વહેલીતકે ઉપલબ્ધ થાય તે માટે પણ કલેકટરશ્રીઓને પરિપત્ર કરવામાં આવ્યા છે, ૨૦૦૯ના પરિપત્રથી ગામતળ નીમ કરવાની સમયમર્યાદા પણ નકકી કરવામાં આવી છે. તલાટી કક્ષાએથી તૈયાર કરાયેલી દરખાસ્ત, તાલુકા વિકાસ અધિકારી કક્ષાએથી તૈયાર કરાયેલી દરખાસ્ત, આ દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારીએ તૈયાર કરેલું ચેકલિસ્ટ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની સાથે તાલુકાના પ્રાથમિક આરોગ્ય અધિકારીને મળીને બનાવેલી સંયુકત ટીમે આ દરખાસ્તોની મુલાકાત લેવાની અને ચકાસણી કરવાની જોગવાઈ કરી છે. એ ખૂબ જ તટસ્થ ચકાસણીનો દાખલો છે. ગામતળ નીમ કરવાની આવી દરખાસ્તો પ્રાંત અધિકારી દ્વારા કલેકટરને મોકલાય છે અને કલેકટર તેનો નિકાલ કરે છે ત્યાર બાદ ગામતળ મંજૂરીની દરખાસ્ત પડતર ન રહે અને ગામતળ મંજૂર થયા બાદ તાત્કાલિક ધોરણે બીઆઈએલઆર દ્વારા તેની માપણી થાય છે અને આવી માપણી થયા બાદ પ્લોટની ફાળવણી થાય છે. તે માટે એક સમિતિ પણ રચવામાં આવેલી છે આ સમિતિની બેઠક બોલાવાય અને પ્લોટની ફાળવણી કરાય તે માટે જરૂરી જોગવાઈઓ કરાઈ છે, તેનાથી ગામતળની જમીનોની સમસ્યાઓનો મોટાભાગે ઉકેલ આવશે તેમ પણ માનવાનું કારણ છે આવી જ રીતે મહેસૂલ વિભાગે શાળાઓના શૈક્ષણિક હેતુસર રમતગમતના મેદાન ફાળવવાની જે જોગવાઈ છે. વધુ સત્તા સોપણી કરે છે તે પણ પ્રસંશનીય છે. બાળકો શાળાઓમાં ભણે એટલું જ નહીં ભણવાની સાથે રમત પણ રમે સાથે મેદાની રમત રમે અને તેમની રમતની શકિતઓ પણ વિકસે તે માટે ૧૮-૬-૦૯ના પરિપત્રથી આવી જમીનો મેદાનને ભાડાપટ્ટે રીન્યુ કરવાની કલેકટરશ્રીઓને સત્તા આપવામાં આવી છે. એવી જ રીતે ફળાવ વૃક્ષ ઉછેરની નીતિ અનુસાર જમીનો ભાડાપટ્ટે જે ખેડૂતોને આપી હોય એના પટ્ટેદારનું મૃત્યુ થાય તો તેના વારસદારને નામે કાયમી પટ્ટો કરવાની પણ નાનામાં નાની બાબતની આ વિભાગે નોંધ લીધી છે અને એના વારસદારનું સ્ટેટસ વારસદાર તરીકેનું રહે એ પોતે જ પટ્ટેદાર તરીકે ગણાય એવો સુધારો પણ આમાં કરવામાં આવ્યો છે. રાજ્યની જમીનનો રીસરવે કરવાનું અત્યંત મહત્વકાંક્ષી અભિયાન હાથ ધરેલ છે તેમાં ડિઝિટલ ગ્રાઉન્ડ પોઝિસનીંગ સિસ્ટમ અને સેટેલાઈટ ઈમેજીસ દ્વારા રાજ્યની જમીનોનો રીસરવે કરવામાં આવશે. માનનીય મહેસુલ મંત્રીશ્રી જે આવી નવી કામગીરી માટે રૂા. ૪૪૭ કરોડની જે માગણી લઈને આવ્યા છે એમાં વિપક્ષના મિત્રો પણ રાજ્યના હિતમાં આને સર્વાનુમતે મંજૂરી આપે એવી મારી લાગણી છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસુલ વિભાગના બજેટને અનુમોદન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય ખેત મજૂરથી ડેવલપર સુધી, સામાન્ય કિરાણાના વેપારીથી ઉદ્યોગપતિ સુધી, એક સામાન્ય પટાવાળાથી રાજ્યના કે બીજી કોઈ લિમિટેડ કંપનીઓના અધિકારીઓ સુધી આ મહેસુલ વિભાગનું બજેટ સામાન્ય માણસના જીવનને જ્યારે સ્પર્શતું હોય ત્યારે મહેસુલ વિભાગનું બજેટ એક આમૂલ પરિવર્તન લાવી અને એમની જે જોગવાઈઓ સાથે અને માગણીઓ સાથે આ ગૃહમાં માનનીય મંત્રીશ્રી ઉપસ્થિત થયા છે ત્યારે હું ખૂબ આનંદની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યમાં ટૂકડા ધારો પહેલેથી જ અસ્તિત્વમાં હતો. ટૂકડા ધારાનું હાર્દ મુખ્યત્વે એ હતું કે ખેતીની જે જમીનો છે એ નાની ન થતી જાય અને એ પ્લોટોમાં ૨૦ ગૂંઠા હોય એની ૧૦ ગૂંઠા થાય અને એના કારણે જે શેઢાઓ બને ભાઈએ ભાગલા પડે અને જમીનો ટૂંકી થતી ન જાય, જમીનો ટૂંકી ન થાય એના કારણે આ ટૂકડા ધારાનો કાયદો અસ્તિવમાં અને અમલમાં આવ્યો હતો પરંતુ અત્યારે જ્યારે દરેક જગ્યાએ

ટી.પી.સ્કીમો અને શહેરી વિસ્તારોમાં વિકાસ થઈ રહ્યો હોય એવી જગ્યાએ પણ આ ટૂકડા ધારાનો અમલ હતો ત્યારે તેનું ઔચિત્ય અને એનું હાર્દ સચવાતું ન હતું. એના કારણે જે ટી.પી.સ્કીમો છે એની અંદર આવા જે ટૂકડાઓ આવેલા છે, આવી જગ્યાઓ આવેલી છે એને એક જ ઝાટકે આ તમામ ટૂકડાઓને ટૂકડા ધારામાથી મુક્ત કરવામાં આવી છે. હવે જ્યારે નાની નાની કિંમતોની જગ્યાઓ હોય હવે મોટી કિંમતો થતી હોય એવા સમયે ભાઈએ ભાગલા પાડવાની વાત આવે અને એક જ ભાઈના ભાગમાં આવી જમીનો જાય એના કારણે ક્યાંક કૌટુંબિક ઝગડાઓ ઉભા થાય અને એ ન થાય એના માટે પણ લોકોને ફાયદો કરતો આ ટી.પી. સ્કીમોમાં જ્યા ટૂકડા ધારો લાગે છે ત્યાં દૂર કરવાનો નિર્ણય બહુ સરાહનીય અને પ્રસંશનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જમીનનું સંપાદન કરવાની ખૂબ જ જરૂર પડે છે કારણ કે, છેલ્લા દસ વર્ષમાં વિકાસની ગતિ ફૂદકે અને ભૂસકે વધતી રહી છે રાજ્યની અંદર ઔદ્યોગિક વિકાસની ગતિ તેજ થઈ છે, માળખાકીય સુવિધા માટેના કામો અને એની ગતિ પણ તેજ થઈ છે. ઉદ્યોગો માટે જમીનોની જરૂર પડે, માળખાકીય સુવિધા માટે રોડ, ગટરલાઈન, ઈરિગેશન માટેની કેનાલો આ બધા માટે જ્યારે જમીનો સંપાદિત કરવાની જરૂર પડે ત્યારે રાજ્ય સરકારશ્રીએ આ જમીનોમાંથી જે ખેડૂતોની સંપાદિત થતી જતી જમીન હોય ત્યારે ખેડૂતનો પોતાનો ખેડૂત હક છીનવાઈ ન જાય અને પહેલા અરજી કરી અને પોતાને પ્રમાણપત્ર મેળવવું પડતું હતું અને એક એક વર્ષ સુધી આ પ્રમાણપત્ર મેળવવા માટે એ ધક્કા ખાતો, ઓફસોમાં જતો અને છતાં એ વર્ષે પણ પ્રમાણપત્ર ન મળતું. આમાં માનનીય મંત્રીશ્રીએ એવી જોગવાઈ કરી છે કે જ્યારે જગ્યા સંપાદિત થાય તેજ વખતે ખેડૂતને પ્રમાણપત્ર આપી દેવામાં આવે અને એ રાજ્યની અંદર ગમે ત્યાં ત્રણ વર્ષ સુધીમાં જરૂર પડે અને એને યોગ્ય લાગે ત્યાં પોતાની રીતે જમીન ખરીદી શકે છે એવી આ વખતની જોગવાઈ છે. એટલું જ નહિ પરંતુ રાજયનો કોઈપણ ખેડૂત જ્યારે પણ જરૂર પડે એટલે સમગ્ર ગુજરાત રાજયની અંદર પોતાની પાસે જે અસલ ડોકયુમેન્ટ્સ હોય એ લઈ અને પોતાની જમીન ખરીદી અને એની નોંધણી કરાવી શકે છે એવી પણ જોગવાઈ આ બજેટ દ્વારા માનનીય મંત્રીશ્રીએ કરેલી છે, માનનીય મંત્રીશ્રીએ આ વખતે પહેલી વખત ૨૦૦૦ તલાટીઓની ભરતી કરી અને મહેસૂલી તલાટીઓની જે જગ્યાઓ ખાલી હતી અને જે તકલીફો ઉભી થતી હતી એના માટે આ ભરતી કરીને મહેસૂલી કામગીરી સોંપવા માટેનો જે નિર્ણય લીધો છે એ પણ ખૂબજ આવકારદાયક છે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આ વખતના બજેટમાં જે જોગવાઈઓ કરી છે એને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો અને કેટલાક નક્કર સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારી હકીકત એવી છે કે ગુજરાત રાજયની સ્થાપના ૧૯૬૦માં થઈ તે પહેલાં ગુજરાતના ૧૮૬૭૨ જેટલા ગામડાઓ, ૧,૯૬,૦૨૪ કિલોમીટરનો એરિયા, એ એરિયામાં આવેલી પડતર ખરાબાની જમીનો, ગૌચરની જમીનો અને ખેતીની જમીન, એ જમીનો જે ૧૯૬૦માં છે એની એ જ જમીનો આજે પણ છે, એ જમીનો વધી નથી, ૧૯૬૧માં વસતિ ગણતરી થઈ તો તે વખતે ૧,૬૦,૦૦,૦૦૦ ની વસતિ ગુજરાતમાં હતી, ગુજરાતમાં આજની વસતિ હવે લગભગ ૬ કરોડ ઉપર કદાચ પહોંચે તેમ છે. જમીન વધવાની નથી, વસતિ વધશે, એટલે વસતિ વધે એ વસતિને માટે મોંઘવારી છે, મોંઘવારી છે એમ બધા આપણે કહીએ તો એ મોંઘવારીને ડામવા માટે પણ મોટા ઉદ્યોગપતિઓને હજારો એકર જમીન આપણે આપીશું એ ખેતી કદી કરવાના નથી, ખેતી એ જ લોકો કરશે જે નાના માણસો છે, મારી એક મહત્વની માનનીય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત છે કે બાર જિલ્લા, તેંતાળીસ તાલુકા અને ૫૮૮૪ ગામોના આદિવાસીઓની સંખ્યા ૭૮,૦૦,૦૦૦ થી વધારે, હરિજનોની સંખ્યા ૩૬,૦૦,૦૦૦ થી પણ વધારે, લઘુમતિઓની સંખ્યા પણ એથી વધારે તો એ લોકો નાના અને સિમાંત ખેડૂતોની વ્યાખ્યામાં આવે, એ લોકો પડતર ખરાબાની જમીનો મહેસૂલ વિભાગની જમીનો વર્ષોથી પોતાના સરવે નંબરની નજીક જેટલી જમીનો હોય એ લોકો ખેડે છે, એનું પાણીપત્રક પણ થાય છે, પરંતુ એના નામે એ જમીન થતી નથી, એ માગણી પણ કરે, મામલતદાર સાહેબને, કલેકટર સાહેબ બધાને અરજીઓ પણ કરે, પણ એમ કહે કે આ પ્રશ્ન નીતિ વિષયક હોવાથી તમોને આ જમીન નહિ મળે એટલે મારી માનનીય મંત્રીશ્રી પાસે એક માગણી છે કે, કબજા હકકની રકમ વસૂલ કરીને પણ આ જે ખેડૂતો વર્ષોથી કારણકે લગભગ સુડતાળીસ હજાર ખેડૂતો આવી જમીનો ખેડી રહ્યા છે, ગુજરાતના ૧૪૭ જેટલા ઉદ્યોગપતિઓને એ જામનગરમાં અંબાણીને હોય, કચ્છમાં સોલારીસ કેમ્પ લીમીટેડને હોય, મુંદ્રામાં અદાણીને હોય, વેલબ્રાઈન્સ કેમીકલ્સ લીમીટેડ, ભાચી કેમીકલ્સ લીમીટેડ, નિરમા સિમેન્ટ ઉદ્યોગ, આવા બધા ઉદ્યોગોને આપણે હજારો એકર જમીનો આપી દીધી છે, એ કોઈ અનાજનું ઉત્પાદન કરવાના નથી, પહેલાં જે નિયમો હતા કે ૧૦૦ ઢોરો હોય તો ચાળીસ એકર જમીન ગૌચરની ફરજીયાત રાખવી. અત્યારે ત્રણ કરોડથી પણ વધારે ઢોરોની સંખ્યા વધી ગઈ છે તો આ ત્રણ કરોડ જેટલાં ઢોરોને ૪૦ એકર પ્રમાણે જો ગોચરની જમીન જોઈએ તો આજે ગુજરાતના ૧૮ હજાર જેટલાં ગામોમાં ૧૪૯૦૦ જેટલી ગ્રામ પંચાયતોની પાસે આ ગોચરની જમીનો પણ રહી નથી. એટલા માટે મારી આ નમ્ર વિનંતી છે કે, આ સીમાંત, નાના અને ગરીબ ખેડૂતોને માટે કબજા હક્કની રકમ લઈને પણ આ જે જમીન વર્ષોથી જે ખેડૂતો ખેડે છે તેમને કાયમી આપવી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન એ છે કે, ૭૩ ડબલ અ ની એન્ટ્રીઓ છોટા ઉદેપુર, જેતપુર પાવી, કવાંટ, છોટા ઉદેપુર નસવાડી આ ટ્રાયબલ વિસ્તાર પૂર્વ પટ્ટીના ચાર-પાંચ તાલુકામાં ૭૩ ડબલ અ ની એન્ટ્રીઓ

પાવી જેતપુરમાં ૧૯૮૧માં એન્ટ્રી પડેલી. પરંતુ તે એન્ટ્રી આજ દિન સુધી સર્ટીફાઈડ થતી નથી. મારી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અને માનનીય અધિકારીશ્રીઓને પણ નમ્ર વિનંતી છે કે મેં લેખિત પણ આપ્યું છે કે ૧૯૮૧માં પડેલી એન્ટ્રી આજ સુધી શા માટે સર્ટીફાઈડ થતી નથી તો તે એન્ટ્રીઓ તાત્કાલિક મંજૂર કરો એવી પણ મારી વિનંતી છે. વડોદ ગામની જમીન ત્યાંની આશ્રમશાળાનું મકાન બાંધવા માટેની માગણી લગભગ છેલ્લાં પાંચેક વર્ષથી કલકેટરશ્રી બરોડા પાસે ચાલી રહી છે તો આ આશ્રમશાળાનું મકાન બાંધવા માટે તેને તાત્કાલિક તેને આ જમીન મળે તેવી પણ વિનંતી. સરકારે સંપાદન કરેલી જમીનો જે હેતુ માટે જમીનો સંપાદન થાય તે હેતુ માટે જ આ જમીનો વપરાવી જોઈએ. પરંતુ તેના બદલે કેટલાક લોકો આજે જે સામાજિક કાર્યકરો છે એવા સામાજિક કાર્યકરો પણ મોટા પાયા ઉપર જે જમીનો સંપાદન કરેલી છે તે જમીનો ઉપર ગેરકાયદેસર ખેતી કરીને કરોડો રૂપિયાની આવક મેળવે છે. એવી જ રીતે અંકલેશ્વરમાં પણ રાજકીય હોદ્દો ધરાવનારા લોકો કેટલીક જમીનો ખેડીને, તેમાં આડેધડ પાકા મકાનો બાંધીને તે વેચાણ કરવાની પ્રવૃત્તિ કરે તો મોટા માણસો કરે તે લીલા અને નાના માણસો કરે તે ગુન્હો તેવી જે પરિસ્થિતિ ગુજરાતમાં છે તેના માટે પણ કંઈક કરવું જોઈએ. કારણ કે નવી શરતની જમીનો પહેલાં તો એવું હતું કે નવી શરતની જમીનો કોઈ દિવસ જૂની શરતમાં ન ફેરવવી. કારણ કે નવી શરતની હોય ત્યાં સુધી વેંચી શકાતી નથી. પરંતુ હવે નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવાઈ ગઈ એટલે કોઈ પણ ટાઈમે માણસને જરૂર પડે તો જૂની શરતની જમીનો તે વેચાણ કરી નાંખે છે અને વેચાણ કરવાના કારણે તે જમીન વિહોણા લોકો બની જાય છે. મારી આટલી માગણીઓ છે. વિશેષ મારે કંઈ કહેવું નથી આ સૂચનો મારા ધ્યાનમાં રાખીને સરકાર નિર્ણય લે એટલી મારી વિનંતી.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના આદરણીય મંત્રીશ્રી રૂપિયા ૨,૦૮,૪૭,૨૪,૦૦૦ ની માગણીઓ લઈને આવ્યાં છે, તેના સમર્થનમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગોનું સંકલન પણ ખૂબ સારું છે. રમત ગમત છે તેમાં પણ યુવા કેન્દ્રમાં છે અને આપણી સાંસ્કૃતિક વિરાસતનું જે જતન કરવાનું છે તેમાં પણ યુવાનું કેન્દ્ર સ્થાને છે ત્યારે આ વિભાગમાં મારે એટલું જ કહેવું છે ખેલ હોય ત્યાં ખેલાડી આવે. અને ખેલાડી હોય અને ખેલ હોય ત્યાં ખેલદિલી આવે. અને આ ખેલદિલી યુવાનો માટે તેમના જીવન માટે ખૂબ અગત્યની બાબત છે ત્યારે આ રમત ગમત વિભાગ તેને માટે જે કાર્યક્રમ કરી રહ્યો છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, શિક્ષણ, સંસ્કાર અને સંપત્તિના સુભગ સમન્વય દ્વારા આપણી જે સાંસ્કૃતિક વિચારધારા છે, આપણી જે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચાર ધારા છે ત્યારે એવા યુવાનોમાં એ આવિષ્કાર કરીને આપણે તે વિચારધારાને આગળ લઈ જવાની છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત એ પણ કહેવી છે કે રમતગમત એ ખાલી રમત જ નથી. રમતગમતના ઘણા બધા ફાયદા છે. જેનું તન તંદુરસ્ત એનું મન તંદુરસ્ત અને તંદુરસ્ત મનના માનવી જ સારા વિચારો રજૂ કરી શકે અને સારા કાર્યને સારા પરિણામલક્ષી બનાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ધ્યાન પર મારે એક વાત મૂકવી છે કે આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ જયારે ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખપદનો તાજ સંભાળ્યો છે, ત્યારે આ રમતગમત જગતને ચાર ચાંદ લાગી ગયા છે. એક વાત હું એ કહીશ કે આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈએ જયારે એમનું બજેટ રજૂ કર્યુ ત્યારે આ રમત ગમતને ગુજરાતની એક ઓળખ આપવા માટે એક ખેલ મહાકુંભનું પણ આયોજન કર્યુ છે. એ માટે ખરેખર મુખ્યમંત્રીશ્રી અને આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત ક્ષેત્ર એ ખૂબ વિશાળ છે. મારે એમ કહેવું છે કે આ મુખ્યમંત્રીશ્રી રમતગમત ક્ષેત્રે આટલો રસ લેતા હોય, ત્યારે એક વાત કહેવાની એ પણ મારી ફરજ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની જે ઈચ્છા શકિત છે, જે સંકલ્પ શકિત છે, એમાં એમને ખૂબ વિશ્વાસ છે અને એમાં ખૂબ પ્રખરતા રહેલી છે. ગમે તેવા પડકારો, ગમે તેવી વિષમતાઓ, ગમે તેવા આરોહ અવરોહ વચ્ચે પણ એ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢીને કર્મરૂપી પ્રવાહમાં પ્રવાહિત કરીને એને પરિણામલક્ષી બનાવે છે, ત્યારે મારા વિચારો એક શાયરના શબ્દોમાં હું રજૂ કરવા માગું છું.

" જીંદગી કી રાહોમેં કહીં ઐસે ભી મોડ આતે હૈ, સાવન કે સાથ સાથ, પતઝડ ભી આતી હૈ,
આંસુઓકે સાગરમેં કહીં મોતી ભી મિલતા હૈ, જો ઉસે ઢુંઢ લેતે હૈ, વહ જીંદગી જી લેતે હૈ."

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેલકૂદ થકી આપણે એવા યુવાનો તૈયાર કરવાના છે, કે જે આ દેશની અસ્મિતાનું, આ દેશની રાષ્ટ્રીયતાનું, આપણી સાંસ્કૃતિક વિરાસતનું જતન કરી શકે. એટલે જ તો કહેવાયું છે કે

જો પહાડો સે ટકરાતા હૈ, ઉસે તુફાન કહેતે હૈ, ઔર
જો તુફાનોસે ટકરાતા હૈ, ઉસે હિન્દુસ્તાન કે યુવાન કહેતે હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલકુદને પ્રાધાન્ય આપવા માટે આ સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. મારે એટલું જ કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપણા મંત્રીશ્રીએ જે રસ લીધો છે, એવા રમતગમતના ખૂબ સારા સંકુલો આપણે બનાવ્યા છે. અને એવા સંકુલોનું માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે હિંમતનગર, ખોખરા, રાજપીપળા અને ગોધરા ખાતે એવા સંકુલોનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુવાનો માટે ખૂબ પ્રવૃત્તિઓ કરી છે. આ યુવાનો રાષ્ટ્રીય કક્ષાએ લાભ લઈ શકે એ માટે પ્રી-નેશનલ દિવાળી કોચીંગ કેમ્પ, વેકેશન કોચીંગ કેમ્પ અને આદિવાસી વિસ્તારમાં જે પ્રતિભાઓ છે, એને વિકસાવવા માટે એક સરસ આયોજન આ સરકારે કર્યુ છે. અને એના માટે એને રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને યુવાનોને કેન્દ્રમાં રાખીને આપણે જે એની યુથ હોસ્ટેલ પણ બનાવી છે અને એમને તાલીમ આપવામાં આવે છે અને રાષ્ટ્રીય કક્ષાએ આ યુવાનો લાભ લઈ શકે અને ગુજરાતની શકિતને વિકસાવી શકે એવો એમણે પ્રયત્ન કર્યો છે ત્યારે હું છેલ્લી વાત કહેવા માગું છું. (અંતરાય) એક મિનિટ સાહેબ. આપણે આજે સ્વર્ણિમ્ જયંતિ ઉજવી રહ્યા છીએ.

**સભાપતિશ્રી:** આપનું પ્રવચન પૂરું થયું. બેસી જાઓ. માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૦-૧૧ ના વર્ષના બજેટમાં મહેસૂલ વિભાગની માગણીઓ લઈને આવ્યાં છે એને મારો ટેકો આપવા, અનુમોદન આપવા અને તે અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના કાર્યક્ષેત્રમાં એ સમાજના અન્ય માનવીઓને સ્પર્શે છે અને આઝાદીપછી આ વિભાગમાં પણ એટલા બધા વહીવટી ગૂંચવાડા અને મુશ્કેલીઓ હતી કે જેથી સામાન્ય માનવી કે મોટા ગજાનો માનવી હોય તો પણ આ વિભાગથી પરેશાન હતો ,પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તા સંભાળી અને અનુભવી અને સેવા ભાવી મંત્રીશ્રીઓની એક ટીમ બનાવી અને એમના અનુભવનો લાભ રાજયની આમ જનતાને આપીને આ વિભાગમાં સરળતા લાવીને લોકોને મૂઝવણમાંથી અને મુશ્કેલીમાંથી છોડાવ્યા છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રી દ્વારા ગુજરાતના ખેડૂતોને નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાની મંજૂરી આજે મળે છે અને અગાઉ નવી શરતની જમીન હોવાથી એમને પોતાના સામાજીક પ્રસંગો.એ ગરીબ હોવાના કારણે પોતાના દીકરા કે દીકરીના લગ્ન પ્રસંગ હોય તો આવી જમીન વેચીને પ્રસંગ કાઢવો હોય તો એ જમીન વેચી શકતા ન હતા, પરંતુ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ એમાં સુધારો લાવીને આ નવી શરતની જમીન જંત્રી પ્રમાણે પ્રિમિયમ ભરીને જૂની શરતમાં ફેરવી શકે છે એના કારણે એ ખેડૂતો પોતે જમીન વેચીને પોતાના દીકરા દીકરીઓના લગ્નના કે સામાજીક પ્રસંગો કાઢી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં જે જમીનોનો ૧૫ થી ૨૦ વર્ષનો કબજો હોય એને પ્રસપ ની જગ્યા હોય એને પણ જૂની શરતમાં ફેરવવામાં આવે છે. જયારે જમીનના એન.એ.ની એટલે કે બિન ખેતીની વાત કરવામાં આવે તો જયારે અગાઉના વર્ષોમાં એક એક વર્ષ સુધીનો એમાં સમય થતો હતો અને એના માટેની ૧૬-૧૬ પરમિશનો જુદા જુદા વિભાગોમાંથી લાવવી પડતી હતી જેમ કે એરપોર્ટ ઓથોરિટી હોય, ઓ.એન.જી.સી. હોય એવા અનેક વિભાગમાંથી પણ પરમિશન લાવવી પડતી હતી અને હવે માનનીય મંત્રીશ્રીએ આજે એમાં સુધારો લાવીને એન.એ. માટે ૭ કે ૮ પરમિશન લાવીને એનો ૩૦ થી ૪૫ દિવસમાં નિકાલ થાય અને એન. એ. મળી જાય એવી પ્રોસિજર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજા રજવાડાઓમાં ચાકરિયાતોને અને નોકરીયાતોને જે જમીનો આપવામાં આવતી હતી એ સને ૧૯૯૯ થી એના માટેના ઘણા કેસો પડતર હતા. હવે આ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આવા ચાકરિયાતો અને નોકરિયાતોના આવા જે ૧૯૯૯ થી કેસો પડતર હતા એનો નિકાલ કરીને આવા ચાકરિયાતો અને પસાયતા ખેડૂતોને જમીનો આપવાનું ચાલુ કર્યુ છે અને મારા બનાસકાંઠા જિલ્લામાં પણ ઘણા ખેડૂતોને સનદો આપી છે એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ નકકી કર્યુ છે કે સ્ત્રી સશકિતકરણ એટલે કે સ્ત્રીઓને કેમ મજબૂત બનાવવી? તો એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે સ્ટેમ્પ ડયુટીમાં મહિલાઓ માટે જે દસ્તાવેજો એમના નામે કરતી હોય તો એમને રજીસ્ટર ફીમાંથી માફી આપવામાં આવી છે એ બહુ જ ધન્યવાદને પાત્ર છે અને એનાથી તા. ૩૧-૧-૨૦૧૦ થી અને છેલ્લા ચાર વર્ષમાં કુલ ૭,૯૩,૫૫૭ મહિલાઓએ ૭,૪૨,૪૦૦ દસ્તાવેજો કર્યા છે અને જેથી કરીને ૧૯૬.૬૨ કરોડ રૂપિયાની નોંધણી ફી માફીનો લાભ મહિલાઓને મળ્યો છે એ ખરેખર એક મોટી સિધ્ધિ છે અને એના માટે હું આ સરકારને ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સરકારની પારદર્શકતાને કારણે નાણાંના જોરે જે ખોટાં કામો થતાં હતાં એ થતાં અટકયાં છે. ગણોત કાયદાને કારણે સુખી અને સંપન્ન લોકો ગણોતમાં નામો નોંધાવીને ખેતીની ખોટી આવકો બતાવીને બે નંબરની આવતો ઉભી કરતા હતા જેથી કરીને ગણોત કાયદામાં સુધારો લાવીને અને આવા ખોટા ખેડૂતો બનતા માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ અટકાવ્યા છે અને ગણોત કાયદામાં ઘણા સુધારા લાવ્યા છે. સરકારે ગણોત કાયદા હેઠળ કુટુંબ મોટું હોય અને ટૂકડા કરવા હોય તો એના માટેની મંજૂરી કલેકટરશ્રી પાસે લેવા જવું પડતું હતું . તો આ કલેકટર પાસેથી મંજરી લેવા જવાનું કાઢી નાંખીને ગરીબ ખેડૂતોની વહારે માનનીય મહેસૂલ મંત્રીશ્રી આવ્યાં છે એ બદલ તેમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં જે ચાકરિયાતોની મેં વાત કરી એમાં મારા જિલ્લામાંથી ૨૪૧૫ કેસો હતા અને પાટણ જિલ્લામાં ૯૯૫ કેસો હતા તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૪૯૫ અને પાટણ જિલ્લામાં ૪૨૪ કેસોનો નિકાલ થયો છે એ બદલ હું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરવે અને સેટલમેન્ટને લગતા કાયદાઓમાં સરકારે કોઈપણ ફેરફાર કર્યો ન હતો. ક્ષયદા મુજબ દર ૩૦ વર્ષે એનો સરવે કરવો જોઈએ, પરંતુ ૧૦૦ વર્ષથી આ સરવે થયો ન હતો, પરંતુ આ સરકારે એમાં મહત્વના સુધારા કરીને કામગીરી આરંભી છે અને હવે ૨૦૧૫ સુધીમાં તમામે તમામ વિસ્તારમાં કામગીરી પૂર્ણ કરશે એ પણ ખરેખર એક ઐતિહાસિક બાબત બની રહેશે.(સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી આ જે એમની માગણીઓ લઈને આવ્યા છે એને આવકારું છું અને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસુલ મંત્રીશ્રી અને રમત ગમત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. સમગ્ર દેશમાં આપણો કચ્છ જિલ્લો છે તે હરિયાણા રાજય કરતા મોટો જિલ્લો છે, કેરલ રાજય જેવડો જિલ્લો છે. આ એક જિલ્લા જેવડા જે રાજયો છે તેમાં હરિયાણામાં આજે ૭૦૦ કોચ છે, કેરળમાં ૭૦૦ કોચ છે, પંજાબમાં પણ ૭૦૦ કોચ છે. અને મેં સરકાર પાસેથી આર.ટી.આઈ.માં માહિતી માગી ત્યારે મને માહિતી આપવામાં આવી છે કે ગુજરાતમાં ૫૩ કોચ છે. એ ૫૩ માંથી પણ ૨૦ જેટલા કોચ તો વહીવટી કામમાં રહે છે. એક કોચ વિદેશ ગયા છે, એક કોચ લાંબી રજા ઉપર ગયા છે. અને આ રાજયના જે સ્પોર્ટસમેન છે યુવાનો છે ઉગતા ખેલાડીઓ છે તેને આપણે એટલી વાત કરીને સંતોષ નહીં મની શકીએ કે બજેટમાં અમે વધારો કર્યો છે. એમ તો ૬૦ વર્ષ પહેલા શિક્ષકોનો પગાર ૨૫ રૂપિયા હતો. આજે કયાં પહોંચ્યો છે? એટલે ૯૩માં આટલું બજેટ હતું અને અમે આટલું કર્યુ છે એમ નહીં કહી શકીએ. જો રાજયના યુવાનોને આગળ લાવવા હોય, તો નાના નાના રાજયોમાં ૭૦૦ જેટલા કોચ હોય તો આપણા રાજયમાં પણ કોચનો વધારો કરવો જોઈએ. પોરબંદરમાં ક્રિકેટના કોચિંગ માટેની હોસ્ટેલ છે ત્યાં કોચ નથી, અને ક્રિકેટનું કંઈ પણ પોરબંદરમાં થતું નથી. એ જ રીતે ભાવનગરમાં બાસ્કેટ બોલ માટેની હોસ્ટેલ છે. પણ ત્યાં પણ બાસ્કેટ બોલ માટેના કોચ નથી, નડિયાદમાં કુસ્તી માટેની હોસ્ટેલ છે પણ ત્યાં પણ કુસ્તીના કોચ નથી. રાજયનો આ કેવી સરસ વહીવટ ચાલે છે? અને છતાં આપણે વાત કરીએ છીએ કે અમે નંબર વન છીએ. પણ રાજયમાં ૩ હોસ્ટેલમાં જે વિદ્યાર્થીઓ કોચિંગ માટે દાખલ થયા છે ત્યાં કોચ નથી. અહીં મારા સાથી સામેની પાટલીના બધા જ મિત્રો બિન ખેતીની વાત કરે છે. અને કહે છે કે ૧૬ મુદ્દા હતા તેમાંથી અમે ૬ મુદ્દા કરી નાખ્યા છે. અને બિન ખેતી સરળ થઈ ગયું છે. પણ અમને જયારે એકલા મળે અને પૂછીએ છીએ ત્યારે વાત કરે છે કે આ કર્મયોગી અધિકારીઓ જે છે તેમને નૈવેધ ધરીએ છીએ તો જ આ કામ થાય છે. નહિંતર નિયમો ઓછા કર્યા છે પણ કવેરીઓ નીકળ્યા જ કરે, જયાં સુધી જે તે વિભાગમાં જે ટેબલ છે ત્યાં વહીવટ પૂરો ન થાય ત્યાં સુધી કામ પુરા થતા નથી. આ સૌ જાણે છે. તેઓ અત્યારે એમના આત્માને પૂછે તો ખ્યાલ આવે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર ગરીબ મેળાઓ કરે છે. ગરીબો માટેની ખૂબ ચિંતા કરે છે એટલે મારે ધ્યાન દોરવું છે કે રાજયમાં કેશડોલ્સ જે ચુકવવામાં આવે છે અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ હોય એવા સમયે કેશ ડોલ્સ ચુકવાય છે એમાં ૨૪ કલાકના એક વ્યકિતને ૧૫ રૂપિયા ચુકવવામાં આવે છે. મુખ્ય મંત્રીશ્રીના બંગલે જમણવાર થાય ત્યારે એક ટાઈમના ૫૦૦ રૂપિયા, બપોરના ૫૦૦ રૂપિયા, સાંજના ૫૦૦ રૂપિયા અને સવારના નાસ્તાના ૨૫૦ રૂપિયા એમ દિવસના ૧૨૫૦ રૂપિયા, જયારે આ અતિવૃષ્ટિમાં જેનું સર્વસ્વ તણાઈ ગયું છે અને માણસ પહેરે કપડે બચી ગયો છે તેને ૨૪ કલાકના ૧૫ રૂપિયા આપવામાં આવે છે. અને ૩૦૦૦ દિવસ પછી આ ગરીબો એમને યાદ આવ્યા, માનનીય આત્મારામભાઈ તમારું પણ ધ્યાન દોરું છું કે તમે કહો છો ને કે અમારા ભગવાન છે, પણ મને ખ્યાલ છે કે મનહર ઉધાસે કહયું હતું તે પ્રમાણે માનવી ન બની શકયો પણ ઈશ્વર બની ગયો, તમારું આ તરફ ધ્યાન આત્મારામભાઈ દોરું છું. આ રાજયમાં ૫૦ હજાર વિઘા જમીન ૩ કંપનીઓને એકલા કચ્છ, જામનગર અને ભરુચમાં આપી દીધી અમારા દંડકશ્રીએ ધ્યાન દોર્યુ છે. અને એમાંથી ૧૫ હજાર વિઘ ા તો ગૌચરની હતી. આપણે ગાયની વાત કરવા વાળા હિન્દુત્વની વાત કરવા વાળા આ દેશમાં આ કરીશું?

**અધ્યક્ષશ્રી** : બસ આપનો ટાઈમ પુરો થાય છે. માનનીય કીરીટભાઈ આપ શરૂ કરો.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ફકીરભાઈ, રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની માગણી લઈને આવ્યા છે એને મારુ સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

મારા પ્રવચનની શરૂઆત કરું તે પહેલા સ્વર્ણિમ વર્ષ નિમિત્તે મારે એક અભિનંદન આપવાં છે. આ અભિનંદન હું રમતગમત ક્ષેત્રે આ દેશની નંબર ૧ બૅડમિન્ટન ખેલાડી દુનિયામાં પાંચમો ક્રમાંક મેળવીને હિન્દુસ્તાનમાં નામ રોશન કરનાર સાનિયા નેહવાલને આપું છું. જેણે દુનિયામાં હિન્દુસ્તાનનું નામ ઉજાગર કર્યુ છે.

ગુજરાતની ઓળખ એટલે માત્ર વ્યાપાર કે ઉદ્યોગ સાહસિકતા જ નહિ, અહીંનું શિલ્પ સ્થાપત્ય, કળા અને ઐતિહાસિક વારસો સાહિત્ય અને સંગીત, સાહસની સાથે સાથે રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ એમાં એટલી જ મહત્ત્વની છે.

ગુજરાતમાં ભાજપની સરકાર આવ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ યુવા પ્રવૃત્તિઓ અને યુવા ઉત્સવો ઊજવાઈ એ માટે વિશેષ ધ્યાન આપ્યું છે, જેના કારણે રાષ્ટ્ર કક્ષાની શાળાકીય રમતો, મહિલા રમતો

અને ગ્રામીણ રમતોમાં ગુજરાત રાજયના ખેલાડીઓએ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે જે અભિનંદનને પાત્ર છે. મારે આ તબક્કે ગર્વ સાથે એક વાત કહેવી છે કે વીર સાવરકર અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધામાં ભારતમાંથી ૨૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમાં ગુજરાતનો એક તરુણ યુવાન દત્ત રામદાસ ટંડેલ, ઉમર આશરે ૧૩ વર્ષ કે જેણે ૩૬ કિલોમીટર જેટલો લાંબો સમૃદ્ર ૫ કલાક ૪૪ મિનિટ અને ૫૩ સેકન્ડમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ પ્રથમ ક્રમ મેળવનાર યુવાન બીજો કોઈ નહિ પરંતુ મારા સુરત જિલ્લાનો અને મારા મત વિસ્તારનો છે. જે મારા માટે આનંદની અને ગૌરવની બાબત છે.

ગુજરાતના ક્રિકેટરોની વાત કરું તો અત્યારે આઈ.પી.એલ.ની અંદર ઘણા બધા ગુજરાતના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં પાર્થિવ પટેલ, મુનાફ પટેલ, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, ચેતશ્વર પુજારા, રવિન્દ્ર જાડેજા અને નિરજ પટેલ વગેરે આઈ.પી.એલ.માં ભાગ લઈ રહ્યા છે જે ગૌરવની બાબત છે.

પહેલીવાર ગુજરાતમાં ખાસ કરીને સાગરકાંઠા વિસ્તારના યુવાનો-યુવતીઓમાં પડી રહેલી શકિતનો પરિચય મેળવી શકાય અને તેને યોગ્ય દિશા આપી શકાય તે માટે સરકારશ્રી તરફથી સમુદ્ર તરણ સ્પર્ધાઓ, હોડી સ્પર્ધાઓ અને વન વિસ્તારના અને સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણના કાર્યક્રમો જે યોજવામાં આવે છે તે ખરેખર પ્રશંસનીય છે. મારે સાગરકાંઠા વિસ્તારની વાત એટલા માટે કરવી છે કે હું ઓલપાડના દરિયાઇ કાંઠ વિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યો છું ત્યારે રાજયના યુવાનો અને યુવતીઓને સાગરકાંઠા વિસ્તારના લોકોની સંસ્કૃતિનો પરિચય મળે એ દ્રષ્ટિએ પરિભ્રમણ બાબતની નવી યોજના દાખલ કરી છે એ બાબતે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

રાજયના યુવક યુવતીઓમાં પડેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે રાજય સરકાર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે એ બદલ હું સરકારને અભિનંદન આપુ છું. મારે એક વાત કહેવી છે.

" જીત્યા રે જીત્યા, કોણ જીત્યા, રમનારા સૌ જીત ગયા, હારિયા રે હારિયા કોણ હારિયા, ઘરે બેસનારા સૌ હારી ગયા."

માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તથા અંદાજપત્રની જોગવાઈઓ મંજૂર કરાવવા માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારી સહમતિનો સૂર પુરાવા ઊભો થયો છું.

મહેસૂલ વિભાગમાં ગત વરસે સરકારે વર્ષા ઋતુની સિઝનમાં જે સહાય અને મદદ કરી છે એ ખરેખર ઉલ્લેખનીય કાર્યો થયા છે એ વાત આ સભાગૃહમાં જણાવતાં મને આનંદ ખૂબ થશે. વર્ષા ઋતુ ૨૦૦૯નું આગમન અગાઉના વરસોની જેમ સરખામણીએ થોડું મોડું શરૂ થયું હતું અને એ આપણને સૌને યાદ છે એ પ્રમાણે જુલાઇ, ૨૦૦૯ના બીજા અને ત્રીજા સપ્તાહમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લાઓમાં કેટલાક તાલુકાઓમાં અતિવૃષ્ટિના કારણે પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર જિલ્લામાં કેટલાક તાલુકાઓમાં અતિવૃષ્ટિ અને પુરને કારણે પૂરગ્રસ્ત ગામોમાં તાબડતોબ રાહતની કામગીરી શરૂ કરવામાં આવી હતી. એટલું જ નહીં, આ રાહતમાં જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં આ કામગીરી કરવા માટે એસ.આર.પી. અને બી.આર.એફ.ની ટૂકડીઓ પણ મોકલવામાં આવી હતી. આ ઘટનાઓમાં કેટલાક માનવીઓની, કેટલાક પશુઓની જાનહાનિ થઈ હતી અને કેટલાક કુટુંબોને પણ મુશ્કેલી અનુભવવી પડી હતી. આ કેસોમાં મૃત્યુ પામેલ લોકોને તાત્કાલિક મૃત્યુ સહાય ચૂકવવામાં આવી હતી. ઘરવખરી ગુમાવનાર કુટુંબોને સહાય ચૂકવવામાં આવી હતી. ઝૂંપડા, કાચા-પાકા મકાનોને નુકસાન થયું હતું તેમને પણ સરકારશ્રી વતી વળતર ચૂકવવામાં આવ્યું હતું. આમ અનેક રીતે જોવા જઈએ તો હજારોની સંખ્યામાં અસરગ્રસ્ત લોકોને ફુડ પૅકૅટ, પીવાના પાણીના પાઉચ આપવામાં આવ્યા હતા અને એ સરકારની કામગીરી બિરદાવવાપાત્ર છે. એટલે હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : બન્ને મંત્રીઓ પાસે ૩૦-૩૦ મિનિટ છે અને ત્રણ મિનિટ મારી પાસે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં જે જોગવાઈઓ કરી છે તે લઈને સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઈ છું. ૪૪૭ કરોડની આયોજન સદરે જોગવાઈ કરવામાં આવી છે. ચાલુ વર્ષના ૩૫૦.૫૧ કરોડના આયોજન સદરની ફાળવણી સામે ૧૨.૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ જોગવાઈઓમાં ૩૧૦.૭ કરોડની ચાલુ બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૩૬.૪૦ કરોડની નવી બાબતોનો સમાવેશ થાય છે. મહેસૂલ વિભાગે પાછલા ત્રણ વર્ષથી રાજયની જમીન અને તેને લગતી નીતિઓ, તેના વ્યવહારો, જમીન ફાળવણીમાં સરળીકરણ, રેકર્ડની જાળવણી, જમીનની માપણી, મોજણી, મૂલ્યાંકન, આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ આ બધું જ ચોકસાઈપૂર્વક કરવાની શરૂઆત કરી છે. જેના કારણે લાભાર્થીઓને સંતોષ થાય અને તેમને સારી સેવાઓ ઉપલબ્ધ થાય. આ વિધાનસભામાં ૧૫-૧૬ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અહીં વ્યક્ત કર્યા છે અને કેટલાક આક્ષેપો પણ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામતળની જમીનો અપાતી નથી અને ગરીબોને પ્લૉટ નથી અપાતા તેવી એક લાગણી અહીં વ્યક્ત થઈ. માત્ર છ જ મહિનામાં ૩,૭૨૩ અરજીઓ મારા વિભાગ પાસે આવી, તેમાંથી ૩,૪૯૧

અરજીઓ મંજૂર કરીને ૩,૦૦૦ હેકટર જમીન રાજય સરકારે આપી અને ગરીબ કલ્યાણ મેળાઓમાં તમામ લાભાર્થીઓને આ ગરીબોને પ્લૉટ અપાઈ ગયા છે. શાયદ ઇતિહાસમાં પહેલી વખત આ ઘટના બની હશે. સાંથણીની જમીનો નથી અપાતી, ૧,૫૧૪ હેકટર જમીન સાંથણી દ્વારા ગરીબોને આ સરકારે આપી છે. હમણાં એક વાત માનનીય ધારાસભ્યશ્રીએ કરી. ચાકરિયાત અને પસાયતાની જમીનો. જે તે સમયે ગરીબ માણસોને અને નાના નાના વર્ગોને રાજા-રજવાડાઓ તરફથી જમીનો એનાયત કરવામાં આવતી હતી પરંતુ તે જમીન તેમના નામે જ નહોતી થતી. તે વેચી ન શકે. તેના ઉપર લોન વગેરે લઈ ન શકે અને વર્ષો સુધી આ પ્રશ્નો પેન્ડીંગ રહ્યા. અમારી સરકારે આ ચાકરિયાત અને પસાયતાની જમીનોનો નિકાલ કરવા માટે તેમાં જે કંઈ કરવાનું હતું તે તમામ કરીને જી.આર. બનાવ્યો, જેના પરિણામે આજે ૫૦ ટકા કરતા વધુ જમીનો આ ગરીબોને અપાઈ ચૂકી છે. હમણાં કોંગ્રેસના એક ધારાસભ્યશ્રી કહેતા હતા કે ખોટા ખેડૂતો બની ગયા. આ ૩૨(ઓ)ની કલમ તમે તમારા સમયમાં રદ કરી શકતા હતા. ખોટા ગણોતિયાઓ દાખલ થઈ જવાની અને પછી ખોટા ખેડૂતો બની જવાનું. આવા ખોટા ખેડૂતો બન્યા પણ આ કલમ દૂર કરવાનું કામ કોંગ્રેસે ન કર્યું. આ રાજય સરકારે ૩૨(ઓ)ની કલમ રદ કરી. જેના કારણે હવે કોઈ પણ ગણોતિયો બની પણ નહીં શકે અને આવા ખોટો ખેડૂત ઉભો પણ નહીં થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત કરીએ છીએ પણ ગરીબો માટે કામ નહીં કરવાનું. એવી જ ૪૩ની કલમ ગણોતિયા માટે વારસામાં જમીન આપી જ ન શકે અને તેને કરવું હોય તો કલેક્ટરની મંજૂરી લેવી પડે. આ કલમને દૂર કરવાનું કામ પણ આ રાજય સરકારે કર્યું છે. એમની સરકારમાં આ કલમો પણ દૂર નહોતી થઈ. કોઈ ગરીબ માણસની પાસે નાની સરખી જમીન હોય અને વરસાદ ન પડે અથવા તો માંદો પડ્યો હોય અને એકાદ-બે વખત ખેતી ન કરી શકાય એવા કારણો આગળ ધરીને કેટલીય જમીન ગણોતિયાઓની જમીનો પડાવી લીધી હતી, સરકાર હસ્તક થઈ ગઈ હતી. પરંતુ કલમ દૂર કરવાનો વિચાર નહોતો આવ્યો. રાજય સરકારે આ કલમને દૂર કરી જેમની પણ ગણોતિયાઓની જમીન હતી એ રીગ્રાન્ટ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ખોટા ખેડૂતો બની ગયા વાત સાચી છે. પરંતુ આપે કર્યું શું? એમાં રાજય સરકારે મારા સમયની અંદર ૭૫૩ કેસો શોધ્યા અને ૭૫૩કેસોમાંથી ૧૪૯ ખેડૂતોને રદ કર્યા, એના ઉપર કેસો ચાલે છે અને આ પહેલીવાર હિંમત આ સરકારે કરી છે. ૮૪ જેટલા સાચા નીકળ્યા, જેમને ખેડૂત તરીકે સ્વીકાર્યા. ૫૨૦ સામે આજે કાર્યવાહી ચાલે છે અને ગમે તેવો ચમરબંધી હશે તો પણ એને રાજય સરકાર છોડશે નહીં. એવી જ રીતે કાયદો એમણે કર્યો હતો, કાયદો નહીં પણ વીલથી જમીનો અપાતી હતી. વીલથી અંદર ઘૂસી જાય, વીલ સ્વીકારે અને પછી ગમે તેટલી જમીન ખરીદે અને હજારો એકર જમીનો આવા ખોટા લોકોએ ખરીદી છે. સુપ્રીમ કોર્ટમાં અમે લડ્યા અને સુપ્રીમ કોર્ટે એના ઉપર સ્ટે લગાવ્યો અને હવે કોઈપણ વીલથી જમીન ખરીદી શકશે નહીં અને હવે એનો અંત આવ્યો છે. ગરીબોની વાતો કરીએ પરંતુ આ ગરીબોની જમીનોના નાના નાના પ્રશ્નો છે એને ઉકેલવા માટેનો પ્રયાસ નહીં કરવાનો? મારે તો જે આગળ મહેસૂલ મંત્રીશ્રીઓ હતા એમણે કોઈ દિવસ લોક દરબાર કર્યા હતા? ગામડાની અંદર, જિલ્લાની અંદર કોઈને પૂછ્યું હતું કે તારા કયા પ્રશ્નો પેન્ડીંગ પડ્યા છે? એનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે? તો ના. મેં તમામ જિલ્લાઓની અંદર લોક દરબાર કર્યા. જેની અંદર ૩૫૩૨ કેસો આવ્યા, એમાંથી મેં સ્થળ ઉપર ૩૨૧૨ કેસોનો નિકાલ કર્યો અને આ બધા પણ હકારાત્મક કેસોનો નિકાલ કર્યો છે અને બાકીના કેસો જે વણ ઊકલ્યા રહ્યા છે એમાં નીતિ વિષયક અને આપવાપાત્ર નથી એના નિર્ણયો કરી દેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગ કક્ષાએ જ્યારે મેં આ ચાર્જ લીધો ત્યારે અનેક ખેડૂતો અને ગરીબો મારી પાસે આવતા હતા અને કહેતા હતા કે, અમારો કેસો ૧૫ વર્ષથી પેન્ડીંગ છે, મારો કેસ ૨૦ વર્ષથી પડ્યો છે ત્યારે હું માનવા તૈયાર નહોતી. ૨૦ વર્ષ સુધીના કેસો થોડા પેન્ડીંગ પડ્યા હોય. પરંતુ હકીકત મેં જ્યારે જાણી અને વિભાગમાંથી આ માહિતી મંગાવી ત્યારે ૬૨૭૧ તુમારો નીકળ્યા. જેમાંથી માત્ર બે વર્ષના ગાળાની અંદર ૫૧૧૮ તુમારોનો નિકાલ કર્યો, મને જણાવતાં આનંદ અને ખુશી થાય છે કે, ૧૫ વર્ષ ઉપરના ૧૬૨ તુમારો હતા, ૧૫ વર્ષ ઉપરનો ગાળો કોનો? જરા પૂછી લઈએ. ૧૬૨ કેસો હતા. કોઈ ૨૪ વર્ષના કેસો હતા, કોઈ ૨૨ વર્ષના કેસો હતા, કોઈ ૨૦ વર્ષના કેસો હતા અને આવા કેસોનો નિકાલ પણ છથી આઠ મહિનાની અંદર એનો નિકાલ લઈ આવ્યો છું. મોટા ભાગે ૮૦ ટકા જે તે સમયે એમને જે કિંમત ગણીને જમીન આપવાની હતી એ આજની કિંમત નહીં, જ્યારે ૧૬ વર્ષ ઉપર જમીન માગી હોય એ સમયે કિંમત હશે એ કિંમત ગણીને એ જમીનો અમે આપી છે, આજની બજાર કિંમત કોઈની પાસેથી લીધી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત પ્રમાણપત્ર- ખેડૂતોની આપણે વાતો કરીએ પણ એને જે મુશ્કેલીઓ પડતી હતી એના માટે આપે શું કર્યું? ખેડૂતોની જમીન સંપૂર્ણપણે ડૅમમાં જાય, કોઈ કેનાલમાં બનાવવામાં જાય અને જ્યારે એ બિન ખેડૂત બની જાય ત્યારે એ ખેડૂતને તાત્કાલિક પ્રમાણપત્ર આપવું જોઈએ. એના બદલામાં ખેડૂત આમ તેમ ભટકે, આમ તેમ જાય, કલેક્ટર ઑફિસે જાય, સમય મર્યાદામાં પ્રમાણપત્ર ન મળે. એના કારણે એ જમીન ન ખરીદી શકે, કલેક્ટરની પરમિશન લેવી પડે, કલેક્ટર પરમિશન મોડી આપે, સમય ચાલ્યો જાય અને ખડૂત બિન ખેડૂત રહી જાય. આવા ખેડૂતોને પ્રમાણપત્ર આપવાનો નિર્ણય કર્યો અને અમે એવો નિર્ણય કર્યો કે, જો એ ખેડૂતની

બધી જ જમીન સંપાદિત થઈ જતી હોય અથવા તો વારસાઈ કરતા હોય અને ખેડૂત અથવા એનો વારસદાર એમ કહે કે, ટુકડો પડે છે તો મારે આ જમીન નથી જોઈતી તો એને પણ ખેડૂત તરીકેનું પ્રમાણપત્ર આપવાનો નિર્ણય આ રાજ્ય સરકારે કર્યો છે અને એ ઐતિહાસિક નિર્ણય છે. મિત્રો, યાદ રાખીએ. એવોર્ડ આપતી વખતે જ પ્રમાણપત્ર આપી દેવાનું કે જેના કારણે બીજે ક્યાંય જવું ન પડે. ગુજરાતની અંદર પહેલા ગમે ત્યાં જમીન ખરીદી લે ત્યાર પછી જ એના નામે જમીન થાય, એમાં કલેકટરની કોઈ પરમિશન લેવાની આવશ્યકતા રહેતી નથી. નાના ખેડૂતોને મીઠું પકવવા માટે જમીન અપાતી નથી એમ કહેવાયું. જે મીઠું પકવવા માટેની જમીનની માગણી કરે છે એને કલેકટર કક્ષાએથી ૧૦ એકર જમીન મીઠું પકવવા માટે આપવામાં આવે છે. રાજ્ય સરકાર જે કામ કરી રહી છે એની થોડી વિગતો આપ્યા પછી જે મિત્રોએ કેટલાક આક્ષેપો કર્યા છે એનો જવાબ હું આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના ધ્યાન ઉપર એટલા માટે મૂકવા માગું છું કે, સેટેલાઈટ ઈમેજનો પદ્ધતિથી ગ્રાઉન્ડ પોઝિશન સિસ્ટમનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક ઢબે જમીનની માપણી કરી રહ્યા છીએ. નિયમ એવો હતો કે ૩૦ વર્ષે જમીનની માપણી અને મોજણી થવી જોઈએ. પરંતુ કોંગ્રેસના સમયમાં ૧૦૦ વર્ષમાં એકેય વાર મોજણી ન થઈ. ૩૦ વર્ષે મોજણી થવી જોઈએ પરંતુ એ ન થઈ અને આ રાજ્ય સરકારે પહેલીવાર મોજણી કરવાની શરૂઆત કરી છે. એના માટે ૩૮.૬૩ કરોડની જોગવાઈ કરી છે. ગાંધીનગર, આણંદ જિલ્લાના તાલુકાઓ, જામનગર, રાજકોટ, અમદાવાદ, સાબરકાંઠા અને કચ્છ જિલ્લાનો આપણે સમાવેશ કર્યો છે અને સમયમર્યાદામાં આપણે આ કામ પૂર્ણ કરવા માગીએ છીએ. કચેરીઓ જર્જરિત થઈ અને એના કારણે રાજ્ય સરકારે મહેસૂલી મકાનોના આધુનિકીકરણ અને નવીનીકરણ કરવા માટે ૬૦ કરોડની જોગવાઈ હતી એમાં ૩૦ કરોડનો વધારો કરીને લગભગ ૯૦ કરોડ જેટલી રકમ આપણે મૂકી છે. જેની અંદર જામનગર, આહવા ખાતે કલેકટર કચેરી, અમરેલી, સોનગઢ, જામનગર, ખંભાળિયા ખાતે પ્રાંત કચેરીઓ, જામનગર ખાતે ૫, અમરેલી ખાતે ૩, બનાસકાંઠા ખાતે ૪, જુનાગઢમાં ૩ અને સુરેન્દ્રનગર ખાતે ૪ મામલતદાર કચેરીઓનો આમાં સમાવેશ થાય છે. દરેક વખતે આપણે માગણી કરતા રહીએ કે તલાટીઓની ઘટ છે. પરંતુ માત્ર અને માત્ર મહેસૂલી કામ કરી શકે એવા તલાટીઓની માગણી અમારી રાજ્ય સરકારે સ્વીકારી. આ તલાટીઓની જે નિમણૂંક થવાની છે એ માત્ર અને માત્ર રેવન્યુ સિવાય બીજું કોઈ કામ એમણે કરવાનું નથી. મને આનંદ થાય છે અને સભાગૃહને કહેતા હર્ષ અનુભવું છું કે રાજ્યમાં ૨૧૨૬ જેટલા મહેસૂલી સંવર્ગના તલાટીઓની ભરતી કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી અને એની સ્પર્ધાત્મક પરીક્ષા થઈ ગઈ અને પરિણામ પણ આવી ગયું છે. આ મહિનાના અંત સુધીમાં અને ૧૫ એપ્રિલ સુધીમાં આ ૨૧૨૬ તલાટીઓની ભરતી આ સરકાર પૂરી કરી દેશે. બનાસકાંઠા અને પોરબંદરમાં જે દબાણો થયા એ દબાણો હટાવવાનું કામ પહેલીવાર રાજ્ય સરકારે કર્યું અને ૪૮૭ કરોડ જેટલાની જમીન ખુલ્લી કરાવી છે. આ બધા જમીનોના માફિયા હતા અને કોઈ હથિયાર એમની સામે ઉગામતું ન હતું. રાજ્ય સરકારે એમની સામે હથિયાર ઉગામ્યું અને જમીનો ખાલી કરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂની પુરાણી હસ્તલિખિત અને છપાવેલા દસ્તાવેજોનું ડીઝિટલાઈઝેશન રાજ્ય સરકારે શરૂ કર્યું છે. રાજાશાહી સમયનું હસ્તલિખિત સાહિત્ય છે, જૂનું પુરાણું થઈ ગયું છે, જર્જરિત થઈ ગયું છે. હવે ૧૮૮૫ થી ૨૦૦૫ના વર્ષ સુધીના લગભગ ૩ કરોડ જેટલા પૃષ્ટો છે એને લાંબા સમય સુધી આપણે સાચવવા જરૂરી છે અને એટલા માટે એની પાછળ ૨.૨૫ કરોડનો ખર્ચ કરીને એને સાચવવા માટે ડીઝિટલાઈઝેશન કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જમીનના ભાવો વધતા જાય છે. એના કારણે કેટલાક દાવાઓની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. એટલે જ બધા જિલ્લાઓમાં કાયદા અધિકારીની જગ્યાઓ ઊભી કરવા માટે રાજ્ય સરકારે ૫૦ લાખની નવી બાબત આની અંદર સૂચવી છે. સિટી સરવે સેટલમેન્ટની કચેરીઓ છે એની અંદર હક્ક ચોક્કસાઈ રજિસ્ટર અને સેટલમેન્ટની કચેરીઓમાં આંતરિક નેટવર્કિંગ માટે ૧.૬૦ કરોડની જોગવાઈ મૂકી હતી અને ચાલું વર્ષે ફરીથી ૧.૬૦ કરોડની જોગવાઈ સૂચિત કરી છે. જેથી આ કામ પૂર્ણ કરી શકાય. સ્ટૅમ્પ ભવનના મુખ્ય મથકના આધુનીકરણ માટે રાજ્ય સરકારે ૧ કરોડની નવી જોગવાઈ કરી છે અને અમે દાહોદમાં આ સ્ટૅમ્પ ભવન બનાવવાના છીએ. જિલ્લાઓની અંદર નાયબ કલેકટરો સ્ટૅમ્પ નોંધણીને વાહનો આપવા માટે ૧.૧૦ કરોડની નવી બાબતનો પણ સમાવેશ કર્યો છે. મહેસૂલ વિભાગને પણ આધુનિક સ્પર્શ આપવો જરૂરી છે. એટલા માટે એના નેટવર્કિંગ માટે અને કમ્પ્યુટરાઈઝેશન માટે ૨૫૮ લાખની જોગવાઈ રાજ્ય સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે સુપ્રીટેન્ડન્ટ કચેરીઓ હેઠળ જૂના દસ્તાવેજો સ્કેન કરવા માટે તથા ઈન્ડેક્ષ ટુ રેકર્ડ ડિઝિટાઈઝ કરવા માટે માઈક્રો ફિલ્મનું કોમ્પેક ડીસમાં પરિવર્તન કરવા માટે તેમજ સ્ટેમ્પ કચેરીની કનેકટીવીટી માટે ચાલુ વર્ષમાં કરાયેલી કામગીરીને આગળ ધપાવવા માટે ૬.૨૪ કરોડની નવી બાબતોની પણ આપણે જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ભૂકંપ આવ્યો અને આ પહેલીવાર ભૂકંપ નહોતો આવ્યો. ૧૯૫૬ ની અંદર અંજારની અંદર ભૂકંપ આવ્યો હતો અને એ વખતે પણ જો આ બધી પ્રવૃત્તિઓ આપણે ઊભી કરી હોત તો ૨૦૦૧ની અંદર જે ભૂકંપ આવ્યો એની અંદર આપણને જે બચાવ કામગીરી કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ એ ના થઈ શકી હોત. પહેલીવાર આપત્તિ વ્યવસ્થાપન માટે આપણે એકટ બનાવ્યો અને એકટ બનાવ્યા પછી એમાં જે કાંઈ જોગવાઈઓ કરી હતી એ પ્રમાણે એ વિસ્તારોને વધારે આધુનિક સાધનો આપવા માટે રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે અને હવે દરિયા કિનારાથી પાંચ કિલોમિટરના પટ્ટામાં ખૂબજ વધુ જોખમી ગ્રામીણ વિસ્તારો ઉપર વધુ

ભાર મૂકવામાં આવ્યો છે. અંતરિયાળ વિસ્તારોમાં મધ્યમથી વધુ જોખમી વિસ્તારોને આવરી લેવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળની મુખ્ય પ્રવૃત્તિઓમાં સાયકલોન શેલ્ટરનું બાંધકામ, મેન્ગોવ્સ અને શેલ્ટર બેલ્ટનું વાવેતર ખારાશ ઉપર નિયંત્રણ લાવવા માટેનો તકનિકી અભ્યાસ અને વાવાઝોડાનું જોખમ ધરાવતા ગ્રામીણ આવાસોનો તકનિકી અભ્યાસ પણ હાથ ધરવા માટે આપણે નિર્ણય કર્યો છે અને એના મારફત રાજ્ય સરકારે ૨૫ કરોડની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મોટા પાયે ઔદ્યોગિક એકમો જે કામ કરી રહ્યાં છે, જેવા કે દહેજ અને હજીરા જેવા એની અંદર પણ આવી કોઈ આપત્તિઓ ઊભી થાય ત્યારે એમને પહોંચીવળવા માટે પણ આપણે ૧૦ કરોડ રૂપિયાની નવી બાબત એની અંદર દાખલ કરી છે. આ બધાના જ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીધામ એની અંદર આપણે તત્કાળ પ્રતિભાવ આપી શકાય એવા ઈ.આર.સી. સેન્ટરો આપણે શરૂ કરવા માગીએ છીએ અને રાજકોટની અંદર આપણે કામ પૂરું કર્યુ છે અને બાકીના જિલ્લાઓની અંદર આપણે આ કામ કરવા માગીએ છીએ. આ કામ કરવા માટે ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ૫ કરોડની વિશેષ જોગવાઈ આપણે કરી છે અને એ ઉપરાંત લાંબા ગાળાની પુનઃ નિર્માણ યોજના માટે ૧૫ કરોડની નવી યોજના આપણે આ વખતે આપણા બજેટની અંદર જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા ધારાસભ્યશ્રીઓએ ઘણી બધી વાત અહીં કરી છે એટલે એનું પુનરાવર્તન ન થાય એના માટે હું જરૂર પ્રયાસ કરીશ. વહીવટને સુવ્યવસ્થિત કરવા માટે રેકર્ડનું અદ્યતન વર્ગીકરણ કરવું અત્યંત જરૂરી છે અને એટલા માટે બિનજરૂરી રેકર્ડ દૂર કરવું જોઈએ અને જે રેકર્ડની અત્યંત જરૂરિયાતો છે એ રેકર્ડને યોગ્ય રીતે નિભાવવું જોઈએ. ગઈ વખતે ૮૬૫૦૦ થી વધારે ફાઈલોનું વર્ગીકરણ કરવામાં આવ્યું અને અડધો અડધ ફાઈલોનો નાશ પણ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રોજિંદી કામગીરીને નિયમિત બનાવવા માટે ૨૦૦૯ના વર્ષમાં ૯,૯૬,૦૦૦થી વધુ હકપત્રકની નોંધોનો નિકાલ આ રાજ્ય સરકારે કર્યો છે. બે-ત્રણ વર્ષથી આ બધી નોંધો પેન્ડિંગ પડી હતી એને પણ આપણે દૂર કરી દીધી છે. ખેડૂત પ્રમાણપત્રની વાત મેં આગળ કરી છે. જન સેવા કેન્દ્રો નાનામાં નાના માનવીને કોઈ તકલીફ ના પડે એના માટે રાજ્યના ૨૨૫ તાલુકાની અંદર આવા જન સેવા કેન્દ્રો રાજ્ય સરકારે ઊભા કર્યા છે અને એની અંદર અનેક પ્રકારની સેવાઓ એમને મળે છે. એ જ રીતે રાજ્યના ૨૬ જિલ્લામાંથી ૨૫ જિલ્લાની અંદર કલેક્ટર કચેરીઓની અંદર પણ આ પ્રકારના જન સેવા કેન્દ્રો રાજ્ય સરકારે શરૂ કર્યા છે અને એ બધાજ કેન્દ્રોની અંદર જે કાંઈ જરૂરિયાત પડે છે એ વન ડે યા ટુ ડે કરીને એ કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. એ જ રીતે ૫૪ જેટલી પ્રાંત કચેરીઓની અંદર આવા જન સેવા કેન્દ્રો રાજ્ય સરકારે ઊભા કર્યા છે અને એની અંદરથી પણ ખેડૂતો હોય કે વિધવા બહેનો હોય કે વૃદ્ધ બહેનો હોય સર્ટિફિકેટ લેવાની વાત હોય કે આધાર-પુરાવા લેવાની બાબત હોય કે પછી એમને રેશનકાર્ડ કઢાવવાની બાબત હોય આ બધી જ બાબતો આ જન સેવા કેન્દ્રો અંદર થતી હોય છે અને તાત્કાલિક રિસ્પોન્સ પણ ત્યાંથી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાવર ઓફ એટર્ની. હજારો હજારો ખેડૂતો બિચારા પાવર ઓફ એટર્નીના કારણે ગરીબ થઈ ગયા, જમીનો ચાલી ગઈ અને આ બધાઓની સાથે છેતરપીંડીઓ થઈ. પરંતુ પાવર ઓફ એટર્નીનું રજિસ્ટ્રેશન કરાવવું જોઈએ એનો વિચાર આ સરકારોને ના આવ્યો. આ સરકારે પાવર ઓફ એટર્નીનું પણ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવા માટેનું એક બિલ આ જ વિધાનસભાની અંદર હું લાવી હતી. શ્રીમતી આનંદીબેન પટેલ (ક્રમશઃ): અને એ વિધાનસભાની અંદર આ અંદરનું બીલ આપણે પાસ કર્યુ અને પાસ કર્યા પછી હવે એનું ફરજિયાત રજીસ્ટ્રેશન થયું છે. એમાં પણ એક બે ખામીઓ રહી ગઈ છે, અમારા ધ્યાન ઉપર આવી છે અને એ ખામીઑને દૂર કરવા માટે પણ આ રાજય સરકાર પૂરો પ્રયાસ કરશે. મારે આ ગૃહને પણ યાદ કરાવવું છે કે, મહિલાઑના નામે થતા દસ્તાવેજો, સામાન્ય રીતે વર્ષો સુધી બહેન પોતાના ઘરમાં કામ કરતી હોય અથવા નોકરી કરતી હોય એ પણ પુરુષની જેમ જ ખભે ખભા મિલાવીને કામ કરતી હોય તેમ છતાં પણ જ્યારે પરિવારમાં કોઈ સંપત્તિ ખરીદવાની આવે કે કોઈ ગાડી ખરીદવાની આવે કે કોઈ જમીન ખરીદવાની આવે ત્યારે મોટાભાગે પુરુષોના નામે જ આ સંપત્તિઓ ખરીદાતી હતી. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ, ૨૦૦૪માં એક જાહેરાત કરી કે જો કોઈ પરિવાર પોતાના પરિવારની કોઈ મહિલાના નામે સંપત્તિ ખરીદશે તો હું રજીસ્ટ્રેશન ફીમાંથી મુકિત આપીશ.

**અધ્યક્ષશ્રી** : દસ મિનિટ હજુ આપની પાસે છે, દસ મિનિટ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પહેલા વર્ષમાં ૧૦ હજાર બહેનોના નામે આવી મિલકતો ખરીદાતી હતી પરંતુ ૨૦૦૪ની અંદર રજીસ્ટ્રેશન ફીમાંથી મુકિત આપવાનો નિર્ણય આ રાજય સરકારે કર્યો અને એટલે જ માનનીય અધ્યક્ષશ્રી, પાછલા ત્રણ વર્ષની અંદર ૭,૯૩,૫૫૭/ મહિલાઑને આનો લાભ પ્રાપ્ત થયો અને ૧૯૬/- કરોડની નોંધણી ફી રાજય સરકારે જતી કરી પરંતુ આ બહેનોના નામે સંપત્તિ થવાના કારણે બહેનો પણ સશક્ત બની છે. મારે સ્ટૅમ્પની વાત એટલા માટે કરવી છે કે, ઈ-રજીસ્ટ્રેશનના માધ્યમથી ફેરફાર નોંધોનું આપમેળે પ્રમાણિકરણ થાય, મિલકત સંબંધી ફેરફાર નોંધોનું પ્રમાણિકરણ થાય, ઈ-ધારા, સીટી સરવે તથા સબ રજીસ્ટ્રાર કચેરી વચ્ચે લીન્ક સ્થાપીને ઑન લાઈન ટૅક્નીકલ બ્રિજ બનાવવા માટે એન.આઈ.સી. ગાંધીનગર દ્વારા સોફ્ટ વેર ડેવલપ કરવામાં આવ્યું અને ઑન લાઈન ઈ રજીસ્ટ્રેશનની કામગીરી ચાલુ કરવામાં આવી. જન સેવા કેન્દ્ર ખાતે

દસ્તાવેજોની નોંધણીની પ્રક્રિયા શરૂ કરેલ છે. અને પાયલોટ પ્રોજૅક્ટ તરીકે માણસા તાલુકાને પસંદ કરી અને કામગીરી શરૂઆત અમે કરી છે. આ નવી પદ્ધતિ અમલમાં આવી છે એને કારણે વેચાણ દસ્તાવેજ બનતા પહેલાં વેચનાર અને લેનારની માલિકીની બાયોમેટ્રિક ઇમેજ દ્વારા તપાસણી થશે, વેચાણ હેઠળની જમીની જંત્રી કિંમત તુરત જ જોઈ શકાશે અને તેની ચૂકવણી તે જ સ્થળે ઇ સ્ટેમ્પીંગ દ્વારા થઈ શકશે. જમીન વેચનાર તથા લેનારના ફોટોગ્રાફ અને ફિંગર પ્રિન્ટ લેવા ત્યારબાદ સબ રજીસ્ટ્રાર વેચાણ વ્યવહારને એક કલીક કરીને માન્ય રાખી રજીસ્ટર્ડ કરાશે. તુરત જ ગામ નંબર-૬ માં ઑટોમૅટીક ફેરફાર નોંધ પડી જશે અને સંબંધિત હક્ક ધરાવનારાઓ માટે ૧૩૫-ડીની નોટિસ જનરેટ થશે આ પણ કૉમ્પ્યુટર પોતે જ જનરેટ કરશે. ગામ નમૂના નંબર ૭x૧૨માં મૂળ ખાતેદારોની સાથે વેચાણ લેનાર ખાતેદારનું નામ, લાલ નિશાન સાથે જોડાશે, નોંધ પ્રમાણિત થયે ફક્ત ખરીદનાર ખાતેદારનું નામ ૭x૧૨માં રહેશે. ૩૦ દિવસમાં જો કોઈ વાંધા અરજી નહીં મળે તો કૉમ્પ્યુટર ઑટોમૅટીક એન્ટ્રી સર્ટિફાય કરશે. આ સમગ્ર યોજના હેઠળ રાજય સરકાર રાજયના દરેક સરવે નંબરને એક વિશિષ્ટ યુનિક આઈ.ડી. આપવામાં આવશે. જેમાં જિલ્લા, તાલુકા, ગામ, જમીન અને ખાતેદારની ઓળખ રહેશે. આ વ્યવસ્થામાં જમીનની માલિકીની વારસાઈ થયે અને વારસદારોમાં ભાગ પડેથી નવા આઈ.ડી. ઑટોમૅટીક જનરેટ થાય તેવી સુવિધા રાખવામાં આવી છે. આ ઉપરાંત રાજયના દરેક સરવે નંબરની જમીનનો ચર્તુસીમા દર્શાવતો નકશો, ટિપ્પણ એક ખાસ સોફટ વેરથી રૅકૉર્ડ કરવામાં આવશે અને જે તે ખાતેદારને ઉપલબ્ધ કરાવી શકશે. રાજયની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણીના અનુસંધાને આ કાર્યક્રમ ૧-૫-૨૦૧૦ પહેલા શરૂ કરી શકાય એ માટે સૌ પ્રથમ ગાંધીનગર જિલ્લામાં આ પાયલોટ પ્રોજૅક્ટ તરીકે અમલમાં મૂકવાનું આ રાજય સરકારે નક્કી કર્યુ છે અને હવે એના ટેન્ડરો બહાર પડી રહ્યા છે અને રાજયના બધા જ જિલ્લાઓની અંદર એકે એક તાલુકો અને સ્વર્ણિમ જયંતી જ્યારે ૨૦૧૦ની ૧લી મેના રોજ જ્યારે ઊજવતા હોઈએ ત્યારે કમ સે કમ એક તાલુકાનું આ કામ પૂર્ણ થાય એના માટે પણ રાજય સરકારે નિર્ણય કર્યો છે.રાજયની પ્રજાના વાણિજયીક વ્યવહારોની નોંધણી અને દસ્તાવેજો માટે સ્ટેમ્પડયૂટીની જોગવાઈઓ છે એને સરળ કરવાની દિશામાં સરકારે અનેક પગલાં લીધાં છે. આ સભાગૃહને ખ્યાલ છે તેમ સ્ટેમ્પડયૂટીના એકત્રીકરણ દરમિયાન ૧૪.૮ટકાથી માંડીને ૮.૮૦ટકા હતી તે ઘટાડીને ૪.૯ટકા કરી છે. ૨૭ પ્રકારની જટીલ જોગવાઈઓને નાબૂદ કરીને માત્ર ૯ દરો જ આપણે રાખ્યા છે. રાજયે ઈસ્ટેમ્પીંગના ક્ષેત્રમાં સમગ્ર દેશમાં પહેલ કરી છે અને ફ્રેન્કીંગ મશીન તથા ઈસ્ટેમ્પીંગ દ્વારા સ્ટેમ્પડયૂટી ભરવાની જોગવાઈ કરવામાં આવી છે આથી રાજયના મથકોની સબરજીસ્ટ્રાર કચેરીઓ ખાતે આ જોગવાઈ ઉપલબ્ધ થઈ છે. સરકારને ઓછું વળતર, કમિશનનો ખર્ચ થાય છે જયારે જાહેર જનતાને નાણાની સલામતી સાથે ઝડપી સેવા ઉપલબ્ધ થાય એ કામ રાજય સરકારે કર્યું છે અને આના માટે ઈસ્ટેમ્પડયૂટી ચાલુ વર્ષે ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૧૬૫કરોડની સ્ટેમ્પ ડયૂટીની આવક રાજય સરકારને પ્રાપ્ત થઈ છે. બનાવટી સ્ટેમ્પ વેચાણની શકયતા નિવારવા માટે ફ્રેન્કીંગ મશીનથી ડયૂટી ભરપાઈ કરવાની પરવાનગી અપાઈ છે જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો, શીડયૂલ બેંકો અને રિઝર્વ બેંક દ્વારા અધિકૃત ખાનગી તથા ઓડિટ વર્ગ ધરાવતી સહકારી બેંકોને આ કામગીરી માટે અધિકૃત કરવામાં આવી છે એટલું જ નહીં હવે પોસ્ટ ઓફીસો દ્વારા પણ સ્ટેમ્પ પેપરના વેચાણની જોગવાઈ કરાઈ છે જેથી ગામડાંમાં બેઠેલી કોઈપણ વ્યકિતને પોતાનું ગામ છોડીને દુર જવું પડશે નહીં. બીન ખેતી પરવાનગીની મર્યાદા ૩૦ દિવસની, રહેણાંક માટે અને અન્ય માટે ૪૫ દિવસનો સમય નકકી કરવામાં આવ્યો છે. ટાઈટલ કલીયર હોય તો એને ૧૫ દિવસની અંદર બીન ખેતીની પરવાનગી મળી જાય છે. આ પ્રકારની વ્યવસ્થાઓ પણ રાજય સરકારે કરી છે. આવી અનેક જોગવાઈઓ રાજય સરકારે કરી છે અને હમણાં મીઠાની વાત કરવામાં આવી. કાળીયાબીડમાં શકિતસિંહભાઈએ કહયું મારે એ કહેવું છે કાળીયાબીડમાં સૌ પ્રથમ ૧૯૮૧માં ૨૩ એકર જમીન એન.એ. કરાવવામાં આવી અને સોસાયટી બનાવવામાં આવી. ૧૯૮૧માં અને હવે તમે અમારી ઉપર આક્ષેપો કરો છો કે આમ વેચાણ થઈ રહયું છે, આમ વેચાણ થઈ રહયું છે. મીઠાની જમીનો અબજોપતિઓને આપી કોણે આપી અને કરોડપતિઓને કોણે આપી એ પણ મારે અહીં ઉલ્લેખ કરવો છે. ભાવનગર સોલ્ટ લીમીટેડ ૫૬૨૬એકર જમીન આપી ૧૯૪૬, ચંદન સોલ્ટ વર્કસ ૭૧૦ એકર જમીન આપી ૨૦૦૫માં, મોર્ડન કન્સ્ટ્રકશન એને જમીન આપી ૨૦૦૪માં એ જ રીતે જયદિપ ફુડ લીમીટેડ માળીયા તાલુકાનું બગસરા ગામ એમને પણ ૫૦૦૦ એકર જમીન હમણાં અપાઈ ૨૦૦૯ની અંદર જમીન અપાઈ. દેવ સોલ્ટ એમને પણ જમીન અપાઈ. આ સોલ્ટને જમીન આપવાનો જે જી.આર. બનાવ્યો એ ૧૯૮૧ની અંદર જી.આર. બનાવ્યો હતો. ૧૯૮૧ની અંદર એમણે જે જમીનો આપી એ ત્રણ રૂપિયે જમીન આપી હતી જયારે આ સરકારે ૧૫૦ રૂપિયે જમીન આપી છે એટલે વાર્ષિક ભાડુ એ વખતે અપાયું છે. મુંદ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની વાત પણ અહીં કરવામાં આવી. જેને ૧૦૯૬ ચોરસ મીટર જમીન અપાઈ છે. કચ્છના રણની અંદર બ્રોમાઈન કાઢવા માટે એકસલ ગૃપને ૧૯૯૩-૯૪માં પણ જમીન આપવામાં આવી હતી. મતલબ મારો કહેવાનો એ છે કે આ રાજય સરકારે જ માત્ર જમીનો આપી છે એવું નથી. આપના સમયની અંદર પણ આ જમીનો આપવામાં આવી છે અને અપાય જ કારણકે આ રાજયનો વિકાસ કરવો હોય તો જમીનો આપવી પડે. ગૌચરની જમીનો જયારે અપાય છે ત્યારે આ રાજય સરકાર જે જમીનની કિંમત છે. જે ગૌચરની જમીન અપાય છે પહેલા આ રીતે જમીનોની કિંમત લીધી નથી. આ રાજય સરકારે જો ગૌચરની જમીન અપાય તો જે જમીનની કિંમત થાય એના ૩૦ટકા વધારાની કિંમત આ રાજય સરકાર એમની પાસેથી લે છે અને એનો ઉપયોગ ગૌચરના વિકાસ માટે રાજય

સરકાર કરતી હોય છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી જમીન ૭૮૨૪હેકટર અપાઈ, ગૌચરની જમીન ૯૦૪ હેકટર અપાઈ.છેલ્લા ૩ વર્ષની અંદર ૮૭૨૯ જેટલી જમીનો આપવામાં આવી છે. પારિવારિક જમીનની વાત કરી. જે કોર્ટ કેસની અંદર છે. એની હું વાત કરવા માગતી નથી. મારી આ દરખાસ્તો છે, તેને આ વિધાનસભાગૃહ સર્વાનુમતે મંજૂરી આપે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની મારા વિભાગની માગણીમાં આ સભાગૃહના આઠેક માનનીય ધારાસભ્યશ્રીઓએ એમાં સૂચનો કર્યાં, ક્યાંક ટીકા કરી એ બધાને હું હકારાત્મક રીતે સ્વીકારું છું અને જ્યાં સુધારા કરવા જેવા છે, ત્યાં સુધારા કરવાની પણ ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તિથિની રીતે આજે વિક્રમ સંવત ૨૦૬૬ પવિત્ર ચૈત્રી સુદ આઠમ અને દુર્ગાષ્ટમીનો પાવન દિવસ છે. તારીખની રીતે ૨૩મી માર્ચ શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ અને એમાં પણ સ્વાતંત્ર સંગ્રામની શહીદ ત્રિપુટી શહીદ વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની આજે..

**અધ્યક્ષશ્રી** : આપની શૈલીનું અર્જુનભાઈએ પણ અનુકરણ કર્યુ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હા કરવું પડશે. કરવું પડશે. કરેંગે યા મરેંગેનું સુત્ર આપનાર રામમનોહર લોહિયાનો પણ આજે જન્મ દિવસ છે અને માત્ર ૨૦ વર્ષની વયે તરુણ વયે મા ભારતી માટે શહીદ થનાર સિંધી સમાજનું ગૌરવ હેમુ કાલાણીનો પણ આજે જમ્મ દિવસ છે. હું મારા વિભાગની વાત ઉપર આવું એની પહેલા વિરોધ પક્ષના નેતા આદરણીય શક્તિસિંહે જે સિકંદરનો હવાલો આપી જીવનની નિરર્થકતાની વાત કરી. માનવ સ્વભાવ છે કે કોઈ સફળ થાય તો તેને ઘમંડી અને અભિમાની કહેવામાં આવે. કોઈ નિષ્ફળ જાય તો તેના પ્રત્યે દયા બતાવવામાં આવે. શું કરવું જોઈએ? સફળ થઈને ઈર્ષ્યા પાત્ર થવું કે નિષ્ફળ થઈને દયાપાત્ર થવું. મારે માનનીય શકિતસિંહજીને કવિ નરેન્દ્ર મોદીની છત્રછાયા નામની કવિતાથી જવાબ આપવો છે. એમનું જે કાવ્યસંગ્રહ છે. "આંખ આ ધન્ય છે". એની અંદર કવિ નરેન્દ્ર મોદી લખે છે કે:-

"સફળ થયા તો ઈર્ષ્યા પાત્ર, નિષ્ફળ થયા તો દયા પાત્ર
સફળ, નિષ્ફળની પાર થઈને ત્રીજે કિનારે ઊભો માત્ર,
કોઠે પડે નહિ કાયરતા ને પામરતાની શાને પરવા?
જીવન પૂર્ણપણે જીવીને હું ઝંખું છુ. મરવા.
ઈશ્વરની છત્રછાયામાં રોજ શીખું છું હું તો છાત્ર
સફળ થયા તો ઈર્ષ્યા પાત્ર, નિષ્ફળ થયા તો દયા પાત્ર.
નિંદાનો આ ખારો દરિયો, નિંદાનો આ ખારો દરિયો,
તૂટીની મધમીઠી વાણી, બને નકામી છાવણીઓ છે.
આપણે રાખવી અકમંદ કહાણી.
પાર્થુવ એટલે યુદ્ધભૂમિ ઉપર કંપે નહિ મારા ગાત્ર,
સફળ થયા તો ઈર્ષા પાત્ર, નિષ્ફળ થયા તો દયા પાત્ર".

માનનીય અધ્યક્ષશ્રી અંગ્રેજ લેખક છે એમણે એમ કહ્યું; "It is Better to be envied than pitied". એટલે કે-

"દયા પાત્ર થયા કરતા ઈર્ષા પાત્ર થવું વધારે સારું".

મારે શકિતસિંહજીને એક શેરથી જવાબ આપવો છે-

" ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર કે પહેલે
ખુદા ખુદ બંદેસે પૂછે બોલ તેરી રજા ક્યાં હૈ".

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું સાંસ્કૃતિક બાબતોની વાત લઈને આવ્યો છું ત્યારે માનનીય શકિતસિંહ ગોહિલને હું મારા આદરણીય મુખ્યમંત્રી અને કવિ નરેન્દ્ર મોદીની આ આંખ આ ધન્ય છે નામનો કવિતા સંગ્રહ ભેટ આપું છું. જો તેઓ સ્વસ્થતાથી અને પૂર્વગ્રહ વગર અભ્યાસ કરશે તો તેમની ઘણી ભ્રાન્ત માન્યતાઓ દૂર થશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની માગણીઓ લઈને હું આ માનવંતા ગૃહ તરફ આવ્યો છું અને આપણું ગુજરાત જ્યારે સ્વર્ણિમ જયંતી ઉજવી રહ્યું છે અને તેનો હવાલો મારા વિભાગના હસ્તક હોય ત્યારે આ ઐતિહાસિક પ્રસંગે પુનિત અને પૌરાણિક ગુર્જર ધરાને હું વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસંગે કવિ ખબરદારની ગુણવંતી ગુજરાતની પંકિતઓને મારા દ્વારા વિશ્વમાં પથરાયેલા ગુજરાતીઓને હું ભેટ ધરું છું.

**ગુણવંતી ગુજરાત અમારી ગુણવંતી ગુજરાત,**
**નમીએ નમીએ માત અમારી ગુણવંતી ગુજરાત,**
**સંત, મહંત અનંત વીરોની વ્હાલી અમારી માત,**
**જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત,**
**અમારી ગુણવંતી ગુજરાત.**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ પાસે એક પોતીકું ગૌરવ છે. કારણ કે તેની સાથે ગુજરાતની સંસ્કૃતિ, સંસ્કાર અને યૌવન સંકળાયેલા છે. ગુજરાતની સંસ્કૃતિ એવી છે કે જેણે જગત આખાને રાહ ચીંધ્યો છે. ભારતની ભવ્ય સંસ્કૃતિને શ્રદ્ધાંજલિ આપતા પશ્ચિમના એક વિદ્વાને લખ્યું છે કે આજના યુરોપ અને અમેરિકાના લોકો આશરે ૪૦૦ વર્ષ પહેલાં વસ્ત્રહીન ફરતા હતા ત્યારે ગુજરાત અને ભારતના વણકરો મલમલ બનાવતા. જેનો આખો તાકો વીંટીમાંથી પસાર થતો. આવી મલમલ, બેબીલોન, સિનેરીયા, અરબ અને મિસરના બજારમાં ખરીદવા રાજા મહારાજા અને રાજ રાણીઓની પડાપડી થતી. મને આનંદ એ વાતનો છે કે ગુજરાત રાજયનો રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો આ વિભાગ આ તમામ સંસ્કૃતિ સાથે સીધો સંકળાયેલો છે. દરિયા સાથે અમે તરણ સ્પર્ધાને, પર્વત સાથે અમે ગિરનાર આરોહણ અવરોણ સ્પર્ધાને, રણ સાથે આપણી સરહદો ઓળખો કાર્યક્રમથી અને વન સાથે વન પરિભ્રમણ કાર્યક્રમથી અમે જોડાયેલા છીએ. આમ તો નાનકડું ખાતુ છે. પરંતુ ગુજરાતની સંસ્કૃતિ અને અસ્મિતાની જ્યોત ઝળહળતી રાખવામાં આ ખાતાએ મશાલની ભૂમિકા ભજવી છે અને એટલે જ મને કવિશ્રી રવિન્દ્રનાથ ટાગોરની એક કવિતા યાદ આવે છે.

**આથમતો સૂર્ય જગતને પૂછે છે? મારું સ્થાન કોણ લેશે, જગત સ્તબ્ધ બની જાય છે**
**ત્યારે ખૂણામાં પડેલું કોડિયું પોતાના બંને હાથ ફેલાવીને કહે છે કે**
**હે નાથ મને પ્રગટાવો હું આપનું સ્થાન લઈશ.**

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટના આંકડાની વાત કરું તો આ વિભાગની ગત વર્ષ એટલે કે ૨૦૦૯-૧૦ બજૅટ જોગવાઈઓ ૧૬૧.૧૬ કરોડ હતી. આગામી વર્ષ ૨૦૧૦-૧૧ની અંદર ૨૩૪.૯૪ કરોડ થઈ જે ગત વર્ષ કરતાં ૭૪.૭૮ કરોડ એટલે કે ૪૬ ટકા વધારે છે. કહેવાય છે કે સાઉન્ડ માઈન્ડ ઈન ધી સાઉન્ડ બોડી. મજબૂત શરીરમાં મજબૂત મનનો વાસ છે. આ ભાવનાને ચરિતાર્થ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના સીધા માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય ક્ષેત્રે, વનવાસી ક્ષેત્રે અને શહેરી ક્ષેત્રે જે કઈ યોજનાઓ થઈ છે તે માટે પણ હું એમનો કૃતનિશ્ચયી છું. આ ખાતાની કેટલીક સાફલ્ય ગાથાઓ વાગોળવાનું મન થાય છે. અમારા વિભાગ દ્વારા શાળાકીય રમતો, મહિલા રમતો અને ગ્રામીણ રમતોમાં રાષ્ટ્ર કક્ષાએ ચાલુ વર્ષે ૯૮ ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. જેમાં ૩૮ સુવર્ણ, ૨૯ રજત અને ૩૧ કાંસ્ય ચંદ્રક છે. જે રાજય કક્ષાએ શાળાકીય સ્પર્ધાઓ થાય એમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવનાર ૬૪૧૩ મહિલાઓને ૨ કરોડ ૮૦ લાખ રૂપિયાની સ્કોલરશીપ અપાઈ. આ વર્ષ ૨૦૦૯-૧૦ની અંદર ૧૮૨૯ જેટલી મહિલા ખેલાડીઓને ૭૯.૭૭ લાખની સ્કોલરશીપ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે અને માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળકલ્યાણ શ્રીમતી આનંદીબેનના સાનિધ્યમાં ચાર વિભાગીય મહિલા સંમેલનમાં અપાઈ. મારા વિભાગની એક નવતર શકિતદૂત યોજનાની મારે વાત કરવી છે. ખેલાડીના વર્તમાન તેજસ્વી દેખાવ, તેના ભવિષ્યમાં સારા દેખાવ કરવાની શકયતાઓ આ બધું ધ્યાનમાં લઈને જરૂરિયાત મુજબ રમતગમતના સાધનો, સ્પોર્ટસ, મેડિસીન, ડાયટ, ગણવેશ તાલીમ આ બધા માટે નીડબેઈઝડ સહાય આપવાની યોજના, અને આ યોજનામાં ૧૧૯ આશાસ્પદ ખેલાડીઓને શોધીને જરૂરિયાત આધારિત ૪૨.૭૫ લાખ રૂપિયાની સહાય કરી છે. રમતગમત ક્ષેત્રે રાષ્ટ્ર અને રાજય કક્ષાની સ્પર્ધામાં જે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે એમની કદર કરીને પ્રોત્સાહિત કરવા માટે એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને જયદીપસિંહ બારિયા એવોર્ડ, એ રીતે એવોર્ડ આપવામાં આવે છે. જે અંતર્ગત ૧૬૧ ખેલાડીઓને ૩૪.૪૫ લાખના રોકડ પુરસ્કાર અને દરેક ખેલાડીને મોમેન્ટો, પ્રશસ્થિપત્ર, બ્લેઝર અને કેસ એનાયત કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રિય કક્ષાએ રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવાની ક્ષમતા ધરાવતા ખેલાડીઓ માત્ર આર્થિક કારણોસર અટકી ના પડે એની અમે ચિંતા કરી છે અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ ૨૯ ખેલાડીઓને ૧૧.૧૩ લાખ રૂપિયાની આર્થિક સહાય કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુદાન અને પુરસ્કાર પારિતોષિક દ્વારા તો રમતવીરોએ જે કંઈ કરી બતાવ્યું હોય એને પાંખવાનો અને બિરદાવાનો અભિગમ આ વિભાગે રાખ્યો છે. નવી સિધ્ધિઓ પ્રાપ્ત કરવાની શકયતાઓ હોય, જેમનામાં તાકાત હોય તેમને પ્રોત્સાહન કરવાનો જાગૃત પ્રયત્ન પણ મારો વિભાગ કરી રહયો છે અને એમને આત્મવિશ્વાસ આપવો છે અને કહેવું છે કે, કદમ અસ્થિર હો જેના, એને રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફીરને હિમાલય પણ નથી નડતો.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ ઉત્સવ, મેળા અને અનુષ્ટાનનો વિશ્વનો દેશ છે, વિશ્વની એક અગ્રગણ્ય સંસ્થાએ તમામ દેશ અને પ્રજાનો સરવે કરીને તારણ કાઢ્યું કે સગવડ અને સમૃધ્ધિ માં સૌથી આગળ અમેરિકા છે, પરંતુ આનંદ અને સુખ પ્રાપ્તિમાં સૌથી આગળ ભારત અને ગુજરાત છે. ગુજરાતનો ડાંગ કે દેડિયાપાડા જેવા અંતરિયાળ પ્રદેશની અંદર મારો આદિવાસી ભાઈ ન્યુજર્સી કે ન્યુઓર્કના ધનના ઢગલામાં આળોટતા અમેરિકન કરતાં વધારે મસ્તીથી જીવે છે કારણ ગુજરાતની કલા, નૃત્ય, સંગીત અને સંસ્કૃત્તિ છે ગુજરાતની અંદર એટલા બધા ઉત્સવ અને અનુષ્ઠાનો છે કે એક ઉત્સવની મસ્તીનો નશો ઉતરે ત્યાં તો બીજો ઉત્સવ શરૂ થઈ જાય છે અને મને કહેતાં ગર્વ થાય છે કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતની પ્રજાને ગરબે ઘુમાવતાં- ઘુમાવતાં, પતંગ ચગાવતાં- ચગાવતાં અને કાંકરિયાને પાળે કાર્નિવલની અંદર ઉત્સવ કરાવતાં કરાવતાં ગુજરાતને ખેતી, ઉદ્યોગ અને વેપારની અંદર નંબર વન બનાવ્યું છે. ભારત અને ગુજરાતની સંસ્કૃત્તિ આ ગરીબોના બેલી, વંચિતોના વાણોતર રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને કોઈની નજર ન લાગે એટલા માટે ચૈત્ર માસની

નવરાત્રિના નવેનવ દિવસ નકોરડા ઉપવાસ કરે છે. પાણી સિવાય કંઈ લેતા નથી કોઈને ગમે કે ન ગમે તેમની આ અનુષ્ઠાન ભાવનાને હું વંદન કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, જે કલાકારો પ્રત્યે બહું ઓછું ધ્યાન અપાયું છે અને એવા કલાકાર એટલે મારા અનુસૂચિત જાતિના તુરી બારોટ સમાજના કલાકાર. આ કલાકારને જીવંત રાખવા માટે અમે નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કર્યા છે અને જુદી જુદી યોજનાઓ બનાવી છે અને સાત તાલીમોનું અમે આયોજન કર્યુ, ગાંધીનગર ખાતે સાસ્કૃત્તિક કુંજમાં યોજાતો જે વસંતોત્સવ છે એમાં છેલ્લા બે વર્ષથી પોતાની લૂપ્ત થતી કલા રજૂ કરવાની એમને તક આપવામાં આવી અને આ રીતે લૂપ્ત થતી પરંપરા અને કલાને અમે જીવંતતા બક્ષી છે અને આ વર્ષે એ યોજના માટે ૪૫ લાખની જોગવાઈ કરી છે. આ યોજનાને હું તુરી બારોટ સમાજના રત્ન લોકગાયક સ્વ.મણીરાજ બારોટને સાદર સમર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી મારા વિભાગમાં ગ્રંથાલય વિભાગ પણ આવે છે અને ગ્રંથાલય વિભાગના નિર્માણ માટે જે સરકારી તાલુકા ગ્રંથાલય આવે છે એમાં માનનીય ધારાસભ્યશ્રી ઉદેસિંહ ઝાલાના મત વિસ્તાર બાયડની અંદર ૬૮.૩૬ લાખના ખર્ચે એક અદ્યતન ગ્રંથાલય નિર્માણનું પણ આયોજન છે. આપણે બધા જાણીએ છીએ કે વડનગર એક પ્રાચિન નગર છે અને તે વાત સાર્થક કરતા અનેક પુરાવા હાથ લાવ્યા છે. હાલમાં વડનગરથી બૌધમઠના અવશેષો પ્રાપ્ત થયા છે. વડનગર ખાતેના મહત્વપૂર્ણ બૌધમઠના અવશેષો, બૌધસ્તુપના અવશેષો, બૌધ પ્રતિમાનું શિર, જાતક કથાના પ્રસંગને આલેખતું શિલ્પ, બુધ્ધના ચરણપાદનું શિલ્પ ઈત્યાદિ વડનગરના ઐતિહાસિક વૃત્તાંતોને પુષ્ટી આપતા અતિ નોંધપાત્ર અવશેષો અને જે રીતે વડનગરના પુરાતત્વીય અવશેષોને જગતના નકશામાં સ્થાન મળ્યું છે તેનાથી આપણને સૌને ગૌરવ થાય એ સ્વાભાવિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય હંમેશા અનેક બાબતોમાં પહેલ કરવામાં આગળ રહ્યું છે અને આવી એક પહેલ મારા વિભાગ અને પ્રવાસન વિભાગે કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના સીધા માર્ગદર્શન નીચે ગુજરાતના બૌધ્ધ વારસા અંગે ગુજરાત સરકાર તથા એમ.એસ.યુનિવર્સિટી વડોદરા દ્વારા આંતરરાષ્ટ્રીય સેમિનાર ઓન ધી બુધ્ધીસ્ટ હેરિટેઝ ઓફ ગુજરાત આ સેમિનાર વડોદરા ખાતે ૧૫ થી ૧૭ જાન્યુઆરી ૨૦૧૦માં થયો. સદરહું કાર્યક્રમનું ઉદ્‌ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં થયું, વિશ્વ વંદનીય પુજ્ય દલાઈ લામાના વરદહસ્તે્ અને તેઓની હાજરીમાં થયું, પુજ્ય સ્વામિદયાનંદ સરસ્વતિ, ભુતાનના પ્રધાન લીયોનોચો એસીજીમ્પા, ડો.બી.કે.મોદી, સિંગાપુરના લામા ગુણરત્ન વોરો અને કેનેડાના સાંસાદ રુબી ઢલ્લા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા અને એમણે આ સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે કચ્છ ભુજ ખાતે ૨૭ જાન્યુઆરી, ૨૦૧૦ ૩૦ જાન્યુઆરી ૨૦૧૦ સુધી રાજસ્થાન યુનિવર્સિટી ઉદેપુર અને જાપાનની સંસ્થા હ્યુમેનિટી નેચર ક્યોટો, જાપાનના સહયોગથી હડપ્પન સંસ્કૃત્તિના વિષય ઉપર પણ આંતરરાષ્ટ્રીય સેમિનાર થયો. રાજ્યના ઈતિહાસમાં રાજ્યની સંસ્કૃત્તિના પણ દર્શન થઈ શકે અને તેથી રાજ્યના જે રક્ષિત પ્રાચિન સ્મારકો અને પુરાતત્વના વિકાસની કામગીરી પણ મારો વિભાગ નિષ્ઠાપૂર્વક કરે છે અને રાજ્યના પુરાતત્વીક વારસાની જાળવણી અને સારસંભાળ માટે પુરાતત્વ ખાતા દ્વારા ચાલુ વર્ષમાં ૩.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી, સિંધી અને સંસ્કૃત્ત ભાષાના ઉત્તમ ગુણવત્તા ધરાવતા વિવિધ સ્વરૂપના ૬૧ શ્રેષ્ઠ પૂસ્તકોને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા. વર્ષ દરમ્યાન ૩૬ જેટલા પૂસ્તકો પ્રગટ થયા અને ઉર્દુ અને સાહિત્ય અકાદમી દ્વારા ઉર્દુ ગુજરાતી શબ્દકોષનું પુનઃ મુદ્રણ કરવામાં આવ્યું. ભારતીય સંસ્કૃતિના ઉમદા પાસાના મૂર્તિમંત સ્વરૂપ એવા યુગપુરુષ પૂજ્ય મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની જ્યારે શિક્ષા શિબિર હતી ત્યારે એની મુલાકાત લીધી અને સંઘ ભવિષ્યમાં ભારતીય સંસ્કૃતિનો સંવાદ થશે અને જાતિવિહિન સમાજ ઉભો કરશે તેવો સંતોષ વ્યક્ત કર્યો અને ભારતીય અસ્મિતા અને સંસ્કૃતિના પ્રાણ સર્વધર્મ સમભાવની ભાવનામાં પડેલા છે. મારે કહેવું છે કે જે સંસ્કારો લઈને અમે રાજનીતિમાં આવ્યા છીએ અમને દલ નહિ પણ દેશ મહાન, એની શિખ અપાઈ છે અને શામાં દેશનું ભલું છે એના સંસ્કાર અમને અપાયા છે, રાષ્ટ્રીય સ્વયં સેવકની શિબિરમાં જે ગીત શીખવાડવામાં આવે છે એના શબ્દો એવા છે કે, 'સંગઠન ઘડે ચલો, સુપંથ પર બઢે ચલો, ભલા હો જિસમેં દેશકા વો કામ સબ કિયે ચલો'

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ અક્ષરે કવિઓ લખશે યશગાથા ગુજરાતની આ જે સ્વપ્ન, એને સાચું પાડવાની મહેનત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે ગુજરાત રાજયની સ્થાપનાને પચાસ વર્ષ પહેલી મે, ૨૦૧૦ના રોજ પૂર્ણ થઈ રહ્યા છે તેની ઉજવણી ૨૦૦૭-૦૮થી અમે શરૂ કરી દીધી છે અને ૨૦૦૯-૧૦માં પચાસ કરોડ રૂપિયાની જોગવાઈ હતી આ ૨૦૧૦-૧૧ની અંદર ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ એના માટે કરવામાં આવી છે. ગાંધીનગરમાં જ તારીખ બારમી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમા પાસે નામદાર મહામહિમ્ રાજયપાલશ્રીના વરદ્હસ્તે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ, વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સ્વર્ણિમ જ્યોત રથનું પ્રસ્થાન થયું, જિલ્લા ઉપર મંત્રીશ્રીઓ ગયા, મહાનુભાવો ગયા, અને એ રીતે આ પહેલી મે નો જે કાર્યક્રમ સ્વર્ણિમ જયંતિનો એનો પ્રારંભ જે થયો મારે કહેવું છે કે ગુજરાતની જનતાના હૃદયમાં આ મહોત્સવે સ્થાન લીધું અને આપણા દીર્ઘદૃષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની આ દેણગી છે સૌએ એને હૃદયપૂર્વક વધાવવી જોઈએ, આ જે રથનું બારમી ફેબ્રુઆરીથી આપણે પ્રસ્થાન કર્યુ એ ૧૪મી એપ્રિલ, ડો. બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસે એની પૂર્ણાહુતિ થનાર છે, અત્યારસુધીમાં

૧૦૯૬૧ ગામોમાં એનું પરિભ્રમણ પૂરું કર્યુ છે. જનભાગીદારીથી ધબકતી આ ઉજવણી સાચા અર્થમાં લોકોત્સવ બને તેવી અમારી મથામણ છે. ભારતના ભવ્ય સપૂત અને ભારતની આઝાદીના પ્રખર પુરસ્કર્તા ક્રાંતિવીર સ્વર્ગસ્થ શ્યામજી કૃષ્ણ વર્માની યાદગીરીમાં કચ્છમાં માંડવી ખાતે સ્મારકનું બાંધકામ કરવા તારીખ ૪-૧૦-૨૦૦૯ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે શિલાન્યાસ વિધિ સંપન્ન થયો અને આ સ્મારકનું બાંધકામ ચાલુ છે આ કામગીરી ૨૦૧૦માં પૂર્ણ કરવામાં આવશે. આ જે સ્મારક બની રહ્યું છે એમાં વિરાંજલી ગેલેરી, પિક્ચર ગેલેરી, દયાનંદ સરસ્વતી ચોરો, ક્રાંતિતીર્થ કચ્છ, સિનિયર સીટીઝન કચ્છ, વહીવટી બ્લોક, કાફેટેરિયા, ચિલ્ડ્રન પ્લે એરિયા એમપી. થિયેટર અને ઈન્ડિયા હાઉસનો પણ એમાં સમાવેશ કરવામાં આવશે. વિશ્વના સંચાલન માટે શ્રીકૃષ્ણનું ગોકૂલ મથુરાથી દ્વારકા આવવું, આઝાદીની લડતના મંડાણ અમદાવાદના ગાંધીઆશ્રમથી થવા, આશરે ૫૬૦ રજવાડાના એકીકરણનું કામ ગુજરાતના સરદાર પટેલ દ્વારા થવું એ ગુજરાતની માટીમાં મત બનાવવાની જે પરંપરા છે એની સાબિતી છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે મારે નવી જાહેરાતો કરવાની છે, કવિ ખબરદારે કહ્યું કે 'જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' અને એ અન્વયે બિનનિવાસી ગુજરાતીઓ માટે સ્વર્ણિમ વર્ષની ઉજવણીમાં સહભાગીદાર થઈને ગૌરવ લઈ શકે એ માટે માનનીય મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓના વિવિધ પ્રતિનિધિ મંડળ વિવિધ રાજયોની મુલાકાત લે એ માટેનું આયોજન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરતીનું ગૌરવ જેઓ ભૂલ્યાં નથી, જેવા લોકોને ભલે પધાર્યા કહીને સોથી વધુ શહેરોમાંથી ૫ હજારથી વધુ એન.આર.આઈ. અને એન.આર.જી.આ પ્રસંગે યોજનાર સેમિનારમાં ઉપસ્થિત રહે તેવું આયોજન છે. આ યુગમાં જે આધુનિક સાધનો વિકસ્યા છે તેનો ઉપયોગ કરીને મહેમાનો સુધી પહોંચવા માટે એન.આર.આઈ.સાથે વિડિયો કોન્ફરન્સથી આયોજન પણ કરવામાં આવ્યું છે. શ્રી વિનોબાભાવેએ કહેલું કે જેટલું અસરકારી એટલું અસરકારક અને આ વાત જો બરાબર કોઈ સમજ્યું હોય તો મારા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ છે. અને એટલે જ તેમણે ગુજરાતના સ્વર્ણિમ ઉત્સવમાં સમગ્ર ગુજરાતને જોડવાનું આહ્વાન કર્યુ. અને તેને અનુસરીને સ્વર્ણિમ વર્ષ નિમિત્તે રાજયના યુવાનોને વ્યકિતગત રીતે સો કલાકનું સમય દાન આપવાનું તેમણે આહ્વાન કર્યુ છે. અને રક્ષા શકિત, જળ શકિત, ઊર્જા શકિત, નારી શકિત, કન્યા કેળવણી, નિર્મળ ગુજરાત, થીમ ગુજરાત આ અંગેના કાર્ય કરવાનું પણ આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કવિ ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે કે

**ઘટમાં ઘોડા થનગને અને આતમ વીંઝે પાંખ,**
**અણદીઠી ભોમ જોવા યૌવન વીંઝે પાંખ.**

ગુજરાત રાજય તેના પચાસમાં વર્ષમાં પ્રવેશે દરેક વર્ગના લોકો તેમાં જોડાય તે માટે સ્વર્ણિમ ગુજરાતની વેબસાઈટ દ્વારા ચાલો સંકલ્પ કરીએ આપણું યોગદાન, વિચાર મંથન આ બધા કાર્યક્રમો જ્યારે કરવામાં આવી રહ્યાં છે ત્યારે આ સંદર્ભમાં શાયર મરીઝ સાહેબની એક કાવ્ય પંકિત મારે ટાંકવી છે

**બસ એટલી સમજણ મને પરવરદિગાર**
**દે, સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાનો વિચાર દે**

. આપણો વૈભવ અને વારસો યથાર્થત્ આવતી પેઢી સમક્ષ રહે તે માટે કેટલાક પ્રકાશન કરવાનું પણ આ સરકારે વિચાર્યુ છે. તેમાં ૫૦ વર્ષમાં થયેલી જે જે સિદ્ધિઓ છે તે દરેક વિભાગની એવી ૨૨ સ્વર્ણિમ પ્રકાશનો પણ તેમાં પ્રકાશિત થશે. સંપાદક મંડળ દ્વારા ૫૦ સ્વર્ણિમ પ્રકાશનો પણ થશે. મારે ગૌરવ સાથે કહેવું છે આપણાં માનવંતા સભાગૃહના સભ્ય રહી ચૂક્યા હોય એવા સભ્યોને પણ અમે ભૂલ્યાં નથી અને એટલે એક્સ એમ.એલ.એ.કાઉન્સિલ દ્વારા પાર્લામેન્ટરી સિસ્ટમ અને જાહેર જીવનની સ્મૃતિના પુસ્તકનું પ્રકાશન કરવાનું પણ અમે આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેને દેવ ભાષા ગણીએ છીએ તે સંસ્કૃત. તે સંસ્કૃતને પણ અમે સ્મરણ પટ ઉપર રાખ્યું છે અને તેથી સોમનાથ યુનિવર્સિટી દ્વારા સંસ્કૃતમાં ગુજરાત ગાથાનું પ્રકાશન કરવાનું પણ આયોજન છે. ખૂણે ખાંચરે પડેલી કલાને ન ભૂલવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો અમે કરીએ છીએ અને એટલે ગુજરાતના કાષ્ટ કલા વારસાનું પણ નક્ષ નામનું પુસ્તક સેપ્ટ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવાનું આયોજન અમે કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વે, કચ્છ પ્રદેશે તથા ગુજરાત રાજય દ્વારા ગુજરાત સરકારે જે બતાવ્યું કે ગુજરાતના વિનાશ સામે પણ કેટલી ઝડપ અને કેવી સરસ રીતે ઉભાં થઈ શકાય છે અને આ વાત ભવિષ્યમાં લોકો જાણી શકે તે માટે કચ્છ યુનિવર્સિટી દ્વારા ભૂકંપ પછીનું પુનર્વસન તે અંગેના પુસ્તકનું પ્રકાશન કરવાનું અમે વિચાર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : બે જ મિનિટ મળશે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે સંકળાયેલું બારડોલીનું જે નેશનલ મ્યુઝિયમ છે તેને ૮૫.૭૮ લાખના ખર્ચે આધુનિકરણ કરવાનું પણ આયોજન અમે કર્યુ છે. આ સ્વર્ણિમ વર્ષની માત્ર ઉજવણી ખાતર ઉજવણી નથી કરવી. પણ કલા સંસ્કૃતિની નવી ઉંચાઈઓને એ નિમિત્તે તેને સર કરવી છે. અને જેમ વિકાસમાં સ્વર્ણિમ સિદ્ધિઓ મેળવી છે તે જ સિદ્ધિઓ રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે મેળવી છે અને એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખેલ મહા કુંભનો એક નવો વિચાર રાજય સમક્ષ મૂક્યો છે અને જેની અંદર ગામથી કરીને જિલ્લા કક્ષા સુધીના છ લાખ યુવાનો રમતવીરો તેમાં જોડાવાના

છે. અને એ આયોજન પાછળ ૨૦ કરોડ ૮૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ભવ્ય સંસ્કૃતિની અમરતાને શ્રદ્ધાંજલિ આપતા શાયર ઈકબાલે લખ્યું છે કે,

**"યુનાન મિશ્ર રોમાં, સબ મિટ ગયે જહાંસે, અબ તક લેકિન બાકી હૈ નામો નિશાં હમારા**
**કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી, સદીયો રહા હૈ દોરે, દુશ્મન જહાં હમારા."**

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારા સાથી પક્ષના સન્માનનીય સભ્યોને તેમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લેવા અને આ માનવંતુ ગૃહ સર્વાનુમતે મારા નિર્દોષ વિભાગની માગણીઓ મંજૂર કરે, તેવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મહેસૂલમંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. એક તો જે ખેડૂતને આપણે પોતાની ખેતીની જમીન હોય, એમાં પાણી ન મળતું હોય ત્યારે બાજુમાં બે ગુંઠા જમીન આપતા હતા કૂવો કરવા માટે, જયાં એ નકકી કરે અને ત્યાંથી કૂવો ખોદીને એ પાણી લાવી શકતો હતો. એમાં હમણાથી મહેસૂલ વિભાગ દ્વારા એવો આગ્રહ રાખવામાં આવે છે કે બે ગુંઠા જમીન તો જ મળે, જો તમે ભૂસ્તર શાસ્ત્રીનું પ્રમાણપત્ર લાવો, જેના ૧૦ હજાર રૂપિયા ચાર્જીસ થાય છે. એ કર્યા પછી, ભૂસ્તર શાસ્ત્રીના પ્રમાણપત્ર પ્રમાણે પાણી મળ્યું હોય એવું પણ નથી. કારણ કે ભૂસ્તર શાસ્ત્રી પણ સ્યોર નથી હોતા. તો એ બંધ કરીને ખેડૂતને બે ગુંઠા જમીન આપવા માગે છે કે કેમ? એક અને બીજું કે જેને આપણે ઉદ્યોગ માટે આપણે સરકારે જમીન આપી છે, પણ એ વ્યકિત પાછી અન્યને વેચે પ્રીમીયમ લઈને અને પૈસાઓ કમાય છે, તો એમાં એ રકમ વધારાની જયારે કોકને વેચવી પડે ટૂકડો અને વેચે તો વાંધો નહીં, પણ એ વધારાની વેચે, તો એ તમામ જગ્યાનો જે વધારાનો ભાવ આવ્યો હોય, એ સરકાર જમા લઈ લેવા માગે છે કે કેમ? અને રમતગમત વિભાગના મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે આપના વિભાગમાં કોઈએ લીમ્કા એવોર્ડ સુધી, લીમ્કા બુક ઓફ એવોર્ડસમાં નામ લખાવ્યું હોય તો એવા કર્મચારીને આપણા વિભાગમાં હોય તો એને કોઈ ઈન્ક્રીમેન્ટ આપીને, પ્રમોશન આપીને કે અન્ય રીતે આપ પ્રોત્સાહિત કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો એમનો જે પ્રશ્ન છે, બે ગુંઠા જમીન આપવાનો, એ જયાંથી સર્ટિફિકેટ લાવવાનું છે એમની સાથે બેસીને જોઈ લઈશું, શું થઈ શકે, એમાં. બીજું જે પ્રશ્ન છે એ સાહેબ, એમનું સૂચન છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, એમાં લીમ્કા બૂકની અંદર કયા ક્ષેત્રે અને કયા વિભાગમાં નામ એમણે દર્જ કરાવ્યું છે એ અંગેની જો સ્પષ્ટતાઓ મળી જશે, તો એ અંગેનો જે કંઈ વિચાર કરવાનો હશે, આ રાજય સરકાર કરશે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : મારે આપના દ્વારા એ પૂછવું છે કે અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ અને ભૂકંપના સમયે જે આપણે ૧૫ રૂપિયા કેશડોલ્સ આપીએ છીએ એ કયારથી આપવાનું નકકી થયેલું હતું અને હવે તેમાં વધારો કરવા માગો છો કે નહીં. અને મારો બીજો પ્રશ્ન એ છે કે નાના નાના રાજયો છે, કેરાલા છે, હરિયાણા છે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એક જ પ્રશ્ન. એ તો આવી ગયું છે ચર્ચામાં. પછી બધાના જવાબ નહીં મળે. એક પ્રશ્નનો જવાબ આપી દો. કેશ ડોલ્સમાં વધારો કરવા માગો છો કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના ઉપર વિભાગ વિચાર કરી રહ્યો છે.

**રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૬, ૭૮,૭૯ અને ૯૮ મત પર મૂકવમાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨.૫૯ કલાકે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**તા. ૨૩ મી માર્ચ, ૨૦૧૦**
**ચૈત્ર ૨, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**બીજી બેઠક**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## વલસાડ જિલ્લામાં ટ્રિબ્યુનલ સમક્ષ મળેલ અરજીઓ

***૧૬૩૫૨ શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન એકટ હેઠળ ટ્રિબ્યુનલ સમક્ષ વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માનવતા સાથે સંકળાયેલો છે અને હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે માતાપિતાના ભરણપોષણ બાબતે જે કોઈ જોગવાઈ કરી છે એ હું જાણવા માગું છું. ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન એકટ હેઠળ ગુજરાતમાં ટ્રિબ્યુનલની રચના કયારે કરવામાં આવી, ટ્રિબ્યુનલમાં કેસ ચલાવવાની સત્તા કોને છે, કેટલા સમયમાં કેસનો નિકાલ કરવાની કાયદામાં જોગવાઈ છે અને વધુમાં વધુ કેટલી રકમ ભરણ પોષણ માટે હુકમો થઈ શકે છે.મારો બીજો પ્રશ્ન એ છે કે આ ટ્રિબ્યનલના નિર્ણયથી નારાજ થઈને વરિષ્ઠ નાગરિક મા-બાપે કોને અને કેટલા દિવસમાં અપીલ કરવાની હોય છે અને આમાં વકીલની મદદ લઈ શકાય છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો પહેલો પ્રશ્ન હતો કે આ ટ્રિબ્યુનલની રચના કયારે કરવામાં આવી? તો ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન એકટ હેઠળ ગુજરાતમાં ટ્રિબ્યુનલની રચના તા. ૧૯-૫-૨૦૦૯ ના જાહેરનામાથી કરેલ છે. તેમનો બીજો પ્રશ્ન હતો કે આ ટ્રિબ્યુનલમાં કેસ ચલાવવાની સત્તા કોને આપવામાં આવેલ છે? તો એ જાહેરનામાથી ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ એટલે કે પ્રાંત અધિકારીને આ કેસ ચલાવવાની સત્તા આપવામાં આવેલ છે. ત્રીજો પ્રશ્ન એવો હતો કે કેટલા દિવસમાં આ કેસનો નિકાલ કરવાની કાયદામાં જોગવાઈ છે? તો સામાન્ય રીતે ૯૦ દિવસમાં આ કેસનો નિકાલ કરવામાં આવે છે, પરંતુ જો એના કરતાં વધારે સમય થાય તો વધુમાં વધુ ૩૦ દિવસ માટે એને લંબાવી શકાય છે અને તેમણે કહયું કે કેટલું ભરણ પોષણ આપવાની જોગવાઈ છે? તો વધુમાં વધુ રૂા. ૫૦૦૦ ભરણ પોષણ તરીકે આપી શકાય છે. તેમનો આગળનો પ્રશ્ન હતો કે આ ટ્રિબ્યુનલના નિર્ણયથી નારાજ થઈને કોને અપીલ કરવાની હોય છે? તો એપેલેટ અધિકારી તરીકે ડિસ્ટ્રિક મેજીસ્ટ્રેટ એટલે કે જિલ્લા કલેકટર હોય છે અને તેમણે એટલે કે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રટ કક્ષાના અધિકારી તરફથી જે કોઈ ચુકાદો આપ્યો હોય એની સામે ૬૦ દિવસમાં અપીલ કરવાની હોય છે. તેમનો આગળનો બીજો પ્રશ્ન એવો હતો કે આમાં વકીલની મદદ લઈ શકાય કે કેમ? તો આમાં વકીલની મદદ લઈ શકાતી નથી અને તેમનો બીજો પ્રશ્ન એવો હતો કે કોઈ સિવિલ કોર્ટ આ કાર્યવાહી ઉપર મનાઈ હુકમ આપી શકે કે કેમ? તો આ કાર્યવાહી ઉપર સિવિલ કોર્ટ મનાઈ હુકમ આપી શકતી નથી.

## રાજય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફટ

*** ૧૬૩૬૮ શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા કેટલીવાર ઓવરડ્રાફટ લવામાં આવ્યો, અને

(૨) તે પેટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું?

**નાણામંત્રીશ્રી:**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે છેલ્લા ૩ વર્ષમાં રાજય સરકારે કોઈપણ પ્રકારનો ઓવરડ્રાફટ લીધેલ નથી. તો સૌથી પહેલાં તો આ પ્રકારની શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થા અને ફાઈનાન્સિયલ ડિસિપ્લીન જાળવવા માટે હું માનનીય નાણામંત્રીશ્રીને હ્દયપૂર્વકનાં અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટ ધી સેઈમ ટાઈમ આપશ્રીના માધ્યમથી હું જાણવા માગું છું કે ઓવરડ્રાફટ એટલે શું અને આ ઓવરડ્રાફટ કયારે લેવાની જરૂર પડે છે અને કેટલા સમય માટે લઈ શકાય છે અને બીજો પ્રશ્ન એ છે કે આ ઓવરડ્રાફટ લેવાની જરૂર પડે તો એના માટે વ્યાજનું શું ધોરણ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઓવરડ્રાફટ લેવાની જરૂર એ ત્યારે જ પડે કે રાજય સરકારનું ખાતું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ચાલે છે અને એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં મીનીમમ બેલેન્સ ૨ કરોડ ૮૦ લાખનું રાખવાનું હોય છે, એ ૨ કરોડ ૮૦ લાખમાં જો આપણી મર્યાદા ઘટે તો આપણી જે ગવર્નમેન્ટ સિકયુરિટી હોય, ટ્રેઝરી બિલમાં રોકાણ કર્યુ હોય એ ટ્રેઝરી બિલમા પહેલાં પૈસા એ કાપી લે..અને આપણી ૨ કરોડ ૮૦ લાખની જે કંઈ મર્યાદા છે તે જાળવી રાખીએ અને ટ્રેઝરીના બિલોના પૈસા પણ વાપરી નાખ્યા પછી, જે આપણા જ પૈસા હોય છે તે વાપર્યા પછી આપણી આર્થિક સ્થિતિ પ્રમાણે રિઝર્વ બેંક આપણને બે પ્રકારના વેજ એન્ડ મીન, એક સ્પેશ્યલ વેજ એન્ડ મીન અને બીજું કોમન વેજ એન્ડ મીન્સ આપે છે. અને સ્પેશ્યલ વેજ એન્ડ મીન્સમાં ૬૩૯.૧૦ કરોડ આપે છે. અને તે વાપરી લીધા પછી આપણા વેજ એન્ડ મીન્સ ૬૩૦ કરોડ આપે છે એટલે આ ૬૩૯.૧૦ કરોડ અને ૬૩૦ કરોડ આપણા એ રીતે ૧૨૩૯.૧૦ કરોડ રૂપિયા આપણે જ્યાં સુધી વાપરીએ ત્યાં સુધી ઓવર ડ્રાફટ ન કહેવાય. અને આ ૬૬૯.૧૦ કરોડ વાપર્યા પછી આપણે જે રકમ લઈએ તે રકમ તેને ઓવરડ્રાફટ કહેવામાં આવે છે. અને સામાન્ય રીતે જે સ્પેશ્યલ વેજ એન્ડ મીન્સ છે તેની મર્યાદા ૯૦ દિવસની હોય છે. અને સામાન્ય વેજ એન્ડ મીન્સ છે તેની મર્યાદા પણ ૯૦ દિવસની હોય છે. ત્યારપછી આપણે જે ઓવરડ્રાફટ લીધા હોય તે ઓવરડ્રાફટની મર્યાદા વધુમાં વધુ ૧૨ દિવસની હોય છે. અને ૧૨ દિવસની અંદર આપણે ભરપાઈ કરી દેવી પડે. અને જો ભરપાઈ ન કરીએ તો રીઝર્વ બેંકમાં આપણા જેટલા બિલ જાય ટ્રેઝરીમાં તે બધા બિલનું પેમેન્ટ તે બંધ કરી દે છે. બીજો પ્રશ્ન એમણે પૂછયો વ્યાજ કેટલું લેવામાં આવે છે? તો તેના ઉપર ખાસ સાધનોપાય પેશગી હોય તો તેના માટે ૪ ટકા વ્યાજ લેવાય છે. એટલે બેંક રેપો રેટ હોય તેના કરતા એક ટકા ઓછું, સ્પેશ્યલ વેજ એન્ડ મીન્સમાં અને વેજ એન્ડ મીન્સમાં બેંકના રેપો રેટ જેટલું એટલે પાંચ ટકા લેવામાં આવે છે. અને ઓવરડ્રાફટ લઈએ તો રેપો રેટ કરતા બે ટકા વધારે એટલે ૭ ટકા વ્યાજ લેવાય છે. અને આ ઓવરડ્રાફટ સાધનોપાય પેશગીની મર્યાદા હોય તેના કરતાં વધારે ઓવરડ્રાફટ લઈએ તો તેના માટે ૧૦ ટકા વ્યાજ લેવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : રાજય સરકાર ટૂંકા ગાળાનો ઓવરડ્રાફટ લેતી નથી પણ લાંબા ગાળાનું દેવું કરે છે. કારણ કે આવકના સ્ત્રોત તો ઊભા કરવા જ પડે. એટલે રાજય સરકારે છેલ્લા ૩ વર્ષમાં દેવા પેટે કેટલી અને વ્યાજ પેટે કેટલી મુદલ ચૂકવવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ દેવાનો સવાલ છે, વ્યાજનો નથી. અને દેવું લઈએ છીએ તે કેન્દ્ર સરકારની અને આયોજન પંચની મંજૂરીથી આપણે લઈએ છીએ. રાજય સરકારે ઈચ્છે તે પ્રમાણે લેતી નથી. અને રાજયની આર્થિક પરિસ્થિતિ જોઈ અને પછી જ કેન્દ્ર સરકાર મંજૂરી આપે છે. એટલે કોઈ અમારી ઈચ્છા પ્રમાણે થાય કે ૨૦૦ કરોડનું દેવું કરવું છે તો અમને આપી દો અથવા બોન્ડ બહાર પાડયા તો એ રીતે ન થાય, માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડે અને આ દેવાને અને ઓવરડ્રાફટને કંઈ લેવા દેવા નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : સરકાર દ્વારા ઓવરડ્રાફટ લેવામાં આવતો નથી તો ખૂબ સારી વાત છે. પણ ભવિષ્યની જવાબદારી પરી પૂર્ણ કરવા માટે કોઈ સીંકીંગ ફંડની રચના કરવામાં આવી છે કે કેમ અને આવી જોગવાઈ ભૂતકાળમાં હતી કે કેમ અને ભવિષ્યમાં જવાબદારી ઉભી કરવા માટે આપણે અત્યારથી જ સીંકીંગ ફંડનું પ્રોવિઝન કરવાની શરૂઆત કરવામાં આવશે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : દેવા માટે થઈને રિઝર્વ બેંકના નિયમો છે તે પ્રમાણે સીંકીંગ ફંડ છે તે આપણે એકત્ર કરવાનું હોય છે. અને ગેરંટી આપીએ તે માટે ગેરંટી રીડપ્શન ફંડ પણ આપણે એકત્ર કરવાનું હોય છે. આ પ્રમાણે સીંકીંગ ફંડમાં આપણે રીઝર્વ બેંકમાં જે ૫૦૦૦ કરોડ છે અને ગેરંટી ફંડમાં ૩ હજાર કરોડ છે એટલે કોઈ પણ જાતની ગેરંટી કે કરજ ચુકવવામાં ત્રુટી થાય તો પાંચ હજાર કરોડ પડયા છે એમાંથી કાપી લે અને ગેરંટીમાંથી આપણે ચુકવવામાં ક્ષતિ કરીએ તો ગેરંટી ફંડમાંથી પૈસા લઈ લે અને દર વર્ષે આ બન્ને ફંડમાં વધારો થતો જાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રીએ સીંકીંગ ફંડ ઉભુ કર્યુ છે અને દેવું તો કેન્દ્ર સરકારની મંજૂરીથી જ લઈએ છીએ અને અમે કરીએ છીએ એ બરાબર કરીએ છીએ. એ સંદર્ભમાં મારે એટલું જ જાણવું છે કે બંધારણીય તટસ્થ ઑડિટ કરતી સંસ્થા કેગ દ્વારા આપણી ટીકા કરવામાં આવી છે, દેવું ખૂબ વધી રહ્યું છે એના કારણે ભવિષ્યના દિવસોમાં ગુજરાતના અર્થતંત્ર ઉપર વિપરીત અસર પડશે. આપે બધી દલીલો કેગને કરવાની હોય છે. રાજય સરકારના ખુલાસાનો જવાબ લીધા પછી જ્યારે બંધારણીય તટસ્થ સંસ્થાએ ટીકા કરી છે ત્યારે એના સંદર્ભમાં આપણી દેવા કરવાની નીતિ છે એમાં ફેરફાર કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : કેગનો રિપૉર્ટ જે કંઈ હોય તે પરંતુ કેન્દ્ર સરકાર એમ કહે છે કે તમે ત્રણ ટકા નહિ ચાર ટકા દેવું કરો. દેવું વધારવા માટેની પરવાનગી આપે છે જેની પાછા ભરવાની કેપેસિટી હોય એને પરવાનગી આપે છે. ગુજરાત સરકારની આર્થિક પરિસ્થિતિ સારી છે જેના લીધા આપણે ૨૦૦૩-૦૪ થી ઓવર ડ્રાફટ લીધો નથી. ૨૦૦૪-૦૫ બાદ સાધનોપાય પેશગી ૬૩૦ કરોડ અને ૬૩૯ કરોડ એમાંથી પણ એક રૂપિયો વાપર્યો નથી. આ રાજય સરકાર પાસે પોતાનું ભંડોળ એટલું છે કે આપણી સાધનોપાય પેશગી કે ઓ.ડી. નો ઉપયોગ કરવો પડ્યો નથી.

**જામગનર જિલ્લામાં યોજેલ ઔદ્યોગિક ભરતી મેળા**

***૧૫૨૦૧ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા,

(૨) આ ભરતી મેળામાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી આપી, અને

(૩) આવા ભરતી મેળાઓ વધુ યોજાય તે માટેનું શું આયોજન કરેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૭૮.

(૨) ૩૩૬

(૩) રોજગારી અંગેની ખાલી જગ્યાઓની વધુ માહિતી એકત્રિત કરીને તથા સ્થાનિક ઉદ્યોગો સાથે સંકલન કરીને વધુ ભરતી મેળાઓ યોજવાનું આયોજન છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવેલ છે કે ૭૮ ભરતી મેળા યોજ્યા અને એમાં ૩૩૬ જેટલા બેરોજગારોને રોજગારી આપી. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં આજની તારીખે કુલ કેટલા બેરોજગારો નોંધાયેલા છે? બીજું આ ૩૩૬ બેરોજગારોને રોજગારી આપી એમાંથી કાયમી રોજગારી મળી હોય તેવા કેટલા છે અને ત્રીજું સ્થાનિક લોકોને ઉદ્યોગકારો રોજગારી આપતા નથી તેવા ઉદ્યોગો તથા આ કામગીરીમાં નિષ્ફળ ગયેલા અધિકારીઓ સામે શાં પગલાં લેવા માગે છે?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં ફક્ત ઔદ્યોગિક ભરતી મેળા માટેની વાત છે. ટોટલ કેટલા બેરોજગારો છે એના માટે બીજો સવાલ પૂછવો પડે. કુલ ૭૮ ઔદ્યોગિક મેળા કર્યા એમાં ૨૦૦૮ માં ૩૯ ભરતી મેળા કર્યા જ્યારે ૨૦૦૯ના વર્ષમાં ૩૯ ભરતી મેળા કર્યા એમાં પહેલા વરસે ૨૧૩ બેરોજગારોને રોજગારી મળી યારે બીજા વરસે ૧૨૩ બેરોજગારોને રોજગારી આપી. એમાં નોકરી દાતા પહેલા વર્ષમાં ૪૪ કારખાનેદારો હતા અને બીજા વરસે ૪૭ કારખાનેદારો હતા. આ પ્રમાણે ૯૧ નોકરીદાતા હતા અને ૩૩૬ લોકોને રોજગારી આપવામાં આવી છે. સામાન્ય રીતે જે પ્રોત્સાહક ઉદ્યોગો છે એમાં ભંગ થતો નથી. રાજય સરકારના જેટલા ઉદ્યોગો છે એમાં ૬૦ ટકા અને ૮૫ ટકા મર્યાદા છે એ મોટે ભાગે જળવાય જ છે. જ્યારે કેન્દ્ર સરકાર હસ્તકના ઉદ્યોગો છે એમાં મર્યાદા જળવાતી નથી. અમે કેન્દ્ર સરકારને વારંવાર આ અંગે કહીએ છીએ કે તમે નિયમ છે એને અનુસરો પણ એ એવો જવાબ આપે છે કે અમારે આખા હિન્દુસ્તાનમાંથી નિમણૂક આપવાની હોય એટલે અમે આનો અમલ કરી શકતા નથી. તેમ છતાં એમાં ૬૦ ટકા અને ૭૦ ટકા જળવાઈ રહે છે. આ ભરતી મેળા દ્વારા ઘણા બધા બેરોજગારોને રોજગારી મળે છે અને આ પ્રક્રિયા કાયમ માટે ચાલુ રહે છે.

**અમદાવાદ જિલ્લામાં સીધી ધિરાણ યોજનાની મળેલ ફરિયાદો**

***૧૬૦૫૮ શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સીધી ધિરાણ યોજના હેઠળ રાજયમાં અલ્પસંખ્યકોને આપવામાં આવતી લોનની રીકવરી માટે રીકવરી એજન્ટ કે રીકવરી સહાયકો નીમવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેર અને જિલ્લામાં નીમવામાં આવેલ રીકવરી એજન્ટ કે રીકવરી સહાયકોએ લાભાર્થીઓ પાસેથી રીકવરીની જે રકમ જે તે એજન્સી કે સરકારમાં યોગ્ય સદરે જમા કરાવી નથી તેવી ફરિયાદો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી મળી, અને

(૩) મળેલ ફરિયાદ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) કોઈ ફરિયાદ મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરનો પ્રશ્ન પૂછ્યો હતો એમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે આવી કોઈ ફરિયાદ મળેલ નથી. મારી પાસે ફરિયાદ આવી છે જે એજન્ટો છે એ રીકવરી કરી ગયા પરંતુ ખાતામાં જમા કરાવ્યા નથી એટલા માટે મેં આ પ્રશ્ન પૂછ્યો હતો. માનનીય મંત્રીશ્રી ના પાડે છે પરંતુ કોઈ વચેટીયો તો ઉઘરાણી કરી ગયો નથી ને, તો આની યોગ્ય તપાસ કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જે કંઈ વિગત મળશે એની તપાસ કરાવવામાં આવશે. મેં મારા વિભાગ દ્વારા આની તપાસ કરાવી તો અમદાવાદ ખાતે આવી કોઈ ફરિયાદ મળી નથી. માનનીય સભ્યશ્રી પાસે કોઈ નામ કે કોઈપણ વસ્તુ મને આપશે તો હું ચોક્કસપણે આની તપાસ કરાવીને જે કંઈ પગલાં લેવા જેવા હશે એ પગલાં લઈશ.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રીકવરી એજન્ટ દ્વારા વસૂલ કરેલ રકમ કેટલા દિવસમાં બેંકના ખાતામાં ભરવામાં આવે છે, જમા કરવામાં આવે છે અને જો રકમ મોડી જમા કરે તો કોઈ દંડ વસૂલ કરવામાં આવે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રીકવરી એજન્ટ છે એ જે ખાતેદાર પાસેથી પૈસા લે અને તેને પાવતી આપતા હોય છે. સામાન્યતઃ આઠથી દસ દિવસમાં આ માટેનું આપણું જે બેંક ખાતુ હોય છે તેમાં જમા કરાવવાના હોય છે. જો તેમાં એ મોડા જમા કરાવે તો તેનું દંડનીય ૧૮ ટકા વ્યાજ આપણે વસૂલ કરતા હોઈએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે જે રીકવરી એજન્ટ છે, આપણે નક્કી કરીને તેને જવાબદારી સોંપી હતી કે તમારે રીકવરી કરવાની. રીકવરી એજન્ટ પહોંચ આપે છે. જેના પૈસા જેણે ભરવાના છે એ પૈસા ભરે છે. એની પાસે રીસીપ્ટ છે. રીકવરી એજન્ટે જમા નથી કર્યા આવા સંજોગોમાં જેણે પૈસા ભરવાના હતા એણે તો આપણાં એજન્ટને આપ્યા છે એટલે એને જવાબદારીમાંથી મુક્ત કરી, એજન્ટ નિયુક્ત કર્યો તેની સામે ક્રિમીનલ કમ્પ્લેઈન અને સિવિલ રીકવરી માટેના સ્ટેપ લઈએ પણ જેણે પૈસા આપણાં એજન્ટને, આપણાં નક્કી કરેલા એજન્ટને પૈસા આપ્યા હોય તેને એમાંથી મુક્ત કરવા માગીએ છીએ કે કેમ? એટલા માટે કહું છું, પ્રશ્ન અમદાવાદનો છે. પણ ભાવનગરના મેં એકેએકની પહોંચો સાથે લેખિત ડીટેઈલ મોકલાવ્યું છે કે આટલા લોકોના પૈસા જમા થયા છે. એની પાસે રીસીપ્ટ છે. આપના ચોપડે જમા આવ્યા નથી, રીકવરી એજન્ટનું નામ, રીકવરી એજન્ટે આપેલી પહોંચ છે તો એવા સંજોગોમાં આખા ગુજરાતમાં જેણે ભર્યા છે આપણાં એજન્ટને, એને એમાંથી મુકિત મળે અને રીકવરી એજન્ટ ઉપર ક્રિમીનલ કેસ અને રીકવરી થાય આવી પરિસ્થિતિ કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હા,જી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ સીધી ધિરાણ યોજનામાં કેટલું ધિરાણ કરવામાં આવ્યું? કેટલી વસૂલાત થઈ અને કેટલી રકમ બાકી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧-૧૨ની પરિસ્થિતિએ જે મુદતી ધિરાણ કરવામાં આવ્યું એ ૬.૫૬ કરોડ છે અને તેમાંથી વસૂલાત ૨.૭ કરોડની થઈ છે. ૩.૮૬ કરોડની વસૂલાત બાકી છે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકારે લઘુમતી કલ્યાણ અર્થે કેટલી યોજનાઓ બનાવી અને તેમાં કેટલી ગ્રાન્ટ ફાળવી? બીજું, કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને છેલ્લા ત્રણ વર્ષમાં લઘુમતીઓના કલ્યાણ અર્થે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? આ આપવામાં આવતી ગ્રાન્ટના ધારા-ધોરણો શું છે? મળેલ ગ્રાન્ટની કેટલી રકમ આપવામાં આવી અને કેટલી રકમ બાકી છે?

**અધ્યક્ષશ્રી** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત નહીં થાય.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સીધી ધિરાણ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં અલ્પસંખ્યકો માટેના કેટલા લાભાર્થીઓને આ લોન આપવામાં આવી હતી?

**અધ્યક્ષશ્રી** : કેટલા લાભાર્થીઓને લાભ આપ્યો. વિગત હોય તો આપો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : મારી પાસે વિગત નથી, જો અલગ નોટિસ આપશે તો ચોક્કસ આપીશ.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષમાં અલ્પસંખ્યક નિગમને રાજય સરકાર તરફથી કેટલું ફંડ પૂરું પાડવામાં આવ્યું છે? રીકવરી એજન્ટ સામે કોઈ ફરિયાદ થઈ નથી. તેમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. તો તેનો મતલબ કે લાભાર્થીની રીકવરી ૧૦૦ ટકા છે અને ગુજરાતના ૫૦ લાખ લઘુમતીઓને વધારેમાં વધારે ફંડ પૂરું પાડવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બીજો પ્રશ્ન ફરી પૂછો. પહેલો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : રીકવરી એજન્ટ સામે કોઈ ફરિયાદ થયેલ નથી એમ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. તેનો મતલબ એ થયો કે ૧૦૦ ટકા રીકવરી છે.

**અધ્યક્ષશ્રી** : ફરિયાદ થઈ નથી તેનો મતલબ એ કરે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ફરિયાદ છે એવી ફરિયાદ, જે પ્રશ્ન પૂછયો છે. રીકવરી એજન્ટે લાભાર્થી પાસેથી પૈસા લીધા હોય અને જમા ન કરાવ્યા હોય એટલા માટે કહ્યું હતું કે અમદાવાદ ખાતે, જો એમનો જવાબ અમદાવાદ જિલ્લા માટેનો હતો. એટલા માટે એમાં મેં ના પાડી છે. આપના નેતા અને વિરોધપક્ષના નેતા શકિતસિંહજીએ કહ્યું, મેં એમાં હા,જી કહ્યું છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે સીધી ધિરાણ યોજના અંતર્ગત લઘુત્તમ ધિરાણ કેટલું આપવામાં આવે છે અને મહત્તમ ધિરાણ કેટલું આપવામાં આવે છે? મારો પ્રશ્ન એ છે કે સીધી ધિરાણ યોજનામાં દા.ત. ૫૦ હજારથી અઢી લાખ.દા.ત.૫૦,૦૦૦/-થી ૨.૫ લાખમાં કેટલું લઘુત્તમ છે અને કેટલું મહત્તમ છે? એમાં લોન કેટલી છે અને સબસિડી કેટલી છે?

**અધ્યક્ષશ્રી** : લોનની યોજનાની વિગતો નથી.

## સ્વર્ણિમ સોરઠ વિકાસ માટે ફાળવેલ રકમ

***૧૨૫૧૧ શ્રી જવાહરભાઈ પે. ચાવડા (માણાવદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષના બજેટમાં રૂ.૬૦૦/- કરોડ સ્વર્ણિમ સોરઠ વિકાસ યોજના માટે ફાળવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨ા જો હા, તો તેમાં કયા વિભાગને કેટલી રકમ ફાળવેલ છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) પત્રક (૧) મુજબ રૂ.૬૫૩.૧૦ કરોડ

**પત્રક- ૧**

**સ્વર્ણિમ સોરઠ વિકાસ યોજના**

**વિભાગવાર ફાળવણી દર્શાવતું પત્રક**

| ક્રમ | વિભાગનું નામ | જોગવાઇ (રૂ. ક્રોડમાં) |
|---|---|---|
| ૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન) | ૧૨.૦૧ |
| ૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૧૩.૬૦ |
| ૩ | કૃષિ અને સહકાર વિભાગ (કૃષિ) | ૧.૫૫ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (આરોગ્ય) | ૪.૨૫ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (સિંચાઇ) | ૪૨.૯૬ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (પાણી પુરવઠા) | ૨૨૧.૬૧ |
| ૭ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (શહેરી વિકાસ) | ૬.૨૫ |
| ૮ | શિક્ષણ વિભાગ | ૧૫.૯૯ |
| ૯ | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ૦.૩૭ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ (ગ્રામ વિકાસ) | ૨૫.૯૨ |
| ૧૧ | વન અને પર્યાવરણ વિભાગ | ૮.૫૯ |
| | **કુલ :** | **૬૫૩.૧૦** |

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો રૂટિંગ મળવાપાત્ર પૈસા હતા. જો આ ખાસ રૂપિયાની યોજના હોય તો બજેટમાં નવી સેવા તરીકે ઉલ્લેખ થવો જોઈએ, નવી સેવાની ડીટેઈલ હોવી જોઈએ એ કેમ નથી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે નવી યોજના માટેની નથી. સોરઠના વિકાસ માટે થઈને વાત કરી હતી. એ બધા માટે ફાળવેલા છે અને એમાં સાથેના પરિશિષ્ટમાં એકથી અગિયાર આઇટમ આપેલ પણ છે. પહેલી આઈટમ છે, ઉદ્યોગ અને ખાણ વિભાગમાં રૂ.૧૨.૦૧ કરોડ વાપરવાના છે. એટલા જ માટે થઈને આ બધા પ્રશ્નના જવાબમાં મેં લખેલું છે. આટલી આટલી આઇટમો માટે થઈને આટલા રૂપિયા ફાળવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીના બજેટ પ્રવચનમાં એ પ્રકારે ઉલ્લેખ હતો કે, સોરઠ માટે રૂ.૬૦૦/-કરોડના અલગ પૅકેજ આપવાની જાહેરાત હતી. જ્યારે આપણે નવું પૅકેજ

આપીએ ત્યારે એ નવી સેવા તરીકે જાય. માનનીય જવાહરભાઈએ અભ્યાસ કર્યો, એમણે અને અમે વ્હાઇટ પેપર બૂક લઈને શોધી લીધું કે જો નવી સેવા હોય તો નવી સેવા તરીકે રીફલેકટ થાય. આખા બજેટમાં એકપણ પાના ઉપર નવી સેવા તરીકે આ જાહેર નથી થયું. બજેટના એક ભાગ તરીકે દરેક જિલ્લામાં દરેક વિસ્તારને મળતી આવતી ગ્રાન્ટ પૈકીની આ ગ્રાન્ટ છે. તો આપે સ્પષ્ટતા કરવી પડે કે, અમે સોરઠની વાત કરી હતી પણ એ અમારા બજેટમાં થઈને આ સોરઠની વાત હતી. આ નવી સેવા નથી. આપ સમજી શકો છો. નવી સેવા હોય તો નવી સેવાનું ડિસ્ક્રીપ્શન અલગ આપવું પડે. વ્હાઇટ પેપર બૂકમાં અલગ રીતે રીફલેકટ થવું પડે. પાછલા ત્રણ વર્ષના બજેટમાં એકપણ રૂપિયો ન ફાળવાયો હોય તો એ નવી સેવા કહેવાય. ત્રણ વર્ષ પછી ચોથું વર્ષ હોય તો ન્યુ સર્વીસ કહેવાય. આ નવી સેવા નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બજૅટ બૂક છે અને બૂકના પ્રશ્નની અંદર કહ્યું છે કે, રૂ.૬૦૦/- કરોડની વિવિધ વિભાગો હેઠળ થયેલ જોગવાઈઓ અન્વયે સુઆયોજીત વિકાસ માટેની કાર્યવાહી કરવામાં આવશે. એટલા માટે થઈને આ વિવિધ વિભાગો હેઠળ સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ માટે અમલમાં મૂકવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે અને આ માટે પ્રવાસન વિભાગ અને અન્ય વિભાગોના સહકારથી આ પ્રવચનમાં વાંચ્યું છે અને છતાંય આપ બન્ને મિત્રોએ બે કલાક સુધી બેસી સંશોધન કર્યું. પણ જો મને પૂછ્યું હોત તો હું એક મિનિટમાં કહી દેત. (અંતરાય) આપે કહ્યું એટલે કહું છું. અમે બે મિત્રોએ બેસીને આ સંશોધન કર્યું. તમારા સંશોધન બદલ અભિનંદન. અને તમારા સંશોધન સામે મેં આ જે કાંઈ કહ્યું હતું એનો જવાબ છે. આપે કહ્યું કે અમે બે જણ મિત્રોએ બેસીને દોઢ કલાક સંશોધન કર્યું. ભાઈ, જે વસ્તુ એક મિનિટમાં સમજાય જાય એ ઘણીવાર ઘણાને વર્ષો સુધી નથી સમજાતી એમાં મારો વાંક નથી.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સોરઠને કેટલા પૈસા ફાળવ્યા એ પ્રશ્ન છે અને કૉન્ગ્રેસના મિત્રો અને ધારાસભ્યો વારંવાર મિટિંગોમાં કહેતા હોય છે કે, જુનાગઢને કશું આપવામાં આવ્યું નથી. આ એમના પ્રશ્નના જવાબમાં રૂ.૬૦૦/- કરોડની સામે રૂ.૬૫૩/- કરોડ ફાળવવામાં આવ્યા છે ત્યારે સોરઠવતી માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન એ છે કે, આ કામો કેટલા શરૂ થયા છે અને બીજા કામો ક્યારે શરૂ કરવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિભાગની અંદર કન્ટીન્યૂ પ્રોસેસ છે. છતાંય એકથી અગિયાર કામો છે એમાં ઉદ્યોગ અને ખાણ વિભાગમાં રૂ.૧૨.૦૧ કરોડ હતા એ ફાળવી દીધા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં રૂ.૪.૨૫ કરોડ એમાંથી ૪.૧૮ કરોડનો ઑલ રેડી ખર્ચ થઈ ગયો છે. આ જાન્યુઆરી સુધીના આંકડા છે. નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની અંદર સિંચાઇ વિભાગમાં રૂ.૪૨.૯૬ કરોડ ફાળવ્યા હતા એમાંથી રૂ.૪૨.૯૫ કરોડ, એટલે એક લાખ રૂપિયા બાકી છે અને ફેબ્રુઆરી સુધાના આંકડા છે. એ જ રીતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં જુનાગઢ કોરપોરેશનને ૬.૨૫ કરોડ આપવાના હતા એ પણ આપી દીધા છે અને બાકીના માર્ગ અને મકાન વિભાગના કામો છે એ બધા ચાલું છે. એ સિવાય નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના કામો છે એની અંદર લગભગ ૭૫ ટકા કામો થઈ ગયા છે અને બાકીના કામો ચાલું છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં ૨૫.૯૨ કરોડ હતા એમાંથી ૧૬.૨૨ કરોડનો ખર્ચ થઈ ગયો છે. ફેબ્રુઆરી સુધીના આંકડા છે. માર્ચ સુધીમાં બીજો ખર્ચ પડશે. આ રીતે આ બધા વિભાગોની કન્ટીન્યુઅસ પ્રોસેસ છે. જેટલા ફાળવ્યા છે એટલા હું કહીશ કે આગલા વર્ષ માટે કેરી ફૉરવર્ડ થશે. આ જે કાંઈ કામો કહ્યા છે એ બધા કામો કરીને રહીશું એવી આ હાઉસને વિશ્વાસ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીનું પોતાના ગઈ વખતનું બજૅટ છે એમાં દોઢ પેઈજ સ્વર્ણિમ સોરઠ વિકાસ યોજના ઉપર આવેલ છે અને આ યોજના ઉપર જે જુનાગઢ કોરપોરેશનની ચૂંટણી લડાઈ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ત્યાં અભિનંદન અપાયા હતા. હું તો માત્ર માહિતી આપું છું. ત્યાં આપે ન રોક્યા. (અંતરાય) હું પ્રશ્ન ઉપર આવું છું કે આ જે ૧૧ આઈટમો માનનીય મંત્રીશ્રીએ બતાવી એમાં આખા સોરઠના જે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ છે એમાં ૬.૨૫ કરોડ રૂપિયા બતાવેલ છે. એમાં જુનાગઢ કોરપોરેશન અને બાકીના આખા જિલ્લાની લગભગ ૧૨ જેટલી નગરપાલિકાઓ પણ આવે છે. આપ ૬૦૦ કરોડના નામે કોરપોરેશનની ચૂંટણી લડ્યા હતા અને અહીંયા ૬.૨૫ કરોડ છે. તો ૬.૨૫ કરોડમાંથી જુનાગઢ કોરપોરેશનમાં કેટલો ખર્ચ થયો અને બીજી વાત એ છે કે આપ જે ચૂંટણી લડ્યા હતા ૬૦૦ કરોડની એ પૈકી કોઈ નવી જાહેરાત આપ અત્યારના તબક્કે કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : ચૂંટણી લડાઈ ગઈ, એ દિવસો જતા રહ્યા, એની જાહેરાત અહીં ન થાય. અમે એ માંહ્યલા નથી કે કામ થઈ ગયા પછી જાહેરાતો કરીએ. જાહેરાત કરી તે દિવસે સંપૂર્ણ વાત કરી હતી કે આ સોરઠ વિકાસ યોજના છે. આ જુનાગઢની નથી. બહુ હરખાવ નહીં, તમે જીત્યા છો એ અમારા દત્તક લીધા એ બધા જીત્યા છે. એમાં તમારું કોઈ જીત્યું નથી. એ અદલાબદલી વાળા છે. અહીંથી અદલ-બદલ કરી ત્યાં જાય છે એ જ હાઉસમાં બોલે છે. કોઈ રીતે આ પોલિટિકલ વાત નથી. અમે જુનાગઢની કોઈ ચૂંટણીમાં અમારી એક પત્રિકામાં

નથી કહ્યું કે અમે જુનાગઢ શહેર માટે ૬૦૦ કરોડ વાપરવાના છીએ. ચૂંટણી જીતવા માટે કોઈ ખોટા વચનો આપ્યા નથી અને આપવાના નથી. અમે કોંગ્રેસ પાસેથી એવું શીખ્યા નથી એ અમારો સદ્‌ગુણ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૬.૨૫ કરોડમાંથી જુનાગઢ કોરપોરેશનમાં એક વર્ષમાં તમે ૬૦૦ કરોડની જગ્યાએ ૬.૨૫ કરોડ જુનાગઢની નગરપાલિકાઓ માટે આપ્યા એમાંથી જુનાગઢ કોરપોરેશન માટે કેટલા આપ્યા એ કહો તો સાચી વાતની ખબર પડે.

**શ્રી વજુભાઈ વાળા** : માર્ચ ૨૦૧૦ના રોજ જુનાગઢ કોરપોરેશનને એ રીતે આપ્યા છે. બીજી નગરપાલિકાઓ માટે ચેક આપ્યો છે. તમારા મિત્રોને ફોન કરીને પૂછી જુઓ કે ૫-૩-૨૦૧૦ના રોજનો ચેક આપ્યો છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન સ્પેફિફિક છે કે ૬.૨૫ કરોડમાંથી ખર્ચ કેટલો થયો. એમણે ચેક આપ્યો છે. ૬.૨૫ કરોડ રૂપિયા જુનાગઢ મ્યુનિસિપલ કોરપોરેશનને આપ્યા છે. ખર્ચ કેટલો થયો એ મ્યુનિસિપલ કોરપોરેશન પાસે હોય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) શહેરી વિકાસ વિભાગની ૬.૨૫ કરોડની ફાળવણી છે એમાંથી જુનાગઢ શહેરની કેટલી અને ખર્ચ કેટલો છે આટલો જ પ્રશ્ન છે.

**શ્રી વજુભાઈ વાળા** : સાહેબ સોરઠમાં જ આવેને જુનાગઢને આપીએ તો.(અંતરાય) આ જુનાગઢ કોરપોરેશન માટે જ આપ્યા છે. આ ફરીથી હું ના હોઉં તો ઓલા ઉપરવાળાને તો સાચા માનો. (અંતરાય)

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં ગાંધીજીના ફોટા નીચે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પૂર્વભૂમિકામાં ના જાવ.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : ગાંધીજીના ફોટા નીચે ગાંધીજીની ભૂમિ એટલે કે સોરઠ માટે તમે અમને એક * (xxxxx) એવી લાગણી ઊભી થઈ. મને જ્યાં સુધી સંતોષકારક જવાબ નહિ મળે ત્યાં સુધી ગાંધીજીના વિચારોને અનુસરીને હું મારા સ્થાન ઉપર પ્રશ્નોત્તરી દરમ્યાન ઊભો રહીશ.

**અધ્યક્ષશ્રી** : કે આખા સત્ર દરમ્યાન.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : પ્રશ્નોત્તરી દરમ્યાન. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : કાં, મને સંતોષકારક જવાબ આપે. અમને છેતર્યા છે કે નહિ એવી લાગણી અમને છે સાહેબ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક ૬. (અંતરાય) એમણે તો ઊભા રહેવાની જાહેરાત કરી. એમનો કોઈ પ્રશ્ન નથી. (અંતરાય)

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : હું મારા પ્રશ્નનો જવાબ ના મળે ત્યાં સુધી ઊભો રહીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન હોય તો એલાઉ કરું. પ્રશ્ન હોય તો કહો. (અંતરાય) શું પ્રશ્ન છે આપનો.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહ્યું કે ગાંધીનગરમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમ નહિ, શું પ્રશ્ન છે આપનો.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : પ્રશ્નમાં જ આવે છે. ગાંધીજીના ફોટા નીચે બેસીને અમને ગાંધીની ભૂમિ એટલે કે સોરઠ ભૂમિ માટે * (xxxxx)

**અધ્યક્ષશ્રી** : હું એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : નહિ સર, જ્યાં સુધી મને વાજબી ખુલાસો ના મળે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક : ૬. હું એ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : હું ત્યાં સુધી ઊભો રહીશ. સંતોષ નહિ થાય ત્યાં સુધી.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ. પ્રશ્ન ક્રમાંક : ૬. ઉદેસિંહભાઈ.

### સાબરકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ

***૧૬૩૨૭ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સંત સુરદાસ યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) લાભાર્થીઓને કયાં સુધી સહાય ચૂકવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** :

(૧) ૧,૭૧૮.

(૨) ફેબ્રુઆરી-૨૦૧૦ સુધી.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલ** : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજનામાં સાબરકાંઠા જિલ્લામાં ૧૭૧૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો તેમાં બાયડ તાલુકામાં કેટલા લાભાર્થીઓને લાભ અપાયો અને ૨૦૦૯ના વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં સંત સુરદાસ યોજના નીચે કેટલી અરજીઓ આવી, તેમાં કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ અને કેટલી પડતર છે? પડતર હોય તો પડતર હોવાના કારણો જણાવવા મંત્રી મહોદયશ્રીને મારી વિનંતી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજનાનો સાબરકાંઠાનો પ્રશ્ન હતો અને એમણે પૂછ્યું કે બાયડ તાલુકાના કેટલા તો બાયડ તાલુકાના કુલ લાભાર્થી તા.૩૧-૧૨-૨૦૦૯ નાં રોજ ૧૨૩. બીજો એમનો પ્રશ્ન હતો કે કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ તો ટોટલ ૨૫૦ અરજી જિલ્લામાંથી આવી એમાંથી ૨૦૬ એ મંજૂર થઈ, ૪૪ નામંજૂર થઈ અને પડતર એક પણ ના હોવાથી પડતર રહેવાના કારણોનો કોઈ પ્રશ્ન નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ યોજનામાં જે ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે એમાં ૮૦ ટકા વિકલાંગતા હોય અને બી.પી..એલ.માં ના આવતો હોય તો એમને તમે આ સંત સુરદાસ યોજનામાં લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ યોજના છે એ બે ભાગમાં છે. ૦ થી ૧૭ ઉંમર અને ૧૮ થી ૬૪. રાજ્ય સરકાર બંનેમાં ૨૦૦-૨૦૦ રૂપિયા આપે છે. એટલે રાજ્ય સરકાર તો એમાં પૂરેપૂરી રકમ તો આપે જ છે. એમનો જે પ્રશ્ન છે કે વિકલાંગતા ૮૦ ટકા અને બી.પી.એલ.નો આ નોર્મ્સ એ કેન્દ્ર સરકારે જ્યારે ૨૦૦ રૂપિયા કર્યાને આપવાના એટલે કેન્દ્ર સરકારે આ નોર્મ્સ દાખલ કર્યા છે બી.પી.એલ.ના અને ૮૦ ટકા વિકલાંગતાના.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૭૧૮ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે આ યોજના હેઠળ તો, હિંમતનગર તાલુકામાં કુલ કેટલી અરજીઓ આવી, કેટલી નામંજૂર, કેટલી પડતર અને કુલ સહાય હિંમતનગર તાલુકામાં કેટલી ચૂકવવામાં આવી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હિંમતનગર તાલુકામાં ૪૧ કુલ અરજીઓ આવી, ૩૪ એમાંથી મંજૂર થઈ અને ૭ નામંજૂર થઈ, અગાઉની જે અરજીઓ હતી એની સાથે કુલ ૩૧-૧૨ના રોજ ૩૦૧ લાભાર્થીઓ હિંમતનગર તાલુકાના લાભ લે છે અને એમને ૧૧,૭૩,૫૯૦/- રૂપિયાનું પેન્શન ચૂકવવામાં આવે છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં ૧૭૧૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે તેમાં કુલ કેટલું પેન્શન ચૂકવાયું છે અને એક લાભાર્થી દીઠ કેટલું પેન્શન ચૂકવવામાં આવ્યું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જવાબ આપ્યો છે આમ છતાં હું રિપિટ કરું કે, ૦ થી ૧૭ની ઉંમરના જે કોઈ લાભાર્થી હોય એને રૂપિયા ૨૦૦/- એ સંપૂર્ણતઃ રાજ્ય સરકારના છે અને ૧૮ થી ૬૪ના ૪૦૦ એમાં રાજય સરકારના ૨૦૦ અને કેન્દ્ર સરકારના ૨૦૦ એ રીતે છે. કુલ કેટલું પેન્શન સાબરકાંઠા જિલ્લામાં ચૂકવવામાં આવ્યું છે, તો ૩૧-૧૨-૦૯ની પરિસ્થિતિએ ૬૬,૯૮,૩૬૦/- રૂપિયાનું પેન્શન સાબરકાંઠા જિલ્લામાં ચૂક્વાયું છે.

**અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો**

***૧૬૩૬૫શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા છાત્રાલયો કુમાર અને કન્યા માટે મંજૂર કરેલ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૧ ( અગિયાર).

(૨) ૯ કુમાર અને ૨ કન્યા.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી દરખાસ્તો છાત્રાલયો માટે આવી હતી ? એમાં કુમાર માટેની કેટલી અને કન્યાઓ માટેની કેટલી ?

બીજો પ્રશ્ન છે કે, અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા છાત્રાલયો આવેલા છે, તેમાં કુમાર કેટલા અને કન્યાઓ કેટલી આ પૈકી અમદાવાદ શહેરમાં કુમાર કેટલા અને કન્યા કેટલા ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૮૯ છાત્રાલયો માટેની દરખાસ્ત આવી, કુમાર માટેની ૬૨ હતી અને કન્યાઓ માટેની ૨૭. એમનો બીજો પ્રશ્ન હતો કે અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા છાત્રાલયો આવેલા છે અને એનું બાયફરકેશન એમણે પૂછ્યું છે, તો અમદાવાદ જિલ્લામાં કુલ ૭૦ છાત્રાલયો

આવેલા છે, એમાં ૫૦ કુમારના છે અને ૨૦ કન્યાના છે. એમનો ત્રીજો પ્રશ્ન હતો કે, અમદાવાદ શહેરમાં કુલ કેટલા છાત્રાલયો છે, તો અમદાવાદ શહેરમાં કુલ ૨૮ છાત્રાલયો છે એમાં કુમારના ૧૯ અને કન્યાઓના ૯.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષ મહોદય હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી બે સવાલોના જવાબ માગું છું, પ્રથમ તો ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં પ્રવેશ માટેના શા ધોરણો છે, અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે કે કેમ,? કયા કયા ધોરણની પ્રવેશની કેટલી ટકાવારી જોઈએ છે ?

બીજો પ્રશ્ન, નવા મંજૂર થયેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયને પ્રથમ વર્ષે કઈ રીતે ગ્રાન્ટ મળવાપાત્ર છે ? બીજા વર્ષે કુલ કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર થાય તો એ કઈ કઈ રીતે ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પહેલો પ્રશ્ન હતો કે, પ્રવેશ માટેના શું ધોરણો છે, તો એમાં આવક મર્યાદા ૧૧,૦૦૦/-ની નક્કી થઈ છે, કન્યાઓ માટે આવી કોઈ આવક મર્યાદા નથી. એમનો બીજો પ્રશ્ન હતો કે, અનુસૂચિત જાતિના છાત્રાલયોમાં અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓને પ્રવેશ મળે કે કેમ, તો હા,જી. એમાં ૨૦ ટકા બક્ષીપંચના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય છે, ૧૦ ટકા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે અને જો આ બંને વર્ગના વિદ્યાર્થીઓ ના મળે તો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓથી ભરી શકાય છે.

બીજું, એમાં ત્રીજો પ્રશ્ન એમનો એ હતો એમાં ક્યા કયા ધોરણે, તો એના માટે પણ ટકાવારી નક્કી કરી છે કે, ૩૦ ટકા ધોરણ ૫ થી ૭ના વિદ્યાર્થી, ૩૫ ટકા માધ્યમિક એટલે કે ૮ થી ૧૦ના વિદ્યાર્થી અને ૩૫ ટકા ૧૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ હોય છે એમનો ચોથો પ્રશ્ન હતો કે, પ્રથમ વર્ષે નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયને કઈ ગ્રાન્ટ આપવામાં આવે છે, તો એમને પ્રથમ વર્ષ પ્રોત્સાહક ગ્રાન્ટ ૩૦૦૦ રૂ. અને નિભાવ ગ્રાન્ટ જે વિદ્યાર્થીદીઠ રૂ.૬૦૦/- દસ મહિના માટે જે આપતા હોઈએ છીએ એ આપવામાં આવે છે. એમનો પછીનો પ્રશ્ન હતો કે બીજા વર્ષે કુલ કેટલી ગ્રાન્ટ ચુકવે છે? તો એમાં નિભાવ ગ્રાન્ટ લગભગ ૧૨૦૦૦૦/-, વેતન ગ્રાન્ટ ૫૪૦૦૦, મકાન ભાડા અંગેની ગ્રાન્ટ ૨૧૬૦૦ અને અન્ય સાધનો જેવી રીતે મેગેઝીન છે વગેરે છે એના માટે ૧૦૦૦ એમ મળીને વાર્ષિક કુલ ૧૯૬૬૦૦ જેટલી ગ્રાન્ટ એમને ચુકવવામાં આવતી હોય છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે અમદાવાદ જિલ્લામાં કુલ જે ૧૧ કુમાર અને કન્યા છાત્રાલયો આપવામાં આવ્યા છે એ કઈ કઈ જગ્યાએ આપવામાં આવ્યા છે. મારો બીજો પ્રશ્ન છે જે છાત્રાલયો આપવામાં આવ્યા છે એના જે પગારધોરણ છે એ લઘુત્તમ વેતનના આધારે પગારધોરણ આપવામાં આવે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પ્રશ્નનો જવાબ પહેલા આપું. આ રાજય સરકારની વ્યવસ્થા છે એ ગ્રાન્ટ ઈન એઈડ છે એટલે એ જે સંસ્થા હોય એ જે કાંઈ પગાર આપતા હોય રાજય સરકારે પોતાના નોર્મ્સ નકકી કર્યા છે કે એ જે પગાર આપશે એના ૯૦ટકા રાજય સરકાર ચુકવશે. એને ખર્ચ થાય એના ૯૦ટકા પ્રમાણે આપણે આપીએ છીએ. બીજું એમણે કહયું કે જે ૧૧ મંજૂર થયા છે એ કયા કયા વિસ્તારમાં છે એની અંદર સી.ટી. તાલુકાની અંદર પાંચ, નારોલ, ગોતા, જુના વાડજ, જીવરાજ પાર્ક, લાંભા આ રીતે દસક્રોઈની અંદર એક એ હીરપરાની અંદર, માંડલની અંદર બે એ માંડલની અંદર અને સાણંદની અંદર એક એ સાણંદની અંદર અને જે કન્યા છાત્રાલય છે બે એમાં એક ખોખરા અને બીજું નરોડા.

**અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કરેલ ખર્ચ**

*** ૧૬૩૩૫ શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) મફત તબીબી સહાય યોજના હેઠળ બક્ષીપંચના દર્દીઓને સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો કયા કયા રોગો માટે કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) આ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લે બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હાજી.

(૨)

| ૫ | રોગનું નામ | સહાયની રકમ | સમય |
|---|---|---|---|
| ૧ | ટીબી | માસિક રૂ.૨૫૦ | ૧૨ માસ સુધી |
| ૨ | કેન્સર | માસિક રૂ.૫૦૦ | રોગ મટે ત્યાં સુધી |
| ૩ | રકતપિત્ત | માસિક રૂ.૪૦૦ | રોગ મટે ત્યાં સુધી |
| ૪ | સ્ત્રીઓને થતા પાંડુરોગ | રૂ.૧૫૦ કેસદીઠ | કેસ દીઠ ફકત એકવાર |
| ૫ | પ્રસુતિ સહિતની ગંભીર બિમારી માટે | રૂા.૫૦૦ કેસ દીઠ | કેસ દીઠ ફકત એકવાર |
| ૬ | એઈડઝ | માસિક રૂ.૫૦૦ | રોગ મટે ત્યાં સુધી |

(૩)

| ક્રમ | રોગનું નામ | ખર્ચની રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| | | |
| ૧ | ટી.બી. | ૯.૭૩ |
| ૨ | કેન્સર | ૨.૪૪ |
| ૩ | રકતપિત્ત | ૧.૩૪ |
| ૪ | સ્ત્રીઓને થતા પાંડુરોગ | ----- |
| ૫ | પ્રસુતિ સહિતની ગંભીર બીમારી માટે. | ------ |
| ૬ | એઈડઝ | ૩.૨૫ |
| | કુલ | ૧૬.૭૬ |

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની જે યોજનાઓ છે એમાં બક્ષીપંચના લોકો માટે તબીબી સહાય યોજના હેઠળ આ યોજના જે છે એમાં સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે અને જે ટી.બી., કેન્સર, રકતપિત્ત એવી ગંભીર બીમારી છે એ બીમારીને આ યોજનામાં કેવી રીતે આયોજનમાં સાંકળેલી છે અને કેવી રીતે સહાય આપવામાં આવે છે? અમુક જ રોગનો આમાં સમાવેશ કર્યો હતો તો છેલ્લે કયા નવા રોગનો સમાવેશ કરવામાં આવ્યો છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આ યોજનામાં સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે એવો પ્રશ્ન પૂછયો છે. આ યોજનામાં બક્ષીપંચના સર્વે લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીએ જે રોગ હોવા અંગેનું મેડિકલ ઓફિસર અને સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે અને લાભાર્થીને જિલ્લા અધિકારી દ્વારા સહાય મંજૂર થયેથી ત્રણ માસની એડવાન્સમાં મનીઓર્ડરથી સહાય ઘેર ચૂકવવામાં આવે છે. બીજો એમણે જે પ્રશ્ન પૂછયો કે આ દર્દો છે એમાં કોઈ નવા રોગનો વધારામાં સમાવેશ કરવામાં આવ્યો છે તો હા અને એ માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈએ એઈડસ નામના ચેપી રોગનો વધારાનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એ લાભાર્થીને, એ રોગીને આની સહાય આપવામાં આવે છે.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સહાય યોજના નીચે બક્ષીપંચના જે બી.પી.એલ.માં નામ હોય એમને જ સહાયનો લાભ મળે છે તો ખરેખર બી.પી.એલ.માં તો ગામના આગેવાન, તલાટી, સરપંચ એ હોય એ તો ગમે તેને બી.પી.એલ.માં મુકે છે અને ખરેખર જેની પાસે વીઘો જમીન નથી, જેને કોઈ રહેવાનું સાધન નથી, નોકરી નથી એવા બી.પી.એલ.થી વંચિત રહયા છે. આવા બી.પી.એલ. જે ખરેખર ગરીબ માણસ છે એના માટે સરકાર કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન મારો એવો છે કે કેન્સર, ટી.બી. એવા રોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના ફંડમાંથી સહાય આપવામાં આવે છે પણ ફકત એ ભા.જ.પ.ના જ. મારા કિસ્સામાં જાણ મુજબ કોંગ્રેસના ધારાસભ્ય ભલામણ કરે..

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જવાબ આપવા સક્ષમ છે.

**શ્રી કાનજીભાઈ ૨ા. તળપદા** : કોંગ્રેસના ધારાસભ્ય ભલામણ કરે તો મળતી નથી. મારો એક કિસ્સો છે. અમારા અમદાવાદ જિલ્લામાં એક કેસમાં મેં ભલામણ કરેલ મળેલ નહિ. પછી માનનીય કમાભાઈને વિનંતી કરી એમને સર્ટિફિકેટ આપ્યું, એટલે સહાય મળી છે, એટલે મારી મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે આ સહાય ખરેખર લોકોને આપવાની છે. આમાં ગરીબોને સહાય આપવી જોઈએ તેટલી જ મારી વિનંતી છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : પહેલો પ્રશ્ન હતો એ સૂચન છે. બીજો રાજકીય આક્ષેપ કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનું જે રાહત ભંડોળ એના માટેના નોર્મ્સ અને નિયમો નક્કી કર્યા છે. જે નિયમોની અંદર આવતા હોય એને સહાય મળતી હોય છે. કોણ ભલામણ કરે છે એ અગત્યનું હોતું નથી. એટલે મારી દ્રષ્ટિએ એમને કયા શબ્દોમાં નવાજવા એ ખબર પડતી નથી. રાજકીય કોઈ કારણો આ સહાયમાં આવતા નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી માત્ર મંત્રીશ્રી પાસે કારણ કે મુખ્યમંત્રીશ્રી વ્યકિત આવે અને જાય. મુખ્યમંત્રીશ્રી રાહત ભંડોળ બધા માટે એક સરખું છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ગંભીરતાથી લેવાય, એટલા માટે એક જ કિસ્સા માટે ભલામણ કરી. નિ:સહાય આવી. (અંતરાય) ભાઈ આપતા હતા. એ લિમિટ બહાર ખલેલની ટેવ છે, એટલા માટે એમણે સ્પેસિફિક કેસમાં કહ્યું છે. એમણે ભલામણ કરી. પછી કમાભાઈએ. આને રાજકીય બાબતોને છોડીને માનવતાના ધોરણે કોણ ભલામણ કરે છે એ કયારેય ભૂતકાળમાં નથી જોયું. અત્યારે ન જોવાય. પણ આવો કોઈ વ્યકિતગત કિસ્સો હોય તો તેને ચકાસીને બીન રાજકીય રીતે માનવતાના ધોરણે આ સહાય વધુમાં વધુ લોકોને મળી શકે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : હા જી.

**વડોદરા અને અમદાવાદ જિલ્લામાં પકડાયેલા બાળમજૂરોના પુન:સ્થાપન અંગે**

***૧૪૭૦૩ શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) વડોદરા અને અમદાવાદ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં બાળમજૂરી કરાવતા કેટલા ઔદ્યોગિક એકમોના માલિકો પકડાયા,

(૨) પકડાયેલા માલિકો સામે શી કાર્યવાહી કરી

(૩) પકડાયેલા કેટલા બાળમજૂરોનું પુન:સ્થાપન કરવામાં આવ્યું?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) વડોદરા અને અમદાવાદ શહેર તથા જિલ્લામાં કુલ ૧૫૫ ઔદ્યોગિક એકમોના માલિકો પકડાયા (વિગતવાર માહિતી પત્રક-૧ મુજબ )

પત્રક-૧

વડોદરા અને અમદાવાદ શહેર તથા જિલ્લામાં પકડાયેલ ઔદ્યોગિક એકમોના માલિકોની સંખ્યા.

**વડોદરા જિલ્લો:-**

| વર્ષ | વડોદરા શહેર | વડોદરા જિલ્લો (શહેર સિવાય) | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૪ | ૦૩ | ૨૭ |
| ૨૦૦૯-૧૦ | ૦૮ | ૦૬ | ૧૪ |
| **કુલ** | **૩૨** | **૦૯** | **૪૧** |

**અમદાવાદ જિલ્લો :**

| વર્ષ | વડોદરા શહેર | વડોદરા જિલ્લો (શહેર સિવાય) | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૮ | ૦૩ | ૬૧ |
| ૨૦૦૯-૧૦ | ૪૯ | ૦૪ | ૫૩ |
| **કુલ** | **૧૦૭** | **૦૭** | **૧૧૪** |
| **કુલ ૧૫૫** | | | |

(૨) બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ હેઠળ કાર્યવાહી હાથ ધરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

(૨) ૩૩.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બાળ કામદાર ધારો હોવા છતા અમદાવાદ શહેર અને જિલ્લામાં, વડોદરા શહેર અને જિલ્લામાં કુલ ૧૫૫ ઔદ્યોગિક એકમોના માલિકો પકડાયા છે. મારે બે પ્રશ્નો પૂછવા છે કે અમદાવાદ શહેર અને જિલ્લામાં વડોદરા શહેર અને જિલ્લામાં કેટલા બાળમજૂરો પકડાયા અને એમાંથી ૩૩ બાળમજૂરોને પુન:સ્થાપન કરવામાં આવ્યા છે. બાકીના બાળ મજૂરોની હાલની પરિસ્થિતિ શું છે? બીજો પ્રશ્ન પકડાયેલા ઔદ્યોગિક એકમોના માલિકો ઉપર ફોજદારી કેસો સિવાય બીજાં અન્ય પગલાં લીધાં છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : જે વડોદરા જિલ્લામાં હતા, એમાં તો ડિસ્ટ્રિક્ટ વાઈઝ કહું તાલુકા પ્રમાણે તો વડોદરા શહેરમાં ૪૩૩૧ નિરીક્ષણ કર્યુ એમાં બાળમજૂરો શોધ્યા એ ૪૨ બાળમજૂરો શોધ્યા અને એમાં કોર્ટની અંદર કેસ કર્યા તે ૩૪ કર્યા અને ચોત્રીસે ચોત્રીસ કેસ આજે પડતર છે. વડોદરા ગ્રામ્ય તાલુકામાં ૨,૧૧૦ નિરીક્ષણ કર્યું, એમાં બાળમજૂરો એક જ શોધ્યો. માલિક ઉપર બે કેસ કર્યા. બંને કેસો બાકી છે. વાઘોડિયામાં ૪૮૯ નિરીક્ષણ કર્યું. બાળમજૂરો ૫ શોધ્યા. એની માથે ૪ કેસ કર્યા અને ચારે-ચાર કેસ બાકી છે. પાદરામાં ૩૬૧ નિરીક્ષણ કર્યુ અને એક બાળમજૂર શોધ્યો. એક કેસ કર્યો અને આ એક કેસ પણ બાકી છે. કરજણની અંદર કોઈ બાળમજૂર મળ્યા નથી. સંખેડામાં કોઈ બાળમજૂર નથી. છોટા ઉદેપુરમાં ૫૫ નિરીક્ષણ કર્યુ અને ૩ બાળમજૂરો મળ્યા. એક કેસ કર્યો છે અને એક કેસ બાકી છે. સાવલીમાં કોઈ બાળમજૂર નથી. નસવાડીમાં, શિનોરમાં, ડભોઈમાં, કંવાટમાં નથી. પાવી જેતપુરમાં નથી. આ પ્રમાણે ૭૬૨૨ નિરીક્ષણ કર્યા અને બાળમજૂરોની સંખ્યા ૫૨ થઈ, એમાં ૪૨ જણા ઉપર કેસ કર્યા અને એ જ પ્રમાણે અમદાવાદ શહેર અને જિલ્લાની અંદર એમાં પણ અમદાવાદ શહેર અને જિલ્લામાં પકડાયેલા બાળમજૂરો છે, એની અંદર પણ ૧૪૮૫ નું નિરીક્ષણ કર્યુ. એમાંથી પછી અમદાવાદ જિલ્લામાં ૪૧૬ નું નિરીક્ષણ કર્યુ અને કુલ નિરીક્ષણ ૫૮૮૮ નું કર્યુ. એમાંથી બે વર્ષમાં ૧૧૩ એકમો સામે ફોજદારી કેસ કરવામાં આવ્યા. તેની અંદર આજે જે બાળમજૂરો શોધ્યા તે ૧૭૬ છે. આ તમામ ઉપર કોર્ટમાં કેસ આજની તારીખે પેન્ડિંગ છે. જે કેસ ચાઈલ્ડ લેબર એકટ નીચે કરીએ છીએ તે ૭૨ કેસ છે અને જે જે એકટ નીચે બીજા કેસ કરીએ છીએ તેમાં આપણે પોલીસને ફરિયાદ કરીએ છીએ. તેવા ૪૩ કેસ કર્યા છે અને ૧૭૬ બાળ મજૂરો પકડયા છે અને બીજો પ્રશ્ન પુન:વસનનો કર્યો તો તેમાં ૧૮ લોકોને પુન:વસન કર્યા છે. આગલા જિલ્લામાં ૧૫ લોકોનું કર્યુ છે. કુલ ૩૩ લોકોનું પુન:વસન થયું છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાળમજૂરી કરાવતા ૧૯૫ વિવિધ એકમોના માલિકો પકડયા અને અને આ જે બાળમજૂરો પકડયા તેનું પુન:સ્થાપન કરવામાં આવે છે તો આ પુન:સ્થાપન કરવાની પ્રક્રિયા શું છે? અને તેના માટે કોઈ સમય નક્કી થયેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદાની અંદર જે પ્રતિબંધિત ધંધાઓ અને પ્રક્રિયાઓ છે તેની અંદર ૧૬ પ્રકારના ધંધાઓ છે અને ૬૫ પ્રકારની પ્રક્રિયાઓ છે. આની અંદર બાળમજૂરોને રાખવાની મનાઈ હોય છે. એટલા માટે થઈને બાળમજૂરો રાખી શકાતા નથી. જે બાળમજૂરો હોય તેને પકડયા પછી તેને ઓબ્ઝર્વેશન હોમની અંદર દાખલ કરીએ છીએ અને ત્યાંથી તે લોકોના મા-બાપ હોય તેને સમજાવીને સોંપી દેતા હોય છે. જે લોકો સોંપવામાં ન આવે તેને બાળ અદાલતની અંદર એટલે ઓબ્ઝર્વેશન હોમમાં રાખીએ છીએ. આમાં મુખ્ય વાત

એ છે કે કુલ ૨૨૮ જે બાળમજૂરો હતા તેમાંથી ૧૩૭ તો પરપ્રાંતના હતા. એટલે પરપ્રાંતના લોકોનું પુનઃવસન અભ્યાસ માટે કરાવતા નથી. આપણા જે ૯૧ હતા તેનું પુનઃવસન થાય છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જાણવું છે કે આ જે કેસો થયા તે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના ૧૫૫ ઔદ્યોગિક એકમોના માલિકો જે પકડાયા તેમની સામે પોલીસ કેસ દાખલ થયા તો તે પોલીસ કેસ કઈ તારીખે દાખલ થયા? અને અદાલતમાં ચાર્જશીટ કઈ તારીખે કરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૭ કોર્ટ કેસ કર્યા. પકડયા માલિક ૧૫૫. કોર્ટ કેસ કર્યા છે ૧૫૭. ૧૫૭ નું લીસ્ટ જોઈતું હોય તો મને લાગે એકાદ કલાકમાં વાંચી જાઉં. કઈ કઈ તરીખે છે.

**અધ્યક્ષશ્રી** : તે ટેબલ ઉપર મૂકજો.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : જે પોલીસ ફરિયાદ કઈ તારીખે કરી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે રીતે ફરિયાદ કરીએ છીએ. ચાઈલ્ડ લેબર એકટ નીચે આપણે ફરિયાદ કરીએ છીએ અને બીજા એકટ માટે આપણે એફ.આઈ.આર. નોંધાવીએ છીએ. એટલે આપણે જે ચાઈલ્ડ લેબર એકટ નીચે ૭૨ સામે ફરિયાદ કરી અને જે જે એકટ નીચે એફ.આઈ.આર નોંધાવી તેવા ૪૩ છે.

## અમરેલી જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી મજૂરોના થયેલ મૃત્યુ

***૧૫૦૮૩ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમરેલી જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતથી કેટલા મજૂરોના મૃત્યુ થયા,

(૨) જવાબદારો સામે શી કાર્યવાહી થઈ, અને

(૩) કેટલા મજૂરોના વારસદારોને વળતર ચૂકવવામાં આવેલ છે અને બાકી રહેલાને કયાં સુધી ચૂકવવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૪ એકમોમાં ૪ મજૂરોના મૃત્યુ થયા.

(૨) કારખાના ધારાનો ભંગ થતો ન હોઈ કારખાના ધારા હેઠળ કોઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ પોલીસ વિભાગ દ્વારા એક એકમ સામે આઈ.પી.સી.ની કલમ-૧૭૪ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ત્રણ મજૂરોના વારસદારોને રૂા.૧૦,૩૧,૯૬૧/-નું કાયદેસરનું વળતર ચૂકવેલ છે અને એક મજૂરના વારસદારને કાયદેસરના વળતર અંગેની અરજી વર્કમેન કોમ્પેશસેશન કમિશ્નર સમક્ષ પડતર હોવાથી વળતર ચૂકવાયેલ નથી.

ચાર પૈકી ત્રણ કેસમાં રૂા.૧.૫૦ લાખની રકમ રહેમરાહે વળતર તરીકે ચૂકવાયેલ છે. જ્યારે એક કેસમાં રહેમરાહે વળતર ચૂકવવાનું બાકી છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિસ્તાર મજૂરોનો વિસ્તાર છે અને આ વિસ્તારમાં ૪ લોકોના મૃત્યુ થયા તેવું જવાબમાં આપ્યું છે. આ ચાર લોકોના મૃત્યુ કેવી રીતે થયા અને આ જે એક બાકી રહી ગયો છે તેનું વળતર ક્યારે ચૂકવવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એક જે પહેલો બનાવ હતો તે ભગવતી કોટન ઈન્ડસ્ટ્રીઝમાં થયો તેમાં અશોક છગનભાઈ મારવાડી હતા. તેના મૃત્યુનું કારણ પૂછયું તો તે ટ્રક ઉપરથી પડી જવાથી વ્હીલમાં આવી જવાથી મૃત્યુ થયું અને એને ૫૦ હજાર રૂપિયા એકસગ્રેસીયા તરીકે આપ્યા છે અને હજુ તેનો કેસ વર્કમેન કોમ્પનશેસન એકટ નીચે કમિશ્નર પાસે પેન્ડિંગ છે. બીજું પીપાવાવ શીપયાર્ડ, રાજુલા છે તે ૨૮-૧૧-૦૮ના રોજ બનાવ બન્યો અને તેમાં જે કર્મચારી સંજયકુમાર પરશુરામ રાય હતા અને તે એસ્કેવેટર સાથે નીચે પડી જવાથી ગૂંગળાઈ જવાથી તેનું મૃત્યુ થયું અને ૫૦ હજાર એકસગ્રેસીયા તરીકે આપ્યા છે અને વર્કમેન કોમ્પનસેશન એકટ નીચે ૪,૨૭,૧૪૧/- ચુકવી દેવામાં આવ્યા છે. ત્રીજો કેસ છે તે મુરલીધરન કોટન ઈન્ડસ્ટ્રીઝ લાઠીનો છે. ૩-૧-૦૯ના રોજ બનાવ બન્યો હતો. ચંદ્રેશ્વર રામેશ્વર ઠાકર હેલ્પર હતો અને દોરડુ પકડીને ટ્રક ઉપર ચડતાં પડી જવાથી તેનું મૃત્યુ થયું છે. એને એકસગ્રેસિયા તરીકે ૨૫૦૦૦ રૂપિયા આપ્યા છે અને માલિકે એનો બીજો ખર્ચો પણ સીત્તેરેક હજાર એને આપ્યા છે અને વર્કમેન કોમ્પનસેશન એકટ નીચે ૨,૮૪,૫૭૪/- રૂપિયા એને આપેલા છે. ચોથી જે પેઢી હતી એ અલ્ટ્રાટ્રેક સીમેન્ટ, રાજુલામાં તા. ૧૩-૨-૦૯ના રોજ શંકરકુમાર હેલ્પર હતા એમનું બકેટ એલીવેટર રિવર્સ કરતાં એમાં આવી જતાં એમનું મૃત્યું થયું હતું એમાં ૫૦૦૦૦/- રૂપિયા એકસગ્રેસિયા તરીકે આપ્યા છે. ૩,૨૦,૨૪૭/- રૂપિયા એને વર્કમેન કોમ્પનસેશન એકટ નીચે મળ્યા છે અને આમાં કોઈ સામે કારખાનાધારા હેઠળ કોઈ જોગવાઈનો ભંગ થયો ન હોઈ એટલા માટે એના કેસ નથી કર્યા.

## આણંદ, ખેડા અને વડોદરા જિલ્લામાં બેરોજગારોની નોંધણી

***૧૬૩૦૬ શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ, ખેડા અને વડોદરા જિલ્લાની રોજગાર કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા બેરોજગારો માટે કચેરી દ્વારા ઈન્ટરવ્યુની ભલામણ કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા ઉમેદવારોની પસંદગી થઈ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) શિક્ષિત બેરોજગારોની નોંધણી

| તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ | આણંદ | ખેડા | વડોદરા | કુલ |
|---|---|---|---|---|
| ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૭૨૩૩ | ૭૬૪૫ | ૧૮૮૫૩ | ૩૩૭૩૧ |
| ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૯૧૪૦ | ૮૬૦૬ | ૧૮૩૭૬ | ૩૬૧૨૨ |
| ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૯૪૫૦ | ૧૧૮૧૫ | ૨૫૬૮૧ | ૪૬૯૪૬ |
| કુલ : | ૨૫૮૨૩ | ૨૮૦૬૬ | ૬૨૯૧૦ | ૧૧૬૭૯૯ |

(૨) કચેરી દ્વારા બેરોજગારો માટે ઈન્ટરવ્યુની ભલામણ

| તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ | આણંદ | ખેડા | વડોદરા | કુલ |
|---|---|---|---|---|
| ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૯૧૧ | ૨૨૩૭ | ૮૯૨૪ | ૧૨૦૭૨ |
| ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૩૫૭૫ | ૩૯૮૦ | ૮૪૮૨ | ૧૬૦૩૭ |
| ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૨૧૩૫ | ૫૦૦૧ | ૧૨૯૧૦ | ૨૦૦૪૬ |
| કુલ : | ૬૬૨૧ | ૧૧૨૧૮ | ૩૦૩૧૬ | ૪૮૧૫૫ |

(૩) તે પૈકી પસંદગી થયેલ ઉમેદવારો

| તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ | આણંદ | ખેડા | વડોદરા | કુલ |
|---|---|---|---|---|
| ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૪૯૮ | ૧૬૯૧ | ૨૩૭૯ | ૪૫૬૮ |
| ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૧૫૭૫ | ૬૧૮ | ૨૪૪૪ | ૪૬૩૭ |
| ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧૫૧૪ | ૧૯૩૪ | ૩૬૫૮ | ૭૧૦૬ |
| કુલ : | ૩૫૮૭ | ૪૨૪૩ | ૮૪૮૧ | ૧૬૩૧૧ |

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ મુજબ જે આંકડા આપ્યા છે એમાં બેરોજગારોની સંખ્યા નોંધાઈ છે એના દશ ટકા લોકોને આપણે ત્રણ વર્ષમાં નોકરી આપી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, જે ત્રણ વર્ષમાં ૩૫૮૭ ઉમેદવારોની પસંદગી થઈ એ પૈકી સરકારી વિભાગોમાં કેટલાને પસંદ કરવામાં આવ્યા અને કેટલાને ખાનગી ક્ષેત્રમાં નોકરી મળી અને આણંદ જિલ્લામાં તાલુકાવાઈઝ કેટલા બેરોજગારો નોંધાયા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૨૫૮૨૩ લોકો નોંધાયેલા હતા. એમાં શિક્ષિત ઉમેદવારો પૂરતી જ વાત છે. એમાંથી શિક્ષિત ઉમેદવારોની ભલામણ કરી ૬૬૨૧ની કરી. એ પૈકી શિક્ષિત ઉમેદવારોની પસંદગી થઈ એ ૩૫૮૭ની થઈ. એમાં જે શિક્ષિત બેરોજગારોને નોકરી મળી એમાં રાજય સરકારની અંદર ૪૫૭ લોકોને નોકરી મળી, કેન્દ્ર સરકારમાં ૧૨ લોકોને નોકરી મળી અને લોકલ બોડીની અંદર ૧૬૪૪ જણાને નોકરી મળી અને ખાનગી ક્ષેત્રની અંદર ૧૪૭૪ને નોકરી મળી. આ પ્રમાણે ૩૫૮૭ લોકોને આણંદ જિલ્લાની અંદર નોકરી મળી. ખેડાની માહિતી જોઈએ છે? આપે એક જ જિલ્લાનું પૂછયું એટલા માટે કહું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અમારા જિલ્લામાં ૨૫૮૨૩ જણાઓ જે અરજી કરી અને એમાંથી ૩૫૮૭ જણાને નોકરી મળી. પણ જે ૨૨૨૩૬ જણા કામ વગરના બાકી રહયા છે એમને સરકાર કોઈ કામ આપીને રોજગારી આપવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો જે રોજગાર આપતા હોય એની પાસે આપણે મોકલવાના હોય. રાજય સરકારમાં ખાલી જગ્યા પડે એટલે એમ્પ્લોયમેન્ટ એક્ષચેંજ મારફતે જાહેરાતથી આપણે ભરીએ છીએ. આપણે કોઈ ડાયરેકટ ભરતી કરતા નથી અને આની અંદર પણ રાજય સરકારની અંદર, કેન્દ્ર સરકારની અંદર, લોકલ બોડીની અંદર અને ખાનગી બધાનો સમાવેશ થાય છે. આમાં ત્રણ જિલ્લા છે, એ ત્રણેત્રણ જિલ્લાની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. નહીંતર હું જવાબ આપી શકતો હોત કે શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી તો હું સીધેસીધું કહેત કે આટલી છે, ટોટલ કરીને કહી દેત કે, ૧,૧૬,૭૯૯ છે પણ મેં આ સ્પષ્ટ રીતે ત્રણ કોઠા બનાવીને આપ્યા છે કે જેના કારણે માનનીય અન્ય સભ્યશ્રીઓ પણ જાણી શકે કે અમારા જિલ્લાની અંદર પણ કેટલા શિક્ષિણ બેરોજગારો છે, કેટલાને ઈન્ટરવ્યુ મળ્યા અને કેટલાને રોજગારી મળી, એટલા માટે મેં આ કોઠા ડિટેઈલમાં આપ્યા છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રોજગાર કચેરી મારફતે આણંદ અને ખેડા જિલ્લામાં કેટલા ભરતી મેળા થયા, અને બીજું કે, શિક્ષિત બેરોજગારોની બાબતમાં ગુજરાત કેટલા ક્રમે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રમાણે આણંદ જિલ્લાની વાત કરી, એ જ રીતે હું કહી શકીશ કે ખેડા જિલ્લાની અંદર પણ ૪૨૪૩ શિક્ષિત લોકોને રોજગારી મળી છે અને એ જ રીતે વડોદરા જિલ્લાની અંદર પણ ૮૪૮૧ લોકોને નોકરી મળી છે. એમાં વડોદરા જિલ્લામાં રાજયસરકારની અંદર ૧૬ને, કેન્દ્ર સરકારમાં ૧૭ને, લોકલ બોડીની અંદર ૯૮૫ને, ખાનગી ક્ષેત્રની અંદર ૭૪૬૩ લોકોને નોકરી મળી છે. આ પ્રમાણે ૮૪૮૧ લોકોને નોકરી મળી છે. અને આ ત્રણેય જિલ્લા આણંદ, ખેડા અને વડોદરા એ ત્રણેમાં થઈને ૧૬૩૧૧ લોકોને રોજગારી મળી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

૧૬૩૪૪**શ્રી બાબુભાઈ પટેલ(દસકોઈ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯૧૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫૨૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૧૭૫.૯૦ લાખ. |

### મહેસાણા જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ

૧૬૩૬૬**શ્રી ભરતસિંહજી શં.ડાભી(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) અનુસૂચિત જાતિમાં ૧૨ સંસ્થાઓ તથા ૭૪ યુગલ અને વિક્સતી જાતિમાં ૧૧ સંસ્થાઓ તથા ૧૧૮ યુગલની અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) અનુસૂચિત જાતિમાં ૯ સંસ્થાઓ તથા ૪૧ યુગલ અને વિક્સતી જાતિમાં ૧૧ સંસ્થાઓ તથા ૧૦૧ યુગલની અરજીઓ મંજૂર કરી. |

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) વિકસતી જાતિમાં ૪ સંસ્થાઓ તથા ૩૧ યુગલને સહાય ચૂકવવાની બાકી છે.

**જૂનાગઢ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓ**

૧૪૭૦૭**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ સંકટ મોચન યોજના હેઠળ નિરાધાર કુટુંબની વાર્ષિક આવક કેટલી હોવી જોઈએ, અને

(૨) બી.પી.એલ. યાદીમાં માત્ર નામ ન હોય કે રેશનકાર્ડ ન હોય તેવા કારણોસર સંકટ મોચન યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ નામંજૂર કરી ?

**જવાબ**

(૧) આ યોજના હેઠળ બી. પી. એલ. કુટુંબનો સમાવેશ થાય છે. નાણાંકીય આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી.

(૨) ૨૬૨.

------------

**વેટની થયેલ આવક**

૧૬૪૦૬**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સરકારને વેટ દ્વારા કેટલી આવક થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ આવકમાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) રૂપિયા ૧૨૭૧૪.૨૨ કરોડ (નેટ) (પ્રોવિઝનલ).

(૨) રૂપિયા ૪૯.૪૩ કરોડ.

------------

**જૂનાગઢ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની મળેલ અરજીઓ**

૧૬૩૨૦**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી,

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૪) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) ૧,૬૬૪ અરજીઓ.

(૨) ૧,૬૧૧ અરજીઓ મંજૂર.
૫૩ અરજીઓ નામંજૂર.

(૩) રૂ.૨૨,૫૩,૦૦૦/- ની રકમ ચૂકવવામાં આવી.

(૪) શૂન્ય.

**સાંસ્કૃતિક કાર્યક્રમની મળેલ અરજીઓ**

૧૬૩૭૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વિવિધ કલાવૃંદો દ્વારા વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા જતા

**જવાબ**

(૧) સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વિવિધ કલાવૃંદો દ્વારા વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે કુલ-૧૮ અરજીઓ આવી.

(૨) તે પૈકી કુલ-૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) (અ) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા

કલાકારોને રાજ્ય સરકાર તરફથી શું શું સુવિધાઓ આપવામાં આવે છે ?

જતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી નીચે જણાવ્યા મુજબ કુલ રૂ.૧.૭૫ લાખની આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | નિર્માણ ખર્ચ | રૂ.૧.૦૦ લાખ. |
| ૨. | રાજ્ય બહાર કૃતિ રજુ કરવાનો ખર્ચ | રૂ.૦.૪૦ લાખ. |
| ૩. | રાજ્યમાં કરવાના બે સ્થાનિક શો નો ખર્ચ | રૂ.૦.૨૦ લાખ. |
| ૪. | પ્રચાર, બેનર, વિડીયોગ્રાફી, બ્રોશર, પોસ્ટર્સ, આમંત્રણ કાર્ડ, સી.ડી. તેમજ અન્ય આનુષાંગિક ખર્ચ. | રૂ.૦.૧૫ લાખ. |
| | **કુલ.** | **રૂ.૧.૭૫ લાખ** |

(બ) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા જતા કલાકારોને નીચે મુજબની સુવિધા આપવામાં આવે છે.

(૧) વૃંદના દરેક કલાકારોને રૂ.૧૦૦ પ્રમાણે દૈનિક પ્રવાસ ભથ્થું, કાર્યક્રમ દરમિયાન ગ્રૃપ લિડરને રૂ.૩૦૦ અને વૃંદના પ્રત્યકે કલાકારને દૈનિક રૂ.૨૫૦ પ્રમાણે પુરસ્કાર ચૂકવવામાં આવે છે.

(૨) વૃંદના ગ્રૃપને રેલ્વે બીજા વર્ગનું પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવે છે.

(૩) વૃંદના દરેક કલાકાર દીઠ દૈનિક રૂ.૧૦૦ પ્રમાણે ડ્રેસ ભાડું ચૂકવવામાં આવે છે.

## રાજકોટ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને આપેલ રોજગારી

૧૪૮૭૭ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થપાતા ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી અપાઈ, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ૧૩૪૫૬. તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૧૪૨૧૩. |
| (૩) સ્થાનિક લોકોને રોજગારી ઓછી આપવા બદલ જવાબદારો સામે શાં શાં પગલાં લેવાયા છે ? | (૩) આવો કોઈ કિસ્સો બનેલ ન હોઈ જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## બનાસકાંઠા જિલ્લામાં કરેલ સ્વરોજગાર શિબિરના આયોજન અંગે

૧૬૧૫૯**શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું, | (૧) ૦૬. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા, અને | (૨) ૪૫૨. |
| (૩) હાજર રહેલા ઉમેદવારોમાંથી કેટલાને સહાય કરવામાં આવી ? | (૩) ૨૩૧. |

------------

## લઘુતમ વેતનના દરમાં વધારો કરવા અંગે

૧૬૨૯૭ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જુદા જુદા કામ માટે લઘુતમ વેતન દર શું છે, | (૧) *પરિશિષ્ટ-૧ મુજબ. |
| (૨) આ દરોમાં છેલ્લા સુધારા વધારા ક્યારે | (૨) આ દરોમાં છેલ્લા સુધારાઓ નીચે મુજબ |

| | |
|---|---|
| કરાયા, અને | કરાયેલ છે.<br>(ક) પરિશિષ્ટ-૧ ના ક્રમ-૧ થી ૪૯ આગળ દર્શાવેલા કામ માટે તા.૧૧-૨-૨૦૦૯ ના જાહેરનામાંથી.<br>(ખ) પરિશિષ્ટ-૧ ના ક્રમ-૫૦ આગળ દર્શાવેલા કામ માટે તા.૧૪-૯-૨૦૦૯ના જાહેરનામાંથી.<br>(ગ) પરિશિષ્ટ-૧ ના ક્રમ-૫૧ આગળ દર્શાવેલા કામ માટે તા.૧૪-૮-૨૦૦૬ના જાહેરનામાંથી.<br>(ઘ) પરિશિષ્ટ-૧ ના ક્રમ-૫૨ આગળ દર્શાવેલા કામ માટે તા.૧૭-૭-૨૦૦૮ના જાહેરનામાંથી.<br>(ચ) પરિશિષ્ટ-૧ ના ક્રમ-૫૩ આગળ દર્શાવેલા કામ માટે તા.૧-૧૨-૨૦૦૮ના જાહેરનામાંથી. |
| (૩) દરેક ક્ષેત્રોમાં વધેલા દરને ધ્યાને લઈને રાજ્ય સરકાર આ લઘુતમ વેતન સુધારવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ની વેધાનિક જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |

(*પરિશિષ્ટ-૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન**

૧૬૩૮૪**શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે, | (૧) ૦૪. |
| (૨) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં શરૂ કરવાનું વર્ષ ૨૦૦૯-૧૦માં સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાં અને કેટલા સમયમાં આઈ.ટી.આઈ. શરૂ કરવા આયોજન છે ? | (૩) સતલાસણા ખાતે ફેબ્રુઆરી-૨૦૧૦થી આઇ.ટી.આઇ. શરૂ કરેલ છે. |

------------

**અમદાવાદ જિલ્લામાં શિક્ષણ શિબિર પાછળ કરેલ ખર્ચ**

૧૬૩૩૦**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બક્ષીપંચની કલ્યાણકારી યોજનાઓના પ્રચાર/પ્રસાર માટે શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ શિક્ષણ શિબિરો અંગે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૨.૨૫ લાખ. |

------------

**જૂનાગઢ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં બાળ મજૂરનું શોષણ અટકાવવા લીધેલ પગલાં**

૧૫૫૪૧**શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ઓદ્યોગિક એકમો તથા હોટલોની અંદર બાળ મજૂરીનું શોષણ કરતાં હોઈ તેની છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઈ તપાસ સરકાર તરફથી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવા ક્યા ઓદ્યોગિક એકમો અને હોટલોમાં ક્યારે ક્યારે તપાસ કરવામાં આવી, | (૨) ૪૨૯ ઓદ્યોગિક એકમો અને ૨૫૩ હોટલો/ રેસ્ટોરન્ટ મળી કુલ ૬૮૨ એકમોમાં તપાસ કરવામાં આવી. |

(વિગતવાર માહિતી પત્રક-૧* મુજબ)

(૩) તપાસ દરમ્યાન બાળ મજૂરોનું શોષણ કરતા કેટલા ઓદ્યોગિક એક્મો પકડાયા, અને — (૩) શૂન્ય.

(૪) બાળ મજૂરોનું શોષણ અટકાવવા સરકારે શું શું પગલાં લીધેલ છે ? — (૩) બાળ મજૂરોનું શોષણ અટકાવવા બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ ના ચૂસ્તપણે અમલ અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી.

(*પત્રક-૧ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**બનાસકાંઠા જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતીમેળા**

૧૪૭૧૨**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઓદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, | (૧) ૧૪. |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને | (૨) ૧૦૭૨. |
| (૩) વર્ષ ૨૦૧૦-૧૧માં ભરતીમેળાનું આયોજન કરવામાં આવશે કે કેમ ? | (૩) હા, જી. |

**સુરત જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૧૬૩૨૬ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંત સુરદાસ યોજના અન્વયે સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૫૩૮. |
| (૨) લાભાર્થીઓને ક્યાં સુધી સહાય ચૂક્વેલ છે ? | (૨) જાન્યુઆરી-૨૦૧૦ સુધી. |

------------

**સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય બારડોલીના વિકાસની વિગતો**

૧૬૩૭૫**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં બારડોલીના સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયના વિકાસ માટે તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગેની વિગતો શું છે? | (૨) બારડોલી ખાતેના સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયના અપગ્રેડેશન માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં ગુજરાત રાજ્ય સ્થાપના સુવર્ણ જ્યંતિ ઉજવણીના ભાગરૂપે રૂ.૮૫.૦૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ થયેલ છે. જેમાં મકાનના સુધારા વધારા માટે રૂ.૭૦.૦૦ લાખ માર્ગ અને મકાન વિભાગને ફાળવવામાં આવેલ છે. અને રૂ.૧૫.૭૮ લાખ સંગ્રહાલયની આંતરિક સુધારા વધારા અને ડિસ્પ્લે કામગીરી માટે સંગ્રહાલય ખાતાને ફાળવવામાં આવેલ છે. જેમાં શ્રી સરદાર પટેલની ૪૩ વર્ષના વયનું (સન ૧૯૨૮ની સાલની ઉંમર) આશરે ૮ ફુટ ઉંચાઈનું એક બ્રોન્ઝ સ્ટેચ્યુના સ્થાપના કરવાની કામગીરી વિભાગોમાં શ્રી સરદાર પટેલના એતિહાસિક |

પ્રસંગોના ફોટાઓ ખાસ કરીને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ સમયના પ્રદર્શિત કરવા માટે પેનલ બોર્ડસ તૈયાર કરવાની કામગીરી, શ્રી સરદાર પટેલના જૂના ફોટાઓ ઉપરથી નવા ફોટાઓ તૈયાર કરી તેનું ફ્રેમીંગ કરવાની કામગીરી સંગ્રહાલયની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરાઓની ગોઠવણી અને સંગ્રહાલય બગીચાનો વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## પંચમહાલ જિલ્લાની આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમોમાં સ્ટાફની ઘટ

૧૪૭૦૦**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકાર માન્ય આઈ.ટી.આઈ.માં તાલુકા દીઠ કેટલા અને ક્યા ક્યા કોર્ષ છે,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સરકારી આઈ.ટી.આઈ. માં તાલુકાદીઠ કોર્ષની વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે.

### પરિશિષ્ટ-અ

પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકારી આઈ.ટી.આઈ. માં તાલુકાદીઠ કોર્ષની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કોર્ષની સંખ્યા | કોર્ષનું નામ |
|---|---|---|---|
| ૧ | ઘોઘંબા | ૪ | ફીટર |
| | | | વાયરમેન |
| | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | વેલ્ડર |
| ૨ | ગોધરા | ૨૧ | મીકેનીક ડીઝલ |
| | | | ફીટર |
| | | | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | મશીનીષ્ટ |
| | | | રેડીયો એન્ડ ટી.વી. મીકેનીક |
| | | | ડ્રેસમેકીંગ |
| | | | વેલ્ડર |
| | | | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | વાયરમેન |
| | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) |
| | | | ઈલેક્ટ્રીશીયન |
| | | | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | સીઓઈ ઈલેક્ટ્રીકલ (એડવાન્સ) |
| | | | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક |
| | | | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર |
| | | | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ટર્નર |
| | | | ઈન્ફર્મેશન ટેક્નોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | સીઓઈ ઈલેક્ટ્રીકલ (બીબીબીટી) |
| ૩ | હાલોલ | ૮ | ફીટર |
| | | | વાયરમેન |
| | | | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર |
| | | | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | વેલ્ડર |
| | | | સીઓઈ ઓટોમોબાઈલ (બીબીબીટી) |
| | | | સીઓઈ ઓટોમોબાઈલ (એડવાન્સ) |
| ૪ | કડાણા | ૬ | મીકેનીક ડીઝલ |
| | | | વાયરમેન |
| | | | મીકેનીક મોટર |
| | | | વેલ્ડર |
| | | | ફીટર |
| | | | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| ૫ | લુણાવાડા | ૮ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ફીટર |
| | | | મીકેનીક ડીઝલ |
| | | | ડ્રેસમેકીંગ |
| | | | ઈલેક્ટ્રીશીયન |
| | | | સીઓઈ ફેબ્રીકેશન (બીબીબીટી) |
| | | | વાયરમેન |
| | | | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| ૬ | સંતરામપુર | ૫ | કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | કટીંગ એન્ડ ટેલરીંગ |
| | | | ફીટર |
| | | | વાયરમેન |
| | | | ઈલેક્ટ્રીશીયન |
| ૭ | શહેરા | ૫ | વાયરમેન |
| | | | વેલ્ડર |
| | | | મીકેનીક ડીઝલ |
| | | | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ફીટર |
| | **કુલ.** | **૫૭** | |

(૨) મંજૂર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોમાં કેટલા સ્ટાફની કેટલી ઘટ છે, અને

(૨) મંજૂર થયેલ મહેકમ સામે અભ્યાસક્રમોમાં સ્ટાફની ઘટની વિગતો પરિશિષ્ટ-બ મુજબ છે.

**પરિશિષ્ટ-બ**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની સરકારી આઈ.ટી.આઈ. માં મંજૂર થયેલ મહેકમ સામે નીચે મુજબનાં અભ્યાસક્રમોમાં સ્ટાફની ઘટ છે.

| આઈ.ટી.આઈ.નું નામ | અભ્યાસક્રમનું નામ | મંજૂર સ્ટાફ | ઘટ સ્ટાફ |
|---|---|---|---|
| ગોધરા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૩ | ૨ |
| | ડ્રેસમેકીંગ | ૨ | ૧ |
| | ઈલેક્ટ્રીશ્યન | ૯ | ૪ |
| | ફીટર | ૧૧ | ૩ |
| | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૨ | ૧ |
| | મશીનીષ્ટ | ૨ | ૧ |
| | મીકેનીક રેડીયો એન્ડ ટેલીવિઝન | ૩ | ૧ |
| | મીકેનીક ડીઝલ | ૪ | ૩ |
| | મીકેનીક મોટર વ્હીકલ | ૭ | ૩ |
| | વેલ્ડર | ૬ | ૩ |
| | વાયરમેન | ૯ | ૨ |
| | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર | ૩ | ૧ |
| | કુલ. | ૬૧ | ૨૫ |
| લુણાવાડા | ઈલેક્ટ્રોનીક્સ મીકેનીક | ૨ | ૧ |
| | કુલ. | ૨ | ૧ |
| પાવાગઢ | સીઓઈ એડવાન્સ મોડ્યુલ | ૪ | ૩ |
| | સીઓઈ બેઝીક મોડ્યુલ | ૬ | ૪ |
| | કુલ. | ૧૦ | ૭ |
| શહેરા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૨ | ૧ |
| | મીકેનીક ડીઝલ | ૨ | ૧ |
| | વેલ્ડર | ૨ | ૧ |
| | કુલ. | ૬ | ૩ |
| ઘોઘંબા | કટીંગ એન્ડ ટેલરીંગ | ૩ | ૨ |
| | ફીટર | ૩ | ૨ |
| | વેલ્ડર | ૨ | ૨ |
| | વાયરમેન | ૩ | ૩ |
| | કુલ. | ૧૧ | ૯ |
| સંતરામપુર | કટીંગ એન્ટ ટેલરીંગ | ૨ | ૨ |
| | ફીટર | ૩ | ૧ |
| | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૨ | ૨ |
| | કુલ. | ૭ | ૫ |
| દિવડા કોલોની | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક | ૨ | ૧ |
| | કુલ. | ૨ | ૧ |
| | **કુલ સરવાળો.** | **૯૯** | **૫૧** |

(૩) જો હા, તો આ ઘટ સરકાર ક્યાં સુધી પૂરવા માગે છે?

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર તરફથી નામોની ભલામણ મળ્યે તુરતજ જ્ગ્યાઓ ભરવામાં આવશે.

------------

**વડોદરા જિલ્લામાં તબીબી સહાય યોજના હેઠળ કરેલ ખર્ચ**

૧૬૩૩૪**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મફત તબીબી સહાય યોજના હેઠળ બક્ષીપંચના દર્દીઓને સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા રોગો માટે કેટલી સહાય આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | રોગનું નામ | સહાયની રકમ | સમય |
|---|---|---|---|
| ૧ | ટીબી | માસિક રૂ.૨૫૦ | ૧૨ માસ સુધી |
| ૨ | કેન્સર | માસિક રૂ.૫૦૦ | રોગ મટે ત્યાં સુધી |
| ૩ | રક્તપિત્ત | માસિક રૂ.૪૦૦ | રોગ મટે ત્યાં સુધી |
(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં બક્ષીપંચની કેટલી કન્યાઓને સહાય આપવામાં આવી, અને

(૨) આ સહાય પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ૧૫૭૬.

(૨) રૂ. ૩૧,૫૨,૦૦૦/-

**આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પાછળ ચૂકવેલ રકમ**

૧૫૭૧૬**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ફાળવેલ રકમમાંથી કેટલી રકમ વપરાયા વગરની રહી?

**જવાબ**

(૧) ૮૯૭૩ વિદ્યાર્થીઓને
રૂા. ૧૩,૪૫,૯૫૦/- ની રકમ ફાળવવામાં આવી.

(૨)

| અ.નં. | તાલુકો | ફાળવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | આણંદ | ૨,૫૬,૯૫૦ |
| ૨ | ઉમરેઠ | ૩૦,૪૫૦ |
| ૩ | બોરસદ | ૧,૮૬,૩૦૦ |
| ૪ | આંકલાવ | ૯૬,૧૫૦ |
| ૫ | પેટલાદ | ૨,૩૭,૯૦૦ |
| ૬ | સોજીત્રા | ૫૨,૦૫૦ |
| ૭ | ખંભાત | ૩,૦૧,૯૫૦ |
| ૮ | તારાપુર | ૧,૮૪,૨૦૦ |
| | **કુલ :** | **૧૩,૪૫,૯૫૦** |

(૩) શૂન્ય.

------------

**ભાવનગર જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિના હેતુસર મળેલ માંગણીઓ**

**શ્રી** ૧૪૮૫૩**મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુસર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ, અને

(૨) પ્રવૃત્તિનો લાભ લેવા માટે જિલ્લાના ક્યા ક્યા તાલુકામાંથી કઈ કઈ સંસ્થા તથા ટ્રસ્ટની માંગણી આવેલ છે?

**જવાબ**

(૧) તા.૦૧-૦૧-૨૦૦૮ થી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીના બે વર્ષના સમયગાળા દરમ્યાન રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુસર ભાવનગર જિલ્લાના તાલુકાઓમાં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

(રકમ રૂપિયામાં)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | વલ્લભીપુર | ૧૫,૫૦૦ |
| ૨ | બોટાદ | ૧૫,૫૦૦ |
| ૩ | ગઢડા | ૩૦,૮૩૫ |
| ૪ | ભાવનગર | ૧૦,૬૫,૧૨૦ |
| ૫ | ઉમરાળા | ૩૧,૮૭૫ |
| ૬ | મહુવા | ૭૨,૨૧૦ |
| ૭ | ગારીયાધાર | ૧,૭૩,૧૫૯ |
| ૮ | પાલીતાણા | ૩,૨૪,૧૦૦ |
| ૯ | તળાજા | ૫,૨૫,૮૯૫ |
| ૧૦ | શિહોર | ૧૨,૫૦,૧૮૩ |
| ૧૧ | ઘોઘા | ૨,૫૧,૦૫૦ |
| | **કુલ :** | **૩૭,૫૫,૪૨૭** |

(૨) પ્રવૃત્તિનો લાભ લેવા માટે નીચે મુજબના તાલુકામાંથી સંસ્થા તથા ટ્રસ્ટની માંગણીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થા/ટ્રસ્ટનું નામ |
|---|---|---|
| ૧ | ગઢડા | ડો. આંબેડકર યુવક મંડળ તથા ગ્રામ પંચાયત, ઢસા. |
| ૨ | ભાવનગર | સમાજ સમતા યુવક સંઘ, ભાવનગર. |

**વડોદરા જિલ્લામાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ**

૧૬૩૯૦ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી ગ્રાન્ટ ઈન એઈડ કેટલી, અને

(૩) સ્વનિર્ભર સંસ્થાઓ કેટલી છે?

**જવાબ**

(૧) ૫૨
(૧૩ સરકારી આઇ.ટી.આઇ. સહીત).

(૨) ૦૮.

(૩) ૩૧.

**જામનગર જિલ્લામાં સ્થાપેલ ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ**

૧૬૩૯૮**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જામનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ સ્થાપવામાં આવેલ છે?

**જવાબ**

જામનગર જિલ્લાના સાગરકાંઠાના છ તાલુકાઓમાં સાત સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. પરંતુ છેલ્લા એક વર્ષમાં ઓદ્યોગિક તાલીમ સંસ્થા સ્થાપવામાં આવેલ નથી.

------------

**કેમીક્લ્સ ના વેટ દરમાં કરેલ ઘટાડો**

૧૬૧૩૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં કેમીક્લ્સને લગતા વેટના દરમાં કેટલા ટકા ઘટાડો તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે કરવામાં આવ્યો?

**જવાબ**

કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.

------------

**વડોદરા જિલ્લામાં ખાનગી આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ ચૂકવવા અંગે**

૧૫૩૬૩**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા શહેર અને જિલ્લામાં કેટલી સરકારી તેમજ ખાનગી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૨) ખાનગી આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવાની જોગવાઈ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અન્વયે કેટલી ખાનગી આઈ.ટી.આઈ. દ્વારા આવું સ્ટાઈપેન્ડ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂક્વ્યું નથી?

**જવાબ**

(૧) વડોદરા શહેરમાં ૦૪ સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ૦૨ ગ્રાન્ટ-ઈન-એઈડ તથા ૨૨ સ્વનિર્ભર ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે.

વડોદરા જિલ્લામાં કુલ : ૧૩ સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ૦૮ ગ્રાન્ટ-ઈન-એઈડ તથા ૩૧ સ્વનિર્ભર ઓદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે.

(૨) શ્રમ અને રોજગાર વિભાગની ખાનગી આઈ.ટી.સી. ના તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવાની કોઈ જોગવાઈ નથી.

પરંતુ ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી.માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તથા અનુ.જન જાતિના તાલીમાર્થીઓને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી ની દરખાસ્તો મળ્યેથી શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવે છે.

સ્વનિર્ભર આઇ.ટી.સી.ના તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવાની કોઈ જ યોજના નથી.

(૩) કોઈ ચૂકવણું બાકીમાં નથી.

**જામનગર જિલ્લામાં મકાન બાંધકામ સહાયની મળેલ અરજીઓ**

૧૬૦૮૦**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને આધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકાઓમાં અનુસૂચિત જાતિના લોકોને મકાન બાંધકામ સહાય માટેની કેટલી અરજીઓ સને ૨૦૦૯ના વર્ષમાં આવેલ છે,

**જવાબ**

(૧) કુલ ૩૯૮ અરજીઓ.

(૨) કેટલી અરજીઓ તા.૩૧, ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ નિકાલ કરવામાં આવ્યો છે,

(૨) કુલ ૨૯૦.

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) કોઈ અરજીઓ પડતર નથી.

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને તેના શા કારણો છે?

(૪) કુલ ૧૦૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

| ક્રમ | નામંજૂરીના કારણો | સંખ્યા |
|---|---|---|
| ૧ | રહેવા લાયક મકાન હોવાથી | ૪૮ |
| ૨ | જમીનનો આધાર ન હોવાથી | ૩૯ |
| ૩ | અગાઉ મકાન બનાવવા સહાય લીધેલ હોઈ | ૭ |
| ૪ | બી.પી.એલ.ની યાદીમાં નામ ન હોવાથી | ૧૪ |
| | **કુલ :** | **૧૦૮** |

------------

## વડોદરા અને અમદાવાદ જિલ્લાનાં છાત્રાલયોની તપાસમાં પકડાયેલ ક્ષતિઓ

૧૪૭૦૫**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ક્યા ટ્રસ્ટો દ્વારા ચલાવવામાં આવે છે,

(૧) પત્રક* -૧ મુજબ

(૨) તે પૈકી કેટલા છાત્રાલયોની તપાસ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી,

(૨) વડોદરા જિલ્લાના ૨૩ અને અમદાવાદ જિલ્લાના ૫૭ છાત્રાલયોની તપાસ કરવામાં આવી.

(૩) તપાસમાં કઈ કઈ ક્ષતિઓ પકડાઈ, અને

(૩) ૧. છાત્રાલયનું રેકર્ડ સ્થળ પર ન રાખવું.
૨. કર્મચારીઓ હાજર ન હોવા.
૩. માન્ય સંખ્યા કરતાં ઓછા છાત્રો હાજર હોવા.
૪. છાત્રાલય બંધ હોવું.
૫. છાત્રો પ્રત્યે ગૃહપતિનું ગેરવર્તન.
૬. છાત્રો પાસેથી નિયમ બહારની ફી લેવી.
૭. છાત્રોને પુરતું ભોજન ન આપવું.
૮. રુમ, સંડાસ બાથરુમની પુરતી સગવડ ન હોવી.

(૪) ક્ષતિઓ સામે શી શી કાર્યવાહી કરવામાં આવી?

(૪) ક્ષતિ અનુસાર ગ્રાન્ટ કપાત, ગૃહપતિનો પગાર કપાત, છાત્રાલયની માન્ય રદ કરવા જેવી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી.

(* પત્રક-૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**અમરેલી જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતી મેળા**

૧૫૦૮૫**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, | (૧) ૧૩. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા બેરોજગારોને રોજગારી આપી, અને | (૨) ૧૦૧. |
| (૩) આવા ભરતી મેળાઓ વધુ યોજાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે? | (૩) રોજગારી અંગેની ખાલી જગ્યાઓની વધુ માહિતી એકત્રિત કરીને તથા સ્થાનિક ઉદ્યોગો સાથે સંકલન કરીને વધુ ભરતીમેળાઓ યોજવાનું આયોજન છે. |

------------

**આણંદ જિલ્લામાં જિલ્લાકક્ષાનું રમત સંકુલ બનાવવા અંગે**

૧૬૩૦૩ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાનું રમત સંકુલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા કક્ષાનું રમત સંકુલ બનાવવા કોઈ આયોજન થયેલ છે, અને | (૨) હા, જી. કલેકટરશ્રી, આણંદ તરફથી જમીન ફાળવણી થયેથી રમત સંકુલ બનાવવામાં આવશે. |
| (૩) તે અન્વયે કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવેલ છે અને ક્યા સ્થળે બનાવવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સિમેન્ટ કંપનીઓ પાસે વસુલ લેવાનો બાકી વેચાણવેરો**

૧૪૮૭૯**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સિમેન્ટ કંપનીઓ પાસેથી છેલ્લા બે વર્ષમાં કેટલો વેચાણ વેરો લેવાનો બાકી છે,

(૧)

| સમયગાળો | કેસ | વસુલાતની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ બાકી વસુલાત | ૨૧ | ૨૩૭.૪૮ |
| સમયગાળો | કેસ | વસુલાતની રકમ (રૂા. કરોડમાં) |
| તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ બાકી વસુલાત | ૨૧ | ૨૨૧.૯૪ |

(૨) દરેક કંપની પાસે વેચાણવેરાની વસુલાત ક્યારથી બાકી છે, અને

(૨) પત્રક* મુજબ.

(૩) આ વેચાણવેરો વસુલ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

**પત્રક ***

| ક્રમ | સિમેન્ટ એકમનું નામ | ક્યારથી બાકી છે |
|---|---|---|
| ૧. | લક્ષ્મી સિમેન્ટ | ૨૦૦૮-૦૯ |
| ૨. | રાધાકિશન સિમેન્ટ | ૧૯૮૯/૯૦ |
| ૩. | બાલારામ સિમેન્ટ | ૨૦૦૨/૦૩ |
| ૪. | હનુમાન સિમેન્ટ પ્રા. લીમીટેડ | ૨૦૦૪/૦૫ |
| ૫. | સોમાની સિમેન્ટ પ્રા. લીમીટેડ | ૧૯૯૭/૯૮ |
| ૬. | મહાકાળી સિમેન્ટ | ૨૦૦૦/૦૧ |
| ૭. | પંચમહાલ સિમેન્ટ કંપની લીમીટેડ | ૧૯૯૩/૯૪ |
| ૮. | સેવાલિયા સિમેન્ટ વર્ક્સ | ૧૯૯૫/૯૬ |

| | | |
|---|---|---|
| ૯. | ગુજરાત સિધ્ધી સિમેન્ટ | ૨૦૦૩/૦૪ |
| ૧૦. | ક્રમદાર સિમેન્ટ કંપની | ૧૯૮૯/૯૦ |
| ૧૧. | એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૧૯૯૪/૯૫ |
| ૧૨. | સોરાષ્ટ્ર સિમેન્ટ લીમીટડ | ૨૦૦૨/૦૩ |
| ૧૩. | એલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટડ | ૨૦૦૫/૦૬ |
| ૧૪. | ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની | ૧૯૯૨/૯૩ |
| ૧૫. | ગુજરાત હાઇટેક ઇન્ડસ્ટ્રીઝ | ૧૯૯૨/૯૩ |
| ૧૬. | સુવિન સિમેન્ટ પ્રા. લીમીટડ | ૨૦૦૫/૦૬ |
| ૧૭. | ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૧૯૮૭/૮૮ |
| ૧૮. | સરદાર સિમેન્ટ પ્રા. લીમીટડ | ૨૦૦૪/૦૫ |
| ૧૯. | કંગારૂ સિમેન્ટ પ્રા. લીમીટડ | ૨૦૦૪/૫ |
| ૨૦. | જ્યુપીટર સિમેન્ટ કંપની | ૨૦૦૦/૦૧ |
| ૨૧. | જે. કે. સિમેન્ટ પ્રા. લીમીટડ | ૧૯૯૬/૯૭ |

------------

## બનાસકાંઠા જિલ્લામાં રમતવીરોને પ્રોત્સાહન

૧૬૧૬૧**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રમતવીરોએ કઈ-કઈ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભાગ લીધો છે, અને

(૨) રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે સરકાર કેવા પગલાં લે છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં ૬૯ રમતવીરોએ સોફ્ટબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફેન્સીંગ, ફૂટબોલ, કુસ્તી, કબડ્ડી, એથ્લેટીક્સ, ખો-ખો, હોકી, જુડોની રમતોમાં રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફૂટબોલ રમતમાં ૧ રમતવીરે ભાગ લીધેલ છે.

(૨) રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે આંતરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર ખેલાડીઓને નીચે મુજબના એવોર્ડ દ્વારા સન્માનીત કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | એકલવ્ય સિનિયર એવોર્ડ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૨. | એકલ્વ્ય જુનિયર એવોર્ડ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૩. | સરદાર પટેલ સિનિયર એવોર્ડ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૪. | સરદાર પટેલ જુનિયર એવોર્ડ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૫. | જયદીપસિંહજી સિનિયર એવોર્ડ | રૂા. ૨૦,૦૦૦/- |
| ૬. | જયદીપસિંહજી જુનીયર એવોર્ડ | રૂા. ૧૦,૦૦૦/- |

આ ઉપરાંત એવોર્ડ મેળવનાર ખેલાડીને મોમેન્ટો, પ્રશસ્તિ પત્ર, બ્લેઝર, કાપડ અને ક્રેસ્ટ આપવામાં આવે છે.

૨. સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને પ્રવાસ તથા ભોજન ખર્ચ આપવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને કીટ મની આપવામાં આવે છે.

૩. રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર મહિલા ખેલાડીઓને રૂા. ૪,૮૦૦/- એકવાર વાર્ષિક સ્કોલરશીપ આપવામાં આવે છે.

૪. રમતવીરોને પ્રાત્સાહન આપવા તાલીમ, સાધનો, પ્રવાસ, પોષણક્ષમ આહાર વિગેરે માટે શક્તિદૂત યોજના અન્વયે Need base સહાય આપવામાં આવે છે.

૫. આંતર રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જતાં રાજ્યના ખેલાડીઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે. આ યોજના અનુસાર ખેલાડીને રૂપિયા ૭૫.૦૦૦/- સુધીની આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે.

૬. રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન મેળવનાર ખેલાડીઓને શિષ્યવૃત્તિ રૂા. ૧,૮૦૦/- તેમજ શાળાકીય શિયાળુ અને શરદ રમતો રાષ્ટ્ર

કક્ષાએ ભાગ લેવા જાય તેવા ખેલાડીઓને રૂા. ૧,૨૦૦/- ની વૃત્તિકા આપવાની યોજના અમલમાં છે.

**બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૪૭૧૪**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

(૨) તે પૈકી કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) બાકી રહેલ વિદ્યાર્થીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | પાત્રતા ધરાવતી વિદ્યાર્થીનીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૨૮૪ |
| ૨ | વડગામ | ૩૬૦ |
| ૩ | ડીસા | ૨૫૭ |
| ૪ | થરાદ | ૧૫૭ |
| ૫ | વાવ | ૩૨૮ |
| ૬ | દીયોદર | ૭૦ |
| ૭ | ભાભર | ૧૧૦ |
| ૮ | કાંકરેજ | ૩૦૩ |
| ૯ | દાંતીવાડા | ૭૫ |
| ૧૦ | દાંતા | ૧૯૬ |
| ૧૧ | ધાનેરા | ૧૪૦ |
| ૧૨ | અમીરગઢ | ૧૩ |
| | **કુલ :** | **૨૨૯૩** |

(૨) ૨૧૬૧.

(૩) રૂા. ૪૨,૯૮,૫૦૦/-

(૪) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧૩૨ વિદ્યાર્થીનીઓને સહાય ચુકવવાની બાકી હતી, જે ચુકવાઇ ગયેલ છે.

------------

**વડોદરા જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને આપેલ રોજગારી**

૧૫૨૯૨**શ્રી દિનેશભાઈ બી.પટેલ(પાદરા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આવેલ ઓદ્યોગિક એકમોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષોમાં કેટલા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ સ્થાનિક લોકોને રોજગારી આપવામાં સરકારના પરિપત્રનો ભંગ કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ - **૬૧૦૧**
તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ - **૬૯૭૧**
તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ - **૭૨૩૨**

(૨) (૧) ફીલીપ્સ ઇન્ડિયા લી. મુ. કુરાલ. તા. પાદરા
(૨) વેસ્ટર્ન ઇન્ડિયા સીરામીક, મુ. પાદરા
(૩) પેટ્રોફેબ, મુ. ડભાસા, તા. પાદરા
(૪) સોલારીઝ કેમ. ટેક.લી. કરખડી, તા. પાદરા
(૫) આસાહી સોન્ગવોન કલર્સ લી. દુધવાડા, તા. પાદરા.

## અમદાવાદ જિલ્લામાં સીધી ધીરાણની યોજનાની મળેલ ફરિયાદો

**૧૬૩૦૬શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના અલ્પસંખ્યકોને સીધી ધીરાણની યોજના હેઠળ આપવામાં આવતી લોનની રીકવરી માટે રીકવરી એજન્ટ કે રીકવરી સહાયકો નિમવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો અમદાવાદ શહેર અને જિલ્લા માટે નિમવામાં આવેલ રીકવરી એજન્ટ કે રીકવરી સહાયકોએ લાભાર્થીઓ પાસેથી કરેલ રીકવરીની રકમ જે તે એજન્સી કે સરકારમાં યોગ્ય સદરે જમા કરાવી નથી તેવી કેટલી ફરિયાદો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મળી, અને | (૨) કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૩) આ ફરિયાદો અન્વયે કસૂરદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

**૧૫૦૮૨ શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંકટમોચન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) પત્રક-૨ મુજબ. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે તેના કારણો શાં શાં છે? | (૩) કુલ-૨૧ અરજીઓ ચકાસણી હેઠળ છે. |

### પત્રક - ૧

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ દરમ્યાન મળેલ અરજીઓ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ દરમ્યાન મળેલ અરજીઓ | તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૧૧૫૫ | ૨૬૬૦ | ૩૮૧૫ |
| ૨ | દસક્રોઇ | ૯ | ૧૨ | ૨૧ |
| ૩ | ધોળકા | ૫૭ | ૩૫ | ૯૨ |
| ૪ | બાવળા | ૨૦ | ૪૬ | ૬૬ |
| ૫ | સાણંદ | ૪૭ | ૩૫ | ૮૨ |
| ૬ | વિરમગામ | ૫૯ | ૪૯ | ૧૦૮ |
| ૭ | માંડલ | ૨૧ | ૧૪ | ૩૫ |
| ૮ | દેત્રોજ | ૨ | ૬ | ૮ |
| ૯ | ધંધુકા | ૨૫ | ૩૨ | ૫૭ |
| ૧૦ | રાણપુર | ૨ | ૪ | ૬ |
| ૧૧ | બરવાળા | ૨૧ | ૨૪ | ૪૫ |
| | **કુલ :** | **૧૪૧૮** | **૨૯૧૭** | **૪૩૩૫** |

### પત્રક - ૨

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ દરમ્યાન મળેલ અરજીઓ પેકી મંજૂર થયેલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ દરમ્યાન મળેલ અરજીઓ પેકી મંજૂર થયેલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મંજૂર થયેલ કુલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૧૦૩૯ | ૧૦૩.૯૦ | ૨૩૬૮ | ૧૬૦.૩૦ | ૩૪૦૭ | ૨૬૪.૨૦ |
| ૨ | દસક્રોઇ | ૪ | ૦.૪૦ | ૬ | ૦.૬૦ | ૧૦ | ૧.૦૦ |
| ૩ | ધોળકા | ૨૮ | ૨.૮૦ | ૨૮ | ૨.૮૦ | ૫૬ | ૫.૬૦ |
| ૪ | બાવળા | ૧૩ | ૧.૩૦ | ૨૯ | ૨.૯૦ | ૪૨ | ૪.૨૦ |
| ૫ | સાણંદ | ૩૦ | ૩.૦૦ | ૨૪ | ૨.૪૦ | ૫૪ | ૫.૪૦ |
| ૬ | વિરમગામ | ૩૦ | ૩.૦૦ | ૨૯ | ૨.૯૦ | ૫૯ | ૫.૯૦ |
| ૭ | માંડલ | ૧૦ | ૧.૦૦ | ૧૨ | ૧.૨૦ | ૨૨ | ૨.૨૦ |

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ દરમ્યાન મળેલ અરજીઓ પેકી મંજૂર થયેલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ દરમ્યાન મળેલ અરજીઓ પેકી મંજૂર થયેલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ મંજૂર થયેલ કુલ અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | દેત્રોજ | ૧ | ૦.૧૦ | ૩ | ૦.૩૦ | ૪ | ૦.૪૦ |
| ૯ | ધંધુકા | ૫ | ૦.૫૦ | ૧૧ | ૧.૧૦ | ૧૬ | ૧.૬૦ |
| ૧૦ | રાણપુર | ૦ | ૦.૦૦ | ૨ | ૦.૨૦ | ૨ | ૦.૨૦ |
| ૧૧ | બરવાળા | ૧૦ | ૧.૦૦ | ૧૨ | ૧.૨૦ | ૨૨ | ૨.૨૦ |
| | **કુલ :** | **૧૧૭૦** | **૧૧૭.૦૦** | **૨૫૨૪** | **૧૭૫.૯૦** | **૩૬૯૪** | **૨૯૨.૯૦** |

------------

### કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ

૧૬૩૪૯ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સહાયની કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૩૬૯૮. |
| (૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી? | (૨) ૨૫૧૭-મંજૂર અને ૪૭૬-નામંજૂર. |

------------

### ભાવનગર જિલ્લામાં કાર્યરત ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ

૧૬૩૮૮**શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, | (૧) ૨૧ (૦૭ સરકારી આઇ.ટી.આઇ. સહીત) |
| (૨) તે પેકી ગ્રાન્ટ ઈન એઈડ કેટલી, અને | (૨) ૦૪. |
| (૩) સ્વનિર્ભર સંસ્થાઓ કેટલી છે? | (૩) ૧૦. |

------------

## શોકદર્શક ઉલ્લેખો

### ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણાનું તા.૧૭મી માર્ચ, ૨૦૧૦ના રોજ ૭૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મકવાણાનો જન્મ ૧૬મી ઓકટોબર, ૧૯૩૬ના રોજ ધોળકા તાલુકાના બગોદરા મુકામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ-૫ સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી મકવાણાએ બગોદરા ગ્રામ પંચાયતના સરપંચ ગ્રૃપ સેવા સહકારી મંડળીના ચેરમેન, અમદાવાદ જિલ્લા સહકારી બેન્ક તથા જમીન વિકાસ બેન્કના ડિરેક્ટર તરીકે તથા ભાલ નળકાંઠા ખેડૂત મંડળ અને ગુંદી સર્વોદય યોજનામાં સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી મકવાણા ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં ધોળકા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને તેઓશ્રીએ તા.૭-૬-૧૯૮૦ થી તા. ૧૦-૩-૧૯૮૫ સુધી સમાજ કલ્યાણ વિભાગના નાયબ મંત્રી તરીકે મહત્વપૂર્ણ ફરજો બજાવી હતી. સ્વર્ગસ્થ મકવાણા ખો-ખો, કબડી જેવી દેશી રમતોમાં શોખ ધરાવતા હતા. તેઓશ્રીએ નેપાળનો વિદેશ પ્રવાસ પણ કર્યો હતો.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ગસ્થ પરસોત્તમભાઈ મકવાણાના શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ પરસોત્તમભાઈ સાથે ખૂબ નજીકથી કામ કરવાનો મને મોકો મળ્યો હતો. સંપૂર્ણ સાદગીભર્યું જીવન નાનામાં નાના માણસની ચિંતા, બક્ષીપંચ કોમમાં કેમ એનો ઉત્થાન થાય એના માટેનું

સતત રટણ, જાહેર જીવનમાં માત્ર મુઠ્ઠીભર લોકોનું સ્થાન રહે એમ નહીં, ગામના છેવાડાના ઘરમાં બેઠેલી વ્યકિતને યોગ્ય રાજકીય પ્રતિનિધિત્વ મળે એના માટે પક્ષમાં પણ રાજકીય મોટા માથાઓ સાથે જ્યાં દલીલ કરવી પડે ત્યાં કરીને એને ન્યાય અપાવવાનો પ્રયત્ન, સતત નિષ્ઠા અને પ્રમાણિકતાથી જાહેર-જીવન એમણે કર્યું એમના જવાથી જાહેર-જીવનમાં નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરનાર એક ઉમદા વ્યકિતત્વ મારા પક્ષે પણ ગુમાવ્યું છે અને સમાજે પણ ગુમાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થના જવાથી જે એમના પરિવારજનો ઉપર આવી પડેલું દુઃખ છે એને સહન કરવાની ઈશ્વર શકિત અર્પે અને સદ્‌ગતના આત્માને હું પુષ્પાંજલિ-સ્મરણાંજલિ અર્પીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(ભાજપ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ પરસોત્તમભાઈ મકવાણા જેઓના અવસાનથી આ સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પરસોત્તમભાઈ એકદમ નિર્મળ સ્વભાવના તળપદી ભાષામાં બોલતા અને તેઓ પોતાના જીવનકાળ દરમ્યાન જેમ ધૂપસળી સળગે અને બીજાને સુગંધ આપે એવી રીતે તેમનું જીવન સાદગીભર્યું અને છેવાડાના માનવીને મદદરૂપ થવાની એક એમની નેમ હતી. છેલ્લા શ્વાસ સુધી તેઓએ ગામડામાં જ બગોદરામાં જ રહેવાનું પસંદ કર્યું અને એમના છેલ્લા શ્વાસ સુધી ગરીબો, છેવાડાના માનવીના કામ માટે એમના જીવનમાં તમામ કામો કર્યા. કોળી પટેલ સમાજ એટલે બહું મોટો સમૂદાય છે અને એ સમૂદાયનું સંગઠનનું કામ કરવાનું કામ એમણે કર્યુ.અને ૧૯૯૫માં એમણે ગુજરાત રાજય કોળી પટેલ સમાજની રચના કરી અને ૧૦ વર્ષ સુધી તેઓ એમાં પ્રમુખ તરીકે રહ્યા અને કોળી પટેલ સમાજમાં જે કુરિવાજો હતા એ દૂર કરી અને સમૂહ લગ્નો કરી અને ખોટા ખર્ચા દૂર કરવામાં એમણે ખૂબ પ્રયત્નો કર્યા. સહકારી સંસ્થાઓમાં પણ એ પ્રવૃત્ત રહેતા અને વિધાનસભામાં પણ એમણે લાંબા સમય સુધી એમનું પ્રતિનિધિત્વ કર્યુ છે આ સમાજમાં અને આ વિસ્તારમાં એમના અવસાનથી મોટી ખોટ પડી છે ત્યારે પ્રભુને પ્રાર્થના કરીએ અને હું શ્રદ્ધાંજલિ અર્પુ છું કે તેમના કુટુંબ પર આવી પડેલી આપત્તિને સહન કરવાની પ્રભુ શકિત આપે અને આપના દ્વારા શોકસંદેશો તેમના કુટુંબીજનોને પણ મોકલવામાં આવે,એવી હું વિનંતી કરું છું.

**શ્રી કાનજીભાઈ રા. તળપદા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. પરસોત્તમભાઈ કુટુંબમાં મારા ખૂબ નજીકના સગાં હતા તેઓ મારા સાળા હતા. સરપંચ તરીકે એમણે દસ વર્ષ સુધી એમની કામગીરી બજાવેલી. દરમ્યાનમાં લોકસભાની ચૂંટણીઓ આવી ત્યારે અમદાવાદ જિલ્લાના ધોળકા, ધંધુકા અને સાણંદ આ તમામ સમાજના કોળી પટેલો એકત્રિત થયાં અને એમણે એમ કહ્યું કે આપણે લોકસભામાં પરસોત્તમભાઈને ઉભા રાખવા છે, તે વખતે અમારો સમાજ બિલકુલ એકત્ર થયા અને ફોર્મ ભરાયું ત્યારબાદ કોંગ્રેસ તરફથી એવી બાંહેધરી મળી કે ભાઈ લોકસભા તમે રહેવા દો અને આગામી વિધાનસભામાં તમને ટિકિટ આપીશું. એ બધાયે માન્ય રાખ્યું અને તેથી સતત ચાર ટર્મ સુધી તેમણે નેતૃત્વ કર્યુ, ગુજરાત રાજય કોળી સમાજના પ્રમુખ તરીકે એમણે સતત બાર વર્ષ સુધી એ કામ કર્યુ અને બાર વર્ષ દરમ્યાન એમણે કોળી સમાજ આર્થિક, સામાજિક રીતે અંધશ્રદ્ધાથી દૂર થાય, તમામ રીતે કોળી સમાજનો વિકાસ થાય એવી પ્રવૃત્તિ કાયમના માટે કરતાં. એમની પાસે ગાડી નહોતી બસમાં ફરીને ગુજરાત રાજયના દરેક ખૂણાએ જઈ કોળી સમાજના વિકાસ માટે એમણે પ્રવૃત્તિ કરેલી. ગાંધીનગરમાં પણ કોળી સમાજની બોર્ડીંગ થાય તે માટે તેઓ એસ.ટી.માં જઈ આખા ગુજરાતમાંથી ફંડફાળો ભેગો કરીને અને અહીંયા બોર્ડીંગ બનાવી, બોર્ડીંગ અત્યારે બિલકુલ તૈયાર થઈ ગયેલ છે. આમ એમનો આખો સમય ગાંધીવાદી તરીકે અને લોકોને કેમ કરીને ઉપયોગી થવું એજ વિચાર એમનામાં કાયમને માટે રહેતો. મને પણ એવું કહેતા હતા કે આપણે રાજકારણમાં છીએ તો સમાજને દાગ ન પડે, સમાજ આપણને કોઈ આંગળી ન ચિંધે એ રીતે આપણે પ્રવૃત્તિ કરીશું તો જ આપણો સમાજ આગળ જશે અને સમાજને ઉપયોગી થવા માટે તમામ પ્રવૃત્તિ આપણે કરવી જોઈએ. મને એક કિસ્સો યાદ છે કે કોંગ્રેસમાં સ્વ. ચીમનભાઈ પટેલ અને કાંતિલાલ ઘીયા, એમને જ્યારે સી.એમ. બનવાનું હતું ત્યારે એમના બનેવી તરીકે મારી પાસે કેટલાક માણસો આવ્યા કે કાનજીભાઈ તમે આમને એવું કહો કે ચીમનભાઈને વોટ આપે, એમના મારફતે ઘણી લાલચો પણ આપેલી અને તે વખતે એમણે એવું કહી દીધેલું કે આપણી પાસે કોળી સમાજ પાસે પૈસા નથી આપણે જો લાલચમાં પડીશું તો કોળી સમાજની આબરુ જશે. એ માટે આ પ્રવૃત્તિમાં તમને જે કોઈ વાત કરે તો તમારે કહી દેવાનું કે એમાં પરસોત્તમભાઈ આવશે નહિ. આમ એ આખી જિંદગી દરમ્યાન કોઈપણ પ્રકારની લાલચમાં એ લપટાયા નથી. આખી જિંદગી તેમણે પોતાના સમાજ માટે અને સમાજના લોકો માટે કામગીરી કરેલ છે. આ ઉપરાંત એક કિસ્સો મને યાદ છે કે શિયાળ ગામના કોઈકે વી.એસ.માં દાખલ થવા જવું હતું ત્યારે બગોદરા આવ્યું એટલે કોઈએ કહ્યું કે પરસોત્તમભાઈને આપણે લેતાં જઈએ. તો એ છકડો લઈને આવ્યાં. તો છકડામાં તે બેસી ગયા અને પાલડીએ પોલીસે તેમને રોક્યાં. ત્યારે પોલીસે કહ્યું તમે ? તો કહે હું માજી મંત્રી છું તમે જવા દો. પણ તેમનો ડ્રેસ બિલકુલ સાદો હોય એટલે પેલા પોલીસવાળા કોઈ માન્યાં નહીં એટલે તેમને કહ્યું કે ના, આ ના ચાલે, આમ છે તેમ છે, કાર્યવાહી બધી કરો અને તેમણે મને ફોન કર્યો તે વખતે હું જિલ્લા પંચાયતમાં હતો એટલે તરત હું ત્યાં પહોંચ્યો અને કહ્યું કે ભાઈ, આ તો માજી મંત્રી છે અને તમે આ બધું શું કરો છો ? એટલે કહેવાનો મતલબ એ છે કે સાદાઈપૂર્વક તેમણે આખું જીવન ગુજાર્યુ છે. તેમના કુટુંબને, મારા સમાજને, અન્ય સમાજને તેમના જવાથી બહુ મોટી ખોટ પડી છે. ભગવાન તેમના આત્માને શાંતિ અર્પે અને

દુઃખ સહન કરવાની તેમના કુટુંબીજનોને શકિત અર્પે અને આપના મારફતે તેમને શ્રદ્ધાંજલિ મોકલીએ એટલી પ્રાર્થના સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી રણછોડભાઈ ક. મેર(અપક્ષ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અહીંયા સ્વ.પરસોત્તમભાઈ મકવાણા સાહેબનો શોક દર્શક લઈને આવ્યાં છે તેમાં હું મારો સૂર પુરાવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કોળી સમાજની અંદર મોટી એક ખોટ આવી છે કે જેમણે વર્ષોથી આ કોળી સમાજની ચિંતા કરી અને આ સમાજ કયાં આગળ આવે, કઈ જગ્યાએ તેમને દોરવા અને તમામ કોળી સમાજને રાહ ચીંધી અને આ સમાજને માટે હર-હંમેશને માટે તે એકત્રિત કરી અને સહુને સાચો માર્ગ ચીંધતા હતા. આજે હું આ ગૃહની અંદર ધારાસભ્ય તરીકે જો ઉભો હોઉં તો માનનીય પરસોત્તમદાદાના સાથ સહકાર અને તેમની લાગણીથી હું અહીંયા આ ગૃહમાં બેસવા મને મળ્યું છે ત્યારે મારા સમાજને અને મારા તાલુકાને તેમના જવાથી બહુ મોટી એક ખોટ પડી છે ત્યારે તેમના કુટુંબીજનોને મા ભગવતી અને તેમના કુટુંબને આ દુઃખ સહન કરવાની મા ભગવતી કૃપા કરે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વ.પરસોત્તમભાઈ મકવાણાના નિધન બદલ શોક પ્રસ્તાવ લાવ્યા છે અને તેને વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠી વિધાનસભામાં પરસોત્તમભાઈ મકવાણા સાથે આ ગૃહમાં બેસવાનું મને મળેલું. પણ તેનાથી પહેલાં તે ખૂબ સિનિયર ધારાસભ્ય અને પછી મંત્રી અને ખાસ કરીને દબાયેલા, કચડાયેલો જે વર્ગ હતો તેમાં તે દાદાના માનવાચક સંબોધને ઓળખાતાં. હાઈવે ઉપરથી જ્યારે જઈએ ત્યારે બાવળા ઉભાં રહીએ તો એમની પોતાની ઓટોમોબાઈલ્સની એક દુકાન હતી, ઑફિસ અને તે બધું સાથે હતું. અને ખૂબ સરળ સ્વભાવના. મારા વિસ્તારમાં રાપર મત વિસ્તારમાં તેમના સમાજના ખૂબ મોટી વસતિ અને તેમાં પણ અનેક વખત આવવાનું થાય. અને પૂર્વ વક્તાઓએ જે કહ્યું તે પ્રમાણે સરળ સ્વભાવના, સાદગી અને સમાજના દબાયેલા, કચડાયેલા વર્ગ માટે જ નહીં પરંતુ તે વિસ્તારની અંદર કારણ કે ભાલ નળકાંઠાનો વિસ્તાર તેમનાથી ખૂબ નજીક થાય તે બધામાં એ ખૂબ આદરભર્યુ સ્થાન મેળવેલ વ્યકિતત્વ હતા. ત્યાં બગોદરાની અંદર અમારા ઉપાશ્રયના આયોજન થયેલું ત્યારે પણ તેમના સલાહ-સૂચન અને માર્ગદર્શન મને મળેલું એટલે આ જે શોક પ્રસ્તાવ આવેલો છે તેમાં મારો સૂર પુરાવું છું અને પરસોત્તમભાઈ મકવાણાના પરિવારજનો અને જાહેર જીવનમાં તેમની સાથેના નજીકના તમામ લોકોને તેમનો વિયોગ સહન કરવાનો પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે એવી પ્રાર્થના.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે, અને અમારા નેતાએ જેને સમર્થન આપ્યું છે એવા પરસોત્તમભાઈ મકવાણા આ ગૃહમાં ૩ ટર્મ સુધી રહ્યાં. ૫ વર્ષ મંત્રીશ્રી તરીકે રહ્યાં. આટલું લાંબુ જાહેરજીવન, ચૂંટાયેલા પ્રતિનિધિ હોવા છતાં પોતાના વ્યકિતગત જીવનની અંદર જાહેર કાર્યકરની સાદાઈ કયા પ્રકારની હોવી જોઈએ, એ માટે કોઈ દાખલારુપ વ્યકિત હોય તો સ્વર્ગસ્થ પરસોત્તમભાઈ હતા. આટલા વર્ષો જાહેર જીવનમાં રહેવા છતાં એમનું વ્યકિતગત જીવન અત્યંત સાદાઈભર્યુ અને ગામડાના માણસ જે પ્રકારે રહેતા હોય એ પ્રકારે આખી જીંદગી એવા સાદા મકાનમાં બગોદરા જેવા એક નાનકડા ગામમાં એમણે પોતાનું વ્યકિતગત જીવન પૂરું કર્યુ અને છતાં એ જીવનભર સક્રિય રહ્યાં. અમદાવાદ જિલ્લાના પ્રશ્નો હોય, સામાજિક પ્રશ્નો હોય, કોંગ્રેસના કાર્યકર તરીકે કયાંક કોઈકને કોઈકનું ધ્યાન દોરવાનું હોય ત્યારે અચૂકપણે હિંમતથી, નીડરતાથી અને વડિલ દરજજે હંમેશા દરેકને માર્ગદર્શન જીવનભર આપતા રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, એમની સાદાઈનો એક પ્રસંગ હું કહીશ. એમને પોતાને હાર્ટ સર્જરી કરાવવાનો સમય આવ્યો. એ વખતે સર્જરી કરાવવાના પૈસા એમની પાસે નહોતા. આપણા નિયમો દવાખાનામાં માજી ધારાસભ્યને મદદ કરી શકાય એ પ્રકારના નહોતા. એટલે આ પૈસાનું કરજ પરિવાર ઉપર થયું છે એનું દુઃખ પણ વારંવાર વ્યકત કરતા હતા. એક સામાજીક કાર્યકર તરીકે, રાજકીય કાર્યકર તરીકે આપણે સૌએ એક ધડો લઈ શકાય, દાખલો લઈ શકાય એ પ્રકારનું પરસોત્તમભાઈનું વ્યકિતત્વ હતું. વ્યકિતગત દરજજે ખૂબ નજીકના હુંફાળા સંબંધો હતા. આપણા સૌને અને ગુજરાતને એક સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. આ ગૃહની લાગણી એમના પરિવાર સુધી પહોંચે અને સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ મળે એવી પ્રાર્થના કરું છું.

**અધ્યક્ષશ્રી** : પૂર્વ નાયબ મંત્રી અને આ સભાગૃહમાં ૪ ટર્મ સુધી જેમણે પોતાનું યોગદાન આપ્યું છે, એવા સ્વર્ગસ્થ પરસોત્તમભાઈ મકવાણાને અંજલિ આપતો પ્રસ્તાવ ગૃહના નેતાશ્રી લાવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ એને સમર્થિત કર્યુ છે, અન્ય સભ્યોએ પણ એમાં પોતાનો સૂર પૂરાવ્યો છે, પરસોત્તમભાઈની સાથે મારે પણ કેટલાક વર્ષો સુધી એક કુટુંબના સભ્ય તરીકે અને એક વડિલ સ્વજન તરીકે ગૃહમાં અને ગૃહની બહાર કામકાજ કરવાનો સમય ગાળ્યો છે. એનાં અનેક સંસ્મરણો યાદ આવે છે. શ્રી પરસોત્તમભાઈ સેવા, સરળતા અને એમના શાંત સ્વભાવને કારણે તેઓ  આ ત્રણે ગુણોની ત્રિમૂર્તિ જેવા હતા. એમણે આપણી વચ્ચેથી વિદાય લીધી. આપણે સૌ બે મિનિટ પોતાના સ્થાન પર ઉભા રહીને તેમને અંજલિ આપીશું.

(બે મિનિટ મૌન બાદ )

સૌ સભ્યો પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતના પરિવારજનોને મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અધ્યક્ષશ્રીના આદેશનું પાલન ન કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે કે આજે પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન સ્વર્ણિમ્ સોરઠના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે જયારે આખા પ્રશ્નનો વિગતવાર અને સંપૂર્ણ જવાબ આપ્યા પછી માનનીય સભ્યશ્રી આ જ સન્માનનીય સભાગૃહની અંદર પોતે ઉભા રહીને જે પ્રમાણેનું પ્રદર્શન કર્યુ. અને એમાં સભાગૃહની વ્યવસ્થા જાળવવાના આપના અધિકાર હેઠળના નિયમ ૪૭ પ્રમાણે અને નિયમ ૫૭ પ્રમાણે સભ્ય સભાગૃહમાં હોય ત્યારે તેમણે પાળવાના નિયમોનો સરેઆમ ભંગ થયો છે. આપના દ્વારા જયારે કહેવામાં આવતું હોય ત્યારે એક સન્માનનીય ચેર દ્વારા કહેવામાં આવે છે. ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો છે અને એમાં ૧૯૬૦ થી ૧૯૮૪ ના અગત્યના નિર્ણયના પુરસ્તકના પાના નંબર: ૫ ના નિર્ણય તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું કે, ૮ નંબરમાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણયની અવગણના કરવી એ અધ્યક્ષશ્રીનું અપમાન ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી હું એ આખો નિર્ણય વાંચતો નથી, પરંતુ એમાં માનનીય અધ્યક્ષશ્રી રાઘવજીભાઈ લેઉઆએ જણાવ્યું છે કે, એક વખત અધ્યક્ષશ્રીએ નિર્ણય કર્યા પછી એના ઉપર બોલવાનું ચાલુ રાખવું એ અધ્યક્ષશ્રીની ખુરશીનું ખરેખર ખૂબ મોટું અપમાન છે અને I can not tolerate this ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ આવા અનેક નિર્ણયો આપેલ છે. ૧૯૮૫ થી ૨૦૦૨ માં આપેલ નિર્ણયોના પાના નંબર ૧૦૫ ઉપર જણાવ્યું છે કે, સભાગૃહમાં કોઈપણ જાતનું ડેમોન્સ્ટ્રેશન કરી શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, તો એક વખત આપશ્રી દ્વારા માનનીય સભ્યશ્રીને વારંવાર કહેવામાં આવ્યું હોય કે આપનો જવાબ મળી ગયો છે, આપ આપનું સ્થાન લો, છતાં પણ માનનીય સભ્યશ્રી દ્વારા સતત પોતે ઉભા રહીને આપના નિર્ણયની સામે, આપના આદેશની સામે જે રીતનું તેમણે પ્રદર્શન કર્યુ છે એના સંદર્ભમાં જો નિર્ણય નહીં લેવામાં આવે તો ભવિષ્યમાં અનેક નવી પરંપરાઓ શરૂ થશે, નવા ચીલાઓ પ્રસ્થાપિત થશે અને આ નવી પરંપરાઓ અને નવા ચીલા એ આપણા નિયમોના નિયમ અને પ્રણાલિકાઓનું જતન નહીં કરી શકે. આ સભાગૃહમા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વારેઘડીએ નિયમોના નિયમના સંદર્ભમાં અને પ્રણાલિકાઓના સંદર્ભમાં આપણું ધ્યાન દોરે છે ત્યારે આ જે માનનીય સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ જે રીતે સભાગૃહમાં ગેરશિસ્ત કરી છે એમને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા માટેનો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સત્તાધારી પક્ષના મુખ્ય દંડકશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એના પહેલા ભાગને એટલે કે માનનીય અધ્યક્ષશ્રીએ કોઈ નિર્ણય આપ્યો હોય અને પછી એનું પાલન ન કરીએ તો એને ગંભીરતાથી લેવું જોઈએ અને એ ન લેવાય તો એ માનનીય અધ્યક્ષશ્રીનું અવમાન છે અને આ સભાગૃહનું અવમાન છે એ એમની વાતને હું ટેકો આપું છું. આ વિધાનસભાગૃહમાં આપે ઓરલ નહીં, પરંતુ લેખીત પણ નિર્ણય આપ્યો કે પ્રશ્નોત્તરી દરમ્યાન અભિનંદનો ન આપી શકાય. આ જે પણ માનનીય બે સભ્યશ્રીઓએ આપના આદેશ છતાં અવમાન કર્યુ એને ગંભીરતા સાથે લીધું હોત અને પછી માનનીય સભ્યશ્રી જવાહરભાઈ ચાવડા તરફ નજર નાખી હોત તો એ વધારે વાજબી ગણાત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રીનું ધ્યાન ત્રણ બાબતો તરફ દોરવું છે કે એક તો આપણા નિયમો તરફ એમાં એક પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય તરફ. આ ગૃહનું સંચાલન આપશ્રી કરો છો, આપે ગઈકાલે પણ એના તરફ આક્રોશ વ્યકત કરીને કે મારે કેમ સંચાલન કરવું એ મને કોઈએ સલાહ આપવની જરૂર નથી, તો આ વાત આ કિસ્સાને પણ એટલીજ લાગુ પડે છે. જવાહરભાઈ ચાવડા ઉભા રહે કે બેસી જાય એનાથી ગૃહની કાર્યવાહીમાં કેટલી ખલેલ પડે છે એ નિર્ણય કરવાનો અધિકાર આપનો છે. નિયમ ૫૧ આપણો સ્વયં સ્પષ્ટ છે. આપના જે અધિકારો છે You may have named him, you may have asked him to go out of the House.આપના જે નિયમ ૫૧ ના અધિકારો છે, અધ્યક્ષશ્રીના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂક અતિશય તોફાની હોય તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે. અને જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યએ તાબડતોબ તેમ કરવાનું રહેશે. તેમજ તે દિવસની બેઠકમાં એ હાજરી આપી શકશે નહીં અને સભાગૃહની હદમાંથી બહાર જશે. એના પર નિયમ-પર ઓવરલેપીંગ જેવો છે. અધ્યક્ષશ્રીને જરૂર જણાય ત્યારે જે સભ્ય અધ્યક્ષના અધિકારની અવગણના કરે અથવા સભાગૃહના નિયમનો દુરુપયોગ કરીને અન્યથા સભાગૃહના કામકાજમાં સતત અને જાણી બૂઝીને ખલેલ પહોંચાડે તેમને અધ્યક્ષશ્રી નામથી સંબોધશે. આપ તેને નેઈમ કરો છો. આપના પાવર્સ છે. આપ એમને ગૃહ છોડી જવાનું પણ કહી શકો એમ છો. પણ કયારે? જયારે આપને એમ લાગે કે આ સભ્યની વર્તણૂક ગૃહની વ્યવસ્થામાં અતિશય તોફાની છે ખલેલ પાડે છે. આ પહેલી વખત નથી. ભૂતકાળમાં પણ માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓએ આ પક્ષ આ તરફ હતો ત્યારે પણ આવા અનેક કિસ્સાઓ બન્યા છે. હું કિસ્સાઓ નહીં ટાંકુ, એના પ્રમાણમાં તો આજે કંઈ જ નથી થતું, કંઈ જ નથી થયું, એ

કિસ્સાઓને ધ્યાને લઈએ તો અને જે આપણે ત્યાં રેકોર્ડ થયેલા છે, માનનીય મનુભાઈ પાલખીવાળાનો કિસ્સો, પરંતુ આજે ચર્ચાઓનો સમય વધારે ઓછો ન થાય તે માટે હું ટાંકતો નથી, "આ સભાગૃહે એક માનનીય સભ્યશ્રીએ જયારે માનનીય અધ્યક્ષશ્રીએ બેસી જવાનું કહયું, નહીં બેઠા, અધ્યક્ષશ્રીએ દિલગીરી વ્યકત કરવાનું કહયું એક જુદા કિસ્સામાં, વ્યકત ન કરી, હાઉસમાંથી એમનો અનાદાર કરીને જતા રહયા પછી આ ગૃહે પ્રસ્તાવ કરીને એમને સસ્પેન્ડ કર્યા તો પણ માનનીય મનુભાઈ પાલખીવાળાએ મોટપ બતાવી અને કહયું કે ના, આ સભ્યશ્રી સામે સસ્પેન્સનનો પ્રસ્તાવ ભલે હોય, હું પણ આ ગૃહનો એક ચાકર છું, નોકર છું, નેતા, વિરોધપક્ષ અને નેતા ગૃહના મને દોરીને આ પદ સુધી લાવતા હોય, પણ ગૃહમાં આ રીતે ચાલે એ બરાબર નથી, એમના સામેનો પ્રસ્તાવ જે છે તે પાછો ખેંચાય અને એમને પાછા ગૃહમાં લવાય આ મોટપ પણ માનનીય અધ્યક્ષશ્રીએ દાખવી હતી. આજે શું થયું? જે છાપ હતી, અમોને પણ આક્રોશ હતો માનનીય નાણા મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી, તે મુદ્દાને હું ઉખેળવા નથી માગતો, પરંતુ માનનીય જવાહરભાઈનો જે આક્રોશ હતો એ એટલા પૂરતો હતો કે છાપ જે ઉભી થઈ હતી, આપ કહો છો કે નવું કંઈ નહોતું સોરઠનું અમે ભેગું ગણીને કરતા હતા નવી રકમ નહોતી, પણ એક નવી રકમ આપવાની છે તે વાત હતી અને તે પૈકી કંઈ નહોતું નીકળતું, ત્યારે જિલ્લાના સભ્ય તરીકે અને માત્ર પોતાના સ્થાન ઉપર શાંતિથી ઉભા રહયા છે અને વિરોધ પ્રદર્શીત કરવાનો વિરોધપક્ષનો અધિકાર છે એ અધિકાર ગૃહની કોઈ કાર્યવાહીને ખલેલ ન પહોંચે તે રીતે પ્રજાનો અવાજ ઉપસ્થિત કરવાનો એમણે પ્રયત્ન કર્યો છે અને એમ છતાં પણ જો આપને કંઈ એમ લાગતું હોય કે એનાથી માનનીય અધ્યક્ષશ્રીનું અવમાન થયું છે તો મારા પક્ષના સભ્ય વતી હું દિલગીરી વ્યકત કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ચર્ચા એ જે મુદ્દા પર છે તે મુદ્દા પર હું એને લઈ જવા માગું છું. મુદ્દો એ નથી કે માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ ૫૧ હેઠળ કાર્યવાહી કરવી જોઈતી હતી કે નહોતી કરવી જોઈતી, મુદ્દો એ પણ નથી કે નિયમ-૫૨ નો ઉપયોગ થયો છે કે નથી થયો, પ્રશ્નોતરી દરમિયાન પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરી શકાતો નથી એ પ્રણાલિકા છે. અને એટલા માટે જયારે કોઈ પણ ઘટના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ઘટે છે ત્યારે તેને લગતી કોઈ પણ બાબત, એ ચર્ચામાં પ્રશ્નોત્તરી અને ત્યાર પછી શોક પ્રસ્તાવ હતો એટલા માટે અથવા ૧૧૬ હોય તો ૧૧૬ પછી આવે છે. એ પ્રણાલિકા છે. આપે શું નિર્ણય લેવો, આપનું રૂલિંગ શું હોઈ શકે એ ચર્ચા કરવા માટેનો આ પોઈન્ટ ઓફ ઓર્ડર છે. નિર્ણય લેવાયો નથી, માનનીય અધ્યક્ષશ્રી આમ કરી શકયા હોત, એ અનુમાનો માટેની આ ચર્ચા જ નથી. મુદ્દો એ છે કે આ ગૃહમાં કોઈ પણ માનનીય સભ્યશ્રીને પ્રશ્નના જવાબથી સંતોષ હોય, ન હોય, શકય છે. કારણ કે દરેક સભ્યશ્રીને પોતાને સંતોષ થાય અથવા પોતે જે મુદ્દો ઉપસ્થિત કરવા માગે છે તે મુદ્દાને અનુરૂપ જ જવાબ મળે તેવું બનવાની સંભાવના ઘણી વખત ઉભી થતી નથી હોતી. પ્રજાના પ્રતિનિધિ તરીકે માનનીય સભ્યશ્રીનો આક્રોશ હોય તે પણ સમજી શકાય તેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન, The issue at debate right now is આ આક્રોશને આ સભાગૃહમાં કઈ રીતે વ્યકત કરવો તેને કોઈ પણ પ્રકારના ડેમોન્સ્ટ્રેશન અથવા તો એને કોઈ પણ રીતે પોતાનો આક્રોશ વ્યકત કરવાના કોઈ મુદ્દો બનાવીને અહીંયા ગૃહ સમક્ષ કોઈ પણ પ્રકારની અભિવ્યકિત થઈ શકે કે નહીં? એ મુદ્દાની વાત આપણે કરતાં હોઈએ તો હું Decisions from the Chair Page No. ૧૩૬ એ પુસ્તકના પાના નંબર ૧૩૬ ડેમોસ્ટ્રેશનને લગતો નિર્ણય છે એના તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું. એમાં ચોખ્ખુ લખેલ છે "No sort of demonstration can be made in the House. This was a demonstration, Sir. You can not make any sort of a demonstration in the House." There is the clear cut ruling given on this by the erstwhile Hon'ble Speaker. I will not read the entire judgment, I will read only the operative part of the judgment, which says that, ‘at this stage’ it is not important what for it is, the issue at debate is whether it was a demonstration or not. The Hon’ble Leader of Opposition has got no business to comment on what I am saying (interruption) Sir, I am on my legs. I am quoting from the decisions of the Hon’ble Speaker, I would like to submit with due humility that the decision the operative part of the decision is that ‘at this stage the Speaker Shri. Natwarlal Shah told the Chief Minister that demonstration in this House is prohibited. I repeat, sir, ‘Demonstration in this House is prohibited.’ Now the Hon’ble Member by keeping standing he has demonstrated before this House, that is beyond any question. He was trying to continuously get the attention of this House, that is beyond question. It was the way like any other demonstration, it was the way of demonstrating his protest and he continued with the demonstration that cannot be permitted." જો સાહેબ આ રીતની પરિસ્થિતિ ચાલુ રાખવામાં આવે અને આ પ્રશ્નને હળવાશથી લેવામાં આવે તો પરિસ્થિતિ એવી થશે કે આવતી કાલે આ સભાગૃહને વ્યવસ્થામાં રાખવાનું મુશ્કેલ બની જશે. પ્રશ્ન એ છે કે આવી પરિસ્થિતિમાં આ પ્રકારના ડેમોસ્ટ્રેશન અથવા આ પ્રકારની બાબતને ચલાવી લેવી કે નહિ. The issue at debate is this, not rule ૫૧ or ૫૨. અને એ ઈસ્યુને જો આપણે ચર્ચામાં મૂકવા માગતા હોય તો I

think the ruling is very clear, it was a demonstration and demonstration before this House cannot be permitted. I fully support the point of order raised by our Hon'ble Chief Whip.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત પ્રશ્નોત્તરીમાં ચાલુ થઈ હતી. તે વખતે મેં વાત કરી હતી, તે વખતે પણ બહુ સ્પષ્ટ હતું મને મારા પ્રશ્નનો જવાબ જોઈએ છે કારણ કે અમને એવું ફિલિંગ થયું છે કે અમે છેતરાણા છીએ. આ છેતરાવાનું ફિલિંગ મારું નહિ અમારા આખા સોરઠવાસીઓનું છે. આનો વાજબી ખુલાસો જોઈએ છે એ વાજબી ખુલાસો લેવા માટે હું આપની રાહ જોઈશ અને એના માટે એક ગાંધી ચીધ્યા રાહે હું મારા સ્થાન ઉપર ઊભો રહીને મારો વિરોધ નોંધાવીશ. હું મારા સ્થાન ઉપર ઊભો રહીને ગૃહને ડિસ્ટર્બ કરવાની પ્રવૃત્તિ કરી જ નથી. મેં અવાજ નથી કર્યા, મે કાગળ નથી ઉડાડ્યા કે વેલમાં નથી આવ્યો. આ ગૃહનો એક મિનિટનો સમય બગાડ્યો નથી. ફક્ત ગાંધીજીના વિચારોના આધારે હું મારા સ્થાન ઉપર ઊભો રહીને મારો વિરોધ નોંધાવેલ છે. આવો કિસ્સો ગૃહમાં કદાચ પહેલીવાર બન્યો હશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપને પૂછું છું કે શું એક સભ્ય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપને પૉઈન્ટ ઉપર ઑર્ડર ઉપર કહેવાની વાત પતી ગઈ છે. (અંતરાય) આપ બેસી જાવ. આપ મને પૂછી ન શકો, આપ બેસી જાવ. આ સભાગૃહમાં શ્રી પ્રદિપસિંહજીએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે. વિરોધપક્ષના નેતાશ્રી અને જયનારાયણભાઈએ અને જવાહરભાઈએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. સમગ્ર પ્રશ્નને બે ભાગમાં વહેંચવો પડશે. પહેલો ભાગ એ છે કે મંત્રીશ્રી પ્રશ્નનો જવાબ આપે એ જવાબથી સભ્યને સંતોષ હોય કે અસંતોષ હોય, કારણ કે શરૂઆત ત્યાંથી થાય છે. માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ જે જવાબ આપ્યો એ સંભવ છે કે મને એ જવાબ સ્વીકાર્ય ન હોય અને જ્યારે સ્વીકાર્ય ન હોય ત્યારે આપણાં નિયમો નીચે બીજાં અનેક માર્ગો છે તેના ઉપરથી ચર્ચા ઉપસ્થિત કરવાનો અને એ માર્ગ જ આપણને આપણાં વિધાનસભાના અને લોકસભાના નિયમો

ઘડનારાઓએ ખુલ્લા રાખ્યા છે એટલે એ માર્ગને બંધ કરી દેવા આપણે માગતા નથી. નિયમ-૯૨ નીચે ચર્ચા ઉભી કરી શક્યા હોત. મંત્રીશ્રીને રૂબરૂ મળી શક્યા હોત અને એ સભાગૃહમાં આ અંગે ફરીથી પણ ચર્ચા લાવવાનો પ્રયત્ન કરી શક્યા હોત. આ પ્રશ્ન જવાબથી અસંતોષ થાય અથવા તો પ્રશ્નનો જવાબ મારે જે જોઈએ છે એ વિગતો નથી હોતી. આ સભાગૃહમાં કોઈ પણ કોઈ સભ્ય મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ ફરજ પાડી શકાતી નથી. એટલે હું આ પ્રકારનો જવાબ ઇચ્છું છું અને એ જવાબ મને મળ્યો નથી એ ફરજ પાડી શકાતા નથી ત્યાંથી પ્રશ્નની શરૂઆત થાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે એ જવાબ આ સભાગૃહમાં ન મળે તો ડેમોન્સ્ટ્રેશન કરી શકાય. જો પ્રશ્નનો જવાબ ડેમોન્સ્ટ્રેશન કરી શકાય એ હા છે તો એ માર્ગને ગાંધીમાર્ગ કહેવાય નહીં કારણ કે ગાંધીજીએ જે રસ્તાઓ અપનાવ્યા છે તેના ડેમોન્સ્ટ્રેશનના રસ્તાઓ પણ નક્કી કરેલા છે. ગાંધીજી જે દિવસે ડેમોસ્ટ્રેશન કરતા હતા તે દિવસે અંગ્રેજોનું બંધારણ હતું. સત્યાગ્રહ કરતા હતા ત્યારે પણ તેની મર્યાદાઓને જાણીને ચોક્કસ સ્થળોએ ડેમોન્સ્ટ્રેશન થતું હતું. અહીં આગળ ડેમોન્સ્ટ્રેશન થાય કે ન થાય તે માટે આપણી સંસદીય પ્રણાલિકાઓ માટે આપણા જ વિધાનસભા ગૃહનું જે પ્રગટ પુસ્તક છે સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ. તેના પાના નં. ૪૧૪ ઉપર બહુ સ્પષ્ટ કહ્યું છે કે સભ્ય પાર્લામેન્ટ હાઉસમાં અને પાર્લામેન્ટ હાઉસની એસ્ટેટમાં ભૂખ હડતાલ ઉપર ઉતરવો જોઈએ નહીં, ધરણા કે દેખાવો કરવા જોઈએ નહીં અને કોઈ ધાર્મિક વિધિ કરવી જોઈએ નહીં. આ સ્પષ્ટ રીતે થાય છે કે આ સભાગૃહમાં શ્રી જવાહરભાઈ ચાવડાએ જે દેખાવો કર્યા એ દેખાવો હતા. ડેમોન્સ્ટ્રેશન હતું અને એ આપણે કરી શકાય નહીં. હું જે અગાઉના રૂલીંગનો ૧૦૫ નંબરના પાના ઉપર જે કહ્યું છે, નટવરલાલ શાહનું રૂલીંગ, આ સભાગૃહમાં ડેમોન્સ્ટ્રેશન કરવાની મનાઈ છે. એ વાત સાથે પણ સંમત થાઉં છું કે ડેમોન્સ્ટ્રેશન કરી શકાય નહીં. ડેમોન્સ્ટ્રેશન થયું છે અને ડેમોન્સ્ટ્રેશન થયું હોય અને દુઃખ થયું હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું. એમ વિરોધપક્ષના નેતાશ્રીએ પણ કહ્યું છે. મને લાગે છે કે વિરોધપક્ષના નેતાશ્રી પોતાના સભ્યો માટે દિલગીરી વ્યક્ત કરે એ એક પ્રણાલિકાની રીતે સારું છે, પરંતુ મારો અનુરોધ છે કે જો સભ્યશ્રી જવાહરભાઈ એમ કહેતા હોય કે હું ગાંધીજીના ફોટા તળે ગાંધીજીની કહેલી વાતને અને ગાંધીવાદના આટલા હિમાયતી હોય ત્યારે હું એમને આદેશ આપું છું કે, આપે જે પ્રકારનું ડેમોન્સ્ટ્રેશન કર્યું, એને ડેમોન્સ્ટ્રેશન કહેવાય અને એ જો આપણે ચાલુ રાખીશું તો મને લાગે છે કે એ પ્રક્રિયાની અંદર દરેક પ્રશ્નની અંદર બધાને સંતોષ મળવાનો નથી. દરેક પ્રશ્નની અંદર પોતે જે ઈચ્છે છે એ પ્રકારનો જવાબ મળવાનો નથી. હું જાણું છું કે આ પ્રશ્નની અંદર આપનો આ પ્રશ્ન માટેનો જે આગ્રહ હતો એ ઘણો મોટો હતો કારણ કે મેં એ પણ જોયું છે પરંતુ માનનીય નાણામંત્રીશ્રીએ પ્રશ્નને પૂરેપૂરો એમની પાસે જે વિગત હતી એ મુજબ એમણે જવાબ પણ આપ્યો છે અને અગાઉના એમના ઉલ્લેખો જે હતા એ ઉલ્લેખોની પુનરોકિત કરી છે. તેમ છતાં પણ આપના એ આગ્રહથી એમના જવાબથી આપને સંતોષ ન થયો હોય તો આ સભાગૃહની અંદર જે ડેમોન્સ્ટ્રેશન કર્યું છે એ કરી શકાય નહીં, ડેમોન્સ્ટ્રેશન કરવાનો આપે જે નિર્ણય કર્યો એ નિર્ણય પણ ગેરવ્યાજબી હતો.અને એવી રીતે જોઈએ તો સભાગૃહનો જે શિષ્ટાચાર છે, સભાગૃહની અંદર આપણે સૌ સાથે મળીને શોભા વધારવાની આપણા સૌની જવાબદારી છે, એ વ્યકિતગત રીતે દરેક સભ્યની જવાબદારી છે અને સામૂહિક રીતે આપણા સૌની જવાબદારી છે. આ સભાગૃહ આપણું સભાગૃહ છે. આ

સભાગૃહમાં આપ સૌ જવાબદાર લોક પ્રતિનિધિઓને લોકોના પ્રશ્નો રજૂ કરવા માટેનું આ એક ગૃહ છે અને એ ગૃહની અંદર ડેમોન્સ્ટ્રેશન, એના દેખાવોની માત્રાઓ થતી જશે તો આ સભાગૃહ સભાગૃહ નહીં રહે અને એટલા માટે આ સભાગૃહની અંદર સંચાલનની જવાબદારી કઈ રીતે રહે એના માટે નિયમો બનાવ્યા છે એ નિયમો ઉપરાંત જ્યારે જ્યારે આવી ઘટનાઓ બની છે ત્યારે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આદેશો આપ્યા છે, એ પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલા આદેશોને વળગી રહું છું. આજે જે ઘટના બની છે એને ડેમોન્સ્ટ્રેશન કહેવાય. આ પ્રકારનું ડેમોન્સ્ટ્રેશન ન થાય અને ડેમોન્સ્ટ્રેશન આ પ્રકારનું કરવું એ માટે વિરોધપક્ષના નેતાશ્રીએ ગૃહમાં દિલગીરી વ્યક્ત કરી છે ત્યારે આપ જવાબદાર સભ્ય તરીકે આપને દિલગીરી વ્યક્ત કરવા જણાવું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું દિલગીરી વ્યક્ત કરું છું.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અધ્યક્ષશ્રીના આદેશોના ઉલ્લંઘન બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. સત્તાધારી પક્ષના મુખ્ય દંડકશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશો ટાંકીને વાત કરી હતી. એના સંદર્ભમાં મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપે કહ્યું છે કે, ભૂતકાળમાં આપે આપેલા આદેશો હતા તો એ પછી આપશ્રીએ આપનો આદેશ વાંચી સંભળાવ્યો અને લેખિત પણ અમને આપ્યા પછી આજે શ્રી પ્રફુલ્લભાઈ પટેલે અને શ્રી કનુભાઈ ભાલાળાએ એમણે પ્રશ્નોત્તરીમાં આભાર અભિનંદનની જે લાગણી વ્યક્ત કરી અને મુખ્યમંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપ્યા એના માટે ગૃહના નેતા અથવા સભ્ય કોણે દિલગીરી વ્યક્ત કરવી એ મને ખબર નથી. ગૃહનું અવમાન થયું છે. માનનીય પ્રદિપસિંહે નિર્ણય ટાંક્યો છે, મેં સમર્થન આપ્યું છે, આપે પણ કહ્યું છે, આપ પણ બંધાયેલા છો, ભૂતકાળના નિર્ણયો કલીયર છે. અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યા પછી એની વિરુદ્ધનું પાલન એ ગૃહનું અવમાન છે, ગૃહનું અપમાન છે. એ શબ્દો કહેવાયા છે. આને વળગી રહીને આપે સભ્યશ્રીને કહ્યું છે, આના માટે કોણ દિલગીરી વ્યક્ત કરે અથવા શું થશે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ દિલગીરી વ્યક્ત કરો છો કે નહીં, એટલું જ.(અંતરાય) એની ચર્ચા જવા દઈએ. એમને ખુલાસો કરવાની તક આપું છું. એમનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એના ઉપર જ કહો. શાના માટે આપે કહ્યું એ પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે, આપે અભિનંદન કરતા શબ્દો વાપર્યા છે, મારા રૂલિંગ પછી વપરાયા છે, એટલા પૂરતું કહેવાનું રહે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહે મુદ્દો ઉપસ્થિત કર્યો છે. એ મુદ્દાના સંદર્ભમાં મારું આપને એટલું જ ધ્યાન દોરવાનું કે, આપે જે આદેશ આપ્યો છે એ આદેશની અંદર વક્રોકિત કે અતિશયોકિત એ પ્રમાણેનું કોઈપણ સભ્યશ્રીના પ્રવચનમાં કે પ્રશ્નોત્તરી દરમિયાન ઉપસ્થિત થવું ન જોઈએ. જ્યારે સત્તાધારી પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓ પ્રશ્નોત્તરી કાળમાં સરકાર દ્વારા થયેલી સારી કામગીરીનો જ્યારે ઉલ્લેખ કરે છે, એ ઉલ્લેખ પણ ન કરે એવું આપના આદેશમાં એ પ્રમાણેનો કયાંય ઉલ્લેખ, એ ભાષામાં એ પ્રમાણેનો ઉલ્લેખ કર્યો નથી. એટલે આ પ્રશ્નની અંદર આપે કરેલા આદેશના કારણે માનનીય સભ્યશ્રીઓએ કોઈપણ પ્રકારની અવમાનના કરી હોય એ પ્રમાણેનું ઉપસ્થિત થતું નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન નથી, એ બાબત તો બહુ સ્પષ્ટ છે. શબ્દ સીધો દેખાય. માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન અને વક્રોક્તિ બન્ને બાબતમાં આદેશ આપ્યો છે.માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓ કેટલાય કટાક્ષો કરે છે, કેટલીય વક્રોક્તિ કરે છે. (અંતરાય) માનનીય સી.કે. રાઉલજી જ્યારે મહેસૂલ વિભાગ ઉપર પ્રવચન કરતા હતા ત્યારે એમણે આનંદીબેન વિશે એવું કહ્યું હતું કે, આનંદીબેન ગુસ્સે થઈ જાય છે, એમની પાસે ત્રણ ખાતા છે, ઘણો લોડ છે એમ કરીને મહિલા ઉપર આડકતરા અનેક કટાક્ષો આ લોકો કરતા હોય છે. માનનીય સભ્યશ્રીઓ સરકારને, મુખ્યમંત્રીશ્રી વિશે પણ વક્રોક્તિ કરતા હોય છે તો આ વક્રોક્તિ કઈ રીતે કરવી અને ગણવી એની વ્યાખ્યા પહેલા નક્કી કરવી પડશે.

**અધ્યક્ષશ્રી** : જે પ્રશ્ન અંગે પૉઈન્ટ ઑફ ઑર્ડર હતો એના બે રૂલિંગ મેં વારાફરતી આપ્યા છે. એ બન્ને રૂલિંગ મેં સરક્યુલેટ પણ કર્યા છે અને એ રૂલિંગને હું આજે વળગી રહું છું. મને લાગે છે કે એમાં જરા વધુ સ્પષ્ટીકરણની જરૂર લાગે છે અને એ જરૂરી એ છે કે મેં બે શબ્દો ખાસ વાપર્યા હતા એક વિશેષણો અને એક વક્રોક્તિ. પછી વ્યંગ, આક્ષેપો અને બાકીની વાત. આ આપણા વિધાનસભાના નિયમોના નિયમ ૭૮(૪)ના આધારે મારું આ રૂલિંગ આપેલ છે. નિયમોના આધારે અપાયેલ રૂલિંગ છે. ત્યાર પછી પૂરક પ્રશ્ન માટેના પ્રશ્નો છે. ૭૮ માં પ્રશ્ન ઉપરનું છે. ૭૮(૪) ત્યાર પછી બાકીના રૂલિંગ આવે છે એ પૂરક પ્રશ્નોને લાગું પડે છે. એમ કરીને સમગ્ર મારા રૂલિંગને વળગી રહું છું. સ્પષ્ટીકરણ કરતાં મારે કહેવું છે કે આની અંદર મેં સ્પષ્ટ કહ્યું છે કે આ આપણી સ્વયં સમજનો પ્રશ્ન છે. હવે મને લાગે છે કે જે પ્રકારે પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન ટૂંકો હોવો જોઈએ, ત્યાર પછી પૂરક પ્રશ્ન પૂછનાર પણ ટૂંકા પ્રશ્નો પૂછે. હવે પ્રશ્નોત્તરી દરમિયાન શક્તિસિંહજીએ જે પ્રશ્ન આજે બે ધારાસભ્યશ્રીઓ માટે ઊભો કર્યો એને મારું રૂલિંગ લાગું પડે છે અને જો આપણે એ મર્યાદાઓને સ્વીકારીશું તો, અભિનંદન ચર્ચામાં ચોક્કસ આપી શકાય. એની હું ના પાડતો નથી. પોતાની અભિવ્યક્તિ કરવા માટે જ આપણે

આવીએ છીએ. પણ અભિવ્યક્તિ કરવા માટેનો એક સમય છે. અનેક પ્રકારની ચર્ચાઓ આવે છે એ ચર્ચાઓ દરમિયાન આપ સરકારને અભિનંદન આપો, આપને લાગે કે સરકારનું આ કામ સારું છે તો સરકારને અભિનંદન આપવાની જવાબદારી માત્ર શાસક પક્ષની છે એવું નથી, વિપક્ષની પણ જવાબદારી બને છે કે સારું થતું હોય તો એને અભિનંદન આપે. પણ વ્યંગ, આળ અને આક્ષેપ એ આ પક્ષથી પણ ન થાય અને તે પક્ષથી પણ ન થાય. એ કરવા હોય તો નિયમો જુદા છે. આક્ષેપ કરવો હોય તો નિયમ ૩૭ નીચે થઈ શકે છે. અગાઉ અપાયેલ રૂલિંગ સ્પષ્ટ છે. એને કોઈ બીજા સ્પષ્ટીકરણની જરૂર નથી. એટલા માટે ફરી એકવાર પુનરોક્તિ સાથે પણ કહું છું કે આપણે જો આ મર્યાદાની લક્ષ્મણ રેખાને ઓળંગીશું તો અધ્યક્ષે વારંવાર સ્પષ્ટીકરણ કરવા પડે એ પણ યોગ્ય નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સભ્યશ્રીઓ બાબતમાં શું થાય છે? દિલગીરી કોણ વ્યક્ત કરે છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી પછી જ પૉઈન્ટ ઑફ ઑર્ડર હોય. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં ક્યાંક આપના આદેશનું અર્થઘટન કરવામાં અમારા સભ્યશ્રીઓએ પૂરતી સમજણથી કદાચ અર્થઘટન ન કર્યું હોય એના કારણે પરિસ્થિતિ ઊભી થઈ છે. એમાં ક્યાંક એમને એમ લાગતું હોય તો મારા બન્ને સભ્યશ્રીઓ તરફથી હું દિલગીરી વ્યક્ત કરું છું.

## અધ્યક્ષશ્રીનું અવલોકન

### શોકદર્શક પ્રસ્તાવની ગંભીરતા જાળવવા બાબત

**અધ્યક્ષશ્રી** : શોકદર્શક પ્રસ્તાવો માટે આપણે કેટલીક મર્યાદાઓ નક્કી કરેલી જ છે. શોકદર્શક પ્રસ્તાવ વખતે આપણે ઊભા થઈને જતાં નથી. હું એ સભ્યશ્રીઓના નામોનો ઉલ્લેખ્ કરતો નથી. પરંતુ મેં જોયું કે શોકદર્શક પ્રસ્તાવો વખતે આ સભાગૃહના બે સભ્યો શોકદર્શક પ્રસ્તાવની ગંભીરતા જાળવી શક્યા નહોતા અને જે જાતનો વ્યવહાર કરતા હતા એ યોગ્ય નથી અને એ જળવાય તો જ શોકદર્શક પ્રસ્તાવ માટેની જે આપણી લાગણી છે અને એનું સન્માન છે. જેમ ઊભા થઈને આપણે જઈ શકતા નથી એનું આપણું એક રૂલિંગ છે પણ આપણે આપણા સ્થાન ઉપર બેસીને પણ બીજા સભ્યોની સાથે વાતચીત કે એ વાત નહોતી પણ મેં જોયું કે બે સભ્યશ્રીઓ એ પ્રકારના જે એક બીજાની સામે વચ્ચે અંતર પણ ઘણું હતું પણ એ દેખાતું હતું એ બહુજ ખરાબ દેખાતું હતું. એટલે એ પ્રકારનો વ્યવહાર એ ના કરે તો વધારે સારું છે, નેક્સ્ટ.

## સભ્યશ્રી દ્વારા થયેલ વિવેકભંગ બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જ્યારે આપ ઓન લેગ્સ હતા. આપે એક મિનિટ એક મિનિટ ઘણું કહ્યું છતાં નીતિનભાઈ ઊભા થઈને ગયા. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ઓન લેગ્સ હોય ત્યારે કોઈ પણ સભ્યશ્રી એ પોતાના સ્થાન ઉપર જ્યાં ઊભા હોય ત્યાં ઊભું રહી જવું જોઈએ. ગૃહ પર ચાલવું ના જોઈએ, જવું ના જોઈએ. આપે બધાજ જોવે એમ એક મિનિટ એક મિનિટ કહ્યું, આપની સામે જોયા પછી પણ એ ચાલીને બહાર ગયા. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતના નિર્ણયો છે. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. (અંતરાય) પણ એ ગયા, નીતિનભાઈ ત્યારે જ ગયા. (અંતરાય) અરે, ગમે તેને કહ્યું કહેવાની જરૂરત નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપે જોયું છે કે ભૂતકાળના નિર્ણયો છે, ઈટસ ઓન રેકોર્ડ કે માનનીય અધ્યક્ષશ્રી જ્યારે ઓન લેગ્સ હોય ત્યારે અન્ય કોઈ સભ્યએ જ્યાં હોય ત્યાં, રસ્તામાં હોય તો રસ્તામાં ઊભા રહી જવું પડે. અધ્યક્ષશ્રી બેસે પછીજ જવાય. આપ ઊભા હતા, એમણે આપના સામે જોયું. આપે અનિલભાઈને કહ્યું કે કોને કહ્યું એ વિવાદનો મુદ્દો નથી.

**અધ્યક્ષશ્રી** : મેં અનિલભાઈને કહ્યું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે નહિ જવું જોઈએ અને આમાં કોઈ વિવાદ હોઈ શકે નહિ. માનનીય જયનારાયણભાઈ પણ એ વાત સાથે સંમત થશે કે આમાં કોઈ વિવાદ ના હોઈ શકે. આપ ઊભા હતા અને એ ગયા છે એ હકીકત છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંમત થવા માટે જ ઊભો થયો છું. અમારા સાથી દ્વારા કદાચ કાંઈ વિવેકભંગ થયો હોય તો હું સાહેબ માફી માગું છું, પણ આ જ વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, જ્યારે આપ ઓન લેગ્સ હો ત્યારે સાહેબ એ યાદ રાખે એટલી મારી વિનંતી છે.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### જાહેર સાહસો માટેની સમિતિના નવમા, દસમા અને અગિયારમાં અહેવાલની રજૂઆત

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો નવમા, દસમા અને અગિયારમાં અહેવાલો રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમાં અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (સમિતિના સભ્યશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (સમિતિના સભ્યશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દશમો દિવસ)

## કૃષિ અને સહકાર વિભાગ

### માગણી ક્રમાંક ૨

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૧૨,૭૭,૫૩,૭૩,૦૦૦/- અને મૂડીખર્ચ માટે રૂા.૫૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવી.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.

### માગણી ક્રમાંક : ૪

**શ્રી દિલીપ સંઘાણી ( પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧,૭૨,૮૯,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.
માગણી ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવી.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૫**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૩૬,૧૦,૦૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૪૨,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૬**

**શ્રી દિલીપ સંઘાણી ( મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૬૬,૯૨,૦૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૨,૨૨,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા ૨૩-૩-૨૦૧૦ (બીજી બેઠક) (દશમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| | | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | | |
| ૧. * | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૫૩,૧૦,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં.૧૨ થી ૧૭ | ૧૦૦ | રાજયમાં વેચાતા નકલી બિયારણોના કારણે ખેડૂતોને આર્થિક નુકશાન થાય છે, ત્યારે આવા બિયારણોના થતા વેચાણમ અટકાવવા જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | -- " -- | ૧૦૦ | કૃષિ પાકના ખરેખર સાચા અંદાજો રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | -- " -- | ૧૦૦ | સૂકી ખેતીના પાકો માટે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૪. | -- " -- | ૧૦૦ | ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૫. | -- " -- | ૧૦૦ | ખેડૂતોને ટેકનોલોજી આધારીત ખેતી અંગેનું માર્ગદર્શન મળે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૬. * | -- " -- | ૧૦૦ | કૃષિ મેળાઓમાં કીટસ આપવામાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૭. | -- " -- | ૧૦૦ | કૃષિ પાકનુ ઉત્પાદન વધુ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૮. | ૨૪૦૧ પાક........... વ્યવસ્થા<br>૧૦૫ ખાતર........ખાતર<br>રૂા. ૪૭,૧૫,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં.૨૫ થી ૩૧ | ૧૦૦ | ખેડૂતોને જરૂરી રાસાયણિક ખાતર પૂરુ પાડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૯. | ૨૪૦૧ પાક.........વ્યવસ્થા<br>૧૧૦ પાક વીમો<br>રૂા. ૨,૨૦,૩૯,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં.૪૮ થી ૪૯ | ૧૦૦ | પાક વીમાના કલેઈમ મૂકાયા પછીસત્વરે તેની મંજૂરી મળે તે માટે જરૂરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૦. | -- " -- | ૧૦૦ | પાક વીમાની રકમ મંજૂર થયા પછી તેની સત્વરે ખેડૂતોને વહેંચણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમરસિંહ વસાવા |
| | | **માગણી નં. ૪** | | |
| ૧૧. | ૨૪૦૩ પશુપાલન<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૦,૦૯,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં.૯૧ થી ૯૩ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં બિમાર પશુઓની પૂરતી કાળજી અને દેખરેખ રાખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૨. * | -- " -- | ૧૦૦ | પશુદવાખાનાઓમાં ડોકટરોની અનિયમિત હાજરીના કારણે પશુ માલિકોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૩. | -- " -- | ૧૦૦ | પશુદવાખાનાઓમાં ડોકટરોની ઘટ પૂરવામાં તેમજ જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૪. | -- " -- | ૧૦૦ | પશુપાલન નિયામકની કચેરીના કથળેલા વહીવટ ને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવેદ પીરજાદા |
| ૧૫. | ૨૪૦૩ પશુપાલન<br>૧૦૨ પશુ...........વિકાસ<br>રૂા. ૪૬,૪૭,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૧૧૧ થી ૧૨૪ | ૧૦૦ | વધારે દૂધ મેળવવા પશુઓને પ્રતિબંધિત દવાના ઈન્જેકશનો અપાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૬. | ૨૪૦૩ પશુપાલન<br>૧૦૪ ઘેંટા.......વિકાસ<br>રૂા. ૧૨,૫૦,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પા.નં. ૧૩૧ થી ૧૩૯ | ૧૦૦ | સ્થળાંતર કરતા ઘેટાં બકરાના ટોળા માટેના સેવા કેન્દ્રોની જાણકારી તથા પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૧૭. | ૨૪૦૪ ડેરી વિકાસ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૧,૧૭,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પા.નં. ૧૫૩ થી ૧૫૪ | ૧૦૦ | બંધ પડેલ ડેરીઓને પુનઃ ધમધમતી કરવા જરૂરી આયોજનનો અભાવ | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૮. | -- " -- | ૧૦૦ | ડેરીના વિકાસ માટે જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી રાધવજીભાઈ પટેલ |
| | | **માગણી નં. ૫** | | |
| ૧૯. | ૨૪૨૫ સહકાર<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૩૭,૨૬,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૧૯૩ થી ૨૦૧ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં ગ્રેડ-૧માં ઓડિટની કામગીરીના વધતા ભારણ સામે કલાર્કની જગ્યાઓ તબદીલ કરી કામનું ભારણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૨૦. | -- " -- | ૧૦૦ | સહકારી મંડળીઓના સમયસર ઓડિટના અભાવે ગેરરીતિ પકડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૨૧. * | -- " -- | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોના પદાધિકારીઓની ગેરરીતિઓના નાણા વસૂલાતા નથી અને નાના ખાતેદારો પાસેથી ૧૮ % વ્યાજ સાથે મુદ્લ કરતાં ડબલ રકમ વસૂલવાની અને મિલકત જપ્તીની નોટિસ અપાય છે જે રોકવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. * | -- " -- | ૧૦૦ | વસૂલાત અધિકારીઓ દ્વારા વસૂલાતની કામગીરીમાં રખાતા ભેદભાવની નીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૩. | -- " -- | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોના સભાસદોને તેમના શેરની રકમ પરત અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૪ * | -- " -- | ૧૦૦ | સહકારી મંડળીઓની જિલ્લા કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૫. | -- " -- | ૧૦૦ | નોંધણી અધિકારીઓ દ્વારા નિયમ બહાર થતી સહકારી મંડળીઓની નોંધણી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હરીલાલ પટેલ |
| ૨૬. | -- " -- | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોના આર્થિક રીતે નબળા કર્મચારીઓની લોનની બાકીની રકમ ખૂબજ ઓછી હોય તેવી રકમ માફ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૭. | ૨૪૨૫ સહકાર<br>૧૦૮ અન્ય ........ સહાય<br>રૂા. ૧,૨૫,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૨૦૯ થી ૨૧૨ | ૧૦૦ | વન મજૂર સહકારી મંડળીઓને પૂરતી સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૮. | ૩૪૭૫ અન્ય..........સેવાઓ<br>૨૦૦ અન્ય ........વિનિયમન<br>૦૧ શાહુકાર....... અમલ<br>રૂા. ૧,૭૮,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૨૩૭- ૨૩૮ | ૧૦૦ | નિયમ વિરુધ્ધ જઈ વ્યાજે નાણા ધીરતી દુકાનો બંધ કરાવી તેમની સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| | | **માગણી નં.-૬** | | |
| ૨૯. | ૨૪૦૫ મત્સ્યોદ્યોગ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા. ૯,૬૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૧૫૭- ૧૫૮ | ૧૦૦ | માછીમારોએ પકડેલી માછલીઓની જાળવણી માટે પૂરતી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૦. | -- " -- | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટેના તળાવોની ફાળવણીમાં, વચેટીયાઓ દ્વારા આવા તળાવો લઈ તેને ભાડેથી આપતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈકબાલ પટેલ |
| ૩૧. | -- " -- | ૧૦૦ | પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબીજનોને મળવાપાત્ર કેશડોલ્સની સહાય સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૨. | -- " -- | ૧૦૦ | માછીમારોને સમયસર આર્થિક સહાય પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૩૩. * | -- " -- | ૧૦૦ | મત્સ્યોદ્યોગને લગતા પડતર પ્રશ્નોનુ વહેલાસર નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪. | -- " -- | ૧૦૦ | પાકિસ્તાની કોસ્ટ ગાર્ડ દ્વારા રાજ્યના દરિયાની અંદર આવી માછીમારોને પકડી જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૫. * | ૨૪૦૫ મત્સ્યોદ્યોગ<br>૧૦૩ દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>રૂા. ૨૪,૦૯,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૧૬૬થી ૧૬૮ | ૧૦૦ | માછીમારોને યાંત્રિક હોડીઓ માટે આર્થિક સહાય સમયસર પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૬. | ૨૪૦૫ મત્સ્યોદ્યોગ<br>૧૨૦ માછીમારોની<br>.........મંડળીઓ<br>રૂા. ૫૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩, પા.નં. ૧૭૨ | ૧૦૦ | માછીમારોની સહકારી મંડળીઓને વધુ નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભગવાનભાઈ બારડ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી માળખું એટલે રાજ્યની અંદર અગાઉના વર્ષોની અંદરથી જોઈએ તો સહકારી માળખું ગુજરાતમાં એક નંબરનું હતું. અગાઉના વર્ષોની અંદર બીજા રાજ્યોવાળા પણ સહકારી માળખાનો વહીવટ જોવા માટે અહીંયા આવતા અને એકે એક સંસ્થાઓમાં એની મુલાકાત લઈને એનું અનુકરણ કરીને પોતાના રાજ્યમાં પણ સહકારી માળખું મજબૂત બને એ માટે લોકો અહીંયા આવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, સહકારી માળખાને ઘણા વખતથી લૂણો લાગ્યો છે. આ લૂણો લાગવાનું કારણ હું સમજું છું ત્યાં સુધી કોઈ

પણ વહીવટદાર એ સંસ્થામાં જ્યારે વહીવટ કરતો હોય ત્યારે એની બેદરકારીના કારણે? ના. એની બેદરકારી હોઈ શકે પણ હું માનું છું ત્યાં સુધી એક હાથે તાળી પડતી નથી, બે હાથ ભેગા કરીએ તો જ તાળી પડે. તો આ સહકારી માળખામાં લૂણો લગાડવામાં અધિકારી મિત્રો પણ જોડાયેલા છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, વિરામ પછી આપનું વક્તવ્ય ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૪.૩૦ થી ૫.૦૦**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારી માળખાની વાત કરતો હતો ત્યારે મેં કહયું સહકારી માળખાને ઘણા વખતથી લુણો લાગ્યો છે લુણો લાગવાનું કારણ હું સમજું છું તે પ્રમાણે કોઈપણ સંસ્થાના વહીવટદાર જયારે વહીવટદાર તરીકે બેઠા હોય ત્યારે એના વહીવટમાં કોઈ ખામી આવે એને કારણે ઘણી વખત સંસ્થા ફડચામાં જાય છે. એ દોષિત છે એની સાથે એમ કહી શકાય કે હંમેશ માટે એક હાથે તાળી પડતી નથી બે હાથ ભેગા થાય તો તાળી પડે. વહીવટદાર સાથે અધિકારીઓ પણ એટલા જ જવાબદાર છે. કોઈપણ સંસ્થાનું ઓડિટ બાર મહિને, ત્રણ મહિને કે છ મહિને થાય તો ઓડિટમાં ખબર પડવી જોઈએ કે ખોટું ધિરાણ થયું છે, ઉચાપત થઈ છે. એનો રિપોર્ટ સમિતિ સમક્ષ મૂકવામાં આવે તો સમિતિને ખબર પડે કે વહીવટ કેવી રીતે ચાલે છે, તો હું માનું છું અધિકારી મિત્રો પણ એમાં જવાબદાર છે. અધિકારી મિત્રો બંધબેસતી પાઘડી ન બાંધે એવી મારી નમ્ર વિનંતી છે. બીજો એક પ્રશ્ન પણ મારા મનમાં ગુંચવાય છે કે જયારે સહકારી માળખાની ચૂંટણી આવતી હોય છે ત્યારે તંદુરસ્ત રીતે જો ચૂંટણી થાય,

ઘણી વખત ચૂંટણીની અંદર મતદારોને પૈસા આપીને ફોડવાનો પ્રયત્ન કરે છે. ચૂંટણી થઈ ગયા પછી પણ જેની મેજોરીટી આવે અને એ મેજોરીટીને કારણે સંસ્થા હાથમાં ન આવે તો સામેના સભ્યને ગમે તેમ કરીને સસ્પેન્ડ કરીને એના સભ્યો ઓછા કરવા અને સરકારના પ્રતિનિધિ મુકીને એ સંસ્થાનો કબજો લેવા માટે જે પ્રયત્ન થાય છે એના માટે કહીશ કે આ સહકારી માળખું આપણે કયાં લઈ જવા માગીએ છીએ? હું કહીશ કે હું પણ એક સંસ્થાના વહીવટદાર તરીકે બેઠો છું ત્યારે માનનીય મંત્રીશ્રી સાથે મેં ચર્ચા કરી છે મારા પ્રશ્નોને પણ વાચા આપી છે. કોઈપણ સંસ્થાની અંદર બાયલોજમાં લખેલું હોય કે સભાસદો માટે એને ગાય લાવવી હોય, ભેંસ લાવવી હોય, એના બાળકોના આરોગ્યની ચિંતા કરવાની હોય, એની ચિંતા કરવાની હોય ત્યારે એ બાયલોજમાં લખેલું હોય ત્યારે હંમેશને માટે સામાન્ય સભાએ જે ઠરાવ કર્યો છે એ આરોગ્ય માટે સભાસદોને તમે કોઈ વ્યવસ્થા કરી શકો છો. સામાન્ય સભાની અંદર અમે ઠરાવ કર્યો કે દરેક સભાસદના એક લીટરની અંદરથી ત્રણ પૈસા કાપીને પાંચ કરોડનું ભંડોળ ભેગું કરવું ત્યારપછી એના વ્યાજમાંથી દરેક સભાસદને એના તાલુકાની અંદર એક હોસ્પિટલ નકકી કરીને પંદર હજાર સુધી એને મદદ કરવા માટે અમે સ્કીમ બનાવી. ગુજરાત સરકારને ખબર પડી, અધિકારીઓને ખબર પડી. અધિકારીએ મને સામેથી ટપાલ લખીને એમ કહયું કે આ યોજના તમે કરી શકો નહીં. જો મારા બાયલોજમાં હોય, સામાન્ય સભા કહેતી હોય તો અધિકારીઓને શું આટલો બધો રસ છે? ગુજરાત સરકારની અંદર મેં રજીસ્ટર મારફતે ૧૮ વખત મેં ટપાલ લખી પણ અત્યાર સુધી મને પરિણામ મળ્યું નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે અધિકારીઓને આ બાબતમાં શું રસ છે? મારે ન છુટકે ગરીબ માણસોને આરોગ્ય માટે હું મદદ કરી શકતો હતો એ સ્કીમ બંધ કરવી પડી. ઘણા મને કહે છે કે રામસિંહભાઈ આ યોજના ચાલુ કરો પણ જયાં સુધી સરકાર મને મંજૂરી ન આપે ત્યાં સુધી હું કેવી રીતે કરી શકું? હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું એ બાબતમાં મને પ્રતિભાવ આપે. વૈદ્યનાથ કમિટી બાબતમાં એમણે એક પરિપત્ર કર્યો કે સહકારી સંસ્થાની અંદર શકમંદ લેણા ૧૫ટકા કાઢવા. ૧૫ટકા શકમંદ લેણા કાઢવાનો જે પરિપત્ર આવ્યો એને કારણે અમારે થોડી મુશ્કેલીઓ ઉભી થઈ. સહકારી સંસ્થાઓ લખી એમાં જો દુધ બાકાત કર્યું હોત તો દુધ સંઘોને આ લાગુ ન પડયું હોત તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ કાયદાના રુપમાં લાવીને એ શકમંદ લેણા દુધ સંઘોને ન કરવા પડે એવું પણ કરશે હું એમને એક નમ્ર વિનંતી કરું. કોઈ મિટિંગ હોય કે જાહેરસભા હોય અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કદાચ એમની લાગણી બતાવી હોય, કોઈ મંત્રીએ લાગણી બતાવી હોય કે સહકારી સંસ્થાની અંદર બહેનોની મંડળી થવી જોઈએ. હું સંમત છું કારણકે મંડળીઓની અંદર સભાસદ મોટાભાગે બહેનો જ હોય છે પણ એમણે તો ખાલી એક લાગણી બતાવી. એ લાગણીને આધારે અધિકારીઓ એને કાયદો બનાવી દે છે. અમને પરિપત્ર કરીને એમ કહે કે તમે મહિલા સહકારી મંડળી બનાવો. અમે ન બનાવીએ, સામે રજૂઆત કરીએ અને કોઈની માગણી ન આવે તો રજીસ્ટ્રાર જયારે અમારી સહકારી મંડળીનું રજીસ્ટ્રેશન કરવા માટે મોકલીએ તો અમારી દરખાસ્ત પાછી મોકલે છે. આ અધિકારીઓ વારેવારે કહે ૭૬-બી લગાડીશું ૭૬-બી. આ ૩૦૨ની કલમ છે? મને કાંઈ ખબર પડતી નથી. ૭૬-બી કયારે લાગે? કયા સમયમાં લાગે અને ખાલી બીવડાવવાની વાત કરે છે. લાગણી તરીકે મુખ્યમંત્રીશ્રી કહેતા હોય કોઈ જગ્યાએ બેઠેલા હોય ત્યારે.બીજી મીટિંગની અંદર કદાચ મુખ્યમંત્રીશ્રી એમ બોલ્યા હોય કે સભાસદનાં નાણાં બૅન્કમાંથી લેવા. અમારે રિવાજ છે કે દૂધ મંડળીમાં એક બાજુ દૂધ ભરાય અને બીજી બાજુ પૈસા ચૂકવીએ છીએ. ગામે ગામ બૅન્કો નથી. જેથી કરીને બૅન્કની અંદર પૈસા મૂકીને સભાસદ બૅન્કમાંથી લે. એ પરિપત્ર કાઢ્યો. વારંવાર દબાણ કરવામાં આવે, વારંવાર ઠપકો આપવામાં આવે કે તમે આ નહિ કરો, તો અમે આ કરીશું. આ બરાબર નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપના અધિકારીને થોડી ક વિનંતી કરો કે હંમેશને માટે સારી સંસ્થા

ચાલતી હોય ત્યારે ખોટી રીતે હેરાન કરીને તોડવા માટે પ્રયત્ન ન કરે. ગેરરીતિ કરતા હોય, પૈસા ખાતા હોય તો ફાંસીના માંચડે ચડાવી દેજો. વાંધો નથી. અમૂલ જેવો વહીવટ આખા દુનિયામાં વખણાતો હોય, આખા એશિયામાં એનું નામ હોય ત્યાં ચંચુપાત કરીને અધિકારીઓ અમને જે હેરાન કરે છે એનું ભારોભાર દુ:ખ છે. સરકારની દખલગીરી ન થાય અને સહકારી માળખું ગુજરાતની અંદર સારું ચાલે તો હું માનું છું કે બૅન્કની વાત કરી બૅન્કની અંદર પૈસા કોણ મૂકવા જાય છે? જે વિધવા બહેનો છે, જેમનું આગળ પાછળ કોઈ નથી. જે કોઈ મૂડી હોય એ બૅન્કમાં મૂકવા જાય. રિટાયર્ડ શિક્ષકો પૈસા મૂકવા જાય, ખેડૂતો નાની મોટી બચત કરીને એના ભવિષ્ય માટે, બાળકો માટે પૈસા મૂકવા જાય. પૈસા વ્યાજ લેવા માટે મૂક્યા હોય છે, ત્યારે ભવિષ્યમાં એનું સ્વપ્ન બહું મોટું હોય છે. જ્યારે બૅન્ક તૂટતી હોય, ફડચામાં જાય. જાહેરાત આવે કે બૅન્ક તૂટી ગઈ છે. લાંબી લાઈનો લાગે છે. અને જ્યારે તેને લાઈનમાંથી પૈસા નથી મળતા. એવી વિધવા બહેનોની આંખમાંથી આંસું જોવા મળે છે. એ હાય આપતી હોય છે. ગમે તેવી ભાષામાં હાય આપતી હોય છે. તો જે વહીવટદાર બેઠેલા હોય છે એ વહીવટદારો નિષ્ઠા અને પ્રમાણિકપણે સંસ્થાનો વહીવટ કરે. તો આ પરિસ્થિતિ ન થાય. ઘણી વખત ઑડિટરો મીલીભગત કરીને મને લાગે છે કે આની અંદર મુશ્કેલી ઊભી કરતા હોય તેવું લાગે છે જે બૅન્કો ફડચામાં ગઈ એ બૅન્કની અંદર કર્મચારીઓ નોકરી કરતા હતા. એમણે પોતાનું મકાન બનાવવા માટે ૪ ટકા વ્યાજે લોન લીધી. બૅન્ક ફડચામાં ગઈ, એટલે કર્મચારીઓને છૂટા કર્યા. પછીથી એ બૅન્કના વહીવટદારે એ કર્મચારી મારફત ૧૮ ટકા વ્યાજે વસૂલાત કરવા માટે નોટિસ આપી. એની તો નોકરી છૂટી ગઈ છે, ત્યારે હપ્તા એ કેવી રીતે ભરી શકે અને ઉપરથી ૧૮ ટકા વ્યાજ વસૂલાત કરવા માટે પ્રયત્ન કરે. નોટિસ લખે કે આ પૈસા નહિ ભરો તો તમારું મકાન હરાજ કરવામાં આવશે. થોડી ક માનવતા દર્શાવી આવા કર્મચારીઓને મદદરૂપ થાય તેવું હું સૂચન કરું છું. ગુજરાતની અંદર ૧૩ સંઘો છે. એમાં ગુજરાતની અંદર વધુમાં વધુ દૂધ ભેગું કરવાનું આ સંઘો કામગીરી કરી રહ્યા છે. એ સંઘોની અંદર મેં જોયું છે તે પ્રમાણે બીજા રાજ્યની સરખામણીમાં ગુજરાતની અંદર સભાસદોને દૂધનો ભાવ મળે છે. એ બીજા રાજ્યમાં નથી મળતા. અમૂલ ડેરી તરીકે હું કહીશ કે અહીનું ખેડા, આણંદ જિલ્લાનું દૂધ કલકત્તા, મુંબઈ, પૂનામાં વેચવાનો અમે પ્રયત્ન કર્યો છે, એના કારણે સારો નફો થાય, સારા પૈસા મળે, જેથી કરીને સભાસદોને વધારે પૈસા આપી શકીએ. કલકત્તાની અંદર આપણું માળખું છે એવું માળખું નથી, ત્યાં સહકારી માળખું અમે ઊભું કરીને, મંડળી ઊભી કરીને અત્યારે ત્યાં એ મંડળી મારફત ૫૦,૦૦૦ લિટર દૂધ સ્થાનિક લઈને એ મિત્રોને વધારે ભાવ આપીને ત્યાં પણ સહકારી માળખું ઊભું કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. મારો કહેવાનો ભાવાર્થ એટલો છે કે હું કોઈ ટીકા-ટિપ્પણમાં પડવા માગતો નથી. કોઈ રાજકીય અવલોકન કરતો નથી. સહકારી માળખું ગુજરાતમાં મજબૂત રહે. સહકારી માળખામાં ઉચાપત કરી જેલમાં ગયા. અત્યારે જેલમાં હશે. હું માનું છું કે ત્યાં સુધી સરકાર એના માટે બરાબર કટિબદ્ધ છે. હું માનું છું કે ભવિષ્યમાં આવું ન બને એ માટે મારું નમ્ર સૂચન છે. કોઈક જગ્યાએ આંખ આડા કાન કરવા પડે. મારા તાલુકાની અંદર બે ક્રેડિટ સોસાયટી તૂટી. એક અંધાડી અને સેવાલીયામાં બે ક્રેડિટ સોસાયટી તૂટી. સભાસદોને પૈસા ન મળ્યા. વહીવટની અંદર થાપણ મૂકી છે એ કોને ત્યાં મૂકી છે, કોને ધીરાણ કર્યુ છે. સગાં સંબંધીઓને કર્યુ. એનું ઑડિટ નહિ થયું હોય, એનો રિપૉર્ટ નહિ આવ્યો હોય. છતાં પણ અત્યારે બધા સભાસદો પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ગયા. પોલિસ સ્ટેશને ફરિયાદ લેતા નથી. એટલી બધી લાગવગ, જે સભાસદોની લાગણીને નહિ. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતમાં પૂરેપૂરી તપાસ કરાવડાવો. અને જે વહીવટદારોએ પોતાના કુટુંબની અંદર જે ધિરાણ કર્યા છે તેની વસૂલાત કરીને ગરીબ માણસોને પૈસા પાછા મળે તેવી મારી માનનીય મંત્રીશ્રીને સૂચના છે. મેં કહ્યું તે પ્રમાણે અમૂલ ડેરીની બાબતમાં સારો વહીવટ ચાલે તેના માટે અમે પ્રયત્નો કરીએ છીએ. મિલ્ક માર્કેટીંગ ફૅડરેશનની અંદર ૧૦ હજાર કરોડ, ૧૫ હજાર કરોડનો વહીવટ ચાલતો હોય ત્યારે તેની અંદર સરકારે સહકારી ઑડિટ તરીકેના હુકમો કર્યા હોય તેવું લાગે છે. ચોખ્ખવટ એટલા માટે કરું છું સહકારી ઑડિટ આવે તેમાં અમને વાંધો નથી પણ આ જે કર્મચારીઓ ઑડિટ કરે છે તેમનું નોલેજ, તેમનો અભ્યાસ કેટલો હોય છે? મને ખબર નથી. ચાર્ટડ એકાઉન્ટ ગમે ત્યાંથી લાવીને મૂકાવો અને ઉઘાડે છોગ ઑડિટ કરાવો મને કોઈ જાતનો વાંધો નથી. ભૂલ હશે અને શિક્ષા થાય તો પણ વાંધો નથી પણ ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે ઑડિટ કરાવે તેટલું સૂચન છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખરા અર્થમાં એક આનંદની વાત છે કે ગુજરાત વિધાનસભામાં એક ખેડૂત પુત્ર જ્યારે કૃષિની માગણીઓ લઈને આવ્યા હોય અને દસ વર્ષની અંદર દસગણી ઉંચી માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એક ખેડૂત પુત્ર તરીકે લાખ લાખ અભિનંદન આપું છું. મારે એ વાત કરવી છે કે સાહેબ દસ-બાર વર્ષ પહેલાં આગળ જાઓ તો ગામડાંઓને ગાંધીનગર આવવું પડતું હતું. છેલ્લા પાંચ વર્ષ થયા કૃષિ મેળા આધારે આજ ગાંધીનગર ગામડે અને ગામડાના ખેતર સુધી પહોંચ્યું છે. મારે ખાસ વાત કરવી છે કે ગામડાની અંદર આ કૃષિ મેળાના કારણે ખેડૂતોમાં જે માર્ગદર્શન લેવાના અને સોઈલ હેલ્થ કાર્ડના કારણે અને ખેતી પદ્ધતિના બદલાવના કારણે જે આપણું કૃષિનું ઉત્પાદન નવ હજાર કરોડ હતું તે ૪૯ હજાર કરોડે પહોંચ્યું. તેના કારણે આપણે ગામડામાં જોઈ શકીએ છીએ કે ખરા અર્થમાં ખેડૂતો સદ્ધર થયા છે. ખેડૂતો કયા? ખેડૂત હોય તે હાથી લઈને નીકળે અને

ખેતરમાં જાય અને મા ધરણીને પગે લાગે અને ધોળીને કહે કે હાલ બાપલીયા આ ખેડૂતો અત્યારે ખરા અર્થમાં સુખી થયા છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે અત્યારે ખેતી બાબતની એટલી યોજનાઓ કે ગામડાના ખેડૂતોને ઓછા પાણીમાં વધુ પિયત કરવું હોય તેના માટે ટપક પદ્ધતિની યોજના હોય, સ્પ્રીંકલર પદ્ધતિ હોય. આ બધી યોજનામાં રાજય સરકાર સબસીડી અને લોન આપે છે. ખાલી પાંચ ટકા ખેડૂતોને કાઢવાના તેના કારણે ખેડૂતો કૃષિનું ઉત્પાદન વધારી શક્યા છે. ખરા અર્થમાં આપણા ગુજરાતની અંદર કપાસ, મગફળી અને દિવેલાના ઉત્પાદનમાં ગુજરાત બીજા નંબરે છે. બાજરીમાં દેશમાં બીજા નંબરે છે. ખેડ, ખાતર અને પાણી, કર્મને લાવે તાણી. તે મારે વાત કરવી છે ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬માં નેશનલ એવોર્ડ આ કૃષિ વિભાગને મળ્યા છે ત્યારે ખરા અર્થમાં આ કૃષિ વિભાગના અધિકારીઓની જહેમત બદલ તેમને અભિનંદન આપું છું. ખાસ કરીને આપણા ગુજરાતની અંદર પહેલાં બી.ટી. કપાસ આવ્યો. હવે બી.ટી. કઠોળ લાવવા માટેના સંશોધન શરૂ થયા છે. બી.ટી. કઠોળની અંદરથી ૩૦૦ જાતની પ્રોડકટ આમાંથી ઉત્પન્ન થાય છે. ખરા અર્થમાં વિટામીન માટે પણ કઠોળ સારામાં સારો ખાદ્ય પાક છે. મારે એ વાત કરવી છે કે ઉત્પાદનના ક્ષેત્રે ગુજરાતમાં ૨૦૦૨-૦૩માં ખાદ્ય પાક ૪૩ લાખ ૫૫ હજાર ટન ઉત્પાદન હતું. તે ૨૦૦૮-૦૯માં ૬૮ લાખ ૭૮ હજાર ટન છે. તેલીબિયાંમાં જોઈએ તો ૨૦૦૨-૦૩માં ૧૮ લાખ ૭૧ હજાર મે.ટન હતું તે ૨૦૦૮-૦૯માં ૪૦ લાખ ટન થયું છે. ત્રણ ગણો વધારો થયો છે. ખેતીવાડીની અંદર ઉત્પાદનમાં છેલ્લા દસ વર્ષની અંદર જે મણીકા હતા અને મારા મિત્રો ઘણીવાર એમ કહે કે ભાવ વધારાના કારણે ખેડૂતો સુખી થયા. જ્યાં સુધી ઉત્પાદનના મણીકા ન હોય તો ગમે તેવો ભાવ હોય તો ખેડૂતને ઉત્પાદન દેખાય નહીં. ખાસ કરીને કપાસની વાત કરીએ તો ૨૦૦૨-૦૩માં ૧૮ લાખ ૮૪ હજાર ગાંસડી હતી તે ૨૦૦૮-૦૯ ૧૯ લાખ ૬૨ હજાર ગાંસડીનું ઉત્પાદન થયું છે. ખાસ કરીને અત્યારે આપણા ઉત્પાદનમાં હેકટરમાં જે ઉત્પાદમાં વધારો થયો છે એ વાત મારે કરવી છે. ૨૦૦૨-૦૩માં એક હેકટરમાં તેલીબિયાં ૬૪૮ કિલો ઉત્પાદન હતું. એ ૨૦૦૮-૦૯ની અંદર ૧૩૯૬ કિલો પર હેકટર ઉત્પાદન થયું છે. ખાધ પાકની વાત કરું તો ૨૦૦૨-૦૩માં ૧૧૬૬ કિલો પર હેકટરે ઉત્પાદન હતું, એ ૨૦૦૮-૦૯માં એક હેકટરે ૧૬૨૩ કિલો ઉત્પાદન થયું છે. કપાસમાં પણ ૨૦૦૨-૦૩ની અંદર એક હેકટરે ૧૯૧ કિલો ઉત્પાદન હતું એ ૨૦૦૮-૦૯માં પર હેકટરે ૫૬૦ કિલો ઉત્પાદન થયું. ખાસ કરીને આ કૃષિની અંદર જે નવી પધ્ધતિ અને બદલાવ લાવવાના કારણે કૃષિ ઉત્પાદનમાં હરણફાળ આ ગુજરાતે ભરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલનની પણ વાત કરવા માગું છું. ગુજરાતની અંદર આ પશુપાલનની અંદર આ ગુજરાત સરકારે આખા ગુજરાતની અંદર પશુમેળા યોજી, પશુ આરોગ્ય કેન્દ્રો ઉભા કરી અને ૨૯૦૦ પશુ મેળા કર્યા, ૧૧ લાખ જેટલા પશુઓને મફત સારવાર આપીને ગુજરાતના પશુપાલકોને ઉપયોગી થયા છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે, આ ગુજરાતની અંદર ૧૪૫૧૯ દૂધ મંડળીઓ છે અને ટોટલ ૧૯૭૫૦૦૦ એના સભાસદો છે ગુજરાતનું દરરોજનું દુધ ઉત્પાદન આશરે એક કરોડ લિટર થાય છે. તો ખરા અર્થમાં એક મહિનાની અંદર ૬૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર એટલે બાર મહિને ૭૨૦૦ કરોડનું ટર્નઓવર આ દૂધ ઉત્પાદનમાં થાય છે. ખરા અર્થમાં આપણે કોઈપણ ઉદ્યોગ કરો, કોઈપણ ધંધો કરો જેટલી મૂડી રોકો એટલી મૂડી બાર મહિનામાં પાછી આવે એવો કોઈ ઉદ્યોગ દુનિયામાં નથી ત્યારે આ પશુપાલક ઉદ્યોગ એવો છે કે, અત્યારે ગાયની કિંમત દશ હજારથી માંડીને એક લાખ રૂપિયા સુધીની છે. ભેંસની કિંમત પણ પાંચ હજારથી માંડીને પચાસ હજાર રૂપિયા સુધીની છે. એક ભેંસ દરરોજનું દશ લિટર દૂધ આપે, વીસ રૂપિયા ભાવ હોય તો ૨૦૦ રૂપિયા રોજની આવક થાય. ત્રીસ દિવસના ૬૦૦૦ રૂપિયા અને બાર મહિનાના ૬૦૦૦૦ રૂપિયાની આવક થાય એમાંથી ૫૦ ટકા ખર્ચના કાઢે તો પણ ભેંસ જેટલા રૂપિયાની લીધી હોયને એટલા રૂપિયાનું વળતર મળે અને નફામાં પાડી આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત પણ કરવી છે કે, આ ગુજરાતની અંદર આજથી ૫૦૦ વર્ષ પહેલાં પશુ અશ્વમાં આખા ભારતમાં ગુજરાત નંબર વન હતું. અત્યારે આ અશ્વ મેળા યોજી, આ અશ્વ મેળા યોજયા પછી આ ગુજરાતની અંદર અશ્વની કિંમત પણ એટલી બધી વધી. મહારાણા પ્રતાપ હતા એમનો જે અશ્વ હતો એ ચેતક, એ ચેતકની મા પણ આપણા ગુજરાતના વીરમગામ તાલુકાની હતી. એટલા માટે કહું છું કે આ ગુજરાતની અંદર અશ્વ શો યોજી અને અશ્વની કિંમત અત્યારે દશ દશ લાખ રૂપિયા સુધીની છે ત્યારે ખરા અર્થમાં આજે કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું લાખ લાખ અભિનંદન આપું છું અને એમની માગણીઓમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી એમની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું સમર્થન માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિમાં નાગરિક સહકારી બેંકનો સિંહફાળો છે. નાના ઉદ્યોગકારો, વેપારીઓ, સામાન્ય માણસો, અને નાગરિક સહકારી બેંક સિવાય ચાલે નહીં એવી જીવાદોરી સમાન નાગરિક બેંકો આજે ચાલે છે પણ ૨૦૦૨માં માધુપુરા મર્કન્ટાઈલ બેંક ફડચામાં ગઈ એની સાથે અન્ય બેંકો ફડચામાં જવાના કારણે અને ગેરરીતીઓ અને અનસિકયોર્ડ ધિરાણોના કારણે થાપણદારો અને ખાતેદારોને એમાંથી વિશ્વાસ ઉઠી ગયો એના કારણે બેંકો નબળી પડી અને ફડચામાં ગઈ, પણ તેમ છતાં અમારા સહકાર મંત્રીશ્રીએ સખત હાથે કામ લઈ અને આજે એવી પરિસ્થિતિમાં નાગરિક બેંકો છે કે લોકોનો થાપણકારોનો વિશ્વાસ એમાં વધતો ગયો અને

ઉત્તરોત્તર પ્રગતિ કરતા ગયા એના માટે અમારા માનનીય મંત્રીશ્રીએ નાગરિક બેંકો માટે કાયદામાં ખાસ સુધારો કર્યો નાગરિક સહકારી બેંકો નબળી પડતી હતી એ વખતે સધ્ધર બેંકો સાથે મર્જર કરી અને ૨૪ બેંકો મર્જર કરી સમગ્ર ભારતમાં સૌથી વધુ બેંકો મર્જર કરવાનું કામ અમારા સહકાર વિભાગે કર્યુ છે. નાગરિક સહકારી બેંકો કાર્યરત હતી. પરંતુ રિઝર્વ બેન્ક લાયસન્સ આપતી ન હતી વર્ષો સુધી એ નાગરિક બેન્ક એનો વહીવટ કરતી હતી પણ સરકારના પ્રયત્નોથી આજે જંબૂસરની બેન્ક ૧૦૦ વર્ષથી હતી તેમ છતાં લાયસન્સ વગર ચાલતી હતી પણ સરકારના પ્રયત્નોથી ૨૪ બેન્કોને આપણે લાયસન્સ અપાવી શક્યા છીએ, ૮ ડિસ્ટ્રીક્ટ બેન્કોને આપણે લાયસન્સ અપાવી શક્યા છીએ. ૫૦ કરોડ રૂપિયાથી વધારે રકમની થાપણ ધરાવતી નાગરિક બેન્ક હોય એનું ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા ત્રિમાસિક ઓડિટ થતું હોય છે એના કારણે જે બેન્કો નબળી પડવાનો, ગેરરીતિઓ થવાનો જે સિલસિલો હતો એ ભૂતકાળ બની ગયો છે એમ કહું તો કંઈ ખોટું નથી. એના પરિણામે ૨૦૦૫માં ૩૦૮ નાગરિક બેન્કોની સંખ્યા હતી એમાં ૧૩૩ નબળી બેન્કોની સંખ્યા એ વખતે હતી ત્યારે ૨૦૦૯માં ૨૬૦ બેન્કોમાંથી ફક્ત ૫૯ બેન્કો નબળી રહી છે. નાગરિક સહકારી બેન્કોને સુદ્રઢ કરવા સરકારે પગલાં લીધાં છે. સહકારી કાયદામાં ૧૦(બી) ઉમેરી હોદ્દેદારોને લાયકાત, શિક્ષા, દંડની જોગવાઈ કરી છે અને વસૂલાતની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ૧૫૯ હેઠળ વસૂલાતના પાવર બેન્કોને આપવામાં આવ્યા. શિડ્યુલ બેન્કોને સિક્યુરીટાઈઝેનના કાયદાથી કોર્ટમાં ગયા વગર મિલકતમાંથી વસૂલાત કરી શકતા હતા પણ નાગરિક બેન્કોને વસૂલાત માટે નોમીનીઝ કોર્ટમાં જવું પડતું હતું એમાં લાબોગાળો જતો હતો એટલે વખતો વખત રજૂઆત કરવાના કારણે રિઝર્વ બેન્કે આપણને પરવાનગી આપી એના કારણે વસૂલાત ઝડપથી થવા લાગી. ફડચામાં ગયેલી નાગરિક બેન્કોના થાપણદારોની મોટી રકમ ફસાઈ જવાથી રાજ્ય સરકારે આ માટે વન-ટાઈમ સેટલમેન્ટ ઓ.ટી.એસ. અમલમાં મૂકેલ. આ યોજનાના કારણે બાકીદારો પાસેથી લોનના નાણાની વસૂલાત સારા પ્રમાણમાં આવી. સાહેબ, વન-ટાઈમ સેટલમેન્ટના કારણે ૧૮૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. વન-ટાઈમ સેટલમેન્ટ યોજનાના કારણે ૧૫૮.૨૫ કરોડની વસૂલાત થઈ. પરંતુ સરકારે વન-ટાઈમ સેટલમેન્ટ કર્યું અને એ યોજના કરી તે વખતે ઘણાં થાપણદારો ઘણાં કરજદારોને આ જ્ઞાન ન હતું અને જ્ઞાન નહીં હોવાના કારણે આ લાભ લઈ શક્યા નહીં. હું તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ફરીથી વન-ટાઈમ યોજના દાખલ કરે તો કેટલાય લેણદારોને વન-ટાઈમ સેટલમેન્ટમાં ભાગ લેવાનો અને કેસ પતાવટનો મોકો મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રીને ઓ.ટી.એસ.ની યોજનામાં કેટલાક સુધારા કરવા માટે હું સૂચન કરું છું. ઓ.ટી.એસ.નો લાભ એક સાથે એક જ વખત જમા કરવાથી મળવો જોઈએ, રાષ્ટ્રીયકૃત બેન્કોનો કોઈ પણ એકાઉન્ટ એન.પી.એ. થાય ત્યારે વ્યાજ ગણવામાં આવતું નથી તે પ્રમાણે નાગરિક સહકારી બેન્કોમાં એજ કાયદો લાગે અને એન.પી.એ. થયા પછી વ્યાજ ગણાય નહીં તેવો ઓ.ટી.એસ.માં સુધારો કરવો જોઈએ, ઓ.ટી.એસ.નો લાભ તમામ ખાતેદારોને મળવો જોઈએ, ઓ.ટી.એસ. અધિકારીઓ અને વહીવટદારોનો પાવર્સ ફક્ત ૨૫૦૦૦ સુધીનો છે એને ૧ લાખ સુધીના પાવર્સ આપવા જોઈએ અને ઓ.ટી.એસ.માં હપતા પધ્ધતિ હોવી જોઈએ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી કૃષિ ધિરાણ સેવા સહકારી મંડળીઓ દ્વારા થતું હોય કૃષિ ધિરાણ માળખાને મજબૂત બનાવવા વૈદ્યનાથન સમિતિનો અહેવાલ ગુજરાત સરકારે સુધારો કરીને મૂક્યો. વૈદ્યનાથ સમિતિની ભલામણ અંતર્ગત રીવાઈઝ પેકેજ હેઠળ રૂા.૧૩૨.૭૭ કરોડની કૃષિ ધિરાણ માળખું સુદઢ કરવાની યોજના બનાવી, ૧૦,૮૦,૨૬૯ કિશાન ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કરવામાં ૬૬ નાગરિક બેંકો, ૧૪.૯૮ લાખ થાપણદારોને રૂપિયા ૧૫૮૭.૧૧ના વીમા કલેઈમ મેળવીને ૧૦.૩૫ લાખ થાપણદારોને ૧૫૨૩.૩૫ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે. આ અને અન્ય સુધારા કરવાને માટે હું લાખ લાખ અભિનંદન સહકાર મંત્રીશ્રીને આપું છું.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ખેતીવાડી અને સહકાર પોતાના ખાતાની માગણીઓ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. આપણું અર્થતંત્ર ખેતી ઉપર આધારિત હોવાથી સમગ્ર વિશ્વમાં જયારે મંદીની ભયાનક અસર હતી ત્યારે ભારત દેશ અને ગુજરાતમાં મંદીની નહીંવત્ત અસર થવા પામી હતી. આનું કારણ માત્ર ખેતી છે. ૭૦ ટકા લોકો ખેતી ઉપર, ખેતી આધારિત ધંધા ઉપર નભે છે. આવા સંજોગોમાં રાજય સરકારનું આ કૃષિ ખાતું ખૂબ મહત્વનું છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દિલીપભાઈ સંઘાણી જેવા એક ખેડૂત પૂત્રને આ જવાબદારી સોંપી છે, એ બદલ હું અભિનંદન આપું છું. સાથોસાથ કહેવા માગું છું કે હમણા હું સાંભળતો હતો. માનનીય મોહનભાઈ કુંડારીયા કહેતા હતા કે ઉત્પાદન વધ્યું છે. આવી વાતો કરતા હતા. સાહેબ, હું કહેવા માગું છું કે ૧૯૬૦-૬૧માં આપણું ગુજરાત રાજય બન્યું ત્યારે હેકટર દીઠ ચોખાનું ઉત્પાદન ૫૪૭ કિલો હતું. ઘંઉનું ૭૫૯ કિલો હતું. બાજરાનું ૩૯૪ કિલો. દિવેલાનું ૨૬૩ કિલો હતું. મગફળીનું ૬૧૨ કિલો હતું. ત્યારબાદ કોંગ્રેસની સરકારો રહી. ૯૬-૯૭ સુધી. ૧૯૯૬-૯૭ના અંતે રાઈસના ૫૪૭માંથી ૧૬૧૯ થયા. ઘ ઉંના ૭૫૯માંથી ૨૨૫૮ થયા. બાજરાના ૩૯૪માંથી ૧૨૬૭ થયા. દિવેલાના ૨૬૩ માંથી ૨૦૯૧ થયા. આટલો વધારો કોંગ્રેસના શાસનોમાં થયો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮થી ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું. ૨૦૦૫-૦૬થી તો ગામડે ગામડે કૃષિ રથ ફેરવીને મોટી મોટી વાતો કરે છે. જાહેરાતો કરે છે. પણ આ કૃષિરથની શરૂઆતથી અત્યાર સુધીમાં શું

થયું? ૨૦૦૫-૦૬માં ૧૯૦૮ કિલો ચોખાનું ઉત્પાદન હતું. આજે ૨૦૦૮-૦૯માં ૧૬૯૭ કિલો ઉત્પાદન થાય છે. ઘટયું છે. આ આંકડા બતાવે છે કે કૃષિ રથ ફેરવીને માત્ર સમય અને શકિતનો બગાડ કર્યો છે. નાણાનો દુર્વ્યય થાય છે. એટલા માટે કે એમ કહેવામાં આવે છે કે કૃષિ રથમાં ૫૦૦ જેટલા વૈજ્ઞાનિકો ગામડામાં ફર્યા. આજની તારીખે ૫૦૦ કૃષિ વૈજ્ઞાનિકો છે જ નહીં. વર્ગ-૩ના અધિકારીને કૃષિ વૈજ્ઞાનિકો દર્શાવી આ આંકડા બતાવી આ પ્રમાણે કૃષિ રથોમાં માહિતી અપાય છે. કૃષિ રથો શરૂઆતમાં ગામડે ગયા પહેલા વર્ષે, ત્યારે ખેડૂતો બહુ ઉત્સાહથી સાથ અને સહકાર આપતા હતા. પણ પછી ખેડૂતોને લાગ્યું કે આ કૃષિ રથ નામનું ડીંડક એનો અર્થ નથી. કોઈ ફાયદો નથી. પરિણામે અત્યારે ગામોમાં કૃષિ રથ જાય છે ત્યારે ગણ્યાં ગાંઠયા લોકો સિવાય કોઈ એને આવકારવા માટે હાજર રહેતું નથી. આ રીતે ઉત્પાદન વધારવાની જે વાતો કરે છે એ વધ્યું નથી, ઉત્પાદન તો ઘટયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવું જ છે, સોઈલ હેલ્થ કાર્ડમાં. સાહેબ, ડિસેમ્બર, ૨૦૦૯ સુધીમાં ૧૮.૪૦ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપેલ છે એમ કહેવામાં આવેલ છે. સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ ૨૦૦૫-૦૬માં ૯,૫૨,૦૭૫, ૨૦૦૬-૦૭માં ૨,૩૫,૪૨૬, ૨૦૦૭-૦૮માં ૧,૧૯,૫૦૨, ૨૦૦૮-૦૯માં ૮૪,૯૩૩ તેમ થઈ ૧૩,૯૧,૯૩૬ જેટલાં સોઈલ હેલ્થ કાર્ડ આજ સુધી ખેડૂતોને આપ્યાં છે. પણ આંકડા બતાવવા માટે દસ વર્ષ જૂના ડેટા હતા તે પણ ખેડૂતોને અત્યારે આપી દીધાં છે. સાહેબ, મારે એ કહેવું છે કે સોઈલ હેલ્થ કાર્ડ છે તે કંઈ દસ વર્ષ સુધી કામ ના આવે. જમીનની ચકાસણી છે તે તો સીઝને સીઝન કરવી પડે. કયો પાક વવાય, તેમાં કયા તત્ત્વો છે, તે પાક વાવ્યા પછીની શું પરિસ્થિતિ છે પણ અહીંયા તો સાહેબ દસ દસ વર્ષ જૂના ડેટા હતા તે અભેરાઈ ઉપરથી ઉતારી અને ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડના નામે ભટકાડી દીધા છે. સાહેબ, અમુક ગામમાં તો એવી પરિસ્થિતિ થઈ કે જે નામનો ખેડૂત પણ તે ગામમાં ના હોય તેના નામનું સોઈલ હેલ્થ કાર્ડ મળે. અમુક ગામમાં એક નામ ઉપર ૧૫ સોઈલ હેલ્થ કાર્ડ મળે. આવી રીતે સરકારના લક્ષ્યાંકો પૂરાં કરવા માટે માત્ર અને માત્ર આવી જાહેરાતો કરી આવી કાર્યવાહી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોબાઈલ લેબોરેટરી હતી જમીન ચકાસણી માટેની આદિવાસી વિસ્તારોમાં તે ડ્રાયવરોની જગ્યાના કાપના હિસાબે તમામે તમામ મોબાઈલ લેબોરેટરીઓ આજે ગોદામોમાં સડે છે. અત્યારે જે કેમિસ્ટોની જગ્યા એક એક લેબોરેટરી દીઠ જોઈએ સો એ સો ટકા જગ્યા ખાલી છે. દસ વર્ષ જૂના આંકડા મેળવી અને કૃષિ મહોત્સવમાં આવા આંકડા બતાવી અને ખેડૂતોને ગુમરાહ કરવાના પ્રયત્નો થાય છે. આ રીતે તમે જુઓ તો સરકાર એમ કહે છે કે અમે આમ કર્યુ પણ હકીકતે તો કેન્દ્ર સરકારના નાણાંથી આ રાજય સરકારના કૃષિ ખાતાની ઘણી બધી પ્રવૃત્તિઓ ચાલે છે. સાહેબ, હું તમને યોજના બતાવું તો ટેકનોલોજી મિશન ઓન કોટન ભારત સરકાર તેમાં ૭૫ ટકા રૂપિયા આપે છે ગુણવત્તાયુકત તપાસના ઉત્પાદન વધારાની આ યોજનામાં. આ રીતનું ISOPOM નામની યોજના છે તેમાં પણ ભારત સરકાર ૭૫ ટકા આપે છે. આત્મા પ્રોજેકટ છે તેમાં ભારત સરકાર ૯૦ ટકા પૈસા આપે છે. Workplan Macromanagement છે તેમાં પણ કેન્દ્ર સરકાર ૯૦ ટકા પૈસા આપે છે. પાક વીમા નામની જે યોજના છે તેમાં તો સો એ સો ટકા પૈસા કેન્દ્ર સરકાર આપે છે. એવી જ રીતે સેંદ્રિય ખેતીનો કાર્યક્રમ છે તેમાં પણ સો એ સો ટકા કેન્દ્ર સરકાર પૈસા આપે છે. પાક વીમા યોજનાની વાત હોય તો તેમાં પણ ૫૦ ટકા કેન્દ્ર સરકારના નાણાં છે. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હોય તો તેમાં પણ સો એ સો ટકા કેન્દ્ર સરકારના નાણાં છે. સાહેબ, સરકાર ગાઈ વગાડીને કહે છે કે પાક વીમા યોજનામાં અમે ખેડૂતોને રક્ષણ આપીએ છીએ. મારે સાહેબ કહેવું છે કે પાક વીમા યોજનામાં તેને જે ક્રોપ કટીંગ અને બીજી જે વ્યવસ્થા થાય છે સાહેબ તેમાં ક્યાંક અને ક્યાંક ગરબડો થાય છે. હું એનો દાખલો આપું સાહેબ મારા ધ્રોલ-જોડિયા તાલુકામાં પાક વીમો મળે, તેથી ઓછો વરસાદ થયો હોય તો કાલાવડમાં કે જામનગર તાલુકામાં તદ્દન મગફળી નિષ્ફળ ગઈ હોય તો ત્યાંના ખેડૂતોને પાક વીમો ના મળે. પાક વીમા યોજનાનું ક્રોપ કટીંગ થાય તેમાં કોઈને જવાબદારોને હાજર નથી રાખતાં કે નથી તેની ચકાસણી વખતે કોઈને વિશ્વાસમાં લેતાં, નથી કોઈ તેનું પરિણામ બતાવતાં એટલું જ નહીં સાહેબ આ પાક વીમા યોજનામાં એકમ તરીકે અત્યારે જે તાલુકો છે માનનીય કૃષિ મંત્રીશ્રીના મગજમાં આવ્યું છે અને તેણે એક વખત સ્વીકાર્યુ હતું પણ ખરું કે...

**સભાપતિશ્રી** : એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : એકમ છે પાક વીમા યોજનાનું તે તાલુકાના બદલે ગામ રાખવું અને જો ગામ રાખશે તો જ ખેડૂતોને સાચો ન્યાય મળશે, તેના પાકની સામે વીમાનું રક્ષણ મળશે. તે જ રીતે પાક વીમા યોજનાના નાણાંની સમયસર ચૂકવણી જે થાતી નથી. ક્યાંક કેન્દ્રની ભૂલ હોય, ક્યાંક રાજયની ખામી હોય પણ બન્નેએ આ સંકલન કરી અને ખેડૂતોને જરૂરિયાત સમયે બિયારણ કે ખાતર ખરીદવા માટે તેને સમયસર જો પાક વીમા યોજનાના નાણાં મળી જાય તે ખાસ જરૂરી છે. સાહેબ, પશુ યુનિવર્સિટીઓ કરી તેવી પણ વાત કરી મોહનભાઈએ દૂધની પણ વાત કરી હું કહેવા માંગુ છું કે પશુ યુનિવર્સિટી કરી હશે પણ અત્યારે પાંચ દવાખાને એક ડોકટર છે. ગામડાંના ખેડૂતોના પશુઓ, માલધારીઓના પશુઓ તેને સારવાર માટે બહુ તકલીફ પડે છે. એટલે આ જે વાતો છે, આ જે ખોટી જાહેરાતો છે, અને ખોટી વાતો અને ખોટી જાહેરાતોને કારણે માનનીય કૃષિ મંત્રીશ્રીને મારે કહેવું છે કે ખરેખર તમે તો ખેડૂતના દીકરા છો. તમે કામ કરશો તો તમને અમે અભિનંદન આપીશું, તમને ફૂલડે વધાવીશું. પણ ખરેખર વાસ્તવિક કામ કરીને બતાવો. ખેડૂતોના હિતમાં કામ કરીને બતાવો. કંઈક નકકર દાખલારૂપ એવું

કામ કરીને બતાવો. અને એ કર્યા પછી એની જાહેરાત કરે તો વાંધો નથી. પરંતુ ખોટી જાહેરાતો કરીને, પબ્લિસિટી મેળવતી આ સરકારના કૃષિ ખાતાનું આ બજેટ છે, એમાં હું મારો ટેકો આપી શકતો નથી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમંત્રીશ્રી કૃષિ વિભાગની માગણી નંબર ૨, ૪, ૫ અને ૬ લઈને આ ગૃહની અંદર ઉપસ્થિત થયા છે, એમાં મારું સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

હમણાં રાઘવજીભાઈ કૃષિ વિભાગની માગણીઓ ઉપર પોતાની વાતો મૂકી રહ્યા હતા. મને લાગે છે કે દિવસ હોય, માથે સુર્ય તપતો હોય અને એમ છતાંયે એમ કહેવું કે સુર્ય જેવું કંઈ છે જ નહીં અને ઘનઘોર અંધારું છે. આવી વાત અત્યારે રાઘવજીભાઈ કહી રહ્યા હોય એવું મને લાગતું હતું. કારણ કે કૃષિનો વિકાસ, આ રાજયનો વિકાસ એ કહેવાની વાત નથી. એ તો અનુભવની વાત છે. અને એ આ ગુજરાતની અંદર ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા આ વિકાસનો અનુભવ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર-ર. એમાં ૧૨૭૭,૫૩,૭૩,૦૦૦ની જોગવાઈ. મારે આ ગુજરાતમાં થોડા ભૂતકાળમાં જવું છે. એક વખત આ ગુજરાતની ઓળખ એક વેપારી રાજય તરીકે હતી. ગુજરાતની ઓળખ એક ઔદ્યોગિક રાજય તરીકેની હતી. પરંતુ આ ગુજરાતની ઓળખમાં કોઈ જગ્યાએ કૃષિનું નામ નિશાન નહોતું. આ દેશના તમામ રાજયોમાં જયારે કૃષિ વિકાસની વાત આવે ત્યારે પંજાબનું નામ આવે, હરિયાણાનું નામ આવે, બીજા રાજયોનું નામ આવે, પણ ગુજરાતનું કંયાય નામ નિશાન ન હતું. જયારે આજે ગુજરાત કૃષિ વિકાસની અંદર અગ્રેસર છે. આ કેમ બન્યું? એના બનવાનું કારણ છે કે આ રાજય સરકારે કૃષિ વિકાસને અગ્રીમતા આપીને જે સર્વગ્રાહી પગલાં લીધાં છે, એના કારણે ગુજરાતે જબરજસ્ત વિકાસ કર્યો છે. કૃષિ વિકાસની અંદર કુદરતી પરિબળો આપણી સાથે નહોતા. જમીન પણ આપણી પાસે ઓછી છે. કુલ જમીનના ૫૦ ટકા જમીન આપણે ત્યાં ખેતી લાયક નથી. વાતાવરણ પણ કચ્છની અંદર અને સૌરાષ્ટ્રની અંદર પાણીનો અભાવ, ખારું પાણી. આ બધી વિષમ પરિસ્થિતિમાં ગુજરાતમાં કૃષિનો વિકાસ કરવો એ લોઢાના ચણા ચાવવા જેવી બાબત હતી, પરંતુ માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રાજયની શાસનધૂરા સંભાળી. એમણે એક વેપારી રાજય તરીકેની જે ગુજરાતની છાપ હતી, જે ઔદ્યોગિક રાજય તરીકેની ગુજરાતની છાપ હતી, એ છાપને ચાલુ રાખીને ઔદ્યોગિક દ્રષ્ટિએ પણ મારું ગુજરાત નંબર વન હોય, વેપારની દ્રષ્ટિએ પણ મારું ગુજરાત નંબર વન હોય. તો ખેતીમાં પણ નંબર વન હોય આ અભિગમ સાથે તેમણે નવી નીતિ અમલમાં મૂકી છે અને ખેતીવાડીને ખૂબ ધ્યાનથી વિકાસમાં લેવા માંડયા છે. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જયારે અંદાજપત્ર લઈને આ સભાગૃહમાં આવ્યા ત્યારે તેમના અંદાજપત્રમાં તેમણે કૃષિનો ઉલ્લેખ કર્યો હતો કે કૃષિનું ઉત્પાદન વધારવાની અમારી પ્રાથમિકતા છે અને એ વધારવા માટે બિયારણ સુધારણા, જમીનનું વૈજ્ઞાનિક ઢબે નિદાન, જળસંચય, જળ વિતરણ અને ડ્રિપ ઈરિગેશનને વધારે. મહત્વ આપીશું. તો આજે કૃષિ ઉત્પાદન કેમ વધ્યું છે? સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં પાણીનો અભાવ હતો અને આપણે માત્ર આકાશની સામે જોઈને ખેડૂતો વરસાદ અને પાણીની રાહ જોતા હતા. મારે અહીં સામે બેઠેલા મારા મિત્રોને પૂછવું છે કે ૧૯૯૫ પહેલાં પણ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં નદીઓ હતી તો એ વખતે ચેક ડેમ બનાવવાનું અને જળ સંગ્રહ કરવાનું યાદ ના આવ્યું? ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને જળ સંગ્રહ અને ચેક ડેમો બનાવ્યા અને એ બધું પાણી જમીનમાં ઉતર્યુ, વોટર રિચાર્જ થયું અને કૂવાનાં તળ ઉપર આવ્યાં અને એના કારણે આ ખેતીનું ઉત્પાદન વધ્યું છે. વૈજ્ઞાનિક ઢબે ખેડૂતોને ખેતીનું માર્ગદર્શન આપ્યું અને અત્યારે કૃષિ રથની ભલે ટીકા કરતા હોય, પરંતુ કૃષિ રથ આ ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. હું પહેલાં અનુભવની વાત કરું કે આજે ગામડાંમાં લોકોનું જીવન ધોરણ કેટલું ઉંચું આવ્યું છે? અત્યારે ગામડાંમાં જઈએ તો આજથી ૧૦ વર્ષ પહેલાં ગામડાંમાં કોઈના ઘરમાં ટેલીવીઝન નહોતું, ફ્રીઝ નહોતું, કોઈ વ્યકિત પાસે બાઈક કે મોબાઈલ નહોતાં અને આજે એક પણ ઘર એવું નહીં હોય કે એ ઘરમાં ટેલીવીઝન, ફ્રીઝ, બાઈક કે મોબાઈલ ના હોય. તો આ બધું કૃષિ ઉત્પાદન વધ્યું એના કારણે આ લોકોનું જીવનધ ધોરણ ઉંચું આવ્યું છે અને એ આ રાજય સરકારની ખેડૂતો તરફી નીતિને કારણે આવ્યું છે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈને પણ ખ્યાલ છે કે ગુજરાતનો વિકાસ થયો છે, પરંતુ તેમણે આ કહેવું જ પડે કે આમ થતું નથી કે આમ થતું નથી, પરંતુ આ એમની કથા હતી, પરંતુ એમાં એમના હ્દયની વ્યથા ન હતી. એટલે મારે એક જ વાત કરવાની કે,

**કયાં કયાં કહું છું કે આપની હા હોવી જોઈએ,**
**પરંતુ ના કહો છો એમાં થોડી વ્યથા હોવી જોઈએ.**

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ વિકાસ આ ગુજરાત રાજયમાં થયો છે એનો કાઈ ઈન્કાર કરી શકે તેમ નથી ત્યારે આપણે માત્ર ના કહેવા ખાતર ના કહેતા હોય તો એ ના તેમને મુબારક અને આ ગુજરાતનો વિકાસ એ અમને મુબારક છે. આજે ગુજરાતનો વિકાસ છે, છે,છે અને છે. આ દીવા જેવી બાબત છે ત્યારે માનનીય કૃષિ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ નંબર ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે અ માગણીઓને મારું અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના માટે મારે એટલું જ કહેવું છે કે આજસુધીનું આ જે બજેટ કૃષિ વિભાગનું છે એ બજેટ આજસુધીની સરકારોમાં કયારેય પણ જોવા મળ્યું નહોતું. આખા તમામ ખાતાંનું આટલું બજેટ હશે. આટલા બધા વધારા સાથેનું બજેટ જયારે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ અને ગુજરાત સરકારે જયારે રજૂ કર્યુ છે. મારે ખાસ તો બે દિવસ પહેલાં અમારા પંચમહાલ જિલ્લામાં પંચમહાલની પી.ડી.સી. બેંક બંધ થઈ હતી એ પંચમહાલ પી.ડી.સી. બેંક બંધ થવાને કારણે.. એ પંચમહાલ પી.ડી.સી. બેન્ક બંધ થવાના કારણે છેલ્લા સાત વર્ષથી પંચમહાલના ખેડૂતો ખૂબ દુઃખી હતા. સાત વર્ષથી બંધ થઈ હતી તેના કારણે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીએ સામાન્ય સભાનું આયોજન કરાવ્યું અને તે સામાન્ય સભામાં તમામ અધિકારીશ્રીઓ હાજર રહી અને ખૂબ સારી રીતે સામાન્ય સભા ભરાઈ અને તેની અંદર હિસાબો મંજૂર કરાવી અને બાયોલોજમાં જે ફેરફાર કરવાનો હતો તે બાયોલોઝમાં ફેરફાર કરવામાં આવ્યો. અને ટૂંક સમયમાં ફરીથી સામાન્ય સભા મળશે અને પંચમહાલ પી.ડી.સી. બેક ચાલુ થવાના અણસાર દેખાઈ રહ્યા છે. તે બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને માનનીય કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પશુપાલન સમાજમાં ખાસ કરીને ગ્રામ્ય ક્ષેત્રના વિકાસમાં દેશ અને રાજયમાં આગવું સ્થાન ધરાવે છે. પશુપાલન એ ખેતીવાડીના પુરક વ્યવસાય ગુજરાતની અંદર આપણા ખેડૂત ભાઈઓ કરતા આવ્યા છે, પશુઓના નિભાવ માટે મુખ્ય ખેત પેદાશોનો ઉપયોગ કરવામાં આવતો હતો પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. ગામડાંઓના સામાજિક અને આર્થિક વિકાસમાં પશુપાલન મુખ્ય વ્યવસાય બની ગયો છે. આપણા ગુજરાતની અંદર પશુઓની અમુલ્ય જાતો એવી છે કે ગીર ગાય, કાંકરેજી ગાય, ભેંસમાં જાફરાબાદી ભેંસ, મહેસાણી ભેંસ, સુરતી ભેંસ, બન્ની ભેંસ, અશ્વોની અંદર કાઠીયાવાડી અશ્વ અને મારવાડી અશ્વ, ઘેટાઓમાં પાટણવાડી અને મારવાડી, બકરાઓ સુરતીમાં મારવાડી અને ઝાલાવાડી, ઉંટમાં કચ્છી અને મારવાડી, રાજયની છેલ્લી ૧૮મી પશુ વસતિ ગણતરી મુજબ ૨૦૦૭ની અંદર કુલ ૨,૦૦,૨૩૫ કરોડ જેટલા પશુઓ અને ૧૩૩ કરોડ જેટલા ઘેટા-બકરાની વસતિ ગણતરી કરવામાં આવી હતી. રાજયના પશુ ધનમાં સાડા આઠ ટકા જેટલો વધારો થયો છે. ખાસ કરીને રાજયની શંકર ગાયોની વસતિમાં ૭૯ ટકા જેટલો વધારો થયો છે અને ભેંસોની અંદર ૨૩ ટકા જેટલો વધારો થયો છે. પશુપાલકોની ૧૯૯૬થી આર્થિક સ્થિતિ અને પશુઓની તંદુરસ્તી આરોગ્ય કેમ્પો કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકારે ૨૦૦૨ થી અભિયાન સ્વરૂપે આરોગ્ય પશુ મેળાઓનું આયોજન કરી તેનો પ્રારંભ કર્યો. પશુઓના અરોગ્ય મેળાના નિષ્ણાત ડોકટરોને મોકલીને પશુઓ માટે દરેક ગામે ગામ પશુ મેળાઓ કરી પશુઓની સારવાર કરી પશુઓને..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ તો સિનિયર મેમ્બર છો, આખું પ્રવચન લખીને લાવ્યા છો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : મુદ્દા લખેલા છે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, દરેક પશુઓના મેળામાં સારા સારા પશુઓની જે કંઈ તકલીફો અને બિમારીઓ હતી તેવા પશુ મેળાઓ કરીને ગુજરાતના માલધારી સમાજને ગોપાલક સમાજને અને ગરીબ ખેડૂતોને જે મદદ કરવાનો પ્રયત્ન ભારતીય જનતા પાર્ટીની સરકારે અને નરેન્દ્ર મોદીની સરકારે કર્યો છે તેમને મારા ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગાય એ ગૌ માતા છે. ગાયની અંદર ૩૩ કરોડ દેવનો વાસ છે. આપણા હિન્દુ સમાજની અંદર ગાયની પુજા થાય છે. સવારથી સાંજ સુધી જેમ કૃષ્ણ ભગવાને ગાયની સાથે જીવન ગાળ્યું હતું એમ ગોપાલક સમાજ આજે પણ જીવન ગાળી રહયો છે. કૃષ્ણએ ભગવત ગીતાના દસમાં અધ્યાયમાં કહયું છે કે "આયુષ્ય તનામ બ્રજમ, જેનું નામેસી કામુક, એના વૃજમાં, હથિયારોમાં પણ હું છું, ગાયોમાં પણ હું કામધેનુ તરીકે છું. વેદોમાં પણ ઉલ્લેખ કર્યો છે સર્વે ભુતાના ગાવ સર્વ સુખા પ્રદા, કામધેનુ સ્વરૂપ ગૌ માતા એ સર્વ જીવોની માતા છે. અને બધાને સર્વ સુખ આપનારી માતા છે. મહાત્મા ગાંધીજીએ કહયું છે કે ગાય હિન્દુસ્તાનની કામધેનું છે. ગાય ફકત દૂધ નથી આપતી એ કૃષિ અને માનવ પોષણનો આધારસ્તંભ છે. ભારતની સંસ્કૃતિ અને વિકાસ માટે જોડાયેલી આ આપણી સંસ્કૃતિ છે. આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું પુરે પુરૅ સમર્થન આપું છું.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એની અંદર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

મારા સાથી સભ્યો ઘણા સમયથી એક ખેડૂતના દીકરા તરીકે વાત સાંભળુ છું મંત્રીશ્રી પણ ખેડૂતના દીકરા છે. હું પણ ખેડૂતનો પુત્ર તરીકે આજે એક સભ્ય તરીકે આ હાઉસમાં બેઠો છું પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અહીંયા અભિનંદન વાહવાહ જ થાય છે. હું પણ આપું અભિનંદન અને વાહવાહ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ભગવાનભાઈ, આપને ચાર મિનિટનો જ સમય ફાળવેલ છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : ખેતીવાડીની વાત આવે છે ત્યારે મારે મંત્રીશ્રીને વાત કરવી છે. કૃષિરથ મેળાથી ખેડૂતોનો ઉદ્ધાર થઈ ગયો, ના ખેડૂતોને જોઈએ વીજળી અને પાણી. અમારા સૌરાષ્ટ્રની વાત કરું તો ૧૯૯૦ થી ૧૯૯૫ના ખેડૂતોના ખેતીવાડીના કનૅક્શનો ૬૦ હજારથી ૭૦ હજાર જેટલા પેન્ડિંગ પડ્યાં છે. ૧૯૯૧ના કનૅક્શનો રીલીઝ કર્યા નથી અને આપણે ખેડૂતોના ઉદ્ધારની વાત કરીએ છીએ. વીજળી નહિ હોય તો પાણી નહિ મળવાનું અને પાણી ન હોય તો વીજળી નથી મળવાની, આ વસ્તુનો પણ અંદાજ આપણે કરવો પડે. હું એની અંદર સહકાર સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મુરબ્બી ભાઈશ્રી દિલીપભાઈને નમ્ર વિનંતી કરુ છું કે

૧૯૯૫ સુધીના ૭૦ હજાર કનેક્શનો સૌરાષ્ટ્રના પેન્ડિંગ પડ્યા છે એ કનેક્શનો રીલીઝ કરી દો તો અમે જાહેરમાં ધન્યવાદ અને અભિવાદન કરીશું. ખેડૂતોને કનેક્શનની જરૂર છે પાણીની જરૂર છે. આજે ખેડૂતની પરિસ્થિતિ એવી છે કે ઘેર દીકરો કે દીકરીનો જન્મ થાય, ખેતીવાડી કનેક્શનની માગણી કરે અને દીકરો કે દીકરી ૨૧ વર્ષના થાય એનું વીજળીનું કનેક્શન મંજૂર થઈને આવે ત્યારે કનેક્શનની રકમ કેટલી હોય બે લાખ રૂપિયા, દોઢ લાખ રૂપિયા, નાનો ખેડૂત આ કેવી રીતે ભરી શકે? કારણ કે બે પ્રસંગ દીકરો અને દીકરી જવાન થઈ ગયા છે એના પ્રસંગો ઊભા છે ત્યારે વિચાર કરે કે હું કનેક્શનના પૈસા ભરું કે મારા દીકરા દીકરીના લગ્ન કરું. આ બે વિચારમાં ખેડૂત છે એ વીજળી કનેક્શન પહેલા લેશે અને પછી એના દીકરા અને દીકરીની વાત વિચારે છે. આ ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. આ હાઉસમાં એક ખેડૂતના દીકરા તરીકે અંદરની વેદના બોલી રહી છે.

સહકાર વિભાગની વાત કરું તો થોડા સમય પહેલા તાલાલા સુગર ફેકટરીની અંદર નાબાર્ડ પાસે શોર્ટ લોનની માગણી કરવામાં આવી હતી. એ લોન કેન્દ્ર સરકાર આપે, પૂરેપૂરી રકમ કેન્દ્ર સરકાર આપે એમાં રાજય સરકારે ગૅરન્ટી આપવાની હોય. ત્રણ ત્રણ વખત દરખાસ્તો મોકલી માનનીય મંત્રીશ્રી માનનીય નાણામંત્રીશ્રીને પણ ત્યાંના ચેરમેન અને હું પણ મળ્યા. વાત કરી તમારી લોનની ગૅરન્ટી આપીને કેન્દ્રને મોકલી આપીશું. આ બંને લોન નામંજૂર કરવામાં આવી છે. એનું મુખ્ય કારણ હોય તો એ સંસ્થાના ચેરમેન કોંગ્રેસ પાર્ટીના છે એટલા માટે નામંજૂર કરવામાં આવી છે. બાકીની સરદાર સુગર, મરોલી સુગર, ઉકાઈ સુગર અને વડોદરા સુગરને આ લોન આપવામાં આવી છે. એટલા માટે સહકાર મંત્રીશ્રીને મારી વિનંતી, નાણા મંત્રીશ્રીને વિનંતી કે આ પણ એક સહકારી સંસ્થા છે તેથી આ બંને લૉનોની ગૅરન્ટી આપીને કેન્દ્ર સરકારને મોકલી આપો એટલી મારી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની માગણી નંબર ૨, ૪, ૫ અને ૬ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપવા ઊભો થયો છું.

સમય પાંચ મિનિટનો જ આપ્યો છે અને જવાબો દસેક આપવા છે. જે માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા મિત્રો આ બાજુથી પણ બોલતા હતા અને અહીંથી પણ બોલતા હતા. પરંતુ વાસ્તવિક વાત ગૃહના ફ્લોર પર મૂકું તો મારા મિત્રોને સાચી વાતનો ખ્યાલ આવશે. યોજનાકીય કદમમાં ૨૦૦૯-૧૦ની જે નાણાકીય જોગવાઈ સહકાર મંત્રી ૮૧.૧૪ કરોડ, જેમાં ૨૦૧૦-૧૧માં ૮૭.૫૩ કરોડની કરેલ છે. એટલે ૬.૬૪ ટકાનો વધારો લઈને આવ્યા છે તેને ચોક્કસ સમર્થન આપવાની ઈચ્છા તો થાય જ. સાથે સાથે મારા મિત્ર હમણાં જ મારી પૂર્વે ભગવાનભાઈ બોલતા હતા. મારે લાંબી વાત નથી કરવી. પણ દરિયા પટ્ટીમાંથી આવું છું ત્યારે ખેડૂતના દીકરા તરીકે દરિયા બેલ્ટની મારે બે-ચાર વાત કરવી છે. ખેતી ભાંગી કેમ ગઈ હતી? મારે આ વાત આપને પૂછવી છે. ૧૯૭૫માંથી દરિયાનું પાણી આવતું હતું. નીચેથી પ્રવાહમાં ખારું પાણી વધતું જતું હતું. કોઈ દિવસ કોઈએ રોકવાના પ્રયત્નો કર્યા છે? ૧૯૭૫થી ૧૯૯૫ સુધી કોણ બેઠું હતું મિત્રો, કયારેય કોઈએ કંઈ નહોતું કર્યું. ખેતી સાવ બંજર થઈ ગઈ હતી. ઝાડવા સૂકાઈ ગયા હતા અને પાંચ-પાંચ કિલોમીટર સુધી નજર નાખો ત્યાં માણસ દેખાય ઉભો હોય તો પણ. આવી સ્થિતિ અમારા દરિયાકાંઠાની હતી. લીલી નાઘેર જે ચોરવાડમાં કહેવાતી, નાળિયરીના અને કેસર કેરીના બગીચાઓ નાશ પામ્યા હતા અને ત્યાં માણસ ઉભો હોય તો પણ કોઈને ગમે નહીં એવી સ્થિતિ કોંગ્રેસના શાસનમાં હતી મિત્રો, કોંગ્રેસની વાત એટલા માટે કરું, હું પણ ત્યાં હતો એટલે વાત કરીશ. મિત્રો કોંગ્રેસનું બધું હતું ફાઈલ ઉપર અને ખરેખર હવે મને લાગે છે કે બી.જે.પી.માં બધું આવ્યું છે લાઈફ ઉપર. આ વાત મારે આપને કરવી છે. જ્યારે કોંગ્રેસમાં મિત્રો, હું કોઈ એવો આક્ષેપ નથી કરતો કે તમે કર્યું એમ, પણ મારે એટલા માટે વાત કરવી છે કે ખેતી જ્યારે ભાંગતી જતી હતી ત્યારે ખેડૂતનો દીકરો જ્યારે કોઈ મજૂરી કરવામાં શહેર તરફ જતો હતો અને બે ટંકનું ખાવાનું પણ ખેડૂતના દીકરાને મળતું ન હતું ત્યારે ૧૯૯૫ પછી, ૧૯૯૮ પછી ભારતીય જનતા પક્ષની સરકાર આવી અને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે સત્તાના સુત્રો સંભાળ્યા અને દિલીપભાઈ જેવા કૃષિ મંત્રી મળ્યા છે ત્યારે એક નદી હોય, એક નાળું હોય કે દરિયા બેલ્ટમાં નદીના મુખ દરિયામાં મળતા હોય એના ૧૫-૧૫ કિલોમીટર ખારા પાણી આગળ વધતા હતા એમાં સરકાર તરફથી બંધારાઓ કરવામાં આવ્યા છે. નીતિનભાઈને એટલે હું અભિનંદન આપીશ કે જળ સંપત્તિ વિભાગ તરફથી હજારો કિલોમીટર દરિયા કાંઠા ઉપર કેનાલો કરવામાં આવી, આજે આવો ત્યાં હયાત છે જોઈએ આપણે અને તેનાથી દરિયા બેલ્ટમાં ફરી લીલૂડી ધરતી ઉભી થઈ છે. લીલૂડી નાઘેર ઉભી થઈ છે. દરિયા બેલ્ટમાં ખેતરો છે એ ફરી હરિયાળા બન્યા છે. શિયાળુ પાક થવા માંડ્યો છે. બાજરો, ઘઉં, મબલખ પાક શેરડી. ગડુથી આગળ જ્યારે મારા મિત્રો આવતા હોય તો જોજો કે જંગલમાં પસાર થઈએ છીએ કે કયાં? આવા સારા વૃક્ષો અને સારી ખેતી થાય છે એવા વિસ્તારમાં મારા મિત્રોને મારે કહેવું છે કે જ્યારે તલાલામાંથી આવો છો તો આપણે કેરી કયાં એકસપોર્ટ કરીએ છીએ? વિદેશમાં કેરી એકસપોર્ટ કરીએ છીએ. કેરીના કેટલા પ્લાન્ટ બન્યા છે ત્યાં? ખેડૂતને જ્યારે ભાવ કેટલા મળવા લાગ્યા છે. મારે એક છેલ્લી વાત કરવી છે કે ખેડૂતના દીકરાને પશુઓની ચિંતા હોય, પશુ પાંચ ઘરે બાંધ્યા હોય અને જ્યારે એનું દૂધ વેચવા બજારમાં જાય ત્યારે ખેડૂતને ૧૦ રુપિયા ન મળે. ત્યારે બૉમ્બેમાં ૨૫ રૂપિયા ભાવ હોય અને ગામડાંમાં ૧૦ રૂપિયા ન હોય. આજે બૉમ્બેમાં પણ ૨૫ છે અને ગામડાંમાં પણ ૨૫ છે.

મિત્રો, એ દેન કોની છે? ભારતીય જનતા પક્ષની સરકારની દેન છે. ત્યારે ગામડાંનો ખેડૂત સમૃદ્ધ થયો છે. કૃષિ મંત્રીશ્રી જ્યારે આ માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રી કૃષિ, પશુપાલન અને સહકાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના વિષે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય ધારાસભ્યશ્રીએ એક વાત કહી કે બપોરનો સૂર્યાસ્ત તપેલો. બીજાંને અંધારું દેખાય છે. હું જ્યારે કૉલેજમાં ભણતો હતો ત્યારે અમારી કૉલેજમાં એક પ્રોફૅસર ભીમાણી આવ્યા હતા. પ્રોફૅસર ભીમાણીએ એક અમને ખેલ બતાવ્યો. એમાં તેમણે એકને એક વાત વારંવાર રજૂઆત કરી કે તમે હમણાં થોડીવારમાં ઉંઘી જશો, થોડીવારમાં ઉંઘી જશો, પછી બીજી બધી વાતો કરીને એમણે એવી પરિસ્થિતિમાં લાવી દીધા કે એમની પાસે એક ડુંગળીનો દડો હતો. મોટી ડુંગળી અને વિદ્યાર્થીને કહ્યું કે લે, આ સફરજન છે. તું ખા. તો પેલી ડુંગળીમાં સફરજન કહીને હોંશે હોંશે ખવડાવવામાં આવ્યું. એને પૂછ્યું કે સફરજન કેવું છે તો કહે કે, ખૂબ મીઠું સફરજન છે, બહુ મીઠું સફરજન છે. એણે પગમાં પહેરેલો બૂટ હતો એ એને કાઢી આપ્યો અને કહ્યું કે આ બાબો છે, એ બાબાને રમાડ તો એણે એ બાબાને હોંશે હોંશે રમાડ્યો. એને કહ્યું કે એ બાબાને કીસ કર એટલે એ કીસ કરવા માંડ્યો એટલે અત્યારે બધાને ગુમરાહ કરીને, હિપ્નોટાઈઝ કરીને માહોલ દેખાડવામાં આવી રહ્યો છે, એ બધો માહોલ આભાસી માહોલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અત્યારે ખેતીની જમીન ૨૦૦૪-૦૫ના આંકડા પ્રમાણે જોઈએ તો ૫૧ ટકા કૃષિની જમીન હતી. તે પછી ઉદ્યોગોમાં, બાંધકામ પ્રોજૅક્ટ, રોડ પ્રોજૅક્ટ, કેનાલોમાં ફાર્મ હાઉસોમાં એ જમીનો દિવસેને દિવસે કપાતી જાય છે અને હમણાં છેલ્લા વર્ષોમાં જે ઈન્વેસ્ટમેન્ટ થઈ રહ્યું છે, જે ખેડૂતો નથી એ ઈન્વેસ્ટમેન્ટ કરવા આવ્યા છે એના કારણે એમણે ખેતીની જમીન મોંઘી કરી દીધી છે. એ જમીન લઈને ફેન્સીંગ કરીને મૂકી રાખે છે એટલે એ જમીન બિન ખેતીમાં આવી જાય છે અને ખેતી હેઠળની જમીન દિવસે દિવસે ઓછી થતી જાય છે, ખેતીના ઉત્પાદનમાં ઘટાડો થતો જાય છે ત્યારે આ સરકાર ગ્રીન હાઉસ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને ઓછી જમીનમાં વધારેમાં વધારે આવક થાય એ માટે ખેડૂતોને પ્રોત્સાહન આપી આ ગ્રીન હાઉસો ઊભાં કરવાં જોઈએ. બાગાયત ખેતી માટે જમીનનો ઉપયોગ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર નવી કૃષિ યુનિવર્સિટીઓ બનાવવામાં આવી છે અને પાંચમી પશુપાલન યુનિવર્સિટી ઊભી કરી છે ત્યારે આ યુનિવર્સિટીઓને પૂરતું ભંડોળ આપવામાં આવતું નથી, પૂરતાં નાણાં આપવામાં આવતાં નથી. કૃષિ યુનિવર્સિટીનું કામ વિતરણ, સંશોધન અને નવી શોધ કરવાનું કામ હોય છે. પરંતુ એ આજ સુધી કોઈ નવું સંશોધન કરી શકી નથી. પરિણામે પ્રાઇવેટ બિયારણ કંપનીઓ છે એ પોતાના બિયારણ ખેતી ક્ષેત્રે લાવ્યા છે. ખરેખર તો સરકાર માન્ય બિયારણ હોવા જોઈએ એ બિયારણ અત્યારે ઉપલબ્ધ નથી. ડો. સી.ટી. પટેલે સંકર-૪ કપાસનું સંશોધન કર્યું એ પછી આજ સુધી કોઈ મોટી શોધ આ યુનિવર્સિટીએ કરી નથી. આ સંશોધન ન થવાના કારણે ખેડૂતો છેતરાય છે અને ખોટા બિયારણો વવાય છે. જે બિયારણો ન સ્વીકાર્યા હોય એ પોતે પોતાના નામે દર્શાવે છે..(અંતરાય)

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ કૃષિ પ્રધાન દેશ છે. આ દેશ કૃષિ ઉપર આધારિત દેશ છે. આ દેશના ખેડૂતો સમૃદ્ધ થાય તો દેશ સમૃદ્ધ થાય. આઝાદી પછી ભારતમાં ખેડૂતો પોતાની આર્થિક જરૂરિયાત માટે શેઠ અને શાહુકારોને ત્યાં ભટકતા હતા. ત્યારે ગામડાના ગરીબ ખેડૂતોની મજબૂરીનો લાભ ઉઠાવી એમના ઉત્પાદનના ઓછા ભાવ આપે, ખોટું તોલ કરે, ઘટ કાપે અને વટાવ પણ કાપે અને ઊંચું વ્યાજ લેતા હતા. આવા સમયે ખેડૂતો દેવામાં ડૂબી જતા હતા. જ્યારે બ્રિટિશ શાસનની અંદર ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે પ્રયત્ન કર્યો. તે વખતે લો કમિશનની ભલામણથી મુંબઇ ખેત ઉત્પાદન બજાર સમિતિનો અમલ શરૂ થયો અને તે પછી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વ્યથા નહીં પણ વ્યવસ્થા આપી. આ કોંગ્રેસના શાસનમાં વ્યથા-વ્યથા અને વ્યથા હતી એની અમે કરી વ્યવસ્થા. મારે બીજી વાત કરવી છે. કઠોળના વાવેતરની વાત કરીએ ત્યારે રાજયની અંદર શાકાહારી પ્રજા માટે, કઠોળ એ શાકાહારી લોકો અને પ્રોટિન માટેનો મહત્ત્વનો ખોરાક છે.આના માટે વિદેશમાંથી કઠોળ અત્યારે લાવવાની જરૂરિયાત પડી છે એવા સમયે આપણા મુખ્યમંત્રી અને આપણા કૃષિ મંત્રીશ્રીએ ૩૦ હજાર હેકટર ઉનાળું પાક કરી અને જરૂરી જથ્થો ઉપલબ્ધ કરાવવા માટેની મથામણ કરી છે. બહારથી ખરીદીએ ત્યારે આપણું હૂંડિયામણ પણ બહાર જતું હોય છે. આ માટે આદરણીય મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના અને ગરીબ ખેડૂતો માટે બજેટમાં કઠોળ ઉત્પાદન કાર્યક્રમ માટે વિનામૂલ્યે ૨૦૦૦ રૂપિયા સુધીની કીટ આપી છે. (અંતરાય) આનો લાભ ૪ થી ૯ હજાર હેકટર જમીનમાં ખેડૂતો લઈ શકે એમ છે. આ કઠોળ એવું છે કે કઠોળ સિવાય ભગવાનને પણ ભોજન ભાવતા નથી. હમણાં ચૈત્રી પૂનમમાં ત્યાં ડાકોરમાં છપ્પન ભોગનો પ્રસાદ મૂકેલો અને એમાં લખ્યું હતું કે ઠાકોર થાળી ન જમ્યા, રોષે ભરાયા રણછોડ, છપ્પન ભોગ ભલે ભર્યા, ક્યાં છે દાળ ને કઠોળ. આ મોંઘવારીમાં દાળ અને કઠોળ આ કોંગ્રેસના રાજમાં મોંઘા થયા. મારે એ

વાત કરવી છે કે આર્થિક સમસ્યાના કારણે નાના અને સીમાંત ખેડૂતો માટે ખેતરમાં વાવેતર કરી, ગામ દીઠ (અંતરાય) (સમયસૂચક ઘંટડી) માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ કૃષિ અને ઋષિઓનો દેશ છે. કૃષિકારે આપણને સંસ્કૃતિ આપી અને ઋષિઓએ આ સંસ્કૃતિને સાચવી. આદિ માનવ ખોરાક માટે રખડતો, ભટકતો હતો ત્યારે તેમાંથી પહેલો આદિ માનવ સ્થિત થયો અને સ્થિરતાનું કારણ હતું ખેતી. એક જગ્યાએ સ્થિર થયો અને વસવાટ કર્યો અને પહેલો માનવ બન્યો અને આપણી સંસ્કૃતિની શરૂઆત થઈ. આમ, કિસાનોએ આપણી સંસ્કૃતિનો પાયો નાંખ્યો છે. કિસાનને જગતનો પાલનહાર કહેવાયો છે. આ કિસાન ઉપર રાજાઓએ, સરકારોએ અને સમાજે સમયે સમયે કેવા દમન કર્યા કે જગતનો પાલનહાર ક્યારેક ગુલામ બની ગયો તો ક્યારેક ખેડૂતમાંથી ગણોતિયો કે ઉભડ બની ગયો તેનો દર્દભર્યો ઈતિહાસ છે. આજે કિસાન કોને કહેવો આ એક પ્રશ્ન છે. દેશનો શ્રેષ્ઠ ઉદ્યોગપતિ હોય, ક્રિકેટર હોય કે ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચન હોય, એને રેકર્ડ ઉપર ખેડૂત બનવું છે. જ્યારે સાચો ખેડૂત બધા લાભોથી વંચિત છે. ખેડૂતો ઉદ્યોગપતિઓની જેમ ઉત્પાદન રોકી શકતા નથી. દા.ત. બટાકા કે મગફળીનું વાવેતર કરેલ હોય અને એને ખબર પડે કે યુ.પી. કે એમ.પી.માં એનું વાવેતર વધારે થયું છે અને ભાવો ગગડી જશે તો પણ એ ઉદ્યોગપતિની જેમ ઉત્પાદન રોકી શકતો નથી. એનું ઉત્પાદન આવે છે અને એને નુકસાન ભોગવવું પડે છે. પણ આ ગુજરાતમાં નિયમો ખેડૂતોને નુકસાનકર્તા અને ઉદ્યોગપતિઓને ફાયદોકર્તા નિયમો ઘડાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ માટેના ડૅમની વાત કરું છું. જળસંપત્તિ વિભાગની સિદ્ધિઓ એમ કહે છે કે ખેડૂતોને અપાતા પાણીના પૈસામાં ૧૯૮૧થી કોઈ ફેરફાર થયો નથી. પણ આ સરકારે હિંમત કરીને એમાં ભાવ વધારો કરેલ છે અને હવેથી ૧૫ ટકા વધારો દર વર્ષે કરશે. ઉદ્યોગપતિઓ માટે અપાતા પાણીના ભાવમાં ૧૦ ટકા વધારો દર વર્ષે કરાશે. ટૂંકમાં, સિંચાઈ માટેના ડેમના પાણી માટે સિંચાઈ માટે ૧૫ ટકા અને ઉદ્યોગપતિઓ માટે ૧૦ ટકા વધારો. આ સિદ્ધિઓ આગળ એમ કહે છે કે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતો સિંચાઈ માટે ૧૦૦ ટકા એડવાન્સ રકમ ભરે છે અને ઉદ્યોગપતિઓ પાણી માટે પૈસા પછી અને મોડા ભરે છે અને રીકવરી ફક્ત ૮૦ ટકા છે. એમ છતાં ખેડૂતો પાસેથી દર વર્ષે પાંચ ટકા ભાવ વધારો ઉદ્યોગપતિઓ કરતાં વધારે લેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખેડૂતોની નહિ પણ ઉદ્યોગપતિઓની લાગે છે. ઓછા શબ્દોમાં કહું તો આ સરકાર કહેવાતી ભારતીય સંસ્કૃત્તિને વરેલી આ સરકાર ગાય કરતા માતેલા સાંઢનું વધારે ધ્યાન રાખે છે.

**શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કિસાનલક્ષી સરકારના ફળ ગામડે ગામડે પહોંચ્યાં છે જેથી ચોટીલા વિસ્તારની અંદરથી મારા મત વિસ્તારમાં મને ૨૨૩૬૮ મતોથી મારો વિજય થયો છે જેનું કારણ હોય તો ફક્ત આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ખેડૂતલક્ષી આ યોજના છે અને આ મંદિર સમાન સભાગૃહ સમક્ષ પ્રથમવાર આજે હું ચર્ચામાં ભાગ લઈ રહ્યો છું તેથી તો તેને હું મારું એક સૌભાગ્ય સમજું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે આ માગણીઓ લઈને આવ્યાં છે તેમાં હું મારું સમર્થન આપવા આ સભાગૃહ સમક્ષ અહીં ઉપસ્થિત થયો છું. યોજનાકીય કદમાં ૨૦૦૯-૧૦ માં ૮૧.૧૪ કરોડ હતા. જ્યારે ૨૦૧૦-૧૧ માં ૮૭.૫૩ કરોડ ફાળવવામાં આવેલ છે જેથી ૬.૬૪ ટકાનો વધારો થયેલ છે. સને ૨૦૧૦-૧૧ માં એક લાખ કિસાન-ખેડૂત ક્રેડીટકાર્ડ ઈશ્યું કરવામાં આવશે. ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ સમિતિના વિકાસ માટે સને ૨૦૧૦-૧૧માં રૂા.૫ લાખની જોગવાઈ કરવામાં આવશે. નાની સિંચાઈ યોજનાઓ હેઠળ ખેડૂતો દ્વારા થયેલ પિયત સહકારી મંડળીઓમાં યંત્ર-સામગ્રી વસાવવા પાઈપ લાઈન માટે ૨૦૧૦-૧૧ માં રૂા.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. કૃષિ ધિરાણ માળખાને બળવતર બનાવવા વૈદ્યનાથન કમિટીના અમલીકરણ માટે રૂા.૧૨.૫૦ લાખ સહકારી મંડળીઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, પાક વ્યવસ્થા હેઠળ કૃષિ વિકાસના કાર્યક્રમોમાં નવી બાબતમાં રાજ્યના ૨૬ ખેડૂત તાલીમ કેન્દ્રો, કચેરીઓમાં હોસ્ટેલ સુવિધા માટે રૂા.૨૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રૂા.૧૧ લાખના બિયારણ બદલાવ પ્રમાણે એસ.આર. માટે બિયારણની વૃદ્ધિ અને વહેંચણી કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. હું કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેતી પ્રધાન રાજ્ય છે પણ આ સરકારમાં ખેતીનું કાંઈ છે નહિ, આ સરકાર ખેડૂત વિરોધી છે. ખેડૂત વિરોધી ના હોય તો હું બધા દાખલ આપું છું. એક તો સહકારી ક્ષેત્ર પણ ખાડે ગયું છે. બેંકો છે, સહકારી બીજી સહકારી સંસ્થાઓ છે. કાંઈ પહેલા અમારા કોંગ્રેસમાં આવું નહોતું. સહકારી સંસ્થાઓ સારી ચાલતી હતી.

બીજું કે ખેતીમાં જે પહેલા કોંગ્રેસ સરકારમાં ગ્રામ સેવકો હતા એ ગામડે ગામડે ફરી ખેતીમાં શું જોઈએ છીએ, કઈ દવા વાપરવી છે એ બધું કહેતા હતા.અત્યારે તો ગ્રામ સેવકો નામના નથી રહ્યા, બાકી રહ્યા જ નથી. એટલે મહેકમ જ ખાલી છે ખેતીવાડીમાં મહેકમ પણ પુરાતું નથી. તમે જુઓ તો એરંડા છે પછી આ કપાસ છે એ બધા ઊભાને .ભા સુકાઈ જાય છે, ઊભા ઊભા સુકાઈ જાય છે. બિયારણ રાશી આવે છે. આપણી આટલી બધી

કૃષિ યુનિવર્સિટીઓ છે તો ખેતીવાડીના બિયારણો તો સારા પકવો. મલ્ટીપલ કંપનીઓ પાસેથી લઈને કયાં જવું છે ? એ બનાવટી બિયારણ આપી ખેડૂતોને નુકસાન કરે છે. ખેડૂતો પાયમાલ થઈ ગયા છે અને ખેડૂતો આપઘાત કરે છે તો બંધ કરવાનું તો બંધ કરો, બીજું કંઈ ન કરો તો. કારણ કે, આ દવાઓ તમે જુઓ તો એ ખેતીની દવાઓ બનાવટી આવે છે, ખેતીમાં લાગુ જ પડતી નથી અને એના ઉપર કોઈ કેસ પણ કરાતા નથી કે એની તપાસ પણ કરતા નથી તો પછી આ ખાતું શું કરવાનું ? આપણે પશુપાલન અને ખેતીવાડીનો શિયાળુ ધંધો છે તો ખેતી અને પશુપાલનમાં નાના અને સીમાન્ત ખેડૂતો હોય તો એમને બે એચ.પી.ની મોટર આપો તો પચાસ ટકા બેરોજગારી બંધ થઈ જાય. જે ખેડૂતોના છોકરાઓ છે જે ભણેલા ગણેલા છે એમને કયાંય નોકરીએ જવું ન પડે. કારણ કે, ગામડાઓમાં બે વિઘાના તાગડાઓ બધાને છે એ લોકોને ઘાસચારા માટે અને પશુપાલન માટે બે એચ.પી.ની મોટરો આપવામાં આવે તો એમને નોકરીની જરૂર નથી તો એ પણ કરતા નથી. વજુભાઈને કહ્યું, સૌરભભાઈને કહ્યું, કૃષિ મંત્રીશ્રીને કહ્યું ખેતીવાડીના તો પણ કોઈ વાત જ સાંભળતા નથી અને પછી તમે કહો કે અમારું બધું સારું તો શું તમારું સારું ? અમે જે કોંગ્રેસવાળાએ કર્યુ છે એ તમારાથી નહીં થાય. અમારા રામસિંહભાઈ છે ડેરીના એમણે કેટલાય જણાને લૉનો આપી ભેંસો માટે આપી દીધી.

**અધ્યક્ષશ્રી** : શ્રી શિરીષભાઈ શુક્લ.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઈને આવ્યા છે તેના અનુસંધાનમાં હું મારી વાત કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ, કૃષિ રથ વિશે અનેક વાતો કહેવામાં આવી. આગલા વક્તાએ કહ્યું કે, ગુજરાતની અંદર ખેતીની જમીન ઓછી થતી જાય છે પરંતુ કેન્દ્ર સરકારના જે આંકડા છે એના પ્રમાણે ખેતીની જમીન ઓછી થવા છતાં પણ જે છેલ્લું ઉત્પાદન ગુજરાતમાં થયું તે ૪૯ હજાર કરોડનું હતું. આ એક નહીં બે જેવી વાત છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. કૃષિ રથથી જે ફાયદો થયો છે એ ફાયદો અનેકગણો થયો છે. જે વિસ્તારોની હમણાં વાત થઈ જે વિસ્તારો ખારાપાટ હતા એ વિસ્તારોમાં પણ ખેતીની સુધારણા થઈ સરકારે આડબંધો બાંધ્યા પરિણામે એ વિસ્તારોની ખારાપાટની જમીનોનું ઉત્પાદન પણ વધ્યું એટલે ઓછી જમીન થવા છતાં પણ ઉત્પાદન વધ્યું છે એ હકીકત છે. એ કૃષિ રથને લોકો જે રીતે કહેતા હોય, એમના વડાપ્રધાન કહે છે કે, કૃષિ રથ એ સારી પ્રવૃત્તિ છે, બીજા રાજયોએ પણ કરવી જોઈએ એવું મનમોહનસિંહે પણ ક્હેલું છે. એટલે કૃષિ રથ એ ગુજરાત માટે બહું સારી વસ્તુ હતી. આ ઉપરાંત કૃષિ રથથી જે રીતે ગામડાઓમાં જે વિકાસ થયો છે એ વિકાસમાં ચોવીસ કલાક વીજળી મળવાના કારણે એક બાજુ લોકોએ ખેતી કરી બીજી બાજુ લોકોએ ગૃહ ઉદ્યોગો કર્યા અને ખેડૂતોની પરિસ્થિતિ સારી થઈ. ખાસ કરીને મારા પોતાના વિસ્તારમાં રાજપુર નામે એક ગામ છે, એ દરિયા કિનારે આવેલું છે પણ ત્યાં જે આડબંધ બાંધ્યા પછી એ વિસ્તારમાં તો છેલ્લા ત્રણ વર્ષથી તો સરસ પાક થાય છે કે જ્યાં એક પણ મોટર સાયકલ યુવાનો પાસે નહતી, એ યુવાનો બધા ચાળીસ મોટર સાયકલો લાવી દઈને આજે ગામમાં વ્યવહારો કરે છે. તો આવી રીતે અનેક વિસ્તારોની અંદર કૃષિ રથને કારણે જે વિકાસ થયો છે એ વિકાસ આંખે વળગીને બાજ્યો છે. બીજા રાજયોની સરખામણીમાં જે ઉત્પાદન પણ વધ્યું છે એની સાબિતી છે. સૂર્યની સામે ગમે એટલી ધૂળ નાખો તો પણ સૂર્યનું તેજ ઝાંખું પડતું નથી. આ કાંઈ ર્ડા. ભીમાણીના, આ કાંઈ ર્ડા. મોમેડીયન, પેલા બેનના કોઈ ખેલ નથી. આ તો સચોટ સાચા રસ્તે જનાર એક વ્યકિત મક્કમ નિર્ધાર સાથે ગુજરાતના વિકાસ કરવાની તમન્ના સાથે આગળ વધવાની જે વાત છે એ આ કૃષિની માગણીઓમાં દર્શાવે છે. બીજા વિસ્તારની અંદર બીજા વિભાગોની જે પ્રગતિ થઈ છે એમ કૃષિમાં થઈ છે. આ ઉપરાંત જે પશુપાલન ક્ષેત્રે ગુજરાતની અંદર ડેરીનો જે વિકાસ કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. મારા વિસ્તારમાં આવેલી અમૂલ ડેરી અને એના ચેરમેન જે રીતે કામ કરી રહ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. ગુજરાતમાં દૂધ ઉત્પાદન ખૂબ વધાર્યુ છે. પરંતુ હું એક ખાસ વાત કહેવા માગું છું કે, હિંદુસ્તાનમાં આપણી પરાપૂર્વ સંસ્કૃતિ પ્રમાણે દેશી ગાય એટલે એ ગીરની ગાય હોય કે કાંકરેજી ગાય હોય તો એ કાંકરેજી ગાયની ઓલાદો જે પાળે એના માટે વિશેષ કરીને કાંઈ લાભ આપવામાં આવે જેથી કરીને શુદ્ધ ઘી, શુદ્ધ દૂધથી જે લોકોનું આરોગ્ય સારું રહે એના માટે પણ કાંઈ વિશેષ પ્રયત્નો કરવામાં આવે એના માટે મારી માગણી છે. એ ઉપરાંત સહકારની બાબતમાં પણ ગુજરાત સરકારે જે રીતે જે સમય ખરાબ ગયો. બધી બેંકો જે બેકાર થઈ ગઈ હતી, એ બેંકો જેણે ઉઠમણુ કર્યું હતું એ બેંકોની અંદર પણ આજે જે રસ્તા કાઢયા એ રસ્તાને કારણે આજે ગુજરાતની અંદર સહકારનું માળખું આજે થોડું ઉભું છે એ ઉપરાંત ગુજરાત સરકારે એના પોતાના કાર્યકર્તા હોય કે ગમે તે હોય પણ સહકારી ક્ષેત્રની અંદર લોચા મારનાર લોકોને, ભ્રષ્ટાચાર કરનાર લોકોને કે ગેરરીતિ કરનાર લોકોને જેલના સળીયા પાછળ મોકલ્યા છે એ આ સરકારની પ્રમાણિકતાથી સહકાર વિભાગને બેઠો કરવાની તમન્ના છે એ દેખાય છે એટલે આ સહકાર વિભાગની માગણીઓમાં મને કંઈ વિશેષ ખબર નથી પણ મને એટલી ખબર છે કે બે દિવસ પહેલા ખંભાતની અંદર લાખના પંદર હજાર રૂપિયા મહિને વ્યાજ આપનારા લોકો આવ્યા હતા પરિણામે સહકારી સોસાયટીમાંથી લોકો થાપણો ઉપાડવા માંડયા છે એ થાપણદારોને પૈસા ન ઉપાડવા દેવામાં આવે એવી મને રજીસ્ટ્રાર તરફથી વિનંતી કરવામાં આવી છે તો માનનીય સરકાર વતી વિનંતી કરું છું કે આ અમારી સહકારી સોસાયટીઓ તુટતી બચાવે. આજે મારી જે વાત છે એ વાત ખંભાતની રજીસ્ટ્રાર સોસાયટીઓને બચાવવાની વાત છે તો આ રીતે સહકાર વિભાગની અંદર પણ અનેકવિધ કામો થયા છે એ બદલ હું માગણીઓને ટેકો આપું છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, રાજયના કૃષિ મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ માગણી નં. ૨, ૪, ૫, ૬ લઈને આવ્યા છે, એમાં મારા સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું. ભારત દેશ એટલે કૃષિ પ્રધાન દેશ તરીકે ગણના થતી હતી. આઝાદી નહોતી મળી ત્યારપહેલા કૃષિનું જે ઉત્પાદન હતું અને જયારે ચલણ અમલમાં ન હતું ત્યારે કૃષિની પેદાશો સામે સોનામહોર અથવા ચાંદીથી તુલના કરવામાં આવતી હતી અને એ જ બતાવે છે કે ભારત અને ભારતની કૃષિ પ્રધાનતા એ ખૂબ જ ઉજજવળ હતી પરંતુ દુ:ખ સાથે આપણે સ્વીકારવું પડે છે ૧૯૮૦ના દાયકાની અંદર આ ભારત દેશ જે કૃષિ પ્રધાન દેશ ગણવામાં આવતો હતો અને ૮૦ટકા ગામડાંમાં વસ્તી વસતી હતી એના ૭૦ટકા લોકો કૃષિ સાથે જોડાયેલા હતા પરંતુ આજે જયારે દેશ અને દુનિયા જયારે કૃષિ ક્ષેત્રે બીજા વિકાસશીલ દેશો આજે હરણફાળ ભરે છે ત્યારે ભારત કૃષિ પ્રધાન દેશ હોવા છતાં આ હરણફાળની અંદર કૃષિક્ષેત્રની અંદર અધોગતિ અને પાછળ પડયો છે તેના માટે હું કોઈને જવાબદાર ગણતો હોઉં તો ભારતની જે કૃષિનીતિ હતી એ કૃષિનીતિના કારણે આવું બન્યું છે. ભારતની અંદર હેકટરવાઈઝ એરિયા દિનપ્રતિદિન કૃષિનો ઓછો થતો જાય છે ત્યારે તે સામે ગુજરાતની અંદર કૃષિક્ષેત્રનો જે એરિયા છે એ દિનપ્રતિદિન વધતો જાય છે એ જ બતાવે છે કે ગુજરાતે કૃષિક્ષેત્રની અંદર પ્રગતિ કરી છે. હું આ ગૃહ સમક્ષ ભારત સરકારે હમણાં ભારતના ૩૧ જિલ્લાઓ હમણાં કૃષિની અંદર અવિકસિત તરીકે જાહેર કર્યા છે મને આજે કહેતા ગૌરવ થાય છે કે ગુજરાતમાં એક પણ જિલ્લો એવો નથી કે જેની અંદર એનું સ્થાન હોય. ભારતમાં આપણે જોઈ શકીએ છીએ કે ભારતની આ કૃષિનીતિને કારણે ગરીબ અને ઘણા ખેડૂતો આજે આપઘાત કરી રહ્યા છે અને એ આપઘ ાતની અંદર આંધ્રપ્રદેશ હોય, મહારાષ્ટ્ર હોય, કર્ણાટક હોય કે કેરાલા હોય ત્યાંના ખેડૂતો જે છે એ અત્યારે આપઘ ાત કરી રહ્યા છે જયારે મને કહેતા આનંદ થાય છે કે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીની અને કૃષિ મંત્રીશ્રીની જે કૃષિ નીતિ હતી એ કૃષિ નીતિના કારણે કરી અને ગુજરાતના જે ખેડૂતો છે એ દિનપ્રતિદિન આર્થિક રીતે ઉન્નતિ કરતા થયા છે અને એના કારણે કરીને ગુજરાતના ખેડૂતો અને આજે ગુજરાતનો કૃષિ દર ૧૧ટકા કરતાં પણ વધારે છે જયારે ભારતના બીજા રાજયોનો કૃષિ દર દિનપ્રતિદિન નીચો થતો જાય છે. મારે આજે ગૃહ સમક્ષ એક વાત મુકવી છે. એક વાર એક ઋષિમુનિને એના શિષ્યે પુછયું કે હે ગુરુવર, આપણા રાજયની અંદર, આ દુનિયાની અંદર કઈ એવી વ્યકિત છે. કઈ એવી વ્યક્તિનો પરસેવો એવો છે કે, એના આંસુ એવા છે કે જે આ ધરતી ઉપર પડે છે. એ ધરતીની વેદના એની અંદરથી બહાર આવે છે, ત્યારે ગુરુવરે કહ્યું હતું કે હે શિષ્ય આ ધરતી ઉપર ખેડૂતનો પરસેવો અને ખેડૂતના આંસુ એ સાચા હોય છે અને એ પરસેવો જ્યારે ધરતી ઉપર પડે છે, ત્યારે ધરતી પણ એની વેદના સહન નથી કરી શકતી. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે ૧૯૯૫ પહેલા ગુજરાતની પરિસ્થિતિને યાદ કરીએ ત્યારે રૂવાડા ઊભા થઈ જાય તેવી પરિસ્થિતિ હતી. ૧૯૯૫ પહેલા ગુજરાતનો કૃષિદર નીચો હતો. ૧૯૯૫ પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારથી આ શાસનમાં આવ્યા, ત્યારથી માંડી નર્મદા અને સુજલામ સુફલામ જ્યારથી અમલમાં આવી ત્યારથી કચ્છની ધરતી હોય કે ઉત્તર ગુજરાતની ધરતી હોય કે સૌરાષ્ટ્રની ધરતી હોય ત્યાં નર્મદાના પાણી પહોંચ્યા અને એના કારણે આ ધરતી લીલી થઈ અને ધરતી લીલી થવાના કારણે કૃષિ વિકાસ દર આગળ આવ્યો છે. સત્ય હંમેશા સત્ય જ હોય છે. સત્યને સ્વીકારવું પડે છે. આજે ગુજરાતની ઉન્નતિ જોવા જઈએ તો ફક્ત કૃષિ ક્ષેત્રમાં નથી. આજે ગુજરાતની ઉન્નતિ ગ્રીન ક્રાંતિની અંદર આજે ગુજરાત રાજ્ય નંબર-૧ બન્યું છે. સાથે સાથે સફેદ ક્રાંતિમાં પણ ગુજરાત નંબર-૧ બન્યું છે. સાથે સાથે ઈન્ડસ્ટ્રિઝ અને ઈકોનોમિક ક્રાંતિની અંદર પણ ગુજરાત નંબર-૧ બન્યું છે. જો આ બનવા પાછળનું કારણ જો કઈ હોય તો તે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીની નીતિને કારણે બન્યું છે. હું વધારે વિશેષ વાત ન કરતા ફક્ત એક જ મિનિટમાં ગૃહ સમક્ષ મારી વાત મૂકવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ** : મારી પ્રાર્થના છે કે એક મિનિટ વધારે આપો. ભારતના ખાદ્ય બજાર જોવા જઈએ ૨૦૧૦ નું તો એમાં ૫૦,૦૦૦ કરોડ તેલ, ૩૬,૦૦૦ કરોડ દૂધ પાઉચ, ૨૭,૦૦૦ કરોડ તાજી મરઘી, ૧૫,૦૦૦ કરોડ રૂપિયા પેક રોટલીનો લોટ, ૧૦,૫૦૦ કરોડ સોફ્ટ ડ્રિંક્સ, ૧૦,૦૦૦ કરોડ રૂપિયા બેકરી, ૭૪૦૦ કરોડ રૂપિયા ચા અને કૉફી આમાંથી ઉત્પાદન થતી ૨૬.૪૧ ટકા વસ્તુ એ ગુજરાતની અંદરથી ઉત્પાદિત થાય છે અને એનું આ...

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી તરફથી માલિકીના કૂવા ઊંડા કરવાની યોજના છે. ચાલુ સાલે વરસાદને કારણે ખાસ કરીને અમારા વિસ્તારમાં કૂવાના તળ નીચે ગયાં છે. આજની તારીખમાં ખુલ્લા બજારમાં ૧૦૦ રૂપિયે એક દાર થાય છે. આપણી યોજનામાં ૧૨.૫ રૂપિયે આદિવાસીઓને અને સામાન્યને ૨૫ રૂપિયે દાર કરવાની યોજના છે. જે દારની યોજના બ્લાસ્ટિંગમાં માત્રને માત્ર દાહોદ જિલ્લામાં એસ.ટી. ને ૨૬૩૨ દાર એટલે કે ૫૦ લેખે ખેડૂત એક દાર કરે તો માત્ર ૫૨ ખેડૂતોને થાય. એસ.સી. માટે ૬૫ દારનો લક્ષ્યાંક છે. એસ.સી. ખેડૂત જો કરે ૫૦ દાર તો એક જ ખેડૂતને આનો લાભ મળે. સામાન્ય ખેડૂતને ૫૦૦ દારનો લક્ષ્યાંક છે. ફક્ત ૧૦ ખેડૂતને ૫૦-૫૦ માગે તો એને દારનો લાભ મળે. તો હું એમ કહું કે આ યોજના લાખો ખેડૂતોના હિતમાં છે. શા માટે રકમ વધારવામાં નથી આવતી. મારું સૂચન છે કે આમાં

દારની સંખ્યા વધારો. ખેડૂતને બ્લાસ્ટિંગ પૂરતું થાય. ખેડૂતોને કૂવા ઊંડા કરવા માટે યોજના સારી છે. લક્ષ્યાંક વધારવામાં આવે તેવું સૂચન છે.

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વધુ સભ્યોને લાભ મળે એ હેતુથી મને સમય ઓછો દંડકશ્રી તરફથી મળ્યો અને મેં સ્વીકાર્યો છે, એટલે હું મારી આજની માગણીઓ ઉપર જે ૧૬ સભ્યશ્રીઓએ જે ભાગ લીધો છે, તે તમામનો જવાબ સમયની મર્યાદાના કારણે ઉલ્લેખ ન કરી શકું. આજે હું આપણે જેને જગતના તાત કહીએ છીએ. જે કણ લઈને મણ આપે છે, તેવા લાખો ખેડૂતો રાત-દિવસ મહેનત કરી પોતાના દીકરાને ઉછેરીને, જેમાં ગાય, ભેંસ, બળદ અને અન્ય પશુઓને ઉછેરીને દરરોજનું આ રાજ્યની જનતા માટે ૩ કરોડ લિટર દૂધ રાજ્યની પ્રજા માટે ઉત્પન્ન કરીને મહેનત કરે છે.માનનીય અધ્યક્ષશ્રી, તે પશુ પાલકોની સમૃદ્ધિ માટે, ગુજરાતની સમૃદ્ધિ માટે માગણીઓ લઈને આવ્યો છું તેમજ ૧૬૦૦ કિ.મીની દરિયાઈ પટ્ટી ઉપર અને ઈનલેન્ડમાં મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ માછીમાર ભાઈઓ માટે અને લાખો લોકો સહકારી પ્રવૃત્તિના માધ્યમથી પોતાની રોજગારી અને ધંધા ઉદ્યોગ સમૃદ્ધ કરવા માટે મહેનત કરે છે તે વિભાગની માગણીઓ લઈને આવ્યો છું અને મને વિશ્વાસ છે કે આ માગણીઓના મારા જવાબ પછી આપ સૌ સાનુકૂળ પ્રત્યુતર આપશો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ જેટલા સભ્યશ્રીઓએ આ માગણીઓ પરની ચર્ચા દરમ્યાન ભાગ લીધો તે સૌનો હું આભારી છું. તેમના સૂચનોને હું રચનાત્મક અભિગમથી સ્વીકારું છું. કેટલીક વાતોનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો જવાબ મારા જવાબમાં કોઈને કોઈ જગ્યાએ મળી જશે. હું શરૂઆતમાં કેટલીક વિગતો ધ્યાન પર મૂકવા માગું છું જેથી કરીને ગુજરાત અને કૃષિ ક્ષેત્ર, સહકારી ક્ષેત્ર, પશુપાલન અને મત્સ્યોદ્યોગ દેશભરની અન્ય રાજયોની સરકાર, કેન્દ્ર સરકાર કેવી દ્રષ્ટિથી જુએ છે તે વાત જો શરૂઆતથી કરું તો મારા મિત્રોને જાણીને આનંદ થશે કે રાજયના કૃષિ વિકાસને ધ્યાનમાં રાખીને સ્ટેટ એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ ૨૦૦૯ આયોજન પંચના ઉપાધ્યક્ષ માનનીય મોન્ટેકસિંહ આહલુવાલિયાના વરદ હસ્તે રાજય સરકારને તાજેતરમાં એનાયત કરવામાં આવ્યા છે. તે ભારતીય જનતા પાર્ટીની સરકારના મંત્રી નથી પણ કેન્દ્રના આયોજન પંચના ઉપાધ્યક્ષ છે. તેમણે આ ગુજરાતને ઓલ ઈન્ડિયા ઉપર એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ તાજેતરમાં એનાયત કર્યો છે તેના ઉપરથી આપ સૌ આનંદિત થશો તેવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી ખાતાની બજેટની જોગવાઈ ગયા વર્ષ ૨૦૦૯-૧૦માં ૭૪૨.૪૨ કરોડની હતી તે ચાલુ વર્ષે ૮૭૮.૫૮ કરોડની કરીને એટલે કે ૧૮.૩૩ ટકાનો વધારો તેમાં કર્યો છે તે કૃષિ ક્ષેત્રે રાજય સરકારની પ્રતિબદ્ધતા બતાવે છે. મિત્રો ગુજરાતનું સારું અને ગુજરાતનું કલ્યાણ થાય તો અમારો કોઈ એવો દાવો નથી કે ભારતીય જનતા પાર્ટીના ખેડૂતોએ મહેનત કરીને ઉત્થાન કર્યુ છે. ગુજરાતના તમામ ખેડૂતોએ રાજય સરકારની પૉલિસીનો લાભ લઈ, તેને મળતા લાભ લીધા અને કોઈને કોઈ રીતે કુદરતી તેને લાભ મળી રહ્યા છે અને તેના કારણે ગુજરાતની પ્રગતિમાં સૌ કોઈનો હિસ્સો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પાણી રોકવા માટે યોજનાઓ કરી, રાજય સરકારે ચેકડેમોની યોજનાઓ કરી અને આ પાણી તળમાં જઈ કયા પક્ષના અને કઈ જ્ઞાતિના કૂવામાં જશે તે કયાં કોઈ જુએ છે. આપણે તે દ્રષ્ટિથી તેને મૂલવવું ન જોઈએ. આમાં રાજયના બધા ખેડૂતોને હિસ્સો છે તે અમે સ્વીકારીએ છીએ. તે વાત અલગ છે કે અમારી વાત, રાજયની પૉલિસીના આધારે ખેડૂતોને કેટલાક લાભ મળતા થયા છે અને તેના માટે કેટલાક આંકડા તરફ નજર કરીએ તો અને કૃષિ વિકાસદર પર નજર કરીએ તો હું કેટલાક આંકડા તરફ ધ્યાન દોરવા માગું છું. કૃષિ કોઈ એવી વસ્તુ નથી કે રાતોરાત આપણે લણવા જઈએ અને તેની અસરો આવે છે. તેના માટે લાંબાગાળાથી તેના પાછળ ખૂબ પરિશ્રમ કરવો પડે, મહેનત કરવી પડે છે. ઉનાળામાં ધોમધખતા તાપમાં ખેતરમાં પરસેવો પાડીને ખેતી કરવી પડતી હોય છે. વરસાદ થાય તો સારું બિયારણ લઈને વાવવું પડતું હોય છે અને તેનું નિંદામણ કરવું પડતું હોય છે અને અંતે પાક લણીએ ત્યારે તેના લાભ મળતા હોય છે. હું સદ્ભાગ્ય સમજું છું કે ગુજરાત રાજયના કે ગુજરાત રાજયને એવા મુખ્ય મંત્રીશ્રી મળ્યા એ મુખ્ય મંત્રીશ્રીએ આ ગુજરાતમાં અને દેશમાં કૃષિ ક્ષેત્રનું નામ નિશાન ન હતું ગુજરાતી એટલે વેપારી, ગુજરાતી એટલે ઉદ્યોગપતિ એવી એક રાજયભરમાં અને દેશભરમાં એક ઈમેજ હતી આ ઈમેજને કૃષિ ક્ષેત્રમાં પણ આ રાજય અગ્રસર રહે એના માટેનો વિચાર સત્તાના સૂત્રો સંભાળ્યા પછી તુરંત કર્યો અને એના કારણે એ બીજનું જે વાવેતર એમણે શરૂ કર્યુ કે ગુજરાતના કૃષિ ક્ષેત્રે જો પ્રગતિ કરવી હોય તો શું કરવું જોઈએ તો મિત્રો, હમણાં જ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે, અહીંથી કૃષિ યુનિવર્સિટી માટે અલગ અલગ ઓછું ફંડ અપાય છે એવો ઉલ્લેખ અમારા સાથી મિત્ર શ્રી મણીભાઈએ કર્યો પણ એમને જાણીને આનંદ થશે કે જયારે ગુજરાતમાં એક યુનિવર્સિટી હતી અને ત્યારે જે યુનિવર્સિટી પાછળ રાજય સરકારના બજેટમાંથી ખર્ચ થતો હતો એ ૨૦૦૩-૦૪માં જે છેલ્લે એક યુનિવર્સિટી હતી ત્યારે માત્ર ગુજરાતની આ યુનિવર્સિટી પાછળ ૧૮.૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ થતો હતો. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિચાર્યુ કે ગુજરાતના કૃષિ યુનિવર્સિટીને જો યોગ્ય રીતે મજબૂત કરવામાં આવે તો કૃષિ ક્ષેત્રના સંશોધનોના આધારે ગુજરાતની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે એની વ્યવસ્થા કરવામાં આવે તો ગુજરાત કૃષિ ક્ષેત્રે આગળ વધી શકશે અને એટલા માટે પહેલી મે, ૨૦૦૪થી ચાર કૃષિ યુનિવર્સિટી કરવાનો નિર્ણય કર્યો અને આ ચાર કૃષિ યુનિવર્સિટી થવાના કારણે આપ જાણીને આનંદિત થશો કે જે માત્ર ૧૮.૭૭ કરોડ રૂપિયા એક યુનિવર્સિટી પાછળ ૨૦૦૩-૦૪ હતા એ ચાલુ વર્ષે ચાર કૃષિ યુનિવર્સિટીમાં ૧૩૧.૯૮ કરોડ રૂપિયાની જોગવાઈ

કરવામાં આવી છે જે ૭૦૨ ટકાનો વધારો આ કૃષિ યુનિવર્સિટીમાં આ રાજય સરકારે કર્યો હોઈ છતાં એમ કહેવામાં આવે કે કૃષિ યુનિવર્સિટી માટે બજેટ ઓછું ફાળવાય છે એ કેટલું ઉચિત છે એ આપણા આત્માને પૂછો. અને આના કારણે મિત્રો, જે સ્થિતિ સર્જાણી છે શરૂઆતમાં માત્ર એક કૃષિ યુનિવર્સિટી હતી ત્યારે આઠ ફેકલ્ટી હતી અને આઠ ફેકલ્ટીમાં જે સ્નાતક વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા એ માત્ર ૪૭૪ અને અનુસ્નાતક કક્ષાએ ૩૬૭ વિદ્યાર્થીઓ, જયારે ચાર કૃષિ યુનિવર્સિટી થવાના કારણે વિદ્યાર્થીઓનો પ્રવેશ ૦૯-૧૦માં જે કરવામાં આવ્યો એ ૧૪ ફેકલ્ટી અને સ્નાતક કક્ષાએ ૧૦૫૦ વિદ્યાર્થીઓ અને અનુસ્નાતક કક્ષાએ ૭૦૦ વિદ્યાર્થીઓ, આ વિદ્યાર્થીઓ કૃષિના તજજ્ઞો બનીને રાજયના કૃષિ ક્ષેત્રે પોતાનું યોગદાન આપીને રાજયના વિકાસમાં પોતાનો ફાળો આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલું જ નથી કર્યુ પણ ગુજરાત સરકારે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગોલ્ડન ગોલ્સ તમામ વિભાગના નકકી કર્યા એમાં યુનિવર્સિટી કક્ષાએ ૨૦૧૦ સુધીમાં આ ચાર કૃષિ યુનિવર્સિટીમાંથી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીની એક્રેડીટેશન મેળવવાનો ગોલ્ડન ગોલ્સ નકકી કર્યો કે પચાસ ટકા તો મેળવવું, પણ માનનીય અધ્યક્ષશ્રી મને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૧૦માં બે કૃષિ યુનિવર્સિટીને એક્રેડીટેશન કાર્ડ મેળવવાનો ગોલ્ડન ગોલ્સ હતો તેના બદલે ત્રણ યુનિવર્સિટીઓએ એક્રેડીટેશન કાર્ડ મેળવીને આ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે એટલું જ નહીં તાજેતરમાં જ ગયા અઠવાડિયે જ આણંદ કૃષિ યુનિવર્સિટી મૂકાઈને ભારત સરકારે ચાર વિવિધ વેરાઈટીઝમાં પેટેન્ટ આપીને આપણા રાજયનું ખૂબ મોટું ગૌરવ આપણે લઈ શકીએ એ સ્થિતિનું નિર્માણ આ કૃષિ યુનિવર્સિટીના આધારે આપણે કરી શકયા છીએ.

મિત્રો, આપણે જાણીએ છીએ કે, ખેતીમાં અલગ અલગ તબકકાએ અલગ અલગ કામ કરતા હોય છે, એમ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જવાબદારી સંભાળી ત્યારે તુરંત બીટીકોટનનો સવાલ આવ્યો ત્યારે અહીંયાં આ વિભાગનો હવાલો સંભાળતા હતા આજના રાજયસભાના સભ્ય ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ માનનીય શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા એ કૃષિ વિભાગનો હવાલો સંભાળતા હતા અને આ સરકારનું નેતૃત્વ કરતા હતા માનનીય નરેન્દ્રભાઈ મોદી. આજે પણ એજ કરે છે. ત્યારે કેન્દ્ર સરકારે પરિપત્ર કરીને આ બી.ટી.કોટનને ખેડૂતોને પોતાના ખેતરમાં સળગાવી નાંખવા માટેનો પરિપત્ર કર્યો એની સામે લડત આપીને કેન્દ્ર સરકાર સામે ગુજરાતના ખેડૂતોને રક્ષણ આપ્યું ત્યારથી ગુજરાતના કૃષિ ક્ષેત્રના વિકાસના બીજ વવાણા અને એ બીજ વવાયને એને માનનીય ભુપેન્દ્રસિંહજીએ સિંચ્યા અને આજે ગુજરાતના ખેડૂતો એનો લાભ લઈ રહ્યા છે. એ સ્થિતિનું નિર્માણ જ્યારે કૃષિ ક્ષેત્રે થઈ રહ્યું છે ત્યારે જે આંકડાઓ છે એની સામે નજર કરીએ તો ૨૦૦૧-૦૨ થી ૨૦૦૭ સુધીના વર્ષમાં દેશમાં કૃષિ ક્ષેત્રની દોડમાં આપણું રાજ્ય ઘણું આગળ નીકળી ગયું છે. આ સમય ગાળામાં દેશમાં ૨.૯ ટકા સરેરાશ કૃષિ વિકાસ દર હતો એ સામે આપણા રાજયે દેશના સર્વોચ્ચ એવો ૯.૬ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરેલ છે અને આ વૃદ્ધિદર હાંસલ કર્યો છે ત્યારે આપણા કેટલાક પડોશી રાજ્યો કે જે દેશમાં કૃષિ ક્ષેત્રે હંમેશા એ રાજ્યો અગ્રેસર રહેતા હતા એ રાજ્યો તરફ નજર નાંખીએ ત્યારે આપણને અંદાજ આવશે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે હંમેશા આગળ રહેતા એવા રાજયોમાં પંજાબ પ્રથમ ગણાતું રાજ્ય હતું એ આજે ૨.૪ ટકાના દરથી આગળ વધી રહ્યું છે, તામિલનાડું ૧.૯ ટકાના દરથી આગળ વધી રહ્યું છે, ઉત્તરપ્રદેશ ૧.૬ ટકાના દરથી આગળ વધી રહ્યું છે, મહારાષ્ટ્ર ૨.૫ ટકાના દરથી આગળ વધી રહ્યું છે ત્યારે ગુજરાત ૯.૬ ટકાના સરેરાશ દરથી આગળ વધી રહ્યું છે અને ચાલુ વર્ષે ગણીએ તો ૧૦ ટકા કરતાં પણ વધારે ગુજરાત આગળ છે. આ આંકડાઓ કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત છે ત્યારે આપણે ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે જે રીતે આગળ વધી રહ્યા છીએ એની સરાહના કરીએ અને એના માટે અભિનંદન કે આભાર માનનીય મુખ્યમંત્રીશ્રીનો સભ્યશ્રીઓ માને. એનાથી અંદરથી જલના નહીં થવી જોઈએ કારણ કે, આજે પણ સતત અનેકવિધ કાર્યક્રમોમાં રોકાયા હોવા છતાં પણ કૃષિ ક્ષેત્રની વાત આવે તો અલગથી સમય કાઢીને મને સીધું માર્ગદર્શન કૃષિ ક્ષેત્રનું આપતા રહ્યા છે એનું પરિણામ આજે ગુજરાતના ખેડૂતોને સારું મળી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર કૃષિ ક્ષેત્રે જ આગળ વધ્યા છીએ એમ નહીં, ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીમાં ગુજરાતમાં પશુપાલન અને ડેરી વિકાસના પ્રથમ ચાર દાયકાનું પંચવર્ષીય યોજનાનું કુલ આયોજન ૨૦૩.૬ કરોડનું જે હતું એ આ ૨૧મી સદીની શરૂઆતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આ રાજ્યની ધૂરા સંભાળી એ પછી ૨૦૩.૬ કરોડનું આયોજન છેલ્લા ૪૦ વર્ષોમાં જે હતું એ એમના દસ વર્ષના શાસનમાં ૬૧૨.૯૪ કરોડનું આયોજન કરવામાં આવ્યું એટલે કે ૩૦૦ ટકાનો વધારો આ શાસનમાં પશુપાલન ક્ષેત્રે કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન ક્ષેત્રે જ્યારે આટલો વધારો થઈ રહ્યો છે ત્યારે દૂધના ક્ષેત્રે પણ આપણે ૨૦૦૧માં ૫૩.૧૭ લાખ મટ્રિક ટન જે ઉત્પાદન હતું એ ૨૦૦૮-૦૯માં ૮૪ લાખ મેટ્રિક ટને આપણે પહોંચવા જઈ રહ્યા છીએ. આ ક્ષેત્રમાં મહેનત કરતા પશુપાલકો અને પશુઓને પાળનાર સામાન્ય લોકો માટે એક માગણી સતત આવતી હતી કે પશુપાલન ક્ષેત્રમાં મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર સ્થિત સહાય આપવામાં આવે. હમણા જ અહીંયા માનનીય સભ્યશ્રીએ ઉલ્લેખ પણ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકારે સૈધ્ધાન્તિક રીતે સ્વીકાર્યુ છે કે આ રાજ્યમાં કોઈ પણ વ્યકિત જેમને ખેતીની જમીન હોય કે ન હોય, ગરીબમાં ગરીબ માણસ જો પશુપાલન ક્ષેત્રનો વ્યવસાય કરીને પોતાની રોજગારી પ્રાપ્ત કરવા માગતા હશે તો એક

પશુથી ચાર પશુ સુધી એક એક પશુ ખરીદે તો પણ એમની ૧૨ ટકા સુધીની વ્યાજની સબસીડી રાજ્ય સરકાર ભોગવશે. એટલે કે આજે ૧૨ ટકા કરતાં વધારે કોઈ બેન્કોમાં વ્યાજ નથી એટલે એ સ્થિતિનું વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે. અને પાંચથી દશ પશુઓ સુધીમાં કોઈપણ પશુ ગમે તેટલા ખરીદે તો એમનું ૭૫ ટકા વ્યાજ રાજય સરકાર ભોગવશે. આ રીતે રોજગારી માટેના દ્વાર પશુપાલન ક્ષેત્રે જે ખુલ્લા મૂક્યા છે એ આવતા દિવસોમાં પશુપાલનના વ્યવસાયમાં વધુ રોજગારી પ્રાપ્ત કરવા માટે પશુપાલકોને ખૂબ ઉપયોગી નિવડશે. આજ દિવસ સુધી હમણાં એક ઉલ્લેખ માનનીય સભ્યશ્રી તરફથી સહકારી ક્ષેત્રનો કરવામાં આવ્યો. એમાં મને એ વાતનો આનંદ છે કે રાજયની સ્થાપના પછી બેન્કિંગ રેગ્યુલેશન્સ એકટને આર.બી.આઈ.એકટ તળે રાજયમાં જે લાયસન્સ મળવા જોઈએ તે આજદિવસ સુધી લાયસન્સ નાગરિક બેન્ક કે ડિસ્ટ્રિકટ બેન્કોને મળેલા નહોતા એ કો-ઓપરેટીવ એકટના આધારે જ એ ચાલતી. એવી ૨૪ નાગરિક બેન્કોને દસ દિવસ પહેલાં જે લાયસન્સો આ રાજયમાં મળ્યા છે એ રાજયની સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિનું મજબૂતીકરણ દેખાડે છે. તેમજ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્કમાં અત્યારસુધી માત્ર ત્રણ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્કોને લાયસન્સ હતા એમાં આઠ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્કોને લાયસન્સ મળવા માટેની સુવિધા કે વાતાવરણ સર્જાયું એની પાછળનો હાર્દ જો જોવા જઈએ તો ગયા વર્ષે રાજય સરકારે કાયદો સુધારીને જે વૈધનાથ કમિટીના આધારે બેન્કિંગ ક્ષેત્રને મજબૂતીકરણ તરફ લઈ જવા માટેનો નિર્ણય કર્યો અને બેન્કિંગ ક્ષેત્ર મજબૂત થયું એના કારણે નાગરિક બેન્કોને ચોવીસ લાયસન્સો મળ્યા અને આઠ નાગરિક બેન્કોને લાયસન્સો મળ્યા એ સહકારી ક્ષેત્રમાં આ રાજયનું કેટલું પ્રદાન છે એ આપણે કહી શકીએ એમ છીએ. અહીંયા મારા એક મિત્ર રામસિંહભાઈએ ઉલ્લેખ કર્યો ૧૫ ટકાની વાત એ અન્ય સહકારી સંસ્થાઓમાં છે એ વાત સાચી છે કે અમે બેન્કિંગ ક્ષેત્ર પૂરતી મર્યાદામાં રાખીને અન્ય સહકારી સંસ્થાઓને એમાંથી મુકિત આપવા માટેની વિચારણા કરીને એના માટેની કાર્યવાહી કરવાનું વિચારવાના છીએ જેથી કરીને અન્ય પ્રવૃત્તિઓને બાધા ન આવે. ઓડિટનો સવાલ છે એ તો કાયદાથી તમામ સહકારી સંસ્થાઓને બંધનકર્તા છે એ વાત સાચી છે કે અમે એવા ઓડિટર મૂકીને એનું પારદર્શક રીતે ઓડિટ થાય અને પારદર્શકતાથી ઓડિટ થાય એમાં કોઈએ ઓડિટરને રોકવા ન જોઈએ. પારદર્શકતા માટે સામે ચાલીને કહેવું જોઈએ કે આવો અમારે ત્યાં ઓડિટ કરો. હાઈકોર્ટ કે અન્ય કોર્ટનો આશરો લેવા જાય એ એમનો અધિકાર છે, કાયદાથી પ્રતિબંધ નથી કે તમે ના જાઓ, પરંતુ કાયદામાં જે જોગવાઈ છે એમાં એ પ્રમાણે જ જ્યારે કોર્ટો ન્યાય આપવાની હોય ત્યારે આ ખર્ચ આપણે જે તે સંસ્થા પર પાડીને એ સંસ્થાનું કેટલું ઉચિત ભલું કરીએ છીએ. એ આપણે વિચારવું જોઈએ કારણકે હાઈકોર્ટમાં મફતમાં જવાતું નથી એટલે એ દિશામાં પણ વિચારાય તો મને લાગે છે કે એ દિશામાં સારું રહેશે.

બાગાયત ક્ષેત્રે પણ કૃષિ વિભાગે ઘણી કામગીરી કરી છે. તાજેતરમાં હું દાંતીવાડા યુનિવર્સિટીની મુલાકાતે ગયેલો અને આ મુલાકાતમાં બાજુમાં જે યુનિવર્સિટીના સંશોધનો અને રાજય સરકારના કૃષિ મહોત્સવના આધારે રાજયભરમાં જે કૃષિક્ષેત્રનું વાતાવરણ બન્યું છે ખેડૂતો કેટલાક પાકમાં પોતાની બુદ્ધિથી મહેનત કરીને જે પ્રયત્નો કરે છે.

તેમાં કેટલાક નવા સંશોધનો કરતા હોય છે અને કૃષિ મહોત્સવમાં કૃષિના ઋષિ તરીકે અમે તેમને સન્માનીત પણ કરીએ છીએ અને પ્રોત્સાહન પણ આપીએ છીએ. આપણે સૌ ગૌરવ લઈ શકીશું. હું દાંતીવાડાના બાજુમાં બનાસકાંઠા જિલ્લાના ડાંગીયા ગામે ત્યાંના એક પ્રતિકભાઈ ચૌધરી નામના યુવાન ખેડૂતોએ મને આમંત્રણ આપ્યું કે મારી વાડીની મુલાકાત લો. મેં કારણ પૂછ્યું કે ભાઈ તમારી વાડીની મુલાકાત લેવા માટે તમે છેક અહીંયા સુધી આમંત્રણ આપવા શા માટે આવ્યાં ? તો કહે તમે એક વખત મુલાકાત લેશો તો કૃષિ મંત્રી તરીકે અમને પણ આનંદ થશે અને તમને જાણીને આનંદ થશે. મિત્રો, તાજેતરમાં જ હું જ્યારે હું મુલાકાત લઈને આવ્યો ત્યારે આગલા દિવસે કલેકટર અને ઓથોરીટી કૃષિ વિભાગની તેમના સંશોધન અને તેમના ઉત્પાદન માટે વિડિયોગ્રાફીથી, તેમની હાજરીમાં બટેકાનું ઉત્પાદન લેવામાં આવ્યું અને તે ખેતરમાં પ્રતિ હેકટરે ૮૭ મે.ટન બટેકાનું ઉત્પાદન લઈને વિશ્વ રેકોર્ડ કર્યો છે કે ગુજરાતનો ખેડૂત વિશ્વ રેકોર્ડ કરી શકે તે ક્ષમતા ગુજરાતના કૃષિ ક્ષેત્રનું વાતાવરણ બનાવવા માટે કૃષિ વિભાગ તરફથી માનનીય મુખ્યમંત્રીના માર્ગદર્શન તળે જે થઈ રહ્યું છે તેની આપણે સૌએ સરાહના કરીને, તેમને પ્રોત્સાહન આપીને આવી પ્રવૃત્તિ કરનારને આપણે મદદરૂપ થવું જોઈએ. મિત્રો, પશુપાલન ક્ષેત્રે..

**અધ્યક્ષશ્રી** : આપ આટલી સરસ વાત કરો છો પણ કેટલાક સભ્યો એવા છે કે જેમણે ચર્ચામાં ભાગ લીધો પણ આપની વાત સાંભળવામાં તેમને રસ નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક મિત્રોએ ચર્ચા કરી તેમાં શરૂઆતમાં કહ્યું કે કૃષિ મહોત્સવનો ખોટો ખર્ચ કરે છે તેમ માનનીય રાઘવજીભાઈએ વાત કરેલી. મને એ વાતનો આનંદ છે અને તેમને પણ જાણીને ખ્યાલ આવશે કે કદાચ ઉતાવળે બોલ્યાં હોઈએ કે કૃષિ ક્ષેત્રના કૃષિ મહોત્સવની પદ્ધતિના કારણે આખા દેશમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે જે રીતે પ્રગતિ કરી છે તે જોવા માટે અન્ય રાજયના મંત્રીઓ, અધિકારીઓ તો આવ્યાં પણ આયોજન પંચના અધિકારીઓએ ઓચિંતા આવીને આપણે કયો કૃષિ રથ, કયા ગામમાં ક્યારે જવાનો

છે તે બુક ત્યાં કેન્દ્રમાં પણ મોકલાવેલી અને પબ્લિક માટે પણ રાખેલી તે જોઈને કોઈને કહ્યાં વગર, બે ટીમ આવેલી એક ટીમ ઓફિશ્યલી આવેલી જે આપણાં અધિકારીઓને સાથે લઈને ગઈ અને એક ટીમ બારોબાર બુકમાં જોઈને અને જોઈને પછી રિપોર્ટીંગ કર્યુ કે ગુજરાતનો કૃષિ રથનું મોડલ સમગ્ર દેશમાં અપનાવવા જેવું છે આ ભલામણ આયોજન પંચ કેન્દ્રએ કરી ત્યારે આટલી સ્વીકૃતિ જો કરે તો ખ્યાલ આવે કે કૃષિ રથ શું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર યુવાન પગ પર ઉભાં રહી શકે એવા શકિતશાળી જવાહરભાઈએ કેટલીક વાતો કરી. કારણ કે કૃષિની વાતો માત્ર ઉત્પાદનથી પૂરતી નથી થતી. કૃષિનું ઉત્પાદન ભૂતકાળમાં પણ કરતા અને ખેડૂતોનું સાચું વર્ણન કરવા બદલ હું જવાહરભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એટલા માટે તેમણે વાત કરી કે ખેડૂતોની કેવી પરિસ્થિતિ હતી. હું બાળપણથી જાણું છું મિત્રો, ખેડૂતોની સ્થિતિ આખું વર્ષ ધોમધખતા તાપમાં જે મહેનત કરે ચોમાસામાં પરિશ્રમ કરીને બૈરાના ઘરેણાં ગીરવે મૂકીને, બિયારણ ખરીદીને વાવે અને લણે અને ખેતરમાં આવ્યા પછી  ઘર સુધી ન લાવી શકે રાઘવજીભાઈ તેના આંદોલનોના આપ સૌ સાક્ષીઓ છો કે આ ગુજરાતનો ખેડૂત મહેનત કર્યા પછી પોતાના ઘરમાં ન લાવી શકે અને તેમને પોતે ગુણી ઉપાડીને ક્યાંક નાંખવા જવું પડે આ સ્થિતિનો કાયદો અને વ્યવસ્થા હતી ત્યારે ખેડૂતો કૃષિ ઉત્પાદન કરવા ડરતાં કે વાવીને, ગાળ ખાઈને કોઈને ત્યાં ભાર મૂકવા જવો તે કરતાં ઓછું વાવેતર થાય ઘરનું ચાલે આ સ્થિતિ, આ ગુજરાતના દિવસો લાંબા નથી. કારણ કે તેની સામે ગુંડાગીરી આંદોલનમાં અનેક અવાજોમાં રાઘવજીભાઈનો અવાજ પણ અમારી સાથે હતો. મને યાદ છે અને આવી ગુંડાગીરી ખેડૂતો ઉપર હતી તેનું તાદશ્ય ટૂંકમાં જે જવાહરભાઈએ ઉલ્લેખ કર્યો કે આ ખેડૂતો ઉપર જે શોષણ હતું, જે વેપાર ધોરણે અને વ્યાજે પૈસા જોઈતા હોય તો મળે નહીં અને મળે તો એટલા બધા ઉંચા દરે મળે કે તે પરત ભરી ના શકે.

અને એ સ્થિતિનું નિર્માણ હતું એને દૂર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે આ રાજયના ખેડૂતોને ૭ ટકાના દરથી વ્યાજે મળી રહે એટલા માટે તેમને રાજયના બજેટમાંથી ૨ ટકા રાજય સરકારના પોતે ભોગવીને આ રાજયના તમામ ખેડૂતોને રાહત આપીને ૨ ટકા પોતાના બજેટમાં ભોગવ્યા એ ખેડૂતો પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. સ્થિતિ કેવી કે જાહેરાત ચૂંટણીની અંદર કેન્દ્ર કરે. હું નાનો હતો ત્યારે વાર્તા સાંભળતો હતો કે, * (xxxx) અહીંયા સ્થિતિ કેવી?  ૭ ટકાના દરની કેન્દ્ર જાહેરાત કરે અને ભોગવવાના રાજયને આવે. આ સ્થિતિમાં આ કેન્દ્ર સરકાર ખેડૂતોની સાથે ભેદભાવ રાખતી હતી ત્યારે રાજય સરકારે ખેડૂતોની ફેવર કરીને રાજયના હિતમાં નિર્ણયો કર્યા છે. પાણીના ક્ષેત્રમાં રાજય સરકારે તળાવો, ચેકડેમો અનેક કર્યા છે. આ બધી વાતોને ધ્યાનમાં રાખીને મારી માગણીઓ સ્વીકારવામાં આવે એ વિનંતી સાથે વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : આપે જે પેલી કહેવત ઉપયોગ કરવાનો પ્રયત્ન કર્યો, એ અરૂચિકર હતો.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪ અને ૩૬ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૨, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૮ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૧૦**
**ચૈત્ર ૪, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## વનબંધુ કલ્યાણ યોજના હેઠળ એલ.પી.જી. ગેસ કનેકશન

***૧૬૧૧૮ શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વન બંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા લાભાર્થીઓને એલ.પી.જી. ગેસ કનેકશન આપવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) અનુસૂચિત જનજાતિ માટેની જ યોજના હોઈ, ૫૨ (બાવન) લાભાર્થી.

(૨) પ્રત્યેક ગેસ જોડાણદીઠ રૂા. ૨૨૦૦/- લેખે રૂા. ૧,૧૪,૪૦૦/-ની સબસીડી આપવામાં આવી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વનબંધુ યોજનાના ઉદેશું શું છે? અને આ યોજનાની અંદર જે લાભાર્થીઓની પસંદગી થઈ છે તે પસંદગી પ્રક્રિયા કેવી છે? મારા ડાંગ જિલ્લામાં આ યોજના અંતરર્ગત એલ.પી.જી. ગેસ કનેકશન આપવામાં આવ્યા છે તો એ સબસિડીની વિગતો માનનીય મંત્રીશ્રી આપે.

**શ્રી નરોતમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વન બંધુ યોજના દ્વારા જે અનુસૂચિત જનજાતિ માટે ગેસ કનેકશન આપવાની યોજના છે તે યોજનાનો હેતુ વૃક્ષોનું રક્ષણ થાય, પર્યાવરણનું રક્ષણ થાય અને કેરોસીનના વિકલ્પે રાંધણ ગેસનો ઉપયોગ થાય તે માટેની આ યોજના છે. આદિજાતિ વિસ્તારમાં વનબંધુ યોજનાની અંદર આ પ્રોવિઝન કર્યુ નથી, અને આ યોજના છે તેમાં પહેલા ૧૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. એમાં જયારે કેન્દ્ર સરકાર તરફથી ડીપોઝીટમાં વધારો કરવામાં આવ્યો ત્યારે આપણે વધારો કરી અને ૧૫૦૦ના ૨૨૦૦ રૂપિયા હવે આપીએ છીએ. ૨૦૦૮-૦૯માં ૧૫૦૦ આપતા હતા અત્યારે ૨૨૦૦ રૂપિયા આપીએ છીએ. આ યોજના હેઠળ ૧૦૫ કનેકશન એક તાલુકામાં આપવામાં આવ્યા છે. અને ૪૩ તાલુકા છે એમાંથી..

**અધ્યક્ષશ્રી** : ડાંગ જિલ્લાની જ વિગતો આપો. આખા રાજયની વિગતો એમણે નથી માગી.

**શ્રી નરોતમભાઈ પટેલ** : ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૪૨ કનેકશન આપ્યા. ૨૦૦૯-૧૦માં ૧૦૫ કનેકશન આપ્યા છે અને ૨,૧૩,૦૦૦ રૂપિયાની સબસિડી ૨૦૦૮-૦૯માં ચુકવાઈ છે. અને ૨૦૦૯-૧૦માં ૨,૩૧,૦૦૦ની સબસિડી ચુકવાઈ છે. મને કહેતા આનંદ થાય છેકે છેવટના જે બાકી હતા કનેકશન આપવાના તે ગરીબ કલ્યાણ મેળા વખતે ૫-૨-૨૦૧૦ના રોજ ૫૩ કનેકશનો જે બાકી રહી ગયા હતા તેમને માટે પણ સબસિડી મંજૂર કરી અને ૨૨૦૦ રૂપિયા લેખે ચુકવી દેવામાં આવી છે.

## વડોદરા જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

***૧૬૧૧૦ શ્રી ગુલસિંગભાઈ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ,

(૨) તે પૈકી કેટલી પંચાયતો મહિલા સમરસ જાહેર થઈ, અને

(૩) આવી સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ આપવામાં આવી છે કે કેમ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૪૪ (ચુમ્માલીસ)

(૨) ૫ (પાંચ)

(૩) હા, જી.

**શ્રી ગુલસિંગભાઈ રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ ૪૪ ગ્રામ પંચાયતો સમરસ બનેલ છે. તે પૈકી પાંચ મહિલા ગ્રામ પંચાયત સમરસ બનેલ છે. તો તે કયા કયા તાલુકામાં અને કઈ કઈ ગ્રામ પંચાયતો છે? અને આ યોજના કયારે અમલમાં આવી, અને તે યોજનાના ઉદેશો શું છે?

**શ્રી નરોતમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૩૧-૧૨-૦૯ની સિથતિએ બે વર્ષમાં મેં જવાબ આપ્યો છે કે ૪૪ ગ્રામ પચાંયત સમરસ થઈ છે. એમાંથી મહિલા સમરસ ૫ થઈ છે. વડોદરા જિલ્લામાં આ ૪૪ છે એમાંથી વડોદરા તાલુકામાં ૮ સમરસ થઈ છે અને તેમને સાડા બાર લાખ રૂપિયા અનુદાન ચુકવવામાં આવ્યું છે. સાવલી તાલુકામાં પાંચ સમરસ થઈ છે પાદરામાં પાંચ સમરસ થઈ છે. સંખેડામાં ચાર સમરસ થઈ છે અને એમાં સાડા પાંચ લાખ રૂપિયા અનુદાન ચુકવાયું છે. જેતપુર પાવમાં ૩ સમરસ થઈ છે અને કરણજમાં ૧૭ સમરસ થઈ છે. અને એમાં ૨૦ લાખ ૧૨ હજારનું અનુદાન ચુકવાયું છે. કવાંટમાં ૧ સમરસ થઈ છે અને છોટા ઉદેપુરમાં એક સમરસ થઈ છે. આ ૪૪ માં ૫૩ લાખ ૯૪ હજાર રૂપિયા અનુદાનના ચુકવાયા છે. એમાં જે વડોદરા જિલ્લાની મહિલા સમરસ ગ્રામ પંચાયતો છે એવા કુલ પાંચ ગામો છે. ધનિયાવી, પાતરવેણી, કોસિન્દ્રા, સંખેડાનું સોનગઢ, કરજણની કરણ. આ પ્રમાણે પાંચ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. સમરસ ગ્રામ યોજના ૨૦૦૧માં જાહેર કરવામાં આવી હતી અને ગામમાં સમરસતા જળવાય એ એનો હેતું હતો.

**શ્રી અભેસિંહ મો. તડવી** : ભૂતકાળમાં ગ્રામ કક્ષાએ સરપંચના પદ માટે અનેકવાર વાદ વિવાદો થયા છે ઝઘડા પણ થયા છે પરંતુ આ સરકાર દ્વારા સમરસ ગ્રામ પંચાયતો બનાવી છે ત્યારે પ્રજા એને અભિનંદન આપે છે. હું માનનીય મંત્રીશ્રીને આપની મારફત પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ બની અને તેના માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મેં અગાઉ ઉલ્લેખ કર્યો જ હતો. કુલ ૪૪ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. અને એમાં ૫૩ લાખ ૯૪ હજાર રૂપિયાનું અનુદાન ચૂકવવામાં આવ્યું છે. તાલુકા વાઈઝ અલગ અલગ રકમ છે. વડોદરા તાલુકામાં ૧૨.૫ લાખ, સાવલી તાલુકામાં ૫ લાખ ૫૦ હજાર, પાદરા તાલુકામાં ૫.૨૫ લાખ રૂપિયા, સંખેડામાં ૫.૨૫ લાખ રૂપિયા, જેતપુરમાં ૩.૨૫ લાખ રૂપિયા, કરજણમાં ૨૦.૧૨ લાખ રૂપિયા, કવાંઠમાં ૧ લાખ અને છોટાઉદેપુરમાં ૧ લાખ આમ ૪૪ ગ્રામ પંચાયતોને ૫૩ લાખ ૯૪ હજાર રૂપિયાનું અનુદાન ચૂકવવામાં આવ્યું છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : વડોદરા જિલ્લામાં જે ૪૪ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે એમાં મારા તાલુકામાંથી આઠ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે એમાંથી ત્રણ મહિલા ગ્રામ પંચાયતો સમરસ થઈ છે ત્યારે હું મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ધારાસભ્ય અને મેમ્બર ઑફ પાર્લામેન્ટની ગ્રાન્ટ છે, મેં ગયા વખતનો અનુભવ જોયો તેમાં સરકાર જે અનુદાન આપે છે મારે ત્યાં ૧૨.૫૦ લાખ રૂપિયા અનુદાન આપ્યું પરંતુ એમ.પી. અને એમ.એલ.એ. ની ગ્રાન્ટ પણ જો મહિલા સમરસ તાલુકા પંચાયતો થાય તો એ પણ એમાં કોઈ અનુદાન આપી શકે તેવું એડવાન્સમાં જાહેર કરે તો હું માનું છું કે સરકારનો જે હેતુ છે મહિલા સમરસ કરવાનો એમાં વધુ વેગ મળે એમ છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ રાજય સરકારની યોજના છે. રાજય સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે એટલે ધારાસભ્ય કે એમ.પી.ના ફંડમાંથી અનુદાન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

## વનબંધુ યોજના નીચે સંકલિત ડેરી વિકાસ પ્રોજૅકટ

*** ૧૬૧૬૬ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સંકલિત ડેરી વિકાસ પ્રોજૅકટ કેટલા જિલ્લાઓમાં અમલમાં મુકાયેલ છે,

(૨) આ પ્રોજૅકટ અમલમાં મૂકવાથી જે તે જિલ્લાની દૂધની આવકમાં કેટલો વધારો થયો, અને

(૩) પ્રોજૅકટ હેઠળ આવરી લેવાયેલ લાભાર્થીની માસિક આવકમાં કેટલો વધારો થયો?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી:**

(૧) નવ જિલ્લાઓના ૨૦ તાલુકામાં.

(૨) જિલ્લા ડેરીઓ પાસેથી મળેલ માહિતી મુજબ બનાસકાંઠાના બે તાલુકામાં ૨૪ ટકા, પંચમહાલ જિલ્લાના બે તાલુકામાં ૩૫ ટકા, વલસાડ, નવસારી અને ડાંગમાં ૮ ટકા, વડોદરા જિલ્લાના પ્રોજૅકટના તાલુકામાં ૮ ટકા તથા ખેડબ્રહ્મા તાલુકામાં ૨ ટકા જેટલો વધારો થયો,

(૩) લાભાર્થી આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીની માસિક આવક કમાતા થયા.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, વલસાડ, ડાંગ અને નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ચાલતા સંકલિત ડેરી વિકાસ પ્રોજૅકટને કારણે દૂધની આવકની ટકાવારીમાં વધારો થયો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કુલ કેટલા લિટર દૂધની આવક વધી અને આ વનબંધુઓની આવકમાં કેટલા રૂપિયાનો વધારો થયો?

**શ્રી જશવંતસિંહ ભાભોર** : ૧૬૦.૮૪ લાખ લિટર દૂધ વધ્યું છે, અને એના લીધે ૩૨ કરોડ રૂપિયા જેટલી આવક વનબંધુઓને થઈ છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે વડોદરા જિલ્લામાં દૂધની આવકમાં આઠ ટકાનો વધારો થયો છે ત્યારે વડોદરા જિલ્લામાં કેટલા દૂધાળા ઢોર ખરીદવામાં આવ્યા અને તેના લીધે દૂધની આવકમાં કેટલો વધારો નોંધાયો?

**શ્રી જશવંતસિંહ ભાભોર** :વડોદરા જિલ્લામાં ૪૯૭૧ પશુઓ ખરીદવામાં આવ્યા છે. આ જિલ્લામાં ૧૩.૪૪ લાખ લિટર દૂધ વધ્યું છે.

**શ્રી સી.કે. રાઉલજી** : આ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે, અને ગ્રાન્ટનો કયા કયા સદરે ઉપયોગ કરવામાં આવે છે?

**શ્રી જશવંતસિંહ ભાભોર** : આમાં ગુજરાત સરકારની પણ ૨૪.૧૭ ટકા ગ્રાન્ટ છે. એટલે ૨૪ કરોડ રૂપિયા ગુજરાત સરકારના છે. કેન્દ્ર સરકાર તો આખા દેશમાં ફંડ આપે છે ફક્ત ગુજરાતને જ આપે છે એવું નથી. ૪૦ કરોડ રૂપિયા ભારત સરકારની ગ્રાન્ટ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં બે તાલુકાઓની માહિતી માગી છે તો કયા કયા બે તાલુકા અને આ વન બંધુ પ્રોજેક્ટ હેઠળ લાભાર્થીઓને દૂધાળા ઢોર આપવાની કોઈ સ્કીમ છે ખરી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : કડાણા અને ધરમપુર બન્ને તાલુકામાં છે. જે લોકો બી.પી.એલ.માં છે, ૦થી ૨૦માં, તેમને આ યોજનાનો લાભ આપીએ છીએ.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરત અને તાપી જિલ્લાનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ઉચ્છલનો સમાવેશ કર્યો જ છે.

## ડીસા તાલુકાના કાતરવા ગામના સરપંચ વિરૂદ્ધ ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારની ફરિયાદ

***૧૬૦૭૪ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કાતરવા ગામના સરપંચ દ્વારા થયેલ ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો સરકારને મળી છે અને

૨. આ ફરિયાદો અન્વયે તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. ૨(બે)

૨. નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠાને સૂચના આપેલ હતી.
જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠા દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ સરપંચને હોદ્દા પરથી દૂર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડીસા તાલુકાના કાતરવા ગામના સરપંચ વિરુદ્ધ જે ફરિયાદો આવી છે તેની વિગત શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના ધ્યાને મૂકવું છે કે આ મેટર છે તે સરપંચની તપાસની મેટર છે. હાઈકોર્ટમાં ગયેલી છે. મેટર સબજયુડીશીયલ બનેલી છે અને સબજયુડીશીયલ રીફર બેક ટુ સરકારને ફરી તપાસ કરવા મોકલેલી છે. એટલે સબજયુડીશીયલ હોવાને કારણે હું વિનંતી કરું કે આની ચર્ચા કરી શકાશે નહીં.

## કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ફાળવેલ રકમ

***૧૫૨૦૯ શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બાબરા) : માનનીય ગ્રામ વિકાસ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

૧. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી રકમ ફાળવી,

૨. ફાળવેલ રકમમાંથી તા. ૩૧-૧૨-૦૯ સુધી વર્ષ વાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને

૩. તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી રકમ કયા કયા કારણોથી વપરાયેલ નથી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

૧. કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે ૨૦૦૮-૦૯માં રૂા. ૧૬૫૧૭.૮૫ લાખ અને વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રૂા. ૪૧૪૭૭.૬૩ રકમ ફાળવેલ છે.

૨. ભારત સરકાર તથા રાજય સરકારના હિસ્સા સાથે ફાળવેલ રકમમાંથી વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૧૯૬૧૫.૩૪ લાખ અને વર્ષ ૨૦૦૯-૧૦માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં રૂા. ૪૪૪૯૫.૬૪ લાખની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

૩. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના રોજગારીની માગણી આધારિત હોઈ રોજગારીની માગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે, તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી છ પ્રશ્નોના જવાબ માગવા માગું છું..

**અધ્યક્ષશ્રી** : એક પછી એક.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ જે નરેગા યોજના છે તેમાં આ વર્ષે કોઈ એવો પરિપત્ર કરવામાં આવેલો છે કે રાજયમાં જે કૃષિ રથમાં કૃષિ કીટ આપવામાં આવે આ કૃષિ કીટનો ખર્ચ આ નરેગા યોજનામાં નાખવાનો કોઈ પરિપત્ર થયેલ છે કે નહીં એક. બીજું, જે વ્યકિતગત યોજનાઓ છે જેમાં નરેગા યોજનામાં અનુસૂચિત જાતિ માટે જે કૂવા ગાળવા માટેની વ્યકિતગત યોજનાઓ છે તેમાં ૧૦ જોબકાર્ડ આપવામાં આવે અને તેમને કૂવા ગાળવા માટે ૧,૬૫,૦૦૦ આપવામાં આવે છે. તેમાં મારી પાસે અમુક ફરિયાદો એવી આવી છે કે જે વ્યકિતઓને તેના ખેતરમાં કૂવો હોય, ૭/૧૨, ૮/અમાં કૂવો હોય અને મામલતદાર ઑફિસમાં સોગંદનામુ અને પંચ રોજકામ રજૂ કરીને કૂવો રેકર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે અને પછી ૭/૧૨ અને ૮/અ તાલુકામાં રજૂ કરવામાં આવે કે મારા ખેતરમાં કૂવો નથી એટલે મારે ગાળવો છે અને પછી તેનો કૂવો ૧૦-૧૫ વર્ષ પહેલાં હોય એ બતાવવામાં આવેલો છે. અમરેલી જિલ્લામાં આવી અનેક ફરિયાદો છે. આની તપાસ કરીને જે તે અધિકારીઓ ઉપર યોગ્ય પગલાં લેવા માગે છે કે નહીં? અને નં.૩, નરેગા યોજનાની કામગીરી અત્યારે ચાલુ છે તેમાં એન.જી.ઓ.ના એન્જિનિયર દ્વારા આ કામગીરી કરાવવામાં આવે છે અને ૪૦ મજૂર દીઠ એક વ્યકિત મેટ તરીકેની નિમણૂંક કરવામાં આવે છે. જેની કોઈ જવાબદારી હોતી નથી. તાલુકામાંથી રજિસ્ટર મંત્રીઓને આપે અને મંત્રી..

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં પ્રશ્ન પૂછો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : આ રજિસ્ટર જે મેટને આપવામાં આવે છે તેમાં તમામ કામગીરી સરકારી કર્મચારીઓ દ્વારા કરાવવા માગો છો કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એક તો કૃષિ મહોત્સવ વખતે આપવામાં આવતી કીટ આપવાનો આવો કોઈ પરિપત્ર સરકારે કાઢ્યો નથી. કેન્દ્ર સરકાર દ્વારા જે નોર્મ્સ નક્કી થયેલ છે તેની બહાર કોઈ પણ કામ કરવાની કોઈને મંજૂરી આપવામાં આવતી નથી. એટલે કૃષિ મહોત્સવમાં કીટ અપાય છે એ નરેગા દ્વારા અપાય છે એવું સૂચન કર્યું છે તે બાબતમાં એવી કોઈ માહિતી મારા વિભાગ પાસે નથી. બીજું, જે ગરીબ લોકોના કૂવા ખોદાય છે, બી.પી.એલ. રેખા નીચે જીવતા લોકોને તેમની જમીન હોય તેમાં કૂવા ખોદવાની વાત તેમણે ઉભી કરી. તેમણે કહ્યું કે કૂવો હોય ત્યાં બીજો કૂવો ખોદાય કે કેમ? સવાલ એ નથી, સવાલ ખેડૂતોને પાણી આપવાનો છે. પાણી આપવાની બાબતમાં કૂવો ખોદવો પડે. કોઈનો ડ્રાય કૂવો થઈ ગયો હોય તે માણસને રોજી-રોટી માટે પાણી જોઈતું હોય અને સરકારને એમ લાગે કે ત્યાં તો કૂવો ખોદવાની જરૂર છે તો એવો કોઈ કૂવો ખોદાતો હોય તો એ મને લાગે છે કે સરકારને વાંધાજનક નથી. પરંતુ ત્યાં એક કૂવો હોય, કારણ કે, આ યોજના ગરીબ લોકો માટેની છે. એની જમીનમાં વિઘો, દોઢ વિઘો કે બે વીઘા હોય એની અંદર કૂવો કરવામાં આવે છે. આ કૂવા કોઈ માલેતુજારને ત્યાં હોતા નથી.વ્યકિતગત બીપીએલ લોકો માટે, આદિવાસીઓ માટે અને એસ.સી. લોકો તેમની જમીનમાં કૂવા કરી શકતા હોય છે. આપે કહ્યું એવી ગેરરીતિ ઊભી થાય તો એની ફરિયાદ કરી શકાય, એની તપાસ કરી શકાય અને સરકાર એના ઉપર પૂરું ધ્યાન આપે છે. એમણે બીજો પ્રશ્ન કર્યો તે મેટની બાબત છે. લાખોની સંખ્યામાં મજૂરો કામ કરે છે, શ્રમિકો કામ કરે છે. એનું નિયમન કરવા માટે દરેક ૪૦ મજૂરે એક મેટ મૂકવામાં આવે છે. એને એન.જી.ઓ. કહેતા હોય તો જુદી વાત છે. પણ એ એમ્પ્લોઈઝ છે, એ મુકદ્દમનું કામ કરે છે અને એનું નિયમન કરે છે. એ ટૅક્નીકલ માણસ પાસેથી ગાઈડલાઈન લે છે. કેટલું ખોદવું? રૂ.૧૦૦/-માં કેટલું કામ કરાવવું એનું નિયમન કરવા માટે મેટ મૂકવામાં આવે છે. આ એન.જી.ઓ. નથી.૫૦, ૧૦૦ મજૂરોને હૅન્ડલ કરવાની કામગીરી કરે છે.

**શ્રી શંકરભાઈ ચૌધરી** :- માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નરેગા યોજના અંતર્ગત વધુમાં વધુ લોકોને રોજગારી મળી શકે તે માટે રાજય સરકાર દ્વારા શું પ્રયત્નો કરવામાં આવ્યા છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, નરેગા યોજનામાં પ્રતિ દિન રૂ.૧૦૦/- ભારત સરકારના નિયમ પ્રમાણે વેતન આપવામાં આવે છે. કચ્છ જિલ્લાની અંદર કામ વધારીને રૂ.૧૦૦/- જગ્યાએ રૂ.૨૦૦/- મળે છે. આ અંગે ભારત સરકારમાં રજૂઆત કરીને ભારત સરકાર પોતાના નોર્મ્સ અને નિયમમાં સુધારો લાવીને વધારે પૈસા મળે એ માટે કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો એમનો પ્રશ્ન એવો છે કે, આ કામગીરી વધારવા માટે શું કરી શકાય? નરેગા યોજનાનો વધારેમાં વધારે લાભ ગુજરાત કેવી રીતે લઈ શકે એના માટેનો એક પ્રશ્ન પૂછ્યો છે. હમણાં સામેના વિપક્ષના સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે, કામ વધારવા શું કરવું જોઈએ? એમણે એન.જી.ઓ.ને કામ આપવામાં આવ્યું છે કે નહીં? એવો પ્રશ્ન પણ પૂછ્યો છે. ૪૦ થી ૫૦ શ્રમિકો વચ્ચે એક મુકાદમ જેને મેટ કહી શકાય એને મૂકેલ છે. સો રૂપિયા પ્રમાણે મહેનતાણું આપવાની વ્યવસ્થા હોય છે. ૧૦ થી ૧૬ ગામમાં કામ કેવી રીતે વધારવું એ શ્રી શંકરભાઈએ પ્રશ્ન પૂછ્યો છે. એમને કહેવું છે કે, ૧૦થી ૧૬ ગામ હોય તેનું એક યુનિટ બનાવીને ત્યાં આગળ તાલુકા કક્ષાએ એક ટૅક્નીકલ આસિસ્ટંટ મૂકવાની જોગવાઈ કરવામાં

આવી છે. એની નીચે મેટને મૂકવામાં આવેલ છે. ૧૫ ગામોમાં ટૅક્નીકલ આસિસ્ટંટ કામગીરી સંભાળે છે. બીજો પ્રશ્ન બહુ સારો પૂછ્યો. આ ગુજરાતની પરિસ્થિતિ બીજા રાજયો કરતાં અલગ પ્રકારની છે. આપણા રાજયમાં સામાન્ય રીતે ખેતીવાડીનો વિકાસ થયો છે. લોકોને રોજી રોટી મળી રહે છે, ઉદ્યોગોમાં એને ઉદ્યમ મળી રહે છે. એટલે નરેગામાં આવવા ઓછા લોકો તૈયાર થાય છે. વળી એમાં રૂ.૧૦૦/- આપીએ છીએ એ એસ.ઓ.આર. પ્રમાણે છે. ગુજરાતની પરિસ્થિતિ જોઈને અલગ રીતે આમાં કોઈ વધારો સો રૂપિયા કરતાં દોઢશો રૂપિયા, બસો રૂપિયા આપી શકાય કે કેમ? એ કેન્દ્ર સરકારમાં .. ..

**અધ્યક્ષશ્રી** :આપ કેન્દ્ર સરકારને લખવા માગો છો કે કેમ? એટલું પૂછ્યું છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની પરિસ્થિતિ જોતાં કેન્દ્ર સરકારને રજૂઆત કરવા માટેનો અમે પ્રયત્ન કરીશું. ગુજરાતની આ પરિસ્થિતિને અનુરૂપ કોઈ વધારો આપી શકાય કે કેમ? એ જાતનું સૂચન છે. એમાં ચર્ચાનો અવકાશ છે.

**શ્રી શકિતસિંહ ગોહીલ** :- માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી યોજના કેન્દ્ર સરકારની છે. એના કારણે ઘણા પૈસા મળે છે. પૈસા વધારવાની રજૂઆતને બદલે મિનિમમ વેજીસ વધારે આપી શકીએ. સો દિવસના પૈસા આપવાના છે એમાં કેન્દ્ર સરકારને લખવાની જરૂર નથી.આપણે મીનીમમ વેજીસના દર વધારીએ એટલે ઑટોમૅટીક પૈસા આમાં ગરીબ માણસને વધારે મળવાના છે, તો મીનીમમ વેજીસના દર આપણે વધારવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે. ગઈ વખતે પણ મેં કહ્યું હતું કે એસ.ઓ.આર. રીવાઈઝ કરવાના છીએ. તમે તો ૬૦ રૂપિયા પણ નહોતા રાખતા, અમે તો ૧૦૦ રૂપિયા કર્યા છે પણ આ ૧૦૦ રૂપિયા પણ ગુજરાતમાં આની રોજીરોટી લોકોને ,(અંતરાય) ૧૦૦ રૂપિયા આપવાનો અમે જે પ્રયત્ન કર્યો છે, મોંઘવારી વધી છે એના કારણે ફરી વધારો એસ.ઓ.આર.નો થઈ શકતો હોય તો એ અમે કોશિશ કરીશું.

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ અને દાહોદમાં અત્યારે પાણીની તકલીફ જે થઈ રહી છે એના ખાતર કૂવાના પાણીના સ્તરનું લેવલ ઉતરી ગયું છે અને કૂવા ડ્રાય થઈ ગયા છે. આ લાભ આપણને નરેગા યોજનામાં નવા કૂવાનો એસ.સી. એસ.ટી. અને નવી શરતના જે હોય એને મળે છે તો આ કૂવા ઉંડા કરવા માટે જે ડ્રાય થઈ ગયા છે એના માટે આપ કંઈ યોજનામાં લેવાના છો કે નથી લેવાના?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ જે કૂવા છે એ ડ્રાય થઈ ગયા છે એ વાત સાચી, એટલા ડ્રાય નથી થઈ ગયા, ઘણા કૂવાઓ અન્ય યોજનામાં હાથમાં લીધા છે, અધૂરા પડ્યા છે, પેમેન્ટ આપ્યા છે અને પેમેન્ટ આપ્યા પછી એ કામો અધૂરા પડ્યા છે એને ઊંડા કરવાની બાબતમાં ઘણા સભ્યોની લાગણી હતી અને એ લાગણીને મેં અભ્યાસ કરીને મેં સૂચના આપી છે કે જ્યાં શકય હોય ત્યાં માપ રીમેજરમેન્ટ કરીને અને જે લોકોએ અધૂરા મૂક્યા છે, જે લોકોની જવાબદારી છે એને સેટ કરીને, સંશોધન કરીને એ કૂવાઓને ઊંડે ઉતારીને પણ કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ, પણ ડ્રાય થયા હોય કૂવા ત્યાં બીજા કૂવા કરવામાં સરકારને કોઈ તકલીફ નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, એક જ પ્રશ્ન પૂછજો. તમે છ પ્રશ્ન કાઢયા છે એમ નહીં એક જ પ્રશ્ન પૂછજો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, તો બે પૂછું.

**અધ્યક્ષશ્રી** : એક જ પ્રશ્ન પૂછજો. ત્રણ આપે અગાઉ પૂછી લીધા છે એક જ પ્રશ્ન પૂછજો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં દોઢ કરોડ રૂપિયાનો નરેગામાં ભ્રષ્ટાચાર થયો છે. ધારી તાલુકાનું કરમદડી અને જળજીવડી કે જ્યાં ૧૦ વર્ષ પહેલા ૬૦ : ૪૦ના ચેકડેમો થયા હતા એ ચેકડેમો આ નરેગામાં બતાવી દીધા અને અમુક ચેકડેમો એવા છે કે જેના દોઢ મીટર પાયાને બદલે દોઢ ફૂટ જ ગાળ્યા છે એવા ૩૫ ચેકડેમો થયા અને એની તપાસ ખૂબ લાંબા સમયથી થઈ છે હજી એના નિર્ણયો કોઈ લેવામાં આવ્યા નથી તો આનો તાત્કાલિક નિર્ણય લઈ અને જવાબદાર અધિકારીઓને સસ્પૅન્ડ કરવા માગે છે કે નહીં ?

**અધ્યક્ષશ્રી** : અમરેલી જિલ્લાના ધારી તાલુકાની ફરિયાદ એમણે કરી છે એની તપાસ કરાવો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ પ્રશ્ન અધૂરો છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર ઑર્ડર (અંતરાય)કાન્તિભાઈ લકુમ આપ બેસી જાવ. (સતત અંતરાય) બેસી જાવ .. એમનો પ્રશ્ન પૂરો થવા દો. આપે એક પ્રશ્ન પૂછયો હતો મેં એક એલાઉ કર્યો હતો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ પ્રશ્ન જ અધૂરો છે હજી. માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય અમરેલી જિલ્લામાં જે બોરીબંધના જે કામ થયા છે એમાં છ મહીના થયા પેમેન્ટ અપાણું નથી, આ પેમેન્ટ ક્યારે આપવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : અમરેલી જિલ્લાની ગેરરીતિઓની ફરિયાદ એમણે આપી ધારી તાલુકાની એ અને પેમેન્ટ નથી થયું એ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ધારી તાલુકાની ગેરરીતિ બાબતની જે ફરિયાદ આવી છે એ અમારા સંસદ ખુદ નારાયણભાઈ કાછડીયા જે ત્યાંના જિલ્લા પ્રમુખ છે એમણે આપેલી છે અને એના આધારે તપાસ કરાવી છે અને એ ખૂબ વિગતે તપાસ કરી છે પરંતુ જે બાબતમાં ફરિયાદ છે એમાં ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ દ્વારા જે કામગીરી નું કામ આગળ કરી છે એમાં એવી ફરિયાદ છે કે ત્યાં મશીનરીથી કામ કરવામાં આવ્યું છે. તપાસ કરી છે અને એનું કામ આગળ ચાલે છે. ઉપરાંત બીજો એમનો પ્રશ્ન પેમેન્ટનો છે. સામાન્ય રીતે ગુજરાતમાં પેમેન્ટ બીજા રાજયો કરતા સારું છે. અમે પ્રયત્ન કરીએ છીએ અને ડીલે થાય છે એનું કારણ ૧૫ દિવસ તો ડીલે થાય, પેમેન્ટ મંગાવવું પડે છે અને ત્યાંથી આવે એની વ્યવસ્થા હોય છે અમે મોકલીએ રીએમ્બર્સ કરીને, દરેક જિલ્લામાં પેમેન્ટ રાખ્યા છે એટલે ડીલે થશે નહીં અને એના માટે પૂરી તકેદારી રાખીએ છીએ.

**સુરત જિલ્લામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારો ખોલવાની અરજીઓ**

*** ૧૬૧૦૬ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય નાગરિક પુવરઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લામાં તા:૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર ખોલવા માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા અરજદારોને ઉકત દુકાનના પરવાના આપવામાં આવ્યા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) કોઈ નવી દુકાન ખોલવાપાત્ર નથી તેથી જાહેરનામું બહાર પાડેલ નથી અને તેથી કોઈ અરજી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, નવી વાજબી ભાવની દુકાન ખોલવાના ધોરણો શું છે અને નવી દુકાનો આપવામાં સ્વ સહાય જૂથોને કોઈ મહત્ત્વ આપવા માગો છો કે કેમ અને જો હા, તો તેની રીત કઈ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નવી વાજબી ભાવની દુકાનો ખોલવા માટે એમણે જે ધોરણોનું પૂછ્યું છે તે મારે એમના ધ્યાને મૂકવું છે કે એક તો ગામડામાં જે દુકાનો ખોલવામાં આવે છે તે દર ૨૦૦૦ની સંખ્યા હોય ત્યાં નવી દુકાન ખોલવામાં આવે છે. શહેરી વિસ્તારમાં ૫૦૦૦ ની વસતિ હોય તો ત્યાં એક દુકાન ખોલવામાં આવે છે. તેમાં ત્રણ કિલોમિટરના અંતરનું માપ જોવામાં આવે છે. દર ત્રણ કિલોમિટરે એક દુકાન ખોલવામાં આવે છે. જો એથી વધારે અંતર હોય તો એ ગામનું બીજું યુનિટ બનાવીને ત્યાં દુકાન ખોલવામાં આવે છે. આ દુકાનો ખોલવામાં આવે છે એમાં નિયમ એવો બનાવ્યો છે કે સ્વ સહાય જૂથ છે, સખી મંડળ અગર તો સ્વ સહાય જૂથ હોય તેના માટે ૫૦ ટકા દુકાનો રિઝર્વ રાખીએ છીએ અને ૫૦ ટકા દુકાનો સ્થાનિક શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા માટે મંજૂર કરીએ છીએ. આની અંદર જે દુકાનો આપીએ છીએ એમાં પણ સરકારના નિયમો પ્રમાણે શિક્ષિત બેરોજગારોમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરકારી નોકરી આપવા માટે જે ધારા ધોરણો છે એ ધારા ધોરણો અનામતની ટકાવારીને ઓબ્ઝર્વ કરવામાં આવે છે અને આ પ્રમાણે ગામના અને શહેરી વિસ્તારના અલગ અલગ રજિસ્ટર રાખીએ છીએ. આ સ્વ સહાય જૂથો છે એને ખાસ કરીને સખી મંડળો અગર તો મહિલાઓ દ્વારા જૂથો ચાલતા હોય તો એને પ્રાયોરિટી આપવામાં આવે છે. પુરૂષો દ્વારા સ્વ સહાય જૂથો ચાલતા હોય તો એને સેકન્ડ પ્રાયોરિટી આપવામાં આવે છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : સુરત જિલ્લામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર તા. ૩૧-૧૨-૨૦૦૯ના રોજ કેટલા કાર્યરત હતા?

**અધ્યક્ષશ્રી** : કુલ આપી દો. તાલુકાવાર ન જતા.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એક તો ૧૦૬૨ કુલ દુકાનો છે એમાં સહકારી ક્ષેત્રની ૧૦૫ છે. ખાનગી જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, શૈક્ષણિક પછાત, શારીરિક ખોડ ખાપણ અને જનરલ છે એની કુલ દુકાનો ૯૫૭ છે અને પુરૂષ દ્વારા જે સંચાલિત થાય છે એવી ૭૭૫ છે અને મહિલાઓ દ્વારા ૧૮૨ દુકાનો સંચાલિત થાય છે. આ પ્રમાણે કુલ ૧૦૬૨ દુકાનો છે. તાલુકાવાર અલગ અલગ રેકર્ડ પણ છે.

**દિપક ચૅરીટેબલ ટ્રસ્ટને પાવી-જેતપુર, છોટા ઉદેપુર અને કવાંટ તાલુકામાં આપેલ ગ્રાન્ટ**

*** ૧૫૫૪૭ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પ્રણ વર્ષમાં સરકારે દિપક ચેરીટેબલ ટ્રસ્ટને પાવી જેતપુર, છોટા ઉદેપુર અને કવાંટ તાલુકામાં વર્ષવાર કયા હેતુ માટે કેટલી ગ્રાન્ટો આપી,

(૨) તે પૈકી વર્ષવાર તાલુકાદીઠ કેટલો ખર્ચ કર્યો, અને

(૩) આ ગ્રાન્ટોથી કેટલા આદિવાસી કુટુંબોને લાભ મળ્યો?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) કવાંટ તાલુકામાં લાઈવ્લી હૂડ પ્રોજૅકટ માટે વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| વર્ષ | (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૬૪.૦૪ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૧.૬૫ |
| ૨૦૦૯-૧૦ | ૧૩૪.૮૫ |

જેતપુર-પાવી અને છોટા ઉદેપુર તાલુકાનો આ પ્રોજૅકટમાં સમાવેશ કરાયેલ નથી.

(૨) કવાંટ તાલુકામાં વર્ષવાર ખર્ચ નીચે મુજબ કરવામાં આવ્યું.

| વર્ષ | (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧.૪૪ |
| ૨૦૦૮-૦૯ | ૧૦૯.૦૭ |
| ૨૦૦૯-૧૦ | ૧૪૪.૮૫ |

(૩) ૬૪૦૫ કુટુંબો.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કવાંટ તાલુકામાં લાઈવ્લી હૂડ માટે વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ એમ ત્રણ વર્ષમાં ૪ કરોડ ૩૦ લાખ ૫૪ હજાર જેવી રકમ આપવામાં આવી અને તે પૈકી વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં કુલ ૨ કરોડ ૫૫ લાખ ૩૬ હજાર જેટલી રકમ વાપરવામાં આવી અને ૧ કરોડ ૭૫ લાખ ૧૮ હજાર જેટલી રકમ આજ સુધી ખર્ચાઈ નથી. બીજા ૨૫ કરોડ રૂપિયા આ જ પ્રોજૅકટના બીજા મંજૂર કર્યા છે. તો હજુ ત્રણ ત્રણ વર્ષમાં ૧ કરોડ ૭૫ લાખ ૧૮ હજાર રૂપિયા વપરાયા નથી તો ૬૪૦૫ કુટુંબોને આનો લાભ મળ્યો છે તો એ કેવા પ્રકારના લાભો મળ્યા અને આ જે રકમ નથી વપરાઈ એ તાત્કાલિક વાપરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કવાંટ તાલુકાનો પ્રશ્ન પૂછ્યો છે. કવાંટ તાલુકો અતિ પછાત તાલુકાઓમાં સૌથી પછાત તાલુકો છે. એમણે રકમની બચત અંગેની વાત કરી, તો આ પ્રોજૅકટ પાંચ વર્ષ માટેનો છે. એટલે એવું નથી કે એ રકમ બચત છે. ૬૪૦૫ લાભાર્થીઓની વાત છે. વાડી યોજનામાં ૧૪૧૬ છે અને ખાતર, બિયારણ ૩૯૯૦ ને આપેલા છે અને ૯૯૯ ને તાલીમ આપી છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, કવાંટ તાલુકોએ અતિ પછાત તાલુકો છે જેથી મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે દિપક ચેરીટેબલ ટ્રસ્ટને અપાયેલ પ્રોજેકટમાં કવાંટ તાલુકામાં વાડી યોજના અંર્તગત કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે અને કેટલા એકર જમીનનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૨૬ ગામો છે અને ૨૩૦ એકર જમીનને આ પ્રોજેકટમાં આવરી લેવામાં આવી છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, દિપક ચેરીટેબલ ટ્રસ્ટને છેલ્લા ૨૦૦૭-૦૮ થી ૨૦૧૦ સુધી એને આ કામગીરી સોંપવામાં આવી છે એણે ૨૦૦૭-૦૮ માં ૧૬૪.૪ લાખ હતી અને એમાંથી ૧.૪૪ લાખ વાપર્યા અને એ છતાં એને બીજા બે વર્ષ માટે પણ આપવામાં આવી અને મારો બીજો પ્રશ્ન એ છે કે દિપક ચેરીટેબલ ટ્રસ્ટને જે ૩ વર્ષ માટે ગ્રાન્ટ આપવામાં આવી તો બીજા કોઈ ટ્રસ્ટે માગણી કરી હતી કે નહિ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : બીજા કોઈ ટ્રસ્ટે માગણી કરી નથી અને સાહેબ હજી બે વર્ષ બાકી છે. બચત રકમની વાત કરી છે તો હજુ બે વર્ષમાં ખર્ચ થવાનો જ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે આ દિપક ચેરીટેબલ ટ્રસ્ટને આપતા પહેલા, આના વિષે ભયંકર બધા પાસે ફરિયાદ આવી છે. આ ટ્રસ્ટને આપતા પહેલા ગુજરાતના કેટલાય ટ્રસ્ટો છે. બહારથી મુંબઇ રહીને વહીવટ કરનારને આપણે આ દિપક ચેરીટેબલ ટ્રસ્ટને આ કામ આપ તા પહેલા કોઈ જાહેરાત કરીને નામો મંગાવેલા હતા કે કોણ આ કરવા માગે છે કે કેમ? આવા નામો માંગ્યા વગર જો આમને અપાયું હોય તો આપવાની જે પધ્ધતિ છે એ સરકાર બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : સાહેબ, આ અતિ પછાત તાલુકા છે આદિવાસી માટે. સાહેબ પહેલી એવી આ સરકાર છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નામ માગ્યા હતા કે કેમ એટલો પ્રશ્ન છે.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આમાં નામો માંગેલા નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ટ્રસ્ટના નામો માંગ્યા હતા કે નહિ? આ ટ્રસ્ટને આપતા પહેલા કોઈ જાહેરાત, કોઈ નિવિદા આપી હતી?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : સાહેબ, આ દિપક ટ્રસ્ટ ત્યાં વડોદરા જિલ્લામાં ખૂબ સારા કામો કરે છે અને આ ડીસેક મારફત જે આદિવાસી વિસ્તારના કામો છે એમણે આ ૬૦૦૦ લોકોને લાભ આપ્યો છે અને ૩ વર્ષ થયા છે અને હજુ ૨ વર્ષ બાકી છે એની કામગીરી ત્યાં આજે ચોક્કસ દેખાય છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૦૯.૦૭ લાખ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં ૧૪૪.૮૫ લાખ તો એમાં ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને આ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે તો એ કયાં આગળ રજિસ્ટ્રેશન થયેલું છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૩૯૯૦ ની વાત કરી છે તો બૌમ્બે ટ્રસ્ટ એકટ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે જવાબ સમજ્યાં તો આપ સમજાવો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે રજિસ્ટરનું કહ્યું બૉમ્બે રજિટ્રેશન એકટ નીચે રજીસ્ટર થયું છે. (અંતરાય) બૉમ્બેમાં નહિ, બૉમ્બે રજીસ્ટ્રેશન એકટની જોગવાઈ હેઠળ રજિસ્ટર થયું છે. (અંતરાય) બૉમ્બે રજિસ્ટર થયું છે? માનનીય મંત્રીશ્રી આ બોમ્બે ચેરીટેબલ ટ્રસ્ટ એકટ નીચે રજિસ્ટર થયું છે બરાબર. કયા સ્થળે રજિસ્ટર થયું છે એટલી વિગત હોય તો આપો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : બરોડા ખાતે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આ જે દિપક ચેરીટેબલ ટ્રસ્ટ છે અને જ્યારે હું આરોગ્ય સમિતિનો ચેરમેન હતો ત્યારે આરોગ્ય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનો અભિપ્રાય નહિ. (અંતરાય)

**શ્રી અભેસિંહ મો. તડવી** : મારે એજ વાત કરવી છે કે આરોગ્ય સમિતિમાં ચેરમેન તરીકે હતો ત્યારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ અભિપ્રાયમાં પડ્યા વીના પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અભેસિંહ મો. તડવી** : આરોગ્ય ક્ષેત્રે એણે ખૂબ કામગીરી કરી છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવું છે કે કવાંટ તાલુકાની અંદર આદિજાતિ લાભાર્થીઓને મકાઈ, તુવેર, અડદ અને ચણાની કુલ કેટલી કિટસ આપવામાં આવી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું ૩૯૯૦ કિટસ્ આપવામાં આવ્યા છે, કિટસોની મેં વાત કરી જ છે.

## સુરત જિલ્લામાં ૧૦૦ ચોરસવાર પ્લોટની અરજીઓ

*** ૧૫૬૭૫ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા વાર ૧૦૦ ચોરસવારના પ્લૉટ મેળવવા માટે કેટલા અરજદારોએ અરજીઓ કરેલ છે,

(૨) તે પૈકી કેટલા અરજદારોને ૧૦૦ ચોરસવાર પ્લૉટ મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લા ૩ વર્ષમાં ૧૦૦ ચો.વાર પ્લોટ માટે મળેલ અરજીઓ. |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૬૯૬ |
| ૨ | ઓર્યાસી | ૨૬૮ |
| ૩ | માંડવી | ૪૩૦૮ |
| ૪ | માંગરોલ | ૯૧૨ |
| ૫ | મહુવા | ૧૨૦૫ |
| ૬ | ઉમરપાડા | ૩૮ |
| ૭ | કામરેજ | ૧૨૭૯ |
| ૮ | પલસાણા | ૭૫૦ |
| ૯ | બારડોલી | ૯૪૩ |
| | **કુલ** | **૧૦૩૯૯** |

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ ૧૦૦ ચો.વાર પ્લોટની સંખ્યા. |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૬૨૩ |
| ૨ | ઓર્યાસી | ૨૫૨ |
| ૩ | માંડવી | ૪૩૦૬ |
| ૪ | માંગરોલ | ૯૧૨ |

| | | |
|---|---|---|
| ૫ | મહુવા | ૧૧૫૮ |
| ૬ | ઉમરપાડા | ૩૮ |
| ૭ | કામરેજ | ૧૧૪૦ |
| ૮ | પલસાણા | ૭૩૫ |
| ૯ | બારડોલી | ૯૦૧ |
| | **કુલ** | **૧૦૦૬૫** |

(૩) બાકી રહેલ ૩૩૪ અરજીઓ નામંજૂર કરેલ હોઈ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| ક્રમ | તાલુકો | નામંજૂર અરજીઓની સંખ્યા. |
|---|---|---|
| ૧ | ઓલપાડ | ૭૩ |
| ૨ | ઓર્યાસી | ૧૬ |
| ૩ | માંડવી | ૨ |
| ૪ | માંગરોલ | ૦ |
| ૫ | મહુવા | ૪૭ |
| ૬ | ઉમરપાડા | ૦ |
| ૭ | કામરેજ | ૧૩૯ |
| ૮ | પલસાણા | ૧૫ |
| ૯ | બારડોલી | ૪૨ |
| | **કુલ** | **૩૩૪** |

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણીની તૈયારીના ભાગરૂપે વર્ષ ૨૦૦૯-૧૦માં તાલુકા વાર ગામ તળ નીમ કરવાની કેટલી દરખાસ્તો કરવામાં આવી, કેટલી દરખાસ્તો મંજૂર થઈ, કેટલી દરખાસ્તો બાકી છે અને બાકી રહેવાના કારણો શું છે ?

બીજું, કે મારા મતવિસ્તારમાં આવતા ઉમરપાડા અને માંગરોલ તાલુકામાં પ્લૉટ મેળવવા માટે જેટલા અરજદારોએ અરજીઓ કરેલ એ તમામ અરજીઓ રાજય સરકારે મંજૂર કરેલી છે એ બદલ હું રાજય સરકારનો આભાર માનું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં જે ગામ તળ નીમ કરવા માટે આવેલી જે દરખાસ્તો છે તાલુકા વાર એમાં નવ તાલુકાઓ છે સુરત જિલ્લાના એમાં ઓલપાડ તાલુકામાં ૨૪ ગામ તળ નીમ કરવાની દરખાસ્તો આવી, ૧૯ દરખાસ્તો મંજૂર કરી, ૧ દરખાસ્ત નામંજૂર કરી, ૪ દરખાસ્તો પડતર છે. નામંજૂર કરવાનું કારણ સૂડા વિસ્તારની અંદર આ અલગ રીતે એનો વિચાર કરવો પડે એવો છે.

ચોર્યાશી તાલુકામાં ૯ દરખાસ્તો ગામતળો નીમ કરવા માટે આવી છે, એમાંથી ૯ પડતર છે એનું કારણ છે કે,ચોર્યાશી તાલુકો એ શહેરી વિસ્તારમાં આવે છે અને એના કારણે સૂડા વિસ્તારની એની એ જમીન લેવા માટે અલગ રીતે કાર્યવાહી કરવી પડશે. માંડવી તાલુકામાં ૭૭ ગામ તળ નીમ કરવાની દરખાસ્તો આવી, ૭૭ દરખાસ્તો મંજૂર કરી છે. માંગરોળમાં તાલુકામાં ૨૪ ગામ તળ નીમ કરવાની દરખાસ્તો આવી, ૨૪ દરખાસ્તો મંજૂર કરી છે. મહુવા તાલુકામાં ૧૦૬ દરખાસ્તો ગામ તળ નીમ કરવાની આવી, ૧૦૬ મંજૂર કરી છે. ઉમરપાડા તાલુકામાં ૬ દરખાસ્તો ગામ તળ નીમ કરવાની આવી, ૬ મંજૂર કરી છે. કામરેજ તાલુકામાં ૨૪ દરખાસ્તો આવી છે, ૧૬ મંજૂર થઈ છે અને ૮ દરખાસ્તો પડતર છે. પસલાણા તાલુકામાં ૨૩ દરખાસ્તો આવી છે, ૧૩ દરખાસ્તો મંજૂર કરી છે, ૧૦ દરખાસ્તો સૂડા વિસ્તારમાં જગ્યાઓ આવવાના કારણે એ થઈ શક્યું નથી. બારડોલી તાલુકામાં ૨૨ દરખાસ્તો આવી છે, એમાંથી ૨૦ દરખાસ્તો મંજૂર કરી છે, ૨ દરખાસ્તો નામંજૂર થઈ છે એ પણ શહેરી વિસ્તારમાં આવવાના કારણે જમીનને સંપાદન કરવી પડે એવી સ્થિતિ છે.

આમ કુલ ૩૧૫ ગામ તળ નીમ કરવા માટે આવેલી દરખાસ્તોમાંથી ૨૮૧ દરખાસ્તો મંજૂર કરી, ૩ દરખાસ્તો નામંજૂર કરી અને ૩૧ દરખાસ્તો પડતર છે, શહેરી વિસ્તારમાં આવવાના કારણે જમીન સંપાદન કરવાની સ્થિતિ છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સુરત જિલ્લાના ચોર્યાશી અને ઓલપાડ તાલુકાના ગામો જે સુરત શહેરમાં ગયા છે ત્યાં ૧૦૦ ચોરસ મીટરના પ્લૉટો ફાળવવામાં આવેલા હતા અને ત્યાં બાંધકામ કરવામાં આવેલું હતું હળપતિઓએ તે દૂર કરવામાં આવેલ છે તેના શા કારણો છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ હળપતિઓને એના અધિકારો વિરુદ્ધ કોઈને દૂર કરવામાં નહીં આવે .

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોરની નિમણૂક**

* **૧૬૧૮૨ શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરત જિલ્લામાં ઈ ગ્રામ વિશ્વગ્રામ યોજના અન્વયે કેટલી ગ્રામ પંચાયતોમાં વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વી.સી.ઈ.) ની નિમણૂક કરવાપાત્ર થાય છે?

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વી.સી.ઈ.ની નિમણૂક કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ વી.સી.ઈ.ની નિમણૂક કયાં સુધીમાં કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૫૬૭

(૨) ૫૬૭

(૩) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોમાં વી.સી.ઈ.ની નિમણૂક કરવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કિશોર વાંકાવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, આજે ઈગ્રામ મારફતે જે સેવાઓ આપવામાં આવી રહી છે તો ભવિષ્યમાં એના મારફત બીજી કઈ કઈ સેવાઓ આપ આપવા માગો છો એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે સુરત જિલ્લામાં ઈગ્રામ, વિશ્વ ગ્રામની યોજના છે એમાં ૫૬૭ ગામો  છે એ ૫૬૭ જોડાયેલા ગામ છે એની માગણી છે. હાલની સેવાઓ ઉપરાંત ભવિષ્યમાં કયા પ્રકારની સેવાઓ આપવા માગો છો? તો ઈ રેશનકાર્ડની અમે તૈયારી કરી રહયા છીએ અને ઈ રેશનકાર્ડ તૈયાર કરી ઈસ્યુ કરવાની સુવિધા ગામડાંમાં આપવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદની ઓન લાઈન નોંધણી કરવાની શકયતા છે. આરોગ્ય વિભાગ દ્વારા ટેલી મેડીસીનની સર્વીસ આપવાનું આયોજન છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બેરોજગારોની નોંધણી અને તેનું મોનીટરીંગ કરવાની કામગીરી ઈ ગ્રામ દ્વારા કરવાનું આયોજન છે. કાયદા વિભાગ દ્વારા વિવિધ કોર્ટોમાં ચાલતા કેસોની વિગતોની માહિતી ગામડાંમાં આપવાનું આયોજન છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહનોની નોંધણીની માહિતી એસ.ટી.બસના પાસ ઈસ્યુ કરવાની સુવિધા વિવિધ કચેરીના ભરેલા ફોર્મ સ્કેન કરીને ઉપરની કચેરીમાં ઈમેઈલથી મોકલવાની સુવિધા ઈ ગ્રામ દ્વારા કરવાનું અમારું આયોજન છે. જીટુસી સેવા ઉપરાંત ઈટુસી સેવા ઈ ગ્રામ કેન્દ્રો દ્વારા પૂરી પાડવાનું આયોજન છે. બેંકીંગને લગતી સુવિધાઓ, બી.એસ.એન.એલ.નું બીલ કનેકશન, સરકાર માન્ય કંપનીઓના વીમા, ભારતની પોસ્ટલ સેવા, પાનકાર્ડ ઈસ્યુ કરવા આ બધી જ સેવાઓ ઈગ્રામ દ્વારા આપવાનું આયોજન થઈ રહયું છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૫૬૭ પંચાયતોમાં આપવામાં આવેલ બ્રોડબેન્ડની સુવિધા પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી પંચાયતો સંપૂર્ણ કાર્યરત હતી? કેટલી બંધ હતી અને બંધ પડેલી સુવિધા કયારે ચાલુ કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે અત્યારે અમારી દ્રષ્ટિએ તો બધી જ કાર્યરત છે પણ આ ઈગ્રામ જે છે જે ગામ ઉપર આઈ.એલ.એફ.એસ. કંપની અને બીજી કંપનીઓ દ્વારા ત્યાં આખી સિસ્ટમ ગોઠવેલી છે. કોઈપણ ગામમાં બંધ પડે તો એની અમારા નોકસ દ્વારા ખબર પડે છે અને એની સર્વીસ તરત જ આપવામાં આવે છે. કોઈપણ ગામની સેવા ન મળતી હોય તો તાત્કાલીક એ દિવસે તમે ટેલીફોન દ્વારા નોક ઉપર તમે મેસેજ આપી શકો છો અને ત્યાંથી તરત જ સર્વીસ આપવાની વ્યવસ્થા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ઈગ્રામમાં જે આપણે કનેકટીવીટી આપીએ છીએ એ કોના મારફત આપીએ છીએ? બી.એસ.એન.એલ. બ્રોડબેન્ડ, એરટેલ, જીસ્વાન, કોના મારફત આ કનેકટીવીટી છે? અને આપના રેકોર્ડ ઉપર જે ઈગ્રામ બોલે છે મારો પોતાનો પણ અનુભવ છે હું આપને એક નહીં પંદર એવા ગામ ગણાવી શકું જયાં આપના રેકોર્ડ ઉપર ઈગ્રામ ચાલુ છે ત્યાં આગળ એક પણ પેઈજ ઈન્ટરનેટર પર ખુલતું હોય એવું નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ઈગ્રામ વ્યવસ્થા જે છે એને બ્રોડબેન્ડ કનેકટીવીટી જે છે એ એરટેલ દ્વારા આપવામાં આવે છે એવી આખી સિસ્ટમ છે અને સિસ્ટમમાં કોઈ બ્રેકડાઉન આવે તો એનો અર્થ એવો નથી કે સિસ્ટમ નથી ચાલતી. સિસ્ટમના માટે એની વ્યવસ્થા ગોઠવી છે ફરિયાદ લેવાની અને ફરિયાદ દ્વારા એનો ઉકેલ કરવાની. આપના દ્વારા કોઈપણ લિસ્ટ, કોઈ ગામમાં ન ચાલતું હોય આપ અમને આપો. અમે તાત્કાલિક કામની વ્યવસ્થા ગોઠવીશું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબમાં વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોરની ૫૬૭ જગ્યામાંથી સો એ સો ટકા જગ્યા ભરપાઈ કરી છે ખરેખર સરકારની આ કામગીરી ધન્યવાદને પાત્ર છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ઈગ્રામ વિશ્વગ્રામ યોજનામાં નોક દ્વારા કેન્દ્રોનું મોનીટરીંગ થાય છે તો આ નોક શું છે અને ત્યાંથી શું અને કેવા પ્રકારની કામગીરી થાય છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે આખી સિસ્ટમ ૧૩૬૯૫ ગામોની ઈકનેકટીવીટી જે છે નેટવર્ક છે એને કેરીઓન કરવા માટે, એના ઉપર તકેદારી રાખવા માટે આ તમામ ઈગ્રામ

કેન્દ્રો ખાતેની કનેકટીવીટી યોગ્ય રીતે કામ કરે એનું સતત મોનીટરીંગ કરવા માટે, કેન્દ્ર માટે જે મુશ્કેલી ઉભી થાય. એની કમ્પ્લેઈન મેળવી નિરાકરણ કરવા માટે નૅટવર્ક ઑપરેશન સૅન્ટર ગાંધીનગર ખાતે બનાવવામાં આવ્યું છે, જેને 'નોક' કહીએ છીએ. આ નોક સૅન્ટરમાં ૬ એન્જિનિયરો હેલ્પ લાઈન ઉપર સતત સેવાઓ આપે છે. ગ્રામ્ય કક્ષાએથી રાજ્ય કક્ષાએ અને તાલુકા પંચાયત સાથે બીજી તાલુકા પંચાયત વચ્ચે થતા વીડિયો કૉન્ફરન્સમાં મદદરૂપ થાય છે. બાયસેગ દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમોની લિંક મેળવી તમામ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે પ્રસારણ કરે છે. પાવર ચેનલના માધ્યમથી ૨૪ કલાક વિભાગના યોજનાની માહિતીનું પ્રસારણ કરવામાં આવે છે.

### બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવા બાબત

***૧૫૬૫૫ શ્રી મફતલાલ મો. પૂરોહિત(ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કયા કયા તાલુકામાં ચેકડેમો અને વન તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) આ કામો પાછળ કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ તે અન્વયે વણવપરાયેલી રહી છે?

**વનમંત્રીશ્રી :**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબના તાલુકામાં ચેકડેમો અને વનતલાવડીઓ બનાવવામાં આવેલ છે.

૧. ચેકડેમ:- દાંતા, વડગામ, પાલનપુર, અમીરગઢ અને દાંતીવાડા

૨. વન તલાવડી :- દાંતા, પાલનપુર, અમીરગઢ અને વાવ

(૨) આ કામો પાછળ કુલ ૫૪૭.૧૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) કોઈ રકમ વણવપરાયેલી રહેલ નથી.

**શ્રી મફતલાલ મો. પૂરોહીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાની અંદર ચેકડેમ અને વન તલાવડીની અંદર કુલ જે જવાબ આપ્યો છે, તેમાં ૫૪૭.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લાં બે વર્ષમાં કયા તાલુકામાં કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી છે અને એમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં દાંતા તાલુકામાં ૧૦૩, વડગામ તાલુકામાં ૧, પાલનપુર તાલુકામાં ૨૯, અમીરગઢ તાલુકામાં ૩૪ તથા દાંતીવાડા તાલુકામાં ૯ ચેકડેમ બનાવેલ છે. ૨૦૦૯-૧૦ માં દાંતા તાલુકામાં ૩૫, વડગામ તાલુકામાં-૧, પાલનપુર તાલુકામાં ૧૭ અને અમીરગઢમાં ૧૬ ચેકડેમ બનાવેલ છે. ૨૦૦૮-૦૯ માં દાંતા તાલુકામાં ૨, પાલનુપર તાલુકામાં ૮, અમીરગઢ તાલુકામાં ૧૫, વાવ તાલુકામાં ૪ વનતલાવડી બનાવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ માં દાંતા તાલુકામાં ૨, પાલનપુર તાલુકામાં ૪ અને અમીરગઢમાં ૩ વન તલાવડી બનાવેલ છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ :** આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠામાં વન તલાવડી, ચેકડેમ બનાવવામાં આવ્યા છે, એ પૈકી કેટલા તૂટી ગયા અને રિપેર કરવાનું આયોજન છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં જે ચેકડેમ તથા વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, તેમાંથી એકપણ ચેકડેમ કે તલાવડી તૂટેલ નથી.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વન તલાવડી કયાં બનાવવામાં આવે છે અને તેની ઉપયોગિતા શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** ભૌગોલિક સ્થળ સ્થિતિ ધ્યાનમાં લઈ ભૂમિ અને ભેજ સંરક્ષણના હેતુસર વન તલાવડી બનાવવામાં આવતી હોય છે. સામાન્ય રીતે પાણીનું વહેણ હોય ત્યાં પાણી રોકી તલાવડી બનાવવામાં આવે છે, તેમાં પથ્થરનું પેચિંગ કરવામાં આવે છે. સાઈડમાં પાણીના નિકાલ માટે કાંસ કરવામાં આવે છે, જેથી કરીને વધારાનું પાણી બહાર ન નીકળે. વન તલાવડીમાંથી જંગલ અથવા વાવેતરના વિસ્તારમાંથી બહાર વહી જતું પાણી જંગલ વાવેતર વિસ્તારમાં રોકાઈ જાય છે. તથા તેના કારણે આજુબાજુની જમીનમાં ભેજ ફેલાતા વાવેલ રોપાઓ અને ઊગેલ વૃક્ષોને મદદરૂપ થાય છે. જમીનનું સ્તર ઊંચું આવવામાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત વન્ય જીવોને પીવાનું પાણી મળી રહે છે.

**શ્રી મફતલાલ મો. પૂરોહીત :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધાનેરા, ડીસા તાલુકામાં કોઈ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવી નથી, એના શાં કારણો છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા :** તપાસ કરાવી લઈશું.

## દૂધ સંજીવની યોજનાનો અમલ

*** ૧૬૧૮૭ શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ(આણંદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રી**શ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ પેટા વિસ્તાર યોજના હેઠળ કેટલા તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી છે અને

(૨) બાકીના તાલુકાઓમાં આ યોજના ક્યારે લાગુ કરવામાં આવશે?

**આદિજાતિ વિકાસ મંત્રી :**

(૧) ૭ (સાત) તાલુકા.

(૨) હાલ આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ નથી.

**શ્રીમતી જ્યોત્સનાબેન ૨ા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાતમાં આ દૂધ સંજીવની યોજનાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દૂધ સંજીવની યોજનાની શરૂઆત ક્યારે થઈ? આ યોજના હેઠળ કયા કયા ધોરણના બાળકોને કેટલું દૂધ આપવામાં આવે છે અને આ યોજના અંતર્ગત આ શાળાઓને દૂધ કોણ પૂરું પાડે છે?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો અમલ ૫-૨-૨૦૦૭થી કરવામાં આવેલ છે અને એક થી સાત ધોરણના બાળકોને આ દૂધ આપવામાં આવે છે. જે તે જિલ્લા સંઘો આ દૂધ પૂરું પાડે છે.

**શ્રી બચુભાઈ કિશોરી:** માનનીય અધ્યક્ષશ્રી, મારા દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં દૂધ સંજીવની યોજના ચાલુ કરવામાં આવી છે અને બાકીના છ તાલુકાના બાળકો દૂધ માટે બૂમો પાડે છે. તો બાળકો માટે સરકરશ્રી તરફથી કોઈ વિચારણા કરવા માગો છો કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર આ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. હવે પછી બીજા તાલુકાઓ માટે વિચારણા કરવામાં આવશે.

## જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપમાં ફેરવવા બાબત

***૧૬૧૦૧શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારો છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભંડારો મોડેલ ફેરપ્રાઈસ શોપમાં ફેરવવામાં આવ્યા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૭૫૦

(૨) તા.૧-૧-૨૦૦૯ પહેલાં ૭૪૭
તા.૧-૧-૨૦૦૯ થી
તા.૩૧-૧૨-૨૦૦૯ ૩
-------
**કુલ:- ૭૫૦**

**શ્રી રાજસીભાઈ જોટવા:** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારો જે ખોલવામાં આવ્યા અને તેમાં ખાસ કરીને ફેરપ્રાઈસ શોપમાં ફેરવવાનો હેતુ છે તેમાં ભૂતકાળમાં આવી કોઈ યોજના ન હતી. તેથી તેમાં ભ્રષ્ટાચાર થવાના પૂરતા કારણો હતા. હવે ઘણી વસ્તુઓ વેચાણી સરકારને અભિનંદન નથી આપી શકતો પરંતુ આભાર ચોકકસ માનીશ કે રાજય સરકાર આમાં શું મદદ કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ફેરપ્રાઈસ શોપ દિવસ દિવસ જતાં તેનું મોડીફીકેશન કરવાનું અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારું સૂચન કર્યુ અને તે કામ સમગ્ર ગુજરાતની એફ.પી.એસ. દુકાનોને અગપ્રેડ કરવા માટેનું આયોજન થયેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે જુનાગઢ જિલ્લામાં ૭૫૦ દુકાનો છે તે ૭૫૦ દુકાનોને મોડલ ફેર શોપ બનાવી દીધી છે અને સો ટકા નિર્માણ કરેલ છે. મોડલ ફેરપ્રાઈસ શોપ એટલા માટે બનાવવામાં આવે છે કે તેના દ્વારા ગામડાના લોકોને ગ્રાહકોનું ત્યાં આકર્ષણ વધે અને દુકાનદારની આવકમાં વધારો થાય. તેમાં એવું છે કે આ મોડલ ફેરપ્રાઈસ શોપ એક નાના મોલ જેવું છે. જયાં ગામે ગામ લોકોની જરૂરિયાત પ્રમાણે આધુનિક ચીજ વસ્તુઓ એક જ જગ્યાએથી મળે. પહેલાં એવું હતું કે આમાંથી પહેલાં ઘઉં, ચોખા અને ખાંડ જ મળે. તે સિવાય કઈ લઈ શકાય નહીં અને કઈ રાખી શકાય નહી. તે નિયમોને સાઈડમાં કરીને એક મોલ જેવુ દેખાય તેવી નાની દુકાન બનાવી છે. તેની અંદર એફ.પી.એસ. દુકાનનો માલિક તેમાં ઘણી બધી વસ્તુઓ ગામડાની જરૂરિયાત પ્રમાણે રાખી શકે છે. દુકાનદારની આવકમાં વધારો થાય, નફો વધે

અને આર્થિક જીવન, સામાન્ય જીવન સારું બની શકે. આ યોજના વ્યવસ્થાનું ચીજવસ્તુનું ડાયવર્ઝન નહીં પરવડવાના કારણે થતું હતું તેમાં પણ ઘટાડો થયેલ છે. સરકારે જે આયોજન કર્યુ તેમાં કોઈપણ વ્યકિત પોતાની એફ.પી.એસ. દુકાનને મોડલ શોપમાં કન્વર્ટ કરે તો બેંક દ્વારા એક લાખ રૂપિયાની આર્થિક લોન મળે છે અને તે સહાય એક લાખ રૂપિયા મળે તેમાંથી મોડલ ફેરપ્રાઈસ શોપ બનાવ અને તે કામ પૂરું કરે તો અમારું નાગરિક પુરવઠા નિગમ છે તે સ્ટેટ બેક ઓફ ઈન્ડિયા દ્વારા તેમને બેંકની લોન અપાવ્યા પછી પંદર હજાર રૂપિયાની સહાય કરે છે અને માર્જિન મની આપે છે. તેના કારણે આ બધા દુકાનદારો વધારે ટકાઉ બન્યા છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વ્યાજબી ભાવની દુકાનોમાં તમામ ચીજવસ્તુઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવાનો નિર્ણય કર્યો તે આવકારદાયક છે. નવી વ્યાજબી ભાવની દુકાન ફાળવણીના ધોરણોમાં શૈક્ષણિક લાયકાતોને કઈ રીતે અગ્રતા આપવામાં આવે છે અને દુકાન ફાળવવા કઈ પદ્ધતિનો અમલ કરવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફેરપ્રાઈસ શોપ જે છે તેના માટે એક થોડીક માહિતી અગાઉના પ્રશ્નના જવાબમાં આવી હતી. તેનો ફરી પણ ઉલ્લેખ કરું છું તેમના પ્રશ્નના આધારે. દુકાન ફાળવણીના જે ધોરણો છે તેમાં ખાસ કરીને ૫૦ ટકા દુકાનો તો એસ.એસ.પી. ગૃપોને આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : ખૂબ લાંબો જવાબ છે. જરૂર લાગે તો ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લાંબો જવાબ નથી.

**અધ્યક્ષશ્રી** : પહેલા જવાબમાં આપ વાંચી ગયા છો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એના જે ધોરણો છે આમાં સામાન્ય રીતે જે શિક્ષિત બેરોજગારો છે એના માટે એને કેવી રીતે, બધા જ શિક્ષિત બેરોજગારોને તો..

**અધ્યક્ષશ્રી** : : માનનીય મંત્રીશ્રી, એનો પરિપત્ર બધા ધારાસભ્યશ્રીઓને મોકલી આપજોને.

### ભાવનગર જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

*** ૧૬૧૭૯ શ્રીમતી ભાવનાબેન ર઼ા. મકવાણા(તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવગનર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં કેટલા સરદાર આવાસ મંજૂર કરવામાં આવ્યાં,
(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસોનું કામ પૂર્ણ થયું, અને
(૩) બાકી રહેલ આવાસો કયારે પૂર્ણ કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ભાવનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં ૧૬૦૦ સરદાર આવાસ મંજૂર કરવામાં આવ્યા.
(૨) ૨૪૭ આવાસોનું કામ પૂર્ણ થયેલ છે.
(૩) બાકી રહેલ ૧૩૫૩ આવાસો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રીમતી ભાવનાબેન ર઼ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં ફેબ્રુઆરી અંતિત તાલુકાવાર લક્ષ્યાંકની સામે કેટલા આવાસો પૂર્ણ કર્યા અને તેના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં જે સરદાર આવાસનું આખું આયોજન છે એમાં મેં જવાબ આપ્યો છે કે, ૧૬૦૦ આવાસો મંજૂર કર્યા છે એમાંથી જે લક્ષ્યાંક છે એ ભાવનગર જિલ્લાના તાલુકાવાર લક્ષ્યાંક જોઈએ તો ભાવનગર તાલુકાના ૧૫૦ ગામ છે એમાં ૫૦ એની સિધ્ધિ મેળવી છે અને ૧૯.૬૪ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. ઘોઘામાં ૯૦ આવાસો બાંધવાનો લક્ષ્યાંક છે અને એમાં ૧૦ની સિધ્ધિ છે અને રૂપિયા ૫ લાખનો ખર્ચ છે. તળાજામાં ૧૬૫ લક્ષ્યાંક, ૫૦ની સિધ્ધિ અને ૨૮.૬૬ લાખ રૂપિયાનો ખર્ચ છે. મહૂવામાં ૧૪૭ લક્ષ્યાંક છે, ૮૦ આવાસો બાંધ્યા છે અને ૨૮ લાખ રૂપિયાનો ખર્ચ છે, ગાળિયાધારમાં ૧૩૦નો લક્ષ્યાંક, ૭૫ બાંધ્યા છે અને ૨૯.૨૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. પાલીતાણામાં ૧૮૦ સરદાર આવાસો બાંધવાનો લક્ષ્યાંક છે, અને ૧૧૦ની સિધ્ધિ મેળવી છે શિહોરમાં ૧૬૫નો લક્ષ્યાંક છે, ૫૭ બાંધ્યા છે અને ૨૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. ઉમરાળામાં ૧૧૦નો લક્ષ્યાંક છે, ૪૦ બાંધ્યા છે અને ૨૪.૭૬ લાખનો ખર્ચ છે. વલ્લભીપુરમાં ૯૮ આવાસોનો લક્ષ્યાંક છે, ૩૮ બાંધ્યા છે અને ૧૫.૩૪ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. ગઢડામાં ૧૬૫નો લક્ષ્યાંક છે અને ૫૭ બાંધ્યા છે અને ૩૪.૧૯ લાખ રૂપિયાનો ખર્ચ છે, બોટાદમાં ૨૦૦નો લક્ષ્યાંક છે ૧૩૮ સરદાર આવાસો બાંધ્યા છે અને ૫૮ લાખનો ખર્ચ થયો છે. જે ૧૬૦૦નો લક્ષ્યાંક છે એમાં ૭૦૫ આવાસો બાંધવા લીધાં છે અને ૩૧૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

**શ્રી મહેન્દ્રસિંહ ૫. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો અભિનંદનીય કામ માટે સરકારનો આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે, ભાવનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના ફેબ્રુઆરી અંતિત કેટલા આવાસો પૂર્ણ કરવાના તાલુકાવાર બાકી છે અને કયા કયા તબકકે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના ૧૧ તાલુકા છે એમાં..

**અધ્યક્ષશ્રી** : ટોટલ કેટલા બાકી છે અને એને પૂરાં કરવાનો લક્ષ્યાંક શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૮૯૫ બાકી છે. એમાં ૬૧૫ પ્લીન્થલેવલે છે અને ૨૮૦ સ્લેબલેવલે છે. ૮૯૫ આવાસો આખા જિલ્લામાં ચાલુ છે અને પ્રગતિમાં છે અને આ સ્વર્ણિમ વર્ષમાં એને પૂર્ણ કરવામાં આવશે.

**ગાંધીનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે ફેરવવા બાબત**

***૧૬૧૦૦ શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભંડારોને મોડેર ફેર પ્રાઈસ શોપમાં ફેરવવામાં આવ્યા, અને

(૩) કેટલા બાકી છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૩૫૩.

(૨) તા. ૧-૧-૦૯ પહેલા ૧૪૮
તા. ૧-૧-૦૯થી તા.૩૧-૧૨-૦૯ સુધી ૫૩
----------
કુલ : ૨૦૧

(૩) ૧૫૨.

**શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો કેટલા આવેલા છે અને કેટલા મોડલ ફેરપ્રાઈસ શોપમાં ફેરવવામાં આવ્યા છે અને આ ભંડારમાં કયા પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ થાય છે અને રાજય સરકારે આ ભંડારોને કેટલી સુવિધાઓ માટે કયા પ્રકારનું આયોજન કર્યુ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ એક વર્ષમાં ૫૩ દુકાનોને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવામાં આવી છે અને એ પહેલાં ૧૪૮ દુકાનોને મોડેર ફેર પ્રાઈસ શોપમાં ફેરવી હતી, આમ ૨૦૧ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવામાં આવ્યા છે અને એની અંદર માનનીય અધ્યક્ષશ્રી, એમની માગણી છે કે આ મોડેલ ફેર પ્રાઈસ શોપ ૧૪૮ છે, અને તા. ૧-૧-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધી જે ૫૩ દુકાનો મોડર ફેર પ્રાઈસ શોપમાં ફેરવી એમ આ ૨૦૧ દુકાનો થાય છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. પહેલી અને બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**કચ્છ જિલ્લામાં સખીમંડળોની રચના**

**૧૫૮૬૯શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા સખી મંડળોની રચના તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં થઈ, | (૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૪૧૫૬ સખી મંડળોની રચના તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં થયેલ છે તેની વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | સખી મંડળોની થયેલ રચનાની સંખ્યા | | |
|---|---|---|---|
| | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી | કુલ સંખ્યા |
| અબડાસા | ૧૪૪ | ૩૩૬ | ૪૮૦ |
| અંજાર | ૨૧૪ | ૨૪૭ | ૪૬૧ |
| ભચાઉ | ૧૩૬ | ૧૬૭ | ૩૦૩ |
| ભૂજ | ૩૬૮ | ૪૪૮ | ૮૧૬ |
| ગાંધીધામ | ૪૦ | ૭૫ | ૧૧૫ |
| લખપત | ૫૯ | ૧૨૮ | ૧૮૭ |
| માંડવી | ૧૮૧ | ૪૧૬ | ૫૯૭ |
| મુંદરા | ૮૭ | ૧૫૦ | ૨૩૭ |
| નખત્રાણા | ૨૨૭ | ૨૭૩ | ૫૦૦ |
| રાપર | ૧૫૬ | ૩૦૪ | ૪૬૦ |
| **કુલ :** | **૧૬૧૨** | **૨૫૪૪** | **૪૧૫૬** |

(૨) તેમાં કુલ કેટલી બહેનો જોડાઈ, અને

(૨) કુલ ૪૭,૯૫૪ બહેનો જોડાયેલ છે તેની વિગત નીચે મુજબ છે

| તાલુકાનું નામ | જોડાયેલ બહેનોની સંખ્યા | | |
|---|---|---|---|
| | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી | તા.૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી | કુલ સંખ્યા |
| અબડાસા | ૨૭૯૬ | ૨૧૯૪ | ૪૯૯૦ |
| અંજાર | ૨૭૩૯ | ૩૧૩૩ | ૫૮૭૨ |
| ભચાઉ | ૨૧૧૦ | ૧૦૯૪ | ૩૨૦૪ |
| ભૂજ | ૫૩૬૦ | ૩૬૦૦ | ૮૯૬૦ |
| ગાંધીધામ | ૭૬૭ | ૫૫૪ | ૧૩૨૧ |
| લખપત | ૭૮૬ | ૧૧૦૯ | ૧૮૯૫ |
| માંડવી | ૨૬૭૧ | ૫૧૭૯ | ૭૮૫૦ |
| મુંદરા | ૧૧૭૫ | ૧૬૯૫ | ૨૮૭૦ |
| નખત્રાણા | ૩૧૨૮ | ૩૧૯૪ | ૬૩૨૨ |
| રાપર | ૨૩૮૦ | ૨૨૯૦ | ૪૬૭૦ |
| **કુલ :** | **૨૩૯૧૨** | **૨૪૦૪૨** | **૪૭૯૫૪** |

(૩) કેટલી બહેનોને તાલીમ આપવામાં આવી ?

(૩) ૧૧,૬૦૮ બહેનોને તાલીમ આપવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તાલીમ આપવામાં આવેલ બહેનોની સંખ્યા | | |
|---|---|---|---|
| | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી | તા. ૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધી | કુલ સંખ્યા |
| અબડાસા | ૧૧૪ | ૧૨૦ | ૨૩૪ |
| અંજાર | ૨૧૨૮ | ૨૩૮૫ | ૪૫૧૩ |
| ભચાઉ | ૨૭૨ | ૬૦ | ૩૩૨ |
| ભૂજ | ૨૭૬ | ૧૮૦ | ૪૫૬ |
| ગાંધીધામ | ૮૦ | ૬૦ | ૧૪૦ |
| લખપત | ૧૧૮ | ૮૦ | ૧૯૮ |
| માંડવી | ૩૬૨ | ૧૬૦ | ૫૨૨ |
| મુંદરા | ૧૭૪ | ૯૫ | ૨૬૯ |
| નખત્રાણા | ૩૫૪ | ૧૨૦ | ૪૭૪ |
| રાપર | ૧૬૭૨ | ૨૭૯૮ | ૪૪૭૦ |
| **કુલ :** | **૫૫૫૦** | **૬૦૫૮** | **૧૧૬૦૮** |

------------

## વનબંધુ તથા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ સંકલિત વાડી યોજના

૧૬૧૬૭ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન છેલ્લાં એક વર્ષમાં વનબંધુ કલ્યાણ તથા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ સંકલિત વાડી પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૨) વલસાડ, તાપી, નર્મદા, દાહોદ, પંચમહાલ, વડોદરા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના ૨૨ તાલુકાના કુલ ૧,૯૦,૦૦૦ ખેડૂતો માટે રૂા. ૩૪૮ ક્રોડનો પાંચ વર્ષની મુદ્દત માટેનો પ્રોજેકટ અમલમાં મૂકેલ છે.

(૩) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આ પ્રોજેકટમાં શું શું કામગીરી કરવામાં આવી ?

(૩) પ્રોજેકટ અમલીકરણની કામગીરી માટે સંસ્થાઓની પસંદગી કરવામાં આવી છે.

ખેડૂત લાભાર્થીઓની પસંદગીની કામગીરી શરૂ કરી છે.

પ્રોજેકટ કામગીરી માટે ફિલ્ડ સુપરવાઈઝરોની તાલીમનું કામ પૂર્ણ કર્યુ છે.

ખેડૂતોને બિયારણ, ખાતર, ફળ ઝાડના રોપા અને ખેત ઓજારો આપવા માટેનું આયોજન હાથ ધર્યુ છે.

ચેકડેમ બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવી છે.

------------

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ - બેન્ડ સુવિધા આપવા બાબત**

૧૬૧૧૭**શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે, અને

(૨) જિલ્લામાં બાકી રહેલ ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં બ્રોડ બેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેક્ટીવીટીથી જોડવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કોટવાળીયા પરિવારોને વાંસ આપવા બાબત**

૧૫૫૫૩**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કોટવાળીયા પરિવારોને જીવન નિર્વાહ માટે વન પેદાશોમાંથી વાંસ આપવામાં આવેલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) વન વિભાગ તરફથી કોટવાળીયા પરિવારો માટે છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર વાંસના કેટલા જથ્થાની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કોટવાળીયા પરિવારોને પરિવાર કે વ્યક્તિ દીઠ વાર્ષિક કેટલા જથ્થામાં વાંસ ક્યા ભાવે ફાળવવાનું નક્કી કરાયું છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં, વર્ષવાર નીચે મુજબ વાંસના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવવામાં આવેલ વાંસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૨,૬૧,૬૦૫ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૨,૨૮,૩૪૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૧,૬૭,૩૩૫ |
| ૪ | ૨૦૦૯-૧૦<br>(તા. ૩૧-૧૨-૦૯ અંતિત) | ૮૫,૭૯૫ |
| | કુલ : | ૭,૪૩,૦૮૦ |

(૩) (૧) રજીસ્ટર્ડ ઓદ્યોગિક સહકારી મંડળીઓ અથવા સહકાર ધારા હેઠળની રજીસ્ટર્ડ સંસ્થાઓને વાંસની ઉપલબ્ધતાના આધારે નીચે જણાવેલ પ્રાથમિક્તાના ધોરણે કોટવાળીયા કુટુંબોને વાંસ ફાળવવામાં આવે છે.

- અ. જે જિલ્લામાં વાંસ ઉપલબ્ધ છે તે જિલ્લાની સહકારી મંડળીઓ.
- બ. જે જિલ્લામાં વાંસ ઉપલબ્ધ હોય તેના નજીકના જિલ્લાની સહકારી મંડળીઓ.
- ક. અન્ય જિલ્લાની સહકારી મંડળીઓ.

(૨) જંગલ વિસ્તારમાં રહેતા કોટવાળીયાઓને કુટુંબદીઠ દર વર્ષે મહત્તમ ૮૦૦ નંગ વાંસ, પ્રતિ ૧૦૦ નંગ વાંસના રૂા. ૧૦૦/- મુજબના દરે આપવાની જોગવાઇ છે.

(૩) જંગલ વિસ્તાર બહાર રહેતા કોટવાળીયાઓ, કે જેઓ નોંધાયેલ મંડળીના સભ્ય હોય તેમને રૂા. ૧૨૫/- પ્રતિ ૧૦૦ નંગના દરે નીચે મુજબ વાંસ આપવાની જોગવાઈ છે.

(i) જંગલ વિસ્તારથી ૨૫ કી.મી. ના અંતરે આવેલા મંડળીના સભ્યને સભ્યદીઠ ૨૦૦-નંગ.
(ii) જંગલ વિસ્તારથી ૨૫ થી ૫૦ કી.મી. ના અંતરે આવેલા મંડળીના સભ્યને સભ્યદીઠ ૧૦૦-નંગ.
(iii) જંગલ વિસ્તારથી ૫૦ કી.મી. થી વધુ અંતરે આવેલા મંડળીના સભ્યને સભ્યદીઠ ૫૦-નંગ.

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી મળતો ફાળો**

૧૪૮૫૫ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી કેટલા ટકા ફાળો મળે છે અને રાજ્ય સરકારે કેટલા ટકા ફાળો ભોગવવાનો રહે છે,

(૨) આ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી છે અને રાજ્ય સરકારે તેની સામે કેટલી રકમ ફાળવી છે, અને

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે બિન કુશળ મજૂરી ખર્ચ પેટે ૧૦૦ ટકા તથા માલસામાન અને અર્ધ કુશળ/કુશળ કારીગર માટે થતા ખર્ચના ૭૫ ટકા ખર્ચ ભોગવવાનો રહે છે.

જ્યારે રાજ્ય સરકારે માલ-સામાન અને અર્ધકુશળ/ કુશળ કારીગર માટે થતા ખર્ચના ૨૫ ટકા ખર્ચ ભોગવવાનો રહે છે.

(૨) આ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે રૂા. ૭૧૫૨૫.૫૭ લાખ અને રાજ્ય સરકારે તેની સામે રૂા. ૮૨૪૬.૩૬ લાખ રકમ ફાળવેલ છે.

(૩) રૂા. ૮૦૫૮૬.૯૮ લાખનો ખર્ચ તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કરવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર તલાટી મંત્રી આવાસ મંજૂર કરવા બાબત**

૧૫૧૧૪ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા ગામોમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી આવાસ ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી આવાસનાં કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) તે માટે કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | છેલ્લાં બે વર્ષમાં પંચાયત ઘર કમ તલાટી-કમ મંત્રી આવાસ મંજૂર કરવામાં આવ્યા. |
|---|---|---|
| ૧ | મોરબી | ૬ |
| ૨ | વાંકાનેર | ૧૧ |
| ૩ | જસદણ | ૧૮ |
| ૪ | રાજકોટ | ૭ |
| ૫ | કોટડા-સાંગાણી | ૮ |
| ૬ | લોધીકા | ૭ |
| ૭ | ગોંડલ | ૭ |
| ૮ | જેતપુર | ૮ |
| ૯ | જામકંડોરણા | ૨ |
| ૧૦ | ઉપલેટા | ૫ |
| ૧૧ | ધોરાજી | ૫ |
| ૧૨ | પડધરી | ૩ |
| ૧૩ | માળીયા મીયાણા | ૧ |
| ૧૪ | કુલ | ૮૮ |

(૨) અને (૩) પ્રગતિ હેઠળના કામોમાં રૂા. ૮,૮૬,૭૭૯/-ની ગ્રાન્ટ વાપરવામાં આવેલ છે.

------------

**અમરેલી જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૬૧૧૩ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલા સરદાર આવાસ મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં ૧૦૨૩ સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસ પૂર્ણ થયેલ છે, અને | (૨) ૨૨૧ આવાસો પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત ૧૨૫ સ્પીલ ઓવરના આવાસો પૂર્ણ કરેલ છે. |
| (૩) બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેલ આવાસો સત્વરે પૂર્ણ કરવા આયોજન કરેલ છે. |

------------

**સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ અમલમાં મૂકવા બાબત**

૧૬૧૨૭**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ કેટલા જિલ્લાઓમાં અમલમાં મૂકાયેલ છે, | (૧) નવ જિલ્લાઓના ૨૦ તાલુકાઓમાં. |
| (૨) આ પ્રોજેક્ટના અમલથી જે તે જિલ્લાની દૂધની આવકમાં કેટલો વધારો થયો, અને | (૨) જિલ્લા ડેરીઓ પાસેથી મળેલ માહિતી મુજબ બનાસકાંઠાના બે તાલુકામાં ૨૪ ટકા, પંચમહાલ જિલ્લાના બે તાલુકામાં ૩૫ ટકા, વલસાડ, નવસારી અને ડાંગમાં ૮ ટકા, વડોદરા જિલ્લાના પ્રોજેકટના તાલુકામાં ૮ ટકા તથા ખેડબ્રહ્મા તાલુકામાં ૨ ટકા જેટલો વધારો થયો, |
| (૩) પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાયેલ લાભાર્થીની માસિક આવકમાં કેટલો વધારો થયો ? | (૩) લાભાર્થી આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીની માસિક આવક કમાતા થયા. |

**સુરત જિલ્લામાં વન સમિતિઓ**

૧૬૪૮૪**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી વન સમિતિઓ બનાવવામાં આવી છે, અને | (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ-૧૪૮ વન સમિતિઓ બનાવવામાં આવી છે. |
| (૨) આ સમિતિઓને શા શા લાભ મળવાપાત્ર છે ? | (૨) વન સમિતિને નીચે મુજબના લાભો મળવાપાત્ર છે.<br>**<u>પાંખા થયેલા વનોથી મળવાપાત્ર લાભો :-</u>**<br>૧. આખરી કપાણની ચોખ્ખી આવકના ૫૦ ટકા રકમ મળવાપાત્ર છે.<br>૨. થીનીંગ અને ક્લીનીંગથી નીકળતુ ૧૦૦ ટકા બળતણ અને ૫૦ ટકા વળીઓ કાપણી ખર્ચ વસુલ કરી આપવાપાત્ર થાય છે.<br>૩. કટબેકની કામગીરી દરમ્યાન નીકળતુ બળતણ જે સભ્યો કામ કરે તેને સરખે હિસ્સે અને ઈમારતી માલ શીડ્યુલ દરની અડધી કિંમતે જરૂરીયાત મુજબ મળવાપાત્ર થાય છે.<br>૪. સુકી તેમજ પડી ગયેલી ડાળીઓ લઈ જઈ શકાશે.<br>૫. વિના મૂલ્યે ઘાસ લઈ જઈ શકશે. |

૬. તમામ ગોણ વન પેદાશ વિના મુલ્યે મળવાપાત્ર થાય છે.

**ગીચ વનોથી મળવાપાત્ર લાભો**

૧. જો આખરી કપાણ સહભાગી વન વ્યવસ્થા સમિતિ તરફથી કરવામાં આવે તો કુલ ચોખ્ખી આવકના ૨૦ ટકા રકમ અને જો આખરી કપાણ જંગલ કામદાર સહકારી મંડળી તરફથી કરવામાં આવે તો કુલ ચોખ્ખી આવકના ૧૬ ટકા રકમ સહભાગી વન વ્યવસ્થા સમિતિને મળવાપાત્ર થાય છે.

૨. સુક્ષ્મ આયોજનના અમલથી ઉત્પન્ન થયેલ ૨૦ ટકા વળી અને ૨૦ ટકા વાંસ મળવાપાત્ર થાય.

૩. તમામ ગોણ વન પેદાશ વિના મુલ્યે મળવાપાત્ર થાય છે.

**અનામત વીડી**

૧. ઘાસના કુલ ઉત્પાદનના ૨૦ ટકા ઘાસ વાઢીને લઈ જઈ શકશે.

### અમદાવાદ શહેરમાં બી.પી.એલ. રેશનકાર્ડ આપવા બાબત

૧૬૧૪૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલા પરિવારોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવેલા છે, અને | (૧) ૮૧૦૪૭ કાર્ડ |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી નવી અરજીઓ બી.પી.એલ. રેશનકાર્ડ માટેની આવેલ, તે અન્વયે કેટલી મંજૂર કરી અને અને કેટલી નામંજૂર કરી ? | (૨) નવી અરજીઓ- ૧૬૮૯<br>મંજૂર અરજીઓ-૧૧૫૯<br>નામંજૂર અરજીઓ-૦૩૮૧<br>ચકાસણી હેઠળ- ૧૪૯ |

### ખેડા જિલ્લામાં તલાટી-કમ મંત્રીની ભરતી કરવા બાબત

૧૫૦૯૩ **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી કમ મંત્રીની ભરતી કરવામાં આવી, અને | (૧) તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ ઉપર પંચાયત સહાયકની નીચે મુજબ ભરતી કરવામાં આવી. |

| તાલુકાનું નામ | ભરતી કરેલ સંખ્યા |
|---|---|
| મહેમદાવાદ | ૧ |
| વીરપુર | ૩ |
| માતર | ૨ |
| બાલાસિનોર | ૬ |
| ઠાસરા | ૩ |
| કપડવંજ | ૭ |
| કઠલાલ | ૧ |
| **કુલ** | **૨૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) હજુ કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૨) ૧૩૧ |

### મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત

૧૬૧૧૫ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ(વિસનગર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવી છે, અને | (૧) મહેસાણા જિલ્લાની તમામ ૫૮૯ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ-કનેકટીવીટીથી સેન્ટર મારફતે વીજળીના બીલો | (૨) તે પૈકી ૩૫૫ ઈ-ગ્રામ પંચાયતોમાં વીજળીના બીલો સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે. |

સ્વીકારાય છે ?

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં આપેલ જોબકાર્ડ**

૧૫૫૭૨**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા જોબકાર્ડ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ આપવામાં આવ્યા,

(૨) તેના અનુસંધાને તાલુકાવાર ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કેટલા માનવદીન રોજગારી આપવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલો તાલુકાવાર ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ૧૪૩૯૫૨ જોબકાર્ડ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ આપવામાં આવેલ છે તેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપવામાં આવેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨૪૩૮૬ |
| ઉમરેઠ | ૧૪૪૯૪ |
| બોરસદ | ૩૫૯૩૬ |
| આંકલાવ | ૧૬૫૦૦ |
| પેટલાદ | ૨૧૭૭૮ |
| સોજિત્રા | ૮૮૩૬ |
| ખંભાત | ૧૫૯૯૪ |
| તારાપુર | ૬૦૨૮ |
| **કુલ** | **૧૪૩૯૫૨** |

(૨) તેના અનુસંધાને તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ૩.૭૯ લાખ માનવદિન રોજગારી આપવામાં આવી જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | માનવદિન રોજગારી (લાખમાં) |
|---|---|
| આણંદ | ૦.૪૯ |
| ઉમરેઠ | ૦.૩૭ |
| બોરસદ | ૦.૫૫ |
| આંકલાવ | ૦.૧૯ |
| પેટલાદ | ૦.૧૯ |
| સોજિત્રા | ૦.૪૭ |
| ખંભાત | ૧.૨૨ |
| તારાપુર | ૦.૩૧ |
| **કુલ** | **૩.૭૯** |

(૩) તે અન્વયે રૂા. ૩૪૦.૫૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખર્ચ રૂા. (લાખમાં) |
|---|---|
| આણંદ | ૫૨.૦૬ |
| ઉમરેઠ | ૩૭.૧૨ |
| બોરસદ | ૫૯.૧૧ |
| આંકલાવ | ૨૩.૨૭ |
| પેટલાદ | ૧૯.૭૩ |
| સોજિત્રા | ૪૭.૮૬ |
| ખંભાત | ૭૫.૪૮ |
| તારાપુર | ૨૫.૮૮ |
| **કુલ** | **૩૪૦.૫૧** |

**ગ્રાહક તકરાર નિવારણ કમિશનનું નવું બિલ્ડીંગ બનાવવા બાબત**

૧૬૧૭૦**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર ગ્રાહક તકરાર નિવારણ કમિશનનું નવું બિલ્ડીંગ બનાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં બનાવવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી. મકાનનું ભોતિક બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) મકાનમાં કંપાઉન્ડ વોલ, આંતરિક રસ્તા, [illegible]

વિજળીકરણ, ફર્નિચરની સંલગ્ન કામગીરી ચાલુ છે, જે વર્ષ ૨૦૧૦ના અંત સુધીમાં પૂર્ણ થવા સંભાવના છે.

**કોડીનાર તાલુકામાં ખાંડ અને ઘઉંનો જથ્થો ફાળવવા બાબત**

૧૫૫૫૦ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જાહેર વિતરણ માટે ખાંડ અને ઘઉંનો જથ્થો ફાળવવામાં આવેલ છે, અને

(૧)

| ક્રમ | માસનું નામ | ફાળવેલ જથ્થો ક્વિન્ટલમાં | |
|---|---|---|---|
| | | ખાંડ | ઘઉં |
| ૧ | જાન્યુ.૦૯ | ૩૧૧ | ૨૦૪૮ |
| ૨ | ફેબ્રુ. ૦૯ | ૨૩૩ | ૨૦૪૮ |
| ૩ | માર્ચ.૦૯ | ૩૩૧ | ૨૧૨૭ |
| ૪ | એપ્રિલ.૦૯ | ૨૨૩ | ૩૪૮૬ |
| ૫ | મે.૦૯ | ૨૧૩ | ૩૪૮૬ |
| ૬ | જુન.૦૯ | ૨૨૩ | ૩૪૮૬ |
| ૭ | જુલાઈ.૦૯ | ૨૨૨ | ૩૫૦૬ |
| ૮ | ઓગષ્ટ.૦૯ | ૨૭૩ | ૩૫૦૬ |
| ૯ | સપ્ટે.૦૯ | ૧૯૫ | ૩૫૦૬ |
| ૧૦ | ઓક્ટો.૦૯ | ૫૪૬ | ૩૫૦૬ |
| ૧૧ | નવે.૦૯ | ૩૧૪ | ૩૫૦૬ |
| ૧૨ | ડીસે.૦૯ | ૨૨૨ | ૩૫૦૬ |
| | કુલ | **૩૩૦૬** | **૩૭૭૧૭** |

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ ખાંડ અને ઘઉંનો જથ્થો રેશનકાર્ડ ધારકોને ફાળવવાના બદલે ખુલ્લા બજારમાં વેચી નાંખેલ છે તેવી કેટલી ફરિયાદો થયેલ છે ?

(૨) ૨ (બે)

------------

**મેઘરજ તાલુકામાં આદિજાતિના લોકોની આવાસ માટેની અરજીઓ**

૧૬૪૮૧ **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મેઘરજ તાલુકામાંથી આદિજાતિનાં અરજદારો દ્વારા આવાસો અંગેની કેટલી અરજીઓ આવી,

(૧) ૪૭

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી આવાસોના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) ૨૦ અરજીઓ મંજૂર કરી ૦૪ આવાસોના કામ પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) બાકી રહેલ આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ૧૬ આવાસોની કામગીરી પ્રગતિમાં છે.

------------

**ગરીબ કલ્યાણ મેળામાં ગ્રામ વિકાસ કમિશનર ધ્વારા ફાળવેલ રકમ**

૧૬૦૬૬**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તાજેતરમાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં જરૂરી ખર્ચ પેટે ગ્રામ વિકાસ કમિશનર ધ્વારા જિલ્લાવાર કેટલી રકમ છેલ્લા ત્રણ માસમાં તા. ૧૦-૨-૨૦૧૦ની સ્થિતિએ ફાળવી, અને

(૧) રાજ્યમાં તાજેતરમાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં જરૂરી ખર્ચ પેટે ગ્રામ વિકાસ કમિશનર ધ્વારા જિલ્લાવાર છેલ્લા ત્રણ માસમાં તા. ૧૦-૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ રકમ ફાળવેલ નથી.

(૨) સને ૨૦૦૯-૧૦ના બજેટમાં આ રકમ ક્યા હેડે કેટલી ફાળવવામાં આવી હતી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગાંધીનગર જિલ્લાના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપમાં ફેરવવા બાબત** ૧૬૧૭૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો છે,

(૧) ૩૫૩

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપમાં ફેરવવામાં આવ્યા છે, અને | (૨) તા. ૧-૧-૦૯ પહેલાં - ૧૪૮<br>તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી - ૫૩<br>કુલ :- ૨૦૧ |
| (૩) કેટલા બાકી છે ? | (૩) ૧૫૨ |

------------

**લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં ઈન્દિરા આવાસના કામ**

૧૫૮૧૦ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકામાં તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ કેન્દ્રીય છેલ્લાં બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસના કામો પૂર્ણ કરી લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને | (૧) દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકામાં ૧૭૬૦, ધાનપુર તાલુકામાં ૧૪૩૦ અને ગરબાડા તાલુકામાં ૯૭૩ આવાસો તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઈન્દિરા આવાસના કામો પૂર્ણ કરી લાભાર્થીઓને આપવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેલા લાભાર્થીઓને કેટલા સમયમાં તે આવાસો ફાળવવાનું આયોજન છે ? | (૨) બાકી રહેલા લાભાર્થીઓને વર્ષ ૨૦૧૦-૧૧માં આવાસો ફાળવવાનું આયોજન છે. |

------------

**તહેવારોમાં સસ્તા દરે આપવા માટેનો આર. બી. ડી. પામોલીન તેલનો બફર સ્ટોક**

૧૬૦૯૪ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં વર્ષ ૨૦૦૯-૧૦માં રાજ્યમાં ગરીબ કુટુંબોને તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ મળે તે માટે આર. બી. ડી. પામોલીન તેલના કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો, અને | (૧) ૬,૦૦૦ મે. ટન |
| (૨) તે પૈકી કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ? | (૨) તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ૫૯૮૭ મે.ટન જથ્થાનું વિતરણ કરેલ છે. |

------------

**દાહોદ જિલ્લામાં ફરજ બજાવતા ગ્રામમિત્રો**

૧૫૩૬૮**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા ગ્રામમિત્રો ફરજ બજાવે છે, અને | (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોઈ ગ્રામમિત્રોની નિમણૂક કરવામાં આવી નથી. |
| (૨) આ ગ્રામ મિત્રોને નિયમિત પગાર મળે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત**

૧૬૧૧૨**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા સરદાર આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લામાં ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૧૨૯૯ સરદાર આવાસ મંજૂર કરવામાં આવ્યા છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસોનું કામ પૂર્ણ થયું, અને | (૨) ૨૪૭ આવાસોનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેલ આવાસો બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

**પંચમહાલ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૬૧૦૩**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) પંચમહાલ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૯૬૦૪ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૧૮૪૩૯ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે. |

**અમદાવાદ અને કચ્છ જિલ્લામાં ગ્રામમિત્રોને છૂટા કરવા બાબત**

૧૫૧૦૨**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ અને કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલા ગ્રામમિત્રોને તાલુકાવાર છૂટા કરવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ અમદાવાદ અને કચ્છ જિલ્લામાં ગ્રામમિત્રોની નિમણૂક કરવામાં આવી નથી. |
| (૨) તેનાં કારણો શાં છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જ્ગ્યાઓ ઉપર પુનઃગ્રામમિત્રોને લેવામાં આવશે કે કેમ ? | |

**પાટણ જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૧૬૧૨૯**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) ૧૫ (પંદર) |
| (૨) મોડેલ ફેર પ્રાઈસ શોપ થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થયો છે કે કેમ ? | (૨) હા, જી. |

**મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવા બાબત**

૧૬૧૮૦ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ-બેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવી છે, અને | (૧) મહેસાણા જિલ્લાની તમામ ૫૮૯ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ-ક્નેકટીવીટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો ઈ-ક્નેકટીવીટી સેન્ટર મારફતે વીજળીના બીલો સ્વીકારે છે ? | (૨) તે પૈકી ૩૫૫ ઈ-ગ્રામ પંચાયતોમાં વીજળીના બીલો સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે. |

------------

**જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૫૧૧૩**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સન-૨૦૦૯ના વર્ષમાં કેટલા બોગસ અને ભૂતિયા કાર્ડ રદ કરવામાં આવ્યા, | (૧) અને (૨) જામનગર જિલ્લામાં સન-૨૦૦૯ના વર્ષમાં ૨૪૧૦ બોગસ અને ભૂતિયા |

(૨) આ ભૂતિયા અને બોગસ રેશન કાર્ડ અરજદારની ભૌતિક ચકાસણી થયા વિના ઈસ્યુ થયા છે તે હકીકત સાચી છે, અને

રેશન કાર્ડ રદ કરવામાં આવ્યા જે તે વખતે કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા ત્યારે ભૌતિક ચકાસણી કરેલ હતી.

(૩) જો હા, તો આવી ગુન્હાહીત પ્રવૃત્તિ કરનારા જવાબદાર અધિકારીઓ સામે શાં ગંભીર પગલાં લેવામાં આવ્યાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના

**૧૬૧૧૧ શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલી પંચવટી યોજના હેઠળ કેટલી ગ્રામવાટીકા મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામવાટીકા પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂરકરેલ ગ્રામવાટીકાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૪૪ |
| ૨૦૦૯-૧૦ | ૫૦ |
| કુલ | ૯૪ |

(૨) ૪૩ (તેતાલીસ)

------------

## વલસાડ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં વણવપરાયેલ રકમ

**૧૪૭૫૨શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ વલસાડ જિલ્લામાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૨) આ વણવપરાયેલી રકમ રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારીત હોઈ રોજગારીની માંગણી મુજબ રોજગારી પૂરી પાડવામાં આવે છે. તેથી વણવપરાયેલી રકમ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને આદિવાસીઓના દાખલા આપવા બાબત

**૧૫૦૭૯ શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિના લોકોને તાલુકાવાર જાતિ અંગેના કેટલા દાખલાઓ આપવામાં આવ્યા ?

**જવાબ**

| ક્રમ | તાલુકાનું નામ | જાતિ પ્રમાણપત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૫૪૦ |
| ૨ | વંથલી | ૨૯૨ |
| ૩ | માણાવદર | ૪૪૦ |
| ૪ | વિસાવદર | ૭૫૧ |
| ૫ | કેશોદ | ૪૫૬ |
| ૬ | માંગરોળ | ૬૮૫ |
| ૭ | માળીયા | ૨૧૬ |
| ૮ | મેંદરડા | ૦૫૨ |
| ૯ | વેરાવળ | ૦૩૯ |
| ૧૦ | તાલાલા | ૪૮૩ |
| ૧૧ | કોડીનાર | ૨૧૭ |
| ૧૨ | ઉના | ૧૩૪ |
| | કુલ | ૪૩૦૫ |

------------

## અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

**૧૫૧૧૦શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અલગ ગ્રામપંચાયતનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોનું ક્યારે વિભાજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ)

(૨) એકપણ નહિ.

(૩) સરકારશ્રીમાં દરખાસ્ત મળેથી વિચારણામાં લેવામાં આવશે.

## સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

૧૬૦૯૯ **શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ૧લી જાન્યુઆરી-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં કુલ કેટલા કેસો દાખલ થયા, અને

(૩) તે પેકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| સુરત મુખ્ય ફોરમ | સુરત એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|
| ૧૫૬૪ | ૮૬૯ | ૨૪૩૩ |

(૨)

| સુરત મુખ્ય ફોરમ | સુરત એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|
| ૮૪૮ | ૪૪૭ | ૧૨૯૫ |

(૩)

| સુરત મુખ્ય ફોરમ | સુરત એડીશનલ ફોરમ | કુલ |
|---|---|---|
| ૪૯ | ૫૫ | ૧૦૪ |

------------

## સુરત અને તાપી જિલ્લામાં દિપડાએ કરેલ હુમલાઓ

૧૬૪૧૯**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓના ક્યા ક્યા ગામડાઓમાં દીપડાએ હુમલો કર્યો,

(૨) તેમાં કેટલા વ્યક્તિઓ ગાય, ભેંસ અને બકરાંઓનાં મૃત્યુ નોંધાયા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓના નીચે જણાવેલ ગામડાઓમાં દિપડાએ હુમલા કર્યા.

| અનુ. નં. | વર્ષ | જિલ્લાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૮ | સુરત | લસણપોર |
| | ૨૦૦૮ | તાપી | (૧) મુનકીયા |
| | | | (૨) સાદડવેલ |
| | | | (૩) લીંબી |
| | | | (૪) જૂની કુઈલીવેલ |
| | | | (૫) મેઢા |
| | | | (૬) હિંદલા |
| | | | (૭) લીમડદા |
| | | | (૮) ચીમેર |
| | | | (૯) ગવલણ |
| | | | (૧૦) વાલોઢા |
| | | | (૧૧) ધુસરગામ |
| | | | (૧૨) શ્રાવણીયા |
| | | | (૧૩) નાના બંધારપાડા |
| | | | (૧૪) રીંગણકચ્છ |
| ૨ | ૨૦૦૯ | સુરત | (૧) મહુડી |
| | | | (૨) બુટવાડા |
| | | | (૩) વેલણપુર |
| | | | (૪) વાઘેશ્વર |
| | | | (૫) નીહાલી |
| | | | (૬) કાંક્રીયા |
| | | તાપી | (૧) હિંદલા |
| | | | (૨) લીંબી |
| | | | (૩) સરાપાણી |
| | | | (૪) ભરાડી |
| | | | (૫) જુની જામલી |
| | | | (૬) મુનકીયા |
| | | | (૭) કરંજવેલ |
| | | | (૮) ઝાંખરી |
| | | | (૯) ખુરદી |
| | | | (૧૦) શેરૂલા |
| | | | (૧૧) ધરમપુરા |
| | | | (૧૨) હરીપુરા |
| | | | (૧૩) ગોડધા |

(૨) સુરત અને તાપી જિલ્લાઓમાં નીચેની વિગતે વ્યક્તિઓ, ગાય, ભેંસ અને બકરાઓના મૃત્યુ નોંધાયા છે.

| અનુ. નં. | વર્ષ | જિલ્લાનું નામ | વ્યક્તિ | ગાય | ભેંસ | બકરા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૮ | સુરત | ૦ | ૧ | ૦ | ૦ |
| | | તાપી | ૦ | ૫ | ૨ | ૧ |
| | કુલ | | ૦ | ૬ | ૨ | ૧ |
| ૨ | ૨૦૦૯ | તાપી | ૨ | ૪ | ૦ | ૧ |
| | | સુરત | ૦ | ૮ | ૦ | ૨ |
| | કુલ | | ૨ | ૧૨ | ૦ | ૩ |

(૩) હિંસક દીપડાને પકડવા માટે સરકારે શું આયોજન કર્યું ?

(૩) હિંસક દિપડાને પકડવા માટે પીંજરા બનાવવામાં આવેલ છે, અને જ્યારે પણ દિપડાના હુમલાની ફરીયાદ મળે ત્યારે સ્ટાફ દ્વારા તાત્કાલિક પીંજરા સાથે ઘટના સ્થળે પહોંચી હિંસક દિપડાને પકડવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

------------

## અમદાવાદમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં નિમંત્રણ કાર્ડનો ભાવ

૧૫૮૫૦**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાજેતરમાં અમદાવાદ અને અમદાવાદ જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ક્લેકટર અમદાવાદ તરફથી કેટલા નિમંત્રણ કાર્ડ શા ભાવે છાપવામાં આવ્યા,

(૧) ક્લેકટર અમદાવાદ તરફથી ૨૫૦૦ નિમંત્રણ કાર્ડ રૂા. ૧૮/-ના ભાવે અને મ્યુનિસિપલ કમિશ્નર અમદાવાદ તરફથી ૨૦૦૦ નિમંત્રણ કાર્ડ રૂા. ૧૪/- ના ભાવે છપાવવામાં આવ્યા હતા.

(૨) ક્યા ક્યા ધારાસભ્યોને તે અન્વયે નિમંત્રણ પાઠવવામાં આવ્યા, અને

(૨) અમદાવાદ જિલ્લામાં યોજાયેલ બે ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના તમામ માન. ધારા સભ્યશ્રીઓને અને અમદાવાદ શહેરમાં યોજાયેલ બે ગરીબ કલ્યાણ મેળામાં અમદાવાદ શહેરના તમામ માન.ધારા સભ્યશ્રીઓને નિમંત્રણ પાઠવવામાં આવેલ.

(૩) ઉક્ત મેળામાં માઈક-લાઈટ મંડપ ખર્ચ પેટે કેટલો ખર્ચ ક્યા હેડે કરવામાં આવ્યો ?

(૩) મંડપ, સ્ટેજ, લાઈટ અને ધ્વનિ માટે નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ.

| ક્ચેરી | ગ્રાન્ટ રૂા. | બજેટ સદર |
|---|---|---|
| ક્લેકટર | ૨૪.૦૦ લાખ | ૨૫૧૫-અન્ય ગ્રામિણ વિકાસ |
| | ૧૦.૦૦ લાખ | આઈએનડી ૨૩-ઈન્ડેક્ષટ સીને સહાય |
| મ્યુ.કમિ.શ્રી | ૩૪.૦૦ લાખ | ૨૫૧૫-અન્ય ગ્રામિણ વિકાસ |

## ભાવનગર જિલ્લામાં પાક રક્ષણ માટે તારની વાડ બનાવવા માટેની અરજીઓ

૧૪૮૬૦**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાંથી પાક રક્ષણ માટે ખેડૂતો દ્વારા તારની વાડ બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૧) ભાવનગર જિલ્લામાં પાક રક્ષણ માટે ખેડૂતો દ્વારા તારની વાડ બનાવવા માટે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે તાલુકાવાર અરજીઓ આવી છે.

| અ.નં. | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૮ | ૨૦૦૯ |
| ૧ | ભાવનગર | ૯ | ૬ |
| ૨ | ઘોઘા | ૯ | ૮ |
| ૩ | શિહોર | ૫ | ૪ |
| ૪ | ઉમરાળા | ૨ | ૦ |
| ૫ | પાલીતાણા | ૩ | ૨ |
| ૬ | ગારીયાધાર | ૦ | ૪ |
| ૭ | વલ્ભીપુરા | ૦ | ૧૫ |
| ૮ | બોટાદ | ૦ | ૨ |
| ૯ | ગઢડા | ૦ | ૩ |
| ૧૦ | તળાજા | ૮ | ૩૨ |
| ૧૧ | મહુવા | ૨ | ૯ |
| | કુલ | ૩૮ | ૮૫ |

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલી અરજી મંજુર કરવામાં આવી, અને

(૨) આવેલ અરજીઓ પૈકી કુલ ૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે.

(૩) કેટલી અરજી નામંજૂર કરવામાં આવેલ ?

(૩) આવેલ અરજીઓ પૈકી કોઈ અરજી નામંજુર કરવામાં આવેલ નથી.

------------

**વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાંત્રિક શિક્ષણ માટે નવી સંસ્થાઓને મંજૂરી આપવા બાબત**

૧૬૧૬૯ડો. **ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના તાંત્રિક શિક્ષણ માટે કેટલી નવી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી, અને

(૨) આ સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા ?

**જવાબ**

(૧) ૧૪ નવી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી.

(૨) ૧૬૧ વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા.

------------

**ગીરના જંગલમાં સિંહોની વસ્તી**

૧૫૩૦૧**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના ગીર જંગલમાં કુલ કેટલા સિંહોની વસ્તી છે,

(૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલા સિંહોના ક્યા કારણોસર મૃત્યુ થયાં, અને

(૩) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ કેટલા સિંહ બાળનો જન્મ થયો છે?

**જવાબ**

(૧) સને ૨૦૦૫ની છેલ્લા વસ્તી ગણતરી મુજબ રાજ્યના ગીર જંગલમાં સિંહોની વસ્તી ૨૯૧નો અંદાજ છે.

(૨) છેલ્લાં ત્રણ વર્ષમાં નીચે મુજબ જુદા જુદા કારણોસર સિંહોના મૃત્યુ થયેલ છે.

| સમય | કુદરતી | અકુદરતી | | |
|---|---|---|---|---|
| | | કુવામાં પડવાથી | શિકારથી | કુલ |
| ૧-૧-૦૭થી ૩૧-૧૨-૦૭ | ૩૩ | ૧ | ૬ | ૪૦ |
| ૧-૧-૦૮થી ૩૧-૧૨-૦૮ | ૪૨ | ૦ | ૦ | ૪૨ |
| ૧-૧-૦૯થી ૩૧-૧૨-૦૯ | ૨૯ | ૦ | ૧ | ૩૦ |
| ૧-૧-૧૦થી | ૪ | ૦ | ૦ | ૪ |

(૩) સને ૨૦૦૫ની વસ્તી ગણતરી મુજબ ગીર જંગલમાં ૧૨૩ બચ્ચાનો અંદાજ હતો. દર વર્ષે સિંહ બચ્ચાનો અંદાજ કરવામાં આવતો નથી.

------------

**વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો પર દરોડા પાડવા**

૧૫૧૧૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સસ્તા અનાજની દુકાનો પર કેટલા દરોડાઓ પાડી કેટલી ગેરરીતીઓ પકડી, અને

(૨) આવી ગેરરીતી આચરનારાઓ સામે ક્યા પ્રકારના પગલાંઓ લીધાં ?

**જવાબ**

(૧) ૫૭૫ દરોડા પાડી,
૨૫૨ ગેરરીતિઓ પકડી.

(૨) આવી ગેરરીતિ આચરનારાઓ સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. રૂા. ૧૪,૪૫,૪૭૦/- ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લેવામાં આવ્યો.
૨. રૂા. ૪,૮૬,૧૭૩/- ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
૩. રૂા. ૩,૮૯,૩૫૦/- ની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.
૪. રૂા. ૧,૦૫,૨૨૫/- ની રકમનો દંડ કરવામાં આવ્યો.
૫. ૮ પરવાના રદ કરવામાં આવ્યા.

૬. ૪૩ પરવાના મોકુફ કરવામાં આવ્યા.

૭. ૨ કોર્ટ કેસ કરવામાં આવ્યા.

------------

## મહેસાણા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નવું મકાન

૧૬૧૭૧ **શ્રી ભરતસિંહજી શં.ડાભી(ખેરાલુ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સરકાર ગ્રાહકોની ફરિયાદોનાં નિકાલ માટે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નવું મકાન બનાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં બનાવવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી. મકાનનું ભોતિક બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૨) મકાનનાં કંપાઉન્ડ વોલ, આંતરિક રસ્તા, વિજળીકરણ, ફર્નિચરને લગતી અન્ય સંલગ્ન કામગીરી ચાલુ છે, જે વર્ષ ૨૦૧૦ના અંત સુધીમાં પૂર્ણ થવા સંભાવના છે.

------------

## આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા

૧૬૪૭૮**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી,

(૨) સદર બી.પી.એલ. યાદી ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી સદર યાદીમાં ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯માં કેટલા નામ ઉમેરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ ગુણાંક ધરાવતાં કુટુંબોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૨૧૪૪ |
| ઉમરેઠ | ૭૭૫૦ |
| બોરસદ | ૧૯૬૭૧ |
| આંકલાવ | ૧૦૧૦૦ |
| પેટલાદ | ૧૧૩૦૧ |
| સોજીત્રા | ૩૬૪૨ |
| ખંભાત | ૯૦૧૪ |
| તારાપુર | ૪૪૭૮ |
| કુલ.. | ૭૮૧૦૦ |

(૨) સદર બી.પી.એલ. યાદી તા. ૨૩-૬-૨૦૦૬ના રોજથી અમલી બનાવવામાં આવેલ છે.

(૩) સદર યાદીમાં ૨૦૦૭-૦૮માં ૧૨૮૦૨ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૫૫ કુટુંબો ૦ થી ૧૬ ગુણાંક ધરાવતી યાદીમાં ઉમેરવામાં આવેલ છે.

------------

## નવસારી જિલ્લામાં ચેરનું વાવેતર કરવા બાબત

૧૬૦૮૮**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ૩૦૫.૦૦ હેકટરમાં

(૨) આ વાવેતર પાછળ છેલ્લા બે વર્ષમાં રૂા. ૭.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાંત્રિક શિક્ષણ માટે નવી સંસ્થાઓને મંજૂરી આપવા બાબત**

૧૬૧૨૪**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં અનસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના તાંત્રિક શિક્ષણ માટે કેટલી નવી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૪ નવી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી. |
| (૨) આ સંસ્થાઓમાં અનસૂચિત જનજાતિનાં કેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા? | (૨) ૧૬૧ વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા. |

------------

**વડોદરા જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવાની અરજીઓ**

૧૬૧૦૨**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર ખોલવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૨૫ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો માટે ૧૨૬ (એકસો છવ્વીસ) અરજીઓ આવી. |
| (૨) તે પેકી કેટલા અરજદારોને ઉક્ત દુકાનના ભંડાર મંજૂર કરેલ છે ? | (૨) ૧. ૧૩ ગ્રાહક ભંડાર માટે ફાળવણી હુકમ કરેલ છે અને તે પેકી ૨ પરવાના ઇસ્યુ કરેલ છે.<br>૨. ૩ ભંડાર માટે જરૂરી ચકાસણી ચાલુ છે.<br>૩. ૯ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર માટે યોગ્ય ઉમેદવાર/સંસ્થા ન મળવાને કારણે પુનઃ જાહેરનામા બહાર પાડવાનું નક્કી થયેલ છે. |

------------

**વલસાડ જિલ્લામાં પંચાયત ઘર મંજૂર કરવા બાબત**

૧૬૧૧૪**શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૧ (એકવીસ). |
| (૨) તે પેકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા પંચાયતઘરો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૮ (આઠ). |
| (૩) બાકી રહેલ પંચાયત ઘરોને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) વહેલી તકે. |

**બનાસકાંઠા જિલ્લામાં રોપાઓનું વાવેતર**

૧૫૧૦૬**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર વનીકરણ માટે કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ તથા સને ૨૦૦૯-૧૦માં તાલુકાવાર કુલ નીચે મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |

| **તાલુકાનું નામ** | **વાવેલ રોપાની સંખ્યા** | |
|---|---|---|
| | | (લાખમાં) |
| દાંતા | ૬૦.૫૩ | |
| પાલનપુર | | ૧૩.૯૦ |
| અમીરગઢ | | ૧૮.૮૪ |
| દાંતીવાડા | | ૬.૬૦ |
| વાવ | ૪.૭૪ | |
| વડગામ | | ૨.૮૧ |
| ડીસા | ૨.૦૩ | |
| ધાનેરા | | ૧.૭૩ |
| કાંકરેજ | | ૧.૩૮ |

| | |
|---|---|
| દિયોર | ૧.૫૯ |
| ભાભર | ૧.૩૮ |
| થરા | ૧.૫૮ |
| કુલ : | ૧૧૭.૧૧ |

(૨) આ રોપાઓ પૈકી કેટલા રોપાઓ જીવંત છે, અને

(૨) આ રોપાઓ પૈકી ૯૫.૮૨ લાખ રોપાઓ જીવંત છે.

(૩) તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

(૩) તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|
| દાંતા | ૧૧૦૮.૦૪ |
| પાલનપુર | ૩૦૪.૧૬ |
| અમીરગઢ | ૩૮૨.૦૦ |
| દાંતીવાડા | ૧૫૦.૯૭ |
| વાવ | ૧૨૮.૧૦ |
| વડગામ | ૬૯.૫૩ |
| ડીસા | ૪૨.૪૬ |
| ધાનેરા | ૩૩.૮૧ |
| કાંકરેજ | ૨૩.૧૫ |
| દિયોર | ૩૫.૦૩ |
| ભાભર | ૨૪.૦૦ |
| થરા | ૨૪.૩૮ |
| કુલ : | ૨૩૨૫.૬૩ |

------------

## આદિજાતિ વિસ્તારના મુખ્ય મથકે બ્રોડ બેન્ડની સગવડતા આપવા બાબત

૧૬૧૮૯**શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના મુખ્ય તાલુકા મથકે બ્રોડ બેન્ડની સગવડ ઉપલબ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૧) બ્રોડ બેન્ડ સગવડ ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૨) ભારત સંચાર નિગમ લી. પાસે આ બાબતે સબસીડી પેટે કોઈ રકમની માગણી કરવામાં આવી છે તે હકિક્ત સાચી છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નવસારી જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત

૧૬૦૮૭ **શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં વન તલાવડી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ભિલોડા તાલુકામાં મોન્સેન્ટો કંપની દ્વારા મકાઈનું બિયારણ આપવા બાબત

૧૬૪૮૬**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી ખેડૂતોની આવક બમણી કરવા છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ભિલોડા તાલુકામાં કેટલા ખેડૂતોને મોન્સેન્ટો કંપનીની મકાઈનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) ૯૧૫૪

(૨) એનાથી કેટલા ખેડૂતોની આવક તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બમણી થઈ, અને

(૨) આ પ્રોજેક્ટના પરિણામોના તાંત્રિક અભ્યાસ અને થયેલ લાભ માટે જી.આઈ.ડી.આર. અને આણંદ કૃષિ યુનિવર્સિટી ને કામગીરી સોંપવામાં આવી છે, જેનો અહેવાલ મળેલ નથી.

(૩) બાકીના ખેડૂતોની આવક બમણી કરવાનું શું આયોજન છે?

(૩) વર્ષ ૨૦૧૦ માટે પ્રોજેક્ટ સનસાઈન-૧ હેઠળ આવરી લેવાનું આયોજન કરેલ છે.

## વાગરા તાલુકાની જાગેશ્વર ગામની ગોચર જમીનમાં એબીજી શીપયાર્ડ કંપનીએ કરેલ દબાણ

૧૫૩૩૮**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના જાગેશ્વર ગામની ગોચર ખરાબા-ગામતળ-તળાવની જમીનો એબીજી શીપયાર્ડ કંપનીએ દબાણ કરેલ છે તે હકિક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ એબીજી શીપયાર્ડ કંપનીએ ક્યા ક્યા સર્વે નંબરો, ગોચર ખરાબાની જમીનોમાં દબાણ કરેલ છે, | (૨) વાગરા તાલુકાના જાગેશ્વર ગામના સર્વે નં. ૧૧ ગોચરની જમીન પૈકી અંદાજી ૦-૦૮-૦૦(હે.આ.પ્ર.આ.) અને સર્વે નં. ૩૯૮ તલાવડીની જમીન પૈકી અંદાજે ૦-૨૨-૦૦(હે.આ.પ્ર.આ.) જેટલું દબાણ કરેલ છે. |
| (૩) આ દબાણ અંગે સરકારને જાણ છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો સરકારે આ દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરી? | (૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈઓ મુજબ પગલાં લઈ દબાણ દુર કરવા ગ્રામ પંચાયત જાગેશ્વરને જણાવવામાં આવેલ છે, તથા પ્રશ્નવાળી જમીન પરનું દબાણ કેટલું છે તે નક્કી કરવા ડી.આઈ.એલ.આર. દ્વારા માપણી કરાવવા તાલુકા વિકાસ અધિકારીશ્રી, વાગરાને સૂચના પણ આપવામાં આવેલ છે. |

------------

## જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના

૧૬૧૭૮**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં પંચવટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯માં અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં કેટલી પંચવટી યોજનાઓ હેઠળ ગ્રામવાટિકાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) |

| વર્ષ | મંજૂર કરેલ ગ્રામવાટિકાની સંખ્યા |
| --- | --- |
| ૨૦૦૮-૦૯ | ૪૪ |
| ૨૦૦૯-૧૦ | ૫૦ |
| કુલ | ૯૪ |

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામવાટિકાઓ પૂર્ણ કરવામાં આવી? | (૨) ૪૩ (તેંતાલીસ) |

------------

## અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની દરખાસ્ત

૧૬૧૯૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની યુનિવર્સિટી અને તેની સંલગ્ન કોલેજોમાં રહી અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના સ્નાતક/અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે સરકારે હોસ્ટેલની સુવિધા પૂરી પાડવા ભારત સરકારને કોઈ દરખાસ્તો મોકલી છે, | (૧) હા, જી. ૨૬ દરખાસ્તો મોકલેલ છે. |
| (૨) જો હા, તો તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯(નવ) દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી દરખાસ્તો પડતર છે? | (૩) ૧૭(સત્તર) દરખાસ્તો પડતર છે. |

## સાવલી, વડોદરા અને વાઘોડીયા તાલુકામાં કેરોસીન, પેટ્રોલ અને ડીઝલમાં ભેળસેળના કેસ

**૧૫૧૦૦શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સાવલી, વડોદરા અને વાઘોડીયા તાલુકામાં કેરોસીન, પેટ્રોલ અને ડીઝલમાં ભેળસેળ બાબતે કેટલા કેસો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા,

(૨) કઈ કઈ એજન્સી સામે, અને

(૩) તેમની સામે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) સાવલી તાલુકામાં ૧ (એક) કેસ કરવામાં આવ્યો જ્યારે વડોદરા અને વાઘોડીયા તાલુકામાં કોઈ કેસ કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) સરદાર ગ્રાહક સહકારી ભંડાર લી. સંચાલિત ડીઝલ પંપ, મું. બહુથા, તા. સાવલી, જી. વડોદરાની સામે કેસ કરી નીચેની વિગતે પગલાં લેવામાં આવેલ છે.

૧. રૂા. ૧,૯૭,૯૬૨/- ની કિંમતનો ડીઝલ-કેરોસીનનો જથ્થો કબજે લેવામાં આવ્યો,

૨. ડીઝલ પંપનો પરવાનો મોકુફ કરવામાં આવ્યો,

૩. કુલ ૭ (સાત) વ્યક્તિઓ સામે પોલીસ કેસ કરવામાં આવ્યા,

૪. કુલ ૨ (બે) વ્યક્તિઓ સામે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર થતા અટકાવવા અને પુરવઠો જાળવી રાખવા બાબત અધિનિયમ-૧૯૮૦ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

## પાટણ જિલ્લામાં સરદાર આવાસ મંજૂર કરવા બાબત

**૧૬૧૩૦શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર પટેલ આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બાંધવાના બાકી છે, અને

(૩) બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે,

**જવાબ**

(૧) સરદાર પટેલ આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૮૯૨ આવાસો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ૧૪૩૮ આવાસો બાંધવાના બાકી છે.

(૩) ૪૫૪ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકી રહેલ આવાસો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## પંચમહાલ જિલ્લાના ગામોને ઈ-ગ્રામથી જોડવા બાબત

**૧૫૦૮૮શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકા દીઠ કેટલા ગામોને ઈ-ગ્રામથી જોડવામાં આવ્યા,

(૨) જોડાણ બાદ ગામોને ઈ-ગ્રામની સેવાઓ મળતી નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકા દીઠ નીચે દર્શાવ્યા મુજબ ગામોને ઈ-ગ્રામથી જોડવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઈ-ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૯૪ |
| ૨ | કાલોલ | ૫૭ |
| ૩ | હાલોલ | ૭૫ |
| ૪ | જાંબુઘોડા | ૧૫ |
| ૫ | ઘોઘંબા | ૭૯ |
| ૬ | મોરવા (હ) | ૪૮ |
| ૭ | શહેરા | ૭૦ |
| ૮ | લુણાવાડા | ૯૭ |
| ૯ | ખાનપુર | ૨૫ |
| ૧૦ | કડાણા | ૩૮ |
| ૧૧ | સંતરામપુર | ૬૦ |
| | **કુલ :** | **૬૫૮** |

(૨) ના, જી.

(૩) જો હા, તો આ સેવા નિયમિત ક્યારથી મળતી થશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટેરેસ તલાવડીઓ બનાવવા બાબત**

૧૬૧૬૫ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ટેરેસ તલાવડીની યોજના અમલમાં મૂક્વામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણના હેતુસર ટેરેસ તલાવડી બનાવવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કૂલ ૩૪,૮૫૮ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબ કાર્ડ**

૧૬૧૦૯**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૪૭૭૫ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ઈસ્યુ કરેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| જંબુસર | ૧૭ |
| આમોદ | ૩૦૬ |
| વાગરા | ૨૬૨ |
| ભરૂચ | ૧૯૩૫ |
| અંકલેશ્વર | ૩૩૮ |
| હાંસોટ | ૪૩ |
| વાલીયા | ૧૨૩ |
| ઝઘડીયા | ૧૭૫૧ |
| કુલ : | ૪૭૭૫ |

(૨) સદરહુ સમય દરમ્યાન ૭.૨૪ લાખ માનવદિન રોજગારી આપવામાં આવી તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | માનવદિન (લાખમાં) |
|---|---|
| જંબુસર | ૧.૭૧ |
| આમોદ | ૦.૩૧ |
| વાગરા | ૦.૭૦ |
| ભરૂચ | ૦.૨૨ |
| અંકલેશ્વર | ૦.૨૧ |
| હાંસોટ | ૦.૧૩ |
| વાલીયા | ૧.૭૭ |
| ઝઘડીયા | ૨.૧૯ |
| કુલ : | ૭.૨૪ |

------------

**કચ્છ જિલ્લામાં સખી મંડળોની રચના**

૧૫૪૫૨ **ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા સખી મંડળો રચાયેલા છે,

(૨) આંગણવાડી કાર્યકરને સખીમંડળની રચના માટે શું લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા સખી મંડળોનું બેન્ક સાથે જોડાણ થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ ૪૮૧૮ સખી મંડળો રચાયેલા છે.

(૨) આંગણવાડી કાર્યકરને સખીમંડળની રચના માટે એક સખી મંડળ દીઠ રૂા. ૩૦૦/- લેખે રૂા. ૬,૮૨,૨૦૦/- પ્રોત્સાહન રક્મ પેટે લાભ આપવામાં આવેલ છે.

(૩) ૧૭૧૭ સખી મંડળોનું બેન્ક સાથે જોડાણ થયેલ છે.

------------

**ડી-સેંગ માટે સરકારે આપેલ ફંડ**

૧૬૪૮૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડી-સેંગ ઉભી કરવા સરકારે કરેલા હુકમોમાં કેટલું ફંડ ક્યા ક્યા સોર્સમાંથી આપવાનું સરકારે નક્કી કરેલું છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ કઈ કામગીરી માટે ડી-સેંગને આપવામાં આવી, અને

(૩)તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને કેટલી રકમ પરત કરવામાં આવી?

**જવાબ**

(૧) ભારતના બંધારણની કલમ ૨૭૫ (૧) હેઠળ, ન્યુ ગુજરાત પેટર્ન, ખાસ કેન્દ્રિય સહાય.

(૨) રૂા. ૫૮૨૨.૬૭ લાખ
પત્રક-૧ મુજબ.

(૩) રૂા. ૪૬૬૯.૪૪ લાખ
પત્રક-૨ મુજબ.
કોઈ રકમ પરત કરવામાં આવી નથી.

**પત્રક-૧**

| ક્રમ | ક્યા હેતુ માટે | (રકમ રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | કેર પ્રોજેક્ટની ગ્રાંટ ૨૭૫ (૧) | ૧૦૦.૦૦ |
| ૨ | સંશોધન અને ઈવેલ્યુએશન | ૫૦.૦૦ |
| ૩ | IEC માટે ૨૭૫ (૧) | ૫.૫૫ |
| ૪ | ટ્રેનીંગ અને એક્સપોઝર વિઝીસ ૨૭૫ (૧) | ૦.૧૦ |
| ૫ | વોકેશનલ તાલીમ કેન્દ્રો સુધારણા માટે ૨૭૫(૧) | ૧૬૫.૭૪ |
| ૬ | ડોક્યુમેન્ટન્સ ઓફ ટ્રાયબલ કસ્ટમ (ગુજરાત પેટર્ન) | ૧૦.૦૦ |
| ૭ | બકરી પાલન પ્રોજેક્ટ (ગુજરાત પેટર્ન) | ૩૮.૬૪ |
| ૮ | પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ ઉચ્ચ ગુણવત્તાવાળી સ્કીલ ટ્રેનીંગ | ૨૮૪.૦૦ |
| ૯ | પીપીપી મોડેલ વોકેશનલ ટ્રેનીંગ અને સ્કુલ | ૨૪૨.૦૦ |
| ૧૦ | વાડી અને ડેરી ડેવલપમેન્ટ | ૩૬૨.૮૩ |
| ૧૧ | હાઈ ક્વોલીટી એમ્પ્લોયમેન્ટ ગ્રાંટ (ઈનોવેટીવ ગ્રાંટ) | ૦.૫૦ |
| ૧૨ | આદિમજુથ માટે સીસીડી પ્રોજેક્ટ (ખાસ કેન્દ્રીય સહાય) | ૫૫૭.૬૪ |
| ૧૩ | પ્રોજેક્ટ સનશાઈન વાડી (ખાસ કેન્દ્રીય સહાય) | ૮૭૪.૩૫ |
| ૧૪ | વહિવટી અને મુલ્યાંકન માટે ૨૭૫ (૧) | ૦.૧૨ |
| ૧૫ | વાડી પ્રોજેક્ટ માટે સપોર્ટ ગ્રાંટ ૨૭૫(૧) | ૪૦.૦૦ |
| ૧૬ | પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ-વીટીસી-૨૭૫ (૧) | ૬૬.૧૧ |
| ૧૭ | બીસી કે નવી બાબત-ગુજરાત પેટર્ન | ૩૬૦.૦૦ |
| ૧૮ | શ્રમ અને રોજગાર-ગુજરાત પેટર્ન | ૧૦.૦૦ |
| ૧૯ | વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર ભિલોડા સુધારણા માટે-ગુજરાત પેટર્ન | ૧૦૦.૦૦ |
| ૨૦ | વાડી અને ડેરી વિકાસ-ગુજરાત પેટર્ન | ૦.૨૨ |
| ૨૧ | પ્રોજેક્ટ સનશાઈન લાભાર્થી સ્વફાળો | ૭૪૯.૬૦ |
| ૨૨ | આદિમજુથ માટે સીસીડી  પ્રોજેક્ટ (ખાસ કેન્દ્રીય સહાય) | ૧૦૧.૫૨ |
| ૨૩ | પ્રોજેક્ટ સનશાઈન અને વાડી પ્રોજેક્ટ | ૧૧૩૪.૫૯ |
| ૨૪ | માહિતી, શિક્ષણ અને પ્રચાર માટે | ૩૨.૦૦ |
| ૨૫ | રાષ્ટ્રીય કૃષિ વિકાસ વિકાસ યોજના (ખાસ કેન્દ્રીય સહાય) | ૫૧૧.૧૬ |
| | **કુલ** | **૫૮૨૨.૬૭** |

**પત્રક-૨**

| ક્રમ | યોજનાનું ક્રમ | (રકમ રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | મુલ્યાંકન અને વહિવટી ખર્ચ ૨૭૫ (૧) | ૬.૦૩ |
| ૨ | બાયોમેટ્રીક અને કોમ્પ્યુટર એજ્યુકેશન પ્રોજેક્ટ ૨૭૫ (૧) | ૧૦.૦૦ |
| ૩ | યંગ પ્રોફેશનલનો  વહિવટી ખર્ચ ૨૭૫ (૧) | ૧૧.૭૧ |
| ૪ | એનજીઓ મેન્યુઅલ ખર્ચ ૨૭૫ (૧) | ૮.૪૦ |
| ૫ | વાડી પ્રોજેક્ટ માટેનો ખર્ચ ૨૭૫(૧) | ૪૦.૦૦ |
| ૬ | સંતરામપુર મામલતદાર ક્ચેરીના મકાન મરામત ખર્ચ ૨૭૫ (૧) | ૧૦.૦૦ |
| ૭ | સંશોધન ડોક્યુમેન્ટેન્શનનું ખર્ચ ૨૭૫ (૧) | ૨૪.૧૦ |
| ૮ | માહિતી, શિક્ષણ અને પ્રચાર અંગેનો ખર્ચ ૨૭૫ (૧) | ૧૨.૮૪ |
| ૯ | નગર વિકાસ માટેનો ખર્ચ ૨૭૫ (૧) | ૫૦.૦૦ |
| ૧૦ | થર્ડ પાર્ટી મોનીટરીંગ અને મુલ્યાંકન ખર્ચ ૨૭૫ (૧) | ૯.૩૪ |
| ૧૧ | ગ્રામ મિત્ર કલ્યાણ ટ્રેનીંગ ખર્ચ ૨૭૫ (૧) | ૫૮.૬૩ |
| ૧૨ | એક્સપોઝર વિઝીટ અને વર્કશોપ ખર્ચ ૨૭૫ (૧) | ૬.૧૨ |
| ૧૩ | વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર સુધારણા ખર્ચ ૨૭૫(૧) | ૧.૦૦ |
| ૧૪ | સ્કીલ  ટ્રેનીંગ ખર્ચ (ગુજરાત પેટર્ન) | ૧૦.૦૦ |
| ૧૫ | ટ્રાયબલ વિસ્તારમાં માહિતી અને શિક્ષણ પ્રચાર  પ્રોજેક્ટ ૨૭૫(૧) | ૧૮.૩૯ |
| ૧૬ | મોનીટરીંગ અંગેનું ખર્ચ ૨૭૫ (૧) | ૩.૩૦ |
| ૧૭ | હાઈ ક્વોલીટી એમ્પ્લોયમેન્ટ અંગેની ગ્રાંટ ૨૭૫ (૧) | ૦.૫૦ |
| ૧૮ | મુલ્યાંકન અને વહિવટી ખર્ચ ૨૭૫ (૧) | ૧૭.૧૪ |
| ૧૯ | બાયોમેટ્રીક પ્રોજેક્ટ ૨૭૫ (૧) | ૦.૦૯ |
| ૨૦ | કેર પ્રોજેક્ટ  ૨૭૫ (૧) | ૧૦૦.૦૦ |
| ૨૧ | યંગ પ્રોફેશનલ વહિવટી ખર્ચ ૨૭૫ (૧) | ૮.૨૭ |
| ૨૨ | વાડી પ્રોજેક્ટ માટેનો ખર્ચ ૨૭૫ (૧) | ૭૦.૦૫ |
| ૨૩ | ડોક્યુમેન્ટેન્સન સંશોધન અને ફિઝીબિલીટી ખર્ચ ૨૭૫ (૧) | ૪૪.૨૩ |
| ૨૪ | માહિતી અને  શિક્ષણ પ્રચાર અંગેનો ખર્ચ ૨૭૫ (૧) | ૧૦.૫૯ |
| ૨૫ | ટ્રેનીંગ અને એક્સપોઝર વિજીટ ખર્ચ ૨૭૫ (૧) | ૪.૫૭ |
| ૨૬ | થર્ડ પાર્ટી મોનીંટરીંગ અને મુલ્યાંકન ખર્ચ ૨૭૫ (૧) | ૩૮.૦૬ |
| ૨૭ | બીસીકે યોજનાની ગ્રાંટ (ગુજરાત પેટર્ન) | ૨૭૩.૨૫ |
| ૨૮ | પીપીપી વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર | ૬૬.૧૧ |
| ૨૯ | વોકેશનલ તાલીમ કેન્દ્રોની સુધારણા ખર્ચ ૨૭૫(૧) | ૧૦૦.૦૦ |
| ૩૦ | આદિજાતિ રીતરીવાજોનું મુદ્રીકરણ (ગુજરાત પેટર્ન) | ૫.૦૦ |

| ક્રમ | યોજનાનું ક્રમ | (રકમ રૂા. લાખમાં) |
|---|---|---|
| ૩૧ | ઉચ્ચ ગુણવત્તાવાળી સ્કીલ ટ્રેનીંગ પીપીપી મોડેલ | ૧૧૦.૭૩ |
| ૩૨ | પીપીપી મોડેલ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર અને શાળાઓ માટેની ગ્રાંટ | ૨૪૨.૦૦ |
| ૩૩ | વાડી અને ડેરી વિકાસ | ૨૬૨.૬૪ |
| ૩૪ | માહિતી અને શિક્ષણ પ્રચાર પ્રોજેક્ટ ખર્ચ (ગુજરાત પેટર્ન) | ૦.૩૩ |
| ૩૫ | સનશાઈન પ્રોજેક્ટ બેનીફીશીયરી કોન્ટ્રીબ્યુશન (મોન્સાન્ટો પ્રોજેક્ટ) | ૮૯૯.૧૫ |
| ૩૬ | આદિમજુથ સીસીડી પ્રોજેક્ટ (ખાસ કેન્દ્રીય સહાય) | ૧૮૮.૩૯ |
| ૩૭ | સનશાઈન પ્રોજેક્ટ અને વાડી પ્રોજેક્ટ | ૧૫૫૨.૨૩ |
| ૩૮ | માહિતી અને શિક્ષણ પ્રચાર ખર્ચ (ખાસ કેન્દ્રીય સહાય) | ૨૬.૫૧ |
| ૩૯ | શકરા આંખ હોસ્પિટલ | ૨૬.૦૦ |
| ૪૦ | રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના ૨૦૧૦ | ૨૪૩.૫૫ |
| | કુલ | ૪૬૬૯.૪૪ |

------------

## બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં રોજગાર આપવા બાબત

૧૬૧૨૮ **શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અંગે શ્રમિકોને કુલ કેટલું વેતન ચૂકવવામાં આવ્યું?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૯૯૫૦ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

(૨) સદરહુ સમય દરમિયાન શ્રમિકોને રૂા. ૧૮૬૬.૯૦ લાખનું વેતન ચૂકવવામાં આવેલ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત

૧૬૦૯૬**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ આવાસોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં ૩૮૩૬ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧૧૧ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) મકાનો લાભાર્થી પોતે બાંધતાં હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

------------

## વનબંધુ કલ્યાણ યોજનામાં સોના માટે ઘર યોજના

૧૬૧૨૦ **શ્રી ભરતભાઈ વ. ખોરાણી(ચોટીલા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સોના માટે ઘ ર કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જનજાતિનાં કેટલા કુટુંબોને આવરી લેવામાં આવ્યા, અને

(૨) આ પૈકી બી.પી.એલ. કુટુંબના લાભાર્થીઓ કેટલાં?

**જવાબ**

(૧) ૧,૩૦,૨૭૮

(૨) ૧,૨૭,૯૦૫.

------------

## આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના મુખ્ય મથકે બ્રોડ બેન્ડની સુવિધા

૧૬૧૧૯ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના મુખ્ય તાલુકા મથકે બ્રોડ બેન્ડની સગવડ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય

**જવાબ**

(૧) બ્રોડ બેન્ડ સગવડ ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) ભારત સંચાર નિગમ લિ. પાસે આ બાબતે સબસીડી પેટે કોઇ રકમની માંગણી કરવામાં આવી છે કે કેમ ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પામોલીન તેલનો બફર સ્ટોક કરવા બાબત**

૧૬૧૮૫**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં રાજ્યમાં ગરીબ કુટુંબોને તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલ મળે તે માટે આર.બી.ડી. પામોલીન તેલના કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો, અને

(૨) તે પેકી કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૬,૦૦૦ મે.ટન.

(૨) ૬,૦૦૦ મે.ટન.

**ભાવનગર જિલ્લાના ગામોને તીર્થગામ જાહેર કરવા બાબત**

૧૫૩૬૫**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તીર્થગામ જાહેર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત તીર્થગામોને સરકાર તરફથી શું શું વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | જાહેર તીર્થગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૮ | તળાજા | ૨ |
| ૨ | ૨૦૦૮ | શિહોર | ૧ |
| ૩ | ૨૦૦૮ | ગઢડા | ૧ |
| ૪ | ૨૦૦૮ | ભાવનગર | ૧ |
| ૫ | ૨૦૦૮ | ઉમરાળા | ૧ |
| ૬ | ૨૦૦૯ | શિહોર | ૧ |
| ૭ | ૨૦૦૯ | પાલીતાણા | ૩ |
| | | કુલ | ૧૦ |

(૨) દરેક ગામને રૂા. ૧.૦૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવેલ છે.

------------

**દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામ**

૧૫૦૯૯**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગેરંટી યોજના હેઠળ કેટલા કામો પૂર્ણ થયેલ છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) તેવા પૂર્ણ થયેલ કામો ઉપર સાઇન બોર્ડ લગાવવામાં આવ્યા છે કે કેમ, અને

(૪) જો સાઇન બોર્ડ લગાવેલ ન હોય તો સરકાર તે લગાવવા માટે શું કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગેરંટી યોજના હેઠળ ૧૭૦૮૬ કામો પૂર્ણ થયેલ છે.

(૨) રૂા. ૪૯૫૯.૦૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પૂર્ણ થયેલ કામો ઉપર સાઈન બોર્ડ લગાવવામાં આવેલ નથી.

(૪) જિલ્લા કક્ષાએથી એકસરખી ડીઝાઈન નક્કી કરી બનતી ત્વરાએ પૂર્ણ થયેલ કામો ઉપર સાઈન બોર્ડ લગાવવામાં આવશે.

------------

**આણંદ જિલ્લામાં પંચાયત ઘર બનાવવા બાબત**

૧૫૭૧૭**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પંચાયત ઘર બનાવવામાં આવ્યા,

(૨) કેટલા પંચાયત ઘર બનાવવાના બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૨ (બાર).

(૨) ૨૪ (ચોવીસ).

(૩) સત્વરે.

------------

**ભાવનગર અને સુરત જિલ્લામાં ગ્રાહક અદાલતોમાં દાખલ થયેલ કેસ**

૧૫૨૯૭ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર અને સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રાહક અદાલતોમાં કેટલા કેસો દાખલ થયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયેલ છે ?

**જવાબ**

(૧)

| ભાવનગર ફોરમ | સુરત (મુખ્ય) ફોરમ | સુરત (એડીશનલ) ફોરમ | કુલ |
|---|---|---|---|
| ૫૫૫ | ૧૫૪૪ | ૧૦૧૭ | ૩૧૧૬ |

(૨)

| ભાવનગર ફોરમ | સુરત (મુખ્ય) ફોરમ | સુરત (એડીશનલ) ફોરમ | કુલ |
|---|---|---|---|
| ૩૦૨ | ૯૧ | ૧૧૧ | ૫૦૪ |

------------

**ખેડા જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૬૪૭૪**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલા પંચાયત ઘરો નવા બનાવવા માટેની દરખાસ્તો મળી છે, અને

(૨) ખેડા જિલ્લામાં ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કેટલાં પંચાયત ઘરો નવા બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪૭ (સુડતાલીસ)

(૨) ઉપલબ્ધ ગ્રાન્ટના પ્રમાણમાં શક્ય તેટલા વધુ પંચાયત ઘરો બનાવવાનું આયોજન કરવામાં આવશે.

------------

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારી આપવા બાબત**

૧૫૮૭૦**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી હેઠળ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી રોજગારી તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પૂરી પાડવામાં આવી,

(૨) તાલુકાવાર કુલ કેટલા લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ૧૦૮૭૨૧ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે તેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા | | |
|---|---|---|---|
| | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ | કુલ |
| અબડાસા | ૧૯૫ | ૭૨૫૮ | ૭૪૫૩ |
| અંજાર | ૨૭૦૬ | ૯૪૭૪ | ૧૨૧૮૦ |
| ભચાઉ | ૬૦૦ | ૧૫૮૯ | ૨૧૮૯ |
| ભુજ | ૧૨૮૬ | ૧૫૪૫૪ | ૧૬૭૪૦ |
| ગાંધીધામ | ૩૮ | ૫ | ૪૩ |
| લખપત | ૧૮૪૪ | ૨૮૬૨૭ | ૩૦૪૭૧ |
| માંડવી | ૨૬૪ | ૧૩૩૪ | ૧૫૯૮ |
| મુંદ્રા | ૨૫૬ | ૪૨૭૧ | ૪૫૨૭ |
| નખત્રાણા | ૧૦૯૮ | ૭૦૬૬ | ૮૧૬૪ |
| રાપર | ૧૦૨૮ | ૨૪૩૨૮ | ૨૫૩૫૬ |
| કુલ | ૯૩૧૫ | ૯૯૪૦૬ | ૧૦૮૭૨૧ |

(૨) તાલુકાવાર કુલ ૧૦૮૭૨૧ કુટુંબોને રોજગારી આપવામાં આવી જેમાં ૩૫૮૧૫૪૭ માનવદિન ઉત્પન્ન થયેલ છે તેની વિગત તાલુકાવાર નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવ દિનની સંખ્યા | | |
|---|---|---|---|
| | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી | કુલ |
| અબડાસા | ૫૨૯૦ | ૭૬૦૨૯૦ | ૭૬૫૫૮૦ |
| અંજાર | ૧૫૩૫૭ | ૨૦૩૫૭૯ | ૨૧૮૯૩૬ |
| ભચાઉ | ૨૩૬૧૪ | ૧૯૦૭૩૭ | ૨૧૪૩૫૧ |
| ભુજ | ૪૮૬૨૫ | ૧૦૪૧૭૭૮ | ૧૦૯૦૪૦૩ |

| | | | |
|---|---|---|---|
| ગાંધીધામ | ૩૯૨ | ૧૦૮૦ | ૧૪૭૨ |
| લખપત | ૨૯૭૯૯ | ૪૧૪૩૯૮ | ૪૪૪૧૯૭ |
| માંડવી | ૬૩૬૯ | ૩૭૬૧૭ | ૪૩૯૮૬ |
| મુંદ્રા | ૧૦૨૨૦ | ૬૬૮૨૧ | ૭૭૦૪૧ |
| નખત્રાણા | ૩૫૮૫૨ | ૪૨૨૪૬૦ | ૪૫૮૩૧૨ |
| રાપર | ૧૪૯૩૯ | ૨૫૨૩૩૦ | ૨૬૭૨૬૯ |
| કુલ | ૧૯૦૪૫૭ | ૩૩૯૧૦૯૦ | ૩૫૮૧૫૪૭ |

(૩) તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૩૪૨૭.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત તાલુકાવાર નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુલ ખર્ચ રૂા. લાખમાં તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધી | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી | કુલ |
|---|---|---|---|
| અબડાસા | ૯.૨૨ | ૭૩૮.૧૯ | ૭૪૭.૪૧ |
| અંજાર | ૧૪.૯૬ | ૨૦૭.૧૦ | ૨૨૨.૦૬ |
| ભચાઉ | ૨૬.૧૪ | ૧૭૭.૨૪ | ૨૦૩.૩૮ |
| ભુજ | ૫૮.૩૬ | ૧૦૧૪.૧૮ | ૧૦૭૨.૫૪ |
| ગાંધીધામ | ૦.૫૬ | ૦.૯૩ | ૧.૪૯ |
| લખપત | ૨૭.૫૧ | ૩૬૨.૦૫ | ૩૮૯.૫૬ |
| માંડવી | ૬.૨૦ | ૪૮.૭૩ | ૫૪.૯૩ |
| મુંદ્રા | ૧૦.૬૬ | ૭૦.૮૦ | ૮૧.૪૬ |
| નખત્રાણા | ૩૬.૫૪ | ૩૭૪.૫૮ | ૪૧૧.૧૨ |
| રાપર | ૧૬.૬૨ | ૨૨૬.૪૬ | ૨૪૩.૦૮ |
| કુલ | ૨૦૬.૭૭ | ૩૨૨૦.૨૬ | ૩૪૨૭.૦૩ |

------------

## આદિજાતિ વિસ્તારોમાં દૂધ સંજીવની યોજના

**૧૬૧૨૧શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ પેટા વિસ્તાર યોજના હેઠળના કેટલા તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી છે, અને

(૨) બાકીના તાલુકાઓમાં આ યોજના ક્યારે લાગુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૭ (સાત) તાલુકા

(૨) હાલ આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ નથી.

------------

## અમદાવાદ, રાજકોટ અને અમરેલી જિલ્લામાં બોરીબંધ બાંધવા બાબત

**૧૫૨૧૦શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ અમદાવાદ, રાજકોટ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલાં બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) આ બોરીબંધમાં કેટલી થેલીઓ વપરાઇ અને થેલીઓની ખરીદી શું ભાવે થઇ, અને

(૩) આ બોરીબંધ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૧૦૨૫૨, રાજકોટ જિલ્લામાં ૨૦૩૦૭ અને અમરેલી જિલ્લામાં ૮૮૫૬ બોરીબંધ બાંધવામાં આવેલ છે તેની તાલુકાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

(૨) આ બોરીબંધમાં અમદાવાદ જિલ્લામાં ૨૫૦૧૭૦૦, રાજકોટ જિલ્લામાં ૧૭૮૫૪૭૦ અને અમરેલી જિલ્લામાં ૨૦૪૩૭૯૩ થેલીઓ વપરાઈ અને થેલીઓની ખરીદી અમદાવાદ જિલ્લામાં રૂા. ૨.૫૦, રાજકોટ જિલ્લામાં રૂા. ૨.૫૦ અને અમરેલી જિલ્લામાં રૂા. ૨.૭૫ના થેલી દીઠના ભાવે થયેલ છે.

(૩) આ બોરીબંધ પાછળ અમદાવાદ જિલ્લામાં રૂા. ૧૭૬.૭૦ લાખ, રાજકોટ જિલ્લામાં રૂા. ૧૪૭.૦૩ લાખ અને અમરેલી જિલ્લામાં રૂા. ૨૪૭.૮૭ લાખનો ખર્ચ થયેલ છે.

### પત્રક

| અમદાવાદ જિલ્લો | | રાજકોટ જિલ્લો | | અમરેલી જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા | તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા | તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા |
| દસક્રોઈ | ૮૦૫ | ધોરાજી | ૧૨૮૩ | અમરેલી | ૮૫૦ |
| સાણંદ | ૧૦૧૦ | ગોંડલ | ૧૧૩૫ | બાબરા | ૯૧૦ |
| બાવળા | ૮૭૩ | જામ કંડોરણા | ૧૪૨૩ | બગસરા | ૫૨૪ |
| ધોળકા | ૧૩૯૦ | જસદણ | ૧૮૧૫ | ધારી | ૬૬૦ |
| ધંધુકા | ૮૯૮ | જેતપુર | ૧૩૪૧ | જાફરાબાદ | ૭૩૩ |
| બરવાળા | ૩૯૩ | કોટડાસાંગાણી | ૧૩૪૭ | ખાંભા | ૭૨૪ |
| રાણપુર | ૧૨૯૪ | લોધીકા | ૧૪૪૨ | કુંકાવાવ | ૭૮૩ |
| વિરમગામ | ૧૬૪૪ | માળીયા (મી) | ૧૧૦૫ | લાઠી | ૮૯૦ |

| અમદાવાદ જિલ્લો | | રાજકોટ જિલ્લો | | અમરેલી જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા | તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા | તાલુકાનું નામ | બોરીબંધની સંખ્યા |
| માંડલ | ૭૭૮ | મોરબી | ૧૭૯૩ | લીલીયા | ૭૨૧ |
| દેત્રોજ | ૧૧૬૭ | પડધરી | ૧૩૬૧ | રાજુલા | ૧૦૪૦ |
| કુલ... | ૧૦૨૫૨ | રાજકોટ | ૨૦૨૧ | સાવરકુંડલા | ૧૦૨૧ |
| | | ટંકારા | ૧૧૫૧ | કુલ... | ૮૮૫૬ |
| | | ઉપલેટા | ૧૩૨૫ | | |
| | | વાંકાનેર | ૧૭૬૫ | | |
| | | કુલ... | ૨૦૩૦૭ | | |

------------

## ડી-સેંગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ

૧૫૫૪૮ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ડી-સેંગ દ્વારા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂ. ૪૭૨૧.૨૨ લાખ. |
| (૨) આ રકમમાંથી ભારતના બંધારણની કલમ-૨૭૫-(૧) હેઠળ જે રકમ પરત કરવામાં આવી છે તે કોને પરત આપી, અને | (૨) કોઈ રકમ પરત કરવામાં આવી નથી. |
| (૩) કેટલા સમય પછી પરત આપી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યા આધારે રકમની ફાળવણી કરી તેમજ પરત આપવાના કારણો શું ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

૧૫૬૭૬**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ વસ્તીની સંખ્યા કિલોમીટરની દૃષ્ટિએ કેટલી સસ્તા અનાજની દુકાનોની જરૂરિયાત છે, | (૧) ૧૦૬૨ |
| (૨) તેની સામે કેટલી સસ્તા અનાજની દુકાનોને મંજૂરી આપેલ છે, અને | (૨) ૧૦૬૨ |
| (૩) જો સસ્તા અનાજની દુકાનો ઓછી હોય તો સરકાર કેટલા સમયમાં મંજૂર કરી શરૂ કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## બનાસકાંઠા જિલ્લામાં ઇકો ટુરિઝમ યોજના

૧૫૬૫૬**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ઇકો ટુરિઝમ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના તળે કઇ કઇ સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે, અને | (૨) આ યોજના હેઠળ માંગલ્ય વન અંબાજીમાં સ્થળ વિકાસ, પાણીની સુવિધા ઈત્યાદિ તેમજ જેસોર અને બાલારામ અંબાજી અભ્યારણમાં કેમ્પ સાઈટ વિકાસ, ઈન્ટરપ્રિટેશન સેન્ટર જેવી સુવિધાઓનો વિકાસ કરવામાં આવેલ છે. |
| (૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ ? | (૩) તેમાં વર્ષવાર નીચે મુજબ કુલ રૂા. ૯૦.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

| અ.નં. | સ્થળનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૦૯ અંતિત) |
| ૧ | માંગલ્યવન અંબાજી | ૨૦.૦૦ | ૨૦.૭૪ | -- |
| ૨ | જેસોર | ૫.૦૦ | -- | -- |
| ૩ | બાલારામ-અંબાજી અભ્યારણ્ય | ૧૦.૦૦ | ૩૫.૦૦ | -- |
| | કુલ | ૩૫.૦૦ | ૫૫.૭૪ | -- |

------------

**રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો ઉપર કાળાબજાર નિયંત્રણ ધારા નીચે થયેલ કેસ**

૧૫૧૧૫ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો પેકી કાળાબજાર નિયંત્રણ દ્વારા (પી.બી.એમ.) હેઠળ કેટલા કેસો ક્યા ક્યા સંચાલકો સામે કરવામાં આવ્યા, અને

(૨) કેવા પ્રકારની ગંભીર ગેરરીતિઓ થઇ હોય તો પી.બી.એમ. ના કેસ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનના કોઈ સંચાલક સામે કાળાબજાર નિયંત્રણ ધારા (પી.બી.એમ.) હેઠળ કેસો કરવામાં આવેલ નથી.

(૨) કોઈ પણ વ્યાજબી ભાવના દુકાનદાર કે આવશ્યક ચીજવસ્તુના વિક્રેતા દ્વારા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ કે તે હેઠળના આદેશોની જોગવાઈઓના ભંગ દ્વારા આવશ્યક ચીજવસ્તુના વેચાણમાં નફાખોરી કરે અથવા આવશ્યક ચીજવસ્તુના પુરવઠાના વિતરણમાં બાધક થાય તેવી પ્રવૃત્તિ કરતા જણાય તો તેની સામે પી.બી.એમ. એક્ટ હેઠળ અટકાયતી કાર્યવાહી કરવામાં આવે છે.

**અમરેલી જિલ્લામાં ઇન્દિરા આવાસ મંજૂર કરવા બાબત**

૧૬૧૭૫ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦ ના નાણાંકીય વર્ષમાં કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ આવાસોનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત-૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં ૬૯૮૮ આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ૧૧૯૧ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) મકાનો લાભાર્થી પોતે બાંધતાં હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

**ખેડા અને આણંદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ગેરવહીવટને કારણે બંધ કરવા બાબત**

૧૫૦૯૪**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનો ગેરવહીવટના કારણે બંધ કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પી.બી.એમ.ના કેટલા કેસ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **તાલુકા** | **દુકાનો** |
|---|---|---|
| ખેડા | કપડવંજ | ૧ |
| | ઠાસરા | ૨ |
| | બાલાશિનોર | ૩ |
| | વિરપુર | ૨ |
| | **કુલ** | **૮** |
| આણંદ | ઉમરેઠ | ૨ |
| | બોરસદ | ૧ |
| | સોજીત્રા | ૧ |
| | ખંભાત | ૨ |
| | તારાપુર | ૧ |
| | **કુલ** | **૭** |

(૨) ૨ (બે).

**આણંદ જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારો સામે અનાજ/કેરોસીન વિતરણ અંગે ફરિયાદો**

૧૫૫૭૩ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનાજ/ કેરોસીનના વિતરણ અંગે પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા ભંડારોની તપાસ કરવામાં આવી,

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા ભંડારોમાં ગેરરીતિ માલુમ પડી, અને

(૪) ગેરરીતિ બદલ શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદ | તપાસેલ ભંડારોની સંખ્યા | ગેરરીતિ જણાયેલ હોય તેવા ભંડારોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૩ | ૨ | ૨ |
| ૨ | ઉમરેઠ | ૪ | ૩ | ૩ |
| ૩ | આંકલાવ | ૨ | ૨ | ૧ |
| ૪ | બોરસદ | ૪ | ૪ | ૨ |
| ૫ | સોજીત્રા | ૨ | ૧ | ૧ |
| ૬ | ખંભાત | ૩ | ૫ | ૫ |
| ૭ | તારાપુર | ૧ | ૦ | ૦ |
| | કુલઃ | ૧૯ | ૧૭ | ૧૪ |

(૪) ગેરરીતિ બદલ નીચે મુજબ નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી.

૧. રૂા. ૯૩,૪૫૪/- કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે કરવામાં આવ્યો.

**૨. રૂા. ૬,૨૮૯/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.**

૩. રૂા. ૧૫,૯૦૦/- ની કિંમતના પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.

૪. ત્રણ પરવાના મોકુફ કર્યા.

૫. એક પરવાનો રદ કરવામાં આવ્યો.

**જૂનાગઢ જિલ્લામાં પેટ્રોલ પંપો ઉપર ભેળસેળ અટકાવવા જિલ્લા કક્ષાની સમિતિની રચના**

૧૫૫૫૧ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનો ઠરાવ ક્રમાંક : પટલ/૧૦-૨૦૦૧/ ૨૨૦૪/બ. તા.૧૪-૯-૨૦૦૧ થી પેટ્રોલપંપો દ્વારા થતી ભેળસેળ અટકાવવા જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવા ઠરાવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં આવી સમિતિની રચના થયેલ છે કે કેમ,

(૩) જો હા, તો તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં તેની કેટલી બેઠકો મળેલ છે, અને

(૪) જો ઉક્ત સમિતિની રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે રચના થયેલ ન હોય તો તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨), (૩) અને (૪) કલેક્ટર કચેરી જુનાગઢ ખાતે તા. ૨૧-૨-૨૦૦૭ના રોજ આકસ્મિક આગ લાગેલ હોય આકસ્મિક આગમા કચેરી હસ્તકનું તમામ રેકર્ડ બળી ગયેલ હોઇ તે જિલ્લામાં આવી સમિતિની રચના થયેલ કે કેમ અને કેટલી બેઠકો મળેલ છે તેની માહિતી ઉપલબ્ધ નથી.

------------

**લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં ઇકો ટુરીઝમ યોજના**

૧૫૮૧૧ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકામાં ઇકો ટુરીઝમ યોજના હેઠળ તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કઇ કઇ સુવિધાઓ ઉભી કરવામાં આવી, અને

(૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના લીમખેડા અને ગરબાડા તાલુકામાં ઇકો ટુરીઝમ યોજના હેઠળ કોઇ કામગીરી કરવામાં આવેલ નથી.

પરંતુ ધાનપુર તાલુકામાં રતનમહાલ અભ્યારણ્યમાં કેમ્પીંગ સાઇટનો વિકાસ તેમજ ઇન્ટરપ્રિટેશન સેન્ટરની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) તેમાં વર્ષવાર નીચે મુજબ કુલ રૂા. ૨૨.૧૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૬.૬૭ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૫.૫૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧-૨૦૧૦ અંતિત) | -- |
| | **કુલ :** | **૨૨.૧૭** |

## ઝાલોદ તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં મંજૂર કામો

૧૫૩૬૯**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત મંજૂર થયેલ કેટલા કામો ચાલુ છે,

(૨) છેલ્લા એક વર્ષથી કામ ચાલુ હોવા છતાં પગાર થયેલ નથી તેવા કામો કેટલા, અને

(૩) નિયમિત પગાર મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત મંજૂર થયેલ ૧૬૩૬ કામો ચાલુ છે.

(૨) છેલ્લા એક વર્ષથી કામ ચાલુ હોવા છતાં પગાર થયેલ નથી તેવા કોઇ કામો નથી.

(૩) નિયમિત પગાર મળે તે માટે સરકારે નીચે મુજબનું આયોજન કરેલ છે.

- જે ગ્રામ પંચાયતો, હાજરીપત્રકો સમયસર રજુ કરતી ન હતી તે ગ્રામ પંચાયત સામે પગલાં લેવાના શરૂ કરેલ છે.
- પોસ્ટખાતામાં પેમેન્ટ શીડ્યુલ સમયસર મંજૂર થઇ જાય તેમજ શ્રમિકોના ખાતામાં નાણાં ઝડપથી જમા થાય તે માટે પોસ્ટ ખાતાને જરૂરી સુચનાઓ આપેલ છે.
- હાજરીપત્રકો ઝડપથી તાલુકાકક્ષાએ જમા થાય તેમજ શ્રમિક કુટુંબો દ્વારા કરવામાં આવેલ કામના માપ ઝડપથી લેવાય તે માટે જિલ્લા કક્ષાએ મોનીટરીંગ સીસ્ટમ ચાલુ કરેલ છે.
- સરકારના ધારા-ધોરણ પ્રમાણે તાલુકા કક્ષાએ ટેકનિકલ આસીસ્ટંન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે તેથી કામોના માપ ઝડપથી લઇ શ્રમિક કુટુંબોને નિયમિત ચુકવણું કરી શકાય તેવું આયોજન કરેલ છે.

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ

૧૫૧૦૩**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં રેશનકાર્ડ જુદા કરવા, નવા રેશનકાર્ડ, રેશનકાર્ડમાં નામ દાખલ કરવા અને ફાટેલા રેશનકાર્ડ બદલવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ જુદા કરવામાં આવ્યા,

(૩) કેટલા નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લાના ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકામાં નીચે મુજબની અરજીઓ મળેલ છે.

| તાલુકાનું નામ | નવા રેશન-કાર્ડની અરજીઓ | અલગ રેશન-કાર્ડની અરજીઓ | નામ દાખલ કરવાની અરજીઓ | ફાટેલ રેશનકાર્ડ બદલવા માટેની અરજીઓ |
|---|---|---|---|---|
| ધંધુકા | ૬૭૪ | ૧૨૫૯ | ૫૩૫૪ | ૩૧૨ |
| રાણપુર | ૨૪૨ | ૬૮૦ | ૪૨૩૮ | ૯૧૦ |
| બરવાળા | ૩૪૮ | ૫૨૩ | ૪૩૭૧ | ૨૪૨ |
| **કુલઃ** | **૧૨૬૪** | **૨૪૬૨** | **૧૩૯૬૩** | **૧૪૬૪** |

(૨) ૨૪૪૧

(૩) ૧૨૪૮

| | |
|---|---|
| (૪) કેટલા રેશનકાર્ડમાં નામ દાખલ કરી આપવામાં આવ્યા, | (૪) ૧૩૯૬૩ |
| (૫) કેટલા ફાટેલા રેશનકાર્ડ બદલી આપવામાં આવ્યા, | (૫) ૧૪૬૪ |
| (૬) કેટલી અરજીઓ પડતર છે, | (૬) ૨૨ |
| (૭) તેના કારણો શાં છે, અને | (૭) જરૂરી પુરાવાઓ ન હોવાથી પડતર રહેલ છે |
| (૮) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૮) અરજદારો તરફથી પુરાવાઓ રજુ થયેથી નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે. |

**પાટણ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૧૬૧૬૨**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને | (૧) પાટણ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ-૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧૦.૧૭ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તેની પાછળ રૂા. ૨૫૫.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**રાજ્યમાં દાળ, કઠોળના ભાવ કાબુમાં લેવા બાબત**

૧૬૪૬૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સને ૨૦૦૯ ની સાલમાં રાજ્યમાં દાળ, કઠોળ અને ખાંડના ઉંચા જઇ રહેલા ભાવોને કાબુમાં રાખવા સરકારે રાજ્ય કક્ષાએ ક્યા ક્યા નક્કર પગલાં લીધાં છે ? | (અ) રાજ્ય સરકાર ધ્વારા દાળ, કઠોળના ભાવ કાબુમાં રહે તે માટે ગુજરાત કઠોળ (સંગ્રહ નિયંત્રણ) આદેશ-૨૦૦૭ અનુસાર દાળ, કઠોળના ઉત્પાદક, જથ્થાબંધ વિક્રેતા અને છુટક વિક્રેતાની સંગ્રહ મર્યાદા તા. ૧૭-૩-૦૭થી નિયત કરેલ છે.<br>(બ) ખાંડના સંદર્ભમાં<br>(૧) ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧માં તા. ૨૦-૬-૦૯થી ખાંડનો સમાવેશ કરી ઉત્પાદક, જથ્થાબંધ અને છુટક વિક્રેતા માટે પરવાના પ્રથા દાખલ કરેલ છે.<br>(૨) ખાંડના જથ્થાબંધ વિક્રેતા અને છુટક વિક્રેતા માટે ગુજરાત સુગર સ્ટોક હોલ્ડીંગ એન્ડ ટર્નઓવર લીમીટ (ઓન રેકગનાઈઝડ ડીલર્સ) ઓર્ડર-૨૦૦૯ તા. ૨૦-૬-૦૯ અન્વયે સંગ્રહમર્યાદા અને જથ્થા નિકાલની સમય મર્યાદા નિયત કરેલ છે.<br>(ક) ઉપર્યુક્ત આદેશો ઉપરાંત દાળ, કઠોળ અને ખાંડના સંદર્ભમાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપારી (નિયમન) આદેશ-૧૯૭૭ તથા આવશ્યક ચીજવસ્તુ કાળાબજાર નિવારણ અને જથ્થા જાળવણી આદેશ- ૧૯૮૦ અન્વયે રાજ્ય કક્ષાએથી નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા મારફતે જરૂરી તપાસો હાથ ધરવામાં આવે છે અને ગેરરીતીઓ કરનાર સામે પગલાં લેવામાં આવે છે. |

------------

## જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. યાદી

૧૫૦૮૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. યાદી છેલ્લે ક્યારે અદ્યતન બનાવેલ છે, અને

(૨) આ યાદીમાં જેમના નામો રહી ગયા છે તેવા પરિવારોના નામો ઉમેરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. યાદી છેલ્લે વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં અદ્યતન કરવામાં આવેલ છે.

(૨) બી.પી.એલ. યાદીમાં રહી ગયા હોય તેવા પરિવારો દ્વારા મળેલ અરજીઓની ચકાસણીની કામગીરી ચાલુ છે. ચકાસણીની કામગીરી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતાં લાભાર્થીઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

## ભાવનગર જિલ્લામાં વિદેશી બાવળ કાપવાની અરજીઓ

૧૬૪૬૭ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાંથી વિદેશી બાવળ કાપવા માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લાના કોઈ તાલુકામાંથી વિદેશી બાવળ કાપવા માટેની અરજીઓ આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટની અરજીઓ

૧૬૪૭૯ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસ વાર જમીનના પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા અરજદારોને પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્લોટ મેળવવા મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૬૮ |
| ૨ | ઉમરેઠ | ૩૫૪ |
| ૩ | બોરસદ | ૮૬૬ |
| ૪ | આંકલાવ | ૨૧૯ |
| ૫ | પેટલાદ | ૬૦૫ |
| ૬ | સોજીત્રા | ૩૨ |
| ૭ | ખંભાત | ૩૩૭ |
| ૮ | તારાપુર | ૩૮ |
| | કુલ | ૪૪૧૯ |

(૨) ૪૧૨૮ અરજદારોને પ્લોટ મંજૂર કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરવામાં આવેલ પ્લોટ |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૬૮ |
| ૨ | ઉમરેઠ | ૩૪૦ |
| ૩ | બોરસદ | ૭૯૭ |
| ૪ | આંકલાવ | ૧૮૭ |
| ૫ | પેટલાદ | ૪૫૩ |
| ૬ | સોજીત્રા | ૩૨ |
| ૭ | ખંભાત | ૩૩૭ |
| ૮ | તારાપુર | ૧૪ |
| | કુલ | ૪૧૨૮ |

(૨૯૧ અરજીઓ નામંજૂર થયેલ છે.)

(૩) કોઈ અરજી પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં સખી મંડળ યોજનામાં મહિલા જૂથોની રચના

૧૬૧૭૭**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખી મંડળ યોજનામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મહિલા જૂથોની રચના થઈ, અને

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૯૪૪ મહિલા જૂથોની રચના થયેલ છે.

(૨) સદરહુ સમય દરમ્યાન ૧૨૭૩ મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે.

## કાંકરેજ અને ડીસા તાલુકામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માંગણીઓ

૧૫૧૦૭ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકાના ક્યા ક્યા ગામોની ગ્રામ પંચાયતોના વિભાજનની માંગણીઓ છેલ્લાં બે વર્ષમાં આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સરકાર કક્ષાએ કોઈ માંગણી/દરખાસ્ત આવેલ નથી. ફક્ત કાંકરેજ તાલુકાના વડા ગ્રામ પંચાયતની આ અંગેની માંગણી જિલ્લા કક્ષાએ આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) દરખાસ્ત મળ્યેથી ગુણદોષ આધારે વિચારણા કરવામાં આવશે.

## ડી. -સેંગ દ્વારા ચાલતા ડેરી પ્રોજેક્ટમાં થયેલ ખર્ચ

૧૬૪૮૭**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ ડી.-સેંગ દ્વારા ચાલતા ડેરી પ્રોજેક્ટમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ ડેરી પ્રોજેક્ટ ક્યા ક્યા ટ્રાયબલ તાલુકાઓમાં ચાલે છે, અને

(૩) બાકીના ટ્રાયબલ તાલુકાઓમાં આ ડેરી પ્રોજેક્ટ ક્યારથી અમલમાં આવનાર છે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ

(૩) જે તે તાલુકાના પ્રાકૃતિક સંશાધનોને ધ્યાને લઈ જુદા જુદા પ્રકારના પ્રોજેક્ટ અમલ કરવામાં આવે છે. આથી દરેક તાલુકામાં ડેરી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે તે જરૂરી જણાતું નથી.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ૦૭-૦૮ (રૂ. લાખમાં) | ૦૮-૦૯ (રૂ. લાખમાં) | ૦૯-૧૦ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | દાંતા | ૧૮૮.૭ | ૬૭૬.૨ | ૨૮૮.૪ |
| | | અમીરગઢ | ૮૦.૮૫ | ૨૮૯.૮ | ૧૨૩.૬ |
| ૨ | વડોદરા | ક્વાંટ | ૭૫.૮૩ | ૯૫.૩૬ | ૫૯.૮૪ |
| | | છોટાઉદેપુર | ૧૧.૨૯ | ૧૨૧.૮૮ | ૬૯.૬૯ |
| | | જેતપુરપાવી | ૧.૨૯ | ૧૦૮.૪૬ | ૯૧.૦૫ |
| | | નસવાડી | ૧.૮૩ | ૮૧.૫ | ૨.૧૫ |
| ૩ | નર્મદા | તિંલક્વાડા | ૦૦.૦૦ | ૧૯૧.૨૩ | ૩૫.૫૧ |
| ૪ | પંચમહાલ | કડાણા | ૧૨૧.૫૦ | ૩૭૬.૦૦ | ૫૭.૬૩ |
| | | સંતરામપુર | ૧૭૬.૭૫ | ૪૭૩.૦૦ | ૨૬.૩૭ |
| ૫ | દાહોદ | ફતેપુરા | ૭.૫૦ | ૬૦.૨૪ | ૬.૬૯ |
| | | ઝાલોદ | ૯.૨૫ | ૩૩.૩૬ | ૭.૫૧ |
| | | ગરબાડા | ૨૩.૦૦ | ૬૨.૮૮ | ૧૧.૩૩ |
| | | ધાનપુર | ૧૮.૦૦ | ૧૬.૮૦ | ૨.૪૪ |
| | | દેવગઢબારીયા | ૧.૭૫ | ૧૮.૨૪ | ૧.૦૨ |
| | | દાહોદ | ૧૪.૭૫ | ૩૮.૧૬ | ૩.૬૭ |
| | | લીમખેડા | ૧૯.૭૫ | ૩૨.૪૦ | ૪.૦૦ |
| ૬ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૦૦.૦૦ | ૨૭૫.૦૦ | ૨૬૧.૦૦ |
| ૭ | વલસાડ | કપરાડા | ૦૦.૦૦ | ૫૩૪.૦૦ | ૩૩૩.૦૦ |
| ૮ | નવસારી | વાસંદા | ૦૦.૦૦ | ૧૦૮.૦૦ | ૬૬૧.૦૦ |
| ૯ | ડાંગ | આહવા | ૦૦.૦૦ | ૧૨૪.૦૦ | ૭૧.૭૩ |

**પત્રક-૨**

**સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ સમાવિષ્ટ તાલુકા**

| ક્રમાંક નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧. | વડોદરા | પાવી જેતપુર, નસવાડી, છોટાઉદેપુર, ક્વાંટ |
| ૨. | નર્મદા | તિલક્વાડા |
| ૩. | પંચમહાલ | સંતરામપુર, કડાણા |
| ૪. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા |
| ૫. | બનાસકાંઠા | દાંતા, અમીરગઢ |
| ૬. | દાહોદ | દાહોદ, લિમખેડા, ફતેપુરા, ગરબાડા, ધાનપુર, દેવગઢબારીયા, ઝાલોદ |
| ૭. | વલસાડ | કપરાડા |
| ૮. | ડાંગ | આહવા |
| ૯. | નવસારી | નવસારી |

## ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ જુદા કરવાની અરજીઓ

**૧૫૭૦૭શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ જુદા કરવા અને નવા રેશનકાર્ડ કાઢવા અને રેશનકાર્ડમાં નામ દાખલ કરવા માટેની કેટલી અરજીઓમાં આવેલી છે,

(૨) ઉપરોક્ત ત્રણ પ્રકારમાં પડતર અરજીઓ કેટલી છે, અને

(૩) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની વિગતે રેશનકાર્ડની અરજીઓ આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | રેશનકાર્ડ જુદા કરવા | નવા રેશનકાર્ડ કાઢવા | રેશનકાર્ડમાં નામ દાખલ કરવા માટે |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૨૨૪૬ | ૧૨૬૩ | ૨૭૦૮ |
| ૨ | અંક્લેશ્વર | ૬૦૨ | ૬૧૭ | ૯૨૪ |
| ૩ | હાંસોટ | ૭૨ | ૬૩ | ૮૩૫ |
| ૪ | જંબુસર | ૬૭૫ | ૧૧૬ | ૩૩૯૯ |
| ૫ | આમોદ | ૨૬૭ | ૧૦૧ | ૬૬૧ |
| ૬ | વાગરા | ૩૬૦ | ૭૪ | ૧૩૭૦ |
| ૭ | ઝગડીયા | ૧૪૦ | ૨૯૨ | ૧૧૮૨ |
| ૮ | વાલીયા | ૧૪૦ | ૨૧૩ | ૪૩૧ |
| | **કુલ :** | **૪૫૦૮** | **૨૭૩૯** | **૧૧૫૧૦** |

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૬૫ અરજી પડતર હતી. આ અરજીઓનો જાન્યુઆરી-૨૦૧૦માં નિકાલ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ થવા બાબત

**૧૫૧૦૧શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિના કેટલા બનાવો છેલ્લા બે વર્ષમાં નોંધાયા, અને

(૨) આવી ગેરરીતિ આચરનારાઓ સામે સરકારે ક્યા પ્રકારના પગલાં લીધાં ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોમાં છેલ્લા બે વર્ષમાં ગેરરીતિના બનાવો નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ગેરરીતિના બનાવોની સંખ્યા** |
|---|---|---|
| (૧) | વડોદરા | ૮૫ |
| (૨) | સાવલી | ૩૬ |
| (૩) | ડભોઈ | ૧૩ |
| (૪) | કરજણ | ૧૪ |
| (૫) | જેતપુર-પાવી | ૧૯ |
| (૬) | સંખેડા | ૮ |
| (૭) | વાઘોડીયા | ૧૫ |
| (૮) | પાદરા | ૨૫ |
| (૯) | નસવાડી | ૧૫ |
| (૧૦) | શિનોર | ૧૧ |
| (૧૧) | છોટાઉદેપુર | ૬ |
| (૧૨) | ક્વાંટ | ૫ |
| | **કુલ** | **૨૫૨** |

(૨) આવી ગેરરીતિ આચરનારાઓ સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. રૂા. ૧૪,૪૫,૪૭૦/-ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

૨. રૂા. ૪,૮૬,૧૭૩/-ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

૩. રૂા. ૩,૮૯,૩૫૦/-ની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.

૪. રૂા. ૧,૦૫,૨૨૫/-ની રકમનો દંડ કરવામાં આવ્યો.

૫. ૮ પરવાના રદ કરવામાં આવ્યા.

૬. ૪૩ પરવાના મોકુફ કરવામાં આવ્યા.

૭. ૨ કોર્ટ કેસ કરવામાં આવ્યા.

**પાટણ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપમાં ફેરવવા બાબત**

૧૬૧૮૪**શ્રી રજનીકાન્ત સો.પટેલ(ચાણસ્મા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) ફેર પ્રાઈઝ શોપ થવાથી પરવાનેદારોને આવકમાં વધારો થયો છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૫ (પંદર)

(૨) હા, જી.

**પંચમહાલ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં વર્ગ-૨ અને વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ**

૧૫૦૮૯**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકાદીઠ તાલુકા પંચાયતોમાં વર્ગ-૨ અને વર્ગ-૩ ના કર્મચારીઓની કેડરવાઈઝ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાનાં શાં કારણો છે, અને

(૪) સરકાર આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કર્મચારીઓની કેડરવાર નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| વિગત | વર્ગ-૨ની ખાલી જગ્યા | વર્ગ-૩ની ખાલી જગ્યા |
|---|---|---|
| **જિલ્લા પંચાયત** | ૩ | ૭૦ |
| **તાલુકા પંચાયતો** | | |
| ગોધરા | ૦ | ૨૭ |
| સંતરામપુર | ૧ | ૧૬ |
| કાલોલ | ૦ | ૩૩ |
| હાલોલ | ૧ | ૨૭ |
| લુણાવાડા | ૦ | ૨૯ |
| શહેરા | ૦ | ૧૭ |
| જાંબુઘોડા | ૦ | ૧૨ |
| મોરવા | ૦ | ૦૭ |
| ઘોઘંબા | ૧ | ૧૨ |
| ખાનપુર | ૦ | ૧૩ |
| કડાણા | ૧ | ૧૨ |
| **તાલુકા પંચાયતો કુલ** | ૪ | ૨૦૫ |

(૨) આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) ઉક્ત જગ્યાઓ વય નિવૃત્તિ, અવસાન, બદલી-બઢતી વગેરે જેવા કારણોસર ખાલી છે.

(૪) સત્વરે

**ભરૂચ જિલ્લામાં વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૬૧૬૩ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વન તલાવડી યોજના હેઠળ કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૧૯૮૦ પહેલાંની જમીનની સનદો આપવા બાબત**

૧૬૪૮૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૧૯૮૦ પહેલાંથી ખેડતા હોય તેવા તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલા ખેડૂતોને સનદો આપવાની બાકી છે,

(૨) સનદો આપવાની બાકી રહેવાનાં કારણો શાં છે, અને

(૩) હવે ક્યાં સુધીમાં સનદો આપી દેવામાં આવશે ?

**જવાબ**

(૧) જે દાવાઓને ભારત સરકારની આખરી મંજૂરી મળી ગયેલ છે તે પેકીના કોઈને સનદ આપવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ આપવા બાબત**

૧૫૩૬૬**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ પૂરાં પાડવામાં આવ્યા, અને

(૨) કેટલા પરિવારોને બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડની અરજીઓની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | નવા બી.પી.એલ. રેશનકાર્ડ માટેની અરજી | નામંજૂર અરજીઓ | ચકાસણી હેઠળ બાકી અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર (ઝોનલ-૧) | ૫૪૪૦ | ૦ | ૫૪૪૦ |
| ૨ | ભાવનગર (ઝોનલ-૨) | ૪૯૪૭ | ૦ | ૪૯૪૭ |
| ૩ | ભાવનગર (ગ્રામ્ય) | ૦ | ૦ | ૦ |
| ૪ | ઘોઘા | ૦ | ૦ | ૦ |
| ૫ | તળાજા | ૦ | ૦ | ૦ |
| ૬ | મહુવા | ૨૧ | ૨૧ | ૦ |
| ૭ | પાલીતાણા | ૨૧ | ૧૦ | ૧૧ |
| ૮ | ગારીયાધાર | ૦ | ૦ | ૦ |
| ૯ | ગઢડા | ૦ | ૦ | ૦ |
| ૧૦ | બોટાદ | ૬૫ | ૬૨ | ૩ |
| ૧૧ | ઉમરાળા | ૦ | ૦ | ૦ |
| ૧૨ | વલ્લભીપુર | ૦ | ૦ | ૦ |
| ૧૩ | શીહોર | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૧૦૪૯૪ | ૯૩ | ૧૦૪૦૧ |

બાકી અરજીઓ હયાત ધોરણો અને પાત્રતાને આધીન નિર્ણિત કરવામાં આવશે.

------------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગારી ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત**

૧૫૭૨૦**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા ઈસમોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેની સામે કેટલા કામની માગણી આવી, અને

(૩) જોબકાર્ડ આપેલ હોય છતાં રોજગારી ન આપી હોય તેવા ઈસમોની સંખ્યા કેટલી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના અન્વયે ૧૪૩૯૫૨ ઇસમોને જોબકાર્ડ આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપવામાં આવેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨૪૩૮૬ |
| ઉમરેઠ | ૧૪૪૯૪ |
| બોરસદ | ૩૫૯૩૬ |
| આંકલાવ | ૧૬૫૦૦ |
| પેટલાદ | ૨૧૭૭૮ |
| સોજિત્રા | ૮૮૩૬ |
| ખંભાત | ૧૫૯૯૪ |
| તારાપુર | ૬૦૨૮ |
| કુલ : | ૧૪૩૯૫૨ |

(૨) તેની સામે નીચે મુજબ કામની માગણી આવેલ છે.

| તાલુકાનું નામ | કામની માંગણી કરેલ કુટુંબોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ અંતિત) | |
| આણંદ | ૪૪૫૪ | ૭૪૭ | ૫૨૦૧ |
| ઉમરેઠ | ૧૨૬૬ | ૧૪૬૬ | ૨૭૩૨ |
| બોરસદ | ૧૪૯૫ | ૨૦૮૬ | ૩૫૮૧ |
| આંકલાવ | ૧૨૬૦ | ૧૩૦૫ | ૨૫૬૫ |
| પેટલાદ | ૧૦૯૫ | ૬૭૫ | ૧૭૭૦ |
| સોજિત્રા | ૧૯૭૨ | ૧૫૧૬ | ૩૪૮૮ |
| ખંભાત | ૫૫૪૪ | ૩૨૫૬ | ૮૮૦૦ |
| તારાપુર | ૧૪૩૦ | ૧૫૭૫ | ૩૦૦૫ |
| કુલ : | ૧૮૫૧૬ | ૧૨૬૨૬ | ૩૧૧૪૨ |

(૩) જોબકાર્ડ આપેલ હોય અને કામની માંગણી કરેલ હોય તેવા તમામ કુટુંબોને રોજગારી આપેલ છે તેથી રોજગારી ન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાઘજીપુર કચેરી હસ્તકના વન વિસ્તારમાં ચંદનના વૃક્ષો કાપવાની ફરિયાદ**

૧૬૪૭૬**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પરિક્ષેત્ર વન અધિકારીની ક્ચેરી, મુ. વાઘજીપુર તાલુકા : કપડવંજ હસ્તકના વન વિસ્તારમાંથી તારીખ ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ચંદનના વૃક્ષો કાપવા અંગેની કેટલી ફરિયાદો મળી, અને

(૧) ૨ (બે).

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ગુનેગારો પકડાયા છે?

(૨) કોઇ ગુનેગાર મળી આવેલ નથી. તપાસ ચાલુ છે.

------------

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગારી ગેરંટી યોજનામાં થયેલ કામ**

૧૪૭૦૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ તાલુકાવાર કેટલા કામો કરવામાં આવ્યા, અને

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૯૨૯૫ અને રાજકોટ જિલ્લામાં ૨૩૩૯૪ કામો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ તાલુકાવાર કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| અમરેલી જિલ્લો | | રાજકોટ જિલ્લો | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **કામોની સંખ્યા** | **તાલુકાનું નામ** | **કામોની સંખ્યા** |
| અમરેલી | ૮૮૭ | ધોરાજી | ૧૨૭૬ |
| બાબરા | ૯૯૯ | ગોંડલ | ૧૪૪૪ |
| બગસરા | ૫૬૪ | જામકંડોરણા | ૧૭૮૯ |
| ધારી | ૭૧૭ | જસદણ | ૧૯૮૧ |
| જાફરાબાદ | ૭૭૧ | જેતપુર | ૧૪૩૩ |
| ખાંભા | ૭૫૨ | કોટડાસાંગાણી | ૧૩૪૯ |
| કુંકાવાવ | ૮૦૭ | લોધીકા | ૧૪૨૬ |
| લાઠી | ૯૨૦ | માળીયા (મી.) | ૧૧૮૬ |
| લીલીયા | ૭૫૮ | મોરબી | ૨૧૭૩ |
| રાજુલા | ૧૦૭૦ | પડધરી | ૧૫૧૩ |
| સાવરકુંડલા | ૧૦૫૦ | રાજકોટ | ૨૯૪૮ |
| **કુલ :** | **૯૨૯૫** | ટંકારા | ૧૨૩૨ |
| | | ઉપલેટા | ૧૩૯૯ |
| | | વાંકાનેર | ૨૨૪૬ |
| | | **કુલ :** | **૨૩૩૯૫** |

(૨) આ કામોમાં ક્યા ક્યા તાલુકામાં કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી નથી ?

(૨) આ કામોમાં તમામ તાલુકામાં માંગણી કરેલ તમામને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. તેથી રોજગારી આપવામાં આવી નથી તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડી-સેંગમાં સંવર્ગવાર મહેકમ**

૧૫૫૪૯**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ડી-સેંગમાં સંવર્ગવાર કેટલું મહેકમ નક્કી થયેલ છે,

(૧) ૬૭.

(પત્રક-૧ મુજબ)

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા | મંજૂરીનો આધાર |
|---|---|---|---|
| ૧ | જુનિયર કન્સલ્ટન્ટ | ૫ | આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક વક્ય-૨૦૦૭-૨૧૪-ડી-સેગ-ખ તા. ૦૫-૦૧-૨૦૦૮ |
| ૨ | ટીમ લીડર | ૧ | ભારત સરકારના ટ્રાયબલ એફેર્સ - નવી દિલ્હીના પત્ર ક્રમાંક-૧૪૨૦-(૭)-૨૦૦૯-એસજી-૧, તા.૧૮-૦૧-૨૦૧૦થી મંજૂર થયેલ છે. |
| | સિનિયર કન્સલ્ટન્ટ | ૬ | |
| | કન્સલ્ટન્ટ | ૨૩ | |
| | યંગ પ્રોફેશનલ | ૧૮ | |
| | જુનિયર કન્સલ્ટન્ટ | ૧૪ | |
| | **કુલ :** | **૬૭** | |

(૨) આ મહેકમની ભરતી માટે કેટલી જાહેરાતો આપી, તેમજ ઈન્ટરવ્યુ કઈ તારીખે રાખેલા,

(૨) પાંચ જાહેરાતો આપી.
૨૩-૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૮.
૫-૬ એપ્રિલ, ૨૦૦૮.
૭-૮ જુન, ૨૦૦૮.
૧૯-૨૦ ઓક્ટોબર, ૨૦૦૮.
૧૮મી ડિસેમ્બર, ૨૦૦૮.
૨૩-૨૪ મે, ૨૦૦૯.
૨૯-૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૯.
૩૦-૩૧ ડિસેમ્બર, ૨૦૦૯.

(૩) તેમાં કેટલા સ્ટાફની ભરતી કરી, અને

(૩) ૬૫.

(૪) તે પેકી ગુજરાતના કેટલા ઉમેદવારો છે ?

(૪) ૬૪.

------------

**માંગરોળ તાલુકા પંચાયતનું નવું મકાન મંજૂર કરવા બાબત**

૧૫૬૭૭**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકાનું તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકા પંચાયતનું મકાન નવું મંજૂર કરેલ છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો કેટલા સમયમાં કામ પૂર્ણ થશે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો મંજૂર ન કરેલ હોય તો કેટલા સમયમાં મંજૂર કરી તેનું કામ શરૂ કરવા માંગો છો ?

(૩) નવરચિત જિલ્લા અને તાલુકા પંચાયતો માટે ભવન નિર્માણ યોજના અમલમાં છે તે સિવાયના અન્ય તાલુકા પંચાયતો માટે આવી કોઈ યોજના નથી.

------------

**આણંદ જિલ્લામાં સરદાર આવાસ યોજનાનું આયોજન**

૧૫૫૭૪ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા સરદાર આવાસ બનાવવાનું આયોજન હતું,

(૧)

| ક્રમ | તાલુકા | છેલ્લાં બે વર્ષમાં સરદાર આવાસ બનાવવાનું આયોજન |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૯૪ |
| ૨ | ઉમરેઠ | ૨૨૮ |
| ૩ | બોરસદ | ૫૦૭ |
| ૪ | આંકલાવ | ૨૦૦ |
| ૫ | પેટલાદ | ૩૭૪ |
| ૬ | સોજીત્રા | ૧૬૮ |
| ૭ | ખંભાત | ૫૧૬ |
| ૮ | તારાપુર | ૧૩૨ |
| | કુલ | ૨૬૧૯ |

(૨) આયોજન સામે છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા સરદાર આવાસ બનાવવામાં આવ્યા,

(૨)

| ક્રમ | તાલુકા | છેલ્લાં બે વર્ષમાં બનાવેલ સરદાર આવાસ |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૨૧ |
| ૨ | ઉમરેઠ | ૧૮૧ |
| ૩ | બોરસદ | ૨૭૬ |
| ૪ | આંકલાવ | ૧૫૫ |
| ૫ | પેટલાદ | ૩૧૬ |
| ૬ | સોજીત્રા | ૧૨૪ |
| ૭ | ખંભાત | ૩૯૦ |
| ૮ | તારાપુર | ૯૭ |
| | કુલ | ૧૮૬૦ |

(૩) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસોની સોંપણી કરવામાં આવી, અને

(૩) ૧૮૬૦ લાભાર્થીઓને આવાસોની સોંપણી કરવામાં આવેલ છે.

(૪) બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં આવાસ સોંપવામાં આવશે ?

(૪) બાકી રહેલ ૭૩૨ લાભાર્થીઓને સત્વરે પુર્ણ કરી આવાસ સોંપવાનું આયોજન છે.

------------

## કોડીનાર તાલુકામાં ગેરકાયદેસર ચાલતા મોબાઇલ ટાવરો

૧૫૫૬૩ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ક્યા ગામમાં કઇ કંપનીના મોબાઇલ ટાવરો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં કુલ ૪૬ મોબાઈલ ટાવરો કાર્યરત છે. (ગામવાર/કંપનીવાર વિગતો સામેલ પત્રક મુજબ.)

**પ ત્ર ક**

| ક્રમ | ગામનું નામ | મોબાઈલ કંપનીનું નામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એરટેલ | આઈડીયા | વોડાફોન | રીલાઈન્સ | ટાટા | ઈન્ટીયુઝ | બીએસનલ | કુલ |
| ૧ | દેવળી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ |
| ૨ | કડોદર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | સરખડી | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | કાજ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | છારા | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૬ | મુળ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૭ | ગોહિલની ખાણ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૮ | કડવાસણ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૯ | વડનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | ડોળાસા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૬ |
| ૧૧ | વેલણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૫ |
| ૧૨ | મીતીયાજ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૩ | મોટીફાફણી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | આલીદર | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ |
| ૧૫ | હરમડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૧૬ | છાછર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૭ | ઘાંટવડ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ |
| ૧૮ | અરણેજ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૯ | સિંધાજ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ |
| | **કુલ** | **૧૨** | **૭** | **૩** | **૮** | **૯** | **૩** | **૪** | **૪૬** |

(૨) ઉક્ત સ્થિતિએ કાર્યરત મોબાઇલ ટાવરો પેકી સરકારની મંજૂરી મેળવેલ કેટલાં ટાવરો અને વગર મંજૂરીએ ચાલતા કેટલાં ટાવરો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વગર મંજૂરીએ ચાલતાં મોબાઇલ ટાવરો કંપની સામે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ મોબાઈલ ટાવરોની

સંખ્યા ૧૪
મંજૂરી વગરના ટાવરો ૩૨

(૩) વહીવટી કાર્યવાહી ચાલુ છે.

------------

## અમદાવાદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત

૧૫૧૦૪**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | નાબૂદ કરેલ ભૂતિયા રેશનકાર્ડ |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૪૬૭ |
| ૨ | સાણંદ | ૨૦૧૨ |
| ૩ | બાવળા | ૩૨૩૬ |
| ૪ | ધોળકા | ૨૬૨૯ |
| ૫ | વિરમગામ | ૨૬૩૪ |
| ૬ | માંડલ | ૯૯૬ |
| ૭ | દેત્રોજ | ૧૧૪૦ |
| ૮ | ધંધુકા | ૧૧૦૫ |
| ૯ | રાણપુર | ૨૧૬ |
| ૧૦ | બરવાળા | ૧૦૧૮ |
| | **કુલ** | **૧૭૪૫૩** |

(૨) તે પેકી નીચે મુજબ રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા.

| | |
|---|---|
| બીપીએલ | ૨૨૨૬ |
| એ.પી.એલ | ૧૪૮૩૦ |
| અંત્યોદય | ૩૯૭ |

## ધ્રોળ, જોડિયા અને કાલાવડ તાલુકામાં તાડના વૃક્ષોની નોંધણી

૧૬૪૬૯**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધ્રોળ, જોડિયા અને કાલાવડ તાલુકાઓમાં કેટ કેટલાં તાડ વૃક્ષોના સમૂહો વન વિભાગ દ્વારા ડીસે-૨૦૦૯ની સ્થિતિએ નોંધવામાં આવેલ હતાં, અને

(૨) આ તાલુકાઓમાં તાડવૃક્ષોને બચાવવા તથા તાડવૃક્ષોની વૃધ્ધિ કરવા માટે વન વિભાગ તરફથી શાં શાં પગલાંઓ લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ધ્રોળ, જોડિયા અને કાલાવડના તમામ ગામડાઓમાં તાડના વૃક્ષોની ગણતરી થયેલ નથી પરંતુ સને ૨૦૦૮ના વર્ષમાં વૃક્ષ સંખ્યા આકારણી દરમિયાન રેન્ડમ પધ્ધતિ દ્વારા પસંદગી પામેલા ધ્રોળ તાલુકાનાં ત્રણ ગામોમાં ૧૧ તાડવૃક્ષો, જોડિયા તાલુકાના ત્રણ ગામોમાં શુન્ય તાડવૃક્ષો અને કાલાવડ તાલુકાના પાંચ ગામમાં ૨૬ તાડવૃક્ષો, આમ, ધ્રોળ, જોડીયા અને કાલાવડ તાલુકાના કુલ ૧૧ ગામોમાં એકંદરે ૩૭ તાડવૃક્ષો નોંધવામાં આવેલા છે.

(૨) આ તાલુકાઓમાં વૃક્ષો તથા તાડવૃક્ષોના રક્ષણ અને વાવેતર માટે લોકોને સમજ આપવામાં આવે છે.

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

૧૬૪૮૦**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આણંદ જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | તે પેકી નિકાલ કરેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૨૩૧૮ | ૨૩૧૮ | - |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૬૧૪૨ | ૬૧૪૨ | - |
| ૩ | ઉમરેઠ | ૮૦૮ | ૮૦૮ | - |
| ૪ | આંક્લાવ | ૫૦૦ | ૨૫૫ | ૨૪૫ |
| ૫ | બોરસદ | ૧૧૬૦ | ૧૧૬૦ | - |
| ૬ | પેટલાદ | ૨૬૯૩ | ૨૬૯૩ | - |
| ૭ | સોજીત્રા | ૯૫૬ | ૯૧૫ | ૪૧ |
| ૮ | ખંભાત | ૧૭૦૫ | ૧૭૦૫ | - |
| ૯ | તારાપુર | ૩૬૭ | ૩૪૯ | ૧૮ |
| | કુલ | ૧૬૬૪૯ | ૧૬૩૪૫ | ૩૦૪ |
| **ખેડા જિલ્લો** | | | | |
| અ.નં. | તાલુકાનું નામ | નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | તે પેકી નિકાલ કરેલ અરજીઓ | પડતર અરજીઓ |
| ૧ | નડીયાદ શહેર | ૮૪૧ | ૮૩૪ | ૭ |
| ૨ | નડીયાદ ગ્રામ્ય | ૯૧૪ | ૮૮૫ | ૨૯ |
| ૩ | માતર | ૧૪૭ | ૧૪૭ | - |
| ૪ | ખેડા | ૨૧૩ | ૨૦૦ | ૧૩ |
| ૫ | મહેમદાવાદ | ૨૭૨ | ૧૯૩ | ૭૯ |
| ૬ | મહુધા | ૧૦૧ | ૯૪ | ૭ |
| ૭ | કઠલાલ | ૧૫૩ | ૧૩૯ | ૧૪ |
| ૮ | કપડવંજ | ૫૪૩ | ૫૧૩ | ૩૦ |
| ૯ | ઠાસરા | ૪૪૨ | ૪૩૭ | ૫ |
| ૧૦ | બાલાશિનોર | ૧૭૩ | ૧૭૩ | - |
| ૧૧ | વિરપુર | ૭૯ | ૭૯ | - |
| | **કુલ** | **૩૮૭૮** | **૩૬૯૪** | **૧૮૪** |

------------

## બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં રોજગારી આપવા બાબત

૧૬૧૮૩ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના નીચે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૯૯૫૦ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે શ્રમિકોને કુલ કેટલું વેતન ચૂકવવામાં આવ્યું ?

(૨) શ્રમિકોને કુલ રૂા. ૧૮૬૬.૯૦ લાખનું વેતન ચૂકવવામાં આવેલ છે.

## ગીરના જંગલમાં સિંહોની સંખ્યા

૧૫૭૦૮**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ગીરના જંગલોમાં સિંહોની સંખ્યા કેટલી છે, | (૧) અંદાજે ૨૯૧. |
| (૨) સિંહોના મધ્યપ્રદેશ સ્થળાંતર અંગે અને બદલામાં વાઘ આપવાની ઓફર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ક્યારે કરવામાં આવી, અને | (૨) નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની સ્ટેંડીંગ કમિટિની તા. ૧૭-૭-૨૦૦૯ની બેઠકમાં ચેરમેનશ્રી દ્વારા ગુજરાતમાં વાઘની વસ્તી ન હોઈ વાઘ વસાવવાની શક્યતા તપાસવા જણાવેલ છે. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેવા પ્રકારનું વલણ દર્શાવેલ છે ? | (૩) રાજ્ય સરકાર દ્વારા આ બાબતે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. |

## ભાદરોડ ગ્રામપંચાયતને શોચાલય બનાવવા ફાળવેલ ગ્રાન્ટ

૧૫૦૯૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાની ભાદરોડ ગૃપ ગ્રામ પંચાયતને નિર્મળ ગ્રામ યોજના હેઠળ શોચાલયો બનાવવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જીલ્લાના ખાનપુર તાલુકાની ભાદરોડ ગૃપ ગ્રામ પંચાયતને નિર્મળગ્રામ યોજના હેઠળ શોચાલયો બનાવવા માટે રૂા. ૨,૬૩,૬૦૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કરવા માટે ગૃપ ગ્રામ પંચાયતે કઇ એજન્સીને કામ સોંપ્યું, | (૨) આ કામગીરી કરવા માટે ગૃપ ગ્રામ પંચાયત, ભાદરોડે શિવશક્તિ ટ્રેડીંગ કુ., મુ. વીરપુર, જિલ્લા ખેડાની એજન્સીને કામ સોંપેલ છે. |
| (૩) આ એજન્સીને કેટલા નાણાંની ચૂકવણી કરવામાં આવી, | (૩) આ એજન્સીને રૂા. ૧,૨૦,૦૦૦/-નાણાંની ચૂકવણી કરવામાં આવેલ છે. |
| (૪) શોચાલય બનાવવાની કામગીરી પૂર્ણ થઇ નથી તે હકીકત સાચી છે, અને | (૪) હા જી. |
| (૫) જો હા, તો સરકારના નાણાંનો દૂરુપયોગ કરનાર સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૫) સરકારના નાણાંનો દુરુપયોગ કરનાર સામે લીધેલ પગલાંની વિગત નીચે મુજબ છે.<br>▪ ગ્રામ પંચાયત, ભાદરોડે તા. ૧૫-૬-૦૯ ના રોજ શિવશક્તિ ટ્રેડીંગ કુ., મુ. વીરપુર, જી. ખેડાની એજન્સીને કામ પૂર્ણ કરવાની નોટીસ આપેલ છે.<br>▪ સરપંચ અને ઉપસરપંચ સામે નાણાંકીય અનિયમિતતા બાબતે ફોજદારી કેસ કરવા તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ નીચે ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરવા તથા તલાટી કમ મંત્રી સામે પણ જરૂરી કાર્યવાહી કરવા તાલુકા વિકાસ અધિકારીશ્રી, ખાનપુરને સૂચના આપવામાં આવેલ છે. |

## ભરૂચ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત

૧૬૧૬૪**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, અને | (૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૪.૬૭ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) તેની પાછળ રૂા. ૫૮.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**વનબંધુ કલ્યાણ યોજનામાં ડ્રાઇવર માટેની તાલીમ**

૧૬૪૯૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ડ્રાયવરની તાલીમ તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યાં ક્યાં તાલીમ સ્થળેથી કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપી, અને | (૧) ગજાદરા તા. વાઘોડીયા, જિ. વડોદરા ખાતેથી ૧૦૨ તાલીમાર્થીઓને તાલીમ આપી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૨૦,૭૭,૫૬૭. |

------------

**મહુવા તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળ આવેલ અરજીઓ**

૧૬૫૯૭**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ મહુવા તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળ મકાન બનાવવા માટેની કેટલી અરજીઓ આવી, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ મહુવા તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળ મકાન બનાવવા માટેની ૧૪૭ અરજીઓ આવી છે. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૧૪૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. |
| (૩) મંજૂર થયેલ પૈકી તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મકાનમાં કામ પૂર્ણ થયેલ છે, અને | (૩) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ૫૦ મકાનના કામ પૂર્ણ થયેલ છે. |
| (૪) કેટલા મકાનોનાં કામ બાકી છે ? | (૪) ૯૭ મકાનોનાં કામ પ્રગતિમાં છે. |

------------

# અતારાંકિત પ્રશ્નો

## પહેલી અતારાંકિત યાદી

**ધારાસભ્યશ્રીના પત્રોના પ્રત્યુતરના પરિપત્ર બાબત**

અતારાંક્તિ : ૨૩૭૦ (૨૬-૧૧-૦૯) **શ્રી અમીતકુમાર ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ધારાસભ્યશ્રીના રજૂઆત પત્રોને અપાતા પ્રત્યુતર સંબંધી કોઇ પરિપત્રો થયેલ છે કે કેમ, અને જો હા, તો ક્યારે, અને

(૨) તે પરિપત્રોનું અમલીકરણ યોગ્ય રીતે થાય તે માટે મોનીટરીંગની શું વ્યવસ્થા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૪-૧-૨૦૧૦) :

(૧) હા, તા.૩૦-૪-૯૯, ૨૧-૮-૦૭ તથા ૧૬-૯-૦૮ના પરિપત્રો થયેલ છે.

(૨) આવા પત્રો અંગે દર માસે આંકડાકીય માહિતી મેળવવામાં આવે છે. સચિવશ્રીઓની બેઠકમાં સમીક્ષા થાય છે તેમજ માન. મુખ્ય મંત્રીશ્રી કચેરી તરફથી પણ સમીક્ષા કરવામાં આવે છે.

-------------

**નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લામાં શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ**

અતારાંક્તિ : ૧૭૩૮ (૯-૯-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા
કૃપા
કરશે કે-

(૧) તા.૩૧-૭-૦૯ની સ્થિતિએ નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લામાં તાલુકાવાર કઇ કઇ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ નથી,

(૨) આ સુવિધાઓ સત્વરે પૂરી પાડવા સરકારે શાં પગલાં લીધાં, અને

(૩) કેટલા સમયમાં આવી ફાયર સેફટી સુવિધાઓ ઉપલબ્ધ થશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૧૨-૦૯) :

(૧) તા.૩૧-૭-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લા પૈકી તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં એક પ્રાથમિક શાળામાં ફાયર સેફટીની સુવિધા નથી.

(૨) આ પ્રાથમિક શાળામાં ફાયર સેફટીની સુવિધા પૂરી પાડવા ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીને જાણ કરવામાં આવેલ છે.

(૩) જેમ બને તેમ જલદી.

-------------

**કચ્છ જિલ્લામાં સરકારી તેમજ ટ્રસ્ટ સંચાલિત ચાલતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

અતારાંક્તિ : ૨૨૪૧ (૧૪-૧૦-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં સરકારી તેમજ ટ્રસ્ટ સંચાલિત ચાલતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર ક્યા ક્યા સ્થળે આવેલી છે,

(૨) આ અન્વયે તા.૩૧-૮-૦૯ની સ્થિતિએ શાળાવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૩) મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓ કેટલી અને ક્યા ક્યા વિષયોની છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ કટેલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧-૨૦૧૦) :

(૧) તાલુકાવાર પત્રક સામેલ છે. - પત્રક -૧ (અ)
પત્રક -૧ (બ)
પત્રક -૧ (ક)

(૨) પત્રક -૨ (અ)
પત્રક -૨ (બ)

(૩) પત્રક -૩ (અ)
પત્રક -૩ (બ)

(૪) જેમ બને તેમ જલદી.

-------------

**નિવૃત થયેલ કર્મચારીને નવા પગાર પંચનો આપવાનો બાકી લાભ**

અતારાંક્તિ : ૨૩૪૫ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૧-૧-૦૬ કે તે પછી જામનગર જિલ્લામાં નિવૃત થનાર રાજ્ય સરકાર તથા પંચાયતોના કર્મચારીની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી કેટલાને નવા પગાર ધોરણનો લાભ મળ્યો,

(૩) કેટલાને લાભ આપવાનો બાકી છે, અને

(૪) શા કારણે બાકી રહેવા પામેલ છે ?

**નાણા મંત્રીશ્રી** (૩૦-૧-૨૦૧૦) :

(૧) તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૧૨-૨૦૦૯ દરમ્યાન નિવૃત થનાર રાજ્ય સરકાર તથા પંચાયતોના કર્મચારીઓની કુલ સંખ્યા ૨૨૩૦ છે.

(૨) ૧૫૫૭.

(૩) ૬૭૩.

(૪) નાણા વિભાગના તા.૨૭-૨-૨૦૦૯ના જાહેરનામા અન્વયે કર્મચારીઓને પગાર સુધારણા માટેનો વિકલ્પ આપવાની મુદત જાહેરનામું રવાના થવાની તારીખથી ત્રણ માસ હતી જે નાણા વિભાગના તા.૨૬-૫-૨૦૦૯ના ઠરાવ અન્વયે તારીખ ૩૦-૯-૨૦૦૯ સુધી લંબાવવામાં આવતા કેસો મોડા રજુ થયેલ. આ બાબત ધ્યાને રાખી તા.૧-૧૦-૨૦૦૯થી પગાર ચકાસણીની કાર્યવાહી શરૂ થવાને કારણે બાકી રહેવા પામેલ છે.

### જામનગર જિલ્લામાં પંચાયત શિક્ષકોને પેન્શન

અતારાંક્તિ : ૨૩૪૬ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં રાજ્ય સરકાર અને પંચાયતના શિક્ષકો સહિતના કે જે તા.૧-૧-૨૦૦૬ પછી નિવૃત થયા છે તેમના પેન્શન કેસો નવા પગાર ધોરણે નક્કી કરવામાં આવે છે કે જુના પગાર ધોરણે, અને

(૨) તે પેકી તા.૩૧-૧૦-૦૯ની સ્થિતિએ નવા પગાર ધોરણે તેયાર કરાયેલ પેન્શનરોની સંખ્યા કેટલી, તથા જુના પગાર ધોરણે કરાયેલ પેન્શનરોની સંખ્યા કેટલી ?

**નાણાં મંત્રીશ્રી** (૧૫-૧-૨૦૧૦) :

(૧) પ્રથમ જુના પગાર (પાંચમાં પગાર પંચ) અન્વયે પેન્શન નક્કી કરવામાં આવે છે. જુના પગારમાં પેન્શન નક્કી કર્યા બાદ IFMS પ્રોગ્રામ હેઠળ નવા પગાર ધોરણ (છઠ્ઠા પગાર પંચ) અન્વયે On Line પેન્શન સુધારણા કરવામાં આવે છે રાજ્ય સરકારના શિક્ષકોની On Line પેન્શન સુધારણા અંગેની કામગીરી જુલાઇ-૨૦૦૯થી અને પંચાયતના શિક્ષકો માટે તારીખ ૨૦-૧૧-૨૦૦૯થી શરૂ કરવામાં આવી છે.

(૨) તારીખ ૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ, જુના પગાર ધોરણ (પાંચમાં પગાર પંચ) અન્વયે રાજ્ય સરકારના ૨૭૬ શિક્ષક અને પંચાયતના ૪૪૪ શિક્ષક પેન્શનરોની પેન્શન સુધારણા કરવામા આવી છે.

તારીખ ૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ, નવા પગાર ધોરણ (છઠ્ઠા પગાર પંચ) અન્વયે માત્ર રાજ્ય સરકારના ૩૨ શિક્ષક પેન્શનરોની પેન્શન સુધારણા કરવામાં આવી છે.

### ઇલેક્ટ્રોનિક્સ તોલમાપને પ્રમાણિત કરવાની પ્રથા

અતારાંક્તિ : ૨૩૫૫ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ તોલમાપનું ચલણ વ્યાપક બન્યું છે. ત્યારે આવાં ઇલેક્ટ્રોનિક્સ તોલમાપને પ્રમાણિત કરવા શું પધ્ધતિ સરકારે દાખલ કરેલ છે, અને

(૨) ગ્રાહકને કાંટો પ્રમાણિત છે કે કેમ તેની જાણકારી કેવી રીતે અપાય છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૧૨-૦૯) :

(૧) જે તે ક્ષેત્રનાં વિભાગીય સિનીયર/જુનિયર નિરીક્ષક, કાનુની માપ વિજ્ઞાન, પાસે વેપારી જાતે અથવા તંત્ર દ્વારા માન્ય પરવાનેદાર મારફતે તેઓનો ઇલેક્ટ્રોનિક્સ તોલમાપ નિયત કરવામાં આવેલ ફી સાથે રજુ કરવામાં આવે ત્યારે તે તંત્રના વર્કિંગ સ્ટાન્ડર્ડ વજન દ્વારા બરાબર વજન બતાવે છે કે કેમ તેની ચકાસણી કરી વાયરથી સીલ કરી તેના પર સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ મુદ્રા દ્વારા મુદ્રાંક્ન કરી આપવામાં આવે છે તે બદલનું ખરાઇ પ્રમાણપત્ર વેપારીને આપવામાં આવે છે.

(૨) ગ્રાહક બેલેન્સ ઉપરનું મુદ્રાંક્ન તથા ખરાઇ પ્રમાણપત્ર જોઇને કાંટો પ્રમાણિત છે તે જાણી શકે છે. તથા કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ગ્રાહક સુરક્ષા બાબતે યોજાતા સેમીનારોમાં ગ્રાહકોને જાણકારી અપાય છે.

## ભાવનગર જિલ્લામાં કાર્યરત પી.એચ.સી. અને સી.એચ.સી. ની કામગીરીનું આઉટ સોર્સીંગ

અતારાંકિત : ૧૯૯૩ (૧૫/૦૯/૨૦૦૯) **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કાર્યરત પી.એચ.સી. અને સી.એચ.સી. દીઠ ક્યા વર્ગના કેટલા કર્મચારીઓ ક્યારથી આઉટસોર્સીંગથી રાખવામાં આવેલ છે,

(૨) સંવર્ગ પ્રમાણે આઉટસોર્સીંગથી રાખેલ કર્મચારીઓ કોણ કોણ છે, તેઓને કેટલો પગાર આપવામાં આવેલ છે, અને ક્યા મહિના સુધીનો પગાર ચૂકવવામાં આવેલ છે, અને

(૩) ભાવનગર, જિલ્લામાં આઉટસોર્સીંગ કરનાર એજન્સી કઇ છે, અને ઉક્ત કામગીરીનો કેટલો અનુભવ ધરાવે છે અને તેની સાથેના કરારની શરતો શું છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૨/૦૧/૨૦૧૦) :

(૧) અને (૨) : તા. ૩૧-૦૫-૨૦૦૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કાર્યરત ૪૪ પી.એચ.સી. માં આઉટ સોર્સીંગથી કોઇ કર્મચારીઓને રાખવામાં આવેલ નથી.

ભાવનગર જિલ્લામાં કાર્યરત ૧૪ સી.એચ.સી. પૈકીના જે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના આઉટ સોર્સીંગથી રાખેલ છે, તેની સંવર્ગવાર કર્મચારીઓની વિગત તથા પગાર ચૂકવણીની વિગત દર્શાવતું પત્રક-(૧) આ સાથે સામેલ છે.

(૩) ભાવનગર જિલ્લામાં આઉટ સોર્સીંગ કરનાર એજન્સી નીચે મુજબ છે :

(૧) મેસર્સ એમ. જે. સોલંકી પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર્સ, ભાવનગર.

(૨) ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ.

એમ. જે. સોલંકી પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર્સ અને ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ ઉક્ત કામગીરીનો ચાર વર્ષનો અનુભવ ધરાવે છે અને એમ. જે. સોલંકી પેરામેડીકલ સ્ટાફ સપ્લાયર્સ સાથે થયેલ કરારની શરતો દર્શાવતું પત્રક-(૨) અને ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ સાથે થયેલ એમ.ઓ.યુ. ની ગુજરાતી ભાષાંતરની નકલ પત્રક-(૩) આ સાથે સામેલ છે.

### પત્રક - ૧

| ક્રમ | સા.આ. કેન્દ્રનું નામ | કર્મચારીનું નામ | વર્ગ | હોદ્દો | માસિક લેખે રૂ. | બજાવેલ ફરજનો સમયગાળો | તા. ૩૧-૫-૨૦૦૯ સુધી ચુકવેલ મહેનતાણું રૂ. | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કોળીયાક | ભટ્ટ પ્રવિણભાઈ આર. | ૩ | ફાર્માસીસ્ટ | ૬૧૫૦/- | તા.૪-૯-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૫૪૭૩૫/- | એમ. જે. સોલંકી, પેરા મેડિક્લ સ્ટાફ સપ્લાયર્સ મારફ્તે |
| ૨ | વરતેજ | ગોહિલ રાજેન્દ્રભાઈ એન. | ૩ | ફાર્માસીસ્ટ | ૬૧૫૦/- | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૩૦૭૫૦/- | |
| ૩ | બોટાદ | સાપરા કાર્તિક પી. | ૩ | ફાર્માસીસ્ટ | ૬૧૫૦/- | તા.૧-૭-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૬૭૬૫૦/- | |
| ૪ | દાઠા | ભાલિયા બુધાભાઈ પી. | ૩ | ફાર્માસીસ્ટ | ૬૧૫૦/- | તા.૧-૫-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૬૧૫૦/- | |
| ૫ | ઘોઘા | શિયાળ ભાવેશભાઈ કે. | ૩ | ફાર્માસીસ્ટ | ૬૧૫૦/- | તા.૧-૫-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૬૧૫૦/- | |
| ૬ | ગારીયાધાર | પરમાર સંગીતાબેન | ૩ | ફાર્માસીસ્ટ | ૩૫૦૦/- | તા. ૯-૩-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૯૫૯૭/- | ઇન્ડીયન રેડક્રોર્સ મારફ્તે |
| ૭ | પાળીયાદ | વીરજા વિજય | ૩ | ફાર્માસીસ્ટ | ૩૫૦૦/- | તા.૮-૯-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૩૧૧૫૦/- | |
| ૮ | ઉમરાળા | માણીયા સુરેશભાઈ | ૩ | ફાર્માસીસ્ટ | ૩૫૦૦/- | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૭૦૦૦/- | |
| ૯ | દાઠા | ઝાલા સોમદેવસિંહ | ૩ | ડ્રાઇવર | ૨૫૦૦/- | તા.૧૯-૧-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૧૧૦૪૮/- | એમ. જે. સોલંકી, પેરા મેડિક્લ સ્ટાફ સપ્લાયર્સ મારફ્તે |
| ૧૦ | વરતેજ | હાવલીયા સુનિલ કે. | ૪ | પાર્ટ. સ્વીપર | ૩૯૯૫/- | તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૯૬૫/- | |
| ૧૧ | બોટાદ | ડાગીયા હીરાભાઈ શીવાભાઈ | ૪ | સ્વીપર | ૩૯૯૫/- | તા.૧૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૬૨૩૪/- | |
| ૧૨ | બોટાદ | ક્રેહડીયા ધુધાભાઈ એસ. | ૪ | સ્વીપર | ૩૯૯૫/- | તા.૧૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૬૨૩૪/- | |
| ૧૩ | ગઢડા | વાળા મનીષાબેન એસ. | ૪ | સ્વીપર | ૩૯૯૫/- | તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૫૭૮/- | |
| ૧૪ | ઉમરાળા | ડેવડીયા રાજેશ ટી. | ૪ | પાર્ટ. સ્વીપર | ૩૯૯૫/- | તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૫૭૮/- | |
| ૧૫ | પાળીયાદ | ગોરડીયા અશોક્ભાઈ બી. | ૪ | પાર્ટ. સ્વીપર | ૩૯૯૫/- | તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૫૭૮/- | |
| ૧૬ | પાળીયાદ | પરમાર ભરતભાઈ જે. | ૪ | પાર્ટ. સ્વીપર | ૩૯૯૫/- | તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૫૭૮/- | |
| ૧૭ | કોળીયાક | બારડ જગદીશભાઈ એમ. | ૪ | પટાવાળા | ૩૮૫૦/- | તા.૪-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૬૪૩૭/- | |
| ૧૮ | કોળીયાક | મક્વાણા રતનબેન સી. | ૪ | પાર્ટ. સ્વીપર | ૩૯૯૫/- | તા.૪-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૭૪૩૨/- | |
| ૧૯ | દાઠા | ચોહાણ નાનુભાઈ જી. | ૪ | પટાવાળા | ૩૮૫૦/- | તા.૧૧-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૫૭૯૫/- | |
| ૨૦ | દાઠા | મારૂ સવિતાબેન એચ. | ૪ | વોર્ડ સરવન્ટ | ૪૦૦૦/- | તા.૧૦-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૬૮૦૦/- | |
| ૨૧ | ખુટવડા | ઝાપડીયા વિલાસ ધીરૂભાઈ | ૪ | સ્વીપર | ૩૯૯૫/- | તા.૧૬-૧૧-૦૮ થી તા.૩૧-૫-૦૯ | ૨૬૧૦૧/- | |
| ૨૨ | ખુટવડા | બેરડીયા પ્રભાબેન એ. | ૪ | વોર્ડ સરવન્ટ | ૪૦૦૦/- | તા.૧-૫-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૪૦૦૦/- | |
| ૨૩ | જેસર | નેયારણ ગીતાબેન એ. | ૪ | વોર્ડ સરવન્ટ | ૪૦૦૦/- | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૫-૦૯ | ૮૦૦૦/- | |

### પત્રક - ૨

(૧) ગમે તે સમયે નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાક્ટ બંધ કરી શકાશે તે હક્ક તબીબી અધિક્ષકશ્રી, ............................* ને અબાધિત રહેશે.

(૨) ટેન્ડર સ્વીકાર થયા પછી કોન્ટ્રાક્ટનો સમય એક વર્ષનો રહેશે. તદઉપરાંત અજમાયશી સમય ત્રણ માસનો રહેશે આ સમય દરમ્યાન કોન્ટ્રાક્ટરનું કામ સંતોષકારક જણાશે નહિ કે ટેન્ડરની શરતોનાં ભંગ કરેલી સંસ્થા એક માસની નોટીસ આપી કોન્ટ્રાક્ટ ગમે ત્યારે સમાપ્ત કરી શકાશે અજમાયશી સમય બાદ પણ સંતોષકારક ન કરે કે ટેન્ડરની શરતોનો ભંગ કરશે તો એક માસની નોટીસ આપી સંસ્થા કોન્ટ્રાક્ટ સમાપ્ત/રદ કરી શકશે. કામ સંતોષકારક જણાય કોન્ટ્રાક્ટની મુદ્દત વધુ સમય લંબાવી શકાશે સંબંધીત વડાનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ઇન્કમટેક્ષ ૨.૩૪ ટકા પ્રમાણે કપાત બીલમાંથી નિયમાનુસાર કપાત કરવામાં આવશે.

(૪) ઇન્કમટેક્ષ અગાઉના ભરેલ હોઇ તે સર્ટી ત્રણ માસમાં રજૂ કરવાનું રહેશે તેમજ તમારી લેખીત બાંહેધરીના આધારે તમામ દસ્તાવેજ પણ રજૂ કરવાના રહેશે.

(૫) કોન્ટ્રાક્ટ અંગે લેબર લાયસન્સ મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૬) કોન્ટ્રાક્ટરે માણસોના ઇ.એસ.આઇ., જી.પી.એફ. તેમજ શોપ એકટ મુજબ લાયસન્સો મેળવીને બે માસમાં રજૂ કરવાના રહેશે. ત્યારબાદ જ બીલો ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૭) ટેન્ડર વધારે સમય ચાલુ રાખવાનું કે બંધ કરવું તેનો આબાધિત હક્ક તબીબી અધિક્ષકશ્રી, ..............................* ને રહેશે.

(૮) ટેન્ડરની અમલવારી (સમયગાળો) સુધીની રહેશે. કોન્ટ્રાક્ટ વધારે સમય લંબાવી આપવામાં આવશે તો તે એગ્રીમેન્ટ કરવાનું રહેશે તેમજ ટેન્ડરની શરતો બંધનકર્તા રહેશે.

(૯) કોન્ટ્રાકટરએ મહીનો પુર્ણ થતા બીલ રજુ કરવાનું રહેશે અને બીલ મુક્યા પછી દિન-૭ માં તબીબી અધિક્ષકશ્રી, ....................................* એ કોન્ટ્રાકટને બીલનું ચુકવણું કરવાનું રહેશે.

(૧૦) કરારખતની કોઇપણ શરતનો ભંગ બદલ સિક્યુરીટી ડિપોઝીટની જમા કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજુર કરનાર અધિકારીને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી રકમ જપ્ત કરી શકાશે. એકવાર કોઇપણ કારણસર આવી સિક્યોરીટી ડિપોઝીટની પુરેપુરી રકમ પુનઃ જે તે કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૧૧) જે સંસ્થા/સહકારી મંડળી/ટ્રસ્ટને ઇજારો આપવાનો નિર્ણય થયો હશે તેમણે જાતેજ જે તે સેવા આપવાની રહેશે અને આ અંગે તેવી સેવાનાં પુરા ભાગ કે અંશતઃભાગ માટે કોઇ પણની સાથે પેટા કરાર કરી શકાશે નહિ.

(૧૨) આવી સેવાઓ પુરી પાડનાર એજન્સીનાં કોઇપણ કર્મચારીનાં કૃત્ય કે વર્તનનાં કારણે ....................................* કે તેની સાધન સામગ્રીને તેમજ ...........................................* ના કોઇપણ કર્મચારી અધિકારીને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તે નુકશાનીનું ખર્ચ તેમજ કાનુની કાર્યવાહીમાં જોડાવું પડે તેવા સંજોગો ઉભા થાય ત્યારે તે અંગે થયેલ ખર્ચ ભરપાઇ કરી આપવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૩) ઉપર જણાવેલ બધીજ પ્રકારની સેવા પુરી પાડનાર એજન્સી દ્વારા ફરજ પર મુકવામાં આવેલ સઘળાં કર્મચારીઓ આજે કે ભવિષ્યમાં કોઇ પણ સંદર્ભમાં રાજ્ય સરકારનાં કર્મચારી ગણાશે નહિં તેમજ તેને લગતા કોઇપણ જાતનાં પગાર-ભથ્થાં સવલતો કે રજાઓ માટે હક્કદાર ગણાશે નહિ અને એજન્સી દ્વારા પૂરો પાડવામાં આવેલો સ્ટાફ જે તે મુદ્દત પુરી થયે જે તે એજન્સીએ પોતાની સાથે પરત લઇ જવાનો રહેશે.

(૧૪) કોઇ પણ સેવા આપનાર એજન્સી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરારની શરતો કે કોઇપણ એક શરતો ભંગ કરશે તો તે બાબતે સબંધીત એજન્સી પાસેથી લેખીત સ્પષ્ટતા મેળવાની રહેશે. અને જો તેવી સ્પષ્ટતા મેળવવાની રહેશે અને જો સંતોષકારક ના જણાશે કે તેવી શરતોનાં ભંગથી ...............................* ની સેવા પુરી પાડવાની કાર્યવાહીમાં ખલેલરૂપ જણાય કે જરૂરી વ્યવસ્થામાં ખામીનાં કોઇ પ્રશ્નો ઉભા થશે તો તેમની સામે ટેન્ડરની શરતોમાં જણાવેલ જોગવાઇ મુજબ તાત્કાલીક કડક કાર્યવાહી કરવામાં આવશે. ગેરરીતિનાં કિસ્સામાં પોલીસ ફરીયાદ પણ કરી શકશે. જો ટેન્ડરની શરતો મુજબ આવા શરતભંગ બદલ જે તે સેવા આપનાર એજન્સીનો કરાર રદ કરવામાં આવશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૫) કરારખતની કોઇપણ શરતનાં ભંગ બદલ સિક્યુરીટી ડીપોઝીટની જમા કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજૂર કરનાર અધિકારીને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી ડિપોઝીટની રકમ જપ્ત કરી શકાશે. એકવાર કોઇપણ કારણસર આવી સિક્યુરીટી ડિપોઝીટ પેટે અગાઉ સેવા આપનારને જમા કરાવેલી રકમ પુરેપુરી જપ્ત થઇ

જાય કે તુરત જ આવી એજન્સીએ સિક્યોરીટી ડિપોઝીટની વળી પુરેપુરી રકમ પુનઃ જે તે ક્ચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૧૬) આવી સેવાઓ તબીબી અધિક્ષકશ્રી .............................. * ની કામગીરીનાં અનુસંધાને રવિવાર તથા જાહેર રજાનાં દિવસો સહિત દરરોજ નિયમિત પણ ૨૪ ક્લાક (રાઉન્ડ ધી ક્લોક) ઉપલબ્ધ કરાવવાની રહેશે. અને તેના અનુસંધાને તે માટે નિયત થયેલ અધિકૃત સ્ટાફ કામનાં સ્થળે અચૂક હાજર રહે તેવી વ્યવસ્થા સેવા આપનાર એજન્સીએ કરવાની રહેશે.

(૧૭) કોન્ટ્રાક્ટર કે તેમનાં કામદારો તબીબી અધિક્ષકશ્રી ...................................... * નાં કોઇ પણ સ્થળે ક્યારેય રહેઠાણ તરીકે ઉપયોગ કરી શકશે નહિં.

(૧૮) કોન્ટ્રાક્ટર કે કોન્ટ્રાક્ટરનો હેતુ પાર પડે તે માટે તે રીતે પુરતા માણસો રોકવાનાં રહેશે. કોન્ટ્રાક્ટનો સમય પુરો થયે કોન્ટ્રાક્ટ આપો આપ રદ ગણવામાં આવશે અને કોન્ટ્રાક્ટરે પોતાના સઘળા કામદારોને સાથે લઇ જવાના રહેશે.

(૧૯) પોતાના ત્યાં રાખેલા કામદારોનો પાછલો રેકોર્ડ ગુના રહિત હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરાવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

(૨૦) કોઇ પણ અગમ્ય કારણોસર કોન્ટ્રાક્ટ રાખવાની હયાતી ન રહેતો કોન્ટ્રાક્ટ પુર્ણ થયેલ ગણાશે તેમનાં કાયદેસરના વારસદારો કે એસાઇની આ અંગેનો હક્ક દાવો કરી કોન્ટ્રાક્ટ ચાલુ રાખી રખાવી શકશે નહિં.

(૨૧) સદર કોન્ટ્રાક્ટની કામગીરી સિવાયની અન્ય કોઇપણ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસાય સદર સ્થળે કરી શકાશે નહિં.

(૨૨) કોન્ટ્રાક્ટર કે તેમનાં કોઇ પણ કામદાર ..................................... * માં પ્રતિબંધિત ચીજ-વસ્તુ, ખાદ્ય પદાર્થ, પીણું લાવી શક્શે નહિં હોસ્પિટલમાં ધુમ્રપાન, ગુટખા, તમાકુ યુક્ત પદાર્થો નશા યુક્ત પીણા કે પદાર્થો પ્રતિબંધિત છે.

(૨૩) કોન્ટ્રાક્ટમાં રાખેલા કામદારોને જુદ્દો ગણવેશ આપવાનો રહેશે.

(૨૪) તબીબી અધિક્ષકશ્રી .............................. * ના કામની જરૂરીયાતની પુર્તી અર્થે કોન્ટ્રાક્ટનો હેતુપાર પડે તે માટે કોન્ટ્રાક્ટરે પુરતા માણસો રોક્વાનાં રહેશે અને તે સઘળા કોન્ટ્રાક્ટરનાં કામદારો ગણાશે. તેને પગાર ભથ્થા મહેનતાણાં કોન્ટ્રાક્ટરે આપવાનાં રહેશે. કોન્ટ્રાક્ટ પુરો થયે કોન્ટ્રાક્ટરે પોતાના માણસો સાથે લઇ જવાનાં રહેશે.

(૨૫) કોન્ટ્રાક્ટરે ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે.

(૨૬) ટેન્ડરની તમામ બાબતો માટે સંસ્થાની ટેન્ડર કમીટીનો નિર્ણય આખરી રહેશે. કોઇપણ ટેન્ડર મંજૂર/ના મંજૂર કરવાની સંપુર્ણ સત્તા સંસ્થાની અબાધિત રહેશે.

(૨૭) દરેક કામદારોને ચુક્વેલ રકમ તથા હાજરી દરરોજ ક્ચેરીમાં રજુ કરવાની રહેશે.

---

* - નોકરી પરના સ્થળનું નામ.

**પત્રક - ૩**

**આ સમજુતી કરાર તા. ૩-૧૨-૨૦૦૮ ના રોજ કરવામાં આવ્યો.**

ગુજરાત સરકારે પક્ષકાર-૧ (એક) તરીકે કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ મારફતે પક્ષકાર-૨ (બે) માનદ સચિવશ્રી, ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ અમદાવાદ (નિયમ ૨૦ના ૧૮ હેઠળ મંજુર થયેલ) સાથે કરાર કરે છે કે ......

રેડક્રોસ સંસ્થા ચાર્ટરમાં દર્શાવ્યા મુજબના માનવીય સેવાના ક્ષેત્રે વિવિધ સેવાઓ સમાજને પુરી પાડે છે.

આથી ગુજરાત સરકાર રાજ્યની વિવિધ હોસ્પિટલો, ક્લિનીક ખાતે વિવિધ ફરજો બજાવવા માટે જરૂરી માનવબળ રેડક્રોસ સોસાયટી મારફતે મેળવવા માંગે છે જે વિવિધ સ્થળોએ જરૂર જણાય ત્યારે લોકોની તબીબી સહાય માટે સારી અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવાની સુનિતિ કરવાની રહેશે.

રેડક્રોસ સોસાયટી આ સહાય પુરી પાડવા માટે સંમત થાય છે.

**આ કરાર નીચેની શરતો અને બોલીઓને આધીન રહેશે.**

૧. રાજ્ય સરકાર વિવિધિ પ્રકારની સેવાઓ માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો વિવિધ પ્રકારની સેવાઓ મેળવવા જાણ કરશે જે રેડક્રોસ સોસાયટી કરારબધ્ધ યોગ્યતા ધરાવતા વ્યક્તિઓ વિના વિલંબે પુરા પાડશે.

૨. રેડક્રોસ સોસાયટી યોગ્ય ઉમેદવારો મેળવવા માટે અરજીઓ મંગાવી શકશે. તથા ઇન્ટરવ્યુ ગોઠવી યોગ્ય ઉમેદવારોની પસંદગી કરી રાજ્ય સરકાર સુચવે તે જગ્યાએ ૧૧ માસથી વધે નહિ તે સમય માટે કરાર આધારીત નિમણુંક આપશે.

૩. આ પધ્ધતિથી નિમાયેલ વ્યક્તિઓ સાથે રાજ્ય સરકાર રોજગારી અંગેનો કોઇ કરાર કરશે નહીં. તેમજ તેઓ સરકારી કર્મચારી તરીકે ગણાશે નહી. તેઓ રેડક્રોસના ફીક્સ પગાર પરના કરાર આધારીત કર્મચારીઓ ગણાશે.

૪. એવું સ્પષ્ટ રીતે નિયત થયેલુ અને સમજેલુ છે કે આવા કર્મચારીઓ ફક્ત કરાર આધારીત સેવાઓ પુરી પાડનારા છે અને તેઓ કાયમી કર્મચારીઓની જેમ કોઇ પ્રકારના અન્ય લાભો મેળવવા પાત્ર થશે નહી. આ કરાર આરોગ્ય વિભાગની લેબ ટેસ્ટીંગ, એક્સ રે અને ફાર્મસી સેવાઓ મેળવવા માટે જ છે.

૫. જે જગ્યાએ નિમણુંક અપાયેલ હોય તે વિભાગના વડાને તેઓની કામગીરી સંતોષકારક ન જણાય તેવા કિસ્સામાં તેઓને પરત બોલાવવાનો હક્ક રહેશે. રેડક્રોસ દ્વારા આ કર્મચારીના અવેજમાં અન્ય યોગ્ય ઉમેદવારની સત્વરે વ્યવસ્થા કરવાની રહેશે.

૬. આ કરાર ૧૧ મહિનાના સમય માટે માન્ય રહેશે. જે રાજ્ય સરકાર દ્વારા ૧૫ દિવસની નોટીસ આપ્યા બાદ તે મહિનાના અંતે સમાપ્ત કરવામાં આવશે.

૭. ઉમેદવારે મુખ્ય મથક ઉપર રહેવાનું રહેશે. અન્ય સ્થળેથી આવન જાવનની અનુમતિ મળવાપાત્ર નથી.

૮. ફરજ દરમ્યાન અવસાનના કિસ્સામાં તેઓને સરકારી કર્મચારીને મળવાપાત્ર કોઇ લાભો મળી શકશે નહીં.

૯. ઉમેદવારે તાકીદ (ઇમરજન્સી) ની પરિસ્થિતિમાં સંસ્થાના વડાએ સોંપેલ કોઇ પણ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

૧૦. આ પેરા મેડીકલ સેવાઓ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મારફતે થયેલ કરારને આધીન ખાલી જગ્યા ઉપર ૧૧ માસ માટે અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થયેથી રાજ્ય સરકાર નિમણુંક આપે તે બે માંથી જે વહેલુ હોય તેટલા સમયની રહેશે.

૧૧. રેડક્રોસ સોસાયટી કોઈ ઉમેદવારને લેખિત નિમણુંક્ના આદેશ આપી શકશે નહી તેઓએ પસંદ થયેલા ઉમેદવારની યાદી સંબધિત અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલને મોકલવાની રહેશે.

બંને પક્ષકારોના અધિકૃત પ્રતિનિધિઓએ આ કરાર પર સાક્ષીઓની હાજરીમાં નીચે સહી કરેલ છે.

------------

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું મંજૂર થયેલ મહેકમ

અતારાંક્તિ : ૧૪૦૮ (૧૬/૦૨/૨૦૦૯) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) મંજૂર થયેલ મહેકમ સામે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૩/૦૧/૨૦૧૦) :

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪નું મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે :

| | |
|---|---|
| વર્ગ-૧ | ૨૯૩૦ |
| વર્ગ-૨ | ૫૪૩૯ |
| વર્ગ-૩ | ૧૮૫૭૩ |
| વર્ગ-૪ | ૯૮૮૮ |

(૨) મંજૂર થયેલ મહેકમ સામે તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, તેની વિગતો નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૧૭૬ | ૧ વર્ષથી ૮ વર્ષના સમય દરમ્યાન વિવિધ તબક્કે ખાલી પડેલ છે. |
| વર્ગ-૨ | ૮૭૭ | ૧ વર્ષથી ૧૮ વર્ષના સમય દરમ્યાન વિવિધ તબક્કે ખાલી પડેલ છે. |
| વર્ગ-૩ | ૪૭૨૫ | ૧ વર્ષથી ૧૬ વર્ષના સમય દરમ્યાન વિવિધ તબક્કે ખાલી પડેલ છે. |
| વર્ગ-૪ | ૨૩૦૪ | ૧ વર્ષથી ૧૮ વર્ષના સમય દરમ્યાન વિવિધ તબક્કે ખાલી પડેલ છે. |

## જામનગર જિલ્લામાં અકસ્માતના બનાવો

અતારાંકિત : ૨૩૬૨ (૨૪-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા.૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં રસ્તા ઉપરના કેટલા અકસ્માતોના બનાવ થયા,

(૨) કેટલા લોકોના મૃત્યુ થયા,

(૩) કેટલા ગંભીર રીતે ઘવાયા, અને

(૪) અકસ્માતોને નિવારવા સરકાર શાં અસરકારક પગલાં લેવા માગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૧-૧૨-૨૦૦૯) :

(૧) કુલ - ૫૨૬ અકસ્માક્ના બનાવો થયા.

(૨) કુલ ૧૨૪ લોકોના મૃત્યુ થયેલ છે.

(૩) કુલ ૨૦૧ ગંભીર રીતે ઘવાયેલ છે.

(૪) અકસ્માતો અટકાવવા માટે શાળા/મહાશાળા/અન્ય સ્થળોના રોડ ઉપર બમ્પ એ રમ્બલ સ્ટ્રીપ્સ રાખવામાં આવે છે. રોડ ડીવાઈડરો તથા સાઈડ સિગ્નલો મૂકવામાં આવે છે. અકસ્માત ઝોન, વાહન ધીમી ગતિએ હંકારવું જેવાં સૂચનાત્મક બોર્ડ મૂકવામાં આવે છે. વાહનો સંબંધી નિયમો, દંડ વગેરેને લગતા નોટીસ બોર્ડ મૂકવામાં આવે છે. ટ્રાફીક નિયમોની જાણકારી માટે ટ્રાફીક સપ્તાહની ઉજવણી, ટ્રાફીક નિયમોની પુસ્તિકાઓ આપવા-જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. શાળાના બાળકોને ટ્રાફીક નિયમોની જાણકારી માટે શાળામાં કાર્યક્રમ યોજવામાં આવે છે.

## દિયોદર તાલુકાના વડીયા ગામમાં ચાલતો સ્ત્રીઓના દેહવ્યાપારનો ધંધો

અતારાંકિત : ૨૪૧૩ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) દિયોદર તાલુકાના વડીયા ગામમાં સ્ત્રીઓના દેહવ્યાપારનો વ્યાપક ગેરકાનુની ધંધો ચાલી રહયો છે, તે ગંભીર હકીક્તથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ ગેરકાનૂની વ્યવસાયમાં ફસાયેલી સ્ત્રીઓને બચાવી લેવા શી વ્યવસ્થા થઈ છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૨૦૧૦) :

(૧) દિયોદર તાલુકાના વડીયા ગામમાં સ્ત્રીઓના દેહવ્યાપારનો વ્યાપક ગેરકાનુની ધંધો ચાલી રહયો છે તે બાબત સરકારના ધ્યાન ઉપર આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

**અમદાવાદ શહેરમાંથી મહિલાઓ ગુમ થવા બાબત**

અતારાંક્તિ : ૨૪૧૪ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાંથી સન-૨૦૦૭ તથા ૨૦૦૮ માં કેટલી મહિલાઓ ગુમ થઈ,

(૨) તે પૈકી કેટલી પરત મળી આવી, અને

(૩) બાકી મહિલાઓને શોધી કાઢવા શી વ્યવસ્થા થઈ છે, આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૪-૧-૨૦૧૦) :

(૧) અમદાવાદ શહેરમાંથી સને ૨૦૦૭ માં ૬૧૬ તથા સને ૨૦૦૮ માં ૭૦૨ મહિલાઓ ગુમ થયેલ.

(૨) તે પૈકી સને ૨૦૦૭ માં ૫૪૪ તથા સને ૨૦૦૮ માં ૫૮૫ મહિલાઓ મળી આવેલ.

(૩) બાકી મહિલાઓને શોધી કાઢવા માટે તમામ પોલીસ સ્ટેશનમાં યાદીઓ તથા બ્રોડકાસ્ટ પાઠવવામાં આવે છે. તેમજ સીટી ક્રાઈમ બ્રાન્ચ તથા સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચ ગુ.રા.ગાંધીનગરને યાદીઓ પાઠવવામાં આવે છે તેમજ દુરદર્શન, દૈનિક વર્તમાનપત્રોમાં ફોટોગ્રાફ્સ પ્રસિધ્ધ થવા મોકલવામાં આવે છે તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનો દ્વારા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ પર તપાસ કરવાની વ્યવસ્થા પોલીસ સ્ટેશનો મારફતે કરવામાં આવે છે. તેમજ સ્થાનિક ચેનલોમાં ગુમ થયેલાઓના ફોટોગ્રાફ્સ પ્રસિધ્ધ થવા માટે મોકલવામાં આવે છે. તેમજ ન મળી આવેલ મહિલાઓ અંગે જે તે પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારીશ્રીને જવાબદારી સોંપવામાં આવે છે.

**અમદાવાદમાં એરીયાવાર જાહેરમાં ભટકી રહેલ પાગલો**

અતારાંક્તિ : ૨૪૧૫ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં એરીયાવાર કેટલા પાગલો તા. ૩૦મી સપ્ટેમ્બર-૨૦૦૯ ની સ્થિતિએ જાહેરમાં ભટકી રહ્યા છે,

(૨) આ પગલોને હોસ્પિટલમાં લઈ જવા પોલીસતંત્રએ શી કાર્યવાહી કરી છે, અને

(૩) આ કાર્યવાહી ક્યારે સંપૂર્ણ થશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૧૩-૧-૨૦૧૦) :

(૧), (૨) અને (૩) : આવી માહિતી મળ્યેથી સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા જાણવાજોગ નોંધ કરી આવી માનસિક રોગગ્રસ્ત વ્યક્તિને પોલીસ કસ્ટડીમાં લઈને કાયદાની જોગવાઈ અનુસાર રિપોર્ટ સાથે નામદાર મેટ્રો.મેજી.શ્રીની કોર્ટમાં રજૂ કરી ત્યાંથી નામ.કોર્ટ માનસિક બિમાર વ્યક્તિને મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરવા માટેનો હુકમ કરી આપતા જ આવી વ્યક્તિને મેન્ટલ હોસ્પિટલ, દિલ્હી દરવાજા બહાર, વિશ્રામગૃહની બાજુમાં સલામત રીતે પહોંચાડી હોસ્પિટલ સત્તાવાળાઓને સોંપવામાં આવે છે.

**રાજ્યના શહેરી વિસ્તારમાં જાહેરમાં ફરી રહેલ પાગલ સ્ત્રીઓ**

અતારાંક્તિ : ૨૪૧૬ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના શહેરી વિસ્તારમાં જાહેરમાં ફરી રહેલ પાગલ સ્ત્રીઓને અસામાજીક તત્વો ગર્ભવતી બનાવી દેવાની વારંવાર ઘટના બને છે. તેનાથી સરકાર ચિંતિત છે, અને

(૨) જો હા, તો આ સમસ્યા ને ઉકેલવા પાગલ સ્ત્રીઓને સલામત સ્થળે મુકવા પોલીસ તંત્રએ શી કામગીરી હાથ ધરી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૧૨-૨૦૦૯) :

(૧) અને (૨) : આવા બનાવો એક્લદોક્લ ક્યાંક બનતા હોય છે. જે બાબતે સરકાર ચિંતિત છે. આવી સમસ્યાઓ બનતી અટકાવવા માટે ધ મેન્ટલ હેલ્થ એકટ ૧૯૮૭ મુજબ પાગલ વ્યક્તિને કોઈ નાગરિકની અરજી ઉપરથી અથવા બિનવારસ હોય તો પોલીસ જાતે આવી વ્યક્તિને નિયુક્ત મેડીકલ ઓફીસર પાસે મેડીકલ તપાસણી માટે રજુ કરવાની થાય છે. મેડીકલ ઓફીસરશ્રી તેઓની માનસિક સ્થિતિ તપાસીને પાગલપણા અંગે જે રિપોર્ટ આવે

તે રિપોર્ટના આધારે સંબંધિત મેજીસ્ટ્રેટની સમક્ષ રજુ કરવામાં આવે છે. અને નામદાર કોર્ટના હુકમ થયે આવી વ્યક્તિને સરકારશ્રી દ્વારા ચલાવાતા મેન્ટલ હોસ્પીટલની સારવાર/દેખરેખ હેઠળ સોંપવામાં આવે છે. એ રીતે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

**અમદાવાદ શહેરમાં પોલિસ મથકોમાં ""ફરીયાદ બોક્સ યોજના"" અંગે**

અતારાંકિત : ૨૪૧૯ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં લોકોની ફરિયાદો સાંભળવા પોલીસ મથકોમાં સન ૨૦૦૪ માં ""ફરીયાદ બોક્સ"" યોજના અમલમાં મૂકાઈ હતી તે હકકીત સાચી છે,

(૨) છેલ્લા ૨ થી ૩ વર્ષથી ફરીયાદ બોક્સ સડી ગયા છે, કાટ ખાઈ ગયા છે અને બોક્સના તાળાઓને કાટ ખાઈ ગયા છે પરીણામે સરકારની આ યોજનાનો કોઈ અમલ થતો નથી તેવી ગંભીર ફરીયાદથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૧-૧૨-૨૦૦૯) :

(૧) હા, જી.

(૨) પોલીસ સ્ટેશનોમા લગાડવામાં આવેલ ફરીયાદ બોક્સ પૈકી કોઈ ફરીયાદ બોક્સ સડી ગયેલ નથી કે તાળા પણ કાટ ખાઈ ગયેલ હોવાનું ધ્યાન પર આવેલ નથી. ફરીયાદ બોક્સને પોલીસ સ્ટેશન દ્વારા અવારનવાર ચેક કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ગૃહ વિભાગની ""સ્વયં સંચાલિત ટેલીફોન હેલ્પલાઈન""માં મળેલ ફરિયાદો**

અતારાંકિત : ૨૪૨૦ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગૃહ વિભાગની સ્વયં સંચાલિત ટેલિફોન હેલ્પલાઈનમાં સન-૨૦૦૮ અને ૨૦૦૯માં તા.૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ફરિયાદો જિલ્લાવાર મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકીની ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૬-૧-૨૦૧૦) :

(૧) અને (૨) : સામેલ **પત્રક** મુજબ

(૩) બનતી ત્વરાએ.

**પત્રક**

| ક્રમ | શહેર/જિલ્લો | સન-૨૦૦૮ | સન-૨૦૦૯ | પેન્ડીંગ |
|---|---|---|---|---|
| | | શહેર | | |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૩ | ૪૬ | ૨ |
| ૨ | વડોદરા શહેર | ૦૭ | ૦૪ | - |
| ૩ | રાજકોટ શહેર | ૦૨ | - | - |
| ૪ | સુરત શહેર | ૦૫ | ૦૩ | - |
| | | જિલ્લા | | |
| ૫ | અમદાવાદ | ૧૨ | ૦૭ | - |
| ૬ | આણંદ | ૦૨ | ૦૬ | - |
| ૭ | નડીયાદ (ખેડા) | ૨૦ | ૧૧ | ૧ |
| ૮ | સાબરકાંઠા | ૧૧ | ૦૭ | ૩ |
| ૯ | ગાંધીનગર | ૪૮ | ૩૨ | - |
| ૧૦ | મહેસાણા | ૦૨ | ૦૩ | - |
| ૧૧ | બનાસકાંઠા | ૦૯ | ૦૨ | - |
| ૧૨ | પાટણ | - | ૦૨ | - |
| ૧૩ | કચ્છ-ભુજ | ૦૨ | ૦૫ | - |
| ૧૪ | વડોદરા | ૦૪ | ૦૭ | - |

| ક્રમ | શહેર/જિલ્લો | સન-૨૦૦૮ | સન-૨૦૦૯ | પેન્ડીંગ |
|---|---|---|---|---|
| ૧૫ | પંચમહાલ | ૦૪ | ૦૧ | - |
| ૧૬ | દાહોદ | ૦૩ | ૦૨ | - |
| ૧૭ | નર્મદા | - | - | - |
| ૧૮ | ભરૂચ | - | ૦૭ | - |
| ૧૯ | સુરત | ૦૬ | - | - |
| ૨૦ | નવસારી | ૦૨ | ૦૪ | - |
| ૨૧ | વલસાડ | ૦૪ | - | - |
| ૨૨ | ડાંગ (આહવા) | - | - | - |
| ૨૩ | રાજકોટ | ૦૮ | ૦૨ | - |
| ૨૪ | જામનગર | ૦૨ | ૦૧ | - |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૦૬ | ૦૨ | - |
| ૨૬ | જુનાગઢ | ૦૪ | ૦૨ | - |
| ૨૭ | પોરબંદર | - | ૦૧ | - |
| ૨૮ | ભાવનગર | ૦૩ | - | - |
| ૨૯ | અમરેલી | ૦૧ | - | - |
| ૩૦ | તાપી (વ્યારા) | - | - | - |
| | **કુલ :** | **૨૭૦** (નિકાલ) | **૧૫૭** (પેકી નિકાલ-**૧૫૧**) | ૬ (પેન્ડીંગ) |

-------------

## રાજ્યમાં માનવ અધિકાર પંચમાં સભ્યોની નિમણૂક કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૨૬ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૨૩-૧૧-૦૯ની સ્થિતિએ રાજ્યમાં માનવ અધિકાર આયોગના ફક્ત ચેરમેનની જ નિમણૂક થઈ છે અને સભ્યોની જગ્યા આયોગની રચના થઈ ત્યારથી ખાલી છે તે હકીક્ત સાચી છે,

(૨) સભ્યોની નિમણૂક ન થવાથી આયોગ સંપૂર્ણપણે કામ કરી શક્તું નથી અને કામગીરીને ગંભીર અસર થાય છે તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, તો આયોગના બાકીના સભ્યોની નિમણૂક ન થવાનાં શાં કારણો છે, અને

(૪) તે ક્યારે ભરવામાં આવનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૭-૧-૨૦૧૦) :

(૧) હા, જી.

(૨) ના જી, આયોગ સંતોષકારક રીતે કાર્યાન્વિત છે.

(૩) અને (૪) : આયોગના ચેરપર્સન તથા સભ્યોની નિમણૂક માટે ભલામણ કરવા માન.મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે નિમવામાં આવેલ સમિતિ તરફથી સભ્યોની નિમણૂક માટે ભલામણ મળશે કે તુરત સભ્યોની નિમણૂક કરવામાં આવશે.

------------

## અમદાવાદ જિલ્લાના સ્થળોનો યાત્રાધામ વિકાસ તરીકે સમાવેશ

અતારાંક્તિ : ૬૭૨ (૨૬-૮-૨૦૦૮) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ક્યા ક્યા ગામનાં ક્યા ક્યા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) યાત્રાધામમાં સ્થળવાર ક્યા ક્યા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (૨૩-૧૨-૨૦૦૯) :

(૧), (૨) અને (૩) : સરકારશ્રીના વહીવટ હસ્તક્ના દેવસ્થાનોની યાદીમાં અમદાવાદ જિલ્લાનાં કોઈ યાત્રાધામ કે દેવસ્થાનનો સમાવેશ થયેલ નથી.

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજકોટ જિલ્લામાં હીરાના કારખાનાઓ બંધ થવા બાબત

અતારાંક્તિ : ૨૧૯૫ (૩-૧૧-૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હીરાના કેટલા કારખાના હતા,

(૨) તેમાંથી વર્ષવાર કેટલા બંધ થયા,

(૩) કેટલા કારીગરો બેકાર થયા, અને

(૪) હીરા ઉદ્યોગમાં આવેલ મંદીને નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૨-૧-૨૦૧૦) :

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના તમામ અને તાલુકાઓ પેકી માત્ર જસદણ તાલુકામાં હીરાના ત્રણ કારખાના નોંધાયેલ છે.

(૨) એકપણ નહિં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) હીરા ઉદ્યોગમાં મંદીથી અસર પામેલ બેરોજગાર રત્ન કલાકારો માટે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૭-૨-૦૯ ના ઠરાવ ક્રમાંક : હરઉ-૧૦૨૦૦૯-૩૧૫-ખ.૧ થી બેરોજગાર રત્ન કલાકારોને કૌશલ્ય વર્ધક રોજગારલક્ષી તાલીમ આપવા રૂ.૧૨.૦૦ કરોડના પેકેજની મંજૂરી આપવામાં આવેલ છે જે અંતર્ગત ૦૬ તાલીમ કેન્દ્રો પેકી ૦૪ તાલીમ કેન્દ્રોમાં જુદા જુદા (૧) બુટીંગ, (૨) પોલીશીંગ, (૩) રફ ડાયમંડ એસોર્ટમેન્ટ, (૪) પોલીશીંગ ડાયમંડ ગ્રેડીંગ, (૫) જ્વેલરી ડીઝાઈન જેવા વ્યવસાયોમાં કુલ ૨૪૮૭ બેરોજગાર રત્ન કલાકારોને તાલીમ આપવામાં આવે છે. આ માટે તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવા પ્રતિમાસ પ્રતિ તાલીમાર્થી પ્રતિ દિન રૂ.૧૦૦/- સ્ટાઈપેન્ડ માસિક રૂ.૨૫૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે.

------------

## રાજ્યમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા

અતારાંકિત : ૨૩૫૧ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા.૩૧-૧૦-૦૯ની સ્થિતિએ નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી છે,

(૨) તે પેકી યુવાન અને યુવતીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા સરકારનું ભવિષ્યનું શું આયોજન છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૯-૧૨-૨૦૦૯) :

(૧) ૭,૮૬,૭૪૦.

(૨) યુવાનોની સંખ્યા : ૫,૬૯,૦૯૬.
યુવતીઓની સંખ્યા : ૨,૧૭,૬૪૪.

(૩) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી અપાવવા ઓદ્યોગિક ભરતીમેળાઓ અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે. તે ઉપરાંત સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમવર્ગો વિગેરે દ્વારા પરોક્ષ રીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

------------

## રાજકોટ જિલ્લામાં સિંચાઈ યોજનાની કાચી કેનાલો અંગે

અતારાંકિત : ૨૨૩૧ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે,

(૨) કાચી કેનાલો પાકી બનાવવા સિંચાઈ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે,

(૩) કેટલા સમયમાં ઉક્ત કાચી કેનાલો પાકી બનાવવામાં આવશે, અને

(૪) કાચી કેનાલો થકી કેટલા ટકા પાણી વેડફાય છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૨૨-૧૨-૨૦૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં સામેલ **એનેક્ષર-૧** મુજબ કુલ ૪૮ સિંચાઈ યોજનાઓની કેનાલ કાચી છે.

**એનેક્ષર-૧**

| અ.નં. | યોજનાનું નામ | અ.નં. | યોજનાનું નામ |
|---|---|---|---|
| ૧ | ભાદર-૨ | ૨૫ | આઘીયા |
| ૨ | કર્ણુકી | ૨૬ | આલણસાગર |
| ૩ | સુરવો | ૨૭ | દેવધરી |
| ૪ | સોડવદર | ૨૮ | હાથસણી |
| ૫ | ડોંડી | ૨૯ | પાનેલીયા |
| ૬ | ફોફળ-૧ | ૩૦ | રાજાવડલા |
| ૭ | મોજ | ૩૧ | રાણીંગપર |
| ૮ | ડેમી-૧ | ૩૨ | રેવાણીયા |
| ૯ | બંગાવડી | ૩૩ | સનાળા |
| ૧૦ | સાંકરોલી | ૩૪ | શિવસાગર |
| ૧૧ | છાપરવાડી-૨ | ૩૫ | ગારીડા |
| ૧૨ | પાનેલી | ૩૬ | મેસરીયા-૧ |
| ૧૩ | વડાળી | ૩૭ | મેસરીયા-૨ |
| ૧૪ | જામદાદર | ૩૮ | સરધારકા |
| ૧૫ | રેશમડી ગાલોલ | ૩૯ | સિંધાવદર |
| ૧૬ | સરીયામતી | ૪૦ | ઠીકરીયાળી |
| ૧૭ | આંબરડી | ૪૧ | આણંદપર |
| ૧૮ | વંથલી | ૪૨ | ધુનડા |
| ૧૯ | નગરપીપળીયા | ૪૩ | ગોંડલી |
| ૨૦ | આણંદપર | ૪૪ | વાછાપરી |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | બેડી | ૪૫ | છાપરવાડી-૧ |
| ૨૨ | ખોરાણા | ૪૬ | ઈશ્વરીયા |
| ૨૩ | કુવાડવા | ૪૭ | કરમાળ |
| ૨૪ | સુવાગ | ૪૮ | ફાડદંગબેટી |

(૨) સામેલ **એનેક્ષર-૨** મુજબ યોજનાવાર ખર્ચ અંદાજવામાં આવેલ છે.

**એનેક્ષર-૨**

| અ.નં. | યોજનાનું નામ | અંદાજીત ખર્ચ રૂ.લાખમાં | અ.નં. | યોજનાનું નામ | અંદાજીત ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | ભાદર-૨ | ૭૩૫.૦૦ | ૨૫ | આઘીયા | ૭૯.૨૦ |
| ૨ | ક્રર્ણુકી | ૬૯.૬૩ | ૨૬ | આલણસાગર | ૩૭૦.૦૦ |
| ૩ | સુરવો | ૪૪.૪૧ | ૨૭ | દેવધરી | ૪૮.૫૦ |
| ૪ | સોડવદર | ૪૮.૯૧ | ૨૮ | હાથસણી | ૫૨.૮૦ |
| ૫ | ડોંડી | ૪૪.૨૯ | ૨૯ | પાનેલીયા | ૭૪.૦૦ |
| ૬ | ફોફળ-૧ | ૯૨૭.૦૦ | ૩૦ | રાજાવડલા | ૧૨૭.૨૦ |
| ૭ | મોજ | ૫૪૪.૦૦ | ૩૧ | રાણીંગપર | ૯૮.૪૦ |
| ૮ | ડેમી-૧ | ૫૫૮.૦૦ | ૩૨ | રેવાણીયા | ૯૦.૭૦ |
| ૯ | બંગાવડી | ૨૩૨.૦૦ | ૩૩ | સનાળા | ૨૬.૭૦ |
| ૧૦ | સાંકરોલી | ૨૬૬.૦૦ | ૩૪ | શિવસાગર | ૧૨૭.૦૦ |
| ૧૧ | છાપરવાડી-૨ | ૪૨૧.૦૦ | ૩૫ | ગારીડા | ૧૮.૭૫ |
| ૧૨ | પાનેલી | ૪૨૦.૦૦ | ૩૬ | મેસરીયા-૧ | ૨૫૮.૭૦ |
| ૧૩ | વડાળી | ૮૩.૦૦ | ૩૭ | મેસરીયા-૨ | ૧૯.૦૦ |
| ૧૪ | જામદાદર | ૭૦.૦૦ | ૩૮ | સરધારકા | ૧૯.૦૦ |
| ૧૫ | રેશમડી ગાલોલ | ૧૦૭.૫૦ | ૩૯ | સિંધાવદર | ૫૦.૦૦ |
| ૧૬ | સરીયામતી | ૧૦૬.૧૦ | ૪૦ | ઠીકરીયાળી | ૧૯.૦૦ |
| ૧૭ | આંબરડી | ૩૫.૦૦ | ૪૧ | આણંદપર | ૩૫.૦૦ |
| ૧૮ | વંથલી | ૨૫.૦૦ | ૪૨ | ધુનડા | ૧૨.૦૦ |
| ૧૯ | નગરપીપળીયા | ૧૨.૦૦ | ૪૩ | ગોંડલી | ૧૦૦.૦૦ |
| ૨૦ | આણંદપર | ૩૬.૬૦ | ૪૪ | વાછાપરી | ૩૦.૦૦ |
| ૨૧ | બેડી | ૫૬.૧૦ | ૪૫ | છાપરવાડી-૧ | ૭૫.૦૦ |
| ૨૨ | ખોરાણા | ૩૧.૪૦ | ૪૬ | ઈશ્વરીયા | ૨૫.૦૦ |
| ૨૩ | કુવાડવા | ૧૧૮.૨૦ | ૪૭ | કરમાળ | ૧૦૦.૦૦ |
| ૨૪ | સુવાગ | ૭૩.૭૦ | ૪૮ | ફાડદંગબેટી | ૩૦૦.૦૦ |
| | | | | **કુલ :** | **૭૨૨૦.૭૯** |

(૩) નાણાકીય ઉપલબ્ધી અનુસાર કામો હાથ ધરવાનું આયોજન છે.

(૪) કાચી કેનાલોથી આશરે ૨૦ થી ૨૫ ટકા પાણી સીપેજ થાય છે. જેમાંથી મોટા પ્રમાણમાં જમીનમાં ઉતરે છે અને રીચાર્જ થાય છે.

------------

**રાજકોટ જિલ્લાના નહેર મારફતે સિંચાઈ સુવિધાથી વંચિત ગામો**

અતારાંકિત : ૨૨૩૨ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી,

(૨) તેનાં શા કારણો છે,

(૩) સદર ગામોને સરકાર ઉક્ત સુવિધા આપવા માગે છે કે કેમ,

(૪) જો હા, તો કેટલા સમયમાં, અને

(૫) આ અંગે કોઈ સર્વે થયેલ છે કે કેમ ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૨-૧૨-૨૦૦૯) :

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ***એનેક્ષર-૧** માં જણાવેલ ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી.

(૨), (૩), (૪) અને (૫) : ભોગોલિક રીતે સિંચાઈ યોજના શક્ય ન હોઈ, જમીન સંપાદન વગેરે પ્રશ્નોનાં કારણે નહેર સિંચાઈ સુવિધા દરેક ગામોને આપવી શક્ય નથી.

(* **એનેક્ષર-૧** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**ભરૂચ જિલ્લામાં વોટરશેડ યોજનામાં આવરેલ તાલુકાઓ**

અતારાંકિત : ૧૭૧૫ (૮-૯-૨૦૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ કેટલા તાલુકાઓ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) ભરૂચ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ કુલ-૮ તાલુકાઓ આવરી લીધેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાઓ |
|---|---|
| ૧ | જંબુસર |
| ૨ | વાગરા |
| ૩ | ભરૂચ |
| ૪ | વાલીયા |
| ૫ | ઝઘડીયા |
| ૬ | અંકલેશ્વર |
| ૭ | હાંસોટ |
| ૮ | આમોદ |

(૨) વોટરશેડ યોજના હેઠળ તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪૦ પ્રોજેક્ટ કેન્દ્ર સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાઓ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | જંબુસર | ૦૬ | - | - |
| ૨ | વાગરા | ૦૫ | - | - |
| ૩ | ભરૂચ | ૦૫ | - | - |
| ૪ | વાલીયા | ૦૪ | - | - |
| ૫ | ઝઘડીયા | ૧૦ | - | - |
| ૬ | આમોદ | ૧૦ | - | - |
| | કુલ.. | ૪૦ | - | - |

(૩) મંજૂર થયેલ પ્રોજેક્ટમાં તાલુકાવાર વર્ષવાર કુલ રૂ.૪૯૪.૦૧ લાખ ખર્ચ થયેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

(રૂા.લાખમાં)

| ક્રમ | તાલુકાઓ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | જંબુસર | ૦૦.૦૦ | ૧૫.૨૮ | ૦૪.૬૧ |
| ૨ | વાગરા | ૦૦.૦૦ | ૧૧.૨૫ | ૦૫.૪૫ |
| ૩ | ભરૂચ | ૦૦.૦૦ | ૮૧.૪૭ | ૦૬.૦૭ |
| ૪ | વાલીયા | ૦૦.૦૦ | ૧૧.૮૫ | ૦૧.૫૩ |
| ૫ | ઝઘડીયા | ૦૦.૦૦ | ૧૦૦.૮૦ | ૭૫.૨૪ |
| ૬ | આમોદ | ૦૦.૦૦ | ૯૩.૮૮ | ૮૬.૫૮ |
| | કુલ.. | **૦૦.૦૦** | **૩૧૪.૫૩** | **૧૭૯.૪૮** |

------------

## દાહોદ જિલ્લામાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ નીચે શૌચાલયો બનાવવા બાબત

અતારાંકિત : ૨૦૯૬ (૯-૧૦-૦૯) **શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર નીચે પ્રમાણે શૌચાલયો બાંધવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર બાંધવામાં આવેલ શૌચાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧. | દાહોદ | ૭૪૬૨ |
| ૨. | ગરબાડા | ૪૭૦૬ |
| ૩. | ઝાલોદ | ૮૩૭૩ |
| ૪. | ફતેપુર | ૪૮૮૯ |
| ૫. | લીમખેડા | ૬૬૨૧ |
| ૬. | ધાનપુર | ૩૬૪૫ |
| ૭. | દે.બારીયા | ૫૬૯૦ |
| | **કુલ :** | **૪૧૩૮૬** |

(૨) તેની પાછળ કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતઃ

| ક્રમ | તાલુકો | તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. | દાહોદ | ૧૭.૪૬ |
| ૨. | ગરબાડા | ૮.૮૯ |
| ૩. | ઝાલોદ | ૨૦.૫૦ |
| ૪. | ફતેપુર | ૧૩.૪૧ |
| ૫. | લીમખેડા | ૧૭.૭૩ |
| ૬. | ધાનપુર | ૯.૬૧ |
| ૭. | દે.બારીયા | ૧૫.૩૦ |
| | કુલ : | ૧૦૨.૯૦ |

----------------

## રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામ

અતારાંક્તિ : ૨૨૦૮ (૩૧-૧૦-૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા કામો શરૂ કરવામાં આવ્યા છે,

(૨) કેટલા લોકોને તાલુકાવાર જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી, અને

(૪) તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૯-૧-૨૦૧૦) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ તે મુજબ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કામો શરૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧. | ધોરાજી | ૫૫ | ૧૮૨ |
| ૨. | ગોંડલ | ૨ | ૧૨૨ |
| ૩. | જામકંડોરણા | ૨૫ | ૮૭ |
| ૪. | જસદણ | ૧૬૫ | ૨૪૪ |
| ૫. | જેતપુર | ૬૫ | ૧૦૫ |
| ૬. | કોટડાસાંગાણી | ૫ | ૧૦૫ |
| ૭. | લોધીકા | ૧૬ | ૧૮૧ |
| ૮. | માળીયા મીયાણા | ૩ | ૧૩૧ |
| ૯. | મોરબી | ૫૯ | ૨૦૫ |
| ૧૦. | પડધરી | ૯ | ૧૫૨ |
| ૧૧. | રાજકોટ | ૧૦૩ | ૨૨૮ |
| ૧૨. | ટંકારા | ૨૨ | ૯૫ |
| ૧૩. | ઉપલેટા | ૨ | ૪૫ |
| ૧૪. | વાંકાનેર | ૨૧૬ | ૧૬૨ |
| | કુલ | ૭૪૭ | ૨૦૪૪ |

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર જોબકાર્ડ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧. | ધોરાજી | ૨૦૦ | ૪૮૦૦ |
| ૨. | ગોંડલ | ૧૦૮૬ | ૬૯૧૪ |
| ૩. | જામકંડોરણા | ૪૪૫ | ૫૦૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૪. | જસદણ | ૫૦૫ | ૧૩૪૮૬ |
| ૫. | જેતપુર | ૧૦૮ | ૫૩૯૨ |
| ૬. | કોટડાસાંગાણી | ૮૭૦ | ૨૬૩૦ |
| ૭. | લોધીકા | ૨૦૦ | ૪૮૦૦ |
| ૮. | માળીયા મીયાણા | ૦ | ૫૩૦૦ |
| ૯. | મોરબી | ૨૫૦ | ૧૪૭૫૦ |
| ૧૦. | પડધરી | ૮ | ૫૨૨૨ |
| ૧૧. | રાજકોટ | ૧૩૦ | ૨૪૫૦ |
| ૧૨. | ટંકારા | ૩૨ | ૫૪૬૮ |
| ૧૩. | ઉપલેટા | ૬૩ | ૩૯૩૭ |
| ૧૪. | વાંકાનેર | ૩૧૦૩ | ૧૧૮૯૭ |
| | **કુલ** | **૭૦૦૦** | **૯૨૧૦૧** |

(૩) તે પેકી રોજગારી આપવામાં આવેલ શ્રમિકો અંગેની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯** |
|---|---|---|---|
| ૧. | ધોરાજી | ૩૨ | ૨૯૯૮ |
| ૨. | ગોંડલ | ૪૧ | ૩૧૩૯ |
| ૩. | જામકંડોરણા | ૨૭ | ૧૬૬૨ |
| ૪. | જસદણ | ૯૮ | ૧૯૧૧૩ |
| ૫. | જેતપુર | ૪૩ | ૧૫૧૭ |
| ૬. | કોટડાસાંગાણી | ૫૮ | ૩૪૪૫ |
| ૭. | લોધીકા | ૫૪ | ૧૯૦૬ |
| ૮. | માળીયા મીયાણા | ૪૮ | ૧૩૭૭ |
| ૯. | મોરબી | ૭૦ | ૪૮૨૧ |
| ૧૦. | પડધરી | ૩૨ | ૧૯૧૩ |
| ૧૧. | રાજકોટ | ૪૭ | ૪૬૧૨ |
| ૧૨. | ટંકારા | ૪૨ | ૧૨૨૧ |
| ૧૩. | ઉપલેટા | ૬૦ | ૩૭૫૯ |
| ૧૪. | વાંકાનેર | ૯૬ | ૮૫૨૬ |
| | **કુલ** | **૭૪૮** | **૬૦૦૦૯** |

(૪) તાલુકાવાર અને વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે (રૂા. લાખમાં)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯** |
|---|---|---|---|
| ૧. | ધોરાજી | ૦.૯૨ | ૧૭.૩૫ |
| ૨. | ગોંડલ | ૦.૭૫ | ૨૧.૩૭ |
| ૩. | જામકંડોરણા | ૦.૧૫ | ૧૩.૭૬ |
| ૪. | જસદણ | ૧.૨૨ | ૮૩.૮૮ |
| ૫. | જેતપુર | ૦.૬૪ | ૧૧.૮૪ |
| ૬. | કોટડાસાંગાણી | ૦.૦૦ | ૨૨.૯૩ |
| ૭. | લોધીકા | ૧.૨૫ | ૨૫.૧૩ |
| ૮. | માળીયા મીયાણા | ૦.૦૦ | ૧૭.૯૦ |
| ૯. | મોરબી | ૦.૪૫ | ૧૩૧.૦૫ |
| ૧૦. | પડધરી | ૦.૦૦ | ૨૪.૦૧ |
| ૧૧. | રાજકોટ | ૦.૭૮ | ૯૨.૩૨ |
| ૧૨. | ટંકારા | ૦.૩૬ | ૬૧.૮૨ |
| ૧૩. | ઉપલેટા | ૦.૧૫ | ૫૦.૨૫ |
| ૧૪. | વાંકાનેર | ૦.૦૦ | ૯૮.૦૦ |
| | **કુલ** | **૬.૬૭** | **૬૭૧.૬૧** |

**રાજકોટ જિલ્લામાં વોટરશેડ યોજનામાં આવરી લીધેલ તાલુકાઓ**

અતારાંક્તિ : ૨૨૦૯ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ કેટલા તાલુકાઓ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેકટ ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રોજેકટ પાછળ કેટલો ખર્ચ કરેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) રાજકોટ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ ૧૪ તાલુકાઓ આવરી લેવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો |
|---|---|
| ૧ | ગોંડલ |
| ૨ | રાજકોટ |
| ૩ | કોટડાસાંગાણી |
| ૪ | માળીયામીયાણા |
| ૫ | લોધીકા |
| ૬ | વાંકાનેર |
| ૭ | જામકંડોરણા |
| ૮ | જસદણ |
| ૯ | મોરબી |
| ૧૦ | ટંકારા |
| ૧૧ | ધોરાજી |
| ૧૨ | પડધરી |
| ૧૩ | જેતપુર |
| ૧૪ | ઉપલેટા |

(૨) ઉપરોક્ત યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ નવા પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ માનવદિનની રોજગારી**

અતારાંકિત : ૨૨૧૧ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના અન્વયે કેટલી માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૯-૧-૨૦૧૦) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના રાજકોટ જિલ્લામાં તા.૧-૪-૨૦૦૮થી અમલમાં આવેલ છે તે મુજબ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાદીઠ આપવામાં આવેલ માનવદિન રોજગારીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા.૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૦.૦૦૨૬ | ૦.૧૩ |
| ૨ | ગોંડલ | ૦.૦૦૯૭ | ૦.૨૮ |
| ૩ | જામકંડોરણા | ૦.૦૦૧૪ | ૦.૦૫ |
| ૪ | જસદણ | ૦.૦૨૨ | ૦.૩૧ |
| ૫ | જેતપુર | ૦.૦૦૩૨ | ૦.૩૩ |
| ૬ | કોટડાસાંગાણી | ૦.૦૦૬૬ | ૦.૪૯ |
| ૭ | લોધીકા | ૦.૦૦૭૮ | ૦.૨૧ |
| ૮ | માળીયામીયાણા | ૦.૦૦૦૭ | ૦.૦૯ |
| ૯ | મોરબી | ૦.૦૦૩૨ | ૦.૬૮ |
| ૧૦ | પડધરી | ૦.૦૦૦૪ | ૦.૭૫ |
| ૧૧ | રાજકોટ | ૦.૦૦૨૬ | ૦.૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ટંકારા | ૦.૦૦૧ | ૦.૩૩ |
| ૧૩ | ઉપલેટા | ૦.૦૦૫૪ | ૦.૪૨ |
| ૧૪ | વાંકાનેર | ૦.૦૦૮ | ૧.૩૨ |
| | **કુલ :** | **૦.૦૭૪૬** | **૫.૮૫** |

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(રકમ રૂા. લાખમાં)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૧-૪-૦૮ થી તા.૩૦-૬-૦૮** | **તા.૧-૭-૦૮ થી ૩૦-૬-૦૯** |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૦.૯૨ | ૧૭.૩૫ |
| ૨ | ગોંડલ | ૦.૭૫ | ૨૧.૩૭ |
| ૩ | જામકંડોરણા | ૦.૧૫ | ૧૩.૭૬ |
| ૪ | જસદણ | ૧.૨૨ | ૮૩.૮૮ |
| ૫ | જેતપુર | ૦.૬૪ | ૧૧.૮૪ |
| ૬ | કોટડાસાંગાણી | ૦.૦૦ | ૨૨.૯૩ |
| ૭ | લોધીકા | ૧.૨૫ | ૨૫.૧૩ |
| ૮ | માળીયા મીયાણા | ૦.૦૦ | ૧૭.૯૦ |
| ૯ | મોરબી | ૦.૪૫ | ૧૩૧.૦૫ |
| ૧૦ | પડધરી | ૦.૦૦ | ૨૪.૦૧ |
| ૧૧ | રાજકોટ | ૦.૭૮ | ૯૨.૩૨ |
| ૧૨ | ટંકારા | ૦.૩૬ | ૬૧.૮૨ |
| ૧૩ | ઉપલેટા | ૦.૧૫ | ૫૦.૨૫ |
| ૧૪ | વાંકાનેર | ૦.૦૦ | ૯૮.૦૦ |
| | **કુલ :** | **૬.૬૭** | **૬૭૧.૬૧** |

-------------

## રાજકોટ જિલ્લામાં સખી મંડળોની રચના

અતારાંક્તિ : ૨૨૧૨ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર દ્વારા શું શું સવલતો આપવામાં આવે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નીચે મુજબ સખી મંડળોની રચના કરવામાં
આવેલ છે.

| **ક્રમ** | **તાલુકા** | **રચાયેલ સખી મંડળની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા.૩૦-૬-૦૮ અંતિત** | **૩૦-૬-૦૯ અંતિત** |
| ૧ | ધોરાજી | ૧૮૭ | ૨૧૧ |
| ૨ | ગોંડલ | ૨૩૬ | ૨૮૮ |
| ૩ | જામકંડોરણા | ૧૨૭ | ૧૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૪ | જસદણ | ૪૯૦ | ૪૩૫ |
| ૫ | જેતપુર | ૧૮૦ | ૨૦૦ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૨૪ | ૨૮૦ |
| ૭ | લોધીકા | ૬૩ | ૨૪૪ |
| ૮ | માળીયા | ૮૭ | ૨૧૩ |
| ૯ | મોરબી | ૨૮૮ | ૩૫૦ |
| ૧૦ | પડધરી | ૧૦૯ | ૨૯૫ |
| ૧૧ | રાજકોટ | ૨૪૦ | ૩૦૫ |
| ૧૨ | ટંકારા | ૧૫૨ | ૧૮૭ |
| ૧૩ | ઉપલેટા | ૧૨૭ | ૧૫૯ |
| ૧૪ | વાંકાનેર | ૨૩૯ | ૨૯૪ |
| | **કુલ :** | **૨૬૪૯** | **૩૫૮૬** |

(૨) સખી મંડળોને સરકાર દ્વારા રૂા. ૫૦૦૦/- રીવોલ્વિંગ ફંડ અને નેતૃત્વ વિકાસ અને બુક કીપીંગની તાલીમો આપવામાં આવે છે.

-------------

**રાજકોટ જિલ્લામાં હરિયાળી યોજનામાં આવરી લીધેલ ગામ**

અતારાંક્તિ : ૨૨૧૩ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને આવરી લીધા છે,

(૨) તે પેકી જે તે ગામે મંજૂર કરેલ કામો પૂર્ણ કરેલ છે કે કેમ, અને

(૩) જો ના તો બાકી કામો ક્યારે પુરા કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૬-૧-૨૦૧૦) :

(૧) હરિયાળી યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ૩૧૨ ગામોને આવરી લીધા છે. *** પત્રક- અ** સામેલ છે.

(૨) હરિયાળી યોજના હેઠળ૩૧૨ ગામોમાં મંજૂર કરેલ કામો હાલમાં ચાલુ છે, તેની વિગતો *** પત્રક- બ** મુજબ છે.

(૩) હરિયાળી યોજના હેઠળ ગામવાર જે કામો મંજૂર થયેલ છે તે *** પત્રક- ક** મુજબ દર્શાવેલ વર્ષમાં પુરા કરવામાં આવશે.

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામ**

અતારાંક્તિ : ૨૨૧૫ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂરા કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૯-૧-૨૦૧૦) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના રાજકોટ જિલ્લામાં તા.૧-૪-૨૦૦૮થી અમલમાં આવેલ તે મુજબ છેલ્લા બે વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા.૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૦ | ૧૫૮ |
| ૨ | ગોંડલ | ૧ | ૫૫ |
| ૩ | જામકંડોરણા | ૧૦ | ૪૨ |
| ૪ | જસદણ | ૪૫ | ૧૯૭ |
| ૫ | જેતપુર | ૧૦ | ૯૪ |
| ૬ | કોટડાસાંગાણી | ૧ | ૬૬ |
| ૭ | લોધીકા | ૪ | ૧૪૮ |
| ૮ | માળીયા મીયાણા | ૩ | ૮૩ |
| ૯ | મોરબી | ૧૪ | ૧૮૮ |
| ૧૦ | પડધરી | ૨ | ૮૪ |
| ૧૧ | રાજકોટ | ૩૮ | ૧૭૭ |
| ૧૨ | ટંકારા | ૬ | ૮૦ |
| ૧૩ | ઉપલેટા | ૨ | ૧૬ |
| ૧૪ | વાંકાનેર | ૫૩ | ૨૦૭ |
| | **કુલ :** | **૨૧૯** | **૧૫૯૫** |

(૨) પ્રગતિમાં છે તે કામોની વિગતો.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા.૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૨૫ | ૨૬ |
| ૨ | ગોંડલ | ૧ | ૬૪ |
| ૩ | જામકંડોરણા | ૧૫ | ૪૪ |
| ૪ | જસદણ | ૧૨૦ | ૧૫૪ |
| ૫ | જેતપુર | ૫૫ | ૪૮ |
| ૬ | કોટડાસાંગાણી | ૪ | ૩૯ |
| ૭ | લોધીકા | ૧૨ | ૪૦ |
| ૮ | માળીયા મીયાણા | ૦ | ૪૪ |
| ૯ | મોરબી | ૪૫ | ૪૪ |
| ૧૦ | પડધરી | ૭ | ૫૭ |
| ૧૧ | રાજકોટ | ૬૫ | ૯૬ |
| ૧૨ | ટંકારા | ૬૫ | ૩૧ |
| ૧૩ | ઉપલેટા | ૦ | ૨૩ |
| ૧૪ | વાંકાનેર | ૧૬૩ | ૮૮ |
| | **કુલ :** | **૫૨૮** | ૭૯૮ |

(૩) આ કામો તા. ૩૦-૧૧-૦૯ના રોજ પૂર્ણ થયેલ છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં હરિયાળી યોજનામાં સમાવેશ કરેલ ગામ

અતારાંક્તિ : ૨૨૮૧ (૨૦-૧૦-૨૦૦૯) **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને આવરી લીધા છે,

(૨) તે પૈકી દરેક ગામે મંજૂર કરેલ કામો પૂર્ણ કરેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો બાકી કામો ક્યારે પૂરા કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) હરિયાળી યોજના હેઠળ તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ૪૦ ગામો તથા વાંસદા તાલુકાના ૩૧ ગામોને આવરી લીધા છે જેનું તાલુકાવાર અને ગામવાર પત્રક-અ સામેલ છે.

**પ ત્ર ક - અ**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ચીખલી | આમધરા | ૨ | ચીખલી | બોડવાંક |
| ૩ | | ચાસા | ૪ | | દેગામ |
| ૫ | | ઘેજ | ૬ | | ગોડથલ |
| ૭ | | જોગવાડ | ૮ | | ખેરગામ |
| ૯ | | નોગામા | ૧૦ | | પીપલગભાણ |
| ૧૧ | | સરૈયા | ૧૨ | | તલાવચોરા |
| ૧૩ | | ટાંક્લ | ૧૪ | | વાડ |
| ૧૫ | | વાંઝણા | ૧૬ | | અંબાચ |
| ૧૭ | | બામણવેલ | ૧૮ | | બારોલીયા |
| ૧૯ | ચીખલી | ચરી | ૨૦ | ચીખલી | ટોલુંબર |
| ૨૧ | | ફડવેલ | ૨૨ | | ઘોડવણી |
| ૨૩ | | હરણગામ | ૨૪ | | કાકડવેલ |
| ૨૫ | | ક્ણભઈ | ૨૬ | | કાંગવઈ |
| ૨૭ | | કાકડવેરી | ૨૮ | | ખાંભડા |
| ૨૯ | | પાણીખડક | ૩૦ | | પેલાડભેરવી |
| ૩૧ | | રાનવેરી ક્લ્લા | ૩૨ | | સાદડવેલ |
| ૩૩ | | સ્યાદા | ૩૪ | | સારવણી |
| ૩૫ | | માંડવખડક | ૩૬ | | તેજલાવ |
| ૩૭ | | તોરણવેરા | ૩૮ | | વાવ |
| ૩૯ | | વેલણપર | ૪૦ | | ઝરી |
| | | | | | |
| **૧.** | **વાંસદા** | **કુકડા** | **૨** | **વાંસદા** | **ગોધાબારી** |
| ૩ | | લાખાવાડી | ૪ | | લીંબારપાડા |
| ૫ | | સીંગાડ | ૬ | | સુખાબારી |
| ૭ | | પ્રતાપનગર | ૮ | | રાજપુર |
| ૯ | | ઘોલધા | ૧૦ | | ભીનાર |
| ૧૧ | | મોટી વાલઝર | ૧૨ | | લીમઝર |
| ૧૩ | | પાલગભાણ | ૧૪ | | વાંદરવેલા |
| ૧૫ | | મનપુર | ૧૬ | | કુરેલીયા |
| ૧૭ | | હોલીપાડા | ૧૮ | | ઢોલુંબર |
| ૧૯ | | કંસારીયા | ૨૦ | | કાંટસવેલ |
| ૨૧ | | કંબોયા | ૨૨ | | નાનીભમતી |
| ૨૩ | | રંગપુર | ૨૪ | | વાંસકુઈ |
| ૨૫ | | ઉનાઈ | ૨૬ | | બારતાડ (ઉ) |
| ૨૭ | | ખંભાલીયા | ૨૮ | | ધાકમાળ |
| ૨૯ | | સીતાપુર | ૩૦ | | કંડોલપાડા |
| ૩૧ | | નાનીવાલઝર | | | |

(૨) વાંસદા તાલુકામાં ૯૬૭૧ કામો મંજૂર કરેલ તે બધા જ પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે ચીખલી તાલુકામાં કુલ-૫૭ કામો મંજૂર કરવામાં આવેલ તે પૈકી ૪૦ કામો પૂર્ણ થયા છે અને ૭ ગામોમાં કામ બાકી છે તેની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | ચીખલી | ચાસા |
| ૨ | | નોગામા |
| ૩ | | કાકડવેરી |
| ૪ | | પેલાડભેરવી |
| ૫ | | સારવણી |
| ૬ | | તોરણવેરા |
| ૭ | | માંડવખડક |

(૩) પ્રગતિ હેઠળના સાત કામો નાણાકીય વર્ષ ૨૦૧૦ માં પુરા કરવામાં આવશે.

**વીરપુર અને બાલાસિનોર તાલુકામાં ઈ-ગ્રામ યોજનામાં ગામોને જોડવા બાબત**

અતારાંક્તિ : ૨૨૮૭ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ ઈ-ગ્રામ લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકાના કેટલા ગામોને ઈ-ગ્રામથી જોડવામાં આવ્યા,

(૨) જોડાણ કર્યા પછી ઈ-ગ્રામની સેવાઓ મળતી નથી તે હકીક્ત સાચી છે કે કેમ, અને

(૩) જો હા, તો હવે ઉપરોક્ત સેવાઓ ક્યારથી મળતી થશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૨૦૦૯) :

(૧) તા.૩૦-૬-૨૦૦૯ ના રોજ ઈ-ગ્રામ લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં નીચેની વિગતે ગામોને ઈ-ગ્રામથી જોડવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઈ-ગ્રામથી જોડવામાં આવેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૪૦ |
| ૨ | વીરપુર | ૩૦ |

(૨) જોડાણ કર્યા પછી ઈ-ગ્રામ સેવાઓ મળતી નથી, તે હકીક્ત સાચી નથી. પરંતુ જે ગામે ઈલેક્ટ્રીસીટી, વી-સેટ, કોમ્પ્યુટર હાર્ડવેર ક્યારેક બંધ થાય તથા જ્યાં વી.સી.ઈ. છોડી જતા રહે તેવા સંજોગો ધરાવતી ઈ-ગ્રામ પંચાયતોમાં ટુંકાગાળા માટે સેવાઓ બંધ રહે છે. જેનો તાત્કાલિક નિકાલ કરી સેવા ફરીથી બહાલ કરવામાં આવે છે.

(૩) મુદ્દા નં. ૨ માં દર્શાવેલ પ્રશ્નોનું નિરાકરણ તાત્કાલિક કરવામાં આવે છે અને ત્યારબાદ તુર્તજ સેવા ચાલુ કરવામાં આવે છે.

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ઈન્દીરા આવાસ યોજનામાં આવાસો**

અતારાંક્તિ : ૨૨૯૩ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કેટલા ઈન્દીરા આવાસ પૂર્ણ કરેલ છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉપરોક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૧-૧૦-૨૦૧૦) :

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કુલ-૨૫૬ ઈન્દીરા આવાસ પૂર્ણ કરેલ છે. જે નીચે વિગતે છે.

| તાલુકાનું નામ | પૂર્ણ કરેલ આવાસ |
|---|---|
| બાલાસિનોર | ૧૩૨ |
| વીરપુર | ૧૨૪ |
| કુલ :- | ૨૫૬ |

(૨) તેની પાછળ કુલ રૂ.૧૦૦.૮૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જે નીચેની વિગતે છે.

| તાલુકાનું નામ | કરેલ ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|
| બાલાસિનોર | ૫૦.૮૮ |
| વીરપુર | ૪૯.૯૪ |
| કુલ :- | **૧૦૦.૮૨** |

(૩) બાકી રહેલ મકાનો તા.૩૧-૩-૨૦૧૦ સુધીમાં નીચેની વિગતે પૂર્ણ કરવામાં આવશે.

| તાલુકાનું નામ | આવાસની સંખ્યા |
|---|---|
| બાલાસિનોર | ૧૧ |
| વીરપુર | ૩૧ |
| કુલ :- | ૪૨ |

------------

**હરિયાળી યોજનામાં બાલાસિનોર અને વીરપુર તાલુકાના આવરી લીધેલ ગામો**

અતારાંકિત : ૨૨૯૫ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર અને વીરપુર તાલુકાના ક્યા ક્યા ગામોને આવરી લીધા છે,

(૨) તે પૈકી દરેક ગામે મંજૂર કરેલ કામો પૂર્ણ કરેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો બાકી કામો ક્યારે પૂરા કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૫-૧-૨૦૧૦) :

(૧) હરિયાળી વોટરશેડ યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના વીરપુર તાલુકામાં ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે બાલાસિનોર તાલુકામાં આ યોજના અમલમાં નથી. વીરપુર તાલુકાના આવરી લીધેલ ગામોની યાદી નીચે મુજબ છે.

**વીરપુર તાલુકાના ગામો.**

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧ | ભાટપુર |
| ૨ | ચોરસા |
| ૩ | હાંડીયા |
| ૪ | રોઝાવ |
| ૫ | ખાટા |
| ૬ | ઘાટડા |
| ૭ | ચીખલીજોજા |
| ૮ | કોયલા |
| ૯ | ગોપાલપુરા |
| ૧૦ | સારીયા |
| ૧૧ | ગંધારી |

(૨) વીરપુર તાલુકામાં ૧૮ ચેકડેમ મંજૂર કરવામાં આવેલ હતા. તે પૈકી તમામ કામો પૂર્ણ થઈ ગયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં થયેલ કામ**

અતારાંકિત : ૨૨૯૬ (૩૦-૧૦-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં તારીખ
૩-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતીમાં છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પુરા કરવાનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૯-૧-૨૦૧૦) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ખેડા જિલ્લામાં તા. ૧-૪-૦૮થી અમલમાં આવેલ છે. ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુક્માં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૦ | ૦ |
| ૨ | વિરપુર | ૦ | ૧૩ |

(૨) બાલાસિનોર અને વિરપુર તાલુકમાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના કામો પ્રગતિમાં છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૪ | ૫૯ |
| ૨ | વિરપુર | ૨૫ | ૨૪ |

(૩) બાલાસિનોર અને વિરપુર તાલુકાના પ્રગતિ હેઠળના કામો જુન-૨૦૧૦ સુધીમાં પુરા કરવાનું આયોજન છે.

-------------

## વીરપુર અને બાલાસિનોર તાલુકામાં સખી મંડળોની રચના કરવા બાબત

અતારાંક્તિ : ૨૨૯૭ (૩૦-૧૦-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ના સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર દ્વારા શું શું સવલતો આપવામાં આવે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧)

| ક્રમ | તાલુકો | રચાયેલ સખી મંડળની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૩૦-૬-૦૮ અંતિત | તા. ૩૦-૬-૦૯ અંતિત |
| ૧ | બાલાસિનોર | ૧૮૭ | ૩૫૯ |
| ૨ | વિરપુર | ૧૮૦ | ૩૬૨ |

(૨) સખી મંડળોને સરકાર દ્વારા રૂા. ૫૦૦૦/- રીવોલ્વિંગ ફંડ અને નેતૃત્વ વિકાસ અને બુક કીપીંગની તાલીમો આપવામાં આવે છે.

-------------

## બાલાસિનોર અને વીરપુર તાલુકામાં જોબકાર્ડ આપવા બાબત

અતારાંક્તિ : ૨૨૯૮ (૩૦-૧૦-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી, અને

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૯-૧-૨૦૧૦) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના ખેડા જિલ્લામાં તા. ૧-૪-૦૮થી અમલમાં આવેલ છે. તે મુજબ તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર અને વીરપુર તાલુકામાં આપવામાં આવેલ જોબકાર્ડ અંગેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૭૦૦ | ૧૦૭૧૦ |
| ૨ | વિરપુર | ૭૦૦ | ૧૬૮૨૮ |

(૨) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ બાલાસિનોર અને વિરપુર તાલુકામાં આપવામાં આવેલ રોજગારી (શ્રમિક કુટુંબો) અંગેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૨૧૩૦ | ૭૯૫૦ |
| ૨ | વિરપુર | ૨૭૯૦ | ૧૧૭૩૮ |

(૩) બાલાસિનોર અને વિરપુર તાલુકામાં કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા. (લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૦ | ૨૨.૯૫ |
| ૨ | વિરપુર | ૦ | ૭૨.૩૮ |

-------------

## આણંદ જિલ્લામાં વિસ્તરણ અધિકારીનું મંજૂર મહેકમ

અતારાંકિત : ૨૩૭૨ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વિસ્તરણ અધિકારીનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૧-૨-૨૦૧૦) :

(૧) તા.૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વિસ્તરણ અધિકારીનું મંજૂર થયેલ મહેકમ આ સાથે સામેલ પત્રક મુજબ.

(૨) ૧૪ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ બદલી, વયનિવૃત્તિ, અવસાન વગેરે જેવા કારણોથી ખાલી છે,

(૪) બનતી ત્વરાએ

### પત્રક

| ક્રમ | કચેરીનું નામ | સંવર્ગ | વર્ગ | ૩૧-૧૦-૦૯ની સ્થિતિએ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | તાલુકા પંચાયત આણંદ | વિ.અધિ. (સહકાર)<br>વિ.અધિ. (પંચાયત)<br>વિ.અધિ. (ખેતી)<br>આંકડા મદદનીશ | ૩<br>૩<br>૩<br>૩ | ૧<br>૧<br>૧<br>૧<br>૪ | ૧<br>૧<br>૧<br>૦<br>૩ | ૦<br>૦<br>૦<br>૧<br>૧ |
| ૨ | તાલુકા પંચાયત બોરસદ | વિ.અધિ. (સહકાર)<br>વિ.અધિ. (પંચાયત)<br>વિ.અધિ. (ખેતી)/<br>આંકડા મદદનીશ | ૩<br>૩<br>૩<br>૩ | ૧<br>૧<br>૧<br>૧<br>૪ | ૦<br>૧<br>૧<br>૧<br>૩ | ૧<br>૦<br>૦<br>૦<br>૧ |
| ૩ | તાલુકા પંચાયત ખંભાત | વિ.અધિ. (સહકાર)<br>વિ.અધિ. (પંચાયત)<br>વિ.અધિ. (ખેતી)<br>આંકડા મદદનીશ | ૩<br>૩<br>૩<br>૩ | ૧<br>૧<br>૧<br>૧ | ૦<br>૧<br>૧<br>૧ | ૧<br>૦<br>૦<br>૦ |

| ક્રમ | કચેરીનું નામ | સંવર્ગ | વર્ગ | ૩૧-૧૦-૦૯ની સ્થિતિએ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | ૪ | ૩ | ૧ |
| ૪ | તાલુકા પંચાયત પેટલાદ | વિ.અધિ. (સહકાર)<br>વિ.અધિ. (પંચાયત)<br>વિ.અધિ. (ખેતી)<br>આંકડા મદદનીશ | ૩<br>૩<br>૩<br>૩ | ૧<br>૧<br>૧<br>૧<br>૪ | ૦<br>૧<br>૧<br>૧<br>૩ | ૧<br>૦<br>૦<br>૦<br>૧ |
| ૫ | તાલુકા પંચાયત ઉમરેઠ | વિ.અધિ. (ખેતી)<br>આઈઆરડી | ૩ | ૧ | ૦ | ૧ |
| ૬ | તાલુકા પંચાયત આંક્લાવ | વિ.અધિ. (આઈઆરડી) | ૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | તાલુકા પંચાયત સોજીત્રા | વિ.અધિ. (ખેતી)<br>આઈઆરડી | ૩ | ૧ | ૧ | ૦ |
| ૮ | તાલુકા પંચાયત તારાપુર | વિ.અધિ. (ખેતી)<br>આઈઆરડી | ૩ | ૧ | ૧ | ૦ |
| ૯ | મદદનીશ ખેતી નિયામક, બોરસદ | વિ.અધિ. (ખેતી) | ૩ | ૯ | ૪ | ૫ |
| ૧૦ | મદદનીશ ખેતી નિયામક, ખંભાત | વિ.અધિ. (ખેતી) | ૩ | ૬ | ૨ | ૪ |
| | **કુલ :** | | | **૩૫** | **૨૧** | **૧૪** |

## ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરના સંલગ્ન સાધનો આપવા બાબત

અતારાંક્તિ : ૨૩૭૩ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર અને તેના સંલગ્ન સાધનો આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કુલ કેટલી ગ્રામ પંચાયતોને આપવામાં આવેલ છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૧-૧૨-૨૦૦૯) :

(૧) હા, જી. તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર અને તેના સંલગ્ન સાધનો આપવામાં આવેલ છે.

(૨) રાજ્યની કુલ ૧૩૬૯૫ ગ્રામ પંચાયતો ખાતે આ સાધનસામગ્રી આપવામાં આવેલ છે.

## ૧૨મા નાણા પંચની ગ્રાન્ટમાંથી પંચાયત વિભાગને મળેલ ગ્રાન્ટ અને કન્ટીજન્સી ખર્ચ

અતારાંક્તિ : ૨૩૮૬ (૫-૧૨-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ ૧૨મા નાણા પંચની ગ્રાન્ટમાં પંચાયત વિભાગને વર્ષવાર કેટલી રકમ મળી, અને

(૨) તે પેકી પંચાયત વિભાગ અને જિલ્લા પંચાયતો દ્વારા કન્ટીજન્સી ખર્ચ પેટે ક્યા ક્યા હેડે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧) તા.૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ ૧૨મા નાણા પંચની પંચાયત વિભાગને નીચે મુજબ વર્ષવાર ગ્રાન્ટ મળી,

| વર્ષ | રકમ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૯૩૧૦.૦૦ |
| કુલ | ૮૩૭૯૦.૦૦ |

(૨) પંચાયત વિભાગ અને જિલ્લા પંચાયતો દ્વારા કન્ટીજન્સી ખર્ચ પેટે કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

## ૧૨ મા નાણા પંચની પંચાયત વિભાગને મળેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૨૩૮૭ (૫-૧૨-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ ૧૨મા નાણા પંચમાં વર્ષવાર પંચાયત વિભાગને કેટલી રકમ મળી,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી** (૬-૧-૨૦૧૦) :

(૧) તા.૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ ૧૨મા નાણા પંચમાં વર્ષવાર પંચાયત વિભાગને નીચે મુજબ વર્ષવાર ગ્રાન્ટ મળી,

| વર્ષ | રકમ રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૮૬૨૦.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૯૩૧૦.૦૦ |
| કુલ | ૮૩૭૯૦.૦૦ |

(૨) પત્રક-૧ મુજબ.

(૩) પત્રક-૨ મુજબ.

### પત્રક-૧

(રકમ રૂા. લાખમાં)

| અ.નં. | જિલ્લા પંચાયત | કુલ ગ્રાન્ટ વર્ષ : ૨૦૦૫-૦૬ થી ૨૦૦૯-૧૦ પ્રથમ હપ્તો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૩૯૫૦.૭૪ |
| ૨ | અમરેલી | ૩૧૯૨.૮૯ |
| ૩ | આણંદ | ૨૩૫૮.૫૦ |
| ૪ | બનાસકાંઠા | ૩૮૦૧.૯૬ |
| ૫ | ભરૂચ | ૨૬૯૪.૩૦ |
| ૬ | ભાવનગર | ૩૪૮૫.૪૧ |
| ૭ | દાહોદ | ૨૭૩૦.૬૪ |
| ૮ | ડાંગ-આહવા | ૨૧૫૪.૨૦ |
| ૯ | ગાંધીનગર | ૨૬૩૯.૧૭ |
| ૧૦ | જામનગર | ૩૨૩૬.૪૦ |
| ૧૧ | જુનાગઢ | ૩૯૧૮.૮૭ |
| ૧૨ | ખેડા | ૩૬૮૮.૭૬ |
| ૧૩ | કચ્છ | ૩૪૬૪.૫૬ |
| ૧૪ | મહેસાણા | ૨૯૩૦.૫૮ |
| ૧૫ | નર્મદા | ૨૧૫૨.૩૩ |
| ૧૬ | નવસારી | ૨૫૧૮.૬૦ |
| ૧૭ | પંચમહાલ | ૩૯૨૮.૦૧ |
| ૧૮ | પાટણ | ૨૯૪૮.૮૬ |
| ૧૯ | પોરબંદર | ૮૭૨.૨૮ |
| ૨૦ | રાજકોટ | ૩૫૨૭.૬૨ |

| | | |
|---|---|---|
| ૨૧ | સાબરકાંઠા | ૪૪૬૯.૪૪ |
| ૨૨ | સુરત | ૫૩૩૩.૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૭૯૩.૦૭ |
| ૨૪ | વડોદરા | ૪૯૧૨.૩૨ |
| ૨૫ | વલસાડ | ૨૮૨૮.૦૧ |
| | કુલ | ૮૦૫૩૦.૪૬ |

**નોંધ :-** તાપી જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટનો સમાવેશ સુરત જિલ્લાની ગ્રાન્ટમાં કરવામાં આવેલ છે.

-------------

**પત્રક-૨**

(રકમ રૂા. લાખમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૨૬૫૧.૩૩ |
| ૨ | અમરેલી | ૨૧૫૧.૬૬ |
| ૩ | આણંદ | ૧૩૧૩.૦૯ |
| ૪ | બનાસકાંઠા | ૩૦૫૨.૪૨ |
| ૫ | ભરૂચ | ૧૯૮૩.૭૮ |
| ૬ | ભાવનગર | ૨૧૦૮.૨૫ |
| ૭ | દાહોદ | ૧૬૭૭.૩૨ |
| ૮ | ડાંગ | ૧૧૮૨.૭૩ |
| ૯ | ગાંધીનગર | ૨૩૯૪.૧૫ |
| ૧૦ | જામનગર | ૨૫૬૪.૮૫ |
| ૧૧ | જુનાગઢ | ૨૨૫૭.૬૬ |
| ૧૨ | ખેડા | ૨૯૪૨.૪૯ |
| ૧૩ | કચ્છ ભુજ | ૧૬૮૭.૧૫ |
| ૧૪ | મહેસાણા | ૨૩૦૬.૫૩ |
| ૧૫ | નર્મદા | ૧૭૫૦.૬૦ |
| ૧૬ | નવસારી | ૨૨૧૫.૯૩ |
| ૧૭ | પંચમહાલ | ૨૭૨૩.૦૪ |
| ૧૮ | પાટણ | ૨૩૩૬.૫૪ |
| ૧૯ | પોરબંદર | ૪૨૭.૬૨ |
| ૨૦ | રાજકોટ | ૨૮૩૯.૯૩ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૬૧૭.૪૮ |
| ૨૨ | સુરત | ૩૬૬૦.૪૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૮૬૬.૭૭ |
| ૨૪ | વડોદરા | ૩૭૨૪.૪૯ |
| ૨૫ | વલસાડ | ૧૯૮૬.૦૧ |
| | કુલ | ૫૭૪૨૨.૨૮ |

-------------

**જામનગર જિલ્લાનો કોઝવે ઉંચો કરવા અંગે**

અતારાંકિત : ૭૩ (૧૨-૦૬-૨૦૦૮) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના જોડીયા અને ભાદરા ભાટીયા વચ્ચે બેઠો કોઝવે આવે છે. તે કોઝવેને સરકાર ઉંચો લેવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૦૫-૨૦૧૦) :

(૧) હા, જી.

(૨) એસ.એચ.ડી.પી. યોજનામાં સમાવેશ થયેલ રસ્તાઓમાં આ રસ્તાના કામનો સમાવેશ થયેલ છે.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦માં આ કામની એજન્સી નક્કી થયે ૨ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**ધ્રોલ, જોડિયા અને કાલાવાડ, જામનગર તાલુકાઓમાં ગ્રામિણ રસ્તાઓ મંજૂર કરવા અંગે**

અતારાંકિત : ૨૩૬૪ (૨૬-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા, કાલાવાડ અને જામનગર તાલુકાઓ માટે ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમિયાન તથા વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૦-૨૦૧૦ સુધીમાં કેટલા ગ્રામિણ રસ્તાઓના કામો મંજૂર કરાયેલ હતા,

(૨) તે પૈકી વર્ષ દરમિયાન કેટલા રસ્તાઓના કામ પૂરા થયા, અને

(૩) કેટલા રસ્તાઓના કામો બાકી રહેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૨) જામનગર જિલ્લામાં તાલુકા અને વર્ષવાર નીચે મુજબના ગ્રામિણ રસ્તાઓના કામો મંજુર કરાયેલ.

| તાલુકો | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|
| ધ્રોલ | ૧૧ | ૨ | ૧૩ |
| જોડીયા | ૭ | ૬ | ૧૩ |
| કાલાવડ | ૧૫ | ૬ | ૨૧ |
| જામનગર | ૧૧ | ૮ | ૧૯ |
| કુલ... | ૪૪ | ૨૨ | ૬૬ |

(૨) ૧૪-કામો પુર્ણ.

(૩) ૫૨-રસ્તાના કામો બાકી.

-------------

## મોરબી કચ્છ તરફ જવાનો રોડ ઉપરનો જર્જરિત જુનોઆડ પુલ

અતારાંક્તિ : ૨૩૬૫ (૨૬-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ શહેર પાસેનો જોડીયા મોરબી કચ્છ તરફ જવાના રોડ ઉપરનો જુનો આડ પુલ જર્જરિત થઈ વધુ ક્ષતિગ્રસ્ત થયેલ છે તે સરકારની જાણમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ પુલના પુનઃનિર્માણ માટે સન ૨૦૦૯-૧૦માં સરકારશ્રીએ શું આયોજન કરેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩૦-૧૨-૦૯) :

(૧) અને (૨) : હા, જી. તેમજ આ પુલને જરૂરી મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટેની દરખાસ્ત મંજૂરી માટે વિચારણા હેઠળ છે.

-------------

## જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ધ્રોલ મોરી વાગુદડ અને સગાડીયા રસ્તાઓને રિકાર્પેટ કરવા અંગે

અતારાંક્તિ : ૨૩૬૭ (૨૪-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૧૦-૦૯ સુધીમાં જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ધ્રોલ-મોરી-વાગુદડ અને સગાડીયા રોડ ઘણાં સમયથી ખરાબ થઈ ગયેલાની સરકારને કોઈ ફરિયાદો મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ રસ્તાને રીપેરીંગ કરીને ડામરની રિ-કાર્પેટનું કામ ક્યારે થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧) ચોમાસામાં રસ્તાઓને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખવામાં આવેલ છે.

(૨) ધ્રોલ મોટા વાગુદડ રસ્તાને રીસરફેસીંગની મંજુરી મળેલ છે. જેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી જેમ બને તેમ ઝડપથી કામ શરૂ કરવાનું આયોજન છે.

મોટા વાગુદડ સગડીયા રસ્તાની ડામર કામગીરી જુન-૨૦૦૬માં કરેલ. હાલ ડામર સપાટી સારી હોય રીકાર્પેટ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જામનગર જિલ્લાના જોડિયા અને હડિયાણાને જોડતો કોસ્ટલ હાઈવે

અતારાંક્તિ : ૨૩૬૮ (૨૪-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાનો જોડિયા, હડિયાણ, જાંબુડાથી પસાર થતો કોસ્ટલ હાઈવે વર્ષોથી ખરાબ હાલતમાં છે તે હકીક્ત સાચી છે,

(૨) વર્ષો સુધી આ જોડિયા કોસ્ટલ હાઈવે પૂરે પૂરો રીપેરીંગ ન થવાના શાં કારણો છે, અને

(૩) જામનગરને કચ્છથી જોડતા જોડિયા-કોસ્ટલ હાઈવે પૂરી રીતે રીપેરીંગ કરવાની કામગીરી ક્યારે કરવા સરકારએ વિચારેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧-૨૦૧૦) :

(૧) અમુક લંબાઈ સારી પરિસ્થિતિમાં નથી, પરંતુ મરામત કરીને રસ્તો વાહન વ્યવહાર લાયક કરેલ છે.

(૨) રસ્તાની સ્થળસ્થિતિ અનુસાર તેમજ જરૂરીયાત મુજબ રીપેરીંગ કરવામાં આવે છે.

(૩) ચાલુ નાણાંકીય વર્ષમાં અમુક લંબાઈમાં મજબૂતીકરણનું આયોજન છે.

-------------

### કચ્છ જિલ્લામાં જતાવીર, -ચરખડા, -જીજાય, -ધામાય રોડને ડામર સપાટી કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૫૦ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં જતાવીર - ચરખડા - જીજાય, - ધામાય રોડને મેટલીંગ તથા ડામર સપાટી બનાવવાનું કામ
તા. ૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામ પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૩-૧-૨૦૧૦) :

(૧) કચ્છ જિલ્લામાં જતાવીર - ચરખડા ધામાય જીજાય રસ્તાની લંબાઈ ૧૦ કિ.મી. છે. જે પૈકી કિ.મી. ૦/૦ થી ૮/૦ મેટલ સપાટી અને ૮/૦ થી ૧૦/૦ ડામર સપાટી ધરાવે છે.

(૨) અને (૩) : હાલ આ રસ્તો કોઈ યોજનામાં મંજૂર થયેલ નથી આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### રાજ્યમાં ખરાબ હાલતની ગુફાઓ

અતારાંક્તિ : ૨૪૦૫ (૮-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ કઈ કઈ ગુફાઓ ખરાબ હાલતમાં છે, અને

(૨) સન-૨૦૦૯-૧૦માં તે માટે કેટલું બજેટ ફાળવાયું છે ?

**રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧) ત્રણ ગુફાઓ (૧) શેલ ગુફાઓ-ખંભાલીડા-ગોંડલ-રાજકોટ, (૨) પ્રાચીન ગુફાઓ સાણા-ઉના-જૂનાગઢ, (૩) પંચેશ્વર ગુફા-જુનાગઢ-જુનાગઢ.

(૨) ચાર લાખ.

-------------

### જામનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલા વાહનોની સંખ્યા

અતારાંક્તિ : ૨૩૬૦ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૦-૦૯ સુધીમાં ભારે વાહનો મોટર, ટેમ્પો વિગેરે હલકાં અને દ્વિચક્રી વાહનો સહિત નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી; અને

(૨) આનાથી સરકારને ટેક્ષની કેટલી આવક થવા પામેલ છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૨-૧-૨૦૧૦) :

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૦-૦૯ સુધીમાં ભારે વાહનો મોટર, ટેમ્પો વિગેરે હલકાં અને દ્વિચક્રી વાહનોની સહિત નોંધાયેલ વાહનોની સંખ્યા આ પ્રમાણે છે.

| | નોંધાયેલ વાહનોની સંખ્યા |
|---|---|
| સને ૨૦૦૮-૦૯ | ૨૯૦૨૭ |
| સને ૨૦૦૯-૧૦<br>(તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધી) | ૧૬૭૭૪ |

(૨) આનાથી સરકારને થયેલ ટેક્ષની આવક આ પ્રમાણે છે.

| | (રૂા. લાખમાં) |
|---|---|
| સને ૨૦૦૮-૦૯ | ૫૯૫૨.૧૦ |
| સને ૨૦૦૯-૧૦<br>(તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધી) | ૩૬૯૭.૨૬ |

-------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને આપવામાં આવતી તાલીમ**

અતારાંક્તિ : ૧૪૨૪ (૨૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નિરાધાર અને વિધવા મહિલાઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સંસ્થાઓ ધ્વારા ક્યા ક્યા ટ્રેડની તાલીમ આપવામાં આવી,

(૨) કેટલી બહેનોને તાલીમ આપવામાં આવી,

(૩) આ તાલીમ અંગે કઈ કઈ સંસ્થાને કેટ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી, અને

(૪) તાલીમ આપ્યા બાદ કેટલી વિધવા બહેનોને સ્વરોજગારી માટે ક્યા ક્યા સાધનો આપવામાં આવ્યા ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧) નિરાધાર વિધવા મહિલાઓ આર્થિક સ્વનિર્ભર બને તે માટે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર (૧) ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંક્લેશ્વર તથા (૨) નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ, અમદાવાદ અને (૩) ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતી, વાગરા આમ ત્રણ સંસ્થા ધ્વારા અને નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં (૧) ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંક્લેશ્વર તથા (૨) નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ અમદાવાદ આમ કુલ બે સંસ્થાઓ ધ્વારા નીચેની વિગતે વિધવા લાભાર્થીઓને વિવિધ ટ્રેડની તાલીમો આપવામાં આવી.

**(અ) ભરૂચ જિલ્લો :-**

| **તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૨૦૦૮** | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **સંસ્થાનું નામ** | **તાલીમ આપેલ ટ્રેડનું નામ** |
| ભરૂચ | ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંક્લેશ્વર | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, ટીફિન સેવા, પાપડ-અથાણા, પશુપાલન, રેડીમેડ ગારમેંટ, ભરત કામ, સિવણકામ |
| અંક્લેશ્વર | | નાસ્તાની લારી, કટલરીની લારી, પશુપાલન, મોતીના ઘરેણા, ભરત કામ, સિવણકામ |
| ઝગડીયા | | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, પશુપાલન, ભરત કામ, સિવણકામ |
| વાલીયા | | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, પશુપાલન, ભરત કામ, સિવણકામ |
| હાંસોટ | | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, પાપડ-અથાણા, મોતીના ઘરેણા, ભરત કામ, સિવણકામ |
| ભરૂચ | ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતિ, વાગરા | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, ટીફિન સેવા, પાપડ-અથાણા, પશુપાલન, રેડીમેડ ગારમેંટ, ભરત કામ, સિવણકામ |
| જંબુસર | | નાસ્તાની લારી, કટલરીની લારી, ગ્રોસરી શોપ, ટીફિન સેવા, પાપડ-અથાણા, પશુપાલન, મચ્છી વેપાર, રેડીમેડ ગારમેંટ, ભરત કામ, સિવણકામ |
| **તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯** | | |

| તાલુકાનું નામ | સંસ્થાનું નામ | તાલીમ આપેલ ટ્રેડનું નામ |
|---|---|---|
| અંકલેશ્વર | નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ, અમદાવાદ | નાસ્તાની લારી, ટીફિન સેવા, ભરત કામ, સિવણકામ, શાકભાજી ફ્રુટની લારી |
| ભરૂચ | | નાસ્તાની લારી, ટીફિન સેવા, ભરત કામ, સિવણકામ, શાકભાજી ફ્રુટની લારી |

**(બ) નર્મદા જિલ્લો**

**તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮**

| તાલુકાનું નામ | સંસ્થાનું નામ | તાલીમ આપેલ ટ્રેડનું નામ |
|---|---|---|
| નાંદોદ | ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંકલેશ્વર | ઈકોપેકેજીંગ એન્ડ કેરીબેગ, ભરત ગુંથણ જરદોષી, વર્મીકમ્પોષ્ટ અને કલાત્મક મેટ મેકીંગ |

**તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯**

| તાલુકાનું નામ | સંસ્થાનું નામ | તાલીમ આપેલ ટ્રેડનું નામ |
|---|---|---|
| નાંદોદ | ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંકલેશ્વર | ઈકોપેકેજીંગ એન્ડ કેરીબેગ મેકીંગ, ભરત ગુંથણ |
| | નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ, અમદાવાદ | ઉદ્યોગ સાહસિક તાલિમ |

(૨) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૬૦૦ વિધવા લાભાર્થીઓને તથા સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૫૦ વિધવા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી, તેમજ નર્મદા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૧૦૦ વિધવા લાભાર્થીઓને તથા સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૭૫ વિધવા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી,

(૩) આ તાલીમો અંગે નીચે જણાવેલ સંસ્થાઓને નીચેની વિગતે સહાય ચુકવવામાં આવી.

| **૧. ભરૂચ જિલ્લો** | |
|---|---|
| **સંસ્થાનું નામ** | **રકમ** |
| ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંકલેશ્વર | રૂા. ૧૨,૦૮,૧૭૫/- |
| ગુજરાત રોજગાર માર્ગદર્શક શિક્ષણ સમિતિ, વાગરા | રૂા. ૧૧,૧૭,૫૦૦/- |
| નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ, અમદાવાદ | રૂા. ૧,૦૮,૭૫૦/- |
| **કુલ...** | **રૂા. ૨૪,૩૪,૪૨૫/-** |
| **૨. નર્મદા જિલ્લો** | |
| ડેવલોપમેન્ટ સપોટ ટીમ, અંકલેશ્વર | રૂા. ૭,૪૭,૫૦૦/- |
| નરોતમ લાલભાઈ રૂરલ ડેવ. ફંડ, અમદાવાદ | રૂા. ૫૪,૩૭૫/- |
| **કુલ...** | **રૂા. ૮,૦૧,૮૭૫/-** |

(૪) તાલીમો મેળવ્યા બાદ ભરૂચ જિલ્લામાં ૬૫૦ વિધવા બહેનોને આ સાથેના *પત્રક-૧ મુજબ તથા નર્મદા જિલ્લામાં ૧૭૫ વિધવા બહેનોને આ સાથેના *પત્રક-૨ મુજબ તાલીમને અનુરૂપ સ્વરોજગારી માટે સાધનો આપવામાં આવ્યા.

(*પત્રક-૧ અને પત્રક-૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## વનબંધુ કલ્યાણ કાર્યક્રમની સમીક્ષા માટે સોસાયટીની રચના

અતારાંકિત : ૨૪૦૪ (૫-૧૨-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વનબંધુ કલ્યાણ કાર્યક્રમની સમીક્ષા માટે સરકારે કોઈ સોસાયટીની રચના કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વર્કીંગ બોડીની ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮ના કેલેન્ડર વર્ષ દરમ્યાન કેટલી મીટીંગો મળી, અને

(૩) મીટીંગો મળી હોય તો તેમાં એજન્ડામાં કેટલી આઈટમો હતી અને તેમાંથી કેટલાને મંજૂરી આપી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૩૦-૧૨-૦૯) :

(૧) હા, જી.

(૨) ત્રણ

(૩) ૩૩ આઈટમો રજૂ થયેલ અને બધી આઈટમોને મંજૂરી આપેલ છે.

-------------

## અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૩૭૦ | ૦૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૭૩૮, ૨૨૪૧ | ૦૨ |
| ૩ | નાણા વિભાગ | ૨૩૪૫, ૨૩૪૬ | ૦૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૩૫૫ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૯૯૩, ૧૪૦૮ | ૦૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૩૬૨, ૨૪૧૩, ૨૪૧૪, ૨૪૧૫, ૨૪૧૬, ૨૪૧૯, ૨૪૨૦, ૨૪૨૬ | ૦૮ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૬૭૨ | ૦૧ |
| ૮ | શ્રમ અને રોજગાર | ૨૧૯૫, ૨૩૫૧ | ૦૨ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૨૩૧, ૨૨૩૨ | ૦૨ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૭૧૫, ૨૦૯૬, ૨૨૦૮, ૨૨૦૯, ૨૨૧૧, ૨૨૧૨, ૨૨૧૩, ૨૨૧૫, ૨૨૮૧, ૨૨૮૭, ૨૨૯૩, ૨૨૯૫, ૨૨૯૬, ૨૨૯૭, ૨૨૯૮, ૨૩૭૨, ૨૩૭૩, ૨૩૮૬, ૨૩૮૭ | ૧૯ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૭૩, ૨૩૬૪, ૨૩૬૫, ૨૩૬૭, ૨૩૬૮, ૨૪૫૦ | ૦૬ |
| ૧૨ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨૪૦૫ | ૦૧ |
| ૧૩ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૨૩૬૦ | ૦૧ |
| ૧૪ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૪૨૪ | ૦૧ |
| ૧૫ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૪૦૪ | ૦૧ |
| | | **કુલ...** | **૫૦** |

-----------

## બીજી અતારાંકિત યાદી

### ખેડા જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓની વસુલાતો

અતારાંક્તિ : ૧૬૭૮ (૧૩-૦૭-૦૯) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તારીખ ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓમાંથી કેટલી જવાબદાર વ્યક્તિઓ પાસેથી વસુલાત કરી,

(૨) ફડચા અધિકારી દ્વારા કોના પાસેથી કેટલી વસુલાત કરવામાં આવી, અને

(૩) ફડચા અધિકારી આ વસુલાત માટે છેલ્લા ત્રણ વર્ષમાં શાં પગલાં લીધા?

**સહકાર મંત્રીશ્રી** (૮-૨-૨૦૧૦) :

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓમાંથી ૨૪૨૨ જવાબદાર વ્યક્તિઓ પાસેથી વસુલાત કરી,

(૨) આ સાથેના પત્રક મુજબ.

(૩) ફડચા અધિકારી દ્વારા વસૂલાત માટે છેલ્લા ત્રણ વર્ષમાં લીધેલ પગલાં

(અ) બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં લવાદી દાવા કરી વસૂલાતની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૦ હેઠળ કરજદાર અને જામીનદારોને નોટીસ આપવામાં આવેલ છે.

(ક) કલમ-૧૦૩ મુજબના પ્રમાણપત્રો મેળવી વસુલાત માટે કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૬) વસુલાત માટે આવેલ ચેકોની રકમ વસુલ ન આવવાના કિસ્સામાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ૨૭૯ કિસ્સામાં કોર્ટ કેસની કાર્યવાહી કરેલ છે.

**પત્રક**

| અ.નં. | મંડળી પ્રકારવાર | વ્યક્તિ સરવાળો | કુલ સરવાળો (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | સેવા સહકારી મંડળી લિ. | ૪૨૨ | ૫૪૦૩૦૮૨ |
| ૨ | દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. | ૧૧ | ૧૪૪૯૫૬ |
| ૩ | હાઉસીંગ મંડળીઓ | ૧૦ | ૬૩૨૨૬ |
| ૪ | ક્રેડીટ મંડળીઓ | ૧૧૮ | ૮૬૩૦૬૬૮ |
| ૫ | ગ્રાહક સહકારી મંડળીઓ | ૧ | ૮૫૩૬ |
| ૬ | તેલીબીયા સહકારી મંડળીઓ | ૧ | ૨૦૧૦૦ |
| ૭ | પીયત સહકારી મંડળીઓ | - | - |
| ૮ | મજુર સહકારી મંડળીઓ | - | - |
| ૯ | તમાકુ સહકારી મંડળીઓ | - | - |
| ૧૦ | અન્ય સહકારી મંડળીઓ | - | - |
| ૧૧ | નાગરીક સહકારી બેંકો | ૧૮૫૪ | ૧૬૦૩૦૦૭૭૨ |
| ૧૨ | ઓદ્યોગિક પ્રકારની સહકારી મંડળીઓ | ૫ | ૭૫૭૭૩ |
| | કુલ રકમ રૂપિયા | ૨૪૨૨ | ૧૭,૪૬,૪૭,૦૭૩ |

-------------

## રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોની આત્મહત્યા

અતારાંક્તિ : ૨૪૨૧ (૫-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સન ૨૦૦૭, ૨૦૦૮, અને ૨૦૦૯માં તા. ૩૦-૯-૨૦૦૯ સુધીમાં કેટલા ખેડૂતોએ જિલ્લાવાર આત્મહત્યા કરી,

(૨) આત્મહત્યાના કારણો શા હતા, અને

(૩) ખેડૂતોની આત્મહત્યા રોક્વા સરકારે શાં પગલાં લીધા?

**કૃષિ મંત્રીશ્રી** (૨૭-૧-૧૦) :

(૧) સને ૨૦૦૭ થી સપ્ટેમ્બર-૨૦૦૯ સુધીમાં રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોની આત્મહત્યા નીચે પ્રમાણે છે.

| અ.નં. | જિલ્લો | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ | વર્ષ ૨૦૦૯-સપ્ટેમ્બર સુધી |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૧ | ૧૪ | ૨ |
| ૨ | વડોદરા | ૧૦ | ૨ | - |
| ૩ | જુનાગઢ | ૨૩ | ૯ | - |
| ૪ | રાજકોટ | ૩ | ૩ | ૧ |
| ૫ | પોરબંદર | ૧ | ૧ | - |
| ૬ | અમદાવાદ | ૧ | ૧ | - |
| ૭ | અમરેલી | ૪ | ૩ | ૨ |
| ૮ | ડાંગ | ૧૦ | ૨ | - |
| ૯ | આણંદ | ૨ | - | - |
| ૧૦ | મહેસાણા | ૪ | - | - |
| ૧૧ | જામનગર | ૧૩ | - | - |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૬ | - | ૨ |
| ૧૩ | બનાસકાંઠા | ૧ | - | - |
| ૧૪ | કચ્છ-ભુજ | ૨ | - | - |
| ૧૫ | ભાવનગર | ૩ | - | - |
| ૧૬ | ભરૂચ | ૩ | - | - |
| ૧૭ | પંચમહાલ | ૫ | - | - |
| ૧૮ | નવસારી | ૧ | - | - |
| | કુલ | ૧૦૩ | ૩૫ | ૭ |

(૨) આત્મહત્યાના કારણો.

| અ.નં. | આત્મહત્યાના કારણો | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ | વર્ષ ૨૦૦૯-સપ્ટેમ્બર સુધી |
|---|---|---|---|---|
| ૧ | દેવું વધી જવાથી | ૦૪ | ૦૧ | ૦૦ |
| ૨ | અન્ય કારણોસર | ૯૯ | ૩૪ | ૦૭ |
| ૩ | કુલ | ૧૦૩ | ૩૫ | ૦૭ |

(૩) પાક નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ખેડૂતોને રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની જોગવાઈઓ અનુસાર પાક્ના નુક્સાનના દાવા ચૂક્વવાની યોજના અમલમાં છે.

## રાજ્યમાં જીલ્લાવાર પ્રાણી સારવાર અને આશ્રય સ્થાન

અતારાંક્તિ : ૨૪૨૨ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ જિલ્લાવાર અને તાલુકાવાર સરકાર સંચાલિત કેટલી ઈન્ફરમરી (પ્રાણી સારવાર અને આશ્રય સ્થાન) આવેલી છે,

(૨) તે સામે કેટલી સરકારી ઈન્ફરમરી કાર્યરત છે, અને

(૩) બાકીની ઈન્ફરમરી ક્યાં સુધીમાં સ્થાપવામાં આવનાર છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૮-૨-૨૦૧૦) :

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકામાં નિવૃત્ત શિક્ષકોને પેન્શન**

અતારાંક્તિ : ૧૯૭૨ (૧૬-૨-૨૦૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ-જોડિયા અને જામનગર તાલુકાઓમાં તા. ૩૧ મે, ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા શિક્ષકો નિવૃત્ત થયા છે,

(૨) નિવૃત્ત થયેલ શિક્ષકોના કેટલાના પેન્શન મંજૂર થયા, અને

(૩) જો મંજૂર થવામાં બાકી હોય તો ક્યારે મંજૂર થશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૨-૨૦૧૦) :

(૧) પ્રાથમિક શાળાના ૧૦૭ શિક્ષકો અને માધ્યમિક શાળાના ૨૬ શિક્ષકો.

(૨) પ્રાથમિક શાળાના ૧૦૬ શિક્ષકોના અને માધ્યમિક શાળાના ૨૬ શિક્ષકોના

(૩) ડુપ્લીકેટ સેવાપોથી તેયાર થયેથી.

**જોડીયા અને જામનગર તાલુકામાં નિવૃત્ત થયેલા શિક્ષકોની રજાનો પગાર અને સ્ટેપીંગઅપની અરજીઓ**

અતારાંક્તિ : ૧૯૭૭ (૧૬-૨-૨૦૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા અને જામનગર તાલુકાઓમાં નિવૃત્ત થયેલ શિક્ષકોની રજાનો પગાર અને સ્ટેપીંગઅપ અંગેની કેટલી અરજીઓ તા. ૩૧મી મે, ૨૦૦૯ની સ્થિતિએ પડતર છે, અને

(૨) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૦૨-૨૦૧૦) :

(૧) બાકી રજા પગારની ૧૦ અરજીઓ પડતર છે.

બાકી સ્ટેપીંગઅપની એકપણ અરજી પડતર નથી.

(૨) રજા પગારના હુકમો કરવામાં આવેલ છે. તેની ચુકવણીની કાર્યવાહી ગતિમાં છે.

-------------

**ખેડા જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

અતારાંક્તિ : ૨૩૨૬ (૩-૧૧-૨૦૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની કેટલી શાળાઓ છે,

(૨) આ શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૦૨-૨૦૧૦) :

(૧) માધ્યમિક શિક્ષણ :- ૩૪૬ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ :- ૧૧૦

(૨)

| | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ મહેકમ | ખાલી મહેકમ |
|---|---|---|---|---|
| શૈક્ષણિક | આચાર્ય | ૦૩૧૪ | ૦૩૧૪ | ૦૦ |
| | મા. શિક્ષકો | ૨૨૦૩ | ૨૧૮૨ | ૨૧ |
| | ઉ.મા.શિક્ષકો | ૦૪૮૫ | ૦૪૮૫ | ૦૦ |
| બિન શૈક્ષણિક | કારકુન સંવર્ગ | ૦૪૫૩ | ૦૪૪૫ | ૦૮ |
| | પટાવાળા (વર્ગ-૪) | ૦૪૧૫ | ૦૪૧૫ | ૦૦ |
| | કુલ :- | ૩૮૭૦ | ૩૮૪૧ | ૨૯ |

(૩) શૈક્ષણિક :- ૨૧

બિન શૈક્ષણિક :- ૦૮

કુલ :- :- ૨૯

-------------

## રાજ્યની બંધ પી.ટી.સી. કોલેજો

અતારાંક્તિ : ૨૪૦૭ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૯-૨૦૦૯ સુધીમાં રાજ્યમાં કઈ કઈ પી.ટી.સી. કોલેજો બંધ થઈ,

(૨) બંધ થવાના કારણો શાં છે, અને

(૩) બંધ થયેલ પી.ટી.સી. કોલેજોને કારણે કેટલા વિદ્યાર્થીઓનું ભાવી ડામાડોળ બન્યું અથવા અંધકારમય બન્યુ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૦૨-૨૦૧૦) :

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં કોઈ સંસ્થા બંધ કરવામાં આવેલ નથી.

સને ૨૦૦૯-૧૦માં નીચે જણાવેલ પી.ટી.સી. કોલેજો બંધ થયેલ છે.

૧. શ્રી રામ અધ્યાપન મંદિર, મોટી પાવઠી, તા. દહેગામ, જિ. ગાંધીનગર (પુરૂષ)

૨. શ્રીમતી કે.બી.દવે અધ્યાપન મંદિર પિલવાઈ, તા. વિજાપુર, જિ. મહેસાણા (મિશ્ર)

(૨) ૧. શ્રી રામ અધ્યાપન મંદિર, મોટી પાવઠી, તા. દહેગામ, જિ. ગાંધીનગરને

તેની ભૌતિક સુવિધાના અભાવે એન.સી.ટી.ઈ. દ્વારા માન્યતા રદ કરેલ છે.

૨. શ્રીમતી કે.બી.દવે અધ્યાપન મંદિર પિલવાઈ, તા. વિજાપુર, જિ. મહેસાણા (મિશ્ર)

સંસ્થા સામે છાત્રાલયના તાલીમાર્થીઓના પોલીસ કેસ થયેલ હોઈ, એન.સી.ટી.ઈ.એ સંસ્થાની માન્યતા રદ કરેલ છે.

(૩) સદર સંસ્થામાં જે તે સમયે પ્રવેશ પામેલ તાલીમાર્થીઓને અન્ય સંસ્થામાં ટ્રાન્સફર કરી તેમનો અભ્યાસ ચાલુ રાખેલ છે અને ચાલુ વર્ષે સંસ્થામાં તાલીમાર્થીઓની ફાળવણી કરેલ ન હોઈ, વિદ્યાર્થીઓના ભાવી ડામાડોળ અથવા અંધકારમય બન્યું હોવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યની બી.એડ. કોલેજોની માન્યતા રદ

અતારાંક્તિ : ૨૪૧૧ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭ તથા ૨૦૦૮માં રાજ્યની કઈ કઈ બી.એડ. કોલેજની માન્યતા (લાયસન્સ) રદ થઈ તથા તેના શાં કારણો હતા, અને

(૨) લાયસન્સ રદ થતાં કેટલા વિદ્યાર્થીઓ અસરગ્રસ્ત બન્યા?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૦૧-૨૦૧૦) :

(૧) સન ૨૦૦૭ અને ૨૦૦૮માં એકપણ કોલેજની માન્યતા રાજ્ય સરકારે રદ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જામનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની તપાસ

અતારાંક્તિ : ૨૪૪૧ (૮-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સસ્તા અનાજની દુકાનોના સ્ટોક-સ્ટોરની નિયમિત તપાસણી થાય છે કે કેમ, અને

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં આવી દુકાનોની તપાસણી કલેકટર, જિલ્લા પુરવઠા અધિકારી, મામલતદાર અને તાલુકાના પુરવઠા ઈન્સ્પેકટર દ્વારા કેટલી વખત કરવામાં આવી?

**અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૫-૦૧-૨૦૧૦) :

(૧) હા, જી.

(૨) જામનગર જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં ૩૧૭ વાજબી ભાવની દુકાનોની તપાસણી થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. કલેકટરશ્રી | - | ૦ |
| ૨. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી | - | ૧૫ |
| ૩. મામલતદારશ્રીઓ | - | ૬૦ |
| ૪. પુરવઠા નિરીક્ષકશ્રી | - | ૧૩૧ |
| ૫. નાયબ મામલતદારશ્રી | - | ૧૧૧ |

-------------

## દાહોદ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત

અતારાંક્તિ : ૨૩૯૫ (૫-૧૨-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કઇ કઇ બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પૈકી તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવિત છે ?

**વન મંત્રીશ્રી** (૧૭-૨-૨૦૧૦) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતીએ તાલુકા વાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વાવેતર કરેલા વૃક્ષોનો પ્રકાર |
|---|---|---|
| ૧ | બારીયા | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૨ | ધાનપુર | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૩ | ઝાલોદ | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૪ | લીમખેડા | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૫ | ફતેપુરા | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૬ | દાહોદ | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |
| ૭ | ગરબાડા | ખેર, આમળા, વાંસ, બોર, મહુડા, બહેડા, સીતાફળ, જાંબુ, કણજી, કડાયો, લીમડો, નીલગીરી, દેશીબાવળ, ખાટીઆમલી, સાદડ, ગુંદા, બીયો, કરમદા, બીલી, અરીઠા, મોયળા, સીસમ, કુસુમ, સીમળા, ચારોલી, કાજુ. |

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ આગોતરા કામો, ચાલુ વર્ષનું વાવેતર અને વાવેતરની જાળવણી અંગે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩)

| ક્રમ | કામગીરીનો પ્રકાર | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | આગોતરા કામો | ૮૦૪.૦૮ |
| ૨ | વાવેતર | ૭૧૭.૨૫ |
| ૩ | વાવેતરની જાળવણી | ૨૭૪.૯૦ |
| | કુલ : | ૧૭૯૬.૨૩ |

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પૈકી તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતીએ કુલ ૯૧.૧૬ લાખ વૃક્ષો જીવિત છે.

-------------

**દાહોદ જિલ્લામાં ખેતીના પાકને જંગલી જાનવરોથી થતાં નુકસાન સામે રક્ષણ આપવા બાબત**

અતારાંક્તિ : ૨૩૯૬ (૫-૧૨-૦૯) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીના પાકને જંગલી જાનવરોથી થતાં નુકસાન સામે રક્ષણ મેળવવા ખેડુતો તરફથી કેટલી અરજીઓ વર્ષવાર મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી કેટલો ખર્ચ કર્યો,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી પડતર છે, અને

(૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ?

**વન મંત્રીશ્રી** (૨૯-૧-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીના પાકને જંગલી જાનવરોથી થતાં નુકશાન સામે રક્ષણ મેળવવા ખેડુતો દ્વારા દાહોદ જિલ્લામાં તાલુકાવાર કોઇ અરજી મળેલ નથી.

(૨) કોઇ અરજી મળેલ ન હોઇ કોઇ ખર્ચ થયેલ નથી.

(૩) અરજીઓ આવેલ ન હોઇ નામંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) અરજીઓ આવેલ ન હોઇ નામંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કચ્છનો બન્ની પ્રદેશ ઉજ્જડ થવા બાબત**

અતારાંક્તિ : ૨૪૦૯ (૫-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે-

(૧) ઘાસનો બનેલો કચ્છનો બન્ની પ્રદેશ હાલ લગભગ ઉજ્જડ બની ગયો છે અને ઘાસીયા મેદાન તરીકે ઉપયોગી રહ્યો નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો બન્ની પ્રદેશ ફરી ઘાસીયા મેદાન તરીકે નવપલ્લીત થાય તે માટે સરકારે કેવી વ્યવસ્થા કરી છે ?

**વન મંત્રીશ્રી** (૫-૨-૨૦૧૦) :

(૧) બન્ની વિસ્તારના અમુક ભાગમાં ગાંડા બાવળ ઉગતાં તે વિસ્તાર ઘાસીયા મેદાન તરીકે ઉપયોગી રહેલ નથી.

(૨) બન્ની પ્રદેશની જમીનમાં કુદરતી રીતે ઉગી નીકળેલ ગાંડા બાવળ જડમૂળમાંથી કાઢી, જમીન સફાઇ કરીને ટ્રેક્ટર દ્વારા ખેડાણ કરી, પાળા બનાવી તેના ઉપર સારી જાતના ઘાસનાં બીજ તથા થુમડાંનું વાવેતર કરવામાં આવે છે. પ્લોટની ચારેબાજુ બાઉન્ડ્રી ટ્રેન્ચ તથા બાબર્ડ વાયર ફેન્સીંગ કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૨૮૦૦ હેક્ટર જમીનમાં આ કામગીરી કરી બન્ની પ્રદેશ ફરી ઘાસીયા મેદાન તરીકે નવપલ્લવિત થાય તે માટે સરકારે વ્યવસ્થા હાથ ધરેલ છે.

## રેસ્ક્યુ સેંટરો તથા ઝુની માન્યતા રદ કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૨૩ (૮-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે-

(૧) રાજ્યમાં ક્યા ક્યા ઝુ તથા રેસ્ક્યુ સેન્ટરોની માન્યતા સપ્ટેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ ઝુ ઓથોરીટી ઓફ ઇન્ડીયાએ રદ કરી છે,

(૨) રદ થયેલ માન્યતા વાળા ઝુ તથા રેસ્ક્યુ સેન્ટરોને બંધ કરી દેવા વન સત્તા વાળાઓએ શી કાર્યવાહી હાથ ધરી છે,

(૩) કેટલા બંધ કરી દેવાયાં છે, કેટલા બાકી છે, અને

(૪) બંધ કરવા પાત્ર ઝુ તથા રેસ્ક્યુ સેન્ટરો હજુ ચાલે છે તેને ક્યાં સુધી બંધ કરી દેવાશે ?

**વન મંત્રીશ્રી** (૯-૨-૨૦૧૦) :

(૧) સેન્ટ્રલ ઝુ ઓથોરીટી દ્વારા રાજ્યમાં ઝુ તથા રેસ્ક્યુ સેન્ટરોની માન્યતા રદ કરેલ હોય તેમના નામ નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝુ નું નામ | શહેરનું નામ | કેટેગરી | સ્થિતી |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા વાઇલ્ડ લાઇફ કોમ્પ્લેક્ષ | ભરૂચ | મીની ઝુ | રદ થયેલ |
| ૨ | બાલભવન | રાજકોટ | મીની ઝુ | રદ થયેલ |

(૨) રદ થયેલ ઝુ તથા રેસ્ક્યુ સેન્ટર બંધ કરાવવામાં આવેલ છે.

(૩) બધા બંધ કરી દેવાયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ઘુડખર અભ્યારણમાં ઘુડખરને પાણી પહોંચાડવા બાબત

અતારાંક્તિ : ૨૪૨૫ (૮-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ઘૂડખર અભ્યારણોમાં પાણી પહોંચાડવા કેટલા વાહનો/ટેન્કરોની સપ્ટેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ જરૂરત છે.

(૨) તે સામે કેટલા વાહનો/ટેન્કરો ઉપલબ્ધ છે.

(૩) સમગ્ર અભ્યારણમાં વાહનો/ટેન્કરો પર્યાપ્તપણે ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, અને

(૪) ખુટતાં વાહનો/ટેન્કરોની વ્યવસ્થા ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી** (૨૯-૧-૨૦૧૦) :

(૧) વાહનો અને ટેન્કરોની જરૂરિયાત નથી.

(૨) ૬ વાહનો હાલમાં ઉપલબ્ધ છે.

(૩) ના, જી.

(૪) વાહનો પૂરતા પ્રમાણમાં હોઇ પ્રશ્ન ઉદભવતો નથી.

-------------

### આરોગ્ય વિભાગમાં સી.સી.સી. પાસ થયેલ વર્ગ-૪ના કર્મચારીઓની બઢતી બાબત

અતારાંક્તિ : ૨૪૫૧ (૮-૧૨-૦૯) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ આરોગ્ય વિભાગમાં ધો-૧૨ પાસ થયેલ તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય કોર્ષ (સી.સી.સી.) પરીક્ષા પાસ થયેલ વર્ગ-૪ના કર્મચારી કેટલા છે,

(૨) ઉક્ત કર્મચારીઓને પૂર્વ સેવા તાલીમ આપવાનું આયોજન છે કે કેમ,

(૩) ઉક્ત કર્મચારીઓ પૈકી કેટલા અનુ. જન જાતિના છે, અને

(૪) ઉક્ત કર્મચારીઓને જુનીયર ક્લાર્કમાં બઢતી આપવાની થાય છે કે કેમ ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૫-૧-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ આરોગ્ય વિભાગમાં ધો-૧૨ પાસ થયેલ તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય કોર્ષ (સી.સી.સી.) પરીક્ષા પાસ થયેલ વર્ગ-૪ના કર્મચારી ૨૫ છે.

(૨) હા, જી.

(૩) ઉક્ત કર્મચારીઓ પૈકી અનુ. જન જાતિના ૮ કર્મચારીઓ છે.

(૪) હા, જી. તાલીમ મેળવેલ કર્મચારીઓને પરીક્ષા પાસ થયે પ્રવરતા યાદી ધ્યાને લઇ બઢતી આપવાની થાય છે.

-------------

### આરોગ્ય વિભાગમાં જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ પર અન્ય વિભાગના પ્રતિનિયુક્તિથી ફરજ બજાવતા કર્મચારી બાબત

અતારાંક્તિ : ૨૪૫૨ (૮-૧૨-૦૯) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આરોગ્ય વિભાગમાં તા. ૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ પર અન્ય વિભાગના કેટલા જુનિયર ક્લાર્કો પ્રતિનિયુક્તિના ધોરણે કેટલા સમયથી ફરજ બજાવે છે,

(૨) આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા વર્ગ-૪ના ધો-૧૨ પાસ કોમ્પ્યુટર કૌશલ્ય જ્ઞાન ધરાવતા કર્મચારીઓને આવી ખાલી જગ્યા ઉપર નિયુક્તી આપવાની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) કેટલા સમયમાં તેમને નિમણૂકો અપાશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૫-૧-૨૦૧૦) :

(૧) આરોગ્ય વિભાગમાં તા. ૩૦-૧૧-૨૦૦૯ની સ્થિતિએ જુનીયર ક્લાર્કની ખાલી જગ્યાઓ પર અન્ય વિભાગના ૧૪૭ જુનીયર ક્લાર્કો પ્રતિનિયુક્તીના ધોરણે ૧ વર્ષ થી ૧૩ વર્ષના સમયથી ફરજ બજાવે છે.

(૨) આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા વર્ગ-૪ના ધો-૧૨ પાસ કોમ્પ્યુટર કૌશલ્ય જ્ઞાન ધરાવતા કર્મચારીઓને પૂર્વ સેવા તાલીમમાં મોકલવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) જુનીયર ક્લાર્કની જગ્યાએ બઢતી માટેની લાયકાત ધરાવતા વર્ગ-૪ના કર્મચારીઓ પૂર્વસેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરે, ત્યાર બાદ પ્રવરતા યાદીને ધ્યાને લઇ, તેમને નિમણૂક આપી શકાશે.

-------------

### પોલીસ દ્વારા ચાર્જશીટ ફ્રેમ કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૧૭ (૫-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર સન ૨૦૦૭ અને ૨૦૦૮માં કેટલા કિસ્સામાં ૯૦ અને ૬૦ દિવસમાં પોલીસે ચાર્જશીટ ફ્રેમ કરેલ નથી, અને

(૨) જવાબદારો કોણ કોણ છે અને તેની સામે શા ગંભીર પગલાં લેવાયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૮-૧-૨૦૧૦) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર સન ૨૦૦૭ અને ૨૦૦૮માં કેટલા કિસ્સામાં ૯૦ અને ૬૦ દિવસમાં પોલીસે ચાર્જશીટ ફ્રેમ કરેલ નથી તે અંગેની વિગત સામેલ **પત્રક-અ** મુજબ છે.

**પત્રક-અ**

| અ.નં. | શહેર/જિલ્લો | ૨૦૦૭ | ૨૦૦૮ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૬ |
| ૨ | રાજકોટ શહેર | ૦ | ૦ |
| ૩ | સુરત શહેર | ૦ | ૧ |
| ૪ | વડોદરા શહેર | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૦ | ૧ |
| ૬ | ખેડા | ૦ | ૦ |
| ૭ | આણંદ | ૦ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ | ૦ |
| ૧૦ | મહેસાણા | ૦ | ૧ |
| ૧૧ | જામનગર | ૦ | ૧ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૧ | ૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૦ | ૦ |
| ૧૪ | બનાસકાંઠા | ૦ | ૦ |
| ૧૫ | કચ્છ/ભુજ | ૦ | ૧ |
| ૧૬ | પાટણ | ૦ | ૦ |
| ૧૭ | અમરેલી | ૦ | ૦ |
| ૧૮ | ભાવનગર | ૦ | ૦ |
| ૧૯ | જુનાગઢ | ૧ | ૧ |
| ૨૦ | પોરબંદર | ૦ | ૦ |
| ૨૧ | વડોદરા ગ્રામ્ય | ૨ | ૧ |
| ૨૨ | ભરૂચ | ૦ | ૧ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ |
| ૨૫ | દાહોદ | ૦ | ૨ |
| ૨૬ | સુરત રૂરલ | ૦ | ૦ |
| ૨૭ | તાપી | ૦ | ૦ |
| ૨૮ | વલસાડ | ૦ | ૦ |
| ૨૯ | નવસારી | ૦ | ૧ |
| ૩૦ | આહવા-ડાંગ | ૦ | ૦ |
| ૩૧ | વેસ્ટન રેલ્વે | ૦ | ૧ |
| | કુલ : | ૬ | ૧૮ |

(૨) કુલ ૨૩ કેસોની તપાસોમાં ચાર્જ ફ્રેમ કરવામાં વિલંબ થતાં કુલ ૨૪ અધિકારી/કર્મચારી સામે પગલાં લીધેલ છે. તે અંગેની વિગતો સામેલ **પત્રક-બ** મુજબ છે.

**પત્રક-બ**

| અ.નં. | સજાની વિગત | DYSP | PI | PSI | ASI. HC. PC. |
|---|---|---|---|---|---|
| ૧ | ફરજ મોકુફ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨ | બે વર્ષ માટે ઇજાફો અટકાવ્યો | ૦ | ૦ | ૨ | ૧ |
| ૩ | એક વર્ષ માટે ઇજાફો અટકાવ્યો | ૦ | ૦ | ૧ | ૦ |
| ૪ | છ માસ માટે ઇજાફો અટકાવ્યો | ૦ | ૦ | ૧ | ૦ |
| ૫ | દંડ કરેલ છે. | ૦ | ૦ | રૂ.-૫૦૦-૧<br>રીપ્રીમાન્ડ-૧ | ૦ |
| ૬ | પ્રા. તપાસ ચાલુ છે. | ૦ | ૧ | ૦ | ૨ |
| ૭ | પ્રાત. સોંપી છે. | ૧ | ૨ | ૨ | ૮ |
| | કુલ : | ૧ | ૩ | ૯ | ૧૧ |

કુલ ૨૩ કેસોની તપાસોમાં ચાર્જ ફ્રેમ લેટ કરતાં કુલ ૨૪ અધિકારી/કર્મચારી સામે પગલાં લીધેલ છે.

-------------

**રૂપાલ ગામના ખુલ્લા બોરમાં બાળક સરકી પડતાં તેનું મોત થવા અંગે**

અતારાંકિત : ૨૪૧૮ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) હિંમતનગર તાલુકાના રૂપાલ ગામના ખુલ્લા બોરમાં તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ એક બાળક સરકી જતાં તેનું મોત થયું હતુ તે હકીકત સાચી છે,

(૨) બોરને ખૂલ્લો રાખનાર સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) બોરને ખુલ્લો છોડી દેવાથી વારંવાર બનતા પ્રાણઘાતક અક્સ્માતો રોકવા રાજ્ય સરકારે શી પાકી વ્યવસ્થા ઉભી કરી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૫-૨-૨૦૧૦) :

(૧) હાજી, હિંમતનગર તાલુકાના રૂપાલ ગામના ખુલ્લા બોરમાં તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ એક બાળક સરકી જતાં તેનું અક્સ્માતે મોત થયું હતું. આ અંગે ગાંભોઈ પો.સ્ટે.અ.મોત નં. ૧૦/૦૯ સી.આર.પી.સી. ક. ૧૭૪ મુજબનો ગુનો તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ દાખલ થયેલ છે. આ કામે તપાસ પૂર્ણ કરવામાં આવેલ છે અને તપાસના કાગળો વંચાણે લઈ સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અક્સ્માત મોતની બાબત મંજૂર કરેલ છે.

(૨) અને (૩) ખાનગી બોરની સલામતી માટે હાલની તારીખે કોઈ ધારા ધોરણો નક્કી કરવામાં આવેલ નથી. આના માટે જરૂરી ધારાધોરણો બનાવવાની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવેલ છે. જેથી આવા પ્રાણઘાતક અક્સ્માતો નિવારી શકાય તેમજ જવાબદાર સામે પગલાં લઈ શકાય.

-------------

## વિદેશી દારૂના વેચાણની પરમીટ આપવા બાબત

અતારાંક્તિ : ૨૪૫૭ (૮-૧૨-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વિદેશી દારૂના વેચાણ માટેના પરમીટ/લાયસન્સ કઈ કઈ એજન્સીઓને આપવામાં આવ્યા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ એજન્સીઓ દ્વારા કેટલી બોટલો અને કેટલી કિંમતના વિદેશી દારૂનું વેચાણ કરવામાં આવ્યું, અને

(૩) આ એજન્સીઓ પાસેથી રાજ્ય સરકારને આવક મળે છે કે કેમ? અને

(૪) જો હા, તો ઉક્ત સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

**નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૫-૧-૧૦) :

(૧) પત્રક-એ પ્રમાણે.

(૨) પત્રક-બી પ્રમાણે સામેલ છે.

(૩) હા, જી.

(૪) રૂા. ૧૨,૮૮,૦૩,૩૩૨ (અંકે રૂા. બાર કરોડ અઠ્ઠાસી લાખ, ત્રણ હજાર ત્રણસો બત્રીસ પુરા)

**પત્રક--એ**

| જિલ્લાનું નામ | ક્રમાંક | પરવાનેદારોના નામ |
|---|---|---|
| અમદાવાદ | ૧ | કામા હોટલ્સ લી. ખાનપુર, અમદાવાદ 380001 |
| | ૨ | રીવેરા હોટલ પ્રા.લી. ખાનપુર, અમદાવાદ 380001 |
| | ૩ | હોટલ પ્રેસિડેન્ટ સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ |
| | ૪ | હોટલ ઈન્દર રેસીડન્સી મધુવન ટાવર પાછળ, માદલપુર અન્ડર બ્રીજ, એલીસબ્રીજ, અમદાવાદ-380006 |
| | ૫ | મે. રોયલ મેનોર હોટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી. એરપોર્ટ ક્રોસ રોડ, હાંસોલ |
| સુરત | ૬ | હોટલ ઓએસીસ વેશાલી સિનેમા પાસે, વરાછા રોડ, સુરત |
| | ૭ | એચ એચ એન્ડ સન્સ, 9/1094 ક્ણપીઠ લાલગેટ, સુરત |
| | ૮ | એચ.એસ. ઈન્ડીયા લી. રીંગ રોડ, લીનીયર બસ સ્ટેન્ડની સામે, સુરત. |
| | ૯ | ગુજરાત જે એચ એમ હોટેલ્સ લી. (હોટલ હોલીડે ઈન) અંબિકા નિકેતન, અઠવાલાઈન્સ, સુરત-395007 |
| ભરૂચ | ૧૦ | ક્રાઈસો હોટલ પ્રા.લી. મુ. અંકલેશ્વર, ભરૂચ |
| જામનગર | ૧૧ | મોટેલ દામજીસ (ગુ.પ્રા.લી.) અંધ આશ્રમ પાસે, જામનગર ખંભાળીયા હાઈવે, જામનગર |
| મહેસાણા | ૧૨ | મે. કેશવ હોલીડે રિસોર્ટ પ્રા.લી. વોટર વર્લ્ડ રીસોર્ટ, અમદાવાદ-મહેસાણા હાઈવે ઉપર અમીપુરા, મહેસાણા. |
| આણંદ | ૧૩ | મે. રીયલ વાઈન હોટલ સુરભી, અમુલ ડેરી રોડ, આણંદ |
| રાજકોટ | ૧૪ | મે. ફોરેન વાઈન મરચન્ટ એસોશીએશન, ઢેબર ચોક, રાજકોટ |
| | ૧૫ | મે. સીટી ઓર્ગેનાઈઝર પ્રા.લી. યાજ્ઞીક રોડ, રાજકોટ |
| | ૧૬ | મે. કે. કે. ઈન્ટરનેશનલ લી., કાલાવાડ રોડ રાજકોટ |
| | ૧૭ | હોટલ જયસન, એસ વી પી (કેનાલ) રોડ રાજકોટ-360002 હાલ મોકૂફ રાખેલ છે. |
| કચ્છ-ભુજ | ૧૮ | મે. સી. એલ. શર્મા રિસોર્ટ પ્રા.લી. મુ. ગળપાદર તા. ગાંધીધામ જિ. કચ્છ |
| | ૧૯ | હોટેલ પ્રિન્સ, સ્ટેશન રોડ ભુજ કચ્છ |
| | ૨૦ | મે. હોટલ હોલીડે વિલેજ રીસોર્ટ પ્રા.લી. |
| વડોદરા (વેર્ન્ડસ લાયસન્સ) | ૨૧ | એફ પી પટેલ એન્ડ કું. ""શીલાલેખ"" હોટલ મમતાની સામે, નંદનવન સોસાયટી પાસે, અલકાપુરી, વડોદરા 390005. |
| | ૨૨ | એક્સપ્રેસ હોટેલ્સ પ્રા.લી. આર સી દત્ત રોડ વડોદરા |

| જિલ્લાનું નામ | ક્રમાંક | પરવાનેદારોના નામ |
|---|---|---|
| | ૨૩ | ગુજરાત હોટેલ્સ લી. (વેલકમ ગ્રૂપ), ઓફ ટેલ ટાવર્સ ૭મે માળ, આર સી દત્ત રોડ, રાવપુરા, વડોદરા 390005. |
| | ૨૪ | હોટલ કવિરાજ, અલ્કાપુરી બિલ્ડીંગ આર સી દત્ત રોડ, વડોદરા 390001. |
| | ૨૫ | મે. હોટલ જીન્દાલ લી. સુર્યા પેલેસ કંપાઉન્ડ, સયાજીગંજ, વડોદરા |
| | ૨૬ | હોટલ સત્યકેતુ, સયાજીગંજ, વડોદરા |
| ગાંધીનગર | ૨૭ | હોટલ હવેલી, સેક્ટર 21, ચ-રોડ, ગાંધીનગર |
| ખેડા-નડિયાદ | ૨૮ | પટેલ વાઈન્સ, સી/ઓ ઓએસીસ ગાર્ડન (એફ.એલ.૨) સર્વે નં. 98/2 ને.હા. નં. 8 ડુમરાલ, જી. ખેડા |

# પત્રક-બી

| જિલ્લાનું નામ | અ.નં. | એજન્સીનું નામ | તા. ૧-૧૧-૦૭ થી તા. ૩૧-૧૦-૦૮ | | તા. ૧-૧૧-૦૮ થી તા. ૩૧-૧૦-૦૯ | |
|---|---|---|---|---|---|---|
| | | | બોટલનું વેચાણ | ઉપજેલ કિંમત(રૂા.) | બોટલનું વેચાણ | ઉપજેલ કિંમત(રૂા.) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| મહેસાણા | ૧ | મે. કેશવ હોલીડે રિસોર્ટ પ્રા.લી. વોટર વર્લ્ડ રીસોર્ટ, અમદાવાદ-મહેસાણા હાઈવે ઉપર અમીપુરા, મહેસાણા | ૭૭૧૦૨ | ૪૫૪૬૯૪૬ | ૭૫૩૪૯ | ૪૭૫૩૧૨૧ |
| | ૨ | મે. સી. એલ. શર્મા રિસોર્ટ પ્રા.લી. મુ. ગળપાદર તા. ગાંધીધામ જિ. કચ્છ | ૭૭૮૧૫ | ૭૯૩૨૮૪૭ | ૯૧૪૫૦ | ૧૦૪૩૦૯૩૨ |
| કચ્છ-ભુજ | ૩ | હોટેલ પ્રિન્સ, સ્ટેશન રોડ ભુજ કચ્છ | ૧૮૨૨૨૭ | ૯૫૧૧૨૬૦ | ૨૪૫૨૩ | ૧૪૬૦૫૩૫૪ |
| | ૪ | મે. હોટલ હોલીડે વિલેજ રીસોર્ટ પ્રા.લી., મેઘપર-બોરીયા તા. ગાંધીધામ, જિલ્લો : કચ્છ-ભુજ | ૪૭૩૨૬ | ૫૨૦૫૮૩૬ | ૬૯૨૬૪ | ૭૭૦૧૩૦૧ |
| ગાંધીનગર | ૫ | હોટલ હવેલી, સેકટર 21, ચ-રોડ, ગાંધીનગર | ૧૨૫૮.૧૨૫ | ૬૨૪૬૫૯ | ૧૬૮૮.૨૫૦ | ૬૪૧૫૦૨ |
| રાજકોટ | ૬ | મે. ફ્રેન્ડ વાઈન મરચન્ટ એસોશીએશન, ઢેબર ચોક, રાજકોટ | ૧૨૪૪૯૫ | ૨૦૦૭૫૪૫૩ | ૧૭૩૦૩૭ | ૨૬૪૩૮૧૪૨ |
| | ૭ | મે. સીટી ઓર્ગેનાઈઝર પ્રા.લી. યાજ્ઞીક રોડ, રાજકોટ | ૧૯૯૫૧ | ૨૩૪૦૭૭૫ | ૨૪૯૦૩૬ | ૩૦૭૯૩૪૩૦ |
| | ૮ | મે. કે. કે. ઈન્ટરનેશનલ લી., કાલાવાડ મેઈનરોડ, રાજકોટ | ૧૦૫૦૯૯ | ૯૮૫૦૦૭૦ | ૧૫૮૨૮૩ | ૧૮૮૭૫૩૯૧ |
| | ૯ | હોટલ જયસન, એસ વી પી (કેનાલ) રોડ રાજકોટ-360002 હાલ મોકૂફ રાખેલ છે. | ૫૭૭૫૩ | ૧૦૭૫૫૯ | ૭૫૩૦ | ૩૫૦૦૦ |
| જામનગર | ૧૦ | મોટેલ દામજીસ (ગુ.પ્રા.લી.) અંધ આશ્રમ પાસે, જામનગર ખંભાળીયા હાઈવે, જામનગર | ૧૦૩૧૩૨ | ૧૨૨૪૨૬૨૫ | ૧૩૯૭૮૨ | ૧૭૮૨૦૭૧૦ |
| ખેડા-નડિયાદ | ૧૧ | પટેલ વાઈન્સ, સી/ઓ ઓએસીસ ગાર્ડન (એફ.એલ.૨) સર્વે નં. 98/2 ને.હા. નં. 8 ડુમરાલ, જી. ખેડા | ૨૨૧૩૧૯ | ૧૫૧૨૭૦૪૬ | ૨૪૭૪૮૩ | ૧૯૦૪૪૪૬૭ |
| સુરત | ૧૨ | હોટલ ઓએસીસ વેશાલી સિનેમા પાસે, વરાછા રોડ, સુરત | ૫૧૯૧૦૧ | ૩૯૨૪૪૪૪૬ | ૬૩૬૯૮૩ | ૫૧૬૫૨૩૪૦ |
| | ૧૩ | એચ એચ એન્ડ સન્સ, 9/1094 ક્ષ્ણપીઠ લાલગેટ, સુરત | ૪૫૮૩૬૯ | ૩૪૫૫૧૨૮૯ | ૪૮૨૧૬૦ | ૩૭૩૨૪૬૭૯ |
| | ૧૪ | એચ.એસ. ઈન્ડીયા લી. રીંગ રોડ, લીનીયર બસ સ્ટેન્ડની સામે, સુરત. | ૪૫૪૨૧૩ | ૩૬૫૯૧૩૮૩ | ૪૭૭૮૬૦ | ૩૧૪૦૩૦૭૫ |
| | ૧૫ | ગુજરાત જે એચ એમ હોટેલ્સ લી. (હોટલ હોલીડે ઈન) અંબિકા નિકેતન, અઠવાલાઈન્સ, સુરત-395007 | ૪૪૮૭૮૦ | ૪૦૮૬૫૧૧૨ | ૬૫૪૬૩૦ | ૫૮૦૩૬૫૪૨ |
| વડોદરા | ૧૬ | એફ પી પટેલ એન્ડ કું. ""શીલાલેખ"" હોટલ મમતાની સામે, નંદનવન સોસાયટી પાસે, અલકાપુરી, વડોદરા-390005. | ૩૧૮૬૭૧ | ૧૧૪૩૩૧૭૯ | ૪૫૮૪૦૪ | ૪૬૩૧૬૪૬૭ |
| | ૧૭ | એક્સપ્રેસ હોટેલ્સ પ્રા.લી. આર સી દત્ત રોડ વડોદરા | ૪૪૩૨૫ | ૪૫૦૨૩૫૬ | ૪૫૪૪૯ | ૪૭૬૨૬૦૨ |
| | ૧૮ | ગુજરાત હોટેલ્સ લી. (વેલકમ ગૃપ), ઓફ ટેલ ટાવર્સ ૭મે માળ, આર સી દત્ત રોડ, રાવપુરા, વડોદરા-390005. | ૫૦૩૩ | ૩૪૩૯૦૫ | ૪૩૪૦ | ૪૦૪૭૦૦ |
| | ૧૯ | હોટેલ કવિરાજ, અલ્કાપુરી બિલ્ડીંગ આર સી દત્ત રોડ, વડોદરા 390001 | ૬૦૯૧૨૩ | ૩૨૨૮૫૯૦૨ | ૬૪૪૬૬૨ | ૪૫૩૮૮૬૧૭ |
| | ૨૦ | મે. હોટલ જીન્દાલ લી. સુર્યા પેલેસ કંપાઉન્ડ, સયાજીગંજ, વડોદરા | ૬૬૯૩૩ | ૬૩૬૪૬૬૮ | ૯૪૧૩૩ | ૮૯૦૬૪૮૬ |
| | ૨૧ | મે. બરોડા વાઈન્સ, હોટલ સત્યકેતુ, સયાજીગંજ, વડોદરા | ૧૦૧૧૬ | ૮૩૦૨૮૯૯ | ૧૧૯૩૨૭ | ૧૦૪૩૮૧૧૦ |
| આણંદ | ૨૨ | મે. રીયલ વાઈન હોટલ સુરભી, અમુલ ડેરી રોડ, આણંદ | ૩૯૩૪૬૫ | ૨૮૭૭૨૬૮૩ | ૪૪૦૯૭૯ | ૩૫૭૭૫૬૩૬ |
| ભરૂચ | ૨૩ | ક્રાઈસો હોટલ પ્રા.લી. મુ. અંકલેશ્વર, ભરૂચ | ૧૦૬૬૦૦ | ૯૨૬૫૪૩૦ | ૧૫૦૯૮૦ | ૧૧૭૪૮૧૦૨ |
| અમદાવાદ | ૨૪ | કામા હોટલ્સ લી. ખાનપુર, અમદાવાદ-380001 | ૧૧૩૫૬૫ | ૧૧૬૧૨૫૫૪ | ૧૧૩૮૭૮ | ૧૩૩૧૧૬૮૩ |

| જિલ્લાનું નામ | અ.નં. | એજન્સીનું નામ | તા. ૧-૧૧-૦૭ થી તા. ૩૧-૧૦-૦૮ | | તા. ૧-૧૧-૦૮ થી તા. ૩૧-૧૦-૦૯ | |
|---|---|---|---|---|---|---|
| | | | બોટલનું વેચાણ | ઉપજેલ કિંમત(રૂા.) | બોટલનું વેચાણ | ઉપજેલ કિંમત(રૂા.) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૨૫ | રીવેરા હોટલ પ્રા.લી. ખાનપુર, અમદાવાદ-380001 | ૭૮૯૭ | ૯૧૬૮૯૦૦ | ૧૧૪૮૭ | ૧૧૭૪૩૯૪૭ |
| | ૨૬ | હોટલ પ્રેસિડેન્ટ સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | ૨૫૪૨૫૩ | ૧૫૬૩૬૮૫ | ૩૨૧૫૪૫ | ૨૩૫૯૮૨૮૨ |
| | ૨૭ | હોટલ ઈન્દર રેસીડન્સી મધુવન ટાવર પાછળ, માદલપુર અન્ડર બ્રીજ, એલીસબ્રીજ, અમદાવાદ-380006 | ૪૩૬૩૭૬ | ૨૩૯૯૯૫૪૪ | ૨૧૭૬૫૭ | ૩૦૨૪૮૯૯૩ |
| | ૨૮ | મે. રોયલ મેનોર હોટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી. એરપોર્ટ ક્રોસ રોડ, હાંસોલ | ૬૮૩૦ | ૮૪૬૧૭૯ | ૫૪૧૨ | ૮૦૭૮૬૫ |
| | | **કુલ** | **૫૫૪૧૬૮૭** | **૩૯૩૨૪૯૧૯૦** | **૬૩૩૮૫૧૧** | **૫૮૩૦૦૭૪૭૬** |

-------------

## હથિયારના પરવાના માટે મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૨૪૫૮ (૮-૧૨-૨૦૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં કેટલા ઈસમોને રિવોલ્વરના પરવાના આપવામાં આવેલા.

(૨) જે પરવાના આપવામાં આવેલા છે તે પેકી ક્યા ક્યા ઈસમો સામે ગંભીર ગુન્હાઓ નોંધાયેલ હતા, અને

(૩) આ ઈસમો સામે આઈ.પી.સી. ક્લમ-૩૦૭ તથા ૩૦૨ મુજબના કેટલા ગુન્હાઓ નોંધાયા છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૨-૧-૧૦) :

(૧) પત્રક -૧ મુજબ

(૨) પત્રક -૨ મુજબ

(૩) ૨૪ ઈસમો સામે આઈ.પી.સી. ક્લમ-૩૦૭ તથા ૩૦૨ મુજબના ૨૭ ગુન્હાઓ નોંધાયા છે.

* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## અમદાવાદ શહેરમાં ટોઈંગ થયેલ વાહનો પાસે દંડ વસૂલ કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૮૫ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં સન-૨૦૦૮માં પોલીસતંત્ર દ્વારા ટોઈંગ થયેલ વાહનો પાસે દંડ પેટે વસૂલ થયેલ રૂા. ૮૦,૯૨,૪૫૫/- પેકી કેટલી રકમ સરકારી તિજોરીમાં જમા થઈ, અને

(૨) કેટલી રક્મ ટોઈંગ માટે રોકાયેલ ખાનગી એજન્સીને ચુકવાઈ ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૮-૨-૧૦) :

(૧) પૂરેપૂરી રક્મ રૂા. ૮૦,૯૨,૪૫૫/-

(૨) ""મોટર વેહીક્લની એક્ટ ક્લમ : ૧૨૭ અંતર્ગત અડચણરૂપ અને ગેરકાયદેસર પાર્ક થયેલા વાહનો માટે ટ્રાફીક પોલીસ ખાનગી ટોઈંગ સર્વિસનો ઉપયોગ કરે છે. ટ્રાફીક્ના ભંગના ગુનાની માંડવાળ પેટે નક્કી કરવામાં આવેલ ચાર્જીસ પ્રમાણેની રકમની વસુલાત ટ્રાફીક પોલીસ કરે છે, જે રકમ સરકારી તિજોરીમાં જમા થાય છે, જ્યારે ટોઈંગ માટે થતો ખર્ચ ખાનગી ટોઈંગ એજન્સીઓ વાહન માલિક અથવા વાહન ચાલક પાસેથી સીધો વસુલ કરે છે. આ દંડ પેટે વસુલ આવેલ રકમમાંથી કોઈ રકમ ટોઈંગ માટે રોકાયેલ ખાનગી એજન્સીને ચુક્વાતી નથી.""

-------------

## ચોરવાડ ખાતેના સંગીતાઈ માતાના મંદિરમાં ઘેટાંઓનો ક્રૂર બલી આપવા બાબત

અતારાંક્તિ : ૨૪૮૭ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતેના સંગીતાઈ માતાના મંદિરમાં ડીસેમ્બર-૨૦૦૮ માં ૫૭ જેટલા ઘેટાંઓની ક્રુર બલી ગુનાહિત લોકોએ આપી હતી તે હકિક્ત સાચી છે.

(૨) જો હા, તો આ ગુન્હામાં ધી ગુજરાત પ્રાણી બલી પ્રતિબંધ-૧૯૭૨ અન્વયે કોઈ જ ગુન્હો પોલીસ દ્વારા નોંધવામાં આવ્યો નથી તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો કાનૂની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલા ક્યા ક્યા જવાબદારો સામે શી શિક્ષાત્મક પગલાં લેવાયાં છે?

**મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૨-૧૦) :

(૧) અને (૨) ચોરવાડ પોલીસ સ્ટેશનની હદમાં વાડી વિસ્તારમાં ૫૭ ઘેટાંની ઘાતકી હત્યા કરવામાં આવેલ હતી. આ બાબતે ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. સે. ૩૦૭૭/૦૮તથા ઈ.પી.કો. કલમ ૪૨૯, ૧૧૪ મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની કલમ ૫(૧), ૬, ૮, ૧૦ તથા પશુપરત્વે ઘાતકીપણા અટકાવવા સંબંધી કાયદો ૧૯૬૦ની કલમ ૧૧ (એલ.ડી.) તથા બી.પી. એક્ટ ક. ૧૧૯ તથા મુંબઈ એનીમલ બર્ડસ સેક્રીફાઈઝસ એક્ટની કલમ ૩, ૪, અને ૫ મુજબ કુલ ૧૮ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ બનાવ સંગીતાઈ માતાજીના મંદિરમાં કે તેની આસપાસ બનેલ ન હોઈ ગુજરાત પ્રાણી બલી પ્રતિબંધ ૧૯૭૨ લાગુ પડતો નથી.

(૩) કોઈ સરકારી અધિકારી/કર્મચારીની ફરજ પ્રત્યે નિષ્ક્રીયતા જણાયેલ ન હોઈ કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

------------

## ગોવંશને કતલખાને લઈ જતાં વાહનો

અતારાંક્તિ : ૨૫૫૦ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ગોવંશને કતલખાનામાં લઈ જતા સંડોવાયેલા કેટલા વાહનો તથા વાહન માલિકો સન-૨૦૦૮ તથા ૨૦૦૯માં પકડાયા, અને

(૨) કેટલા વાહનો તથા વાહન માલિકો સામે શી કાર્યવાહી થઈ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૨-૧૦) :

(૧) સને ૨૦૦૮ તથા ૨૦૦૯માં રાજ્યમાં ગોવંશને કતલખાનામાં લઈ જતાં પકડાયેલા વાહનો તથા વાહન માલિકોની વિગતો નીચે દર્શાવ્યા મુજબની છે.

| **હેડ** | **૨૦૦૮** | **૨૦૦૯** |
|---|---|---|
| વાહન | ૪૬૬ | ૪૫૮ |
| વાહન માલિક | ૨૩૫ | ૨૦૯ |

(૨) વારંવાર પકડાતા વાહન માલિકો સામે પાસાની કાર્યવાહી કરેલ છે.

- પકડાયેલ તમામ વાહનો ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ છે.
- પકડાયેલ તમામ વાહન તથા વાહન માલિકોની સંડોવણી જણાયેલ તેવા માલિકો વિરૂધ્ધ મુંબઈ પશુ સંરક્ષણ ધારા ૧૯૫૪ની કલમ ૫,૬,૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાના કાયદાની કલમ ૧૧(એ)(ડી)(ઈ) મુજબ ગુના દાખલ કરી અટક કરવામાં આવેલ છે.
- જે વાહન માલિકો મળી આવેલ નથી તે વાહન પોલીસ સ્ટેશનમાં જમા છે.
- તમામ વિરુધ્ધ અટક કરી નામ. કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવેલ છે.

### જતાવીરા નાની સિંચાઈ યોજના

અતારાંક્તિ : ૨૪૪૯ (૦૮-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લાની જતાવીરા નાની સિંચાઈ યોજના તારીખ ૩૧-૧૦-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨-૨-૨૦૧૦) :

(૧) અને (૨) સૂચિત જતાવીરા નાની સિંચાઈ યોજનાની દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ. પરંતુ તેની બદલીમાં નાની સિંચાઈ જેટલો જ પાણીનો જથ્થો નાના અને મોટા ચેકડેમની સીરીઝથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોઈ, તાંત્રિક અને આર્થિક ચકાસણી કર્યા બાદ, આ યોજનાના વિકલ્પ રૂપે ૬ (છ) નાના ચેકડેમો અને એક મોટા ચેકડેમનું કામ પૂર્ણ કરેલ છે. અને એક બીજો મોટો ચેકડેમ બનાવવાનું પણ આયોજન કરેલ છે.

-------------

### આણંદ, ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં નાની સિંચાઈ યોજના માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૨૪૫૫ (૮-૧૨-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ, ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી નાની સિંચાઈ યોજના માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર ક્યા ક્યા કામો પાછળ કેટલી રકમ તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધી છેલ્લા બે વર્ષમાં ખર્ચ કરવામાં આવી?

**શ્રી અમિતકુમાર ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા ૨૫-૩-૨૦૧૦ (અગિયારમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| | | | **વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં.૨૬** | |
| ૧. | ૨૪૦૬ વન નિર્માણ... જીવન<br>૦૧ વન નિર્માણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૧,૫૦,૦૦,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં.૧૩ થી ૧૯ | ૧૦૦ | વન વિભાગની પ્રભાગીય કચેરીઓને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨. | -- " -- | ૧૦૦ | ગાર્ડ / રેન્જ ફોરેસ્ટ ઓફિસરોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહ બારડ |
| ૩. | ૨૪૦૬ વન નિર્માણ... જીવન<br>૦૧ વન નિર્માણ<br>૧૦૧ વન .......પુનર્નિર્માણ<br>રૂા. ૨,૦૧,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૨૪ થી ૩૦ | ૧૦૦ | પક્ષીઓના ગેરકાયદેસર ખુલ્લેઆમ થતા વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪. | -- " -- | ૧૦૦ | જંગલોમાં વારંવાર લાગતી આગના કારણે વન પાંખા થઈ જાય છે તે અંગે જરૂરી વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૫. | -- " -- | ૧૦૦ | જંગલોમાં આવેલ ખુલ્લા કૂવાઓ ઉપર કવરના અભાવે વન્યપ્રાણીઓનાં તેમાં પડવાથી થતાં મૃત્યુ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૬. | ૨૪૦૬ વન નિર્માણ... જીવન<br>૦૧ વન નિર્માણ<br>૧૦૧ વન .......પુનર્નિર્માણ<br>રૂા. ૨,૦૧,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૨૪ થી ૩૦ | ૧૦૦ | વન મહોત્સવની ઉજવણી નિમિદ્ધે ઉગાડવામાં આવેલ વૃક્ષોનું જતન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૭. | -- " -- | ૧૦૦ | જંગલોમાં ગેરકાયદેસર વૃક્ષછેદનની ચાલતી પ્રવૃતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૮. | -- " -- | ૧૦૦ | વન સંરક્ષણની ફરજ પ્રત્યે બેદરકારી દાખવતા વન અધિકારીઓ / કર્મચારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૯. | ૨૪૦૬ વન નિર્માણ... જીવન<br>૦૧ વન નિર્માણ<br>૧૦૫ વન પેદાશ<br>રૂા. ૩,૬૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૩૧-૩૨ | ૧૦૦ | સરકારી એજન્સી દ્વારા વન પેદાશોનો લાભપ્રદ ઉપયોગ આમજનતા સુધી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૦. | ૨૪૦૬ વન નિર્માણ... જીવન<br>૦૨ | ૧૦૦ | રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોની વ્યવસ્થા અને વિકાસની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈકબાલભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | પર્યાવરણલક્ષી.......પ્રાણીજીવન<br>૧૧૦ વન્ય ........સંરક્ષણ<br>૦૨- ાકતઢ*ડ<br>રાષ્ટ્રીય.........વિકાસ<br>રૂા. ૩૮,૯૬,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૩૯ થી ૪૧ | | | |
| | | **માગણી નં.૨૭** | | |
| ૧૧ | ૨૨૧૫ પાણી........સ્વચ્છતા<br>૦૨ ગટર........સ્વચ્છતા<br>૧૦૬ વાયુ.......નિવારણ<br>રૂા. ૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૯ થી ૧૦ | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવેદ પીરજાદા |
| ૧૨ | --"-- | ૧૦૦ | નોટિસો આપવા છતાં પ્રદૂષણ ફેલાવતા ઔધોગિક એકમો સામે સખતાઈથી દાખલો બેસે તેવાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૩ * | --"-- | ૧૦૦ | ગંદા પાણીના શુધ્ધિકરણ માટે નકકર આયોજનનો અભાવ | |
| ૧૪ | --"-- | ૧૦૦ | અમદાવાદની ખારીકટ કેનાલમાં કેમિકલ્સયુકત પાણી ને ખુલ્લેઆમ ઠલવાતુ અટકાવવા અને જવાબદારો સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૧૫ | --"-- | ૧૦૦ | અમદાવાદના જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં ઝેરી કેમિકલ્સયુકત પાણી ખુલ્લેઆમ ગટરોમાં ઠાલવવામાં આવતાં આમજનતાના સ્વાસ્થ્ય ઉપર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૧૬ | ૨૨૧૫ પાણી........સ્વચ્છતા<br>૦૨ ગટર........સ્વચ્છતા<br>૧૦૬ વાયુ.......નિવારણ<br>રૂા. ૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પા.નં. ૯ થી ૧૦ | ૧૦૦ | વાયુ, જળ અને જમીનમાં વધતા જતા પ્રદૂષણને અટકાવવામાં થતો અસહય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૭ | --"-- | ૧૦૦ | સાબરમતી નદીના શુધ્ધિકરણ પાછળ વધુ ખર્ચ કરવા છતાં નદીમાં સ્વચ્છ પાણી રહે તેવું આયોજન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮ | --"-- | ૧૦૦ | હલકા પ્રકારની પ્લાસ્ટીક થેલીઓનો ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| | | **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૯૩** | | |
| ૧૯ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૨<br>અનુસૂચિત.........કલ્યાણ<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૧,૦૮,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪, પા.નં.૧૫-૧૬ ભાગ-૩ | ૧૦૦ | અનુસુચિત આદિજાતિના ઈસમોને રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ ઘેર બેઠા કામ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૦ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના ગરીબ બાળકો માટેના છાત્રાલયોમાં ખોરાક માટે અપાતી સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૨૧ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના લોકોના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૨ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના કલ્યાણ માટે બજેટમાં પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૩ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિના કલ્યાણ માટેની યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૪ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ<br>૦૨<br>અનુસૂચિત.........કલ્યાણ<br>૧૦૨ આર્થિક વિકાસ<br>રૂા.૬,૮૦,૯૩,૦૦૦ | ૧૦૦ | આદિજાતિઓની વસતિના ધોરણે ખેત મજૂરોને સાધનો ખરીદવા નાણાકીય સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિતાભાઈ મછાર |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૪, પા.નં.૧૭ થી ૨૧ ભાગ-૩ | | | |
| ૨૫ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિઓમાં વ્યાપેલા દૂષણો દૂર કરવા સામાજીક શિક્ષણ શિબિરો માટે વધુ રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૨૬ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ ૦૨ અનુસૂચિત.........કલ્યાણ ૨૭૭ શિક્ષણ રૂા. ૮૦,૧૦,૪૭,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૨૨થી૩૬ ભાગ-૩ | ૧૦૦ | દરેક જિલ્લામાં વધુ છાત્રાલયો ખોલવા અને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી.કે.રાઉલજી |
| ૨૭ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ ૦૨ અનુસૂચિત.........કલ્યાણ ૨૭૭ શિક્ષણ રૂા. ૮૦,૧૦,૪૭,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૨૨થી૩૬ ભાગ-૩ | ૧૦૦ | સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને ટયુશન ફીમાંથી મુકિત આપતા સરકારી ઠરાવનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડાં. અનિલ જોષીયારા |
| ૨૮ | --"-- | ૧૦૦ | અનુસૂચિત આદિજાતિ વિસ્તારોમાં આંગણવાડી, બાલવાડી અને પ્રાથમિક શિક્ષણ કેન્દ્રોનું સ્તર ઉંચુ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડાં. અનિલ જોષીયારા |
| ૨૯ | --"-- | ૧૦૦ | કામ કરતી મહિલાઓ માટે નજીકમાં છાત્રાલયો ખોલવા અને તેમાં પૂરતી સુવિધાઓ મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૦ | ૨૨૨૫ અનુસૂચિત...... કલ્યાણ ૦૨ અનુસૂચિત.........કલ્યાણ ૨૮૩ આવાસન ૦૨-ખહછઢ*ડ* હળપતિઓને......સહાય રૂા. ૪૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૩૮-૩૯ ભાગ-૩ | ૧૦૦ | હળપતિઓને આવાસન અને ઘરથાળ માટે નાણાંકીય સહાય આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૩૧ | ૨૨૫૧ સચિવાલય..........સેવાઓ ૦૯૦ સચિવાલય ૦૧ સામાજિક ........વિભાગ (આ.વિ) રૂા. ૯૪,૨૩,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૪૯-૫૦ ભાગ-૩ | ૧૦૦ | વિભાગમાં ખાલી રહેલ જગ્યાઓ સત્વરે ન ભરાતાં વહીવટી કામગીરી ઉપર પડતી વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૨ * | --"-- | ૧૦૦ | વિભાગમાં અધિકારીઓ વચ્ચે કામની વહેચણીની વિસંગતતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | **માગણી નં.૯૬** | | |
| ૩૩ | ૨૦૨૯ જમીન મહેસૂલ ૭૯૬ આદિજાતિ ..........યોજના ૦૧ એલએનડી-૪ રાજયના......ફેરમોજણી રૂા. ૨,૫૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૧૬-૧૭ ભાગ-૪ | ૧૦૦ | રાજયના આદિજાતિ વિસ્તારના ગામોની ફેરમોજણીમાં થતો અક્ષમ્ય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૪ | ૨૦૨૯ જમીન મહેસૂલ ૭૯૬ આદિજાતિ ..........યોજના ૦૨ એલએનડી-૭ (૨) જમીન......પગલાં (હક પત્રક યોજના) રૂા. ૭૯,૨૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪,પા.નં.૧૭-૧૮ ભાગ-૪ | ૧૦૦ | આદિજાતિઓની જમીન સુધારા માટે ખાસ પગલાં (હકકપત્રક) યોજનાની નબળી કામગીરીને ચેતનવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૫ | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ ૦૧ પ્રાથમિક શિક્ષણ ૭૯૬ આદિજાતિ.........યોજના ૦૪ ઈએનડી-૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુધારણાના કાર્યક્રમને વેગવંતો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | પ્રાથમિક......સુધારણા<br>રૂા. ૮,૦૪,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪,પા.નં.૨૩-૨૪<br>ભાગ-૪ | | | |
| ૩૬ | ૨૨૦૨ સામાન્ય શિક્ષણ<br>૦૨ માધ્યમિક શિક્ષણ<br>૭૯૬<br>આદિજાતિ........યોજના<br>૦૩ ઈએનડી-૧૦૦ નવી<br>......કરવી<br>રૂા. ૫,૯૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪,પા.નં. ૨૯<br>ભાગ-૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે નજીકના અંતરે વધુ શાળાઓ ખોલવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૭ | ૨૨૦૨ તકનિકી શિક્ષણ<br>૭૯૬<br>આદિજાતિ........યોજના<br>૦૪ ટીઈડી-૧૨<br>આદિજાતિ......જોગવાઈ<br>રૂા. ૧,૪૦,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪,પા.નં. ૪૩-૪૪<br>ભાગ-૪ | ૧૦૦ | આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ટેકનિકલ શિક્ષણ માટેની જરૂરી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતકુમાર ચાવડા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** :માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ મિનિટ અમારે ફાળે છે. સમગ્ર ગુજરાતના આદિવાસીઓનો પ્રશ્ન અને ગુજરાતની કુલ ૫ કરોડ ૬ લાખ ૭૧ હજારની વસતિમાં આદિવાસીઓની કુલ વસતિ એ લગભગ ૭૪,૮૧,૦૦૦ની છે અને ૨૯૪૨૯ ચોરસ કિલોમીટરનો આખો ટ્રાયેબલ વિસ્તાર છે, એ વિસ્તારના આદિવાસીઓ માટે, ગુજરાતને નંબર વન બનાવવાનું કામ આ રાજયના તમામ આદિવાસીઓએ જ કર્યુ છે, ગુજરાતમાં ૧ લાખ ૫૦ હજાર કિલોમીટરના રસ્તા આદિવાસીઓએ જ કર્યા છે, ગુજરાતમાં સિંચાઈની યોજનાઓ હોય, ગુજરાતમાં વીજળીકરણ કરવાના થાંભલા નાંખવાના હોય, ગુજરાતમાં રેલવેના પાટા નાંખવાના હોય, ગુજરાતમાં કોઈપણ વસ્તુ કરવાની હોય તો તે માત્રને માત્ર ગુજરાતના આદિવાસીઓએ જ કરી છે, પરંતુ આદિવાસી વિભાગની માગણી જ્યારે આવે છે અને એની મંજૂર કરવાની રકમો લગભગ ૩૦ જેટલા આદિવાસી ધારાસભ્યશ્રીઓ છે, એમણે આટલા ટૂંકા સમયમાં આટલી બધી યોજનાઓ ૪૧૦૩. ૯૫ કરોડનું બજેટ ખાલી એક કલાકમાં જો બોલી નાંખવાનું હોય તો મને એ સમજ નથી પડતી કે આ કેવી રીતે આપણે પૂરું કરીએ. જે સ્કીમોની બુકલેટો તૈયાર કરવા માટેની વાત કરી હતી કે આદિવાસી વિસ્તારની બધી યોજનાઓ છે એની બુકલેટો તૈયાર કરી દો અને વહેલી તકે ગુજરાતમાં આની વહેંચણી થવી જોઈએ પણ એ બુકલેટો પણ તૈયાર નથી થઈ, એનો ખર્ચ પણ કોઈ કરતા નથી, આશ્રમશાળાઓની અંદર ૧૦૦૦ જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, એ જગ્યાઓ ભરવા માટે જે અત્યારસુધી એની જે ભરતી આશ્રમશાળાના સંચાલકો કરતા હતા પરંતુ હવે સેન્ટ્રલ રિક્રુટમેન્ટ પદ્ધતિ દાખલ કરી છે એટલે એના માટે નામદાર હાઈકોર્ટમાં ગયા છે, હાઈકોર્ટમાં જવાના કારણે છેલ્લાં ત્રણ વર્ષથી એક હજાર જેટલા શિક્ષકો ભરાતા નથી ૩૩ ટકા શિક્ષકોની જગ્યા ભરેલી છે, ૬૬ ટકા જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે, એટલે મારી એ વિનંતી છે કે, તાત્કાલિક આ શિક્ષકો ભરવા માટે અને કેન્દ્રના ધોરણે છઠ્ઠુ પગારપંચ, ગૃહમાતાઓની નિમણૂંક, પગારની ગ્રાન્ટ દર માસે મળે, ઉત્તર બુનિયાદીમાં જે કેટલાક કર્મચારીઓ છે એને દર મહિને ૬૦૦ રૂપિયા જ પગાર મળે છે તો જે લોકો હાઈકોર્ટમાં ગયા એને કાયમી પગાર કરી આપ્યો પણ હાઈકોર્ટમાં નથી જતાં તેનો આ પગાર વધતો નથી, વીજળીકરણ માટે પણ લગભગ ૩૩૦૦૦ જેટલા લોકોને ખેતીવિષયક જોડાણો માટે વીજળીકરણ માટે ટ્રાયેબલ વિસ્તારોની માગણી છે, પરંતુ આ ૩૩૦૦૦ વીજળી જોડાણો પણ આપવામાં આવેલા નથી, એટલે ૨૭૫(૧) હેઠળ જે ભારત સરકારની રકમ મળે છે તે પીવાના પાણી, રસ્તા અને વીજળીકરણ માટે જ વાપરવાની હોય છે પરંતુ આ ડી-સેગ નામની સંસ્થા બનાવી મનગમતા નિર્ણયો અને નિયમો કરવાનું કામ લગભગ ૧૯ જેટલી સંસ્થાઓને એમ.ઓ.યુ. તારીખ ૧૩-૧-૨૦૦૯ના રોજ કરીને ૯૦૦ કરોડ રૂપિયા, આદિવાસીઓના પૈસે, ૯૦૦ કરોડ રૂપિયા જે બીજી સંસ્થાઓને કોઈ ટેન્ડર બહાર પાડ્યા વગર, વગર ટેન્ડરે, મનસ્વી પ્રમાણે આ બધું થાય છે તે વ્યાજબી નથી.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

કુડબિલની રકમ પણ વધવી જોઈએ, બે જોડ ડ્રેસ માટે ખાલી ૧૫૦ રૂપિયા મળે છે. ૧૫૦ રૂપિયા તો એક પેન્ટની સિલાઈ માટે કેટલાક સીટીના દરજીઓ લેતા હોય છે, કેટલીક જગ્યાએ તો એક પેન્ટની સિલાઈ ૪૦૦ રૂપિયા લે છે તો ૧૫૦ રૂપિયામાં આદિવાસી બાળકોને બે જોડ ડ્રેસ પણ મળતો નથી. ખાસ કરીને કેન્દ્રીય

કન્યા વિદ્યાલયો આદિવાસી વિસ્તારમાં ત્રણ ત્રણ ખુલી હતી, પરંતુ એ વિદ્યાલયો મનસ્વી પ્રમાણે રંગપુર આશ્રમમાં લઈ જવા માટેનો જે હુકમ કર્યો છે.હુકમ જે કર્યો છે તે બિલકુલ ખોટો છે. મારી નમ્ર વિનંતી છે કે, દરેક તાલુકામાં ત્રણ-ત્રણ જે વિદ્યાલયો ચાલતી હતી તે પ્રમાણે ચાલુ રહેવી જોઈએ. ડિસેંગ ના નામે મેં ઘણી માહિતી માગી. ૨૭-૧૦-૦૯ તેમાં લગભગ દસ પત્રો લખ્યા પરંતુ ડિસેંગની માહિતી કોઈ પણ પ્રકારે મને મળતી નથી. અત્યાર સુધી સાત જેટલા પ્રોજેકટો શરૂ થયા તેમાં ૪૭ કરોડ રૂપિયાની રકમ અત્યાર સુધીમાં વાપરવામાં આવી. પરંતુ કોઈ આદિવાસી સભ્ય પણ આ ડિસેંગમાં નહીં, કોઈ કર્મચારી આદિવાસી પણ ડિસેંગમાં નહીં, ચીફ સેક્રેટરી તેના સભ્ય છે. અત્યાર સુધી ચાર મિટિંગો મળી. પણ મનસ્વી રીતે આ કોઈ જવાબદારીમાંથી છટકવા માટે ડિસેંગની રચના કરવામાં આવી હોય એવું મને લાગે છે. હું એ જ કાયદો, એવી રીતની વ્યવસ્થા આમાં થઈ છે. લાઈવ્લી હુડ પ્રોજેકટ અને બીજા પ્રોજૅક્ટ્સ કે જે સીધે સીધા, કોઈ ટેન્ડર બહાર નહીં પાડવાનું મેં કહ્યું એ જ કાયદો એવું કરીને જે ગુજરાતના આદિવાસીઓ માટે જે પરિસ્થિતિ અને કન્સલ્ટન્સીને જ કામો સોંપવાના. અગિયાર મહિના કામ કરવાનું તે જતાં રહે, કરોડો રૂપિયાનું કરી નાંખે તો પણ કંઈ નહીં જોવાનું. અને વાત કરે આદિવાસીઓ માટે, બ્રાહ્મક જાહેરાતો થાય. તમે એમ કહો કે વનબંધુમાં કૃષિ, પૉલિટૅક્નિક, અમીર ગઢ ૧૭૮ કરોડ રૂપિયા આદિવાસી વિદ્યાર્થીઓ પાંચ, કૃષિ પૉલિટૅક્નિક ક્ષેડ બ્રહ્મા ૧૭૬ કરોડ ૮૧ લાખ આદિવાસી વિદ્યાર્થીઓ પાંચ, વૅટરનરી કોલેજ નવસારી ૯૨૧.૧૬ લાખ આદિવાસી વિદ્યાર્થીઓ ૧૧, એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ કોલેજ ગોધરા ૩ કરોડ ૧૨ લાખ ૬૭ હજાર આદિવાસી વિદ્યાર્થીઓ બે. એટલે મારું એટલું જ માનનીય મંત્રીશ્રી કહેવું છે કે આ વનબંધુના નામે, આદિવાસીઓના નામે મોન્સાન્ટો મકાઈ. મોન્સાન્ટો મકાઈ તમે આપી. શું કામ તમે મોન્સાન્ટો મકાઈ કોઈ એન.જી.ઓ.ને આપી? ગુજરાતનું બિયારણ આપવા માટે બીજ નિગમ છે તો બીજ નિગમને શા માટે નહીં ? લગભગ ૪૦ હજાર ખેડૂતોને દસ કિલો મકાઈ તેમાં ૫૦૦ રૂપિયા લીધાં એક થેલી યુરિયા, એક થેલી સલ્ફેડ અને સાડા ત્રણ હજાર રૂપિયાનો ખર્ચો પાડ્યો. સાહેબ, આ જે મોન્સાન્ટો કંપની બિયારણને દુનિયામાંથી જાકારો મળી રહ્યો છે. તેણે બિયારણમાં ઊંદરોના લીવર અને કિડનીને અસર કરે તેવું ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ બાયોટેકનોલોજી સાયન્સ તેનો અહેવાલ પણ છે.

**સભાપતિશ્રી** : મોહનસિંહભાઈ એક મિનિટ બાકી છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : સાહેબ મારી એટલી જ વિનંતી છે કે, આ જીનેટીકલી મોડીફાઈડ ફુડ, બી.ટી.રીંગણાં તે પણ સમગ્ર ૧૧ જેટલાં રાજયોએ ના પાડી છે. તો એકલા આદિવાસીઓને જ આ મોન્સાન્ટો કંપનીની મકાઈ આપીને ખતમ કરી દેવાં છે. તે જો પતી જાય તો પછી કોઈ કશો વાંધો નહીં આવે.

**માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી લાગણી એટલી જ છે કે હજીરામાં સુવાલીના સર્વે નંબર ૪૩૪ અ(૧) ૧ પૈકીની જમીન એસ્સાર કંપની દ્વારા છેલ્લાં ૨૦૦૬થી હજારો એકર જમીન જંગલ ખાતાની દબાણ કરી છે. તેના ફોરેસ્ટરો, તેના રેન્જરો બધાં તેમાં ઈન્વોલ છે. તારની વાડ પણ કરી નાંખી અને ત્યાં બિલ્ડીંગો પણ બંધાઈ ગયા. ચાર-ચાર વખત ફરિયાદ કરી પણ માથાભારે માણસો, રાજકારણમાં લાગવગવાળા તેના કારણે આ જે જમીન હજીરા સુવાલીની તેનો કબજો મળતી નથી. આદિવાસીઓ જંગલની જમીનો ખેડે છે. ગુજરાતમાં ૧,૮૬,૩૩૪ ખેડૂતોએ અરજી કરી. ૧૪,૫૬૨**

**સભાપતિશ્રી** : મોહનસિંહભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ. ૭.૮૦ ટકા. સાહેબ આપણો નંબર તેરમો છે. ગુજરાતના આંધ્રપ્રદેશ, ત્રિપુરા, ચંદીગઢ, ઓરિસ્સા, રાજસ્થાન, તામિલનાડુ, મધ્યપ્રદેશ આ બધા રાજયોને જંગલોની જમીનો આપી દીધી. સાહેબ અમે વર્ષોથી જંગલોની જમીનો ખેડીએ. અમે માગીએ. ત્યારે તમે એમ કહો કે આ નકસલવાદીઓ છે. આ આવા છે. આ તેવા છે. એમ કરીને આદિવાસીઓને હેરાન કરો તો ૫,૮૮૪ ગામો આદિવાસીઓના છે. નકસલવાદી જીંદગીમાં ગુજરાત બન્યું નથી. બનવાનું નથી. પણ આવા જ જો નિયમો તમે કરશો તો આવતા દિવસોમાં ગુજરાત એ તરફ જવાનું પણ કામ કરશે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ જે લઈને આવ્યા છે, એમાં હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી લઈ ઉમરગામ સુધીનો જે આપણા રાજયનો પૂર્વ વિસ્તાર છે, જે વિસ્તારની અંદર આદિવાસી સમાજ વસેલો છે, ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકાની અંદર ૭૫ લાખની વસતિ ધરાવતો આ રાજયની સરેરાશ વસતિ એટલે કે ૧૫ ટકા વસતિ આદિજાતિ સમાજની છે. જયારે આ રાજયની અંદર આટલો મોટો આદિવાસી સમાજ વસેલો હોય ત્યારે એ સમાજની હું વાત કરું કે અગાઉના સમયની અંદર એટલે કે ૧૯૮૦ની અંદર આ સમાજના વિકાસ માટે ફકત ૫૭ કરોડ રૂપિયાની ફાળવણી થઈ હતી. એટલું જ નહીં, પણ ૪૦ વર્ષના કોંગ્રેસના શાસનની અંદર આદિવાસી સમાજના વિકાસની પાછળ ફકત ૬૫૦૦ કરોડ રૂપિયાનું પ્લાનિંગ થયું છે. અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ પછીના ૧૦ વર્ષની અંદર ૧૫,૧૭૫ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. અમારો સમાજ માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા પણ અભિનંદન આપે એટલા ઓછા છે. હું એટલા માટે વાત કરી રહ્યો છું કે આ વર્ષ ગુજરાત રાજયનું સ્વર્ણિમ્ વર્ષ છે. જયારે સમગ્ર રાજય સ્વર્ણિમ્ વર્ષ તરીકે ઉજવતું હોય ત્યારે આ વર્ષમાં આદિજાતિ સમાજ માટે ૪૧૦૩ કરોડ રૂપિયાની ફાળવણી

આ સમાજના વિકાસ માટે જે થઈ છે, એ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી મંગુભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ એટલું મોટું છે કે અગાઉના ૩૦ વર્ષનો આપણે જો સરવાળો કરીએ તો એના કરતાં પણ વધારે આ બજેટ આ વર્ષનું જ છે. એ બતાવે છે કે સાચા અર્થમાં આદિવાસી સમાજની કામગીરી કઈ પાર્ટીના તરફથી કરવામાં આવી છે. ઘણી બધી વાતો વિકાસની કરીએ તો એ ઓછી છે. સમગ્ર સર્વાંગી વિકાસ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આદિવાસી સમાજનો વિકાસ કરવા માટે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી. જેની અંદર ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું તમામ વિભાગોનું સંકલિત કરીને એનું પૂર્વ આયોજન કરીને આ સમાજના અંદર અનેક વિકાસના કામો થયા છે. ગુજરાત પેટર્ન જેવી યોજના થકી લગભગ છેલ્લા ૧૦ વર્ષની અંદર ૧,૨૦,૦૦૦ જેટલા વિકાસના કામો થયા છે. આ કદાચ રેકોર્ડ હશે. માનનીય અધ્યક્ષશ્રી, જો આપણે એનું સરેરાશ કાઢીએ તો દર વર્ષે ૧૨૦૦૦ જેટલા વિકાસના કામો આ સરકારની અંદર થયા છે. મારે વાત એ કરવી છે કે અહીંયા મોહનસિંહભાઈ પણ કહેતા હતા કે માથાભારે લોકો બનાવી રહ્યાં છે. માથાભારે લોકો કોણ હતા એ આપણે સૌ જાણીએ છીએ. એક સમય એવો હતો કે આદિવાસી વિસ્તારમાં જો કોઈએ પ્રવેશ મેળવવો હોય, આદિવાસી વિસ્તારમાં જો જવું હોય તો બુથ પર જવા માટે પણ આપણને મુશ્કેલીઓ પડતી હતી. એમણે જે તે વિસ્તારોની અંદર એવા માફિયાઓ તૈયાર કર્યા હતા. એવા માથાભારે માણસો તૈયાર કર્યા હતા. જેના કારણે સરકારના વિકાસના જે કામો એ સમાજ સુધી આપણે પહોંચાડી શકયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન પાઠવવા જોઈએ કે જેમણે દેડીયાપાડામાં નર્મદા જિલ્લામાં આવી અને ૩ દિવસ સતત ત્યાં રહી અને આદિવાસી સમાજની અંદર બાળકો અને કન્યાઓ ભણે તેના માટેની એમણે ચિંતા કરી છે. આ રાજયના આ પહેલા એવા મુખ્ય મંત્રીશ્રી છે કે જેમણે ૩ દિવસ આદિવાસી વિસ્તારીમાં રહી અને આદિવાસીઓની દીકરીઓ ભણે તેના માટે ભીખ માગી છે. આ સમાજને શિક્ષણની બાબતમાં જો અમારા કોંગ્રેસના સાથી મિત્રોએ અગાઉથી આટલી ચિંતા કરી હોત તો આ સમાજની આજે આ દશા ન હોત. આ સ્થિતિ નિર્માણ કોના કારણે થઈ છે? આવી સ્થિતિ કેમ પેદા થઈ ? જો તેનું આત્મમંથન થાય તો ત્યાં સામે બેઠેલા મિત્રોને ખબર પડેકે આ કોના પાપે આ સમાજ દુ:ખી થયો છે. મારે એ વાત પણ કરવી છે કે આપ સૌ કેન્દ્ર આમ આપે છે અને કેન્દ્ર તેમ આપે છે એવી વાતો કરો છો, કેન્દ્રમાં વર્ષોથી કોંગ્રેસની સરકાર રહી છે અને તેમ છતાં ૮૩૨ લાખ કરતાં પણ વધુ આ દેશની વસતિ આદિવાસી સમાજની છે તેના વિકાસ માટે અલગ મંત્રાલય બનાવ્યું નહોતું. આ સમાજ માટે અલગ મંત્રાલય એન.ડી.એ.ની સરકારમાં માનનીય અટલબિહારી બાજપાઈજીએ બનાવ્યું છે. અને તે વિભાગ થકી આજે અલગ કામગીરી થઈ રહી છે. એક સાથે ૪ મિનિસ્ટરો પણ જે તે સમયે આદિવાસી સમાજના બનાવ્યા છે. આ બતાવે છે કે આદિવાસી સમાજની સંવેદના કોને છે. એ જ રીતે જંગલની જમીનની વાત પણ થઈ, મારે એ વાત કરવી છે કે અગાઉ ૧૯૬૭ની પહેલાની જમીનો અને ૧૯૮૦ પહેલાની જે જમીનો હતી તે જમીનો જે ખેડતા હતા તેવા ૪૫,૪૫૨ જેટલા અરજદારોને આપણે જમીન આપી છે. એટલું જ નહીં ૩૧૮૪૦ હેકટર જમીન આપણે જે તે સમયે રાજય સરકારે ફાળવી આપી છે. એ સમયમાં કોઈ રાજય એવું નહોતું કે જેમણે સનદો આપી હોય, એક માત્ર ગુજરાત રાજય એવું હતું કે જેમણે ૧૯૬૭ પહેલાની અને ૧૯૮૦ પહેલાની જમીનો આપી છે. હું એ વાત કહેવા માગું છું કે કોંગ્રેસના મિત્રો જયારે ૨૦૦૬માં વન અધિકારીતા નિયમ બનાવ્યો ત્યારે સાબરકાંઠા, બનાસકાંઠામાં એમના એન.જી.ઓ. લઈને એન.જી.ઓ. થકી આદિવાસીઓને છેતરામણી કરવા માટે ૨૦૦ રૂપિયાના ફોર્મ ભરાવ્યા છે, આ કોંગ્રેસના નેતાઓ લઈનેનીકળેલા છે.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** : ૨૦૦ રૂપિયાના ફોર્મ ભરાવ્યા છે તે વાત તદન અસત્ય છે. સદંતર અસત્ય છે. એમની પાસે પુરાવા હોય તો આપે. નહીંતર આક્ષેપ ન કરે.

**સભાપતિશ્રી** : એમણે વ્યકિતગત આક્ષેપ નથી કર્યો, જનરલ વાત થઈ છે. તમે જવાબ પછી આપજો.

**શ્રી હર્ષદભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને જોઈતા હશે તો હું નામ સાથે આપવા તૈયાર છું. હમણાં જ ગઈકાલે અમારા આદિવાસી નેતા કેન્દ્રના અમારે ત્યાં આવીને કહે કે આવા ખોટા ફોર્મ ભરાવ્યા છે આટલી મોટી સંખ્યા વધારી છે, અને એમ કહે છે કે આદિવાસીઓને જમીન આપતા નથી. આદિવાસીઓ આતંક બનશે. આ આતંકનો વિચાર કેમ આવે છે એ જ મને સમજાતું નથી. આદિવાસીઓને આતંક બનશે એવો વિચાર કેમ આવે છે? આદિવાસીઓને સારું શિક્ષણ આપવા માટેનો વિચાર કેમ નથી આવતો? આદિવાસીઓને સારી રોજગારી આપવા માટેનો વિચાર કેમ નથી આવતો? વાર્ષોથી આપણે જાણીએ છીએ કે યોજનાઓમાં જે પ્રલોભનો અપાતા હતા એમાં હવે ધીરે ધીરે એમની વોટ બેંક સરી રહી છે અને તેના કારણે એમનાથી સહન નથી થતું. ત્યારે આદિવાસીઓને આતંકની દિશામાં લઈ જવાનો જે પ્રયાસ કરે છે તે ખરેખર શરમજનક બાબત છે. આ સમાજ માટે પણ એ સારી વાત નથી. આવી માનસિકતા લઈને કોંગ્રેસના આગેવાનો ચાલે છે તે માનસિકતાથી બહાર રહે તો સારું.

**સભાપતિશ્રી** : માનનીય હર્ષદભાઈ, આપનો સમય પૂરો થયો છે. આપના દંડકશ્રીએ નિર્ણય કર્યો છે તે સમય પૂરો થાય છે.

**શ્રી હર્ષદભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી હર્ષદભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના અમારા વડીલ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ સાહેબ વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

સમગ્ર ભારતમાં આદિજાતિની વસતિ લગભગ ૮ કરોડ ૪૩ લાખ જેટલી છે એટલે કે કુલ વસતિના ૮ ટકા જેટલા થાય છે. ગુજરાત રાજયમાં આદિવાસી સમાજની ૭૫ લાખ જેટલી વસતિ છે, એટલે રાજયની કુલ વસતિના પ્રમાણમાં ૧૫ ટકા જેટલું થાય છે. આદિવાસી સમાજનો વસવાટ છે એ અંબાજીથી લઈને ઉંમરગામ સુધીના ૧૩ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓ ૫૮૮૪ જેટલા ગામડાંમાં પ્રકૃતિની ગોદમાં જંગલો અને ડુંગરોમાં આ સમાજ વસવાટ કરે છે. વિરોધપક્ષના મિત્રો વારંવાર ગૃહની અંદર સરકારની ટીકા કરે છે તેથી તેમને હું સાચી હકીકત જણાવવા માગું છું. વિરોધપક્ષના શાસનમાં આદિવાસી સમાજના વિકાસની માત્ર વાતો કરવામાં આવી છે, વાસ્તવમાં કોઈ વિકાસ કોંગ્રેસની સરકારોમાં થયો નથી. આદિવાસી સમાજને * (xxxx) બતાવીને ગૂમરાહ કરીને વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે.

**સભાપતિશ્રી** : હથેળીમાં ચાંદ બતાવવામાં આવે છે એ શબ્દ ન વાપરી શકાય. તેથી તેને દૂર કરુ છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. વિરોધપક્ષના મિત્રો પોતાનો ભૂતકાળ યાદ કરે. પોતાનો ચહેરો અરીસામાં જૂએ તો એમને ખબર પડશે. એક સમયે આ રાજયમાં આદિવાસી મુખ્યમંત્રી પણ થઈ ગયા. તેમના સંપૂર્ણ સમય દરમિયાન આદિવાસીઓનું કુલ બજૅટ ૫૦૦ કરોડ રૂપિયા જેટલું પણ થયું નહોતું. ભૂતકાળની સરકારોમાં આદિવાસી સમાજ માટે બજૅટની વાત કરુ તો ૧૯૯૦-૯૧માં ૧૩૮ કરોડ રૂપિયા, ૧૯૯૧-૯૨માં ૧૭૪ કરોડ રૂપિયા, ૧૯૯૨-૯૩માં ૧૧૯ કરોડ રૂપિયા, ૧૯૯૩-૯૪માં ફક્ત ૨૩૦ કરોડ રૂપિયા જેવુ નજીવું બજૅટ ફાળવીને આદિવાસી સમાજની * (xxxx) ભૂતકાળમાં પ્રયાસો થયા છે.

**સભાપતિશ્રી** : * (xxxx) આવે છે એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : વડીલોની કહેવત છે કે કૂવામાં હોય તો હવાડામાં આવે. ભૂતકાળની સરકારનો વહીવટ સારો ન હોય તો બજૅટ કયાંથી વધવાનું હતું? આઝાદી પછી કેન્દ્રની અંદર ૫૦ વર્ષ સુધી કોંગ્રેસની સરકારે રાજ કર્યુ છે. મારા મિત્ર હર્ષદભાઈએ કહ્યું તેમ ત્યારે આદિવાસીની યાદ કોંગ્રેસને આવી નથી પરંતુ અમારા અટલજી જેવા લોહ પુરૂષ દેશના વડાપ્રધાન બન્યા તેમણે તાત્કાલિક આદિવાસી વિભાગની સ્વતંત્ર રચના કરી હતી. આ અટલજીની આદિવાસી સમાજને ભેટ છે. ભૂતકાળની સરકારોએ આદિવાસી સમાજને માત્ર મરઘા અને બતક સિવાય કશું આપ્યું નથી. અને તેમાં કોઈ ગરીબનું ભલું થઈ શકે તેમ નથી. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની સરકાર ગુજરાતના તમામ રાજયોને ૧થી ૮ ધોરણના પુસ્તકો ફાળવે છે. ગુજરાત રાજયના આદિવાસી બાળકો માટે એક રૂપિયાની પણ ગ્રાન્ટ આ કેન્દ્ર સરકાર આપતી નથી. માત્ર ગુજરાત રાજયને બાકાત રાખીને આદિવાસી સમાજને પછાત રાખવાનું કામ આ કેન્દ્ર સરકાર કરી રહી છે. ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખરેખર આદિવાસી સમાજના વિકાસની શરૂઆત થઈ છે અને બજૅટમાં પણ મોટી રકમ ફાળવવામાં આવી છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી સમાજની ચિંતા કરી છે અને વિશેષ કરીને શિક્ષણ ઉપર ધ્યાન આપ્યું છે. લગભગ ૩૬ જેટલી..

**સભાપતિશ્રી:** પૂરું કરો.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : હજુ તો બહુ બાકી છે.

**સભાપતિશ્રી:** તમે આખો દિવસ બોલો, મને પણ ગમે પણ સમય નથી.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : ૩૬ જેટલી નવી કન્યા શાળાઓની શરૂઆત કરવામાં આવી છે. તેમાં ત્રણ જેટલી તો આદિમ જૂથની કન્યાઓના છાત્રાલયો કરવામાં આવ્યા છે. ૧૦ જેટલી નવી આઈ.ટી.આઈ. કરવામાં આવી છે, ત્રણ નવી એન્જિનિયરીંગ કૉલેજો કરવામાં આવી છે. ચાર એગ્રીકલ્ચર પૉલિટૅકનીક શરૂ કરવામાં આવી છે અને ચાર જેટલી નવી નર્સિંગ કૉલેજો કરી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ અને આદિજાતિ વિકાસ વિભાગની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આ ગૃહના સભ્યશ્રી હર્ષદભાઈ હમણાં વાત કરતા હતા, ૧૫,૦૦૦ કરોડની. માનનીય અધ્યક્ષશ્રી, અમને પણ એમ હતું કે આ ૧૫,૦૦૦ કરોડનું બજૅટ હોય તો વિકાસ ડબલ થવાનો છે. પણ

---

* (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પરિસ્થિતિ એ થઈ, ધીરે ધીરે તપાસ કરતાં બજેટમાં કોઈ જગ્યાએ ૧૫,૦૦૦ કરોડ જોવા ન મળ્યા. પણ આ તો મુખ્યમંત્રીનું વચન હતું સાહેબ, અભય વચન. એટલે મુખ્યમંત્રીએ આ પરિસ્થિતિ જોઈને શું કર્યું? એના માટે ડી-સેકની રચના કરી. ડી-સેકની રચના કરી પણ બજેટ કયાં? બજેટ તો ઓરીજીનલ બજેટ હતું એટલું જ હતું. એટલે સાહેબ એમણે જે ગુજરાત પૅટર્નના પૈસા હતા તેમાં ૨૦ ટકા તેમાંથી વીથડ્રો કર્યા. કેન્દ્ર સરકારના પૈસા હતા. સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ. એ પૈસા મળતા એ પૈસા પ્લસ ૨૭૫-(૧) હેઠળ જે પૈસા મળતા તે. આ બધા પૈસા ભેગા કરી અને આ જે ડી-સેકની સાહેબ, ૬૭ માણસોની જે ભરતી કરી, તેનો ૨૫-૨૫ હજાર રૂપિયાનો પગાર નક્કી કર્યો. આ સાહેબ કોના પર? આ કયાં જવાનું? સાથે સાહેબ, આ જે ડી-સેકના માણસો છે એ પ્રોજૅકટ બનાવે એ પ્રોજૅકટના પર પ્રોજૅકટ વધુમાં વધુ એક કરોડ રૂપિયા અને આ પણ આમાંથી ત્રણ ટકા લેખે ગણવાના. ગુજરાત પૅટર્નમાંથી અને પેલા તેની દેખરેખ માટે. એ જે ૨૭૫માંથી એમ કરીને આવી રીતે પૈસા વેડફવામાં આવે છે. આ ડી-સેકની સંસ્થા શું કરે છે એ કહું. જુદા જુદા વિભાગોમાં જઈને બજેટની જે ફેરવિચારણા કરવાની એ કામ કરે છે. ધારાસભ્યો પોતાની રજૂઆતો કરી કરીને થાકે, કંઈ નહીં આવે. એમને રસ્તાઓ જોઈએ, એમને વીજળી જોઈએ. એમને પાણી જોઈએ. કશું ન થાય. પણ આ જે ડી-સેકના માણસો છે આ જે સ્વાયત્ત સંસ્થા છે. એ માણસો છે એ જુદા જુદા વિભાગોમાં જઈને બજેટનો ફેરફાર કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આ ડી-સેકવાળા શું કરે છે એ પણ કહું સાહેબ, તાપી જિલ્લાનો દાખલો આપું. ૯૫ સંસ્થાઓને એન.જી.ઓ.ને ૩૧૭ કામ આપી દીધા અને એક સંસ્થાને તો ૫૩ કામો. સાડા તેર કરોડનું કામ, કોઈ જાતના તમારા નીતિ-નિયમો કંઈ નહીં? ડાયરેક્ટ આ રીતે સંસ્થાને, હમણાં જ ચર્ચા ચાલતી હતી કે ૧૯ એમ.ઓ.યુ. કર્યા અને અમારા સભ્યશ્રીએ પણ વાત કરી કે ૧૯ એમ.ઓ.યુ. કર્યા, સાત એન.જી.ઓ.ને કામ આપ્યું છે, તેમાં ત્રણ જ એન.જ.ઓ.ની વાત કરું છું. દીપક ચૅરીટેબલ ટ્રસ્ટ, ૫૯ કરોડનું, કોઈ પણ જાતના ટેન્ડર ખરા? કોઈને જાણ કરી? બીજાં કોઈ કામ કરવા માગે છે. ૫૯ કરોડનું કામ એક જ સંસ્થાને. બીજી સી.આઈ.એન.આઈ. સંસ્થા છે. તેને પણ ૨૨ કરોડનું કામ. ત્રીજી મોન્સેટો કંપની, ૪૦ કરોડ ૨૬ લાખનું કામ. કોઈ ટેન્ડર નહીં કે કંઈ નહીં. આવી ડાયરેક્ટ સંસ્થાઓ, સાહેબ આવા વચેટીયાઓ આ સરકારે ઘૂસાડી દીધા. આ મુખ્યમંત્રી ઘણી વખત કહે છે કે વચેટીયાઓ કયાં છે, કયાં છે પણ આ વચેટીયાઓ છે. અમારી મોટા ભાગની ગ્રાન્ટ આ લોકો ખાઈ જાય છે. આ જે ડી-સેકની સંસ્થા કરી એટલે પછી જે પાયાના કામો ૨૭૫(૧) હેઠળ અને ગુજરાત પૅટર્નમાં કરવાના હતા એ પાયાના કામો રહી ગયા છે અને એમાંની અમુક ગ્રાન્ટ, ૭૧ કરોડ ૯૫ લાખ રૂપિયાની ત્રણ વર્ષમાં વણવપરાયેલી રહી સાથે સાથે મુખ્ય બજેટ હતું એમાં પીવાના પાણી માટે આજે ફાંફાં મારવાં પડે છે. છેલ્લા ૩ વર્ષમાં ૭૩૧ કરોડ રૂપિયા ખર્ચ્યા છતાં પણ આજે લોકોને હેરાન થવું પડે છે. આદિજાતિ વિસ્તારમાં મોટા ડૅમ છે. પણ લિફ્ટ ઈરીગેશનની સ્કીમ પણ નથી બનતી કારણ કે, ફીઝીબીલીટી નથી. એની સામે ત્રણ વર્ષમાં રૂ.૧૮૭૬ કરોડ ખર્ચ્યા. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કયા ૪૩ તાલુકામાં વપરાયા છે? તપાસ તો કરો. નર્મદા નિગમના શેર મૂડી ભંડોળમાં રૂ.૮૦૦/- કરોડ ફાળવ્યા. આ રીતે પૈસાનો દુર્વ્યય થાય છે. ખરેખર આદિવાસી વિસ્તારમાં આ પૈસા પૂરા વપરાતા નથી. માર્ગ અને મકાન વિભાગની આજે હાલત છે. એને વન બંધુ યોજનાનું નામ આપ્યું. મારા વિસ્તાર ભિલોડા તાલુકાની વાત કરું તો ૧૯ રસ્તાઓ મંજૂર કર્યા પણ ૩ વર્ષની અંદર એને કોઈ મંજૂરી ન આપી અને પછી બીજા રસ્તાઓ મંજૂર થઈને આવે છે. આ રીતે લોકોને પણ ખબર હોતી નથી. આ રસ્તાઓ આદિજાતિ વિસ્તાર પૈકીના છે કે બીજા રસ્તાઓ છે? આ રીતે પૈસા નૉન ટ્રાય બલ વિસ્તારમાં વપરાતા જાય છે.. (અંતરાય) મારે તો હજુ ઘણું બોલવાનું છે. સાહેબ, અમે તો માગણી કરીએ છીએ, અમારા હક્કની માગણી કરીએ છીએ.

**સભાપતિશ્રી** : આ સમય હું નથી નક્કી કરતો, તમારા દંડક નક્કી કરે છે. એમાં હું અડધી મિનિટ- પોણી મિનિટ વધારે આપી રિલેક્ષેશન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા** : ખેડૂતોને વીજળી માટે છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૬૭૨/- કરોડ વાપર્યા. પણ ખેડૂતોને આજે ત્રણથી ચાર કલાકથી વધારે લાઈટ મળતી નથી. જયોતીગ્રામ યોજના આવી પણ આદિવાસી વિસ્તારોમાં ૨૮ ટકા કામ બાકી છે. આજે છોકરાઓ વાંચી શકતા નથી. દરેક ઉદ્યોગોને ટેક્સ હોલીડે હોય છે પણ ખેડૂતો માટે ટેક્સ હોલીડે સરકાર જાહેર કરે. આદિવાસી ખેડૂતો જે જંગલની જમીનની માગણી કરે છે, હક્કની માગણી કરે છે, જે જમીન એ વર્ષોથી ખેડે છે એના માટે થઈને એ માગણી કરે છે ત્યારે એમને નકસલવાદીઓ તરીકે ખપાવવામાં આવે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, સેટેલાઈટ, ઈમેઈલ લાવવાની વાત કરે છે પણ બજેટમાં એવી કોઈ જોગવાઈ નથી, એના કોઈ કાયદામાં જોગવાઈ નથી. મારી વિનંતી છે કે...

**સભાપતિશ્રી** : હવે કોઈ રિલેક્ષેશન નહી.. શ્રી વિજયભાઈ..

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ મંત્રીશ્રી, આ સ્વર્ણિમ જયંતી વર્ષમાં આદિજાતિ વિભાગમાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૪૧૦૩.૭૫ કરોડની જોગવાઈ કરી છે. એ લગભગ ૧૭.૫૭ ટકા વધારે જોગવાઈ છે. એ બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આદિજાતિ વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૯૬૦થી ૨૦૦૧ સુધી આદિજાતિ વિસ્તારના વિકાસ માટે ભૂતકાળની સરકારો હતી. એમણે માત્ર રૂ.૬૫૦૦/- કરોડ વાપર્યા હતા. પરંતુ જ્યારથી ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઈ

મોદીજીનું શાસન આવ્યું અને તેઓશ્રીએ આ રાજયની ધૂરા સંભાળી ત્યારથી પાંચ વર્ષની અંદર રૂ.૬૦૦/- કરોડ આદિજાતિ વિસ્તારના કલ્યાણ માટે વાપર્યા છે. એક તરફ મોંઘવારી વધતી જાય છે ત્યારે આ ગુજરાતની અંદર આદિવાસી વિસ્તારના કલ્યાણ માટે બજેટમાં વધારો કરવામાં આવ્યો છે ત્યારે મારી જાણકારી મુજબ કેન્દ્રની અંદર પહેલાં આદિજાતિ વિસ્તારના કલ્યાણ માટે ૧૦ ટકા જેટલી જોગવાઈ હતી. ત્યાર પછી ૭ ટકા કરવામાં આવી અને મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે હાલ ૪.૮૬ ટકા બજેટમાં જોગવાઈ કરી છે. મને એવું લાગે છે કે, આ આદિવાસી સમાજને આગળ નહીં પણ પાછળ લઈ જવાનો કાર્યક્રમ લાગે છે. આજે આ ગુજરાતની સરકાર વન બંધુઓને આગળ લઈ જવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે આગળ લઈ જવા માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂ.૧૫૦૦/-કરોડનું પૅકેજ આપેલું છે. જે પૅકેજ આપેલું છે તે અંતર્ગત મારા આદિવાસી ભાઈ-બહેનોને આગળ લઈ જવા રસ્તા, પાણી, વીજળી, સિંચાઇની સુવિધા, ખેતી લક્ષી યોજનાઓ લાવીને આદિજાતિના લોકોને પગભર કરવાનું કામ કર્યું છે, આ મંત્રીશ્રીએ અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આદિવાસી વિસ્તારની અંદર ભણતા વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓમાં જે છઠ્ઠા ધોરણમાં ભણે છે એવા તેજસ્વી વિદ્યાર્થીઓને આપણે ટેલેન્ટ અંતર્ગત આવરી લઈને શહેરની ઉત્તમમાં ઉત્તમ સ્કૂલમાં નામાંકિત કરવામાં આવે છે અને તેની શિક્ષણ ફી, ટ્યુશન ફી, ગણવેશ, રહેવાનું જમવાનું, બૂટ-મોજાં, ટુથ બ્રશ, કાંસકો કોપરેલ જેવી તમામ વસ્તુઓની જે કોઈ રકમ થાય એ રાજય સરકાર વિનામૂલ્યે ઉપાડે છે. આજે અમારા આદિવાસી સમાજના જે વિદ્યાર્થીઓ વિદેશની અંદર અભ્યાસ કરવા જતા હોય એમને આદિજાતી કૉર્પોરેશન તરફથી ૧૦ લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે. જેઓ કોમર્શિયલ પાયલોટ બનવા માગતા હોય એમને ૧૫ લાખની લોન આપવામાં આવે છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટી, આ આદિવાસી સમાજને બીજા સમાજની હરોળમાં લઈ જવા માટે ખૂબ જ પ્રયત્નશીલ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ આદિવાસી સમાજની ખૂબ જ ચિંતા કરી છે. અને એટલા માટે આ આદિવાસી સમાજના જે જિલ્લાઓ છે આ ૧૨ જિલ્લાની અંદર એમના પ્રવાસો થાય છે. હું ગૌરવ સાથે કહુ છું કે કન્યા કેળવણી રથયાત્રા દરમિયાન આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ મારા ડાંગ જેવા પછાત વિસ્તારની અંદર પણ બે બે દિવસ સુધી ત્યાં રોકાઈને મારી આદિવાસી જે કન્યાઓ હતી એમના પ્રવેશ માટે એમણે મદદ કરી છે. આજે ડાંગનો ખેડૂત હોય, અંબાજીનો ખેડૂત હોય કે સાબરકાંઠાનો ખેડૂત હોય, એ આર્થિક રીતે પગભર થાય, એ ઉન્નત થાય એના માટે ન્યુ ગુજરાત પેટર્નની યોજના ૧૯૯૯-૨૦૦૦માં અમલમાં આવી છે અને જ્યારથી આ આદિવાસી ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આ ખેડૂતોને વેલાવાળા શાકભાજી, ભીંડાની ખેતી કરવી હોય તો તેના માટે અને વાડી યોજના માટે સહાય આપવામાં આવે છે અને આજે મારા ડાંગનો આદિવાસી હોય કે પંચમહાલનો આદિવાસી હોય આ યોજનાઓ થકી એ પગભર થયો છે અને મોબાઈલ વાપરતો થયો છે આ રાજય સરકારની સિદ્ધિ છે. આજે આદિવાસી વિદ્યાર્થીને શિક્ષણ ક્ષેત્રે તેજસ્વી કારકીર્દિ પ્રાપ્ત કરી શકે એના માટે ૪૩ આદર્શ નિવાસી શાળાઓ છે એમાં ૨૩ કુમારો માટે છે અને ૨૦ કન્યાઓ માટે છે. આ આદર્શ નિવાસી શાળાઓમાં ૬૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ આની અંદર ભણે છે. અને એના માટે સન ૨૦૧૦-૧૧ની અંદર ૩૭૯૫.૭૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. માનવ ગરીમા યોજના અંતર્ગત ૨૬૬ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારની અંદર જે બેરોજગાર યુવક યુવતીઓ છે એમને રોજગારીની તકો ઉભી થાય એના માટે આ રાજય સરકારે કૌશલ્ય વર્ધક તાલીમ વર્ગો અને તાલીમ કેમ્પો યોજ્યા છે. આપણા માનનીય સભ્યશ્રી હર્ષદભાઈ વસાવા સાહેબ કહેતા હતા કે જંગલની જમીન આપવા માટે ૨૦૦-૨૦૦ રૂપિયા ફી ઉઘરાવવામાં આવતી હતી એ તદ્દન સાચી વાત છે. પણ હમણાં એવી વાત આવે છે કે હવે આદિવાસી વિસ્તારમાં ત્યાં હેલીકોપ્ટર જો પ્રવેશ કરતુ હોય, હેલીકોપ્ટર ઉપરથી જતુ હોય તો ત્યાંના વચેટીયાઓ છે એ વચેટીયાઓ એ જમીનના લાભાર્થીઓને જઈને કહે છે કે આ હેલીકોપ્ટર આવેલું એ ફોટા પાડવા માટે આવ્યું હતું એટલે ફોટાનો ખર્ચો ૨૦૦-૨૦૦ રૂપિયા માગવાનું ચાલુ કરેલ છે. એટલા માટે આ વચેટીયાઓને દૂર કરવા માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળાની અંદર મારા આદિવાસી ભાઈ-બહેનોને લાખોની મેદનીમાં કબજા રસીદો આપેલી છે. જ્યારે આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી મળ્યા છે ત્યારે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત રાજયની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, વનમંત્રી આદિજાતિ વિકાસ અને વન પર્યાવરણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. મારા ઉપનેતા મોહનસિંહ રાઠવાજી અને ડૉ. અનિલભાઈ જોષીયારાજીએ વકતવ્ય આપ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. વાત ખૂબ ઉંચી કરવામાં આવે છે. ૨૪મી ફેબ્રુઆરીએ બંધારણની શોભાયાત્રાની અંદર આ ગુજરાતની પ્રજાને કાયદાનું રક્ષણ કરનારાની યાદ દેવડાવે છે. મારે પૂછવું છે એમને પંજાબના સમરવાલના કેસની અંદર ફકત નવ જ દિવસમાં ગુજરાત સરકારે અમલ કર્યો જેની અંદર આદિવાસીની હાલત શું થઈ? જે પહેલો નંબર હતો તેનો સાતમો નંબર થયો. અનુસૂચિત પાંચની જોગવાઈ- ૨૪૪ ની અનુસૂચિત -પાંચની જોગવાઈની અંદર વિશ્લેષણનું બહુ મોટું સંગઠન છે. આદિજાતિ સલાહકાર કાઉન્સિલ, એ સલાહકાર કાઉન્સિલનો કોઈ દિવસ ઉપયોગ કર્યો છે ખરો? આ જે પૈસાનો જે બેફામ ઉપયોગ કરે છે એ કાઉન્સિલમાં કોઈ દિવસ લઈ આવ્યા છે ખરા? આ જે. કાઉન્સિલની જે જવાબદારી છે એને ઉખેડીને તમે આ કામ કરો છો. ૧૯૬૦માં જ્યારે નિયમો બન્યા અને એ નિયમોના આધારે ૮

કિલોમિટર, ૭૩ એએ અને જે રક્ષિત કાયદાઓ હતા એ એક પછી એક કાઢવા માંડ્યા. મારે પૂછવું છે કે આદિવાસીઓનો વિકાસ આમ થશે? આદિવાસીઓના ઘરના બારણા સુધી તમે કાયદાઓને ઉખેડીને એના હક્કો લઈ લેવા માંડ્યા. ૩ર જેટલા આદિવાસી તાલુકાઓ છે એની અંદર પણ તમે ૮ કિલોમિટરનો કાયદો નાખી દીધો. ૩ર તાલુકાઓમાં ૭૩ એએ કાઢવા માંડશો તો શું કરવા કરવા માગો છો? સુપ્રીમ કોર્ટનું જજમૅન્ટ છે એની અંદર આ અનુસૂચિ-૫ આમેજ કરી છે. આ પ્રમાણે સુપ્રીમ કોર્ટમાં જે અનુસૂચિ-૫ની જજમૅન્ટમાં સ્પેસિફિક જોગવાઈ છે કે આ ગુજરાત અને દેશની અંદર જે આદિવાસી વસતિ છે એનું રક્ષણ કરવાની જવાબદારી આદિજાતિ સલાહકાર કાઉન્સિલની રહેશે. કાઉન્સિલ શું કરે છે? કાઉન્સિલનો હું પણ પોતે સભ્ય છું અને એ કાઉન્સિલની અંદર આ વાત માટે કોઈ વજન પડતું નથી. ૧૯૬૦ના નિયમો છે જે વખતે નિયમો અને કાયદાઓ બનાવ્યા હતા એ કાયદાઓ તમામ એક પછી એક કાઢવા માંડ્યા. ૧૬(૪)ની જોગવાઈની અંદર તમે આદિવાસીઓને તમે સાતમા નંબરે મૂક્યા છે. પહેલા પહેલો નંબર હતો. બંધારણની ૧૬(૪)ની જોગવાઈ છે એને ઉખેડી નાખી. ૧૫(૪) ની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જોગવાઈ છે એને ઉખેડી નાખી. ૪૬ નંબરની જોગવાઈ છે એ પણ ઉખેડી નાખી. મેં આ અંગે કેટલીય રજૂઆતો કરી છે. અમારા આદિવાસી એમ.બી.બી.એસ. થાય ત્યારે એનું રક્ષણ ઉખેડી નાખ્યું છે. એથી ઓછું હોય તેમ વન બંધુની ૧૫ હજાર કરોડની વાત કરે છે. (અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને આદિજાતિ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

**માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના આયોજન પંચની જોગવાઈ મુજબ જે રાજ્ય સરકારે કુલ ફાળવણી કરવાની થાય છે એમાં ૧૭.૫૭ ટકા પ્રમાણે આદિજાતિ વિભાગને ફાળવવાના હોય છે. ચાલું વર્ષે બજૅટમાં જે ફાળવણી કરાઈ છે એમાં ૧૧૦૦ કરોડ જેટલી ઓછી રકમની ફાળવણી કરી છે. સરકારશ્રીના દરેક વિભાગોમાં જે તે વિભાગ હેઠળ ૧૭.૫૭ ટકાના રેશિયો જોઈને એ વિભાગોમાં ફાળવણી કરવાની થાય છે. એમાં પણ માત્ર ૧૨ થી ૧૫ ટકા જેટલી રકમ ફાળવી છે. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ પણ જે વન વિકાસ સદર, પશુપાલન સદર અને સહકાર સદરનું જે આયોજન કરવામાં આવ્યું છે એમાં પણ માત્ર એક લાખથી માંડીને બે લાખ સુધીની જોગવાઈ કરવામાં આવી છે. આનાથી કોઈ નક્કર કામ કે આયોજન આદિજાતિ વિસ્તારમાં થઈ શકતું નથી. આ વિધાનસભામાં કુલ ૨૭ જેટલા આદિજાતિના ધારાસભ્ય બેઠા છે ત્યારે આ તકે અમારા ૨૭ ધારાસભ્યોનું આ અપમાન છે અને અમારી કમનસીબી છે એમ હું માનું છું. ૧૧મી પંચવર્ષીય યોજનામાં રાજ્ય સરકારે ૧૫ હજાર કરોડની વન બંધુ કલ્યાણ યોજના જાહેર કરી છે તે મુજબ દર વર્ષે ૩ હજાર કરોડ રૂપિયા ફાળવવાના થાય છે. એ આ બજૅટમાં ક્યાંય જોવા મળતા નથી. બંધારણની કલમ ૨૭૫(૧) મુજબ આદિજાતિ કલ્યાણની યોજનામાં મોટા ભાગે ફંડ ભારત સરકારનું હોય છે. આ રાજ્ય સરકાર શીશી પોતાની વાપરે અને અત્તર ભારત સરકારનું ભરે અને એકલ-દોકલ અત્તર છાંટી અમારા આદિવાસી વિસ્તારમાં સરકાર પોતાની વાહવાહ કરે છે એ બરાબર નથી. ચાલું વર્ષે ગરીબ કલ્યાણ મેળાની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવાનું શરૂઆત કરી છે ત્યારે આ મેળાઓમાં અમારા ગરીબોની મશ્કરી અને આદિવાસી બહેનોની મશ્કરી સિવાય બીજું કાંઈ નથી. (આ તબક્કે માનનીય સભ્યશ્રીએ હાથ ઊંચો કરી સભાગૃહમાં કોઈ સાહિત્યનું પ્રદર્શન કરતાં)**

**અધ્યક્ષશ્રી** : અહીં પ્રદર્શન નહીં થાય.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા:** અમારા તાલુકાની જે ૧૧ બહેનો લાભાર્થી હતી એના નામો અલગ છે અને નંબર અલગ છે. તાલુકા કક્ષાએ ગયા ત્યારે રજિસ્ટરમાં કોઈપણ યોજનામાં નામ પણ ન હતું અને એમને સહાય પણ મળી નથી. એ જ રીતે બીજા પણ મારી પાસે પ્રુફ છે.

**અધ્યક્ષશ્રી** : આપ કાંઈ પ્રદર્શન ન કરી શકો. આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા:** ચેક ખાતાના અભાવે રિટર્ન થયા છે અને આ રીતે (અંતરાય) અમારી આદિવાસીઓની.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** નહિ મારી પાસે ૭ મિનિટ છે અને જવાહરભાઈ ના બોલવાના હોય તો એ બધી મિનિટ એમને આપી દઉં. (અંતરાય) કુંવરજીભાઈ આપે બોલવાની જરૂર નથી. એમની મિનિટો પૂરી થાય છે એટલે હું એમને બંધ કરું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, વનમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં અમુક વાતો મારે કરવી છે. હું સોરઠનો છું જેના કારણે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે જન્મથી જ વ્યવહાર છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનો જન્મ થયો અને કાયદા, નિયમો બન્યા એની પહેલાના અમે ગીર જંગલોનું પ્રોટેકશન કરી રહ્યાં છીએ, તેનું ધ્યાન રાખીએ છીએ એ અમારી સંસ્કૃત્તિ અને ધર્મમાં વણાઈ ગયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે બધા શાકાહારી છીએ. આ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના અમુક કાયદા અને નિયમો જે મને સોરઠના ધરતીપુત્ર તરીકે અને ધારાસભ્ય તરીકે સમજાતા નથી. અમારી ગયા બળદ કે ભેંસ કે ચોપગા જંગલની હદમાં જાય તો ડિપાર્ટમેન્ટ તેને પકડી ડબે પૂરે છે પછી એણે કોઈ નુકસાન કર્યું હોય કે નહિ તે અમારી

પાસેથી તેમને સૂજે તેટલો દંડ અને વાજબી લાગે તેટલો વસૂલ કરે છે અને એનું કોઈ પ્રાણી નીલ ગાય, રોઝ કે ભૂંડ અમારી હદમાં જે મોલને મોટો કરતા ચાર મહિના અમને લાગ્યા હોય, એક બાળકની જેમ અમે મોટો કર્યો હોય તે ખાઈ જાય, બગાડી જાય, અમારે આખા વર્ષનું વળતર જેમાંથી લેવાનું હોય એ પૂરું કરી નાંખે, અમે કાંઈ કરી શકીએ નહિ અને વળતર પણ ના મળે અને જો અમે કાંઈ કરીએ તો ગુનેગાર કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં એક કહેવત છે "મારું મારાં બાપનું અને તારું મારું સહિયારું" આ વાત એના જેવી છે. અમે ભૂલ કરીએ તો દંડ અને સજા અને તે ભૂલ કરે તો કાંઈ નહિ. તમારા પ્રાણી જંગલી અને અજ્ઞાન છે તો અમારા પ્રાણીઓ કાંઈ ગ્રેજ્યુએટ છે? એને કાંઈ જ્ઞાન છે કે આ હદ તમારી અને આ હદ અમારી છે? આ નિયમોમાં ઘણો સુધારો કરવો પડે. હમણાં હમણાંથી મારવાની આ સરકારે છૂટ આપેલી છે પણ શું આ પ્રાણીને ખબર છે કે આ લુંટારાને આ દિવસે નહિ અને બીજા દિવસે આવે તો અમારે શું કરવું? નીલગાયને બદલે કદાચ રોઝ આવી ગયું તો શું કરવું? એક તો આ નીલગાય ગાય કેવી રીતે છે? એ સમજાતું નથી. ગાયનો એક ગુણ આનામાં નથી. ન દેખાવમાં છે, ન લક્ષણમાં છે. ગાય તો માતા કહેવાય. તે પોતે ભૂખી રહીને બીજાને ખવડાવે. નીલગાયને તમે ગાય કહો છો તે તો અમારાં મોઢાંમાંથી છીનવી જાય છે. આ ગાય છે જ નહિ. મને એમ લાગે છે કે આ કોઈ ખેડૂતનો દુશ્મન હશે એણે આ નામ રાખેલું હશે. માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કરું કે છેલ્લા ૧૫ વર્ષમાં..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અમરસિંહભાઈ વસાવા.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આવ્યાં છે એમાં મારા સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખની વાત તો એ છે કે આ રાજ્યનો જે મોટાભાગનો આદિવાસી વિસ્તાર છે કે જે ૧૨ જિલ્લાઓમાં પથરાયેલો છે એના માટેનો કાયદો બનાવવામાં આવે, નીતિઓ બનાવવામાં આવે કે જોગવાઈઓ બનાવવામાં આવે તેને ગમે તે રીતેના રદ કરી દેવામાં આવે કે એને કાઢી નાંખવામાં આવે. મારે ભારત સરકારના એક કાયદાની અહીંયા વાત કરવી છે. ૨૦૦૬માં ભારત સરકારે, યુ.પી.એ.ની ગવર્નમેન્ટે વન અધિકાર કાયદો બનાવ્યો. એમાં જે આ ૧૨ જિલ્લાના આદિજાતિ લોકોએ જમીન મેળવવા માટે અરજીઓ કરી એમાં ગુજરાતમાં ૧૮૪૩૦૦ ની ઉપર લોકોએ અરજી અને દાવા કર્યા અને ૮૦૮૭ જેટલા સામૂહિકના દાવા થયા પણ ગુજરાતની જે સરકાર છે, ગુજરાતના જે નેતાઓ છે સરકાર ચલાવે છે એ લોકો આ ગુજરાતમાં ગેરમાર્ગે દોરે છે અને લોકોને એવું કહે છે કે ગુજરાતના વિસ્તારમાં બહુ લોકોએ જમીનની માગણી કરી રહ્યાં છે, બહુ અરજીઓ કરે છે, એવા લોકોને મારે પૂછવું છે કે ગુજરાતમાં આદિવાસીઓની કેટલી સંખ્યા છે? ૬૫ લાખ છે, ૭૦ લાખ છે તો અરજીઓ તો ૧૮૪૦૦૦ થઈ છે એની તપાસણી થવી જોઈએ અને તાત્કાલિક જે અરજીઓ છે એનો નિકાલ થવો જોઈએ. તેમ છતાં આ ગુજરાતનું નામ દેશમાં બદનામ થઈ રહ્યું છે. આદિવાસીઓને છેતરવાની વાતો થઈ રહેલી છે. હું પણ આદિજાતિ સલાહકાર બોર્ડ સમિતિનો મેમ્બર સભ્ય છું. આદિજાતિ સલાહકાર બોર્ડની જે મીટિંગ ભારતનું જે બંધારણ છે એના પ્રમાણે બે વાર મળવી જોઈએ એક વર્ષમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે અમારે કહેવું પડે છે કે, આદિવાસીઓની જ્યારે વાત કહેવાની હોય, રજૂ કરવાની હોય ત્યારે એક વર્ષમાં એક વાર અમારે કહેવા આવવું પડે અને તે પણ નિયમોની વાત કરવામાં આવે એટલે અમારા માટે અહીંયા ગાંધીનગરના દરવાજા આ સરકારમાં બંધ થઈ ગયા છે અને અમારા માટે બહું દુ:ખની બાબત છે. અમારું જે તંત્ર છે એ તંત્ર પણ ઢીલું થઈ ગયું છે. અમારી ઉપર જે વહીવટ કરવામાં આવે છે એ સરકારના અધિકારીઓ કલેક્ટર, ડી.ડી.ઓ., ટી.ડી.ઓ કે ટ્રાયબલ ઑફિસરો નથી કરતા પણ આ જે સરકાર છે ભારતીય જનતા પાર્ટીના જે માનીતા માણસો છે, એના જે એન.જી.ઓ. છે, એના જે વચેટિયાઓ છે એ આદિવાસીઓનો વહીવટ કરે છે એ અમારા માટે બહું દુ:ખની વાત છે અને આદિવાસીઓને હવે બદનામ કરે છે. આદિવાસીઓને નકસલવાદની, એની બાજુ લઈ જઈ રહેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આદિવાસીઓને વનવાસી કહે છે. (અંતરાય) (આ તકે માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા બેઠા બેઠા કાંઈક બોલતાં)

**અધ્યક્ષશ્રી** : આપનું વક્તવ્ય પૂરું થાય છે. (અંતરાય) આપનું વક્તવ્ય પૂરું થાય છે (અંતરાય) સમય જ નથી, આપનું પૂરું થઈ જાય છે. ૨૭ મિનિટ અને ૨૮ થાય છે, પૂરો થઈ જાય છે (અંતરાય) નહીં, હવે માનનીય મંત્રીશ્રી બોલે તે પહેલાં(અંતરાય) ( આ તકે કોંગ્રેસના સભ્યશ્રી બચુભાઈ કિશોરી ઊભા થઈ કાંઈક બોલતાં) શ્રી બચુભાઈ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મુખ્ય લાગણી મારા પક્ષના અને એમાં જે ફકીરભાઈએ બેઠા બેઠા વાત કરી એનાથી જે વાત ઊભી થઈ છે એટલે થઈ છે. સુરત જિલ્લો અને આદિવાસી વિસ્તારોમાં જેમને જમીન નથી મળી એવા લોકો માટે લડનારા સામાજિક સેવકોને નકસલવાદી છે એમ કરીને પોલીસ પૂરે છે, માનનીય મંત્રીશ્રી એનો ખુલાસો જો ન કરવાના હોય તો આપ, આ ચિંતા એટલા પૂરતી છે. નથી જે નકસલવાદ આવું ખોટું કરીએ તો આદિવાસીમાં ઊભો થાય, એ ન થાય એની ચિંતા છે. (અંતરાય) ( સતત ઘોંઘાટ )

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર. (અંતરાય) ઑર્ડર, ઑર્ડર, (અંતરાય) માનનીય મંત્રીશ્રી, (અંતરાય) ઑર્ડર, ઑર્ડર.(અંતરાય) ઑર્ડર, ઑર્ડર. (અંતરાય) ઑર્ડર, ઑર્ડર જ્યાં સુધી હાઉસ ઑર્ડરમાં નહીં આવે ત્યાં સુધી (અંતરાય) ( સતત ઘોંઘાટ) ( આ તકે વિરોધપક્ષના નેતા સહિત ગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યો પોતાના સ્થાનેથી ઊભા થઈ વેલમાં આવી ગયા ) ( અંતરાય, સતત ઘોંઘાટ) ફકીરભાઈ આપ બેસી જશો (અંતરાય) (દાદાગીરી નહીં ચલેગી તથા આદિવાસીઓને નકસલવાદી કહેવાનું બંધ કરોના સતત સૂત્રોચ્ચાર) ઑર્ડર, ઑર્ડર. હાઉસ ઑર્ડરમાં આવશે તો જ વાત કરી શકાશે. (અંતરાય) હાઉસ જો ઑર્ડરમાં આવશે તો (અંતરાય) હાઉસ ઑર્ડરમાં આવે તો જ (અંતરાય) (સતત અંતરાય, ઘોંઘાટ તથા સૂત્રોચ્ચાર) હાઉસ (અંતરાય) ( આ તકે વિરોધપક્ષ નેતાશ્રી સહિતના વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો, દાદાગીરી નહીં ચલેગી તથા આદિવાસીઓને નકસલવાદી કહેવાનું બંધ કરોના સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા )

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### વાંધાજનક ઉચ્ચારણો અંગે

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાનું સ્તર પણ જરા એ રીતનું હોવું જોઈએ કે આ ગુજરાતની વિધાનસભા છે અને ગુજરાતની અંદર નકસલવાદ કે બીજા કોઈ વાદની વાત કરવી કોઈ રીતે યોગ્ય નથી. અને જે પ્રમાણે હું છેલ્લા બે દિવસથી જોઈ રહ્યો છું, છાપાઓની અંદર અને ટી.વી.ઓની અંદર એમના એક કેન્દ્રીય મંત્રી સાહેબ એમ કહે કે, નકસલવાદ..

**અધ્યક્ષશ્રી** : એ અહીંયા નહીં કહેવાય. સભાગૃહ પૂરતી વાતને મર્યાદિત રાખો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર ત્રણ માનનીય સભ્યશ્રીઓ આ વિષયમાં બોલ્યા અને કહે નકસલવાદી થઈ જશે એટલે શું કરવા માગો છો? ગુજરાતની અંદર શું કરવા માગો છો? ચર્ચા કોઈ રીતે આ સ્તરની ન હોવી જોઈએ.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

### તા.૯.૩.૨૦૧૦નો મુલતવી રાખેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય

**અધ્યક્ષશ્રી** : : કોણ સભ્યએ શું કહયું છે એ હું જોઈ લઈશ ત્યારપછી હું મારું રૂલિંગ આપીશ. એમણે કહેલા વાકયો જો વાંધાજનક હશે તો હું જોઈને પછી નકકી કરીશ. મારા માટે ૨-૩ મિનિટ એટલા માટે કે આપની ૨૮ મિનિટ છે એટલે વાંધો નથી. મેં ચાલુ સત્રમાં તા.૯/૩/૧૦ના રોજ સભાગૃહની પ્રથમ બેઠકમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થવાના તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજવિત્તિય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ તથા તે હેઠળ ઘડાયેલા નિયમો મુજબ મધ્યમ મુદતનું રાજયવિત્તિય પત્રક તેમજ રાજવિત્તિય વ્યુહ પત્રક અંદાજપત્રની સાથે આપવાનું હોય છે. અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ ના પાના નં. ૭ ઉપર મુખ્ય સદરવાર રાજયનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન દર્શાવતુ પત્રક ૩.૧ અને ૩.૨ માત્ર ચાલુ ભાવે આપ્યું છે. અગાઉના વર્ષોમાં આ પત્રકમાં ચાલુ ભાવ તેમજ સ્થિર ભાવ આપવામાં આવતા હતા. જયારે ચાલુ વર્ષે માત્ર ચાલુ ભાવ આપવામાં આવ્યા હોવાથી રાજયની નાણાકિય સ્થિતિનું સાચું ચિત્ર મળતું નથી. આમ આ પત્રકમાં ચાલુ ભાવ તેમજ સ્થિર ભાવ આપવાની કાયદાકીય જોગવાઈનું પાલન થયું નથી, એમ જણાવીને મારું માર્ગદર્શન માંગ્યુ હતું.

પ્રસ્તુત મુદ્દાને સમર્થિત કરતા માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, સભ્યોને અંદાજપત્ર સમજવામાં સરળતા રહે તે માટે આ પત્રક ચાલુ ભાવે તેમજ સ્થિર ભાવે આપવાના હોય છે. તેઓશ્રીએ પૂર્વ સચિવશ્રી કે.એમ.પંચાલના "જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ" પુસ્તકનો સંદર્ભ ટાંકી જણાવ્યું હતું કે, નાણાકીય બાબતોમાં સભ્યોને વધુમાં વધુ માહિતી પૂરી પાડવાની અનુકૂળતા કરવી જોઈએ.

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાનું મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે, અગાઉ સ્થિર અને ચાલુ ભાવે પત્રકો અપાતા હતા એટલે દર વર્ષે તે મુજબ પત્રકો આપવાનું રાજવિત્તિય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ કોઈ બંધન નથી. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર મેં તે સમયે જણાવ્યું હતું કે, મારો નિર્ણય હું મુલતવી રાખું છું. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાનો મુદ્દો અંદાજપત્ર અને રાજયની સરકાર પર વિધાનસભા ગૃહના અંદાજપત્રીય - નાણાંકીય અંકુશોને લગતો હોઈ તે પર નિર્ણય પર આવતા પહેલા આ ઉપસ્થિત થયેલા મુદ્દા ઉપર મેં રાજવિત્તિય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ અને તે હેઠળ ઘડાયેલા રાજયવિત્તિય જવાબદારી નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ તપાસી છે. આ ઉપરાંત તાજેતરમાં લોકસભામાં રજૂ થયેલા ભારત સરકારના બજેટ સાથે રજૂ થયેલ મધ્યમ મુદતના રાજવિત્તિય પત્રકોનો તથા ૧૩મા નાણાપંચના અહેવાલોનો પણ મેં અભ્યાસ કર્યો છે, ગુજરાત રાજવિત્તિય જવાબદારી અધિનિયમની કલમ-૩ મુજબ રાજય સરકારે દરેક નાણાકીય વર્ષમાં અંદાજપત્ર રજૂ કરતી વખતે મધ્યમ મુદતનું રાજયવિત્તિય પત્રક તથા રાજવિત્તિય વ્યુહપત્રક તે હેઠળ ઘડાયેલા નિયમોના નિયમ-૪ અને ૫ હેઠળ નિયત થયેલ નમૂનામાં વિધાનસભા સમક્ષ રજૂ કરવાનું રહે છે. આ જોગવાઈ મુજબ સન ૨૦૧૦-૧૧ના અંદાજપત્ર સાથે પ્રકાશન-૩૦ના પાના નં. ૧૬ તથા ૨૩ ઉપર આ પત્રકો અધિનિયમની જોગવાઈ મુજબ રજૂ થયા છે. આ ઉપરાંત આ બંને પત્રકો અધિનિયમ હેઠળ ઘડાયેલ ગુજરાત રાજયવિત્તિય જવાબદારી નિયમોના નિયમ-૪ અને ૫ હેઠળ નિયત થયેલ પ્રફોર્મામાં રજૂ થયા છે અને તેમાં કોઈપણ જાતનો ફેરફાર નથી જયારે અધિનિયમની કલમ-૬ મુજબ રાજય સરકારે નાણાકીય પ્રક્રિયાઓમાં જાહેર હિતમાં વધુ પારદર્શકતા લાવવા માટે અંદાજપત્ર તૈયાર કરતી વખતે ખાનગી રાખવાની બાબતોમાં શકય તેટલો ઘટાડો કરીને અંદાજપત્ર રજૂ કરતી વખતે તે કલમ હેઠળ નિર્દિષ્ટ થયેલ બાબતોની માહિતી નિયત થયેલ નમૂનાના પત્રકોમાં જાહેર કરવાની રહે છે. તે મુજબ નિયમ-૭ હેઠળ રાજય સરકારે અંદાજપત્ર રજૂ કરતી વખતે જાહેર કરવાની થતી માહિતી પણ નિયત થયેલ પ્રફોર્મા બી-૧ થી બી-૯ મુજબ અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ ના પાનાં નં. ૨૭ થી ૩૨ પર જાહેર કરી છે. આમ નાણાં વિભાગ દ્વારા રાજવિત્તિય જવાબદારી અધિનિયમ તથા નિયમો હેઠળ નિયત થયેલ પ્રફોર્મામાં માહિતી જાહેર કરવામાં આવી છે અને તેમાં અધિનિયમ તથા નિયમોની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે, આથી કાયદાની જોગવાઈઓનું પાલન થયું નથી તેવો માનનીય સભ્યશ્રી મોઢવાડિયાનો મુદો રહેતો નથી.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમના પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં બીજો જે મુદો ઉપસ્થિત કર્યો હતો તે જાહેર કરેલ માહિતીમાં અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ના પાના નં. ૭ પર આપેલ પત્રક ૩.૧ અને ૩.૨ ને લગતો છે. રાજવિત્તિય જવાબદારી અધિનિયમ તથા તે હેઠળ ઘડાયેલા સન ૨૦૦૬ ના ગુજરાત રાજવિત્તિય જવાબદારી નિયમોના નિયમ ૨(ઘ) મુજબ " રાજ્યનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન એટલે પ્રવર્તમાન દરે રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન" અર્થ થતો હોઈ અધિનિયમ તથા તે હેઠળ ઘડાયેલા નિયમોની જોગવાઈઓ કે તે હેઠળ મૂકાયેલ મર્યાદાનો ભંગ થાય છે, તેવી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વાતને અધિનિયમ અને તેના નિયમોનું કોઈ સમર્થન મળતું નથી અને તેથી તેમનો તે મુદો પણ હું સ્વીકારી શકતો નથી.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તેમની રજૂ કરેલી વાતના સમર્થનમાં તેમણે અગાઉના વર્ષના એટલે કે ૨૦૦૯-૧૦ ના વર્ષના અંદાજપત્ર પ્રકાશન-૨૮ના પાનાં નં. ૫ અને ૬નો ઉલ્લેખ કરીને સ્થિર અને ચાલુ એમ બંને ભાવો એ અગાઉ આવાં પત્રકો આપ્યાં છે, તેનો ઉલ્લેખ પણ કર્યો હતો. એમની આ હકીકત સાચી છે. સન ૨૦૦૯-૧૦ ના વર્ષના અંદાજપત્ર પ્રકાશન નં. ૨૮ માં અગાઉ ઘરગથ્થું ઉત્પાદનને લગતા પત્રકો સ્થિર અને ચાલુ ભાવે આપવામાં આવ્યા હતા, પરંતુ તે પત્રકો સને ૨૦૦૬ના ગુજરાત રાજવિત્તિય જવાબદારી નિયમોના નિયમ-૨ (ઘ) ની જોગવાઈ પ્રમાણે સ્થિર ભાવે આપવા જરૂરી નથી. નિયમ-૨(ઘ) ની જોગવાઈ મુજબ રાજ્યના એકંદર ઘ ારગથ્થું ઉત્પાદનને લગતા પત્રકો પ્રવર્તમાન દરે આપવાના હોય છે, જે નાણાં વિભાગ દ્વારા અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ માં આપ્યા છે, તેથી નિયમોની જોગવાઈઓનું પાલન થયું છે. આ જ પ્રમાણે મેં તાજેતરમાં લોકસભામાં રજૂ થયેલ કેન્દ્ર સરકારના અંદાજપત્ર સાથે રજૂ થયેલ મધ્યમ મુદતના રાજવિત્તિય નીતિના પત્રકોનો પણ અભ્યાસ કર્યો છે, જે પ્રવર્તમાન દરને આધારે રજૂ થયા છે. આ ઉપરાંત ૧૩માં નાણાપંચના અહેવાલમાં પણ રાજયના એકંદર ઘ ારગથ્થું ઉત્પાદનને લગતાં પત્રકો પ્રવર્તમાન દરને આધારે અપાયા છે, આથી માન.સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલા મુદાનો તલસ્પર્શી અભ્યાસ કરતા જણાયું છે કે, રાજયનાં નાણાં વિભાગ તરફથી સન ૨૦૧૦-૧૧ ના અંદાજપત્ર સાથે રજૂ થયેલ અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ માં જે પત્રકોનો શ્રી અર્જુનભાઈએ ઉલ્લેખ કર્યો છે, તે કાયદાકીય જોગવાઈઓ પ્રમાણે છે.

વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહજીએ " જાહેરખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ" પુસ્તકનો સંદર્ભ ટાંકી નાણાકીય બાબતોમાં સભ્યોને વધુમાં વધુ માહિતી આપવાની અનુકૂળતા કરવી જોઈએ. આ વાત સાથે એટલા કારણસર સંમત ન થઈ શકાય કે રાજવિત્તિય જવાબદારી અધિનિયમ તથા નિયમો હેઠળ રજૂ કરવાની થતી માહિતી તે અધિનિયમ તથા નિયમો મુજબ જ રજૂ કરી શકાય. અંદાજપત્ર સાથે રજૂ થતા કોઈપણ સાહિત્યને કાયદાની જોગવાઈનું સમર્થન હોવું જોઈએ અને તેથી રાજયના નાણા વિભાગે જે સાહિત્ય આપ્યું છે, તે અધિનિયમ તથા નિયમોની જોગવાઈઓ સાથે સુસંગત છે.

તેથી શ્રી શકિતસિંહજીએ જે ગ્રંથમાંથી સંદર્ભ ટાંકયા છે તે અપ્રસ્તુત છે, કારણકે અંદાજપત્રની સાથે રજૂ થયેલ સાહિત્ય એ રાજવિત્તિય જવાબદારી અધિનિયમ તથા નિયમો નીચે રજૂ થયું છે અને તેથી તે મેજબના પત્રકો વિધાનભાસ ગૃહમાં નાણા મંત્રીશ્રીએ રજૂ કર્યા છે. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના મુદ્દા ઉપર માન.નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાનું મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે અગાઉ સ્થિર અને ચાલુ ભાવે પત્રકો આપતા હતા એટલે દરવર્ષે તે મુજબના પત્રકો આપવાની રાજવિત્તિય જવાબદારી અધિનિયમ મુજબ બંધનકર્તા નથી તેવા તેમના મંતવ્ય સાથે પણ હું સંમત થાઉં છું. માનનીય મંત્રીશ્રી

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની ચર્ચા માટે મારે જે જવાબ આપવાનો હતો તો મને જવાબ આપવામાં જેટલો સમય ફાળવવામાં આવ્યો હતો તેટલો સમય મને વધારી આપવામાં આવે તેટલી મારી વિનંતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : (મુખ્ય દંડકશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, એમને જે ૨૮ મિનિટ જેટલો સમય ફાળવવામાં આવ્યો હતો તેટલો સમય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય સમય મર્યાદામાં અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ કલ્યાણ, વન અને પર્યાવરણ વિભાગની ચર્ચામાં નવ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. આદિવાસી કલ્યાણની જ્યારે વાત આ ગૃહમાં થવાની હોય અને નવી નવી યોજનાઓ સરકારી મૂકી છે તેની જાહેરાત થવાની હોય તેવા સમયે વિપક્ષ આક્ષેપો કરીને, પથરો મારીને બહાર ભાગી જાય, સાંભળવાની તૈયારી નથી તે દુઃખદ વાત છે. આજે વિપક્ષે જે વર્તન આ ગૃહમાં કર્યુ છે તેનાથી ચોકકસ એવું લાગે છે કે આદિવાસી પ્રત્યે તેઓને લાગણી નથી અને એટલા માટે આ રીતે ખોટો મુદ્દો ઉપાડી ગૃહમાંથી જતા રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં નકસલવાદ ન પ્રવેશે તે માટે સરકાર એડીચોટીનું જોર લગાવે છે અને તેના માટે જે કઈ કાયદા બનાવવાના હોય તેના માટે પ્રયત્ન કરે છે ત્યારે નકસલવાદને બચાવવા માટે અને ખોટા મુદ્દા ઉભા કરીને આ રીતે વોક આઉટ કરી જવું તે દુઃખદ છે. નકસલવાદથી પીડિત રાજયોમાંથી બોધપાઠ લઈને નકસલવાદને ડામવાની નીતિની ટીકા ટીપ્પણ અને રાજકીય દખલગીરી ઉપર આ સરકાર જ્યારે કામ કરી રહી છે ત્યારે તેને સપોર્ટ કરવો જોઈએ તેની જગ્યાએ આ રીતે વોક આઉટ કરી જાય તે બરાબર નથી. મને એવું લાગે છે કે જે કઈ આક્ષેપો હતા તેમાં નિરાશા સિવાય મને કઈ લાગ્યું નથી. પોતે જ્યારે કામ કરતા હતા આટલા વખત સુધી, જે સરકારમાં કામ કરતા હતા અને બેઠા હતા ત્યારે આદિવાસીની વાત, આદિવાસીની જે અત્યારે સંખ્યા ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં ૭૫ લાખ જેટલી વસ્તી છે. હું મારા વિભાગની ચર્ચા વખતે હું જોતો હતો કે કોંગ્રેસના વખતમાં બજૅટ કેટલું ફાળવ્યું હતું? એક માહિતી મારી પાસે છે ૧૯૮૦માં આદિજાતિ કલ્યાણ વિભાગનું બજૅટ કેટલું આખા વર્ષનું? ૫૭ કરોડ. ૧૯૮૧-૮૨માં ૭૮ કરોડ ૫૭ કરોડ થી ૭૮ કરોડમાં શું થતું હતું ભગવાન જાણે. એમની આદિવાસી માટે કામ કરવાની દાનત હતી કે કેમ? મને તો તેના પર શંકા જાય છે અને બજૅટ તો ફાળવે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આદિવાસીની ચિંતા કરીને, આદિવાસીનું સર્વ દિશાએ કલ્યાણ થાય, તે આદિવાસી સદ્ધર બને તેના માટે આ જ ગૃહમાં ૨૦૦૭માં નિયમ-૪૪ નું નિવેદન કરીને આદિવાસી વનબંધુ યોજના જે શરૂ કરી છે ૧૫ હજાર કરોડ ૧૫ હજાર વનબંધુ કલ્યાણ યોજના, ૧૩ હજાર શહેરી વિસ્તાર ગરીબી સમૃદ્ધિ માટે ...અને દરિયા કિનારે રહેતા ૧૧૦૦૦ લોકોને, ટોટલ ૩૯૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ પાંચ વર્ષમાં તેમણે આપ્યું છે. ચાલુ વર્ષે, હું ત્રીસ વર્ષનો સરવાળો કરું તો ૪૧૦૩ કરોડ રૂપિયા થાય, એ રીતનું આ વર્ષનું બજેટ ૪૧૦૩ કરોડ રૂપિયાનું બજેટ છે. આ વનબંધુ કલ્યાણ યોજનાનું ચોથું વર્ષ ચાલે છે, કેટલા રૂપિયા ખર્ચાયા તો ૧૨૯૩૮ કરોડ રૂપિયા, ખાલી આ ચાર વર્ષમાં, ચોથું વર્ષ ચાલે છે અને પહેલાં કેટલું ખર્ચ થતું હતું? ૫૭ કરોડ, ૭૮ કરોડ અને ૮૧ કરોડનો ખર્ચ થતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પેટર્ન નામની આદિજાતિ કલ્યાણ વિભાગની યોજના છે છેલ્લા દશ વર્ષથી આ ગુજરાતે આખા ગુજરાતે પહેલી શરૂઆત કરી છે, મહારાષ્ટ્રે પણ શરૂઆત કરી છે પણ ૧૯૯૯થી શરૂ થયેલી આ યોજના, આ પહેલાં ગાંધીનગરથી શરૂ થતું હતું એની જગ્યાએ આ ગુજરાત પેટર્નમાં જિલ્લામાં કે તાલુકામાં બેઠેલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે પછી એ તાલુકા પંચાયતના પ્રમુખ હોય, તાલુકા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ હોય, ધારાસભ્ય હોય કે એમ.પી. હોય એ સાથે બેસીને તાલુકાનું આયોજન કરે છે. સ્થળ ઉપર જે જરૂરિયાત છે એ પ્રમાણે એનું આયોજન થાય અને એ રીતે આ દશ વર્ષમાં ૧ લાખ ૧૧ હજાર જેટલા નાના મોટા કામો પૂર્ણ કરેલા છે અને અત્યારે લગભગ ૯૦૦૦ જેટલા કામો અત્યારે પાઈપલાઈનમાં છે એનો અર્થ ૧ લાખ ૨૦ હજાર જેવાં કામો આદિવાસી વિસ્તારમાં ફકત ગુજરાત પેટર્નમાં થયા છે. દેશમાં અનેક એવા પ્રાંતો છે કે જે ગુજરાતમાં આવીને આ ગુજરાત પેટર્ન શું છે એ સમજવાનો જયારે પ્રયત્ન કરે છે ત્યારે અહીંના વિરોધપક્ષના લોકો છે એ

સમજવાની જગ્યાએ ગૃહ છોડીને ભાગી જાય, એ બરાબર નથી. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વનબંધુ યોજનાના જે દશ મુદ્દા આટલા બધા પૈસા ખર્ચાયા પછી પણ આદિવાસી વિસ્તારનો વિકાસ કેમ નથી, કઈ ખામી છે એના માટે એમણે દશ મુદ્દા નકકી કર્યા છે. આદિવાસી વિસ્તારનો આર્થિક વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર, સૌને માટે આરોગ્ય, પાંચ લાખ કુટુંબો માટે રોજગારીલક્ષી કાર્યક્રમ, સૌને માટે ઘર, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તા, વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા અને શહેરી વિકાસ થકી આર્થિક વિકાસ. માનનીય અધ્યક્ષશ્રી, આ દશ મુદ્દા કરીને આદિવાસીની ૭૫ લાખની વસતિના સર્વાંગી વિકાસ માટે આ આખી વનબંધુ યોજના બની છે, આજે આદિવાસી અત્યારે મોન્સેટોની વાત થઈ તો માનનીય અધ્યક્ષશ્રી, મકાઈનું જે વાવેતર છે એ સારી જાતનું બિયારણ આપીને, ખાતર આપીને જે કંઈ એક લાખ ચાલીસ હજાર જેટલા આદિવાસીઓને આ મકાઈનું બિયારણ આપીને એ તમામ લોકોએ ડબલ જેટલો પાક મેળવ્યો છે એ રેકર્ડ ઉપર આવેલું છે તો આવી જયારે આદિવાસી ખેડૂતો માટેની લાભ માટેની સરકાર વાત કરતી હોય ત્યારે એમણે કહયું કે, મોન્સેટો, આ છે તેમ છે એ તમારું કહેવાનો અર્થ નથી, એનાથી આદિવાસીઓને લાભ થયો છે એ ચોકકસ વાત છે. આજે આદિવાસી ખેતીમાં પણ એટલો બધો આગળ વધ્યો છે કે શાકભાજીની ખેતી જે વ્યારા તરફ થાય છે આજે ઈંગ્લેંડમાં જઈને તમે પૂછોને તો વ્યારાના ભીંડા ત્યાં ઈંગ્લેંડમાં વેચાય છે. આદિવાસી કાજુ પકવે છે એ પણ ગોવાના કાજુને ભૂલી જાઓ એવા કાજુ આજે કપરાળા, વાંસદા અને વલસાડમાં થાય છે આ રીતે આદિવાસીઓની આવક વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાડીની યોજનામાં પણ એ રીતે આવક વધી છે. દૂધ સંઘ છે દૂધ એને આપીને એક એક આદિવાસીઓને જે મદદરૂપ થવા માટે જે યોજના બની છે તેના માટે પણ આજે બધા જ લોકોને લગભગ ૨૭ હજાર જેટલા આદિવાસીઓને દૂધાળા ઢોર આપીને એ સારામાં સારી આવક એક કુટુંબ પંદરસો થી બે હજાર રૂપિયા આવક મેળવે એ રીતે પણ આખું આયોજન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના શિક્ષણની વાત મારા મિત્રોએ કરી તો માનનીય મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણીને જે મહત્વ આપીને જે પ્રવેશોત્સવને જે મહત્વ આપીને જે આજે સરકાર કામ કરી રહી છે એને આપણે જોઈએ તો એક સમય એવો હતો કે ૧ થી ૭ ધોરણમાં ભણતા બાળકોમાં ૪૨ ટકા જેટલો ડ્રોપઆઉટ રેશિયો હતો જ્યારે આજે એ ગયા વર્ષે ફક્ત ૮ ટકા પર આવી ગયો છે. આજે આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકોને જે શિક્ષણની ભૂખ નીકળી છે, કેટલીય એવી સરકારની યોજના છે એને લઈને આજે આદિવાસી સારી રીતે ભણતો થયો છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની લગભગ ૬૭ જેટલી નવી શાળાઓ શરૂ કરવામાં આવી છે, વિજ્ઞાનની આજે નવી નવી ટેકનોલોજી આવે છે એમાં વિજ્ઞાનની ખાસ આવશ્યકતા છે એને લઈને ૩૯ જેટલી વિજ્ઞાનની નવી શાળાઓ શરૂ કરવામાં આવી છે. કન્યા માટે નવી નિવાસી શાળાઓ ૩૬ જેટલી તૈયાર કરી છે, આશ્રમ શાળાઓમાં ધોરણ ૮નો ક્રમિક વધારો ૫૫ જેટલી આશ્રમ શાળાને ૮માં ધોરણનો વધારો આપવામાં આવ્યો છે. ટેલેન્ટ ગુણની યોજના દાખલ કરી છે કે આદિવાસી વિદ્યાર્થી જે હોંશિયાર છે એ સારી સ્કૂલમાં બીજા બાળકો સાથે ભણીને વધારે હોશિંયાર થાય એને માટેની લગભગ ૨૭૬ જેટલા બાળકોને આ ટેલેન્ટ ગુણનો લાભ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓના ૫૭૫ જેટલા વધારાના ઓરડા બાંધવામાં આવ્યા છે, ૪૪૧૫ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૭,૮૭૭ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે. એક ધારાસભ્યશ્રી કહેતા હતા કે બેકલોગ આટલો બધો છે. બેકલોગ અંગે મારે કહેવું છે કે ભૂતકાળમાં આજ વિધાનસભામાં બેકલોગ અંગેની ખૂબ ચર્ચાઓ થઈ છે પણ આજે આ બેકલોક નથી પણ કોંગીલોગ છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસીની જગ્યાઓની જાહેરાત આવતી ત્યારે ક્યા પેપરમાં છપાવતા હતા? 'ફૂલછાબમાં' રાજકોટથી જે બહાર પડે છે એમાં. જાહેરાત આપે એ ફૂલછાબ પેપર છે એ તો રાજકોટથી પ્રસિધ્ધ થાય છે અને આદિવાસીની વસતિ તો પૂર્વ પટ્ટીમાં છે અંબાજીથી ઉંમરગામ સુધી ત્યાંના કોઈ પેપરમાં આપે તો આદિવાસીઓને ખબર પડે અને અરજી કરી શકે અને અરજી કરીને ઉમેદવારી કરી શકે પણ કેટલાય વર્ષો સુધી ક્યારેય એ લોકોને સૂજ્યું ન હતું કે આ ફૂલછાબ પેપર રાજકોટથી નિકળે છે એ કોણ આદિવાસી ભાઈ વાંચે? ત્યારે એ લોકોની કોઈની ઉંઘ ન ઉડી હવે મોટી વાતો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલ શિક્ષણની પણ એટલી જ આજના જમાના પ્રમાણે જરૂરિયાત છે ત્યારે દસ નવી આઈ.ટી.આઈ., તાંત્રિક શિક્ષણ માટે ત્રણ નવી એન્જિનિયરીંગ કોલેજ, આરોગ્ય ક્ષેત્રના શિક્ષણ માટે ચાર નર્સિંગ અને ફિઝિયોથેરાપી કોલેજ, કૃષિ વિષયક શિક્ષણ તાલીમ માટે ગોધરા અને નવસારી ખાતે ખેતી વિષયક કોલેજો, દાહોદ અને દેવગઢ બારિયા માટે અન્ય ખેતી વિષયક સંસ્થાઓ તેમજ ચાર એગ્રિકલ્ચર પોલિટેકનિક શરૂ કરવામાં આવી છે. આ બધી કોલેજો આદિવાસીના જે બાર જિલ્લાઓ છે ત્યાં જ આદિવાસી ભાઈઓને શિક્ષણ મળી રહે એટલા માટે આ બાર જિલ્લામાં સ્થાપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌને માટે આરોગ્યની વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ચિરંજીવી યોજના દાખલ કરી છે જેમાં અમારી ગરીબ અને આદિવાસી બહેનોને પ્રસૃત્તિ વખતે જે એને મુશ્કેલી પડે છે ઘરમાં પૈસા ન હોય અને તે વખતે પ્રસૃત્તિ આવે તો એ ખર્ચ ભોગવી નહોતી શક્તી અને એને માટે જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી જે કોઈ બહેનો છે એ બહેનો માટે ચિરંજીવી યોજના બનાવી અને એને એમાં ૧,૨૨૪,૦૪ જેટલી બહેનોએ

એ યોજનાનો લાભ લીધો છે આજે એ પોતે આ યોજનાના કારણે જીવિત છે અને એનું કોઈ બાળક પણ મૃત્યુ પામતું નથી. નહીં તો આ અગાઉ પ્રસૃત્તિ વખતે કેટલીય બહેનોના અને બાળકોના મરણ થતા હતા એ બચાવી શકાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજનાની પ્રશ્નોતરી પણ હતી. અમે એ અમિરગઢ અને દાંતામાં શરૂઆત કરી લગભગ ૫૫૦૦૦ હજાર બાળકોને રોજનું ૨૦૦ ગ્રામ પ્રોટિનવાળું દૂધ આપવામાં આવ્યું અને અમે જ્યારે ત્યાં ગયા ત્યારે એના ફાયદા જોયા અને મા-બાપો એવું કહેતા થયા કે, 'અમારા બાળકો હવે દેખતા થયા છે' આ શબ્દો પ્રયોગ કર્યો કારણ કે વિટામિનના અભાવને કારણે એમને જે દેખાતું ન હતું અને બાળકો બરાબર જોઈ શકતા ન હતા આ દૂધના કારણે એ છોકરાઓ બરાબર વાંચી-લખી શકે એવી સ્થિતિમાં આવ્યા. હાજરીની સંખ્યામાં સારો એવો વધારો થયો, બાળકોની હેલ્થમાં પણ સુધારો થયો અને એ રીતે આગળ વધીને હવે આજે ૨.૪૦ લાખ જેટલા બાળકોને આ યોજનાને લાભ આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી આદિવાસી વિસ્તારમાં એક સિકલસેલ નામનો રોગ વર્ષોથી ચાલતો આવે છે, ડોકટરનું તો એવું કહેવું છે કે, દરરોજના ત્રણ થી ચાર બાળકો મૃત્યુ પામે છે, આની ગંભીરતાથી નોંધ કોંગ્રેસના શાસનમાં કોઈએ લીધી નહોતી, ફકત ૩૫ લાખ રૂપિયાનું તે વખતે આયોજન કરેલું, માનનીય મુખ્યમંત્રીશ્રી આગળ રજૂઆત થઈ એમણે આઠ કરોડ રૂપિયાનું પ્રોવીઝન કરીને આજે લગભગ ગુજરાતમાં છ લાખ જેટલા બાળકોનું સ્કીનીંગ થયું છે અને લગભગ ત્રણ હજાર જેટલા બાળકોને સિકલસેલ રોગ થયો છે એવું પુરવાર થયું છે, આજસુધી વિજ્ઞાન આપણું આટલું બધું આગળ વધ્યું છે પણ હજીસુધી આ રોગ ક્યોરેબલ નથી અને આ લોકો સારા નહિ થઈ શકે પણ એના માટે જે કંઈ ટ્રીટમેન્ટ કરવા માટે જે કંઈ ફંડફાળો જરૂર હોય તે ઉભો કરવા માટે સરકારે, માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે એક કરોડ રૂપિયાનું પ્રોવીઝન કરીને એમાં જે કોઈ બાળકોને જવા આવવાનો ખર્ચ કે ટ્રીટમેન્ટ માટે જે પૈસા જોઈતા હોય તે એમાંથી આપવામાં આવશે અને આરોગ્ય વિભાગમાં પણ જે કંઈ યોજના છે એ યોજનામાંથી પણ આનો ઉપયોગ કરીને અમારા આદિવાસી સમાજના બાળકોને મૃત્યુથી બચાવવા માટે જે કંઈ આ સરકાર પ્રયત્ન કરે છે એ માટે આદિવાસી સમાજના એક પ્રતિનિધિ તરીકે મારે ચોકક્સ ભારતીય જનતા પાર્ટીની સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા જોઈએ. સૌને માટે ઘર,ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં મોટાભાગના લોકો ઘ ાર વિહોણા હોય છે એને પણ જ્યાં પ્લોટ આપવાની જરૂર હોય ત્યાં પ્લોટ આપીને, ઈન્દિરા આવાસ યોજનામાં લગભગ ૮૬ હજાર લોકોને લાભ આપવામાં આવ્યો છે, સરદાર પટેલ આવાસમાં ૧૪૩૫૭ લોકોને લાભ આપવામાં આવ્યો છે. આદિજાતિ વિકાસ વિભાગની જુદી જુદી યોજનાઓ છે એમાં પણ ૫૦૧૮ જેટલા લોકોને લાભ આપેલ છે આમ કરીને ૧,૦૬,૦૦૦ લોકોને આવાસોનો પણ લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી લોકોમાં પણ નાના અને સિમાંત ખેડૂતો આવેલા છે એમના માટે પણ સિંચાઈની જે જુદી જુદી યોજનાઓ છે એ યોજના પ્રમાણે ૨૫૩૧ તળાવો ઉંડા કરવાનું કામ પૂર્ણ કરેલ છે, ૨૬૩૭૧ નાના ચેકડેમો બનાવેલા છે, ૧૬૩ મોટા ચેકડેમો બનાવેલા છે, ૬૯ ઉદ્વહન સિંચાઈની યોજનાનો અમલ થયેલો છે અને ૭૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈની સવલત ઉભી કરવામાં આવી છે, આ રીતે સિંચાઈની નવી સવલતમાં ૧,૨૫,૬૯૩ હેકટરમાં નવી સિંચાઈની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. ડ્રીપ ઈરીગેશનમાં પણ જે આદિવાસી ખેડૂતો આવે છે ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી જે ખેતી કરે એને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની તરફથી એમને ૭૫ ટકા સબસીડી આપીને આવા ખેડૂતોને આગળ લાવવા માટેનો સરકારનો પ્રયત્ન છે.

રસ્તાની અત્યારે વાત કરતા હતા કોંગ્રેસના સમયમાં કેટલા રસ્તા હતા કોઈ એપ્રોચ રસ્તા નહોતા આદિવાસી વિસ્તાર માટે. કેટલાય એવા જે રસ્તાઓ છે એ આદિવાસીના ઘર સુધી રસ્તા જતા નહોતા પણ ગુજરાત પેટર્ન જ્યારથી આવી છે ત્યારથી જે રસ્તા બનવા માંડ્યા છે અને આજે ગુજરાત રાજયના જો રસ્તાની વાત કરીએ તો ૭૪૧૧૨ કિલોમીટરના કુલ રસ્તા છે એમાંથી આદિવાસી વિસ્તારના ૧૭૧૩૨ કિલોમીટરના રસ્તા માર્ગ મકાન અને ગુજરાત પેટર્નમાંથી થયાં છે કોંગ્રેસના મિત્રો રસ્તાની વાત કહેતા હતા પણ છેલ્લાં અઢી ત્રણ મહિનાથી વડાપ્રધાન સડક યોજના માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારે મંગાવેલી છે, ૩૫૦ કરોડ રૂપિયાના રસ્તા માટે આજે કોઈ ધ્યાન આપતું નથી અને એ એમને એમ પડેલા છે. આદિવાસીઓનું ભલું ઈચ્છતા હોય તો આ મંજૂર કરોને. વીજળીકરણની પણ અહીંયા વાત થઈ. આદિવાસીઓને ત્યાં વીજળીકરણ નથી થયું, આ સરકારે ગરીબી રેખાથી નીચે જીવતા તમામ કુટુંબોને મફત જોડાણ કુટિરજ્યોત દ્વારા આપવાનું નક્કી કર્યુ છે, ગુજરાતમાં ૩,૮૧,૩૭૭ કુટુંબોને આવરી લીધેલ છે. પેટાપરાની જો વાત કરીએ તો ૪૧૩૯ પેટાપરામાંથી ૪૦૬૮ જેટલા પેટાપરા થઈ ગયા છે અને ફકત ૭૧ પેટા પરા બાકી છે અને એ પણ આ વર્ષે પૂર્ણ થશે. ૧૮૨૦ લાખના ખર્ચે ૬૬ કે.વી.ના ૬ સબસ્ટેશનો પણ ચાલુ કરવામાં આવનાર છે. આ રીતે એક એક આદિવાસીને ત્યાં વીજળી માટેની પણ પૂરી વ્યવસ્થા કરી છે. અતિપછાતની પાંચ જાતિ છે ખૂડગા, કોરચા, કોટવાડિયા, પઢાર અને સિદ્દી. **તેને માટે** પણ આ સરકારમાં પૂરી વ્યવસ્થા કરીને તેમના વિકાસ માટેના અનેક કામો લીધાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે નવી જે જાહેરાત છે તે ટૂંકમાં કરવી છે ૨૦૧૦-૧૧માં શિષ્યવૃત્તિ ૨૩.૮૬ કરોડની જોગવાઈ કરી છે ૧૪ લાખ ૬૭ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે. ગણવેશ, સાયકલ સહાય માટે અંદાજિત ૧૦,૨૩,૭૬૦ જેટલાં બાળકોને સહાય આપવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકોની સમયસર હાજરી રહે તેના માટે

બાયોમેટ્રિક પદ્ધતિ અપનાવવામાં આવી છે. ૬ જેટલાં નવા છાત્રાલયોના બાંધકામો માટે ૩.૮૮ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલું છે. આ રીતે આદિવાસીમાં જોઈએ તો જે વન બંધુ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યુ છે અને આજે જે ગુજરાતમાં જે તેના પાયા નંખાયા છે તેના કારણે કોંગ્રેસમાં જે નિરાશા આવી છે કે આ વન બંધુ યોજનાને લઈને તો અમે પાંચ-પંદર-પચ્ચીસ વર્ષ સુધી અમે વિધાનસભામાં સત્તા ઉપર નથી આવવાના અને તેની આ નિરાશા દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જંગલની જમીનની વાત, વનની જમીનની વાત અહીંયા થતી આવી છે વારંવાર ચર્ચામાં કે ૧,૮૬,૦૦૦ જેટલી અરજી આવી છે. ૧,૭૮,૦૦૦ની ચકાસણી થયેલી છે. મારે એક વાત મૂકવી છે પહેલાં શરૂઆતમાં મેં તેની જાહેરાત કરીને છ મહિના સુધી જે અરજી મંગાવી તે અરજી કેટલી આવી ૫૩,૨૨૭ અરજી જે છ મહિનાનો પિરિયડ જેમાં ૬ લાખ જેટલાં ફોર્મ છપાવેલાં. બધી જગ્યાએ ફોર્મ વહેંચાયા અને અરજી કેટલી આવી ૫૩,૩૨૭. કેટલાંક એવા લોકોએ રજૂઆત કરી કે હજુ સમય આપવો જોઈએ, આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ અને એવું કરીને સમય જે વધારવાનો થયો તેમાં આવી અરજી ૧,૩૦,૦૦૦ અરજી. તેના કારણે ૧,૮૬,૦૦૦ અરજી આવી. કેટલીક અરજીઓ સહી વગરની છે, કેટલીક અરજીઓ અધૂરી છે, કેટલીક અરજીઓ છે તેને પૂર્તતા નથી કરેલી અને તેને ત્રણ સ્તરીયે જે કંઈ વ્યવસ્થા છે ગ્રામ પંચાયત લેવલે સમિતિ બની છે. પ્રાંત લેવલે, તાલુકા લેવલે સમિતિ બની છે અને જિલ્લાની સમિતિ બનાવી છે. પણ કેન્દ્રએ ૨૦૦૬માં વિધેયક બનાવ્યું અને તેનો અમલ ક્યારે થયો ? ૨૦૦૮. ખાલી નિયમ બનાવવામાં બે વર્ષ કાઢી નાંખ્યા. મને બરાબર ખબર છે કે અટલજી જ્યારે વડાપ્રધાન હતા તે વખતે કેબિનેટમાં ૧૯૯૨ સુધીમાં જે આદિવાસી જમીન ખેડે છે તેને જમીન આપવાની વાત તેમણે કરેલી.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ આવી તે વખતે તેઓ ૨૦૦૬માં વિધેયક તો લાવ્યાં પણ ૩૦-૧૨-૨૦૦૫ સુધી જે જમીન ખેડતા હશે અને ૩૧-૧૨-૨૦૦૭ સુધી જે જમીન ખેડતા હોય તેને કબજા રસીદ આપવાની, સનદ નહીં. સનદ એટલે તો મહેસૂલ વિભાગ આપે. જે કાયમ માટે તેને આપી અને તેના ઉપર તે કરજ પણ લઈ શકે જ્યારે કબજા રસીદ ખાલી કબજો. તે પ્રયોગ તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કોંગ્રેસની સરકારને ૩૦-૧૨-૦૫એ ૩૩૫૫ જે અરજી આપેલી. તે અરજીનો તેમણે કંઈ નિકાલ ન કરેલો. આખરે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંમતિ પત્ર તેમને આપ્યું અને તે વખતે કોર્ટમાં પહોંચી ગયા. તેને મંજૂરી આપવી જોઈતી હતીને ? પણ હવે કબજા રસીદ આપવાની વાત કરી તેમાં બે વસ્તુ કહી છે કે જો આદિવાસી ખેડતો હોય જમીન તો તેની પાસે ગુના પાવતી જોઈએ. એક પુરાવો બીજો તેના ઉપર નિભાવ થતો હોવો જોઈએ આદિવાસી પરિવારનો. ત્રીજું તેના ઉપર કબજો હોવો જોઈએ માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે કંઈ અરજીનો નિકાલ કર્યો છે તેમાં લગભગ ૧૪,૯૧૬ જેટલી અરજીનો નિકાલ અમે કર્યો છે. અને બધાને કબજા રસીદ અમે આપી દીધી છે. પણ કેટલીક જગ્યાએ બે પુરાવા નથી તેના કારણે એમને આપી નથી શકાતા. તેને માટે ગુજરાત સરકાર પહેલી એવી છે કે જેણે એક પુરાવો સેટેલાઈટનો માનનીય અધ્યક્ષશ્રી, નક્કી કર્યો છે. દૂધનું દૂધ અને પાણીનું પાણી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થળ ઉપર સેટેલાઈટથી તમે જુઓ એટલે ખબર પડી જાય કે આ જમીન ખેડેલી છે કે નહીં. સપાટ જમીન હોય તો ફોટો તે પ્રમાણેની જમીન હોય તો તેને કોઈ હકકદાર નથી. એક પુરાવો અમે ઉભો કરવામાં આવ્યો કે આદિવાસીઓ જે સમિતિ છે એ સમિતિ તો આ પ્રમાણે આપી દે, પણ એને એવી રીતે ખરેખર બીજો પુરાવો...

**અધ્યક્ષશ્રી** : ૪ મિનિટ બાકી રહે છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ખરેખર પુરાવો બીજો આપણે આ રીતે જો આપીએ તો આદિવાસીને એને જમીન આપી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈની ચોખ્ખી • (xxxx) છે કે કોઈપણ આદિવાસી જમીન વગરનો નહીં રહી જાય, પણ સાચો આદિવાસી. ખોટા કોઈએ ઉશ્કેરેલા, પૈસા ભરીને ફોર્મ ભરેલા, એવા લોકોને નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે જયારે અમે ખૂબ અમે સારી રીતે કામગીરી કરી રહેલા છીએ. બધા જ અધિકારીઓને ત્રણે ત્રણ મિનિસ્ટરો અમે એક સાથે બેસીને ત્રણથી ચાર વાર મિટિંગ કરી છે. કોંગ્રેસના મિત્રો પણ મારે કહેવું છે કે ખરેખર તમારે આદિવાસીને જમીન આપવી હોય તો તમે આવો, જે કાંઈ મુશ્કેલી હશે, તે મુશ્કેલી...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે જે * (xxxx) શબ્દ વાપર્યો છે, તે અસંસદીય છે, હું કાઢી નાંખું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની ઈચ્છા નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે અમે ૧૫૦૦૦ લોકોને આપી છે અને જે કાંઈ આવા જે ગરીબ આદિવાસી છે, વર્ષોથી જમીન ખેડતા હોય તેને એકપણ માણસ રહી નહીં જાય તેની અમે પૂરેપૂરી કાળજી લઈશું. પણ એકપણ ખોટો માણસ લઈ ન જાય તેની પણ અમે કાળજી લઈશું. અહીંયા તો એકવાર રજીસ્ટર લાવીને બતાવ્યા. રજીસ્ટરમાં જોયા પછી તપાસ કરી તો ત્યાં સેટેલાઈટ

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે. .

પીકચર જોયું તો ત્યાં ફોરેસ્ટની જમીન જ નથી. એવી તમે માગણી કરો અને રજીસ્ટર લઈ આવો. એને મંજૂર કરવાના અધિકાર તો ત્યાં ગામ સમિતિને છે. મારે કોંગ્રેસના એક નેતા જાહેરમાં ભાષણ કરીને એમ કહે કે સરકારની આવી નીતિ છે, તો એની સામે આદિવાસી આતંકવાદી બનશે. આવા નેતાએ પોતે સમજવું જોઈએ કે હું શું કરી રહેલો છું. આદિવાસી વિસ્તારમાં. માનનીય અધ્યક્ષશ્રી, હું આર. એસ. એસ.માંથી આવું છું. આર.એસ. એસ.માં એક રમત છે, ભસ્માસૂરની. કોઈ બીજાના માથે હાથે મૂકી દેવો, એટલે તે ભસ્મ થઈ જાય. એવી રમત આ જે કાંઈ નેતાઓ કરે છે, એક સમય એવો આવશે કે આદિવાસી એ લોકોને જ ભસ્માસૂર કરી દેશે. માટે આવી પ્રવૃત્તિથી દૂર રહે.

અહીંયા એક વાત એવી થઈ કે નિર્દોષ લોકોને જેલમાં પૂરી દેશે. દેશ માટે, સમાજ માટે કોઈ ખોટું કામ કરતા હશે એને સજા થવી જોઈએ. નિર્દોષને નહીં થાય. એની આ સરકાર પૂરેપૂરી કાળજી રાખે છે. મારે ફોરેસ્ટની વાત કરવી છે. દિવસે દિવસે ફોરેસ્ટનો વિસ્તાર વધતો જાય છે. અને આ લગભગ ૧૯૯૩થી અત્યાર સુધીમાં લગભગ ૨૧ ટકાનો વધારો થયો છે. અમે એ રીતે સામાજીક વનીકરણ નોર્મલમાં કે પછી સાંસ્કૃતિક વનો ઉભા કરીને અને વન મહોત્સવ ઉજવીને આજે જે કાંઈ અમે વન વિસ્તાર વધારતા જઈએ છીએ એને કારણે આજે આખા વિસ્તારમાં વધારો થયો છે. ચેરનું વાવેતર પણ અમે ૧૨૦૦૦ હેકટર વધારવાના છીએ. જે બન્નીનો વિસ્તાર છે એમાં પણ નાણામંત્રીશ્રીએ ૮ કરોડ રૂપિયા આપીને ઘાસીયાનો પણ અમે વધારો કરવાના છીએ. મારો પર્યાવરણ વિભાગ પણ એટલી જ કાળજી રાખે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ, આખા દેશમાં કોઈ કલાઈમેટ ચેઈન્જનો વિભાગ શરુ નથી કર્યો. ગુજરાત સરકારે એ વિભાગ શરુ કર્યો છે. અને જે કાંઈ આવનારા દિવસોમાં જે કાંઈ કાળજી લેવાની છે, એ એકટ પ્રમાણે અમે લઈને જે કાંઈ એવા યુનિટ છે, જે વધારે પ્રદુષણ કરે છે એને ચોકકસપણે પનીશ પણ કરવાના છીએ. એના કારણે જે અમે પર્યાવરણ વ્યવસ્થા જે જી. પી. સી. બી. એ બનાવી છે, એના કારણે કેદ્ર સરકારે અમને એવોર્ડ પણ જયારે આપ્યો છે, ત્યારે મારા આ ત્રણે વિભાગની જે ચર્ચામાં જેણે જેણે ભાગ ભજવ્યો, તે આ બધી વાત તેમણે કાનેકાન બેસીને સાંભળતા હશે અને વિકાસમાં સાથે રહીને આદિવાસીનો વિકાસ કેવી રીતે કરી શકીએ, વન વિસ્તારનો વિકાસ કેવી રીતે કરી શકીએ, અને આ દેશમાં ગુજરાતમાં પ્રદુષણ ઓછામાં ઓછું કેવી રીતે રહે, એમાં સહભાગી બને એવી મારી વિનંતી છે. આભાર.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૬ અને ૩૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : મારે સભાગૃહનું ધ્યાન દોરવાનું છે કે આજે ચર્ચા દરમિયાન "અમને સમય ઓછો મળ્યો છે" એટલી કેટલીક વાત હતી. પણ વિધાનસભા સચિવાલય આ સમય નકકી કરતું નથી. બન્ને પક્ષના દંડકશ્રીઓ સાથે મળીને સમગ્ર માગણીઓનો કાર્યક્રમ નકકી કરે છે. કયા દિવસે કઈ માગણીઓ લાવવી તે બન્ને દંડકોએ નકકી કરેલ હોય છે. એટલે આજે ગુરૂવાર છે એટલે સમય ઓછો લાગ્યો હોય તો પણ આ વિભાગની માગણીઓનો નિર્ણય એ વિધાનસભા સચિવાલયે કરેલો નિર્ણય નથી. હવે વિરામનો સમય થયો છે. સભાગૃહ બપોરના ૩-૧૫ કલાકે ફરી મળશે.

**( સભાપતિ શ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને)**

**બિન સરકારી સંકલ્પો**

**સખી મંડળોની રચના કરી મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા બાબત**

**શ્રી કાળુભાઈ ચ. રાઠોડ(ઉના) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

"રાજય સરકારે ગ્રામીણ ગરીબ કુટુંબની બહેનોને જૂથમાં સંગઠિત કરી બચત બેંકલીંકેજ તથા રીવોલ્વીંગ ફંડ દ્વારા તેમની નાની મોટી આર્થિક જરૂરિયાતો સંતોષવા તથા નાના ધંધા રોજગાર કરી કુટુંબને આર્થિક મદદ કરવા માટે સખી મંડળનો અભિગમ અમલમાં મૂક્યો છે. રાજયમાં ૧,૫૨,૨૦૧ સખીમંડળો રચી તેમાં ૧૯,૧૨,૭૭૨ બહેનોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી ૮૯,૨૩૫ સખીમંડળોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવેલ છે. બેંકલીંકેજ ૯૧૯૪૬ સખીમંડળો તથા આર્થિક પ્રવૃત્તિ કરતા ૨૬૯૯૨ જૂથો છે. સખીમંડળો દ્વારા રૂા. ૯૩.૬૦ કરોડની બચત અને રૂા. ૧૪૨.૮૧ કરોડનું ધિરાણ થયેલ છે. આ દ્વારા મહિલાઓનો વિકાસ, કૌશલ્ય પ્રવૃત્તિઓ અને સામાજિક તેમજ આર્થિક દરજ્જાને સન્માનિત સ્થાન આપવા સક્રિય પ્રયત્નો હાથ ધરેલ છે અને તેના દ્વારા ૨.૫૦ લાખ સ્વસહાય જૂથો તથા સખીમંડળોને મજબૂત કરી ૩૦ લાખ કુટુંબોને આવરી લઈ સ્થાયી આજીવિકા સાથે જોડાણથી ગરીબી રેખા હેઠળના સાત લાખ કુટુંબોને ગરીબી રેખા પરથી ઉપર લાવવાનું આયોજન છે. તમામ સખીમંડળોના ફેડરેશનમાં સમાવેશ કરી દરેક સખીમંડળને યુનીક આઈ.ડી. દ્વારા ઓળખવામાં

આવે તે પ્રકારનું પણ આયોજન કરેલ છે. સખીમંડળોની તમામ કામગીરીના સક્ષમ મોનિટરીંગ માટે અદ્યતન મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ (MIS) પણ અમલમાં મૂકવામાં આવનાર છે, જેથી આ સમગ્ર વિગતો કૉમ્પ્યુટર ઉપર (Online Monitoring) થઈ શકે. આમ રાજય સરકાર દ્વારા મહિલાઓનો વિકાસ આર્થિક પ્રવૃત્તિ સાથે સાંકળી સમાજમાં મહિલાઓને અલગ અને આગવું અસ્તિત્વ મળે તે માટે સ્વર્ણિમ વર્ષમાં સખીમંડળનો જે અભિગમ અપનાવ્યો છે તે હજુ વધારે વિસ્તૃત બને અને સમાજોપયોગી બને તે માટે વધુ અસરકારક પગલાં લેવા'' આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કાળુભાઈ ચ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારો સંકલ્પ રજૂ કર્યો છે. બીજા માનનીય સભ્યશ્રીઓને બોલવાની તક મળે એટલા માટે હું વધારે વાત કરતો નથી.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ખૂબ સારો સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરુ\ છું.

આ રાજયના આદરણીય અને ગરીબોના બેલી એવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મહિલાઓ પગભર થાય અને સ્ત્રી સશકિતકરણનો અભિગમ દાખવવા માટે થઈને આ સખીમંડળોની યોજના કરવામાં આવી છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૨૦૦૭થી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આજે મને આ ગૃહની અંદર જણાવતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર ૧,૫૨,૨૦૧ સખીમંડળોની રચના કરવામાં આવી છે. આ સખીમંડળોની અંદર ૧૯,૧૨,૭૭૨ બહેનોનો સમાવેશ થયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમાંથી ૮૯,૨૩૫ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવે છે. બેંક લીંકેજ સાથે જોડીને ૯૧,૯૪૬ સખી મંડળો છે. આજે આ સખી મંડળોમાં આર્થિક પ્રવૃત્તિ કરતા ૨૬,૯૯૨ જૂથ છે. સખી મંડળો દ્વારા રૂા. ૯૩.૬૦ કરોડની બચત, રૂા. ૧૪૨.૮૧ કરોડનું ધિરાણ થયેલ છે. આના દ્વારા મહિલાઓનો વિકાસ થયો છે તેમજ બહેનોનો ઉત્સાહ આજે ખૂબ વધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં જ્યારે ગરીબ કલ્યાણ મેળાઓ થયા ત્યારે તેમાં મોરબી ખાતે સખી મંડળના એક બહેન ત્યાં આવેલ હતા. ત્યારે તે સખી મંડળમાં જોડાઈ નહોતા તેના પહેલાંની તેણે વાત કરી કે તેના બે નાના નાના બાળકો હતા અને બહેન વિધવા બની. ત્યારે તેની જે પરિસ્થિતિ હતી તે સાંભળીએ તો રડવું આવી જાય એવી પરિસ્થિતિ હતી. કોઈએ એમને સારું સૂચન કર્યું કે તમે આંગણવાડીમાં કામ કરો. એ બહેન આંગણવાડીમાં જોડાઈ અને તે પછી સખી મંડળમાં જોડાઈ પછી તે બહેને સખી મંડળની રચના કરી અને આજે એ સખી મંડળમાં બેન પોતે આર્થિક રીતે ખૂબ પગભર થઈ છે અને સખી મંડળમાં આવ્યા પછી પોતે બચત કરીને તેમાંથી ધિરાણ મેળવીને આજે પોતે પોતાની ઘરે ખાખરા-પાપડ બધું બનાવીને વેચાણ કરે છે અને સાથે સાથે આંગણવાડીનું સારું કાર્ય પણ કરી રહી છે. ત્યારે ખૂબ આનંદ થાય છે કે આવી ગરીબ બહેનોને રાજયના મુખ્યમંત્રીશ્રીએ પગભર બનાવવા માટે પ્રયત્નો કર્યા છે. ત્યારે તેને આપણે સાક્ષાત જોઈ શકીએ છીએ અને દર્શન પણ કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ રીતે વલસાડમાં સખી મંડળ ચાલે છે. તેમાં પણ જે બહેનો કામ કરે છે અને એ બહેનો આવા સારા લગ્ન પ્રસંગમાં જઈને પીરસવાનું કામ કરીને આર્થિક રીતે કમાય છે અને તેમના બાળકોને સારું જમવાનું પણ મળે છે તો આ રીતે સખી મંડળો ગુજરાતમાં જે કાર્ય કરી રહ્યા છે અને તેની કામગીરી છે એ આજે ખૂબ પ્રસંશનીય બની છે. હમણાં જ મારા જેતપુર તાલુકામાં સખી મંડળની શિબિર હતી. તેમાં મારે જવાનું થયું ત્યારે મને ખૂબ આનંદ થયો કે ૧૩૦ જેટલી સખી મંડળની બહેનોએ શિબિરમાં ભાગ લીધો હતો અને સખી મંડળમાં જે કાર્યવાહી કરવાની થતી હોય ત્યાંથી તેમને સૂચના આપવામાં આવેલી છે અને બહેનોને કાર્યરત કરી છે. મારું એક સૂચન એવું છે કે સખી મંડળ જ્યાં ચાલે છે જે કાયદા દ્વારા કરવામાં આવતી મહિલાઓના ઉત્કર્ષ અને વિકાસને લગતી વિવિધ જોગવાઈઓ છે તેના માટે દેખરેખ રાખવા માટે થઈને આ ગૃહમાં સભ્યો છે એવા મહિલાઓના કલ્યાણ માટેની સારી સમિતિ બને, સંસદીય સચિવ. તો એ પણ બહેનોની કામગીરી કરે છે. તેના ઉપર પૂરું ધ્યાન આપવામાં આવશે તો મારું આવું સારું સૂચન છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાનમાં લે એવી વિનંતી કરું છું અને કાળુભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળુભાઈ રાઠોડ જે સંકલ્પ લઈને આવ્યા છે અને તેમાં તેમણે જે ભાવ દર્શાવ્યો છે એ એવો છે કે આ જે સખી મંડળોનો કાર્યક્રમ છે એ વધારે વિસ્તૃત બને અને સમાજોપયોગી બને એ માટે રાજય સરકારે અસરકારક પગલાં લેવા જોઈએ. બહુ સમયસરનો અને જે ભાવ દર્શાવ્યો છે અને જે ચિંતા વ્યક્ત કરી છે તેમાં હું મારો સંપૂર્ણ ટેકો આપું છું. એટલા માટે કે, આ સ્વ સહાય જૂથો છે. સખી મંડળ એટલે, કેન્દ્ર સરકારનો ગ્રામ વિકાસ વિભાગ છેં એની એક સ્વ સહાય યોજના છે એના જેવો આ એક કાર્યક્રમ છે. એમાં ખરા અર્થમાં બહેનો સાથે મળે, સાથે મળી બચત કરે, બચત કરી અને આવકમાંથી કુટુંબની અંદર મદદરૂપ થાય. આ બહેનોની અંદર ઈન્ટરપ્રિન્યોર શકિત છે, સાહસિક શકિત છે, ઉત્પાદન શકિત છે એનો ઉપયોગ પોતાના પરિવાર માટે અને સમાજ માટે ઉપયોગ થઈ શકે તે માટેની તેમાં ભાવના રહેલી છે. એ ભાવના આવકાર્ય છે. છેલ્લા વર્ષોમાં આપણે જોઈએ છીએ કે, અત્યારે આવું ચાલતું નથી. સ્વ

સહાય જૂથો હોય કે, સખી મંડળ હોય એને મદદ કરવા માટે એમના આંગણા સુધી અધિકારીઓ જતા હતા અને માર્ગદર્શન પણ આપતા હતા અને ખૂબ સારી વ્યવસ્થા એમાંથી થતી હતી. પરંતુ હમણાં હમણાં સરકારની નજર એમાં એ રીતે પડી કે, આ તો રાજયનું સૌથી મહત્ત્વનું સંગઠન છે. આપણા કાર્યક્રમો હોય, સરકારી કાર્યક્રમો હોય, ગરીબ કલ્યાણ મેળાઓ હાય કે રાજકીય કાર્યક્રમો હોય એમાં સૌથી સંખ્યા ભેગી કરવાનો સૌથી સહેલો રસ્તો કયો? ટૂંકો રસ્તો કયો? અધિકારીઓ મારફતે આજ્ઞા કરીને એમને લઈ આવો. અથવા તો આવી સખી મંડળની બહેનો છે તેમને કહેવામાં આવે કે તમે ગરીબ કલ્યાણ મેળામાં આવો તો જ તમને આ બૅન્ક લીંકેજ મળશે. એમ કરીને આ બહેનોનો છેલ્લા ચાર વર્ષમાં જે (xxxx) થયો છે, એવો આઝાદી પછી એ પ્રકારનો (xxxx) થયો નથી.. (અંતરાય)

**સભાપતિશ્રી** : * (xxxx) શબ્દ રદ કરવામાં આવે છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું ફરી પાછો દોહરાવું છું. આ સખી મંડળની બહેનોને રાજકીય કાર્યક્રમોમાં એમને લઈ જઈ આવા સખી મંડળોનો (xxxx) કરવામાં આવે છે.

**સભાપતિશ્રી** : શ્રી અર્જુનભાઈ રિપિટ નહીં કરો.. તમે એ શબ્દોનો ઉપયોગ નહીં કરી શકો.. શ્રી અર્જુનભાઈ, હવે એ શબ્દો રિપિટ નહીં કરો..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારે એમ કહેવું જોઈએ કે, સખી મંડળની બહેનોનું સશકિતકરણ કરવું જોઈએ. રાજકીય કાર્યક્રમોમાં સંખ્યા બતાવવા માટે નહીં. અત્યારે આ બહેનોનો ઉપયોગ છે એ રાજકીય કાર્યક્રમમાં સંખ્યા બતાવવા માટે થાય છે.. (અંતરાય) માઠું લાગતું હોય તો મુખ્યમંત્રીશ્રીને કહેવું જોઈએ કે, સખી મંડળની આ બહેનોને રાજકીય કાર્યક્રમમાં બોલાવવી જોઈએ નહીં. અત્યારે તો એવી વાત થાય છે કે, રાજકીય પક્ષોને નહીં પણ સખી મંડળની બહેનોને.. (અંતરાય)

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. સખી મંડળની બહેનોનો આ સરકાર (xxxx) કરે છે. આ બહેનો ઉપર આક્ષેપ કર્યો છે. (અંતરાય) આપ રેકર્ડ ઉપર જોવડાવો. એનાથી બહેનોનું અપમાન થાય છે.

**સભાપતિશ્રી** : (xxxx) શબ્દ મેં કાઢી નાખ્યો છે.. તમે સાંભળો છો કે નહીં.. તમે અધ્યક્ષને સાંભળવાના નથી.. (અંતરાય) અધ્યક્ષશ્રી એક વખત રૂલિંગ આપે પછી.. આપ બેસી જાઓ.. હું પણ અનુભવી માણસ છું. મારો અનુભવ બોલે છે. બેસી જાઓ.. બેસી જાઓ.. અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપ્યા પછી.....જુઓ મારો અનુભવ બોલે છે. કદાચ ભણતર નહીં બોલતું હોય તમારી દ્રષ્ટિએ, પણ જ્યારે સ્પીકર એક રૂલિંગ આપતા હોય ત્યાર પછી તેની દલીલ ના હોય. મેં તરત જ કહ્યું છે કે દુરુપયોગ કર્યો એ શબ્દો બરાબર નથી. એમને મેં ટોક્યા છે અને મેં એ શબ્દો કાઢી નાખ્યા છે અને એ પાછું રીપીટ કર્યા પછી પાછું પણ તેમને જણાવ્યું છે કે આ રીપીટ કરો તે બરાબર નથી. હવે અર્જુનભાઈ, અને તમારો ટાઈમ પણ પૂરો થઈ ગયો છે. અંતરાય .બસ કરો બસ કરો.. .. (અંતરાય) ..બંધ કરો .. . જુઓ લકુમ સાહેબ સાંભળો તમે, અધ્યક્ષની ખરી રીતે ખુરશી એવી છે કે જો હું કોઈ એવું રૂલિંગ આપી દઈશ તો તમને નડશે. અને તમે કહેતા હોય તો અશોકભાઈને બોલાવી લઉ આ વાત વ્યાજબી નથી. તમે આ રીતે દલીલ કરીને ઉભા ના થઈ શકો સમજ્યા (અંતરાય) અને તમે સાંભળો સમજી લો, ખાલી ખોટી વાત નહીં કર્યા કરવાની. અર્જુનભાઈ, તમારો સમય પૂરો થઈ ગયો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માફ કરજો. અરે કાંઈ વાંધો નહીં. કાંઈ ચિંતા નહીં સાહેબ આપ જે નિણર્ય કરો તે સર માથા ઉપર. હું વાત એ કરતો હતો કે આ સખીમંડળની બહેનો છે એને રાજકીય કાર્યક્રમોમાં નહીં લઈ આવવી જોઈએ અને એ સખી મંડળની બહેનો છે એમ જેમ, સ્વસહાય જૂથોની અંદર અત્યાર સુધી આપણા અધિકારીઓ જઈ એમના સ્થળે માર્ગદર્શન આપતા હતા એના બદલે મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમના અને એમના ભાષણો સાંભળવા માટે ત્યાં એમના ઉપર દબાણ કરવામાં આવે કે તમારે આવવું પડશે તો જ તમને ચેક મળશે આ મનોવૃત્તિ સારી નથી.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ આ વિશ્લેષણ બરાબર નથી. મારી તમને એક વિનંતી છે વડીલ તરીકે અને તમારા જૂના કૂળના તરીક કે જે કોઈ યોજના સારી હોય તેને તમે જે રીતે મઠારો તે વાત જૂદી વાત છે પણ આ રીતે મઠારો એ વ્યાજબી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ એ હતો કે આટલા જો સખી મંડળો હોય આપણે ત્યાં અને વાસ્તવિક રીતે બહેનોને ખરેખર અર્થમાં એમ્પાવર કરવા માટે, સશકિતકરણ કરવા માટે એમને એ સરકારના કાર્યક્રમો જૂદી જૂદી યોજનાઓ એ બહેનો સુધી પહોંચે તો એમાં વાંધો હોઈ શકે નહીં, પણ અત્યારે તો દરેક વખતે એવું થયું કે મહિલા સંમેલનો હોય તો સખીમંડળની બહેનોએ આવવું જોઈએ અને મુખ્યમંત્રીશ્રીના ગરીબ મેળા હોય તો એમાં પણ સખીમંડળની બહેનોએ આવવાનું, આ મનોવૃત્તિમાંથી રાજય સરકારે બહાર નીકળવાનું છે અને એમાં એ મનોવૃત્તિ છે એ મનોવૃત્તિની હું ટીકા કરું છું કે મનોવૃત્તિમાંથી બહાર લઈ આવો અને રાજકીય પક્ષોએ પોતાના કાર્યકરો ઉપર પોતાના કાર્યક્રમોના અમલીકરણ માટે એના ઉપર વિશ્વાસ રાખવો જોઈએ અને એને ટોળા લઈ આવા માટે કહેવું જોઈએ, નહીં કે આ પ્રકારની બહેનો હોય અને

* (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી ખાંખવમાં આવ્યા છે.

આંગણવાડીની બહેનો હોય એને એમ કહેવું કે ના, અમારા કાર્યક્રમમાં તમારે આવવું પડશે. કારણ કે અમારે મુખ્યમંત્રીના કાર્યક્રમોમાં સંખ્યા બતાડવાની છે. એ મનોવૃત્તિમાંથી બહાર નીકળી જાય બાકી હું માનનીય અધ્યક્ષશ્રી આ જે સંકલ્પ લઈ આવ્યા છે એ સંકલ્પને ખરેખર આવકારું છું કે આ જે કાર્યક્રમ છે એ વધારે વિસ્તૃત બને અને આમાં લખ્યું છે ખાસ મારે એ બાબતની નોંધ લેવી છે અને એના માટે હું કાળુભાઈ રાઠોડને ધન્યવાદ આપીશ કે એમણે એમ લખ્યું છે કે, વધારે વિસ્તૃત બને અને સમાજ ઉપયોગી બને, રાજકીય ઉપયોગી નહીં, સમાજ ઉપયોગી બને એટલા માટે આ સરકાર પગલા લે અને એ પગલા આપણે સામૂહિક રીતે માગણી કરી છે એ સંકલ્પને આવકારી અને સરકારને અનુરોધ કરતો સંકલ્પ પસાર કરીએ એવી વિનંતી કરું છું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મારા સાથી સભ્ય કાળુભાઈ રાઠોડ જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપવા ઉભી થઈ છું. ભારતીય સંસ્કૃતિ અને એમાંય આપણી ગરવી ગુજરાતની આ ધૂરા એટલે પૂજ્ય મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ગરવી ગુજરાત. આ બે મહાપુરૂષોએ ગુજરાતની બહેનો માટેના જે સ્વપ્ન જોયા હતા અને તે જે સ્વપ્ન હતા એ અધૂરા રહી ગયા હતા. અને આ સ્વપ્નોને પૂરા કરવા માટે આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કમરકસી છે. અને ગુજરાતના કવિશ્રી નર્મદ કહે છે કે, "ડગલું ભર્યું તે ના હટવું, ના હટવું." આ પંક્તિને સાકાર કરવા માટે સ્વયં ગમે તેટલા પડકારોનો સામનો કરવો પડે પણ ગુજરાતનો વિકાસ અને ગુજરાતની મહિલાઓ માટેની વિકાસ યાત્રાને સતત વણથંભી આગળ ધપાવી રહ્યા છે. આજના વિદ્યાર્થીઓ કવિ નર્મદના ગીતો પણ ભૂલી ગયા છે. 'જય જય ગરવી ગુજરાત'. કવિ નર્મદ કોણ હતા એ પણ ભૂલી ગયા છે એવા પ્રશ્નો ઊભા થયા હતા. પણ મારે એ કહેવું છે કે આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગીત આપણા બધાને યાદ અપાવ્યું અને માં ગુર્જર ધરા માટે સમર્પિત થવા માટે સંકલ્પબદ્ધ કર્યા. સ્વર્ણિમ ગુજરાત, સ્વર્ણિમ શબ્દ સૌના દિલમાં આનંદની લાગણી અનુભવાવે છે. કવિશ્રી નર્મદને યાદ અપાવે છે. જય જય ગરવી ગુજરાત. સ્વર્ણિમ ગુજરાત માટે પણ કવિ નર્મદ લખે છે કે, 'સુવર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથાઓ ગુજરાતની, ગુણવંતી ગુજરાતની.' સને ૨૦૧૦નું આ વર્ષ સ્વર્ણિમ બનશે અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આ સ્વર્ણિમ સંકલ્પ એ ઈતિહાસ રચશે ત્યારે મારે મારા વિપક્ષના સભ્યશ્રીને કહેવું છે કે જ્યારે આ સ્વર્ણિમ વર્ષ નિમિત્તે મારા સાથી સભ્યશ્રી કાળુભાઈ જ્યારે સખી મંડળોના અભિગમ અને એનો વિસ્તાર કરવા માટેનો જે સંકલ્પ લઈને આવ્યા અને એમણે જ્યારે બહેનો માટેના આ શબ્દો વાપર્યા, પણ ભારતીય જનતા પાર્ટી ક્યારેય બહેનોનો દુરુપયોગ નથી કરતી. બહેનોને તો સન્માનની દ્રષ્ટિએ અમારી આ પાર્ટી જુએ છે અને અમારા માટે, બહેનો માટે લાગણી થઈ છે અને આ ગુજરાતની મહિલાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીમાં પોતાના વીર જુએ છે અને દરેક રક્ષાબંધને આ ગુજરાતની મહિલાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને સામે ચડીને આ વિકાસ પુરૂષનો વિકાસ માનભેર અને અવિરતપણે ચાલું રહે એ માટે રક્ષા બાંધે છે અને તેઓ રક્ષા કરવા માટે આવી રહે છે. સ્વતંત્રતા માટેની ચળવળની જેમ સમગ્ર ગુજરાતના યુવાનો, પ્રાધ્યાપકો, ડૉકટરો, વકીલો, ભૂલકાઓ, દરેક નાગરિકો મારા ગુજરાતના નામથી સંકલ્પબદ્ધ થયા છે. ગુજરાત મારું મંદિર છે, અમારી કર્મભૂમિ છે તેવા ભાવથી અમે સૌ ગુર્જરી માતાના મંદિરના પાવન પૂજારી થઈ કાર્યરત રહ્યા છીએ. સંસ્કારોથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને શિક્ષિત કર્યા છે. હું ગુજરાતની બહેનો વતી સ્વર્ણિમ ગુજરાતમાં બહેનો માટેના જે કામો થયા છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહિલા અને બાળક વિકાસ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આભાર માનું છું. સમગ્ર દેશના આયોજન અને વિકાસમાં સ્ત્રીઓ કેન્દ્રસ્થાને છે. બંધારણીય અને કાયદાકીય રીતે સ્ત્રીને પુરૂષ સમાન દરજ્જો આપવામાં આવ્યો છે. પણ વાસ્તવિકતા શું છે? સામાજિક, આર્થિક બધી જ બાબતોમાં સ્ત્રીઓને શોષાવું પડે છે. સ્ત્રી સશક્તિકરણ માટેની અસરકારક તથા પરિણામલક્ષી વ્યૂહરચના સરકાર દ્વારા અપનાવવામાં આવી છે. (સમયસૂચક ઘંટડી)

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય મારા સાથી આદરણીય કાળુભાઈ રાઠોડ જે બીન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેના અનુમોદનમાં મારા વિચારો રજૂ કરવા ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી આપણા દેશમાં ચાર મહત્ત્વપૂર્ણ ક્રાંતિઓ થઈ છે. આ દેશની અંદર હરિયાળી ક્રાંતિથી આ દેશ અનાજની બાબતમાં સ્વાવલંબી બન્યો છે. એવી જ રીતે શ્વેત ક્રાંતિ થઈ ત્યારે કરોડો દૂધ ઉત્પાદકોને આપણે લાભાન્વિત કરી શક્યા છીએ. ત્રીજી ક્રાંતિ એ ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને જેમાં આપણે લાખો નવયુવાનો માટે રોજગારી તકો આપણે ઊભી કરી શક્યા છીએ. એવી જ રીતે આ સદીની સૌથી મોટી ક્રાતિ એટલે આઈ.ટી.ક્રાંતિ અને એ ક્રાંતિની અંદર નવ યુવાનોને વૈશ્વિક સ્પર્ધામાં ઊભા રાખવા માટે આપણે સક્ષમ બળ આપી શક્યા છીએ ત્યારે મારે આજે ગૌરવ સાથે કહેવું છે કે આ યુગની એવી એક બીજી મોટી ક્રાંતિ હોય તો તે મહિલા ઉત્થાનની ક્રાંતિ છે અને એ મહિલા ઉત્થાનની ક્રાંતિ ગુજરાતની અંદર સખીમંડળોની રચના દ્વારા શરૂ થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, સખી મંડળોએ ગ્રામ્ય વિસ્તારની બી.પી.એલ. બહેનોનો સમૂહ માત્ર નથી. પરંતુ આ તો મહિલા સશકિતકરણ કરવાનો એક પ્રયત્ન છે. આજે આ સખી મંડળો સામાજિક વિકાસનું ગ્રોથ એન્જિન બની ચૂક્યાં છે અને મારે કહેવું છે કે પૂરાં દેશને આનું અનુકરણ કરવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં પિડાતી ગરીબ મહિલાને સાચું સ્થાન પ્રાપ્ત કરાવવા રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારની ગ્રામ્ય મહિલાઓને ચાર દિવાલમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો છે. શરમ, સંકોચ છોડીને સામાજિક બંધનોમાંથી મુકત થઈને જાગૃતિ કેળવે તેવા પ્રયાસ રાજ્ય સરકારે કર્યા છે. સામૂહિક રીતે સંગઠિત થઈને આર્થિક રીતે પગભર બને તે માટે જો કોઈ તાદર્શ ઉદાહરણ હોય તો આ સખી મંડળ છે. એક તરફ સખી મંડળની યોજનાનો ઉદ્દય થયો ત્યારે બીજી તરફ નારી, ચેતના અને આંતરિક શકિતનો ઉદ્દય થયો તેમ કહીશ તો ખોટું નથી. મને આજે પણ યાદ છે કે તા.૨-૨-૨૦૦૭ એ મારા વિસ્તાર સુરેન્દ્રનગરની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આ સખી મંડળ યોજનાનું લોંચિંગ થયું હતું. તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રીનું મહિલાઓ માટેનું જે વિકાસ અને સંવેદનાભર્યુ ઉદ્દ્બોધન હતું તેની હું સાક્ષી છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ વખતે કહેલું કે સમાજમાં ૫૦ ટકા મહિલાઓ છે તો શા માટે આ મહિલાઓ પાછળ રહે? શા માટે આત્મનિર્ભર અને સ્વાલંબી ના બની શકે? અરે, આ મારી બહેનો ધારે તો શું ના કરી શકે. આ પ્રકારનો એમણે વિશ્વાસ આપ્યો હતો અને આ વિચારોને મૂર્તિમંત કરવા એક મા દીકરીને નહિ, એક બહેન બીજી બહેનને નહિ પરંતુ એક મહિલા બીજી મહિલાની સખી બને અને સખી મંડળ રચીને શુભારંભ થયો છે. ખડીબોલી હિન્દી સાહિત્યના પ્રથમ મહાકાવ્ય "પ્રિય પ્રવાસ"માં, કવિશ્રી અયોધ્યા સી. ઉપાધ્યાયે "હરિઓત" કાવ્યમાં રાધા અને કૃષ્ણ વિરહમાં ફકત રડતી નથી બતાવતા. પરંતુ ગોપીઓના આવી પડેલા દુઃખમાંથી બહાર નીકળી સંગઠિત થવાની ભાવનાનું નિરુપણ કરવામાં આવ્યું છે ત્યારે આ વાત સાચી લાગે છે. સહિયારા પ્રયાસ થાય અને સંગઠિત મહિલાનું જૂથ બને તો ધાર્યુ પરિણામ લાવવામાં ચોકકસ સફળ થઈ શકાય. આ સખી મંડળની યોજના, સખી મંડળો કેવી રીતે બને છે એ બધીજ બાબતો આપણે જાણીએ છીએ. પરંતુ આજે મારે આ સખી મંડળો કેવી રીતે તાલીમ લે છે એ મારે રહેવું છે. સખી મંડળને વિવિધ પ્રકારની તાલીમો આપવામાં આવે છે. શંકર શિવારણ ગૃપ બે નિમિત નેતૃત્વનો વિકાસ વગેરે પ્રકારની તાલીમો આપવામાં આવે છે, સાથે હિસાબો કેવી રીતે રાખવા, રેકર્ડ કેવી રીતે સાચવવો તેની તાલીમ પણ આપવામાં આવે છે. સાથે સાથે આંગણવાડીના કાર્યકરોને ત્રણ દિવસની બેઝિક ઓરિએન્ટેડ તાલીમ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત સી.ડી.પી.ઓ. અને એસ.ડી.પી.ઓ.ના સુપરવાઈઝર અને એન.જી.ઓ.ના સ્ટાફને પણ તાલીમ આપવામાં આવે છે. તાલીમના કારણે તેમના કૌશલ્ય અને આવડતમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ગરીબ મહિલાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ગુણાત્મક સુધારાના કારણે રાજ્યના માનવ વિકાસ સૂચાંકમાં અભૂતપૂર્વ વધારો જોવા મળશે તેની મને ખાતરી છે. સખી મંડળો દ્વારા આંતરિક ધિરાણનું સંચાલન કરવામાં આવે છે. આંતરિક ધિરાણ લેવામાં, બેંક લોન લેવામાં મારી આ કાર્ય કરતી બહેનોને નથી ઘર ગીરવે મુકવું પડતું કે નથી દાગીનો ગીરવે મૂકવો પડતો. વધારે વ્યાજ ખાતા વ્યાજ વટાઉના પંજામાંથી આ મારી બહેનોને છૂટકારો મળ્યો છે અને સખી મંડળની બહેનોએ આજે પોતાની ગુડવીલ સમાજમાં ઊભી કરી છે. મારે એક વાત મારા મતવિસ્તારની કરવી છે, પાટડી તાલુકાના ધરતી સખી મંડળને ગરીબ કલ્યાણ મેળામાં રૂા.૧૦ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો ત્યારે મને વિચાર આવ્યો કે (અંતરાય) ઘરના પણ કોઈ ભરોસોના કરે. સાહેબ, એક મિનિટ..

**સભાપતિશ્રી** : આઈ એમ સોરી. માનનીય મણીભાઈ.. (અંતરાય) આ તમારા દંડકે તમને આપેલી મિનિટો છે. પ્લીઝ સીટ ડાઉન.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળુભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ આમ તો ખૂબ આવકારદાયક છે. મૂળ ગ્રામ વિકાસ એજન્સીઓની જે સ્વ-સહાય જુથની જે યોજનાઓ છે એ યોજનાના જ એમ ભાગરૂપે અહીંયા ગુજરાત રાજયમાં સખી મંડળો બનાવીને ગરીબ બહેનોને રોજગારી પૂરી પાડવા માટેનું એક સારામાં સારું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫માં હું જ્યારે ખેડા જિલ્લાની બૅન્કનો સદસ્ય હતો ત્યારે નાબાર્ડ દ્વારા આ સ્વ સહાય જુથનો અભ્યાસ કરવા માટે અમારા બોર્ડ ઑફ ડિરેકટર્સને કર્ણાટક રાજયના બીડર જિલ્લામાં ચાર દિવસના કાર્યક્રમ માટે અમને મૂક્યા હતા. આ અભ્યાસ દરમિયાન ૨૦૦૫ના વર્ષે ત્યાંની સ્વ સહાય જુથોં મંડળો એટલા બધા સારા કાર્યરત હતા કે આપણને જોઈને એમ લાગે કે આ ગામડાની અભણ બહેનો, ઓછી ભણેલી બહેનો ખૂબ સારી રીતે સખી મંડળો ચલાવે છે. એમાં અમે જુદા જુદા ચાર-પાંચ ગામડાઓમાં જઈ અમે સખી મંડળોનો અભ્યાસ કર્યો તો એમાં ૧ થી ૨૦ સુધીના સભ્યો એ સખી મંડળોમાં સામેલ કરવામાં આવતા હતા. એક જુથમાં અમે એમના ગામડે ગયા ત્યારે એ ગામડે સખી મંડળના સ્વ સહાય જુથની મીટિંગ બોલાવવામાં આવી અને એ જુથની ૧૬ બહેનો એમાં એક જ જાતનો સરખો વ્યવસાય કરે એ પ્રકારની પસંદગી આ સખી મંડળમાં કરવામાં આવતી હતી. આ સખી મંડળો ઘરકામ, શહેરના સખી મંડળો હતા એ લોકોના ઘરે કચરા પોતા કરતી બહેનોનું સખી મંડળ હતું એનો અભ્યાસ કરવા માટે ગયા હતા. એમાં દર અઠવાડિયે ફરજિયાત એક મીટિંગ બોલાવવામાં આવતી અને એ મીટિંગમાં જે સમય નક્કી કર્યો હોય એ સમયથી પાંચ મિનિટ જે મોડા આવે તો એને પચીસ પૈસાનો ફરજિયાત દંડ હતો એટલે બધી જ બહેનો નિયમિત અને સમયસર એ મીટિંગમાં હાજર રહેતી અને મીટિંગનો સમય પણ બહું લાંબો નહીં ફક્ત વીસ મિનિટનો સમય. જે બહેનો ધીરાણના પૈસા લઈ ગયા હોય એણે જમા કરાવવાના હોય તો પૈસા જમા કરાવે અને નવું ધીરાણ લેવાનું હોય તો એ નવું ધીરાણ એ લઈ શકે. બીજું એમાં એક વ્યવસ્થા એવી હતી કે, દર વર્ષે પ્રમુખ અને મંત્રી ફરજિયાત બદલી નાખવાના અને બૅન્ક સાથેનો તમામ વ્યવહાર આ પ્રમુખ અને

મંત્રીએ કરવાનો. આપણને નવાઈ લાગે કે સાવ થોડું ભણેલી બહેનો એ બૅન્ક સાથેના બધા જ પ્રકારના એ વ્યવહારો કરતા સારી રીતે શીખી ગઈ હતી, સારી રીતે જાણતી હતી. અમારા ધારાસભ્યોની ટીમ સાથે આ સખી મંડળની સોળે સોળ બહેનોને અમે જે પ્રશ્નો પૂછ્યા, જે માહિતી માગતા એ ગભરાયા સિવાય, ખૂબ સારી રીતે અમને એ માહિતી આપી અને બીજા દિવસે બીજા જે સખી મંડળો હતા એ પૈકી એક પશુપાલનનો વ્યવસાય કરતી બહેનોનું સખી મંડળ હતું, બીજું એક ચોથા વર્ગના કર્મચારીઓની બહેનોનું સખી મંડળ હતું, એ રીતના અલગ અલગ પ્રકારના સાત જાતના સખી મંડળોનો અમે અભ્યાસ કર્યો. અમને ખૂબ નવાઈ લાગી. ખૂબ સારું આ આયોજન એ લોકોનું સખી મંડળોનું હતું અને આ સખી મંડળો એક ગામે ત્રણ-ચાર મંડળો હોય એમાંથી ગ્રામ્ય કક્ષાનું નાનું સરખું ફૅડરેશન હોય પછી તાલુકા કક્ષાનું ફૅડરેશન હતું, જિલ્લા કક્ષાનું ફૅડરેશન હતું અને રાજય કક્ષાનું ફૅડરેશન પણ આ સ્વ સહાય જુથોનું હતું અને આ રાજય સરકારના ફૅડરેશનો દ્વારા આ સખી મંડળોના બાળકોની તાલીમ માટે, જુદા જુદા અભ્યાસ ક્રમો ત્યાં રાખવામાં આવ્યા હતા અને એના બાળકોને તાલીમ આપી એમના બાળકોને રોજીરોટી મળે એ માટે વ્યવસ્થા કરવામાં આવતી હતી. તો આપણા ગુજરાત રાજયમાં પણ સખી મંડળો આ રીતે વ્યવસ્થિત ચાલે એ માટે સરકારે ધ્યાન આપી અને આ ગરીબ બહેનોને મદદરૂપ થવું જોઈએ એટલે શ્રી કાળુભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ ખૂબ સારો સંકલ્પ છે અને એમને એમ કહેવા માગું છું કે, હિંમત રાખી તમે આ સંકલ્પ પાછો ખેંચતા નહીં, આપણે આ સંકલ્પને આગળ વધારીએ.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, કાળુભાઈ રાઠોડ જે બીન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને હું એ વિશે મારી વાત કહેવા માગું છું. સખી મંડળોનું આયોજન રાજય સરકારે જે ૨૦૦૭થી કરેલ છે તે બહુ સમયસરનું પગલું છે અને આનાથી મહિલા સશકિતકરણના ગુજરાત સરકારે જે કંઈ પગલાં ભર્યા છે એમાં સૌથી મહત્વનું કહીએ તો એ સખી મંડળનું પગલું ગણી શકાય એટલા માટે કે બહેનોની જે કામ કરવાની પદ્ધતિ છે એ ગામડાંની અંદર માલધારી સમાજ હોય કે શહેરોની અંદર દેવીપૂજક સમાજ હોય ગામડાંની અંદર માલધારી સમાજની બહેનો, અભણ બહેનો ભાઈઓ પણ કદાચ ઓછા ભણેલા એ બહેનોની જે કામ કરવાની વર્ષોથી પદ્ધતિ છે. વ્યવહાર કરતી હોય તો એ પણ બહેનો કરતી હોય છે અને આજે જયારે આ યુગ છે કે વેલ્યુએડીશન કોઈપણ વસ્તુનું વેલ્યુએડીશન કરવાનો સમય છે તો એમાં ગામડાંની બહેનો જે દુધ ઉત્પાદક મંડળમાંથી દુધમાંથી દુધની મિઠાઈઓ બનાવે, દુધમાંથી માવો બનાવે, પેંડા બનાવે અને જે વસ્તુનું વેલ્યુએડીશન એ ગામડાંની અભણ બહેનો જે કરે છે અને શહેરોમાં જે મારી દેવીપૂજક બહેનો છે એ બહેનો પણ શાકભાજીની લારીઓ લઈને શાકભાજીનો પણ વેપાર કરે છે અને એની સાથેસાથે આ વેપારમાં પણ વેલ્યુએડીશન કરે છે. શાકભાજીની ગાંસડી લઈને એની અંદર જે અલગ અલગ જુદી વસ્તુઓ પાડીને, અલગ અલગ ભાવો કરીને જે વેચવાનું કામ કરે છે અને પોતાના બાળકોને શિક્ષણ આપે છે અને એના ઘરનું ગુજરાન સારી રીતે ચલાવે છે આ બહેનોને સંગઠીત કરીને એને સહકારની જરૂરિયાત હતી, આર્થિક રીતે સહકારની જરૂરિયાત હતી એ રાજય સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે એને હું અભિનંદન આપું છું એમાં કોઈ શંકા નથી કારણકે મારા વિસ્તારની બહેનો જે હીરા ઉદ્યોગમાં બેરોજગાર થયેલ એને રાજય સરકારે જે બાજપાઈ બેંકેબલ યોજનામાંથી ૧૭૦૦ બહેનોને જે સહકારી બેંકમાં હું પણ છું એ બેંકમાંથી અત્યારે આ ૧૭૦૦ બહેનો દોઢ વર્ષથી સિલાઈ મશીનો આપેલા છે. એક પણ બહેનનો હપ્તો બાકી નથી રેગ્યુલર હપ્તા ભરે છે એ આ બહેનો કેટલી સુવ્યવસ્થિત રીતે કામગીરી કરી રહી છે એનો આ એક નમુનો છે. અમારા હીરા ઉદ્યોગમાં પણ ૨૦ટકા બહેનો કામ કરે છે. આ બહેનો ઔદ્યોગિક રીતે સંગઠીત થશે તો એની કામ કરવાની જે પદ્ધતિ છે એ પદ્ધતિ ઉપરથી ભાઈઓ પણ ઘણી વખત સારી કામગીરી કરતા થશે એમાં કોઈ શંકા નથી. ભાઈઓ સારી કામગીરી કરે જ છે. અમારા હીરા ઉદ્યોગમાં પહેલા ઘંટીઓ હતી. નીચે બેસવાનું. ભાઈઓ લુંગી પહેરીને બેસતા પણ જયારથી હીરા ઉદ્યોગમાં બહેનો આ કામગીરીની અંદર આવી ત્યારથી ભાઈઓ અપટુડેટ પણ ઈનશર્ટ કરીને, રોજ દાઢી કરીને આવતા થયા છે. એ શેનાથી કે બહેનો જે કામમાં જોડાય છે ત્યારથી આ બધા સુધારા થાય છે એટલે મારું કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બહેનો માટે જે સખીમંડળ બનાવેલ છે એનાથી બહુ મોટો ફાયદો થશે અને સાથેસાથે મને એક પંકિત કહેવાનું મન થાય છે.

**" ગુજરાતની નારી રણચંડી બનીને કરે છે લલકાર, ગરીબી સામે લડવાનો નિર્ધાર,**
**મળ્યો મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહકાર, ગરીબી ભાગે બારોબાર."**

**સભાપતિશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : આ કાળુભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે. એ સમયસરનું પગલું છે આને હું આવકારું છું અને સપોર્ટ કરું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કાળુભાઈ રાઠોડ સખી મંડળ માટે અને સ્ત્રી સશક્તિકરણ માટે જે સંકલ્પ લઈને આવ્યા છે અને તેમાં ઘણા બધા મિત્રોએ લગભગ બધાએ સમર્થન કર્યુ છે, એનો મને આનંદ છે, કારણ કે આ સખી મંડળનું મિશન માનનીય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ઉત્તમ વિચારોમાંથી ફલિત થયેલ આ મિશન છે. મિત્રો મને દુઃખ એ વાતનું થયું કે શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા હમણા ઉલ્લેખ કરતા હતા અને આનંદ એ વાતનો થતો કે મણીભાઈ ઉલ્લેખ કરતા હતા. મણીભાઈ અને અમારા મિત્ર અર્જુનભાઈ બંનેનું વ્યક્તવ્ય હું સાંભળતો હતો. આ વિભાગના મંત્રી તરીકે મને એમ થતું હતું કે આ બંનેમાંથી સાચું કોણ? મણીભાઈ એમ કહેતા હતા કે પાછો નહિ ખેંચતા અને એનો મને આનંદ થયો. અર્જુનભાઈ એમ કહે કે પાછો નહિ ખેંચતા, પણ જેની આખંમાં * (xxxx) હોય તેને (xxxx) દેખાયા વગર રહે નહીં.

**સભાપતિશ્રી** : નરોત્તમભાઈ, (xxxx) એ શબ્દ નહિ વાપરી શકો. આગળ ચલાવો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈ જ્યારે બોલતા હતા. એમણે ઉલ્લેખ કર્યો આ સખીમંડળોનો (xxxx) કરે છે. સખી મંડળોનો (xxxx) કરે છે આ સરકાર.

**સભાપતિશ્રી** : પાછો રિપીટ ન કરો તમે. પાછો (xxxx) શબ્દ અંદર આવ્યો. તમે રિપીટ ન કરો. પ્લીઝ નરોત્તમભાઈ તમે તમારી હકીકત રજૂ કરો.(અંતરાય) કહી દીધું. બેસી જાઓ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** :અર્જુનભાઈનો ઉલ્લેખ હતો એ ઉલ્લેખ મારે બોલવો પડે.

**સભાપતિશ્રી** : રિપીટ ન કરો. શબ્દ એ તમને સંસદીય પ્રણાલિકામાં ધારાસભ્યમાં છાજે તેવો નથી. રિપીટ ન કરો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : બોલતો નથી. હું બોલતો નથી. એમના જેવું હું બોલી શકતો નથી. અને એમ કહું માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખોની સંખ્યા જ્યારે એમને સાંભળવા એકઠી થાય અને એમાં મહિલાઓ આવે, સખી મંડળો આવે છે, એ ઉલ્લેખ કરીને એમણે જે ટીકા કરી છે. એના માટે હું ઉલ્લેખ કરું છું. જ્યારે બહેનો આખરે નાગરિક છે. કોઈપણ બહેન નાગરિક છે. સભામાં જવાનો તેમનો અધિકાર છે. ત્યારે સખી મંડળની બહેનો આવી છે. એવી જાતનો ઉલ્લેખ કરીને અર્જુનભાઈએ બહેનોના સખી મંડળને નિગ્લેક્ટ કર્યા છે, તેના માટે મારે ઉલ્લેખ કરવો પડે છે. આની મને વેદના છે, પરંતુ હું આપનું ધ્યાન દોરું આ જે સખી મંડળોનું આખું આયોજન થયું છે, એની અંદર સરકારે ખૂબ મહેનત કરી છે.(અંતરાય) હું ડિસ્ટર્બ થઉં છું. હું બોલીશ તો કહેતા નહીં.

**સભાપતિશ્રી** : જરા પણ બોલતા નથી. સાહેબ એ તો હાસ્યસ્વર કરે છે. હાસ્ય. ચાલુ કરો. એ તો હસીને એપ્રીસીએટ કરે છે તમને.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આજે સખી મંડળો ૧,૬૨,૯૫૬ સખી મંડળો આ સરકારે ખૂબ મહેનત કરીને તૈયાર કર્યા છે. એની અંદર ગ્રેડિંગ કર્યુ છે. ૧,૦૬,૦૩૨ સખી મંડળોનું ગ્રેડિંગ કર્યુ છે. બૅન્ક દ્વારા ગ્રેડિંગ થયા પછી ૪૮ કરોડ કરતા વધારે રકમ આપણે તેમને લોન આપી છે. ૯૯,૫૮૮ સખી મંડળોનું બૅન્ક લિંકેજ થયા પછી ૧૫૯ કરોડ રૂપિયા રોકાણ કરીને બહેનોને આર્થિક પગભર બનાવવામાં આવી છે. આ સખી મંડળ છે, એની જે પ્રવૃત્તિ છે, એ આંખે ઊડીને વળગે તેવી છે. આ મારે એક બાબતનું ધ્યાન દોરવું છે કે આ દેશમાં સ્ત્રીઓની શક્તિ એ કોઈ આજની ઊભી થયેલ અગર તો નવી છે એવું નથી. મારે પ્રાચીન અને અર્વાચીન કાળ બંનેની વાત કરવી છે. પ્રાચીન કાળમાં આપણી પાસે આ દેશની મહિલા શક્તિ હતી એમાં અંબિકા, પાર્વતી, આહલ્યા, સિતા, સાવિત્રી, ચામુંડા, કાલિકા એ સામાન્ય સ્ત્રીઓ ન હતી. પ્રાચીન કાળની અંદર હજારો વર્ષ પહેલા આપણા દેશની આ શક્તિ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આજની બહેનોને કેવી સ્થિતિમાં મૂકી દીધી ? તેનું કારણ ખૈબરઘાટની ખાડીઓમાંથી આવેલા શાસકોએ આતંકવાદી ટોળાઓથી આ દેશને રંજાડયો તેની સંસ્કૃતિને નેસ્ત નાબૂદ કરી નાંખી. પરદેશીઓએ આવીને આપણી અસ્મિતા મિટાવી દીધી. પરંતુ આપણા મુખ્યમંત્રીશ્રીએ જોયું કે મૂળ શકિત મહિલાઓની હતી તેને જાગૃત કરવી જોઈએ અને તેના માટે પ્રાચીન અને અર્વાચીન એ બંને છેડા ભેગા કરવાનો તેમનો પ્રયત્ન છે. આજની બહેનોને સખીમંડળ રૂપે ઉભી કરીને, વ્યવસ્થાઓ આપીને, આયોજન કરીને તેમને તૈયાર કરી છે. આજે બહેનો અને તેમના માટે પ્રોત્સાહિત શબ્દો વાપર્યા છે તેના માટે મને આનંદ થાય છે. તે વાત સાચી છે કે બહેનો તૈયાર થઈ છે, વ્યવસાયમાં રોજીરોટી માટે આવે છે અને આર્થિક રીતે પગભર થઈ રહી છે. આની અમારી સખી મંડળની ટૂંકી કલ્પના નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીની કલ્પના છે કે સખી મંડળ તેમાંથી અમે મિશન મંગલમની રચના કરી રહ્યા છીએ. મિત્રોને માટે આ નવો વિષય આવશે. કારણકે સખી મંડળ અને બાકીના જે સ્વ સહાય જૂથો આ ગુજરાતમાં અનેક નાના મોટા જૂથો કામ કરે છે. તે બધાને એક અમ્બ્રેલા નીચે લાવવાના છે અને સખી મંડળ તેનો એક ભાગ છે. તેની સાથે સાથે સ્વ સહાય જૂથો આવશે અને તે જૂથો અને અન્ય બાબતોને એકઠી કરીને એક શકિતશાળી મિશન મંગલમ આપણે ઉભું કરી રહ્યા છીએ. મિશન મંગલમના અમલીકરણ માટે એક અલાયદી કંપનીની રચના કરી છે. ગુજરાત લાઈવ્લી હુડ પ્રમોશન કંપની બનાવી છે. આ કંપનીની શરૂઆત અને અનુભવી લોકોની મદદથી રાજયથી માંડીને ગ્રામ્ય લેવલ સુધી સ્વ સહાય જૂથો, સખી મંડળોના સુચારુ સંચાલન માટે યોજનાઓનું અમલીકરણમાં મહત્વની ભૂમિકા ભજવશે. અલગ અલગ વિભાગો, કોર્પોરેશન, એજન્સીઓ, સહકારી સંસ્થાઓ તરફથી અમલીકરણ થતાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના સમન્વયથી

* (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જરૂરિયાતમંદોને લાભ પહોંચશે. સાચા માણસને લાભ પહોંચાડવાનો અમારો સુચારું પ્રયત્ન છે. હાલ પૂરતું ગ્રામ વિકાસ અને કુટિર ઉદ્યોગના વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ માટે આ વિભાગ શરૂ થયો છે. ભવિષ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ટ્રાયબલ વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ જેવા અનેક વિભાગોને એક અમ્બ્રેલા નીચે લાવીને આવી નાની નાની પ્રવૃત્તિ કરનારાંઓને એકઠા કરીને આપણે મિશન મંગલમની રચના કરી છે અને તેના અધ્યક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. હજારો, કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરીને આ કરી રહ્યા છે. ગુજરાત લાઈવ્લી હુડ પ્રમોશન કંપની તે ગુજરાતના નાના યુનિટો છે તેનું સશક્તિકરણ કરવાની છે. અમારા કાળુભાઈ આ સંકલ્પ લઈને આવ્યા છે તે સરકારના વિચારોને મજબૂત કરવા માટે, અમારો હાંસલો વધારવા માટેનો છે. આપ સૌએ સરકારનો હાંસલો વધાર્યો છે તે બદલ સરકારના પ્રતિનિધિ અને મંત્રી તરીકે આભાર માનું છું. આપ સૌને વિંનંતી કરું છું કે આ સંકલ્પને સરકાર આગળ વધારશે. આ વિચારોને ખ્યાલમાં રાખીને ભવિષ્યમાં સખી મંડળો દ્વારા મહિલાનું સશક્તિકરણ કરવાની દિશામાં સરકાર આગળ વધશે.

**શ્રી કાળુભાઈ ચ. રાઠોડ** : આ સંકલ્પનો સભાગૃહ સ્વીકાર કરે તેવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

**સભાપતિશ્રી:** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**જૈવિક ખાતરનો વપરાશ વધુ થાય તેવા પ્રયત્નો હાથ ધરવા અંગે**

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, "આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે અને દેશના ૬૦ ટકા ઉપરાંત લોકોના જીવન નિર્વાહ ખેતી પર નભે છે. ખેતીના મહત્તમ ઉત્પાદન માટે ખેડૂતો મોટેભાગે રાસાયણિક ખાતર પર આધાર રાખે છે પરંતુ વર્ષોવર્ષના રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઉપર વિપરીત અસર થઈ છે. જેના નિવારણ માટે જૈવિક ખાતરનો વપરાશ વધુ થાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. આ બાબતમાં રાજય સરકારે છેલ્લા ચાર વર્ષોથી યોજેલા કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રાસાયણિક ખાતરનો જરૂરિયાત મુજબ જ ઉપયોગ કરવાની સાથેસાથે જૈવિક ખાતરોનો વપરાશ વધારવા ખેડૂતોને પ્રોત્સાહિત કરેલા છે, જેના કારણે જમીનની ફળદ્રુપતા બગડતી અટકી છે અને જૈવિક ખાતરનો વપરાશ વધ્યો છે. જૈવિક ખાતરના વપરાશના કારણે ગુણવત્તાસભર પાક ઉત્પાદન શકય બન્યું છે. વળી, જૈવિક ખાતરોનો વપરાશ વધતાં સ્થાનિક કક્ષાએ જૈવિક ખાતરોનું ઉત્પાદન કરતા એકમોનો વિકાસ થયેલ છે અને ખેડૂતો પોતાના ખેતરમાં જ જૈવિક ખાતરના ઉત્પાદન તરફ વળ્યા છે તથા પૂરક રોજગારી અને આવક મેળવતા થયા છે તથા જૈવિક ખાતરો દ્વારા ઉત્પાદિત શાકભાજી અને અનાજના બજારભાવ કરતાં વધુ ભાવો મેળવતા થયા છે ત્યારે જૈવિક ખાતરોનો વપરાશ વધારવા માટે કૃષિ મહોત્સવ દરમિયાન કરેલા પ્રચાર અને પ્રસાર તેમજ વખતોવખત આપેલ માર્ગદર્શન અંગેના રાજય સરકારે કરેલા સઘન પ્રયાસોને આ સભાગૃહ આવકારે છે અને હજી પણ જૈવિક ખાતરોનો વપરાશ વધે તે માટે ઘનિષ્ઠ પ્રયાસો કરવા" આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ રજૂ થાય છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે અને અને ગુજરાત રાજય પણ ખેતી પ્રધાન રાજય છે. હવે ખેતી ફકત એ આજીવિકાના સાધન પૂરતી જ સીમીત ન રહેતાં અત્યારે એક ઉદ્યોગ તરીકે, એક ધંધા તરીકે એ સર્વસ્વીકૃત થઈ રહેલ છે ત્યારે સરકારશ્રીની ઉદારીકરણની નીતિ અને કૃષિને પ્રોત્સાહન કરવાની અનેકવિધ યોજનાઓના કારણે આજે ગુજરાત રાજયમાં કૃષિ એ દેશની આર્થિક સધ્ધરતાનો સબળ પાયો એ ગુજરાતે બનાવેલો છે આજે ગુજરાતની અંદર લગભગ ૪૯ હજાર કરોડ રૂપિયાના આંકને પણ કૃષિ ઉત્પાદન વટાવી ગયેલું છે. દેશમાં વસતિ વધારો એ એક સળગતી સમસ્યા છે. સાથેસાથે ખેત પેદાશોની નિકાસ દ્વારા વધારેમાં વધારે પરદેશી હુંડિયામણ કમાવવા એકમ દીઠ વધારે ઉત્પાદન લઈ આવક કેમ વધે એવો અભિગમ અપનાવવો એ અત્યંત જરૂરી બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સૃષ્ટિ ઉપર જીવશાસ્ત્રીઓના અંદાજ મુજબ કરોડો પ્રાણીઓ વસે છે, પરંતુ બીજા પ્રાણીઓની સંખ્યા ઘટી છે પરંતુ કમભાગ્યે માણસોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. આઝાદી વખતે આપણા દેશની વસતિ ૩૪ કરોડ હતી આજે કમભાગ્યે એ ૧૧૬ કરોડના આંકને પણ આંબી ગઈ છે. વધતા ઉદ્યોગો અને વધતી વસતિને જરૂરીયાતો સંતોષવા તેલ, ખનીજ, પાણી અને અન્ય કુદરતી સ્ત્રોતો પણ ખૂટવા લાગ્યા છે. જંગલો નષ્ટ થતા રહયા છે, આજે ચોખ્ખી હવા, પાણી, ખોરાક, પર્યાવરણ મળતા નથી, વસતિ વધતાં જરૂરિયાતો ખાસ કરી અને વધુ અન્ન ઉત્પાદન ઝડપથી વધારવા માટે રાસાયણોનું ઉત્પાદન - વપરાશ બેહદ વધતું રહયું છે, એવી જ રીતે ઝેરી જંતુનાશક દવાઓનો પણ બેફામ ઉપયોગ થઈ રહયો છે. હાલમાં ઘનિષ્ઠ ખેતી પધ્ધતિ વધુ ઉત્પાદન આપતી જાતો તથા પિયતની સગવડ વધવાથી જમીનમાંથી પાક દ્વારા પોષક તત્વોનો ઉપાડ ખૂબ જ વધી ગયો છે. જમીનમાં સુક્ષ્મ તત્વોની પણ ઉણપ જોવા મળે છે. જૈવિક સેન્દ્રિય ખાતરોનો ખૂબ જ ઓછા ઉપયોગ અને રાસાયતિક જમીનની ઉત્પાદકતા ઉપર માઠી અસર થવા માંડી છે. માનનીય અધ્યક્ષશ્રી, વળી, કેનાલના પાણીનો અતિરેક ઉપયોગથી અને બોરના ઉંડા જતા સતત પાણીથી પાણીના વપરાશથી જમીનો ક્ષારીય બનતી જાય છે, જમીનનું સ્વાસ્થ્ય ધીરેધીરે બગડતું જાય છે, જમીનનો પિયત આંક પણ સાડા આઠ કરતાં વધી ગયો છે. છોડના

વિકાસ માટે આવા જરૂરી એવા પોષક તત્વો છોડ શોષી શકતો નથી, જમીન કઠણ થઈ જાય છે, હવા-પાણી ની અવરજવર ઘટી જાય છે, ખેત ઉત્પાદનમાં ઘટાડો થાય છે અને આજે એના પરિણામે ઉત્પાદનો પણ સ્વાદ વગરના થઈ ગયા છે. રાજય સરકારે આ દિશામાં કૃષિ મહોત્સવ જેવા વિશિષ્ઠ કાર્યક્રમો દ્વારા રાજયના સરવે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની મહત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકી છે. એ દ્વારા ખેડૂતોને કયા ખાતરો, કયા તત્ત્વો, કયા જૈવિક તથા સેન્દ્રિય ખાતરો વાપરવા એનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે પરિણામે ખેતી ખર્ચ ઘટાડી અને સારા ઉત્પાદનનો લાભ મળી શકે છે. કૃષિ માટે ભલામણ કરેલ જંતુનાશક દવાઓના આડેધડ વપરાશથી જીવાતોએ રોગ પ્રતિકારક શકિત પણ મેળવી લીધેલ છે. એટલું જ નહીં, આ દવાઓથી માનવ તંદૂરસ્તીના આધાર સ્થંભ જેવા પાણી, હવા અને જમીન પણ દૂષિત થઈ ગયા છે. જંતુ નાશક દવાઓના બિનજરૂરી કે વધુ પડતા છંટકાવથી કેટલીક મિત્ર જીવાતો જેવી કે પરભક્ષીઓ, પરજીવીઓ, અળસિયા, બેક્ટેરિયા, મધમાખી વગેરે ઉપયોગી સૂક્ષ્મ જીવાણુંઓને નુકસાન થતા કુદરતી ઋતુચક્ર પણ વિખાતું જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ ઉત્પાદકો પણ વધુમાં વધુ ઉત્પાદન માટે પશુ આહાર કરતા જંતુ નાશકો, વધુ પ્રમાણમાં રાસાયણીક ખાતરો વાપરતા થતા જંતુ નાશક ઔષધોના અંશો જાનવરોના શરીર મારફતે દૂધમાં આવતા દૂધ મારફતે મનુષ્યના શરીરમાં દાખલ થતા મનુષ્યમાં રોગોનું પ્રમાણ પણ ઉત્તરોતર ચિંતાજનક હદે વધતું જાય છે. મનુષ્યને રસાયણ મુક્ત કુદરતી ખાદ્ય પદાર્થોનું મહત્વ જણાવા લાગ્યું છે. આમ, વૈશ્વિક સ્તરે ઓર્ગેનીક દૂધ ઉત્પાદન ક્ષેત્રે પણ શરૂઆત થઈ ગઈ છે. અત્યારે અમેરિકામાં જે ઢોર હોય, જે ગાય હોય એને જંતુનાશક દવાઓ સિવાય એને જે ફૂડ સપ્લીમેન્ટ આપવામાં આવે છે તેમાં પણ ખાતરો ન વપરાય અને જૈવિક ખાતરો વાપરી પશુને ફિડિંગ કરવામાં આવે છે અને એ દૂધ લગભગ બમણા અને ત્રણ ગણા ભાવથી બજારમાં વેચાતું હોય છે, એવા સમયે પર્યાવરણ અને સ્વાસ્થ્ય અંગેની સભાનતા થતા જાગરૂકતા આવવાથી ઓર્ગેનીક ઉત્પાદનો ભારતમાં પણ લોકપ્રિય થવા લાગ્યા છે. આજે દેશમાં પરંપરાગત ઉત્પાદનોના સમાંતરે ઓર્ગેનીંક ઉત્પાદનોના દોઢથી બે ગણા ભાવ આપીને  જાગૃત લોકો ખરીદવા તૈયાર રહે છે. રાજ્ય સરકાર પણ આ દિશામાં પ્રયત્નશીલ છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય ઋષિકેશભાઈ, એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો છે અને સંકલ્પ મેં મૂકેલો છે માટે દંડકશ્રીને હું વિનંતી કરું છું કે, પૂરા વિષયને ન્યાય મળે એ માટે મને થોડો સમય વધારે આપે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર પણ આ દિશામાં પ્રયત્ન કરી રહેલ છે. નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનીક પ્રોડકશન, રાષ્ટ્રીય કૃષિ અનુસંધાન સંસ્થા, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ તથા બિનસરકારી સંગઠનો પણ ઓર્ગેનીક ખેતી ઓર્ગેનીક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે. આમ, લોકોમાં સ્વાસ્થ્ય માટે ઓર્ગેનીક ફૂડની અગત્યતા-જાગરૂકતા સમજાવા લાગી છે. મનુષ્યનાં સારા સ્વાસ્થ્ય માટે સજીવ ખેતીમાં વર્મિકંપોઝ, છાણિયું ખાતર, સૈન્દ્રિય ખાતર, લીલો પડવાસ તથા જૈવિક ખાતરો-કુદરતી ખાતરનો ઉપયોગ કરી જમીનને તંદૂરસ્ત અને રસાયણ વિહિન બનાવવી પડશે. આમ, 'સજીવ ખેતી અપનાવો આરોગ્ય અને પર્યાવરણ બચાવો' આ સૂત્ર અમલમાં લાવી દેશને સજીવ ખેતીપ્રધાન બનાવવો ખૂબ જ જરૂરી બન્યું છે. કોઈ પણ પાકની સંતોષજનક વૃધ્ધિ માટે મુખ્યત્વે આવશ્યક નાઈટ્રોજન ફોસ્ફરસ અને પોટેશીયમ તત્વોના શોષણની માત્રા વધુ હોય છે તેથી આવશ્યક તત્વોની જરૂરિયાત પ્રમાણેની ઉમેરણી અને સાથે સાથે સેન્દ્રિય ખાતરો જૈવિક ખાતરો આપવા ખૂબ જ જરૂરી બન્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જૈવિક ખાતરો બહું જ નિર્દોષ પ્રમાણમાં સસ્તા તેમજ પ્રદૂષણ મુક્ત હોય દરેક ખેડૂત જો એનો ખેતીમાં ઉપયોગ કરે તો લાંબા ગાળે ખૂબ જ સારી અસરોનો ફાયદો લઈ શકે છે અને પર્યાવરણની જાળવણીમાં પણ સહભાગી થઈ શકે છે. દુનિયામાં સજીવ ખેતીના કુલ વાવેતરની દષ્ટિએ ભારતનો ક્રમ ૩૩મો છે. જ્યાં મુખ્યત્વે પાકોમાં બાસમતી ચોખા, કઠોળ, મગ, મરી-મસાલા, તેલિબિયા, મેડિસિન વગેરેમાં એનો ઉપયોગ થઈ શકે છે. ફક્ત એક સજેશન કરી હું મારી વાત પૂરી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ રસાયણો વાપરીને થાકેલો એવો ખેડૂત છે એવો મોટો વર્ગ આજે વાટ જોઈને બેઠો છે કે, હવે સજીવ ખેતી શરૂ કઈ રીતે કરવી? સજીવ ખેતીની સફળતા લાવવા માટે સફળ ખેડૂતોએ અગ્રેસર ભાગ ભજવવો પડશે. સજીવ ખેતીની પેદાશોના વ્યવસ્થાપન વિશે પણ ખાતરીપૂર્વક વિતરણ વ્યવસ્થા જરૂરી છે. સજીવ ખેતીની સફળતા માટે સજીવ ઉત્પાદનો સારી ગુણવત્તાવાળા વાજબી ભાવથી ખેડૂતોને ઉપલબ્ધ થાય તે દિશામાં સરકારશ્રી અને સેવાકીય સંસ્થાઓએ અગ્રેસર ભાગ ભજવવો જરૂરી છે. આ દિશામાં સરકારશ્રી યોગ્ય ખાતરી આપશે અને મારા સંકલ્પના હાર્દને આ સભાગૃહ સ્વીકારશે તેમજ માનનીય સભ્યશ્રીઓ આ સંકલ્પમાં પોતાના વિચારો રજૂ કરશે એવી આશા સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ(માણસા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય ટેકનીકલ મુદ્દા જેવો છે અને આ વિષયને લગભગ અહીંયા ગૃહમાં જે બધા માનનીય સભ્યશ્રીઓ છે એને થોડું સમજવાની કોશિષ કરે એવી મારી વિનંતી છે. કદાચ આ વાત તમને નવી લાગે કે ખાતર સજીવ હોઈ શકે? ખાતર જીવતું હોઈ શકે? હા. એ વાત આપણે અહીયા કહીએ છીએ કે અહીંયા જે ખાતરની વાત છે એ સજીવ ખાતરની વાત છે, જૈવિક ખાતરની વાત છે, એક ગ્રામ જો ખાતર હોય તો એમાં એક કરોડ જેટલા જંતુઓ જોવા મળે અને એ જંતુઓ જ ખાતર તરીકે કામ કરે છે, એ મારે કહેવાનું છે, હવે આપણને એક સવાલ થાય કે આ જંતુનો ખાતર તરીકે કેવી રીતે ઉપયોગ કરી

શકાય? તો મારે તમને કહેવાનું છે કે અહીંયા જંતુઓ જે હવામાં મુકત નાઈટ્રોજન હોય જે ફકત બીજા લોકો લઈ શકે, પણ વનસ્પતિ લઈ શકતી નથી, એવા નાઈટ્રોજનને આ પરિવર્તિત કરે છે અને એન.ઓ.ટુ અને એન.ઓ.થ્રીમાં પરિવર્તિત કરે છે. એન.ઓ.ટુ અને એન.ઓ.થ્રીમાં જો પરિવર્તિત થાય તો વનસ્પતિ એ ખાતરને લઈ શકે છે ઘણી વખતે આપણે રોક ફોસ્ફરસ જેવા ફોસ્ફેટ જે દળીને ખેતરમાં નાંખીએ, જમીનમાં નાંખીએ તો એને વનસ્પતિ લઈ શકતી નથી, પણ એ ફોસ્ફેટને કેટલાક બેક્ટેરિયા છે એને Phosphate culture કહે છે એ ખાતર કહે છે એ ખાતર એ ફોસ્ફેટને ફોસ્ફરસમાં રુપાંતરીત કરે છે એટલું જેવું ફોસ્ફરસમાં રુપાંતરિત થાય એટલે એ ખાતર તરત જ વનસ્પતિ લઈ શકે છે. ત્રીજી વસ્તુ એવી છે કે વનસ્પતિમાં જે દ્રાવણ હોય છે જે સેલ્યુલોઝ હોય છે અને લીગ્નીન અને એ સેલ્યુલોઝ અને લીગ્નીન મજબૂત હોય છે આ લાકડુ જે છે એમાં પણ એ આવેલું છે એટલે એને જો તોડી નાંખવું હોય તો તોડી નાંખવાનું કામ આ સજીવ બેકટેરિયા છે એ કરે છે એ ખાતર કરે છે. ત્રણ પ્રકારના ખાતરો આપણને જૈવિક જોવા મળે છે બહુ લાંબી વાતો મારે નથી કરવી મારે એ જ કહેવું છે કે, આ જૈવિક ખાતર આજના યુગમાં અને આજના સમયમાં આવશ્યક છે, અતિ આવશ્યક છે, એસેન્શીયલ છે અને એટલા માટે એને હવે કરવાની જરૂર છે પણ છતાંય આ સમયમાં આવશ્યક હોવા છતાં પણ મને કહેતા દુઃખ થાય છે કે, આપણે ત્યાં આ યુગમાં પણ એકવીસમી સદીમાં પણ એને ખેતીવાડી ખાતાએ લગભગ અનટચ જેવી રાખેલ છે, ખેતીવાડી ખાતાએ એને બરાબર ટચ કરેલ નથી, એટલે મારે સરકારને ખાસ કહેવાનું છે કે હવે પછીના સમયમાં આ જૈવિક ખાતર છે એ જૈવિક ખાતરને ખેતીવાડી સાથે ઘનિષ્ઠ સંબંધ ઉભો થાય એવું આપણે કરવું જોઈએ. એ તો આપણને ખબર છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એવું જાહેર કર્યુ છે કે હવે આપણે માણસના સ્વાસ્થ્ય સુધારવા હોય તો કોઈપણ જે ખેતી છે અને બીજા ફળો છે ખેતીમાંથી જે અનાજ પેદા થાય છે એમાં અને ફળો પેદા થાય એમાં ખરાબ તત્વો ઓછાં આવે એવું કરવું જોઈએ. જો ખરાબ તત્વો ઓછાં લાવવા હોય તો એકજ વિકલ્પ છે અને તે માત્રને માત્ર સજીવ ખેતી છે. જો સજીવ ખેતી આપણે કરીએ અહીંયા જૈવિક ખેતી કરીએ તો જ આ ખરાબ તત્ત્વો ના આવી શકે. પણ તે ક્યારે કરી શકાય તે સવાલ આવે છે એટલા માટે આપણે બધા કદાચ તેનાથી હરિત ક્રાંતિ લાવ્યાં. તો એ જે ક્રાંતિ આવી તેની અંદર અનાજ પુષ્કળ પેદા થયું અને પુષ્કળ પેદા થયું પણ તેમાં એક કાળજી રાખવાની હતી..

**સભાપતિશ્રી** : સમય પૂરો થયો છે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : સમય પૂરો થયો હોય તો ચાલો હું પૂરું કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પની જે ભાવના છે તે ઉમદા ભાવના છે. પણ તે વાતનો આપણે સ્વીકાર કરવો જોઈએ. માનનીય મંગળદાસભાઈએ બહુ સાચી વાત કરી કે ખરીફ ક્રાંતિ આવ્યાં પછી અનાજના ક્ષેત્રમાં આપણે સૌ સ્વનિર્ભર થયાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો કે આપણે પી.એલ. ૪૮૦ હેઠળ અમેરિકાથી ઘઉં મંગાવવા પડતા પરંતુ આપણાં દેશના જે ચિંતકો હતા તેમણે નિર્ણય કર્યો કે અનાજના ક્ષેત્રમાં આપણે સ્વનિર્ભર થવું છે. અને તેને કારણે અનેક પ્રકારની ટેકનોલોજી આવી. અને તેને કારણે આજે અનાજના ક્ષેત્રમાં આપણે લગભગ એવરેજ કરીએ તો આપણે સરપ્લસ દેશ બન્યો છે. દુષ્કાળનો સમય હોય અને ક્યારેક આપણે અનાજ બહારથી મંગાવવું પડે તો એ જુદી વાત છે. પણ મોટા ભાગે આપણે અનાજના ક્ષેત્રમાં સફળ થયાં છીએ અને તેનો યશ જો કોઈને આપવો પડતો હોય તો આપણાં ખેડૂતોને, આપણાં ખેત મજૂરોને, વૈજ્ઞાનિકોને અને આ ચિંતા કરનાર સૌ કોઈને આપવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અને તેના માટે ખૂબ મોટા પાયે સરકારોએ મદદ પણ કરી છે. હું આપના મારફતે એટલું જ કહેવા માંગુ છું કે, જે ખાતરની ,રાસાયણિક ખાતરોની અંદર ૨૦૦૪ની અંદર જે ખાતરની સબસીડી છે તે ૮ હજાર કરોડ હતી તે આ વર્ષે ૧ લાખ અને ૧૬ હજાર કરોડ રૂપિયાની થવાની છે. અને તેને કારણે ખેડૂતોનો જે જુસ્સો છે તે આપણે જાળવી રાખ્યો છે. અને વાત સાચી છે જૈવિક ખેતી તરફ આજે વિશ્વની નજર છેજ. અને તેના માટે જૈવિક ખેતી માટે જે ઉત્પાદન છે તેના વિદેશમાં તો થોડાં ઉંચા ભાવ પણ આવે છે. આપણાં દેશમાં પણ આ રાજય સરકારે જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવું જોઈશે. તેના માટેની નવી નીતિ પણ બનાવવી જોઈશે. અને એટલા માટે કેન્દ્ર સરકારે આ વખતે જે સબસીડીના ધોરણો નક્કી કર્યા છે તે ન્યુટ્રન્ટ બેઈઝ સબસીડી આપવાનું નક્કી કર્યુ છે. અને ન્યુટ્રન્ટની વેલ્યુ પ્રમાણે સબસીડી અપાશે અને ત્યારે આ જૈવિક ખાતરો ઉપર પણ આપણે સબસીડી માગી શકીશું. પણ મારે ગૃહનું તેમાં પણ ધ્યાન દોરવું છે કે આખા ગુજરાતની અંદર જે રાસાયણિક ખાતરો વપરાય છે અને તેમાંથી જે રાસાયણિક કચરો પેદા થાય તેના બરાબર એક કારખાનું આવે, આખા ગુજરાતનો કચરો એટલે આપણે જે રાસાયણિક કચરો કન્ટ્રોલ કરવો હશે તો ખેતીવાડીની અંદર ખેડૂતો તો આજે ઇચ્છે છે કે બને ત્યાં સુધી ઓછામાં ઓછું આવા ખાતરો વપરાય ઓછામાં ઓછું, કારણ કે તેમાં તેને ખર્ચ થાય છે. ઓછામાં ઓછી દવાઓ વપરાય અને ઉત્પાદન તેમનું વધે આપણે ઉત્પાદન ઘટશે તો આખરે દેશની જનતા ઉપર તેનો બોજો પડવાનો છે. એટલા માટે તેની ચિંતા પણ કરવી છે. સાથે સાથે જૈવિક ખેતીને રાજય સરકાર પ્રોત્સાહન આપે, માનનીય મંગળભાઈએ બહું સાચી વાત કરી કે રાજય સરકારે તેના માટે નવી નીતિ નક્કી કરવી પડશે કે જૈવિક ખેતી કરનારાને અમે વધારે સબસીડી આપીશું, તેની અંદર વપરાતાં જે જે કોઈ એલીમેન્ટસ હશે તેની અંદર સહાય કરીશું. અને જૈવિક ખેતી કરતાં ખેડૂતોનું જે ઉત્પાદન આવે તેના માટે પણ ગ્રેડેશન તેનું ઉત્પાદન છે તેને

આઈડેન્ટીફાઈ કરી અને તે ઉત્પાદન આ જૈવિક ખેતીમાંથી ઉભું થયેલું ઉત્પાદન છે તેમ કરી અને સર્ટીફાઈડ કરી અને બજારની અંદર તેનો વપરાશ વધારીશું. અને બજારમાં એના વધારે ભાવ આવે એ પ્રકારની નીતિ બનાવીશું તો જરુરથી આ જૈવિક ખેતી આ દેશની અંદર દુનિયાની, વિશ્વની માંગ છે એને પ્રોત્સાહન મળશે, એટલે જૈવિક ખેતી તરફ વળે એટલા માટે રાજય સરકાર ખાસ પગલાં લે એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષ મહોદય, આ ગૃહના સન્માનનીય સભ્ય અને મારા પરમ મિત્ર આદરણીય ઋષિકેશભાઈ જે જૈવિક ખાતર વપરાશ અંગે બિન સરકારી સંકલ્પ લઈને ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે, તે માટે પહેલા તો ઋષિકેશભાઈને જે આ સુંદર વિચાર આવ્યો છે, એ બદલ એમને હ્રદયથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૪૦ વર્ષની અંદર સમગ્ર ભારતની અંદર રાસાયણિક ખાતરોનું દિન પ્રતિદિન પ્રમાણ વધતું જાય છે. મને લાગે છે કે આ જે ખેતી પદ્ધતિ હતી અને જે ખેત પદ્ધતિ છે, એ પદ્ધતિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું હોવાને કારણે રાસાયણિક ખાતર જે વાપરે છે, એ ખૂબ ખોટા પ્રમાણમાં વપરાય છે એમ કહું તો પણ કંઈ ખોટું નથી. કારણ કે જેટલા રાસાયણિક ખાતર આપણે વાપરીએ છીએ એના કારણથી જમીનની ફળદ્રુપતા ઉપર અસર પડી છે. અને જમીનની અંદર પોષક તત્વો દિન પ્રતિદિન એમાંથી ઓછા થતા જાય છે. અને એના કારણે જમીનની અંદરના પોષક તત્વોના મૂલ્યો પણ ઓછાં થતાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ના દાયકાની આસપાસ જે ખેત પદ્ધતિ હતી અને ખેડૂતો જે ખેત પદ્ધતિ અપનાવતા હતા, એમાં દેશી ખાતર એટલે ગાય કે ભેંસનું ગોબર અથવા ગૌમૂત્ર દ્વારા એ જે પેદાશો ઉત્પન્ન કરતા હતા. એમાં પોષક તત્વો એના જે બીજ હતા અને એમાં પોષક તત્વો વધારે હતા અને એ પોષક તત્વો દ્વારા આહારમાં લેવાને કારણે કરીને કોઈપણ પ્રકારના રોગ થતા નહોતા. જયારે આજે રાસાયણિક ખાતરનો દિન પ્રતિદિન ઉપયોગ વધવાને લીધે જે બીજ ઉત્પન્ન થાય છે અને એ અનાજમાં આપણે એને જયારે ખાવામાં લઈએ છીએ ત્યારે એની અંદર પોષક તત્વો ઓછા હોવાને કારણે પોઈઝનીંગ જેવા વધારે પડતા કેસો બને છે. અને એને લીધે ખૂબ મોટી અસર આજે એની જોવા મળે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સાથે સાથે ભારત સરકારને પણ ખૂબ જ સબસિડી ચૂકવવી પડે છે. હમણાં માનનીય અર્જુનભાઈએ જે વાત કરી કે ૧ લાખ કરોડ રૂપિયા અત્યારે સબસિડીના ચૂકવવા પડે છે. મને લાગે છે કે જો ભારત સરકારે દસ વર્ષની અંદર આવા જૈવિક ખાતર અથવા સજીવ ખાતર પાછળ જો એમણે અખતરા કર્યા હોત તો આજે દુનિયાની પરિસ્થિતિ અને ભારતની પરિસ્થિતિ કંઈક અલગ હોત. અને એના કારણે કરીને જૈવિક ખાતરના કારણે કરીને જે એની સાઈડ ઈફેકટ થાય છે અથવા આડઅસર થાય છે એ અસર ઓછી થઈ હોત. ગુજરાત રાજયમાં પણ રાસાયણિક ખાતરો ૨૦૦૯ની અંદર ૧૭.૧૭ લાખ, ૨૦૦૭માં ૧૬.૨૩ લાખ. અને ૨૦૦૯ની અંદર ૧૭.૩૮ લાખ જેટલા રાસાયણિક ખાતરોનો ઉપયોગ થયો હતો. જેથી જેમ રાસાયણિક ખાતરો વધુ જાય છે, એમ ખેડૂતને એ રાસાયણિક ખાતરો પાછળ ખૂબ જ મોટા ખર્ચ કરવા પડે છે અને એને લીધે ખેતી પોસાતી નથી એમ કહું તો પણ ખોટું નથી. ગુજરાત સરકારે એના માટે ખૂબ જ સારો અભિગમ અપનાવીને છેલ્લા ૨૦૦૪થી આ જૈવિક ખેતી પાછળ ખૂબ જ મોટો અખતરો અમલમાં મૂકી ૨૦૦૯-૧૦માં લગભગ ૪૧૫ લાખ અને ૨૦૧૦-૧૧ની અંદર ૩૦૦ લાખ કરતા પણ વધારે પૈસા આ જૈવિક ખાતર પાછળ ઉપયોગ કર્યા છે. જૈવિક ખાતરના ઉપયોગથી મોટા ભાગે તો આ જે જૈવિક ખાતર છે એટલે બાયો ફર્ટિલાઈઝર જેને કુદરતી સજીવ ખાતર તરીકે ઓળખવામાં આવે છે. કુદરતી ઘટકો વિઘટન કરવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. જેના કારણે તેને આપણે સજીવ ખાતર પણ કહીએ તો કંઈ ખોટું નથી. જૈવિક ખાતરના મુખ્ય ત્રણ પ્રકારના હોય છે. એક નાઈટ્રોઝન સ્થિર કરવા માટે, બીજો ફોસ્ફરસ દ્રાવ્ય કરવા અને ત્રીજું સોલ્યુલોસ વિઘટન કરવા માટે, અને આ દ્વારા જે આપણે ખેતરની અંદર ઉપયોગ કરીએ છીએ જૈવિક ખાતર તે જૈવિક ખાતર દવારા તેની કોઈ આડ અસર થતી નથી અને જે પણ બીજ ઉત્પન્ન થાય છે અને તે જયારે આપણે ખાવામાં વપરાશ તરીકે ઉપયોગમાં લઈએ છીએ તેની અંદરથી તેના પોષક તત્વો છે તે શરીરને પુરતા પ્રમાણમાં મળી રહે છે અને તેના કારણે કોઈ આડ અસર નથી થતી. ખાસ કરીને મારું એક સૂચન છે કે સજીવ ખેતીની પેદાશોની વ્યવસ્થા વિષે પણ ખાતરી પૂર્વકની વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે. સજીવ ખેતીની સફળતા માટે સારી ગુણવત્તા સાથે વ્યાજબી ભાવથી ખેડૂતોને ઉપલબ્ધ થાય તે દિશામાં સરકારે પગલાં લેવાં જોઈએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઋષિકેશ પટેલનો જે સંકલ્પ છે તે સંકલ્પ સાથે હું સંપૂર્ણ સહમત છું. કારણ કે હંમેશા સમય સમય પ્રમાણે ખેતી થતી રહી છે. ૫૦ વર્ષ પહેલા આપણે બહારથી અનાજ મંગાવવું પડતું હતું. પણ દેશના અને ગુજરાતના ખેડૂતો સુખી થાય માટે રસાયણિક ખાતર નહોતું, રસાયણિક ખાતરના કારખાના થયા, જંતુનાશક દવા થઈ, સુધારેલા બીજ થયા, મારો ખેડૂત પાંચ મણથી ૫૦ મણ, સો મણ પકવતો થયો તે એની પાછળનું કારણ છે. ધીરે ધીરે ઉત્પાદન તો વધતું જ ગયું બહાર થી અનાજ મંગાવવાનું બંધ થયું પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે. પહેલા રાજા મહારાજાઓ ખેતી કરતા પણ એ ખેતી જૈવિક ખેતી હતી. અને જે જૈવિક ખેતી હતી તેમાં અનાજમાં મીઠાશ હતી. એમાં સુગંધ હતી. હવે ધીરે ધીરે એમાંથી મીઠાશ અને સુગંધ ઘટતી ગઈ છે. સાથે સાથે જે અત્યારે રસાયણિક ખાતરો વાપરીએ છીએ અને

જંતુનાશક દવાઓ અને સુધારેલા બીજ વાપરીએ છીએ તેના કારણે અનેક રોગો પણ પેદા થાય છે. પહેલા આટલા બધા રોગો નહોતા, અત્યારે રોગોનું પ્રમાણ વધી ગયું, કયો રોગ કયારે કયાં થશે તે કંઈ નકકી નથી. ત્યારે આ જૈવિક ખાતર છે, આપણે તેને અળશીયાનું ખાતર પણ કહીએ છીએ. વચમાં એક જમાનો એવો આવ્યો કે કમ્પોઝ ખાતર વાપરતા થઈ ગયા હતા. ગામે ગામ જયારે હું ભણતો ત્યારે કમ્પોઝ ખાતરની બહુ માંગ હતી., છાણીયું ખાતર વપરાતું, હવે છાણીયું ખાતર તો એટલું બધું મોંઘું થઈ ગયું કે તે વાપરી શકાય તેવી સ્થિતિ નથી. પણ જો આ જૈવિક ખાતરો આપણે ઉત્પન્ન કરીએ અળશીયાનું ખાતર, એમાં જંતુ અંદર પડે અને જંતુ અંદર પડે એ ખાતર તૈયાર થાય તેનાથી જમીનમાં ફળદ્રુપતા આવે છે. અત્યારે તો ફળદ્રુપતા ઘટી છે. પણ આ જૈવિક ખાતર છે તેનાથી ફળદ્રુપતા આવે છે અને ત્યારે એમાં જે કંઈ પાક આપણે તૈયાર કરીએ એ પાક સારો, સુંગંધીદાર અને સત્વ વાળો હોય છે તત્વ વાળો હોય છે. ત્યારે મારે એટલું જ કહેવું છે કે જૈવિક ખાતરને સરકારે પ્રાધાન્ય આપવું પડશે, એમાં જે કંઈ સબસીડી કે બીજું કંઈ ગોઠવાય કે જે કંઈ થઈ શકે જેટલી વધારે સબસીડી આપશો તેટલું વધુ જૈવિક ખાતર પેદા થશે, અને હા, એ પુરક ધંધો થઈ જશે. આમાંથી જૈવિક ખાતરો જે કોઈ પેદા કરશે, તેનું જે કામ કરશે તેને પોતાને રોજી રોટી અને ધંધો મળી રહેવાનો છે. ત્યારે લાંબી વાતો નહીં કરતા ફકત જૈવિક ખાતરો વધારેમાં વધારે વપરાય તેવું સરકારને પણ અને કૃષિ મંત્રીને પણ કહું છું કે આપ ખેડૂત છો ખેડૂતનું જેટલું હિત સંચવાય અને સાથે સાથે દવાઓનો ઓછામાં ઓછો ખર્ચ થાય, નહીંતર અત્યારે જમીન કઠણ થવા માંડી છે ફળદ્રુપતા ઘટવા માંડી છે અને ખારાશ વધવા માંડી છે ત્યારે જૈવિક ખાતર વધારે વપરાય અને વધારેમાં વધારે એમાં સબસીડી અપાય તેવું કાર્ય સરકાર કરે એટલા શબ્દો સાથે વિરમું છું.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી ઋષિકેશભાઈ ખૂબ સારો સંકલ્પ લઈને આવ્યા છે.એમને હું અનુમોદન આપું છું. આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને એમની દીર્ઘ દ્રષ્ટિથી ચાલતી આ સરકાર છે. આ સરકાર દ્વારા કૃષિ મહોત્સવ જયારે ગામડાંમાં કરવામાં આવ્યા અને હજુ પણ કૃષિ મહોત્સવ કાર્યક્રમ ચાલુ છે. ત્યારે આ દેશ અને ગુજરાત કે જેની ૭૦ ટકા વસતિ ખેતી પર નભે છે. આપણો ભારત કૃષિ પ્રધાન દેશ છે ત્યારે કૃષિ એટલે કે ખેતી એટલે ધરતી માતા. આ ધરતી માતાને આપણે વ્યવસ્થિત સાચવીએ તો એની અંદર જે અનાજ ઉત્પન્ન કરીએ છીએ એ સારા પ્રમાણમાં થાય એના માટે રાજય સરકારના પ્રયત્નો છે. આ પ્રયત્નોની અંદર ભાઈશ્રી ઋષિકેશભાઈ સારો સંકલ્પ લઈને આવ્યા છે. કૃષિ મહોત્સવની અંદર પણ જૈવિક ખાતર અંગે ખેડૂતોને ખૂબ સારુ માર્ગદર્શન આપવામાં આવે છે. અગાઉના વખતમાં ખેડૂતો ખેતી કરતા ત્યારે ખાતરની અંદર રાસાયણિક ખાતર નહિ પરંતુ છાણિયું ખાતર ખેતરમાં નાખવામાં આવતુ હતું એના દ્વારા સારો પાક થતો અનાજ પણ ખૂબ સારુ થતું. આજે ખેડૂતો ખેતી કરે છે પરંતુ આપણે રાસાયણિક ખાતર અને રાસાયણિક દવા જે છંટકાવ કરીએ છીએ એનાથી જે અનાજ ઉત્પન્ન થાય એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેથી જો આપણે આવનાર દિવસોમાં બચવું હશે તો વધારેમાં વધારે જૈવિક ખાતરનો ઉપયોગ કરવો પડશે. ખેડૂતો એ દિશામાં વળે એ માટેના પ્રયત્નો પણ કરવા પડશે અને પ્રચાર માધ્યમો દ્વારા આ અંગેના કાર્યક્રમો કરવા પડશે. રાસાયણિક ખાતર અને રાસાયણિક દવાને કારણે બિમારીનું પ્રમાણ વધી જાય છે. સમગ્ર દેશની અંદર જૈવિક ખાતર માટે સમયસર પ્રયત્ન કરીશું તો સો ટકા સફળતા મળશે. જૈવિક ખાતર અંગે મારા અગાઉના સભ્યશ્રીએ ઘ ણી બધી વાતો કરી છે. ખેડૂત છે એ ખેતરની અંદર સારો પાક લે છે દા.ત. અત્યારે ઘઉંનો પાક આપણે લઈ લીધો છે, આ પાક લીધા પછી ખેતરમાં એના મૂળિયા ઊભા હોય છે એને બાળી નાખવામાં આવે છે એના બદલે ખેડૂતો ખેતરની અંદર એ મૂળિયા રાખે તો ભવિષ્યમાં એનું ખાતર થશે અને ખેતીને ખૂબ ફળદ્રુપ કરે તેમ છે. એટલે ખેડૂતોને આના અંગે સાચી સમજણ આપવાની જરૂર છે.

આજે વિશ્વ આરોગ્ય સંસ્થાએ સમગ્ર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત કરતાં જણાવ્યું છે કે કૃષિ ક્ષેત્રે બાગાયત ક્ષેત્રે જે ઊપજ લેવામાં આવે છે એમાં હાનિકારક તત્ત્વોનું પ્રમાણ ઓછામાં ઓછું રહે અને માનવીનું સ્વાસ્થ્ય તંદુરસ્ત જળવાઈ રહે તેવું આયોજન કરવું જોઈએ તેવું મને આજે લાગે છે ત્યારે આવનાર દિવસોની અંદર ખેડૂતો વધારેમાં વધારે જૈવિક ખાતર તરફ વળે અને સાથે સાથે જૈવિક ખેતી કરે તેવા પ્રયત્નો કરે અને આપણા સ્વાસ્થ્ય માટે આપણે ચિંતા કરીશું તો સમગ્ર દેશમાં એક સારુ કાર્ય થશે. માનનીય ઋષિકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એને અનુમોદન આપું છું, ખૂબ સારો સંકલ્પ છે ત્યારે આ સંકલ્પને આપણે સૌ સાથે મળીને પસાર કરીએ તેવી મારી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં મારા સાથી અને મારા પરમ મિત્ર ઋષિકેશભાઈ જૈવિક ખેતી બાબતનો બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરુ છું.

આમ તો આ સંકલ્પનું હાર્દ સમજીએ તો એકજ વાતમાં કહી શકાય કે પ્રકૃતિ જ હંમેશા પ્રકૃતિનો સ્વીકાર કરે છે. જ્યારે પ્રકૃતિના બદલે આપણે એમાં કોઈ વિકૃતિ ઉમેરીએ છીએ ત્યારે એના ઘણા પ્રશ્નો ઊભા થાય છે અને પછી એ વિકૃતિઓની પરંપરા ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે આપણી કુલ વસતિ ૩૩ કરોડ હતી અને આજે આપણે લગભગ ૧૨૦ કરોડની આજુબાજુ પહોંચ્યા છીએ. વિશ્વની વાત કરીએ તો આપણે આઝાદ થયા ત્યારે ત્રણ અબજની વસતિ હતી. આજે છ અબજની વસતિ થઈ છે. વસતિ

વધતી જાય છે પણ જમીન અને પાણીની મર્યાદા એની એ જ છે. તો આ વધારે વસતિને ખાદ્યાન્ન પૂરું કરવા આપણે જેમ હમણાં સન્માનનીય સભ્યોએ ઘણી વાત કરી કે આપણે ત્યાં અન્નની અછતના કારણે આપણે એક હરિત ક્રાંતિ અને હરિત ક્રાંતિના નામે આજે સરપ્લસ અનાજ પણ ઉભું કરી શક્યા છીએ. એ ૧૯૪૭થી ૧૯૬૫ સુધીની દેશની સ્થિતિમાં આપણે બહારથી અનાજ લઈને જીવતા હતા અને કહી શકાય કે જેને કોઈ ન પરણે તેને ખેતર પરણે. જેને કોઈ ન ખાય એવું અનાજ આ હિંદુસ્તાનને ખવડાવવામાં આવતું અને આપણે હોંશે હોંશે ખાતા એ પરિસ્થિતિ હતી. આજે એ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. પરંતુ જે પરિસ્થિતિ બદલાઈ તેની સાથે અને ભૂતકાળની સાથે આપણે શું મેળવ્યું એનું પણ આપણે ઈવેલ્યુએશન કરવું પડશે. આપણે અનાજ ઉત્પાદન ટનની માત્રામાં કર્યું છે. ખૂબ અનાજ પકવ્યું છે પણ સામે મેળવ્યું છે શું? તો અનાજની સાથે આપણે આપણી જમીનની ફળદ્રુપતા ગુમાવી છે અને શારીરિક તંદુરસ્તી પણ ગુમાવી છે. હવે એને પહોંચી વળવા માટે આપણે ફરીથી જૈવિક ખેતી તરફ વળવાનો આ સમય આવી ગયો છે. હું તો ત્યાં સુધી કહું છું કે આ જૈવિક ખેતી દ્વારા હવે વધારે ઉત્પાદન નહીં કરવું પણ કોન્ટીટીના બદલે ક્વોલિટી ઉત્પાદન તરફ વળવાનો આ સમય આવી ગયો છે. અગાઉ અમીર માણસના હાથમાં આજથી ૨૦ વર્ષ પહેલાં આપણે મીનરલ વોટરની બૉટલ હાથમાં જોઈએ તો આપણને એવું લાગતું કે આ અમીર છે. ૧૫ રૂપિયાનું લિટર એટલે કે એક કિલો પાણી પંદર રૂપિયાનું પીવે છે. આજે ગામડાંનો છેવાડાનો સામાન્ય માણસ પણ એ ૨૦ રૂપિયાની બૉટલ ખરીદીને પાણી પીવે છે અને તેનું કારણ હોય તો એની એ જાગૃતિ. હેલ્થ માટેની જાગૃતિ. એને હવે ખબર પડી છે કે ગંદું પાણી પીવાથી શું થાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં એક આખો નવો વર્ગ ઉભો થઈ રહ્યો છે કે જે સજીવ ખેતી હોય અને જે જૈવિક ખેતી દ્વારા ઉત્પાદિત પાક હોય તો એ મોંઘી કિંમતે પણ ખરીદવા તૈયાર થયો છે. એ ૧૫ રૂપિયે કિલોના બદલે હવે એ ૧૦૦ રૂપિયે કિલો ઘઉં ખરીદવા તૈયાર છે. શરત એ કે એ જૈવિક ખેતીથી ઉત્પાદિત થયું હોય. ત્યારે મને દેખાય છે કે ગુજરાતને પણ આમાં હવે એક બ્રાન્ડ ઈમેજ તરીકે ગુજરાતે પોતાની વિશ્વસનીયતા ઉભી કરવી પડશે કે ગુજરાતમાં જે સજીવ ખેતી દ્વારા પાક ઉત્પન્ન થાય છે એ નુકસાનકારક નથી. હેલ્થ માટે અને જમીન માટે પણ સારો છે ત્યારે એક આવા વર્ગને આપણે જાણીએ છીએ કે આજે દિલ્હીમાં એક લાખ રૂપિયાનો રૂમ રાખીને રહેવાવાળો પણ વર્ગ છે. એવા વર્ગને તમે રીલાયન્સ, ટાટા કે વોલમાર્ટના મોલમાં જઈને ૩૦૦-૪૦૦ રૂપિયાના કિલો ઘઉં આપશો તો એ ખરીદશે. એને ખબર પડે છે કે આ ઘઉંની કિંમત શું છે? સરસ મજાના લાગતા મરચાં હોય, ટમેટાં હોય કે પછી બીજાં શાકભાજી, પણ તેને ખબર છે કે એ શાકભાજી તેના હેલ્થને અનુકૂળ નથી પણ મોંઘા હશે પણ એના હેલ્થ માટે અનુકૂળ હશે ત્યારે એ ખરીદશે. જીવન હવે બદલાઈ ગયું છે ત્યારે, હવે એનું મૂલ્ય સમજાયું છે ત્યારે મારા સાથી અને મારા મિત્ર જે સંકલ્પ લઈને આવ્યા છે એને હું પૂરેપૂરો સહકાર આપું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ ઉપર મારા વિચારો રજૂ કરું છું. પહેલાં કહેવત હતી કે " ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી." અત્યારે પરિસ્થિતિ બદલાઈ છે. ૨૫ વીઘા કે ૫૦ વીઘા જમીન ધારણ કરનાર ખેડૂતનો છોકરો પાંચ હજારની નોકરી કરવાનું પસંદ કરશે પણ ખેતી કરવાનું પસંદ કરતો નથી અને સાથે સાથે પાંચ હજારના પગારદારને છોકરી પસંદ કરશે પણ ૫૦ વીઘા જમીન ધારણ કરનાર છોકરાને પસંદ નહીં કરે. આવી પરિસ્થિતિ આજે ખેતીની થઈ છે. ત્યારે આ જે પ્રસ્તાવ છે એ પ્રસ્તાવ જમીનને ઉપયોગી ખાતર તેને આપણે ત્રણ ભાગમાં વિભાજન કરી શકીએ. એક રાસાયણિક ખાતર, ઓર્ગેનિક ખાતર અને જૈવિક ખાતર. શરૂઆતમાં જ્યારે રાસાયણિક ખાતર અસ્તિત્વમાં નહોતા ત્યારે એ ઓર્ગેનિક ખાતરથી ખેતી કરવામાં આવતી હતી. છાણિયું ખાતર હોય, દિવેલા ખોળ હોય, લીંબોળી ખોળ હોય, આ બધા ખાતરોનો ઉપયોગ ખેતી માટે કરવામાં આવતો હતો અને એમાં ઉત્પાદન પણ સારું મળતું હતું. જ્યારે રાસાયણિક ખાતરો અસ્તિત્વમાં આવ્યા ત્યારે સરકાર દ્વારા ફર્ટિલાઈઝર કંપનીઓ દ્વારા નિદર્શન પ્લૉટ યોજીને ખેડૂતોને સમજાવવામાં આવતા હતા. રાસાયણિક ખાતર આપવાથી ઉત્પાદનમાં ખૂબ મોટો વધારો થાય છે અને શરૂઆતના સમયમાં બન્યું પણ એવું કે, એમાં સાધારણ ઓછા પ્રમાણમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરતા હતા તો પણ પરિણામ ખૂબ સારું મળતું હતું. ધીમે ધીમે ખેડૂતો વધુને વધુ રાસાયણિક ખાતરો વાપરવા લાગ્યા અને પરિસ્થિતિ એવી બની કે, જમીનમાં રસાયણ વધ્યા, જમીન કઠણ થતી ગઈ, છોડના મૂળમાં રસાયણ જવાથી તે અપોષક બન્યા. પરિસ્થિતિ એવી થઈ છે કે, રાસાયણિક ખાતર વાપરીએ તો ખર્ચના પ્રમાણમાં પરિણામ મળતું નથી. સરકાર ખૂબ મોટી સબસિડી રાસાયણિક ખાતરમાં આપે છે. એ સબસિડી ન આપે તો ખેડૂતોને એ રાસાયણિક ખાતર બિલકુલ પોષાય તેમ નથી. તે માટે ઓર્ગેનિક ખાતરો અને ઓર્ગેનિક ખેતી એ અત્યારની તાતી જરૂરિયાત છે. ઓર્ગેનિક ખાતરમાં મોટા પ્રમાણમાં ઓર્ગેનિક તત્ત્વો અને કોયેલા ખાતરનો ઉપયોગ કરી અને વર્મી કમ્પોસ્ટ જેવા આધુનિક શોધવાળા ખાતરો છે એ ખાતરોનો ઉપયોગ કરી આપણે જમીનની ફળદ્રુપતા ટકાવી શકીએ છીએ. જે જૈવિક ખાતરોનો સંકલ્પ લાવવામાં આવ્યો છે એ ખૂબ સારો છે. હમણાં મુરબ્બીશ્રી મંગળભાઈ સાહેબે કહ્યું તેમ હવામાનમાંનો નાઇટ્રોજન જે કઠોળ વર્ગના પાક છે, તે કઠોળ વર્ગના પાકની અંદર મૂળમાં ગાંઠ થાય છે એમાં ભેગા થાય છે. એ હવામાનમાંનો નાઇટ્રોજન ચૂસે છે અને એનો સંગ્રહ આ ગાંઠમાં થાય છે અને એના કારણે જમીનમાં નાઇટ્રોજનનું પ્રમાણ વધે છે. આજે જુદી જુદી કંપનીઓ દ્વારા એ જૈવિક ખાતરોને બજારમાં મૂકવામાં આવ્યા છે. G.S.F.C. GNFC, IFFCO, CRIBCO, GUJCOMASOL

અને કૃષિ યુનિવર્સિટી દ્વારા જે જૈવિક ખાતરો બજારમાં મૂકવામાં આવ્યા છે એમાં નાઇટ્રોજન ફોસ્ફેટ, potash પછી બને છે. એમાં આ બૅક્ટેરીયા ખૂબ હોય છે. એજોસ્પિરીલીયમ કલ્ચર- ધાન્ય પાકો માટે, રાઈજોબીયમ કલ્ચર, એઝેટો બેકટર કલ્ચર, ફોસ્ફેટ કલ્ચર- પી.એસ.બી. ફોસ્ફેટ સોલ્યુલાઈન બૅક્ટેરીયા, પોટાસ કલ્ચર, K.S.B. પોટાશ સોલ્યુલાઈન બૅક્ટેરીયા, આ જુદા જુદા કલ્ચર આ જૈવિક ખાતરના કલ્ચર છે. એના દ્વારા પોષક તત્ત્વો જમીનમાં ઉમેરાય છે અને એમાં પણ Excel કંપનીએ જે સાંઠી, પાક લીધા પછીના જડીયાં- મૂળિયાં, જેવા પદાર્થોનો કચરો ભેગો થાય અને એમાં વરસાદ પડ્યા પછી એ જલદીથી કોહવાઈ એ માટે decomposition ના તત્ત્વો બનાવ્યા છે. એ પણ ખૂબ ઉપયોગી તત્ત્વો છે. તો વધુમાં વધુ ખેડૂતો આ જૈવિક ખાતર અને ઑર્ગેનિક ખાતરનો ઉપયોગ કરે એ માટે પૂરેપૂરી સબસિડી સરકારે આપવી જોઈએ. અત્યારે રૂ.૮/- ૨૦૦ ગ્રામ ખાતરના લેવાય છે અને સબસિડી મળે છે ત્યારે એ રૂ.૨/-માં ૨૦૦ ગ્રામની થેલી મળે છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋષિકેશભાઈ જે સંકલ્પ લાવ્યા છે એને હું આવકારું છું.

સાહેબ, આ ગુજરાત રાજય એ ખેતી પ્રધાન રાજય છે. ખેતી પ્રધાન રાજય છે એમાં ખેડ, ખાતર અને પાણી કરમને લાવે તાણી. શ્રી દિલિપભાઈ સંઘાણી કૃષિ મંત્રીશ્રી છે. પણ જે ખાતરનો ઉપયોગ કર્યો હોય એમાં બરાબર ધ્યાન આપતા નથી. કૃષિ મેળાઓ કરે છે ખરા, પણ આ છેડેથી પેલા છેડે નીકળી જાય છે.પણ એને તમે પ્રયોગ કરીને બતાવો ખેડૂતને કે ભઈ તું આ કર, કારણ કે ગામડામાં બધા ભણેલા ગણેલા ખેડૂતો હોતા નથી. ૭૦ ટકા તો અભણ ખેડૂતો હોય છે, ૩૦ ટકા ભણેલા હોય છે. ભણેલા ગણેલા હોય એમને સુજ-સમજ હોય છે એ કરી શકે પણ બધા ભણેલા ગણેલા હોતા નથી. અભણ ખેડૂતો કરી શકતા નથી માટે આ જૈવિક ખાતરનો ઉપયોગ કરે એવું આ જે તમે કૃષિ મેળો કાઢો છો એમાં બતાવો, એમ નેમ ચાલ્યા બારોબાર ચાલ્યા ના જવાય, આ ફળીયામાંથી નીકળીને બીજા ફળીયામાં જતા રહે એવું ના ચાલે, એક ગામથી બીજા ગામ એ ના ચાલે, સીધું બતાવવું પડે. પ્રયોગ બતાવવો પડે કે આ રીતે કરો. અમારા રાજયમાં આવું નહોતું. અમારા વખતે ખેતીમાં બહુ મહેકમ હતું. ગ્રામ સેવકો ફરી ફરીને ખેતીના નમૂના લે અને કયા ખાતરનો ઉપયોગ કરવો, કયા ખાતરનો ઉપયોગ ના કરવો એ બતાવતા હતા. અત્યારે કોઈ બતાવતા નથી. તમારા રાજયમાં બધું ઉધું વળી ગયું છે એ છતું કરો. એટલે છાણીયું ખાતર, અળશિયાનું ખાતર અથવા તો લીલોપડવાસ, શણ, ગવાર, ચોળા આ એનો પડવાસ એ ખાતર પણ ખેડૂતને તો બીચારાને , બિયારણના પૈસા જ ના હોય, શણ લાવવાના પૈસા ના હોય તો એમાં તમે અવળી સબસીડી આપો છો ત્યાં સીધી સબસીડી આપોને. આ નરેગામાં તમે બોરીબંધ બાંધો છો શું કરવાનું એને?

**અધ્યક્ષશ્રી** : આમાં નરેગા કયાં આવી ?

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : આ તો એ પૈસાનો ઉપયોગ કરોને આમાં એમ મારે કહેવું છે. આ તમે બોરીબંધમાં અવળો ઉપયોગ કરો છો તો એમાં ઉપયોગ કરો તો ખેડૂતોને ખાડા કરીને ઘાસચારો અથવા તો કચરાનું ખાતર બનાવીને એનો ઉપયોગ કરે પણ એ તો આપણે કરતા જ નથી. હું તો ખેડૂત છું એટલે મને બધો અનુભવ છે. અને બીજું કે લોકોને જ્યારે ખાતર બનાવવું હોય ત્યારે પાણી ના હોય, પાના જે સૂકા પાના છે એનું ખાતર બનાવવું હોય તો પાણી ના હોય તો મેં અમારા કૃષિમંત્રીશ્રીને કહ્યું કે તમે આ ૨ એચ.બી.ની મોટર આપો. ગામડામાં બધાને ૨- ૨ વીઘા ચાહડા છે. એક વીઘું તો એક લાખ રૂપિયાનું પાકે એકટીવીટી હોય તો પણ આપણી સરકારમાં એકટીવીટી નથી એટલે ખેડૂતો ગરીબ થતા જાય છે દિવસે દિવસે અને નવા નવા રોગો થાય છે ખેતીમાં એટલે લોકોને લોસ જાય છે. અત્યારે નોકરી સારી એવું કહે છે. કારણ કે અત્યારે ખેતી કરતા નોકરી સારી, અત્યારે તો કન્યા પણ ના આપે સારી ખેતીવાળાને, નોકરીવાળાને કન્યા આપે લોકો, એટલે જરાક ખેતી સારી થાય એવું તમારું રાજય કરે એવી મારી ખાસ અપીલ છે અને જુઓ તમે ખેતી સારી થશે તો લોકો સુખી થશે, આપણા રાજયમાં અનાજ લાવવું નહીં પડે, ખેતી તો એક ઉદ્યોગ છે. એક ફૅકટરી છે આ બધી ફૅકટરી બંધ પડે પણ આ ફૅકટરી બિલકુલ બંધ ના પડે, આવડત જોઈએ, એની ટૅક્નૉલૉજી જોઈએ, એ ટૅક્નૉલૉજીનો આપણે ઉપયોગ કરતા નથી. જો ઉપયોગ કરીએ તો કોઈ આ ગુજરાતમાં દૂ:ખી ના થાય અને ગરીબી ના રહે. અમાર કૃષિમંત્રીને કહુ છું કે ગરીબી દૂર કરો, આ કરો તમે. બે ગાય ભેંસ રાખે તો પણ કેટલું ખાતર ઉત્પન્ન થાય, પણ ૨ એચ.બી.ની મોટર તમે કરો તો થઈ જાય, કારણ કે ૫૦ ટકા તો બેરોજગારી મટી જાય પણ નથી કરતા પણ કંઈક કરો તમે તો ગરીબી ઓછી થશે. તમારું રાજય ખરું પણ બરાબર વહીવટ મને લાગતું નથી કે છે કારણ કે જિલ્લામાં ખેતીવાડીની અધિકારીની ઑફિસ છે પણ શું કરવાનું બેસી રહેવાનું અલા ભઈ એમને ચાલતા કરો ચાલતા. ખેતરોમાં જતા કરો, પહેલા ગ્રામ સેવકો જતા હતા અને બતાવતા હતા બધું એવું કરો કંઈ અને મહેકમ પૂરો. ખેતીવાડીમાં અત્યારે ખેતી આખા રાજયમાં ૭૦ ટકા ખેતી છે. કોઈ ગરીબ ના રહે, ગુજરાતમાં પૈસાનો તોટો જ ના રહે પણ એનો અમલ નથી થતો. અમલ કરો, પછી તમારું રાજય કયાંથી વખાણીએ અમે, વગોવીએ જ ને અમે, એનો અમલ ના થાય તો શું કરવાનું અમલ કરો. અમલ તો કરતા નથી અને મોટી મોટી વાતો કરો છો, ના ચાલે સાહેબ આનો અમલ થવો જોઈએ.

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યો માનનીય ઋષિકેશભાઈ જૈવિક ખાતરના ઉપયોગ અંગેનો પ્રસ્તાવ લઈને જે આવ્યા, સંકલ્પ લઈને જે આવ્યા એના ઉપર સભાગૃહના લગભગ ૯ સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા. મને આનંદ છે કે જે સભ્યોએ પોતાના વિચારો વ્યકત કર્યા એ રાજયના અને ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને કેટલાક સૂચનો કર્યા છે, આ રચનાત્મક સૂચનોને હું આવકારુ છું. રાજયમાં કૃષિક્ષેત્રે જૈવિક ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. આ વાત, આ લાગણી જન સમૂહમાં પ્રસરતી જાય છે અને જૈવિક ખાતરના માધ્યમથી કોઈપણ કૃષિ પેદાશ થઈ હોય તો અન્ય પેદાશ કરતાં બજારમાં એની કિંમત વધારે ઉપજે છે. લોકોની માગણી આવી જૈવિક ખાતરથી પેદા થયેલ વસ્તુ તરફ દિન પ્રતિદિન આકર્ષિત થઈ રહી છે. રાજ્ય સરકારે આ વાતને શરૂઆતથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ મહોત્સોમાં જન જન અને ખેતર ખેતર સુધી પહોંચાડી આ જૈવિક ખાતરના પૅકૅટ કરીને રાજ્યભરમાં ગરીબી રેખા નીચે જીવતા ખેડૂતોને દર વર્ષે દરેક ગામમાં આપવાનું આયોજન કરેલ છે. આ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે એમાં આ ગૃહના માધ્યમથી કેટલીક વિગતો રાજ્યના ખેડૂતોના ધ્યાન ઉપર મૂકવા માગું છું અને અપીલ કરવા માગું છું કે આવતા દિવસોમાં પોતાના ખેતરમાં જૈવિક ખાતરનો પ્રયોગ કરે. (અંતરાય)

## અધ્યક્ષશ્રીનું અવલોકન

**અધ્યક્ષશ્રી** : અધિકારી દીર્ઘામાં જે અધિકારી પગ ઉપર પગ ચડાવીને બેઠા છે એ અધિકારીને અધિકારી દીર્ઘાનો વિવેક જાળવવા વિનંતી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જૈવિક ખાતર વાપરવાથી રાસાયણિક ખાતર કરતાં તો સસ્તું પડે છે. પોતાની જમીનમાં ગુણવત્તા આ જૈવિક ખાતરના કારણે જળવાઈ રહે છે. પ્રો. મંગળભાઈ સાહેબ અને અન્ય સભ્યોએ પણ આ ખાતરના ગુણો વિશે ઘણી વાતોનો ઉલ્લેખ કર્યો છે એટલે હું એનો ફરી વખત ઉલ્લેખ કરવા માગતો નથી. પણ પ્રદૂષણમુક્ત સરળતાથી આ ખાતર વાપરી શકાય એવું સસ્તું ખાતર છે અને આ ખાતરના વપરાશના કારણે સામાન્ય રીતે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવા કરતાં ૧૦ થી ૨૦ ટકા ઉત્પાદન વધારે આવે છે. જ્યારે વધારે ઉત્પાદન મળે તો સ્વભાવિક એના ઉત્પાદનનો ખર્ચ પણ ઓછો પડે અને આ ખાતરનો ઉપયોગ કરવાના કારણે રાસાયણિક ખાતર કરતાં ૨૦ થી ૩૦ ટકા ઓછા ખાતરનો ઉપયોગ કરવો પડે એ સ્થિતિ આપણે નિર્માણ આ માધ્યમથી કરી શકીએ એમ છે. આથી વિશેષ આ ખાતર આવવાના કારણે તેનો ખેતીમાં ઉપયોગ કરવાના કારણે બીજ સ્ફુરણ શક્તિમાં વધારો થાય છે. એટલે એના કારણે પણ પાક ઉપર અસર પડે છે. આ રીતે અનેકવિધ રીતે આ ખાતરનો ઉપયોગ આપણા ગુજરાતના ખેડૂતો કરતા થાય અને ગુજરાતના ખેડૂતો જે આજે ઉપયોગ કરે છે એ આવતી કાલે દેશના ખેડૂતો અપનાવે છે એ વાત સર્વ સ્વીકૃત બની છે. આવા સંજોગોમાં ગુજરાતના ખેડૂતો આ ખાતરનો ઉપયોગ કરતા થાય એ ખૂબ જરૂરી છે. આજે આરોગ્ય પ્રત્યે જે જાગૃતિ આવી છે એના કારણે લોકો પોતાની કોન્ટીટી ઉત્પન્ન કરવાના બદલે ક્વોલિટી પ્રત્યે પણ ધ્યાન આપે અને કૃષિ મહોત્સવમાં આ વાત ઉપર ખાસ ભાર મૂકીને કૃષિકારો આ દિશામાં પોતાના ઉત્પાદનને કાળજીપૂર્વક ઉત્પન્ન કરે તો આંતરરાષ્ટ્રીય માળખામાં જે આજે સ્થિતિનું નિર્માણ થયું છે એમાં પોતાની કૃષિ પેદાશ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વેચાણમાં સારી રીતે મૂકી શકે એટલી ક્વોલિટી ઉત્પન્ન કરવી એ ખૂબ જ જરૂરી છે. આવી ક્વોલિટી ઉત્પાદિત કરવી હોય તો જૈવિક ખાતરનો ઉપયોગ ખૂબ જ જરૂરી છે. આજે દિવસ સુધી ગુજરાતમાં એ વ્યવસ્થા ન હતી કે ઓર્ગેનિક ખાતરથી આ પેદા થયેલ કૃષિ પેદાશ પોતાના ખોરાકમાં ઉપયોગ કરવો હોય તો શું કરવું જોઈએ. એ જોઈને નરી નજરે આપણે ઓળખી શકીએ એ સ્થિતિ ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વાત કહેતાં આનંદ થાય છે કે રાજ્યના ખેડૂતોને પણ આ વાત જાણીને ખૂશી થશે. રાજ્ય સરકારે આ ચાલુ વર્ષે રાજ્યમાં ગુજરાત રાજ્ય બીજ પ્રમાણ એજન્સી દ્વારા આ સર્ટિફિકેટ માટે નક્કી કરેલ છે. ઓર્ગેનાઈઝ સર્ટિફિકેટ એજન્સીની આ વર્ષે રચના કરવામાં આવી છે જેથી કરીને રાજ્યમાં કોઈપણ ખેડૂતને પોતાનો માલ જ્યારે વિદેશમાં મોકલે ત્યારે આપણે અત્યાર સુધી બીજા રાજ્યોમાં તલ, કપાસ, કેરી જેવા પાકોને આર્ગેનાઈઝ છે એના ટેસ્ટ કરાવવા માટે જે બહાર મોકલવામાં આવતા એ હવે ચાલુ વર્ષથી આપણાં રાજ્યમાં આ વ્યવસ્થાનું આયોજન રાજ્ય સરકારે કર્યુ છે. એટલું જ નહિ આ એજન્સી દ્વારા જે સર્ટિફિકેશન આપવામાં આવે એ એક વર્ષથી આપી શકાતું નથી. છેલ્લા ૩ વર્ષથી એના માટેના સ્પેસિફિકેશન નક્કી થાય મુજબ એનો ટેસ્ટ કરવામાં આવે અને ટેસ્ટ કર્યા પછી જ એ સર્ટિફિકેટનું નિર્માણ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણાં હળવામૂડમાં કેટલીક વાસ્તવિક સ્થિતિ લાગું ના પડે એને હું રચનાત્મક અભિગમથી જોવું છું. અહીંયા નરેગાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. મને એ વાતનો આનંદ થશે.

**અધ્યક્ષશ્રી** : નહિ જે ઉલ્લેખો અપ્રસ્તુત હોય એના પછી જવાબ ના હોય.

**શ્રી દિલીપ સંઘાણી** :સાહેબ, હું એ ઉલ્લેખ પોઝિટીવ લઉ છું.

**અધ્યક્ષશ્રી** : નહિ, એનો જવાબ આપવાની જ જરૂર નથી. શું થશે કે એ પ્રકારના અપ્રસ્તુત ઉલ્લેખો કરવાની ટેવ પડી જશે. એટલે એનો જવાબ ના આપો, આપનો જે પ્રસ્તાવ છે એના ઉપર જ આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : પ્રસ્તાવમાં આ રાજ્યના ખેડૂતોને નરેગા યોજના તળે કેન્દ્ર સરકાર જો મંજૂરી આપે જૈવિક ખાતર પેદા કરવા માટે પણ નરેગામાં સમાવેશ કરવામાં આવશે તો રાજ્ય સરકારનો મારો વિભાગ આ અમલીકરણ સત્વરે કરશે. મને મિત્રો મદદ કરે કે આ જૈવિક ખાતર પેદા કરવા માટે દરેક ગામમાં એનો સમાવેશ કરે એવી કેન્દ્ર સરકાર છૂટ આપે તો રાજ્ય અને દેશના હિતમાં આ નિર્ણય પણ લેખાશે તો એ આપણા સૌ માટે એ સારી વાત છે. હું ઈચ્છું છું કે એ દિશામાં પણ આપણે સૌ સાથે મળીને મારાં આ માધ્યમથી કેન્દ્ર સુધી અવાજ પહોંચે. મિત્રો કેટલીક હકીકતો મને ખ્યાલ છે. હું છેલ્લાં કેટલાય દિવસથી સાંભળું છું. કંઈક યોજનાઓની વાત આવે એટલે તરત એક પ્રશ્ન આવે કે કેન્દ્ર સરકાર તરફથી શું મદદ કરવામાં આવે છે. મિત્રો જે મદદ મળે છે એ નિયમો પ્રમાણે મળતી હોય છે પણ આ જૈવિક ખાતરના ઉલ્લેખ અને ખાતરના ઉલ્લેખ માટે માનનીય અર્જુનભાઈએ એમના ભાષણમાં ઉલ્લેખ કર્યો કે ૧,૧૬,૦૦૦ કરોડની સબસિડી ખાતરમાં આપવામાં આવે છે. કયા ખાતરમાં ? રાસાયણિક ખાતરમાં અને આ દેશમાં ઉત્પન્ન ના થતું હોય અને વિદેશથી મંગાવવામાં આવતું હોય આ વિદેશી ખાતરને કેન્દ્ર, દિલ્હી જે મોટી સબસિડી કે મોટો ખર્ચો કરે છે એના બદલે અથવા તો એની સાથે જૈવિક ખાતર માટે પણ આ યોજનાના અમલીકરણનું કદ વધારવું જોઈએ અને અત્યારે પણ યોજનામાં લાભ આપે છે. નથી આપતા એમ નહિ. હું કેટલાક આંકડાઓ આપીને ધ્યાન ઉપર મૂકવા માગીશ. આજે જૈવિક ખાતરમાં જે કેન્દ્ર સરકાર તરફથી જે સહાય મળે છે. આપણા રાજ્યમાં ગયા વર્ષની સહાય નીતિનભાઈ ISOFORM યોજના હેઠળ આ ચાલુ વર્ષથી લઈ તેલીબિયાના પાકો માટે પર એકરે ૧૦૦ રૂપિયાની સબસિડીનું લક્ષ્યાંક હતું અને એના માટે ૧૫.૨૩ લાખ આપણને કેન્દ્ર સરકાર તરફથી મળ્યા છે અને બીજા કઠોળ માટે ૨૦૦૦ હેક્ટર માટે બે લાખ એમ કરીને ૧૭.૨૩ લાખ રૂપિયા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી જૈવિક ખાતરના આપણાં રાજ્યને મળ્યા છે. જ્યારે રાજ્ય સરકારે ૧૯૧.૫૬ લાખની સહાય આ વર્ષે કરી છે. એટલું જ નહિ ચાલુ વર્ષે જૈવિક ખાતરને પ્રોત્સાહન આપવા માટે બે દિવસ પહેલાં જ મારી કૃષિ વિભાગની માગણીમાં આપ સૌએ જે મંજૂર કર્યા એ ૪૦૦ લાખ રૂપિયા જૈવિક ખાતર માટે અહીંથી મંજૂર કર્યા છે. એટલે રાજય સરકાર જૈવિક ખાતર માટે કેટલા પ્રમાણમાં ચિંતિત છે અને કેન્દ્ર સરકાર તરફથી આ દેશી ખાતર આપણું કહેવાયને આમ તો અને વિદેશથી (આ તકે મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી નીતિનભાઈ તરફ જોઈને બોલતા) મંગાવવું પડે એ વિદેશી

**અધ્યક્ષશ્રી** : આપ નીતિનભાઈ તરફ નહીં, મારી તરફ જોઈને વાત કરો.

**શ્રી દિલીપ સંઘાણી** : આપને કહું સાહેબ, ખેડૂત માણસ રહ્યા એટલે પૂછી લઉં, આ દેશી અને વિદેશી.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં આપ બધા સંબોધનો નીતિનભાઈને કરો છો એટલે મારે કહેવું પડે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : જી સાહેબ. હવે આ ખાતર, તો દેશી ખાતરના માધ્યમનો ઉલ્લેખ આપણે સૌએ કર્યો છે. એટલું જ નહીં આ નીતિનભાઈ પણ વિભાગ એનો નથી પણ ચિંતા કેટલી કરી રહ્યા છે દેશી ખાતરો માટે માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસના કાર્યક્રમોમાં પણ વર્મી કમ્પોઝ, શહેરનો કચરો જે ભેગો થાય, ગામના છેવાડે વર્મી કમ્પોઝ બનાવે એનો શહેરી વિકાસ ખર્ચ ત્યાં ભોગવે આ વિભાગ અને એનો લાભ ખેડૂતોને આપવાનો અળશિયાની ખેતી એ પણ એમનો વિભાગ એટલે આ રાજય સરકાર કોઈ પણ ક્ષેત્રમાંથી આ પ્રયત્ન કરે છે ત્યારે ખાતર સબસિડી ખૂબ વધારવામાં આવે છે. આ દેશમાં છેક વિદેશથી આયાત થતા ખાતરમાં તો વિદેશ તરફ ધ્યાન ઓછું આપીને આ દેશની ધરતીનું શોષણ ન કરી જાય એની કાળજી લઈને કારણ કે, આ દેશની ધરતીનું વિદેશીના કારણે જે શોષણ થયું છે, આપણે સૌ જાણીએ છીએ કે, એ તંદુરસ્તી, વાતાવરણ અને પરિસ્થિતિ બગાડે છે એમાંથી મુક્ત થવા માટે આપણે સ્વદેશીનો ઉપયોગ કરીને આ દેશની સમૃદ્ધિ વધારવા માટે સૌ સક્રિય થઈએ એવો સારો સંકલ્પ ઋષિકેશભાઈ લઈને આવ્યા છે એને હું સ્વીકારું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા રજૂ કરેલા સંકલ્પમાં ભાગ લેનારા અને વિચારો વ્યક્ત કરનારા સભ્યશ્રીઓ શ્રી મંગળભાઈ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી વસંતભાઈ ભટોળ, શ્રી શંકરભાઈ પટેલ, બહેનશ્રી જશુમતીબેન , શ્રી દેવુસિંહ ચૌહાણ, શ્રી મણીભાઈ પટેલ , શ્રી નટવરસિંહ ઠાકોર તથા માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ અનુમોદન આપ્યું તે બદલ હું સમગ્ર ગૃહનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| ડી. -સેંગ દ્વારા ચાલતા ડેરી પ્રોજેક્ટમાં થયેલ ખર્ચ | ૨૯૨ |
| ભિલોડા અને ઈડર તાલુકામાં વીજ પુરવઠો આપવા બાબત | ૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૭૧ |
| રાજ્યમાં વીજ ડ્યુટીની આવક | ૬૧ |
| વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ભિલોડા તાલુકામાં મોન્સેન્ટો કંપની દ્વારા મકાઈનું બિયારણ આપવા બાબત | ૨૭૭ |
| સાબરકાંઠા જિલ્લામાં વીજ ચોરીના કેસો | ૮૭ |
| **અનિલકુમાર અ. માળી** | |
| ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા યોજાયેલ તાલીમ વર્ગ | ૩૬ |
| બનાસકાંઠા જિલ્લામાં કરેલ સ્વરોજગાર શિબિરના આયોજન અંગે | ૧૮૭ |
| બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાના લાભાર્થીઓ | ૨૦૮ |
| બનાસકાંઠા જિલ્લામાં રમતવીરોને પ્રોત્સાહન | ૨૧૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૧૭ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની આધુનિકરણની યોજના | ૨૦ |
| **અભેસિંહ મો. તડવી** | |
| નર્મદા ડેમની આસપાસનો વિસ્તાર વિકસાવવા તેમજ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ મુકવા બાબત | ૩૦ |
| વડોદરા જિલ્લામાં સાતફેરાં સમૂહ લગ્ન યોજનાના લાભાર્થીઓ | ૧૯૪ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| નર્મદા કેનાલોના કામો સમયસર ન થવા બાબત | ૫૦ |
| નર્મદા, ભરૂચ અને તાપી જિલ્લામાં શાળાઓમાં ફાયર સેફટીની સુવિધાઓ | ૩૦૧ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને આપવામાં આવતી તાલીમ | ૩૩૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૭૪ |
| રાજ્યમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જતાં ધારાસભ્યોની ધરપકડ કરવા બાબત | ૮૨ |
| રાજ્યમાં વીજ ઉત્પાદન પાછળ થયેલ ખર્ચ | ૯૭ |
| **અમિત શાહ** | |
| પ્રશ્નોતરીના સમયકાળ અંગે | ૯૯ |
| વીજીલન્સ સ્કવોર્ડની ટીમ દ્વારા પકડાયેલ વિદેશી દારૂ- બિયરના મોટા જથ્થા અંગે | ૯૭ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| ૧૨ મા નાણા પંચની પંચાયત વિભાગને મળેલ ગ્રાન્ટ | ૩૨૭ |
| ૧૨મા નાણા પંચની ગ્રાન્ટમાંથીપંચાયત વિભાગને મળેલ ગ્રાન્ટ અને કન્ટીજન્સી ખર્ચ | ૩૨૬ |
| આણંદ અને ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૨૯૯ |
| આણંદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર મહેકમ | ૩૪૭ |
| આણંદ જિલ્લામાં ૧૦૦ ચોરસ વારના પ્લોટની અરજીઓ | ૨૯૧ |
| આણંદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે કરેલ અરજીઓ | ૩૫૬ |
| આણંદ જિલ્લામાં જિલ્લાકક્ષાનું રમત સંકુલ બનાવવા અંગે | ૨૧૬ |
| આણંદ જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ આવરી લેવાયેલ યુનિટો | ૨૦૭ |
| આણંદ જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા | ૨૭૫ |
| આણંદ જિલ્લામાં વિસ્તરણ અધિકારીનું મંજૂર મહેકમ | ૩૨૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લામાં વિસ્તરણ અધિકારીનું મંજૂર મહેકમ | ૩૪૮ |
| આણંદ, ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં ગામતળ વધારવા માટે દરખાસ્તો | ૩૫૧ |
| આણંદ, ખેડા, વડોદરા અને અમદાવાદજિલ્લામાં નાની સિંચાઈ યોજના માટે ફાળવેલ ગ્રાન્ટ | ૩૪૬ |
| આણંદ, ખેડા અને વડોદરા જિલ્લામાં બેરોજગારોની નોંધણી | ૧૮૪ |
| ઇ-ગ્રામ કાર્યક્રમ નીચે ગામોને જોડવા બાબત | ૩૪૯ |
| ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરના સંલગ્ન સાધનો આપવા બાબત | ૩૨૬ |
| ધારાસભ્યશ્રીઓના મત વિસ્તારના વિકાસ કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ | ૮૬ |
| ધારાસભ્યશ્રીના પત્રોના પ્રત્યુતરના પરિપત્ર બાબત | ૩૦૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૧૩ |
| મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોએ હેલિકોપ્ટર અને પ્લેનમાં કરેલ ઉડ્ડયન | ૯૭ |
| રાજ્યમાં જિલ્લાવાર ""મરૂન વિલેજ"" યોજના અંતર્ગત ગામોનો સમાવેશ | ૩૫૨ |
| રાજ્યમાં જિલ્લાવાર ઇ-ક્નેક્ટીવીટી આપવા બાબત | ૩૪૯ |
| વિદેશી દારૂના વેચાણની પરમીટ આપવા બાબત | ૩૪૨ |
| વીજળી ઉત્પાદન સામે વીજળીનો વપરાશ | ૫૬ |
| હથિયારના પરવાના માટે મળેલ અરજીઓ | ૩૪૪ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| ગોધરા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ | ૪૯ |
| પંચમહાલ જિલ્લામાં ઝુંપડપટ્ટી વનીકરણ અંતર્ગત વીજ જોડાણ | ૮૨ |
